1930 - 1930

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું અંક ૨ જો.	સંવત ૧૯૮૬ ના પોષ શુદ ૬ સોમવાર તા. ૬-૧-૩૦	લવાજમ છુટક નકલ અડધો આનો.

એ સમય ગયો!

જગતના ચારે ખૂણામાં એક હથ્થુ સત્તાનો મૃત્યુ ઘંટ વાગી રહ્યો છે. રાજા એટલે ઇશ્વરીય અંશ એ માન્યતાના પૂર ઓસરી ગયાં છે, અત્યારે તો જે રાજા સમયસૂચકતા વાપરી પ્રજાના સેવક તરીકે પોતાને જાહેર કરી તે પ્રમાણે વર્તન ચલાવે છે, તેજ પોતાનું તખ્ત સંભાળી શકે છે, અન્યથા ઘડીના છઠ્ઠા ભાગમાં પ્રજા તેને પદભ્રષ્ટ કરે છે. રાજા કે ધર્મગુરૂ જે કંઇ કરે તેની સામે આંગળી પણ ઉંચી ન કરાય એ જમાનો ચાલ્યો ગયો છે. હવે તો અન્યાય, અનીતિ, પાશવતા, અને સત્તાના શોખીનો સામે જનતા બરાબર માથું ઉચકે છે, અને જણાવે છે કે અરે ઓ હૃદયહીન માનવો! बाबा वाक्यं प्रमाणं નો જમાનો સદાને માટે વહી ગયો છે. તમારા અન્યાયો અને અનીતિ સામે આજ સુધી અમે આંખ આડા કાન કર્યા પણ હવે તેમ કરવાને અમે તૈયાર નથી. તમારી પાશવતા અમે અત્યાર સુધી સહન કરી હવે એક મીનીટ પણ સહન નહિ કરીએ, તમારા સત્તાના શોખને અમે આજ સુધી પોષ્યો હવે જરાએ નહિઃ પોષીએ, જનતા બરાબર જાગ્રત છે.

તેવીજ રીતે ધર્મગુરૂઓ માટે પણ જનતામાં જે સ્થાન હતું, જે તેમના પદની મહત્તા હતી, તે તેમની કર્તવ્યહીનતાની પરાકાષ્ટાથી નષ્ટ થઇ છે, કારણ કે તેમણે પ્રભુ મહાવીરના શાસ્ત્રોના નામે, જિનેશ્વર દેવના નામે, પૂર્વાચાર્યોને નામે સમાજમાં પોપલીલાજ ચલાવી છે, સમાજની હાલની પરિસ્થિતિ માટે સાધુઓ જવાબદાર છે. અત્યાર સુધી તેમણે પાશ્ચાત્ય ગવર્નમેંટોની જેમ સમાજના ભાગલા પાડવાનીજ નીતિ અખત્યાર કરેલી છે, સંઘસત્તાને નબળી પાડવા માટે શાસ્ત્રોના મનસ્વીપણે અર્થો કરેલાં છે, અંધશ્રદ્ધાળુ ભક્તોના બળે કેટલાએ નિરપરાધિઓ ઉપર સાધુ સામે બોલવાના ગુન્હા માટે સંઘ બહાર કે નાતબહારના શસ્ત્રોનો ઉપયોગ કરાવ્યો છે, કેટલાએ માબાપોને નિરાધાર બનાવી તેમના એકના એક પુત્રને ખેંચી લીધેલ છે, કેટલાએ કુમળી વયના બાળકોનું જીવન ધુળમાં મેળવેલું છે. કેટલીએ યુવતિઓને છતે ઘણીએ વિધવા બનાવવામાં આવી છે, શોખને ખાતર ધર્મને નામે સમાજના કરોડો રૂપીયાનું નિરર્થક સંઘ ઉજમણાં વગેરેમાં પાણી કરાવ્યું છે, આ બધાનો હિસાબ આજે યુવાન જનતા માંગી રહી છે અને પૂછે છે કે તમે કદિએ જૈન સમાજના હ્રાસનું કારણ તપાસ્યું છે? સમાજના અંગને કોતરી ખાતા બેકારીના પ્રશ્ન માટે કદિએ વિચાર કર્યો છે? સારોએ સમાજ સુશિક્ષિત કેમ બને તે માટે કોઇ પણ દિવસ મહેનત લીધી છે? જૈન ધર્મ વિશ્વધર્મ કેમ બને તે માટે કદિએ પ્રયત્ન કર્યો છે? 'બાળ લગ્ન' અને 'વૃદ્ધ લગ્ન' એ મહા પાપ છે એમ સમાજને ઉપદેશ કર્યો છે?

આપો જવાબ! મહાવીરની પાટના ધુરંધર અને જૈન સમાજના મજબુત સ્થંભ હોવાનો દાવો કરતા, ઓ દાંભીક ગુરૂદેવો, જણાવો? તમે શાસનનો દ્રોહ નથી કર્યો? તમે સમાજના સામાન્ય વિશ્વાસનો ભંગ નથી કર્યો?

આજે તમે ધર્મ અને શાસ્ત્રોના ઓઠાં નીચે તમારો બચાવ કરી શકો તેવી સ્થિતિમાં નથી. એ સમય ગયો.

— રા. 'મધુર'

રાવીને તીરે

સ્વતંત્રતાની હાકલ.

સદીઓથી પરાધીનતાની જંજીરમાં જકડાએલા ભારતે ઇસુના નૂતન વર્ષના પ્રભાતમાંજ એ જંજીરને તોડવાને માટે રણશીંગુ ફૂક્યું છે, દેશના ખૂણે ખૂણામાં એ રણશીંગાએ તનમનાટ મચાવી મૂક્યો છે, એટલુંજ નહિ પણ એ ફૂટેલા બોંબથી દરીયાપારના દેશો ધ્રુજી ઉઠ્યા છે, કારણ કે સ્વતંત્ર ભારતમાં સ્વેચ્છિત આર્થિક લૂંટ હવે ચલાવી શકાશે નહિ. હિંદને પરાધિનતાની ધૂંસરીમાં જકડાએલો જોવાનો ઉદ્દેશ માત્ર આર્થિક લૂંટનોજ છે, કારણ કે પોતાના માલને માટે હિંદના બજારો શિવાય તેમને કોઈ પણ સ્થળે અનુકૂળતા નથી. હિંદ આજે આ બાબત બરાબર સમજતો થયો છે, અને તેના પ્રતિકારમાંજ પોતાની લડત ચલાવવાને માટે કટિબદ્ધ થયો છે.

આજે દેશનો લગભગ પોણો ભાગ બેકારી હાલત ભોગવી રહ્યો છે, તેના હુન્નર ઉદ્યોગનો સદંતર નાશ થયો છે, ભૂખમરાથી બેહાલબરાબરી થઇ રહી છે આ બધાના કારણભૂત પરદેશી સત્તાની ધૂંસરી ફગાવી દઇ, સ્વતંત્ર ભારત બનાવવાનું મહાસભાએ ધ્યેય સ્વીકાર્યું છે એ કંઇ જેવી તેવી બાબત નથી.

દુનીઆની દરેક પરાધીન પ્રજાઓ આજે સ્વતંત્રતાનો ઝંડો ફરકાવવાને માટે સજ્જ થઈ રહી છે, તે પ્રજાઓ સાથે હિંદે પણ પોતાની સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરવા માટે પંડિત જવાહિરલાલ નહેરૂ જેવા ઉદ્દામ વિચારના રાષ્ટ્રદેવના નેતૃત્વ નીચે રાવીના પવિત્ર તટ પરથી હાંકલ કરી છે. આમ હિંદ એક પગથીયું આગળ વધ્યે છે. પણ 'સ્વતંત્રતા' એ કંઇ જેવી તેવી વસ્તુ નથી કે જેને આપણે સરલતાથી મેળવી શકીએ. કેવળ આપણે ઠરાવોમાંજ કર્તવ્યની ઇતિશ્રી સમજીએ તો એ સ્વતંત્રતાની કશી કિંમત નથી, પરંતુ તેને માટે વ્યવસ્થિત લડત ચલાવવાની જરૂર છે, સ્વતંત્રતા માટેનું પ્રચાર કાર્ય કરવાની અગત્ય છે, હિંદના શહેરો કરતાં ગ્રામ્ય જીવનમાં એ આદર્શ ઉતારવામાં આવે તોજ આપણે એ ધ્યેય સુધી પહોંચી શકીએ આજે હિંદમાં લગભગ છ લાખ ગામડાંઓ છે, જેમાંના કેટલાક ગામો તો મહાત્માજીના કહેવા પ્રમાણે મહાસભાનું નામ સુદ્ધાં પણ જાણતા નથી, આવા ગામડાંઓમાં જઇને નેતાઓએ લોકમત કેળવવાની જરૂર છે, લોકમત કેળવ્યા પછીજ સ્વતંત્રતા માટેના વ્યવહારૂ ઉપાય યોજી શકાય.

બીજા દેશોમાં સ્વતંત્રતા માટે જેમ હિંસક લાઈન પસંદ કરવામાં આવે છે અને બેયોનેટની અણીથી કદાચ તે દેશો સ્વતંત્ર થતા હોય તો તેથી ભારત પણ એજ રસ્તે સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકશે તેવું કંઇ છેજ નહિ. કારણ કે બેયોનેટની અણીથી સ્વતંત્ર થયેલા દેશોના સંજોગો જેવા ભારતના સંજોગો નથી, અગર તે લાઇન પસંદ કરવામાં આવે તો કરોડો માણસનું બલિદાન આપવા છતાં આપણે લડતમાં પાછા હઠવું પડે, અને તેથીજ મહાત્માજી કહે છે કે આપણે અહિંસાત્મક લડતથીજ આપણા ધ્યેયને પહોંચી વળીશું. બીજી બાબતમાં હિંદ અત્યારે દિન પ્રતિદિન ઋણદારી સ્થિતિમાં ડૂબતો જાય છે, પરદેશી મુડીદારોને હિંદ જેવું ગ્રાહક દુનીઆમાં ભાગ્યેજ મળી શકે તેમ છે બહેકે નથી તેમ કહીએ તો તેમાં જરાએ અતિશયોક્તિ નથી. એટલે તેઓ આંખો મીંચીને હિંદમાં પોતાની મૂડી વધારેને વધારે રોકતા જાય છે અને તેમ કરીને હિંદની ગરીબડી પ્રજા ઉપર વ્યાજના બાને ચુસણ નીતિ ચાલુજ છે, આ નીતિ કોઇ પણ રીતે ચલાવી શકાય તેમ નથી, તેના એક ઉપાય તરીકે આપણી મહાસભાએ હવેથી હિંદમાં નાણાં ધીરનારાઓને ચેતવણી આપી છે કે ભવિષ્યની હિંદની સ્વતંત્ર સરકાર તેને માટે જવાબદાર નથી. તે શિવાય ધારાસભા બહિષ્કારનો પણ ઠરાવ પાસ કર્યો છે, ધારાસભા એ આપણે માટે ફારસ સમાન નિવડી છે તે કોઇથી પણ ના કહી શકાય તેમ નથી. ધારાસભાના પ્લાટફોર્મ ઉપર ગમે તે ઠરાવ આવે, તેના ઉપર ચર્ચા ચાલે અને તે પાસ થાય ત્યાર પછી વાઇસરોયની એ ઠરાવમાં બહાલી ન મળે તો એ ઠરાવ અભરાઇ ઉપર પડયો રહે, આ કંઇ નવીન બાબત નથી, અને તેથીજ પંડિત મોતીલાલ નહેરૂ જેવા વયોવૃદ્ધ અને અનુભવી રાષ્ટ્રનેતાને કહેવું પડયું છે કે હું ધારાસભામાં જઇને કોઇ પણ જાતનું સંગીન કાર્ય કરી શકયો નથી. કારણ કે ગમે તેવો ઠરાવ ધારાસભા પાસ કરે છતાં જો સરકારની આંખમાં તે ઠરાવ ખૂંચતો હોય તો તે ઠરાવ કાગળમાં રહેવા ઉપરાંત કશા ઉપયોગમાં આવતો નથી.. આમ છતાં હજુ કેટલાક આગેવાનોને ધારાસભાનો મોહ છૂટતો નથી એ નવાઇની વાત છે. ધારાસભામાં જવા માટે કેટલાક મહાસભાના આ ઠરાવથી બળભળી ઉઠયા છે, અને જમનાદાસ મહેતા તેમજ કેલકર જેવાઓ તે ઠરાવથી વિરૂદ્ધ છે એ આ દેશની કમનશીબી છે. માલવીયાજી જેવા વયોવૃદ્ધ નેતાઓ પણ હજુ ધારાસભાથી ધરાયા નથી એ ખરેખર ખેદજનક છે. જો કે મહાસભાના ઠરાવાનુસાર ધારાસભામાંથી રાજીનામું આપવાનો સરકયુલર નિકળી ચૂકયો છે, અને તદનુસાર ધારાસભામાં બિરાજતા રાષ્ટ્રીય નેતાઓનો મોટો ભાગ રાજીનામું આપવાને પણ તૈયાર થઇ ગયો છે અને જે સમય જાય છે તેમાં ધારાસભાની બેઠકોનો મોટો ભાગ ખાલી થશે.

હિંદની બહાદુરી સમસ્ત વિશ્વમાં વિખ્યાત છે, ગમે તેવા દુશ્મનો હોય છતાં વ્યકિતગત દુશ્મનાઇ હિંદે કદિ તેવાઓ પ્રત્યે દાખવી નથી. નામદાર વાઇસરોય બોંબ અત્યાચારમાંથી બચી ગયા તે માટે પણ મહાસભાએ તે નામદારને મુબારકબાદી તેમજ બોંબ અત્યાચારને વખોડી કાઢનારો મહાત્માજીનો ઠરાવ પાસ કર્યો છે. બીજા પણ રાજેતા મુજબ સદ્‌ગત રાષ્ટ્રવીરો માટેની દિલગીરી તેમજ કાર્યકર્તાઓના ઉપકારોના ઠરાવો કરી મહાસભાની બેઠક પૂરી થઇ છે. એકંદરે આ વખતની મહાસભા શકવર્તી પૂરવાર થઇ છે, અને દેશની ડામાડોળ નૌકાને શાંતિથી સલામત માર્ગે હોરી છે તે માટે અમે ભારતના યુવક જગતમાં સર્વોત્કૃષ્ટ તરીકે ખ્યાતિ પામેલા અને દેશના ખરેખરા જવાહિર સમા પંડિત જવાહિરલાલ નહેરૂને અને મહાત્માજીને મુબારકબાદી આપ્યા શિવાય રહી શકતા નથી અને ઇચ્છીએ છીએ કે મહાસભાએ જે ઠરાવો પાસ કર્યા છે, તે દરેક વ્યવહારૂપણે અમલમાં આવે અને દેશ આઝાદીની લડતમાં સંપૂર્ણપણે વિજયી નિવડે.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું તેરમું અધિવેશન.

મહારાષ્ટ્રવીર અને મોગલ શહેનશાહતને ધ્રુજાવનાર શીવાજી મહારાજના જન્મસ્થાન જુન્નેરમાં મહા માસમાં શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું તેરમું અધિવેશન ભરાવાનું છે, તે માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સ્વાગત સમિતિના સેક્રેટરી તરફથી અવારનવાર જાહેર પત્રોમાં તે સંબંધી પ્રચાર કાર્ય કરવામાં આવે છે સાદડીના અધિવેશન પછી દસ વરસના લાંબા ગાળા બાદ આ અધિવેશન ભરવામાં આવે છે, જ્યારે કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ મોતીલાલ મુલજીનું અવસાન થયું, ત્યારે કોન્ફરન્સના જીવન મરણનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો, તે વખતે વિરોધીઓ તરફથી કોન્ફરન્સનો મૃત્યુઘંટ વગાડવામાં આવ્યો હતો, પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે કન્વેન્શન ભરાયું અને તેમાં સુકૃત ભંડાર ફંડમાં રૂ. પચીસ હજાર જેવી નાદર રકમ એકત્રિત થઇ, કાર્યકર્તાઓમાં કંઇક જોમ આવ્યું, પરંતુ આ કાર્યકર્તાઓ કંઇક ચીલે ચીલે ચાલવાનુંજ પસંદ કરતા હોવાથી તેમને મળેલી સુંદર તક જતી કરી એટલુંજ નહિ પણ કોન્ફરન્સ તરફ રહેલ જૈન પ્રજાનો પૂજ્યભાવ શિથિલતાને અંગે ગુમાવતા ગયા. ત્યારબાદ શત્રુંજયની લડતનો પ્રશ્ન ઉપસ્થિત થયો, તે તકનો લાભ લઇ ખાસ અધિવેશન ભરાયું. પરંતુ તે અધિવેશન માત્ર શત્રુંજય માટેજ હોવાથી તેમાં કોન્ફરન્સની સ્થિતિ જેવી જોઇએ તેવી મજબૂત થઇ નહિ, ત્યારપછી અવારનવાર ઘણા ફેરફારો થયા અને કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓની વારા ફરતી ખુરશીઓ ખાલી થવા લાગી, અને તેની પુરતીમાં નવી નવી નિમણુંકો થવા લાગી. જ્યારે જ્યારે નવી નિમણુંકો થતી ત્યારે કંઇક કરશે એવી અનેરી આશાઓ પ્રગટ થતી પણ થોડા વખત પછી તે ઉડી જતી. આવી રીતે ફેર બદલી થતાં હાલમાં શેઠ રણછોડભાઇ રાયચંદ તથા શેઠ છોટાલાલ પ્રેમજીની નિમણુંક થઇ અને તેઓએ પોતાની ફરજ બજાવવા અને કોન્ફરન્સને પગભર કરવા બની શકે તેવા શક્ય ઉપાયો લેવા માંડયા. સદ્‌ભાગ્યે યુવકોમાં જાગૃતિ આવી અને ઠેર ઠેર સંગઠન થવા લાગ્યું, વિચાર સ્વાતંત્ર્યને પ્રતાપે અથવા રૂઢિચુસ્તતા અને અંધશ્રદ્ધાની જૂની જંજીરોએ અનેક મતભેદો ઉપસ્થિત કર્યા, અને તે મતભેદોએ આજે એવું ઉગ્રરૂપ ધારણ કર્યું છે કે સમગ્ર જૈન જનતા આજે બે ભાગમાં વિભકત થઇ ગઇ છે તે સૌ કોઇ કબૂલે છે. આ મતભેદથી સમાજની છિન્ન ભિન્ન સ્થિતિ થઇ છે એટલુંજ નહિ પણ અંગત મારામારીના પ્રસંગ પણ બની ગયા છે. આ બાબતમાં કોન્ફરન્સે ધ્યાન આપવાની જરૂર છે કોન્ફરન્સે ઘણું કર્યું છે, એમ જણાવાં કુકવામાં આવે છે છતાં કોન્ફરન્સને લાંબી મજલ કાપવાની છે તે તો કોઇ કહેતુંજ નથી. અલબત સમાજમાં ત્રીસ વરસની જુની અને સમાજના પ્રતિનિધિત્વવાળી કોઇપણ સંસ્થા હોય તો તે કોન્ફરન્સ છે, અને તે દ્વારા રાષ્ટ્ર, ધર્મ, અને સમાજની અણમોલી સેવા કરી શકીએ પણ તેની સંકુચિતતા અને કાર્યવાહકોની બેદરકારીથી તેમજ કોમની પણ તેવીજ પરિસ્થિતિ હોવાથી આપણે જે ધ્યેયથી કોન્ફરન્સની સ્થાપના કરી હતી, તે ધ્યેય હજુ તો ઘણુંજ દૂર છે, આના કારણમાં જણાવવામાં આવે છે કે કોન્ફરન્સને જનતા તરફથી જેવો જોઇએ તેવો સહકાર મળ્યો નહિ અને સહકાર મેળવવા માટે જે કાર્ય કરવું જોઇએ તે તેના સંચાલકો કરી શકયા નહિ, આથી સહકાર વગરની કોન્ફરન્સ જીવન વગરના મૃત્યુદેહ જેવી થઈ, હવે તો સારાયે ભારતમાં જાગ્રતિની ઉષા પ્રગટી છે રાષ્ટ્રે પરાધિનતાની ધૂંસરીને ફગાવી દેવા માટે રાવીના પવિત્ર તટ ઉપરથી શંખનાદ ફુંકયો છે તેજ વખતે મહારાષ્ટ્રના વીરપુત્રોએ આપણી કોન્ફરન્સને આમંત્રણ આપી પોતાની ફરજ બજાવી છે. ઘણાજ કટોકટીના સમયે સમયસૂચકતા વાપરી જુન્નેર અને મહારાષ્ટ્રવાસી બંધુઓએ જે ભોગ આપવાની તત્પરતા બતાવી છે તે માટે તેમને ધન્યવાદ આપ્યા શિવાય રહી શકાતું નથી. છતાં આ અધિવેશનને કેટલાક છેલ્લું અધિવેશન નિવડવાની આગાહી કરે છે તો કેટલાક વિઘ્નસંતોષીઓ એવી પણ ગપ્પો ઉડાવે છે કે ત્યાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થશે અને ખુરશીઓ ઉડશે તેમજ છૂટા હાથથી મારામારી થશે. ગમે તેમ હોય પણ આ વખતે અધિવેશન ભરવાની જોખમદારી કંઇ જેવી તેવી નથી, જો દરેક બાબતનો શાંતિ પૂર્વક નિકાલ કરવામાં આવશે તો આ અધિવેશન ખરેખર યશસ્વી અને ઐતિહાસિક અધિવેશન નિવડશે. સમાજને ગુંગળાવી નાંખનાર અનેક પ્રશ્નો છણવાનો સમય જુન્નેર અને મહારાષ્ટ્રવાસીઓએ આપ્યો છે. યુવકોને પોતાની જવાબદારી જાણવાની સુંદર તક સાંપડી છે, એટલે અત્યારથીજ તેમણે યોગ્ય વળવળ ચલાવવાની જરૂર છે. ગામો ગામના યુવક સંઘોએ અધિવેશનમાં ભાગ લેવા માટે તૈયારી કરવી જોઇએ અને બહુમતિથી કોન્ફરન્સને હસ્તગત કરી તે દ્વારા રાષ્ટ્ર, ધર્મ, અને સમાજની અપૂર્વ સેવા બજાવવા માટે તૈયાર થવું જોઇએ. આ અધિવેશનમાં અનેક પ્રશ્નો ચર્ચાશે. સૌથી પહેલાં તો કોન્ફરન્સના બંધારણમાં ફેરફાર થશે, તે ફેરફાર કરવાની આવશ્યકતા સૌ કોઇ સ્વીકારે છે. કન્વેન્શન વખતે જે ફેરફારો સૂચવવામાં આવ્યા હતા તેને આજે લગભગ ચાર વર્ષ થઇ ગયાં છે તેટલા ટાઇમમાં તો સમય પલટાઇ ગયો છે. એટલે અત્યારના સંજોગોને અનુસરીને બંધારણમાં જરૂરી ફેરફાર કરવાની અગત્ય છે તેમજ તેના ઉદ્દેશોમાં અત્યારના સમયને બંધબેસતા ફેરફાર કરવાની જરૂર છે, તે સિવાય અયોગ્ય દીક્ષા, સાધુ સાધ્વી સંસ્થાઓમાં રહેલી શિથિલતા, બેકારીનો પ્રશ્ન, સુશિક્ષણ, જૈન વસ્તિ ઘટવાના કારણો અને તેને દૂર કરવાના ઉપાયો, જૈનો અને રાષ્ટ્ર, જૈનો અને તેના તીર્થો, ધાર્મિક સંસ્થાઓ, ગચ્છો અને વાડાઓના મતભેદો, જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ, વિધવાઓની દુઃખદ સ્થિતિ, સ્ત્રીઓનું સ્થાન અને તેમની સ્વતંત્રતા, જૈનોનું વાણિજ્ય વગેરે પ્રશ્નો ચર્ચવા યોગ્ય છે. ઉપરના પ્રશ્નો માટે રચનાત્મક કાર્ય થવાની જરૂર છે. ચર્ચા કરી ઠરાવો કરવાથી કોન્ફરન્સ કે તેના અધિવેશનની કિંમત નથી પણ તે ઠરાવાનુસાર સાચા સેવકોના હાથમાં કાર્યની જોખમણી કરી ગામેગામ રચનાત્મક કાર્ય ઉપાડી લેવાની ખાસ જરૂર છે. વિશેષમાં જૈનો પાસે અનેક રીતે એકત્ર થયેલા પૈસાનો હાલમાં જે વોરઓન્ડ, ગવર્નમેન્ટ કે લોકલ સીકયુરીટીમાં રોકવામાં આવે છે, તેમ ન કરતાં એક જૈન બેંક ખોલી તેમાં રોકવાની જરૂર છે, અને તે બેંક મારફતે જૈનોને હુનર ઉદ્યોગ તેમજ વેપાર વાણિજ્ય માટે લોન તરીકે જોઇતી સહાય આપવાની જરૂર છે. આ બાબત જો સ્વીકારવામાં આવે તો જૈનોની બેકારીનો પ્રશ્ન આપો આપ નાબૂદ થશે. હું ઇચ્છું છું કે કોન્ફરન્સનું આ અધિવેશન યશસ્વી નિવડો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

વાર્ષિક અહેવાલ.

(રિપોર્ટ રજુ કરનાર મી. રતીલાલ સી. કોઠારી.)

જૈન સમાજ અત્યારે અનેક રૂઢિઓના બંધનોથી ગુંગળાઇ રહ્યો છે, સ્થળે સ્થળે જ્યારે સ્વતંત્રતાના ગીતો ગવાઇ રહ્યાં છે અને દુનીયામાં ક્રાંતિની ઉદ્‌ઘોષણા થઈ રહી છે, ત્યારે જૈન સમાજ ઉપર પણ તેની અસર થાય એ સ્વાભાવિક છે તે આધારે મુંબઇ જૈન યુથલીગની સ્થાપના કેટલાક ભાઇઓએ સંવત ૧૯૮૫ ના જ્ઞાનપંચમીને દિને કરી. કાર્તિકી પૂર્ણિમાને દિને એક વિજ્ઞપ્તિ પત્ર જાહેર પાડવામાં આવ્યું અને તેમાં લગભગ પચાશેક યુવકો સભ્ય તરીકે જોડાયા. લીગે અમદાવાદમાં શ્રી સાગરાનંદસૂરિએ આસ્તિક નાસ્તિકની ચર્ચા ઉપસ્થિત કરી તે સામે મુંબઇના જૈનોનો વિરોધ દર્શાવવા શ્રીયુત પરમાણંદ કુંવરજી ઝવેરીના પ્રમુખ પણા નીચે, દેશભકત લાલા લજપતરાયના અવસાન સંબંધી. અને પંડિત જવાહિરલાલ નહેરૂપર થયેલા આક્રમણ માટે મી. જમનાદાસ એમ. મ્હેતા. એમ. એલ. એ ના પ્રમુખપણા નીચે, તેમજ પંજાબથી શ્રીમદ્‌ વિજયવલ્લભસૂરીશ્વરજીના આગમન પ્રસંગે આવેલ જૈન આગેવાનોના વિચારો જાણવા માટે ભાંગવાડી થીએટરમાં શેઠ અમૃતલાલ કાલીદાસના પ્રમુખ પણા નીચે સભાઓ મેળવી હતી. ઉપરાંત બાજી બની શકતી યોગ્ય પ્રવૃત્તિઓ આ લીગ તરફથી કરવામાં આવી હતી. આ અરસામાં અત્રેના કેળવાએલા યુવકો હાલની યુવક પ્રવૃતિમાં વધારે રસ લે તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓલ્ડ બોયઝ યુનીયનને કરાયેલી પ્રેરણાના પરિણામે યુવક સંઘના ઉદ્દેશો તથા તેના આત્મનિવેદનના પાયા ઉપર તા. ૩-૫-૨૯ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી. આ સંઘ તરફથી થાંડલા મુકામે થતા જૈન વૃદ્ધ વિવાહને ત્યાંના દિવાન સાહેબ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાની સહાયથી અટકાવવાને લગતું, શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના આહના આગમનના સ્મારક બદલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય માટે એક રૂપીઆ ફંડ ઉભું કરી રૂ. ૨૦૧૧ એકત્ર કર્યાનું, તથા ભાષણ શ્રેણીને અંગે યુવકોનું કર્તવ્ય એ વિષયનું મી. પાદરાકર પાસે ભાષણ કરાવ્યાનું કામ થયું હતું. બાદ બંને સંસ્થાને એકત્રિત કરવાની વાટાઘાટ ચાલી, તે ઉપરથી તા. ૮-૭-૨૯ ના રોજ શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં શ્રીયુત કકલભાઇ બી. વકીલના પ્રમુખપણા નીચે બંને સંસ્થાઓની સામાન્ય સભા એકત્રિત થઇ અને તે વખતે બંને સંઘોને એકત્રિત કરી તે માટે એક વ્યવસ્થાપક કમીટી નીમવાનો ઠરાવ કરવામાં આવ્યો.

(૧) જાહેર સભાઓ.

આ સંઘ તરફથી ચાલુ પ્રવૃત્તિઓને અંગે જાહેર સભાઓ ભરવામાં આવી હતી. તા. ૪-૮-૨૯ થી તારીખ ૧૭-૧૧-૨૯ સુધીમાં કુલ અગીયાર સભાઓ જુદા જુદા સ્થળે અને જુદા જુદા વિષયો માટે મળી હતી. જે વેળાએ જૈન અને જૈનેતર અનેક વકતાઓએ ભાષણો કર્યાં હતાં.

(૨) લેખ માળા.

તા. ૮-૭-૨૯ થી અત્યારના આપણા પ્રશ્નોને સ્વતંત્ર રીતે ચર્ચતા એક એક લેખ દર સોમવારે પ્રગટ કરવાનો પ્રબંધ થયો છે, જેના અત્યાર સુધીમાં કુલ બાવીસ લેખો પ્રગટ થયા છે. આ લેખોએ પ્રત્યેક વિષય ઉપર નવો પ્રકાશ પાડયો છે અને જૈન સમાજમાં સારી જાગૃતિ લાવવાનું કામ કર્યું છે.

(૩) પત્રિકા પ્રચાર પત્રા.

અત્યાર સુધીમાં સંઘ તરફથી સાત પત્રિકાઓ જાહેર પાડવામાં આવી છે તેમાં ખાસ કરીને 'પદભ્રષ્ટ કરો' 'જૈન સાધુઓને જાહેર વિનંતિ' 'દીક્ષાની નિયમાવળી'તથા સ્થળે સ્થળે યુવક સંઘ સ્થાપવાની અપીલ કરવામાં આવી હતી. બાદ શ્રાવણ વદ ૧૨ તા. ૧૩-૮-૨૯ શ્રી મુંબઇ જૈન યુવક સઘ પત્રિકા નામનું સાપ્તાહિક પત્ર દર શનિવારે પ્રચાર કાર્ય સમિતિ હસ્તક શ્રીયુત જમનાદાસ અમરચંદ ગાંધીના તંત્રી પણા નીચે ચાલે છે અને તે સભ્યોને વગર લવ જમે આપવામાં આવે છે.

(૪) અયોગ્ય દીક્ષા વિરોધ.

અયોગ્ય દીક્ષાના સંબંધમાં આપણા સંઘે ખૂબ જોસથી હીલચાલ ઉપાડી છે અને ૭ મહિનામાં લોકોના વિચારોમાં તેના અંગે બહુ મોટું પરિવર્તન થયું છે. આ સંઘ તરફથી દીક્ષાની નિયમાવળી પ્રગટ કરવામાં આવી છે તેનો ઓછા વધારે અંશે ઘણા ગામ તથા શહેરોમાં સ્વીકાર કરવામાં આવ્યો છે, જામનગર તથા પાટણ વગેરે જૈન સંઘના આ દિશાને લગતા સ્તુત્ય પ્રયાસોને આપણા સંઘે બની શકતો ટેકો આપ્યો છે. વળી જુદા જુદા દેશી રાજ્યોને અયોગ્ય દીક્ષા પ્રતિબંધ કાયદો કરવા માટે આ સંઘ તરફથી તારો કરવામાં આવ્યા હતા. આ હીલચાલના પરિણામે અયોગ્ય દીક્ષા તદ્દન અશકય નહિ તો અતિ મુશ્કેલ બની ગઇ છે એમ અમે માનીએ છીએ.

[અપુર્ણ.]

સુચનાઓ.

(૧) પત્રિકા દર સોમવારે પ્રગટ થશે.

(૨) નવું વર્ષ જાનેવારી તા. ૧ લી ૧૯૩૦ થી ગણવામાં આવશે.

(૩) વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂા. ૨) લેવામાં આવશે.

(૪) યુવક સંઘના સભ્યો પાસેથી પત્રિકાના લવાજમ તરીકે રૂા. ૧) લેવામાં આવશે.

(૫) છુટક નકલ સ્થાનિક અડધા આનામાં મળી શકશે.

(૬) પત્રિકા માટે યોગ્ય સમાચારો મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

(૭) પત્રિકા સંબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો (જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦, વસીયામલ બીલ્ડીંગ, જકરીયા મસજીદ, મુંબઇ.)

તા૦ ક૦-બહારગામના તથા સ્થાનિક ગ્રાહકોને ચાલુ સાલનું વાર્ષિક લવાજમ તાકીદે મોકલી આપવા વિનંતી છે.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨

છુટક નકલ: અડધો આનો. Reg. No. B. 2616.

નવયુવાન નવયુગનો સૃષ્ટા છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

પુ. ૧ લું. } સંવત ૧૯૮૬: પોષ સુદિ ૧૪ સોમવાર. મુંબઈ, તા. ૧૩-૧-૩૦ } અંક ૩ જો

જુન્નેર કોન્ફરન્સ માટે—

વડોદરા યુવક મંડળે સૂચવેલા ઠરાવો.

"ભાવી જૈન સમાજના સ્થંભરૂપ આદર્શ રત્નો ઉત્પન્ન થાય તેવી પ્રાથમિક ભુમિકા બાળકો તથા બાળીકા વાસ્તે તૈયાર કરવા, શારીરિક, માનસિક, વ્યવહારિક અને ધાર્મિક કેળવણી અર્પતા સાદા યુરૂકુળો તથા કન્યાલયો તેમજ હાલના વિષમ સંયોગોમાં મુશ્કેલીથી પસાર કરી શકાતાં કુંટુંબીક જીવનમાં સહાયભુત થવા ઉપરાંત પવિત્ર સ્વાશ્રયી જીવન ગુજરી શકવાના સાધન પ્રાપ્તિના ઉદ્દેશથી બહેનો વાસ્તે હુન્નર ઉદ્યોગાશ્રમો, ઠેરઠેર આખા ભારતવર્ષમાં ખોલવાની જરૂરીયાત, શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની અખીલ ભારતવર્ષિય કોન્ફરન્સ સ્વીકારે છે. આવી સંસ્થાઓ ઉભી કરવાના કાર્યમાં જે મહાશયોએ તન, મન, અને ધનથી ભાગ લીધો છે તે સર્વેને અભિનંદે છે અને અખીલ ભારતવર્ષના શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘને સખાવતનું વેણ આ તરફવાળી આ સમાજોદ્ધારક કાર્ય તાકીદે ઉત્સાહપૂર્વક થાય, તેના પ્રચારકાર્યાર્થે તેમજ વ્યવસ્થાપૂર્વક બંધારણ નીયત કરવા પ્રાંતવાર નીર્ણિત થયેલા સદ્‌ગૃહસ્થોની સમિતી નીમવામાં આવે છે."

(૨) "હાલ આપણા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમાજમાં અનેક બાબતમાં વિચાર ભેદને લીધે ઉગ્ર ચર્ચા ચલી રહી છે. તે ચર્ચાના લખાણમાં જે અંગત વ્યક્તિગત આક્ષેપો અને અશ્લીલ ભાષાનો ઉપયોગ થાય છે, તેણે આપણા સમાજને છિન્નભિન્ન બનાવી દીધો છે; તેથી તેવા લખાણોને શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની આ અખીલ ભારતવર્ષીય મહાસભા (કોન્ફરન્સ) સખ્ત રીતે વખોડી કાઢે છે અને લેખકોને પોતાને ફાંવે તેટલો વિચાર ભેદ હોય તોપણ કોઇના ઉપર અંગત આક્ષેપ ન કરતાં શીષ્ટ ભાષામાં પોતાના વિચારનું સમર્થન કરવા શ્રી સંઘના ઐકય તેમજ ઉત્કર્ષની ખાતર વિનંતી કરે છે.

આજના યુવાનોને!

સમગ્ર વિશ્વમાં આજે યુવાનીનું સામ્રાજ્ય છવાઇ રહ્યું છે, તેના અણુએ અણુમાં ક્રાંતિના ગીત અતૂટ વેગથી ફેલાઇ રહ્યાં છે, એ આંદોલનોનું પ્રચ આજે હાનિકારક સામાજીક બંધનોને તેમજ કાતરી ખાતી રૂઢિની ગુલામી પ્રથાને ડગમગાવી રહ્યું છે, અને જે સમય જાય છે, તેમાં તે જમીનદોસ્ત થશે એમાં જરાએ શક નથી.

આજના યુવાનો માટે સમય ઘણોજ અનુકૂળ છે, વર્ષોથી તેમની ભવ્ય અને ગગનચુમ્બિત ભાવનાથી સિંચાએલી આશાના સોનેરી સ્વપ્નાં ખરાં પડવાનો ટાઇમ આવી છે, તેવે સમયે તેમણે જરાએ બેદરકારી દાખવવી નં જોઇએ, જરાએ આળશ રાખવી ન પાલવે, શિથિલતાને જરાએ પ્રવેશ કરવા દેવી જોઇએ નહિ, પરંતુ આવતી લડત માટે તૈયારી કરવી જોઇએ, તેના વ્યુહો રચવા જોઇએ.

આપણી કોન્ફરંસ લાંબા ટાઇમ પછી પુનઃ સદ્‌ગત પ્રશ્નોને છણવા માટે કટિબદ્ધ થઇ રહી છે, મહારાષ્ટ્રવાસી સ્વધર્મી બંધુઓએ કોન્ફરંસનું અધિવેશન પોતાને ત્યાં ભરવાને માટે નોતરૂં આપી તમારે માટે સરળ માર્ગ કરી આપ્યો છે, એ સરળ માર્ગનો લાભ લેવાને આજના યુવાને ભૂલવું જોઇએ નહિ, પરંતુ અત્યારે જે છુટી છવાઇ પોતાની શક્તિઓ હોય એ શક્તિઓને એકત્રિત કરી સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જે આસુરી શક્તિઓ ઘૂસી ગઇ છે, ઘર કરીને બેઠી છે, તેની સામે પ્રચંડ મોરચો માંડવાની અગત્યતા છે, એ આસુરી શક્તિઓ જ્યાં સુધી સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સામ્રાજ્ય ભોગવી રહી છે, ત્યાં સુધી આજના યુવાનનાં સમાજોન્નતિનાં ભવ્ય સ્વપ્નાં કદિ પણ ખરાં પડશે નહિ, તેમનું વ્યક્તિત્વ કદિ પણ નહિ ખીલી શકે દૈવિ અને આસુરી શક્તિઓનો આ છેલ્લો રણસંગ્રામ છે એ ખ્યાલ રહે, તેમાં જય પરાજયનો આધાર આપણાં સંગઠન, સહકાર અને તૈયારી ઉપર રહેલો છે.

[જુઓ પાનુ ૪ થું.]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो नमे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् हरिभद्रसूरि.

જુન્નેર અધિવેશનની કાર્ય દિશા.

આ અધિવેશને જૈન સમાજમાં નવીન જાગૃતિ, નવું જોમ, અને અનેરી આશાઓ ઉત્પન્ન કરી છે. અનેક પ્રશ્નો આજે સમાજને ગુંગળાવી રહ્યા છે, તેમાંથી છુટકારાનો દમ ખેંચવા માટેજ આ અધિવેશન ભરાતું હોય તો તેમાં નવાઇ નથી. સમાજની હાલની વિભક્ત દશાથી સમાજ પોતાનો ઉત્કર્ષ સાધવાને અસમર્થ છે. વિચાર મતભેદોથી એવી તો છિન્નભિન્ન સ્થિતિ થઇ છે કે જો આ અધિવેશન તેનો યોગ્ય નિકાલ નહિ લાવે તો ભવિષ્યમાં સમાજ ઉપર સિંહાવાદળ ફરી વળી સમાજ અને ધર્મની આથી પણ વધારે છિન્નભિન્ન સ્થિતિ કરી નાખશે. માટે આ અધિવેશનમાં એવા પ્રશ્નો ચર્ચવાની આવશ્યકતા છે કે ભવિષ્યમાં સામાજીક શક્તિઓ બીજી રીતે નિરર્થક વેડફાઇ જાય નહિ. આમાં મુખ્ય પ્રશ્ન **ભાગવતિ દીક્ષાનો** છે. આ દીક્ષાના પ્રશ્ને જામનગર, પાટણ, ખંભાત, અને મુંબઇમાં જબરો કોલાહલ મચાવ્યો છે, એટલુંજ નહિ પણ તેથી અંગત મારામારી ઠેર ઠેર ઉભી થઇ છે, એટલે આ વખતે દીક્ષા સંબંધીનો પ્રશ્ન ચર્ચવાની અધિવેશનને ખાસ ફરજ પડે છે. દીક્ષા જેવી પવિત્ર વસ્તુ માટે આવો કોલાહલ ઉભો થાય તે આપણી પામરતા અને અજ્ઞાનતા છે. દીક્ષાને માટે યોગ્ય ઠરાવો પૂર્વાચાર્યોએ કરેલા છે અને તેના નિયમો પણ બાંધ્યા છે. છેવટમાં છેવટ વડોદરા મુકામે શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરજીના સાધુ સંમેલને જે ઠરાવો કર્યા છે તે ઠરાવો પણ ઘણાજ કિંમતિ છે. આવી રીતે ઠરાવો થયા છતાંપણ તેજ સંઘડાના સાધુઓએ તેનું ઉલંઘન કર્યું છે, અને અયોગ્ય દીક્ષા આપવા માટે ગમે તેવા કૌભાંડો રચી ભેળી જનતાને ભરમાવી છે. આમ કરવા છતાંપણ તેવાઓનું સ્થાન સમાજમાં અવ્યાબાધ રીતે ટકી રહેવા પામ્યું છે તે આપણી સંઘસત્તાની નિર્માલ્યતાજ સૂચવે છે. ખરૂં કહીએ તે. દીક્ષા આપનાર અને અપાવનાર આને માટે જવાબદાર છે. લક્ષ્મી અને સત્તાના મદમાં અંધ બનેલા સાધુભક્તો આવા કાર્યમાં ઉત્તેજન આપે છે અને તેથી છેવટે આપણને રાજ્યાશ્રય લેવાની પણ કઠીન ફરજ અદા કરવી પડે છે. આવી દીક્ષા જનહિતકારી નથી, તે તો રહેજે પૂરવાર થઇ ચુકયું છે. નાનાં બાળકોને દીક્ષા આપવાથી હાલમાં દીક્ષાને છોડી ભાગી જનારની સંખ્યામાં ઘણોજ વધારો થયો છે; એટલુંજ નહિ પણ દીક્ષાના વેષમાં રહીને કેટલાક જે શયતાનીયત ખેલે છે, ભોળી જનતાને ઉંધા પાટા બંધાવી ભોળી સ્ત્રીઓને ફસાવે છે તેની તો અવધિજ નથી. જે સંસ્થા પ્રભુ મહાવીરની પાટ રૂપે પૂજનીય મનાય છે, તે સંસ્થામાં આવા અનાચારો અને અત્યાચારો થવા છતાં હજુ પણ તે સંસ્થાને સુધારવા માટે કંઇ પણ પગલાં, કોન્ફરંસનું અધિવેશન ન લે તો તેવા અધિવેશનની કિંમત સમાજમાં ફુટી બદામની પણ ન ગણી શકાય એમ અમે માનીએ છીએ. આ અધિવેશનમાં આ પ્રશ્નને પહેલું સ્થાન આપવાની અગત્ય છે અને તે સંબંધી યોગ્ય નિકાલ બહુમતિથી કે સર્વાનુમતિથી કરી તે પ્રમાણે વર્તન કરવાની સાધુ સંસ્થા ઉપર ફરજ નાંખવી જોઇએ. અને તે ફરજમાંથી ચ્યુત થનારને યોગ્ય શિક્ષા થવી જોઇએ. આવી રીતે જો આપણે કડક નહિ થઇએ તો ભવિષ્યમાં હાલની સાધુ સંસ્થાની સ્થિતિ પૂર્વકાળમાં થઇ ગયેલ ચૈત્યવાસીઓની સ્થિતિ કરતાં પણ વધારે ભયંકર નિવડશે

અયોગ્ય દીક્ષાથી જૈનેતર પ્રજામાં પણ આપણી હાંસી થઇ રહી છે, જે સાધુ સંસ્થાને જૈનેતર પ્રજા પણ નમન કરવામાં ગૌરવ સમજતી હતી તે પ્રજા આજે છડેચોક સાધુ સંસ્થાની મનમાનતી નિંદા કરે છે તે કઇ જેવી તેવી બાબત નથી. આનું કારણ કેવળ આપણી નિર્બળતા છે. આપણે તે સંસ્થાને સુધારી વ્યવસ્થાપૂર્વક તેને બનાવીએ તો તેના સામે આંગળી પણ ચીંધવાની કોઇની તાકાત રહે નહિ. યુવક સંઘને આ બાબત સત્ય જણાઇ હતી અને તેથીજ તેણે દીક્ષાની નિયમાવળી ઘડવામાં સફળતા મેળવી છે. એ નિયમાવળી ઉપર પણ અમે અધિવેશનનું ધ્યાન ખેંચીએ છીએ. અમે જ્યાં સુધી માનીએ છીએ ત્યાં સુધી તેમાં શાસ્ત્રાજ્ઞાને સામે રાખીનેજ બધા નિયમો ઘડવામાં આવ્યા છે, એક પણ નિયમ એવો નથી કે જેમાં શાસ્ત્રાજ્ઞાને બાજુએ મૂકી હોય, એટલે ખાસ કરીને એ નિયમાવળી ઉપર પણ વિચાર કરવાની અમે વિનતિ કરીએ છીએ. ત્યાર બાદ ઘણાજ પ્રશ્નો છે. 'દેવ દ્રવ્ય' સંબંધી પણ જનતામાં ઓછો ઉહાપોહ થયો નથી તેની ચર્ચા સમાજમાં આજે લગભગ દશથી બાર વર્ષ થયા ચાલે છે, તેનો ચોક્કસ નિવેડો આવ્યો નથી. આથી દિનપ્રતિદિન અવિશ્વાસ ઉત્પન્ન થતો જાય છે, અને પ્રથમની આવકમાં મોટો ઘટાડો થવા પામ્યો છે અને થતો જાય છે. આમ દાનની સુંદર પ્રણાલિકાનો નાશ થવા પામશે, જો દેવ દ્રવ્યની જુદી જુદી વ્યાખ્યાઓ કરી તેને જુદા જુદા રૂપે નિભાવવામાં આવે તો તેમાંથી ઘણું સરસ કાર્ય થઇ શકે કેવળ 'દેવ દ્રવ્ય' એ શબ્દમાંજ મારામારી રહી છે આ શબ્દ શાથી ઉત્પન્ન થયો તે પણ કેટલાક ચોક્કસપણે જણાવી શકતા નથી. જે તીર્થંકરો માયાથી રહિત છે, તેમના નામની પેઢીઓ ચાલે, તેમના નામના ભંડારો હોય, એટલુંજ નહિ પણ તેમના નામે કરોડો રૂપીઆ, લોનો, વોર લોનો વગેરેમાં રોકાય ને ધર્મ અને વ્યવહારથી ઉલટું દેખાય છે. મંદિરો એ આપણો મહાન વારસો છે, તેમાં બે મત છેજ નહિ. આબુ જેવા સુવિખ્યાત મંદિરોથી આપણે મગરૂર છીએ પરંતુ દેવદ્રવ્યની પ્રણાલિકા ફેરવીએ તેથી આપણે મંદીરો ઉડાવી નાંખવા માંગીએ છીએ, તેમ હોઇ શકેજ નહિ. હા, એટલું તો જરૂરી છે કે આપણે મંદિરોને મંદિરના રૂપમાં રાખવા; તેમાં મારામારી કે ધમાલ ઉભી કરવી તે અજ્ઞાનતા છે. શ્રાવકોના અભંગદ્વાર મનાય છે, ત્યારે મંદિરોના અભંગદ્વાર હોય તેમાં આશ્ચર્ય શું છે? પણ કમભાગ્યે જ્યારથી પ્રભુને હીરા, માણેક, મોતી અને સોના રૂપાના દાગીના ચઢવા લાગ્યા ત્યારથી તે દ્વારોને બંધ કરવામાં આવ્યાં છે. તેના ઉપર પોલીસ પહેરા મૂકવામાં આવ્યા છે, શાન્તિના સ્થાનમાં ચોરી લુટફાટ અને તેવા બીજા ગુન્હાઓ બનવા લાગ્યા છે. આ વસ્તુ સ્થિતિને જરાએ નિભાવી લેવા જેવી નથી. આ માટે પણ યોગ્ય નિર્ણય લાવવાની અનિવાર્ય આવશ્યકતા છે બાકીના વિષયો સંબંધીની યોગ્ય ચર્ચા અને અમારૂં મંતવ્ય અમે સમાજ આગળ હવે પછી રજુ કરીશું .આશા છે કે ઉપરના બન્ને વિષયો સંબંધી યોગ્ય ચર્ચા કરવાની સુંદર તક આ અધિવેશન બોલાવનારાઓ સમાજને આપશે.

સમયનાં પ્રવાહમાં.

વીરશાસનનું અરણ્ય રૂદન.

મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ અને તેની સફળતા જોઇ ભાઇબંધ 'વીરશાશન' ફફડી ઉઠયું છે. મુંબઇ જૈન યુવક સંઘ જ્યારથી અસ્તિત્વમાં આવ્યો ત્યારથી તે પોતાના નાશની નોબતો વાગતી જોઇ રહ્યું છે, અને તેથી એક યા બીજી રીતે મુંબઇ જૈન યુવક સંઘને ઉતારી પાડવા માટે જનતામાં ગંદુ પ્રચારકાર્ય ચલાવી રહેલ છે. જો કે તે સંબંધી અમે આજ સુધી જરાએ ઇશારો કર્યો નથી, પરંતુ જ્યારે એ મર્યાદાઓ ઓળંગીને આગળ વધે છે, ત્યારે કંઇક જનતામાં ગેર-સમજ ન થાય તે માટે તે યત્ન કરવો એ અમારી ફરજ છે. યુવક સંઘ કદિએ અંગત દ્વેષમાં ઉતર્યો નથી અને ઉતરશે પણ નહિ. તેણે પોતાનું વ્યવસ્થિત સભ્ય ભાષામાં પ્રચાર કાર્ય કર્યું છે, અને તે ભાઇબંધ વીરશાસન અને તેના સહચારીઓને ભારે પડી ગયું છે, તેમાં જરાએ શક નથી. માણસ જ્યારે દલીલોમાં હારે છે, પોતાનો પક્ષ તૂટેલો જુવે છે, ત્યારે તે એકદમ વિતંડાવાદમાં ઉતરી પડે છે ભાઇબંધ વીરશાસન પણ અત્યારે તે સ્થિતિમાં મૂકાયું હોય તો તેમાં જરાએ આશ્ચર્ય પામવા જેવું નથી.

યુવક સંઘ સાચી સાધુતાને માને છે, પૂજે છે, પોતાનું મસ્તક નમાવે છે, પણ જ્યાં સાધુતાને સ્થળે શૈતાનીયતે પ્રવેશ કર્યો છે, જ્યાં શાસ્ત્રોનો શસ્ત્ર તરીકે ઉપયોગ થાય છે, અને આમ વિકાસને બદલે ખોટો બાહ્યાડંબર ઉભો કરવામાં આવ્યો છે, ત્યાં તે સખ્તમાં સખ્ત ખબર લેશે તેમાં બીલકુલ આશ્ચર્ય પામવા જેવું નથી.

અયોગ્ય દીક્ષાને લીધે આજના કહેવાતા સાધુઓ વગોવાઇ રહ્યા હોય તો તેની જવાબદારી તેવી અયોગ્ય દીક્ષા આપનારાઓ ઉપર રહે છે કે જેઓ સંઘસત્તાની અવગણના કરીને પોતાની મુરાદ બર લાવવાનો મરણીયો પ્રયત્ન સેવી રહ્યા છે, નહિં કે યુવક સંઘ ઉપર.

યુવક સંઘ દીક્ષામાં માને છે, તેણે કદિએ યોગ્ય દીક્ષા અટકાવવાનો પ્રયત્ન કર્યો નથી, કરશે પણ નહિ, પરંતુ જ્યાં અયોગ્ય દીક્ષાને બ્હાને દોડમદોડી થઇ રહી હશે, છતે ધણીએ જ્યાં યુવતિઓને વિધવા બનાવવાની તૈયારીઓ કરી હશે, જ્યાં માબાપો પાસેથી તેની મરજી વિરૂદ્ધ તેના બાળકોને ખેંચી લેવાની પોલીસીઓ ચલાવી હશે અને દીક્ષા આપવા માટે નસાડવા, ભગાડવા, કે સંતાડવાની રીતિઓ જ્યાં પસંદ કરવામાં આવી હશે ત્યાં તેનો બરાબર જવાબ માંગશે. યુવક સંઘનો વાંધો માત્ર અયોગ્ય દીક્ષા તરફ છે. તે માટે એક દીક્ષા સંબંધીની નિયમાવળી પણ બહાર પાડવામાં આવી છે.

દીક્ષાને રાક્ષસી પ્રથા કહેવામાં આવી હોય તો તેની જવાબદારી પણ તેવી અયોગ્ય દીક્ષાને ઉત્તજનારાઓ ઉપર રહે છે કારણ કે જો તેવી અયોગ્ય દીક્ષાની પ્રવૃત્તિ તેઓ તરફથી બંધ પાડવામાં આવી હોત તો આજે જે વિખવાદનું કારણ સમાજમાં ઉપસ્થિત થયું છે તે કદિ પણ થાત નહિ, અને સમાજમાં જો વિખવાદ ન હોત તો આજે રાક્ષસી પ્રથાને નામે જે ઓળખાવે છે તે તેમ કરવાને હિંમત કરત નહિં.

યુવક સંઘે કદિએ ધર્મ વિરૂદ્ધનાં કાર્યો કર્યાં નથી. પણ ધર્મને નામે જ્યાં ધાંધલ ઉભું કરવામાં આવેલ છે ત્યાં જરૂર તેણે માથું ઉચકયું છે, જિનેશ્વર દેવની આજ્ઞાની વિરૂદ્ધ યુવક સંઘે કશુ એ કર્યું નથી; અને તેમ માનવાને કારણ પણ આપ્યું નથી. ભાઇબંધ વીરશાસનને અમે આટલું આશ્વાસન આપી જનતાને ચેતવીએ છીએ કે આવા ગંદા પ્રચાર કાર્યમાં કદિએ ફસાવું નહિ. આટલી નમ્ર સૂચના અત્યારે અમે યોગ્ય સમજીએ છીએ.

દીક્ષાના ડાકુઓ કાવત્રા કરે છે.

નફટાઇનો એક નમુનો.

——(૦)——

સ્વસ્તી શ્રી પાટણથી લખીતંગ આનંદઋષીજી મહારાજ આદે ઠાણાનાં તત્ર પાનસર મધ્યે સુશ્રાવિકાબાઇ ગજી જોગ ધર્મ લાભ પહોંચે વિશેષ લખવાનું કે તમારો પત્ર આજ-દિન પહોંચ્યો, વાંચી પાનસર ગયા એમ જાણ્યું. હવે નીકળ્યા છો માટે બરોબર નીકળી જાણજો અને મક્કમ રહેજો અને ખાવા માટે તમારી પાસે કાંઇ દાગીનો હોય તો સાક્ષી રાખી કારખાને મૂકી રૂપીઆ લેશો એટલે તમને ખાવાનું ચાલશે. ખાવાની તાન રાખવી નહિ. શારીરિક સ્થિતિ બગડી જાય, અને કલોલમાં માસ્તર ગોરધન અમુલક, ઠેકાણુ દેરાવાળી ધર્મશાળા પાસે રહે છે. જો તમે ત્યાં જશો તો તમારી સહાય તે કરશે; અમે પણ મારતરને કાગળ લખીશું માટે મુંઝાશો કે.ઇ પ્રકારે નહિ અને હિમ્મતમાં રહેજો; બીજુ અત્રે આજ દિને તમારી શોધ કરવા ધેણુજથી બે માણસ આવ્યા હતા. તેઓનું કહેવું કે તમારી પાસે છે, પણ અમે કીધું કે અહિં કોઇપણ આવ્યું નથી, પરંતુ તેવી વાત ચાલે છે તેથી અમે વેષ મોકલ્યો નથી, પરતુ તે ધીમા પડયા જણાય છે માટે મુંઝાશો નહિ, મક્કમ રહેજો અને ગોરધન માસ્તરની સલાહ લેજો. અમારે વિહાર ધણું કરીને તેરસનો કરવા વિચાર છે અને આટલામાં નજીક છે. પરંતુ તમે જે સરનામે કાગળ લખો છો ત્યાંજ લખજો જો તમને કદાચ તમારા સંબંધી આવીને મુંઝાવે તો કોઇ પ્રકારે મુંઝાવું નહિ અને જવાની ના કહેવી પરતુ કદાચ જાઓ તો પણ એમ કહેવું કે મારે તો અત્યારથીજ સાધુપણુજ છે. છકાયનો આરંભ બંધ છે અને કાચાપાણીને અથવા ચુલાને અડવાનો નિયમ છે અને પહેલે મુહુર્તે કામ કરવાનું છે માટે રજા આપો એ પ્રમાણે દૃઢતાપૂર્વક કહેવું, કહેતાં જરાયે મુંઝાવું નહિ એજ.

કાવત્રું નિષ્ફળ જતાં બાઇ ગજીને તેના બાપને ઘરે પહોંચાડી દેવાની ફરજ પડી છે.

યુવાનોની પ્રાથમિક સભા.

અમારા તા૦ ૧૬-૧૧-૨૯ ના અંકમાં જણાવેલી યુવકોની પ્રાથમિક સભા ભરવાના દિવસો માહ શુદ ૮-૯ તા૦ ૬-૭ ફેબ્રુઆરી ગુરૂ-શુક્ર. યુવક સંઘ તરફથી નક્કી કરવામાં આવ્યા છે. પ્રાથમિક સભાને લગતા આમંત્રણ થોડા

વખતમાં લગભગ સમાન ઉદ્દેશવાળા યુવક મંડળો ઉપર મોકલવામાં આવશે. યુવક સંઘ પાસે જે લીસ્ટ હાલ સુધીમાં મંડળોનું તૈયાર થયું છે તેટલા આમંત્રણ તો મોકલાશે પણ કોઇ યુવક સંઘ કે સમાજ કે મંડળ જેના ઉદ્દેશ અત્રેના યુવક સંઘને લગભગ મળતા હોય તે છતાં તેમને આમંત્રણ ન મળે તો તે સંસ્થાએ યુવક સંઘના મંત્રીઓને લખી જણાવવું કે જેથી તરતજ આમંત્રણ મોકલવામાં આવશે.

આમંત્રણ મળેથી દરેક મંડળોએ અઠવાડીયાની અંદર પોતાના પ્રતિનિધિના નામ જરૂર મોકલી આપવાના છે. પ્રતિનિધિની સંખ્યા દરેક મંડળોએ ૧ થી ૫ સુધીમાં ચુંટવાની છે. પ્રાથમિક સભામાં ચર્ચવાના ઠરાવોનો મુસદ્દો એક અઠવાડીયા પછી મોકલવામાં આવશે તે ઠરાવો દરેક મંડળોએ પોતાની સામાન્ય સભા પાસે રજુ કરી તે ઠરાવો સંબંધીનો નિર્ણય કરવો.

જે કાંઇ સુધારા સુચવવા હોય તો તે મંડળે પોતાના પ્રતિનિધિને પ્રાથમિક સભામાં રજુ કરવા માટે સત્તા આપવી. પ્રાથમિક સભામાં આગલે દિવસે બહારગામના મંડળોના પ્રતિનિધિ તથા યુવક સંઘની મેનેજીંગ કમિટિ સાથે મળી સબજેકટ કમિટિના રૂપમાં ઠરાવ ઉપર ચર્ચા કરશે. બીજે દિવસે જાહેર સભામાં જનરલ સભાના સભ્યો તથા મંડળના પ્રતિનિધિ ઉપરાંતના વધારે યુવાનો અને આમંત્રિત ગૃહસ્થો ભાગ લેશે. તે પ્રસંગે ઠરાવો ઉપર સામાન્ય વિવેચનો તથા ભાષણો થશે. માટે દરેક યુવકોના મંડળો અવશ્ય આ પ્રાથમિક સભામાં ભાગ લેશે. કોન્ફરંસમાં હાજરી આપનાર યુવાનને આ પ્રાથમિક સભામાં હાજરી આપવા ખાતર ચોવીસ કલાકજ મુંબઇ વહેલું હાજર થવું પડશે; બીજી અનુકુળતા ન હોય તેવા દરેક પ્રતિનિધિ માટે યુવક સંઘ તરફથી સગવડ કરવામાં આવશે. જો પ્રાથમિક સભામાં યુવાનો રસપૂર્વક ભાગ લેશે તો યુવાનોના એકત્રિત અવાજ તરીકે ખાસ ઠરાવો કોન્ફરન્સમાં રજુ થઇ શકશે. યુવકોની પ્રાથમિક સભામાં નીચેના સવાલો ઉપર ખાસ વિચાર ચલાવવામાં આવશે. અયોગ્ય દીક્ષાપ્રવૃત્તિ, સખાવતનો ઉપયોગ, કેળવણી વિસ્તાર, હિસાબની ચોખવટ, કોન્ફરન્સનું બંધારણ, યુવક પરિષદની આવશ્યકતા.

જુનેર કોન્ફરન્સના પ્રમુખ.

બંધારણ વગરની સંસ્થામાં કાર્ય કરનારાઓને માથે ઘણી જોખમદારી આવી પડે છે. બંધારણ હોય છતાં પણ તેનો વ્યવહારૂ અમલ થયો ન હોય તો પણ કામ કરનારાઓને મુશ્કેલીનો પાર રહેતો નથી. કોન્ફરન્સના પ્રમુખપદ તરીકે શેઠ રવજી સોજપાળની પસંદગી કરવામાં આવી છે. એક વાત ખાસ પ્રથમથી કહી દઇએ કે શેઠ રવજીભાઇને અંગે અંગત અમારે કાંઇ કહેવાનું છેજ નહિ. તેમની છેલ્લી કોન્ફરન્સની ખાસ બેઠક પ્રસંગની સ્વાગતસમિતિના પ્રમુખ તરીકેની સેવા અત્રે ભૂલી શકાય તેમ નથી, તેમજ તેમના બીજા કોમના હિતના કાર્યો સંબંધી બે મત છેજ નહિ. તેમના નિખાલસ સ્વભાવના અમે ખાસ વખાણનારા છીએ પણ હાલ જે વાતાવરણ કહેવાતા શાસન રસિકો (?) તરફથી તૈયાર કરવામાં આવ્યું છે ને હજી જે ઉશ્કેરણી ફેલાવવામાં આવે છે તે જોતાં તેમની આ બેઠકને અંગે પ્રમુખ તરીકેની નીમણુંક કોઇ પણ રીતે ઇચ્છવાયોગ્ય નથી. એક બીજો પણ વાંધો આ સંબંધમાં અમારે રજુ કરવાનો છે. એક પત્રકારના સાંભળવા મુજબ પ્રમુખપદના સ્વીકારમાં સરતો નક્કી કરવામાં આવી છે. આ હકીકતનો ખુલાસો તે કોન્ફરંસ ઓફીસ અગર સ્વાગતસમિતિ તરફથી સત્તાવાર રીતે પ્રગટ થવાની જરૂર છે કારણ કે તેવી સરતો કરવાનો કોન્ફરંસના બંધારણ મુજબ કોઇનો પણ હક નથી. યુવાનોએ આવી સરતી કોન્ફરંસમાં ભાગ લેવો કે નહિ તે પણ વિચારવાયોગ્ય પ્રશ્ન છે. સત્તાવાર ખુલાસો પ્રગટ થયા પછી આ બાબતમાં વધુ વિચારો રજુ કરશું.

(અનુસંધાન પાના ૧ નું ચાલુ.)

સંગઠન માટે મુંબઇમાં યુવક સંમેલન ભરાવાનું યુવક સંઘ તરફથી નક્કી કરવામાં આવ્યું છે, અને તેની તારીખો ૬–૭ ફેબ્રુઆરી ૧૯૩૦ ની નક્કી કરવામાં આવી છે, તે પ્રસંગે જ્યાં જ્યાં યુવક સંઘો હોય, જ્યાં જ્યાં યુવક મંડળો અસ્તિત્વ ધરાવતાં હોય ત્યાં ત્યાંથી મોટા પ્રમાણમાં યુવકોએ ઉતરી આવવું જોઇએ, અને પોતાનો અવાજ એકત્રિત કરી તેને કોન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવો જોઇએ.

સહકાર માટે યુવક મંડળો અને સંઘોના વિચારો તરફ તથા તેના કાર્યો તરફ જે જે છુટી છવાઇ વ્યક્તિઓની સહાનુભૂતિ હોય તેવી વ્યક્તિઓનો સહકાર મેળવી મજબુત પીઠબળ ઉત્પન્ન કરી વ્યવસ્થિત પ્રચારકાર્યમાં લાગી જવું જોઇએ.

કોન્ફરન્સના અધિવેશનમાં ભાગ લેવા માટે ચુંટાઇને જતા ડેલીગેટો મોટે ભાગે નૂતન વિચારથી આચ્છાદિત હોય અને વિશ્વની ગતિનું જેને ભાન હોય તેવા હોવા જોઇએ; તેઓનીજ ચુંટણી થાય તે માટે દરેક ગામના યુવક સંઘોએ પોતાની લાગવગનો ઉપયોગ કરવો જોઇએ, તેમજ તે માટેનું યોગ્ય પ્રચારકાર્ય પણ હાથ ધરવું જોઇએ.

આમ મોટા પ્રમાણમાં આપણા ડેલીગેટોને ચુંટી તેમાંથીજ યોગ્ય વ્યક્તિને લીડર નીમવો જોઇએ. ત્યારેજ આપણી લડત વ્યવસ્થિત થશે અને આપણે આપણી ઉન્નતિમાં આડી આવતી શક્તિનો પરાજય કરી શકીશું.

આજના યુવાનો આ બાબત સમજે એટલે વિજય યુવાનોનોજ છે. —ર. મધુર.

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨–૦–૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧–૦–૦

છુટક નકલ : મુંબઇમાં અઢીસો આનો. બહારગામ પોણો આનો.

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગામા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના પોષ વદી ૬. તા૦ ૨૦-૧-૩૦ | અંક ૪ થો.

નોંધ અને ચર્ચા.

દેવદ્રવ્ય અને કોન્ફરન્સ.

——(૦)——

દેવદ્રવ્ય વિષે ગતાંકના અગ્રલેખમાં યોગ્ય વિચારો અમે રજુ કર્યા હતા. દેવદ્રવ્ય વિષે કેવો ઠરાવ કોન્ફરન્સે પસાર કરવો જોઇએ તે વિષે જુદા જુદા દૃષ્ટિબિંદુ ઉપર ખ્યાલ રાખી નિર્ણય કરવો જોઇએ; કોમના આગેવાનોએ દેવદ્રવ્ય અંગેની હાલની પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ કરી સામાન્ય વર્ગને દિશા સુચવવી જોઇએ. દેવદ્રવ્યની હાલની પરિસ્થિતિમાં દેવમંદિરની રક્ષા કરવામાં–તેને નિભાવવા માટે જેટલું દ્રવ્ય જોઇએ તે છે ખરૂં કે નહિં? દેવદ્રવ્ય જે ભેગું થાય છે, થયું છે, તેની ઉપર સમગ્ર હિંદુસ્થાનના દેવ મંદિરોનો હક ખરો કે નહિં? તે પૈસા સમગ્ર હિંદુસ્થાનના દેવ મંદિરની રક્ષામાં વાપરી શકાય ખરાં કે નહિં? દરેક મંદિર માટે જુદા જુદા ફંડો–દેવદ્રવ્યો ઉભા કરવા જોઇએ એવું તો કોઇ કહી શકેજ નહીં. સમાજ સારી પેઠે જાણે છે કે ચોક્કસ તીર્થો તથા મંદિરોના ટ્રસ્ટ વહીવટમાં દેવદ્રવ્યને અંગે ઘણી સારી રકમો મોજુદ છે. કેટલાક મંદિરો સામાન્ય મીલ્કતવાળા છે. કેટલાક ચાલુ ખર્ચ પુરતીજ આવક ધરાવે છે. કેટલાક મંદિરો જીર્ણ થયેલા છે તેને સુધારવા માટે તે ને મંદિરોના ટ્રસ્ટી પાસે મીલ્કત કે ચાલુ આવક એમાનું કાંઇ નથી, આવી સ્થિતિ છે. હવે જેમ મહાવીર પ્રભુની મૂર્તિ એક સ્થાને છે તેવીજ બીજે સ્થળે હોય છે. એકનું મંદિર ભવ્ય અને બીજાનું જીર્ણ, તે કઇ રીતે ચલાવી શકાય? શા માટે ટ્રસ્ટીઓ પાસેના ચોક્કસ નિર્ણીત કરેલા બજેટ ઉપરની રકમ અન્ય મંદિરોમાં વાપરવાની ફરજ ન પાડી શકાય? સ્થાનિક ટ્રસ્ટીઓ અથવા કમિટિઓ સ્થાનિક વહીવટ હાલે સ્વતંત્ર રીતે ચલાવે પણ વધારાની આવક શા માટે અન્ય દેરાસરોની રક્ષા ને અંગે ન વાપરવી જોઇએ? આ વસ્તુનો નિર્ણય કરવા એક સેંટ્રલ કમિટિની નીમણુંક થવી જોઇએ. એક હકીકત વચ્ચે જણાવી દઇએ કે આણંદજી કલ્યાણજીનું બંધારણ વધારે વિશાળ અને જવાબદાર બનાવવામાં આવે તો તે કમિટિ સેંટ્રલ કમિટિ તરીકે નીમાય તેમાં ખાસ વાંધો હોઇ શકે નહિં. બીજી હકીકત દેવદ્રવ્યની મીલ્કતની રોકાણ ઉપર આવી કમિટિ ખાસ દેખરેખ રાખી શકશે કારણ કે હિસાબો તૈયાર કરવાની ફરજ મંદિરોના વહીવટદારો ઉપર પાડી શકાય. તે હિસાબ સેંટ્રલ કમિટિ ઉપર વર્ષ પુરૂં થયે છ માસની અંદર મોકલી આપવાનો નિયમ કરવો જોઇએ. આ બધી હકીકતને દેરાસરોના વહીવટદારો માન ન આપે તો શું પગલા લેવા તે કમિટિ નીમાય તે પ્રસંગે સુચના રજુ કરી શકાશે. હાલતુરત નીચેના ઠરાવ કોન્ફરન્સ પસાર કરે તે ઉચિત ગણાશે.

(૧) "દેવદ્રવ્ય અંગેની મિલ્કત તથા તે નિમિત્તની ચાલુ આવક જોતાં આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે પ્રત્યેક જૈને પોતાના દ્રવ્યનો વ્યય હાલતુરત એ ક્ષેત્રમાં ન કરતાં અન્ય ડુબતાં ક્ષેત્રોને પોષવામાં કરવો કેમકે જે કાળે જે ક્ષેત્ર સીદાતું હોય એમાં દ્રવ્ય વાપરવાનું ખુદ પ્રભુનું પણ ફરમાન છે."

(૨) "દેવદ્રવ્યનું સારી રીતે સંરક્ષણ થઇ શકે, હિસાબની ચોખવટ રહી શકે અને સારી ને સીધી રીતે દેખરેખ રાખી શકાય તથા જ્યાં એ દ્રવ્યની જરૂર હોય ત્યાં (તેવા મંદિરોમાં) આપી શકાય એટલા સારૂ આ કોન્ફરન્સ નીચે મુજબ સેંટ્રલ કમિટિની નીમણુંક કરે છે."

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

સામાન્ય સભા.

——(૦)——

ઉપરોકત સંઘની એક મીટીંગ બુધવાર તા૦ ૨૨–૧–૩૦ પોષ વદી ૮ ના રોજ રાત્રે ૮ કલાક (સ્ટાં. ટા) પાયધુની માંગરોળ જૈન સભાના હોલમાં નીચેના કાર્યો સારૂ મળશે તો દરેક સભ્યોને વખતસર હાજરી આપવા વિનંતિ છે.

૧ જુન્નેર કોન્ફરન્સ માટે આપણા તરફના પ્રતિનિધિઓની ચુંટણી કરવા.

૨ મંત્રીઓ રજુ કરે તે.

જે વખતે રા. મોહનલાલ દીપચંદ ચોકસી "શ્રી જુન્નેર કોન્ફરન્સ અને યુવાનો" એ વિષય ઉપર ભાષણ આપશે.

લી૦
મંત્રીઓ,
શ્રી જૈન યુવક સંઘ.

તા ક.—ઉપરની સભાના વખતે લવાજમ ચાલુ વર્ષનું જેનું બાકી છે તે સભ્યોને સાથે લાવવા વિનંતિ છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો નમે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જુન્નેર કોન્ફરન્સની કાર્ય દિશા.

બેકારીનો ગંભીર પ્રશ્ન.

—:*:—

ભાગવતિ દીક્ષા અને દેવદ્રવ્ય સંબંધી સૂચના કર્યા પછી હવે અમે સમાજને ગંભીરરીતે કોતરી ખાતા બેકારીના પ્રશ્ન તરફ સમાજનું લક્ષ્ય ખેંચવા માંગીએ છીએ. દુનીઆની છેલ્લી મહાન લડાઇમાં હિંદનો વેપાર ઠીક ઠીક જામ્યો હતો. બીજા દેશો જ્યારે લડાઇની સામગ્રી એકઠી કરવામાં પડ્યા હતા ત્યારે હિંદે પોતાનો પગદંડો પરદેશોમાં થોડે ઘણે અંશે જમાવ્યો હતો. હિંદી મીલોનું સુતર અને કાપડનું ચીન અને આફ્રીકા ગ્રાહક બન્યું હતું તેમજ કાચા માલના ભાવો એટલા બધા વધી ગયા હતા કે તેથી પરદેશથી નાણું હિંદમાં તણાઇ આવતું હતું પણ તે સમય ગયો, લડાઇ બંધ થઇ. યુરોપ, અમેરિકા અને જાપાને તીવ્ર હરીફાઇ શરૂ કરી, તેથી હિંદનો જ્યાં જ્યાં પગદંડો હતો ત્યાંથી ઉઠાવગીરી કરવાની ફરજ પડી. તેને પરદેશી મુડીવાદીઓએ પોતાની સરકારના ટેકાથી હિંદના બજારો પોતાને કબ્જે કર્યા અને કાચો માલ સટ્ટાની હરીફાઇમાં ઉતરી ઘણાજ નીચા ભાવે ઘસડી જવા લાગ્યા જેથી અનેક નામાંકિત વેપારીઓને દિવાળાં કાઢવા પડ્યાં, વધુમાં હુંડીની કૃત્રિમ નીતિ અખત્યાર કરવામાં આવી આમ થવાથી કરોડોરૂપીઆ પરદેશમાં ઘસડી જવામાં આવ્યા. પરદેશીઓ હિંદના વેપાર સામે કાતીલ હરીફાઇ કરી રહ્યા છે અને તેથી હિંદના દરેક વેપારો પડી ભાંગ્યા છે. કેટલીક નવી નવી ઉભી થએલી કંપનીઓએ દિવાળા કાઢ્યાં એટલે તે કંપનીઓમાં રોકાએલા ગરીબોનાં લાખો અને કરોડો રૂપીઆનું પાણી થયું છે, આમ થવાથી ખુલ્લી ગરીબાઇ અને બેકારી નજર સામે તરી આવે છે. આવી સ્થિતિ હોવા છતાં પણ આપણી વિદેશી સરકાર તેને સુધારવા માટે ચાંપતા પગલાં લેવા કશું કરતી નથી. વિદેશી સરકાર એમ સમજે છે કે હિંદના વેપાર ઉદ્યોગોને આબાદ બનાવવા જતાં વિલાયતનાં વેપારો પડી ભાંગે એ નિઃસંશય છે. આમ ચુસણ નીતિ દિનપ્રતિદિન વધતીજ જાય છે. સારોયે હિન્દુસ્તાન બેકારીમાં સબડી રહ્યો છે, તેમાંથી જૈન સમાજ પણ છટકવા પામ્યો નથી એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. એક વખત એવો પણ હતો કે સમગ્ર હિંદના વ્યાપારનો મોટો ભાગ જૈનોના હાથમાં હતો. હિંદની દરેક કોમો કરતાં જૈનો શ્રીમંત વધારે હતા, એટલુંજ નહિ પરંતુ પરદેશોમાં પણ જૈનોએ વ્યાપારી આલમમાં ઓછી નામના મેળવી નથી, પણ આજે એ સમય અદ્રશ્ય થયો છે. લોર્ડ કર્ઝન જેવા મુત્સદ્દીઓને પણ એક વખત કહેવું પડ્યું હતું કે હિન્દની લક્ષ્મીનો ૨/૩ ભાગ જૈનોના હાથમાં ફરે છે. આ બાબતને લગભગ પચ્ચીસજ વર્ષ થયાં છે તેટલામાં ખુબ રૂપાન્તર થયું છે, તેનું કારણ વિદેશી સરકાર છે. આજે જૈન સમાજનો મોટો ભાગ દયાજનક સ્થિતિમાં મૂકાઇ ગયો છે જો કે જૈનોમાં પણ અમુક ભાગ શ્રીમંત છે. પરંતુ તેથી જૈન કોમ સુખી છે. એમ કહી શકાય નહિ. જૈનોનો મુખ્ય વ્યાપાર બે કીંગનો હતો. વ્યાજ, વટ વ, હુંડી, પત્રી, ચાંદી, સોનું, વગેરેથી તેઓ સુખરૂપ પોતાનો નિર્વાહ ચલાવતા હતા, પણ દુષ્કાળ, અતિવૃષ્ટિ અને બીજા તેવાંજ કારણોથી તેમનો વ્યાપાર પડી ભાંગ્યો. આમ ગ્રામ્ય વ્યાપાર પડી ભાંગવાથી તેઓ શહેરોમાં આવી વસ્યા. શહેરોમાં ચાલતા સટ્ટામાં તેમણે ઝંપલાવ્યું અને પાયમાલ થયા. આથી ઘણા કુંટુંબો આબરૂ બચાવવાને ખાતર યમરાજના મહેમાન થઇ ચુકયાં છે. બેકારીથી કોમમાં અનીતિ અને અનાચારે પણ પ્રવેશ કર્યો છે. મંદિરો જેવા ધાર્મિક સ્થળોમાં પણ અમુક જૈનો ચોરી કરતાં શીખ્યા છે અને તે પણ બુટ, ખમીસ અને ભંડાર ઉપર મૂકેલા પૈસાની. આવા જૈનો જ્યારે પકડાય છે, ત્યારે તેને ખુબ મારપીટ કરવામાં આવે છે, અને પછી છોડી દેવામાં આવે છે. પરંતુ તેણે શા માટે ચોરી કરી? તેના કારણો શું છે? તે તપાસવાની કોઇને ફુરસદ નથી. આ કંઇ જેવી તેવી બાબત નથી. જૈનોમાં સ્વામીવાત્સલ્યનું મહત્ત્વ કંઇ ઓછું નથી પરંતુ તેનો ઉદ્દેશ દૂધપાક પૂરી જમાંડવા શિવાય કશો હોતો નથી, ખરેખર એ ખેદજનક છે. સ્વામીવાત્સલ્યનું મહત્ત્વ કુમારપાળને સમજાવવા માટે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પોતાનાં અંગ ઉપર ઘણુંજ જીર્ણ વસ્ત્ર પરિધાન કર્યું હતું. કુમારપાળે તેનું કારણ પૂછતાં જણાવ્યું કે કેટલાક તારા સ્વધર્મી બંધુઓ દુઃખી હાલતમાં છે, એક પણ જૈન દુઃખી હાલતમાં હોય ત્યાંસુધી તારે અને મારે સારાં કપડાં પહેરવાં ન શોભે. જો કે આ તો દંતકથા છે, પરંતુ સ્વામીવાત્સલ્યનો કેટલો ગંભીર અર્થ છે તે આમાં સ્પષ્ટ ઝળહળી રહ્યો છે. આજનાં આપણા તારણહાર તરીકેનો દાવો કરતા કહેવાતા તારણહારો જો આ દંતકથા તરફ લક્ષ્ય દોરે તો બેકારીના પ્રશ્નને ઉકેલવો એ કંઇ મોટી બાબત નથી, પરંતુ ઉજમણાં, ઉપધાન, સંઘ, મંદિરોની પ્રતિષ્ઠામાંથી અને તેવા બીજી ધમાલોથી આપણા તારણહારોને અવકાશજ કયાં છે? ભૂખમરાથી કેટલાક કુટુંબો જૈન મટી જૈનેતર થયાના દાખલાઓ કંઇ ઓછા બન્યા નથી. આવી કફોડી સ્થિતિ ઉપસ્થિત થવા છતાં પણ આપણા આગેવાનોની આંખ ન ઉઘડે એ નવાઇની વાત છે. આ માટે તાત્કાલિક ઉપાયો યોજવાની જરૂર છે. આ બાબતમાં કોન્ફરન્સ ધારે તો પર્યાપ્ત કાર્ય કરી શકે તેમ છે. આ બાબતનો નિકાલ લાવવા અમે નીચેના મુદ્દાઓ તરફ ધ્યાન ખેંચીએ છીએ.

(૧) જૈનોની દરેક સામાજીક સંસ્થામાં જૈનોની પ્રથમ પસંદગી કરવી.

(૨) દરેક જૈન શ્રીમંતોએ પોતાની પેઢી અને ઓફીસોમાં જૈનોનેજ નોકરીએ રાખવા.

(૩) નાના હુન્નર ઉદ્યોગો માટે લોન તરીકે નાણા ધીરી શકાય તેવું વિશાળ ફંડ ઉભું કરવું.

(૪) જૈન બેંકની સ્થાપના કરી તે દ્વારા હુન્નર ઉદ્યોગ ખીલવવાનો પ્રયાસ કરવો.

(૫) નિરાધાર અને લૂલા તથા અપંગ તેમજ વિધવા બહેનોને યોગ્ય સહાય આપવા એક નિરાધાર સહાયક ફંડ ખોલવું.

આ ઉપાયો તો માત્ર સમાજની હાલની સામાન્ય બેકારી ટાળવા માટેજ રજુ કર્યા છે. પણ ખરી બેકારી તો ત્યારેજ નાશ પામે કે જ્યારે હિન્દના હુન્નર ઉદ્યોગ અને વેપારો આબાદ બને. આ સંબંધી દેશની મહાસભાએ વિચાર કર્યો છે અને તેના કારણમાં તેને પરદેશી સરકારની ધુંસરી માલુમ પડી છે, તે ધુંસરી ફગાવવા માટે તે પ્રયત્ન પણ કરી રહી છે. જૈન સમાજે પણ તેને સંપૂર્ણ સહકાર આપવાની જરૂર છે.

નીરગ્રંથ પ્રવચનોપાસકને જવાબ.

" મુંબઇ સમાચાર " પેપરમાં ઘણા સમય થયાં નીરગ્રંથ પ્રવચનોપાસક દીક્ષાની બ્રીફ લઇ નાની ઉમરનાં મનુષ્યોને પણ દીક્ષા આપવી એમાં શાસ્ત્ર સંમત છે એવા લખાણમાં નાની-વડી દીક્ષાના ભેદ પાડી જુદા જુદા શાસ્ત્રોનાં નામો લખી " ક્ષયોપશમ " શબ્દ વાપરી ભાંગરો વાટી રહેલ છે, તો તેથી જનતા આવા દાંભિક લખાણોથી ન છેતરાય તેને માટે સ્પષ્ટ શબ્દોમાં ટુંકામાં તેનો ઉત્તર લખવાની ફરજ પડે છે.

નાની દીક્ષામાં જ્ઞાનની જરૂર નથી. ફક્ત પાપ-પુન્ય સમજવાનીજ જરૂર છે અને નાની દીક્ષાને અને જ્ઞાનને કંઇ સંબંધ નથી કેમકે દીક્ષા એ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે અને જ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે; તેમ ભેદ પાડી મુર્ખોને દીક્ષા આપવામાં વાંધો નથી તેમ દીક્ષાની લાગેલી તાલાવેલીવાળાઓનો બચાવ નીરગ્રંથ પ્રવચનોપાસક કરે છે. તેના ઉત્તરમાં માત્ર નીચેની વાતોનોજ જનતાએ વિચાર કરવો ઘટે.

પ્રથમ વાત એ છે કે લેખક ચારિત્રમોહનીયના ક્ષયોપશમને પ્રધાન પદ આપે છે ત્યારે તેણે સમજવું જોઇએ કે સમ્યક્ત્વ વિના ચારિત્ર કદી હોઇ શકેજ નહિ; તો સમ્યક્ત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ પહેલાં થવો જોઇએ અને તે પછી અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા, લોભનો નાશ થવો જોઇએ તો જે અયોગ્ય દીક્ષા માટે તૈયાર થાય છે ને પોપટની માફક " મને સંસાર ગમતો નથી, સંસારથી હું વિમુખ છું, સંસાર અસાર છે માટે દીક્ષા લેવી છે " તેવા ખાનગી શિક્ષણથી મળેલા શબ્દો બોલી જાય તેથી તેને ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થયો છે તેમ માની લેવું એજ પ્રથમ શાસ્ત્ર વિરૂધ્ધ છે. કેમકે સમ્યક્ત્વ મોહનીયનો ક્ષયોપશમ જાણવા માટે છદ્મસ્થજ્ઞાન બીલકુલ ઉપયોગી નથી. એ તો કેવલજ્ઞાની હોય તેજ જાણી શકે અને તેથીજ સુત્રોમાં ઘણા સ્થળોએ ગૌતમ સ્વામી જેવા ચાર જ્ઞાનના ધણીએ પ્રભુને પ્રશ્ન કરેલ છે કે અમુક જીવ સમકીત ધારી છે કે મિથ્યાદ્રષ્ટિ છે. તે સમકીતી અને મિથ્યાદ્રષ્ટિનું પૃથકરણ જ્યારે ગૌતમ સ્વામી જેવા નથી કરી શકયા તો પછી હાલના દીક્ષાના હીમાયતીઓ ગૌતમ સ્વામી કરતાં કયા અપૂર્વ જ્ઞાનથી સમજી શકે છે કે બાલ દીક્ષીતને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે. " સમ્યક્ત્વ વિણ ચારિત્ર નહિ " એ વાત તો સ્પષ્ટ છે. વળી નાનીદીક્ષા જે વખતે અપાય છે તે વખતે "સમ્યક્ત્વ સામાયિક, શ્રુતસામાયિક, અને સર્વ વિરતિ સામાયિક" એ પાઠ ઉચ્ચારવામાં આવે છે. સમ્યક્ત્વ ક્ષયોપશમ વિના સમ્યક્ત્વ સામાયિક નજ હોઇ શકે, અને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ વિના શ્રુતસામાયિક ન હોઇ શકે તો સમ્યક્ત્વ ક્ષયોપશમ વિના અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ વિના એકલા ચારિત્રમોહનીયના ક્ષયોપશમને આગળ ધરે તે ભોળા લોકોને છેતરવાની રમત રમી આંખે પાટાબાંધવાની જાદુઇ બાજી લેખદ્વારા રમવામાં આવે છે; તે હવે આ જમાનામાં ચાલી શકે તેમ નથી. આ બુદ્ધિવાદનો જમાનો છે અને નીરગ્રંથ પ્રવચનોપાસકે સમજવું જોઇએ કે અંધશ્રદ્ધાનો જમાનો હવે ગયો છે. નાનીદીક્ષામાં જ્ઞાનની જરૂર નથી એ વાત ઉપરની હકીકતથી ખોટી ઠરે છે. દર્શન અને જ્ઞાન પ્રથમ આવશ્યક છે અને પછીજ ચારિત્ર સંભવે એ વાત પણ ઉપરની હકીકતથી સિદ્ધ થાય છે. કેમકે સમ્યક્ત્વ સામાયિક તથા શ્રુતસામાયિક એ બે બોલ્યા પછીજ સર્વ વિરતિ સામાયિકનો આલવ બોલાય છે, તેથી **सम्यक् दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्गः।** એ તત્વાર્થના પહેલા સૂત્રમાં જે કહેલ છે તે વાત સિદ્ધ થાય છે, એટલે "સમ્યક્" શબ્દ સમકીત વિના વપરાય નહિ. સમ્યક્ત્વ હોય તોજ સમ્યક્ જ્ઞાન અને ચારિત્ર હોઇ શકે. વળી લખે છે કે એતો છ કાયના જીવની દયા પળે કે ન પળે પણ સામાયિક ચારિત્ર આપી શકાય; આથી તો મૂર્ખાઇની હદ ઓળંગી જવાય છે. પાપનું જ્ઞાન હોવું જોઇએ તેમ લખી અને તેનું જ્ઞાન ન હોય તો ચાલે આ વધતો વ્યાઘાત એક સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ સમજી શકે તેમ છે. **पढमं नाणं तओ दया!** પ્રથમ જ્ઞાન અને પછી દયા. પાપનું જ્ઞાન પ્રથમ હોવુંજ જોઇએ અને તોજ તે પાપથી બચી શકે. સંસારની અસારતા સમજવી અને મોક્ષની ઇચ્છાથી સંસાર ત્યાગ કરવો એમાં શું ઓછા જ્ઞાનની જરૂર છે? સંસારની અનિત્યતા, આત્મસ્વરૂપનું જ્ઞાન, મોક્ષસ્વરૂપનું જ્ઞાન અને તેની કિંમત એ બધું જ્ઞાન વિના સંભવે ખરૂં? અને જ્યાંસુધી કોઇપણ વ્યક્તિને કોઇપણ વસ્તુનું જ્ઞાન હોતું નથી ત્યાંસુધી તે વ્યક્તિ તે વસ્તુનો સ્વિકાર કે ત્યાગ કદી નજ કરી શકે. નાનું બાળક સર્પના જ્ઞાનના અભાવથી સર્પને પકડવા રહે છે. ખાવાની ચીજનું જ્ઞાન હોવાથી તે મેળવવા આતુર બને છે, માટે જ્ઞાન વિના ત્યાગ કે સ્વિકાર કદિ બની શકેજ નહિ. **प्रयोजनंम विना मंदोऽपि न प्रवर्तते।** પ્રયોજન નક્કી કર્યા વિના મૂર્ખ મનુષ્ય પણ પ્રવૃતિ કરતો નથી-તો પછી જે ડાહ્યો થઇ પાપનો ત્યાગ કરવા, તેને સમજ્યા પછી તૈયાર થાય છે અને માતા, પિતા, ભગિની, સ્ત્રી વગેરેનો મોહ તજવા કટીબદ્ધ થઇ મોક્ષ માટે દીક્ષા લેવી તેમ સમજે છે તે શું જ્ઞાન વિના હોઇ શકે? કેટલું વિશેષ જ્ઞાન તે માટે તો જોઇએ. વાંચકો પોતેજ સમજી શકશે કે અનેક વાતો વાંચી કે સાંભળી હોય છતાં મોહ મુકાતો નથી અને ફક્ત આઠજ વર્ષનો બાળક નિર્મોહી બની સંસાર ત્યાગ માટે તૈયાર થાય તે વાત માની, મનાવી મુંડી નાખવો અને તેમાં શાસ્ત્રો સંમત છે તેમ કહી શ્વેત વસ્ત્ર ઓઢી પોતાના કોઢની ભયંકરતાને ઢાંકવાના વૃથા પ્રયત્નો કરવા જેવું છે.

નાની દીક્ષાવાળાને " પાપના ત્યાગની સમજ " બસ છે એમ શ્રી નીરગ્રંથ પ્રવચનોપાસક જણાવે છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે સમજણ એટલે જ્ઞાન એ તો સૌ કોઇ કબુલ કરે તેવી વાત છે. હવે પાપની સમજણ એટલે તેનું જ્ઞાન કયારે હોઇ શકે, પાપ કોને કહેવું, તે શું વસ્તુ છે વગેરે સમજવા માટે આઠ કર્મોના સ્વરૂપનું જ્ઞાન હોવું જોઇએ. અઘાતી ચાર કર્મોનો અશુભ ઉદય તે પાપ અને ઘાતી ચારે કર્મના આવરણને પાપ કહેવામાં આવે છે. તેવાં કર્મોનો ઉદય કયારે થાય, કઇ સ્થિતિમાં હોય ત્યારે પાપ કહેવાય, પાપનો પ્રતિપક્ષી પુન્ય વગેરેનું જ્ઞાન તેને હોવુંજ જોઇએ. કારણ કે સુખ વિના દુઃખનું જ્ઞાન, દિવસ વિના રાત્રિનું જ્ઞાન કદિ સંભવેજ નહિ તે પ્રમાણે પાપ પુન્યનો ભોકતા કોણ

છે, તેનો ઉદય કોને હોય વગેરે માટે જીવનનું સ્વરૂપ પણ જાણવું જોઇએ. સંવર અને કર્મની નિર્જરાથીજ મોક્ષ મળે છે તે જાણ્યા પછીજ મોક્ષ ગમનની ઇચ્છા થાય છે. મુંબઇનું સ્વરૂપ કે વર્ણન જાણ્યા વિના કોઇ પણ ત્યાં જવા આતુર બનશે નહિ અને જેની જીજ્ઞાસા થશે તે જરૂર કયે રસ્તે ત્યાં જવું વગેરે જાણવા પ્રયત્નો કરશેજ. તો પછી પાપનો જ્ઞાની બનવા માટે નવ તત્વનું જ્ઞાન હોવુંજ જોઇએ. તે સિવાય એકલા પાપની સમજણ કે જ્ઞાન હોઇ શકેજ નહિ. તદ્દન મૂર્ખાઇને અને અજ્ઞાનનેજ પાપની સમજણ કહી શકાતી હોય તો તો છોકરાંને માતાઓ બીવરાવે છે કે "બ્હાર જઇશ માં નહિ તો બાવા કાન કાપી જશે." આ અસત્ય જ્ઞાનને પાપની સમજણ કહેવાતી હોય તો તેવું જ્ઞાન તેને મુબારક હો.

આગળ ચાલતાં લેખક મહાશય લખે છે કે ૭ માસ પછી પંચમહાવ્રતનો આરો તરે છે એટલે દીક્ષાની શરૂઆત તે પછીજ ગણાય. તો લેખકશ્રીને પૂછીશું કે વર્તમાન કાળમાં ૭ માસ પછી જે દીક્ષા મોટી અપાય છે એટલે કે પંચમહાવ્રત અપાય છે તેને તો તમો જ્ઞાનપૂર્વકની દીક્ષા કહેતાજ હશો ને? તે ૭ માસમાં વર્તમાન કાળમાં કેટલુ જ્ઞાન સામાન્ય મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે એ તો હાલમાં સાધુઓના પરિચિતો સ્પષ્ટ રીતે જોઇ શકે છે. મોટી દીક્ષાવાળાઓ પાંચ પ્રતિક્રમણમાં ગોથાં ખાતા હોય છે, પચ્ચખાણ પણ નથી આવડતાં હોતાં અને એમને એમજ ગોથા ખાતાં એમનાં જીવન પૂરાં થાય છે તેવા સાધુ-સાધ્વીના પરિચયમાં આવનાર દરેક વ્યકિત સ્પષ્ટપણે જોઇ રહ્યા છે. સેંકડો દાખલાઓ આપણી સમક્ષ મોજુદ છે. લેખકને જરૂર હોય તો વડી દીક્ષા પામેલા કેટલા આવા સાધુ-સાધ્વીઓ છે તેમનાં નામ આપવા પણ આ લેખક બંધુ તૈયાર છે. આઠ વર્ષના છોકરાંને દીક્ષા આપવી અને ૭ માસમાં તો જ્ઞાની બનાવી સાડા આઠ વર્ષે વડી દીક્ષા આપવી અને તે દીક્ષાને "જ્ઞાનયુકત દીક્ષા" કહેવી તે વસ્તુ આજનો જમાનો હસી કાઢે તેવી છે. નાની દીક્ષા શા માટે છે અને વડી દીક્ષા શું કહેવાય તેનું લેખકને જ્ઞાનજ નથી લાગતું. ખરી રીતે નાની દીક્ષા તેજ દીક્ષાની શરૂઆત છે. વડી દીક્ષા તો છેદોપસ્થાપનીય ચારિત્ર છે એટલેજ સાતિચાર ચારિત્ર પહેલા અને છેલ્લા તિર્થંકરના સાધુઓને હોવાથી આખી જીંદગીના ચારિત્રમાંથી દોષ રૂપી ચારિત્ર ૭ માસનું ગણી તેટલા ચારિત્રનું છેદન કરવામાં આવે છે. હવે જો નાની દીક્ષાને ચારિત્ર ન કહેવાતું હોય તો "છેદ" શબ્દ લાગુ પડીજ ન શકે. છેદોપસ્થાપનીય ચારિત્ર તો જીંદગીમાં એકથી વધારે વખત પણ આપી શકાય છે. વડી દીક્ષા પછી જો કોઇ સાધુ-સાધ્વી મહાવ્રતનો ભંગ કરે તો તેને ગુરૂ કે આચાર્ય વડી દીક્ષામાંથી અમુક દીક્ષા કાપી ફરીથી પંચમહાવ્રતો ઉચ્ચરાવે છે અને તેવો સાધુ પોતાની પાછળથી વડી દીક્ષા લેનારાઓ કરતાં પણ નાનો થઇ જાય છે અને તેમને વંદનાદિ કરવા પડે છે. માટે નાની-વડી દીક્ષા તેમાંથી એ શબ્દો વાપરી ભોળાં લોકોને છેતરવાના જે મિથ્યા પ્રયત્નો થયા છે તેમાંથી બચાવવા વધારે સ્પષ્ટીકરણની જરૂર પડી છે. દીલગીરી તો એ છે કે હાલના સાધુઓને કર્ણસિત્તરી, ચર્ણસિત્તરી વગેરેનું જ્ઞાન હોતું નથી, પંચમહાવ્રત નવ કોટીએ લીધાં છે તેનું ભાન પણ નથી હોતું. આથી માત્ર ટોળું વધારવાને ખાતર અયોગ્ય દીક્ષાઓ આપી મૂર્ખ ટોળાંનો વધારો કરી ચારિત્રને બહુજ હલકી પંક્તિપર મૂકી દીધું છે. વિજયલક્ષ્મીસૂરીશ્વરજીએ જ્ઞાનપદની પૂજામાં લખ્યું છે કે-

"અલ્પાગમ જન ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત,
ઉપદેશમાળામાં ક્રિયા તેહની, કામ કલેશ તસ હુંત."

અલ્પજ્ઞાની મતિ ઉગ્ર વિહાર કરે, ઉદ્યમવંત ક્રિયા કરતા વિચરે પરંતુ ઉપદેશ માળામાં તેની ક્રિયા માત્ર **કાયક્લેશ** જ છે. બાકી તો વીર પરમાત્માના સમયના ચપળત્ત મુનિ અને ગૌતમ સ્વામી જેવાઓના દાખલા આપી પોતે કઇ સ્થિતિમાં છે તેનું ભાન ભુલી પોતાનો બચાવ કરવા શાસ્ત્રોના નામે જે ઉત્સૂત્ર ભાષણ કરી રહ્યા છે તેવા પામર જીવો પર તો જરૂર દયાજ આવે. અને હવેની જનતા તો ખુલ્લી આંખોએ સ્પષ્ટપણે જોઇ શકે છે એટલે તેમના બધા પ્રયત્નો વૃથા થઇ જશે તેમાં સંદેહજ નથી.

સાસન દેવ સૌને સન્મતિ અર્પો.

લી૦ ચરણુદાસ.

"ૐ શાન્તિ"

અયોગ્ય દિક્ષાના હિમાયતીઓને અર્પણ!

વડોદરાથી એક બંધુ લખી જણાવે છે કે—

તા. ૮-૧-૩૦ ના સાંજવર્તમાનમાં અને તા. ૧૧-૧-૩૦ ના મુંબઇ સમાચારમાં "વડોદરા રાજ્યની ધારાસભામાં જે। દીક્ષા વિરૂધ્ધ ઠરાવ" "પ્રજાકીય સભ્ય રા. રામચંદ્ર જે. અમીનનું ભાષણ"ના મથાળા નીચે જે અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે, તે ભાષણ રા. રામચંદ્ર જે. અમીન તરફથી ધારાસભામાં વહેચવામાં આવ્યું નથી, તેમજ ભાષણ કર્યું નથી, એમ ખાત્રીપૂર્વક તપાસ ઉપરથી માલમ પડયું છે. તેથી દરેક જૈન બંધુઓ અને જાહેર પ્રજાને અયોગ્ય દીક્ષાના હિમાયતિઓની ખોટી હિલચાલ અને પ્રચારકાર્યોથી સાવચેત રહી તેમના લખાણો ઉપર વિચાર કરી મત બાંધવા વિનંતી કરીએ છીએ.

—તા. ૧૮ મી ડીસેમ્બરે શેઠ રામરતનદાસ બાગડીએ બીકાનેરની ધારાસભામાં અયોગ્ય દિક્ષા અટકાવવા બીકાનેરના મહારાજાને અરજ કરતો ઠરાવ રજુ કર્યો છે.

—પાલીતાણામાં પણ બે બાળાઓને દીક્ષા આપવા પ્રયત્ન થયેલો પાલીતાણાના હાકેમ સાહેબને અરજ કરતાં હાલ તુરત તો તે પ્રયત્ન નિષ્ફળ ગયો છે.

ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વિનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી જણાવશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

સભ્યોને સુચના.

સભ્યોને પત્રિકાનું લવાજમ મોકલી આપવા વિનંતી છે. જે સભ્યો તરફથી પત્રિકાના લવાજમનો રૂા. ૬) આવતા રવીવાર સુધીમાં વસુલ નહિ આવ્યો હોય તેઓને પત્રિકા મોકલવાનું બંધ કરવામાં આવશે.

આગામી સંમેલન.

યુવકોનું સંમેલન એટલે જેના રૂંવાડે રૂંવાડે નવી નવી ઉર્મિઓ, ભાવનાઓ, સંકલ્પનાઓ, વિચારણાઓ અને કાર્યવાહીઓના અવર્ણ્ય ભાવો રમી રહ્યાં હોય, અગમ્ય ઉત્સાહ તરવરી રહ્યો હોય, એવા નવલોહીઆ, આશાભર્યા યુવાનોનો મેળો. 'કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે.' એ સદ્‌ગત મણીભાઇના વાક્યની જ્યાં સદૈવ ઝાંખી થતીજ હોય, 'No word like impossible' અર્થાત્ સમ્રાટ નેપોલીયનના વચનમાં જેમ 'અસંભવિત' જેવો શબ્દજ ન હતો તેમ યુવક હૃદયમાં 'અશક્યતા ને દુઃશક્યતા'ના ખ્યાલોનું સ્વપ્નું સરખું પણ ન હોય. આમ છતાં આ વેગને નિરર્થક જતાં અટકાવવા રૂપ 'બ્રેક' તો અવશ્ય હોવીજ જોઇએ. ધિરજની કિંમત વિષે તેને સમજાવવાપણું ન હોય. slow but steady wins the race એને તે પોતાનું ધ્યેય રાખી લ્યે. ઝાઝું કરવાના સ્વપ્ના સેવવા કરતાં થોડું પણ મુદ્દાસરનું તે જરૂર કરી દેખાડવાના 'પ્રોગ્રામ' ઘડે અને એનો અમલ કરી જનતાનું લક્ષ્ય આકર્ષે. ઠરાવોની હારમાળા કરતાં એની નકરતામાં જરૂર તે રાચે. આડંબરની મોહિનીમાં યુવાન નજ ફસાય. શબ્દ લાલિત્ય તેને પસંદ હોય છતાં એથી જો મુળ ઠરાવનું સત્વ ચુસાઇ જતું હોય ને કેવળ શોભાના પુતળાપણું પ્રાપ્ત થતું હોય તો કદિ પણ એ એની પડખે ન ચઢે.

તાજા લોહીઆનો એ મુદ્રાલેખ હોવો ઘટે કે– 'બોલવું થોડું છતાં જેટલું બોલવું તેટલું કરી બતાવવુ, દેશમાં જે હિલચાલ ચાલી રહી છે, પરદેશમાં યુવકો જે કાર્ય કરી રહ્યા છે અને છેલ્લા દશકામાં મહાત્મા ગાંધીજીની ચળવળથી જે જબરૂ પરિવર્તન થઇ રહ્યું છે એ સર્વ જેની નજર સામે પૂર્ણ સ્વરૂપમાં દેખા દે છે ત્યાં જૈન યુવક લમણે હાથ દઇ, અવનત મસ્તકે નજ બેસી શકે. ગમે તેવી શુસુપ્ત દશામાંથી પણ એની ચેતનતાની જવાળા ભભુકી ઉઠેજ; એના અંતરમાં સુધારણાના પ્રબળ મોજાં ચડવાં માંડે કિંવા વિપ્લવના પ્રચંડ તોફાન ઉદ્‌ભવે, એમ થવુંજ જોઇએ. એ નિશાનીજ ચેતનતાની પ્રતિતિ સુચવે છે, જડમાં એવું લક્ષણ નજ હોય. જેમ ભૂખ્યાને ખોરાકની તમન્ના જાગે તેમ જેમના અંતર અહર્નિશ વલોવાઇ રહ્યા છે તેમને કંઇને કંઇ કાર્યરૂપ ખોરાક જોઇએ. યુવક સંમેલન એવાઓને ખોરાક પુરો પાડવાનું સાધન બની શકે, પણ એને એવો ખોરાક તૈયાર કરવો જોઇએ કે જે ન તો અજીર્ણ પેદા કરે અને ન તો ઉન્માદ પ્રગટાવે. દેવાલયોની રચના અને વ્યવસ્થાને લગતા પુજનની રીતિઓ અને વર્તમાન ચિત્રકળાની ત્રુટિયોને લગતા ઘણા પ્રશ્નો ચક્ષુ સામે ડોકિયા કરી રહ્યાં છે. દેવદ્રવ્યની વિપુળતાથી આજે ચિંતામણીજીની ભીંતોએ ચાંદી ચડે છે જ્યારે એના અભાવે મેવાડના ભૂમિમાં કેટલુયે ઐતિહાસિક પુરાવામાં કામ આવે તેવું શિલ્પકામ શીર્ણવિશીર્ણ થઇ રહ્યું છે! પ્રભુ આજે આમવર્ગના નથી રહ્યા, ધનિકો દ્રવ્યના બળથી એમને પોતાના બનાવી રહ્યા છે. 'બોલી'ના રિવાજે નિવૃત્તિના ધામમાં પ્રવૃત્તિ વધારી મૂકી છે, સ્થિતિ એટલે સુધી આવી પહોંચી છે કે સિદ્ધશિલાપર સાથે વિરાજતાં એવા શ્રી. આદિશ્વરજી ને શ્રી. વીરપ્રભુ પાયધુની પર સાથે બેસવાના હક્ક માટે માનવીકૃત કોર્ટોમાં લડે છે આના કરતાં હસવા લાયક બીજી કઇ ચીજ હોય! આપણા જેવા ઉપાસકોનું આ કરતાં અન્ય કયા પ્રકારની મૂર્ખાઇનું પ્રદર્શન હોય! દેવદ્રવ્યને હાથ પણ ન અડકાડી શકાય એવું વદનારા આપણે દિન ઉગ્યે સાંભળીએ છીએ કે 'આપણી ધર્માદા મિલ્કતો ખવાતી જાય છે, એના ટ્રસ્ટના ઠેકાણા નથી, હિસાબમાં 'પોલ' તો પાર વિનાની છે. વ્યાખ્યાનકાળે મોટેથી 'જી' પોકારનાર શેઠીઆઓને ત્યાં એ મુડી ચવાઇ રહી છે એના સંરક્ષણમાં આમવર્ગનો નથી તો અવાજ કે નથી તો એવી સુંદર પ્રકારની વ્યવસ્થિત પદ્ધતિ. મુડીનો મોટો ભાગ કયાં તો સરકારની લોનોમાં, કે ભીંતચુનાની દિવાલોમાં રોકાયલો હોય છે. કેટલાકને તો એવી લગની લાગી રહી હોય છે કે ગાંઠના રોટલા ખાઇ, ટીપો કરી યેનકેન પ્રકારેણ વણિકોના ઘરમાંથી દ્રવ્ય એકઠું કરી, વર્ષો સુધી ચાલે તેવા મંદિરોને તોડી પાડી તેને સ્થાને નવેસરથી પત્થર ઉભા કરવામાં એનો આત્મા મીંચીને વ્યય કરી દે છે. ચાંલ્લો કરનારા ભૂખે ભલે મરે પણ કડીયા–સુથારના ઘરમાં તો રોજી થવીજ જોઇએ. વળી નવી કૃતિમાં આપણા અચલ શિલ્પને અભરાઇએ ચઢાવી, ચાલુ જમાનાની કઢંગી રચનાનો એવો તો સંભાર ભરવામાં આવે છે કે વિચારક ને 'આધુનિક જૈનોનું કળાવિહીન જીવન' આળેખવાની જરૂર પડે.

યુવકો, ધાર્મિક વિભાગમાં દેવાલય ને દેવદ્રવ્ય સંબંધી વાત વિચારી, એ સંબધમાં આપણે ઉચિત નિશ્ચય કરવાનો છે. એકત્રિત દેવદ્રવ્ય ઘટતે સ્થળે જીર્ણોદ્ધારમાં વપરાય ને ખવાઇ ન જાય એવી વ્યવસ્થા ઘડવાની છે. સમય જોતાં હવે એ ક્ષેત્રમાં ધનના ટેકરા ન થાય અને દ્રવ્યના અભાવે અન્ય ક્ષેત્રો સુકાઇ ન જાય એટલા સારૂં, તેમજ જ્યાં ત્યાં સાધારણ ખાતામાં પડેલા ખાડાઓ પુરવા સારૂ પણ વિચારવાનું છે. દેવભંડારને સ્થાને સાધારણ ભંડાર રાખવાની યોજના પર વિચાર કરવાનો છે. અત્યારના સાધનો અને પ્રાપ્ત થયેલ સામગ્રીનો લાભ લઇ, આખાયે હિન્દુસ્થાનમાં એકાદી મધ્યવર્તિ સંસ્થા કે સમિતિ નિયત કરવાની છે કે જેના અંકુશહેઠળ ગામેગામનું દ્રવ્ય સંરક્ષિત રહે. જૈન બેંકની સ્થાપના દ્વારા એનો લાભ જૈનોને મળે અને વોરલોન જેવામાં રોકાઇ એ પૈસાદ્વારા જે આરંભ સમારંભના અધમ કાર્યો થાય છે એ અટકે. તેવીજ રીતે દેખરેખનું કાર્ય નિયમપુરઃસર ચાલુ થાય કે જેથી વહીવટ ચોકખો રહે અને વારે કવારે થતા ઝગડા અટકી જાય. આપણાજ સંઘના યંત્ર મારફતે વાંધા પડતી બાબતોનો તોડ લાવી શકાય એટલે પ્રભુના નામે તેમના ટ્રસ્ટીઓને કેસો લડવા ન પડે ને દ્રવ્ય બરબાદ કરવાની જંજાળમાંથી તેઓ છુટે.

(અપૂર્ણ)

લે. કુસુમ.

'વીરશાશન'નું જુઠાણું.

પ્રમુખપદના શરતી સ્વીકાર સંબંધી સત્યાવાર બહાર પડેલ ખુલાસો.

—(૦)—

જુન્નેર જૈન શ્વે. કોન્ફરંસ.

જુન્નેર મુકામે મળનારા અધિવેશનના પ્રમુખ મહાશય રાવ સાહેબ શેઠ રવજી સોજપાલે અમુક શરતોએ પ્રમુખપદ સ્વીકારવા કબુલ કર્યું છે એવી જે ખબર અમુક વર્તમાનપત્રો મારફતે ફેલાવવામાં આવી છે તેમાં કંઇ સત્ય નથી.

આવી કબુલાત પ્રમુખશ્રી તરફથી માંગવામાં આવી નથી અને તે આપવામાં આવી નથી.

–રા. રવજીભાઇ સોજપાળ આ સંબંધી કાંઇ ખુલાસો કરશે કે?

કોન્ફરન્સમા સુચવાયલા ઠરાવો.

નીચેના ઠરાવો શાહ ગીરધરલાલ કેશવજી તરફથી આગામી કોન્ફરન્સમા મોકલી આપવામાં આવ્યા છે.

ઠરાવ (૧)

જાહેરના પૈસાથી પોષાતા ધાર્મિક વહિવટ, જેવા કે દેરાસરો, ઉપાશ્રયો, પાઠશાળા, ધર્મશાળા, વિગેરેના વહિવટમાં ઘણી ખામીઓ છે અને તે બાબત અવારનવાર છાપામાં ચર્ચાઓ આવે છે, તો તેવા ખામીભરેલા વહિવટ સુધારવા અને તેવા સ્થળના વહિવટ (હિસાબ) તપાસી ખુલાસો બહાર પાડવા અને સ્થાનીક સંઘમાંથી કમિટિ નીમી રીતસર બંધારણ ઘડી પ્રબંધ કરવા માટે આ કોન્ફરન્સ નીચેના ગ્રહસ્થોની એક કમિટિ નીમે છે.

ઠરાવ (૨)

કોન્ફરન્સનો પેગ્રામ ગામેગામે પહોંચાડવા અને તેનો વિકાસ કરવા માટે નેશનલ મહાસભા માફક તેના પ્રાંતિક વીભાગ પાડી રીતસર બધી ગોઠવણ કરી કોન્ફરન્સના આદેશ બધે પહોંચાડી ઠરાવોનો અમલ કરવા પ્રવૃત્તિ ચાલુ રાખવા અને કોન્ફરન્સનું નામ બદલી શ્રી જૈન શ્વેતામ્બર મહાસભા રાખવા આ કોન્ફરન્સ ઠરાવે છે.

ઠરાવ (૩)

જૈનોના ધાર્મિક સંસ્થાના નાંણા આડેઅવળે ઠેકાણે રોકાતા હોય તેવા નાંણાને ધક્કો પહોંચ્યો છે જેથી તેની સલામતી ખાતર આ કોન્ફરન્સ એક જૈન બેંકની સંસ્થા ઉઘાડવાનું ઠરાવે છે અને દરેક ધાર્મિક સંસ્થા અને દરેક જૈનને પોતાના નાણાની સલામતી ખાતર આ બેન્કમાં રોકવા ભલામણ કરે છે અને બેન્કનો ખરચ જતા ચોકખો નફો રહે તે જૈન કોમના ઉદ્ધાર અર્થે (હુન્નર ઉદ્યોગશાળા, કેળવણી વિગેરે) વપરાશે તેવી ખાત્રી આપે છે. બેન્કને લગતું બંધારણ નક્કી કરવા નીચેના ગ્રહસ્થોની એક કમિટિ નીમે છે ને તેનું બંધારણ એક માસમાં ઘડી રજુ કરવાને ભલામણ કરે છે.

ઠરાવ (૪)

જૈનોના તીર્થસ્થાનો ઉપર થતા આક્રમણો જોતા આ કોન્ફરન્સ એમ ઠરાવે છે કે તીર્થસ્થાનોના કાયમી રક્ષણ કરવા ખાતર પ્રાંતવાર સભ્યોની એક કમિટિ નીમવામાં આવે છે જે તીર્થને લગતા દરેક કામ કરશે. સભ્યોના નામ એક માસની અંદર બહાર પાડવામાં આવશે.

ઠરાવ (૫)

જૈન સાહિત્ય ઉપર થતાં આક્ષેપોનો સચોટ પ્રતીકાર કરવા અને આપણું સાહિત્યો છપાવી બહાર પાડવા અને તેનો વીકાસ કરવા આ કોન્ફરન્સ નીચેના ગૃહસ્થોની એક કમિટિ નીમે છે.

ઠરાવ (૬)

આપણી કોમમાં કોન્ફરન્સ અને સ્થાનીક સંઘોના પ્રચારથી બાળલગ્નની રૂઢી નાબુદ થઈ છે છતાં અપવાદરૂપે હજુ કોઇ કોઇ સ્થળે તે પ્રવૃત્તિ હોય તેમ જાણવામાં આવ્યું છે તેથી આ કોન્ફરન્સ જ્યાં જ્યાં હજુ બાળલગ્નની પ્રથા હોય તેનો વીરોધ કરે છે અને મજબુત ભલામણ કરે છે કે જ્યાં જ્યાં તેવી પ્રથા હોય તે પેહેલી તકે નાબુદ કરવી અને કન્યાની ઉમર વરસ ૧૪ અને વરની ઉમર વરસ ૧૮ ની નીચેના લગ્ન કરવા નહિ તેમ જાહેર કરે છે.

ઠરાવ (૭)

દીક્ષા સંબંધી હાલમાં જે મતભેદ ઉભો થયો છે તે જોતા આ કોન્ફરન્સ ઠરાવે છે કે લાગ માર્ગ સાચો છે, તેમાં કોઇને શક નથી પણ આ કોન્ફરન્સનું ચોકસ માનવું છે કે ચોરી છુપીથી ભગાડી, નસાડી જે દીક્ષા દેવામાં આવે છે તે અનીચ્છનીય છે અને તે રીવાજ સદંતર બંધ થવો જોઇએ અને દીક્ષા લેવાને તૈયાર થયેલ ગમે તે દીક્ષા લઇ શકે છે પણ તેને દીક્ષા લેતા પહેલા સ્થાનીક સંઘોની રજા લેવી જોઇએ અને દીક્ષા લેવાના એક માસ પહેલા બધી હકીકત જાહેર કરવી જોઇએ એવો આ કોન્ફરન્સનો અભિપ્રાય છે.

ઠરાવ (૮)

જ્યારે જ્યારે મુની મહારાજો ઉપર છાપામાં અને બીજી રીતે થતા આક્ષેપોની તપાસ કરવા અને તેનો રીપોર્ટ કરવા માટે આ કોન્ફરન્સ તરફથી નીચેના ગૃહસ્થોની એક કમિટિ બાર માસ માટે નીમવામાં આવે છે. જેઓ થયેલા આક્ષેપો તથા હવે પછી થતા આક્ષેપોની, તપાસ કરી રીપોર્ટ કરે તેમ ઠરાવવામાં આવે છે.

ઠરાવ (૯)

સુકૃત ભંડાર ફંડની યોજના કોન્ફરન્સ તરફથી થયેલ છે તેમાં દરેકને પોતાનો યથાશક્તિ ફાળો આપવા આ કોન્ફરન્સ વિનંતી કરે છે અને સુકૃત ભંડાર ફંડના નાણામાંથી તરતમાંજ એક હુન્નર ઉદ્યોગશાળા મુંબઇ ઇલાકામાં ખોલવા આ કોન્ફરન્સ ઠરાવે છે અને તેનું બંધારણ ઘડી કાઢવા નીચેના ગૃહસ્થોની એક કમિટિ નીમવામાં આવે છે તે બંધારણનો ખરડો એક મહીનામાં રજુ કરે તેમ ઠરાવે છે.

ઠરાવ (૧૦)

વેપાર ધંધાની કફોડી હાલતને લઇ દરેક કોમમાં બેકારી દેખાય છે તેવી રીતે આપણી કોમમાં પણ બેકારી હોય તેમ અનુમાન થાય છે જેથી ગેરવ્યાજબી ખર્ચો બંધ કરી કોમને મદદ કરવા પોતાની લક્ષ્મીનો સદુઉપયોગ કરી વેપાર અને નોકરી વીગેરેમાં કોમના માણસોને જોડવા આ કોન્ફરન્સ દરેક ગૃહસ્થને વિનંતી કરે છે.

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

છુટક નકલ : મુંબઇમાં અઢીઆના. બહારગામ પૈણો આનો.

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

સામાન્ય સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય સભા તા૦ ૩૦–૪–૩૦ બુધવાર, રાત્રિના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી. માંગરોળ જૈન સભાના હોલમાં મળશે, જે વખતે નીચેના ઠરાવો રજુ કરવામાં આવશે.

(૧) અત્યારની રાજકીય લડતમાં ભાગ લેવા માટે સરકારી શિક્ષા પામવા બદલ શ્રી. મણિલાલ કોઠારી, શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠ, શ્રી. રમણીકલાલ સારાભાઇ મોદી તથા શ્રી. ચંપકલાલ નાથાલાલ વગેરેનું આ સભા અન્તઃકરણપૂર્વક અભિનન્દન કરે છે અને તેમના પગલે ચાલી આ લડતમાં બને તેટલું બળિદાન આપવા જૈન બંધુઓને આગ્રહ કરે છે.

(૨) અત્યારની રાજકીય હીલચાલને દબાવી દેવા માટે સરકાર દેશનેતાઓ તથા સ્વયંસેવકો ઉપર જે અત્યાચારો કરી રહી છે તે સામે આ સભા પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે.

(૩) આ જૈન યુવક સંઘની સામાન્ય સભા રાષ્ટ્રીય મહાસભાના રાજકીય ધ્યેયને સ્વીકારે છે અને સંઘના દરેક સભ્યને સ્વદેશી વસ્ત્રો અને બને ત્યાં સુધી શુદ્ધ ખાદી પહેરવાનો આગ્રહ કરે છે.

(૪) આ સભા જુન્નેર કોન્ફરન્સનો સુકૃત ભંડાર ફંડનો ઠરાવ સ્વીકારે છે અને દરેક સભ્યને સુકૃત ભંડાર ફંડનું લવાજમ જૈન કોન્ફરન્સમાં ભરવા ખાસ સુચના કરે છે.

આ સભામાં કૃપા કરી વખતસર હાજર થવા દરેક સભ્યને વિનંતિ કરવામાં આવેછે.

(૫) મંત્રીઓ રજુ કરે તે.

લી૦,

ઓધવજી ધનજી શાહ,
જમનાદાસ અમરચંદ ગાંધી,
રતીલાલ ચીમનલાલ કોઠારી,
મંત્રીઓ શ્રી મું. જૈન યુવક સંઘ

સ્વદેશ પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઇ, ૩.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના પોષ વદી ૧૩. તા૦ ૨૭-૧-૩૦ | અંક ૫ મો.

"સાંજવર્તમાન"માં પ્રગટ થયેલ રા. કાંતિની લેખમાળા સંબંધી નિવેદન.

—:*:—

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય તળે એક લેખમાળા ગયા છ સાત મહીના થયાં સાંજવર્તમાનમાં પ્રગટ કરવામાં આવતી હતી. તેના કુલ ૨૬ મણકા છે અને દરેક મણકો સામાન્ય રીતે દર સોમવારના અંકમાં પ્રસિદ્ધ થતો હતો; આ લેખમાળા હવે પુરી થઇ છે અને તેને પુસ્તકાકારે પ્રગટ કરવા માટે ઘટતી તૈયારીઓ થઇ રહી છે.

જૈન સમાજમાં પુર જોસથી પ્રસરી રહેલી યુવક હીલચાલને વધારે પુષ્ટ બનાવવાના હેતુથી, વર્તમાન સમયની જૈન સમાજની જરૂરીઆતો ધ્યાનમાં રાખીને, સમાજમાં સળગી રહેલા મહાન પ્રશ્નોની તેમાં ચર્ચા કરવામાં આવી છે અને તેમાં દર્શાવેલા વિચારો પર છુટથી ઉહાપોહ કરી, તે સર્વ પ્રશ્નોનો બનતો નીકાલ કરવા સમાજ નેતાઓને અને ખાસ કરીને યુવકોને તેમાં આવ્હાહન કરવામાં આવ્યું છે.

આવી જાતની ચર્ચામાં વિચાર ભેદ અને મત ભેદને જરૂર સ્થાન છે. **મજકુર લેખમાળામાં જણાવેલા સર્વ વિચારો અને સર્વ દલીલો સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અક્ષરશઃ સહુમત છે એમ કોઇએ માની લેવાની જરૂર નથી.** અલબત્ત, આ યુવક સંઘ વિચાર સ્વાતંત્ર્યમાં માનતો હોઇને, સમાજ શાસ્ત્રના નિયમોને અનુસરીને નીડરતાથી સચોટ દલીલો સાથે લખાયેલી આવી લેખમાળાને જરૂર ઉત્તેજન આપે છે અને ભવિષ્યમાં આપતો રહેશે. **આવી લેખમાળાનો ઉદ્દેશ યુવકસંઘના મંતવ્યો દર્શાવવા કરતાં, સમાજના કૂટ પ્રશ્નો ઉપર બુદ્ધિગમ્ય નવીન વિચારોનો પ્રકાશ ફેંકવાનો છે.**

આશા છે કે આ લેખમાળા જ્યારે પુસ્તકાકારે પ્રગટ થાય ત્યારે તેનો અભ્યાસ કરવા દરેક જૈન યુવક તૈયાર રહે અને તે સંબંધમાં પોતાના વિચારો અને નિર્ણયો સમાજ આગળ મુકી સમાજને યોગ્ય રીતે દોરે. લી.

નગીનદાસ જગજીવનદાસ શાહ.
ઓધવજી ધનજી શાહ.
જમનાદાસ અમરચંદ ગાંધી.
વાડીલાલ આશાલાલ શાહ.
મંત્રીઓ:
શ્રી જૈન યુવક સંઘ.

કોન્ફરંસ માટે સોસાયટીની ખટપટ.

નીચેના પત્ર ઉપરથી પડતો પ્રકાશ.

———(૦)———

"તમારો બીજો પત્ર નથી. ઘડીયાળી અત્રે બધું સાહિત્ય આપવા માટે તૈયાર છે અને લગભગ એક આખો અંક ભરી શકાય તેથી વધુ સાહિત્ય તથા બ્લેક ડાયરી પુરૂ પાડવા તૈયાર છે પણ તમારો તેમના ઉપર ડાયરેકટ પત્ર માગે છે તો તેને માટે ઘટતું કરશો. તાર કે પત્ર જે ઠીક લાગે તે તેમના ઉપર ડાયરેકટ લખશો એટલે તે સંબંધમાં ઘટતું જરૂર થશે.

પ્રમુખને પુજ્યશ્રી સાથે મેળવી શકાય તેમ નથી. દૈનીક પત્રના પ્રતિનિધિ સાથે વાતચીતનો પ્રસંગ તેમની સાથે યોજી શકાય. ઉપયોગી હોય તો પ્રગટ કરવો, આને માટે પણ ઘડીયાળીને લખશો.

આવતી કાલે રાતે સોસાયટીની મીટીંગ છે. પ્રતિનિધિઓની ચુંટણી માટે જીવાભાઇ તથા કેશરીચંદ આવી ગયા છે. નગીનદાસ શેઠ કાલે આવવા વકી છે. બાપાલાલ પણ કાલે આવશે. પ્રતિનિધિ તો ચુંટાશે પણ મુળ વસ્તુ માટે બાપાલાલ હજી કાલે આવશે ત્યારે બધું બનશે, કારણ બધે વાંધો તેમાં આવી પડે છે.

રૂ. ૮૬૦૦૦) સંબંધીની રકમ અત્યાર સુધી કોન્ફરન્સે વસુલ કેમ કરી નહીં અને તે સંબંધમાં કોન્ફ. ઓફીસનો માસિક સેંકડો રૂપીયાનો ખરચો છતાં કોની ભુલથી તે રકમ વસુલ થઇ નથી તે સંબંધમાં તપાસ કરવાને આ કોન્ફરન્સે એક કમીશન નીમવું, આવો ઠરાવ સુરતની સોસાયટી તરફથી તરત મોકલી આપશે."

———

યુવકોની પ્રાથમિક સભા.

યુવકોની પ્રાથમિક સભા જે તા. ૬-૭ ફેબ્રુઆરી માહ સુદ ૮-૯ ગુરૂ-શુક્રવારે મુંબઇ ખાતે ભરવાનું નક્કી કર્યું છે તેના આમંત્રણો અપાઇ ગયા છે; તેમાંથી ઘણાખરાનો સહકાર આવી ગયો છે. પ્રતિનિધિઓના નામો જેઓએ હજુ સુધી ન મોકલ્યા હોય તેઓને તુરત મોકલી આપવા વિનંતી છે. ઉતારા માટે જે ભાઇઓને સગવડતા ન હોય તેઓ અમોને તુરત જણાવશે કે જેથી યોગ્ય સગવડતા કરી શકાય.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો નમે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જુન્નેર અધિવેશનની કાર્ય દિશા.

સંઘનું બંધારણ.

—:*:—

સમગ્ર સૃષ્ટિમાં બંધારણ વગરનું કોઇ પણ કાર્ય કાયદેસર ગણાતું નથી. વ્યવહારની અંદર બંધારણ જરૂરી વસ્તુ છે, આજે આપણા સંઘના બંધારણો શિથિલ થઈ ગયાં છે; તેનાં ઉપર ઓપ ચઢી ગયેલ છે, તે ઓપને દૂર કરવાની એટલે કે નવેસરથી સમયને ઓળખી બંધારણ ઘડવાની આજના સમાજ ઉપર ફરજ આવી પડે છે. બંધારણ વગર કોઇ પણ સંસ્થા, સમાજ, સંઘ, સોસાયટી, મંડળ કે એસોસીએશનો પોતાની ઉન્નતિ સાધી શકયા નથી. આપણે દુનીઆની દરેક ઉન્નત પ્રજા તરફ દ્રષ્ટિપાત કરીશું તો આપણને જણાશે કે તેઓ બંધારણપૂર્વકજ ઉન્નતિ સાધી શકયા છે. પાશ્ચાત્ય દેશો બંધારણનું મહત્ત્વ બહુ સારી રીતે સમજી શકે છે, અને તેમનાં સમયને અનુસરીને ઘડાએલાં બંધારણપૂર્વક આજે તેઓ ઘણેખરે સ્થળે સાર્વભૌમત્વ ધરાવે છે. હિંદ જે પરાધીનતા ધરાવે છે તેમાં મૂળ કારણ બંધારણનો અભાવજ છે, કારણ કે હિંદમાં એવું કોઇ પણ જાતનું સર્વમાન્ય રાષ્ટ્રીય બંધારણ અસ્તિત્વ ધરાવતું નથી. હિંદુઓ જે બંધારણ ઘડે છે તે મુસલમાનો માન્ય કરતા નથી, અને મુસલમાનો જે ઘડે તે હિંદુઓ માન્ય કરતા નથી. અરે, હિંદુઓનું ઘડેલ બંધારણ પણ હિંદુઓ માનતા નથી. પાશ્ચાત્ય દેશોમાં તેવું નથી. હિંદને પરાધીનતાની જંજીરમાં જકડી રાખનાર બ્રીટનમાં આપણે ડોકીયું કરીશું તો આપણને જણાશે કે ત્યાંનું બંધારણ લગભગ સર્વમાન્ય છે. ત્યાંની પાર્લામેંટમાં જે ઠરાવ થાય, જે બંધારણો ઘડાય તે, બધાને બંધનકર્ત્તા ગણાય છે અને પાર્લામેંટના કાનુન અનુસારજ ત્યાંની પ્રજા વર્તે છે, પછી ગમે તે પક્ષ સત્તા ઉપર હોય પરંતુ તેને પાર્લામેંટની નીતિ અનુસારજ ચાલવાની ફરજ પડે છે. સત્તા ઉપર રહેલા પક્ષને જો કોઇ પણ જાતનું નવીન કાર્ય કરવું હોય તો તેઓ તે બાબતમાં પાર્લામેંટની સંમતિ લે છે, ત્યાર પછીજ તે આગળ પગલું ભરે છે; આમ બંધારણનું મહત્ત્વ સર્વોપરિ હોય છે. આ બાબત જૈન સમાજ જેવી વ્યાપારી કોમ ન સમજે એમ બનેજ કેમ? તેને પણ સમયને ઓળખી પોતાનું બંધારણ ઘડવાની જરૂર છે. આજથી લગભગ ૨૫૦ વરસ પહેલાં આપણું કાર્ય બંધારણપૂર્વકનું હતું; દરેક બાબત સર્વ સંમતિથીજ બનતી હતી. સમાજ ઉપર એકજ આચાર્ય સર્વોપરિ રહેતા અને તેઓશ્રી તેમજ સંઘ અરસપરસ એક બીજાની સંમતિ લઇનેજ કામકાજ કરતા, તે સંબંધી જગદ્‌ગુરૂશ્રી હિરસૂરિજી મહારાજનો કાર્ય પ્રદેશ આપણને માર્ગદર્શક થઇ પડે છે. હિરસૂરિજી મહારાજને સમ્રાટ અકબર કે જે તે સમયનો હિંદનો મહાન મોગલ સમ્રાટ હતો તેમણે પોતાની રાજધાનીમાં પધારવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણ વખતે સૂરિજીમહારાજ ગંધારમાં બિરાજતા હતા. સૂરિજીમહારાજે સંઘને આ બાબતની જાણ કરી; સંઘે સમ્રાટના આમંત્રણ બાબતમાં ખુબ વિચાર ચલાવ્યો અને સર્વાનુમતે એવો ઠરાવ કર્યો કે સૂરિજીમહારાજે આમંત્રણનો સ્વીકાર ન કરવો; આ બાબત સૂરિજી મહારાજને જણાવવામાં આવી, જવાબમાં સૂરિજી મહારાજે જણાવ્યું કે સંઘનો ઠરાવ હું માથે ચઢાવું છું. છતાં મને ત્યાં જવામાં લાભ જણાય છે, વગેરે દલીલ પુરઃસર સંઘને સમજાવ્યું. સંઘે પોતાનો નિશ્ચય ફેરવ્યો અને સૂરિજીમહારાજને સંમતિ આપી. તેઓશ્રીએ સંઘના બંધારણને પુરેપુરૂં માન્ય કર્યું હતું, જ્યારે આજે તો "સંઘ કોણ છે? એવા સંઘને તો હું ઠોકરે ઉડાવું છું" વગેરે બોલી સંઘના બંધારણને ઉથલાવવામાં પણ પોતાની જોહુકમી ચલાવે છે. જો કે આવા ગુન્હેગારો સામે સંઘ પોતાનું શસ્ત્ર ઉગામે છે છતાં એ શસ્ત્રની અત્યારે મહત્ત્વતા ઘટી ગઇ છે કારણકે બંધારણજ ગેર થઇ ગયાં છે. આજે તો ઘરઘરના આગેવાનો, ઘરઘરના શેઠીઆઓ, ઘરઘરના આચાર્યો વગેરે મનસ્વી પણે પોતાની સત્તા જમાવવા માટે પ્રયત્ન કરતા નજરે પડે છે. જો કે આવી જોહુકમી સામે યુવાનોએ કમરકસી છે છતાં એ સવાલ આખા સમાજે પોતાનો કરી લેવાની અગત્ય છે, અને આમ કરી પોતે બોલે તેજ શાસ્ત્ર, પોતાનું માને તેજ સંઘ, અને પોતે પાળે તેજ ચારિત્ર એમ માનતા અને મનાવતા ભદ્રંભદ્રોને પડકાર કરવો જોઇએ કે હવે તમારી એ જોહુકમી નહિ ચાલે, તમારે પણ સંઘના બંધારણને માન્ય કરવુંજ પડશે. સમાજમાં આજકાલ જે સંક્ષોભ જણાય છે, તેનું કારણ સર્વમાન્ય બંધારણનો અભાવ છે એમ અમે પ્રમાણિકપણે માનીએ છીએ, અને તેથીજ અનેક મતભેદના પ્રશ્નો ઉપસ્થિત થઇ સમાજને છિન્નભિન્ન કરી રહ્યા છે. કોન્ફરન્સના આગામી અધિવેશનમાં સમાજના આજના બન્ને પક્ષો પોતાનું સંગીન બળ એકત્રિત કરી ભાગ લેવાના છે એમ આમવર્ગમાં સંભળાય છે. જો આ બાબત સત્ય હોય તો ઘણુંજ ખુશી થવા જેવું છે, જો તેઓ સમાજ અને શાસનની દાઝથીજ ભાગ લેવા માંગતા હોય તો. પરંતુ જો કેવળ નાકને માટેજ પોતાની લડત ચલાવવા માંગશે તો તે અત્યંત નુકશાનકારક નિવડશે તેમાં જરાએ શક નથી. કોન્ફરન્સે સંઘનું બંધારણ ઘડવાની જરૂર છે, અને તે બંધારણ સર્વમાન્ય હોવું જોઇએ. તે માટે અમે નીચેના બરડા તરફ સમાજનું લક્ષ્ય ખેંચીએ છીએ.

(૧) જ્યાં જ્યાં આપણા મૂર્તિપૂજક શ્વેતામ્બર સમાજના ઘર હોય ત્યાં ત્યાં ચુંટણીના ધોરણ ઉપર એક સ્થાનિક કમિટી સ્થાપવી, તેમાં આઠથી વધારે સભ્યો ન હોવ જોઇએ. તે પોતાનો સ્થાનિક વહિવટ ચલાવે, તેનો કાર્યપ્રદેશ તેના ગામપરગણા ન હોવો જોઇએ.

(૨) એક પ્રાંતિક સમિતિ હોવી જોઇએ કે જેમાં તે પ્રાંતમાંથી ચુંટાએલા આઠ સભ્યો હશે. આ સભ્યો પોતામાંથીજ એક પ્રમુખ ચુંટી કાઢે, અને તે સમિતિને આખા પ્રાન્તને લગતા સવાલોનો નિર્ણય કરવાની સત્તા રહે. સમિતિ કે સ્થાનિક કમિટિમાં બહુમતે પસાર થયેલ ઠરાવો બધાને બંધનકર્તા ગણવા જોઇએ.

(૩) એક મહાસમિતિ સ્થાપવી જોઇએ કે જેમાં દરેક પ્રાન્તનાં બબ્બે સભ્યો લેવા, તે સભ્યો ચુંટાએલા હોવા જોઇએ, તે ચુંટવાનો અધિકાર દરેક ગામની સ્થાનિક કમિટીઓને રહેવો જોઇએ. તે ચુંટાએલા સભ્યોમાંથી પ્રમુખની ચુંટણી મહાસમિતિજ કરી લે. આ સમિતિનું કાર્ય સમગ્ર હિન્દનાં જૈન સંઘને લગતું હોવું જોઇએ અને તેમાં બહુમતિથી પસાર થયેલ ઠરાવો સમગ્ર ભારતનાં મૂર્તિપૂજક જૈન સંઘને બંધનકર્તા ગણાવા જોઇએ. આ ચુંટણી ત્રણ ત્રણ વર્ષે થવી જોઇએ. આવી રીતનું જો બંધારણ ઘડાય તો પક્ષભેદને સ્થાન નહિ રહે અને આપણે ઉન્નતિમાં આગળ વધી શકીશું.

નીરગ્રંથ પ્રવચનોપાસકને જવાબ.

"મુંબઇ સમાચાર" પેપરમાં ઘણા સમય થયાં નીરગ્રંથ પ્રવચનોપાસક દીક્ષાની બ્રીફ લઇ નાની ઉમરનાં મનુષ્યોને પણ દીક્ષા આપવી એમાં શાસ્ત્ર સંમત છે એવા લખાણમાં નાની-વડી દીક્ષાના ભેદ પાડી જુદા જુદા શાસ્ત્રોનાં નામો લખી "ક્ષયોપશમ" શબ્દ વાપરી ભાંગરો વાટી રહેલ છે, તો તેથી જનતા આવા દાંભિક લખાણોથી ન છેતરાય તેને માટે સ્પષ્ટ શબ્દોમાં ટુંકામાં તેનો ઉત્તર લખવાની ફરજ પડે છે.

નાની દીક્ષામાં જ્ઞાનની જરૂર નથી. ફકત પાપ-પુન્ય સમજવાનીજ જરૂર છે અને નાની દીક્ષાને અને જ્ઞાનને કંઇ સંબંધ નથી કેમકે દીક્ષા એ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે અને જ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે; તેમ ભેદ પાડી મુર્ખોને દીક્ષા આપવામાં વાંધો નથી તેમ દીક્ષાની લાગેલી તાલાવેલીવાળાઓનો બચાવ નીરગ્રંથ પ્રવચનોપાસક કરે છે. તેના ઉત્તરમાં માત્ર નીચેની વાતોનોજ જનતાએ વિચાર કરવો ઘટે.

પ્રથમ વાત એ છે કે લેખક ચારિત્રમોહનીયના ક્ષયોપશમને પ્રધાન પદ આપે છે ત્યારે તેણે સમજવું જોઇએ કે સમ્યકૃત્વ વિના ચારિત્ર કદી હોઇ શકેજ નહિ; તો સમ્યકૃત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ પહેલાં થવો જોઇએ અને તે પછી અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા, લોભનો નાશ થવો જોઇએ તો જે અયોગ્ય દીક્ષા માટે તૈયાર થાય છે ને પોપટની માફક "મને સંસાર ગમતો નથી, સંસારથી હું વિમુખ છું, સંસાર અસાર છે માટે દીક્ષા લેવી છે" તેવા ખાનગી શિક્ષણથી મળેલા શબ્દો બોલી જાય તેથી તેને ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થયો છે તેમ માની લેવું એજ પ્રથમ શાસ્ત્ર વિરૂધ્ધ છે. કેમકે સમ્યકૃત્વ મોહનીયનો ક્ષયોપશમ જાણવા માટે છદ્મસ્થજ્ઞાન બીલકુલ ઉપયોગી નથી. એ તો કેવલજ્ઞાની હોય તેજ જાણી શકે અને તેથીજ સુત્રોમાં ઘણા સ્થળોએ ગૌતમ સ્વામી જેવા ચાર જ્ઞાનના ધણીએ પ્રભુને પ્રશ્ન કરેલ છે કે અમુક જીવ સમકીત ધારી છે કે મિથ્યાદ્રષ્ટિ છે. તે સમકીતી અને મિથ્યાદ્રષ્ટિનું પૃથકરણ જ્યારે ગૌતમ સ્વામી જેવા નથી કરી શકયા તો પછી હાલના દીક્ષાના હીમાયતીઓ ગૌતમ સ્વામી કરતાં કયા અપૂર્વ જ્ઞાનથી સમજી શકે છે કે બાલ દીક્ષીતને સમ્યકૃત્વ પ્રાપ્ત થયું છે. "સમ્યકૃત્વ વિણ ચારિત્ર નહિ" એ વાત તો સ્પષ્ટ છે. વળી નાનીદીક્ષા જે વખતે અપાય છે તે વખતે "સમ્યકૃત્વ સામાયિક, શ્રુતસામાયિક, અને સર્વ વિરતિ સામાયિક" એ પાઠ ઉચ્ચારવામાં આવે છે. સમ્યકૃત્વ ક્ષયોપશમ વિના સમ્યકૃત્વ સામાયિક નજ હોઇ શકે, અને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ વિના શ્રુતસામાયિક ન હોઇ શકે તો સમ્યકૃત્વ ક્ષયોપશમ વિના અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ વિના એકલા ચારિત્રમોહનીયના ક્ષયોપશમને આગળ ધરે તે ભોળા લોકોને છેતરવાની રમત રમી આંખે પાટાબાંધવાની જાદુઇ બાજી લેખદ્વારા રમવામાં આવે છે; તે હવે આ જમાનામાં ચાલી શકે તેમ નથી. આ બુદ્ધિવાદનો જમાનો છે અને નીરગ્રંથ પ્રવચનોપાસકે સમજવું જોઇએ કે અંધશ્રદ્ધાનો જમાનો હવે ગયો છે. નાનીદીક્ષામાં જ્ઞાનની જરૂર નથી એ વાત ઉપરની હકીકતથી ખોટી ઠરે છે. દર્શન અને જ્ઞાન પ્રથમ આવશ્યક છે અને પછીજ ચારિત્ર સંભવે એ વાત પણ ઉપરની હકીકતથી સિદ્ધ થાય છે. કેમકે સમ્યકૃત્વ સામાયિક તથા શ્રુતસામાયિક એ બે બોલ્યા પછીજ સર્વ વિરતિ સામાયિકનો આલવ બોલાય છે, તેથી **સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગઃ।** એ તત્વાર્થના પહેલા સૂત્રમાં જે કહેલ છે તે વાત સિદ્ધ થાય છે, એટલે "સમ્યકૃ" શબ્દ સમકીત વિના વપરાય નહિ. સમ્યકૃત્વ હોય તોજ સમ્યક્ જ્ઞાન અને ચારિત્ર હોઇ શકે. વળી લખે છે કે એતો છ કાયના જીવની દયા પળે કે ન પળે પણ સામાયિક ચારિત્ર આપી શકાય; આથી તો મૂર્ખાંઇની હદ ઓળંગી જવાય છે. પાપનું જ્ઞાન હોવું જોઇએ તેમ લખી અને તેનું જ્ઞાન ન હોય તો ચાલે આ વધતો વ્યાઘાત એક સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ સમજી શકે તેમ છે. **પઢમં નાણં તઓ દયા!** પ્રથમ જ્ઞાન અને પછી દયા. પાપનું જ્ઞાન પ્રથમ હોવુંજ જોઇએ અને તોજ તે પાપથી બચી શકે. સંસારની અસારતા સમજવી અને મોક્ષની ઇચ્છાથી સંસાર ત્યાગ કરવો એમાં શું ઓછા જ્ઞાનની જરૂર છે? સંસારની, અનિત્યતા, આત્મસ્વરૂપનું જ્ઞાન, મોક્ષસ્વરૂપનું જ્ઞાન અને તેની કિંમત એ બધું જ્ઞાન વિના સંભવે ખરૂં? અને જ્યાંસુધી કોઇપણ વ્યક્તિને કોઇપણ વસ્તનું જ્ઞાન હોતું નથી ત્યાંસુધી તે વ્યક્તિ તે વસ્તુનો સ્વિકાર કે ત્યાગ કદી નજ કરી શકે. નાનું બાળક સર્પના જ્ઞાનના અભાવથી સર્પને પકડવા રહે છે. ખાવાની ચીજનું જ્ઞાન હોવાથી તે મેળવવા આતુર બને છે, માટે જ્ઞાન વિના ત્યાગ કે સ્વિકાર કદિ બની શકેજ નહિ. **પ્રયોજનમ વિના મંદોઽપિ ન પ્રવર્તતે।** પ્રયોજન નક્કી કર્યા વિના મૂર્ખ મનુષ્ય પણ પ્રવૃતિ કરતો નથી-તો પછી જે ડાહ્યો થઇ પાપનો ત્યાગ કરવા, તેને સમજ્યા પછી તૈયાર થાય છે અને માતા, પિતા, ભગિની, સ્ત્રી વગેરેનો મોહ તજવા કટીબદ્ધ થઇ મોક્ષ માટે દીક્ષા લેવી તેમ સમજે છે તે શું જ્ઞાન વિના હોઇ શકે? કેટલું વિશેષ જ્ઞાન તે માટે તો જોઇએ. વાંચકો પોતેજ સમજી શકશે કે અનેક વાતો વાંચી કે સાંભળી હોય છતાં મોહ મુકાતો નથી અને ફકત આઠજ વર્ષનો બાળક નિર્મોહી બની સંસાર ત્યાગ માટે તૈયાર થાય તે વાત માની, મનાવી મુંડી નાખવો અને તેમાં શાસ્ત્રો સંમત છે તેમ કહી શ્વેત વસ્ત્ર ઓઢી પોતાના કોઢની ભયંકરતાને ઢાંકવાના વૃથા પ્રયત્નો કરવા જેવું છે.

નાની દીક્ષાવાળાને "પાપના ત્યાગની સમજ" બસ છે એમ શ્રી નીરગ્રંથ પ્રવચનોપાસક જણાવે છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે સમજણ એટલે જ્ઞાન એ તો સૌ કોઇ કબુલ કરે તેવી વાત છે. હવે પાપની સમજણ એટલે તેનું જ્ઞાન કયારે હોઇ શકે, પાપ કોને કહેવું, તે શું વસ્તુ છે વગેરે સમજવા માટે આઠ કર્મોના સ્વરૂપનું જ્ઞાન હોવું જોઇએ. અઘાતી ચાર કર્મોનો અશુભ ઉદય તે પાપ અને ઘાતી ચારે કર્મોના આવરણને પાપ કહેવામાં આવે છે. તેવાં કર્મોનો ઉદય કયારે થાય, કઇ સ્થિતિમાં હોય ત્યારે પાપ કહેવાય, પાપનો પ્રતિપક્ષી પુન્ય વગેરેનું જ્ઞાન તેને હોવુંજ જોઇએ. કારણ કે સુખ વિના દુઃખનું જ્ઞાન, દિવસ વિના રાત્રિનું જ્ઞાન કદિ સંભવેજ નહિ તે પ્રમાણે પાપ પુન્યનો ભોકતા કોણ

છે, તેનો ઉદય કોને હોય વગેરે માટે જીવનનું સ્વરૂપ પણ જાણવું જોઇએ. સંવર અને કર્મની નિર્જરાથીજ મોક્ષ મળે છે તે જાણ્યા પછીજ મોક્ષ ગમનની ઇચ્છા થાય છે. મુંબઇનું સ્વરૂપ કે વર્ણન જાણ્યા વિના કોઇ પણ ત્યાં જવા આતુર બનશે નહિ અને જેની જીજ્ઞાસા થશે તે જરૂર કયે રસ્તે ત્યાં જવું વગેરે જાણવા પ્રયત્નો કરશેજ. તો પછી પાપનો જ્ઞાની બનવા માટે નવ તત્વનું જ્ઞાન હોવુંજ જોઇએ. તે સિવાય એકલા પાપની સમજણ કે જ્ઞાન હોઇ શકેજ નહિ. તદ્દન મૂર્ખાઇને અને અજ્ઞાનનેજ પાપની સમજણ કહી શકાતી હોય તો તો છોકરાંને માતાઓ ખીવરાવે છે કે "બ્હાર જઇશ માં નહિ તો બાવા કાન કાપી જશે." આ અસત્ય જ્ઞાનને પાપની સમજણ કહેવાતી હોય તો તેવું જ્ઞાન તેને મુબારક હો.

આગળ ચાલતાં લેખક મહાશય લખે છે કે છ માસ પછી પંચમહાવ્રતનો આરો તરે છે એટલે દીક્ષાની શરૂઆત તે પછીજ ગણાય. તો લેખકશ્રીને પૂછીશું કે વર્તમાન કાળમાં છ માસ પછી જે દીક્ષા મોટી અપાય છે એટલે કે પંચમહાવ્રત અપાય છે તેને તો તમો જ્ઞાનપૂર્વકની દીક્ષા કહેતાજ હશો ને? છ માસમાં વર્તમાન કાળમાં કેટલું જ્ઞાન સામાન્ય મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે એ તો હાલમાં સાધુઓના પરિચિતો સ્પષ્ટ રીતે જોઇ શકે છે. મોટી દીક્ષાવાળાઓ પાંચ પ્રતિક્રમણમાં ગોથાં ખાતા હોય છે, પચ્ચખાણ પણ નથી આવડતાં હોતાં અને એમને એમજ ગોથા ખાતાં એમનાં જીવન પૂરાં થાય છે તેવા સાધુ-સાધ્વીના પરિચયમાં આવનાર દરેક વ્યકિત સ્પષ્ટપણે જોઇ રહ્યાં છે. સેંકડો દાખલાઓ આપણી સમક્ષ મોજુદ છે. લેખકને જરૂર હોય તો વડી દીક્ષા પામેલા કેટલા આવા સાધુ-સાધ્વીઓ છે તેમનાં નામ આપવા પણ આ લેખક બંધુ તૈયાર છે. આઠ વર્ષના છોકરાંને દીક્ષા આપવી અને છ માસમાં તો જ્ઞાની બનાવી સાડા આઠ વર્ષે વડી દીક્ષા આપવી અને તે દીક્ષાને "જ્ઞાનયુકત દીક્ષા" કહેવી તે વસ્તુ આજનો જમાનો હસી કાઢે તેવી છે. નાની દીક્ષા શા માટે છે અને વડી દીક્ષા શું કહેવાય તેનું લેખકને જ્ઞાનજ નથી લાગતું. ખરી રીતે નાની દીક્ષા તેજ દીક્ષાની શરૂઆત છે. વડી દીક્ષા તો છેદોપસ્થાપનીય ચારિત્ર છે એટલેજ સાતિચાર ચારિત્ર પહેલા અને છેલ્લા તિર્થંકરના સાધુઓને હોવાથી આખી જીંદગીના ચારિત્રમાંથી દોષ રૂપી ચારિત્ર છ માસનું ગણી તેટલા ચારિત્રનું છેદન કરવામાં આવે છે. હવે જો નાની દીક્ષાને ચારિત્ર ન કહેવાતું હોય તો "છેદ" શબ્દ લાગુ પડીજ ન શકે. છેદોપસ્થાપનીય ચારિત્ર તો જીંદગીમાં એકથી વધારે વખત પણ આપી શકાય છે. વડી દીક્ષા પછી જો કોઇ સાધુ-સાધ્વી મહાવ્રતનો ભંગ કરે તો તેને ગુરૂ કે આચાર્ય વડી દીક્ષામાંથી અમુક દીક્ષા કાપી ફરીથી પંચમહાવ્રતો ઉચ્ચરાવે છે અને તેવો સાધુ પોતાની પાછળથી વડી દીક્ષા લેનારાઓ કરતાં પણ નાનો થઇ જાય છે અને તેમને વંદનાદિ કરવા પડે છે. માટે નાની-વડી દીક્ષા તેમાંથી એ શબ્દો વાપરી ભોળાં લોકોને છેતરવાના જે મિથ્યા પ્રયત્નો થયા છે તેમાંથી બચાવવા વધારે સ્પષ્ટીકરણની જરૂર પડી છે. દીલગીરી તો એ છે કે હાલના સાધુઓને કર્ણસિત્તરી, ચર્ણસિત્તરી વગેરેનું જ્ઞાન હોતું નથી, પંચમહાવ્રત નવ કોટીએ લીધાં છે તેનું ભાન પણ નથી હોતું. આથી માત્ર ટોળું વધારવાને ખાતર અયોગ્ય દીક્ષાઓ આપી મૂર્ખ ટોળાંનો વધારો કરી ચારિત્રને બહુજ હલકી પંકિતપર મૂકી દીધું છે. વિજયલક્ષ્મીસૂરીશ્વરજીએ જ્ઞાનપદની પૂજામાં લખ્યું છે કે-

"અલ્પાગમ જઇ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત,
ઉપદેશમાળામાં ક્રિયા તેહની, કામ કલેશ તસ હુંત."

અલ્પજ્ઞાની ભલે ઉગ્ર વિહાર કરે, ઉદ્યમવંત ક્રિયા કરતા વિચરે પરંતુ ઉપદેશ માળામાં તેની ક્રિયા માત્ર **કાયક્લેશ** જ છે. બાકી તો વીર પરમાત્માના સમયન્ન ચપળત્ત! મુનિ અને ગૌતમ સ્વામી જેવાઓના દાખલા આપી પોતે કઇ સ્થિતિમાં છે તેનું ભાન ભુલી પોતાનો બચાવ કરવા શાસ્ત્રોના નામે જે ઉત્સૂત્ર ભાષણ કરી રહ્યા છે તેવા પામર જીવો પર તો જરૂર દયાજ આવે. અને હવેની જનતા તો ખુલ્લી આંખોએ સ્પષ્ટપણે જોઇ શકે છે એટલે તેમના બધા પ્રયત્નો વૃથા થઇ જશે તેમાં સંદેહજ નથી.

સાસન દેવ સૌને સન્મતિ અર્પો.

લી૦ **ચરણુદ્દાસ.**

"ૐ શાન્તિ"

અયોગ્ય દિક્ષાના હિમાયતીઓને અર્પણ!

વડોદરાથી એક બંધુ લખી જણાવે છે કે—

તા. ૮-૧-૩૦ ના સાજવર્તમાનમાં અને તા. ૧૧-૧-૩૦ ના મુંબઇ સમાચારમાં "વડોદરા રાજ્યની ધારાસભામાં જે। દીક્ષા વિરૂધ્ધ ઠરાવ" "પ્રજાકીય સભ્ય રા. રામચંદ્ર જે. અમીનનું ભાષણ"ના મથાળા નીચે જે અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે, તે ભાષણ રા. રામચંદ્ર જે. અમીન તરફથી ધારાસભામાં વહેંચવામાં આવ્યું નથી, તેમજ ભાષણ કર્યું નથી, એમ ખાત્રીપૂર્વક તપાસ ઉપરથી માલમ પડયું છે. તેથી દરેક જૈન બંધુઓ અને જાહેર પ્રજાને અયોગ્ય દીક્ષાના હિમાયતિઓની ખોટી હિલચાલ અને પ્રચારકાર્યોથી સાવચેત રહી તેમના લખાણો ઉપર વિચાર કરી મત બાંધવા વિનંતી કરીએ છીએ.

—તા. ૧૮ મી ડીસેમ્બરે શેઠ રામરતનદાસ બાગડીએ બીકાનેરની ધારાસભામાં અયોગ્ય દિક્ષા અટકાવવા બીકાનેરના મહારાજાને અરજ કરતો ઠરાવ રજુ કર્યો છે.

—પાલીતાણામાં પણ એ બાળાઓને દીક્ષા આપવા પ્રયત્ન થયેલો પાલીતાણાના ઠાકોર સાહેબને અરજ કરતાં હાલ તુરત તો તે પ્રયત્ન નિષ્ફળ ગયો છે.

ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વિનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાંખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

સભ્યોને સુચના.

સભ્યોને પત્રિકાનું લવાજમ મોકલી આપવા વિનંતી છે. જે સભ્યો તરફથી પત્રિકાના લવાજમનો રૂા. ૬) આવતા રવીવાર સુધીમાં વસુલ નહિ આવ્યો હોય તેઓને પત્રિકા મોકલવાનું બંધ કરવામાં આવશે.

મુંબાઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ યુવકોની પ્રાથમિક સભામાં રજુ કરવા માટે તૈયાર કરેલો ઠરાવોનો ખરડો. (ડ્રાફ્ટ રેઝોલ્યુશન)

ઠરાવ ૧ લો.

(૧) દિક્ષા.

(૧) હાલમાં કેટલાક સમયથી કેટલાએક સાધુઓ તરફથી કોઈ પણ ધોરણ વગરની દિક્ષા આપવાની પ્રવૃત્તિ ચાલુ રહેવાથી કોમમાં જે સામાજીક કલેશ ઉત્પન્ન થયો છે તે તરફ આ કોન્ફરન્સ ખેદ દર્શાવે છે.

(૨) હાલનું સામાજીક વીચાર વાતાવરણ જોતાં દિક્ષા સંબંધમાં નીચે જણાવેલા નિયમો દિક્ષા દેનાર તથા લેનાર સર્વ પક્ષોને બંધનકર્તા હોવા જોઇએ એમ આ કોન્ફરન્સ માને છે અને તે પ્રમાણે નિયમન કરવા ગામો ગામના જૈન સંઘને ખાસ ભલામણ કરે છે.

નિયમો.

(૧) દીક્ષા લેનાર સ્ત્રી કે પુરૂષની ઉમ્મર ૧૮ વર્ષ ઉપર હોવી જોઇએ.

(૨) જેને જ્ઞાનમૂલક વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય તેજ દીક્ષા લઇ શકે. બીજા કોઇ પણ આશયથી કોઇ દીક્ષા લેવા માગતો હોય તો તેને દીક્ષા આપી શકાય નહિ.

(૩) દીક્ષા લેનારને માથે જેના જેના નિર્વાહની જવાબદારી હોય તે સર્વના યોગ્ય નિર્વાહની વ્યવસ્થા તેણે કરેલી હોવી જોઇએ.

(૪) દીક્ષા લેનાર પુત્ર કે પુત્રી હોય તો માબાપની, પતિ હોય તો પત્નીની, પત્ની હોય તો પતિની માતપિતા હોય તો સંતતિની અને વિધવા હોય તો કુંટુંબના વડિલોની—આ પ્રમાણે દીક્ષા લેનારે પોતપોતાના નિકટવર્તી સંબંધી જનોની રજા મેળવવી જોઇએ.

(૫) દીક્ષા લેનારને માથે લેણદેણને લગતી જે કાંઇ જવાબદારી હોય તે સર્વથી તે દીક્ષા લીધા પહેલાં મુક્ત થયો હોવો જોઇએ.

(૬) દીક્ષા લેવા ઇચ્છનારે પોતાને લાગતા વળગતા સૌ કોઇને પોતાના ઇરાદાની એક વર્ષ પહેલાં જાણ કરવી જોઇએ અને પ્રસ્તુત એક વર્ષ દરમિયાન દીક્ષા લેવાની પાકી ઉમેદવારી કરી પોતાની યોગ્યતા તેણે સિદ્ધ કરવી જોઇએ.

(૭) ઉપરની બધી સરતો પોતે પાળી છે એવી મતલબનું સંમતિપત્ર દીક્ષા લેનાર જે ગામના સંઘનો હોય તે ગામના સંઘ પાસેથી તેણે મેળવવું જોઇએ.

(૮) જે ગામ યા શહેરમાં દીક્ષા અપાવાની હોય તે ગામ યા શહેરના સંઘે ઉપર જણાવેલી બધી બાબતોની ખાત્રી કરીને દીક્ષા આપનાર સાધુને લેખિત રજા આપવી.

(૯) ઉપર જણાવેલ બધા નિયમોને આધીન રહીને કોઇ પણ સાધુ. કોઇ પણ દીક્ષાના ઉમેદવારને દીક્ષા આપી શકે. તેથી અન્યથા વર્તે તે સાધુ જૈન સંઘની શિક્ષાને પાત્ર બને.

ઠરાવ ૨ જો.

(૨) દેવદ્રવ્ય અને કોન્ફરન્સ.

(અ) દેવદ્રવ્યનો ઉપયોગ શી રીતે કરી શકાય તે વિષે અત્યાર સુધી જે સંકેત સ્વીકારવામાં આવ્યો છે તેમાં વર્તમાન કાળની જરૂરિયાતો વિચારતાં જૈનધર્મ તેમજ મંદિરની સંસ્થાના અસ્તિત્વ ખાતર તાત્કાળિક ફેરફાર કરવાની જરૂર ઉભી થઇ છે એમ આ કોન્ફરન્સ માને છે તેથી મંદિર અને મૂર્તિને લગતો ખર્ચ બને તેટલો ઘટાડીને જન કલ્યાણના કોઇ પણ કાર્યમાં તે દ્રવ્ય ખરચી શકાય તેવી આ કોન્ફરન્સ માન્યતા ધરાવે છે અને ઉપર મુજબ સંકેત ન બદલાય ત્યાં સુધી દેવદ્રવ્ય અંગેની મિલ્કત તથા તે નિમિત્તની ચાલુ આવક જોતાં આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે પ્રત્યેક જૈને પોતાના દ્રવ્યનો વ્યય હાલતુરત એ ક્ષેત્રમાં ન કરતાં અન્ય હુંજતાં ક્ષેત્રોને પોષવામાં કરવો.

નોંધ : ઉપર જણાવેલ દેવદ્રવ્ય સંબંધી સંકેત પરિવર્તનનો નિયમ અત્યાર સુધી દેવદ્રવ્ય તરીકે એકઠું થયેલ દ્રવ્યને લાગુ પડતો નથી.

(બ) "દેવદ્રવ્યનું સારી રીતે સંરક્ષણ થઇ શકે હિસાબની ચોખવટ રહી શકે અને સારી અને સીધી રીતે દેખરેખ રાખી શકાય તથા જ્યાં એ દ્રવ્યની જરૂર હોય તેવા મંદિરોમાં આપી શકાય એટલા સારૂ આ કોન્ફરન્સ નીચે મુજબ મધ્યસ્થ મંડળની નીમણુંક કરે છે."

ઠરાવ ૩ જો.

સંઘનું બંધારણ.

દરેક સ્થાનિક સંઘોનું બંધારણ વ્યવસ્થિત હોવું જોઇએ. બંધારણ સ્થાનિક સંજોગો મુજબ ભિન્ન ભિન્ન પ્રકારનું ભલે ઘડાય પરંતુ નીચેના મુદ્દાઓ બંધારણમાં અવશ્ય હોવા જોઇએ.

(૧) વહીવટ કમીટીદ્વારા થવો જોઇએ. (૨) કમીટીની ચુંટણીમાં દરેક ઉમ્મર લાયક જૈનને મત આપવાનો હક હોવો જોઇએ.

(૩) હિસાબ અને વહીવટનો રીપોર્ટ સંઘની સામાન્ય સભા પાસે વર્ષ પુરૂ થયા પછી ત્રણ માસની અંદર પસાર કરાવવો જોઇએ.

આ ઠરાવ પસાર થયા પછી વધુમાં વધુ બે વર્ષની અંદર દરેક સંઘોએ પોતાનુ બંધારણ ઘડેલું હોવું જોઇએ. તે પછી મુદત વીત્યા બાદ જે સંઘોએ ઉપર જણાવ્યા મુજબ પોતાનું બંધારણ ઘડ્યું નહિ હોય તેવા સંઘને કોન્ફરન્સમાં પ્રતિનિધિત્વનો હક્ક રહેશે નહિં.

ઠરાવ ૪ થો.

કેળવણી.

આ કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડને ભલામણ કરે છે કે કોમની કેળવણી સંબંધીની હાલની પરિસ્થિતિનો વીગતવાર આંકડા સાથે અભ્યાસ કર્યા પછી કોમની હાલની કેળવણીની જરૂરીયાતો પુરી પડે અને અન્ય કોમોની સાથે સરખામણીમાં જૈન કોમ કેળવણીમાં વધુ પ્રગતિ કરી શકે તેવું એક પાંચ વર્ષનું પ્રોગ્રામ ઘડવું અને તે પ્રોગ્રામને અમલમાં મુકવાના

દરેક પ્રયાસો કરવા અને તેનો રિપોર્ટ કોન્ફરન્સની બેઠક વખતે રજુ કરવો.

ઠરાવ ૫ મો.

વિધવા સંબંધી.

(૧) વૈધવ્યના કારણે સ્ત્રી જાતીપર અત્યારસુધી ગુજરેલા અન્યાય અને તેના પરીણામે ઉપજેલા અનર્થોની આ કોન્ફરન્સ રોષપૂર્વક નોંધ લે છે અને ફરજીયાત વૈધવ્ય પાળવાની પ્રથાને સખ્ત રીતે વખોડી કાઢે છે અને મરજીયાત પુનર્લગ્નને સંમત કરે છે.

(૨) આજીવીકા માટે પતિની મીલ્કતમાંથી તેમને વારસા હક્ક અપાવવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

ઠરાવ ૬ ઠો.

કોમની સામાન્ય રીતે શારિરીક સ્થિતિ સુધરે તે માટે જરૂરીઆતવાળા સ્થળોએ, સસ્તા ભાડાની ચાલીઓ, દવાખાનાઓ તથા વ્યાયામ શાળાઓ સ્થાપવાની જરૂરીઆત આ કોન્ફરન્સ સ્વીકારે છે અને સમાજને તેને અંગે બને તેટલો ભોગ આપવા વિનંતી કરે છે.

ઠરાવ ૭ મો.

આ કોન્ફરન્સ રાષ્ટ્રીય મહાસભાના ધ્યેયનો સ્વીકાર કરે છે અને તેના કાર્યક્રમ પ્રત્યે સંપૂર્ણ સહાનુભુતી દર્શાવે છે અને દરેક જૈનને રાષ્ટ્રિય મહાસભાના કાર્યમાં ભાગ લઈ યોગ્ય ફાળો આપવા ભલામણ કરે છે.

ઠરાવ ૮ મો.

જૈન સાધુઓ સ્થાનિક સંઘોના બંધારણ અને નિયમોની વિરૂદ્ધ કદી વર્તી ન શકે એવો આ કોન્ફરન્સનો મજબુત અભિપ્રાય છે.

ઠરાવ ૯ મો.

સામાજીક સુધારા.

(૧) "શારદા બીલના પ્રણેતા રા. બ. હરબીલાસ શારદાને તેમની સેવા બદલ આ કોન્ફરન્સ અભિનંદન આપે છે અને દેશી રાજ્યોને આવા કાયદાઓ અમલમાં મુકવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

(૨) આ કોન્ફરન્સની પહેલાની બેઠકોમાં સામાજીક સુધારણાને અંગે વખતે વખતે ઘણા ઠરાવો કરવામાં આવ્યા છે જેનો વત્તે ઓછે અંશે સમાજે અમલ પણ કર્યો છે પરંતુ હાલની સ્થીતિની સુધારણા માટે નીચેના સામાજીક સુધારાઓ ખાસ જરૂરના માને છે અને દરેક જૈન બધુને તેનો અમલ કરવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

(૧) લગ્નને અંગે કન્યા માટે ઓછામાં ઓછી ૧૬ તથા વરને માટે ઓછામાં ઓછી ૨૦ વર્ષની વય હોવી જોઇએ.

(૨) જૈન સમુદાયમાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર થવો જોઇએ.

(૩) ૪૫ વર્ષ પુરા થયાં હોય તેવા કોઇ પણ વિધુરે લગ્ન કરવું નહિં.

ઠરાવ ૧૦ મો.

જૈન બેન્ક :

આ કોન્ફરન્સ જૈન બેંન્ક સ્થાપવાની અગત્યતા સ્વીકારે છે અને સ્ટેન્ડીંગ કમિટીને જુદા જુદા ગૃહસ્થોના અભિપ્રાયો મંગાવી જૈન બેંકની સ્થાપના સંબંધીની વીગતો એકઠી કરી આવતી બેઠકમાં રજુ કરવા ભલામણ કરે છે.

કોન્ફરન્સ માટે સુચવાયેલા ઠરાવો.

(૧)

રા. કલ્યાણચંદ કેશવલાલ તરફથી નીચેના ઠરાવોનો ખરડો આગામી કોન્ફરન્સમાં રજુ કરવા માટે મળ્યો છે.)

૧ કેળવણીની વૃદ્ધિ માટેના સાધનો માટે વિચારણા.

(૧) શારિરીક અભિવૃદ્ધિને માટે બને તેટલા ગુરૂકુળો સ્થાપવા પ્રયત્ન કરવો, તે ગુરૂકુળો છોકરા ને છોકરીઓ બન્ને માટે સ્થાપવા.

(૨) કેળવણી માટે જ્યાં જ્યાં માધ્યમિક શાળાઓ તેમજ કોલેજો હોય ત્યાં જૈન બોર્ડીંગ હાઉસો કે જેમાં ઇંગ્રેજી અભ્યાસ સાથે ધાર્મીક કેળવણી પણ આપવાની યોજના થાય એવા સ્થાપવા.

(૩) કેળવણી માટે પુસ્તકો તેમજ ફી અને જોઇતા સાધનો સ્થાનિક જૈન સંસ્થાઓ દ્વારા જૈન વિદ્યાર્થીઓને પુરા પાડવા પ્રયત્ન કરવો.

(૪) આ યોજનાઓને પહોંચી વળવા માટે ઑલ ઇન્ડીઆ એજ્યુકેશન ફંડ ઉભુ કરવું.

૨ સંપાવતના ઉપયોગ સંબંધી :--

(૧) ગુરૂકુળો, બોર્ડીંગ હાઉસો, વનિતા વિશ્રામો, જૈન ઉદ્યોગાલયો અને જૈન હોસ્પીટલો.

(૨) એક જૈન બેન્ક સ્થાપવાની, જેની શાખાઓ જુદે જુદે સ્થળે હોય, તે શાખાઓદ્વારા જરૂરવાળા જૈનોને આજીવિકાને અર્થે વ્હેપાર કરવાને લોન તરીકે ઓછા વ્યાજે નાની રકમો આપવી.

૩ હાનીકારક રિવાજોને દુર કરવા માટે વ્યવહારૂ પ્રયાસ:--

હાનીકારક રિવાજો.

(૧) બાળલગ્ન (૨) વૃદ્ધલગ્ન (૩) પ્રેતભોજન.

(૪) શ્રીમંત વખતના જમણ પ્રસંગનો અને લગ્ન વખતે ગજ ઉપરાંત થતા ખરચો કમી કરવા પ્રયત્ન કરવો.

(૫) રડવા કુટવાના રીવાજો.

ઉપરના હાનીકારક રીવાજો અટકાવવા માટે પ્રચારકાર્ય કરવું; તે એવી રીતે કે દરેક સ્થળોએ સ્વયંસેવકોનાં દળ વિશેષ પ્રમાણમાં ઉભા થાય અને તે સ્વયંસેવકો લોકોને ઉપર બતાવેલા હાનીકારક રીવાજોથી થતા નુકશાનો સમજાવે.

૪ અયોગ્ય દીક્ષા સંબંધી :-

સગીરો એટલે અઢાર વર્ષની ઉમરનાને-લગ્ન થયેલા હોયમને સ્ત્રીની સંમતી સિવાય, દીક્ષા લેનારના કુટુંબીઓની આજીવીકાનો આધાર દીક્ષા લેનાર ઉપરજ હોય અને બીજું આજીવીકાનું સાધન ના હોય, તેવા માણસોને અપાતી દીક્ષાને અયોગ્ય દીક્ષા માનવી.

૫ સ્થાનિક સંઘોએ તેમના સ્થળ સીમામાં આવેલી ધાર્મીક સંસ્થાઓના હીસાબના સરવૈયા દરેક વરસે તપાસી લેવા.

૬ સંઘસત્તા :-

શ્રી જૈન સંઘ સત્તાના બંધારણ માટે આખા હિન્દુસ્થાનના જૈન સંઘોને લાગુ પડે એવા કાયદા ઘડવા, અને યુવક સંમેલને જૈન કોન્ફરન્સ આગળ રજુ કરી પસાર કરાવવા.

આગામી સંમેલન.

દીક્ષાની નિયમાવળીથી સંતોષ ન માનતા પાટણના સંઘ જેવા ઠરાવ દરેક મોટા શહેરોમાં થાય તે સારૂ પ્રચંડ આંદોલન કરવાનું છે. વડોદરા સંમેલનમાં એ સંબંધમાં થયેલ ઠરાવોનું પુનર્જીવન કર્યા સિવાય યુવકોએ જંપવું જ ન ઘટે. બાળ દિક્ષાના ને નસાડી, ભગાડીને અપાતી દીક્ષાના સંબંધમાં અપાતા શાસ્ત્રીય ઉલ્લેખો અને બાળોચિત દલીલોથી આપણે ધરાઇ ગયા છીએ. આપણા સમાજમાં આજે જો શ્રી. હેમચંદ્રજી કે શ્રી. યશોવિજયજી હોય તો તેમને માટે આપણને ખાત્રી હોવાથી ઠરાવની જરૂર ન રહે; પણ રામ-સાગરની કેવળ આડંબરથી ગાજતી ટોળીની સંખ્યાબંધ લીલાઓ જાણ્યા છતાં હવે એક પણ સ્થાન દીક્ષાના ઠરાવ વગરનું રાખવું એ ગંભીર ભુલ સમાનજ છે. હવે તો એ અયોગ્ય દીક્ષા સામે ખડી રહી, જરૂર પડે કાયદો પણ હાથમાં લઇ શકે તેવી ટુકડી નિભાવવાનો સમય આવી પુગ્યો છે. એ ટોળીના મુકામ સામે 'રેડસીગ્નલ' હોંવો ઘટે.

યુવકો સાથે મળી સ્વામીવાત્સલ્યમાં, લાડવાશ્રીમાળી કે કચ્છી બંધુઓ સામે રખાતા પ્રપંચોને તોડી નાંખે, કયાં તો અંહકાર આદરી એવા જમણો લેજી દે અગર તો સત્યાગ્રહ શરૂ કરી ધર્મના ધજાદારોની શુદ્ધિ ઠેકાણે આણે, સ્વધર્મી સહ જમણનો બાધ નજ હોય.

યુવાનોએ વાતો ને ભાષણોના યુગથી આગળ વધવું હોય તો સમયને યોગ્ય સુધારણાઓ સ્વજાતથી શરૂ કરવા પ્રતિજ્ઞાથી બદ્ધ થવું જોઇએ. આમાં અપવિત્ર ચીજો-કેશર, રેશમી વસ્ત્રો, ચામર વી૦-નો ત્યાગ, લગ્ન સંબંધીના નિયમો, રડવા, કુટવા સંબંધીની મર્યાદા, મૃતક પાછળના જમણનો નિષેધ અને ખાદી ધારણ, સપ્તવ્યસન ત્યાગ આદિ વ્રતોનો સમાવેશ થઇ જાય છે. આના પર વિસ્તૃત વિવેચનની આવશ્યકતા નથી. હવે તો અમલી કાર્ય કરી દેખાડવા સારૂ ભીષ્મ પ્રતિજ્ઞાઓની જરૂર છે, લીધા બાદ કડક પાલનની અગત્ય છે. વાત નજીવી લાગે તેવી છતાં આત્મિક ઉન્નતિમાં સારો વધારો કરે તેવી છે. આજે જેઓ નાના નિયમો દ્રઢતાથી પાળે છે તેઓજ ભવિષ્યમાં મોટા નિયમો પાળવા સમર્થ થાય છે. જનતા તેમનાજ વચનોની કિંમત આંકે છે. માત્ર બોલી જવું તો પોપટ જેવું પ્રાણી પણ કરી શકે છે.

યુવક સંઘો પરસ્પર એવી સાંકળથી સંકળાવા જોઇએ કે એના પ્રત્યેક કાર્યની અસર વિજળીની માફક અલ્પકાળમાં એક છેડાથી બીજા છેડા સુધી ફરી વળવી જોઇએ. મુખ્ય મથકથી પ્રગટ થતું દરેક સાહિત્ય શહેર ને ગામોના ખુણા-સુધી પહોંચવું જોઇએ. યુવક સંઘના ઠરાવનો પડઘો 'સુઘોષા ઘંટા માફક સર્વત્ર પડવો જોઇએ. સર્વ સંઘોની તૈયારી એવી હોવી જોઇએ કે જ્યાં અમુક કાર્ય કરવાની હાકલ પડી કે સૌ કોઇ તૈયારજ હોય. સરદારના હુકમનું સૈનિકો જેટલી ત્વરાને સમયસુચકતાથી પાલન કરે છે તેટલી ચપળતાથી મુખ્ય મથકના આદેશનો અમલ થવો જોઇએ. જીત વ્યવસ્થા શક્તિમાં રહેલી છે, યુવકોની સંસ્થામાં 'હોતા હે' કિંવા 'ચલને દો' નજ શોભે.

યુવાનો હજી તો પ્રમાદનિદ્રા ત્યાગી આળસ મરડી ઉભા થવાના કોડ સેવે છે એટલે એને ઉત્તેજના સારૂ ભાષણ-લખાણ, પર્યટન, મેળાવડા અને સમયે સમયે પ્રેરણાની જરૂર હોયજ. જળ સિંચન વિના જેમ કુમળા રોપા કરમાઇ જાય છે તેમ વારંવારની પ્રેરણા વિના યુવાન હૃદયમાંની આગ શાંત પડી જાય છે; તેથીજ તે પ્રદીપ્ત રહે માટે ઉપર વર્ણવ્યા તેવા કાર્યો સતત ચાલુ રહે એ સારૂ ખાસ ઠરાવો-માત્ર પાનાપર શોભે તેવા નહિંજ-ઘડવા અને તેનો અમલ અસ્ખલિતપણે ચાલ્યા કરે તેવી ગોઠવણ કરવી.

યુવાન અંતરમાં જેમ કાર્ય કરવાની ધગશ હોય એ શોભારૂપ છે તેમ પોતાની ભુલ જોવાની વૃત્તિ હોય એ પણ શોભારૂપજ છે. કોઇપણ યુવાન એવું તો નહિજ માનતો હશે કે 'પોતાથી ભુલજ ન થાય.' 'માણસ માત્ર ભુલને પાત્ર' એ વચનને યાદ કરે અને એટલું અવધારી રાખે કે જ્યાં આવેગ છે ત્યાં ભુલ થવા સંભવ છે. સાચી બહાદુરી તો ત્યાં છે કે ભુલ સમજાયા પછી તે કબુલ-વામાં વાર ન લગાડે. કેટલાક આને પીછે હઠ માને છે પણ એમ માનવું એ ભુલ ભરેલું છે. કદાગ્રહ ન કરવો એ લક્ષણ સમજીનુ હોય છે, સાચા લડવૈયાનું હોય છે. ભુલ કબુલવામાં હીણપત નથી પણ આબરૂ છે; એથી તો આપણી લડતને એટલો સુંદર ટેકો મળે છે કે જે અન્ય કાર્યથી ન સંભવે. આનો અર્થ કોઇ એમ ન કરી લ્યે કે 'આપણે ભુલો કરવી ને પછી સુધારવી' દરેક કાર્ય વિચારીનેજ કરવું; આમ છતાં ભુલ રહી ગઇ હોય ને જે બરાબર સમજાતી હોય તેને માટેજ ઉપરનું કથન છે. દરેક યુવાન એવી શકિત પ્રાપ્ત કરવા તૈયાર થાય.

છેલ્લે એકજ વાત, યુવાનો સંમેલન ને સફળ બનાવવા ઇચ્છતા હોયતો જરૂર થોડો ઘણો વિચાર કરીને આવે. સાથે એમ પણ નિશ્ચય કરતાં આવે કે સંમેલનના ભોગે પોતાના વિચાર સ્વીકારાય એવી હઠ તો પોતે જરૂર નજ પકડે. ઘણીયે-વાર કેટલીક વાતો વ્યકિતગત સુંદર લાગે છે છતાં સમષ્ટિગત સ્વીકારી શકાતી નથી, એનુ કારણ એ નથી હોતુ કે તે વાત દોષિત હોય છે પણ તે વાત મોટા ભાગ માટે અમલમાં મુકવી અશકય હોવાથીજ રદ કરવી પડે છે. આપણી ભાવ-નાતો બહુમત કરતાં સર્વાનુમતે ઠરાવો પાસ કરવાની છે. આપણે ઝંઝા કાર્યો કરતાં થોડા પણ મુદ્દાના કાર્યો કરી, આનંદ માનનારા છીએ. હારમાળાથી જયશ્રી વરવાનો સમય વહી ગયો છે; હવેતો કાર્ય કરીને દર્શાવી વરમાળા જીતવાનો યુગ એડો છે. આ વેગનો વધારે પડતો ખરચી ન નાંખીએ, તેમ ઉતાવળે પણ વેડફી ન નાંખીએ તોજ એ સંચિત શકિતઓ દ્વારા ચીરકાળ સેવિત સ્વપ્ના સાચા પાડવાનું બની શકશે. 'આંબા પકવવા હોય તો ઉતાવળ કામ ન લાગે' આવેશની સાથે ખામોશ અથવા ગતિની પાછળ 'બ્રેક'ની પણ આવશ્યકતા છે એમ માની, સમયની અગત્યતા પિછાની, તત્કાલીન ઉપયોગના ઠરાવો કરવાની તમન્ના રાખીએ.

ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

કોન્ફરન્સ માટે સુચવાયેલા ઠરાવો.

(૨)

પાલણપુરથી એક બંધુએ નીચેના ઠરાવો કોન્ફરન્સમાં રજુ કરવા માટે મોકલી આપ્યા છે.

(૧) સાધુ સાધ્વી પાસે પરિગ્રહનું પોટલું હોવું જોઇએ નહિ, અને પોટલીયા સાધુને પોટલું ઉપાડનાર માણસ નહિ આપતાં, તે પોટલું તપાસી ઘડીઆળ, દિવાબત્તી, ઇન્ડીપેન, ચપ્પુ કે રોકડ નાણું અગર કોઇપણ ન રાખવા લાયક ચીજ જે ગામે દેખવામાં આવે તે ગામના શ્રાવકોએ લઈ લેવી જોઇએ અને તેઓને રવાના કરી દેવા.

(૨) સાધુ સાધ્વીને કાર્ડ, કવર, ટીકીટ આપવા નહિ અને પત્ર લખવાની જરૂર જણાય તો શ્રાવક પાસે લખાવવાં અને તેમનાં ઉપરની આવેલી ટપાલ ગામનાં મુકરર કરેલા આગેવાન મારફત આવવી જોઇએ તે તેઓ વાંચીને જેઓની હોય તેઓને પહોંચાડે.

(૩) ઉપધાન કરાવવાનો રિવાજ હાલ પ્રચલીત થયેલો છે તે નાબુદ થવો જોઇએ; છતાં સંઘને તેમ કરવું યોગ્ય ન લાગે તો સ્ત્રીઓને સાધ્વીઓ અને પુરૂષોને સાધુઓ ઉપધાન કરાવે, તેનાં સાથે ઉપધાન કરાવનારે તપસ્યા આદરવી જોઇએ.

(૪) સાધુઓને ભણાવવા ઠામ ઠામ પંડિતોનાં ખર્ચા થાય છે તે બંધ કરી સાધુઓએજ સાધુને ભણાવવા જોઇએ અને સાધ્વીઓએ સાધ્વીઓને ભણાવવા જોઇએ.

(૫) વ્યાખ્યાન સિવાય સાધુઓનાં ઉપાશ્રયે સાધ્વી અગર શ્રાવીકા બાઇએ જવું નહિ, અને સાધ્વીનાં ઉપાશ્રયે સાધુઓએ જવું જોઇએ નહિ.

(૬) ચોમાસું પુરૂં થયા પછી વિતરાગની આણ લોપી તેજ ગામમાં સાધુ સાધ્વીને રાખવાં નહિ; અને શિષ્યાકાળમાં ઓગણત્રીસ (૨૯) દિવસ રાખવાં નહિ.

(૭) સાધુઓનાં માટે સામૈયાં કરવાનો રિવાજ ધુસી ગયો છે તે બંધ થવો જોઇએ.

(૮) જે જગ્યામાં સ્ત્રી જાતનું ચિત્ર હોય તેવા મકાનમાં સાધુને રહેવાની મનાઇ છે; છતાં સાધ્વીનાં ઉપાશ્રયમાં સાધુ ઓનાં ફોટા રાખવાનું ચાલુ થયું જણાય છે; તેનો અટકાવ થવો જોઇએ.

(૯) પાલિતાણા જેવા તિર્થમાં સાધુ સાધ્વીને જુદી જુદી ઉતરવાની ધર્મશાળા હોવી જોઇએ.

(૧૦) સુત્રમાં લખ્યા મુજબ સાધુ સાધ્વીને જીર્ણ થયેલાં વસ્ત્ર આપવાં જોઇએ.

(૧૧) અહિંસક હિંદુજાતિ કે જેની રોટી ખાતાં હરકત નથી તેની સાથે બેટી લેવા દેવાનો ઠરાવ થવો જોઇએ; કે જેથી જૈન વસ્તીનો વધારો થાય.

(૧૨) વિતરાગનાં મંદિરમાં ચોરી થાય તેવી વસ્તુ નહિ જોઇએ, કારણકે તેઓ નિરાગી અને નિર્લોભી છે; અને તેમનું દ્વાર અભંગ રહેવું જોઇએ.

બાળદીક્ષા ને દંભીઓનું કાવતું.

પાટણનિવાસી શા. ભોગીલાલ ચુનીલાલે પોતાના બાર વર્ષના છોકરાને અમદાવાદમાં ઝાંપડાની પોળ અંદર બડા ઠાઠમાઠથી અનેક પટ્ટણીઓની હાજરીમાં રામવિજયના શિષ્ય તરીકે મેઘવિજયજીએ દીક્ષા આપ્યાના ટુંકા ખબર "મુંબઇ સમાચાર"માં આવેલા, તે જનતાને ઉંધે રસ્તે દોરનારા હોવાથી ખરી હકીકત રજુ કરીયે છીયે.

બાર વર્ષના ને ગુજરાતી ચોથી ચોપડી ભણતા ભાઇ કીર્તિલાલના પીતા ધંધા અર્થે મુંબઇમાં પાયધુની ઉપર પત્નિ સાથે રહે છે. અને સાંભળવા પ્રમાણે રામ ટોળીમાં ભળી ભક્ત બનેલા, અને કીર્તિને લાલબાગ ભણવા મોકલતા. જેથી પાંચેક માસમાં બાળકે વંદિતા સુધી અભ્યાસ કર્યો. ભોગીલાલ પોતે માનેલા ગુરૂ પાસે અવારનવાર જતા હોવાથી ગુરૂએ લોભમાં ઉતાર્યા, તારો છોકરો બહુ બુદ્ધિશાળી છે, યુગ પ્રધાન થાય તેવો છે. તારૂં ને તારા બાપદાદાનું નામ થઇ જશે, સાધુ બનાવી દે. વિ. અભિલાષાઓમાં બાપ લોભાયો ને ભક્ત હોવાથી કબુલ થયો અને આખરે ગોઠવેલા કાવાદાવા પ્રમાણે બાળક ને પોતાની પત્નિસહ જબડીયા વિ. સ્થાને જાત્રા કરવા જઇયે છીયે તેવા બાના તળે અમદાવાદ પહોંચ્યા અને બપોરના બે વાગે ઝાંપડાની પોળમાં મેઘવિજયજીએ કપડાં પહેરાવ્યાં.

જે દિવસે આ બાળકને કપડાં પહેરાવવામાં આવ્યા તેજ દિવસે અમદાવાદમાં એક ભાઇની દીક્ષા બડા ઠાઠથી વરઘોડો ચડાવીને નિયમ મુજબ સવારે હઠીભાઇશેઠની વાડીયે અપાઇ ત્યારે આ બાળકને બે વાગે પોળમાંજ કેમ કપડાં પહેરાવ્યાં? ભોગીલાલનું કુટુંબ ને સગુ બહોળુ છે છતાં કોઇને જાણ કર્યા સિવાય જબડીયાનું નામ દઇને શાથી ભાગવું પડયું? રામવિજય મુંબઇ લાલબાગમાં છે, દીક્ષા સંબંધમાં મુંબઇના સંઘનો કે સરકારનો કંઇ કાયદો નથી, છતાં મુંબઇ કે અધેરી ન પસંદ કરતાં ઝાંપડાની પોળ કેમ? ભોગીલાલ પાટણના, તેના સગાવહાલાનો મોટો ભાગ પાટણમાં છતાં પાટણમાં કેમ નહિ? એ તો સમજાય છે કે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓનો કોઇ પણ સાધુ એજન્ટ પાટણમાં નહિ હોવાથી તેમ પાટણના સંઘની અવગણના કરવી તે પણ ભારે જોખમ લાગવાથી હિંમત નહિ ચાલી હોય ભોગીલાલના સગા સ્નેહીઓ કે કોઇને ખબર અંતર આપ્યા સિવાય ફકત ભોગીલાલ, તેમનાં પત્નિ, અને પેલા બગધાન; આ ત્રણનીજ હાજરીને અનેક પટ્ટણીઓ ગણવામાં આવ્યા હશે?

આ ઉપરથી એમ સમજી શકાય છે કે બાળકના માબાપને હથિયાર બનાવી, રામવિજયે એક બાળકને ચોરી છુપીથી એના એજન્ટ મારફતે વેશપલ્ટો કર્યો છે. આ ઘટના ખુલ્લી પડતાં પાટણથી ભોગીલાલની જનેતા દશ બાર સગાને લઇ રોકકળ કરતી ઝાંપડાની પોળે આવી છે ને લાંઘણો કરે છે. બીજી બાજુ ભોગીલાલના મોટા ભાઇ કલકત્તાથી મુંબાઇ આવી પોતાના ચાર પાંચ સગા સ્નેહીઓને લઇ અમદાવાદ ઉપડી ગયા છે. કેસ કોર્ટે જવાની વકકી છે.

આ નામધારી સાધુઓ ચેલા વધારવાની ધુનમાં. કોઇ બીજાના નામના ખોટા કાગળો છપાવી રહ્યા છે, કોઇ બીજાના નામનાં ભાષણો છપાવી રહ્યા છે, કોઇ ભોળાં ને ગભરૂ બાળકોને આડુ અવળુ સમજાવી અનેકને ઘેર હોળા સળગાવી રહ્યા છે, અને પંચમહાવ્રતની પરવા કર્યા સિવાય અનેક કુભાન્ડો રચી રહ્યા છે છતાં આવા નામધારી સાધુઓ સમાજમાં પોષાઇ રહ્યા છે તે સમાજની કમનસીબી છે. સમાજ આવાઓથી ચેતતી ચાલે.

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના માહા સુદી ૪. તા૦ ૩-૨-૩૦ | અંક ૬ ઠો.

—પરિવર્તન, વર્તમાન ને યુવાન—

કાળ અને મનુષ્ય—એનું સામ્ય અદ્વિતીય છે.
એકજ કાળ ત્રણ રૂપે છે. ભૂત, વર્તમાન, ભાવિ.
એકજ મનુષ્ય ત્રણ રૂપે છે. બાળ, યુવાન, વૃદ્ધ.
ભૂતકાળ વૃદ્ધ છે. વર્તમાન યુવાન છે. ભાવિ બાળ છે.
વૃધ્ધો ભૂતકાળમાં કાર્ય કરી ગયા. બાળકો ભાવિમાં કરશે.
વર્તમાનમાં કાર્ય કરવું તે—**હકથી અને ફરજથી—**
યુવાનનેજ શિર છે.
જે યુવાન આ હક ગુમાવે તે મૂર્ખ છે.
જે યુવાન આ ફરજ ચૂકે તે પાપી છે.
યુવાન ! તારી ફરજ સમજ, હક મેળવ, ને
વર્તમાનમાં વિચર.

સૃષ્ટિ અને સમાજ—એ અજબ શક્તિઓ છે.
ક્ષણે ક્ષણે વિનાશ, પૂનર્જન્મ અને અમરતા અનુભવે છે.
કાર્ય કરી નિરર્થક બનેલું બળ અદૃષ્ય થાય છે.
નવીન સમય ને ઉપયોગી બળ જન્મ લે છે.
સડેલો ભાગ દૂર થાય છે. તેનું સ્થાન અનુપયુક્ત ચૈતન્ય લે છે
આથીજ તેઓ અમર છે.
સમાજને અમર રાખવા—
સડેલી રૂઢિઓ, નિર્બળ સંસ્થાઓ, અર્થહીન માન્યતાઓ,
શક્તિહીન વૃધ્ધોને સ્થાને નૂતન પ્રથાઓ, સજીવ સંસ્થાઓ,
પ્રગતિકારી વિદ્વાનો અને યૌવનભીના યુવાનોજ જોઇએ.
આ ફરજ અને હક યુવાનોનો છે.

પરિવર્તન એજ પ્રગતિ.
જગતનું પરિવર્તન ક્ષણે ક્ષણે થાય છે.
એજ તેની પ્રગતિ.
પ્રગતિ હોય ત્યાં સડો નહી.
પ્રગતિનો અભાવ તેજ સડો.
પરિવર્તન અટકાવવું મહાન પાપ છે.
પરિવર્તન ઉત્તેજવું તેજ ધર્મ છે.
પરિવર્તનકાળ એજ વર્તમાનકાળ.
પરિવર્તન અને યુવાન વર્તમાન કાળમાંજ હોય.
પરિવર્તન, યુવાન ને વર્તમાન એકજ છે,
અભેદ છે, અનાદિ છે, અનંત છે.
એ ત્રિપુટીનો ત્રિકાળ જય હો.
પરિવર્તનનો જય હો.
યુવાનનો વિજય હો.

રા. 'નલીન.'

સ્વાગતમ્ :

—:*:—

આવો—
યુવાન ! નવસરજનહારા. આવો.
કુમળાં હૈયાં જેનાં દાઝે;
ભારતી મૈયા મુક્તિ કાજે :
—મંત્ર ક્રાન્તિનો રટનારા. આવો.
જુલ્મ અને અન્યાયી સ્હામે;
નિર્ભય બની : અહિંસક ભાવે :
—અણનમ ડગલાં દેનારા. આવો.
સાચાં વ્રત સેવાનાં ધારી;
દંભ અને પાખંડ વિદારી :
—ચેતન સૌમાં ભરનારા. આવો.
કર્તવ્ય પન્થ કદી ન હારે;
'આત્મવત્ સર્વ ભૂતેષુ' માને
—સમય ધર્મને સ્હાનારા. આવો.

'આત્મન.'

યુવકોની પ્રાથમિક સભા.

સ્થળ : મહાવીર જૈન વિદ્યાલય.

—(૦)—

કાર્યક્રમ.

તા૦ ૬ ફેબ્રુઆરી ગુરૂવારની રાત્રે ૮ વાગે (સ્ટાં. ટા.) મુંબઇ યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તથા બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ સબજેકટ કમિટિના રૂપમાં મળશે ને ખરડા ઉપર ચર્ચા કરી ઠરાવો પસાર કરશે.

તા૦ ૭ ફેબ્રુઆરી શુક્રવારે સવારના ૯ થી ૧૧:
સબજેકટ કમિટિએ પસાર કરેલા ઠરાવો ઉપર યોગ્ય વિવેચનો કરવામાં આવશે.

શુક્રવારની બેઠકમાં યુવક સંઘની જનરલ સભાના સભ્યો, બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ તથા આમંત્રીત ગૃહસ્થો ભાગ લેશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો નમે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિઃ

જુન્નેર કોન્ફરન્સ.

આવતા શનિવારે શુરવીર શિવાજીની જન્મભૂમિમાં મહાવીરના અનુયાયીઓ કોમની ધાર્મિક તથા સામાજીક સ્થિતિની સુધારણાનો વિચાર કરવા માટે એકત્ર થશે. આ બેઠકમાં શું થવું જોઇએ અને શું ન થવું જોઇએ તે માટે અનેક પ્રકારના દૃષ્ટિબિંદુઓ સમાજ પાસે મૂકાય છે. કોન્ફરન્સનો અર્થ સાથે મળીને વિચાર કરવો. સંસ્થાના બંધારણને માન આપીને દરેક પ્રકારના વિચારો આપનાર આપી શકે છે. વિચારો આપે એટલે નિર્ણય થઇ જતો નથી. નિર્ણય ન થાય ત્યાં સુધી વિચારો રજુ કરવાથી ધર્મ દુખી જતો નથી. પછી ભલેને વિચારો રજુ કરવા તેનેજ કોઇ કાવતું કહેતા હોય. યુવકો તેવી ગાળોથી તેવા ગલીચ આક્ષેપોથી ડરીને વિચારો રજુ કરતાં અટકવાના નથી. યુવાનો કાવત્રાંની વ્યાખ્યા સારી રીતે સમજે છે. કાવતું કોણ કરે છે, તે સમાજથી અજાણ્યું નથી. કાવત્રાં રચવાની ટેવવાળાજ કોન્ફરન્સ માટે કાવતું કરતા રહે છે. સરકારી કાયદો પણ વિચાર દર્શાવનારને કાવત્રાંખોર ગણતો નથી. યુવકો સંસ્થાઓના કાર્યકર્તાઓની બ્લેક ડાયરી મેળવવા પ્રયાસ કરતાં નથી, શાસનરસિકોનો ઠરાવ સમાજ પાસે ખુલ્લો પડેલો છે. તે ઠરાવ, કોન્ફરન્સના કાર્યકર્તાઓએ છેલ્લા થોડા વરસમાં જે કાંઇ કાર્યો બજાવેલા તેમાંના કોઇ કોઇ કાર્યને અંગે છિદ્રો શોધી તેમ શા માટે બનવા પામ્યું તેની તપાસ કરવા માટે કમીશન નીમવા સંબંધી છે. બીજા કોઇ સવાલો ચર્ચવા લાયક શાસનરસિકોની નજરમાં દેખાયા નથી. તે ઠરાવને કોન્ફરન્સની બેઠક પછીની સ્ટેન્ડીંગ કમિટિની જે પહેલી મીટીંગ જુન્નેરમાં મળે તેમાં ચર્ચવા રાખવો જરૂરનો છે. સબજેકટ કમિટિ અને ખુલ્લી બેઠકમાં આ સવાલની ચર્ચા કરવાથી કાંઇ પણ રચનાત્મક કાર્ય કરવા માટે સમય રહે તેમ લાગતું નથી. કોન્ફરન્સની બેઠક ભરી દેશદેશથી જનતાને ખર્ચમાં ઉતારી, આવા વિતંડાવાદમાંજ વખત ગાળવો તે કોઈ રીતે ઇષ્ટ નથી. સ્ટેન્ડીંગ કમિટિ આ બાબતમાં યોગ્ય નિર્ણય કરી શકશે. સ્ટેન્ડીંગ કમિટિની મીટીંગ જુન્નેરમાં મળવાથી સભ્યોની સારી સંખ્યા તેમાં ભાગ લઇ શકશે કારણ કે જુદા જુદા વિભાગના સ્ટેન્ડીંગ કમિટિના સભ્યોની હાજરી તે પ્રસંગે હશે, એટલે વહીવટી દરેક સવાલ સારી રીતે છણાશે ને બધાનો નિર્ણય થશે કારણ કે કમીશન નીમાયું હોય ને તેને તપાસ ચલાવતા સમય ઘણો પસાર થાય, તે દરમ્યાન જુના અધિકારીઓ કામ કરવાનું સ્વીકારે નહિ ને નવાની નીમણુંક થઈ શકે નહિ માટે પ્રમુખશ્રી આ બાબત યોગ્ય રૂલીંગ આપી ખલાસ કરશે એટલી આશા રાખી શકાય.

અન્ય ઠરાવો સંબંધી જે વિચારો શાસન રસિકો આપે છે તેની તપાસ કરી લઈએ. બંધારણમાં ' તેનો ઉદ્દેશ ૪૫ આગમ અને પંચાગીને કોઇ રીતે બાધ ન આવે ' ઉપરના શબ્દો વધારવા સંબંધી છે. આવા શબ્દો ઉમેરવાની જરૂર શી રીતે ઉભી થઇ? કન્વેન્શનમાં આને લગતી બીજી હકીકત સુચવવામાં આવી હતી, તે કન્વેન્શનમાં પસાર થઇ નહોતી તે સુવિદિત છે. કોન્ફરન્સની અત્યાર સુધીની બેઠકોમાં ૪૫ આગમોને બાધ આવે એવો કોઇ ઠરાવ થયો છે ખરો? એવો ઠરાવ થવાનું કોઇએ હજી સુધી જણાવેલ નથી છતાં આવા સુધારાઓ શા માટે? કોન્ફરન્સનો ઠરાવ એટલે સર્વજ્ઞનું વચન એવો કોઇ વખત કોન્ફરન્સે દાવો કર્યો છે ખરો? વળી ૪૫ આગમને બાધ નથી આવતો કે આવે છે તે નક્કી કોણ કરશે? શું મુનિરાજની કે આગમો હાજરની હાજરી વગર કોન્ફરન્સ ન ભરવી જોઇએ એવો પ્રતિબંધ શાસનરસિકો કરાવવા માંગે છે? વળી કોન્ફરન્સના ઠરાવ એક વિષયને લગતા હોય તો પણ જુદી જુદી બેઠકમાં ફેરફાર થયા છે. કદાચ કોઇ ઠરાવના કોઇ શબ્દને અંગે એવી ગેરસમજુતી થવા સંભવ ભવિષ્યમાં ઉભો થવા પામે તો સ્ટેન્ડીંગ કમીટીની પછીની મીટીંગમાં અગર કોન્ફરન્સની બીજી બેઠકમાં સુધારો કરી શકાય. માટે આ સુધારાને સબજેકટ કમીટી ઉડાવી દેશે એવી અમો ભલામણ કરીએ છીએ. બાકી આવા બંધનથી દીક્ષા કે દેવદ્રવ્યના ઠરાવની ચર્ચા બંધ થઇ શકવાની નથી. શુદ્ધ દીક્ષા તથા શાસ્ત્રીય દીક્ષાના સ્વરૂપની ચર્ચા થાય તેને કોઇ બંધ કરી શકેજ નહી. તેવી ચર્ચા સંઘો યા સમુદાયોમાં ઘણા પ્રસંગોએ થઇ છે, તેમજ દેવદ્રવ્યના સવાલનું પણ સમજવાનું છે. વ્રતધારીઓ સંબંધી જે સુધારાની સુચના થાય છે તેનો અમલ કેવી રીતે કરવો? વૃત્તધારીની પરીક્ષા કોણ કરે? એ સંબંધી કાંઇ માર્ગ દર્શાવવામાં ન આવે ત્યાં સુધી એ સુચનાનો વિચાર કરવો અશકય છે વૃત્તધારી સબજેકટ કમીટીમાં વધારે પ્રમાણમાં દાખલ થાય તેથી સબજેકટ કમીટીનું કામકાજ વધારે ઉપયોગી નીવડશે તેવું માની શકાતું નથી. 'શાસ્ત્રીય મર્યાદાને ઉલ્લંઘનારા ભાષણો કરી શકાશે નહિ' આ હકીકત પણ વ્યવહારૂ નથી. પ્રમુખશ્રીને શાસ્ત્રનું બહોળું જ્ઞાન હોય અથવા શાસ્ત્રના બાળા જ્ઞાનાળા પ્રમુખ મળે તો પણ તે છદ્મસ્થ હોયજ. એટલે આ સુધારો પણ વ્યવહારૂ નથી. આવા સુધારા માટે રજુ કરનારની મનોદશા તપાસશો તો માલુમ પડી આવશે કે ચોકસ સંસ્થાનું સર્વોપરીપણું કોન્ફરન્સ ઉપર જમાવવા માટેના આ પ્રયાસો છે. સબજેકટ કમિટિ આ હકીકતનાં ઉંડાણમાં કયું તત્વ રહેલું છે તેનો ખ્યાલ કરી આ બધા સુધારાને ઉડાડી દેશે. હવે વિષયો કયા લેવા જોઇએ આ તે વિચારીએ. પત્રિકાના છેલ્લા અંકોમાં જુદા જુદા ગૃહસ્થો તથા મંડળો તરફથી સુચવાયેલા ઠરાવોના લીસ્ટ પ્રગટ કરવામાં આવ્યા છે અન્ય પત્રકારોએ ઠરાવો ઉપર લેખો પ્રગટ કર્યા છે તે ઉપરથી સમાજ હાલ કોન્ફરન્સ પાસે શું માગે છે તે હકીકત દીવા જેવી સ્પષ્ટ છે. પહેલો દીક્ષાનો સવાલ છે. આખા વરસ દરમ્યાન આ સવાલે કોમમાં ઓછો ખળભળાટ ફેલાવ્યો નથી, તેથી તે સવાલનો નિર્ણય કોન્ફરન્સે ચોકસ રીતે કરવો જોઇએ. ધર્મને બાધ આવે તેવા રીતે દીક્ષા અપાતી હોય, જૈન શાસનની, કોમની હાંસી થતી હોય, તેવી દીક્ષા અટકાવવા માટેના જરૂરી નિર્ણયો કોન્ફરન્સે જાહેર કરવા જોઇએ કોમને દિશા કોન્ફરન્સ નહિ સુચવે તો કામ બે ભિન્ન મતમાં વહેંચાઇ, કલેશમાં સમય ગુમાવશે. દેવદ્રવ્યનો

[જુઓ પાનું ૬ ઠું.]

શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સ (જુન્નેર)ને શ્રી જૈન યુવક મંડલ તરફથી મોકલાવેલ પ્રસ્તાવો.

૧. જૈન સમાજ આજે કેટલાયે પેટા વિભાગમાં વહેંચાયેલો છે; જેના પરિણામે સમાજ નિર્જીવ-નિષ્પ્રાણ થયેલ છે અને દીનપ્રતિદીન થતો જાય છે, તેના તરફ ધ્યાન આપી સારા જૈનસમાજને એકત્રિત કરવા-મહાવીરના એક ઝુંડા નીચે લાવવા કોન્ફરન્સે જોરથી આંદોલન કરવું ઘટે છે.

વ્યવહારૂ પગલા તરીકે:

૧. દરેક જૈનોમાં રોટી બેટી વ્યવહાર ચાલુ કરવો જોઇએ.

૨. ભવિષ્યમાં આ કોન્ફરન્સ પણ માત્ર જૈન શ્વેતામ્બર નીજ નહિ પણ અખીલ ભારતીય જૈન કોન્ફરન્સનું નામ ધારણ કરે.

૨. હાલની જૈન સંસ્થાઓમાં તેમજ મંદિરોમાં ઉપયોગ વિનાના દટાયેલા ધનનો ઉપયોગ યુગોચિત કાર્યોમાં થવો જોઇએ. જેવાકે:-

૧. કર્મવીર, જ્ઞાનવીર, આદર્શ જૈન ઉત્પન્ન કરી શકે તેવા આદર્શ જૈન વિદ્યાલય સ્થાપવામાં:

૨. જૈન યુવાનોને વાણીજ્ય-ક્ષેત્રની તાલીમ આપતી ઉદ્યોગીક શાળાઓ-સ્થાપવામાં:

૩. જૈન યુવાનોને પ્રાણવાન-સશકત-બનાવી શકે તેવા ઠેર ઠેર અખાડાઓ સ્થાપવામાં:

૪. આજના સામાજીક પુનરોત્થાનને લગતા સામાજીક કાર્યો જેવાકે આદર્શ વિધવા આશ્રમો બાલઆશ્રમો વગેરે સ્થાપવામાં:

૫. જૈન સુત્રોનું માગધી ભાષાનું અધ્યયન કરાવતી પાઠશાળાઓ સ્થાપવામાં:

આવી યોજનાઓ ઘડી તેને અમલમાં મુકવાનું જોસ-બંધ આંદોલન કોન્ફરન્સ શરૂ કરે, એમ આ મંડળનો ખાસ આગ્રહ છે:

૩. જૈનોની ઘટતી જતી સંખ્યાપર લક્ષ આપી તેના ઉપાયો આ કોન્ફરન્સ વિચારે:

તેના મુખ્ય કારણો જેવાકે:

બેકારી, સંકુચિત પેટાજ્ઞાતિને અંગે થતાં વિકૃત લગ્નો, કજોડા, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે:

જૈન સમાજનો આંતરક્ષય સમો-અસાધ્ય અને ગંભીર રોગ 'બેકારી'નો છે. એ 'બેકારી'નો ફડચો લાવવા કોન્ફરન્સે ખાસ ધ્યાન આપવું જોઇએ.

૪. આજના યુવક મંડળોને પ્રોત્સાહન આપવા કોન્ફરન્સે સેવા ક્ષેત્રના અખાડા ઉત્પન્ન કરવા જોઇએ:-

કે જેના અંગે આજે હજારો બેકાર પડેલા જૈન યુવાનો આજીવિકા સાથે સમાજસેવાની તક પણ મેળવે, તેને માટે,

૧ અનુકુળ પડતા દરેક ગામડાઓ તથા શહેરોમાં વિશાળ પાયા ઉપર જૈનોની ઉદ્યોગ સંસ્થાઓ ખોલવી.

૨ ખાદી કાર્યાલયો જેવી રાષ્ટ્રીયતાને પોષતી-વિશાળ પાયા પર સંસ્થાઓ ખોલવી.

૫. આપણો સ્ત્રીસમાજ અજ્ઞાન તેમજ સ્ત્રીસ્વાતંત્ર્યની ખામીવાળો છે. તેથી આપણી સામાજીક ઉન્નતિને બાધક રૂપ છે. એને માટે જૈન બાલિકાઓને માટે પ્રાથમિક શાળાઓ ઠેર ઠેર સ્થાપવાની જરૂરત છે; તેમજ જૈન કુમારિકાને શારિરીક તાલીમ આપી શકે તેવા અખાડાની જરૂરત છે.

૬. આજના વૈવાહિક તેમજ કારજના ફજુલ ખર્ચાઓને ઘટાડવા માટે કોન્ફરન્સે ઝુંબેશ ઉઠાવવી જોઇએ. શારદા બીલને જૈનોએ અપનાવી લેવું જોઇએ, તેમજ ફરજીયાત વૈધવ્ય દેશકાળ પ્રમાણે બંધ થવું જોઇએ; એમ આ મંડળ માને છે.

૭. કોઇપણ ૧૮ વર્ષથી નાની ઉમ્મરની વ્યકિતને તેના વાલી તથા સગાવહાલાની અનુમતિ વિના દીક્ષા નજ અપાવી જોઇએ. તેમજ સાધુ થવા ઇચ્છતા ઉમેદવારને અમુક ત્રણેક વર્ષ સુધી જૈનતત્વનો અભ્યાસ કરી તેનું પ્રમાણ પત્ર મેળવ્યાં બાદ દીક્ષા અપાવી જોઇએ.

૮. જૈન સાધુઓની જૈન સમાજ ઉપર સારી અસર છે. આપણે ઘણીયે વખતે જૈન સાધુઓના ભ્રષ્ટાચાર-શિથિલા-ચારના સમાચાર સાંભળીયે છીએ. આવા સાધુઓ જૈન ધર્મને દુનીયાની નજરે હલકો કરી રહ્યા છે, તેમજ સમાજમાં કલુષિત વાતાવરણ ફેલાવી રહ્યા છે. આવા સંજોગોમાં જૈન સાધુઓની દેખરેખ રાખે-તેના ઉપર નિયમન રાખી શકે તેવી તપાસ સમિતિની આવશ્યકતા છે.

૯. કોન્ફરન્સમાં હરવખત પાસ થતા પ્રસ્તાવોમાંથી વહેલામાં વહેલી તકે એકાદ વ્યવહારૂ કાર્યક્રમ યોજી અમલમાં મુકવા કોન્ફરન્સ તૈયાર બને એવું આ મંડળ ઇચ્છે છે, તેમજ દરેક ગામ તથા શહેરોમાં વ્યવસ્થિતપણે સંઘ, બંધારણ રચે અને તેનો સંબંધ કોન્ફરન્સ જેવી મધ્યસ્થ સંસ્થા સાથે જોડાવો જોઇએ એમ આ મંડળ ઇચ્છે છે.

વિનિત મંત્રીઓ,
જૈન યુવક સંઘ (કલકત્તા).

——(૦)——

જુન્નેર જૈન કોન્ફરન્સ, તેરમું અધિવેશન.

આવનારાઓ માટે સૂચનાઓ.

કોન્ફરન્સમાં આવનાર ડેલીગેટો અને પ્રેક્ષકો તરફથી અમોને રસ્તાઓ વગેરે સંબંધે ઘણી પૂછપરછ થયા કરે છે. સર્વે બંધુઓને આવવા માટે મોટરોની વધારે સગવડ પૂના સ્ટેશન ઉપર કરવામાં આવી છે, સ્ટેશન ઉપર વ્હોલીંટિયરો રાખવામાં આવેલા છે. સ્વાગત કમિટિએ રોકેલી મોટરમાંજ બેસવા ખાસ વિનંતિ છે. મોટરોના ભાડા વિગેરે સંબંધે સ્ટેશન ઉપર રહેલા સ્વયંસેવકો પાસેથી સર્વ જાતની માહિતિ મળી શકશે. * * *

તાલેગાંવથી પણ જુન્નેર આવી શકાય છે. પરંતુ ત્યાં વધારે મોટરોની સગવડ નથી. ચારસોથી પાંચસો પેસેંજરો ઉતરે ત્યાં સુધીની મોટરોની સગવડ મળી શકશે. મુંબઇથી મોટર રસ્તે આવનાર બોનાવાલા, તલેગાંવ થઇ જુન્નેર આવી શકે છે. દરેક આવનાર બંધુઓએ ઓઢવા-પાથરવાનું જરૂર સાથે લાવવું. મુંબઇથી જુન્નેર ૧૫૪ માઇલ થાય છે. જુન્નેર મોટર સ્ટેન્ડ ઉપર સ્વાગત કરવા ઉતારા કમિટિના સભ્યો મળશે. તેઓ સર્વે જાતની સગવડતા કરી આપશે. લી.

મોતીલાલ વીરચંદ.
ચીફ સેક્રેટરી જૈન શ્વે. કોન્ફરન્સ.

શ્રી જુન્નેરમાં ભરાતી જૈન કોન્ફરન્સ.

હાલની પરિસ્થીતિના અંગે કરવો જોઇતો અગત્યનો ઠરાવ.

——(૦)——

આપણા સમાજમાં કેટલાક સાધુઓ તરફથી દીક્ષાને માટે જોશભેર મનગમતા ઉપદેશો સતત્ ચાલુ હોવાથી જે કલુષીત વાતાવરણ ઉપસ્થીત થયું છે તેવા સાધુઓના ત્યાગના ઉપદેશને આ ઠરાવ પોષણકર્તા હોવાથી, તેમજ શ્રી મહાવીર પ્રભુના શાસનમાં ચારિત્રવાન અને સયમી જીવન વ્યતીત કરનાર સંત પુરૂષોને સન્માનનીય થઇ શકે તેમ હોવાથી તેમજ કેટલાક કહેવાતા સાધુઓ ત્યાગના ઉપદેશમાં શૂરા પણ આચરણમાં શુન્ય? તેવાઓને કસોટીકારક હોવાથી આ નીચેનો ઠરાવ સર્વાનુમતીથી પસાર કરાવવાને કોન્ફરન્સના સન્માનનીય સર્વે ડેલીગેટોને નમ્ર વીનંતી છે.

ઠરાવ.

આ કોન્ફરન્સ એવો અભિપ્રાય ધરાવે છે કે, શ્રી વીર પ્રભુના શાસનમાં ત્યાગ (દીક્ષા) એ આત્માનો સર્વોત્તમ ને કલ્યાણકારી માર્ગ છે, ને તેવા ત્યાગમાં વીચરતા સાચા ગીને આ કોન્ફરન્સ સાચા હૃદયથી સન્માને છે. પણ સાથે સાથે આ કોન્ફરન્સનો એવો પણ અભિપ્રાય છે કે ત્યાગના માર્ગમાં કેટલીક અવ્યવહાર પ્રકૃતીએ શાસ્ત્રના નામે ત્યાગના સુંદર માર્ગને વાયડો કરી મુકયો છે ને ત્યાગના ઉપદેશના બહાના નીચે શાસ્ત્રોથી અનભીજ્ઞ ભોળી જનતાને છેતરી પોતાનાં માનસને પોષી રહેલ છે, તેથી તેવાઓની કસોટી કરવાને અને સાચો સાધુ, સંત તરીકે તરી આવે તેની ખાત્રી થવાને નીચે દર્શાવેલ ત્રણ બાબતોપર આ કોન્ફરન્સ જૈન જનતાને આગ્રહભરી વીનંતી કરે છે કે–

૧ ત્યાગ માર્ગમાં વીચરતા ત્યાગીઓ (સાધુ) પોતાનો સંયમ સુખેથી નીર્વાહ કરી શકે તેવાજ આહારપાણી અર્પણ કરવા. ઇન્દ્રીઓને ઉન્માદ કરાવે તેવા પદાર્થો જેવા કે ચાહ, દુધ, મિષ્ટાન્ન આદી માદક પદાર્થો સાધુઓને વહોરાવવા નહિ. વસ્ત્રો (કપડું) દેહરક્ષણ પુરતા વધારે વખત ચાલી શકે તેવાજ વહોરાવવા. ઝીણા, મુલાયમ, કે ભારી કીંમતના વહોરાવવા નહિ.

૩ મુંબઇ, સુરત, અમદાવાદ વિગેરે મોટા શહેરોમાં સાધુનો વહેવાર હાલમાં વિશેષ પડતો હોવાથી ગામડાનાં ક્ષેત્રો શુન્ય રહે છે, તેથી નાના ગામોના રહીશ આપણા ધર્મબન્ધુઓને, આપણા ધર્મનો સામાન્ય બોધ પણ હોતો નથી તેમજ મારવાડ આદિ દેશોમાં સાધુઓના વિહારના અભાવે ત્યાંની આપણી જૈન પ્રજા ઇતર ધર્મમાં ભળતી જાય છે અને દિનપ્રતિદિન આપણી સંખ્યા ઘટતી જાય છે, તેથી મોટા શહેરમાં રહેવાને હાલમાં વિનંતી કરવી નહિ; પણ મારવાડ આદિ દેશોમાં, તથા નાના નાના ગામોમાં કે જ્યાં જૈન ધર્મના ઉપદેશની ખાસ જરૂર છે ત્યાં વીહાર કરવાને આ ત્યાગીઓના માથે વિનંતિપૂર્વક ફરજ પાડવી.

આ ઉપરના ઠરાવથી આપણી જૈન સમાજને ઘણો લાભ થવા સંભવ છે. ઠરાવનો પહેલો અને બીજો ભાગ ત્યાગના માર્ગનો પોષણકર્તા છે ને સાચા ત્યાગીને સન્માનીય છે, ખરા ખોટાની પરીક્ષાની કસોટી જેવો છે અને હાલનાં વાતાવરણમાં આ ઠરાવ કરવાની ખાસ આવશ્યકતા છે. ઠરાવનો ત્રીજો ભાગ જો અમલમાં ફરજીયાત મુકવામાં આવે તો હાલનું ડોળાએલ વાતાવરણ સ્વયમેવ સુધરે તેમ છે. રચનાત્મક કાર્યક્રમ જેવો છે. નાના નાના ગામોમાં, જ્યાં આપણા ભાઇઓ ધર્મથી વંચીત રહે છે ને ઇતર ધર્મમાં ભળતા જાય છે ત્યાં સાધુના વીહારથી, તેમના ઉપદેશથી તેમના ગૃહવહેવાર સુધરશે. એકંદર આ ઠરાવથી ઘણો ફાયદો થાય તેમ છે અને શાસ્ત્રની મર્યાદાની અંદરના છે તેથી આ ઠરાવ સર્વાનુમતે પાસ કરાવવા સર્વે ડેલીગેટોને નમ્ર અરજ છે.

લી૦ શ્રી સંઘનો સેવક,
રાયચંદ લાલચંદ શાહ.
શ્રી સુરત જૈન સુધારક મંડળના તરફથી
ચુંટાએલ પ્રતિનિધિ.

જાહેરાત.

—(૦)—

આથી સર્વેને જણાવવામાં આવે છે કે પાટણ નિવાસી ઓશ્વાલ જ્ઞાતીના ધર્મપ્રેમી શેઠશ્રી અમૃતલાલ નહાલચંદ ફાગણ સુદી ત્રીજને સોમવાર તા૦ ૩ જી માર્ચ ૧૯૩૦ ના રોજ પાટણમાં પૂજ્યપાદ પન્યાસ શ્રી. કસ્તુરીજયજી મહારાજના શુભ હસ્તે વૈરાગ્યપૂર્વક પરમ પવિત્ર ભાગવતિ દિક્ષા અંગીકાર કરવાના છે.

એજ લી૦,
શેઠ પોપટલાલ હેમચંદ નગરશેઠ.
પાટણ, તા૦ ૨૯-૧-૧૯૩૦ } સંઘપતિ, પાટણ (ઉ. ગુ.)

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦
છુટક નકલ: મુંબઇમાં અઢીઆના. બહારગામ પોણા આના.

કસોટીના સમય.

યુવાન બાંધવો, અરે જૈન સમાજના આશાભર્યા ને ચળકતા હીરલાઓ, આવો, કસોટીનો સમય આવી ચુકયો છે. નસેનસમાં નવિન રકત ભરેલા યુવકને એથી મુંઝાવાનું કે શિથિલતા ધરવાનું નજ હોય. એ તો આર્થિક સંયોગોને આઘા ખસેડીને, અને વર્તમાન સંયોગોને બાજુપર મેલીને, સંમેલનમાં ઉપસ્થિત થાય અને અધિવેશનને આંગણે હસતો રમતો પ્રવેશે. કુંભકર્ણની નિદ્રાને જન્મસિદ્ધ હક માની, વિના સંકોચે સેવતી જૈનપ્રજા માટે સંમેલન કે અધિવેશન એ અનેરા પ્રસંગો છે. કૂપમંડુકોને મન એ 'હજારોનો ધુમાડો, ભલે હોય, વેવલાભાઇઓના હૃદયમાં અત્યારથી સાદમારીના સ્વપ્ના ભલે આવે અને 'સમર્થો ગૃહભંજને' એજ જેમનો મુદ્રાલેખ હોય તેવાઓ ભલેને ત્યાં આવીને પણ ધમપછાડા મારે, છતાં એ સાચા યુવાન, ત્હારે એની જરૂ માત્ર ચિન્તા ધરવાની નજ હોય, એટલું અવશ્ય ગોખી રાખવું કે 'સમયના સામે કોઇનું ચાલતું નથી.' સમયાનુસાર, સુધારણા કરવાને બદલે જેઓ આગમને નામે મનગમતી ઠેકડી કરી રહ્યા છે, અરે સારા કાર્યોમાં ભૂતકાળના ખોખરા ખોટા બનાવો આગળ ધરી કાંટા વેરી રહ્યા છે તેઓ ભલેને ઉંચા આસનના ધજ્જરદારો હોય કિંવા અઢળક લક્ષ્મીના ભોકતા હોય અથવા તો લાગવગ ધરાવનાર લંબુણો હોય! દેશકાળને એમની કંઇજ પડી નથી. મહા મુશીબતે અને કેટલીયે રાતોના ઉજાગરા વેઠીને ચણેલા કિલ્લાઓ જોતજોતામાં ધરાશાયી થઇ જાય છે; અરે સમયદેવતાના ખપ્પરમાં એ સર્વ નિમેષમાત્રમાં સ્વાહા થઇ જાય છે અને છેવટે લમણે હાથ મુકી તેમને પોકારવું પડે છે કે 'અઘટિતતાનિ ઘટયતિ, સુઘટિતતાનિ જર્જરી કુરૂતે,' તેથીજ ઓ વીરબાળ, તું નિશંકપણે કુચ કર.

વર્તમાનકાળના મતમતાંતરમાં રખેને તું શ્રી વીરપ્રભુને સંડોવતો! 'દીક્ષાની વય આઠ' એ જેમ ખરી છે તેમ 'એ વિવેકપૂર્વક ને દેશકાળ જોઇ આપવી ઘટે' એ પણ ખરૂંજ છે. શ્રી મહાવીરદેવનો શ્રમણ સંઘ વિસ્તાર પામે એ જરૂર ગમે, છતાં સામાન્ય બુદ્ધિથી તસુભાર પણ આગળ નહિં ગયેલા બાળકો એ પવિત્ર વેષ પહેરી, એની ઇતર સમાજમાં હાંસી કરાવે એ તો નજ ગમે. માટેજ આપણે શ્રી હરિભદ્રસૂરિ કે યશોવિજયજીને પૂર્ણ માન આપતાં છતાં એમના જેવી સત્તા સાગરજી કે રામવિજયજીને આપવાની ના પાડીએ છીએ. એથીજ ધર્મના સિદ્ધાંતો અમલ રાખીને પણ પ્રવર્તિ રહેલ હુતાશનીને શાંત પાડવા સંઘના હસ્તમાં સત્તા સોંપવારૂપ કાનુન કરવાનાજ.

શ્રી યશોવિજયજીના વાદપ્રતિવાદની નિષ્ફળતાસુચક કથનથી ઘડો લઇ અવશ્ય યોગ્ય ઠરાવ કરવાના, કે જે પ્રભુશ્રીના સ્યાદ્વાદ માર્ગ શોભાવે અને જૈન દર્શનમાં કોઇ વસ્તુ એકાંતે નથી રહી તેનો જનતાને ખ્યાલ આપે.

સંમેલનમાં પધારનાર ભાઇ જેમ દેવદ્રવ્ય કે વિધવાના પ્રશ્નનો અભ્યાસ કર્યા વગર ન આવે તેમ તેને પાસ કરવાના અડગ વ્રત લઇને પણ નજ આવે. એટલું તો જરૂર કોતરી રાખે કે આપણે હવે એ પ્રશ્નોને વિચાર્યા વગર, અરે એ સંબંધમાં ઘટતું કર્યા વગર તો નહિંજ ચાલે. અલબત્ત સાથે મળીને એનો ઉકેલ કરતાં જરૂર આપણે જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખવાનીજ છે; અને સાથે એ પણ વિચારવાનું છે કે જો ધર્ચ્છિત કામ સરતું હોય તો શબ્દ જાળની મોહિનીમાં એવી રીતે ન પડવું કે 'મા' જેવા સુંદર શબ્દને ત્યજી 'બાપની વહુ' જેવા અપ્રીય વચન પ્રયોગમાં પડવું પડે. આટલું તો વિના સંકોચે કહી શકાય કે સમાજ–વૃધ્ધો ને બાળકો–ઇદ્ધિગ્રસ્તો કે કલ્પના વિહારીઓ એ સૌ કોઇ તમો શું કરી દેખાડો છો એ જાણવા આતુર છે. ગાંધીયુગ જેવા સ્પષ્ટ કાળમાં ભાગ્યેજ કોઇ ઠરાવોની હારમાળા કે ભારોભાર મોહકતાથી અંજાય તેમ છે. માટેજ જે કંઇ કરવાનું છે તે આચરી પણ બતાવવાનું છે એવી પાકી ગાંઠ વાળીને દરેક આવે. 'સવા ખાંડી વજન કરતાં પાશેર વર્તન'ની કિંમત વધુ છે, એ ગાંધીજીના સુત્રને સદૈવ સ્મરણમાં રાખવાનું છે.

સંમેલનમાંથી પરવારી જુન્નેર જવું એતો પ્રત્યેક યુવકનો નિશ્ચય હોયજ. સુરતની સોસાયટીના કહેવાતા અખિલ સંમેલનના આંખમાં પડેલ બીલ્લને દુર કરવા સારૂં પણ હાજરીની તો જરૂર; બાકીતો 'યુવકસંઘ તો મૂર્તિપૂજક નથી' 'આગમને બાળી મૂકવાનું કહે છે' 'દહેરાને ઉખેડી નાખવાનું લખ્યું છે' 'પ્રતિનિધિત્વ મોકલવાનો એને હક નથી' ઇત્યાદી ઉભી કરેલી ભ્રમજાળને ચીરી નાંખવા સારૂ તેમજ એણે જોયેલ માત્ર વામ (ડાબુ) પાસુ–સોસાયટી એટલેજ ધર્મ ટોળી આગમ માર્ગે ચાલનારી સંસ્થા, સાચો ધર્મ પાળનારી પતિવૃતા આદિ જાતબડાઇઓ–કેટલું બધું વિકળ છે એનું સ્પષ્ટ ભાન કરાવવા સારૂં, અને પરમાત્મા શ્રી મહાવીર દેવનો સાચો માર્ગ કેટલો દૂર છે અને આ જે ચાલી રહ્યું છે તેતો 'શ્રીરામની રામાયણ' સિવાય બીજું કંઇજ નથી, એવું ડિંડિમ નાદે જાહેર કરવા ખાતર પણ યુવાન હૃદયોએ જવાનું છે. શ્રીમતી કાન્ફરન્સ દેવીના સ્થાનને શોભાવવા, એનું શોપાઇ જવું બળ પ્રદીપ્ત કરવા અને એની શક્તિનું–કૂપમંડુકોને. સત્તાના ધજ્જરદારોને મહાત્મ્ય દેખાડવા પણ અવશ્ય જવુંજ જોઇએ.

કસોટી કાળે, સાચી ભાવનાથી કામ કરતાં હાથોને, અવશ્ય અંતરિક્ષથી સહાય મળે છે અર્થાત કુદરત તેના તરફ ફરે છે માટે 'God helps them who help themselves' એ વાત પર ભરોંસો રાખી દરેક યુવાન એ તરફ પગલા ભરે.

રા. (કુસુમ.)

ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

(અનુસંધાન પાના ૨ નું ચાલુ.)

સવાલને અંગે હાલ જે અનર્ગળ દ્રવ્ય જુદા જુદા પ્રકારે દેવદ્રવ્યમાં એકત્ર થાય છે તેમાં શું હજી વધારો થવા દેવો છે? જે ક્ષેત્રો ડુબતાં હોય તેની પુષ્ટી કરી, દેવદ્રવ્ય જરૂર પુરતું હોય તો તેવા વધારાની જરૂર નથી, એટલી સુચના કોન્ફરન્સ આપે તો શું શાસ્ત્રીય મર્યાદાનો ભંગ થાય છે? બીજી સંઘ બંધારણનો સવાલ હાથ ધરવા જેવો છે. શ્રી સંઘોમાં વ્યવસ્થિત બંધારણ હોય તોજ સંઘના ચાલુ કામકાજો સરળતાથી ચાલી શકે. સંઘના કામકાજમાં વિશ્વાસ ટકી શકે, ને સંઘના તાબાની સંસ્થાઓ વધારે મજબુત થાય તે ખુલ્લી વાત છે. શ્રી મુંબાઇ સંઘ તરફના ડેલીગેટ ચુંટવા મળેલ મીટીંગનું જે પરિણામ આવ્યું તે પછી કોન્ફરન્સના કાર્યકર્તાઓ આ સવાલની જરૂરીયાત સમજ્યાજ હશે સામાજીક સુધારાઓ ઉપર હવે આવીયે? આ સવાલ કોન્ફરન્સે અસ્પર્શ્ય ગણ્યો નથી એટલે ચર્ચાશે તે તો ચોકસ છે પણ ઠરાવો ઘડવા ને કાર્યકર્તાઓ તેનો ભંગ કરે તે સ્થિતી ઇષ્ટ નથી. વળી હાલના દેશકાળને જોઇને તે ઠરાવનું રૂપ પણ બદલવું જોઇએ એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે. વિધવાઓનો સવાલ આમાં સમાઇ જાય છે. શારીરિક સ્થિતી સુધારવાના સાધનો સબંધીનો વિચાર ન કરવો એમ કોઇ કહી શકશે નહિ એટલે તે વિષય અમો વધારે ચર્ચવા માંગતા નથી. કેળવણીના સવાલને અંગે એકજ સુચના કરવાની છે. ઠરાવ તો આ વિષય ઉપર ઘણા થયા પણ વિશેષ પ્રકારે પ્રગતિ થઇ શકે તેટલા માટે એજ્યુકેશન બોર્ડ પાસેથી સમાજ વધારે કાર્યની આશા રાખે છે. કેળવણી સંબંધીના ઠરાવોનો વ્યવહારૂ અમલ થવા માટે જે પ્રોપેગેંડા વરસ દરમ્યાન થવાની જરૂર છે તે બોર્ડે તૈયાર કરવો જોઇએ. બાકી સ્કોલરશીપો ને પાઠશાળાને મદદ આપનારા તો ઘણા મંડળો છે, તેટલાજ કાર્ય માટે એજ્યુકેશન બોર્ડની સંસ્થાની જરૂર નથી.

જૈન સમાજ દેશની ચળવળથી અલગ રહી શકે નહિ એટલે રાષ્ટ્રીય મહાસભાને વફાદારીનો ઠરાવ પણ એટલો જરૂરનો છે. બીજું ગયા વરસ દરમ્યાન મુનિરાજ ઉપર સંઘની સત્તા શું ને સંઘ કોને કહેવાય, એ પ્રશ્નો ઉપસ્થિત થયેલા છે તેનો પણ કોન્ફરન્સે નિર્ણય કરવો જોઇએ. જૈન બેંકનો સવાલ લેવો જોઇએ તેને વિષે પણ મતભેદ હોઇ શકેજ નહિ.

પરંતુ યુવાનોની ફરજ શું? આ કોન્ફરન્સમાં યુવાનોએ શું કરવું જોઇએ તેમજ યુવાનોએ સહકાર આપવો કે નહિ તે પ્રશ્ન વિચારણીય છે (૧) કોન્ફરન્સના કાર્યકર્તાઓ જુના અનેકવાર પસાર થયેલા ઠરાવોની હારમાળા પસાર કરવા માટેજ બેઠક ભરતા હોય. (૨) સ્ટેન્ડીંગ કમિટિની ઉદાસીનતાને ટેકો આપી નવા કાર્યક્રમનો કાંઇ પણ વિચાર કરવા ના પાડે, (૩) બેઠક ભાંગી જશે માટે તમે આમ ન કરો, ને તમે તેમ ન કરો, એવી જો તેમની માગણી હોય તો યુવાનો તરફનો તેવી સ્થિતીમાં સહકાર કદાચ ન પણ મળે. કોમની હાલની પરિસ્થિતીનો વિચાર કરી ધર્મને બાધ ન આવે તેવી રીતે કોમની ધાર્મિક તથા સામાજીક સુધારાની દૃષ્ટિથી જરૂરના એવા કોઇપણ કાર્યમાં યુવાનો પોતાનો સહકાર આપશે. કાર્યના ગુણની દૃષ્ટિથી યુવકોએ પોતાના સહકારનો નિર્ણય કરવાનો છે. બાકી ભાંગી જશે માટે વિચારો ન કરવા તે મનોદશા યુવકોની હોઇ શકે નહિ તે માટે સુરતનો કોંગ્રેસનો ઇતિહાસ સુપ્રસિદ્ધ છે. સુરતમાં કોંગ્રેસ ભાંગી હતી; છતાં હજી પણ તે જુદે જુદે પ્રસંગે સમયાનુકુળ ફેરફાર કરી વધારે બળવાળી બની પોતાનું કાર્ય બજાવે જાય છે. કોન્ફરન્સ ઘણું જીવો.

જૈન કોન્ફરન્સમાં પાટણના પ્રતિનિધિઓ.

—:○○:O:○○:—

એક જૈને ફેલાવેલું જુઠાણું.

હવે સમાજ છેતરાય તેમ નથી.

——(૦)——

'સાંજ વર્તમાન' તા૦ ૨૮-૧-૩૦ ના અંકમાં 'જૈન કોન્ફરન્સમાં પાટણના પ્રતિનિધિઓ' એ હેડીંગ નીચે એક નનામાં જૈને અસત્યથી ભરપુર ઇરાદાપૂર્વક જાહેરાત ફેલાવી જનતાને ગેરસમજમાં નાખવાનો એક મીથ્યા પ્રયાસ કર્યો છે. આ એક જૈન યંગમેન્સ સોસાયટીનો સભ્યજ હોવો જોઇએ એ નિર્વિવાદ વાત છે.

આ સોસાયટીની સ્થાપનાથી અત્યાર સુધીની તેની કાર્યવાહી તપાસીએ તો જણાઇ આવશે કે જુઠું બોલવું, જુઠું લખવું અને જુઠો પ્રચાર કરવો, એ એમનો જન્મ સિદ્ધ હક કેમ ન હોય? અથવા તો તેની ગલથુથીમાંજ જુઠાણું પોસવામાં આવ્યું હોય એમ માની શકાય.

જૈન સંઘે જ્યારે દીક્ષાનો ઠરાવ પસાર કર્યો ત્યારે પણ "કોઇ પણ જાતનો ઠરાવ થયો નથી" તેવા ખોટા સમાચાર પેપર અને હેન્ડબીલદ્વારા ફેલાવ્યા અને જ્યારે ખાત્તર સંઘે ૧૫૩ ને સંઘના વ્યવહારથી દૂર કર્યા ત્યારેજ ફરીથી લખવું ભુલી ગયા. સાધુઓના નામથી સંઘ ઉપર ખોટા તારો મૂકાવ્યા પણ અંદર તારોમાં કેટલું પોકળ હતું તે પુજ્યપાદ મુનિ મહારાજશ્રી દર્શનવિજયજીએ જૈન પત્રદ્વારા પોતાના તારનો ઇન્કાર કરી સમાજને જણાવી દીધું.

હવે સંઘના વ્યવહારમાં તેઓ નહી હોવાથી, જુનેર જનાર પ્રતિનિધિઓમાં તેમનો ભાવ નહી પુછાયો એટલે આ નવું ધતીંગ ઉભું કર્યું.

પેટનો બળ્યો ગામ બાળે તે આનું નામ. આખો એ લેખ અસત્યથી ભરપુર છે. તેમજ ભંજાડી કલ્પનાથી લખી કાઢયો હોય એમ તે વાંચતા જણાઇ આવે એમ છે. કોણ જાણે આ કહેવાતા શાસનરસીકોએ જુઠાણું ફેલાવવાનો ઇજારો રાખ્યો છે કે તેમને વ્યસન પડી ગયું છે તે સમજાતું નથી. પણ સમાજ હવે તેમના માયાવી તત્વોમાં તેમજ તેમની પાથરેલી જાળોમાં ફસાય તેમ નથી.

લી૦ 'સત્ય પ્રેમી'

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

(કોન્ફરન્સ અંક.)

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૭-૮.	સંવત ૧૯૮૬ ના માહા વદી ૫. તા૦ ૧૭-૨-૩૦	છુટક નકલ ૧ આનો બહારગામ ૧૧ ,,

શાસન પ્રેમીઓની— ખુલ્લી પડી ગયેલ બાજી.

મહુવા, તા૦ ૧-૨-૩૦

ભાઇશ્રી.....

તમારો કાગળ મળેલ છે. જુન્નેર કોન્ફરન્સના પ્રતિનિધિ ચુંટવા માટે અત્રે સંઘ એકત્ર થયેલ નથી અને અત્રેના સંઘનું માનસ જોતાં પ્રતિનિધિ ચુંટીને મોકલે તેમ જણાતું નથી છતાં સંઘ એકઠો થશે તો જે બનશે તે તમોને જણાવીશ. લી૦.....ના પ્રણામ

(સંઘપતિ)

નોંધઃ શાસન પ્રેમીઓ જુન્નેર કોન્ફરન્સમાં કેવી રીતે પ્રતિનિધિઓ તરીકે આવેલા તેનું જવલંત દ્રષ્ટાંત ઉપરનો પત્ર પુરૂં પાડે છે. શાસન પ્રેમીઓએ ઉપરોક્ત ગામ તરફથી ચુંટાયેલા પ્રતિનિધિઓ તરીકે મુંબઇથીજ બારોબાર પોતાના પક્ષના દસબાર નામો આપી દીધાં હતાં. આવા હીરાઓ? જુન્નેર જઇ આવ્યા અને ડેલે હાથ દઇ આવ્યા.

તા૦ ૧૫-૨-૩૦.

હિન્દુસ્તાન તા૦ ૧૪-૨-૩૦ ના અકમાં શેઠ હરીલાલ લાલચંદ તરફથી ગેરસમજુતિ ઉત્પન્ન કરવા જે બીના પ્રગટ કરાવવામાં આવી છે તેનો ઉપરનો પત્ર સચોટ જવાબ છે. મહુવામાં સંઘની મિટિંગ થઇજ નથી-કોન્ફરન્સ માટે ડેલીગેટો ચુંટાયા નથી. અને મહુવા તરફથી કોઇપણ પ્રતિનિધિ મોકલવામાં આવ્યા નથી તે દીવા જેવુ સ્પષ્ટ છે. જ્ઞાતિના શેઠ હોય, કે બાળાશ્રમના ટ્રસ્ટી હોય અથવા સાધુસંમેલન વાસ્તે ડેપ્યુટેશન સાથે ગયા હોય અથવા તો મુંબઇના કેટલાએક ખાતાંના મેનેજીંગ કમિટીના મેમ્બર હોય-એટલા માટેજ કાયદેસર ચુંટણી વિના કોન્ફરન્સના ડેલીગેટ થવાતું નથી, તે હરીલાલભાઇએ સમજવું ઘટે છે-છતાં પોતાનેજ ગમે તેટલા ડેલીગેટો ચુંટી મોકલી આપવાનો હક્ક હોય તેમ તેઓ શ્રીએ મનમાન્યા નામો લખી નવું ફોર્મ ભરી આપવાની ધૃષ્ટતા કરી છે. અને તેવા ડેલીગેટોને પ્રતિનિધિની ટીકીટ ન મળી શકી તેટલા માટે પોતાનો "કડવો અનુભવ" જાહેર કરવા બહાર પડયા છે.

જમાના ઓળખો!

માત્ર આપણાજ ધર્મમાં નહિં, પણ દુનિયા ભરના તમામ ધર્મોના ધર્મગુરૂઓ બાબતમાં કેટલીએ ગંભીર ફરીયાદો ચોક્કસપણે નજરે જોવામાં આવે છે, અને તે પર ઢાંક પીછોડો કરવા ઉપરાંત કેટલાક સ્વાર્થીઓ ઉલટો બચાવ કરતા રહ્યા છે.

(રાવસાહેબ રવજી સોજપાળના ભાષણમાંથી.)

કોન્ફરન્સ તુટી જશે તેવી અમારી સામે પીસ્તોલ તાકવામાં આવે છે પણ હવે અમે તે સહન કરવાના નથી. બંધારણમાં અમો માંગીએ છીએ તેવો ફેરફાર કરો, ને પછી કેવું પરિવર્તન કરવું તે અમે જાણીએ છીએ. સ્ત્રીઓને હક આપવાની વાત થાય છે પણ બંધારણમાં તે માટે વ્યવહારીક ગોઠવણ છે કે? અમે કોન્ફરન્સને તોડી પાડવા માંગતા નથી. કોન્ફરન્સ માટે અમને અધીક માન છે.

(ચીમનલાલ હીંમતલાલ સંઘવીના ભાષણમાંથી)

વીધવાઓ, અમે જ્ઞાતિ, સમાજ અને દેશની સેવા કરવાને તૈયાર છીએ. વિધવાઓ ગર્ભપાત કરે છે એવી ફરીયાદ થાય છે પણ વિધવાઓ આકાશમાંથી આવી નથી. પુરૂષો મક્કમ રહે તો વિધવાઓ આડે માર્ગે ન ચાલે. વિધવાઓને સાધનો પુરા પાડો છતાં તેઓ તેનો લાભ ન લે તો પછી તેને પરણાવવાની વાત કરજો. જૈનો જનાવરો માટે ફંડ કરે છે તો તેમણે વિધવાઓની સ્થિતી સુધારવા માટે પણ ફંડ સ્થાપવા જોઇએ. વિધવાઓ આડે રસ્તે ઉતરી ગઇ હોય તો તેમને સુધારવાની ફરજ સંઘની છે.

(કચ્છી રાણીબાઇ હીરજીના ભાષણમાંથી.)

આપણે શારિરીક કેળવણી છુટથી મેળવવી જોઇએ. દરેક ગામમાં વ્યાયામશાળાઓ, કસરતશાળાઓ, અને સાર્વજનીક બુદ્ધિથી, એકદમ યાહોમ કરી ધર્મરક્ષણ કરનારા વીરો આપણે પેદા કરવા જોઇએ. આ પ્રશ્ન આપણે બીલકુલ પાછળ રાખી શકાય તેમ નથી. આપણે આવા કાર્યોમાં શ્વેતામ્બરી, દીગમ્બરી કે સ્થાનકવાસી આવા ક્ષુદ્ર ભેદો ભુલી જવા જોઇએ. **આપણે હાલમાં આપસમાં આપણા બંધુઓનાજ માથાં ભાંગવામાં બધુ શુરાતન બજાવવા બેઠા છીએ,** તેથી આપણું ગૌરવ તો વધતું નથીજ પણ દરેક પરધર્મી આપણી તરફ ધૃણાની નજરે જોવા મંડયો છે.

(શેઠ ચુનીલાલ સરૂપચંદના ભાષણમાંથી.)

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो नमे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જુન્નેર જૈન કોન્ફરન્સ.

શ્રીમતિ જૈન કોન્ફરન્સની તેરમી બેઠક સંપૂર્ણ રીતે કૃતકૃત્યતાપૂર્વક પાર ઉતરી છે, તેને અંગે અનેક ભવિષ્યવાણીઓ ઉચ્ચારવામાં આવતી હતી તે બધી ખોટી પાડી જૈન સમાજને પ્રગતિએ લઇ જવાના કાર્યમાં જુન્નેરની કોન્ફરન્સની બેઠકે સારો ફાળો આપ્યો છે. અને કહેવાતા ધર્મિ લોકોએ ભારૂતી દળ સાથે કોન્ફરન્સને આંગણેથી વિદાય લીધી છે. ધાર્મિક કાર્ય ને ભારૂતી સૈનિકો બન્નેને કોઇ દિવસ મેળ હોઇ શકે નહિ. પંદર રૂપિયા આપીને પ્રચાર કરેલું ભારૂતી સૈન્ય ધર્મ (?)ના સંરક્ષણને અર્થે કામ લાગ્યું નહિ. સ્વાગત સમિતિના કાર્ય કરનારાઓએ, જુન્નેર નાનું ગામ હોવા છતાં જે સગવડ જાળવી છે, કોન્ફરન્સના કાર્યને અંગે અનેક પ્રકારની જરૂરીયાતો પુરી પાડવામાં જે જહેમત ઉઠાવી હતી તે વર્ણવી શકાય તેમ નથી. મોટા શહેરો જે સગવડ બહોળા સાધનો હોવા છતાં રાખી શકતા નથી, તે સગવડ જુન્નેર ગામે જાતમહેનત તથા સહકારથી રાખી હતી. ધર્મિ વર્ગ જણાવે છે કે 'તેમનાથી વિરૂદ્ધ પ્રજાના ડેલીગેટો તથા પ્રેક્ષકોને માટે ઇરાદાપૂર્વક કાંઇપણ સગવડ રાખવામાં આવી નહોતી એમ જણાતું હતું' આવો આક્ષેપ કરનારમાં ધર્મ બુદ્ધિતો શું પણ ન્યાય બુદ્ધિ નોય છાંટો હોય તેમ કોઇ માની શકે નહિંજ. જુન્નેરના કાર્યવાહકોને ચોક્કસ પક્ષ તરફ દ્વેષ હોવાનું કારણ કોઇ બતાવી શકતું નથી, તો પછી સમાજ તેમના ખુલાસાના તે આરોપ ઉપર કાંઇપણ વિશ્વાસ રાખશે નહિ. વાત એમ છે કે પોતાના વાડામાં રહી વિચાર કરનારાઓ એમ માને છે કે સમાજ બધો અમારા જેવા વિચાર ધરાવે છે તેમ આ પક્ષ એવી ભ્રામક માન્યતા સાથે જુન્નેર આવેલ; ત્યાં આવ્યા પછી સમગ્ર હિંદના જૈન ડેલીગેટોની વિચારશ્રેણી જોતાં તે પક્ષના પડળ ઉઘડી ગયા ને લાગ્યું કે આપણા વિચારો કોઇ સ્વીકારે તેમ લાગતું નથી, એટલે ગુંડાશાહી ચલાવવા–બેઠકને ભાંગવાના પ્રયત્ન કરી જોયા પણ તેમને ખબર નહિ કે આ તો મહારાષ્ટ્ર છે, તે ગુંડાશાહીથી દબાઇ જાય તેમ નથી. તેઓએ ગુંડાશાહી ચલાવી. પરિણામ શું આવ્યું તે જુન્નેરમાં હાજર રહેનારા સર્વ જાણે છે. ઘણી વિગતો તેમના ખુલાસામાં અસત્યથી ભરપુર છે. વિચારમતભેદ હોઇ શકે પણ હકીકતની સત્યતા ગમે તેવા બચાવોથી ફેરવી શકાશે નહિ. ધર્મિપક્ષ જણાવે છે કે, 'લાઠીથી સજ્જ થયેલા વોલન્ટીયર આવ્યા અને ફટકા લગાવવા માંડયા.' તદ્દન ગલતને નહિ માની શકાય તેવી વાત છે. વોલન્ટીયરો સેવા માટે રાખવામાં આવે છે, તે વોલન્ટીયરો કોઇપણ ડેલીગેટ કે પ્રેક્ષકનું કારણ ઉપસ્થિત થયા વગર અપમાન પણ ન કરે તો પછી લાઠીના ફટકાજ લગાવવા મંડી જાય તે હકીકત સાદી સમજવાળો માણસ પણ સ્વીકારી શકે નહિ. ધર્મિપક્ષને પૂછીયે કે લાઠી કોને વાગી હતી? તેના નામ શા માટે આપતા નથી? આકી ધર્મિપક્ષના પરાક્રમનાં પુરાવા તો મોજુદ છે. ધર્મિપક્ષને નામે ખુલાસો બહાર પાડયો છે તેમાં તેમના આગેવાન શેઠ નગીનદાસ, શેઠ જીવાભાઇ તથા પોપટલાલ ધારશીની સહી કેમ નથી? રા. રા. ચીનુભાઇ સોલીસીટર તે વખતે હાજર હતા તો તેમની સહી કેમ ખુલાસામાં નથી? જુન્નેરના સબજજની હાજરીમાં જે વાત થવાનું જણાવવામાં આવે છે, ને જનરલ સેક્રેટરીઓ એ આમ કહ્યું ને તેમ કહ્યું તે બધી વાત કેટલી સત્ય છે, તે બાબતનું જનરલ સેક્રેટરીઓના સત્તાવાર ખુલાસા ઉપરથી તોલન થઇ શકશે. સોસાયટીના સેક્રેટરીઓ તા૦ ૧૨ મી બુધવારના મુંબાઇ સમાચારના પ્રગટ થયેલ ખુલાસામાં જણાવે છે કે 'અમારા જાનમાલની સલામતી ખાતર અમોને તાબડતોબ જુન્નેર છોડી જવાની જરૂર પડી હતી' જો જાનમાલ જોખમમાં હતાં, ને વોલન્ટીયરો લાઠી લઇ મારવા ઉભા હતા, તો પછી સજા કઇ રીતે ભરી શકયા? આખો ખુલાસો તેમના ધર્મિપક્ષના નામને શરમાવનારો, અને અસત્યથી ભરેલો છે. સમાજની ન્યાય બુદ્ધિ ઉપર અમોને વિશ્વાસ છે, તે આવી બનાવટોથી હવે ભોળવાય તેમ નથી. સ્થાનિક કાર્યકર્તાઓની મુસ્કેલીમાં વધારો કરવો, વોલન્ટીયરની સેવાને પત્થરોથી વધાવી લેવી, સગવડ આપનારને ઉલટો અન્યાય ને ગાળો આપવી તેજ, ધર્મિપક્ષનું વલણ હતું. બીજો ધર્મ તે પક્ષનો નથી, એમ નિષ્પક્ષપાત જોનારને જુન્નેરમાં લાગતું હતું. કારણ કે ત્યાં સુધારક પક્ષ અગર ધર્મિપક્ષ બન્નેમાં નહિ ભળતા તેવા તટસ્થ પુરૂષો હાજર હતા. જેઓ સમય આવે જરૂર જણાશે તો પોતાના મંતવ્યો રજુ કરશે. યુવક વર્ગે આ કોન્ફરન્સમાં શું કર્યું ને શું નથી કર્યું તે વિષે જુદા જુદા પત્રોએ ચર્ચા કરી છે, તે મુદ્દો અમો આવતા અંકમાં ચર્ચશું. પણ એક હકીકતનો જવાબ આપવાનો છે. એક પત્રકારે લખ્યું છે કે "×××× યુવાનો પણ કોંગ્રેસ અને સ્વતંત્રતાને યાદ ન કરી શકયા?" હકીકત તદ્દન ખોટી છે. શ્રી. પરમાનંદ કુંવરજીએ તે ઠરાવ ઉપર કોંગ્રેસના ધ્યેયને ટેકો આપનારો સુધારો યુવક વર્ગ તરફથી સબજેકટ કમિટીમાં મૂકયો હતો. પણ પ્રમુખશ્રીએ રાજકીય ઠરાવ હોવાથી અને બંધારણની વિરૂદ્ધનો હોવાથી ઓર્ડર બહાર ઠરાવ્યો હતો; વળી બંધારણ 'રાજકીય' શબ્દવાળું કોન્ફરન્સની ખુલ્લી બેઠકમાં પસાર થાય ત્યારેજ અમલમાં આવ્યુ ગણી શકાય જ્યારે તે ઠરાવ ત્રીજે દિવસે સાંજના પસાર થયો એટલે તે પછી નવો ઠરાવ લાવવાનો સમય નહોતો.

જુન્નેર કોન્ફરન્સ.

સંસ્મરણો.

(૧)

લેખક : પરમાનંદ.

—:*:—

જુન્નેર કોન્ફરન્સે આખા જૈન સમુદાયમાં નવું વિચાર ચૈતન્ય પ્રગટ કર્યું છે. આ કોન્ફરન્સના કાર્યની સવિસ્તર સમાલોચનાને અહીં અવકાશ નથી પણ એ ત્રણ મુખ્ય બાબતોની અહિં ખાસ નોંધ લેવી ઘટે છે. પ્રથમ તો શાસનપ્રેમી વર્ગનું જુન્નેર ખાતે ગમનાગમન પ્રકરણ આપણા સમાજમાં કઈ હદની ગુંડાશાહી પ્રવર્તી રહી છે, તેનું સુન્દર ચિત્ર રજુ કરે છે. આ ગુંડાશાહીને જ્યાં સુધી નિર્મૂળ કરવામાં નહિ આવે ત્યાં સુધી કોઇ પણ પ્રકારની પ્રગતિ કે પરિવર્તનની આશા રાખવી વ્યર્થ છે. પ્રસ્તુત ગુંડાશાહીને જુન્નેર કોન્ફરન્સે સખ્ત મર્મપ્રહાર કર્યો છે અને સમસ્ત સમજુ વર્ગમાં સચોટ રીતે તે અપ્રતિષ્ઠિત થઇ ચુકી છે. બીજું યુવકોના આખા વર્તને એ બાબત સિદ્ધ કરી છે. યુવકો જેટલા મતાગ્રહી છે તેટલાજ સમાધાનીના સિધ્ધાન્તને સમજે છે અને કોન્ફરન્સના અસ્તિત્વની તેના મુખ્ય કાર્યવાહકો જેટલીજ ચિન્તા ધરાવે છે. દીક્ષાનો ઠરાવ જે રીતે પસાર થયો તેથી નવા વર્ગને ભારે અસંતોષ રહી જાય તેમ છે પણ કોન્ફરન્સની દૃષ્ટિએ આ ભારે મહત્વનું પગલું ગણાય. વળી આવો ઠરાવ નરમ હોવા છતાં આખી કોન્ફરન્સ સર્વાનુમતે સ્વીકારે એ નવ વિચારનો દિગ્વિજય સુચવે છે. આ ઠરાવ સ્પષ્ટપણે જાહેર કરે છે કે સાધુ કે દીક્ષાનો વિષય અત્યાર સુધી કેટલાકને મન કોન્ફરન્સ જેવી સંસ્થા માટે અસ્પૃશ્ય મનાતો હતો, તે સુસ્પૃશ્ય અને નિયમન યોગ્ય સ્વીકારાયો છે. સામાજિક સુધારાના સંબંધમાં કોન્ફરન્સે કશું આગળ પગલું ભર્યું નથી એટલુજ નહિ પણ 'જૈન સમુદાયમાં જ્યાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર હોવો જોઇએ' એ પ્રમાણે કલકત્તા કોન્ફરન્સે સ્વીકારેલા સુધારાને પણ આ કોન્ફરન્સે ઉડાડી મુકયો છે, એ ભારે ખેદનો વિષય છે. પણ વિષય વિચારિણી સમિતિના બનાવોથી જે કોઇ વાકેફ હશે તે કબુલ કરશે કે, આગેવાન ગણાતા છતાં જડતાપૂર્વક પોતાના વિચારોને વળગી રહેવાનો આગ્રહ ધરાવતા કેટલાક ભાઇઓને મૂળ ચર્ચાના વિષય ઉપર એકત્ર રાખવા ખાતર, યુવાનોએ પોતાના પક્ષમાં બહુ મોટી બહુમતી હોવા છતાં આ વખતે નમતું આપવું યોગ્ય ધાર્યું છે. આ કોન્ફરન્સના અંગે સૌથી વધારે મહત્વની વસ્તુ નવું બંધારણ પસાર થવાને લગતી છે અને તેમાં પણ ૩/૪ બહુમતીને ઉડાડીને સામાન્ય બહુમતી જે ઠરાવ સ્વીકારે તે કોન્ફરન્સની બેઠકમાં આવી શકે, એ પ્રકારનો અતિ વિપુલ બહુમતીએ જાહેર કોન્ફરન્સમાં સ્વીકારાયલો સુધારો કોન્ફરન્સના ભાવી ઇતિહાસમાં ઘણો અગત્યનો ભાગ ભજવશે એમ આશા રહે છે. પ્રસ્તુત ૩/૪ બહુમતી સ્થિતિચુસ્ત કાર્યવાહકો અને શાસનપ્રેમીઓના હાથમાં મોટામાંમોટી ઢાલ હતી અને એ કાનુન નીચે અનેક બહુમતીથી સ્વીકારાયલી બાબતો વિષયવિચારિણી સમિતિમાં ઉડાડી મુકવામાં આવી હતી. આખા નવા બંધારણમાં આ એક મોટામાંમોટી અત્યારના જમાનાને પ્રતિકુળ આડખીલ હતી, તે દુર થવાથી યુવકોને ભારે પ્રોત્સાહન મળ્યું છે અને કોન્ફરન્સનું ભાવી ઘડવામાં હવે તેમને ખુબ અવકાશ પ્રાપ્ત થયો છે. આમ સમગ્ર રીતે વિચારતાં જુન્નેર કોન્ફરન્સે જૈન સમાજના વર્તમાન ઇતિહાસમાં એક નવું અગત્યનું પ્રકરણ ઉમેર્યું છે, જેના પરિણામો આખા સમુદાયને પ્રગતિના માર્ગે લઇ જવામાં સહાયભૂત બનશે એમ આશા બંધાય છે.

(૨)

લેખક:-વીરચંદ પાનાચંદ શાહ.

—:*:—

મહારાષ્ટ્રમાં જુન્નેર ખાતે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ભરવાના પડઘા જેમ જેમ સંભળાતા ગયા તેમ તેમ જૈન કોમમાં જાગૃતિ અને ચમક આવવા લાગ્યાં. પક્ષકારો જેવી સ્થિતિ તો અગાઉથી ઘણે અંશે ઉભી થઇ ચુકી હતી, એટલે સૌ અને તેટલી વધારે સંખ્યામાં પહોંચવા ઇચ્છા ધરાવતા હતા છતાં મધ્યસ્થ ભાવ ધારણ કરનારા વર્ગની પણ સારી હાજરી જોવામાં આવતી હતી.

તા૦ ૭ મીની સવારમાં કચ્છી ભાઇઓની સ્પેશીઅલ ઉપડી ચુકી હતી. રાત્રે ૧૦॥॥ થી ૧૨॥ વાગ્યા સુધીની ગાડીઓમાં મોટે ભાગે આપણા જૈન બન્ધુઓજ હતા. સૌના મોઢા ઉપર આનંદ અને ઉત્સાહ દેખાતાં હતાં. સૌ કોઇ પોતાના વિચારને સ્પષ્ટપણે વ્યક્ત કરતા અચકાતા નહિ અને છતાં ઝઘડતા નહિ. માર્મિક ભાલાઓના ખુબ પ્રહારો થતા અને અંતે સૌ સાથે હસી પડતા અને ખોરીબંદરના સ્ટેશનને ગજાવી મુકતા હતા ત્યારે વચ્ચે કોઇ બોલી ઉઠતું કે આવુંજ વાતાવરણ જુન્નેર ખાતે સાંગોપાંગ રહે તો ઘણું સારૂં. પરંતુ પુના ઉતર્યા પછી અને જુન્નર પહોંચ્યા પછી વાતાવરણમાં કાંઇક ઉગ્રતા જણાવા લાગી.

બપોરના સૌ મંડપમાં ભેગા થયા ત્યારે એક પક્ષની ગમે તે કારણે ગેરહાજરી દેખાતી હતી, અથવા સૌ છૂટા છૂટા બેસી ગયા હશે એમ માનવામાં આવતું હતું. સ્વાગત પ્રમુખે પોતાનું ભાષણ શરૂ કર્યું. તેઓ નખશીખ શુદ્ધ ખાદીમાં હતા. તેઓનું ભાષણ આગળ ચાલ્યું અને બહારથી કાંઇક ઘોંઘાટ આવતો સંભળાયો. થોડી વારમાં તે એટલો વધી ગયો કે મંડપના લગભગ અર્ધા માણસો ઉભા થઇ ગયા અને અવ્યવસ્થા વધી જશે એવી ભીતિ લાગી. પરંતુ દેશ ખાતર બે વખત જેલમાં જઇ આવેલા આ પ્રમુખે જ્યારે સભાને ઉદ્દેશીને ખાત્રી આપી ત્યારે બધું શાંત થઇ ગયું, અને તેઓએ પોતાનું ભાષણ પછી નિર્વિઘ્ને પૂરૂં વાંચ્યું.

રીતસર પ્રમુખની વરણી થયા પછી તેઓનું ભાષણ શ્રી. ક્ષમાનંદજી તરફથી ખુલ્લંદ અવાજે વાંચવામાં આવ્યું. આ અવાજે શાન્તિ પૂરવામાં સારો ફાળો આપ્યો. બન્ને પ્રમુખના ભાષણોમાં વિચારોની સ્પષ્ટતા જોવામાં આવી. ઘણીવાર એમ બને છે કે, વિવાદગ્રસ્ત પ્રશ્નો ઉપર પ્રમુખો કે બોલનારાઓ મૌન સેવે છે, તેઓ કોઇને નારાજ કરવા માગતા હોતા નથી કે અપ્રિય થવા ખુશી હોતા નથી, પરંતુ આ બન્ને વ્યાખ્યાનોમાં હૃદયની સ્વતંત્રવૃત્તિને પૂર્ણ અવકાસ આપવામાં આવ્યો હતો અને કોમના ધાર્મિક અને સામાજિક તેમજ સમસ્ત દેશના આર્થિક અને રાષ્ટ્રીય હિતના પ્રશ્નોને ચર્ચવામાં આવ્યા હતા, અને તે શ્રોતાજનોના અભિનંદનને પાત્ર થયા હતા.

વિષયવિચારિણી સમિતિની ચુંટણી થઇ ત્યારે જે પક્ષની ગેરહાજરી દેખાતી હતી, તેને માટે યુવકો પણ સૌની સાથે દીલગીરી દર્શાવતા હતા. જે લડાઇ હતી તે વ્યક્તિઓ વચ્ચેની નહિ પણ તેમના દૃષ્ટિબિન્દુઓની વચ્ચે હતી. વિચારવિનિમય થવાનો સુંદર યોગ ગયો. ચુંટણીની ઝુંબેશ મુંબઇના તથા મહારાષ્ટ્રના પ્રતિનિધિઓ સીવાય બીજા વિભાગોમાં સખ્ત ન જોવામાં આવી.

રાત્રે વિષયવિચારિણીય સભા મળી લગભગ બધા સભ્યો હાજર હતા. વિવાદની મીઠાશ જતી રહેશે એમ જેને લાગ્યું હતું, તેને શરૂઆતમાંથી ઉલટો અનુભવ થયો. અકેક પ્રશ્ન ઉપર રોષ-પ્રતિરોધ થવા લાગ્યા. સરકારની વફાદારીનો વિચાર તો ઘણા સમય અગાઉથીજ ગયો છે, પણ કોઇપણ ઠરાવમાં સરકારને વિનંતિ કરવાના ઠરાવનો પણ સખ્ત વિરોધ થવા લાગ્યો અને ત્યારથીજ વાતાવરણમાં એકદમ ગરમી આવી ગઇ. જૈન કોમના વેપારીવર્ગમાં આ અસામાન્ય વસ્તુ હતી. લાલા બાબુરામજીના હિન્દી-હિન્દુસ્તાનીમાં બોલવાના આગ્રહને સભાએ વધાવી લીધો. હિન્દી ભાષાની સાથે બીજી ભાષાનો વિકલ્પ રહ્યો હતો છતાં આ વિચારમાં કોમ, દેશની આકાંક્ષાઓમાં આગળ વધી રહી હતી એ જોઇને યુવકોના હૃદયો ઉછળતાં હતાં અને વડિલો તેને પ્રોત્સાહન આપતા હતા. મારવાડી ભાઇઓ ખુબ ખુશમીજાજમાં દેખાતા હતા, અને કચ્છી, ગુજરાતી અને દક્ષિણી ભાઇઓ હિંદીમાં જ્યારે બોલતા હતા ત્યારે વાતાવરણની ગંભીરતા જરા આનંદમાં બદલાઇ જતી.

કોમના ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણની વિશાળ યોજના રજુ કરવાનો, ધર્માદા નાણાની વ્યવસ્થાનો, જૈન બેંકનો, દેશ અને સમાજોદ્ધાર, કોમી સંગઠ્ઠન, આર્થિક પરિસ્થિતિની તપાસ, સુકૃત ભંડાર ફંડ વિગેરે કોમના પ્રાણરૂપ ઠરાવોનો ખરડો પસાર થયો. બીજા દિવસનું કાર્ય બહુ આનંદથી પૂર્ણ થયું. શિક્ષણના ઠરાવના અનુમોદનમાં એક કચ્છી બ્હેન બાઇ રાણીબાઇએ બહુ વિચારગંભીર ભાષણ આપ્યું હતું અને શ્રોતાઓ ઉપર તેની ઉંડી અસર થઇ હતી. આરોગ્ય પરિષદના મેળાવડાવાળાં મારવાડી બ્હેને વિશેષ અનુમોદન આપ્યું હતું. તેમનાં શુદ્ધ હિંદી-ઉચ્ચારણો ઉપર ઘણાં ભાઇ બ્હેનોનું ધ્યાન ખેંચાયું હતું.

બીજા દિવસની વિષયવિચારિણી સભામાં ઘણીવાર તુમુલ યુદ્ધ જામતું હતું. અગાઉના સમયની સભાઓમાં મારવાડી ભાઇઓ, કચ્છી ભાઇઓ, મહારાષ્ટ્રી ભાઇઓ અને ગુજરાતી ભાઇઓ મત દર્શાવતી વખતે પોતપોતાના સમુહમાં વહેંચાઇ જતા ત્યારે આ પલટાયેલા જમાનાનું અદભૂત દ્રશ્ય એ હતું કે, સૌ પોતાના ટોળામાં વહેંચાઇ જવાને બદલે જ્યાં વિચાર સામ્ય હોય ત્યાં એકઠા થતા. કોમી સંગઠ્ઠન એટલે દીગમ્બર, સ્થાનકવાસી અને શ્વેતામ્બર મૂર્તિપૂજકના સંગઠ્ઠનના પ્રશ્ન ઉપર ઘણા કચ્છી અને મારવાડી વૃધ્ધો ગુજરાતી યુવકોની સાથે હતા.

"રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર" એ પ્રશ્ન ઉપર પ્રથમ ઘણી રસમય ઝુંબેશ થઇ હતી પણ પાછળથી તે ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. એવી ગેરસમજણ ન હોય કે આ, કોન્ફરન્સનો આકરો કાયદો થઇ પડશે અને તેના ઉલ્લંઘનમાં દંડાઇ જવાશે પરંતુ આ તો વિચારો કેળવવાનું માત્ર પ્રચારકાર્ય છે, તો તેમાં ઘણા વખારે ભાઇઓ છુટથી ભાગ લઇ શકે.

રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો ઠરાવ સર્વાનુમતે થયો એ સૂચવે છે કે, આપણે દેશના સુખદુઃખમાં સાથે છીએ.

અયોગ્ય દીક્ષાનો ઠરાવ શ્રી. મહાસુખભાઇ ચુનીલાલે રજુ કર્યો અને પ્રસ્તાવ ઉપર બહુ જુસ્સાથી વિવેચન કર્યું, તેની સામે એક વિદ્યાર્થીએ લગભગ સવા-દોઢ કલાક સુધી પોતાની દૃષ્ટિએ પોતાની દલીલો રજુ કરી. આ ભાઇની એક દલીલમાં એક પક્ષને જુદ્દાઓ કહેવાનો આક્ષેપ હતો છતાં કોઇએ જરાપણ અસહિષ્ણુવૃત્તિ બતાવ્યા સિવાય તેમને જે કહેવું હતું તે બરાબર સાંભળ્યું. આ ભાષણને અંતે ઘણાને એમ લાગ્યું કે, આપણા પ્રમાણિક મતભેદો ગમે તેટલા હોય પણ જો સામસામા પક્ષને ઉશ્કેરાયા સિવાય ધીરજથી સાંભળવામાં આવે અને બન્ને પક્ષ પોતાના દૃષ્ટિબિંદુઓ શાંતિથી રજુ કરે અને ખુલ્લા દીલથી તેમાં ભાગ લે તો ગેરસમજણોનો પોણો ભાગ જરૂર ઓછો થઇ જાય ત્યારબાદ પંડિત આણંદજીભાઇ તથા ખંભાતવાળા શ્રી. મોહનલાલ ઝોકસીએ શાસ્ત્રોકત દૃષ્ટિએ દીક્ષાના પ્રશ્ન ઉપર વિશેષ પ્રકાશ પાડયો હતો. જુદા જુદા બોલનારાઓએ ચાર કલાકથી વિશેષ સમય લીધો હતો અને દોઢ કલાક ઉપરાંત વખત, વાટાઘાટમાં ગયો હતો. આપણા જૈન હૃદયમાં અથવા કહીએ તો આપણા હિન્દુ હૃદયમાં એક એવા પ્રકારની વૃત્તિ છે કે, કોઇ રખેને નારાજ થઇ જશે, કોઇને માઠું લાગશે! આ વૃતિમાં ઉચ્ચ ખાનદાની છે પણ જો તેનું પ્રમાણ ન રહે તો તેમાં ભયભીત દશા પણ છે. છેવટે દીક્ષા સંબંધે જે ઠરાવ રજુ થયો, તેને સ્વાગતના પ્રમુખની મજબુત અપીલ બાદ મંજુર રાખવામાં આવ્યો હતો. યુવકો તરફથી શ્રી. પરમાનંદ કાપડીઆએ તેનો વિરોધ ન કરતાં તેને સ્વીકારી લીધો ત્યારે ખુદ પ્રમુખ સાહેબ તરફથી યુવકોની ખામોશ, ધીરજ અને ભોગ બદલ તેમને અભિનંદન આપવામાં આવ્યું હતું.

સરવે કોન્ફરન્સનું કાર્ય સુંદર રીતે પૂર્ણ થયું ગણાય. આ બધા ઠરાવો ત્રીજા દિવસની ખુલ્લી સભામાં મંજુર થયા હતા પણ ૩-૪ બહુમતિનો ઠરાવ શ્રી. પરમાનંદ કાપડીઆએ રજુ કર્યો અને શ્રી. ચીમનલાલ સંઘવીએ જ્યારે તેને વિપ્લવી ભાષામાં અનુમોદન આપ્યું ત્યારે સભાની ૩/૪ ઉપર સંખ્યાએ તે ૩/૪ ના ઠરાવને ઉડાવી મુકી માત્ર સાદી બહુમતિના ઠરાવને કબુલ રાખ્યો. આ પ્રશ્ન ઉપરની રસાકસીમાં એકજ કુટુંબના મહારથીઓ સામસામા પક્ષમાં રહી શકતા હતા, તે જોઇને પણ જાણીતા વર્ગને બહુ આનંદ થયો.

ઘણાને એમ લાગ્યું જ છે કે, પહેલા દિવસની ઘટના ન બની હોત તો બહુ સારૂં હતું. કોઇ સારા માણસો કલેશને ઇચ્છતાજ નથી પણ વિચારોની અથડામણથી જરા પણ ગભરાવાનું કારણ નથી. આ વસ્તુ દરેક કોમને સુષુપ્તિમાંથી જાગૃતિમાં લાવે છે અને એક બીજાની એક બીજા ઉપરની ચોકી, તેમની નિર્બળતાઓ છોડાવી તેમની પાસે કાંઇ પણ સેવાદૃષ્ટિએ સંગીન કાર્ય કરાવે છે, એટલે આવાં સંઘર્ષણો એક ભાવી ઉન્નતિના પુરોગામી છે.

છેવટમાં મહારાષ્ટ્રે જે હિંમત બતાવી પોતાને આંગણે કોન્ફરન્સને નોતરી અને અનેક ઉજાગરાઓ, અનેક કષ્ટો વેઠી, દ્રવ્ય અને શક્તિ-સમયનો ભોગ આપી તેને પાર ઉતારી તેને માટે મહારાષ્ટ્રને આપણાં સૌનાં હાર્દિક અભિનંદન છે. ધાર્યું જીવો કોન્ફરન્સ.

પરિષદ્ પર એક દ્રષ્ટિ—

લેખકઃ—હેમુશા.

—:*:—

સમાજના આજના બળતા પ્રશ્નો (૧) સામાજીક પક્ષપાત (૨) ક્ષેત્ર વિસ્તાર (૩) દેવદ્રવ્યને નામે વેડફાતું આર્થિક બળ, પોષાતી પાખંડ પ્રવૃત્તિ અને પરદેશી શક્તિ. (૪) અયોગ્ય દીક્ષાને કારણે લુંટાતી સમાજની શક્તિ, શાન્તિ અને મહત્તા. (૫) કેટલાક કહેવાતા સાધુઓનું માથાભારેપણું, વગેરે પ્રશ્નો આ પરિષદ્માં નિકાલ માગતા હતા, પરંતુ તેમાંથી ફક્ત નં. ૨ અને ૪ સંબંધે જ માત્ર થોડોક નિર્ણય થઇ શકયો.

પરિષદ્ના બંધારણમાં, ૭૫ ટકા મત સબ્જેકટ કમિટીમાં મેળવી શકાય તોજ ખુલ્લી પરિષદ્માં તે ઠરાવ લાવી શકાય એવું વિચિત્ર બંધન હતું, તે આ પરિષદે તોડી નાંખી, ભવિષ્યનું કામ અને માર્ગ સરળ બનાવ્યા છે! પરંતુ એકંદર તો **સિધ્ધાંત પ્રેમ કરતાં સંસ્થા પ્રેમજ પરિષદ્માં પ્રબળપણે પ્રવૃત્તિ રહ્યો હતો.** પરિષદ્માં ફાટ પડવાની ભીતિએ અનેક આવશ્યક સુધારાઓ બાજુએ મૂકી દેવાયા! એટલો સિદ્ધાંત પ્રેમ કાચો! આ પ્રમાણે થયા કરે તો તો સમાજમાં કદીપણ સંગીન સુધારો સંભવેજ નહિ. જે કાર્યકર્તાઓ વ્યાજબી કડવાશ વહોરવાને પણ તૈયાર ન હોય, વિરોધ સહવા સમર્થ ન હોય, સંસ્થા પ્રેમી હોવા કરતાં પૂર્ણપણે સિદ્ધાંત પ્રેમી ન હોય, તે કાર્યકર્તાઓ કેટલુંક કામ કરી શકે? સમાજના કાળજાના પડો ઉખેડી ઉખેડી, અંધકાર ઉલેચી ઉલેચી પ્રકાશ વહેવડાવવો એ કાંઇ સહેલી વાત તો નથીજ, પણ દુઃખની વાત તો એ છે કે આ પરિષદ્માં તો બહુમતી ધરાવતા પ્રશ્નો પરત્વે પણ ભય-શેહને તાબે થઇ નમતું મૂકી દેવાયું છે. આ યુગમાં તો આ કોઈ રીતે ચાલી શકે એવી વાત નથી. કવિવર ટાગોર કહે છે કે, 'એકલા ચલો!' જો કોઇ તારો સદેશો સુણી પોતાના કાન બહેરા રાખે, તારો અંધારો માર્ગ ઉજાળવા દીપક ન આપે તોપણ ઓ! ભાઇ! તું એકલો જજે! પ્રોગ્રેસીવ પાર્ટીને આ વાત યાદ આપવાની જરૂર છે?

પ્રશ્ન પૂછું કે.—

સંકુચિત વાડાઓ નિભાવી લેવા જેવા છે? દેવદ્રવ્યને નામે વેડફાતું દ્રવ્ય હજુયે વેડફાવાજ દેવું યોગ્ય લાગે છે? ચાલુ દીક્ષા પ્રવૃત્તિ આદિથી સમાજને ઉંધે માર્ગે દોરી, ઝેરના બીજ વાવનાર મવાલી સાધુઓને સમાજ હવે વધુ વખત પોષી શકે તેમ છે? રૂઢીને નામે થતો સામાજીક પક્ષપાત આજે સકળ માનવજાતને લાગેલા પક્ષઘાત જેવો જીવલેણ હજુયે નથી લાગતો?

સમર્થ યુગદ્રષ્ટા પ્રમુખના અભાવે, હૃદયબળની ખોટે, લોકેષણાની ભીતિએ અને કામચલાઉ શાન્તિ નિભાવવાની પામર વૃત્તિએ આજે તો આ બધા અનિષ્ટોને સમાજની છાતી ઉપર અને યુવકોની આંખ સામે કાયમ રાખ્યા છે—ભવિષ્યમાં વળી એ નીકળે ત્યારે ખરા! આજે તો યુવકો એ બધું જોવાના અને છુપા-છુપા સળગવાના! જુનર પરિષદ્, તારી પ્રગતિ અતિ ધીમી છે! તેં કામચલાઉ સમાધાની Compromise સ્થાપી ઘીગડાં માર્યાં છે, જુનો જમનો તારું બળ માપી ગયો છે, એટલે તે તને દાદ આપવાનો નથી.

* * *

'સોનાની ચળકતી લગડીઓને' પ્રમુખસ્થાને સ્થાપવાનો સમય એક કાળે હતો, અને તેથીજ પરિણામે પરિષદોએ કે સમાજે પ્રગતિ સાધવાને બદલે એના એ એકડા ઘુંટયાજ કર્યા છે! જે યુગમાં પરિષદ્ મળતી હોય તે યુગનો કોઇ અનુભવી યુગદ્રષ્ટા અને જમાનાની જરૂરીઆત જાણનારને પ્રમુખપદે પધરાવાય તોજ કાંઇક અર્થ સરે એમ આજનો યુગ અને વિવેક બુદ્ધિ કહે છે. કોઇનો દોર્યો દોરવાઇ જાય કે કોઇના હાથનું રમકડું બની પોતાનું સ્થાન ભૂલી જાય તેને આ યુગમાં તો નેતૃત્વનો અધિકાર નથીજ. જુનર પરિષદના પ્રમુખ સરળ હશે, સંપત્તિવાન હશે, પ્રેમી હશે પણ તેમનો પોતાનો કોઇ સ્વતંત્ર મત નહોતો, પરિષદ્ને દોરવાની સ્વતંત્ર શક્તિ નહોતી એટલે જુનર પરિષદ્ યુગનો અવાજ ઝીલી શકી નહિ.

પસાર થયેલા ઠરાવોમાંના કેટલાકનો માત્ર ઉત્તરાર્ધ પસાર થયો છે જ્યારે પૂર્વાર્ધ બાકી રહી ગયો છે! સો રૂપીઆની નોટના બે કટકા ભેગા થઇ બન્ને નંબર મળે ત્યારેજ તેની કિંમત ઉપજે. જુદા જુદા કટકા કાગળના ચીંથરા જેવાજ સમજવા!

વિશાળતાનો ઠરાવ પસાર થયો અને તે સાધવાનો સરળ માર્ગ 'રોટી વ્યવહાર સાથે બેટી વ્યવહાર' જેવો સ્નેહગ્રંથી સાંકળથી સાંધનારો ઠરાવ ઉડી ગયો!

જૈન બેંક સ્થાપવાનો અને તે દ્વારા બેકારી ટાળવાનો ઠરાવ પસાર થયો પણ બેન્કના પાયારૂપ મુંડી ધીરનાર દેવદ્રવ્ય સંબંધેનો અગત્યનો પ્રશ્ન ઉડી ગયો!

કેળવણી વ્યાપક કરવાનો સુંદર ઠરાવ પાસ થયો પણ તે અર્થે બનારસ યુનીવર્સીટીને આપતાં ફાલતુ પડેલું નાણું વાપરવાનો ઠરાવ ઉડી ગયો! પ્રચારકાર્ય માટે વ્યવસ્થા કરવાનો ઠરાવ પાસ થયો જ્યારે તે માટે શત્રુંજયના પ્રચાર કાર્યમાંથી વધેલું દ્રવ્ય વાપરવાનો ઠરાવ ઉડી ગયો! આ બધી અસંગતતાઓ શું બતાવે છે?

શુદ્ધિનો પ્રશ્ન પાસ થઇ સ્વામીવત્સલ વગેરે પ્રસંગોમાં સાથે રોટી વ્યવહારનો ઠરાવ પાસ થયો. પરંતુ તેના માટે વ્યવહારમાં વધુ સગવડતા મળે તેવો, જૈન જૈનમાં રોટી અને બેટી વ્યવહારનો પ્રશ્ન ઉડાવી દીધો!

આ અડધીયાંને જ્યાં સુધી Counter part જોડેનાં અડધીયાં ન મળે ત્યાં સુધી ચીંથરાજ સમજવાને? બન્ને અડધીયાંને ભેગાં થવાની રાહ જોવી રહી!

* * *

સ્વાગત સમિતિના પ્રમુખ મહોદયનું ભાષણ બહુજ આશાજનક હતું, અને પરિષદના પ્રમુખ મહાશયનું ભાષણ પણ પ્રથમ દ્રષ્ટિએ તેવુંજ સુંદર હતું. પરંતુ તે ભાહુતી વિચારો જીરવવાની તેવડ અને તૈયારી બન્નેમાં ઓછી હતી એટલે પરિણામે જેટલું ધારેલું તેટલું સુંદર પરિણામ ન આવ્યું છતાં પણ આગલી પરિષદો કરતાં તો સુંદર કામ થયું એમ કહેવું જોઇએ. ભવિષ્યની કૂચનો માર્ગ જુનર પરિષદ્ બોલે છે. **યુવકોને કાંઇક યુગાનુસાર કહેવાનું છે તેમ જગત આજે જાણતું થયું છે એટલો પણ લાભજ** સમજવો. યુવકગણ પોતાનું પ્રચાર કાર્ય એક વર્ષ સુધી બરાબર ચાલુ રાખે તો, પરિષદ યુગધર્મને ઓળખતી થઇ શકે એમ

યુવકોની પ્રાથમિક સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલી યુવકોની પ્રાથમિક સભા માટે બહારગામથી પધારેલ તથા અત્રેના મંડળોના પ્રતિનિધિઓની એક મિટીંગ તા૦ ૬ ઠ્ઠી ફેબ્રુઆરી ગુરૂવારે રાત્રે આઠ વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં મળી હતી. બહારગામના મંડળોના પધારેલ પ્રતિનિધિઓમાં, અમદાવાદ જૈન યુવક સેવા સમાજ તરફથી ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી, પોપટલાલ શામળદાસ શાહ, છોટાલાલ હીરાલાલ પરીખ તથા જેસીંગભાઇ ભગુભાઇ શાહ, અમદાવાદ શ્રી જૈન યુથલીગ તરફથી ચીમનલાલ દલસુખભાઇ શાહ, માંડલ યુવક સંઘ તરફથી શાહ કાન્તીલાલ નાથાલાલ વોરા, મનસુખલાલ ભીખાભાઇ વોરા તથા ઠાકરશી ખુશાલચંદ. વડોદરા જૈન યુવક મંડળ તરફથી ચંપકલાલ ફકીરચંદ તથા ઝવેરચંદ કેશરીચંદ. પાટણ જૈન યુવક સંઘ તરફથી કેતેચંદ લલ્લુભાઇ તથા કેશવલાલ મંગળચંદ શાહ. ખંભાત જૈન યુવક સંઘ તથા જૈન યુથલીગ તરફથી રતીલાલ બેચરદાસ, ભોગીલાલ ખુબચંદ, સકરાભાઇ ગાંડાભાઇ, અમૃતલાલ કાળીદાસ, તથા ચીમનલાલ છોટાલાલ. સુરત જૈન યુવક સંઘ તરફથી છગનલાલ ધનજીભાઇ, નેમચંદ જી. શાહ, ડાહ્યાભાઇ વીરચંદ કડોદવાળા, ધનરાજ જે. પરમાર તથા નાથુભાઇ રણછોડ. ભાવનગર યુવક મંડળ તરફથી અમરચંદ કુંવરજી શાહ તથા શાહ નગીનદાસ ઓતમચંદ અને પાલનપુરથી શા. મણીલાલ ખુશાલચંદે હાજરી આપી હતી. અત્રેના મંડળોના પ્રતિનિધિઓમાં મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો ઉપરાંત શ્રી ખંભાત જૈન મંડળ તરફથી ચીમનલાલ પી. શાહ, ભોગીલાલ ગોકળદાસ શાહ, અમૃતલાલ સાંકળચંદ શાહ તથા કેશવલાલ દલપતભાઇ ઝવેરી. શ્રી કચ્છી વીશા ઓશવાળ યુવક સંઘ તરફથી કુંવરજી મુળજી શાહ, આણંદજી દેવશી શાહ, નાનજી દેવશી લાલન, દેવશી વેરશી શાહ તથા વીરજી લાધાભાઇ શાહ. શ્રી કચ્છી દશાઓસવાળ જૈન યુવક મંડળ તરફથી કૃપાલ શ્યામ જીવાણી, જેઠાભાઇ દેવશી, ડો. બી. પી. ગાંસાલીયા, ત્રીકમજી દામજી શાહ તથા લખમશી જેઠાભાઇએ હાજરી આપી હતી. તે ઉપરાંત બાબુ કીર્તિપ્રસાદજી, લાલા બાબુરામજી, પંજાબ ગુરૂકુળના સેક્રેટરી સાહેબ વગેરે ગૃહસ્થોએ પણ હાજરી આપી હતી.

શરૂઆતમાં મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી ગાંધી જમનાદાસ અમરચંદે બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ તથા સ્થાનીક મંડળોનાં પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો. અને પ્રાથમિક સભા મેળવવાના હેતુ સંબંધી સામાન્ય હકીકત સમજાવવામાં આવી.

ગાંધી જમનાદાસ અમરચંદની દરખાસ્તથી અને કકલભાઇ ભુદરભાઇ વકીલના ટેકાથી સર્વાનુમતે પ્રમુખસ્થાન શ્રી. ઓધવજી ધનજી શાહને આપવામાં આવ્યું. પ્રમુખસ્થાન સ્વીકારતાં ઓધવજીભાઇએ પધારેલ બંધુઓનો આભાર માન્યો હતો અને સભાનો ઉદ્દેશ સમજાવવામાં આવ્યો હતો.

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સભા સમક્ષ રજુ કરવાના ઠરાવોના ખરડામાંના બધા ઠરાવો પૃથક પૃથક રજુ કરવામાં આવ્યા હતા. અમુક અમુક ઠરાવોમાં સુધારા પણ સુચવવામાં આવ્યા હતા. ચર્ચાને અંતે અને સારી સમજાવટથી બે ઠરાવો સિવાય સુધારા સહિત બધા ઠરાવો સર્વાનુમતીથી પસાર કરવામાં આવ્યા. બે ઠરાવો બહુમતીથી પસાર કરવામાં આવ્યા. બાદ બાકીમાં નીચેનો એક ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો.

ઠરાવ ૧૧ મો–"આજકાલ લઘુમતી વર્ગોની ખાસ હકકોની માંગણીઓ દેશના રાષ્ટ્રીય જીવનની ઘાતક છે અને અમે જૈન તરીકે સમાન મતાધિકારમાં માનનારા છીએ એમ આ કોન્ફરન્સ દ્વારા જણાવીએ છીએ."

ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

આ ૧૧ ઠરાવો યુવકોના અવાજ તરીકે કોન્ફરન્સની આગામી બેઠક વખતે રજુ કરવા તેમ નક્કી કરી રાત્રિના લગભગ દોઢ વાગે મીટીંગ વીસર્જન કરવામાં આવી હતી.

બીજા દીવસની બેઠક.

પ્રાથમિક સભાની બીજા દીવસની બેઠક તા. ૭ મી ફેબ્રુઆરી શુક્રવારે પણ તેજ સ્થળે–શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં સવારના (રટાં. ટા.) ૮ કલાકે મળી હતી. બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ ઉપરાંત આજે પધારેલ સુરત તથા વાંઝના મંડળોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. વધુમાં આગલા દીવસની બેઠક વખતે હાજર રહેલ બાબુ કીર્તિપ્રસાદજી વીગેરેએ તથા બીજા સ્થાનિક ગૃહસ્થોએ પણ હાજરી આપી હતી. શરૂઆતમાં સભાનું પ્રમુખસ્થાન શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને સર્વાનુમતે આપવામાં આવ્યું હતું. બાદ પ્રતિનિધિઓની સભાએ આગલે દીવસે પસાર કરેલા ઠરાવો પૃથક પૃથક સભા સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યા.

અને દરેક ઠરાવો ઉપર સુંદર ભાષણો કરવામાં આવ્યા હતા. જૈન બેન્કનો ઠરાવ શ્રી. વીરચંદ પાનાચંદે સભા સમક્ષ વાંચ્યો હતો. ઠરાવની અગત્યતા સમજાવતાં કહ્યું હતું કે "હિંદ સ્વતંત્રતા મેળવવા માગે છે અને તેમાં જો હિંદની વ્યાપારી આલમ પોતાની મુડી પોતાના હાથમાં રાખી વીદેશીઓ સામે લાલ આંખ કરે તો વીદેશી ધુંસરી જલ્દી દુર થશે અને તે માટે જૈન કોમ માટે પોતાની બેન્કની જરૂર રહે છે. શ્રી. સંઘવીએ સામાજીક સુધારા, સંઘ બંધારણ તથા વિધવા સંબંધીના ઠરાવો ઉપર સુંદર વીવેચન કર્યું હતું,

[જુઓ પાનુ ૧૬ મું.]

તો લાગે છે. સુધારાની છુપી છુપી વાતો દરેકના હૃદયમાં છે દરેક તે માર્ગ ચાહે છે, પરંતુ અપયશ વહોરવાને કોઇ તૈયાર નથી, તેથીજ આમ થયું છે. જીથને અભાવે આપણું ઘટતું જતું મહત્વ સૌને સાલે છે. કહેવાતા સાધુઓની બેહુકમી સૌને માટે આજે અસહ્ય થઇ પડી છે. આર્થિક વીટંબણા વેઠતા, બેકાર યુગમાં જેમ તેમ વેડફાતું નાણું હૃદયમાં ખટકે છે, એટલું તો પરિષદ મંડપ નીચે સ્પષ્ટ દેખાતું હતું. એટલે આજે નહિતો કાલે પણ કાંઇક કાર્ય થશે, એવી સૌને આશા છે.

* * *

પ્રભુ સૌને હૃદયબળ આપો! હિન્દુવટના રક્ષણહાર નરવીર શિવાજીની પૂણ્ય ભૂમિમાં રોપાયલું બીજ ફાલો, ફૂલો અને મુઠ્ઠીભર માણસોના અપૂર્વ ઉત્સાહને યશ મળો એટલું ઇચ્છી વિરમું છું.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

સ્વાગતાધ્યક્ષ શ્રી. ચુનીલાલ સરૂપચંદ રાજુરીકરનું

ભાષણ.

[આખું ભાષણ સુંદર છે. સ્થળસંકોચને લઈ ઉપયોગી ફકરાઓ આપ્યા છે.]

આશરે ત્રણસો વર્ષ પહેલાં આજ પુણ્યભૂમિમાં હિન્દુઓનો ઉદ્ધાર કરનારી પ્રચંડ શકિત શિવાજીના રૂપમાં પ્રગટ થયેલી હતી. અને

હિન્દુઓનું અસ્તિત્વ

કેવળ મહાન શિવાજીનેજ આભારી હતું. તેથીજ એક કવિએ કહ્યું છે કે :

शिवाजी नहीं होत तो सुन्नत होत सबकी.

કેવળ જંગલી માવળાઓની મદદથી શિવાજીએ મહાન શકિત ઉત્પન્ન કરી હતી. જોડેના ડુંગર ઉપરના કિલ્લા ઉપર એ મહાન પુરૂષનો જન્મ થયો હતો. હજી પણ શિવનેરી કિલ્લાનું નામ ઉચ્ચારતાની સાથે મહારાષ્ટ્રીય લોહીમાં સ્વાભિમાનની જાગૃતિ થઇ આવે છે. હજી પણ મહારાષ્ટ્રીઓનાં અંતરંગમાં સ્વાતંત્ર્યની જ્યોતિ પ્રગટ થાય છે, અને આશાના કીરણો ચળકી ઉઠે છે. અમોને આશા છે કે, જૈનોના પુનરૂદ્ધારનો પાયો એજ પુણ્યભૂમિમાં નખાશે, અને જૈનોમાં નવચેતન રેડવાનું માન મહારાષ્ટ્રનેજ મળશે. આપ સર્વે બંધુઓ કેવળ ઐકય, ઉન્નતિ, પ્રગતિ અને શાસન પ્રેમનાં બીજરોપણ પોતાનાં હૃદયમાં કરી આ કાર્ય ઉપાડી લેશો અને જેવી રીતે શિવાજીએ કેવળ શૂન્યમાંથી સર્વવ્યાપી શકિત પ્રગટાવી તેજીજ રીતે જૈનસમાજની એકત્ર શકિત પ્રગટ કરશો એવી મને પ્રબળ આશા છે.

* * *

ઘણાએક બંધુઓની એવી માન્યતા જોવામાં આવે છે કે,

જુનોજ ટકકો

ઘુંટ્યા કરવો. અને 'પીછેસે આઇ' વાળી કહેવત ખરી કરવી અને નવું કરવા જેવું કાંઇ હોઇ શકેજ નહીં. એવી ખોટી માન્યતા હવે તદ્દન અશકય છે. ભારત વર્ષનો યુવકવર્ગ હવે જાગૃત થયો છે. નવી પ્રેરણા, નવી શકિત અને નવી ઉમેદ પ્રગટ થઇ ચુકી છે. મહાન્ કોંગ્રેસ જેવી સંસ્થા પણ તેના પ્રવાહમાંથી બચી શકી નથી તો જૈન જેવી વેપારી અને ડાહી કોમમાં નવો પવન ફુંકાય તેમાં નવાઇ જેવું કાંઇ નથી. એને રોકવા જેટલા પ્રયત્નો થશે તેટલા તદ્દન વ્યર્થજ થવાના; એમાં શંકા જેવું કાંઇ નથી. નૂતનવર્ગ જુનાઓની હવે મર્યાદા રાખી મોઢે ડુચો મારવાનું સહન કરી શકે તેમ નથી. જુનાઓ પાસે કાર્યનો હીસાબ તેઓ માંગશે, અને કાર્ય પ્રવૃત્ત થઇ એકદમ આગળ વધશે. સત્યની પ્રેરણાથી યુવકવર્ગ પ્રચંડક્રાંતિ કરી મુકશે, ત્યારે તેવા પ્રવાહને રોકવો એ તદ્દન અશકય પ્રાય છે. માટે કાળ આગળ નમતું આપી મુખ્ય સિદ્ધાંતને વળગી રહી પ્રગતિના સાધક રૂપ બનવું એજ યોગ્ય છે. તેમજ યુવક અને પ્રગતિમાન ઉત્સાહી બન્ધુઓએ પણ કાર્યનું મહત્ત્વ, જુનાઓનો અનુભવ અને તેઓએ અનુભવેલા સારાસાર વિચારોનો પણ સાથેજ વિચાર કરવો જોઇએ. વૃધ્ધોમાં જેમ સાહસ હોતું નથી તેમ યુવાનોમાં વિચારની ગંભીરતાનું વૈગુણ્ય હોય છે; એ વાત નજર બાહાર રાખી પાલવે તેમ નથી. માટે વૃધ્ધોનો અનુભવ અને યુવાનોનું સાહસ, એના ભેગા મેળ સાથે હાલના પ્રગતિપ્રિય જમાનામાં કાર્યપ્રવૃત્ત થવું જોઇએ, જેથી કોઇને પસ્તાવાનો પ્રસંગ આવશે નહી. સમાજથી ઝીલી ન શકાય તેવા પ્રશ્નો સમાજ આગળ ધરી પેહેલેથીજ અભાવ ધારણ કરનાર, બીકણ સમાજને એકદમ ભડકાવી મુકી, સુધારા વિષે પગાહ મુખ કરી નાખવાનું સાહસ કરવાનો સમય આવ્યો નથી, એમ મને લાગે છે.

જ્યાં જુઓ ત્યાં

કોન્ફરન્સે શું કરી બતાવ્યું ?

લાખોનું ખરચ મફત ગયું, વિગેરે ઉદ્ગારો કાઢી કેટલાએક સમાજના હેતના કટકા આમ બોલવામાં જાણે પોતે મોટો વાધ માર્યો હોય એમ માને છે, અને કોન્ફરન્સના કાર્યકર્તાઓને જાણે આપણે નિરૂત્તર કરી નાખ્યું હોય એવો ડોળ ધાલે છે પણ પ્રાચીન ધર્મદ્રષ્ટીથી વિચાર કરીએ તો પણ ઉજમણા, ઊત્સવો, વરઘોડા, સ્વામીવચ્છલ, સંઘજમણ વિગેરે ધાર્મિક કાર્યમાં કોઇ પાપ માનતું નથી, એટલુંજ નહીં પણ તેમાં મોટું પુણ્ય માને છે. દેવજાત્રા કે દેવપૂજા કરવામાં પુણ્ય મનાય ત્યારે સંઘ, કે જેને પચીસમાં તીર્થંકરની ઉપમા આપી, તે નામથી આપણે સંબોધીએ છીએ, તેવા સંઘને–પચીસમાં તીર્થંકરને–પોતાને આંગણે આમંત્રી કે તેના દર્શન કરી, વિચાર વિનિમય કરવાથી કાંઇ પુણ્ય નહી હોય એમ એવા લોકો માને છે શું ? અમારૂં તો સ્પષ્ટ માનવું છે કે, દેવજાત્રા કે દેવપૂજા કરનારો શ્રી સંઘજ છે અને સંઘના અંગભૂત બીજી ક્રિયાઓ છે. સંઘની જાહોજલાલી અને ઉન્નતિમાંજ બધા પુણ્યકર્મો સમાઇ જાય છે. સંઘ ધન, ધાન્ય અને બુદ્ધિ વિજ્ઞાનથી પુષ્ટ હોય તોજ બાકી પ્રગતિ થવી શકય છે. પણ સંઘજ જો નિર્માલ્ય, અવ્યવસ્થિત અને અસંઘટિત હશે તો પછી બાકી ઉત્સાહ અને ક્રિયાઓ વ્યર્થજ નિવડશે, એ દ્રષ્ટીથી જોતાં પણ કોન્ફરન્સની ઉપયોગિતા અને ધર્મદ્રષ્ટીએ પણ પુણ્ય કાર્ય છે એમ સમજાશે. કદાચ જુના વિચારવાળાઓને કોન્ફરન્સ શબ્દથી સુગ ચઢતી હોય તો સંઘ, સમાજ, સભા, સંમેલન કે બીજા કોઇ નામથી સંબોધવામાં જરા પણ હરકત નથી

* * *

અત્યાર જેટલું થયું છે તેટલું બસ છે અને હવે કાંઇ કરવાપણું રહેતું નથી એવા સંકુચિત વિચારો રાખવા પણ ભૂલ ભરેલા છે. પ્રગતિને માટે ઘણુંજ મોટું કાર્યક્ષેત્ર પડેલું છે, માટે કોન્ફરન્સ ભરાતી રહેશે તોજ તેવા કાર્યો આપણે હાથ ધરી શકીશું. કોન્ફરન્સે શું કર્યું ? એવો પ્રશ્ન પુછનારાં જાણે એમજ માનતા જણાય છે કે, કોન્ફરન્સવાળા, અમુક લોકો અથવા અમુક વ્યક્તિઓજ છે; અને તેઓનાજ માથે બધી જવાબદારી રહેતી છે. અને શંકા કાઢનાર, પ્રશ્ન કરનાર જાણે કોન્ફરન્સ સાથે કોઇ જાતનો સંબંધ ધરાવતો નથી, અને કોન્ફરન્સની બાબીઓ માટે પોતે જાણે બીલકુલ જવાબદારજ નથી. આવા વાદપ્રેમી લોકો સાથે વાદ કરવામાં નકામો વખત ગાળવો પણ વ્યર્થ છે. જ્યારે કોન્ફરન્સે અમુક કાર્ય કેમ ન કર્યું એવા પ્રશ્નો કરે છે, ત્યારે પ્રશ્નકારને એ ભાન નથી હોતું કે કોન્ફરન્સ એક વિચારપ્રેરક અને પ્રગતિનો માર્ગ દેખાડનારૂં મંડળ છે. નિગ્રહાનુગ્રહ કરી કોઇને સત્તા

કરનારૂં કે જોર જુલમથી સુધારાઓનો અમલ કરાવનારૂં મંડળ નથી. આવો વિચાર કરશો તો કોન્ફરન્સે જે કાંઇ કાર્ય કર્યું નહિ હોય તે માટે આપણે બધાઓ અંશતઃ જવાબદાર છીએ. આપણે એકમતે કોઇ ઠરાવ પસાર કર્યો અને ઘેર જઇ તે ઠરાવ છાપરે ચઢાવી દીધો તો પછી કોન્ફરન્સ શું કરે? અહિંઆ ઠરાવ કરતી વખતે દરેક ગૃહસ્થ તેની ગંભીરતા સમજે અને પોતે ઠરાવ પાળી પોતાના બંધુઓને તે ઠરાવ પાળવા માટે પ્રેરણા કરે તો પછી આમ ટીકા કરવાનો વખતજ ન આવે. એ ઉપરથી એ સિદ્ધ થાય છે કે, કોન્ફરન્સ એટલે આપણે બધા ભેગા મળી બનાવેલી સંસ્થા, તેના આપણે બધા અવયવો છીએ. તેના ગુણદોષના આપણે બધા સરીખા સહભાગી છીએ, અને કોન્ફરન્સ એ વિચાર પ્રચાર કરનારૂં પ્રગતિકારક મંડળ છે, અને તેનાં હાથમાં હજી આપણે નિગ્રહાનુગ્રહની શકિત આપી નથી, એવા પ્રકારનો આપણે દ્રષ્ટિ કોણ રાખવો જોઇએ.

ટીકાકારોનું એક શસ્ત્ર.

ટીકાકારોના હાથમાં એક મોટું શસ્ત્ર આવી જાય છે, તે એ છે કે, આપણામાં કેટલાએક એવા બડેખાંઓ હજુ ખ્હાલે છે કે, જેઓએ વૃદ્ધવિવાહ, બાળવિવાહ, કજોડા, કન્યાવિક્રય, વેશ્યાનાચ, ગાયનો વિગેરે ઠરાવોને પગ તળે કચડી નાખી

વૃદ્ધા નારી પતિવ્રતા।

બની બીજાઓને ઉપદેશ કરવાનો ડોળ ધાલે છે. આવા વૃદ્ધકપીઓ પોતે હજુ ઓઢ્યા ધારણ કરવામાં પણ શરમાતા નથી. આવા લોકો તરફ આંગળી કરી કોન્ફરન્સના કાર્યનો હીસાબ લોકો રજુ કરે છે. આવા આવા ઓધ્ધેદ્વારોને આપણે વીણી વીણીને દુર કરવા જોઇએ, અને નવા ઉત્સાહી, નિરપેક્ષ, કાર્ય કરવાની હિંમત ધરાવનારા ચતુર અને ડાહ્યા લોકોની નીમણુંક કરવી જોઇએ

* * *

બંધુઓ, કેળવણીની બાબતમાં આપણે કેટલુંએક કાર્ય કરીએ છીએ. ધાર્મિક હરિફાઇની પરીક્ષાઓ લેવાય છે. અને મહાવીર વિદ્યાલય જેવી સંસ્થાઓ હાલમાં જન્મ પામી છે. પણ જ્યાંસુધી આપણે દરેક જૈન વસ્તીવાળા ગામમાં પાઠશાળા એકજ ઘટનાથી ખોલી ન શકીએ અને દરેક મોટા જૈન વસ્તીવાળા ગામમાં જૈન હાઇસ્કુલો, ગુરૂકુલો આપણે ન ખોલી શકીએ ત્યાંસુધી, આપણી કેળવણીની ખામી તો દેખીતી રીતે કાયમજ રહેશે. આપણે જૈન વિશ્વવિદ્યાલય સ્થાપન કરવાની આકાંક્ષા રાખવી એ કાંઇ અશકયપ્રાય વસ્તુ છેજ નહીં. આપણે આમ તો ધનાઢ્ય કોમ ગણાઇએ છીએ, અને લાખો રૂપીઆઓ અનેક ધાર્મિક કામોમાં ખરચી નાખીએ છીએ, પણ તે ધનને ઉત્પાદક અને કાર્યસાધક માર્ગે ખરચવાનું આપણે મનમાં લાવીએ તો કેટલું સારૂં? આપણે વેપારી છીએ, અને એટલા માટેજ આપણે આપણા દ્રવ્યનો વધારેમાં વધારે બદલો મળે કે કેમ તે જોવાનું આપણું કર્તવ્ય છે. સાત ક્ષેત્રમાં ધન ખરચવાનું શાસ્ત્રકાર કહે છે, પણ તેમાં પણ વિશેષ કરી જે ક્ષેત્ર નબળું પડી ગયું હોય તેવા ક્ષેત્રમાં આપણે નાણાનો ઉપયોગ નહી કરતા અન્ય ક્ષેત્રોમાં નાણાનો ઉપયોગ કરીયે છીએ, એ હાલની પરિસ્થિતિ જોતાં અત્યંત ખેદજનક છે. અવળો પ્રવાહ ફેરવી સવળો પ્રવાહ કરવાથી આપણે જે નાણા ખરચીયે છીએ, તેનો વધારેમાં વધારે લાભ આપણે લઇ શકીએ તેમ છે. માટે આ તરફ અમારા ધનાઢ્ય લોકોનું લક્ષ જશે એવી અમોને આશા છે.

* * *

જૈનોની ગરીબાઇ

નો આપણે ઘણોજ ઓછો વિચાર કરીએ છીએ. થોડાક શ્રીમાન બંધુઓ તરફ નિહાળી આપણે ગરીબાઇની ઉપેક્ષા કરી મુકીએ છીએ, એ ચલાવી લેવા યોગ્ય છે શું? જે કુટુંબો ખાઇ પી સુખી ગણાતાં હતાં તેઓ હાલમાં ચીંથરેહાલ થયા છે. જેઓ મોટા જમીનદાર ગણાતા હતા તેઓ ઘરબાર વગરના થઇ ગયા છે. વેપાર પડી ભાંગ્યો છે. ઉપરસે તો ખુબ અની અંદરકી રામ જાણે એવી દશા થઇ ગઇ છે. શ્રીમંતોની સંખ્યા દીવસે દીવસે ઘટતી જાય છે, તેનો આપણે વિચાર કરીશું નહિ શું? કેળવણીના અભાવે અન્યધર્મિઓ, ગુજરાતી અને મારવાડીઓ તરફ હંમેશ તિરસ્કારની નજરથી જોતાં આવેલા છે અને જૈનોનો જે કોઇ કારણથી ઉત્કર્ષ જણાય છે તો તેઓ, તે તોડી પાડવા પ્રયત્ન કરે છે. માટે અમારે સમાજ તરીકે જીવવું હોય તો સંગઠન અને વ્યવહારિક કેળવણીનો ખુબ પ્રચાર કરવો જોઇએ.

* * *

રાષ્ટ્રીય આકાંક્ષા અને હિન્દમાતાને મુકત કરવા માટે જે જે હીલચાલો દેશભરમાં ચાલતી હોય તેના સૂરમાં આપણો સૂર મેળવી, દેશના ઉદ્ધારના મહાન કાર્યમાં આપણે સામેલ થવું જોઇએ. આપણી સંઘટના, શુદ્ધિ અને પુષ્ટિ કરવી એનો મુખ્ય હેતુ આપણો પોતાનો ઉપયોગ આપણો દેશ, આપણો ધર્મ અને આપણો સમાજ એ બધાને થવો જોઇએ. આપણા સમાજની ઉન્નતિ કેવળ દેશની ઉન્નતિને આશ્રિત થઇને રહેલી છે. દેશના કલ્યાણમાં આપણા સમાજનું પણ કલ્યાણ છે. આપણે ધર્મસાધન કરવા માટે શાંતતા જોઇએ, તો આપણે મહાન દેશભકતોના પગલે ચાલી દેશહિતના દરેક કાર્યમાં સહાયભૂત થવું જોઇએ. અમોને મોટી આશા છે કે કોન્ગ્રેસ જેવી મહાસભામાં જૈનોનું તેજ પડે તેવા દેશોદ્ધારક વીરનરો પેદા થવા જોઇએ. આપણે જો દેશદ્રોહી અને ખુશામતીઆ પેદા કરીશું તો આપણું અસ્તિત્વ નકામુંજ છે. આપણે હિન્દુઓ સાથે મળી જઇ દરેક રાજકીય, સામાજીક, ઔદ્યોગિક અને ધાર્મિક આકાંક્ષાઓમાં સહભાગી થવું જોઇએ, તેમાંજ આપણો અને આપણા દેશનો ઉદ્ધાર છે. હિન્દમાતાના બંધનો દુર થઇ તેને સ્વાતંત્ર્યનો લાભ થાય એવી આકાંક્ષા આપણે રાખવી જોઇએ.

* * *

મરણ પાછળ રોવું, કુટવું અને જમણવાર કરવા, એ બદીનો તોડ પણ આપણે યુવક વર્ગના હાથમાં સોંપી દેવા યોગ્યજ જણાય છે. ગુજરાતમાં લોહીનાં લાડુનાં નામથી જે વિકેટીંગની હીલચાલ ચાલે છે તે યથાયોગ્યજ છે. અમારા કેટલાએક શોખીન બંધુઓ, સ્ત્રીપુરૂષ, બાળક, વૃદ્ધા અને યુવાન બાળવિધવાઓ આગળ વેશ્યાના નાચ અને ગાયનો કરાવવામાં શરમાતા નથી. તેવા બન્ધુઓને પણ હવે સારી શીખામણ મળવી જોઇએ.

આપણા તિર્થના ઝગડાઓ, દિગમ્બરી બન્ધુઓ સાથે ચાલતાં કંકાસ, આપણે બાનગી લવાદી મારફતે દુર કરવા જોઇએ. ધર્મના નામે ઝગડાઓ પોષવાના દીવસો હવે વહી ગયા છે. માટે કલેશ અને ઝગડાઓ ઓછાં કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. નવા મંદિરો બંધાવવા કરતાં તો જુના પ્રાચીન તિર્થોનો ઉદ્ધાર કરવા તરફ આપણે વધારે લક્ષ આપવું જોઇએ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

પ્રમુખ: રાવસાહેબ શેઠ રવજી શોજપાલનું

ભાષણ.

[આખું ભાષણ સુંદર છે. સ્થળસંકોચને લઈ ઉપયોગી ફકરાઓ આપ્યા છે.]

જે જિનદેવનું પૂજન હું મંગળાચરણરૂપે હમણાં કરી ગયો તે જિનદેવનું વાસ્તવિક પૂજન તો કાર્યરૂપે અને આપ સર્વના સહકારથી હજી હવે કરવાનું છે. કેવાં કાર્યો કરવાથી શ્રી જિનદેવનું વાસ્તવિક પૂજન થયું ગણાય એ તો મંગળાચરણમાં આચાર્યશ્રીએજ સૂચવી દીધું છે. ત્રણે લોકના જીવોની પીડા હરવી અને જીવન-મૃત્યુને લગતા વિકટ પ્રશ્નોની ધુંસ ઉકેલી જનતાના જીવનને ભયરહિત-ક્લેશરહિત કરી આપવું એ શ્રી જિનદેવનું પરમ ધ્યેય છે, કે જે ધ્યેયની સફળતા માટે આપણે હેમના ભક્તો, હેમનાં અંગોપાંગ અને શસ્ત્રો તરીકે યોજાયા છીએ. જૈન સમાજ તરીકેનું આપણું મિશન જેટલું પવિત્ર છે તેટલીજ મહાન આપણી **'જૈન' તરીકેની જોખમદારી છે.** એ મહાન જોખમદારી સંપૂર્ણપણે અદા કરવાનું ત્યારેજ બની શકે કે જ્યારે શ્રી જિનદેવનાં વાહનરૂપ **જૈનસમાજ પોતે ઐશ્વર્યવાન અને એકરૂપ હોય.** સમાજને એવો બનાવવા માટેજ આજથી ૨૮ વર્ષ પર સંગઠન રચવામાં આવ્યું હતું અને એને 'જૈન કોન્ફરન્સ' એવું નામ આપવામાં આવ્યું હતું. એ કોન્ફરન્સનું આજે તેરમું અધિવેશન છે. આ અધિવેશનમાં ભાગ લેવા દૂર દૂરથી પધારેલા બન્ધુઓ અને બ્હેનોનાં દર્શનથી બ્હને વીતરાગ દેવનાં દર્શન જેવો આનંદ થાય છે. જૈન સમાજને ઐશ્વર્યવાન અને એકરૂપ બનાવવાના વ્યવહારૂ ઇલાજો શોધવાના આપના કાર્યમાં **માર્ગદર્શક અને નિયામક** તરીકે મ્હારી નીમણુંક કરીને આપે મ્હારા પરનો આપનો વિશ્વાસ પ્રદર્શિત કરી બ્હને આપનો ઋણી બનાવ્યો છે. એ વિશ્વાસને સફળ બનાવવાની મ્હારી જોખમદારીપર મ્હેં સતત વિચાર કર્યો છે. આપની જોખમદારી અને કર્તવ્યપર અક્ષર ટપ્પીક બોલવા પહેલાં મ્હારે **મ્હારી જોખમદારી સમ્પૂર્ણપણે વિચારવી અને જાહેર કરવી** એને મ્હારું પ્રથમ અને પ્રમાણિક કર્તવ્ય માનું છું.

* * *

હું કબુલ કરીશ, મહાશયો! કે મ્હારા જેવા અદના વ્યાપારી માટે આ જોખમદારીનો બોજો અસાધારણ છે, અને જો કે હું એક વ્યાપારીને સ્વાભાવિક એવી 'સાદી સહમજ,' સહિષ્ણુતા તથા શાન્ત ઉત્સાહ વડે એ બોજો ઉપાડવા પ્રયત્ન કરીશ, તોપણ પૂર્ણ સફળતા માટે તો મ્હેં આપ સર્વની-**વૃદ્ધો તેમજ યુવાનોની-'સાદી સહમજ' અને સહૃદય સહકાર પરજ મદાર બાંધ્યો છે.**

એને શત્રુનાં અને પોતાનાં **સાધનોનું ભાન** હતું, અનુકુળ પ્રસંગ મળતાં સુધી થોભી જવાની એનામાં ધીરજ હતી, પ્રસંગ મળતાં સંગઠિત બળથી અને વજ્રની ઇચ્છાશક્તિથી હુમલો કરવાની તે કુનેહ ધરાવતો હતો, દેશીઓ કે તટસ્થો કે નિર્દોષો કે નબળાઓને ઇજા ન થવા પામે એવી દયા હૈનામાં હતી, અને મહાન સંકટોને પરિણામે મળતા જય **ગુરૂચરણમાં અર્પણ કરવા જેવી ત્યાગવૃત્તિ તથા ભક્તિ** તે ધરાવતો હતો. સાચી વીરતા, સાચી માણસાઇ, એનું નામ કહેવાય. એ ગુણો અથવા સંસ્કારો વગર કોઇ વ્યકિત કે સમાજ કે દેશનો વિકાસ કે મુકિત સંભવે નહિ. **આપણે હમણાં આદરેલા કાર્યની સફળતા માટે પણ એ ગુણોની આરાધના આવશ્યક છે.** શીવાજીના શત્રુઓ શરીરબળમાં કાંઇ ઓછા નહોતા, પણ ચારિત્રબળ અર્થાત્ આધ્યાત્મિક બળમાં ઉતરતા હતા. નરા શરીરબળ અથવા પાશવબળને ચારિત્રબળના અંકુશમાં મૂકવું એ આર્ય પ્રજાનો સનાતન પુરૂષાર્થ છે, અને શીવાજી મહારાજ એ 'પુરૂષાર્થ'ના સાચા પ્રતિનિધિ હતા. એવા પુરૂષની જન્મભૂમિમાં આ સમ્મેલન ભરવાના પ્રયત્નમાં કૃતેહમંદ થવા માટે આપને અભિનંદન આપ્યા શિવાય મ્હારાથી રહેવાયજ કેમ?

* * *

એ નવીન પરિસ્થિતિમાં આપણે પહેલીવારજ એકઠા મળીએ છીએ. 'જીવતા વાતાવરણ'ને ભેટવાની પહેલી તક મેળવવા માટે હું આપ સર્વને મુબારકબાદી આપું છું. વિવિધ અભિપ્રાયો અને વિવિધ બળોની અત્રે હાજરી હોવી એ આપણા વિકાસનો ચોક્કસ પુરાવો છે. અને એ વિકાસક્રમમાં આગળ વધવા માટે આપણે એ **વિવિધતાઓમાંથીય એકતા રચીશું.** જ્યાંસુધી આપણા પૈકીના ઘણાખરાના ધોરણો પ્રમાણિક હશે, ધ્યેય ચોક્કસ હશે, અને હૃદય એક હશે, ત્યાંસુધી અભિપ્રાયભિન્નતાનો ભય રાખવાની લેશમાત્ર જરૂર નથી. એથી ઉલટું, જ્યાં તમામ મનુષ્યો એકજ અભિપ્રાય ધરાવવાનો દેખાવ કરે છે ત્યાં કાં તો દંભ છે, કાં ભય છે, કાં પ્રમાદ છે, કાં અજ્ઞાનતા છે. પોતપોતાના અનુભવ પ્રમાણે માણસ પોતાનો અભિપ્રાય ધરાવે અને એમજ જાહેર કરે, એજ **પ્રમાણિકતા** છે. કોયડાના ઘુણાવ્યા ઘુણે એ ભાગ્યેજ મનુષ્ય કહેવાય. એક સભામાં જુદા જુદા પ્રમાણિક અભિપ્રાય ધરાવનારાઓની હાજરીથી એક વિષય જુદા જુદા દૃષ્ટિબિન્દુઓથી વિચારી શકાય છે અને **વધુમાં વધુ કાર્યસાધક** માર્ગ નક્કી કરી શકાય છે. તાત્પર્ય કે વ્યકિતગત પ્રમાણિક અભિપ્રાય એ તો સમાજની **જરૂરીઆત** છે. પણ તે સાથેજ, એ પણ સમાજની જરૂરીઆત છે કે સામાજીક કાર્યના નિર્ણય વખતે વ્યકિતએ બહુમતનું મહત્વ સ્વીકારી પોતાનાજ વિચારનો અમલ કરવાની સમાજને ફરજ પાડવાના મોહથી બચવું જોઇએ. જો દરેક વ્યકિત એમજ આગ્રહ કરે કે સમાજે હેનાજ વિચારનો અમલ કરવો જોઇએ, તો સમાજનું કાર્યજ અશકય થઇ પડે. સારામાં સારો વિચાર પણ કોઇપર-અને ખાસ કરીને વિરૂદ્ધ મત ધરાવતા હજારો માણસોપર-બળાત્કારથી ઠોકી બેસાડવાનું **શકય નથી,-સહીસલામત** પણ નથી. જે શકય છે, સહીસલામત છે અને પ્રમાણિક છે તે એટલુંજ કે પોતાનો અભિપ્રાય બીજાઓને બંધુભાવે સમજાવવાનો દરેક પ્રયાસ કર્યા બાદ હેના સ્વીકાર કે અસ્વીકાર માટે તેઓને સ્વતંત્ર રહેવા દેવા. પોતાના હૃદયનો અવાજ બીજાના હૃદયમાં ઉતારવાની બનતી તમામ કોશીષ ન કરવી એ ચારિત્રબળની

ખામી સૂચવે છે, અને પોતાનો વિચાર ન સ્વીકારી શકે તેઓપર ગલીચ વાક્પ્રહાર કરવો કે હાથ ઉપાડવો એ પશુનું લક્ષણ છે.

* * *

મ્હારા તરફથી હું પ્રારંભમાં જ ખાત્રી આપું છું કે મ્હારા અંગત અભિપ્રાય ગમે તે હશે છતાં ઠરાવો કરવાના તમ્હારા પ્રમાણિક પ્રયાસમાં મ્હારા અભિપ્રાયોને ડખલગીરી કરવા નહીં જ કરું. તે સાથે એ પણ એકરાર પ્રગટ કરવાની મ્હારી ફરજ છે કે કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિઓ-પછી તે સુધારક હો વા પુરાણપ્રેમી હો, ગમે તે હો-સભાના સર્વમાન્ય નિયમોનો ધરાદાપૂર્વક ભંગ કરવા કોશીષ કરશે તો તેવે વખતે તેવી થોડી વ્યક્તિઓની ક્ષણભરની લાગણીઓ તરફ નહિ પણ કોન્ફરન્સનાં ભૂષણ તથા સમાજના હિત તરફ વધુ ઝુકીશ. મ્હને કોઇ પક્ષ તરફની વાહવાહ જોઇતી નથી, કારણ કે જ્યાં એકપક્ષ તરફની વાહવાહ છે ત્યાં બીજા પક્ષ તરફની નિંદા પણ સાથે જ છે. પ્રમુખ એ સમાજનો 'દાસ' છે, પણ દાસ છે તેથી જ સમાજનું ઘર બાળવાની જોખમદારી ભૂલથી એને પાલવી શકે નહિ. તમ્હારો નોકર તમ્હારા મ્હોટા પુત્ર તેમજ નાના પુત્ર બન્નેની ભક્તિ કરતો હશે, પરન્તુ જો એજ બે પુત્રોમાંનો એક તમ્હારા ઘરને આગ લગાડવાની કોશીષ કરતો જોવામાં આવશે તો તેવે વખતે તે નોકર તમ્હેના સમ્હામે હાથ જોડી પૂતળાં માફક ઉભો રહેશે કે તમ્હેના હાથમાંથી જબરજસ્તીથી આગની સામગ્રી છીનવી લેશે?

* * *

હું માંગી લઉં છું કે, વાજબી કે ગેરવાજબી રીતે પોતે માનેલા નેતાની એકહથ્થુ સત્તા સમાજપર ઠોકી બેસાડવાનો પાઠ ગોખીને કોઇ આવ્યું હોય તો એ પાઠને મંડપની બહાર ઓટલી આવ્યા પછી જ પવિત્ર વીતરાગ દેવના મિશનરૂપ આ યજ્ઞમાં જોડાય.

* * *

આત્મબંધુઓ! આપણને નેતાઓ અને સમાજ સેવકોની-કપ્તાનો તેમજ સીપાઇઓની બન્નેની જરૂર છે, ઘણી મ્હોટી જરૂર છે. જોખમદારીનો મહાન ડુંગર ઉઠાવનાર કપ્તાનો મેળવવા એ તો મ્હોટું સદ્ભાગ્ય છે, પણ કપ્તાનની આજ્ઞાને વફાદાર રહી સીપાઇગિરિ સાંગોપાંગ ઉઠાવનારા સીપાઇઓ મેળવવા એય બહુ મુશ્કેલ થઇ પડયું છે. **સીપાઇગીરી એ કાંઇ દાદાગીરી નથી.** સીપાઇગીરીના પાયામાં સમાજપ્રેમ, કાનુન, એને વ્યવસ્થા તરફ શ્રદ્ધા અને આજ્ઞાપાલનમાં મરી ખુટવાની તાલાવેલી: એ તત્વો અવશ્ય જોઇએ.

* * *

નર્સિંગ અથવા બીમારની યથાયોગ્ય માવજત, શાસ્ત્રીય પદ્ધતિથી બાળ ઉછેર, સ્ત્રીવર્ગને જરૂરી શિક્ષણ આપવાનું કામ, ગામોગામ ફરી સ્ત્રીવર્ગમાં સ્વમાન અને સંસ્કાર પ્રેરવાનું કામઃ આ કામો કરતાં વધુ પવિત્ર અને વધુ ઉપયોગી કાર્ય હું શોધી શકતો નથી. વિદ્યમાન વિધવાઓને આ કામ માટે તૈયાર કરવાનું સુવ્યવસ્થિત ખાતું ખોલવામાં શા માટે વિલંબ થવો જોઇએ? જે **બેફકરતી** કારણોથી એટલે કે આપણી મુર્ખાઇના કારણથી હજારો સ્ત્રીઓને વિધવાસ્થિતિ પ્રાપ્ત થાય છે તેવાં કારણોને-બાળલગ્ન, વૃદ્ધલગ્ન ઇત્યાદિને આપણા દરેકના ઘરમાંથી સર્વથા બહિષ્કાર કરીને અને આપણા લાગતાવળગતાઓ પર આપણું નૈતિક દબાણ વાપરીને શા માટે આપણે આ પ્રાથમિક સુધારો એક જ વર્ષમાં ન કરી શકીએ?

* * *

સમાજ શું છે? પોતાની રક્ષા અને પ્રગતિની ગરજથી પોતા જેવી ગરજવાળા બીજાઓને એકઠા મેળવી કરાયલું સંગઠન. એનું સૂત્ર હોય, એક બીજા માટે લાગણી અને એક બીજાને સહાય. જે સમાજ 'જીવતો' હશે તેમાં 'હુંફ' અને 'સહાય'ના તત્વો હશે જ. જે સમાજમાં તે તત્વોની ગેરહાજરી હશે અને માત્ર શિકાર બેસવાનીજ વૃત્તિ રાજ કરતી હશે તે સમાજમાં કોઇ સાચો પુરાણપ્રેમી કે સાચો સુધારક રહી શકશેજ નહિ. એવા સમાજમાં જેઓ પોતાને પુરાણપ્રેમી તરીકે ઓળખાવતા હશે તેઓ મુડદાં હશે અને જેઓ પોતાને સુધારક તરીકે ઓળખાવતા હશે તેઓ બગભક્તો હશે. આટલું જેઓ બરાબર સમજી શકશે તેઓ તો સમાજમાં હુંફ અને સહાયનાં તત્વો આમેજ કરવાનું કદાપી ચુકશે નહિ. તેઓ વગર વિલંબે સમસ્ત વૈનો વચ્ચે લગ્ન વ્યવહારમાં અંતરાયરૂપ પ્રાંતભેદ અને જાતિભેદને તિલાંજલિ આપશે, લોકોને જીવવામાં અકુદરતી આડખીલ કરનાર રિવાજોને નાબુદ કરશે, ખરી દાનતથી મહેનત કરી ઉદરનિર્વાહ કરવાના પ્રયત્ન છતાં અસહ્ય લાચારીમાં આવી પડતા જાતિભાઇઓને ગુપ્ત રીતે ટેકો કરીને પગભર કરવામાં પોતાનુંજ ગૌરવ અને પોતાનો જ આનંદ માનશે, કેળવણીનો પ્રચાર સ્ત્રી-પુરૂષ બન્ને વર્ગમાં અને દરેક પ્રાંતમાં ઉગ્રવેગથી કરવાની યોજના અને સાધન ઉભાં કરશે, અને વિધવા વર્ગમાંથી નર્સો, સ્ત્રી શિક્ષકો, સ્ત્રી ડાકટરો અને ઉપદેશીકાઓ ઉત્પન્ન કરનારૂં સુવ્યવસ્થિત ખાતું ખોલવાની પેરવી કરશે. આ કામોમાં કોઇ પ્રમાણિક જૈનનો વિરોધ ન હોય

* * *

દીક્ષા.

વીરપુત્રો! હું તમ્હારી પાસે હજાર મુદ્દાઓ નિર્ભય વાંચવા ખુશી નથી. હું ફકત અદ્દલાયદ્દા દેશકાળને-નવીન વાતાવરણને-સ્પર્શવા માંગું છું. આજના 'બળતા પ્રશ્નો'થી ભડકીને દૂર ભાગવા કરતાં, એમને ટાળવા કરતાં, એમની ઉપેક્ષા કરવા કરતાં, એમની હયાતી અને એમનું અગત્ય સ્વીકારી મ્હારા વકતવ્યમાં એમને પ્રસ્તાવપદ આપવામાંજ પ્રમાણિકતા માનું છું. કુદરતના નિયમો અનુસાર ઉપચાર કરનાર કોઇ તબીબને પૂછો કે કોઇ બિમાર પોતાના શરીર પર નીકળેલ ગડગુંબડ નાબુદ કરનારી દવા માંગશે તો તે શું કહેશે? તે કહેશેઃ ભાઇ! ગડગુંબડ તો તમ્હારા લોહીમાં થયેલા વિકારની **જાહેરખબર** છે. એ ગુમડાને મલમપટ્ટીથી નાબુદ કરવાથી કાંઇ લોહીનો વિકાર દૂર થવાનો નથી. એ ગુમડાં ન પુરી નીકળ્યાં હોત તો અંદર કાંઇ બગડયું છે તે વાતજ જાણવામાં ન આવી શકી હોત. **અંદરનો બીગાડો** દૂર કરવામાં આવશે એટલે એની જાહેરાત રૂપ ગડગુંબડતી શરીરને જરૂરજ ન રહેવાથી તે **આપોઆપ** અદ્રશ્ય થશે. **દીક્ષાનો ઝગડો એવી જાહેરખબર માત્ર છે. અને, જાહેરખબર કુદરતની જરૂરીઆત છે.** એ ઝગડો દાબી દેવો શકય હોય તો પણ ઇષ્ટ નથી. તાવને મટાડવા આપાતું

કવીનાઇન શરીરમાં ઉલટી બીજી વિકૃતિ કરશે. ટાઇફોઇડ જેવા ભયંકર તાવમાં **કંઇજ ઔષધ ન અપાય** એવો નિશ્ચય હવે વૈદ્યક શાસ્ત્ર પોતે જાહેર કરવા લાગ્યું છે! ઉપર રૂપે ફાટી નીકળેલા દીક્ષાનો ઝગડો જાહેરખબર કરે છે કે લાંબા વખતથી સમાજશરીરમાં વિકાર થવા લાગ્યો હતો પણ તેને થાગડથીગડથી ઢાંકી રાખવાની ભૂલ સેવવામાં આવવાથી તે રોગ હવે વધી પડયો છે અને બહાર ઉભરાઇ આવ્યો છે. માત્ર આપણાજ ધર્મના નહિ પણ દુનિયાભરના તમામ ધર્મોના ધર્મગુરૂઓ બાબતમાં કેટલીએ ગંભીર ફરિયાદો ચોક્કસપણે નજરે જોવામાં આવે છે અને તે પર ઢાંકપીછોડો કરવા ઉપરાંત કેટલાક સ્વાર્થીઓ ઉલટો બચાવ કરતાં રહ્યા છે. પરિણામે એ ક્ષેત્રમાં વિકાર **જામતો** જાય તો એમાં તાજુબ થવા જેવું શું છે? આખી દુનિયાની દયા ખાવા નીકળેલા, સર્વ જીવોને વીતરાગ માર્ગના રસીઆ બનાવવાનું મિશન લઇ બેઠેલા, ક્રોધ-માન-માયાનો જગતમાંથી બહિષ્કાર કરવાનો સતત્ ઉપદેશ કરનારા, અને માલીકી તથા મમત્વ ભાવનાના ત્યાગરૂપ દીક્ષા પામેલા સાધુવર્ગમાં પોતામાં એક-બીજા પ્રત્યે કલેશ કે નિંદા જોઇ શકતા હોઇએ તો ગૃહસ્થ-વર્ગમાં પક્ષાપક્ષી, ગાળાગાળી અને મારામારી જોઇને આશ્ચર્ય કોણ પામશે? પાલીતાણાનું સંકટ આવી પડયું ત્યારે પણ સાધુવર્ગ પોતાનું સમ્મેલન ન કરી શકયો, એ શું આપણે નથી જોયું? આજે ચોતરફ જાહેર પ્રજામાં આપણી કોમની અને ધર્મની હાંસી થાય છે, તે છતાં એ હાંસી કરાવનાર કારણનો વિચાર કરવા પૂરતી ય સાધુપરિષદ ભરવાનું તેઓથી બન્યું નથી. ગૃહસ્થવર્ગની કોન્ફરન્સને સાધુ-વર્ગની કોઇ બાબતનો હરાવ કરવાનો હક્ક નથી એમ કહીને જ સંતોષ ન પકડતાં, તેઓ પોતાનું સમ્મેલન કરવાના ય અખાડા કરવાનો આગ્રહ કરે તો એનો અર્થ તો એ થવા પામે કે, સ્વચ્છંદનો જ નિશ્ચય છે. સાધુવર્ગમાં કંઇ રત્નો મોજુદ છે અને જો બધા સંઘાડાના સાધુવર્યોનું સમ્મેલન થાય તો **શાસ્ત્રો, સમાચારીઓ** અને **પોતાની વિવેકબુદ્ધિ, એ** ત્રણેની મદદથી તેઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવના ઉપયોગપૂર્વક નિયમો કર્યા વગર ન જ રહી શકે. એવું નહિ થાય તો, જેમ એક પક્ષને પોતાની મરજી મુજબ વર્તવાની છુટ છે તેમ બીજો પણ પોતાની મરજી મુજબ વર્ત્યા જ કરશે, એને અટકાવી કોણ શકશે? વસ્તુસ્થિતિ જ્યારે અસહ્ય બનશે ત્યારે કાં તો આ કોન્ફરન્સને હસ્તક્ષેપની ફરજ પડશે કાં તો સુજ્ઞ વર્ગ નિરંકુશ બનશે, કાં તો આત્માર્થી સાધુઓ અને એવા શ્રાવકો સમાજથી અલગ થવાનું પસંદ કરશે. ત્રાસની અવધિ થાય ત્યારે રાજ્યક્રાન્તિ થાય છે, એ વાત રખે કોઇ ભૂલે. જોહુકમીની માત્રા વધી પડે ત્યારે નબળી પ્રજા પણ સંગઠન શીખે એ પણ કોઇ રખે ભૂલે. લોકોમાં ધર્મપ્રેમ જગાડી શાન્તિ, પ્રગતિ અને સંગઠન રચવાને બદલે ધર્મઝનુનના હથીઆર વડે સમાજનું સત્યાનાશ કરનારા જે કોઇ હોય તે બધાઓ દેશરિપુ ગણાશે અને હિંદના પુનરૂત્થાન કાળમાં એમની શી દશા થશે, એ કહેવા કોઇ ભવિષ્યવેત્તાની જરૂર ભાગ્યે જ પડે. જરા સબુર કરો, લોકોને અસહ્ય સ્થિતિમાં આવવા દો, પોતા સિવાય કોઇ પોતાને બચાવી શકતું નથી એવું ભાન ઉગવા દો, પછી 'પરગજુ'ઓની સ્થિતિ જોજો.

દીક્ષાનો પ્રશ્ન શું ખરેખર મહાન વિકટ છે કે જેથી એને માટે આટઆટલી લાંબી દલીલોની બન્ને પક્ષને જરૂર પડે? અજ્ઞાન જનતાની અક્કલને ચક્કરમાં નાખવાની દાનત ન હોય તો, આ પ્રશ્નને અંગે ઝગડો જાગવા જેવું કાંઇ છે જ નહિ. સમાજે ધ્યાનમાં રાખવું જોઇએ કે કોઇ ઝગડાજ થવા ન પામે અને સાધુ કે શ્રાવક કોઇ આપખુદ થવા જ ન પામે એવી કાળજી શાસ્ત્રકારોમાં અવશ્ય હતી, કારણ કે તેઓ **મનુષ્યપ્રકૃતિ** બરાબર જાણતા હતા. એમણે જ ફરમાવ્યું હતું કે, સાધુમાત્રે નિરંતર ભ્રમણ કરવું અને કોઇ સ્થળ કે વ્યકિત સાથે 'સંબંધ' જોડવો નહિ. એમણેજ ફરમાવ્યું હતું કે, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચારે શ્રી'સંઘ'નાં અંગ માત્ર ગણાશે અને ચારેને 'સંઘ'ની આજ્ઞામાં રહેવું **જોઇશે**. એમણે જ વળી ફરમાવ્યું હતું કે, પૈસો, પાંડિત્ય અને પદ્વિ કરતાં પવિત્રતાનું સ્થાન ઉંચું ગણાશે. લોકો આટલું જ બરાબર શિખે અને એ શાસ્ત્રફરમાનોનો અમલ કરવા-કરાવવા કટિબદ્ધ થાય, તો દીક્ષાપ્રશ્ન અને એવા બીજા બારસો પ્રશ્ન આપોઆપ શાન્ત થઈ જાય અને કોન્ફરન્સને પોતાની શકિત-ઓનો ઉપયોગ સૃજનાત્મક કાર્યમાં જ કરવાની સરળતા થાય.

એક વાત સઘળાએ યાદ રાખવાની જરૂર છે. રાજકાજ અને વ્યાપાર પ્રવૃત્તિથી ધર્મ પ્રવૃત્તિ જુદી ચીજ છે. ધર્મ પ્રવૃત્તિમાં છુપા આશયો, પેચ, કાનુની જાળ, શરમાશરમી મુદ્દલ ન જોઇએ. જીવનનાં અન્ય ક્ષેત્રોમાં ધર્મ પ્રવાહ વહેવડાવીને ત્યાંની અપવિત્રતા ધોઇ નાખવાની અને એ ક્ષેત્રોને **ઉન્નત** બનાવવાની ફરજ જે ધર્મને માથે છે, તે ધર્મને નામે તે જ ધર્મના ક્ષેત્રમાં વકતાની બરદાસ ન જ થઇ શકે. જૈનો અને અન્ય ધર્મિઓ જ્યારે આ વાતની કાળજી કરતા થશે ત્યારે ધર્મનો વિજયધ્વજ સઘળાં ક્ષેત્રે ફરકશે અને માનવજાતિનું જીવન દૈવી બનવા લાગશે.

* * *

હમણાં હમણાં પ્રજાકીય લડતમાં કોમી તત્વનો પ્રવેશ થવા લાગ્યો છે; એ ખરેખર અફસોસજનક છે. એક જૈન તરીકે હું તો એમજ કહું કે હું પ્રારંભમાં, મધ્યમાં તેમજ અંતે 'જૈન'જ છું, અને જૈન છું માટેજ વ્યકિત કરતાં કોમી હિતને અને કોમી હિત કરતાં દેશહિતને પ્રાધાન્ય આપવાની દ્રષ્ટિ-એજ દરેક નિર્ણય કરું. નહાની કોમોનાં હિતની દરકારનો દેખાવ કરીને, હમણાં હમણાં કેટલાક રાજદ્વારીઓ સમસ્ત પ્રજાના પ્રોગ્રામને ચુથી નાખવાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે, એમાં કોઇએ ફસાવું જોઇતું નથી. આપણે સરકારને તેમજ દેશને જાહેર કરીશું કે અમારી કોન્ફરન્સની મોહોરવાળા શબ્દનેજ કોમના અવાજ તરીકે માનવો.

* * *

પારસી કોમની માફક આપણી કોમ પણ સખાવતો માટે મશહુર છે. પણ સખાવતોની વ્યવસ્થામાં તે કોમ કરતાં આપણી કોમ ઉતરતી છે, અને તે છતાં પારસી કોમના દુરંદેશ નેતાઓ એમની વ્યવસ્થાને પણ ઘણીજ ખામીવાળી કહી પોકાર ઉઠાવે છે, જ્યારે આપણે વધુ ખામીવાળી આપણી વ્યવસ્થા રહ્યમે અક્ષર વટીક કોઇ બોલી ન શકે એમ ઇચ્છીએ છીએ. આથી લાખો રૂપિયાનો દુર્વ્યય થવા પામે અને છતે નાણે ઉપયોગી કામો રખડી પડે એ સ્વાભાવિક છે. હું તો

એમજ ઇચ્છું કે સઘળી સભાવતો અને ધર્માદાઓ એકજ વગવાળી સુવ્યવસ્થિત કમિટિને રાજીખુશીથી સોંપવામાં આવે અને વધુમાં વધુ કાર્યસાધક રીતે તહેનો ઉપયોગ થાય એવી યોજના કરવામાં આવે.

વિવિધ મંદિરો પાસે ફાજલ રહેતી મ્હોટી રકમો અને ઘી નિમિત્તે થતી ચાલુ આવકના ઉપયોગ સંબંધમાં કેટલાક વિવેકને સ્થાન છે. એક મંદિરની ફાજલ રકમ બીજાં મંદિરોની મરામતમાં ખર્ચવાની આનાકાની કરવામાં આપણે મૂળ નીતિનો ભંગ કરી બેસીએ. વળી પ્રત્યેક ગામના સંઘે, જો દેવદ્રવ્ય જરૂર પૂરતું હોય તો, હવે પછીથી થતી ઘીની બોલીમાં સાધારણનો ભાગ રાખવાનો ઠરાવ કરવો બાજબીજ ગણાશે. એથી એ ભાગનાં નાણાંમાંથી સંઘની ઉન્નતિનું ઘણું કામ બની શકશે.

આપણી સુપ્રસિદ્ધ આણંદજી કલ્યાણજીની પેઢીના સંબંધમાં પણ વિચાર કરવો અસ્થાને નહિ ગણાય. આ પેઢી હસ્તક કેટલાંક તીર્થો અને બીજાં ખાતાંઓ છે. સઘળાં જૈન તીર્થો આ એકજ સંસ્થાની દેખરેખ તળે મૂકાય અને બાકી સઘળાં ખાતાં કોન્ફરન્સની દેખરેખ તળે મૂકાય એ વ્યવહારૂ થઇ પડશે. આ સંસ્થાઓનો મરતબો વધે અને લોકોનો સંપૂર્ણ વિશ્વાસ તે તરફ ખેંચાય એટલા માટે એ જરૂરનું છે કે, તહેમણે હિસાબ અને કામકાજનો રિપોર્ટ હરસાલ જાહેરમાં મૂકવો, વહિવટદાર પ્રતિનિધિઓમાં વિવિધ પ્રાન્તોના સુપ્રતિષ્ઠિત નેતાઓને ભેળવવા અને બંધારણ તથા વ્યવસ્થાપદ્ધતિનું અવારનવાર સંશોધન કરતા રહેવું. તીર્થોને લગતા અન્ય સંપ્રદાયો સાથે થતા મતભેદોનો સુલેહભરી રીતે ઘરમેળે અંત લાવવાને ઉત્સુક રહેવું. પગારદાર કારભારીઓ, બની શકે ત્યાં સુધી, સ્વધર્મિઓમાંથીજ મેળવવા પ્રયત્ન કરવો.

* * *

એક વખત હિંદ સમૃદ્ધ દેશ હતો. એનો વ્યાપાર જગવિખ્યાત હતો. એ વખતે લગભગ તમામ ચીજો આ દેશમાંજ બનતી અને નિર્વાહ ખર્ચ આજથી ઘણોજ ઓછો હતો. આપણે જૈનો, વ્યાપારના રાજા હતા આ સર્વ પરિસ્થિતિઓમાં આપણું દિલ સ્વાભાવિક રીતેજ ભરપૂર અને ઉદાર હતાં. આજે એ બધા સંયોગો પલટાઇ ગયા છે. વ્યાપાર આપણા હાથમાંથી મ્હોટે ભાગે સરી ગયો છે. સમસ્ત દેશના વ્યાપારીઓ ચિંતાતુર દિવસો પસાર કરે છે. સરકારે એક રૂપિઆના એક શીલિંગ છ પેન્સનો હુંડીઆમણનો ભાવ રાખ્યો, તેથી વ્યાપારીમાત્ર ખળભળી ઉઠયા છે. આપણા શરાફી પેઢીને પણ આજની સરકારી નીતિ ભયંકર થઇ પડી છે. આ બન્ને બાબતમાં સમસ્ત વ્યાપારી વર્ગ સાથે આપણો પણ અવાજ સામેલ છે. સરકારે જાહેર પ્રજાના અવાજને માન આપી, રાહત આપવીજ જોઇએ. આપણે માટે એ ગર્વનો વિષય છે કે, આપણામાના એક વડી ધારાસભામાં 'હાજી કોરટલ બીલ' રજુ કરી આખા દેશના આર્થિક લાભની લહત ઉપાડી છે. આ જાહેર જુસ્સો પ્રશંસનીય છે. આપણો સમાજ તે બીલને સંપૂર્ણ અનુમોદન આપે છે અને ઇચ્છે છે કે, એ લહતને સંપૂર્ણ જય મળો.

સર્વત્ર લાગુ પડેલી આર્થિક બિમારી દુર કરવા સઘળા લોકોએ મળીને ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ છે. સ્વદેશી માલ વાપરવા તરફ લોકોએ વધું લક્ષ રાખવું જોઇએ છે. વેપાર પદ્ધતિમાં આજના જમાનાને બરના ફેરફાર કરવા જોઇએ છે. દરેક બજારનાં એસોસીએશન કરી, પડતાના હાથ પકડવાની યોજના કરવી જોઇએ છે.

વેપારીઓને માટે એ પણ ઉચિત છે કે, તેઓ પોતપોતાની કોમના લાયક પુરૂષોને પોતાના ધંધામાં એક યા બીજા રૂપમાં જોડવા તરફ લક્ષ આપે. વેપારી તેમજ નોકરીઆત હરકોઇ પોતાની આવકનો અમુક હિસ્સો બેકારીના ભોગ થઇ પડેલા દેશબંધુઓને પગભર કરવામાં ખર્ચતા રહે એ પણ જરૂરનું છે.

* * *

સજ્જનો! હું કહી ગયો તેમ કરવાં જેવાં અગત્યનાં કામો તો ઘણાંએ છે, પણ સંપ અને સેવાભાવ વગર એક પણ કાર્ય પાર પાડવું અશકય છે. ફકત સાધુઓજ એકસંપી કરે તો આખો સમાજ પુનર્જન્મ પામે. સાધુઓ, વિદ્વાનો, શ્રીમંતો અને સ્વયંસેવકો એ સર્વનો સહકાર હોય તો આખા દેશનું કલ્યાણ સાધી શકે. સ્વયંસેવકોનાં મંડળો હમણાં હમણાં થવા લાગ્યાં છે, તે ખુશી થવા જેવું છે. એમને હું એકજ મંત્ર આપવાની જરૂર જોઉં છું: 'સંયમ'પૂર્વક અને સેવાના ધ્યેયને ચૂકાય નહિ એવી રીતે કામ કર્યે જાઓ. શ્રીમંતોને અરજ કરીશ કે, દાન કરો તો જોડવાના કામમાં કરજો, તોડવાના નહિ. વિદ્વાનો અને સાધુઓ, એમની પાસેથી તો આપણે ઉદયની ચાવી મેળવવાની હોય, એમને બસારો પણ કરવો પડે એ તો દુઃખનો વિષય ગણાવો જોઇએ. સ્વર્ગસ્થ રાષ્ટ્રભૂષણ લાલા લજપતરાય જેવી વ્યકિતઓએ, જૈન સમાજથી અલગ થવાનું કેમ પસંદ કર્યું હશે એ પર ઉંડો વિચાર કરવાનું હું વિદ્વાનો અને સાધુઓનેજ સોંપીશ. ઉંડું મનન, વ્યાપક દ્રષ્ટિ, ઉદાર ભાવના અને જાહેર જુસ્સાનો જો તેઓ બપ કરે તો જૈન સૂર્યનો ઉદય હમણાં થવા લાગે ક્ષણિક અને તાત્કાળિક પ્રાપ્તિઓનો મોહ છોડયા સિવાય કોઇ જાતની મહાન સિદ્ધિ સંભવતી નથી. શ્રી શાસનનાયક સર્વને સિદ્ધિની શકિત આપો!

ગ્રાહકોને સુચના.

—(૦)—

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

:: લવાજમ ::

વાર્ષિક (૮. બ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી.)

તા૦ ૭ મીની રાત્રિના, શ્રી જૈન યુવક સંઘના સભ્યો અને સોસાયટીના સભ્યો સાથે ટ્રેન પુના જવા ઉપડી. બધે માં પણ યુવાનોનો ઉત્સાહ તરી આવતો હતો. બન્ને વિરૂદ્ધ પાર્ટીના સભ્યો કોન્ફરન્સમાં ભાગ લેવા જતા જોઇ, પ્રથમ તો લાગ્યું કે, જેમ ટ્રેઇન એકત્ર કરે છે તેમ, કોન્ફરન્સમાં પણ સાથે મળી જૈન સમાજનો ઉદ્યોત કરશે, તેમ ધડીભર દેખાયું. પુના સ્ટેશને ઉતરતાંજ યુવકો 'કોન્ફરન્સ ધણું જીવો' ના પોકારો કરતા હતા. સોસાયટીના સભ્યો તેથી ખીજવાતા હતા. તપાસ કરતાં માલૂમ પડયું કે, તે લોકો કોન્ફરન્સમાં રહીને સમાજના હિત માટે જતા ન હતા, પરંતુ પોતાનો કકકો કોન્ફરન્સ ન ધુંટે તો તોડી પાડવા-ભંગાણ પાડવાના હેતુથી જતા હતા. કદાચ તેમાં નિષ્ફળતા મળે તો છેવટે શાસનરસીકોની કોન્ફરન્સ ત્યાં ભરવા જાય છે એમ જાણવામાં આવ્યું.

જુન્નેર પહોંચતાંજ વાતાવરણ ઉત્સાહમય દેખાતું હતું. અમારી ગાડી જુન્નેરમાં એક ઉતારા પાસે અટકી. ત્યાં ફકત સોસાયટીના મેમ્બરો હોય તેનેજ ઉતરવા આમંત્રણ મળ્યું. બીજાઓને આગળ વધવા જણાવ્યું. મને લાગ્યું કે સોસાયટી અત્રે પણ સ્થિતિચુસ્તતા બતાવે છે.

સોસાયટી છિદ્રો શોધે છે.

ઉતારા સંબંધી, નહાવાના ઉના પાણીની સગવડ સંબંધી ચેડાં શોધ્યા. ધર્મના નામે બહારથી નિયમનના દંભ કરતા આ સ્થિતિચુસ્તોને કાર્યમાં કશું નિયમન નજર પાલવે; એટલે સ્થાનિક કાર્યવાહકોએ જમવા માટે કૂંપાસની જે ગોઠવણ રાખી હતી તે પણ કેમ પાલવે. એટલા માટે પ્રથમ પાસ લઇ, જમવા જવામાંજ વાંધો લીધો. આગેવાનોએ ખાસ તેમના માટે જતું કર્યું અને કોન્ફરન્સ મંડપમાં શેઠ બાબુલાલ નાનચંદે 'જૈન પ્રવચન'ના અધિપતિ અને સોસાયટીના સભ્યોને વગર પાસે જમવા પધારવા વિનંતી કરી.

દુધપાકને બદલે દાળ-ભાત-શાક.

બપોરના સર્વે મોડા પહોંચ્યા અને સાંજના જમવાની વહેલી સગવડ હોવાથી સવારના, બધા માટે દાળ, ભાત, શાકનું સાદું ભોજન લેવાની ગોઠવણ હતી. જુન્નેર સંઘને શું ખબર હોય કે ત્યાગભાવનાનો બહારથી ડોળ બતાવતી આ ટોળીને દુધ પાક વિના પસંદ પડે તેવું નથી. સ્વયંસેવકોનો ઉત્સાહ, ત્વરાથી સુંદર સેવા બજાવનાર મહારાષ્ટ્રીય ભાઇઓના અપૂર્વ આત્મભોગ તરફ નજર તે કયાંથી પહોંચે! આ ત્યાગીઓ (?) મોટે ભાગે બગડ કરી-પડતું મુકી ઉભા થયા.

બાદ પ્રમુખશ્રીનું ભાષણ જે પ્રથમથી મેળવી લીધેલ, તેમાંથી અમુક અમુક ભાગ કાઢી નાંખવા વાંધો દર્શાવ્યો. જવાબમાં બંધારણપૂર્વક કાર્ય કરવા સૂચન કર્યું, પરંતુ તેમાં તેઓ ફાવી શકે તેમ નહીં લાગવાથી, પ્રમુખશ્રીને નમાવવાની ધારણા ધૂળ મળી ગઇ.

પહેલા દિવસની બેઠક.

લાંબા સમય પછી, શિવાજી મહારાજની જન્મભૂમિમાં જૈન સમાજને પ્રેરણા આપવા કોન્ફરન્સમાં દૂર દૂર દેશોથી ઉત્સાહભર્યા જૈનો જોઇને સર્વ કોઇનું હૃદય પ્રફુલ્લીત થતું હતું અને જૈનોનું ખરાબે ચડેલું નાવ તુરત સ્થિતિમાં પલટો લેશે અને પ્રગતિ માર્ગે આગળ ધપશે તેમ દેખાઈ આવતું હતું. મહારાષ્ટ્રીય આગેવાનોનો ઉત્સાહ તો અવર્ણનીયજ હતો.

મંગળાચરણથી શરૂઆત થઇ, વિદ્યાર્થીઓના સ્વાગત ગીત પછી બાળાઓએ જૈન ધર્મનો ધ્વજ ફરકાવવા હાકલ કરતું ગીત ગાયું હતું. આમંત્રણ પત્રિકા વાંચવામાં આવી. સ્વાગતાધ્યક્ષ શ્રી. ચુનીલાલ સરૂપચંદ રાજુરીકરે પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. વચ્ચે વચ્ચે તાળીઓના અવાજથી તે ભાષણ વધાવી લેવામાં આવતું હતું. ભાષણમાં ખાસ કરીને "મહારાષ્ટ્રીઓના અંતરંગમાં સ્વાતંત્ર્ય જ્યોતિ પ્રગટ છે, જૈનોમાં નવચેતન રેડવાનું માન મહારાષ્ટ્રનેજ મળશે, જરીપુરાણા થાંભલાઓના અશુભ સ્વર અને માર્ગમાં કાંટા પાથરવા જેવાં ભુંડા કાર્યની અમને ઉલટી મદદજ થયેલી છે" યુવક વર્ગની જાગૃતિ, પ્રેરણા, નવી શક્તિ, નવી ઉમેદ માટે ઉત્સાહ પ્રેરક વચનો, કોન્ફરન્સના કાર્યો-હાનિકારક રીવાજોમાં મહાલતાં બડેખાંઓને વીણી વીણી ઓઢા પરથી દૂર કરવાની સલાહ, પ્રમુખોની ખાણ ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ, પંજાબ કે બંગાળ કરતાં મહારાષ્ટ્રે કોન્ફરન્સને જીવન્ત રાખવાની ચાલુ રાખેલી પ્રવૃત્તિ, નબળાં પડેલા ક્ષેત્ર તરફ ઉપેક્ષાભાવ, બહારના ભયંકર આક્રમણ સામે સંગઠનની આવશ્યકતા, મૂકિતને માટે ચાલી રહેલ દેશભરની હીલચાલમાં સામેલ થવા પડકાર, તડાં, ગોળ, ભાગલાઓ જેવા કૃત્રીમ ભેદો ફેંકી દેવા સુચના, બુઢ્ઢા કાકાઓના, વડરાજા તરીકે ફૂજેતીના રાસડા ગવાય છે તે માટે લક્ષ્મીનંદનોને સલાહ, તિર્થના ઝગડા, જ્ઞાનભંડારોને વીસમી સદીનું અજવાળું જોવા દેવા, જૈન ધર્મ અને સમાજનું ગૌરવ વધે તેવા શાન્તિ રાખી મક્કમ પણે કાર્ય આગળ ધપાવવા, વીગેરે સલાહ આપતું ભાષણ સંભળાવ્યું હતું.

શાસનપ્રેમીઓ રૂપી વાદળ ઘેરાયાં.

ઉપરોકત ભાષણ ચાલતું હતું તે દરમીયાન મંડપ બહાર ગડબડ વધી પડવાથી, આગેવાનોની દોડાદોડી દેખાતી હતી. ગડબડાટ શાંત કરવા શ્રી તિલકવિજયજીએ ઉત્સાહ-પ્રેરક ગાયન શરૂ કર્યું પરંતુ ગડબડ વધતી જતી હતી. સ્વાગતાધ્યક્ષ તપાસ કરવા ગયા હતા, તપાસ કરતાં જણાયું કે ધર્મિપક્ષોના આગેવાનો પોતાની સેનાને ટીકીટ વિના પણ દાખલ કરવા મથતા હતા. પોતે દાખલ થયા અને પાછળથી શાસનપ્રેમના ધુરંધરોએ ગેરકાયદેસર રીતે પશુબળથી દાખલ થવા એકસામટો ધસારો કર્યો, પરંતુ સ્વયંસેવકો એટલા બધા સાવચેત હતા કે, વ્યવસ્થા ભંગ ન થવા દીધો અને ટીકીટ વગર દાખલ થવાના પ્રયત્નો નિષ્ફળ ગયા, અને તે લોકોને દાખલ થવા નજ દીધા.

નેતાઓના ભયંકર અપમાન.

ફોન્ફરન્સના પિતા શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબ, જેઓ વયોવૃદ્ધ અવસ્થાએ પણ ફોન્ફરન્સને જીવન્ત રાખવા તનતોડ મહેનત કરી રહ્યા છે; તેઓશ્રીને પણ ગબડી પડવાનો વખત આવ્યો. ફોન્ફરન્સના માનદ્ રેસીડન્ટ જનરલ સેક્રેટરી શ્રી રણછોડભાઇ રાયચંદનું અપમાન કરવા માટે તેમની પાઘડી ઉઠાડી મુકી અને ગાળો ભાંડી આટલાથી સંતોષ ન થયો એટલે વધુ ખીજાઇને સ્વયંસેવકો પર અને મંડપ ઉપર પત્થરા ફેંકવામાં આવ્યા, જેને અંગે ચાર પાંચ સ્વયંસેવકોને ઇજા થઇ હતી.

આશ્રયદાતાનું ખોદવાની તેમની રીત મુજબ જેમના ઘરે તેઓએ ઉતારો લીધેલ, જેમણે આટલા માણસોની ખાસ સગવડતા કરી તનતોડ સેવા અર્પી હતી, તેઓ સુનેહ માટે સમજાવવા જતાં, તે શેઠ દલપતભાઇને બેશુદ્ધ થયા ત્યાં સુધી માર્યા. સ્વયંસેવકો ઝડપથી બચાવી તેમને મંડપમાં લાવ્યાં. બીજા આગેવાનો માંડમાંડ સખ્ત ઇજાઓથી બચી ગયા હતા છતાં ખડક જેવા મહારાષ્ટ્રીય સ્વયંસેવકસેના ડગી નહિં. અને શાસન પ્રેમીઓ તેમની નીચ નેમમાં અંતે ન ફાવ્યા.

સ્ત્રી વર્ગના દરવાજા તરફ ધસારો

ખાસ કરીને મંડપના પાછળના ભાગ તરફ જ્યાં સ્ત્રી વર્ગ બેઠેલ હતો ત્યાંથી દાખલ થવામાં ફાવશું તેમ ધારી તે તરફ હલ્લો લઇ ગયા. સેતાનીયતે હવે હદ છોડી સ્ત્રી વર્ગમાં ગભરાટ ફેલાયો, પરંતુ જોત જોતામાં મજબુત સ્વયંસેવકો હારબંધ આડા ગોઠવાઇ ગયા. એટલામાં તો હથીયાર બંધ પોલીસ આવી પહોંચી અને શાસન સેતાનોની તોફાની ટોળીની ધારણાં કાયમ માટે ધુળમાં મળી ગઇ, અને વીરગઢ અજીતમય રહ્યો.

તોફાન દરમ્યાન હિંમત આપતા સ્વાગત સમિતિના પ્રમુખે કહ્યું હતું કે "જરાપણ ગભરાશો નહિ. મહારાષ્ટ્ર સર્વને પુરો પડવા તૈયાર છે. મહારાષ્ટ્રે પ્રથમથીજ વિચાર કરી સર્વ તૈયારી કરી રાખી છે. અમારામાં સંપૂર્ણ રક્ષણની શક્તિ છે એટલેજ તમોને આમંત્રણ આપ્યું છે. ધર્મના ઉઠાળામાં સાધર્મિ ભાઇઓપર બહારથી પત્થરા ફેંકાય છે, પરંતુ તમારા સંરક્ષણની વ્યવસ્થા અમોએ કરેલીજ છે."

આ વખતે યુવક વર્ગ તેમજ બીજા સ્વયંસેવક દળોએ પોતાની મદદ આપવા જણાવ્યું, પરંતુ તે સ્વીકારવા સ્વાગત પ્રમુખે ના પાડી હતી. અને વધુમાં જણાવ્યું કે "સર્વ વ્યવસ્થા થઇ ચુકી છે, ગભરાશો નહિં. કેટલાએકો ફોન્ફરન્સ તોડવા પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ તેના ઉત્પાદક નેતાઓ આપણી વચ્ચે હાજર છે ત્યાં સુધી ફોન્ફરન્સ મરવાની નથી." (ફોન્ફરન્સ ધણું જીવો'ના પોકારો).

આટલા તોફાની વાદળાં મંડપ બહાર ઘેરાયાં હતાં છતાં ફોન્ફરન્સનું કામકાજ શાંતિથી ચાલ્યા કરતું હતું.

સ્વાગત પ્રમુખનું ભાષણ પુરું થતાં, **રાવસાહેબ રવજીભાઇ સોજપાળને** પ્રમુખ તરીકે ચુંટી કાઢવાની દરખાસ્ત, શેઠ બાલચંદ હીરાચંદે મુકી હતી.

દરખાસ્તના સમર્થનમાં જણાવ્યું હતું કે, આ ભૂમિમાં વીરસંતાનો જન્મ્યા છે. હિન્દુઓનું હિન્દુત્વ ટકાવી રાખનાર શિવાજી અહીંજ જન્મ્યા હતા, લોકમાન્ય તિલક જેવાં રત્નો અત્રે પેદા થયાં છે. તેમનું આખું જીવન ઝગડામય પસાર થયું હતું. તેમના મરણ પછી તેમનાં બાવલાં વખતે પણ ઝગડો થયો હતો, પરંતુ આખરે તો વિજયજ થયો છે. તેમજ આપણા કામકાજમાં પણ વાદળો ઘેરાશે, પરંતુ તેમાંથી આ વીરભૂમિ સારૂં પેદા કરશે. છેવટે શાંતિ થશે તેમાં શંકા નથી. અત્યારના કટોકટીના પ્રસંગે કચ્છનો વીરપુત્ર પ્રમુખપદ સ્વીકારે છે અને વીરભૂમિમાં વીરપુત્રનો યોગ મળે છે. હવે કાળ પરિવર્તનને અંગે પ્રમુખશ્રી આખા વર્ષનું નેતૃત્વ સ્વીકારે છે. આપણે તેમનાં નેતૃત્વ નીચે વિજયધ્વજ ફરકાવવાનો છે.

દરખાસ્તને અનુમોદન આપતાં શ્રી. પોપટલાલ રામચંદ શાહે જણાવ્યું કે, આજે આપણે જૈન ધર્મ, સમાજ અને જગતનું કલ્યાણ કરવાના વિચાર કરવા મળ્યા છીએ. બીજાઓ તેની અદેખાઇ કરી તોફાન મચાવે છે. (શરમ, શરમના પોકારો) ફોન્ફરન્સ વિના સંઘટન થઇ શકે નહિં. એવી દરેકની અંતઃકરણની લાગણી દેખાઇ આવે છે. પરંતુ શાસનનો ઇજારો લઇ ફરનારા શયતાનો તોફાન કરી રહ્યા છે. આ ભૂમિના વીરપુત્રોએ પોતાનું માન્યું કર્યું છે, તેમ આપણે પણ વીરગઢનું સંરક્ષણ કરવાનો વખત આવ્યો છે. વીરગઢમાં ગાબડાં પડયાં છે, તે વખતે એક જાતની મશીનગન ચાલુ છતાં કિલ્લો સુધારનાર કોન્ટ્રાક્ટર અને તે શેઠ રવજીભાઇ સોજપાળ આ વખતે પ્રમુખપદે બરાબર લાયક છે. તેઓ મહાવીરગઢની વિજયપતાકા ફરકાવશે.

શેઠ રતનચંદ ખીમચંદે વધુ અનુમોદન આપતાં જણાવ્યું કે, શેઠ રવજીભાઇ સોજપાળને આપણે પ્રમુખ તરીકે ચુંટયા છે. આપણે હવે તેઓશ્રી જે હુકમ ફરમાવે તે પાળવો જોઇએ.

શેઠ બાબુલાલ નાનચંદે વધુ ટેકો આપતાં જણાવ્યું કે, મહારાષ્ટ્રને અપયશનો ચાંદલો આપવા બહારથી પ્રયત્નો થાય છે. સ્વયંસેવક ભાઇઓ ઉપર પત્થરોનો મારો ચલાવવામાં આવ્યો છે, એક ભાઇને બેભાન બનાવવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર આવું અપમાન સહન નહિં કરે **આ ભૂમિ ચોરોના પગ બરાબર ઓળખે છે.** મહારાષ્ટ્રે સંપૂર્ણ વ્યવસ્થા કરી રાખી છે. (ફોન્ફરન્સ ધણું જીવોના પોકારો) ત્યાર બાદ પ્રમુખશ્રીને તાળીઓના અવાજ વચ્ચે હારતોરા આપવામાં આવ્યા હતા.

શરૂઆતમાં પૂનાથી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજીનો, ફોન્ફરન્સની ફતેહ ઇચ્છતો સંદેશ વાંચવામાં આવ્યો હતો (વિજયવલ્લભસૂરિજીની જયના પોકારો.)

(ચાલુ.)

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

(૧૩ મું અધિવેશન.)

—(૦)—

પસાર કરેલા ઠરાવો.

૧ સ્વર્ગસ્થ થયેલ આગેવાનો માટે શોક :—

જૈન સમાજના આગેવાનો અને કોન્ફરન્સના કાર્યમાં અગ્રગણ્ય ભાગ લેનારા અને સહાનુભૂતિ ધરાવનારા શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી, રાવ સાહેબ તેજુ કાયા, શેઠ દેવકરણ મૂળજી, બાબુ રાજકુમારસિંહજી, શેઠ મણીલાલ સુરજમલ ઝવેરી, શેઠ ફકીરચંદ નગીનચંદ કપુરચંદ, શેઠ જેઠાભાઇ નરસી અને શેઠ ચુનીલાલ છગનલાલના દુઃખજનક અવસાનથી આપણી કોમને ઘણીજ ખામી પડી છે તે માટે આ કોન્ફરન્સ દીલગીરી જાહેર કરતાં તેમના કુટુમ્બીઓ પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિ પ્રદર્શિત કરે છે.

૨ ધાર્મિક અને વ્યવહારિક કેળવણી :—

માનવજાતિની દરેક પ્રકારની ઉન્નતિનો મુખ્ય પાયો સુસંસ્કારવાળી કેળવણી છે તે માટે,

(ક) દરેક જૈન કન્યા તથા કુમારને ધાર્મિક સંસ્કારનું શિક્ષણ તથા પ્રાથમિક કેળવણી ફરજીઆત આપી છેવટ સુધીની ઉચ્ચ કેળવણી આપવા અને તે અર્થે,

(ખ) પાઠશાળાઓ માટે ધાર્મિક પાઠય પુસ્તકો અને યુનિવર્સિટીના અધ્યયનને યોગ્ય પ્રાકૃત અને સંસ્કૃત જૈન સાહિત્યગ્રંથો તૈયાર કરાવવા, આગળના સૂત્રગ્રંથો તથા બીજા પ્રમાણિક ગ્રંથોનો હિંદી વગેરે લોક ભાષામાં સંશોધન સાથે અનુવાદ તૈયાર કરાવવા પ્રાકૃત માગધી ભાષાનો ઉધ્ધાર કરવા અને પાઠશાળાઓ સ્થાપવા,

(ગ) શિષ્યવૃત્તિઓ અને ઇનામો સ્થાપન કરવા.

(ઘ) અનાથ વિદ્યાર્થિગૃહો, પુસ્તકાલયો, વિદ્યાર્થિભુવનો, અભ્યાસગૃહો, ગુરૂકુળો અને કેળવણીની સંસ્થાઓ ખોલવા.

આ કોન્ફરન્સ અત્યંત આગ્રહપૂર્વક ભલામણ કરે છે, અને વધુમાં આ કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડને ભલામણ કરે છે કે કોમની કેળવણી સંબંધીના હાલની પરિસ્થિતિનો વિગતવાર આંકડા સાથે અભ્યાસ કર્યા પછી કોમની હાલની કેળવણીની જરૂરીઆતો પુરી પડે અને અન્ય કોમોની સાથે સરખામણીમાં જૈન કોમ કેળવણીમાં વધુ પ્રગતિ કરી શકે તેવું એક પાંચ વર્ષનું પ્રોગ્રામ છ માસમાં ઘડવું અને તે પ્રોગ્રામને અમલમાં મુકવાના દરેક પ્રયાસો કરવા અને તેનો રિપોર્ટ કોન્ફરન્સની આવતી બેઠક વખતે રજુ કરવો.

૩ હાજી બીલને ટેકો :—

મહારાષ્ટ્ર તરફથી ચુંટી વડી ધારાસભામાં મોકલવામાં આવેલા આપણા જૈનબંધુ શ્રીયુત્ સારાભાઇ નેમચંદ હાજી બેરીસ્ટર તરફથી હિંદી વ્યાપાર અને દેશી વહાણવટાના ઉદ્યોગની ઉન્નતિ અર્થે કોસ્ટલ રિઝરવેશન બીલ (હિંદી કાંઠાના વ્યાપારને લગતું બીલ) વરિષ્ટ ધારાસભામાં રજુ કર્યું છે તેને આ કોન્ફરન્સ સંપૂર્ણ સહમત છે અને આ બીલ દેશહીતને અનુલક્ષી મંજુર કરવા એસેમ્બલીના સભાસદોને તથા નામદાર હિંદ સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

૪ શારડા એકટ.

બાળલગ્ન પ્રત્યે આ કોન્ફરન્સે મૂળથીજ વિરોધ દર્શાવ્યો છે અને તેથી એવા લગ્નો અટકાવવા માટે શ્રીયુત્ હરવિલાસજી શારડાએ જે કાયદો વરીષ્ટ ધારાસભામાં પસાર કરાવ્યો છે તેને આ કોન્ફરન્સ વધાવે છે, તેટલા માટે શ્રીયુત્ શારડાજીને ધન્યવાદ આપે છે અને દેશી સંસ્થાનો આવો કાયદો પોતાના રાજ્યમાં જલ્દીથી કરી અમલમાં મૂકે એમ આ કોન્ફરન્સ તેમને ભલામણ કરે છે.

૫ જૈન બેંક.

જૈનોમાં બેકારી વધી છે, વેપાર ધંધાઓ મોટે ભાગે પડી ભાંગ્યા છે ને તદ્દન પડી ભાંગવા સંભવ વધતા જાય છે. નાણાંની સગવડતાના અભાવે જૈનો આગળ આવી શકતા નથી, તો તેના નિવારણનો એક ઉત્તમ ઉપાય જૈન બેન્ક જેવું ખાતું છે અને સાર્વજનિક ખાતાઓનાં નાણાં સામાન્યે સરકારી બેંકો કે સિકયોરીટીમાં રોકાય છે તો જૈનોને આશ્રય તે સહાય આપવા રૂપે જૈન બેંક દ્વારા તેનો વિશેષ સદુપયોગ થઇ શકે એમ આ કોન્ફરન્સ માને છે. આવી જૈન બેંકને વ્યવહારૂ રૂપમાં મુકવા માટે એક યોજના ઘડી કાઢવા નીચેના ગૃહસ્થોની એક કમિટિ વધારાની સત્તા સાથે નીમવામાં આવે છે. શેઠ અમૃતલાલ કાળીદાસ, અમદાવાદ, શેઠ સારાભાઇ નેમચંદ હાજી. મુંબઇ, શેઠ રવજી સોજપાલ, મુંબઇ, શેઠ શાંતિદાસ આશકરણ, મુંબઇ, શેઠ નગીનદાસ જગજીવનદાસ શાહ. મુંબઇ, શેઠ ચતુરભાઇ પીતામ્બર શાહ. સાંગલી, શેઠ અંબાલાલ સારાભાઇ, અમદાવાદ, શેઠ દલીચંદ વીરચંદ સુરત, શેઠ દોલતચંદજી અમીચંદજી, મુંબઇ અને શેઠ બાબુલાલ નાનચંદ, પુના.

આ કમિટિ કોન્ફરન્સના સેક્રેટરીઓ બોલાવશે અને તે કમિટિ પોતાનો રીપોર્ટ એક વર્ષ સુધીમાં ઘડશે અને તે પરના સ્ટેન્ડીંગ કમિટિના અભિપ્રાયો લઇ સેક્રેટરીઓ આવતી બેઠકમાં રજુ કરે.

૬ સાર્વજનિક ધર્માદા ખાતાઓની વ્યવસ્થા :—

દરેક સાર્વજનિક સંસ્થા તેમજ ધર્માદા ખાતાઓનો વહીવટ સુવ્યવસ્થા માગે છે. તેથી એ જરૂરનું છે કે તેનાં નાણાં સાચવવા માટે ટ્રસ્ટીઓ નીમવા અને તેની વ્યવસ્થા કરવા માટે વ્યવસ્થાપક સમિતિ નીમવી. ટ્રસ્ટીઓએ નાણાં પોતાને ત્યાં ન રાખતાં સહર જમિનગીરીમાં રાખવા ઘટે અને વ્યવસ્થાપક સમિતિએ કરેલી વ્યવસ્થાનો હિસાબ બરાબર રાખી તેને દર વર્ષે ઓડીટ કરાવી પ્રસિદ્ધ કરવો ઘટે એમ આ કોન્ફરન્સનો ખાસ અભિપ્રાય છે, કે જેમ થતાં વહીવટદારો અને ટ્રસ્ટીઓ ઉપર થતા આક્ષેપો દૂર થશે અને ચોકખા વહીવટની લોકોમાં શ્રદ્ધા બેસશે.

૭ ઐતિહાસીક સાધનોનો ઉદ્ધાર :—

જૈનોની પ્રાચિન સ્થિતિ. મહાન પૂર્વજો અને તેમના સાહિત્ય સ્થાપત્ય આદિ પ્રત્યે ફર્લા વગેરેનો ઇતિહાસ સમાજ પાસે યથાર્થ સ્વરૂપે સિલસિલાબંધ મૂકી શકાય તેટલા માટે ઐતિહાસિક સાધનો જેવાં કે શિલાલેખો, ધાતુપ્રતિમાલેખો,

નકશા અને દરેક સ્થળના ગ્રંથભંડારોમાં રહેલ ગ્રંથો આદિ સુરક્ષિત રાખવાની અને પ્રસિદ્ધ કરવાની જરૂર છે એમ આ કોન્ફરન્સનો ચોક્કસ મત છે અને તેથી ખાસ ભલામણ કરે છે કે:-

(ક) સર્વ લેખોને ઉતરાવી પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા, કરાવવા.

(ખ) ગ્રન્થ ભંડારોની ટીપ, ઐતિહાસિક સ્થળો અને સાધનોની શોધખોળ કરવી અને કરાવવી.

(ગ) ગ્રન્થ ભંડારોને દેશના જૈન વસ્તીવાળા મોટામાં મોટાં શહેરોમાં એકત્રિત કરીને 'કયુરેટર' આદિના પ્રબન્ધવાલા એક 'ફાયર પ્રુફ' મકાનમાં રાખવા જોઇએ કે જેથી આખા દેશમાં કોઇપણ અભ્યાસીને યા પ્રકાશકને અમુક શરતે કોઇ પણ કૃતિ મળી શકે તથા તેજ પ્રમાણે

(ઘ) ઉપયોગી ઐતિહાસિક જાણવા યોગ્ય વસ્તુઓનો સંગ્રહ એક 'મ્યુઝીયમ'ના આકારમાં સારા મકાનમાં કરવો.

૮ હુંડીનો દર.

જૈન કોમ એ વ્યાપારી કોમ હોવાથી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની આ બેઠક એવો અભિપ્રાય ધરાવે છે કે ૧ શીલીંગ ૬ પેન્સના હુંડીના દરે હિન્દના વ્યાપાર ઉદ્યોગ અને ખેતી ઉપર ઘણી માઠી અસર ઉત્પન્ન કરી છે. તેની સાથે ટ્રેઝરી બીલો વેચાણથી નાણાં ખેંચવાની પદ્ધતિ અને ચાંદીના ઓછામાં ઓછા ભાવના વેચાણથી દેશની બરબાદી થતી જાય છે તેથી આ કોન્ફરન્સ નામદાર વાઇસરોય અને હિન્દી સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે વિલાયતની હુંડીનો દર વિના વિલંબે ૧ શીલીંગ ૪ પેન્સનો નક્કી કરવો અને ઉંચા વ્યાજના દરવાળા ટ્રેઝરી બીલથી નાણાં ખેંચવાની અને ચાંદીના વેચાણની ચાલુ નુકશાનકારક પદ્ધતિ બંધ કરવી.

૯ બેંક વહીવટ.

આ દેશમાં નાણાંની સગવડોની ઘણી ખામી છે અને તે દૂર કરવા ઇંડીયન મરચન્ટસ ચેમ્બર તથા બીજા વ્યાપારી મંડળોએ, ઇમ્પીરીઅલ અગર સ્ટેટ બેંકની શાખાઓનો વહીવટ શરાફોને ગેરંટીડ એજન્ટ તરીકે સોંપી દેવા અને તે પદ્ધતિ અખત્યાર કરવા જે ભલામણો કરી છે તેને આ કોન્ફરન્સ સંપૂર્ણ ટેકો આપે છે.

૧૦ ડેક્કન એગ્રીકલ્ચરિષ્ટ રીલીફ એકટ.

ખેડુતોના સરંક્ષણ માટે ઘડાયેલો ડેક્કન એગ્રીકલ્ચરિષ્ટ રીલીફ એકટ નામનો કાયદો જે હેતુ પાર પાડવા માટે ઘડી કાઢવામાં આવેલ છે તે હેતુઓ પાર પાડવાને બદલે તે ખેડુતો અને વ્યાપારીઓના હિતને નુકશાનકારક નિવડયો છે તેથી આ કોન્ફરન્સ સદરહુ કાયદો રદ કરવા નામદાર મુંબઇ સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

સ્થળ સંકોચને લઇ બાકીના ઠરાવો આવતા અંકમાં આપવામાં આવશે.

(અનુસંધાન પાના ૬ નું ચાલુ.)

ભાઇ સંઘવીએ સ્ત્રીસમાનતાની હીમાયત કરી હતી, રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહારની આવશ્યકતા સમજાવી હતી. વૈધવ્યની બાબતમાં પણ ન્યાય અને અહિંસાને સ્થાન હોવું જોઇએ તે સમજાવ્યું હતું. છેવટે જૈન કોમમાં રહેલું સડેલું નૈતિક ધોરણ દુર કરવા આગ્રહ કર્યો હતો.

'સંઘ સત્તા'નો ઠરાવ રા. મુળચંદ આશારામ વૈરાટીએ રજુ કર્યો તે ઠરાવ ઉપર વિવેચન કરતાં, સાધુઓ જો ઉન્માદ કરી સમાજને હાનિકર્તા બને તો તેમને દુર કરવા ભલામણ કરી હતી.

ત્યારબાદ રા. અમીચંદ ખેમચંદે 'દીક્ષા' સંબંધીનો ઠરાવ રજુ કર્યો હતો. ઠરાવ ઉપર વિવેચન કરતાં દીક્ષાએ જે કલહ જગાવ્યો છે, તે દુર કરવા, અને તેવા કલહોને પોષનારાઓને દુર કરવા ભલામણ કરી હતી.

મીરતવાળા લાલા કીર્તિપ્રસાદજીએ પણ પ્રસંગોપાત વિવેચન કર્યું હતું. ઠરાવો થાય તેને અમલમાં મુકવા અને કોમની ત્રુટીઓ દુર કરવા સુચના કરી હતી.

પંજાબવાળા લાલા બાબુરામજીએ પણ ઓલ-ઇન્ડીયા ઓર્ગેનીઝેશન કરવા ભલામણ કરી હતી. ભાષાની સામ્યતા વિષે બોલતાં હિન્દી ભાષાનો જો સર્વત્ર સ્વીકાર કરવામાં આવે તો કાર્ય કરવામાં સરલતા ઘણી થઇ જાય તે સમજાવ્યું હતું. છેવટે પંજાબના યુવકો દરેક પ્રસંગે આપને સાથ આપશે તેવી ખાત્રી આપી હતી.

શ્રી. હરગોવીંદ વીરપાળે દેવદ્રવ્ય અને કોન્ફરન્સ સંબંધી ઠરાવ રજુ કર્યો હતો. દેવદ્રવ્યનો જન્મ અને દેશકાળની જરૂરીઆત સંબંધીની વિગતો સુંદર રીતે સમજાવી હતી.

શ્રી. ચંદુલાલ સારાભાઇએ 'રાષ્ટ્રીય ધ્યેય'નો ઠરાવ રજુ કર્યો અને જૈન કોમને રાષ્ટ્રીય કાર્યમાં ફાળો આપવા સુચના કરી હતી.

બાદ શ્રી. બરોડીયાએ 'કેળવણી' સંબંધીનો ઠરાવ રજુ કર્યો હતો અને તે ઠરાવ સંબંધી સામાન્ય વિગતો સમજાવી હતી.

ત્યારબાદ પ્રમુખ સાહેબે રાધનપુરવાળા ભાઇ લક્ષ્મીચંદ પ્રેમચંદ તથા કલકત્તા યુવક મંડળ તરફથી આવેલા સહાનુભૂતિના સંદેશા વાંચી સંભળાવ્યા હતા. છેવટે પ્રમુખ સાહેબે પ્રસંગાનુકુળ વિવેચન કર્યું હતું. કોન્ફરન્સની અત્યાર સુધીની નિષ્ફળતાના કારણો તરીકે ડરપોકપણું, પૈસાદાર પ્રમુખો અને સાધુઓનો સહકાર જોઇએ તેવો કોન્ફરન્સને ન મળ્યો તે જણાવ્યાં. છેવટે યુવકોને, કોન્ફરન્સને પ્રાણવાન બનાવવા સુચના કરી હતી. ત્યારબાદ સભા વિસર્જન થઇ હતી.

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૯ મો. | સંવત ૧૯૮૬ ના માહા વદી ૧૧. તા૦ ૨૪-૨-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

શાસનપ્રેમીઓને ચરણે!

જુન્નર કોન્ફરન્સ અને કહેવાતા શાસનપ્રેમીઓનો દંભ કે ખુલાસો?

——(૦)——

મે. અધિપતિ સાહેબ,

વિશેષ જણાવવાનું કે જુન્નેર મુકામે મળેલાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના તેરમા અધિવેશનની સ્વાગત સમિતિનો હું એક આગેવાન સભ્ય હતો અને રૂપીઆ પચાસ આપી તેની બીજા નંબરની સ્વાગત ટીકીટ ખરીદી હતી.

તારીખ ૮ મી ફેબ્રુઆરી ૩૦ ના રોજ કોન્ફરન્સમાં કેટલાક બહારગામથી આવેલ બંધુઓએ એક ખુલાસો પ્રકટ કર્યો છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે કોન્ફરન્સના કાર્યવાહકોએ તેઓ માટે ખાવાપીવા, ચાપાણી વગેરેની વ્યવસ્થા કરી નહોતી તથા જુન્નર છોડી જતી વખતે તે વ્યવસ્થા પૂનાવાળા ચીમનલાલ લખમીચંદ તરફથી કરી, ભક્તિપૂર્વક બરદાસ કરવામાં આવી હતી. આ સંબંધે મ્હારે ભારપૂર્વક ખુલાસો કરવો જરૂર પડે છે કે હું ઉપર જણાવ્યા મુજબ સ્વાગત સમિતિનો સભાસદ છું અને મેં જુન્નર છોડી જનાર પાર્ટીને જે મદદ, આગતાસ્વાગતા કરી હતી તે અંગત નહોતી. સ્વાગતાધ્યક્ષ તથા સ્વાગત સમિતિના સેક્રેટરી વગેરે તરફથી મહારાષ્ટ્રીયન તરીકે આ કાર્ય મ્હને સોંપવામાં આવતાં, સ્વાગત સમિતિ તરફથી તેની વતી મ્હારાથી બની શકે તે વ્યવસ્થા કરી છે, એટલે જુન્નેરની સ્વાગત સમિતિ ઉપર જે આક્ષેપ સદરહુ મંડળીએ કર્યો છે, તે તદ્દન ખોટો અને બિન પાયાદાર છે. સ્વાગત સમિતિએ મ્હારાદ્વારા બધી બની શકતી યોગ્ય ગોઠવણો કરી હતી. આ ખુલાસો એટલા માટે કરવા જરૂર પડે છે કે લોકો ગેરરસ્તે દોરાય નહીં અને અમારા મહારાષ્ટ્ર પર તદ્દન અસત્યપૂર્ણ આક્ષેપ આવે નહિ. આશા છે કે ગેરસમજુતી આટલેથી દૂર થશે આ શિવાય મોટરવાળાઓએ વધારે પૈસા માંગી અગવડતા ઉભી કરી હોવાનો જે બીજો આક્ષેપ કરવામાં આવ્યો છે તે પણ તેટલોજ અસત્ય છે. મોટરો કરી આપવાની વ્યવસ્થા મ્હારા હસ્તક હતી અને તે મુજબ મેં કરી આપી હતી. મોટરવાળાઓએ વધુ પૈસા માંગ્યા નથી અને તેઓ સાથે કોન્ટ્રાક્ટ થએલો હોવાથી, તે રીતે વધુ માંગવા હકદાર નહોતા એ હું જાણતો હતો. આ હકીકત ગેરસમજુત ઉત્પન્ન કરવાના ઈરાદાથીજ પ્રકટ કરવામાં આવેલી છે. આ જુન્નર છોડી જનાર પાર્ટીમાં ૭-૮ ખાનગી મોટરો-ટૂરીંગકાર હતી અને ૬-૮ ભાડાની હતી. બધા મળી જુન્નેર છોડી જનાર માણસોની સંખ્યા ૧૨૫ થી ૨૦૦ ની વચ્ચે હતી, એમ હું ખાત્રીપૂર્વક જાહેર કરૂં છું. એક હજાર માણસ જુન્નર છોડી ગયાની જે હકીકત જાહેર તેમણે કરી છે તેમાં લેશ પણ સત્ય નથી. હું તેમની સાથેજ હતો એટલે વિશેષમાં કહી શકું છું કે જુન્નરમાં હજાર અગર તેથી ઓછી વધતી સંખ્યામાં તેઓ સભા ભરી શકયા નથી અને ભરી પણ નથી. આવી ખોટી અફવાઓ અને હકીકતો પ્રકટ કરવામાં શાસનની કઇ જાતની સેવા આ ભાઇઓ બજાવી રહ્યા છે અગર શાસન પ્રત્યેનો પોતાનો પ્રેમ પ્રકટ કરી રહ્યા છે તે સમજી શકાતું નથી.

શા. ચીમનલાલ લખમીચંદ દા. પોતે.

જુન્નર, તા૦ ૧૫-૨-૩૦.

જુન્નરના મોટરવાળાઓ શું કહે છે?
શાસનપ્રેમીઓને જવાબ.

——(૦)——

મે. અધિપતિ સાહેબ,

વિશેષ જૈન કોન્ફરન્સમાં આવેલાં કેટલાક મુંબઇના અને બીજા, જેઓ તારીખ ૮ મી ફેબ્રુઆરીની સાંજના જુન્નર છોડી ગયા હતા તેમના જાહેર વર્તમાનપત્રોમાં થએલા ખુલાસા તરફ અમારૂં ધ્યાન ખેંચાતાં, અમને નવાઇ ઉપજે છે કે આવી ખોટી હકીકતો શાસનપ્રેમીઓ તરફથી શા માટે પ્રકટ કરવામાં આવી છે? તા૦ ૮-૨-૩૦ ના રોજ સાંજના અમે તેમને પૂના તરફ લઇ જવા માટે, તેમની માંગણી મુજબ તેજ વખતે કબુલ કર્યું હતું. અમે રૂપીઆ પાંચ પ્રત્યેક સીટ દીઠ માંગ્યા હોવાનું કહેવામાં આવ્યું છે તે તદ્દન જુઠું છે. અમે કોન્ફરન્સના સંચાલકો સાથે દરેક સીટ દીઠ રૂપીઆ ૧-૮-૦ દોઢ લઇ કોઇની પણ વહીં એક કલાકમાં પૂરી પાડવા સંબંધે કોન્ટ્રાક્ટ કરી લેખિત દસ્તાવેજ કર્યો હતો, એટલે અમે તે મુજબજ રૂપીઆ દોઢની માંગણી કરી છે. અમે વધુ માંગણી કર્યાનું કહેવામાં આવે છે, તે તદ્દન જુઠું છે એમ ભારપૂર્વક કહીએ છીએ. પૂનાવાળા શેઠ ચીમનલાલ પણ તે વખતે હાજર હતા અને ઠરાવેલા દરે અમે અમારી મોટરો ભાડેથી આપી હતી. તેઓની સંખ્યા આશરે સવાસોની અમારી ભાડુતી ગાડીઓમાં હતી અને બીજી ૬-૭ ખાનગી ટૂરીંગ ગાડીઓ હતી. જનારાઓની સંખ્યા ૧૨૫ થી ૨૦૦ ની વચ્ચે હતી. એક હજારની સંખ્યા જણાવવામાં આવે છે, તે તદ્દન ગલત અને અસત્ય છે. અમારી આ હકીકતને વિશેષ ટેકો જોઇતો હોય તો અમે નારાયણગાંવની પોલીસ ચોકીપર કેટલી ગાડીઓ તેટલા વખતમાં ગઇ હતી, તે તપાસી પૂરવાર કરી શકીએ તેમ છીએ. આવી જુઠી હકીકતો છપાવી અમારા જુન્નર અને મહારાષ્ટ્ર પર જે આરોપ મૂકવામાં આવ્યો છે તે તદ્દન અસત્ય છે.

શિવપ્રશાદ વિઠ્ઠલપ્રશાદ, એજંટ.
કિશનસિંહ ગોવિંદસિંહ, પાર્ટનર.
રોયલ મોટર સર્વિસ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો નમે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જુન્નેર કોન્ફરન્સ.

ગયા અઠવાડીયા દરમ્યાન પણ શાસનપ્રેમીઓના બચાવો જુદે જુદે સ્વરૂપે પ્રગટ થતાં રહ્યા છે. તે ખુલાસાને સામે રાખી તપાસવામાં આવશે તો અસત્યતા સિવાય બીજું તેમાં તરી આવશે નહિં. પ્રગટ થયેલ ખુલાસામાંથી થોડાક નમુના જોઇએ. સોસાયટીના સેક્રેટરી જણાવે છે કે **'જાનમાલની સલામતી ખાતર** અમોને જુન્નેર છોડી જવાની ફરજ પડી હતી.' શેઠ નગીનદાસના ભાઇ 'મુંબઇ સમાચાર' તા. ૧૮ મી ફેબ્રુઆરીના અંકમાં જણાવે છે કે "આવા **કલુષિત વાતાવરણમાં** વિશેષ રહેવું ઉચિત ન લાગવાથી શાસનપક્ષનું આશરે આઠસો માણસ નીકળી ગયું." કલુષિત વાતાવરણનું કારણ શાયું કે જાનમાલની સલામતિનું કારણ શાયું ? પોતાનો કક્કો ખરો થવાનો બીલકુલ સંભવ ન જોયો એટલે 'કલુષિત વાતાવરણ' "જાનમાલની સલામતી ખાતર" આવા બહાના શોધવા પડયા છે. 'વીરશાસન' તા. ૧૪-૨-૩૦ ના અંકમાં લખે છે કે 'ધર્મિપક્ષના લગભગ ૯૦ ટકાએ **ટીકીટો લેવાનું માંડી વાળ્યું**' ટીકીટો ન આપવાની ફરીયાદ કરવી તે કેટલું જુઠું છે, તે ઉપરની કબુલાતથી સમજાશે. જુન્નેર તથા મહારાષ્ટ્રના કાર્યવાહકો તથા વોલન્ટીયરોએ બજાવેલી શ્રી સંઘની સેવા વિષે ગયા અંકમાં અમે વિવેચન કર્યું છે; હવે સ્વાગત પ્રમુખના ભાષણ ઉપર આવીયે. કોન્ફરન્સે કાંઇ કરવું જોઇએ, કોન્ફરન્સના કાર્યકર્તાઓએ કાંઇ કરવું જોઇએ, યુવાનો હિસાબ માંગશે માટે કાંઇપણ કરવું જોઇએ, તે નહિ કરો તો યુવાનો કાર્યપ્રવૃત્ત થઇ આગળ વધી જશે, એ પ્રકારની તેમણે કોન્ફરન્સના કાર્યકર્તાઓને હાકલ કરી હતી. કોન્ફરન્સના કાર્યવાહકો તે હાકલ ઉપાડી લઇ વર્ષ દરમ્યાન કાંઇ પ્રગતિ કરશે તેવી અમે આશા રાખીયે છીએ. કોન્ફરન્સના અમલી ઠરાવોનો-નિયમોનો જેમણે ભંગ કર્યો હોય તેવી વ્યક્તિને, કોન્ફરન્સના કોઇ પણ અધિકાર પદે રહેવા દેવી ન જોઇએ, એ તેમની ખાસ કિંમતી સુચના હતી. આ પરિસ્થિતિ ચાલુ રહેવા દેવાથી કોન્ફરન્સનાં કાર્યને ઘણીવાર ગંભીર નુકશાન થયું છે અને તેવા આગેવાનો અધિકારી પદે રહેવાથી કોન્ફરન્સના કાર્યમાં સમાજનો વિશ્વાસ ટકી શકે નહિં. ભૂતકાળમાં તેવા અનેક દાખલા બનેલા છે તેથી હવેની સ્ટેન્ડીંગ કમિટિ આ સુચના સંબંધી જાગૃત રહેશે.

સમાજે પોતાના દ્રવ્યનો ઉપયોગ કયાં કરવો જોઇએ તેને અંગે તેમના સચોટ વિચારો, કોમે જેમ બને તેમ જલ્દી સ્વીકારવા જોઇએ છીએ. શાસ્ત્રનો ટેકો હોય તેવી વાત પણ રૂઢીના બળથી દબાઇ જઇ અમલ કરતા ઘણાઓ અચકાય છે તેમ બનવું ન જોઇએ. હવે ખુલ્લું જાહેર કરવાનો વખત આવ્યો છે કે દેવદ્રવ્યને અંગે વધારાની જરૂરીયાત હવે નથી, માટે અન્ય ક્ષેત્રોને પોષવા તેજ ધર્મ છે.

કોંગ્રેસ તરફ વફાદારી જૈન કોમે બતાવવી જોઇએ, તે સંબંધી તેમની સુચના બાબતમાં કોન્ફરન્સે જેવો જોઇએ તેવો ઠરાવ કર્યો નથી. પોતાના અંતરના વિચારો સમાજ પાસે રજુ કરવામાં સ્વાગત સમિતિના પ્રમુખે જે હિંમત દાખવી છે તે ધન્યવાદને પાત્ર છે.

હવે આવીએ કોન્ફરન્સના પ્રમુખના ભાષણ ઉપર. ભાષણ સારૂં હતું તેવો અવાજ દરેક તરફથી મળે છે પણ વિચારો પરાયા હોય તેવો ભાસ થતો હતો. ભાષા પારકી હોય તે ચલાવી શકાય પરંતુ વિચારો પરાયા ચલાવી શકાય નહિં. પરાયા વિચારોનો અમલ કરાવવામાં કોઇપણ વ્યક્તિને કંઇપણ ઉલ્લાસ આવતો નથી. આ ભાષણ ઠીક કહેવાશે એટલેજ આવું ભાષણ લખવું તે જરૂરનું છે, એવી સમજણ આપવી તે ખોટું છે. આટલી હકીકત લક્ષમાં રાખ્યા પછી ભાષણની તપાસ લઇએ.

જીનદેવનું વાસ્તવિક પૂજન કોને કહેવાય તે બાબતને અંગે ભાષણના પ્રથમ ભાગના ઉલ્લેખો, જૈન સમાજના ધાર્મિક વર્ગને ખરી દીશા સુચવે છે અને તેથી તેવું વાસ્તવિક પૂજન સમાજ હવે પછી આદરશે મહાન શિવાજીની કાર્યપદ્ધતિને અંગેના વચનો, આપણી કોમની હાલની પરિસ્થિતિમાં અમલમાં મુકવા લાયક છે, કે જે પદ્ધતિ વગર ચાલુ વાતાવરણમાં કોઇ દિવસ પણ આગળ વધી શકીશું નહિં, તેમજ કંઇપણ કાર્ય કરી શકીશું નહિં. પ્રમુખપદ તથા તે પદની જવાબદારી સંબંધીનાં સુત્રો ભવિષ્યના દરેક પ્રમુખોએ પણ ખ્યાલમાં રાખવા લાયક છે. વ્યવહારમાં તે સુત્રોનો બનતો અમલ કરવા પ્રમુખશ્રીએ પ્રયાસ કર્યો હતો. પોતાનાજ ભાષણમાં વગર વિલંબે સમસ્ત જૈન સમાજ વચ્ચે લગ્ન વ્યવહારમાં અંતરાયરૂપ ભેદોને તિલાંજલિ આપવાનું સુચવનાર પ્રમુખશ્રી પોતાની ખાતર 'રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર' ની હકીકત છોડી દેવાનું સુચવે તે ઘણું અસંગત હતું. અમે તો એમ માનીએ છીએ કે પ્રમુખશ્રીના સાદા વિચારો તેમની સાદી ભાષામાં ભાષણરૂપે ગોઠવાયા હોય અને જે લાભ થવા સંભવ છે તેવો લાભ પરાયા વિચારો પ્રમુખશ્રીના ભાષણ તરીકે રજુ કરવામાં થવા સંભવ નથી; બલકે આ પદ્ધતિ નુકશાનકારક નીવડવા સંભવ છે. વધુ હવે પછી.

ચોરને પોટલે ધૂળની ધૂળ.

'શિવનેરી'ની તળેટી જુન્નરમાં, જૈન સમાજનું સંગઠ્ઠન નવેસરથી શરૂ કરાયું છે એટલુંજ નહિં પણ શ્રીમતી કોન્ફરન્સે જે સંમેલનોપયોગી ઠરાવો પાસ કર્યા છે, એને જો બરાબર રીતે પ્રચાર કરી, અમલમાં મુકાવવાનું કાર્ય ખંતથી ચાલુ રાખશે તો અવશ્ય એનું ભવિષ્ય ઉજ્વળ છે. સમાજની નાડ જોઇ ઉભય પ્રમુખોએ પોતાના ભાષણમાં જે જે બાબતોના ઉલ્લેખો કર્યા છે, તેને માટે ચારે તરફથી એકસરખો આવકાર અપાઇ રહ્યો છે. કરેલા ઠરાવોને પણ એટલુંજ અભિનંદન અપાઇ રહ્યું છે. મુંબઇ સમાચાર, હીંદુસ્તાન અને સાંજ વર્તમાન જેવા આગેવાન પત્રોમાં એ સંબંધે ઘણું ઘણું લખાયું છે તેમજ અગ્રલેખોમાં પણ કોન્ફરન્સની સફળતાને સુંદર શબ્દોમાં વધાવી લેવાઇ છે. આમ શુભ શરૂઆત થઇ ચુકી છે. જૈન ઇતિહાસમાં નવું પાનું ઉઘડયું છે. શુષુપ્ત દશામાંથી

જાગૃતિના કિરણો ફેંકાતા એકદમ ઉત્થાન થયું છે, એનો પૂર્ણપણે લાભ લેવાની જોખમદારી અનુભવી સંચાલકો અને ઉત્સાહભર્યા યુવકોપર છે. મહારાષ્ટ્રે વિકટ સંજોગોમાં અડગતા દાખવી યોગ મેળવી દીધો છે એટલે હવે સ્ટેન્ડીંગ કમિટિ કે પ્રચાર સમિતિ પ્રમાદ ન સેવે પણ પ્રાપ્ત થયેલી તકનો પૂરેપૂરો કસ કહાડે.

અત્રે એક ભાઇબંધ કે જેમનો શ્રી વીરના શાસનનો ધબ્બરો લીધાનો દાવો છે, તે પોતાના શુકરવારીયામાં પોતાનો શુકરવાર ન થવાથી ગ્રંથિલના લવારા માફક સ્વછંદતાથી બકવાદ કરી હાસ્યજનક ને મૂર્ખતાસૂચક મર્યાદા બાંધી, ચાલુ છાપું ખાસ પ્રતિનિધિના પિંજરણથી ભરી કોન્ફરન્સને સમાધિ સધાવવા બહાર પડયા છે. તે સંબંધી થોડો વિચાર આવશ્યક છે. એ આખી ટોળી પ્રભુશ્રી વીરના ધર્મથી ઘણી વેગળી હોઇ કેવળ મુનિ રામવિજયજીની મોરલી એ નામની હોવા છતાં 'ધર્મિપક્ષ' તરિકે ઓળખાવવાનો ડોળ કરે છે, એ વાત 'શિયાળ સિંહનું ચામડું ઓઢી સિંહ બનવા ગયા' જેવી લાગે છે. શિયાળ કરતાં ભૂંડી દશાએ જુન્નરમાંથી ભાગવું પડયું તે માટે પોતાના પત્ર વીરશાસનમાં ખુલ્લે મ્હોંઢે રોદણા રડે છે. સામાન્ય અક્કલવાળો પણ સમજી શકે છે કે ખરા 'ધર્મિપક્ષ'ને આવી કફોડી દશામાં પડવું નજ પડે, પણ આ પક્ષ કે જે 'જિહ્વામાં મધુ ને હૃદયમાં હળાહળ'વૃત્તિથી આવ્યો હતો, જેને ધર્મના નામે ધર્માંધતાના ઝનુની પ્યાલા પવાયા હતા અને જેમાં ગુંડાશાહીનું ધોરણ વધુ પ્રમાણમાં હતું, તેની દશા કદાચ લખ્યા મુજબ થાય તો આશ્ચર્ય જેવું નથીજ. જો કે કોન્ફરન્સના કાર્યવાહકોએ, જુન્નરના આગેવાનોએ અને પરમત શહિષ્ણુ યુવકોએ તેની એવી દશા થવા દીધી નહોતી; ઉલટા તેણે જે જે બાલિસતાભર્યા તમાશા કર્યા તે ધિરજથી સહન કર્યા હતા, જે વાત અઝારપૂર્વેના સાંજ, સમાચારના રીપોર્ટરોના તટસ્થ લખાણથી પૂરવાર થઇ ચુકેલ છે. આમ છતાં એક બાજુ ચરીબાનાર કાંણી ઉંટડીની માફક આ પ્રતિનિધિ! 'પરાઇ કુમકી ઓર આપકી લાપસી' માફક પોતાના જે ગીતો ગા'વા કરે છે, ને ધર્મના ઓઠા તળે જનતાને ઉંધા ચસ્મા બંધાવવા માંગે છે, તેને એટલુંજ કહેવું બસ થશે કે, બધું તહારૂં ધર્મિપણું કેવળ આવા જુહાણા લખવાનું શિખવતું હોય તો તે તને મુબારક રહો. તહમારી એ આંખને પણ ધન્ય છે કે જે એકજ બાજુ જુવે છે! જ્યાં સ્વયંસેવકો શાન્તિથી સેવા બજાવતા ત્યાં 'ઐરંગઝેબી'નો દોર દેખાયો! જ્યાં ઉંઘતી સમાજે જાગ્રતિનો પ્રાણ ફુંકયો ત્યાં તહને સમાધિના સ્વપ્ના આવ્યા? જ્યાં કેટલીયે રાત્રિના ઉજાગરા વેઠી લગભગ ચારથી પાંચ હજાર માનવીઓની વચ્ચે પુરતી ચર્ચા થયા પછી એકવીસ ઠરાવો થયા એ ફારસ સમાન લાગ્યા! અરે મુત્સદ્દી પ્રમુખ, વયોવૃદ્ધ છતાં સમયના જાણુ, જેમની ભારોભાર પ્રશંસા કરવામાં અગાઉ તહારાં કરફરીયામાં જરા કચાશ નથી રખાઇ, તેમણે બળતા પ્રશ્નોની ચર્ચા સ્વભાષણમાં કરી પણ તહને પસંદ ન આવી એટલે તે સુધારકોના હાથમાં રમકડું બની ગયા! તમારા સરખા મુઠીભર આદમીઓ પોતાનું ધાર્યું ન થવાથી અને પત્થરા ફેંકી, સ્વપોત પ્રકાશી ચાલી ગયા એટલે કોન્ફરન્સ એકપક્ષીય બની ગઇ! જાણે 'તમારો વિશ્વાસ' ખોયો એટલે હવે તેની કિંમતજ ન રહી! કેમ જાણે તમો બોલ્યા એટલે ખુદ પ્રભુ ન બોલ્યા હોય! વાહજી વાહ! ભાઇબંધ તહારૂં ભેજું તો ઠેકાણે છે ને? સારાય હેવાલમાં સાચી હકીકતને સ્થાને જુહાણાનો ને વદતા વ્યાઘાતનો સંભાર ભર્યો જણાય છે. ધર્મિપક્ષના નામે "હું હું" ને આપબડાઇ ઠાલવી લાગે છે. જરા યાદ કરજે કે–'હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે,' વળી 'ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ.'

જો કોન્ફરન્સનું કાર્ય પસંદ નહતું, વળી તમારા લખાણ મુજબ મોટા ભાગે હાલ ભરવાની ના પાડી હતી તો તમે શા સારૂ આવ્યા? અને ડેલીગેટની ટીકીટોની મોટી બાંગ પોકારો છો તો જરા કહેશો કે જામનગર, અમદાવાદ, ખંભાત–એ સ્થળોમાં રીતસર સભા થઇ હતી? શેઠ પોપટલાલ, કેશરલાલ કે શાંતિલાલ શું સંઘ તરફથી ચુંટાયલા હતા? સભા ભર્યા વગર નામ લખી મોકલવાથી ડેલીગેટ બની જવાતું હોત તો માણસદાસો ને હાજીયાઓથીજ કોન્ફરન્સ ભરાઇ જાત! આંખ્યો મીંચીને યુવક સંઘને અધર્મિ કે નાસ્તિક કહેવા માત્રથી અને પોતાની જાતને ધર્મિ મનાવવાથી ભલે તું પુજાય. જનતાને એની રજ માત્ર કિંમત નથી. દલીલપૂર્વકની જીત એજ ખરી જીત છે. જ્યાં ઉભા રહેવાનું ભારે પડયું ત્યાં સભાના બણગા ફુંકવા એનું નામજ ખોટાઇ. પાટણ, રાધનપુર, અમદાવાદ, ખંભાત અને જામનગરના જે ગૃહસ્થોએ ટેકા આપ્યા છે અને જેમના નામ શુકરવારીયામાં કાળા અક્ષરે લખ્યા છે તેમને એજ પ્રશ્ન છે કે તેઓ શું તે તે સ્થળના ખરા ચુંટાએલા પ્રતિનિધિઓ છે? તેમનો, સકળ સંઘ અથવા તો તેનો મોટો સમુદાય, આજે તેમને માને છે પણ ખરો? યાદ રાખજો કે સત્ય વસ્તુ જરૂર તરવાની છે. ગમે તેવી બાજીઓ રચો અને મરજીમાં આવે તેવાં જુહાણા ચિતરો છતાં ચોરને પોટલે ધુળની ધુળજ રહેવાની છે. કોન્ફરન્સ તો ચિરાયુ જીવવાનીજ છે. થુંક ઉરાડનારા ભલે ઉરાડે.

જ્યાં પંજાબ, મારવાડ, મેવાડ ને મહારાષ્ટ્રના પ્રતિનિધિઓની સારી સંખ્યામાં હાજરી હતી, જ્યાં ગુજરાત, કાઠીયાવાડના સ્થાનોમાંથી સંઘ કિંવા સંસ્થાઓ તરફથી ચુંટાયેલા પ્રતિનિધિઓની વિપુલ સંખ્યા હતી અને જેને શેઠ કસ્તુરભાઇ લાલભાઇ, અમુલાઇ કાળીદાસ, બાબુસાહેબ જીવણલાલ પન્નાલાલ આદિ સંખ્યાબંધ ગૃહસ્થોના હાર્દિક આશીર્વાદ હતા, તેને સમાધિ સધાવનાર પોતેજ આંધિએ ચઢેલ છે.

શેઠ દામોદર બાપુશાની ગેરહાજરીનું કારણ ચાલુ પરિસ્થિતિ નથી પણ પોતીકી ભુલ છે. એ જાણી ગયા છે કે આ યુગમાં મોઢાની બડાઇઓ ચાલતી નથી. આવીજ પોલ ઓલ ઇન્ડીયાની સોસાયટીના ખુલાસામાં છે. પુરા દસ શહેરમાં સોસાયટીની સ્થાપના સરખી નથી ને મુંબઇ ઇલાકા બહાર જેને કોઇ ઓળખતું પણ નથી, તે આજે સકળ હિંદના વાલીપણાનો દાવો કરે છે! ગામમાં પેસવાના સાંસાં છતાં પટેલને ઘેર ઉના પાણી જેવી વાત! વીસમી સદીના ધર્મિઓની વાતજ ન્યારી! ભોજન પાસ લઇ જમવામાં સ્વામીવાત્સલ્ય માનતાં આંચકો આવે પણ સમાનધર્મિ સ્વામીભાઇઓને જાણીજોઇ નોતરૂં ન દેનાર ને સ્વામીવાત્સલ્યના મનકલ્પિત નોતરાં ફેરવનાર સોસાયટીના આગેવાનના ભારોભાર લખાણ કરતા જરા શરમ પણ ન લાગે એનું નામજ ધર્મિપણું!

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી.)

(ગતાંક ૭ થી ચાલુ.)

કોન્ફરન્સના અધ્યક્ષ સ્થાનેથી :-

પ્રમુખશ્રી રાવસાહેબ રવજીભાઇ શોજપાળનું સરળ અને સાદી ભાષામાં પણ સચોટ દલીલપૂર્વકનું ઉદાર ભાવનામય મનનીય ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું હતું. ખાસ કરીને સમાજમાં ખળભળાટ મચાવી રહેલ પ્રશ્નોપર મૌન ન સેવતાં, ફકત સમાજ હીતદ્રષ્ટી સમીપ રાખી, પોતાના વિચારો નિડરતાથી રજુ કર્યા. સમજીવડીલ વર્ગ યુવક પ્રવૃતિ તરફ કેવી સહાનુભૂતિ દર્શાવી રહ્યા છે, તેનું જવલંત દૃષ્ટાંત આ ભાષણ પૂરૂં પાડે છે. તેઓશ્રીએ વૃધ્ધો તેમજ યુવાનોની સાદી સમજપર મદાર બાંધ્યો છે. હાલ જીવન્ત વાતાવરણ છે, સ્થાન અને સમયનો પણ સારો યોગ છે; પરાજીત મનોદશાને દેશવટો દઇ સ્વતંત્રતાનું ધ્યેય જન્મભૂમિ જાહેર કરે છે, સૂતેલી દશામાંથી સમાજ જાગૃત થતો જાય છે. વિવિધતામાંથી એકતા રચવાની જીજ્ઞાસા, જ્યાં સુધી ધોરાદા પ્રમાણીક હશે, ધ્યેય ચોક્કસ હશે અને હૃદય એક હશે ત્યાં સુધી અભિપ્રાય ભિન્નતાનો ભય નથી. પોતાનો વિચાર ન સ્વીકારનારપર ગલીચ પ્રહારની પાશવવૃત્તિપર કટાક્ષો, પોતાના અંગત અભિપ્રાયો માટે કોમના હીતના સવાલોમાં ડખલગીરી ન કરવાની જાહેરાત છતાં પવિત્ર ફરજ બજાવવાની તત્પરતા, સમાજ યજ્ઞમાં જોડાવા માટે પ્રાથમિક મનોદશા, સિપાઇગીરી એ કંઈ દાદાગીરી નથી પરંતુ યજ્ઞમાં હોમાઇ જવાની તાલાવેલી, સ્ત્રી વર્ગમાં રહમાન, આપણી મૂર્ખાઇના કારણોથી વિધવાનાં દુઃખોની પરંપરા, પ્રાથમિક સુધારા એકજ વર્ષમાં કરવાનો ઉત્સાહ, દીક્ષાનો ઝઘડો સમાજના રોગની જાહેર ખબર માત્ર છે, અને જાહેર ખબર માત્ર કુદરતની જરૂરીઆત છે, એટલે તેનો યોગ્ય નિકાલ કરવા જરૂર છે. વ્યકિત કરતાં કોમ અને કોમ કરતાં દેશહીતને પ્રાધાન્ય આપવાની સલાહ, પત્રકારિત્વને ગંદાં, સંકુચિત દૃષ્ટિવાળાં, ઉશ્કેરણીભર્યા લખાણોથી દૂર રહેવા શિખામણ, દેવદ્રવ્ય સંબંધી વિચારો, હવે પછી ઘીની બોલીમાં સાધારણનો ભાગ રાખવાનો અભિપ્રાય, શ્રીમાન્ આણંદજી કલ્યાણજી વિગેરે જાહેર સંસ્થાઓના હિસાબની ચોખવટ માટેની ટકોર, આર્થિક બિમારીનો તોડ ઉતારવા તાત્કાળીક અગત્યતા, શારદા બીલને વધાવી લેવા આગ્રહભરી સલાહ, સ્વર્ગસ્થ રાષ્ટ્ર ભૂષણ લાલા લજપતરાય જેવી વ્યકિતને જૈન સમાજથી અલગ રહેવાનું પસંદ કરવું પડયું તે સંબંધી વિચાર કરવા વિગેરે ઘણી ઘણી મનનીય બાબતોપર સારો પ્રકાશ નાખતું ભાષણ સમાપ્ત થયું હતું.

ત્યાર બાદ કોન્ફરન્સનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો, અને અનુમોદન મળ્યા બાદ તેનાપર યોગ્ય વિચાર કરવાની તક આપવા ખાતર બીજા દીવસની બેઠકમાં તે બાબત હાથ ધરવા નિર્ણય થયો હતો.

સબજેકટસ કમિટિ માટે ચૂંટણી તે વખતે થઇ હતી.

મંડપ બહારનું વાતાવરણ :—

શેઠ દલપતભાઇની તબીયત સુધરતી જતી હતી. તેમના પુત્રની ફરીયાદથી હથીયારબંધ પોલીસ ટુકડી આવી પહોંચી હતી તેમ જણાયું. સાંભળવા પ્રમાણે આવી ગુંડાશાહી વર્તણુક માટે વધારે સખ્ત પગલું લેવું પડે તે પહેલાં સારી વર્તણુક માટે હાથ મુચરકા આપવા અથવા તો તુરતજ જુન્નેર ગામ છોડી ચાલ્યા જવા માજીસ્ટ્રેટ સાહેબે મોઢેથી હુકમ આપ્યો હતો, એટલે આ કહેવાતા ધર્મપ્રેમીઓ હથિયારબંધ પોલીસપહેરા નીચે કિંકર્તવ્યતા મૂઢ સ્થિતિમાં ઉભા હતા, તેટલામાં કોન્ફરન્સના આગેવાનો પોતાના આંગણે આવેલા ભાઇઓની આવી દશા થાય તેમાંથી તોડ ઉતારવા તેઓ માજીસ્ટ્રેટ સાહેબને મળ્યા અને શાન્તિ માટેની સઘળી જોખમદારી માથે લઇ, સામા પક્ષના આગેવાનોને મળ્યા. ઉતારાના મકાનના માલીકને સમજાવી, તે જગ્યામાં તે લોકો સાથે મસલત કરી, ત્યાંનું ઉગ્ર વાતાવરણ જોતાં આ અહિંસાત્મક ડોળ રાખનાર કયારે હિંસક બનશે તેની જોખમદારી લઇ શકાય તેવો માર્ગ નીકળી ન શકયો, એટલે લગભગ એક કલાક વાટાઘાટ થયા બાદ, શાસનપ્રેમીઓએ તેજ સાંજના જુન્નેર છોડી જવા કબુલ કર્યું અને સ્થાનિક કાર્યકર્તાઓએ મોટર વિગેરેની સગવડતા કરી આપવા માથે લીધું. ઉપરના સમાધાનથી મેજીસ્ટ્રેટ સાહેબને સંતોષ થયો એટલે થોડાએક હથીયારબંધ પોલીસને મૂકી તેઓ સ્વસ્થાનકે ગયા.

આગેવાનોએ જમવા માટે આગ્રહપૂર્વક વિનંતિ કરી, પરંતુ તેનો સ્વીકાર ન થયો. છેવટે અમલદાર વર્ગની કલબ તરફથી ચાપાણી આપીએ છીએ, તેમ કહીને પણ જુન્નેરવાસીઓ પરોણાગત કરવા ચુકયા નહિ, ગાડી વિગેરેની તેમની મરજી મુજબ સગવડતા કરી આપી. જતાં જતાં વાર્યા ન માને તેવા ભાઇઓ તો ગાડીમાંથી પણ હજી પોતાનો ગુસ્સો સમાવી શકતા ન હતા. આવી રીતે પોતાનીજ બેવકુફીભરી રીતના પરિણામે ઉપરોકત ભાઇઓ જુન્નેર છોડી ગયા, અને આ પ્રકરણ આવી દુઃખદરીતે સમાપ્ત થયું.

ગમે તેવા પણ આપણાજ સાધર્મિભાઇઓ જગતની દ્રષ્ટિએ હલકા પડે તે માટે યુવાનો તેમજ વૃધ્ધો દીલગીર થતા હતા. તે ભાઇઓ પણ સમાજનું અંગ છે; તેમની મનોદશા પણ ફેરવ્યા વીના છુટકો નથી. તેઓ આવી ઉમદા તકનો લાભ આવી રીતે ગુમાવી બેસે તે દરેકના અંતરના દુઃખનો વિષય થઇ પડયો હતો.

:: લવાજમ ::

વાર્ષિક (ટપાલ સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના માહા સુદી ૪. તા૦ ૩-૨-૩૦ | અંક ૬ ઠો.

—પરિવર્તન, વર્તમાન ને યુવાન—

કાળ અને મનુષ્ય—એનું સામ્ય અદ્વિતીય છે.
એકજ કાળ ત્રણ રૂપે છે. ભૂત, વર્તમાન, ભાવિ.
એકજ મનુષ્ય ત્રણ રૂપે છે. બાળ, યુવાન, વૃદ્ધ.
ભૂતકાળ વૃદ્ધ છે. વર્તમાન યુવાન છે. ભાવિ બાળ છે.
વૃધ્ધો ભૂતકાળમાં કાર્ય કરી ગયા. બાળકો ભાવિમાં કરશે.
વર્તમાનમાં કાર્ય કરવું તે—**હકથી અને ફરજથી—**
યુવાનનેજ શિર છે.
જે યુવાન આ હક ગુમાવે તે મૂર્ખ છે.
જે યુવાન આ ફરજ ચૂકે તે પાપી છે.
યુવાન ! તારી ફરજ સમજ, હક મેળવ, ને
વર્તમાનમાં વિચર.

સૃષ્ટિ અને સમાજ—બે અજબ શક્તિઓ છે.
ક્ષણે ક્ષણે વિનાશ, પૂનર્જન્મ અને અમરતા અનુભવે છે.
કાર્ય કરી નિરર્થક બનેલું બળ અદૃષ્ય થાય છે.
નવીન સમય ને ઉપયોગી બળ જન્મ લે છે.
સડેલો ભાગ દૂર થાય છે. તેનું સ્થાન અનુપયુક્ત ચૈતન્ય લે છે
આથીજ તેઓ અમર છે.
સમાજને અમર રાખવા—
સડેલી રૂઢિઓ, નિર્બળ સંસ્થાઓ, અર્થહીન માન્યતાઓ,
શક્તિહીન વૃધ્ધોને સ્થાને નૂતન પ્રથાઓ, સજીવ સંસ્થાઓ,
પ્રગતિકારી વિચારો અને યૌવનભીના યુવાનોજ જોઇએ.
આ ફરજ અને હક યુવાનોનો છે.

પરિવર્તન એજ પ્રગતિ.
જગતનું પરિવર્તન ક્ષણે ક્ષણે થાય છે.
એજ તેની પ્રગતિ.
પ્રગતિ હોય ત્યાં સડો નહી.
પ્રગતિનો અભાવ તેજ સડો.
પરિવર્તન અટકાવવું મહાન પાપ છે.
પરિવર્તન ઉત્તેજવું તેજ ધર્મ છે.
પરિવર્તનકાળ એજ વર્તમાનકાળ.
પરિવર્તન અને યુવાન વર્તમાન કાળમાંજ હોય.
પરિવર્તન, યુવાન ને વર્તમાન એકજ છે,
અભેદ છે, અનાદિ છે, અનંત છે.
એ ત્રિપુટીનો ત્રિકાળ જય હો.
પરિવર્તનનો જય હો.
યુવાનનો વિજય હો.

ર. 'નલીન.'

સ્વાગતમ્ :

—:*:—

આવો—
યુવાન ! નવસરજનહારા. આવો૦
કુમળાં હૈયાં જેનાં દાઝે;
ભારતી મૈયા મુક્તિ કાજે:
—મંત્ર ક્રાન્તિનો રટનારા. આવો૦
જુલ્મ અને અન્યાયી સ્હામે;
નિર્ભય બની : અહિંસક ભાવે :
—અણનમ ઝંઝલાં દેનારા. આવો૦
સાચાં વ્રત સેવાનાં ધારી;
દંભ અને પાખંડ વિદારી :
—ચેતન સૌમાં ભરનારા. આવો૦
કર્તવ્ય પન્થ કદી ન હારે;
'આત્મવત્ સર્વ ભૂતેષુ' માને
—સમય ધર્મને ઓળખનારા. આવો૦

'આત્મન.'

યુવકોની પ્રાથમિક સભા.

સ્થળ : મહાવીર જૈન વિદ્યાલય.

—(૦)—

કાર્યક્રમ.

તા૦ ૬ ફેબ્રુઆરી ગુરૂવારની રાત્રે ૮ વાગે (સ્ટાં. ટા.) મુંબઈ યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તથા બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ સબજેકટ કમિટિના રૂપમાં મળશે ને ખરડા ઉપર ચર્ચા કરી ઠરાવો પસાર કરશે.

તા૦ ૭ ફેબ્રુઆરી શુક્રવારે સવારના ૮ થી ૧૧:
સબજેકટ કમિટિએ પસાર કરેલા ઠરાવો ઉપર યોગ્ય વિવેચનો કરવામાં આવશે.

શુક્રવારની બેઠકમાં યુવક સંઘની જનરલ સભાના સભ્યો, બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ તથા આમંત્રીત ગૃહસ્થો ભાગ લેશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો નમે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિઃ

જુન્નેર કોન્ફરન્સ.

આવતા શનિવારે શુરવીર શિવાજીની જન્મભૂમિમાં મહાવીરના અનુયાયીઓ કોમની ધાર્મિક તથા સામાજીક સ્થિતિની સુધારણાનો વિચાર કરવા માટે એકત્ર થશે. આ બેઠકમાં શું થવું જોઇએ અને શું ન થવું જોઇએ તે માટે અનેક પ્રકારના દૃષ્ટિબિંદુઓ સમાજ પાસે મૂકાય છે. કોન્ફરન્સનો અર્થ સાથે મળીને વિચાર કરવો. સંસ્થાના બંધારણને માન આપીને દરેક પ્રકારના વિચારો આપનાર આપી શકે છે. વિચારો આપે એટલે નિર્ણય થઇ જતો નથી. નિર્ણય ન થાય ત્યાં સુધી વિચારો રજુ કરવાથી ધર્મ દુખી જતો નથી. પછી ભલેને વિચારો રજુ કરવા તેનેજ કોઇ કાવતું કહેતા હોય. યુવકો તેવી ગાળોથી તેવા ગલીચ આક્ષેપોથી ડરીને વિચારો રજુ કરતાં અટકવાના નથી. યુવાનો કાવત્રાંની વ્યાખ્યા સારી રીતે સમજે છે. કાવતું કોણ કરે છે, તે સમાજથી અજાણ્યું નથી. કાવત્રાં રચવાની ટેવવાળાજ કોન્ફરન્સ માટે કાવતું કરતા રહે છે. સરકારી કાયદો પણ વિચાર દર્શાવનારને કાવત્રાંખોર ગણતો નથી. યુવકો સંસ્થાઓના કાર્યકર્તાઓની બ્લેક ડાયરી મેળવવા પ્રયાસ કરતાં નથી, શાસનરસિકોનો ઠરાવ સમાજ પાસે ખુલ્લો પડેલો છે. તે ઠરાવ, કોન્ફરન્સના કાર્યકર્તાઓએ છેલ્લા થોડા વરસમાં જે કાંઇ કાર્યો બજાવેલા તેમાંના કોઇ કોઇ કાર્યને અંગે છિદ્રો શોધી તેમ શા માટે બનવા પામ્યું તેની તપાસ કરવા માટે કમીશન નીમવા સંબંધી છે. બીજા કોઇ સવાલો ચર્ચવા લાયક શાસનરસિકોની નજરમાં દેખાયા નથી. તે ઠરાવને કોન્ફરન્સની બેઠક પછીની સ્ટેન્ડીંગ કમિટિની જે પહેલી મીટીંગ જુન્નેરમાં મળે તેમાં ચર્ચવા રાખવો જરૂરનો છે. સબજેકટ કમિટિ અને ખુલ્લી બેઠકમાં આ સવાલની ચર્ચા કરવાથી કાંઇ પણ રચનાત્મક કાર્ય કરવા માટે સમય રહે તેમ લાગતું નથી. કોન્ફરન્સની બેઠક ભરી દેશદેશથી જનતાને ખર્ચમાં ઉતારી, આવા વિતંડાવાદમાંજ વખત ગાળવો તે કોઇ રીતે ઇષ્ટ નથી. સ્ટેન્ડીંગ કમિટિ આ બાબતમાં યોગ્ય નિર્ણય કરી શકશે. સ્ટેન્ડીંગ કમિટિની મીટીંગ જુન્નેરમાં મળવાથી સભ્યોની સારી સંખ્યા તેમાં ભાગ લઇ શકશે કારણ કે જુદા જુદા વિભાગના સ્ટેન્ડીંગ કમિટિના સભ્યોની હાજરી તે પ્રસંગે હશે, એટલે વહીવટી દરેક સવાલ સારી રીતે છણાશે ને બધાનો નિર્ણય થશે કારણ કે કમીશન નીમાયું હોય ને તેને તપાસ ચલાવતા સમય ઘણો પસાર થાય, તે દરમ્યાન જુના અધિકારીઓ કામ કરવાનું સ્વીકારે નહિ ને નવાની નીમણુંક થઈ શકે નહિ માટે પ્રમુખશ્રી આ બાબત યોગ્ય રૂલીંગ આપી ખલાસ કરશે એટલી આશા રાખી શકાય.

અન્ય ઠરાવો સંબંધી જે વિચારો શાસન રસિકો આપે છે તેની તપાસ કરી લઇએ. બંધારણમાં 'તેનો ઉદ્દેશ ૪૫ આગમ અને પંચાંગીને કોઇ રીતે બાધ ન આવે' ઉપરના શબ્દો વધારવા સંબંધી છે. આવા શબ્દો ઉમેરવાની જરૂર શી રીતે ઉભી થઇ? કન્વેન્શનમાં આને લગતી બીજી હકીકત સુચવવામાં આવી હતી, તે કન્વેન્શનમાં પસાર થઇ નહોતી તે સુવિદિત છે. કોન્ફરન્સની અત્યાર સુધીની બેઠકોમાં ૪૫ આગમોને બાધ આવે એવો કોઇ ઠરાવ થયો છે ખરો? એવો ઠરાવ થયાનું કોઇએ હજી સુધી જણાવેલ નથી છતાં આવા સુધારાઓ શા માટે? કોન્ફરન્સનો ઠરાવ એટલે સર્વજ્ઞનું વચન એવો કોઇ વખત કોન્ફરન્સે દાવો કર્યો છે ખરો? વળી ૪૫ આગમને બાધ નથી આવતો કે આવે છે તે નક્કી કોણ કરશે? શું મુનિરાજની કે આગેવાન હારકની હાજરી વગર કોન્ફરન્સ ન ભરવી જોઇએ એવો પ્રતિબંધ શાસનરસિકો કરાવવા માંગે છે? વળી કોન્ફરન્સના ઠરાવ એક વિષયને લગતા હોય તો પણ જુદી જુદી બેઠકમાં ફેરફાર થયા છે. કદાચ કોઇ ઠરાવના કોઇ શબ્દને અંગે એવી ગેરસમજુતી થવા સંભવ ભવિષ્યમાં ઉભો થવા પામે તો સ્ટેન્ડીંગ કમીટીની પછીની મીટીંગમાં અગર કોન્ફરન્સની બીજી બેઠકમાં સુધારો કરી શકાય. માટે આ સુધારાને સબજેકટ કમીટી ઉડાવી દેશે એવી અમો ભલામણ કરીએ છીએ. બાકી આવા બંધનથી દીક્ષા કે દેવદ્રવ્યના ઠરાવની ચર્ચા બંધ થઇ શકવાની નથી. શુદ્ધ દીક્ષા તથા શાસ્ત્રીય દીક્ષાના સ્વરૂપની ચર્ચા થાય તેને કોઇ બંધ કરી શકેજ નહીં. તેવી ચર્ચા સંઘો યા સમુદાયોમાં ઘણા પ્રસંગોએ થઇ છે, તેમજ દેવદ્રવ્યના સવાલનું પણ સમજવાનું છે. વ્રતધારીઓ સંબંધી જે સુધારાની સુચના થાય છે તેનો અમલ કેવી રીતે કરવો? વૃત્તધારીની પરીક્ષા કોણ કરે? એ સંબંધી કાંઇ માર્ગ દર્શાવવામાં ન આવે ત્યાં સુધી એ સુચનાનો વિચાર કરવો અશકય છે વૃત્તધારી સબજેકટ કમીટીમાં વધારે પ્રમાણમાં દાખલ થાય તેથી સબજેકટ કમીટીનું કામકાજ વધારે ઉપયોગી નીવડશે તેવું માની શકાતું નથી. 'શાસ્ત્રીય મર્યાદાને ઉલ્લંઘનારાં ભાષણો કરી શકાશે નહિ' આ હકીકત પણ વ્યવહારૂ નથી. પ્રમુખશ્રીને શાસ્ત્રનું અહોળું જ્ઞાન હોય અથવા શાસ્ત્રના બાળા જ્ઞાનવાળા પ્રમુખ મળે તો પણ તે છદ્મસ્થ હોયજ. એટલે આ સુધારો પણ વ્યવહારૂ નથી. આવા સુધારા માટે રજુ કરનારની મનોદશા તપાસશો તો માલુમ પડી આવશે કે ચોકસ સંસ્થાનું સર્વોપરીપણું કોન્ફરન્સ ઉપર જમાવવા માટેના આ પ્રયાસો છે. સબજેકટ કમિટિ આ હકીકતનાં ઉંડાણમાં કયું તત્વ રહેલું છે તેનો ખ્યાલ કરી આ બધા સુધારાને ઉડાડી દેશે. હવે વિષયો કયા લેવા જોઇએ આ તે વિચારીએ. પત્રિકાના છેલ્લા અંકમાં જુદા જુદા ગૃહસ્થો તથા મંડળો તરફથી સુચવાયેલા ઠરાવોના લીસ્ટ પ્રગટ કરવામાં આવ્યા છે અન્ય પત્રકારોએ ઠરાવો ઉપર લેખો પ્રગટ કર્યા છે તે ઉપરથી સમાજ હાલ કોન્ફરન્સ પાસે શું માગે છે તે હકીકત દીવા જેવી સ્પષ્ટ છે. પહેલો દીક્ષાનો સવાલ છે. આખા વરસ દરમ્યાન આ સવાલે કોમમાં ઓછો ખળભળાટ ફેલાવ્યો નથી, તેથી તે સવાલનો નિર્ણય કોન્ફરન્સે ચોક્કસ રીતે કરવો જોઇએ. ધર્મને બાધ આવે તેવી રીતે દીક્ષા અપાતી હોય, જૈન શાસનની, કોમની હાંસી થતી હોય, તેવી દીક્ષા અટકાવવા માટેના જરૂરી નિર્ણયો કોન્ફરન્સે જાહેર કરવા જોઇએ કોમને દિશા કોન્ફરન્સ નહિ સુચવે તો કોમ બે ભિન્ન મતમાં વહેંચાઇ, કલેશમાં સમય ગુમાવશે. દેવદ્રવ્યનો

[જુઓ પાનુ ૬ ઠું.]

શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સ (જુન્નેર)ને શ્રી જન યુવક મંડલ તરફથી મોકલાવેલ પ્રસ્તાવો.

૧. જૈન સમાજ આજે કેટલાયે પેટા વિભાગમાં વહેંચાયેલો છે; જેના પરિણામે સમાજ નિર્જીવ-નિષ્પ્રાણ થયેલ છે અને દીનપ્રતિદીન થતો જાય છે, તેના તરફ ધ્યાન આપી સારા જૈનસમાજને એકત્રિત કરવા-મહાવીરના એક ઝુંડા નીચે લાવવા કોન્ફરન્સે જોરથી આંદોલન કરવું ઘટે છે.

વ્યવહારૂ પગલા તરીકે:

૧. દરેક જૈનોમાં રોટી બેટી વ્યવહાર ચાલુ કરવો જોઇએ.

૨. ભવિષ્યમાં આ કોન્ફરન્સ પણ માત્ર જૈન શ્વેતામ્બર નીજ નહિ પણ અખીલ ભારતીય જૈન કોન્ફરન્સનું નામ ધારણ કરે.

૨. હાલની જૈન સંસ્થાઓમાં તેમજ મંદિરોમાં ઉપયોગ વિનાના દટાયેલા ધનનો ઉપયોગ યુગોચિત કાર્યોમાં થવો જોઇએ. જેવાકે:-

૧. કર્મવીર, જ્ઞાનવીર, આદર્શ જૈન ઉત્પન્ન કરી શકે તેવા આદર્શ જૈન વિદ્યાલય સ્થાપવામાં:

૨. જૈન યુવાનોને વાણીજ્ય-ક્ષેત્રની તાલીમ આપતી ઉદ્યોગીક શાળાઓ-સ્થાપવામાં:

૩. જૈન યુવાનોને પ્રાણવાન-સશકત-બનાવી શકે તેવા ઠેર ઠેર અખાડાઓ સ્થાપવામાં:

૪. આજના સામાજીક પુનરોત્થાનને લગતા સામાજીક કાર્યો જેવાકે આદર્શ વિધવા આશ્રમો બાલઆશ્રમો વગેરે સ્થાપવામાં:

૫. જૈન સુત્રોનું માગધી ભાષાનું અધ્યયન કરાવતી પાઠશાળાઓ સ્થાપવામાં:

આવી યોજનાઓ ઘડી તેને અમલમાં મુકવાનું જોસબંધ આંદોલન કોન્ફરન્સ શરૂ કરે, એમ આ મંડળનો ખાસ આગ્રહ છે:

૩. જૈનોની ઘટતી જતી સંખ્યાપર લક્ષ આપી તેના ઉપાયો આ કોન્ફરન્સ વિચારે:

તેના મુખ્ય કારણો જેવાકે:

બેકારી, સંકુચિત પેટાજ્ઞાતિને અંગે થતાં વિકૃત લગ્નો, કન્જોડા, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે:

જૈન સમાજનો આંતરક્ષય સમો-અસાધ્ય અને ગંભીર રોગ 'બેકારી'નો છે. એ 'બેકારી'નો ફડચો લાવવા કોન્ફરન્સે ખાસ ધ્યાન આપવું જોઇએ.

૪. આજના યુવક મંડળોને પ્રોત્સાહન આપવા કોન્ફરન્સે સેવા ક્ષેત્રના અખાડા ઉત્પન્ન કરવા જોઈએ:—

કે જેના અંગે આજે હજારો બેકાર પડેલા જૈન યુવાનો આજીવિકા સાથે સમાજસેવાની તક પણ મેળવે, તેને માટે,

૧ અનુકુળ પડતા દરેક ગામડાઓ તથા શહેરોમાં વિશાળ પાયા ઉપર જૈનોની ઉદ્યોગ સંસ્થાઓ ખોલવી.

૨ ખાદી કાર્યાલયો જેવી રાષ્ટ્રીયતાને પોષતી-વિશાળ પાયા પર સંસ્થાઓ ખોલવી.

૫. આપણો સ્ત્રીસમાજ અજ્ઞાન તેમજ સ્ત્રીસ્વાતંત્ર્યની ખામીવાળો છે. તેથી આપણી સામાજીક ઉન્નતિને બાધક રૂપ છે. એને માટે જૈન બાલિકાઓને માટે પ્રાથમિક શાળાઓ ઠેર ઠેર સ્થાપવાની જરૂરત છે; તેમજ જૈન કુમારિકાને શારિરીક તાલીમ આપી શકે તેવા અખાડાની જરૂરત છે.

૬. આજના વૈવાહિક તેમજ કારજના ફજુલ ખર્ચાઓને ઘટાડવા માટે કોન્ફરન્સે ઝુંબેશ ઉઠાવવી જોઇએ. શારદા બીલને જૈનોએ અપનાવી લેવું જોઇએ, તેમજ ફરજીયાત વૈધવ્ય દેશકાળ પ્રમાણે બંધ થવું જોઇએ; એમ આ મંડળ માને છે.

૭. કોઇપણ ૧૮ વર્ષથી નાની ઉમ્મરની વ્યક્તિને તેના વાલી તથા સગાવહાલાની અનુમતિ વિના દીક્ષા નજ અપાવી જોઇએ. તેમજ સાધુ થવા ઇચ્છતા ઉમેદવારને અમુક ત્રણેક વર્ષ સુધી જૈનત્વનો અભ્યાસ કરી તેનું પ્રમાણ પત્ર મેળવ્યાં બાદ દીક્ષા અપાવી જોઇએ.

૮. જૈન સાધુઓની જૈન સમાજ ઉપર સારી અસર છે. આપણે ઘણીયે વખતે જૈન સાધુઓના ભ્રષ્ટાચાર-શિથિલાચારના સમાચાર સાંભળીયે છીએ. આવા સાધુઓ જૈન ધર્મને દુનીયાની નજરે હલકો કરી રહ્યા છે, તેમજ સમાજમાં કલુષિત વાતાવરણ ફેલાવી રહ્યા છે. આવા સંજોગોમાં જૈન સાધુઓની દેખરેખ રાખે-તેના ઉપર નિયમન રાખી શકે તેવી તપાસ સમિતિની આવશ્યકતા છે.

૯. કોન્ફરન્સમાં હરવખત પાસ થતા પ્રસ્તાવોમાંથી વહેલામાં વહેલી તકે એકાદ વ્યવહારૂ કાર્યક્રમ યોજી અમલમાં મુકવા કોન્ફરન્સ તૈયાર બને એવું આ મંડળ ઇચ્છે છે, તેમજ દરેક ગામ તથા શહેરોમાં વ્યવસ્થિતપણે સંઘ, બંધારણ રચે અને તેનો સંબંધ કોન્ફરન્સ જેવી મધ્યસ્થ સંસ્થા સાથે જોડાવો જોઇએ એમ આ મંડળ ઇચ્છે છે.

વિનિત મંત્રીઓ,
જૈન યુવક સંઘ (કલકત્તા).

—(૦)—

જુન્નેર જૈન કોન્ફરન્સ, તેરમું અધિવેશન.

આવનારાઓ માટે સૂચનાઓ.

કોન્ફરન્સમાં આવનાર ડેલીગેટો અને પ્રેક્ષકો તરફથી અમોને રસ્તાઓ વગેરે સંબંધે ઘણી પૂછપરછ થયા કરે છે. સર્વે બંધુઓને આવવા માટે મોટરોની વધારે સગવડ પૂના સ્ટેશન ઉપર કરવામાં આવી છે, સ્ટેશન ઉપર વ્હોલીંટિયરો રાખવામાં આવેલા છે. સ્વાગત કમિટિએ રોકેલી મોટરમાંજ બેસવા ખાસ વિનંતિ છે. મોટરોના ભાડા વિગેરે સંબંધે સ્ટેશન ઉપર રહેલા સ્વયંસેવકો પાસેથી સર્વ જાતની માહિતિ મળી શકશે. * * *

તાલેગાંવથી પણ જુન્નેર આવી શકાય છે. પરંતુ ત્યાં વધારે મોટરોની સગવડ નથી. ચારસોથી પાંચસો પેસેંજરો ઉતરે ત્યાં સુધીની મોટરોની સગવડ મળી શકશે. મુંબઇથી મોટર રસ્તે આવનાર બોનાવાલા, તલેગાંવ થઇ જુન્નેર આવી શકે છે. દરેક આવનાર બંધુઓએ ઓઢવા-પાથરવાનું જરૂર સાથે લાવવું. મુંબઇથી જુન્નેર ૧૫૪ માઇલ થાય છે. જુન્નેર મોટર સ્ટેન્ડ ઉપર સ્વાગત કરવા ઉતારા કમિટિના સભ્યો મળશે. તેઓ સર્વે જાતની સગવડતા કરી આપશે. લી.

મોતીલાલ વીરચંદ.
ચીફ સેક્રેટરી જૈન શ્વે. કોન્ફરન્સ.

શ્રી જુન્નેરમાં ભરાતી જૈન કોન્ફરન્સ.

હાલની પરિસ્થીતિના અંગે કરવો જોઇતો અગત્યનો ઠરાવ.

——(૦)——

આપણા સમાજમાં કેટલાક સાધુઓ તરફથી દીક્ષાને માટે જેશભેર મનગમતા ઉપદેશો સતત્ ચાલુ હોવાથી જે કલુષીત વાતાવરણ ઉપસ્થીત થયું છે તેવા સાધુઓના ત્યાગના ઉપદેશને આ ઠરાવ પોષણકર્તા હોવાથી, તેમજ શ્રી મહાવીર પ્રભુના શાસનમાં ચારિત્રવાન અને સયમી જીવન વ્યતીત કરનાર સંત પુરૂષોને સન્માનનીય થઇ શકે તેમ હોવાથી તેમજ કેટલાક કહેવાતા સાધુઓ ત્યાગના ઉપદેશમાં શૂરા પણ આચરણમાં શુન્ય? તેવાઓને કસોટીકારક હોવાથી આ નીચેનો ઠરાવ સર્વાનુમતીથી પસાર કરાવવાને કોન્ફરન્સના સન્માનનીય સર્વે ડેલીગેટોને નમ્ર વીનંતી છે.

ઠરાવ.

આ કોન્ફરન્સ એવો અભિપ્રાય ધરાવે છે કે, શ્રી વીર પ્રભુના શાસનમાં ત્યાગ (દીક્ષા) એ આત્માનો સર્વોત્તમ ને કલ્યાણકારી માર્ગ છે, ને તેવા ત્યાગમાં વીચરતા સાચા ત્યાગીને આ કોન્ફરન્સ સાચા હૃદયથી સન્માને છે. પણ સાથે સાથે આ કોન્ફરન્સનો એવો પણ અભિપ્રાય છે કે ત્યાગના માર્ગમાં કેટલીક અવ્યવહારૂ પ્રકૃતીએ શાસ્ત્રના નામે ત્યાગના સુંદર માર્ગને વાયડો કરી મુકયો છે ને ત્યાગના ઉપદેશના બહાના નીચે શાસ્ત્રોથી અનભીજ્ઞ ભોળી જનતાને છેતરી પોતાનાં માનસને પોષી રહેલ છે, તેથી તેવાઓની કસોટી કરવાને અને સાચો સાધુ, સંત તરીકે તરી આવે તેની ખાત્રી થવાને નીચે દર્શાવેલ ત્રણ બાબતોપર આ કોન્ફરન્સ જૈન જનતાને આગ્રહભરી વીનંતી કરે છે કે–

૧ ત્યાગ માર્ગમાં વીચરતા ત્યાગીઓ (સાધુ) પોતાનો સંયમ સુખેથી નીર્વાહ કરી શકે તેવાજ આહારપાણી અર્પણ કરવા. ઇન્દ્રીઓને ઉન્માદ કરાવે તેવા પદાર્થો જેવા કે ચાહ, દુધ, મિષ્ટાન્ન આદી માદક પદાર્થો સાધુઓને વહોરાવવા નહિ. વસ્ત્રો (કપડું) દેહરક્ષણ પુરતા વધારે વખત ચાલી શકે તેવાજ વહોરાવવા. ઝીણા, મુલાયમ, કે ભારી કીંમતના વહોરાવવા નહિ.

૨ મુંબઇ, સુરત, અમદાવાદ વિગેરે મોટા શહેરોમાં સાધુનો વહેવાર હાલમાં વિશેષ પડતો હોવાથી ગામડાનાં ક્ષેત્રો શુન્ય રહે છે, તેથી નાના ગામોના રહીશ આપણા ધર્મબન્ધુઓને, આપણા ધર્મનો સામાન્ય બોધ પણ હોતો નથી તેમજ મારવાડ આદિ દેશોમાં સાધુઓના વિહારના અભાવે ત્યાંની આપણી જૈન પ્રજા ઇતર ધર્મમાં ભળતી જાય છે અને દિનપ્રતિદિન આપણી સંખ્યા ઘટતી જાય છે, તેથી મોટા શહેરમાં રહેવાને હાલમાં વિનંતી કરવી નહિ; પણ મારવાડ આદિ દેશોમાં, તથા નાના નાના ગામોમાં કે જ્યાં જૈન ધર્મના ઉપદેશની ખાસ જરૂર છે ત્યાં વીહાર કરવાને આ ત્યાગીઓના માથે વિનંતિપૂર્વક ફરજ પાડવી.

આ ઉપરના ઠરાવથી આપણી જૈન સમાજને ઘણો લાભ થવા સંભવ છે. ઠરાવનો પહેલો અને બીજો ભાગ ત્યાગના માર્ગનો પોષણકર્તા છે ને સાચા ત્યાગીને સન્માનીય છે, ખરા ખોટાની પરીક્ષાની કસોટી જેવો છે અને હાલનાં વાતાવરણમાં આ ઠરાવ કરવાની ખાસ આવશ્યકતા છે. ઠરાવનો ત્રીજો ભાગ જો અમલમાં ફરજીયાત મુકવામાં આવે તો હાલનું ડોળાએલ વાતાવરણ સ્વયમેવ સુધરે તેમ છે. રચનાત્મક કાર્યક્રમ જેવો છે. નાના નાના ગામોમાં, જ્યાં આપણા ભાઇઓ ધર્મથી વંચીત રહે છે ને ઇતર ધર્મમાં ભળતા જાય છે ત્યાં સાધુના વીહારથી, તેમના ઉપદેશથી તેમના ગૃહવહેવાર સુધરશે. એકંદર આ ઠરાવથી ઘણો ફાયદો થાય તેમ છે અને શાસ્ત્રની મર્યાદાની અંદરના છે તેથી આ ઠરાવ સર્વાનુમતે પાસ કરાવવા સર્વે ડેલીગેટોને નમ્ર અરજ છે.

લી૦ શ્રી સંઘનો સેવક,
રાયચંદ લાલચંદ શાહ.
શ્રી સુરત જૈન સુધારક મંડળના તરફથી
ચુંટાએલ પ્રતિનિધિ.

જાહેરાત.

—(૦)—

આથી સર્વેને જણાવવામાં આવે છે કે પાટણ નિવાસી ઓશ્વાલ જ્ઞાતીના ધર્મપ્રેમી શેઠશ્રી અમૃતલાલ નહાલચંદ ફાગણ સુદી ત્રીજને સોમવાર તા૦ ૩ જી માર્ચ ૧૯૩૦ ના રોજ પાટણમાં પૂજ્યપાદ પન્યાસ શ્રી. કસ્તુરીજયજી મહારાજના શુભ હસ્તે વૈરાગ્યપૂર્વક પરમ પવિત્ર ભાગવતિ દિક્ષા અંગીકાર કરવાના છે.

એજ લી૦,
શેઠ પોપટલાલ હેમચંદ નગરશેઠ.
પાટણ, તા૦ ૨૯-૧-૧૯૩૦ } સંઘપતિ, પાટણ (ઉ. ગુ.)

:: લવાજમ ::

વાર્ષિક (ટપાલ ખર્ચ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦
છુટક નકલ: મુંબઇમાં અઢીસો આનો.
બહારગામ પોણો આનો.

કસોટીના સમય.

યુવાન બાંધવો, અરે જૈન સમાજના આશાભર્યા ને ચળકતા હીરલાઓ, આવો, કસોટીનો સમય આવી ચુકયો છે. નસેનસમાં નવિન રકત ભરેલા યુવકને એથી મુંઝાવાનું કે શિથિલતા ધરવાનું નજ હોય. એ તો આર્થિક સંયોગોને આધા ખસેડીને, અને વર્તમાન સંયોગોને બાજુપર મેલીને, સંમેલનમાં ઉપસ્થિત થાય અને અધિવેશનને આંગણે હસતો રમતો પ્રવેશે. કુંભકર્ણની નિદ્રાને જન્મસિદ્ધ હક માની, વિના સંકોચે સેવતી જૈનપ્રજા માટે સંમેલન કે અધિવેશન એ અનેરા પ્રસંગો છે. કૂપમંડુકોને મન એ 'હજારોનો ધુમાડો, ભલે હોય, વેવલાભાઇઓના હૃદયમાં અત્યારથી સાહમારીના સ્વપ્ના ભલે આવે અને 'સમર્થો ગૃહભંજને' એજ જેમનો મુદ્રાલેખ હોય તેવાઓ ભલેને ત્યાં આવીને પણ ધમપછાડા મારે, છતાં એ સાચા યુવાન, તહારે એની જરા માત્ર ચિન્તા ધરવાની નજ હોય, એટલું અવશ્ય ગોખી રાખવું કે 'સમયના સામે કોઇનું ચાલતું નથી.' સમયાનુસાર, સુધારણા કરવાને બદલે જેઓ આગમને નામે મનગમતી ઠેકડી કરી રહ્યા છે, અરે સારા કાર્યોમાં ભૂતકાળના ખરા ખોટા બનાવો આગળ ધરી કાંટા વેરી રહ્યા છે તેઓ ભલેને ઉંચા આસનના ધજ્જરદારો હોય કિંવા અઢળક લક્ષ્મીના ભોકતા હોય અથવા તો લાગવગ ધરાવનાર લંબુષો હોય! દેશકાળને એમની કંઇજ પડી નથી. મહા મુશીબતે અને કેટલીયે રાતોના ઉજાગરા વેઠીને ચણેલા કિલ્લાઓ જોતજોતામાં ધરાશાયી થઇ જાય છે; અરે સમયદેવતાના ખપ્પરમાં એ સર્વ નિમેષમાત્રમાં સ્વાહા થઇ જાય છે અને છેવટે લમણે હાથ મુકી તેમને પોકારવું પડે છે કે 'અઘટિતતાનિ ઘટયતિ, સુઘટિતતાનિ જર્જરી કુરૂતે,' તેથીજ ઓ વીરબાળ, તું નિશંકપણે કુચ કર.

વર્તમાનકાળના મતમતાંતરમાં રખેને તું શ્રી વીરપ્રભુને સંડોવતો! 'દીક્ષાની વય આઠ' એ જેમ ખરી છે તેમ 'એ વિવેકપૂર્વક ને દેશકાળ જોઇ આપવી ઘટે' એ પણ ખરૂંજ છે. શ્રી મહાવીરદેવનો શ્રમણ સંઘ વિસ્તાર પામે એ જરૂર ગમે, છતાં સામાન્ય બુદ્ધિથી તમુભાર પણ આગળ નહિં ગયેલા બાળકો એ પવિત્ર વેષ પહેરી, એની ઇતર સમાજમાં હાંસી કરાવે એ તો નજ ગમે. માટેજ આપણે શ્રી હરિભદ્રસૂરિ કે યશોવિજયજીને પૂર્ણ માન આપતાં છતાં એમના જેવી સત્તા સાગરજી કે રામવિજયજીને આપવાની ના પાડીએ છીએ. એથીજ ધર્મના સિદ્ધાંતનો અમલ રાખીને પણ પ્રવર્તિ રહેલ હુતાશનીને શાંત પાડવા સંઘના હસ્તમાં સત્તા સોંપવારૂપ કાનુન કરવાનાજ.

શ્રી યશોવિજયજીના વાદપ્રતિવાદની નિષ્ફળતાસુચક કથનથી ધડો લઇ અવશ્ય યોગ્ય ફેરાવ કરવાના, કે જે પ્રભુશ્રીના સ્યાદ્વાદ માર્ગ શોભાવે અને જૈન દર્શનમાં કોઇ વસ્તુ એકાંતે નથી રહી તેનો જનતાને ખ્યાલ આપે.

સંમેલનમાં પધારનાર ભાઇ જેમ દેવદ્રવ્ય કે વિધવાના પ્રશ્નનો અભ્યાસ કર્યા વગર ન આવે તેમ તેને પાસ કરવાના અડગ વ્રત લઇને પણ નજ આવે. એટલું તો જરૂર કોતરી રાખે કે આપણે હવે એ પ્રશ્નોને વિચાર્યા વગર, અરે એ સંબંધમાં ઘટતું કર્યા વગર તો નહિંજ ચાલે. અલબત્ત સાથે મળીને એનો ઉકેલ કરતાં જરૂર આપણે જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખવાનીજ છે; અને સાથે એ પણ વિચારવાનું છે કે જો ધર્ચ્છિત કામ સરતું હોય તો શબ્દ જાળની મોહિનીમાં એવી રીતે ન પડવું કે 'મા' જેવા સુંદર શબ્દને ત્યજી 'બાપની વહુ' જેવા અપ્રીય વચન પ્રયોગમાં પડવું પડે. આટલું તો વિના સંકોચે કહી શકાય કે સમાજ-વૃધ્ધો ને બાળકો-રૂઢિચુસ્તો કે કલ્પના વિહારીઓ એ સૌ કોઇ તમો શું કરી દેખાડો છો એ જાણવા આતુર છે. ગાંધીયુગ જેવા સ્પષ્ટ કાળમાં ભાગ્યેજ કોઇ ઠરાવોની હારમાળા કે ભારોભાર મોહકતાથી અંજાય તેમ છે. માટેજ જે કંઇ કરવાનું છે તે આચરી પણ બતાવવાનું છે એવી પાકી ગાંઠ વાળીને દરેક આવે. 'સવા ખાંડી વજન કરતાં પાશેર વર્તન'ની કિંમત વધુ છે, એ ગાંધીજીના સુત્રને સદૈવ સ્મરણમાં રાખવાનું છે.

સંમેલનમાંથી પરવારી જુન્નેર જવું એતો પ્રત્યેક યુવકનો નિશ્ચય હોયજ. સુરતની સોસાયટીના કહેવાતા અખિલ સંમેલનના આંખમાં પડેલ ખીલને દુર કરવા સારૂં પણ હાજરીની તો જરૂર; બાકીતો 'યુવકસંઘ તો મૂર્તિપૂજક નથી' 'આગમને બાળી મૂકવાનું કહે છે' 'દહેરાને ઉખેડી નાખવાનું લખ્યું છે' 'પ્રતિનિધિત્વ મોકલવાનો એને હક નથી' ઇત્યાદી ઉભી કરેલી ભ્રમજાળને ચીરી નાંખવા સારૂ તેમજ એણે જોયેલ માત્ર વામ (ડાબુ) પાસુ-સોસાયટી એટલેજ ધર્મ ટાળી આગમ માર્ગે ચાલનારી સંસ્થા, સાચો ધર્મ પાળનારી પતિવૃતા આદિ જાતબડાઇઓ-કેટલું બધું વિકળ છે એનું સ્પષ્ટ ભાન કરાવવા સારૂં, અને પરમાત્મા શ્રી મહાવીર દેવનો સાચો માર્ગ કેટલો દૂર છે અને આ જે ચાલી રહ્યું છે તેતો 'શ્રીરામની રામાયણ' સિવાય બીજું કંઇજ નથી, એવું ડિંડિમ નાદે જાહેર કરવા ખાતર પણ યુવાન હૃદયોએ જવાનું છે. શ્રીમતી કેાન્ફરન્સ દેવીના સ્થાનને શોભાવવા, એનું શોપાઇ જતું બળ પ્રદીપ્ત કરવા અને એની શક્તિનું-કૂપમંડુકોને. સત્તાના-ધજ્જરદારોને મહાત્મ્ય દેખાડવા પણ અવશ્ય જવુંજ જોઇએ.

કસોટી કાળે, સાચી ભાવનાથી કામ કરતાં હાથોને, અવશ્ય અંતરિક્ષથી સહાય મળે છે અર્થાત કુદરત તેના તરફ ફરે છે માટે 'God helps them who help themselves' એ વાત પર ભરોસો રાખી દરેક યુવાન એ તરફ પગલા ભરે.

રા. (કુસુમ.)

ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને ગ્રાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

(અનુસંધાન પાના ૨ નું ચાલુ)

સવાલને અંગે હાલ જે અનર્ગળ દ્રવ્ય જુદા જુદા પ્રકારે દેવદ્રવ્યમાં એકત્ર થાય છે તેમાં શું હજી વધારો થવા દેવો છે? જે ક્ષેત્રો ફુલતાં હોય તેની પુષ્ટી કરી, દેવદ્રવ્ય જરૂર પુરતું હોય તો તેવા વધારાની જરૂર નથી, એટલી સુચના કોન્ફરન્સ આપે તો શું શાસ્ત્રીય મર્યાદાનો ભંગ થાય છે? બીજી સંઘ બંધારણનો સવાલ હાથ ધરવા જેવો છે. શ્રી સંઘોમાં વ્યવસ્થિત બંધારણ હોય તોજ સંઘના ચાલુ કામકાજને સરળતાથી ચાલી શકે. સંઘના કામકાજમાં વિશ્વાસ ટકી શકે, ને સંઘના તાબાની સંસ્થાઓ વધારે મજબુત થાય તે ખુલ્લી વાત છે. શ્રી મુંબાઇ સંઘ તરફના ડેલીગેટ ચુંટવા મળેલ મીટીંગનું જે પરિણામ આવ્યું તે પછી કોન્ફરન્સના કાર્યકર્તાઓ આ સવાલની જરૂરીયાત સમજવાજ હશે સામાજીક સુધારાઓ ઉપર હવે આવીયે? આ સવાલ કોન્ફરન્સે અસ્પર્શ્ય ગણ્યો નથી એટલે ચર્ચાંશે તે તો ચોકસ છે પણ ઠરાવો ઘડવા ને કાર્યકર્તાઓ તેનો ભંગ કરે તે સ્થિતી ઇષ્ટ નથી. વળી હાલના દેશકાળને જોઇને તે ઠરાવનું રૂપ પણ બદલવું જોઇએ એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે. વિધવાઓનો સવાલ આમાં સમાઇ જાય છે. શારીરિક સ્થિતી સુધારવાના સાધનો સંબંધીનો વિચાર ન કરવો એમ કોઇ કહી શકશે નહિ એટલે તે વિષય અમો વધારે ચર્ચવા માંગતા નથી. કેળવણીના સવાલને અંગે એકજ સુચના કરવાની છે. ઠરાવ તો આ વિષય ઉપર ઘણા થયા પણ વિશેષ પ્રકારે પ્રગતિ થઇ શકે તેટલા માટે એજ્યુકેશન બોર્ડ પાસેથી સમાજ વધારે કાર્યની આશા રાખે છે. કેળવણી સંબંધીના ઠરાવોનો વ્યવહારૂ અમલ થવા માટે જે પ્રોપેગેંડા વરસ દરમ્યાન થવાની જરૂર છે તે બોર્ડે તૈયાર કરવો જોઇએ. બાકી સ્કોલરશીપો ને પાઠશાળાને મદદ આપનારા તો ઘણા મંડળો છે, તેટલાજ કાર્ય માટે એજ્યુકેશન બોર્ડની સંસ્થાની જરૂર નથી.

જૈન સમાજ દેશની ચળવળથી અલગ રહી શકે નહિ એટલે રાષ્ટ્રીય મહાસભાને વફાદારીનો ઠરાવ પણ એટલો જરૂરનો છે. બીજું ગયા વરસ દરમ્યાન મુનિરાજ ઉપર સંઘની સત્તા શું ને સંઘ કોને કહેવાય, એ પ્રશ્નો ઉપસ્થિત થયેલા છે તેનો પણ કોન્ફરન્સે નિર્ણય કરવો જોઇએ. જૈન બેંકનો સવાલ લેવો જોઇએ તેને વિષે પણ મતભેદ હોઇ શકેજ નહિ.

પરંતુ યુવાનોની ફરજ શું? આ કોન્ફરન્સમાં યુવાનોએ શું કરવું જોઇએ તેમજ યુવાનોએ સહકાર આપવો કે નહિ તે પ્રશ્ન વિચારણીય છે (૧) કોન્ફરન્સના કાર્યકર્તાઓ જુના અનેકવાર પસાર થયેલા ઠરાવોની હારમાળા પસાર કરવા માટેજ બેઠક ભરતા હોય. (૨) સ્ટેન્ડીંગ કમિટિની ઉદાસીનતાને ટેકો આપી નવા કાર્યક્રમનો કાંઇ પણ વિચાર કરવા ના પાડે, (૩) બેઠક ભાંગી જશે માટે તમે આમ ન કરો, ને તમે તેમ ન કરો, એવી જો તેમની માગણી હોય તો યુવાનો તરફનો તેવી સ્થિતીમાં સહકાર કહાય ન પણ મળે. કોમની હાલની પરિસ્થિતીનો વિચાર કરી ધર્મને બાધ ન આવે તેવી રીતે કોમની ધાર્મિક તથા સામાજીક સુધારાની દૃષ્ટિથી જરૂરના એવા કોઇપણ કાર્યમાં યુવાનો પોતાનો સહકાર આપશે. કાર્યના ગુણની દૃષ્ટિથી યુવકોએ પોતાના સહકારનો નિર્ણય કરવાનો છે. બાકી ભાંગી જશે માટે વિચારો ન કરવા તે મનોદશા યુવકોની હોઇ શકે નહિ તે માટે સુરતનો કોંગ્રેસનો ઇતિહાસ સુપ્રસિદ્ધ છે. સુરતમાં કોંગ્રેસ ભાંગી હતી; છતાં હજી પણ તે જુદે જુદે પ્રસંગે સમયાનુકુળ ફેરફાર કરી વધારે બળવાળી બની પોતાનું કાર્ય બજાવે જાય છે. કોન્ફરન્સ ઘણું જીવો.

જૈન કોન્ફરન્સમાં પાટણના પ્રતિનિધિઓ.

—:○:O:○:—

એક જૈને ફેલાવેલું જુઠાણું.

હવે સમાજ છેતરાય તેમ નથી.

——(૦)——

'સાંજ વર્તમાન' તા૦ ૨૮-૧-૩૦ ના અંકમાં 'જૈન કોન્ફરન્સમાં પાટણના પ્રતિનિધિઓ' એ હેડીંગ નીચે એક નનામાં જૈને અસત્યથી ભરપુર ધરાદાપૂર્વક જાહેરાત ફેલાવી જનતાને ગેરસમજમાં નાખવાનો એક મીથ્યા પ્રયાસ કર્યો છે. આ એક જૈન યંગમેન્સ સોસાયટીનો સભ્યજ હોવો જોઇએ એ નિર્વિવાદ વાત છે.

આ સોસાયટીની સ્થાપનાથી અત્યાર સુધીની તેની કાર્યવાહી તપાસીએ તો જણાઇ આવશે કે જુઠું બોલવું, જુઠું લખવું અને જુઠો પ્રચાર કરવો, એ એમનો જન્મ સિદ્ધ હક કેમ ન હોય? અથવા તો તેની ગલથુથીમાંજ જુઠાણું પોસવામાં આવ્યું હોય એમ માની શકાય.

જૈન સંઘે જ્યારે દીક્ષાનો ઠરાવ પસાર કર્યો ત્યારે પણ "કોઇ પણ જાતનો ઠરાવ થયો નથી" તેવા બોટા સમાચાર પેપર અને હેન્ડબીલદ્વારા ફેલાવ્યા અને જ્યારે ખાત્તર સંઘે ૧૫૩ ને સંઘના વ્યવહારથી દૂર કર્યા ત્યારેજ ફરીથી લખવું ભુલી ગયા. સાધુઓના નામથી સંઘ ઉપર બોટા તારો મૂકાવ્યા પણ અંદર તારોમાં કેટલું પોકળ હતું તે પુજ્યપાદ મુનિ મહારાજશ્રી હર્ષવિજયજીએ જૈન પત્રદ્વારા પોતાના તારનો ઇન્કાર કરી સમાજને જણાવી દીધું.

હવે સંઘના વ્યવહારમાં તેઓ નહી હોવાથી, જુન્નેર જનાર પ્રતિનિધિઓમાં તેમનો ભાવ નહી પુછાયો એટલે આ નવું ધતીંગ ઉભું કર્યું.

પેટનો બળ્યો ગામ બાળે તે આનું નામ. આખો એ લેખ અસત્યથી ભરપુર છે. તેમજ ભંજરી કલ્પનાથી લખી કાઢયો હોય એમ તે વાંચતા જણાઇ આવે એમ છે. કોણ જાણે આ કહેવાતા શાસનરસીકોએ જુઠાણું ફેલાવવાનો ઇજારો નાખ્યો છે કે તેમને વ્યસન પડી ગયું છે તે સમજાતું નથી. પણ સમાજ હવે તેમના માયાવી તત્વોમાં તેમજ તેમની પાથરેલી જાળોમાં ફસાય તેમ નથી.

લી૦ 'સત્ય પ્રેમી'

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૦ મો. | સંવત ૧૯૮૬ ના ફાગણ સુદી ૩. તા૦ ૩-૩-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

જૈન મુનિઓનું સંમેલન.

કેટલાક વખતથી જુદા જુદા સ્થળોએથી વાતો સંભળાતી હતી કે ચોક્કસ મુનિઓ 'સાધુ સંમેલન' માટે વિચાર ચલાવ્યા કરે છે, પણ કોઈ હકીકત તે સંબંધી જાહેરમાં આવતી નહોતી. હાલમાં 'મુંબઇ સમાચાર' તા. ૨૨-૨-૩૦ ના અંકમાં મુનિરાજશ્રી વિદ્યાવિજયજીનો અભિપ્રાય પ્રગટ થયો છે તે ઉપરથી કેટલાક વિચારો સુચિત થાય છે. મુંબઇ સમાચારના લેખમાં જણાવવામાં આવે છે કે સંમેલન ભરવાની યોજના કેટલાક ભાઈઓએ ઉપાડી લીધી છે, તો તે ભાઇઓ કોણ? જે જૈન ભાઈઓ હીલચાલ કરે છે તે કોઇના કહેવાથી કરે છે કે પોતે વ્યક્તિગત કરે છે? તેઓ જે શ્રી સંઘના હોય તે સંઘોએ આ બાબતની હીલચાલ કરવાની તેમને પરવાનગી આપી છે કે? કે તેઓ કોઇ મુનિના કહેવાથી આ હીલચાલ કરે છે? આ બધી હકીકત સ્પષ્ટ થવાની જરૂર છે સંમેલન ભરવાનો હેતુ પણ નકકી થવાની જરૂર છે. સાધુ સમુદાયમાં મતભેદ છે એટલે સંમેલન ભરવાથી તે દુર થાય તે ઇષ્ટ છે. સાધુ સમુદાયના અરસપરસના વ્યવહાર–આચરણ સંબંધી ચર્ચા કરવાની હોય તો તે સમજી શકાય તેવી વાત છે પણ જો શાસન હિત–સંઘહિત સંબંધી ચર્ચા કરવા અગર હાલ કયા ઉપાયે સંઘહિત માટે યોજવાની જરૂર છે તે વિચાર કરવા ભેગા થવાની જરૂર હોય તો તે પહેલેથી સ્પષ્ટ કરવાની જરૂર છે, કારણ કે ચોક્કસ મુનિઓ નવો વિચાર કરવાની જરૂર હોય તેમ માનતાજ નથી. શાસનહિત–સંઘહિત શેમાં રહેલું છે તે સંબંધી તેમના મંતવ્યોને સર્વજ્ઞની મહોર લાગી હોય તેવું માને છે ને ભકતો પાસે મનાવવા પ્રયાસ કરે છે, એટલે હેતુ સ્પષ્ટ થવાની જરૂર છે. જે મુનિઓ સંમેલન ભરવાના જે ઉદ્દેશો નક્કી થાય તેમાં સંમત થતા હોય તેટલાજ મુનિઓએ આમાં ભાગ લેવો જોઇએ. વળી જે કોઇ સંઘો તરફથી અસાધુ તરીકે જાહેર થયેલાઓને સંમેલનમાં ભાગ લેવા હક હોવો જોઇએ કે નહિં તે પણ નક્કી થવાની જરૂર છે.

બાકીની મુનિરાજશ્રી વિદ્યાવિજયજીની સુચનાંઓને અમો વધાવી લઇએ છીએ. પ્રથમ આચાર્યો એકત્ર થાય તે સંબંધીની તેમની ભલામણનો અમલ થવાની ખાસ જરૂર છે.

યુવકોની જાગૃતિ.

ભાવનગરમાં કોન્ફરન્સ સંબંધી જાહેર ભાષણ.

ભાવનગરમાં શ્રી વિજય ધર્મ પ્રકાશક સભા તરફથી તા. ૧૬-૨-૩૦ ના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાત્રિના સાડાઆઠ વાગે શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી. બી. એ. એલ. એલ. બી. ના પ્રમુખપણા હેઠળ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીયા બી. એ. એલ. એલ. બી. એ 'જુન્નેર જૈન કોન્ફરન્સ' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું.

જુન્નર કોન્ફરન્સ સંબંધી બોલતાં શ્રી. પરમાનંદદાસે જણાવ્યું હતું કે આ કોન્ફરન્સનો દીક્ષાનો ઠરાવ મુદ્દાનો અને મહત્વનો છે; તે સંબંધે જૈન કોમમાં તીવ્ર ચર્ચા ચાલી રહેલી છે અને એવા ગંભીર વિષય ઉપર કોન્ફરન્સે પોતાનો ઠરાવ પસાર કરી પોતાની કર્તવ્યતા સિધ્ધ કરી છે. જો કે મુળ ઠરાવ વધારે સજ્જડ હતો તોપણ વિરોધીઓના આગ્રહને વશ થઇને સમાધાની ભર્યો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. હવે તે ઠરાવનું પણ જો પાલન થાય તો દીક્ષાની ચર્ચાએ જે કલેશના બીજ વાવ્યા છે તેનો નાશ થઇ શકે.

ત્યાર બાદ 'રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર'ના કલકત્તા કોન્ફરન્સમાં પસાર કરેલા ઠરાવથી આગળ જઇ શકાયું નહિં તે સંબંધી, શુદ્ધિ અને સંગઠ્ઠનના ઠરાવ સંબંધી, બંધારણને અંગે સબજેકટ કમિટિમાં ૩/૪ ને બદલે સાદી બહુમતિથી કામ લેવાના ઠરાવ સંબંધી, યુવકોની સમાધાન વૃત્તિ સંબંધી, સ્ત્રીઓના વિરોધથી ૫૦ ને બદલે ૪૫ વર્ષની હદ વિવાહ માટે રાખવા સંબંધી વિગેરે ઘણા અગત્યના મુદ્દાઓ સમજાવવામાં આવ્યા હતા.

છેવટે કોન્ફરન્સનું કાર્ય સંગીન તથા સફળ બનાવવા માટેનો બધો બોજો આપણે શીર છે અને જેટલા પ્રમાણમાં આપણે તે વહન કરીશું તેટલા પ્રમાણમાં કોન્ફરન્સ સફળ થશે તેવી અગત્યની સુચના કરી હતી.

છેવટે પ્રમુખશ્રીના ટુંક ભાષણ પછી સભા વિસર્જન થઇ હતી.

મુંબઇમાં કચ્છી ભાઇઓની સભા.

મુંબઇમાં શ્રી જૈન દશા ઓશવાળ (ન્યાત) ની એક જાહેર સભા તા. ૧૪–૨–૩૦ ની રાત્રે ૯ કલાકે રતનબાઇ બીલ્ડીંગમાં "જૈન પરિષદ્‌ના ઠરાવો બદલ પરિષદ્‌ને ધન્યવાદ આપવા એકત્ર મળી હતી.

શરૂઆતમાં માસ્તર કુંવરજી માણેકે જણાવ્યું હતું કે જુન્નેર ખાતેની આપણી પરિષદે ભારે સફળતાથી પોતાનું કામકાજ પૂર્ણ કર્યું છે. આ પરિષદ્‌પર કેટલાક તોફાનીઓનો ઉપસર્ગ આવેલો પણ તે હલ્લાથી–પરિષદ્‌ વધુ મક્કમ બની હતી. ત્યારબાદ નીચેનો ઠરાવ મુકવામાં આવ્યો હતો.

[જુઓ પાનું ૮ મું]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો નમે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જુન્નેર કૉન્ફરન્સ.

શાસનપ્રેમીઓ કહે છે કે જુન્નેરમાં કૉન્ફરન્સની કબર બનાવી છે. એટલે તે કહેવાતા શાસનપ્રેમીઓ **જીવતી જાગતી** "કૉન્ફરન્સને જોવા આંખો ન ઉઘાડે તો સમાજ તેમના ત્રાસથી મુકત થાય અને કાર્ય કરવા ઇચ્છનાર શાંતિથી કાર્ય કરી શકે. જે વસ્તુની કબર થઇ હોય તે જો સત્ય હોય તો તેને માટે જુદા જુદા લેખો લખાવી કોમને ચેતવવાની શી જરૂર છે? પરંતુ શાસનપ્રેમીનું વાજીંત્ર જાણે છે કે કૉન્ફરન્સ જીવતી જાગતી છે. તેના કાર્યકર્તાઓએ સમાજનો સહકાર મેળવવાનો પ્રયાસ જુન્નેરમાં કર્યો, તેથી તેમાં નવું લોહી આમેજ થયું છે, તેથીજ આવા ધમપછાડા કરવાની શાસનપ્રેમીઓને જરૂર પડે છે; નહિં તો કબરથી કોઇ બીએ ખરૂં? કબરથી કોઇને ચેતાવવા માટે લાંબા લેખો લખવા પડે? સાચી હકીકતને ખોટી કહેવી–ખોટા રૂપમાં કહેવી, તે તેમનો ધર્મ થઇ પડયો છે. તે હકીકત તેના ખબરપત્રીના રીપોર્ટ કેટલા અસત્ય છે, જેના નમુના દર વખતે અમો આપીયે છીએ, તેથી ખુલ્લું જણાઇ આવે છે.

'વીરશાસન' તા. ૨૧-૨-૩૦ ના અંકમાં પાને ૩૧૨માં તેના ખબરપત્રીના રિપોર્ટના આધારે લખે છે કે દીક્ષાના સવાલને અંગે "નિયમાવળી વીગેરે ઉડી ગઇ અને આખરે સવારે સાડાપાંચ વાગે સબજેકટ કમિટિ ઉઠી ત્યાંસુધી નિર્ણય થઈ શકયો નહિં." સર્વે હાજર રહેનારા જાણે છે કે દીક્ષાનો ઠરાવ રાત્રેજ પાસ થયો હતો છતાં તેના ખબરપત્રીના ચક્ષમાજ ઉંધા એટલે તે સત્ય જોઇ શકેજ નહિં. વળી લખે છે કે 'જાહેર પેપરો હાથ કરીને ગમે તેવા લાંબા રિપોર્ટો છપાવાય'; બધા જાહેર પેપરો ઉપર આવો સામાન્ય આક્ષેપ કરીને જાણે કે દુનીયામાં પત્ર, જો કોઇ સાચુ હોય તો તે એકજ 'વીર શાસન' એમ કહેવા માંગે છે. પણ દુનીયા આંધળી નથી કે આવા ભયંકર અસત્યો સ્વીકારે! આવાઓ માટે પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં કહયું છે કે "થોડાકો કે જેઓને માત્ર પોતાની સત્તા જમાવવાનીજ ચિંતા છે તેવા થોડાઓ, લોકોના ભોળપણનો લાભ લઇ પુરાણા કે નવા વિચારોની રક્ષાની આડમાં સ્વાર્થનો શીકાર ખેલાતો હોય છે. દરેક સમાજ અને દરેક દેશને ખરો ભય આ દિશાનોજ હોય, ચેતવાનું ત્યાંજ હોય; કારણ કે આ વર્ગ કોઇ પણ જાતના સિદ્ધાંતને માથે ચડાવવા માંગતો હોતો નથી પણ પોતાના સ્વાર્થનો શિકાર ખેલવામાં સિદ્ધાન્ત માત્રને દારૂગોળા તરીકે વાપરતો હોય છે." પ્રમુખશ્રીની અગમચેતી સાચી પડી છે. શાસન પ્રેમીઓનો શાસન પ્રેમ કે સિદ્ધાંત પ્રેમ કેવો છે, તે જુન્નેરમાં ખુલ્લો પડી ગયો છે.

જૈન તરીકે રાષ્ટ્ર–હિતમાં ફાળો આપવા સંબંધીના પ્રમુખશ્રીના વિચારો દરેકે ગ્રહણ કરવા લાયક છે. દીક્ષાના સવાલ ઉપર તેમનું વિવેચન જો કે જોઇએ તેટલું વિસ્તારવાળું નથી પરંતુ જેટલું કહેવાયું છે તેટલું તો સુંદર છે, તેની કોઇ ના પાડી શકે તેમ નથી. "પ્રત્યેક ગામના સંઘે જો દેવદ્રવ્ય જરૂર પુરતું હોય તો હવે પછીથી થતી ઘીની બોલીમાં સાધારણનો ભાગ રાખવાનો ઠરાવ કરવો વ્યાજબીજ ગણાશે." શાસ્ત્રના આધારવાળી પ્રમુખશ્રીની આ સુચનાએ પણ કહેવાતા શાસન પ્રેમીઓમાં ફડફડાટ કરાવ્યો છે. બોલીના નવા દ્રવ્યને અંગે ઉપરની સુચના છે છતાં જાણે તેમાં દેવદ્રવ્યને ખાવાની સુચના કરી હોય તેવા પ્રલાપ કરી સમાજને ઉંધા પાટા બંધાવવા પ્રયાસ કર્યો છે. કોઇપણ રીતે જેનો કંઇપણ ઉપયોગ નથી અને જેના કરતાં બીજા અગત્યના કામો દ્રવ્ય વગર પાયમાલ થઇ જતા હોય તેવે વખતે દેવદ્રવ્યમાંજ પૈસો એકઠો કરવાનું કહેવામાં આવે, તે સમાજ હવે કોઇ રીતે ચલાવી શકે તેમ નથી. જે સમયે દ્રવ્યની ખાતર જૈનો આત્મઘાત કરે છે, ભુખમરાથી રીબાય છે, તેવે વખતે બાલી ધામધુમવાળા કાર્યોમાં દ્રવ્યનો ઉપયોગ કરવાનું સુચવનારાઓ કોમના હિતશત્રુઓ છે. શાસ્ત્રોના અજાણ છે. શાસ્ત્રો ખુલ્લું પોકારે છે કે સીદાતા ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરવો. અમુક દેશોમાં બોલ્શેવીઝમ દાખલ થયેલ છે બીજા દેશો તરફથી પોતાના દેશમાં બોલ્શેવીઝમ પ્રવેશ ન પામે તે માટે સાવચેતીઓ લેવાય છે પરંતુ જૈન શાસ્ત્રકારોએ પહેલેથી અગમચેતી વાપરી કહેલું છે કે દરેક ક્ષેત્રોને પુષ્ટ રાખો. ગફલતીથી એક ક્ષેત્ર વધારે પુષ્ટ થઇ ગયું હોય તો તેટલો સમય અન્ય દુબળાં ક્ષેત્રોને પોષો. સમાજ હવે આ સાદી વાત સારી રીતે સમજે અને અમલ કરે તેટલા માટે પ્રમુખશ્રીએ જે સુચના કરી તે બરોબર સમયોચીતજ છે અને તે માટે બતાવેલી હિંમત માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

હવે ઠરાવો તપાસી જોઇએ. ઠરાવોનો વિચાર કરવા પ્રસંગે એક મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવો આવશ્યક છે. ઠરાવો તેના તેજ ફરીથી કરવા અથવા તેનું પિષ્ટ પેષણ કરવું, તેનાથી કાંઇ ખાસ લાભ થવા સંભવ નથી. (૧) ફકત આગલી બેઠકમાં જે ઠરાવ થયા હોય, તેના સ્વરૂપમાં સંજોગોને આધારે ફેરફાર કરવો ઉચિત લાગતો હોય તો? (૨) અમલ કરવાના જે માર્ગ સુચવવામાં આવ્યા હોય, તે મુજબ અમલ કરવામાં સફળતા ન મળતી હોય તો, અમલ કરવાના અન્ય ઉપાયોનો વિચાર કરવાની જરૂર હોય તો (૩) ચોકસ સંજોગોને લઇ, તેજ ઠરાવને ફરીથી સંમતિ દર્શાવવાની જરૂર ઉભી થઇ હોય તોજ આગલા ઠરાવ સબજેકટ કમિટિમાં મૂકવા જોઇએ આ હકીકત ખ્યાલમાં ન રાખવાથી ઘણો સમય નકામો જાય છે. જુન્નેર કૉન્ફરન્સમાં તેમજ યુવકોની પ્રાથમિક સભામાં પણ આ હકીકતનો ખ્યાલ રાખવામાં આવ્યો નહે તો એટલે નવા ઠરાવોને અંગે જોઇતો સમય મળી શકયો નહોતો. બીજી એક ગેરસમજુતી જુન્નેરની કમિટિમાં થતી હતી. ઠરાવો પ્રમુખેજ સબજેકટસ કમિટિમાં રજુ કરવા જોઇએ તેવો કાંઇ શીરસ્તો નથી. સ્વાગત સમિતિ તરફથી ઠરાવ રજુ કરનાર ભાઇ એક હોય જરૂર પડે તો બીજાપણ ખુલાસો હકીકતને અંગે કરવો હોય તો કરી શકે. થાકને કારણે, ભાષાને કારણે પણ એકને બદલે બીજી વ્યકિત ઠરાવો રજુ કરી શકે પણ પ્રમુખશ્રીની વતી રૂલીંગ આપવાનું કાર્ય ઠરાવ મુકનાર કરે, એટલે અવેજી પ્રમુખો ચાર કે પાંચની સંખ્યા જેટલા જુન્નેરમાં હોવાનો ભાસ થતો હતો, તે હકીકત કૉન્ફરન્સને શોભારૂપ હતી નહિં. ચાર પાંચ સલાહકારો હોવા છતાં પણ ચોકકસ પ્રસંગ એવો પણ હતો કે તે વખતે પ્રમુખશ્રીને સલાહ આપવામાં દરેકે અખાડા કર્યા હતા. ઠરાવો ઉપર વિગતવાર ચર્ચા હવે પછી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી.)

(ગતાંક ૯ થી ચાલુ.)

તા. ૮-૨-૩૦ ના રોજ સબજેકટસ કમિટિની બેઠક ઘણી મોડી શરૂ થઇ હતી. ડ્રાફ્ટ રેઝોલ્યુશન પ્રથમ પુરા થયા પછી બીજા ઠરાવો લેવા પ્રમુખશ્રીએ નિર્ણય આપ્યો હતો. ઠરાવોપર રસાકસી સારી થતી હતી, છતાં દુરાગ્રહ દેખાતો ન હતો. શરૂઆતથીજ યુવક વર્ગના વિચારોવાળા બહુમતિમાં હતા, છતાં ૩/૪ મત ન મળે એટલે સુધારો રદ જતો હતો. આવી શિકસ્તો છતાં પણ, યુવક વર્ગ તેટલોજ મક્કમ અને આશાવાદી દેખાતો હતો કેટલીએક વાર જુદા જુદા માણસો તરફથી પ્રમુખ તરીકે નિર્ણયો અપાતા હતા. કોઇ કોઇ વાર પરસ્પર વિરોધી નિર્ણયો નિવડયા, છતાં તે પ્રમુખશ્રી તરફના હોવાથી, હુકમ માથે ચડાવી લેવાની તાલીમ દેખાઇ આવતી હતી; એટલું છતાં બડેખાંઓ તરફથી થતાં અપમાન માટે બંધારણપૂર્વક યોગ્ય રોષ બતાવવાની હિમ્મત પણ તરી આવતી હતી. યુવક વર્ગની દરેક રીતની તાલીમ, ઉદાર વૃત્તિ, પોતાના વિચારો બીજાપર ઠોકી બેસાડવાની વૃત્તિનો અભાવ, ઠરાવોના નિર્ણય પરત્વે ખામોશ અને અચળ આશાવાદ, જરૂર લાગતાં કોન્ફરન્સના પ્રમુખશ્રી-જેમની આગેવાની સ્વીકારી છે-તેઓશ્રીના મતને નમતું આપવાનું હૃદયબળ જોઈ પ્રમુખશ્રી ઘણીવાર આ ગુણોની તારીફ કરી જતા હતા.

તા. ૯-૨-૩૦ ના રોજ ખુલ્લી બેઠકમાં સબજેકટસ કમિટિના ઠરાવો પ્રમુખસ્થાનેથી અથવા તો સુંદર વિવેચનો સાથે; સર્વાનુમતે પસાર થયા હતા. તેમાં પણ ખાસ ધ્યાન ખેંચવા યોગ્ય બાબત, સ્ત્રી વર્ગમાં પણ જાગૃતિ આવી છે તેનાં દ્રષ્ટાંતો હતાં અને તેમાં પણ ખાસ કરીને કચ્છી જેવી કન્યા કેળવણીમાં પછાત કોમમાંથી પણ સ્ત્રી વર્ગ તરફથી ઠરાવના અનુમોદનમાં સુંદર વિવેચન થયાં હતાં. તે ભાષણોમાં પણ જ્ઞાતિ, સમાજ અને દેશના ઉદ્ધારના યજ્ઞમાં આત્મભોગ આપવાની તત્પરતા દેખાઇ આવતી હતી, જે સમાજના ઉદ્ધારની અચુક નિશાનીઓ છે.

ખાસ કરીને ઠરાવ નં૦ ૬ શુદ્ધિ અને સંગઠ્ઠન પર શ્રી. કુંદનમલ ફિરોદીઆનું ભાષણ વધારે આકર્ષક હતું, જેનો ટુંક સાર નીચે મુજબ હતો. ૨૫૦૦ વર્ષ પહેલાં જૈન કોમની સ્થિતિ તપાસીએ. તે વખતે જૈન રાજાઓ હતા, જૈન દીવાન અને જૈનોની સંખ્યા પણ કરોડોમાં ગણાતી હતી. અત્યારે ફક્ત બાર લાખ જૈનો છે, તે પણ મુખ્યત્વે વેપારી વર્ગ, તેમાં પણ મુખ્ય ત્રણ ફિરકામાં વહેચાઇ ગયા છીએ. આપણે કોઇની ધાર્મિક માન્યતા તોડવા માગતા નથી. પોતાની માન્યતા મુજબ ધર્મ પાળવાની સ્વતંત્રતા આપવા માગીએ છીએ, પરંતુ બીજી દરેક બાબતમાં અને ખાસ કરીને બહારના આક્રમણ પ્રસંગે એકત્રતા આવશ્યક છે. ઉઘતા સમાજની નિદ્રાવશ સ્થિતિની એકતા આપણે ઇચ્છતા નથી, પરંતુ જાગૃત સમાજની એકતા માગીએ છીએ. ચૈતન્યમય એકતા સાધવી છે. જેમ કોઇ ઉઘતો માણસ નિદ્રાવસ્થામાં પાડુ મારી લે છે, પરંતુ ત્યારબાદ તુરત જાગૃત અવસ્થા આવે છે અને તેને માફ કરીએ છીએ, તે મુજબ બીજા જાગૃત ન હોય અને વાગી જાય તો માફ કરતાં શીખો, કારણ કે તેઓ પુરા જાગૃત થયા નથી. સંગઠ્ઠન એજ સમય ધર્મ છે, તે પર વિવેચન કરતાં જૈનોમાં જાતિભેદ નથી. શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવંત મહાવીરના દશ શ્રાવકોમાંના એક મહાશતકની ગૃહપત્ની માંસાહાર કરતી હતી, છતાં તેઓ પોતાની ગૃહપત્નીને ડરાવતા ન હતા, એટલી હદ સુધીની સહિષ્ણુતા અને ઉદારતા હતી. ભગવંત મહાવીરનેજ પૂજનારા સાધર્મિ ભાઇઓની સાથે જમવા બેસવામાં શો ભય છે તે સમજી શકાતું નથી. શ્રી શત્રુંજય તીર્થની લડત વખતે ત્રણે ફિરકાઓએ સાથ આપ્યો હતો, વિગેરે સંગઠ્ઠન શકય છે તે માટે દાખલાઓ રજુ કર્યા હતા. જો પ્રેમ વૃદ્ધિ માટે નેતાઓ એકત્ર મળી વિચાર કરે તો અવિશ્વાસ ઉડી જાય અને ભૂતપૂર્વ જાહોજલાલી જલદીથી સાંપડે. એવો વખત આવી લાગ્યો છે કે ત્રણે ફિરકાની રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ભરાય અને મહાવીરના ઝંડા નીચે સર્વ જૈનો એકત્ર થાય.

તા. ૯-૨-૩૦ ના રોજ સબજેકટસ કમિટિની બેઠક લગભગ ટાઇમસર શરૂ થઇ ગણાય. સભ્યોનો રસ એટલો બધો જામ્યો હતો કે ટાઇમ થતાં સભાસદો સારી સંખ્યામાં હાજર થઇ ગયા હતા. બંધારણનો ખરડો પ્રથમથીજ મળી ગયેલ, એટલે તે પ્રમાણમાં ઓછા સમયમાં પસાર થઇ શકયો. વિવાદાસ્પદ વિષયો હાથ ધરવામાં આવે તે પહેલાં, સભામાં ગરમ વાતાવરણ ઉત્પન્ન થાય તે કોઇ ધારતું ન હતું, પરંતુ અણધાર્યા 'હાનિકારક પ્રથાઓ'પર ખૂબ રસાકસી જામી. ખાસ કરીને કલકત્તાની કોન્ફરન્સમાં પસાર થયેલ ઠરાવ-" જૈનોમાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર હોવો જોઇએ " તેનાપર ખૂબ આગ્રહ આવી ગયો. મતની ગણત્રી થઇ. સમિતિ બે વિભાગમાં વહેંચાય તેવી માગણી થઇ. લઘુમતિવાળા આગેવાનોએ ખાસ કરીને પોતાની વિરૂધ્ધ મતવાળાના નામો નોંધવાની-તેમની સહી લેવાની માગણી કરી. બહુમતિ તે માટે તૈયાર હતી, છતાં વિભાગવાર ગણત્રી થતાં ૩/૪ ઉપરાંત બહુમતિ, ઉપરના ઠરાવની તરફેણમાં નીવડી. પ્રમુખશ્રી રૂલીંગ આપે તે પહેલાં લઘુમતિના આગેવાનોમાં ખીજવાટ વધી ગયો. શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે ગર્જના કરી કે આ ઠરાવ પસાર કરી તમો અમને અમારી નાતમાંથી વિખૂટા પડાવવા માંગો છો? તમારે અમારાં ગળાં કપાવવાં છે? તેઓશ્રી તથા શ્રી. દેવચંદ દામજી ('જૈન' પત્રના અધિપતિ સાહેબ) વિગેરેએ ઉપરોક્ત ઠરાવ પસાર થાય ત્યાંસુધી સભા છોડી જવા ધમકી આપી-આગ્રહ રાખ્યો. આવી રીતે થોડો સમય ડેડ લોક ચાલ્યો. લઘુમતિ ૩/૪ ઉપરાંત બહુમતિના ઠરાવને આવી રીતે ગુંગળાવી નાંખે, એવી પ્રગતિરોધક પ્રથાથી સમાજને દૂર રહ્યા સિવાય છૂટકોજ નથી. કોઇ પણ વિભાગ સભા છોડી ચાલ્યા જવાના-વૉક આઉટના-પ્રયોગ ભજવે તેવો ડર બતાવવો-અને તેવા ડરથી ઠરાવ અટકી જાય તે કદાપિ ચલાવી લેવાય તેમ નથી; છતાં પ્રમુખશ્રીએ લઘુમતિને સંતોષવા ખાતર, ઉપરોક્ત ઠરાવ છોડી દેવા બહુમતિવાળાને પોતા તરફથી વિનંતિ કરી અને પ્રમુખશ્રીના માન ખાતર બહુમતિએ જતું કરવા કબૂલ કર્યું. તેવીજ રીતે જ્યારે બાબુ કીર્તિપ્રસાદે સુધારો મૂકયો કે ' ૪૦ વર્ષ પૂરા થયા હોય તેવા કોઇપણ વિધુરે કુંવારી કન્યા સાથે લગ્ન કરવું નહિ.'' ત્યારે પણ શ્રી. લલ્લુભાઇએ ચેલેન્જ ફેંકી કે યુવકો પ્રતિજ્ઞાપૂર્વક

આ પ્રમાણે વર્તવા તૈયાર છે ? વિગેરે બોલતાં ગરમ થઈ ગયા ; પરંતુ તેમની અજયબી વચ્ચે યુવક વર્ગ તરફથી શ્રી. અમીચંદ ખેમચંદે તે ચેલેન્જ ઉપાડી લીધી અને યોગ્ય પ્રત્યુત્તર આપ્યો. ત્યારબાદ મતોની ગણત્રી પણ થઈ હતી, પરંતુ તે પડતી મૂકવામાં આવી અને સુધારો રજી થયો. કંઈક ગેરસમજમાં મત લેવાયા અને ૫૦ વર્ષ પછી વિધુરે ફરીથી લગ્ન ન કરવાનો ઠરાવ વધુમતે પસાર થએલો જાહેર થયો. આ ઠરાવને યુવક વર્ગનો બીલકુલ ટેકો ન હતો, તે તો સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

દીક્ષા :—

ત્યારબાદ દીક્ષાનો ઠરાવ શ્રી. મહાસુખભાઇએ રજી કર્યો. ખાસ કરીને બીજા ઠરાવો પર બહુ વિવેચન થતાં ન હતાં. આ વખતે તો સચ્ચોટ દલીલોપૂર્વક ઠરાવ રજી થયો, અનુમોદન અપાયું. ઠરાવની વિરૂદ્ધમાં એક નાની વયના ભાઇ લગભગ એક કલાક સુધી બોલ્યા. ગેરસમજણ ઉભી થાય તેવી જાતનું ભાષણ અપાય તેવી પ્રથમથીજ તૈયારી હોય તેમ તરી આવતું હતું; છતાં વિરૂધ્ધ પક્ષની દલીલો શાન્તિથી સાંભળવામાં આવી અને પ્રત્યુત્તરમાં સર્વ દલીલોના સચ્ચોટ રદીયા પણ આપવામાં આવ્યા હતા. આ વખતે પણ અમુક ભાઇઓ રીસાઈ ગયા. ઠરાવની તરફેણમાં લગભગ ૯૦ ટકા ઉપરાંતની બહુમતિ હતી છતાં લગભગ બે કલાકની મહેનત પછી, સમજાવટ થઇ. ઠરાવ નરમ કરવામાં આવ્યો. પ્રમુખશ્રીની અંગત વિનંતિથી વયના નિયમનના મુદ્દા પર દબાણ ન કરવા આગેવાનોએ કબૂલ કર્યું અને આ રીતનો દીક્ષાનો ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો.

સબજેકટસ કમિટિના સભાસદો સાંજના સાત વાગ્યાથી સવારના પોણા છ વાગ્યા સાંસુધી લાગલાગટ અવિશ્રાંત ઉજાગરાઓ વેઠી, બેઠેલા હતા ; તેમાં પણ ૩/૪ બહુમતિ યોગ્ય નિર્ણય જાહેર કરે, તેને અમુક સ્થિતિચૂસ્ત વર્ગ અયોગ્ય રીતે અટકાવે તેવી સ્થિતિ જોતાં, યુવક વર્ગ તરફથી બીજા ઠરાવો પાછા ખેંચી લેવામાં આવ્યા, છતાં દીલ ઉદાર હતાં, કડવાશ બીલકુલ ન હતી. યુવક વર્ગ વારંવાર કસોટીમાંથી પસાર થયો હતો અને તાલીમ બતાવી આપી હતી, તેટલા માટે પ્રમુખશ્રીએ ફરીથી અંતઃકરણપૂર્વક ઉપકાર માન્યો હતો.

ખુલ્લી બેઠકમાં સ્ત્રી વર્ગ તરફથી સખ્ત વિરોધ.

તા. ૧૦-૨-૩૦ ના રોજની ખુલ્લી બેઠક વખતે ખૂબ રસ જામ્યો. આજે તો સમાજ જીવનની ઉન્નતિના પાયારૂપ, સ્ત્રી વર્ગ તરફથી સુંદર વિરોધ પ્રગટી નીકળ્યો. ઠરાવ નં. ૧૭ માં " ૫૦ વર્ષ પુરાં થયાં હોય એવા કોઇ પણ ગૃહસ્થે લગ્ન કરવું નહિ " તે ઠરાવપર શ્રીમતી ગુલાબબહેન મકનજી મહેતાએ, કટાક્ષમાં સુંદર છાપ પડે તેવો વિરોધ રજી કરતાં જણાવ્યું કે હજી પણ વર્ષ ઓછાં લાગતાં હોય તો ૫૦ ને બદલે ૬૦ કે ૮૦ વર્ષનો ઠરાવ પુરૂષ વર્ગ કરે અને તેથી પણ સંતોષ ન થાય તો મરતાં મરતાં પણ પરણી લે, એને ડાંગના જોરે બળજબરીથી પણ પરણાવવા બહાર પડજો, આવા ઉપકારો સ્ત્રી વર્ગ માગતી નથી, અમારો તેને ટેકો નથી. બ્હાલી બ્હેને પણ સખ્ત વિરોધ દર્શાવ્યો. લગ્ન માટે વયનો, વધારેમાં વધારે કેટલો તફાવત હોવો જોઇએ તે સંબંધી ટીકા કરી હતી. બુઢ્ઢા લક્ષ્મીનંદનોના વરઘોડા સંબંધી સખ્ત ઝાટકણી કાઢી હતી, (" યુવકો આ ઠરાવમાં પ્રથમથીજ વિરૂદ્ધ હતા "ના પોકારો) બાઇ રાણબાઇએ. આ ઠરાવપર બોલવાને બદલે વિધવા વિવાહના પ્રશ્ન સંબંધી વિષયાન્તર વિવેચન કર્યું હતું.

ત્યારબાદ શ્રી. મહાસુખભાઇએ ફરીથી વિવેચન કરતાં જણાવ્યું કે સબજેકટસ કમિટિમાં યુવકોના ઉત્સાહને દાબી દેવામાં આવ્યો હતો, તે ફરીથી જાહેર બેઠકમાં દેખાઇ આવે છે, અને ૫૦ ને બદલે ૪૫ વર્ષ રાખવા સુધારો મૂકયો હતો. સ્ત્રી વર્ગ તરફથી પણ સમાધાની સ્વીકારવામાં આવી અને ઠરાવ પસાર થયો હતો.

ત્યાર પછી કોન્ફરન્સના બંધારણના ઠરાવપર આવતાં ૩/૪ બહુમતિ મળે તે ઠરાવ કોન્ફરન્સમાં રજી થઇ શકે તેને બદલે સાધારણ બહુમતિ રાખવાના સુધારાપર એકજ કુટુંબના બે મહારથીઓ વિચાર ભિન્નતા માટે સામસામા ઉભા થયા, છતાં બન્ને ગૃહસ્થો સપ્રેમ સુંદર વિવેચનો કરતા હતા. શ્રી. મોતીચંદ ગીરધરલાલે જણાવ્યું કે આ ઠરાવ, પુષ્કળ વિચાર કર્યા પછી કર્યો છે. કોઇ પણ જાતના નિર્ણયપર આવતાં પહેલાં ૩/૪ બહુમતિ બહુ જરૂરી છે. શ્રી. પરમાનંદે પોતાનો સુધારો રજી કરતાં જણાવ્યું કે આ બાબત અતિ અગત્યની ન હોત તો કદાચ અશાન્તિ ઉત્પન્ન થાય તેવું વાતાવરણ ઉત્પન્ન થવાનું જોખમ હું વ્હોરી લેત નહિ. મહાસભા—કે કોમી સંસ્થા કે કોન્ફરન્સને—રમેતે ભાંગી જશે—તેવાં ભૂતથી છૂટા થવું જ જોઇએ. આવી રીતનો અર્થ તો એજ થાય કે બહુ મહત્વના ફેરફારો કયારે પણ નજ થઇ શકે, અને પ્રગતિના દ્વાર બંધ થાય. કોઇપણ ફેરફારને નાની લઘુમતિ અટકાયત કરે તે બીલકુલ ઇચ્છવા યોગ્ય નથી, તે માટે ૩/૪ જેટલી આપખુદીની જરૂર નથી. આ ઠરાવને લીધેજ જે કાર્ય નીપજવું જોઇએ તે નીપજ્યું નથી અને સ્થિતિચુસ્તતા નજરે પડે છે, અને તેણે જૈન પ્રજાનું હૃદય જીત્યું નથી. સમાજના મનોરથોને પહોંચી વળવા આ સુધારો સ્વીકારવા વિનંતિ કરૂં છું. બીજા ભાઇઓએ આ સુધારાને અનુમોદન આપ્યું હતું. શ્રી. ચીમનલાલ સંઘવીએ વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું કે સમાજમાં પરિવર્તન જોઇતું હોય, કોન્ફરન્સને પીછેહઠવાળી જુનવાણી સંસ્થા રહેવા દેવા ન હોય, તો આ સુધારો પસાર કરવો જોઇએ. સુધારકો હમેશાં શરૂઆતમાં લઘુમતિમાંજ હોય છે. છતાં પચીસ ટકાની લઘુમતિ, આવા બંધારણ રૂપી પીસ્તોલ આગળ ધરી, ૭૪ ટકાની બહુમતિ છતાં સુધારો થતો અટકાવે, તે કોન્ફરન્સ માટે શરમાવા જેવું છે. સુધારા ખાતર કોન્ફરન્સ તૂટી જાય તે ભય કાઢી નાંખવો જોઇએ. અમને પણ કોન્ફરન્સ માટે અધિક માન છે. અમારી માગણી ફકત બંધારણપૂર્વકનો રસ્તો મોકળો કરવાની છે.

આ સુધારો જાહેર બેઠકમાં ઘણી મોટી બહુમતિથી પસાર થયો હતો.

દીક્ષા સંબંધી ઠરાવ ખુલ્લી બેઠકમાં પણ સર્વાનુમતે પસાર થયો હતો.

અને બીજા ઠરાવો પણ યોગ્ય વિવેચનો બાદ પસાર થયા હતા

ત્યાર બાદ પ્રમુખશ્રીએ ઉપસંહાર કર્યો હતો. સ્વયંસેવકોએ રાત્રી અને દીવસ ઉજાગરા વેઠી, તનતોડ જહેમતો ઉઠાવી હતી તેમની સેવાની કદર બુજવામાં આવી હતી અને આભાર માનવામાં આવ્યો હતો. પ્રમુખશ્રીની આજ્ઞાથી શ્રી. ક્ષમાનંદજી ફરીથી માંચડા ઉપર આવ્યા અને યુવક વર્ગની તારીફ કરવા યોગ્ય મનોદશા અને તાલીમ સંબંધી જાહેર કરવું રહી ગયું હતું તે માટે દીલગીરી દર્શાવી અને ઉદાર ભાવ, પરમત સહિષ્ણુતા વિગેરે ગુણોની યોગ્ય પ્રશંસા કરી, તેમનો આભાર માન્યો હતો.

છેવટે રાવ સાહેબ શેઠ રવજીભાઇ સોજપાળે આવા આગળ ધપતા જમાનામાં નિડરતાથી નેતૃત્વ સ્વીકારી, ધીરજ, કુશળતાપૂર્વક અને કટોકટીના સમયે પણ શાન્તિ રાખી, સર્વ પક્ષને યોગ્ય સલાહ આપી, આ કઠીન કાર્ય કૃતેહમંદ પાર ઉતાર્યું છે. પોતે પ્રથમથીજ વચન આપ્યા મુજબ પોતાના વિચારો બીજા પર ઠોકી બેસાડવાનું વલણ માત્ર બતાવ્યું નથી. સમાજનું ખરાબે ચડેલું નાવ, આ રીતે યોગ્ય કપ્તાનને સોંપાયેલ હોવાથી, કોન્ફરન્સનું કાર્ય સર્વ રીતે પૂર્ણ વિજયી નીવડયું છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

(૧૩ મું અધિવેશન.)

——(૦)——

પસાર કરેલા ઠરાવો.

[ગતાંક ૮ થી ચાલુ]

૧૧ શુદ્ધિ અને સંગઠ્ઠન.

સમસ્ત જૈન કોમની ઉન્નતિને માટે જૈન કોમના ત્રણે ફિરકાઓમાં પ્રેમ વૃદ્ધિ કરી સંઘટના કરવી જરૂરી છે, એ હેતુથી ત્રણે ફિરકાના આગેવાનોની સભા થાય તો તેમાં સહયોગ આપવા આ કોન્ફરન્સ તૈયાર છે. જૈનોના જુદા જુદા ફિરકાની ધાર્મિક જુદી જુદી માન્યતામાં બળાત્કારે ડખલગીરી ન કરવી ઘટે, એ આ કોન્ફરન્સની ભલામણ છે અને સ્વેચ્છાપૂર્વક જૈન ધર્મ સ્વીકારનારને જૈન તરીકે ગ્રહણ કરવા તેમજ રવામીવચ્છલ નવકારસી જેવા જમણમાં તેમને ભાગ લેવાની છુટ આપવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે. સાથે સાથે આ કોન્ફરન્સનો આ અભિપ્રાય છે કે કચ્છી જૈન ધર્મ પાળતી જ્ઞાતિઓને પાલીતાણાની શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તથા બીજે સ્થળોએ થતી નવકારસીમાં બાકાત રાખવામાં આવે છે તે યોગ્ય નથી, તો તેવી રીતે તેને બાકાત હવે પછી ન રાખવા, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને તથા સર્વ સ્થળના સંઘોને આગ્રહપૂર્વક ભાર દઈને ભલામણ કરે છે.

૧૨ જૈન ગણત્રી.

જૈન કોમ એ હિંદુ કોમનો એક અગત્યનો ભાગ હોવાથી, તેમજ દેશની અગ્રગણ્ય વ્યાપારી કોમ હોવાથી સરકારી અને મ્યુનિસિપલ ખાતાઓ તરફથી જે આંકડાઓ વખતો વખત બહાર પાડવામાં આવે છે તેમાં નીચેની પદ્ધતિ અખત્યાર કરી, ઘટતો ફેરફાર અમલમાં મૂકવો જરૂરી છે, એવો દૃઢ અભિપ્રાય આ કોન્ફરન્સ ધરાવે છે અને તેટલા માટે સુચવે છે કે,

(ક) વસ્તી ગણત્રી વખતે તૈયાર કરવામાં આવતાં વસ્તીપત્રકોમાં જૈનોની વસ્તીની સંખ્યાના આંકડા જુદા પાડવા.

(ખ) મ્યુનિસિપાલિટીના રજીસ્ટરોમાં જૈનોનાં જન્મ અને મરણ, વગેરેની સંખ્યા અને પ્રમાણને લગતા આંકડા જુદા દર્શાવવા.

(ગ) સરકારી કેળવણીખાતાં તરફથી કેળવણીને લગતા આંકડાઓમાં, કેળવણી લેતા જૈન વિદ્યાર્થીઓ અને કન્યાઓના આંકડાની નોંધ જુદી રાખવી.

(ઘ) ચુંટણીને લગતા મતદારોના લીસ્ટમાં જૈન મતદારોનાં નામો, હિંદુ મતદારો સાથેજ એકત્ર વિભાગમાં દાખલ કરવા.

૧૩ આર્થિક પરિસ્થિતિની તપાસ:-

જૈન કોમમાં બેકારી વધતી જાય છે, ધંધા રોજગાર અને વ્યાપાર ઉદ્યોગમાં આપણી કોમનું સ્થાન કમતી થતું જાય છે. સમાજમાં અનેક બંધુઓ અને બ્હેનો નિરાશ્રિત અને અસહાય્ય દશા ભોગવી રહ્યા છે, વગેરે બાબતોમાં અને સમગ્ર રીતે આપણે સમાજની આર્થિક પરિસ્થિતિની તપાસ કરવાની જરૂરીયાત જુએ છે અને તે માટે એક તપાસ કમીશનની નિમણુંક કરવા માટે યોગ્ય પ્રબંધ કરવા તથા કમીશનનો રિપોર્ટ તૈયાર થયાથી સમાજની જાણ માટે પ્રસિદ્ધ કરવા અને તે અંગે ઘટતા ઉપાયો યોજવા આ કોન્ફરન્સની ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટિને સત્તા આપવામાં આવે છે.

૧૪ શારિરીક વિકાસ.

હાલમાં અન્ય કોમો તરફથી જૈનોના ધાર્મિક ઉત્સવ પ્રસંગે રથ યાત્રાઓ અને ધાર્મિક સ્થાનો ઉપર અનેક હુમલાઓ થાય છે, તે જોતાં, તેમજ જૈનોમાં મરણ પ્રમાણ અસાધારણ વધતું જાય છે અને શારિરીક નબળાઇ વધતી જાય છે તે જોતાં, શારિરીક કેળવણી મેળવવાના સાધનો એટલે વ્યાયામશાળાઓ અને અખાડાઓ, શારિરીક સ્થિતિ સુધરે તે માટે સુખાકારી સ્થળોએ આરોગ્ય ગૃહો અને સ્થળે સ્થળે દવાખાનાઓ અને મોટાં શહેરોમાં સસ્તા ભાડાની ચાલીઓ ઉભી કરવાની જરૂરીઆત આ કોન્ફરન્સ સ્વીકારે છે.

૧૫ બનારસ વિદ્યવિદ્યાલય અને જૈન ચેઅર.

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેઅર સ્થાપવા માટે કલકત્તાની બેઠક વખતે થયેલ ઠરાવ તથા સ્ટેન્ડીંગ કમિટિએ નિમેલી પેટા કમિટિઓના રિપોર્ટ અને સદર્હુ યુનિવર્સિટી સાથે થયેલ પત્રવ્યવહાર, વિગેરે ધ્યાનમાં લઇ આ કોન્ફરન્સ ઠરાવે છે કે નિશ્ચિંત થયેલી શરતો પ્રમાણે સદર્હુ યુનિવર્સિટીમાં જૈન ચેઅર સ્થાપવા માટે ગોઠવણ કરવી અને એકત્રિત થયેલું ફંડમાંથી રૂા. ૪૦૦૦૭ સદર્હુ યુનિવર્સિટીના સત્તાવાળાઓને સોંપવા.

૧૬ સુકૃત ભંડાર ફંડ.

આ કોન્ફરન્સ એવો દૃઢ અભિપ્રાય ધરાવે છે કે 'શ્રી સુકૃત ભંડાર ફંડ' ઉપર સમાજની દરેક જાતની કેળવણી અને અન્ય ખાતાઓનો આધાર છે અને તેથી દરેક જૈન બંધુ અને બ્હેનને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે દરેકે ઓછામાં ઓછા વાર્ષિક ચાર આનાનો ફાળો પ્રતિવર્ષ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવો.

અત્યાર સુધી જે જે ગામ અને શહેરના શ્રીસંઘોએ પોતાનો ફાળો આપ્યો છે તેમને ધન્યવાદ આપે છે અને સમાજને પ્રતિવર્ષ પોતાનો ફાળો આપવા આગ્રહ કરે છે.

૧૭ પ્રચાર કાર્ય.

કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મૂકવા તથા તેનું સર્વ જાતનું પ્રચાર કાર્ય કરવા માટે આ કોન્ફરન્સ નીચેના સભ્યોની સંખ્યા વધારવાની સત્તા સાથે એક પ્રચારકાર્ય સમિતિ નિમે છે; આ સમિતિ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓની સલાહથી કામ કરશે, અને દરેક પોતાનાં કાર્યની મુશ્કેલી અને તેના ઉપાયનો રિપોર્ટ દર વર્ષે કરશે.

બાબુ કીર્તિપ્રસાદજી જૈન, ગુજરાનવાલા (પંજાબ), શેઠ પોપટલાલ રામચંદ શાહ, પૂના (મહારાષ્ટ્ર) ખાનદેશ, શેઠ હીરાચંદ કુબેરચંદ, (દ. મહારાષ્ટ્ર), શેઠ ચંદનમલ નાગોરી, છોટી સાદડી (માળવા-મેવાડ), શેઠ મૂળચંદ આશારામ વૈરાટી, અમદાવાદ (ગુજરાત), શેઠ નવલકુમારસિંહ નવલખા, અલીમગંજ (બંગાળ), શેઠ મણીલાલ કોઠારી, અમદાવાદ, (કાઠીયાવાડ) શેઠ મણીલાલ ખુશાલચંદ, પાલણપુર. પંડિત આણંદજી (કચ્છ), શેઠ કેસરીચંદ જુહારમલ, કોસેલાવ (મારવાડ).

૧૮ દેશ અને સમાજોદ્ધાર:-

ભારત દેશના ઉધ્ધારમાંજ જૈન સમાજનો ઉધ્ધાર ઓતપ્રોત સમાયેલો છે તેથી ભારતના ઉધ્ધારના કાર્ય માટે

જે જે શુભ પ્રજાકીય ચળવળો અને પ્રવૃત્તિઓ છે તેમાં સક્રિય ભાગ લેવો જૈનો માટે આવશ્યક છે, એમ આ કોન્ફરન્સ માને છે અને આપણા દેશની ઉન્નતિનો એક મુખ્ય માર્ગ સ્વદેશી વસ્તુનો ઉપયોગ છે, તો આપણે ત્યાં તેમજ આપણા દરેક જાહેર સ્થાનોમાં બને તેટલી સ્વદેશી વસ્તુઓ વાપરવી, તેમાં સ્વદેશી કાપડ અને વિશેષ કરી હાથ સુતરની અને હાથે વણાટની ખાદી વાપરવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

૧૯ હાનિકારક પ્રથાઓ :-

અનેક હાનિકારક પ્રથાઓ કોમનું જીવન ચુસી રહી છે તેથી તે દૂર કરવા તેમજ ફેરવવા માટે જોશપૂર્વક કામ કરવાની જરૂર છે અને તેમાં ખાસ કરી નીચેની બાબતો પર કોમનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે કે, દરેક જ્ઞાત તથા સાથ પોતપોતામાં તેનો અમલ કરવા યોગ્ય પ્રયત્નો આદરશે.

(૧) પુત્રોને અઢાર વર્ષની ઉંમર નીચે અને પુત્રીને ચૌદ વર્ષની ઉંમર નીચે પરણાવવાં નહિ. આથી ઓછી ઉંમરના લગ્નોમાં ભાગ લેવો નહિ.

(૨) ૪૫ વર્ષ પુરાં થયાં હોય એવા કોઇ પણ ગૃહસ્થે લગ્ન કરવું નહિ.

(૩) એક ઉપર બીજી સ્ત્રી કરવા સામે પ્રતિબંધ હોવો જોઇએ.

(૪) મરણ તેમજ શ્રીમંત પાછળ થતાં જમણો બંધ કરવાં અને લગ્નાદિ નાતવરા તથા ફરજીઆત તેમજ નકામા ખર્ચો બંધ અગર ઓછા કરવા.

(૫) કન્યાવિક્રય કે વરવિક્રયની પ્રથા બંધ કરવી અને લગ્નાદિ પ્રસંગે વેશ્યાના નાચ ન કરાવવા.

૨૦ બંધારણ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું બંધારણ-જેની નકલો આ સાથે વહેંચવામાં આવી છે તે-મુકરર કરવામાં આવે છે.

૨૧ દીક્ષા.

દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો એવો અભિપ્રાય છે કે દીક્ષા દેનારને તેનાં માતા, પિતા આદિ અંગત સગાંઓ તથા જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી.

પરિષદ્‌ના પ્રમુખશ્રીનું છેલ્લું ભાષણ.

(આ ભાષણ પ્રમુખશ્રીના વતી શ્રી ક્ષમાનંદજીએ કરેલું હતું.)

——(૦)——

મહાનુભાવો !

ભારે કટોકટીના સમયમાં મળેલ આપણી પરિષદ્‌ની આજે પૂર્ણ કૃતેહ અને ઐકયતા સાથ પૂર્ણાહુતિ થાય છે એ વસ્તુ જાહેર કરતાં મને ઘણોજ હર્ષ થાય છે.

આજે આપણી પૂર્વની જાહોજલાલી અને જવલંત પ્રભા નથી રહી. આપણી સામાજિક સ્થિતિ દિન પ્રતિદિન વધારે ને વધારે બગડતી જાય છે. આખા દેશને લાગુ પડેલ બેકારીના દર્દે જૈન સમાજને પણ પોતાનો ગ્રાહક બનાવ્યો છે. આ દુઃખદ સમયમાં આપણે આંખો મીચી બેદરકાર બની બેસી રહીએ એ કોઇ રીતે પણ પાલવે તેમ નથી. એ દર્દના નિદાન માટે આપણે ઇન્કવાયરી કમીશન-તપાસ સમિતિ અને જૈન બેંક સ્થાપવાના ઠરાવો કરી આગળ પગલાં માંડયાં છે. પણ ઠરાવો માત્ર કરી ચાલ્યા જવાથી સમાજના દિ' ઉઘડવાના નથી. એના અમલ માટે આપણી જવાબદારીઓ વિચારી કાર્યપરાયણ બનવું પડશે.

પરિષદે આપણી સમક્ષ આખું વર્ષ ચાલે એટલું રચનાત્મક કાર્ય મુકયું છે. એ કાર્યને પાર ઉતારવા પાછળ આપણે બધાએ મંડી જવું પડશે. શુદ્ધિ અને સંગઠ્ઠનનો ઠરાવ કરી પરિષદે ત્રણે ફિરકાના જૈનોમાં ઐકય સ્થાપવા ફરમાવ્યું છે. **ગચ્છ મત અને સંપ્રદાયના ઝગડાઓ હવે આપણાથી જરાવાર પણ નિભાવી શકાય તેમ નથી.** એ કલેશો પાછળ સમાજે ખુબજ ખોયું છે. વિચારભેદ ભલે હોય પણ હૃદયભેદ નજ થવો ઘટે. ભિન્ન વિચાર ધરાવનારાઓનાં-પર સંપ્રદાયીઓનાં-હૃદય તો પ્રેમ પિયુષે પૂર્ણજ હોવાં ઘટે. મહાત્મા ગાંધીજી અને ભારત ભૂષણ પંડિત માલવીયાજીના વિચારોમાં ભેદ હોવા છતાં વિશુધ્ધ પ્રેમથી તેઓ એક બીજાને ભેટી શકે છે. દેશહિતના પ્રશ્નોમાં નિખાલસ હૃદયે મંત્રણાઓ ચલાવી શકે છે, એ વસ્તુ આપણે ઘડી ભર વિસારવી ન ઘટે.

ધર્મના નામે ઝઘડાઓ કરાવવાનો-માન્યતાઓના નામે લડાવી મારવાનો આ જમાનો નથી. એવી ઘાતક નીતિ, સમાજ હવે વધુ વખત નહિ સન્માની શકે. સમયને દરેકે પિછાણવોજ પડશે.

ભાઇઓ ! થોડાક અપવાદ સિવાય આપણી પરિષદે દરેક ઠરાવો સર્વાનુમતિએ પસાર કર્યા છે અને એજ આપણી કૃતેહ અને ઐકયતાની નિશાની છે. પરિષદે ફરમાવેલા આદેશો પાછળ આપણે મંડયા રહેશું તો બાર મહીનામાં આપણે ખુબજ આગળ ધપી શકીશું.

તમારી અને મારી ફરજ સ્પષ્ટ છે. પરિષદ્‌નો સંદેશ દેશના ખુણે ખુણામાં પહોંચી જવો ઘટે, અને સર્વત્ર અમલી પગલાં મંડાવાં ઘટે.

ગૃહસ્થો ! આપણા સમાજમાં જ્યારે પરસ્પર અવિશ્વાસ અને આશંકાનાં વિઘાતક વાદળાં છવાયાં હતાં, તેવા કટોકટીના સમયમાં મહારાષ્ટ્રે આપણને પોતાને આંગણે નોતરી જે તકલીફ ઉઠાવી છે, રાત્રિ દિવસનાં અવિશ્રાંત પરિશ્રમે જૈન સમાજની જે સેવા બજાવી છે તેનું, સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવું અશકયવત્ છે.

આખા મહારાષ્ટ્રના આગેવાનોએ એકત્ર થઇ માનનીય શેઠશ્રી ચુનિલાલ સરૂપચંદની આગેવાની તળે જે અજબ હિમ્મત, ધીરજ અને શાંતિથી પરિષદ્‌ને પાર ઉતારવા રંજ ખેંચી છે તે માટે એમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા થોડા છે.

આભારભર્યા હૃદયે મારે જણાવવું જોઇએ કે તમે બધા જૈન બંધુઓ હોઇ પરિષદ્‌ અને મારા તરફ સદ્‌ભાવ રાખ્યો એ સમજ્યા તેવી વસ્તુ છે પણ જુન્નેરની મ્યુનિસિપાલિટીએ મને અભિનંદનપત્ર આપી જે ગૌરવ વધાર્યું છે તે બાતે હું જુન્નેરનો ઋણી છું.

પ્રતિનિધિ બંધુઓ ! આ પરિષદ્‌ને કૃતેહમંદ બનાવવા આપે જે હાર્દિક સહકાર આપ્યો છે, યુવક વર્ગે એજ ધ્યેયથી સબજેકટ કમિટિમાં જે ખામોશ, ધીરજ અને શાંતિ બતાવી છે, તે માટે આપનો તથા યુવક બંધુઓનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું, અને છેવટે સ્વયંસેવક બંધુઓની મહામુલી મુંગી સેવાઓ બદલ એમને ધન્યવાદ આપી શાસનદેવ જૈન ધર્મનો વિજયધ્વજ સર્વત્ર ફરકાવે અને આપણુ સર્વને આવી રીતે ફરી મળવા સુયોગ સત્વર સાંપડે એટલું ચાહી વિરમીશ **જય પરિષદ્‌ દેવીનો.**

જુન્નર જૈન કોન્ફરન્સ સામે બાલીશ બખાળા.

અમૃતલાલ મોદીનો પામર પ્રલાપ.

શાસનપ્રેમીઓની મલીન મનોવૃત્તિ.

મૃષાવાદીઓ કોણ છે? સુધારકો કે શાસનરસિકો!!

—:*:—

લેખક : જયંતિલાલ જગજીવનદાસ ગાંધી.

જુન્નર જૈન કોન્ફરન્સ પહેલાના, કોન્ફરન્સના સમયના અને તે પછીના કહેવરાવતા ધર્મપક્ષના વિવેકહીન વલણથી જેઓ વાકેફ છે, તેઓ તો સારી રીતે સમજી ગયા છે, કે આ "ધર્મપક્ષ"માંથી સાદી સમજ, સત્ય, ઔચીત્ય, સભ્યતા, વિવેક શિષ્ટતા અને એમ માણસાઇના બધાયે સદ્‌ગુણો કયારનાએ પરવારી બેઠા છે, પોતાને "શાસન પ્રેમી" આસ્તિકો, ધાર્મિકો અને પરમ ધાર્મિકો માનવા અને મનાવવાનો આ પક્ષનો અળખામણો ધજરો છે અને છતાંએ ન્યાય, નીતિ, સભ્યતા અને ચર્ચા કે ચર્ચાપત્રોની સ્વીકૃત થયેલી એકે એક નીતિ અને નિયમોને નેવે મુકયા છે. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ નજર ભરવા દેવી એ આ પક્ષની પહેલી બાજી હતી અને ભરાય છે એ નકી થયું ત્યારે પાનસર, શ્રી મલ્લીનાથજી કે જગસોગડીઆમાં પોતાને ધાંધલ કરવાનું ફાવે તેવા પ્રદેશમાં ભરવી, એ આ વર્ગની બીજી સોગઠી હતી. જ્યારે તેમાં પણ ન ફાવ્યા ત્યારે હીસાબ, બંધારણ, પંચાંગી, વૃતધારીઓ અને એમ અનેક ડખલો કરવા આ ટોળકીએ ત્રીજું તુત આદર્યું. બંધારણની સુધારણા અને એવા ઉપજાવેલા પાખંડોમાં ન ફાવવાથી ગેરબંધારણીય ચુંટણી કરવા અને બંધારણ વિરૂદ્ધ પ્રતિતિધિઓ બનવાના આ ગ્રુપે ચોથા ચેડા શરૂ કર્યા. પણ બધું પડી ભાંગતા, ખુદ જુન્નર મુકામે આવી મંડપ અને વોલન્ટીયરોપર પત્થરનો વરસાદ વરસાવવાની આ કંપનીએ પાંચમી પામરતા પ્રગટ કરી અને કોન્ફરન્સમાંથી બહાદુરીથી મુંબઇ લગી પાછા હટી જુઠા, તકરારી અને ઉપજાવી કાઢેલા અહેવાલો પ્રસિધ્ધ કરવાનું આ શાસન પેઢીએ છઠું છકેલપણું શરૂ કર્યું, અને એમ આંકડા કેટલા ગણાવીએ. સુરતમાં મળેલી ઓલ ઇન્ડીઆ યંગમેન (ઓલ્ડમેન) જૈન સોસાયટી, મુંબઇ, ખંભાત, અમદાવાદ અને નવાનગર વગેરેની આ સોસાયટીઓની સભાઓ, પોતાના સભ્યો માટેની સભાઓ બોલાવાય અને એના અહેવાલો સમસ્ત જૈન સંઘની સભાના નામે પ્રગટ થાય, એ આ પક્ષનું જુઠાણું સમાજ જાણી ગયો છે. ઠરાવો ન થયા હોય, ભાષણો ન કરાયા હોય, છતાંએ કોઇ "મહાસભા"ની કાર્યવાહી હોય તેવા બણગા વર્તમાનપત્રોમાં ફુંકાય એ, પામર રીતનો પણ જૈનજગતને પરીચય છે, અને એમ જુઠાણાના જંગો ખેલવા આ શાસન પક્ષના કારસ્થાનોથી ભારત વર્ષનો જૈન હવે ચેતી ગયો છે. પરિષદના ત્રણ મહા મંત્રીઓનો ખુલાસો, દૈનિક વર્તમાનપત્રોના રીપોર્ટરોના અહેવાલ, મહારાષ્ટ્રની સત્કાર સમિતિનું નિવેદન, અને છેવટે શેઠ ચીમનલાલ લક્ષ્મીચંદ પુંતાવાળા અને રોયલ મોટર સર્વીસના એજંન્ટ શીવપ્રસાદ વિઠ્ઠલપ્રસાદ અને એના પાર્ટનર ફ્રીશનસિંહ ગોવીંદસિંહ જેવા ગૃહસ્થોએ આ વર્ગની નાગાઇપરથી પડદો ઉંચકયો છે, અને જૈન જગતના વિશાળ ખુલ્લા ચોગાનમાં આ શાસન પક્ષની શેખાઇ જૈનેતરો પણ જોઇ શકયા છે. છતાં 'મીંઆ ગીર ગયે તો ભી ટંગડી ઉંચી'ના, ન્યાયે આ અસત્ય પ્રચારક કંપનીમાંથી કોઇ મવાલી 'મુનિ'ના મોરલી નાદે મુગ્ધ બનેલા શ્રી અમૃતલાલ મગનલાલ મોદી નામના કોઇ ગૃહસ્થ, ધનજી સ્ટ્રીટ ના કેશરી ભુવનમાંથી તારીખ ૨૪-૨-૩૦ સોમવારના મુંબઇ સમાચારના ૯ મે પાને પ્રગટ થઇ પોત પ્રકાશે છે. આ ભાઇ પોતાના નામ પાછળ બી. એ. ની ડીગ્રી પોતાની કલમેજ પોતાની સહી સાથે જોડે છે. આ બી. એ. થયેલા ભાઇ પ્રગતિથી, સુધારાથી, સુધારકોથી, વિચારકોથી, અને જૈનત્વના અભ્યુદયથી તેમજ તેને પોષતી પરિષદ દેવીથી સાચેજ બીએ છે, અને કેમ ન બીએ? જુગ ધર્મની ચેતવણી, બી. એ. થયેલાઓ માટે થોડીજ છે(?) એનેજ સમજનાર અને જીતનાર તો નિર્ભય યુગદ્રષ્ટા નર જોઇએ બીયેલા વાનરો માટે તો ફીકીઆરીજ અને ચેળાજ હોય છે, અને સમાજનું સોંસરૂં ઉતરી જાય તેવું એકજ શર સંધાન વાનરોને વનની પેલીપાર ખડા કરે છે, પછી ત્યાં ખડા રહી મર્કટો દાંત કચકચાવે છે, અને પરિણામે પોતેજ પોતાને બટકા ભરે છે. આ બી. એ. થયેલા ભાઇશ્રી પાંચ, પણ બીકમાં બધુંએ ભુલી ગયા છે. ગામ બળતું જોવા જતાં પગની બળતી ચાંતર્યા છે, અને તેથી એની લેખીનીએ વ્યવસ્થા, સભ્યતા અને એવું બધુંએ છોડી દઇ અસત્ય, અન્યાય, ગાળાગાળી અને ગલીચતાનો આશ્રય લીધો છે, સ્વાર્થમાં ભયમાં ભ્રમિત થયેલી બી. એ. છતાં કંગાળ કલમ બીજું શું કાળું કરે?

આપણે એ કટાયેલી કલમનો થોડો કાટ ખસેડવા યત્ન કરીએ. અમૃત લેખીની બી એ. છે અને બીતાં બીતાં જુન્નર જૈન કોન્ફરન્સના પ્રમુખના ભાષણની સમાલોચના લખે છે કે કોઇ લખાવે છે, અને એમાં એના પ્રમુખ, પરિષદ એની કાર્યવાહી અને કાર્યવાહકો બધા મૃષાવાદી, એમ એ કલમથી કાળા અક્ષરો લખાય છે, શા માટે? એની એક દલીલ છે. કોઇ બે જવાબદાર સમાચારપર એનો મદાર છે. શા સમાચાર છે? એ કે પ્રમુખશ્રીનું ભાષણ કોઇ તત્વ જ્ઞાનિએ કે કાયદા શાસ્ત્રીએ લખ્યું છે, અને તેથી અમૃતભાઇ ઠંડાગાર છે, હોયજને? રામ આઇસ ફેકટરીમાંથી બરફની સફેદ લાદીઓ અમૃતભાઇના આંગણે લદાઇ હશે અને ચાંદીના બજારમાં પણ મંદી તો છેજ ને. એટલે થોડા કકડાનો ખનખનાટ સંભળાયેલ હશે તેથી બધા મૃષાવાદી. એ મહા મૃષાવાદ અમૃતભાઇની આંખે ઇતર સમાજોને મુબારક લાગે છે, પણ જૈન સમાજને તે કેમ પાલવે? પણ મને લાગે છે કે અમૃતભાઇનું જૈનત્વ બહુ જુનુ નહિં હોય, નવું જૈનત્વ જુનું ન જાણે, તે ઇરાદાપૂર્વક ભુલી જાય. અહિં તો માર્ગાનુસારી, સમ્યગ દ્રષ્ટી અને દેશ વિરતીઓની પરિષદ હતી, તેમાં મૃષાવાદનો આરોપ કરનાર અમૃતભાઇપર, પાનસર અને ભોંયણીજીના ઓળા કેમ નહિં પડયા હોય ભલા? પાનસરમાં પાનસરના સ્વાગતાધ્યક્ષ અને પ્રમુખ પોપટભાઇ, ભોંયણીજીના સ્વાગતાધ્યક્ષ શ્રી. નગીનદાસભાઇ કરમચંદ અને સંભાપતિ શેઠ કસ્તુરભાઇ અમરચંદના રામ-પ્રવચનો અમૃતભાઇની આંખે નજર ચડયા. એ વખતના સોળ ખબરપત્રીઓના સરવાળાનો

સપાટો અમૃતભાઇ વિસરીજ ગયા લાગે છે. અને એક બીજી વાત, એ બધાએ ભાષણોમાં એકજ તાલ, સૂર, વિચાર, ભાવના અને રામાનંદી મોરલીનો નાદ એ સ્વાગતાધ્યક્ષો, અને પ્રમુખોના હીસાબે, જોખમે અને નામે ગાજ્યો હતો તેનું શું? અને એની બધીએ કાર્યવાહી, ઠરાવો, અને એમ બધુંએ અમદાવાદની પાંચકુવા પાસેની રામ ફેક્ટરીમાંથી લખાઇ, ઘડાઇ, અને છપાઇ આવ્યાનું કહેવાય છે તેનું શું? આ દેશવિરતીઓની કાર્યવાહીમાં શ્રી. અમૃતભાઇને મહા મૃષાવાદ કેમ નહિં જણાયો હોય ભલા, એ એક કોયડો છે, અને એવા અણઉકેલ્યા અક્ષરા કોયડાનું મહા પુરાણુ, શ્રી. અમૃતભાઇના નવા જૈનત્વની નવી નજર સામે અમારે ધરવુંજ પડશે. થોડા નમુના લખું. ટંકારાવાળા પેલા હાફ મેડ ભાઇબંધ નવાનગરમાં મહા મુનિ બનવા લલચાયા. તે હતા નગરમાં, છતાં રાજકોટનો કાગળ કોઇ મહામુનિની કલમથી પ્રગટ થયો, એ સત્યવાદનો કયો ભેદ? તેઓ છાણી ન જવા છતાં લાંના તારો મુંબઇના છાપાઓમાં પ્રગટ થયા, એ કઇ સચ્ચાઇનું સ્વાંગ હતું?

હું સાધુ કેમ થયો? એ ભૂતપૂર્વ ચિત્તવિજયનાં ચમત્કારી પુસ્તકમાં રામની રાઙ સંભળાય છે, એ પણ કઇ સચ્ચાઇનો સૂર છે? શ્રી. મોશરીલાલજીએ પરોઢે ક્ષૌરકર્મ કરાવ્યું અને વર્તમાનપત્રોમાં દીક્ષા લઇ લીધાના ડીંગ હંકાયા, તે પણ નવા સત્યવાદનો નમુનોજ હતો ને? અને એમ વાંસદ, ખંભાત, સુરત, અને અમદાવાદની રંક રતનબાઇની કારમી ચીસોના રદીઆ પણ આ નવા સત્યવાદના કારખાનામાંથીજ જનમ્યા હતા. શાસન પક્ષના દેશવિરતીઓ (?) અને 'મહા મુનીઓ (?) નાં સત્યવાદથી જૈન સમાજ સાવધાન છે, એટલે પ્રમુખ અને પરિષદપર ગોઠવાયેલો અમૃતભાઇનો અસત્યવાદી આરોપનો ફેંસલો જૈન સમાજે જુન્નરમાં લખી નાખ્યો છે અને એનો અમલ શાસન પક્ષને મુંબઇ મોકલાવવામાં થયો છે. અમૃતભાઇના કેશરી ભુવનમાં અંધકાર હશે પણ પરિષદના પાધરે જવલંત પ્રકાશ ઝળકે છે, તેથી સચ્ચાઇ તપાસવાની ત્યાં સરળતા છે.

(અપૂર્ણ)

યુવકોની જાગૃતિ.

(અનુસંધાન પાના ૧ નું ચાલુ.)

ઠરાવ.

આજની આ સભા, જુન્નેર ખાતે મળેલી જૈન શ્વેતાંબર પરિષદે પસાર કરેલા ઠરાવોને હૃદયપૂર્વક ટેકો આપે છે અને તે ઠરાવો સમજી, સમજાવી અમલમાં મુકવા જ્ઞાતીના અધીકારીઓને ભલામણ કરે છે.

ઉપરોક્ત ઠરાવને શેઠ દામજી લાલજીએ ટેકો આપતાં ટુંક વિવેચન કર્યું હતું.

મત લેતાં ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો. બાદ સભા વિસર્જન થઇ હતી.

—:*:—

સુરતમાં યુવક સંઘની મીટીંગ.

——(૦)——

જુન્નર કોન્ફરન્સ સંબંધી ઠરાવો.

તા૦ ૧૬-૨-૩૦ ના રોજે શ્રી સુરત જીલ્લા જૈન યુવક સંઘની, કાર્યવાહક કમિટિ જુન્નર કોન્ફરન્સ પછી ઉભા થએલા સંજોગો પર વિચાર કરવા મળી હતી.

કમિટિએ કોન્ફરન્સનું કામ કુનેહ તથા શાંતિથી પાર પાડવા માટે કોન્ફરન્સના પ્રમુખ તથા કાર્યવાહકોને ધન્યવાદ આપવાનો ઠરાવ કર્યો હતો, તેમજ કેટલાક ભાઇઓએ ધરાદાપૂર્વક કોન્ફરન્સના કામમાં ડખલ નાખવા બતાવેલ વર્તન માટે દીલગીરી જાહેર કરી હતી. ત્યારબાદ કોન્ફરન્સના ઠરાવો વાંચી, તે સાથે સંમત થઇ, સુરત જીલ્લામાં તેનો પ્રચાર કરવાનું નક્કી કર્યું હતું.

જૈન યંગમેન્સ સોસાઇટીના સુરત બ્રાન્ચના સેક્રેટરી શા. મગનલાલ રણછોડભાઇએ, ધાંચી બેચરદાસ નાથુભાઇ પર જૈન જીવનના ચિત્રો સંબંધી માંડેલી ફરીયાદના કામમાં નવાપુરાવાળા શા. માણેકચંદ ડાહ્યાભાઇએ જૈન યુવક સંઘના મેમ્બરો માટે નીચેના શબ્દો ઉચ્ચાર્યા હતા, તે માટે કમિટિએ તિરસ્કાર જાહેર કર્યો હતો. "જૈન યુવક સંઘના મેમ્બરો ભલે બીજો ચાંલ્લો કરતા હોય, પણ અમે તેમને જૈન માનતા નથી."

એક ખેદજનક અવસાન.

ભાઇ ચીનુભાઇ પોપટલાલ ડોકટર, ઉમર વર્ષ ૨૩, છ મહિનાની બિમારી ભોગવી રવિવાર તા૦ ૧૬ મી ફેબ્રુઆરીને રોજ પાછળ માત્ર ૧૯ વર્ષની વિધવા મુકી શાન્તાકુઝમાં ગુજરી ગયા છે, તે સમાચાર આપતાં અમને અત્યંત શોક થાય છે. મરનાર આપણા સંઘના પ્રથમથીજ ઉત્સાહી સભ્ય હતા અને પોતાની પાછળ રડવા કુટવા વિગેરે કોઇપણ જાતની અનિષ્ટ પ્રથાને માન ન અપાય તે માટે અંત વખતે મજબુત ભલામણ તેમણે કરી હતી. તેમના મોટાભાઇ, ડોકટર શાંતિલાલ પોપટલાલ જેઓ પાયધુની ઉપર જૈન દવાખાનામાં ઓનરરી ડોકટર તરીકે સેવા આપે છે, તેઓ પણ આપણા સંઘના પ્રથમથીજ ઉત્સાહી સભ્ય છે અને તેમણે મરનારની ઇચ્છાને માન આપી શાન્તાકુઝમાં અને તેમના વતન અમદાવાદમાં ઘણા પ્રતિકુળ સંયોગોમાં અડગ રહી, આ હાનિકારક પ્રથાને દૂર કરવાની પહેલ કરી છે. આશા છે કે આપણો સમાજ આજ પ્રમાણે હિંમત દાખવી જડ ઘાલી બેઠેલા કુરીવાજોને દૂર કરશે. અમો સદ્‌ગતના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે. હવે પછીના પંદર દીવસમાં જેઓની 'ના' આવી નહી હોય તેઓને બારમો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે.

:: લવાજમ ::

વાર્ષિક (ટપાલ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા ખીલડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૧ મો. | સંવત ૧૯૮૬ ના ફાગણ સુદી ૧૦. તા૦ ૧૦-૩-૩૦ | છુટ્ટક નકલ : ૦॥ આનો.

દાંભિકોની પ્રવૃત્તિ.

મુંબઇ સમાચારમાં "ભાગવતી જૈન દીક્ષા સ્વરૂપ"ના લેખક નિગ્રંથ પ્રવચનોપાસક અભવિ નહિ તો બહુલભવી જરૂર જણાય છે. તેના દરેક લેખમાં ભાષાનો પ્રયોગ જોતાં તેનું માનસ કયા પ્રકારનું છે, તે શાસ્ત્રજ્ઞ વિદ્વાન વાંચક સહેજે સમજી શકે તેમ છે. શાસ્ત્રમાંના સુંદર દ્રષ્ટાંતો ને તેના આશયને કેવી વિષમ રીતે રજુ કરે છે, તે વાંચતા વિવેકી જનને તે મહાનુભાવ ઉપર દયા આવ્યા સિવાય રહે નહિ. દીક્ષા એ આત્માનો સર્વોત્તમ પરમ કલ્યાણકારી માર્ગ છે. એ પરમ પવિત્ર વસ્તુ જીવનમાં જો યથાર્થ ચરિત્રાર્થ થાય તો પરંપરા ફળ એટલે મોક્ષ પ્રાપ્ત થાય એ સિદ્ધ વાત છે. આવી સ્ફટિકમણી જેવી વિશુદ્ધ વાતને મહાપુરૂષો મધુર વચનોમાં પ્રશાંત રીતે પ્રતિપાદન કરે છે. એ જ્યારે ઉપમીતીભવપ્રપંચા-કથા જેવા મહાન ગ્રંથોમાં વાંચીએ છીએ ત્યારે હૃદયમાં અતી હર્ષની સાથે બહુમાન થયા સિવાય રહેતું નથી. પરંતુ આ મહાશય-નિગ્રંથ પ્રવચનોપાસકનું માનસ કેટલું બધું ક્ષુદ્ર છે તેનું માપ કાઢવું અશકય છે. ભાગવતી દીક્ષાના નામે અંધ શ્રદ્ધાળુ અનભિજ્ઞોને ત્યાગના આશરા નીચે ઉશ્કેરી હલકા શબ્દોમાં એક મહાન વ્યક્તિ ઉપર કેવળ પોતાનો દ્વેષ ઠાલવવા સિવાયનો બીજો કોઇ તેમનો હેતુ હોય તેમ જણાતું નથી.

"સાધુ આવો ઉપદેશ આપે નહિ. સાધુ શ્રાવકની ઉન્નતિ ઇચ્છે નહિ." વિગેરે વ્યંગમાં એક વ્યક્તિને ઉતારી પાડવા અને ભોળી જનતાને પોતાની તરફ આકર્ષવા ભાગવતી દીક્ષાને નામે અધમ પ્રયાસો ખેલી રહેલા છે, તે તેમના ક્ષુદ્ર માનસનું જીવતું જાગતું પ્રદર્શન ભાગવતી દીક્ષાના લેખમાં વિવેકી વાંચકો જોઇ શકે તેમ છે.

શાસ્ત્રમાંના મહાન ઉદાર દ્રષ્ટાંતોને એકપક્ષી ખેંચી જઇ, ભોળી જનતાની આંખે પાટા બાંધવાનું તેઓ મહા પાપ આદરી રહેલા છે, તે ઉપરાંત જૈનેતર વિદ્વાન જનોમાં જૈન ધર્મને તેમજ જૈન શાસ્ત્રોને વગોવી રહ્યા છે.

દાખલા તરીકે તા. ૧૯-૨-૩૦ ના મુંબઇ સમાચારના અંકમાં સત્યવરતની વ્યાખ્યામાં અન્યને ગાળો દેવાની પોતાની ટેવને-મહાન પુરૂષોના દ્રષ્ટાંતો આપી ગાળો આપવાની પોતાની ટેવને-શાસ્ત્રોક્ત ઠરાવવા મિથ્યા પ્રલાપ કરેલો છે, તે સુજ્ઞ વાંચકો વાંચી જોશે તો તેવા માનસ ધરાવનાર જીવ પ્રત્યે અનુકંપા આવ્યા સિવાય રહેશે નહિ. પ્રભુશ્રી મહાવીર સ્વામીના વખતમાં તેમની હૈયાતીમાં ત્રણસો ને ત્રેસઠ પાખંડીઓ હતા અને તેઓ મહાવીર પ્રભુને નીંદતા હતા; તોપણ પ્રભુશ્રીએ સત્યનું નિરૂપણ કરવા કદી આવો આગ્રહ કર્યો નથી. શ્રી ભગવાનના દશ શ્રાવકોમાંના મહાશતકની પત્ની માંસાહાર કરતી હતી, છતાં તેઓએ પોતાની પત્નીને હલકો શબ્દ કહ્યો નથી, આવી સહિષ્ણુતા ધાર્મિક જીવન વ્યતિત કરનારમાં સહેજે આવી જાય છે.

મહાત્મા ગાંધીજીએ તા૦ ૨૩-૨-૩૦ ના નવજીવનના અંકમાં સત્યાગ્રહીની નિયમાવળીમાં સત્યાગ્રહીને કેવો સુંદર ઉપદેશ આપ્યો છે, તે મહાશય નીગ્રંથ પ્રવચનોપાસક વાંચી જોશે તો ખબર પડશે કે જે વસ્તુ તમને સત્ય લાગતી હોય તો તે જનતાની પાસે કેવી રીતે રજુ કરાય? સામાન્ય રીતે જોતાં જેઓનું જીવન પવિત્ર હોય છે તેઓની વાણી અને ઉપદેશ હમેશા સંયમી ને યુક્તિયુક્ત હોય છે. અને જ્યાં ધર્મને નામે પોતાની અવ્યવહારૂ પ્રકૃતિને પોષવી [illegible]નસને રીઝવવું હોય ત્યાં કેવા પ્રકારે વાણીનો [illegible] એ આજની જનતા સારી રીતે પીછાની શકે છે. [illegible]નું આંતર જીવન માપવાનું થરમામીટર છે, [illegible]ની જાણ બહાર નથી, એ આ પ્રવચનોપાસક [illegible]

વાસ્તવીક રીતે જોતાં એક વાત થાય [illegible] મુંબઇમાં પાંચ પગ અને બે પૂંછડાની કૃત્રિમ ગાયનાં આશરા નીચે કેટલાક અધમ આત્માઓ ભોળી જનતાને ધર્મના નામે છેતરી, પોતાના પાપી પેટનો ખાડો પૂરે છે, તેમ દીક્ષાના નામે લાગના દાંભિક ઉપદેશના આશરા નીચે ભોળી જનતાને સ્વપક્ષમાં લઇ, એક મહા વ્યક્તિ પ્રત્યે પોતાનો દ્વેષ ઠાલવવાનો આ બધો શું અધમ પ્રયાસ નથી? અથવા જીવનનો મોટો ભાગ ગુજરાતમાં વ્યતિત કરવા છતાં શાસન કે સમાજનું કંઇ શ્રેય કરી શકયા નહિ અને એક મહાન પ્રભાવશાળી પુણ્ય વ્યક્તિ આ પ્રદેશમાં આવી અલ્પ સમયમાં ધર્મ અને સમાજને ઉન્નતિના પાયા પર લાવી, જનતાની વલ્લભતા મેળવી લીધી તે ઉત્કર્ષ સહન નહિ થવાથી દીક્ષાના નામે આવા દાંભિક પ્રવચનો રચી, શાસ્ત્રની આશાતના કરવી એ શું ઇષ્ટ છે? શાસન દેવતા સર્વેને સદ્‌બુદ્ધિ આપે એજ અભ્યર્થના.

अत एव न यो धर्तुं मूलोत्तर गुणानलम्।
युकता सुश्राद्धता तस्यनतु दंभेन जीवनम्॥

અધ્યાત્મ સાર.

લી. શિવલાલ લવજી શાહ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

ઉપરોકત સંઘની એક સામાન્ય સભા તા. ૧૩-૩-૩૦ ફાગણ શુદ ૧૩ ને ગુરૂવારે, શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં રાત્રિના આઠ વાગે (સ્ટાં. ટા.) નીચેના કામ બાબત મળશે, તે પ્રસંગે દરેક સભ્યોને વખતસર પધારવા વિનંતિ છે. કાર્યક્રમ.

૧. કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવોના અમલ સંબંધી વિચાર ચલાવવા.

૨. મંત્રીઓ તરફથી રજુ થાય તે.

આ પ્રસંગે જુદા જુદા ઠરાવો ઉપર યોગ્ય વિવેચનો કરવામાં આવશે. મંત્રીઓ,

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો નમે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

સરદાર વલ્લભભાઇને અભિનંદન.

યુવક સંઘની મેનેજીંગ કમિટિએ તા. ૮-૩-૩૦ ના રોજ નીચેનો ઠરાવ પસાર કર્યો હતો.

"સ્વાતંત્ર્યની શરૂ થયેલી લડતમાં પહેલા સરકારી મેમાન થવાનું સરદાર વલ્લભભાઇને જે માન મળ્યું તેને માટે અમારૂં મુંબઈ જૈન યુવક સંઘ તેમને અભિનંદન આપે છે."

જુન્નેર જૈન કોન્ફરન્સ.

ઠરાવોની સમાલોચના.

પહેલો ઠરાવ સ્વર્ગસ્થ આગેવાનોને માટે શોક પ્રદર્શિત કરવા સંબંધીનો હતો. બીજો ઠરાવ ધાર્મિક તથા વ્યવહારિક કેળવણી સંબંધી હતો. આ ઠરાવ બે ભાગમાં વહેંચાયેલો છે. પ્રથમ ભાગને લગતો ઠરાવ કોન્ફરન્સની આગળની બેઠકોમાં જુદે જુદે સ્વરૂપે મંજુર કરેલો છે, તેથી તેજ સ્વરૂપમાં તે ઠરાવ પસાર કરી બેસી રહેવું, એટલે કેળવણી માટે શુભ ઇચ્છા દાખવવા સિવાય કોન્ફરન્સે કાંઇ ન કર્યું એમ ગણી શકાય. ઘણા વર્ષથી ઇચ્છા ધરાવવા છતાં પ્રાથમિક કેળવણીનો સવાલ, જૈન જેવી વ્યાપારી તથા આબાદ કોમને અંગે હજી અમલમાં મૂકાયા વગર રહે તે શરમભરેલું જેવું ગણાય. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તી સાડા ચાર લાખ ગણાય; જેમાંનો અડધો ભાગ જુદા જુદા શહેરોમાં વસે છે, બાકીનો અડધો ભાગ ગામડાઓમાં વસે છે કે જેમાના કોઇ કોઇ ગામડામાં કદાચ પ્રાથમિક શાળાઓ હોય અગર ન પણ હોય. ગામડામાં જ્યાં પ્રાથમિક શાળા ન હોય ત્યાં તો, જૈન બાળક કદાચ પ્રાથમિક કેળવણી લઈ ન શકતો હોય; સિવાય જૈન બાળક પ્રાથમિક શિક્ષણ વગરના રહેતા હોય, તે બનવા જોગ નથી છતાં આ બાબતમાં ચોક્કસ તપાસ વગર નક્કી વિગતો જણાવી શકાય નહિ. કોન્ફરન્સે જૈન વસ્તીવાળા જુદા જુદા વિભાગોમાં સ્થાનિક માણસોની સહાયતા મેળવી આંકડાવાર માહીતિ મેળવવી જોઇએ. અણસમજણને લઇને જ્યાં માતાપિતાઓ કેળવણી લેવા માટે પોતાના બાળકોને પ્રેરણા ન કરતાં હોય, તેવાને સમજાવવાની ગોઠવણ સ્થાનિક પેટા કમિટિઓ મારફત કરવી જોઇએ. જે ગામડામાં શાળા ન હોય તેવા ગામડામાં મ્યુનિસિપાલીટીને અગર લોકલ બોર્ડને પ્રાથમિક શાળાઓ ઉઘાડવા માટે યોગ્ય અરજ કરવી જોઇએ. છતાં જ્યાં થોડી વસ્તી હોય અને લોકલ બોર્ડ પ્રબંધ કરી શકે તેમ ન હોય તેવા ગામોમાં સ્કોલરો મારફત વેકેશનમાં પ્રાથમિક શિક્ષણના ક્લાસો ખોલવા જોઇએ. આ હકીકત ધાર્મિક પાઠશાળાઓને પણ થોડે ઘણે અંશે લાગુ પડે છે. તેના અંગે પણ ચોક્કસ સંજોગો, તપાસને અંગે માલુમ પડે. જે સંજોગો સુધારા તેમજ સગવડ માગતા હોય તે કરવા માટે જોઇતા પ્રયાસો કરવા જોઇએ. પચીશ વર્ષ ઉપરાંતથી કોન્ફરન્સની સ્થાપના થઇ છે, છતાં પ્રાથમિક કેળવણીના ઠરાવ આપણે દર બેઠકે કરવો પડે તેવી સ્થિતિ કોમની હોય તે શોચનીય છે. પ્રાથમિક શિક્ષણવાળા લગભગ ઘણાખરા જૈન બાળકો હોવા જોઇએ, તેની કોઇ ના પાડતું નથી, પણ તે બાબતમાં સમાજની ચોક્કસ શું સ્થિતિ છે તે જાણી લેવાની તાકીદે જરૂર છે. ધાર્મિક કેળવણીની સગવડને અંગે પણ વીગતો મેળવવાની જરૂર છે. જેથી કરીને ધાર્મિક કેળવણી મળી શકે તેવા સાધનો પુરા પાડવા માટે દ્રવ્યની કેટલી જરૂરીયાત છે તે બધી વીગતો જો સમાજ પાસે રજુ કરવામાં આવે તો, સમાજને તે બાતમાં કેટલા દ્રવ્યની જરૂર છે તેની ખબર પડશે. જેઓ પાસે પરમાત્માની મૂર્તિને પાંચ લાખના મુકુટ પહેરાવવા જેટલી તાકાત હોય છે તેઓ પાસે પરમાત્માના અક્ષર જ્ઞાનનો, તેના શાસનનો ફેલાવો કરાવી, પરમાત્માનાજ વચનોને માનનારાજ બાળકો માટે, ધાર્મિક જ્ઞાન મેળવવાના બાતમોઓ ખોલવા માટે પૈસા ન હોય તે શું ઓછું શોચનીય છે? પણ તેમાં દોષ કોનો છે? જેઓ સમાજને દોરવી શકે તેમ છે તેઓ એકજ માર્ગે ભક્તિના-ધામધુમના-શોભાના કાર્યો માટે અનર્ગળ દ્રવ્ય સમાજ પાસે ખર્ચાવે છે. તેમજ લાખો રૂપીયાના ગુરૂમંદિરો સાધુઓ કરાવે છે પણ ગુરૂના અનુયાયીઓને ધાર્મિક જ્ઞાન આપનાર માસ્તરના પગાર માટે જોઇતી રકમ માટે કાંઇ કરવામાં આવતું નથી.

માટે કોન્ફરન્સે, તેના આગેવાનોએ, તેની સ્ટેન્ડીંગ કમિટિએ અને કાર્યવાહી સમિતિએ આ બાબતોમાં કોમને માર્ગદર્શક થવું જોઇએ કોન્ફરન્સના ઠરાવ એકલા શબ્દમાં પસાર થવાથી દરેક કામ થઇ જશે નહિ. દરેક કામ માટે પૈસા મળી જશે નહિ તેમ કાર્ય કરનારાઓ પણ મળી જશે નહિ પણ માણસોની ને ફંડની જે જરૂરીઆતો લાગે તે કોમ સન્મુખ પોતાના વાજીંત્રદ્વારા રજુ કરવી જોઇએ તો કાર્યકર્તાઓ તેમજ ફંડ મળી રહેશે. દેવદ્રવ્યનો હાલ સુધીનો વહીવટી ઇતિહાસ કોન્ફરન્સે પ્રગટ કરવો જોઇએ. ગામે ગામમાં, શહેરે શહેરમાં કેટલા પૈસા ભેગા થયા, કેટલા ખવાઇ ગયા, કેટલા કુપી ગયા, કેટલા કોર્ટ દરબારમાં વપરાયા, કેટલા જૈન મતના વિરોધી કાર્યને મદદરૂપ થયા વગેરે વગેરે ઘણી વીગતો સ્થળે સ્થળેથી ભેગી કરી સમાજ પાસે મૂકી સમાજની આંખો ઉઘાડવી જોઇએ. અનર્ગળ દેવદ્રવ્ય હોવા છતાં શા માટે દેરાસરો હજી જીર્ણ અવસ્થામાં છે તે પણ સમાજને બતાવી આપવું જોઇએ. એવા પણ વહીવટદારો છે કે જેઓ દેવદ્રવ્યના પૈસા તેમના વહીવટમાં જથાબંધ પડયા હોવા છતાં મંદિરોના ઉદ્ધારમાં આપતા નથી. જાણે કે તેમના મહાવીર જુદા હોય. આ પરિસ્થિતિ સમાજ પાસે વ્યવસ્થિત સ્વરૂપમાં રજુ થવી જોઇએ એટલે સમાજ આપોઆપ, ક્યાં પૈસા આપવાથી સાર્થકતા છે તે સમજી જશે. કેળવણીના ઠરાવ વિષે વધુ હવે પછી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

કાર્યવાહી સમિતિએ કરેલો અગત્યનો ઠરાવ.

—:*:—

જુદી જુદી પેટા કમિટિઓની થયેલી નીમણુંક.

કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા તા. ૯-૩-૩૦ ના રોજ મળી હતી. સભાનો ટાઇમ ત્રણ વાગ્યાનો હતો. કાર્યની શરૂઆત ૩-૩૦ વાગે થઇ હતી.

આશરે ૪૦ સભ્યો હાજર હતા. પ્રમુખસ્થાન શ્રી. ચુનીલાલ રાજુરીકરને આપવામાં આવ્યું હતું.

ત્યાર બાદ કાર્યવાહી સમિતિના પ્રમુખ તરીકે શ્રી. રવજીભાઇ શોજપાળને તથા ઉપપ્રમુખ તરીકે શ્રી. મકનજી જે. મહેતાને સર્વાનુમતે નીમવામાં આવ્યા હતા.

ત્યાર બાદ કોન્ફરન્સનું કામકાજ વ્યવસ્થિત રીતે ચાલી શકે તેના માટે નીચેની પેટા સમિતિઓ નીમવામાં આવી હતી.

(૧) કાર્યવાહી સમિતિ માટે કાયદાકાનુનો બાંધનારી કમિટિ.

(૨) સુકૃત ભંડાર ફંડ સમિતિ.

(૩) જૈન યુગ અને પ્રકાશન સમિતિ.

ત્યાર બાદ બાબુ ધનુલાલજી સુમિતિનો પાવાપુરી તીર્થને અંગે આવેલો પત્ર રજુ કરવામાં આવ્યો હતો અને તેની ઉપર ચર્ચા થયા બાદ તે બાબત માટે વધારે વિગત મેળવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ સરદાર વલ્લભભાઇને અભિનંદન આપતો નીચેનો ઠરાવ શ્રી. ચીતુભાઇ લાલભાઇએ રજુ કર્યો હતો જેને શ્રી. ચીમનલાલ સીરચંદ તથા વીરચંદ પાનાચંદ શાહે અનુમોદન આપ્યું હતું. મત લેતાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ઠરાવ.

"શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની આજે મળેલી સભા સરદાર વલ્લભભાઇ પટેલને, પહેલાં જેલમાં જવા બદલ અભિનંદન આપે છે અને સરકારે જે દમનનીતિ આદરી છે તેને વખોડી કાઢે છે."

ત્યાર બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

તા૦ ક૦ પેટા કમિટિઓ માટે ચુંટાયેલા સભ્યોના નામો આવતા અંકમાં.

સમયજ્ઞ મુનિશ્રીનું સ્વાગત.

ફાલ્ગુન શુક્લ તૃતિયાની મંગળ પ્રભાતે, લાંબા સમયથી જેમના આગમનની માર્ગપ્રતિક્ષા થઇ રહી હતી એવા મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજે શ્રી સ્થંભન તીર્થની પ્રાચિન પુરીમાં વાજતે ગાજતે પ્રવેશ કર્યો. સામૈયાની કુચ ગવારા દરવાજેથી શરૂ થઇ. મધુર સ્વરે વાગી રહેલા વાજાં પાછળ, ખંભાત જૈન યુવક સંઘની સ્વયંસેવક ટુકડી શુદ્ધ ખાદીના યુનીફોર્મમાં ચાલતી હતી. તેમની પાછળ મુનિશ્રી તેમજ અન્ય સાધુઓ અને ત્યાર પછી ખંભાતની પાંચે જ્ઞાતિના ગ્રહસ્થો તેમજ યુવક વર્ગનો મોટો સમુદાય તથા સ્ત્રીવૃંદ ધીમી ગતિએ, ત્રિતારી ઢાળના માર્ગે આગળ વધી રહ્યો હતો. અન્ય દર્શની માણસો પણ વરઘોડો જોઇ આનંદ પામતા અને રસ્તામાં વારંવાર 'જૈન શાસનની જય જય,' 'મુનિશ્રી ન્યાયવિજયજીની જય જય' એવા પોકારો થઇ રહ્યા હતા. ભાટવાડા આગળના 'મોટા દહેરાસર' માં દર્શન કરી સરઘસ આગળ વધતાં, યુવક સંઘની ઓફિસ સમિપ આવી પહોંચતા, રસ્તો ચીકાર થઇ ગયો હતો. ત્યાંથી શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળા સુધીનો આખો રસ્તો તેમજ બજાર, ધ્વજા, તોરણ અને પતાકા તેમજ વિવિધ મુદ્રાલેખોવાળા બોર્ડોથી શણગારેલો હતો. ખંભાત જેવી પુરાણુ પ્રિય જૈનપુરીમાં આજના સ્વાગતથી કંઇ જુદીજ છાપ પડતી હતી. વીસમી સદી જેવા પ્રગતિના જમાનામાં પણ જ્યાં આજે ધર્મને નામે ઢકોસલા ચલાવનાર 'શાસનરસિક સોસાયટી' જેવી સંસ્થાઓ કલેશના હુતાશનમાં ઘી પુરવા રૂપ કામ કરી રહી છે અને એક કાળે જ્યાં એવા ઠેકેદારોનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું, ત્યાં સામૈયામાં પાંચે જ્ઞાતિના સમુદાયનો સહકાર એ કંઇ નાની સુની વાત નથી; સમયની બલિહારી તે આનુંજ નામ. યુવક સંઘનો પણ આ સ્થિતિ તૈયાર કરવામાં અલ્પ ફાળો નથી. આમ 'જૈનં જયતિ શાસનમ્' ની ગર્જનાઓ વચ્ચે ચિંતામણી પાર્શ્વનાથનું દેવાલય ને ધર્મશાળા આવી પુગ્યા. મંગળાચરણ બાદ મુનિશ્રી તરફથી થોડુંક પ્રવચન થયું. પ્રભાવના થયા બાદ સૌ વિખરાયા.

જુન્નર જૈન કોન્ફરન્સ સામે બાલીશ બખાળા.

અમૃતલાલ મોદીનો પામર પ્રલાપ.

લેખક : જયંતિલાલ જગજીવનદાસ ગાંધી.

—:*:—

[ગતાંકથી ચાલુ.]

બીજો પ્રલાપ.

કલાકો લગી વંચાય તેવું પ્રભાવશાળી ભાષણ, અવાજ સર્વત્ર ન પહોંચી શકવાના કારણે પ્રમુખશ્રીએ જાતે ન વાંચ્યું, એમાં અમૃતભાઇના આરોપને પુરાવો મળી ગયો છે; પણ આનો જવાબ આપો તો? શ્રી ભોયણીજીની 'દેશવિરતિ ધર્મારાધક સભા'ના પ્રમુખશ્રી કસ્તુરભાઇ અમરચંદનું ભાષણ કોણે વાંચ્યું હતું ભલા? તેની શોધ કરશો તો કેસ ખેંચી લેવા જેવો લાગશે.

પ્રમુખશ્રીનું ભાષણ અને તેનું કાર્ય અમૃતભાઇને ગેરસમજણ ઉપજાવે છે. તેઓશ્રી કાંતો જુન્નર આવ્યા નથી અને આવ્યા હોય તો પ્રથમ દિવસે પાછા ફરી ગયા છે એટલે પારકા કાને સાંભળેલું, બીજાના ચશ્મે વાંચેલું અને રામ શ્રધ્ધાથી નીર્ણય કરેલું, પછી ગેરસમજણ ન હોય કેમ?

'શાસનરસીક પ્રતિષ્ઠિત ગૃહસ્થોને' લાઠી પડવાની, એની રસીકતા, પ્રતિષ્ઠા અને ગૃહસ્થાઇનો પ્રમુખશ્રીએ બચાવ ન કર્યો એ અમૃતભાઇની આંખે ખટકે છે, પણ કયા ગૃહસ્થને? કયારે? કેના તરફથી? અને કેટલી લાઠીઓ પડી? તે આજ લગી કોઇએ નથી કહ્યું, તે કહેવાની અમૃતભાઇની પણ હીંમત નથી, કારણ લાઠી પડીજ નથી. તેમ હોત તો, તો, કમારનોએ શોરબકોર થયો હોત, દાકતરી મેજર થયા હોય અને સર્ટીફીકેટો બહાર આવ્યા હોય, પણ તેવું કાંઇ નથી. હજી પણ અમૃતભાઇને આવાહન છે કે, આવું કાંઇ હોય, તો સ્થળ, મારનાર, માર પડનાર અને પંચકયાસ, એ બધું લખે. માત્ર જુઠાણાથી જનતાને છેતરવાના દિવસો હવે આથમી ગયા છે, તે અમૃતભાઇ ન જાણતા હોય તો જાણી લે.

પ્રમુખશ્રીએ આ બકવા બહાદુરોની દાદાગીરીનો બચાવ ન કર્યો, એમાં પ્રમુખશ્રીની સાદી સમજની ખામી એની આંખે ખટકે છે. પ્રમુખશ્રીએ આ દાદાગીરીપર ફટકો ન માર્યો તે માટે આભારવૃતિ તો આ 'ધર્મ રસીકોમાં' હોયજ કયાંથી?

પ્રમુખશ્રીના ભાષણમાં મુનિસમાજપરનો અભિપ્રાય આ શ્રમણજીવી ભાઇને તડફડાવે છે, એમાં મુનિઓની ગર્ભિત નીંદાનો એને ભાસ થાય છે, પણ જે સાધનથી પ્રમુખશ્રીનું પ્રવચન બીજાએ લખ્યું છે એમ એણે માન્યું છે, તેણેજ કેટલાક કહેવાતા સાધુઓના વામમાર્ગ પર પ્રકાશ પાડયો છે તે ભરોંસાપાત્ર કેમ નથી લાગતું? પ્રમુખશ્રીના પ્રવચનમાં મુનિઓ અને શ્રમણો પર આક્ષેપ નથી, ગર્ભીત નિંદા નથી, બલ્કે તેમની પૂજા અને સત્કાર છે. ભારત વર્ષે મુનિઓને અનંતકાળથી વંદ્યા છે, હજી એના ચરણ ચુમ્બશે, પણ એ વંદનામાં, સત્કારમાં, શ્રાવકોની સેવામાં સ્વચ્છંદી સાધ્વાભાસોને સ્થાન નથી. એના સ્વચ્છંદો, ડોભાંડો અને વલ્લભી લીલાઓ સમાજના વિકારની ગડગુંબડ સમાન ચેતવણી છે, એ સાચી વાત કહી દેવા માટે પ્રમુખશ્રીની હિંમત દાદગાર રહેશે, તે અમૃતભાઇએ તોંધવું ઘટે.

અયોગ્ય દીક્ષા પરત્વે પ્રમુખશ્રીના વિચારોમાં અમૃતભાઇ પર અકલના લીલામના ઓળા પડયા છે, પણ એનો ફેંસલો સમસ્ત શ્રી સંઘે મજબુત હાથે લખી નાખ્યો છે, હવે એનો સામનો કરનાર શ્રી સંઘની સત્તાના અભેદ્ય પહાડથી અફળાઇ ભાંગીને ભુકો થશે, એ આવતી કાલનું સ્પષ્ટ છે, તેની તોંધ પણ અમૃતભાઈ લઇ લે એમાંજ એમની અને એમના પક્ષની સલામતી છે.

દેવદ્રવ્ય વગેરે સામાજીક મીલકતનો વિચાર કરનાર શ્રી સંઘના ઘરબારના લીલામ થવાની વાયકી વાત અમૃતભાઇની જીભે ચડી છે, પણ કોન્ફરન્સને તોડવા માટે, અગાસીના પ્રભુજીના મુકુટની ઓલીઓનું દ્રવ્ય વાપરી નાખવાની સલાહ અપાનારની, અને તેને અનુસરનારાઓની પ્રતિષ્ઠાનું લીલામ આજ પહેલાં થઇજ ગયું છે, એ સત્ય પણ અમૃતભાઇ સમજી લે.

સામાજીક મીલકતનો નિઃસ્વાર્થ ભાવે વિચાર કરનાર વિચારકોને, અને સુધારકો માટે, ગૃહસ્થોએ ભોજનશાળા ખોલવાની જરૂર અસ્થાને છે, પણ હરામનું ખાવાની ટેવે ટેવાયેલી દુધપાકીઆ સોસાયટીઓનેજ એ, 'અણમોલ' સલાહ અમૃતભાઇએ આપવી ઘટે.

પદ્વી, પાંડિત્ય અને પવિત્રતા કરતાં પૈસાને ઉચ્ચ સ્થાન કયાં અપાય છે? તેનો નીકાલ જુન્નર આવતાં શાસન પક્ષે પંદર રૂપીઆના સાલીઆણા આપી, ભાડુતી ભરતી કરીને આપી દીધો છે. પરિષદમાં તો વિદ્વતા, વિચારકતા અને અંતે પવિત્ર ચારિત્રને ઉચ્ચ સ્થાન છે, અને રહેશે.

કંગાળ ભીખારીઓ, "સામાજીક મિલ્કતનો સંકેત ફેરવવા કહેનારા છે" કે "દીક્ષા ફંડોપર જીવનારાઓ છે?" તે ન જાણનારા હવે શ્રી અમૃતભાઇ જેવા આંગળીને વેઢે ગણાય છે.

આનું નામ તે ન્યાય?

પરિષદ અને એના બધાયે અંગોને અપાય તેટલી ગાળો આપ્યા પછી, ફરજીઆત વૈધવ્ય નિષેધ સંબંધમાં પ્રમુખશ્રીને જે પ્રમાણીકપણે લાગ્યું તે તેમણે જણાવ્યું, એમાંજ અમૃતભાઇપર ચારિત્ર પ્રેમના પડછાયા પડયા છે. પોતાને પ્રમુખશ્રીની જે એકજ વાત ફાવી, તે પ્રમુખશ્રીનું પોતાનું અને બાકી બધું ભાડુતી. આ અમૃતભાઇના બી એ. થયેલા ફળકુપ ભેજાનું ભુસું છે. મહાસભાનો સામનો કરનાર મવાલ પક્ષનું સ્થાન કયાં છે? એનો અવાજ સાંભળનાર કોણ છે? એના પ્રતિનિધિઓ કેટલા? સરકાર અને પ્રજાપર એના અવાજની અસર શી? અને કેટલી છે તેનો અંદાજ અમૃતભાઇની બી. એ. લગીનું વાંચન કરી ઝાંખી થયેલી આંખો કદાચ નહિં તારવી શકે, પણ આઝાદીનો જયઘોષ ગજવનાર આઝાદ ભારતે એનો અડસટ્ટો આંકયો છે અને તેથીજ આજના નવજવાન ભારતના નેજા નીચે કરોડોની માનવતા મળે છે. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, એ ભારતના સમસ્ત જૈનોની મહાસભા છે, એની પ્રતિષ્ઠા એ ભારતીય જૈનનો પ્રાણ છે, તેનો સામનો કરનાર કોઇ કોઇ 'પ્રખર અને પ્રવર'ના ટુંકા પુંછડા વળગાડી ફરનાર મવાલી 'મૂનિ' હોય, કોઇ ડાહ્યલો 'દેશવિરતિ' હોય, કોઇ કહેવાતો 'શાસન પ્રેમી' હોય કે કોઇ ધાંધલીઓ ધર્મ પક્ષી હોય, જે હોય તે હોય, પણ જૈન મહાસભાની પ્રતિષ્ઠાપર પગ મુકનાર એનો દુશ્મન છે, શાસનનો અને સમાજનો તે દ્રોહી છે, પછી તે કેટલીએ કહેવાતી લાગવગ, મુડી, પદવી કે પ્રતિષ્ઠા ધરાવતો હોય. એવા કોઇ પણ તત્વો, બંડો, કે ઇશમોને જૈન મહાસભાની પ્રતિષ્ઠાના ભોગે કોઇ પણ સાચો જૈન નહિંજ નભાવી લે અને જાગૃતિની આ અનેરી ઉષામાં અધીરો બનેલો જૈન યુવાન, એ તોફાનોનો કયો ઘાટ શી રીતે ઘડશે એ કલ્પવું મુસ્કેલ છે. આજે કાંડા બાવળાના બળમાં મુસ્તાક બનેલી મદઘેલી સત્તા સામે પણ ભારતીય યુવાન હુંકાર કરે છે, ત્યારે જેના પક્ષમાંથી ધર્મ, ન્યાય, નીતિ, સમાનતા, સહીષ્ણુતા અને એવા બધાયે માનવોચીત્ત તત્વો પરવાર્યા છે, તેવા પતંગીઆઓ પોતાનેજ પાપે આજના યુવક જ્યોતની અખંડ બળતી વિશુદ્ધિ અને ચારિત્રની દીપમાળામાં આપોઆપ બળી ભસ્મીભૂત થશે. વિશુધ્ધિ, ત્યાગ, સચ્ચાઇ, અહિંસા અને શુદ્ધ ચારિત્રનો જય થાવ. જય પરિષદ દેવીનો.

આવતો અંક વી. પી.

અગાઉથી જાહેર કર્યા મુજબ જે ગ્રાહકોની ના આવી નહીં હોય તેઓને બારમો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે. વાર્ષિક લવાજમ તથા પોષ્ટ ખર્ચના મળી રૂ. ૨ ૩-૦ નું વી. પી. કરવામાં આવશે. વી. પી. આવે દરેક ગ્રાહકો છોડાવી લેશે, તેવી અમો આશા રાખીયે છીએ.

સભ્યોને સુચના.

ઘણા સભ્યો તરફથી ફરીયાદ કરવામાં આવે છે કે તેમને ત્રણ ચાર અઠવાડીઆથી કોપી મળતી નથી. ખુલાસામાં જણાવવાનું કે હવેથી જે સભ્યો પાસેથી મેમ્બર ફી ઉપરાંત પત્રિકાના લવાજમનો રૂ. ૧-૦-૦ વસુલ આવી ગયો છે, તેઓનેજ પત્રિકા મોકલાય છે. જે સભ્યોને પત્રિકા જોઇતી હોય તેઓ સંઘની ઑફીસમાં, અથવા જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦, જકરીયા મસ્જીદ એ શીરનામે પોતાનું લવાજમ મોકલી આપશે જેથી તેઓને પત્રિકા મોકલવામાં આવશે. **વ્યવસ્થાપક.**

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૨ મો. | સંવત ૧૯૮૬ ના ફાગણ વદી ૩. તા૦ ૧૭-૩-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના આશ્રય નીચે જાહેર સભા.

જુન્નેર કોન્ફરન્સનો સંદેશ.

અગાઉથી જાહેર કર્યા મુજબ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં તા. ૯-૩-૩૦ ને રવીવારના દિને રાતના ૭-૩૦ (મું. ટા.) વાગે જૈનોની એક જાહેર સભા મળી હતી. હાજરી સારા પ્રમાણમાં હતી. હોલ લગભગ ચીકાર થઇ ગયો હતો.

શરૂઆતમાં મી. હરિલાલ માંકડે સભા બોલાવવાનો સરકયુલર વાંચી સંભળાવ્યો હતો. શ્રી. વીરચંદ પાનાચંદ શાહની દરખાસ્તથી અને શેઠ મગનલાલ મુળચંદના ટેકાથી પ્રમુખસ્થાન જાણીતા કચ્છી આગેવાન શેઠ નાનજી લધાભાઇને આપવામાં આવ્યું.

ત્યાર બાદ આજની સભાના મુખ્ય વકતા રા. મોહનલાલ દેશાઇએ તિર્થને નમસ્કાર કરી જુન્નેર કોન્ફરન્સ ઉપર બોલતાં જણાવ્યું કે આ અધિવેશન મેળવતી વખતે સંજોગો વિપરીત અને વિષમય હતા એમ કેટલાકો માનતા હતા, અને કોમ સમક્ષ પડેલા દીક્ષા જેવા વિષયો ઘણાઓને મુંઝવતા હોય તેમાં નવાઇ નહિં. આવા વાતાવરણ છતાં મેં બધાને કહ્યું હતું કે કોન્ફરન્સમાં નહિં આવે તે કાયર ગણાય. ભયથી ડરવું ન જોઇએ.

આગળ બોલતાં તેઓશ્રીએ સ્વાગતાધ્યક્ષ શ્રી. રાજુરીકર વીગેરે મહારાષ્ટ્રીય વીરોના, તેમણે ઉઠાવેલી જહેમત તથા આત્મભોગ બદલ વખાણ કર્યાં હતાં.

વધુમાં જણાવ્યું કે અનેક મુશ્કેલીઓ કાર્યકર્તાઓને નડી હતી પણ કાર્ય ઘણીજ શાંતિથી કોઇનું દીલ ન દુઃખાય તે રીતે લેવામાં આવ્યું. ભિન્ન મતવાદીઓ શનિવારે રાતનાં પણ આવ્યા હતા અને તે વખતે પણ તેમને ઘટતી સગવડો આપવામાં આવી હતી. શનિવારે તેમને એમ જણાયું કે આપણો પક્ષ નહાનો છે અને આપણું ધાર્યું બને તેમ નથી તેથી તેઓને જુન્નર છોડી ચાલ્યા જવું ઇષ્ટ જણાતાં તે માર્ગ સ્વીકાર્યો અને માર્ગ સરળ કર્યો તે બદલ તેમનો આભાર માનું છું.

ઠરાવો ઉપર બોલતાં જણાવ્યું હતું કે ઠરાવો બધા સમય ધર્મને માન આપી કોમની પ્રગતિ લક્ષમાં રાખી કરવામાં આવ્યા છે. દીક્ષાના ઠરાવ ઉપર બોલતાં જણાવ્યું હતું કે જૈન કોમના બાળકો અને બાળિકાઓ–એ શ્રાવક સંતાનોને દીક્ષા આપવા મુનિરાજો તૈયાર થાય ત્યારે તેમણે તેમના માતપિતા અને સ્થાનિક સંઘની પરવાનગી મેળવવી જોઇએ એમ પૂજ્ય મુનિરાજોને આ મહાસભાએ જણાવી દીધું છે તે પણ ઉચિતજ થયું છે. પ્રગતિ કરવી હોય તો સમયધર્મને અનુસરવું જોઇએ. બાદ સુકૃત ભંડાર ફંડ અને કેળવણીનાં કાર્યો ઉપાડી લેવા યુવકોને અપીલ કરી હતી.

ત્યારબાદ મોહનલાલ બી. ઝવેરીએ સમયધર્મ ઉપર ટુંક વિવેચન કર્યું હતું. પંડિત લાલને પણ સેવાધર્મ વિષે સુંદર વિવેચન કર્યું હતું. દીક્ષાના ઠરાવ ઉપર બોલતાં જણાવ્યું હતું કે આપણે ભાગવતી દીક્ષાના વિરોધી નથી પરંતુ અયોગ્ય દીક્ષાના વિરોધી છીએ. દીક્ષા એ સાધન છે અને પ્રભુ મહાવીર જેટલો વિકાસ તે સાધ્ય છે, માટે દીક્ષામાં સોનું પસંદ કરો, પીંચગોલ્ડ નહીં. અયોગ્યને દીક્ષા આપવી તે પીંચગોલ્ડ લેવા જેવું ગણાય.

ત્યારબાદ પંડિત આણંદજીએ જોરદાર ભાષામાં જૈન કોમનો પૂર્વ ઇતિહાસ અને હાલ થયેલી પરિસ્થિતિનું સુંદર દિગ્દર્શન કરાવ્યું હતું. છેવટે શ્રી. રાજુરીકર તથા શ્રી. મણીલાલ સુંદરજીના વકતવ્ય પછી પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં પોતાને પ્રમુખસ્થાન આપવા બદલ આભાર માન્યો હતો. ઠરાવોની સમાલોચના કરતાં જણાવ્યું કે દીક્ષાનો ઠરાવ જે રીતે થવો જોઇએ તેટલો થયો છે છતાં જોઇએ તેટલો કઠણ નથી. બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા પોણા અગીયાર વાગે જયનાદો વચ્ચે વિસર્જન થઇ હતી.

જુન્નેર જૈન કોન્ફરન્સ.

સ્વાગતાધ્યક્ષને સંઘ તરફથી માનપત્ર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમા અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ શેઠ ચુનીલાલ સરૂપચંદ પારેખ રાજુરીવાળા ને જુન્નેર સકલ સંઘ તરફથી માનપત્ર આપવાનો એક મેળાવડો ગત્ તા. ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૩૦ ના રોજ શ્રી જૈન ધર્મશાળાના વિશાળ હોલમાં કરવામાં આવ્યો હતો, જે પ્રસંગે ગામના સર્વે જૈન ભાઇઓ તથા અન્ય પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી. શેઠ ચુનીલાલ રવચંદ કહુસકરની દરખાસ્તને શેઠ બાપુલાલ બાલુભાઇનો ટેકો મળતાં શેઠ છગનલાલ માનચંદને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું.

શરૂઆતમાં શેઠ મોતીચંદ દલીચંદે કોન્ફરન્સના અધિવેશનની અસાધારણ ફતેહ સંબંધે વિવેચન કર્યું હતું. શેઠ ચુનીલાલની સેવાની યાદ આપી હતી. જુદા જુદા વકતાઓ તરફથી પણ પ્રાસંગિક વીવેચનો થયા હતા. ત્યાર બાદ શેઠ ચુનીલાલ રવચંદ કહુસકરે જુન્નેર સંઘ તરફથી આપવામાં આવનાર માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. અને તે માનપત્ર ચાંદીના કારકેટમાં શેઠ ચુનીલાલ સ્વરૂપચંદ રાજુરીકરને એનાયત કરવામાં આવ્યું હતું.

રા. ચુનીલાલ રાજુરીકરે માનપત્રનાં જવાબમાં જુન્નેર સકળ સંઘનો આભાર માન્યો હતો અને પ્રાસંગીક વીવેચન કર્યું હતું.

બાદ હારતોરા આપ્યા બાદ સભા વિસર્જન થઈ હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જુન્નેર કોન્ફરન્સ.

ઠરાવોની સમાલોચના.

પ્રાથમિક કેળવણી સંબંધીની સમાલોચના અમોએ ગયા અંકમાં કરી હતી. હવે ઠરાવમાં ઉચ્ચ કેળવણી આપવા અર્થે પાઠય પુસ્તકો–સાહિત્ય ગ્રંથો વગેરે તૈયાર કરવા ભલામણ કરે છે, અને તે ઉપરાંત શિષ્ય વૃત્તિઓ તથા વિદ્યાર્થી–ભુવનો સ્થાપવાની ભલામણ કરે છે. આવી ભલામણો ઘણા વર્ષોથી કરવામાં આવે છે; જો કે સામા પક્ષ તરફના ચાલુ હલ્લાઓ છતાં કેટલીક સંસ્થાઓ વિદ્યાર્થીઓ માટે સ્થાપવામાં આવી છે અને તે મજબુત કરવાના પ્રયાસો તે તે સંસ્થાઓના કાર્યવાહકો તરફથી કરવામાં આવે છે, તેને માટે તેઓ ધન્યવાદને પાત્ર છે–સ્કોલરશીપ આપવાનું કાર્ય પણ જુદા જુદા મંડળો–સંસ્થાઓ તરફથી કરવામાં આવે છે. જે દિશામાં શ્રીયુત્ સારાભાઇ મોદીની લોન ફંડની યોજનાએ સારો ફાળો આપ્યો છે, કે જેનો યોગ્ય સંખ્યાના જૈન વિદ્યાર્થીઓ લાભ લે છે પરંતુ હજુ એવા ઘણા સ્થળો છે કે જ્યાં હજુ આટલી સગવડ પુરતી નથી. વિદ્યાલયો–ગુરૂકુળો તેમજ બોર્ડીંગોના ઉપર આવતી અરજીઓની સંખ્યા અને તેમાંથી કેટલી અરજી પાસ થઇ શકી. તે સંખ્યા જો પ્રગટ કરવામાં આવે તો માલુમ પડે કે કેટલા વિદ્યાર્થીઓને જગ્યાના અભાવે નિરાશ થવું પડે છે. સમાજના મોટા ભાગની સ્થીતિ મુંબઇના ખર્ચો પોતાના પુત્રો માટે ઉપાડી શકે તેવી નથી. કેળવણી અર્થે જો કે આર્ટની લાઇનની સગવડ ઘણાખરા શહેરોમાં હોય પરંતુ તે લાઇનમાં અભ્યાસ કરી પાસ થયેલાની સંખ્યા ઘણી હોવાથી, તે લાઇનમાં અભ્યાસ કરનારને જીંદગીની જરૂરીઆત પુરતા પગાર આપનારી નોકરીઓ મળી શકતી નથી એટલે ઘણા વિદ્યાર્થીઓને આ લાઇન સિવાયની ઉંચી કેળવણીથી બેનશીબ રહેવું પડે છે. તેથી આવાં ખાતાંઓની સ્થળે સ્થળે સ્થાપન થવાની ઘણી જરૂર છે, તે હકીકત ઉપર કોન્ફરન્સે યોગ્ય રીતે સમાજનું ધ્યાન ખેંચ્યું છે. એજ્યુકેશન બોર્ડ આ વિષયમાં આંકડાઓ તથા વિગતો સાથે પ્રસંગોપાત સમાજનું ધ્યન ખેંચશે તો વ્યવહારૂ અમલ થશે તેવો સંભવ છે.

હવે કેળવણીના એક બીજા વિભાગ ઉપર પણ સમાજનું લક્ષ ખેંચવું જરૂરનું ધારીએ છીએ. યુરોપ તથા અમેરિકા વિ. આગળ વધેલા દેશોમાં કેળવણી આપનારી સંસ્થાઓ સ્થાનિક સરકાર તરફથી તો સ્થપાયજ છે, પરંતુ સામાન્ય પ્રજાજન તરફથી પણ તેનાં ખાતાંઓ ખોલવામાં આવે છે અને લાખોની રકમો જુદા જુદા ગૃહસ્થો મળીને કેળવણી આદિ સંસ્થાઓમાં ખર્ચે છે, એટલે તે પ્રદેશોની વસ્તીનો મોટો ભાગ કેળવણી પ્રાપ્ત કરી શકે છે, તેમજ જુદી જુદી વિદ્યાઓમાં નિષ્ણાત બને છે અને તેથી તેઓ તે વિદ્યાનો લાભ લઇ જુદા જુદા ધંધામાં સફળતા મેળવે છે. આપણે ત્યાં પ્રજા તરફથી તેવી સંસ્થાઓ સ્થાપવામાં આવતી નથી. થોડીક અપવાદરૂપે સ્થપાઇ હશે તો તેના ફંડો પૂરતા નહિં હોય. મકાનો સારાં હશે પરંતુ નિભાવ માટે જોગવાઇ નહિં હોય. આવી સ્થિતિમાં બીજી કોમોની સાથે જૈન કોમ તરફથી પણ તેવાં ખાતાંઓ ખોલાયા ન હોય તે સ્વાભાવિક છે. પરંતુ હવે પ્રજાની સાથે મળીને જૈન કોમે આવી કેળવણીની સ્વતંત્ર સંસ્થાઓ ખોલવાની ખાસ આવશ્યકતા ઉભી થઇ છે.

જુન્નેર કોન્ફરન્સ.

રૂઢીચુસ્ત વર્ગ અને રા. 'મૌક્તિક.'

કોન્ફરન્સમાં અનેક સારી વાતો થઇ, નિર્વીઘ્ન ચાલતી સંસ્થા પુનઃ જીવનવાળી બની અને પ્રગતિના અનેક પ્રશ્નોને જનવિચારણામાં મૂકવા ઉપરાંત એણે બંધારણના સવાલને ખુબ અપનાવ્યો. બંધારણનો સવાલ અતિ મહત્વનો હતો અને તેપર અનેક વિચારકોએ દિવસો ગાળ્યા હતા અને ચર્ચા કરી હતી. તેપર ખુબ વિચારણા કરી એ સવાલને હાથ ધરી શકાયો, એ સર્વ આનંદવાર્તા થઇ તેમાં એક છમકલું પણ થઇ ગયું. જો કે એ મંડપ બહાર બની ગયું, છતાં એ અધિવેશનને અંગે હોઇ એનો ઉલ્લેખ કર્યા વગર આ મહાસભાની પર્યેષણા કે પર્યાલોચના પરિપૂર્ણ નજ ગણાય. જૈન કોમમાં અત્યારે જેમ પ્રગતિ કરવાની વિશાળ ભાવના જાગી છે, તેમ તેની સાથેજ એક રૂઢિચુસ્ત વર્ગ કોઇ પણ બાબતમાં આગળ પગલાં નજ ભરાય તેમજ જોવા ઉત્સુક થઇ રહ્યો છે. એને સમયધર્મની પરવા નથી, એને શાસ્ત્રના ફરમાનોની દરકાર નથી, એને દેશકાળના સૂત્રો જોવા નથી, એને વિધિનિષેધમાં એકાંત માર્ગનાં નિષેધની દરકાર નથી, એ તો જરા પણ આગળ વધવામાં શાસનવિરૂદ્ધતા દેખે છે અને સ્થિતિચુસ્તતામાં ખેલે છે. એ વર્ગ કોઇનો સમજાવ્યો સમજે તેમ નથી અને પ્રગતિને રોકવા નાહક પછાડા મારી પોતાની શક્તિ અને પોતાના સમયનો દુરૂપયોગ એક મદારીની ઉશ્કેરણીએ કરી રહ્યો છે એ વર્ગના થોડા મનુષ્યો કેટલાક તરંગી સૈનિકોને લઇને જુન્નેર આવ્યા. ત્યાં કાયદેસર 'લડત' કોને કહેવાય તેના જ્ઞાન વગર, માત્ર મુંબઇમાં દિવસો સુધી થયેલી ઉશ્કેરણીને આધીન રહી વગર ટીકીટે મંડપમાં દાખલ થવા પ્રયત્ન કર્યો, તે પહેલાં પ્રમુખનું ભાષણ રદ કરાવવા અથવા તેમાંથી તેમની દ્રષ્ટિએ વાંધા પડતા ફકરાઓ દૂર કરાવવા પ્રયત્ન કરી રહ્યા. પોતાની વિચારશક્તિને ઘરેણે મૂકી આવેલા એ ગેરકાયદેસર આગળ વધનારા મહાપુરૂષો મદારીની દોરીએ ચાલ્યા, પણ લડત કેમ થાય તેનો માર્ગ બતાવનાર કોઇ ન હોવાથી આખી બાજી ખોઇ પાછા ગયા. પ્રમુખનું ભાષણ એ ચેડા કાઢવા જેવી ચીજ નથી, એના ઉચ્ચાર કોઇનો અધિકાર ન હોઇ શકે કે, આવા અધિવેશનમાં વગર ટીકીટે જવાની માગણી પણ ન કરી શકાય, એટલું પણ ન સમજનાર આ નરનાયકોની ખરેખર વિચાર કરે તો ધડો મળે એવી સ્થિતિ થઇ છે. આ કામમાં લડાઇ કરવા જનારે પોતાના હથિયાર અને બળાબળનો વિચાર કરવો ઘટે છે. બહુમતિને માન આપતાં શીખવું પડે છે અને સીકદરી હુકમો વ્યવસ્થિત સંસ્થામાં ચાલી શકતા નથી–એટલું જાણવું પડે છે લડતની પદ્ધતિ ન સમજનાર પોતાનો મુદ્દો કેવો હાસ્યાસ્પદ રીતે ગુમાવી નાખે છે અને જગતને મુખ પણ બતાવતાં કેવું શરમાવું પડે છે એનું આખું નાટક જુન્નેરમાં ભજવાઇ ગયું; અને પછી અમને ભાતદાળ ખવરાવ્યા અને મેજીસ્ટ્રેટે ચાપાણી પાયા–આવી આવી વાતો કરવી પડે છે. આવા આક્ષેપ કરતાં પહેલાં પ્રત્યેક પ્રતિનિધિ સવારે શું જમ્યા હતા તે તો પૂછવું હતું! અને માજીસ્ટ્રેટે ચાપાણી કયાંથી આપ્યા? તે આપી શકે ખરા? જુન્નેર છોડી જવા હુકમ કર્યો કે સલાહ આપી? આવા

આવા હેવાલો 'ધર્મિ'વર્ગ હોવાનો દાવો કરનાર છાપાપર મોકલે અને જનતાને હસવાનું કારણ આપે એમાં જરા પણ શાસનપ્રિયતા હોય તો ખરેખર આખી બાબત ફરી વિચારીજ જવાનો સમય આવી પહોંચ્યો છે. આ સમયમાં કોઇની ઉશ્કેરણીને તાબે થવું યોગ્ય નથી. જૈન શાસન કદિ નવયુગને ન ઓળખનાર ચલાવી શકે નહિ અને આંધળુકીઆ કરવાના ઉપદેશને તાબે થવામાં અક્કલની કિંમત થાય છે એ વિસારવા જેવું નથી. નવયુગની નોબતો ગડગડી છે અને સત્તાનાં સિંહાસનો ડોલી ગયાં છે, તેવા વખતમાં ભાષણો અટકાવવા કે સંસ્થાને ચુંથી નાખવી એ બને નહિ, ખોજે નહિ, શોભે નહિ છતાં ભૂલ થઇ છે, તે ઉપર વળી તેલનું ટીપું શામાટે મૂકાય છે!! કાયદેસર લડત કેમ થાય? તેના પાઠો શીખવાની વાત તો બાજુ ઉપર રહી, પણ હજુ એકડા પણ ઘુંટતા આવડતા નથી, તેવા વર્ગને આ લડતમાં સ્થાન ન હોય. અત્યારે તો સમયધર્મના મોરચા મંડાયા છે અને પ્રચંડ ક્રાંતિ બારણે ઉભી છે. જ્ઞાનજાગૃતિના કાળમાં ગોટાળા નહિ ચાલે, ધમાલો નહિ નભે, ગર્જનાઓ નહિ કામ આપે, અહીં તો શૂરવીર સમજુ વ્યવસ્થિતોનું કાર્ય છે. આ છમકલાનાં સંચાલક, પ્રેરક અને અને ઉત્તેજક હજુ પણ વિચાર કરી પોતાનું સ્થાન સમજી બેસી રહે, બાકી અકકલની કિંમત કરાવવી હોય તો મેદાને જંગ સર્વ માટે ખુલ્લુંજ છે. વ્યવસ્થિત અધિવેશન ઉપર આ છમકલાની જરાપણ અસર નથી થઇ અને એ છમકલાને પરિણામે એની, એના કાર્યવાહકોની અને એના ઉપર પ્રેમ પાથરનારની કિંમત વધી છે એમ લાગે છે. અહિંસાના અનુયાયીઓ અને ઉપદેશકો હિંસાનું સાચું સ્વરૂપ સમજશે એટલે આવા અટકચાળા સ્વતઃ શાંત થઇ લય પામી જશે. અંતે તો વ્યવસ્થાનો વિજયજ છે. ઉપરના છમકલાની અસર એ થઇ કે ગુણાનુરાગી અનેક બંધુઓ આડે રસ્તે દોરવાતા તે માર્ગ ઉપર આવી ગયા. એ રીતે એવા તોફાનના ઉત્પાદકો અને પ્રેરકોએ અધિવેશનપર આભારજ કર્યો ગણાય.

ધર્મિવર્ગનો અને સેક્રેટરીઓનો ખુલાસો સાથે સાથે રાખી વાંચવામાં આવે છે ત્યારે કહેવાતા 'ધર્મિ'ઓ માટે બહુ ગ્લાનિ થાય છે. એમના ઉતારા અને ખાવાની ચીજો માટેના વેધવચકા તો ખરેખર જુના જમાનાના બૈરાઓને પણ શરમાવે તેવા છે અને પ્રમુખના ભાષણમાં ફેરફાર કરવાનો આગ્રહ 'બાલીશ' દેખાય છે. સેક્રેટરીઓની ઉદારતા, શાંતિ ફેલાવવાની ચીવટાઇ અને ધુંચવણ કાઢવાની પદ્ધતિ માટે માન ઉત્પન્ન થાય તેમ છે.

કોન્ફરન્સના કેટલાક ઠરાવો પર વિસ્તારથી વિચારણાની જરૂર છે; તેપર હવે પછી યથાવકાશ ચર્ચા કરવાની ભાવના રાખી અત્રે વિરમીએ. એક વાત આ પર્યાલોચના બંધ કરતા કહી દેવાની છે. ધાર્યા કરતાં અધિવેશન ઘણું વધારે સરળ નીવડયું તેના કારણો પ્રમુખશ્રીની શાંતિ, મહારાષ્ટ્રિય બંધુઓની ધગશ, કાર્યવાહકોની હાજરી અને નવયુગની પ્રમાણિક લડત છતાં પતાવટની ચીવટ વિગેરે છે–એ ઉપરાંત બીજાં નાનાં મોટાં અનેક કારણો, પ્રયત્નો અને પ્રેરણાઓથી આ અધિવેશન સફળ થયું છે અને જૈનશાસન હજુ જયવંતુ વર્તે છે એનો અચૂક પૂરાવો મળ્યો છે. શિવાજી મહારાજની જન્મભૂમિ જૈનજનતાના પ્રગતિના ઇતિહાસમાં એક સુંદર પ્રકરણ પૂરી પાડતી હોઇ ચિરસ્મરણીય રહેશે.

[શ્રી "જૈન ધર્મ પ્રકાશ"ના ફાગણ માસના અંકમાંથી]

એ પીત્તળના રૂપીયા ?

મુંબઇ સમાચારનાં "જૈન ચર્ચા"ના લેખકને મોટા ભાગે મુંબઇની જૈન પ્રજા સારી રીતે ઓળખે છે. તેઓશ્રી તા૦ ૧૫-૩-૩૦ ના મુંબઇ સમાચારના અંકમાં, જૈન ચર્ચામાં એક જૈન ગ્રેજ્યુએટના અવસાનની નોંધ લેતા લખે છે કે–"આ ભાઇને જુન્નેર કોન્ફરન્સના દીક્ષાના ઠરાવના અંગે બહુ લાગી આવવાથી તેમના હૃદય ઉપર સખ્ત આઘાત થયો હતો અને તેથી તેમનું મરણ નીપજ્યું." તેમ તેઓ લખે છે?· અમોને તેઓશ્રીના મરણ માટે બહુ ખેદ થાય છે, પરંતુ મૃત્યુ એ અનિવાર્ય છ અને જીવનો આયુ કર્મનો યોગ પૂર્ણ થતા જીવ કર્માનુસાર ગતી કરે છે. કર્મના આ અટલ સિદ્ધાંતથી કોઇ મુકત નથી, આ વાત લેખક મહાશય ભુલી જાય છે.

મરનારની પછવાડે તેમના ગુણદોષનું વિવેચન કરવું એ અયોગ્ય કહેવાય; પણ જૈન ચર્ચાના લેખક મહાશયે આ મરણની નોંધ એવા પ્રકારે રજુ કરી છે, જેથી નીચેની નોંધ લેવાની ફરજ પડી છે. આજથી ત્રણ વર્ષ પહેલા શ્રી શત્રુંજય તીર્થ પર વિપત્તિનાં વાદળ ઘેરાયાં હતાં અને શ્રી સંઘને યાત્રા ત્યાગ કરાવવાનો ઠરાવ કરવો પડયો હતો. આવા અતિ દુઃખદ પ્રસંગે આ ધર્મપ્રેમી ભાઇઓમાંના કોઇનાં હૃદયને આઘાત કેમ ન થયો? અને આ જુન્નેરના દીક્ષાના ઠરાવમાં આઘાત થઇ આવે છે. અને શ્રી જુન્નેરની કોન્ફરન્સે દીક્ષાના સંબંધે શું અયોગ્ય ઠરાવ કર્યો છે કે જેથી શાસનપ્રેમીઓના હૃદયનો હ્રાસ થાય. માતાપિતાની આજ્ઞા અને સ્થાનિક સંઘની રજા એ દીક્ષા લેનારની લાયકાતનું સુપ્રમાણપત્ર છે. તેથી તો દીક્ષા આપનાર ગુરૂ, દીક્ષા લેનાર શિષ્યના યોગ્યાયોગતા વિષેની ચિંતાથી મુકત થાય છે. સો ટચનું સુવર્ણ છે એ ખાત્રી થયા પછી ફીકર શી? વહેવારમાં પણ ધંધારોજગારમાં માણસની જરૂરીઆતે સારા માણસની ભલામણવાલા માણસને પહેલું સ્થાન મળે છે, એટલે જુન્નેરમાં શ્રી કોન્ફરન્સે દીક્ષા સંબંધે કરેલો ઠરાવ આ દ્રષ્ટિએ પણ દીક્ષા આપનાર સદ્‌ગુરૂને તો સાનુકુળ થઇ પડે તેવો છે.

વળી જૈન ચર્ચાના લેખક મહાશય તેજ અંકમાં બીજી નોંધ લેતા લખે છે કે "વલ્લભવિજયજીના પાલણપુરના એક વૃદ્ધ ભકત હમણા લગ્ન કરવાના છે."

વલ્લભવિજયના એક ભકત? આમ વ્યંગમાં લખવાનો તેમનો શું હેતુ છે, તે વાંચનાર સારી રીતે સમજી શકે તેમ છે. હું એ લેખક મહાશયને પુછું છું કે આપણે બધા શ્રી મહાવીર પ્રભુના ભકતો હોવા છતાં, કયા બધા સદ્‌ગુણથી ભરેલા છીએ? શુ આપણે મહાવીરના ભકત હોવા છતાં રાત્રી ભોજન નથી કરતા? અસત્ય નથી બોલતા? બીડી, ચાહ આદી વ્યસનો નથી સેવતા? બીજેરે દોષોથી આપણે મુકત નથી, એમાં દેવ અને ગુરૂનો શો વાંક? જે જેવું કરશે તે તેને ભારી છે, તેમાં દેવ અને ગુરૂનું નામ જોડવાનું શું પ્રયોજન? પણ કહેવત છે કે મોર કળા કરવામાં કુશળ છે પણ પાછળ તેનો ગુહ્ય ભાગ ઉઘાડો પડી જાય છે, તેનું તેને ભાન હોતું નથી. આ લેખક મહાશયની પણ એજ સ્થીતિ છે. પ્રભુ! આવાઓને સદ્‌બુદ્ધિ આપે એજ.

લી૦ શિવલાલ લવજી શાહ.

આવતો અંક વી. પી.

ચોક્કસ સંજોગોને અંગે આ અંક વી. પી. થઇ શકયો નથી. હવે જે ગ્રાહકોની ના આવી નહીં હોય તેઓને આવતો અંક વી. પી થી રવાના કરવામાં આવશે. વાર્ષિક લવાજમ તથા પોષ્ટ ખર્ચના મળી રૂ. ૨-૩-૦ નું વી. પી. કરવામાં આવશે. વી. પી. આવે દરેક ગ્રાહકો છોડાવી લેશે, તેવી અમો આશા રાખીયે છીએ.

આરોગ્ય પ્રદર્શન, જુન્નેર.

જૈન સેનેટરી એસોસીએશન તરફથી નીમાયેલ આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવાની કમિટિએ જુન્નેર મુકામે આરોગ્યતાનું પ્રદર્શન ભરી ડો. પ્રાણજીવનદાસ મહેતાને પ્રમુખસ્થાન આપી, આરોગ્યતાના વિષયમાં જૈન ક્ષેત્ર માટે સુખ શાંતિની કેટલી જરૂરીઆત છે તે સાબીત કરવા કોશિષો કરી હતી. આરોગ્યતાના વિષય વિષે એક મનનીય ભાષણ મી૦ મહેતાએ કર્યું હતું જેમાંથી કેટલાક ફકરાઓ અમો નીચે મુજબ ટાંકીએ છીએ.

"પોતાને મળેલી શકિત અને સ્વતંત્રતાથી સ્વચ્છંદી બનતો મનુષ્ય કુદરતની રચના અને નિયમોનું ઉલ્લંઘન કરવા લલચાય છે અને પોતાની બુદ્ધિ પર વિશ્વાસ રાખી અકુદરતી જીવનવ્યવહાર કરતાં અચકાતો નથી. પરંતુ કુદરતના નિયમો તો વિશ્વના સૈન્ય અને ચૈતન્ય માટે એક સરખાજ છે તો મનુષ્યને તેના દરેક અકુદરતી પગલા માટે સહેવું પડે છે અને તેથી તેની જીવનશકિત તેટલી ઓછી થાય છે.

* * *

માનવરૂપી યંત્ર એટલે અસ્થી અને સ્નાયુઓ, ચરબી અને પીંડો, રકત અને ત્વચા, એવા અનેક અનેરા તત્વોનું અજબ યુકિતથી કરાયેલ સંયોજન. તે યંત્રમાં ગોઠવાયલા હૃદય કે ફેફસા, મગજ કે મુત્રપીંડ, હોજરી કે આંતરડા, હાથ કે પગ ઇત્યાદી નાના મોટા અનેક ચક્રોની શ્વાવોશ્વાસ કે રૂધીરાભિ ચરણ ક્રિયા, પાચન કે વિસર્જન ક્રિયા, સમજ કે ગતિ ક્રિયા, એટલીજ અદ્‌ભુત અને અલૌકિક ક્રિયાઓ સતત ચાલી રહી છે કે જેનો વિચાર કરતાં કુદરતની રચના–શકિતના પ્રભાવમાં મનુષ્ય બુદ્ધિ મુગ્ધ થઇ જાય તો તેમાં નવાઇ નથી. વિશ્વભરના બધા સર્વોત્તમ તત્વો અને તેની શકિતઓને સાડાપાંચ ફીટ ઉંચા, દોઢેક ફીટ પોહળા અને એકાદ ફીટ જાડા એવા ત્રણ મણના માનવદેહમાં ગોઠવીને કુદરતે પોતાના હાથ ધોઇ નાંખ્યા છે.

* * *

આમ રાજકુમારની જે સત્તા અને શકિતવૈભો પણ ભણ્યા વિનાનો એટલે અજ્ઞાન એવો કુદરતનો રાજકુંવર સ્વચ્છંદી બન્યો. અજ્ઞાનમાં ફાંફાં મારતા જીવનનો સ્વભાવિક ક્રમ ચુકાય અને તેની શાંતિ અને સ્વસ્થતા નષ્ટ થાય આથી માનવી મુંઝાય. સ્વભાવિક સુખ નષ્ટ થતાં કૃત્રિમ વિલાસ મેળવવા મનુષ્ય પ્રયત્ન કરે, ક્ષણિક સુખ મળે, પરંતુ પરિણામ તો મરતા ઘોડાને ચાબુક મારી ચલાવવા જેવું થાય.

* * *

જૈન કોમના ૩૫ લાખ માણસોમાંથી સેંકડો કુટુંબને સામુદાયિક રાહત કાર્યોદ્વારા મદદ આપી શકાય તો તેટલા કુટુંબનું કેટલું ખર્ચ બચે અને તે ઉપરાંત કેટલી જનસમૃદ્ધિ નાશ પામતી અટકે તેના આંકડાઓ કાઢવા બેસીએ તો મતી મુંઝાઇ જાય છે.

* * *

બોલેલું, કાર્યમાં વર્તનમાં ઉતારવાનો સમય આવી લાગ્યો છે. આવા અનેક ભાષણો કરવાથી વસ્તુસ્થીતિ સુધરવાની નથી. દરદીના બીછાના પાસે દર્દ શાથી થયું? શું ઉપાય કરવો? એવી ચર્ચા–માત્ર કરવાથી દરદીને આરામ થતો નથી પરંતુ દર્દની ચિકિત્સા કરી તેનું ઔષધ આપવાનું ચાલુ કરવાથીજ આરામ થઇ શકે છે.

* * *

આવા સુંદર ભાષણ માટે ડા. મહેતાને ધન્યવાદ આપીએ છીએ. જૈન નીતિને મળતું આરોગ્યતાના તત્વો દર્શાવનારૂં અને એક બીજા સાથે ઓતપ્રોત કરતા આ ભાષણના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે જનતાને આવા ભાષણનો લાભ આપવા અને સેનેટરીઝને લગતા જ્ઞાનનો ફેલાવો કરવાનો શ્રમ લેનાર કમિટિને પણ ધન્યવાદ ઇચ્છી જનતાને તેમાં રસ લેવા વિનંતી કરીએ છીએ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

ગતાંકમાં અમો પેટા કમિટિઓની ચુંટણી સંબંધી હકીકત આપી છે. તે પેટા કમિટિઓ માટે ચુંટાયેલા સભ્યોના નામો અત્ર નીચે આપ્યા છે.

સુકૃત ભંડાર ફંડ કમિટીના નામો.

શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ.	શેઠ ગુલાબચંદ ઢઢ્ઢા.
,, મણીલાલ મોતીલાલ મુલજી	,, ચુનીલાલ વીરચંદ.
,, રતનચંદ ખીમચંદ.	,, અમીચંદ ખેમચંદ.
,, નાનજી લધાભાઇ.	,, નગીનદાસ કરમચંદ.
,, લાલજી ભારમલ.	,, જીવાભાઇ પ્રતાપશી.
,, મેઘજી સોજપાલ.	,, સાકરચંદ માણેકચંદ.
,, દેવજી ટોકરશી મુલજી.	,, કાલીદાસ સાકરચંદ.
,, ગોવિંદજી ખુશાલભાઇ.	,, કાનજી ઉદેસીંગ.
,, વીરચંદ પાનાચંદ શાહ.	ડૉ. પુનશી હીરજી મૈશેરી.
,, જમનાદાસ અમરચંદ.	પંડિત લાલન.
,, મણીલાલ મ્હોકમચંદ.	શેઠ ગલાલચંદ શિવજી.
,, ચીમનલાલ સીરચંદ.	,, કાનજી કરમશી માસ્તર.
,, અમૃતલાલ કાલીદાસ.	,, મગનલાલ મુલચંદ શાહ.
,, મોહનલાલ હેમચંદ ઝવેરી.	,, વલ્લભદાસ કૂલચંદ.
,, મુલચંદ સજમલજી.	,, વીરચંદ કૃષ્ણાજી

તથા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

કાર્યવાહક સમિતિના પેટા કાનુનો ઘડનારી કમિટી.

રા. મકનજી જે. મહેતા.
,, ચિતુભાઇ લાલભાઇ.
,, પરમાણંદ કુંવરજી.
,, નાનજી લધાભાઇ.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ (સેક્રેટરી.)

જૈન યુગ અને પ્રકાશન કાર્ય સમિતિ.

રા. મોહનલાલ દલીચંદ દેશાઇ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ.
,, ઓધવજી ધનજી શાહ.
,, જમનાદાસ અમરચંદ.
,, પરમાણંદ કુંવરજી

તથા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

:: લવાજમ ::

વાર્ષિક (૮. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૩ મો. | સંવત ૧૯૮૬ ના ફાગણ વદી ૧૦. તા૦ ૨૪-૩-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

નોંધ અને ચર્ચા.

ચાલુ માસની બારમી તારીખે મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ યુદ્ધનો આરંભ કર્યો છે અને મીઠાનો કાયદો જલાલપુર ખાતે તોડવાના આશયથી ૭૨ કસાયલા સ્વયંસેવકોને સાથે લઈને અમદાવાદથી કુચ કરી છે અને ધારેલું ધ્યેય સિદ્ધ કર્યા સિવાય સત્યાગ્રહ આશ્રમમાં પાછા નહિ ફરવાની પ્રતિજ્ઞા લીધી છે. આખા દેશમાં આજે નવા ઉત્સાહની ભરતિ શરૂ થઈ છે અને સ્થળે સ્થળે સ્વયંસેવકોનાં નામ નોંધાવા માંડયા છે. મહાત્મા ગાંધીજીની ટુકડીમાં ત્રણ જૈન બંધુઓ છે. ૧ શ્રી વાલજી ગોવિંદજી દેશાઈ, ૨ શ્રી રમણીકલાલ મોદી, ૩ શ્રી પન્નાલાલ ઝવેરી. આ ત્રણે બંધુઓને અમારા અન્તરનાં અભિનન્દન છે અને નવા વિગ્રહમાં તેઓ ખૂબ યશસ્વી પરાક્રમો કરી પોતાની જાતને, કુટુંબને તેમજ કોમને ઉજ્વળ કરે એવી અમારી શુભેચ્છા છે. આ પ્રસંગે જૈન સમુદાયને બને તેટલો ફાળો આપવા અમારી નમ્ર પ્રાર્થના છે. સરકારી કાયદાઓનો સવિનય ભંગ કરવા માટે જૈન સમાજ સંખ્યાબંધ સ્વયંસેવકો પુરા પાડે તેમજ દ્રવ્યની બને તેટલી મદદ કરે એમ અમે આગ્રહપૂર્વક ઇચ્છીએ છીએ. આખા દેશ તેમજ ધર્મને ઉદ્ધારનારો આ અપૂર્વ વિગ્રહ મંડાયો છે, તેમાં જેટલું સમર્પણ કરે તેટલું ઓછું છે. પોતે પ્રથમ હિંદી છે અને પછી જૈન છે એ સૂત્ર દરેક જૈન અંતરમાં બરોબર ઉતારશે અને અન્ય દેશબંધુઓની હરિફાઇમાં કોઇ રીતે બનતું બલિદાન આપવામાં પાછો નહિ પડે એવી આશા છે.

* * *

ગઇ તા. ૯-૩-૩૦ના રોજ પ્રોફેસર રાવે મુંબઇમાં જે નેશનલ ફીઝીકલ કલ્ચર ઇન્સ્ટીટયુટ કાઢયું તેમાં ફેળવાતા વિદ્યાર્થીઓની કસરતોના પ્રયોગોનો મુંબઇ રોયલ ઓપેરા હાઉસમાં જાહેર જલસો કર્યો હતો તે પ્રસંગે શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહની પુત્રી બહેન લીલાવતીએ પોતાના શરીર ઉપરથી બેબી ઓસ્ટીન મોટર ગાડી પસાર કરાવી હતી. આ ગાડીમાં પાંચ પેસેન્જરો બેઠા હતા. બહેન લીલાવતીની ઉમ્મર ચૌદ વર્ષની છે અને તેણે કસરતની સારી તાલીમ લઇને પોતાના શરીરને સારી રીતે કેળવ્યું છે. ઉપર જણાવેલ અસાધારણ પરાક્રમ માટે બહેન લીલાવતીને ખૂબ ધન્યવાદ ઘટે છે. આ બનાવની ખાસ નોંધ એટલા માટે લેવામાં આવે છે કે આપણો આખો સ્ત્રીસમાજ શરીરે ખૂબ નબળો જોવામાં આવે છે. કન્યાઓ અને કસરત એ તો જાણે કે પરસ્પર વિરોધી હોય તેમ કન્યાઓને તો હંમેશાં શારીરિક કસરતથી દૂર રાખવામાં આવે છે. ઘણું ખરૂં આપણી કન્યાઓ તેર ચૌદ વર્ષે નિશાળે ભણવું છોડે છે, અને સાસરે જેમ અને તેમ જલ્દિથી સીધાવવાનાં સ્વપ્નાં સેવે છે. એટલે કે કન્યાઓનાં શારીરિક વિકાસની તો કોઇ ચિન્તા ધરતુંજ નથી. આવી પરિસ્થિતિમાં ઉપરનો બનાવ અભિનન્દનીય ગણાવો જોઇએ. માબાપોનાં ચિત્તમાં કન્યાઓની શરીર ખીલવણીની સાચી ચિન્તા ઉગવી જોઇએ અને ઉગતી ઉમ્મરની બહેનોને બહેન લીલાવતીના દ્રષ્ટાન્તથી પોતપોતાનાં શરીરો વિકસાવવા માટે ખુબ પ્રોત્સાહન મળવું જોઇએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે જૈનોની જાહેર સભા.

—:*:—

સ્થળ :—હવે પછી નક્કી થયે જણાવવામાં આવશે.

સમય :—ગુરૂવાર તા. ૨૭-૩-૩૦ રાત્રીના (સ્ટાં. ટા.) ૮ વાગે.

વિષય :—**આપણો સમયધર્મ.**

વક્તા :—**આચાર્ય કૃપલાની.**

સભાનું પ્રમુખસ્થાન શેઠ જમનાલાલ બજાજે મહેરબાનીની રાહે સ્વીકાર્યું છે.

સર્વે ભાઇ બહેનોને પધારવા વિનંતી છે.

બહેનો માટે અલાયદી ગોઠવણ કરવામાં આવી છે.

લી૦ **મંત્રીઓ.**

ઉત્સાહી જૈન યુવકનું અવસાન.

ભાવનગર જૈન યુવક મંડળના સ્થાપક, જૈન નાઇટ કલાસના કાર્યવાહક, સરળ, સ્વભાવી ને સાદું જીવન ગાળનાર ભાઇશ્રી નરોતમદાસ સાકરચંદ વોરાના અકાળ મૃત્યુ માટે અમોને અપાર શોક થાય છે. પરમાત્મા તેમના આત્માને શાન્તિ અર્પો તેવી પ્રાર્થના છે.

તેમને માટે ભાવનગર જૈન યુવક મંડળે તા. ૧૬-૩-૩૦ ને રોજ દીલગીરી પ્રદર્શિત કરનારો ઠરાવ પસાર કર્યો છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જુન્નેર કોન્ફરન્સ.

ઠરાવોની સમાલોચના.

આ સમાલોચના આગળ ચલાવતા પહેલા કેટલીક હકીકતોનો ખુલાસો કરવો જરૂરી છે. જૈન સમાજે આ ઠરાવોને અંગે શું શું કરવાનું છે. યુવકોએ આ ઠરાવોના અમલને અંગે શું ભાગ ભજવવાનો છે, તે વિષે કાંઇક માર્ગદર્શક સુચનાઓ કરવા માટે આ સમાલોચના વિસ્તારથી કરવામાં આવે છે. સમાજની–દેશની સેવા અનેક રીતે થઇ શકે છે. અમુકજ પ્રકારનું વર્તન કરનારજ અમુક પ્રકારની સેવા કરી શકે ને બીજા સેવા કરી નજ શકે તેવી માન્યતાઓ ભૂલભરેલી છે. હકીકતો ને દૃષ્ટાંતો તે બાબતમાં ઘણા આપી શકાય તેમ છે. વધારે સારી, વધારે ઉમદા વાત બની શકે તો કરવા કોઇ ના પાડતું નથી. પણ કોઇ થોડું સારૂં કરવા શક્તિવાન હોય ને કરે તો તેની સામે આંખમીંચામણા કરવા તે ઠીક નથી. દરેક વસ્તુ પોતપોતાને સ્થાને જરૂરની છે. ચાલુ સંસ્થાઓને ભાંગી નાંખવી કે મુડદાં તુલ્ય બનાવવાથી દેશનું ભલું થતું હોય તેમ અમે માની શકતા નથી. પ્રથમ સંસ્થાને જળવવા પૂરતા પ્રયાસો કરવા ઉપરાંત બાકી બીજી શક્તિઓ સમગ્ર દેશના હિતને માટે શરૂ થયેલી લડતમાં વાપરવી જોઇયે અને તે મુજબ જૈન યુવકોને તૈયાર કરવા માટે પ્રયાસો કરવા જોઇયે. ભાષણો ઉપરાંત કેળવવાની સંસ્થાઓ આ કામ સારૂં કરી શકશે. હવે ઠરાવો ઉપર આવીયે. કેળવણી પછી હાજી બીલને ટેકો આપવા સંબંધીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. હાજી બીલનો હેતુ હિંદના કિનારા ઉપર જે સ્ટીમરો માલ લઇ જવા લાવવામાં રોકાય તે સ્ટીમરો હિંદી માલેકીની હોવી જોઇયે, પરદેશી કંપનીઓની માલેકીની ન હોવી જોઇયે, જેથી કરીને હિંદી વહાણવટાનો ઉદ્યોગ સારી રીતે ખીલી શકે ને તે રીતે પરદેશ જતું ધન દેશમાં રહેવાથી દેશની ગરીબી દુર થવામાં થોડી ઘણી મદદરૂપ નીવડે. બસો વરસ પહેલાંજ આ હકીકતને અંગે બહુજ સારી પરિસ્થિતિ હતી; તેને બદલે અત્યારે ઘણી કંગાળ સ્થિતિ છે. બીજા દેશોમાં ત્યાંની સરકારોજ આ ઉદ્યોગની ખીલવણી માટે પ્રયાસો કરે છે. આપણે ત્યાં પ્રજાકીય સભાસદોને આવી દરખાસ્તો બીલ રૂપે લાવવી પડે છે. ત્રણ વર્ષથી બીલ પસાર થવા દેવામાં જુદા જુદા સ્વાર્થો તરફથી અગવડો મુકવામાં આવે છે. પ્રજા તરફથી સારા પ્રમાણમાં ટેકા આપવામાં આવ્યો છે, તે પ્રમાણે જૈન કોમ તરફથી પણ ટેકા આપવો જોઇએ. કોન્ફરન્સની બેઠક મળી નહોતી ને આગળની સ્ટેન્ડીંગ કમિટિ આવા વિષયમાં વિચાર કરવા કે ઠરાવ કરવા તે તેના કાર્ય સીમાની બહારનું ગણતી હતી. જૈન કોમ વ્યાપારી કોમ છે. આ સવાલ વ્યાપારને લગતો છે. હિંદુસ્તાનના જુદા જુદા વિભાગોમાં અરસપરસ મોકલાતા માલનો ચોકકસ ભાગ જૈન કોમ મારફત જતો હશે, એટલે જૈન કોમે આ બાબતમાં દેશબંધુના હકો સ્થાપિત કરવામાં પ્રયાસ કરવાથી દેશને તથા કોમ બન્નેને લાભ થવા સંભવ છે. લડાઇના સમય પછી જર્મની, ઇટાલી ને યુનાઇટેડ સ્ટેટસે આ બાબતમાં જે દ્રવ્યનો વ્યય કર્યો છે તેના આંકડા તપાસીએ છીયે તો માલુમ પડે છે કે, હિંદ આ બાબતમાં ઘણું પાછળ છે. હજી બીજા દેશો વધારે ને વધારે આપણો માલ પોતાના વહાણોમાં લઇ જઇ શકાય તેવી રીતના પ્રયાસો કરે છે. જૈન કોમ પાસે પુષ્કળ નાણું છે. સાર્વજનિક ખાતાંઓનાં નાણાની ઘણી રકમો છે, તે રકમો આવા ઉદ્યોગોમાં રોકવામાં આવે અને રકમોની સલામતી તથા વ્યાજને અંગે યોગ્ય સાવચેતીવાળા બંધનો નકી કરવામાં આવે તો દેશને તથા કોમને ઘણો લાભ થવા સંભવ છે. ઘણી આપણી દેશી શીપીંગ કંપનીઓ હરીફાઇને લીધે પાયમાલ થઇ છે. કેટલીક શીપીંગ કંપનીઓ નાણાના સંકોચને લઇને હરીફાઇમાં ટકી શકવા માટે જોઇતી સ્ટીમરો ન હોવાને લીધે ઘણું ઓછું કામકાજ મેળવી શકે છે. આ સવાલજ એવો છે કે જેમાં સાધનો પુરતાં ન હોય તો શીપીંગ કંપની કોઇ પણ રીતે ફાવી શકેજ નહિ. અન્ય દેશોની પ્રજા પણ જાતે આ બાબતને અંગે ઘણો પ્રયાસ કરે છે, કોઇ કોઇ વારે બહિષ્કારનું શસ્ત્ર પણ અજમાવે છે. આપણી પ્રજનો–વેપારીનો એવો સંપ હોય તો તે શસ્ત્રનો ઉપયોગ આપણે પણ કરી શકીએ. પરદેશી કંપનીઓ, આપણા વ્યાપારીઓ પોતાના તાબામાં કાયમ રહે, તેવી અનેક યુક્તિઓ વાપરે છે. તુરમાંથી રીબેટ આપવામાં આવે છે તે રીબેટને માટે તેવો નિયમ છે કે આખા વર્ષ દરમ્યાન જે માલ મંગાવ્યો હોય તેના તુરને અંગે જે વળતરના પૈસા એકઠા થયા હોય તે પૈસા બીજી સાલમાં તે કંપનીની સ્ટીમરમાં માલ મંગાવવાનું ચાલુ રાખે તેનેજ મળે છે. આ રકમો કાંઇ નાની હોતી નથી એટલે વ્યાપારી તે છોડી શકતા નથી. ડીફર્ડ રીબેટ, સીસ્ટમ બધ કરવામાં આવે તેવો કાયદો થવાની જરૂર છે. આ બધી હકીકતોને અંગે સતત ચળવળ ચલાવવાની જરૂર છે. આ સવાલનું નિરાકરણ દેશનાં હિતને માટે કેટલું જરૂરનું છે, તે એટલા ઉપરથી ખાત્રી થશે કે મહાત્મા ગાંધીજીએ ના. વાયસરોય પાસે જે ૧૧ માંગણીઓ તાત્કાળિક નિકાલ માટે રજુ કરી હતી, તેમાં આ શીપીંગની હકીકત પણ હતી. અમને આશા છે કે ઠરાવ કરવાથીજ આ સંબંધની ફરજ પૂરી થયેલી માનવાની ભૂલ કોઇ કરશે નહિ ને સ્ટેન્ડીંગ કમિટિ આ બાબતને અંગે યોગ્ય ચળવળ ચાલુ રાખવા માટે પગલાં ભરશે.

રાષ્ટ્રની હાકલ.

મહાત્મા ગાંધીજીએ સવિનય ભંગ માટે પ્રયાણ કરી ભારતવાસીઓને રાષ્ટ્ર ધર્મ અદા કરવા માટે હાકલ પાડી છે. હિંદના ઇતિહાસમાં એમનું કાર્ય નવિન દિશા સુચવે છે અને એમાં યુવકોનો–આવેગભર્યા યુવાન હૃદયોનો ફાળો વધુ પ્રમાણમાં રહેવા સંભવ છે. આપણે જૈન યુવકો શું કરી શકીએ એ આ ટાણે વિચારી સત્વર અમલ કરતા થઇ જવાનું છે.

જ્યારે દેશભરમાં આ મહાન સંતની હીલચાલે સંખ્યાતીત અંતરોના સ્નેહ જીતી લઇ, હજારોની સંખ્યામાં સ્વયંસેવકો મેળવવા માંડયા છે અને એમાં હિંદુ શું કે મુસલમાન શું–અગર તો પારસી–જૈન અને ખ્રિસ્તી એ બધી કોમે સાથ આપી કાર્ય વધાવી લીધું છે, ત્યારે સાંભળવા મુજબ લાલબાગમાં મુનિ રામવિજય એ "હીલચાલને ધર્મ વિરૂદ્ધની જાહેર કરે છે અને ગાંધીજી જેવા સંત પુરૂષ સામે વૃથા કાદવ ઉરાડે છે, એવીજ રીતે ખંભાતમાં સાગરજી ખાદી પહેરવામાં પાપ દર્શાવે છે, યુવકોને નાસ્તિકો કહે છે અને ન્યાયવિજયજી જેવા સમયજ્ઞ સાધુને ગાંધીજી અને યુવકોના દલાલ ઠરાવે છે."

વાત વાતમાં 'આગમ વિરૂદ્ધ અમારાથી કંઇ પણ ન કહેવાય'ની વાતો કરનારા આ આગમવાદીઓ, કયા આગમના આધારે દેશની આ ચળવળપર પોતાનો અભિપ્રાય દર્શાવી રહ્યા છે તે નથી સમજી શકાતું ?

ગમે તેવા શબ્દો વાપરી હલકાઇ દેખાડવી કે માત્ર વેવલા ભક્તોને ધર્મના નામે ગમે તેમ સમજાવવું એમાંજ પોતાની પ્રવિણતા માની રહ્યા છે! આત્મકલ્યાણ અને મોક્ષની બડી બડી વાતો કરનારા આ ગુરૂભાવાઓને ગાંધીજીની કાર્યવાહીનો અભ્યાસ કરવા વિનંતી છે. એ સાથે એટલો ટોણો પણ છે કે એમના જેવું કરી બતાવવાની વાત સરખી ઉચ્ચારી હોત તો શ્રી શત્રુંજય કેસમાં અપૂર્વ વિજય પ્રાપ્ત થાત. હવે એટલીજ વિનંતી છે કે આપ સાહેબો કોઇ શુભ પ્રવૃત્તિ મીઠી આંખે જોઇ શકતા ન હોતો મૂકપણે તમારૂં નાવ હંકાર્યે રાખો પણ વૃથા બકવાદ કરી હાંસીપાત્ર નજ બનો. ઇતર સમાજમાં જૈન કોમ માટે ખોટી છાપ ન પાડો.

જૈન યુવક ! પ્રસંગવશાત્ કહેવાઇ ગયેલી આ વાતમાં તહારે મુંઝાવાનું નથી. તહારી સમક્ષ કાર્યદીક્ષા ઉઘાડી પડી છે. જલ્દી પ્રમાદ નિદ્રા ત્યાગી કામ કરવા મંડી જવાનું છે. રાષ્ટ્રધર્મ બજાવતાં સમાજ અને સ્વધર્મની સેવા આપોઆપ થતી રહેવાની છે, બાકી ભોગ તો આપવાજ પડવાના. સ્વશક્તિ ફોરવી એમાં ઝુકાવેજ છુટકો. ખુરશીપર બેસી ચર્ચા કરવાનો કે કમાંડપર હરાવ કરી પ્રચાર કે સુધારણા કરવાનો સમય વહી ગયો છે.

ગાંધીજી જેવા જેલ જાય અને આપણે હજુ ખાદી પરિધાન પણ ન કરી શકીએ એ ઓછી શરમની વાત નથી! પ્રત્યેક યુવકે શુધ્ધ ખાદી પહેરવાના વ્રત્ત લેવાજ જોઇએ. વળી મોટા શહેરોમાં તાકીદે યુવક સંઘો ઉભા કરી દેશભરમાં ચાલી રહેલ આ હીલચાલને વધારી લઇ ખાસ કરીને જૈન જનતામાં એનો વિસ્તૃત ફેલાવો કરવો જોઇએ. એ સાથે રાષ્ટ્ર નાયકોના ભાષણો ગોઠવી તંદ્રા ભોગવતી આપણી સમાજમાં પુનઃ વીરતાના પુર આણવા ઘટે. સંખ્યાબંધ યુવકો આ યજ્ઞમાં આહૂતિ આપવા બહાર આવે, એવું વાતાવરણ પેદા કરવાના દરેક ઉપાયો હાથ ધરવા જોઇએ.

આ કાર્યના આરંભ સાથે દેશભરમાં ચાલી રહેલ પરિસ્થિતિથી જનતાને જાણકાર રાખવામાં જાગ્રત રહેવાનું છે. વિલાયતી કાપડના પહેરવેશનું એક ચીંથરૂ સરખું યુવક સંઘના સભ્યના શરીર પર ન હોવું ઘટે. જે યુવક દેશની હાકલને માન આપી એટલું પણ નથી આચરી શકતો તે યુવક તરીકે શી સેવા બજાવી શકવાનો છે? પરદેશી વસ્ત્ર પરિધાન કરનાર સભ્યો ગુમાવવા પડે તો એ ગુમાવીને પણ રાષ્ટ્રની આજ્ઞાને માન આપવું જોઇએ. આજે આપણે મધુકાન્ત–મોદી કંપનીના જુના ને જુન્નર સંબંધીના ખોટા લેખો સામે કલમ પકડવાની ન હોય. એમનો તો એ વ્યવસાય છે અને બિંદુ હોય તો સમુદ્ર કલ્પવો એ તો શાસનપ્રેમી બંધુઓનો ધર્મ રહ્યો, એટલે સત્યતા પુરવાર કરવાના યત્નો, એ મહાશયોની સાથે કરવા જવા એ ધુમાડાના બાચકા ભરવા જેવું છે. એમને નવગજના નમસ્કાર કરી રાષ્ટ્રધર્મને સમજી, શક્તિ અનુસાર કોન્ફરન્સના બીજા ઠરાવોનો અમલ કેમ થાય એ સારૂં કાર્યક્રમ ઘડી એમાં લાગી જવું એજ યુવકોનો ધર્મ.

———— લે. રા. 'કુસુમ.'

સંતનું પ્રયાણ કે બોધપાઠ?

સાબરમતીના સંત મહાત્મા ગાંધીજીએ સ્વદેશમુક્તિના અહિંસક યજ્ઞમા કર્યાતા સ્વતંત્રતા મેળવવા કે એ અર્થે હોમાઇ જવા પાયદળ કુચ શરૂ કરી; એ વાતથી ભાગ્યેજ કોઇ યુવક અજાણ હોય! એક દૃષ્ટિએ જોતાં તેમનો આખો કાર્યક્રમ, આપણા જેવા ખોટી નાજુકાઇમાં ઉછરેલા, અને વાત વાતમાં ફેશનના ભૂતથી ભ્રમિત થયેલાને અતિ અસરકારક બોધપાઠ પુરો પાડે છે. એ કાર્યક્રમે માત્ર ગુજરાતનેજ નહિં પણ સારા ભારત વર્ષને ચાનક લગાડી છે. પગે ચાલીને યાત્રા કરવાનું કે 'છારી' પાળતા જવાનું પ્રાચીન સંસ્કૃતિનું રહસ્ય કેવું ફળદાયક છે તેનું એ પરથી ભાન થાય છે. જો કે આજે એવા સંઘોમાં ઘણી જાતની તરખડો વધી પડી છે અને મૂળ વાતપર કેટલાયે પડ વળી ગયા છે છતાં મહાત્માજીની કાર્યવાહી પરથી સનાતન સત્ય સહજ સમજાય તેમ છે. રાષ્ટ્ર મુક્તિ માટેની આ કૂચ, ચાર દિવાલોની અંદર બેસી પ્રતિદિન સંયમમુક્તિ અને આત્માની વાતો ઉકેલનારાને ઘડો આપે તેવી છે. જ્ઞાનપૂર્વક સ્નેહીઓની વિદાય લઇ સીધાવતા સૈનિકોના ચહેરા પર રમતું આત્મતેજ, નાસી–છુપાઇને આવતાને બાહ્ય દશામાં રમતા દીક્ષિતો કરતાં કેટલું પ્રબળ છે, તે તરતજ પરખાઇ જાય છે. આત્માની લાંબી લાંબી વાતો કરવી તે એક જુદી વસ્તુ છે અને આત્માને નગ્ન સ્વરૂપે ઓળખી સમય આવે ત્યારે જનતાની નજરે એની શક્તિનુ ભાન કરાવી બતાવવું એ એક જુદી વસ્તુ છે. આપણા વડેરાઓ, સંતના પ્રયાણથી એ વાત સમજે કે ન સમજે, છતાં પ્રત્યેક યુવકની હવે તો ફરજ થઇ ચુકી છે કે ગાંધીજીના પગલે મોહું વહેલું ચાલ્યા વગર તે આત્મ સાક્ષાત્કાર નથી કરી શકવાનો. જેના ટાંટીયા સામાન્ય ફોટિના સંકટો જોતાં ધ્રુજે છે તે આત્મ કલ્યાણની સાધનામાં કેવી રીતે અડગ રહી શકશે? માટે વીર સમ ધીર બનવાની તાલીમ આજથી તે લેતો થઇ જાય. યુવાન બંધુ સાચો મહાવીર થવા ઇચ્છતો હો તો કસોટીનાં આ પ્રથમ પગથીએ સહર્ષથી ઝુકાવ. મન પાછું પડતું હોય તો ઉતાવળ ન કર, ગાંઠ વાળ કે આજથી ખાદી સિવાય કંઇ પહેરવું નહિં અને સત્યનો સાથ આપવામાં રંજ માત્ર મુંઝાવું નહિં.

અહિંસા પર મંડાયેલા આ સમરાંગણમાં જૈન યુવકને વધુ વિચારવાનું હોયજ નહિ. પ્રાપ્ત થયેલ આ પરીક્ષામાં અણીશુદ્ધ ઉત્તીર્ણ થનાર સારૂ મુક્તિ દૂર નથીજ. લે. 'ચોકસી.'

:: લવાજમ ::

વાર્ષિક (૮. પ્ર. સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આઝાદીને માર્ગે યુવક વર્ગ.

આજે દુનિયાભરમાં યુવક વર્ગે આત્મભોગ પર નિર્ભર રહી; બંધનોમાંથી મુકત થવા સફળતાપૂર્વક પોતાની પ્રવૃત્તિ શરૂ કરી છે. ભારતવર્ષનો યુવક વર્ગ પણ હિન્દની બેડીઓ ફેંકી દેવા અધીરો બન્યો છે. હિન્દની સ્વાતંત્ર્યની લડત અહિંસાના પાયા પર નિર્ભર કરી, પોતાના સર્વસ્વનો ભોગ આપીને લડાઇ જીતવાનો અદ્વિતીય દાખલો બેસાડવા કુચ મંડાઇ ચૂકી છે. સાથોસાથ દરેક સમાજ તેમજ કોમના યુવક વર્ગે, અનેક યાતનાઓ સહન કરી, ધર્મને નામે ચાલતા પાખંડોને ખુલ્લા પાડવા મોરચા માંડયા છે અને સત્યના માર્ગે જનતાને દોરવવા ત્વરીત ગતિએ પ્રયાણ શરૂ કર્યું છે.

એક સમયે જૈન સમાજમાં યતિવર્ગ સારો મોભો ધરાવતો હતો. તેઓ મહાવ્રતો શુદ્ધ રીતે પાળવામાં અશકત નિવડયા, એટલે કેવળ વેશ ખાતર સમાજમાં તેમનું પૂજ્યસ્થાન નષ્ટ થયું. તેમની સામે બળવો જાગ્યો, અને સંવેગી સાધુવર્ગ જ્ઞાન અને ચારિત્ર્યના આધારે પૂજ્ય તરીકે મનાયો. આજે તેમાંના કેટલાએકોએ અઢાર પાપ સ્થાનક વિરમણ વ્રતને અને પંચમહાવ્રતોને પણ અભરાઇએ ચડાવી દીધા છે. તેમની શિષ્ય લાલસા–પરિવાર લાલસા એટલી હદે ગઇ છે કે તે માટે કોઇ પણ જાતનાં કાવત્રાં, અનીતિ, ગુન્હાઓને પણ ધર્મ તરીકે મનાવવા અચકાતા નથી. આવી બાબતમાં કોઇ વિચારશીલ યુવક વિનયપૂર્વક યોગ્ય સલાહ આપે છે તો સૂરિશ્વર સમ્રાટો પણ ગભરાટમાં ધમપછાડા કરતા નજરે પડે છે. તેઓ પોતાની લાલસા ટકાવવા ભોળા લોકોને ઉંધા પાટા બાંધવા અનેક પ્રપંચો ખેલે છે અને છેવટે આવા વ્યાજબી પ્રયત્ન કરનારને હેરાન કરવામાં બાકી રાખતા નથી, તે માટે મારામારી કરાવામ, ચોરી છૂપીથી મનુષ્ય હરણ થામ, અનેક જુઠ્ઠાણાં ચલાવામ, અને તે પોષવા ફંડો થામ, અને મુનિ તેનો ઉપયોગ ભાડુતી માણસો દ્વારા કરી શકે. આટલાથી જાણે કે પૂરતું ન હોય તેમ શ્રી. આનંદસાગરજી તો નવદીક્ષિત સાધુને સાધ્વીનાં કપડાં પહેરાવી, તેમની સાથે રાખવામાં પણ ધર્મ મનાવવા પડકાર આપી મેદાને પડયા. ધર્મને નામે પાખંડ વેશની નીચે શિષ્ય લાલસા–સંસાર લાલસા અને મહાવ્રતોનો છડેચોક ભંગ ચલાવવાના પડદા આજે યુવકપ્રવૃત્તિએ ખોલી નાંખ્યા છે. યુવાનોએ સાધુસમુદાયને સંભળાવી દીધું છે કે વિશેષણોની પરંપરા નામને લગાડવા ખાતર શબ્દકોષ ફલવાય અને પોતાની પત્થરની મૂર્તિઓ ઘડાવી તિર્થંકર પૂજ્યનું બહુ માન શું ઘટાડવામાં નથી આવતું? પોતાની પૂજા દાખલ કરાવવાથી–આવી ધામધૂમોથી તેઓનું પૂજ્યસ્થાન ટકી શકશે નહિ, પરંતુ જ્ઞાન અને ચારિત્ર્ય પરજ તેઓનું પૂજ્યસ્થાન ટકી શકશે થોડા સમય પહેલાં કેટલાકો ચારિત્રભ્રષ્ટ છતાં પણ સાધુ તરીકે નભી શકતા તેને સાધુ ન માનવા યુવાનોએ જાહેરાત કરી દીધી છે. સંયમ અને પવિત્ર આચરણ સિવાય પૂજ્યસ્થાન સરી જતું જોઇ, કોઇ વિજ્યો તેમના અંધશ્રદ્ધાળુઓ કે ભાડુતી આશ્રિતોની મદદ વડે, પોતાનું સ્થાન ટકાવી રાખવા પ્રયાસ કરે છે. ન્યાય અને નીતિને લજવે તેવું વાજીંત્ર ચલાવી, ફકત ગાળો દેવામાં આ પક્ષ પોતાનું મહત્વ માની રહ્યો છે. ગુણ સિવાય ફકત વેશ પર નિર્ભર રહેતાં દલીલ ન રહે ત્યારે ગાળો ભાંડવાનો છેવટનો ઉપાય અજમાવાય છે. જો "વીરશાસન" પત્ર જોશો તો આત્મભોગ પર નિર્ભર, તાલીમબદ્ધ અને જ્ઞાન અને ચારિત્ર્યના પૂજારી યુવકોને ગાળોથી ભરપૂર દેખાશે આવા પત્રના દોરીસંચાલક મુનિ, આ વર્તન છતાં ધર્મિ અને સંયમી કહેવાય તો પાખંડ અને સ્વછંદ કોને કહેવો તે સમજી શકાય તેમ નથી. સમાજ આત્મશુદ્ધીને ઓળખે અને પાખંડ પૂજાય નહિ તે માટે યુવક વર્ગે ભારે જુંબેશ ઉઠાવી છે, અને પાખંડના છેલ્લા શ્વાસો લેવાય છે તે તેમની ભાષા સાબીતી આપે છે. તેવીજ રીતે સમાજમાં પણ નાના વાડાની ધુંસરી ફેંકી દેવા, જાહેર સંસ્થાઓનાં નાણાંનો દુર્વ્યય અટકાવવા, હિસાબો ચોખ્ખા રાખવાના માર્ગે પણ નૌયુવાનો, સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની પ્રતિનિધિ કોન્ફરન્સમાં સાથે રહી, આગળ ધપે છે. નુકશાનકારક સામાજીક રીવાજને ઉખેડી નાખવા ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે. સાથોસાથ રચનાત્મક કાર્યમાં શુદ્ધ ધાર્મિક અને વ્યવહારીક કેળવણી આપવા સાધનો ઉત્પન્ન કરવા, જૈન સમાજની જાહોજલાલી પાછી મેળવવા, આંતરકલેશો અને અવિશ્વાસને બદલે સંગઠન ઉત્પન્ન કરવા યુવક વર્ગ તનતોડ મહેનત કરે છે. દેશોધ્ધારના કાર્યમાં પૂજ્ય મહાત્માજીની સરદારી નીચે ટુકડીઓના નેતા થવા જૈન યુવાનો ભાગ્યશાળી થયા છે. આવી રીતે દેશ, ધર્મ અને સમાજની આઝાદીને માર્ગે યુવકવર્ગ આત્મભોગ પર મુસ્તાક રહી, નિડર થઇ આગળ ધપે છે. તે પ્રવાહના ધોધને અટકાવવા પોતાનું બળ નિષ્ફળ વેડફી નાંખવાને બદલે, તેમાં સહાયભૂત થવામાં જૈન ધર્મ અને સમાજનું કલ્યાણ રહેલું છે. કદાચ કોઇ જગાએ આવાં કાર્ય માટે ઉત્સાહી યુવકોની સંખ્યા નાની હોવાને લીધે. તેમના સામે આક્રમણ થાય તો આખા સમાજના યુવક વર્ગે તેની પડખે સંગઠ્ઠન કરી ઉભા રહેવા તૈયાર થવું જોઇએ. આઝાદી માટેના ધર્મયુધ્ધમાં યુવકો માહોમ કરીને બહાર પડયા છે. આખરે જય સત્યનો યુવાનોનો નિશ્ચય છે. લી૦ એક યુવક.

રામવિજયજીને પડકાર.

જ્યારથી મુંબઇમાં આપનાં પગોતાં પગલાં થયાં છે, ત્યારથી લાલબાગનાં વ્યાસપીઠ ઉપરથી શાસ્ત્રના ઓઠાં નીચે વ્યાખ્યાનોમાં ભળતી વાતો કરી જૈન સમાજમાં વેર, ઝેર કરાવ્યાં. એટલેથી ન ધરાતાં કોન્ફરન્સ દેવી ઉપર હાથ નાખવા ગયા, ત્યાં તો આરોપી ગધાડે ચડી ઘેર ઉતર્યા, પૂરા બન્યા, અને છેવટે સમાજદ્રોહી ઠર્યા.

આટલું આટલું થવા છતાં આપને અંગારા વેરવાની જે બુરી આદત પડી છે તે આદતના પરિણામે; અદવાડીયાથી લાલબાગની વ્યાસપીઠ ઉપરથી દેશની સ્વતંત્રની લડતને અંગે વદો કે છો "આ લડતમાં ગાંધીને પૈસાની કે માણસની મદદ કરવી તે પાપ છે કારણ ગાંધી મીઠાની ચોરી કરવા જાય છે; તેથી સાચા શ્રાવકોનો ચોરીમાં કદાપી કોઇ પ્રકારનો સાથ હોયજ નહિ."

આપના આ દેશદ્રોહી ઉપદેશની જૈન યુવકોને લગારે પરવા નથી, છતાં આપને પૂછીયે છીયે કે :–

ભૂતકાળમાં દેશઉદ્ધાર માટે બાળવ્રતધારી શ્રાવકોએ અનેક હિંસક યુધ્ધો કર્યાં છે, તે દેશ ઉદ્ધારક શ્રાવકોને આપ કઇ કોટીમાં મૂકો છો? તેને હિંસા ગણો છો કે નહિ? આ તો અહિંસક અને સત્યનું ધર્મયુધ્ધ મંડાયું છે, તેમાં આપને ચોરી કયાં લાગી? તેમ સાથે સાથે તમારા અંધભકતોને ખાદી ન પહેરવાની બાધાઓ પણ આપી રહ્યા છો. શાથી આ બાધાઓ આપી રહ્યા છો? શું! ચરબીની કાંજીથી ખરડાયેલી મુલાયમ મલમલો અને નેનકલાકો છોડતાં મુંઝવણ થાય છે? કંઇ કહેશો, શાથી આ બાધાઓ આપી રહ્યા છો? ઓ! જૈન સમાજના નવલોહીયા યુવાનો, આ કહેવાતા માની સાધુથી ચેતજો, આજે એણે દેશદ્રોહી (?) ના ઉપદેશ શરૂ કર્યો છે, તેની જાળમાં રખે ફસાતા. ભૂતકાળમાં જગતશેઠ અમીચંદના કૃત્યથી આપણે લાજવું પડે છે, તે પ્રસંગને ધોઇ નાખવાનો આ ઉજળો પ્રસંગ આવ્યો છે, એટલે પુજ્ય મહાત્માજીએ ભારતમૈયાના ઉદ્ધાર માટે અહિંસક યુદ્ધ આદર્યું છે, રણભેરીયો વાગી રહી છે, તે પ્રસંગે આવા નફટાઇભરેલા ઉપદેશને ન સાંભળતાં તારામાં જે શકિત હોય તે શકિતનુસાર દેશસેવા કરવા મેદાને પડજે. લી. 'જાણકાર.'

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નં૦ ૩ માંથી છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૪ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર સુદી ૧. તા૦ ૩૧-૩-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

નોંધ અને ચર્ચા.

શાસનપ્રેમી કે કદાગ્રહી ?

શા. સુખલાલ ખુબચંદે મુનિશ્રી ન્યાયવિજયજીના ઉપદેશની ખંભાતમાં થતી સચોટ અસરથી ગભરાઇ લાલ હેન્ડબીલ પ્રગટ કર્યું છે. તેમાં લખે છે, કે–'કેટલાક સાધુ નામધારીઓ પોતાને શાસ્ત્ર સબંધી બોધ ન હોવા છતાં શાસ્ત્રાર્થની વાતો કરે છે' આટલા વાકયથીજ એ મહાશયના કુટિલ હૃદયની પ્રતીતિ થઇ જાય તેમ છે. વળી નવપદ આરાધક સમાજને, ખંભાતને બદલે સુરત જવું પડયું, તે પણ એ શાસ્ત્ર ને ધર્મના સ્વયં બની બેઠેલા ઇજારદારના દોરી સંચારથીજ એમનો ધર્મપ્રેમ, ખંભાતીઓ તો સારી રીતે જાણેજ છે ને માને પણ છે કે કદાચ શ્વાનપુંછડી સીધી થાય છતાં આ ડોકરાજીનું ટેડાપણું સુધરે નહિં. એમની સાથે દલીલમાં ઉતરવું એ ગર્દભને ગાય બનાવવાના પ્રયાસ જેવું છે. નિમ્ન સ્પષ્ટિકરણ જનતાની જાણ માટે છે.

(૧) **બાળદીક્ષિતોથીજ તીર્થની પ્રવૃત્તિ છે. બાળદીક્ષિતો સિવાય તીર્થ ચાલી શકેજ નહીં.** આવું એકાંત લખાણ લખવું એ શું અસત્ય નથી? શ્રી યશોવિજયજી મહારાજ સ્યાદ્વાદ માર્ગના જાણકાર આવું એકાંતે કહે પણ ખરા? આથી તો એમજ અર્થ નિકળે કે બાળદીક્ષિતો સિવાયના તીર્થપ્રવૃત્તિ ચલાવી શકેજ નહિ. કોણ કહી શકશે કે પૂજ્ય શ્રી સુધર્માસ્વામી સ્થુલીભદ્રજી; સિદ્ધસેન દિવાકરજી, હરિભદ્રસૂરિ જેવાઓથી તીર્થપ્રભાવના નથી થઇ? તીર્થપ્રવૃત્તિ નથી ચાલી? એ બધાં શું બાળદીક્ષિતો હતા? અબાળદીક્ષિતોની સંખ્યા આગળ બાળદીક્ષિતોની સંખ્યા આટામાં લૂણ બરાબર છે. જંબુ સ્વામી પછી સૈકાઓ સુધી આચાર્ય પટ્ટ પરંપરામાં બાળદીક્ષિત ન હોવા છતાં તીર્થપ્રવૃત્તિ કેમ કેમ ચાલી હશે વારૂ? વળી જે બાળદીક્ષિતોથી પ્રભાવના થઇ છે, તેઓને આજની માફક ચોરી છુપીથી ભગાડવા નથી પડયા; નિશાળેથી ઉચકવા નથી પડયા કે કાગળ નથી લખવા પડયા. એ માટે હેમચંદ્રસૂરિ વી. ના દાખલા મોજુદ છે. એવાઓની પરીક્ષા કરનારા સમર્થ ગુરૂઓ ને કવિ હતા. આજે એમાંની અંશતઃ શકિત ન હોવા છતાં ખોટી ઠેકેદારી કરાય છે! શ્રી યશોવિજયજી જેવાની ગંભીર અને અપેક્ષાયુકત વાતોને પૂરી સમજ્યા વગર કેવળ પોતાનો કક્કો ખરો કરવા આગળ ધરવી એ વ્યાજબી નથીજ; એજ મહાપુરૂષનો 'જ્ઞાન સાર' વાંચો એટલે ખાતરી રહેજે થઇ જશે.

૨) 'સૂયડાંગજીના ત્રીજા અધ્યયન પરથી ભાઇશ્રી એમ કહેવા માંગે છે કે માબાપને આજીવિકાનું સાધન સરખું પણ ન હોય, ને યૌવનવંતી સ્ત્રી બીજાને આદરે એવો સંભવ હોય છતાં જો દીક્ષાને લેતો કે દીક્ષાને લેનાર ઘેર જાય તો તેને ધર્મનો અભણ...સમજવો.' પોતે પુરૂ સમજ્યા નથી એટલે લખવામાં ગોટાળો કરી દીધો છે. એ આખો પ્રસંગ આવેગમાં દિક્ષા લીધા પછી, પરિણામ ચળવિચળ થતા હોય તેને સંબંધ છે; તેથી જાણી જોઇને એમ કરવું એવો અર્થ નજ નિકળે. જો એવો અર્થ કહાડીએ તો પછી દીક્ષા માટેના નિયમો–શ્રાવકની પડિમાઓ, વહેવાર ધર્મનું પાલન એ બધું નિરર્થક નિવડે. આદ્રકુમાર ને નંદિષેણ જેવાને કઇ કોટિમાં મુકવા એ પ્રશ્ન થઇ પડે.

(૩) 'બાળવિધવા વગર ઇચ્છાથી બ્રહ્મચર્ય વ્રત પાળે તો પણ લાભ કર્તા છે' એમ જણાવો છો–ત્યાં 'વગર ઇચ્છાથી'નો અર્થ જ્ઞાનપૂર્વક નહિં પણ 'વહેવાર'થી જેવો છે, બંધ તો પરિણામની ધારા પર છે, એટલે જ્ઞાનપૂર્વક કરાતા કાર્યની કિંમત વધુ છે. છતાં બાહ્યથી કરાતી ક્રિયા સાવ અફળ નથી જતી. આ માટે પ્રસન્નચંદ્ર, લક્ષ્મણ સાધ્વીના દ્રષ્ટાંતો મોજુદ છે. બાકી જેનાથી પળાતું નથી છતાં ઉપરથી ડોળ રાખી છુપા પાપ સેવે છે, ગર્ભપાત સુધ્ધાં કરે છે તે શું પ્રશંસનીય છે? બ્રહ્મચર્યનું પાલન સર્વોત્તમ વસ્તુ છે પણ તે સમજપૂર્વકનું હોય તોજ. બાંધી રાખેલ અશ્વ જેવું બ્રહ્મચર્ય તો શાસ્ત્ર પણ નિષેધે છે. વહેવારધર્મ સાચવવા પાળે તે પણ ઉત્તમ છે; બાકી જેઓ ડોળ રાખે પવિત્રતાનો ને છુપા અનાચારો સેવે તે કરતાં ઉઘાડી રીતે કર્મવશાત્ પતિત થનાર ઓછા દોષિત છે. ધર્મનું પાલન જોર જુલમથી નજ થઇ શકે, એમાં તો આત્મોપયોગ જોઇએ.

(૪) વિવાહની બાબત સબંધી ધર્મબિન્દુને યોગશાસ્ત્રમાં જે લખ્યું છે, તે ખુદ હરિભદ્રસૂરિ અને હેમચંદ્રસૂરિએ પોતે શ્રાદ્ધધર્મને લક્ષમાં રાખી લખેલું છે. માર્ગાનુસારીના ત્રીજા ગુણ 'લગ્ન'માં એનો સમાવેશ થઇ શકે છે; એ ઉપરાંત વિવેકવિલાસ અને શ્રાદ્ધવિધિમાં ગૃહસ્થોચિત અનેક બાબતો પૂર્વાચાર્યોએ દર્શાવી છે. એવી સ્પષ્ટ વાતને સમજવનારા તો સત્યના પંથે જનારા છે પણ ચેતવણી આપવા બહાર પડેલાને પોઠા સુધીના જ્ઞાનવાળા, માત્ર ખંડનમાંજ સારી જીંદગીને ગાળી નાખનારાને ધર્મના નામે પ્રમુખશ્રીના મુખ્ય સિદ્ધાંતોને સ્વકદાગ્રહ પોષવા સારૂ પગ તળે છુંદી નાખનારાની મનોદશાજ અધમાધમ છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

યુગસૃષ્ટા ગાંધીજી.

ગાંધીજીના પગલે પગલે આજે નમ્રિનતાના સૂર સંભળાય છે. તેમના ટુંકા ભાષણો આજે રસભર વંચાય છે અને જનતાના મોટા ભાગ માટે એ કથાનો વિષય થઇ પડયો છે. ગ્રામ્યજનો તેમની વાણીને પેગંબરી ગણી ભોગ આપવામાં પાછી પાની કરતાં નથી. જો ક્રોધપણ પાછળ પડતું હોય તો તે માત્ર 'જો-તો'ના વિચારકોજ. આત્માની અગંત શકિતના જાણકાર છતાં વર્તનમાં ભાગ્યેજ જીવી બતાવનાર જૈનો હીલચાલને ઇતર કોમની માફક જલ્દીથી અપનાવી શકતા નથી. એમાં બુદ્ધિમત્તા કરતાં ભિરૂતાની ગંધ વધારે છે. એ સંતના કાર્યક્રમનો અભ્યાસ કર્યા વગર જીવનનું સાચું રહસ્ય, ધર્મનું સત્ય સ્વરૂપ અગર તો આત્માનું અખુટ સત્વ સમજાવાનું નથી. એમની સર્જનતા રૂપી ઇમારતના પાયામાં જૈનદર્શનના કેટલાયે સિદ્ધાન્તોનાં ઉંડા મૂળીયા રોપાયલા છે. એમની ચાલુ લડતના મંડાણ અપેક્ષાથી કહીએ તો જૈન ધર્મના સ્થાપકો અને પ્રચારકોએ ચીંધેલા માર્ગ પરથીજ મંડાયા છે. જ્યાં આ વસ્તુસ્થિતિ છે ત્યાં સાચા જૈનથી એ તરફ ઉપેક્ષાવૃત્તિ કેટલી ઘડી રાખી શકાય?

આજે એ સંતના આહાર અને પહેરવેશ પ્રતિ નજર કરી, આપણા લાગી મહાત્માઓને વર્તમાનકાળમાં દાખલ થયેલી શિથિલતાઓને દૂર કરવા કટિબદ્ધ થવું પડશે. મશાલા વગરનો સામાન્ય ખોરાક લેનારા સત્યાગ્રહીઓના ઉદાહરણથી ચા દુધની તરપણીના મોહ અને ઉપધાન સમયના મિષ્ટ આહારના સ્વાદ તજવા પડશે. ખાદી જેવા જાડા અને ખડબચડા વસ્ત્રથી ચલાવી લેનારા સાડી વટાવી ગયેલા છતાં યુવાનને પણ ઐબ પહોંચાડે તેવું કાર્ય આચરી બતાવનારા સાધુ પુરૂષને જોઇ પરિગ્રહ-સંગ્રહના નિયમો સુધારવા પડશે. અરે શરમતી મલમલના સ્નેહ અને ઝીણા વસ્ત્રોની માયા વિસારવી પડશે. વિકટ પ્રશ્નો અને મુંઝવણભર્યા તત્વોને ઉકેલી સાદી, સરળ અને સીધી ભાષામાં રજુ કરી, જનસમુદાય ભોગ્ય બનાવી કર્ણપ્રિય વાણીમાં પીરસવાની એની શકિત પિછાણ્યા વગર, અરે એનું અનુકરણ કર્યા વગર મહા વ્રતધારી મહાપુરૂષોના સંદેશાઓ અણઝીલ્યા રહેવાના. જ્ઞાનગરિમા કે વિદ્યાનિધિનો લાભ પૂર્ણ પણે આમ વર્ગને મળી શકવાનો નહિંજ, તો પછી પરમાત્મા મહાવીર દેવના અણમૂલા સિદ્ધાન્તો, તેમના સુંદરતમ ઉપદેશો ધરોધર તો કયાંથી પહોંચવાના? 'શાસન રસી સારીજીવ કરૂં એ તો જીવનભેજ રહેવાનું છે! તેથીજ નજર સામે બની રહેલા જીવંત બનાવનો તલસ્પર્શી અભ્યાસ કરી સુકાન ફેરવવા પ્રાર્થના છે.

જ્યાં યુવક સમુદાયની આંખો એ સાબરમતીના સંત, રાષ્ટ્રના સાચા નાયક તરફ મીંટ માંડી રહી છે ત્યાં એ, જૈન યુવક, તારા ગુરૂઓ સમય ઓળખે કે ન ઓળખે, દેશકાળ પિછાને કે ન પિછાને અને આગેવાન તરિકે ઓળખાતા શ્રીમંતો સમજે કે ન સમજે છતાં પણ તારી ફરજ એના સંદેશને અક્ષરશ: અપનાવી લેવાની છે. જૈનધર્મમાં વીરતાના દ્રષ્ટાન્તો કે સ્વદેશ પ્રીતિના વૃતાન્તો શોધવા જવા પડે તેમ નથી. જ્યાં ભામાશા જોવાએ અને વસ્તુપાળ તેજપાળે હિંસક યુધ્ધોમાં ભાગ લીધાની વાતો વિસ્તારથી લખાયેલી છે, ત્યાં ગાંધીજી જેવાના અહિંસક રીતે લડનારા ધર્મયુદ્ધમાં સાથ આપવાની વાત સામે અવરોધ હોઇજ ન શકે. ખુણે ખોચરેથી એ સામે લવનારા કે વાત વાતમાં પાપ દેખાડનારા ભલે હોય પણ નિડરતાથી કહેવું જોઇએ કે એ સાચી શિક્ષા દેનારા નથી. ભય, ભીરૂતાથી ગભરાયલા પામર પુરૂષો છે. પીઠ ફેરવી સમરાંગણમાંથી પાછા ફરવાનો ઉપદેશ આપનારા મહાપુરૂષો છે. જૈનત્વને ઓળખનારા યુવાન હૃદયને એની લેશ માત્ર પરવા ન હોવી જોઇએ. નિર્માલ્ય દશામાં લઇ જનારા એ બોધને આજે તે ધુતકારી કહાડી, વીરને છાજે એવી રીતે કમર કસે. એની સામે કરવાના કાર્યો એટલાં બધાં છે કે, જેથી એ સંબંધી ચર્ચામાં વ્યર્થ કાળક્ષેપ કરવાનું એને પાલવે તેમ નથી.

એનો મુદ્રાલેખ તો એજ હોય કે જે કાર્યથી રાષ્ટ્ર હિતને હાનિ પહોંચતી હોય અગર પૂજ્ય નેતાની હીલચાલને ધકકો લાગતો હોય એમાં એ નજ ભળે. રાષ્ટ્રિય મહાસભાને વફાદાર રહેવાનો પ્રત્યેક યુવકનો ધર્મ છે. એ પાલનકર્તા જાતીય લાભનો ભોગ આપવો પડે તો આપવો ઘટે.

—:*:—

અંધશ્રદ્ધાનો નમુનો.

રામવિજયના બચાવ અંગે તા૦ ૨૮ માર્ચના 'સમાચાર'માં ખોટા આક્ષેપોવાળો એક લેખ પ્રગટ થયો છે. સહીઓ કરનારાઓમાં લાલભાઇ ચંદુલાલ ઝવેરીની પહેલી સહી છે અને જેઓ તેમની સોસાયટીના પ્રમુખ છે. આ સોસાયટીના પ્રમુખ મહાશય લગભગ એક માસથી બહારગામ હતા; તે તા૦ ૨૭ માર્ચે મુંબઇમાં આવ્યા છે. તેમ કેસરીચંદ હીરાચંદ ઝવેરી પણ બહારગામજ હતા, તેઓ પણ મજકુર તારીખ લગભગજ મુંબઇ આવ્યા છે. ત્યારે આ કહેવાતા શાસનપ્રેમી બંધુઓ શા આધારે કહે છે કે મહારાજ બોલ્યા નથી? શું બહારગામ બેઠે વ્યાખ્યાન સાંભળ્યું? બીજાના કહેવાથી લખી નાંખ્યું? કે અંધશ્રધ્ધાના લીધે પોતાના ગુરૂજીને બચાવવા બહાર પડવું પડયું?

જાણકારે તો રામવિજયજીનેજ લેખદ્વારા સ્પષ્ટ પુછેલું, તે તેઓને જવાબ આપતાં ગભરામણ થઇ, એટલે મુંબઇમાં નહિ હોવા છતાં પોતાના કહેવાતા ગુરૂનો ખોટી રીતે બચાવ કરવા ભકતોને બહાર પડવું પડયું; આ પણ અંધશ્રધ્ધાનો નમુનો.

મુનિ રામવિજયજી! નીચેના પ્રશ્નોનો જવાબ આપવા તસ્દી લેશો?

૧ પરદેશી કાપડ જેવી ભ્રષ્ટ ચીજને વળગી રહેવા કરતાં શુધ્ધ કપડાં કેમ નથી પહેરતા?

૨ આપના ભકતોના ખુલાસાથી કદાચ માની લઇએ કે તમે નથી બોલ્યા તો તમારા ભકતોમાંથી કોઇ પૂછવા આવે કે આ રાષ્ટ્રિય લડતમાં મહારે તન, મન, અને ધનથી સેવા કરવી છે તો આપ શું સલાહ આપશો?

મુનિ રામવિજયને ખુલ્લો પત્ર.

મુનિ રામવિજયજીની સેવામાં—

જયજીનેન્દ્ર સાથ લખવાનું કે, જૈન સમાજમાં હાલમાં ચાલી રહેલ ભિષણ નાટક દેખી, લાગણીવાળા જૈન અને જૈનેત્તર, બન્નેને બહુજ ખેદ થાય છે. અત્યાર સુધી જૈન સાધુઓ તરફ સાચા ત્યાગી અને શાન્તિના ઉપાસક તરીકે અન્ય ધર્મિઓને પણ બહુ માન હતું. ગુજરાતના એક પ્રખર વિદ્વાન, સુધારક અને જવાબદાર બ્રાહ્મણ વ્યક્તિએ ત્રણ ચાર હજાર માણસની પ્રચંડ સભામાં ઉચ્ચાર્યું હતું કે "આજે સાધુઓને સુવર્ણ ચડી ચુકયાં છે, અને તેમાંયે આચાર્યોએ તો માજા મુકી છે. હજુ પણ કયાંયે સાચા ત્યાગી સાધુઓના દર્શન થતાં હોય તો જૈન સાધુઓજ છે." આ શબ્દો આજે કદાચ તે ભાઇને બાર વર્ષે ફેરવવા પડે તો નવાઇ નજ કહેવાય! આપણા સમાજમાં ચાલી રહેલી તાણા-તાણ, અને અંદર અંદરના કલહે, આજે જૈનોની ધર્મધગશ બુઝાવી નાંખી, અન્ય સમાજમાં હલકા પાડવાનું ઝેરી કામ કરવા માંડયું છે! આજે જૈનધર્મ અન્ય ધર્મિઓની ટીકાની ચાળણીમાં ચળાઇ રહેલો છે. રે'જી પે'જી ગમે તે જૈનો ઉપર લખી શકે છે. વૈષ્ણવ ગોસાંઇઓની હારમાં ઉભા રહે તેવી સ્થિતિ જૈન ધર્માચાર્યોની ચીતાઇ રહેલી છે. આજે વાડાનો-મતનો-મોહ અને અસહિષ્ણુતા, સત્યાસત્ય જોવા દેતો નથી.

આજે વીરનું વિરત્વ બળી રહેલું છે—અહિંસાવાદી જૈનોમાં માનસિક હિંસાનો પ્રચંડ દાવાનળ સળગી ઉઠયો છે—શારિરિક હિંસાના હિણપદ લગાડનારા પ્રસંગો પણ બની રહેલા છે તે સૌ આપે જાણ્યું હશે! કનૈયાલાલ મુનશીની જૈન મત ઉપરની કડવી ટીકા, ઝમેરની ઝેરમય વાત, અને અન્ય ગચ્છના લહીઆઓને જીવતા દાટી દેવાની કરૂણ કહાણીઓ ખરી હોય તેમ અત્યારે આપણે કરી રહેલા છીએ!

આ સ્થિતી થવાનું કારણ? તેના જવાબદાર કોણ? આ પ્રશ્ન વિચારવા જેવો છે. મને તો લાગે છે કે, "જમાનાની જરૂરીઆત અને નાડ તપાસ્યા વીના પુરાણો, બોધ વગર વિચારે, કરવાથીજ આ પરિણામ આવ્યું છે! બોધનાર શાસ્ત્રના અક્ષરોને સમજેલ છે, શાસ્ત્રના હૃદયને નહિ, શાસ્ત્રના પરૂપણહારને નહિ. આચાર્યોએ શાસ્ત્ર વાંચ્યા, સમયની જીવતી ગીતા વાંચી નથી—તેથીજ આ પરિણામ આવ્યું છે. સમયે શાસ્ત્ર અને શાસ્ત્રકારોને સરજ્યા છે—માટે સમય સૌથી મોટો છે—તે ગુરૂઓ જાણતા થઇ જાય તો જરૂર જૈન ધર્મ વિશ્વધર્મ બને—ધર્મના ઝઘડાઓ ન થાય! તે ચોકસ છે. **ધર્મગુરૂઓએ શાસ્ત્ર અને સમય બન્નેને સાથે જાણવા જરૂરના છે!**

* * *

આપનો બોધ સાધુમાર્ગી બોધ છે. વૈરાગ્યદશા એ આપના બોધનું લક્ષ્ય છે—અને આ લક્ષ્ય પાપી માટે—ન્યાયપૂર્વક દલીલોને બદલે ઘણી વખત આપ એક શાસ્ત્રનાજ નાડાને આધારે વિતંડાવાદજ કરો છો—અલબત આપને આ નહિ સમજાય—દુનીઆ, વિચારવંત આલમ આજે સમજે છે. આપની ભાષાની ભરકીથી—જાદુગરીથી, અમુક અમુક વ્યક્તિઓએ ધડીભરના આવેશમાં આવી જઇ સંસાર ત્યાગ્યો; તેઓના સગાઓના દીલ દુભાયા અને તે હૃદય વ્યથિતોની ધર્મદલાલી કરવા કોઇક બહાર આવ્યું; આમાંથી થયેલ મતભેદજ આજના ઝઘડાનું મૂળ છે. સમાજની પરિસ્થિતી અને થતી વગોવણી જાણવા છતાં હજુ હઠ છોડાતી નથી.

આપે આપની એક ભૂલનું પરિણામ જોયું છે છતાં બીજી ભૂલોની પરંપરા ચાલુ રાખી. અક્કલના આંધળા ધર્મઘેલા માણસોએ ધનથી, લાગવગથી, ગર્વને કારણે આપને મદદ કરી ભૂલો કરવાનું પ્રોત્સાહન આપ્યા કર્યું, તે ઝેરવેરનું સૌથી મોટું કારણ છે! ખંભાત, અમદાવાદ વિગેરેના બનાવો આપે હમેશાં દ્રષ્ટિ સમક્ષ રાખવા? જામનગરમાં થયેલી સાગર સુરીની હાલહવાલી, હમેશાં યાદ કરીને ભવિષ્યનું પગલું ભરવું આપને માટે હિતકર છે.

આપને દીક્ષા આપી ચેલકા વધારવાનો મોહ જાગ્યો છે. આપ પોતે ચોથા આરામાં વસતા હો તેમ માનીને જગતને પણ તેજ આરાના માનવીઓ કલ્પીને બોધ કરો છો તે ભૂલ છે! આ કાર્યમાં વૈરાગ્યદશા નથી, વૈરાગ્યદશાનો ભ્રમ છે. ને જરા ઉંડા ઉતરશો તો સમજાશે. **ઘણાઓને સાધુઓ બનાવીને આપ મૂક્તિ મેળવવા માગતા હશો તો તે વાતમાં પણ કંઈ સાર નથી, કારણ કે આપના ચેલકા તેનાં સગાઓનાં લોહીથી તરબોળ થઇને આવે છે; તે સૌના શ્રાપ આપને બાઇ જશે!**

જ્યાં ત્યાં ધર્મના ઓઠા નીચે જેમ તેમ ઠોકી બેસાડી જુના વિચારના જડસા અને ગભરૂઓને તથા આસપાસના સંજોગોનો વિચાર કરવાની તકલીફ ન લેતાં 'બાબા વાક્યમ્ પ્રમાણમ્' માનવાવાળા શ્રાવકોને ભમાવો છો, તેમ હવે નવો વિચારવાન યુગ નહિ ભમાય તે બનવા જોગ છે અને તેથીજ કાયમના કલહો રહેશેજ.

અત્યારે આખી પ્રજાનું માનસ બદલાયું છે—જીવન પલટાયાં છે. વ્યવસાય ફેરવાઇ ગયો છે, ત્યાં તેથી ઉલટો બોધ કેમ ચાલે? જગત્ (તમને અજ્ઞાનમાં ડુબેલું લાગતું હશે) દેખતું થયું છે અને દંભ તથા જુઠાણું પારખી શકે છે. અગાઉ ધર્મના ગમે તેવા દંભને પણ શ્રદ્ધાથી ચલાવી લેવાતા. આજે દંભ કે દંભી નભી શકે તેમ નથી. દરેક પોતાના જીવનની જરૂરીઆતનો વિચાર કરી માર્ગ નક્કી કરે છે, ત્યાં તે કોઇની પણ ડખલગીરી સહી શકતો નથી, એટલી હદ સુધી સ્વાતંત્ર્યનો ખ્યાલ જમાનામાં આવી ગયો છે. **મનુષ્યજીવનમાંથી વિશેષ ધર્મની તાલાવેલી ખુટી ગઇ છે—સામાન્ય મનુષ્યધર્મ સૌ ઇચ્છે છે.** તેવા જમાનામાં અરૂચતો અને સમયને પ્રતિકુલ બોધ આપ શા માટે કરો છો? આપ જમાનાની તાસીર નથી જોઇ શકતા? જોતા હો તો કેમ વર્તી શકતા નથી? આપ સમય, સંજોગ અને શક્તિનો વિચાર કરી યુગને અનુસરો તેમ સૌ કોઇ ઇચ્છે છે! આમાંજ આપનું ગૌરવ છે!

ધર્મદ્રષ્ટિએ જોતાં પણ આપનું અત્યારનું કાર્ય તદ્દન વાસ્તવિક તો નથીજ.

દીક્ષાનો અધિકાર બનાવવા માટેજ દીક્ષાના પ્રકારો શાસ્ત્રમાં વર્ણવ્યા છે તે માટે વય, કાળ અને પરિક્ષાનો પણ વિચાર કરવામાં આવ્યો છે, આ બધી **અધિકારની વાતો આપે કદી ચોરી ચુપકીદીથી છુપાવી રાખેલ. દીક્ષાના ગભરૂ ઉમેદવારને સમજાવ્યા છે—પારકાના સંતાનોને બાવા બનાવી—સ્વર્ગ સર કરવાની પામર વૃતિવાળા**

શાસન પ્રેમી! ધનના ગુલામોને સમજાવી છે! અગર તો ગુરૂ આસને-પિતા મહાવીરની પવિત્ર ગાદીએ બેસીને આપે કદી વિચારી છે?-બીજાને બાવા બનાવો તે પહેલાં તેની લાયકાત તપાસો, શક્તિ તપાસો, વય તપાસો, આસપાસના તેના સંજોગો તપાસો, વિચાર કરવાની મુદત આપો, અને તેની ત્યાગ વૃતિની કસોટી કરો એટલી અમારી સૌની આપને વિનંતી છે! શાસ્ત્રમાં કોઇ અપવાદ હોય તો તે સર્વ સ્થળે સૌને માટે ન લાગુ પડે!-**બધી વાતો શાસ્ત્રના આધારેજ શક્ય ન બનાવી શકાય. અનુભવ અને સંજોગના પ્રમાણો પણ જોઇએ!-શાસ્ત્ર અનુભવીની અનુભવ પોથી છે-પણ સમાજ ઉપર તેના કપાળમાં જડાવેલી અચલાયતનની મેખ નથી! શાસ્ત્રકારો યુગદ્રષ્ટા છે, માર્ગ બતાવી દેનારા અનુભવીઓ છે, સમાજ ઉપર બેસાડેલા જાલીમ મોસલ નથી.**

ધર્મે ચાર સંઘ. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને ધર્મના સ્થંભ જેવા ગણ્યા છે. ચારેને તિર્થ જેવા મનાવ્યા છે, એટલે શ્રાવકપદ ઓછી કીંમતનું જ્ઞાનીઓએ નહોતું આંકયું! પ્રચંડ જ્ઞાનીઓ પાસે-ધર્મધુરંધર સાધુઓ પાસે, શ્રાવકોના માન અને પ્રતિષ્ઠા હતા, તો આજે આપ સુંદર શ્રાવકો બનવાનો બોધ કરો, આજે આપ સંસારી સાધુઓ જન્માવી સંસારમાં સાધુતા દાખલ કરાવી સમાજને સચ્ચા ગૃહસ્થ-ગૃહસ્થી આપી સમાજની મહત્તા વધારો! તેમાં તમારી, ધર્મની અને દેશકાળ અનુસાર સૌની શોભા છે. **જ્યારે તેઓને ત્યાગની તાલાવેલી લાગશે, ત્યારે જરૂર તમારી શોધમાં નીકળશે, માટે આજે તમે શિષ્યોની શોધ કરવાનું, ખરીદવાનું-ચોરવાનું છોડી દો.**

સાધુઓના પરપીંડ જીવીત ટોળાં જન્માવી આપ કંઇ નહિ કરી શકો! અત્યારે સાધુઓની બાવા અને ભીખારીઓની સંખ્યા ભારતને ભારે પડે છે, ત્યાં થોડા વધારે પરાશ્રિત કીડાઓનો વધારો કરી આપ કયો ગઢ જીતવા માગો છો? કયું સ્વર્ગનું દ્વાર હાથ કરવાની મુરાદ છે? પડતાને બચાવી શકે, આભને ટેક દઇ શકે, ધર્મનો ઉદ્યોત કરી શકે તેવા સાધુઓ સ્વયંભુ અવતરશે. તમારા બોધથી કાંઇ નહિ વળે! તે મુંડેલા માયકાંગલાઓને જોવાથીજ જણાશે. **જૈનને આવા ભીખારી ગુરૂઓ નથી જોઇતા**-સાચા સાધુઓ જોઇએ છે, તે આપને યાદ આપવાની જરૂર નજ હોય!

આપે અત્યાર સુધીમાં મુંડેલાઓની પરીક્ષા કરીજ હશે. બ્રાહ્મણોમાં ઉપવિત સંસ્કાર કરાવતી વખતે એક અક્ષર પણ ન ભણનાર, કાશી જવાની વાત ઉચ્ચારી ભાગે છે અને જનોઇ પહેરતી વખતેજ પરણનાર બ્રહ્મચારી જીવન પામે છે, તે બધું આજે નાટકના ફારસ જેવું હાસ્યાસ્પદ લાગે છે, તેવુંજ આપના દીક્ષાના ઉમેદવારનું સમજવું!

આપને ખાત્રીપૂર્વક કહું છું કે—

કોઇ આપની ભાષાની જાદુઇ અસરથી ક્ષણિક વૈરાગ્ય પામીને આવ્યા હશે!-કોઇ સંસારી તરીકે રહેવાની પોતાની અશક્તિને કારણે આવ્યા હશે-કોઇને સંસારનો કલહ સાલ્યો હશે-દેણે દબાવ્યા હશે, પેટ ભરવાના પાંપળા થયા હશે-ત્યારે કોઇ આવ્યા હશે, તો કોઇ **અતી ન્યારૂં નિરંકુશ ખાનપાનાદિ વિગેરેનું સુખ ભોગવવા અને પૂજાવા માટે આવ્યા હશે.** ધર્મની ખાતર ધર્મ માની હૃદયના દોર્યા ભાગ્યે કોઇ દોરાયા હશે જે હૃદયનો દોર્યો દોરાય તે તો આપનો પણ ગુરૂ બની બેસે!

બૌદ્ધ મત પ્રમાણે સાધુઓ જ્યારે ઇચ્છે ત્યારે સંસારી થઇ શકતા હોય અને સમાજ તેનો સ્વીકાર કરવા તૈયાર હોય તો અત્યારની સાધુતા ઇચ્છવાયોગ્ય છે. **આપણા સમાજમાં સાધુ અને સંસારી વચ્ચે ભયંકર દીવાલો રચી નાંખવામાં આવી છે, તેથી જ્યારે સાધુને સાધુતા નિભાવવી આકરી પડે છે ત્યારે તેને-ત્યાં ને ત્યાં રહી છુપા છુપા પાપો કરી જીવન નષ્ટ કરવુંજ પડે છે.** આગળના જમાનામાં પણ આમજ હશે, પરન્તુ તે વખતે પ્રજાના સંજોગો અને વાતાવરણ તેવું હતું. આજે આખું વાતાવરણ બદલાઇ ગયું છે-**સાધુએ સમાજ અને સાધુ સંસ્થા વચ્ચેની દીવાલો દૂર કરાવી શકતા હોય તો જરૂર સાધુતા પાળી શકાશે-બોલો ગુરૂજી! આ બનશે?**

આપે જમાવેલા શિષ્યોના ધાડીઆને જોઇ ગર્વથી આપની છાતી ફુલતી હશે! આપની પ્રભુતા અને ગુરૂતા ઉપર આપ પોતે વારી વારી જતા હશો! આપે શાસનચક્ર ફરકતો રાખ્યો તેમ આપને લાગી જતું હશે-પણ ઓ! ગુરૂરાજ મારા! ચોકસ માનજો કે તે સૌ તમારી પ્રગતિની પાંખ કાપી નાંખનારા તમારા આગળ વધતા પગમાં કુહાડાના પ્રહાર કરનારાજ નીવડશે. આત્મિક કલ્યાણની ભાવના ભુક્કાજ જશે-આપે સાધેલી સાધુતા હતી ન હતી થશે. ધર્મની ક્ષતિ થશે, ત્યારે પોક મૂકીને રડતાં પણ પાર નહિજ આવે!

બધું ત્યાગવાની વાતો કરવા છતાં સત્તા ભોગવવાની લગની લાગી છે. આ રીતે હજુ આપ સાચા શિષ્ય પણ **બની શકો તેવી ત્યાગવૃત્તિ, નમ્રતા, દીર્ઘદ્રષ્ટિ, ગંભીરતા, વિરક્તી અને યોગ્યતા પ્રાપ્ત કરી શકયા નથી, ત્યાં તો ગુરૂપદે ચડી બેસવાની મહત્વાકાંક્ષા ક્યાંથી જન્મી? આ ગુરૂપદની ઉતાવળ આપને નીચે ગબડાવી દેશે. આપનું નૈતિક પતન થશે. જૈનત્વનો ઉડતો ઝુંડો ઉત્પન્ન કરેલ ઝેર વેરથી નીચે ઉતરી જશે તે આપે સમજી લેવું.** (ચાલુ)

લી૦ 'ત્યાગીનો રાગી.'

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૫ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર સુદી ૯. તા૦ ૭-૪-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

નોંધ અને ચર્ચા.

સત્યાગ્રહી જૈન યુવકોને અભિનંદન.

—:*:—

પૂજ્ય મહાત્માજીની ચળવળને અંગે જોડાયલાં સત્યાગ્રહી બંધુઓનાં જે લીસ્ટો પ્રકટ કરવામાં આવ્યાં છે, તેમાં ઘણા જૈન યુવકો પણ છે, તે વસ્તુ જૈન કોમે અભિમાન લેવા લાયક છે. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો પણ આ હીલચાલમાં જોડાયલા છે તેમને તથા સર્વે જૈન યુવકોને અમો અભિનંદન આપીએ છીએ ને આશા રાખીએ છીએ કે પરમાત્મા મહાવીરના અનુયાયી તરીકે પોતાનું કર્તવ્ય તેઓ સુંદર રીતે બજાવશે.

યુવાનોનું કર્તવ્ય ક્ષેત્ર ઉપાશ્રયોમાં નથી, આવશ્યક ક્રિયામાં અવશ્ય બોલવા પડના વાકયો બોલવામાંજ યુવાનો પોતાનું દેશ પ્રત્યેનું કર્તવ્ય પૂરૂં થએલું સમજતા નથી, તેઓ વાતો કરતા નથી તેમજ સીધી વાતો પુછાતી હોય ત્યારે સીત્તેર લીટી ભરીને પુછનારની ભૂલો ગોતવામાં રોકાનારનો સાથ કે આગેવાની હવે તેઓ (યુવાનો) સ્વીકારે તેમ નથી, જેઓ ઉચ્ચારે છે કે યંત્ર, મીલ, કારખાના એ બધાને જૈન શાસનમાં પાપ માનેલ છે ને પાછા પોતે તેજ યંત્રમાં ઉત્પન્ન થએલા વસ્ત્રો વાપરે છે એટલે જેઓ માને છે કંઇ અને વર્તે છે જુદું, તેવાઓની આગેવાનીને યુવાનોએ ફેંકી દીધી છે, અને તેથીજ વાણી અને કર્મની એકતા સાચવનાર મહાત્માજીની આગેવાની યુવાનોએ સ્વીકારેલ છે. તે યુવાનોએજ સાચો ધર્મ—સાચો જૈન ધર્મ ઓળખેલ છે, તેવા યુવાનોને આખી સમાજના અણમુલા અભિનંદન છે.

અનેક રીતે જૈન યુવાનો આ હીલચાલને મદદ કરી શકે છે, ખાદીનો પ્રચાર કરી શકે છે, કાપડ ઉપરાંતની અનેક પરદેશી વસ્તુઓ પોતે છોડી શકે છે. અન્યને તે છોડવાની પ્રેરણા કરે છે, દ્રવ્યની મદદ કરી શકે છે, દ્રવ્યનો ફાળો ઉઘરાવી શકે છે, આમ અનેક પ્રકારે જૈન કોમ સંદેશ પ્રત્યેની ફરજ આવા અણમોલા સમયે આ ચળવળમાં ભાગ લઇ યોગ્ય રીતે બજાવશેજ.

કોન્ફરન્સ ઉપર શાસનપક્ષના કહેવાતા અદીસો તારો.

તે કેવી રીતે મેળવવામાં આવ્યા હતા તે નિચેનો પત્ર પ્રકાશ પાડે છે.

"યંગમેન્સ જૈન સોસાયટીના સભ્યો જોગ,

કુંડલાથી લી૦ ના સ્નેહપૂર્વક જયજીનેન્દ્ર,

આપનો પત્ર તા. ૭મીએ આવ્યો હતો, જુન્નેર કોન્ફરન્સ ઉપર તાર ત્રણ કર્યા તેની વિગત,

(૧) શ્રી સંઘના નામથી ધર્મ વિરૂદ્ધ ઠરાવ નહિં લાવવાનો.

(૨) વકીલ કુંગરશી મુળજીને નામે સખ્તમાં સખ્ત ક્રાન્તિની ખબર લેવી ધર્મ વિરૂદ્ધ ચાર ઠરાવ.

(૩) મારો :—**આપની આવેલ નકલ મુજબનો,** સામી કોન્ફરન્સ ભરવાનું સંભળાય છે, તો મારો અંગત મત નિચે પ્રમાણે,

જો મહુવાથી નેમીસુરીજી અમદાવાદ ખાતે હાજરી આપે અને આ + કના પ્રતિનિધિની સહાય મળે તો સ્થળ અમદાવાદ પહેલા નંબરનું ગણાય.

કચ્છી ભાઇઓને જમણવારમાં ભેળવી દેવા તે જરૂરનું છે, શાસન પક્ષે નરમ રહેવાનું નથી, વધારે શું લખું?"

કચ્છી ભાઇઓ શાસન પક્ષને જુન્નેરમાં સારી રીતે ઓળખી ગયા છે. એકજ કારખાનામાંથી નકલો મોકલાવાય છે તેજ મુજબ એકજ ગામના અનેક તારો કરાવાયા છે, તેનો ઉપલો પત્ર જીવતો જાગતો પુરાવો છે.

સાગરાનંદસુરીનું સુરતમાં આગમન.

—:*:—

(નીચેની બીના આપના પત્રમાં તરતજ પ્રગટ કરી આભારી કરશોજી.)

સુરત શહેરમાં શ્રીમાન સાગરાનંદજી પધારનાર છે અને તેમના આગમન પ્રસંગે કેટલાંક કાર્યો કેટલાક જૈન ભાઇઓ તરફથી થવાનાં છે, જેના માટે તેઓ તે કાર્યોમાં સુરતના સમસ્ત જૈનોની મોટા ભાગની એ કાર્યોમાં સહાનુભુતી કે સંમતી નથી એ હકીકત આથી સર્વે જૈન ભાઇઓને વિદીત કરવામાં આવે છે.

લી૦ સેક્રેટરી,

શ્રી સુરત જીલ્લા જૈન યુવક સંઘ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

સંતના કેશરીયા.

રવીવારની મંગળ પ્રભાતે ગુજરાતના એ મહાપુરૂષે, ભારત વર્ષના એ પ્રખર મહાત્માએ અને વીસમી સદીના એ અગ્રગણ્ય આત્માએ દાંડીના સાગર તટે, સલતનત સામે અહિંસક સમરાંગણના મોરચા માંડયા છે. આ અંક વાંચકના કર કમળમાં પડશે ત્યારે જગતના ઇતિહાસમાં નોંધાયેલી આ અપૂર્વ લડતનો દ્વિતિય દિન ચાલતો હશે. પ્રતાપવંત ગાંધીજીના શબ્દે શબ્દે ઉત્સાહના પૂરની સરિતાઓ વહી રહી છે. સારાયે ભારત વર્ષમાં એમની હાક એટલા જોર શોરથી પડી છે કે, આજ્ઞા મળતાંજ હજારો આત્માઓ–વિદ્વાનો ને પંડિતો શ્રીમંતો ને સમૃદ્ધિવંતો–પ્રૌઢો અને નવજુવાનો–સ્ત્રીઓ ને પુરૂષો–પોતાના પ્રાણનું બલિદાન ધરવા તૈયાર થઇ રહ્યા છે. દેશમુક્તિના યજ્ઞમાં–અહિંસા અને સત્યના પાયાપર ચણાયેલા યજ્ઞમાં–આહૂતિ રૂપે હોમાઇ જઇ જીવન સાર્થક કરવા સારૂ હસ્તે મુખડે કૂચ કરી રહ્યા છે! કળિયુગ તરિકે ઓળખાતા આ યુગમાં શું એ સત્યયુગની ઝાંખી તો નથી થઇને? પાંચ ખંડ ધરતીમાં એનો પડઘો પડી રહ્યો છે સૌ કોઇની આંખો, એ લગોટીધારી માનવી તરફ ખેંચાઇ રહી છે. શસ્ત્ર અસ્ત્ર વગરનો, મૂઠીભર હાડકાનો આદમી, દુન્યવી લડતના પ્રચલિત સરંજામોને તાળા–ચાવી લગાડી તદ્દન વિલક્ષણ પ્રકારે કોઇ પણ જંતની ખાનગી મસલત કર્યા સિવાય યુદ્ધના રણદુંદિભિ વગાડી રહ્યો છે.

ચોવીસો વર્ષ પૂર્વે થયેલા શ્રમણ પરમાત્મા મહાવીર દેવે આત્મિક શ્રેય સારૂ આંતરશત્રુઓ સામે આદરેલ અહિંસક સંગ્રામ, સ્મૃતિપટમાં તાજો થાય છે. સાંભળેલી વાતોનો ચિતાર ચક્ષુ સન્મુખ બનતો અનુભવાય છે.

રાજસ્થાનના વીર રજપૂતોના 'કેશરીઆ'થી લાગ્યેજ કોઇ અજ્ઞાત હશે! માતૃભૂમિના રક્ષણ અર્થે–સ્વજાતિના ટેકને અર્થે–સ્વજનના મોહ ઉતારી, સંપત્તિના નિશા નો ત્યાગ કરી, વૈભવ વિલાસને ઠોકરે મારી, નીકળી પડી ખુલ્લી છાતીએ શૌર્ય દાખવી, કયાં તો વિજયને વરતા કિંવા સ્વજીવનને ખપાવી દેતા–ભૂતકાળના ગર્ભમાં એવા વ્રતધારીઓના ઉદાહરણો સંખ્યાબંધ લબ્ધ થાય છે. પણ એ બધાને વિસ્મરણ કરાવે તેવો લડતનો ક્રમ, પૂજ્ય મહાત્માજીએ ગોઠવ્યો છે. વીસમી સદીમાં–અરે જે દેશે છેલ્લા સૈકાથી શૌર્ય ને સત્વ ગુમાવી વાત વાતમાં ડરપોકતા આગળ કરી, પરાધિનતાની જોંસરીને વધારે કઠણ બનાવી છે અને જેની પાસે આ વિજ્ઞાનિક જમાનામાં લડવાના છેલ્લી ઢબના સાધનોની સામગ્રીનો છાંટો સરખો પણ નથી અને જ્યાં ત્યાં નાના મોટા કલહો દિ' ઉગે ફૂટી નીકળતા વિલંબ સરખો થતો નથી, એવી ભારતભૂમિમાં આત્મશકિત પર મુસ્તાક રહી, સ્વપ્રાણ જવા દઇને અને એ સાથે સામાને રંચ માત્ર ઇજા પહોંચાડયા સિવાય સ્વાતંત્ર્યની લડત માંડી છે, એ ઓછી અદ્‌ભુતના નથીજ. ચળવળ સિદ્ધાંતની દ્રષ્ટિએ એમાં પ્રાચીનતા સાબ્દ પૂરે છે છતાં આચરણમાં એનું ધુરિત્વ ને પ્રભુત્વ સ્વીકાર્યા સિવાય ચાલી શકે તેમ નથીજ. આજે એ અખતરા રૂપ ભલે લાગે પણ વિજયની ચાવી એમાંજ છુપાયેલી છે. હિંદ જેવા પુરાણા દેશને હાલના તબકકે, આ વગર, અન્ય વ્યુહ શકય તેમજ ફળદાયી પણ ન હોઇ શકે. તેથીજ વિના શંકાએ અંતર કબુલે છે કે કેશરીઆ કરી આશ્રમને છેલ્લી સલામ ભરી બહાર પડનાર આ સંતને જયશ્રી જરૂર વરમાળા આરોપશે. આવી જર્જર વયે પગપાળા મુસાફરી કરતા અને સદૈવ તકલીપર હાથ ફેરવી અદના સૈનિકનું કડક જીવન જીવતા, આ અનુપમ ભેખધારીએ જનતામાં અપૂર્વ જોમ પ્રકટાવ્યું છે. લોકો એને નિરખવા દૂરદૂરથી આવે છે. એના જવાના માર્ગે કુકુમના સ્વસ્તિકોને પુષ્પોની વૃષ્ટિઓ સહજ થઇ પડી છે. સતક વિતાવી ચુકેલા નરનારીઓ પણ એના દર્શન સારૂ દોડી આવી, આનંદ મગ્ન થઇ જાય છે અને કોઇક તો એ મહાન વિભૂતિના સૈન્યમાં દાખલ થવાની પરવાનગી માગે છે. આવા સાચા સંતની–અકિંમત વ્રતવાળા ફકીરની–વાણી નિષ્ફળ–જાય કિંવા ક્રિયા વ્યર્થ નિવડે એવું સંભવિત છે? એ મૂર્તિનો મુદ્રા લેખ 'કાર્યની સાધના કે દેહનું પતન' મહારાણા પ્રતાપની યાદ આપે છે. 'સત્ય મેવ જયતિ' જેમ એનો વિજય અચુક છે.

ઓ જૈન બંધુ તહારા સિદ્ધાંતમાંના ઘણાનુ જેમાં ડગલે પગલે પાલન થઇ રહ્યું છે. જે માત્ર 'થીયરેટીકલ' નહિં રહેતાં 'પ્રેકટીકલ' ઉતરી રહ્યા છે તે વેળા શું તું પ્રમાદમાં પડયો રહીશ? આજે પણ તહારૂં હૃદય સ્વદેશી–વિદેશીના સંદેહ હિંચોળે ઝોલા ખાતુ રહેશે? દેશ બાંધવોના રૂંવા ખડા કરે તેવા ભોગો નેત્ર સામે જોયા છતાં ક્ષણિક ધનની મમતામાંથી તું ઉંચુ ન જોઇશ? સમય પોકારે છે કે એ માટે અવસ્ય તહારે પસ્તાવું પડશે. પ્રબળ પશ્ચાતાપ કરવો પડશે. આજેજ ચેતી લઇ શુદ્ધ ખાદીધરી બની જા. તૈયારી કરી ઝંડાધારી બની યુદ્ધના મોખરે પહોંચી જા. સાચા જૈન તરિકે તારૂં સ્થાન લાંજ છે.

મુનિ રામવિજયને ખુલ્લો પત્ર.

[ગતાંકથી ચાલુ.]

મુનિ રામવિજયની સેવામાં—

આજે સાધુતાના વ્યાપાર ચાલી રહેલા છે. **ભોળાઓને ભમાવી, નાણાની લાલચો આપી, ફસાવવામાં આવે છે.** કંઇકની રડતી બાળપત્નિઓને, વૃધ્ધ માતપિતાને દુઃખમાં હુમાડી છાની રીતે સાધુ બનાવવામાં આવે છે. આ બધું શું ધર્મ અનુસારજ થાય છે કે? **ત્યાગ રૂંવે રૂંવે પ્રગટયો હોય, સંજોગ અનુકુળ હોય, કુટુંબીઓ રાજીખુશીથી રજા આપતા હોય, લેવડ દેવડથી મૂકત થયો હોય, જ્ઞાન ઉપાર્જીત કરી લીધું હોય અને રોટલાના પ્રમાણમાં જગતને પાછું કંઇક વાળવાની શક્તિ કેળવી હોય તેનેજ સાધુ બનાવી શકાય.** આપે તો સાધુતાનો વેપલો માંડયો છે. આથી જૈનધર્મને કેટલી હાની પહોંચશે તે આપ કલ્પી શકો છો? અપકવ બુદ્ધિએ અને વગર સમજણના લાગે થયેલા સાધુઓના આંતરિક જીવનમાં ઉતરો

ત્યારેજ સમજશે કે, જૈન સાધુઓનું ન સાંભળેલું હોય તેવું અધઃપતન થઇ રહેલું છે. કોઇ કોઇ જૈન સાધુઓમાં કુદરત વિરૂદ્ધના ગુન્હાઓ થવા માંડયા છે. જૈન સાધુઓએ ગુપ્ત વ્યભિચાર સેવવા માંડયા છે. જૈન સાધુઓ હસ્તદોષની ભયંકર બદીમાં ફસાઇ ગયા છે. કોઇએ શ્રાવિકા સાથે-જૈન સાધુઓમાં લક્ષ્મીનો મોહ અને પરિગ્રહ પ્રીતી જામતી જાય છે. જૈન સાધુએ અપકવ જ્ઞાને, બીજાના લખેલા પુસ્તકો પોતાને નામે ચડાવી સાહિત્યની ચોરી કરતા શીખ્યા છે-આ બધી સમજ વગરના-સાચા ત્યાગની તાલાવેલી વગરના-દીક્ષાના ઝેરી ફુગા છે! મહારાજશ્રી! આપને આટલો બધો મોહ શાનો રહે છે? આત્મ કલ્યાણ કરવા નીકળ્યા હો તો આટલો ઠાઠ માઠ અને દંભ શા માટે? ઇર્ષા શા માટે? દરેક વખતે આપ ત્યાગની વાત કરો છો-તો જાતે ત્યાગ કેમ ગ્રહતા નથી? વ્યાખ્યાન વખતે-લગભગ પાંચસે સાતસો રૂપીઆની કીંમતનો જરી ભરેલો રૂમાલ શા માટે? ઉંચી કીંમતની શાલો, કામળો શા માટે? પધરામણી વખતે ઠાઠમાઠ અને દમામ શા માટે? આ બધું ત્યાગવા જેવું આપને નથી લાગતું? જરી ભરેલા રૂમાલને બદલે શુદ્ધ ખાદીનો કટકો રાખો-સાદામાં સાદાં કપડાં રાખો, રસ વિગેરે ઠાઠમાઠનો મોહ તજી દો! સાચા સાધુ બની બેસો-સાધુતાથી જગતને નોતરો, એટલે વિશ્વના માથા પગમાં નમશે! આત્મ-કલ્યાણ માટે આપ જીભ ઉપર તાળાં દો, મોહના પડળ ઉતારી નાંખો, કલ્યાણની ભાવના ભાળતા થઇ જાઓ, શાંત મૂર્તિ બની જાઓ, એટલે તમારૂં અને જગતનું કલ્યાણ થશે! આપને આ બધું નહિ રૂચે, આપને જરીયાન રૂમાલનો મોહ તજવો ઠીક નહિ લાગે. સત્તાને લોભ છોડવો અપ્રિય હોય, ઇર્ષા અને દંભ જો આપના જીવનમાં જડાઇ ગયા હોય તો બહેતર છે કે બોધ આપવો બંધ કરો. બીજાને ભમાવવાનું છોડી દો-આ પણ મોટા પુણ્યનું કામ ગણશે!

આજે આપના બોધને કારણે જૈન કોમને માણસાઇ મુકી-પઠાણની માફક વાત વાતમાં ભાઇ સામે છરી અને લાકડી લેતા કરી દીધા છે!

આજે સાધુઓના પાપે સમાજમાં ભયંકર હોળી સળગાવી છે, જેમાં ધર્મપ્રીતિ અને ભ્રાતૃભાવનો ભોગ અપાઇ રહેલો છે.

આજે ધર્મ ચર્ચા કરવા અને યુગાનુસાર માર્ગ નક્કી કરવા, ભેગા થયેલા જૈનોના મહાન્ કાર્યને બગાડવા, શાસનપ્રેમીઓ પગભર થયા છે. આજે શાન્ત વૃતિથી સમ-કીતભાવથી, બારવ્રત સેવનારા સરકારની કોર્ટનાં પગથીઆ ઘેસવી બોટા સાક્ષીઓ આપી ધર્મસિધ્ધાંતનું ખુન કરી રહેલ છે.

આજે જૈનો વાણી ઉપરનો કાબુ ગુમાવી અન્ય દલીલને બદલે વિતંડાવાદમાં સડોવાઇ ગયા છે તે તરફ આપનું ધ્યાન ખેંચું છું!

* * *

જૈન સાધુઓ માટે બહારનો કોઇપણ વ્યવસાય સંભવિત્ છેજ નહિ એટલે તે રીતે આપ જાત મહેનતથી ઉદરનિર્વાહ કરતી વ્યક્તિઓને પરાશ્રિત બનાવી સમાજ ઉપર બોજો લાદવાનું શામાટે કરો છો? આજના જમાનામાં પોતાનું પેટ ભરવાના પાંપળા છે, ત્યાં ઉપયોગ વગરના સાધુઓનો બોજો શા માટે સમાજ ઉપર નાંખો છો? સાધુઓ સમાજનું, કેળવણીનું ખર્ચ, સંસાર સુધારા પાછળથી થતું ખર્ચ બચાવી શકે તો તેની પાછળનું ખર્ચ લેખે લાગ્યું ગણાય!

શ્રાવકના રોટલા ખાઇ શ્રાવકમાંજ કજીઆ કરાવી શાન્તિ ભંગ કરે, ઉન્નતિને લાવવાને બદલે અવનતિ લાવી આપે, શ્રાવકના સંસારમાં સડો પેસાડે તેવા સાધુઓ અમને નહિ જોઇએ! સંસાર આવા સાધુ વિનાનો રહેશે તો મોટું નુકશાન નહિજ આવે!

નવીન યુગ કે જેમાં આપણે સૌ જીવી રહેલા છીએ તે તો કહે છે કે પરાશ્રિત જીવન કરતાં તો મૃત્યુ પણ ભલું. આપે ભેગા કરેલા પૈસાનો શો ઉપયોગ કરવા ધાર્યો છે? તે દ્વારા આપ સમાજનું કયું કાર્ય સાધવા માગો છો? વ્યાખ્યા નમાં પ્રદર્શન કરવાનો આપને મોહ તો નથીને?

જમાના સાથે રહેવા માટે કેટલીએક પ્રવૃત્તિઓ અત્યારે સંસારીઓને સ્વિકાર્યા વીના છુટકોજ નથી. કેટલીક કેળવણી લીધા વીના ચાલે તેમ નથી-આપે તેવી, કેળવણીવાળાઓનો લાભ ઘણી વખતે લીધો છે-છતાં તે સૌ તરફ આપનો ભયંકર રોષ જાહેર કરી ઉદાર વૃત્તિને આપ શા માટે ડોળી નાંખો છો? આપ માનો છો કે બધા આપની જેવા બાવા બની બેસશે તો કલ્યાણ થઇ જશે?

આપણા જૈનો દરેક દીશામાં જઇ ત્યાં ખરા જૈન બને તો વધુ સારૂં ગણાય! જૈન ડોકટર બની જૈન દ્રષ્ટિ રાખે અને દીન દર્દીઓ ઉપર દયાવૃત્તિ રાખે તો બીજા કરતાં સારૂં કાર્ય કરશે! આપ જૈનદ્રષ્ટિ કેળવાય તેવો બોધ આપો તો જૈનત્વ ફાલશે-અને ફુલશે!

અત્યારે સાધુમાર્ગી બોધ કરતાં સામાજીક બોધ આપવાની જરૂર છે! સમાજનો સડો આજે માનવીને માનવી મટાડી રહેલો છે; સમાજનો સડો આજે જૈનને જૈનત્વ ભુલાવી રહેલો છે-આજે સંસાર સળગતી આગ જેવો બની ગયો છે-આજે જૈનોનાં જીવન અલ્પ આયુષી થયા છે-બાળમરણ વધ્યા છે-તો તે માટે આપ આપનું જ્ઞાન, ત્યાગ, તપ અને લાગવગનો ઉપયોગ કરો તો જરૂર એક કાળે આપ સાચો 'વિરાગ' જન્માવી વીતરાગ માર્ગી બનાવી શકશો? ધર્મનું બીજ વાવ્યા પહેલાં સંસારનું ક્ષેત્ર સાફ કરવાની જરૂર છે! ગુરૂજી! માઠું ન લગાડશો-પણ કહેવું પડે છે કે અત્યારનાં આપનાં કાર્યથી જૈન સમાજ અને સાધુ સંસ્થાની ઘોર બોદાઇ રહેલી છે.

જૈન સમાજ આપને વિનવે છે કે—હવે

(૧) આપ જમાનાને ઓળખો, તમારૂં સ્થાન અને પદ ઓળખો.

(૨) સામાજીક સુધારણાનો ઝુંડો હાથ ધરી જૈનોનો સાંસરિક મેલ કાઢી ત્યાં શુધ્ધતા લાવો.

(૩) દરેક બાબતમાં એકલા શાસ્ત્રને પકડીજ રહેલાં વ્યવહારધર્મ અને યુગધર્મને પણ આપ વિચારો.

(૪) સાધુઓ અને ચેલાઓનો મોહ તજી, ત્યાગી બની ત્યાગની તાલાવેલી સમાજમાં લગાડતા શીખવો!

(૫) આપની અત્યારની સમાજના પ્રાણ હરનારી પ્રવૃત્તિ બંધ કરો.

ચેતજો—

જગતે સાધુસંસ્થા સામે બળવો જાહેર કર્યો છે. જૈન યુવકો સાધુ સામે કડક ટીકાઓ કરવાની હિંમત કરી શકયા છે. આપ યુગને નહિ ઓળખો તો કદાચ નજદીકના ભવિષ્યમાં આપની ગોચરી સામે પીકેટીંગ પણ કેમ ન કરે? પ્રભુ આપને અને સૌને બચાવે!

જય હો! વીર શાસનનો! જય હો! તેના ચાર સંઘનો!

લી૦ 'ત્યાગીનો રાગી.'

સુરતની જૈન કોમમાં જાગૃતિ.

કોન્ફરન્સના આગેવાન કાર્યકર્તાઓનાં સુરત ખાતેનાં ભાષણો.

—:※:—

(સ્થળ સંકોચને લીધે ઉપયોગી ફકરાઓ આપ્યા છે.)

તા૦ ૨૩ મી માર્ચને દિવસે બપોરે ત્રણ કલાકે નગીનચંદ હોલમાં સુરતના જૈનોની જાહેર સભા શેઠ દલીચંદ વીરચંદના પ્રમુખપણા નીચે મળી હતી. પંદરસો જૈનો હાજર હતા. કોન્ફરન્સ પ્રત્યે સુરતની લાગણીનો પુરેપુરો ખ્યાલ મીટીંગમાં હાજર રહેનારનેજ આવી શકે. કોન્ફરન્સ સંબંધી ભાષણ, મુંબઇથી ખાસ તે પ્રસંગ માટે ગયેલા ભાઇઓ તરફથી કરવામાં આવ્યાં હતાં.

શેઠ દલીચંદ વીરચંદ.

જેમ કોંગ્રેસ આપણા દેશ માટે છે, તેવી રીતે કોન્ફરન્સ એ આપણી કોમ માટેની મહાસભા છે. તેની મારફતે આપણે ઘણી કામગીરી લઇ શકીએ, અને તેની પ્રતિષ્ઠા અને કીંમત વધારી શકીએ. તેના નિભાવથી તેમજ તેના મારફતે કેળવણીના ફેલાવાથી આપણે ઘણું કરી શકયા છીએ અને હજુ કરી શકીશું. આ માટે સુકૃત ભંડાર ફંડ કાઢવામાં આવ્યું છે. આ અને બીજી હકીકત આપણા આજના વક્તાઓ પાસેથી વિગતવાર મેળવી શકશો.

મી૦ મકનજી મહેતાનું વિવેચન.

હાલમાં રાષ્ટ્રીય ચળવળ ચાલી રહી છે, તેને વાંધો ન આવે એવી આપણી ચળવળ છે, તેમાં મદદ આપવી એ આપણું કાર્ય છે. કોન્ફરન્સ, મહાત્માજીની સરદારી હેઠળ ચાલતી લડતમાં ભાગ લેવાની જૈનોને ભલામણ કરે છે. મહાત્માજીનાં કાર્યમાં જૈનોનો સંપૂર્ણ ટેકો છે એમ હું માનું છું. જૈનો પોતાના પુત્રો અને પુત્રીઓનું બળિદાન આપવાને તૈયાર છે એમ બતાવજો મહાત્માજીનો વિહાર જૈન સાધુ જેવો વિહાર છે, તેમનું જીવન અને ઉપદેશ જૈન સાધુના જેવો છે. અહિંસાનું સૂત્ર તેમની રગેરગમાં છે, તે સૂત્ર દુનીયામાં ફેલાવી રહ્યા છે. આપણા પરમ પૂજ્યોએ જે સૂત્ર આપ્યું છે, તેજ સૂત્ર તેઓ જગત ભરને આપી રહ્યા છે. જૂદે જૂદે ઠેકાણે તેર અધિવેશનો થયાં. સુરત ઉતરે તેમ નથી. સુરતે કોન્ફરન્સનું નિમંત્રણ આપ્યું નથી તો મને આશા છે કે આવતું અધિવેશન સુરત કે જીલ્લાના કોઇ ગામમાં ભરવાને સુરત તૈયાર થશે.

જૈન કોમનું જીવતું હૃદય.

શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, સોલીસીટરનું પ્રવચન.

કોન્ફરન્સ જે જે કાર્ય ઉપાડે તેને દરેક પ્રાંતે, જીલ્લાએ, શહેરે અને ગામે ટેકો આપવો જોઇએ. જો કોન્ફરન્સનું કાર્ય આપણે ઉપાડીશું તો આપણી સ્થિતિમાં ઉત્તરોત્તર સુધારો અવશ્ય થશે.

કોન્ફરન્સની શરૂઆતમાં કેળવણીનો ઠરાવ પસાર કરાવવામાં અમોને ઘણીજ મુશ્કેલી અનુભવવી પડી હતી. આજે કેળવણીના ક્ષેત્રમાં કોન્ફરન્સે ઘણું કામ કરી બતાવ્યું છે અને વિચાર વાતાવરણમાં કેટલા ફેરફાર કર્યા છે, તે આપણે જોઇ શકીએ છીએ, તેમજ હાલ કેળવણીને લગતી કેટલી સંસ્થાઓ કોન્ફરન્સની પ્રવૃત્તિઓથી સમાજના માનસનું પરિવર્તન જોઇ શકીએ છીએ.

પંડિત આણંદજી.

જૈન યુવાન કલેશોથી, ખટપટોથી, દંભોથી અને મતપંથોથી કંટાળ્યો છે; અને તેથીજ ત્રણે ફિરકાના ઐકયનો ઠરાવ એની મહાસભા મારફતે કરાવ્યો છે અને એમ બધાએ ઠરાવો, એની પાછળના વિચારો અને જનઅભિપ્રાયો જોતાં આજે જૈન સમાજ પરિવર્તન માટે એક પગે ખડો છે. અમોને આગમો, સૂત્રો, પંચાગી અને પૂર્વાચાર્યોના વચનો, એ બધા તરફ સંપૂર્ણ માન છે પણ એ આગમો અને પંચાગીનાં નામે કોઇ પોતાના મલીન આશયો અને ઉદ્દેશો અમારા પર ઠોકી બેસાડવાનો મિથ્યા યત્ન કરશે, તો તેને ફગાવી દેવાનો અમારો નિર્ધાર છે. શાસ્ત્રો અને પૂર્વપુરૂષોના નામે, હિસાબે અને ચોખમે પોતાના કોભાંડો અને તર્કટોના નિભાવના ઢુંકા દલ્હાડા આથમવાની હવે તૈયારી છે. દીક્ષાના ઝઘડાએ આખા જૈન સમાજને અસ્તવ્યસ્ત દશામાં મૂકી દીધો છે. સ્થાનિક સંઘની પરવાનગી ન હોય, સ્ત્રી, પુત્ર વગેરે અંગત સગાઓની રજા ન હોય, કશી પણ યોગ્ય જાહેરાત ન હોય અને દીક્ષા લેનારમાં યોગ્યતા કે લાયકાતનો અભાવ હોય એવા માણસને કોઇ અંધારે ખુણે દીક્ષા આપવી તેને આ પ્લેટફોર્મ પરથી હું જાહેર કરૂં છું કે તે ઉઠાઉગિરી છે, પઠાણશાહી છે. શાસ્ત્રોની અલ્પ પણ ઉપાસના કરવાનો મ્હારો નમ્ર છતાં પ્રમાણિક દાવો છે અને મેં ઉપર કહી તેવી દીક્ષાને કોઇ શાસ્ત્રના નામે ટકાવવા માગતો હોય તો તેને મારી સાથે વિચારવિનિમય કરવાનો પડકાર છે.

તે પછી રા મોહનલાલ દ. દેશાઇએ દેશની હિલચાલ અને મહાત્માજીના પવિત્ર જીવન સંબંધે લંબાણથી વિવેચન કર્યા પછી ધાર્મિક ખાતાના હિસાબોની ચોખવટ સંબંધેના ઠરાવ ઉપર વિવેચન કરતાં શેઠ આણંદજી કલ્યાણજી તેમજ બીજા ધાર્મિક ખાતાઓએ પોતાના હિસાબ ઓડિટ કરાવી પ્રગટ કરાવવાની જરૂરીઆત સમજાવી હતી અને તે દિશામાં કર્તવ્યપરાયણ થવા યુવાનોને ખાસ ભલામણ કરી હતી.

: : લવાજમ : :

વાર્ષિક (ટપાલ ખર્ચ સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૬ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર વદી ૧. તા૦ ૧૪-૪-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

માંગરોળ જૈન સભાના હોલમાં મહાવીર જયંતિ પ્રસંગે—

શ્રીયુત મણીલાલ જેમતલાલના મનનીય વિચારો.

પ્રમુખ મહાશય, ભાઇઓ અને બ્હેનો.

જગતનું કલ્યાણ કરવા દુન્યવી સમસ્ત ઉપસર્ગનો સામનો કરી, ઓ અહિંસાના મૂર્તિમંત સ્વરૂપ, તારા કહેવાતા સંતાનો આજે તારી જયંતિ ઉજવે છે.

ક્યાં તારી દીવ્યતાના તેજના પુંજ! અને ક્યાં અંધકારમાં અટવાઇ રહેલા અમે. ઓ દેવ, તારા સંતાનો હોવાનો અધિકાર પણ આજે અમે ગુમાવી બેઠા છીયે, તેને સત્ય માર્ગે દોરવા તારી જયંતિને બ્હાને ઓ પ્રભુ પ્રેરણા કર.

ઓ ભગવાન્? તારા અનેરા આત્મભોગના પંથે અન્યજનો આકરા કદમ માંડી રહ્યા છે. ત્યારે વીર સંતાન કહેવાતા અમે કર્તવ્ય ભ્રષ્ટતાથી પૃથ્વીના અંધકારમાં ઉંડા ઉતરી રહ્યા છીયે. ઓ દયાના સાગર? તેને જગતકલ્યાણની ભાવનાનાં ઉંચા આકાશમાં ખેંચી વીરતાના સાચા વારસો બનાવ.

આજે ભારતવર્ષની કચરાએલી પ્રજાના ઉધ્ધાર અર્થે જેમાં કરોડો માનવદેહધારીઓ નાગાં અને ભુખ્યા સુએ છે તેને ઢાંકવા અને પેટનો ખાડો પુરવા માટે, ચંડકોષી નાગ સમાન મહાન સલ્તનત સામે મહાત્મા ગાંધીજીએ અરે નવયુગના મહાવીરે તારાજ અહિંસાના સિધ્ધાંતે, તારાજ સત્યસમર્પણના પગલે મોરચા માંડયા છે, ત્યારે અમે આત્મા વિનાના અહિંસાના ખોખાને આડે ધરી, જગતને અટ્ટહાસ્ય કરાવી રહ્યા છીએ. ઓ પ્રભુ? તારી જયંતિના પાઠથી અમારી એ નિર્માલ્યતા દુર કર અને કાનમાં ખીલા ઠોકાતા છતાં તેના કલ્યાણની ભાવનાભર્યા ઓ યુધ્ધવીર, અમારામાં એ ભાવના ભર.

અને અહિંસક રહી કરોડોના કલ્યાણ માટે સામી છાતીએ આત્મ સમર્પણના આ આજના યુધ્ધમાં મોખરે રહી તારા સંતાન હોવાનો વ્યાજબી દાવો કરવો અને તારા એ સાચા અહિંસાના સિધ્ધાંતનું જગતને અદ્વિતિય કરવા ઓ દેવ, અમારા આત્માને તેની ફરજનું ભાન કરાવ. એ શીખવાને માટેજ તારી જયંતિઓ ઉજવીએ છીએ. એ તારા તેજના ઢગલામાંથી પ્રકાશનું બિંદુપણ જો જીવનમાં ન ઉતારાય તો આડંબર જુઠ્ઠો છે. જયંતિ ઉજવવી એ દંભ છે.

જગતને પ્રેમ અને ઐકયની સાંકળથી સાંધનાર ઓ પિતા, તારા સંતાનો આજે અંદર અંદર લડી નાશની ખીણમાં ગબડી રહ્યા છે. આસ્તિક અને નાસ્તિકના ઢોંગ રમી પામરતાની પથારીએ પડયા છે તેને તારા જીવંતસિદ્ધાંતો કે જેની ઉપર અમારી શીથીલતાની ધૂળ બાજી ગયેલી છે તેને ખંખેરી વીરતાનાં, માનવતાનાં સમાનતાનાં ઉચ્ચ શીખરે પહોંચાડ અને જગતના મહાવીરના સંતાનો માટે માનભર્યું જીવન જીવી જાણવા અમારામાં આ તપ પ્રગટો એજ તારી જયંતિ ઉજવવાની ભાવના અને હેતુ છે.

ઓ દેવ? આજે ભારતના તેત્રીસ કરોડના કલ્યાણના ચાલતા ધર્મયુધ્ધે તો તારાં સંતાનોનો હિસ્સો મોખરે હોવાનું આજના મંગળ પ્રસંગે અમારામાં બળ રેડ, અને ભૂતકાળના ઇતિહાસે તારા સંતાનોને ભારતવર્ષને પરાધીનતામાં પૂરવાનું જે કલંક ચોંટયું તેને ભવિષ્યના આજે લખાતા ઇતિહાસે કહાવી તારા સંતાનોને જગતમાં ઉજવળ મુખે રાખવા અનેરા આતસ અમારે હૈયે ભર; અને જગતને જણાવ કે જો બ્રિટીશ હકુમતને જૈનોએ હીંદમાં પગભર કરીને સહાય કરી, જે પાપની ભાગીદારી કરી હતી તે સલ્તનતને જડમૂળથી ઉખેડવાને પણ આજના આ ધર્મયુધ્ધે જૈનો મોખરે રહી એ પાપનું પ્રાયશ્ચિત કરશે, એવા સ્વાર્પણના પણો લેવા તારા આજના જન્મ કલ્યાણકને દીને અમને પ્રેરણા કર. અસ્તુ મંગળ.

પુનાના સંઘમાં શાંતિ.

પુનાના ખબરપત્રી તરફથી પુના શહેરમાં આપણી સમાજની અંદર ઘણા વર્ષથી જુદાં જુદાં તડો હોવાથી વૈમનસ્ય હતું, જેનો નીકાલ પૂજ્યનીય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીના સતત્ પ્રયાસથી આવ્યો છે અને જૈન સંઘમાં કુસંપની જગ્યાએ સંપ થયો છે, જેની ખુશાલીમાં ગઇ શુદ ૧૩ ને શુક્રવારે પુના શહેરમાં નોકારશીનું જમણ હતું.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

ભારતવર્ષમાં વિલક્ષણ સંગ્રામ.

સારાયે હિંદમાં ઠેરઠેર નિમકના કાયદાનો ભંગ કરી, કેવળ દેશનાયકોજ નહિ પણ શૂરા સૈનિકો અને અભણ ગ્રામજનો ધમધીડી નોકરશાહીના જુલ્મી ઝંઝીરો હસતા મુખડે વધાવી રહ્યા છે. ભારતવર્ષના ઇતિહાસમાં આ રીતે નવું પાનું ઉઘડે છે. શસ્ત્ર વગરની લડતના ઉપાડનાર સુત્રધાર મહાત્મા ગાંધીજી તરફ આજે વિશ્વની ચક્ષુઓ ઢળી રહી છે. સાડી વટાવી જનાર એ મહા વિભૂતિ કોઇ અનેરા જોમથી આ સંગ્રામ ચલાવી રહી છે કે જેનું સ્વરૂપ વિચારતાં નવલોહીયા જુવાનોને ઘડીભર મ્હોંમાં આંગળા નાંખવા પડે છે! દેશના બાળકોથી માંડી વૃધ્ધ પર્યંતોના મુખમાં માત્ર એ મહાત્માનું સ્મરણ રમી રહ્યું છે. એના સામે આ લોખંડી કાંડા બાવડાવાળી સલ્તનત પણ કંઇ શૌર્ય દાખવી શકતી નથી. આ લડતના મૂળમાં એવું તે શું જાદુ ભર્યું છે કે જેણે વેપારી આલમને પણ વિચાર કરતી બનાવી દીધી છે! તત્વવેત્તા અને વિદ્યાવિશારદોને પણ એ રહસ્ય ઉકેલવામાં આનંદ લાગે છે! યુવકોનો તો એ પ્રિય વિષય બન્યો છે અને ગામડાના નરનારીઓ તો એને ઘોળીને પી જાય છે.

જૈન સમાજ આવી અપૂર્વ લડત લડતાં કદાચ તું પાછળ રહી જાય એ સંભવી શકે છે છતાં એનું રહસ્ય ઉકેલતાં તને મુદ્દત વાર લાગે તેમ નથીજ. પરમાત્મા મહાવીરદેવનો એ કાળજીનો ઉપદેશ છે કે 'ક્રોધ સામે ક્ષમા, માન સામે નમ્રતા, માયા સામે સરળતા અને લોભ સામે અકિંચનતા' દાખવવાથીજ જયશ્રી લભ્ય થઇ શકે છે. રાગદ્વેષને મીટાવવા ઇચ્છનારે સમભાવ દશા આદરેજ છુટકો છે. કેટલાયે કાળથી આનું રટણ એ તો તારો આવશ્યક ધર્મ થઇ પડયો છે છતાં વિના સંકોચે કહી દેવું જોઇએ કે વર્તમાનકાળે એ બધું 'પોપટના અચરે અચરે રામ' જેવું થઇ ગયું છે. અર્થના ઉંડાણમાં ઉતરવાને સ્થાને ગતાનુંગતિકતા વધી પડી છે અને એથી સત્વ જતું રહી ઉપરના છોતરા હાથમાં રહેવા જેવું થઇ પડયું છે. જ્ઞાનરશ્મિના નૂતન તેજમાં રમણ કરવાને સ્થાને ક્રિયાનાં જડત્વમાં અટવાઇ રહ્યા છીએ.

સત્યની ઝાંખીને સ્થાને વધારે પડતી આળપંપાળે આપણને જકડી લીધા છે. આ આવરણોને છેદનારી વાણી આજે એક સંત તરફથી શ્રવણ કરવાનો અમુલ્ય અવસર આપણને પ્રાપ્ત થયો છે. મૂળ તે આપણા ઘરની છતાં, આજે આપણે તે મહાપુરૂષ પાસેથી મેળવવાની છે. એના અંગુલી નિર્દેશથી કોકડા ઉકેલી સાર કાઢવાનો છે અને એના બતાવેલા માર્ગે ગતિ કરી ચીરકાળથી વિસ્મૃત થઇ ગયેલ સંસ્કૃતિને પુનઃ પ્રાપ્ત કરવાની છે. જૈન સમાજ, આ સાધનામાં જો તું નિષ્ફળ જશે તો યાદ રાખજે કે પછી તારે મુખ દેખાડવાપણું પણ નહિજ રહે. શરમના માર્યા ધરતી પાસે માર્ગ શોધવો પડશે.

ભૂતકાળના એવા એકાદ બે પ્રસંગથી આજે પણ તારે લજ્જા ધરવી પડે છે, તો તેવી ભૂલ પુનઃ ન થાય તે સારૂ આજથીજ ચેતી લે. ભલે તું અમાપ શૌર્ય ન દાખવી શકે પણ તારાદ્વારા દેશદ્રોહના કાર્યો તો નજ સંભવી શકે. કોઇપણ સંજોગોમાં તારાથી વીસમી સદીના અમીચંદોને– પછી ભલેને તે એસેંબલીના સભ્ય હોય કે સ્ટેટ કાઉન્સીલના રાવસાહેબ હોય–નભાવી નજ લેવાય. દેશના લાભ સામે પડી, સ્વાર્થ સારૂ નોકરશાહીની પીઠ થાબડનારા એ માખણદાસોનો પડછાયો પણ ત્યાજ્ય ગણવો જોઇએ. એવાઓના આધિપત્ય હેઠળ ભરાનારા સંમેલનોનો બહિષ્કાર કરવો ઘટે.

સાચા શૂરવીરોએ તો કયારનાયે આ સંગ્રામમાં ઝુકાવી સ્વજાતને અને સારી સમાજને ગૌરવવંત બનાવી છે. આઝાદીના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નામ નોંધાવી અમરત્વ સિદ્ધ કર્યું છે. એવા કેટલાયે, દિવસ જતાં આ અપૂર્વ રણયજ્ઞમાં બળિદાન રૂપે જોડાશે. એ બધાને આપણા અભિનંદન હો. ભૂરિ ભૂરિ વંદન હો.

એવા અપૂર્વ ઓજસ વગરના બાદીધારીને તેમજ અન્ય પ્રકારની સેવા ધરીને રાષ્ટ્રધર્મ બજાવી રહ્યા છે, તે પણ તેટલુંજ પ્રશંસનીય છે.

સ્વદેશી વાપરવાના વ્રત લઇ પરદેશી વસ્ત્રોને સદંતર ભસ્મિભૂત કરનાર પણ જરૂર ગણનામાં આગળ પડતું તો નહિં છતાં અંતિમ ભાગપર સ્થાન તો પ્રાપ્ત કરશેજ. પણ જેઓ કંઇ નહિ કરે ને કેવળ વિદેશની ચીજોને વાપરી, ગુન્નામીની જોંસરી મજબુત કરવામાં એક યા બીજી રીતે નોકરશાહીના હાથારૂપ બનશે; તેવાઓ કેવળ પોતાનું નામજ દેશદ્રોહીમાં નોંધાવશે એટલુંજ નહીં પણ એ સાથે સારાયે જૈનસમાજને કલંકીત કરશે.

એક તરફ મીઠાના સંરક્ષણ સારૂ મૂડીપર પ્રહાર થતાં હોય, લોહી વહેતું હોય છતાં સિદ્ધાંત પાવનની દ્રઢતા જળવાઇ રહી હોય, એ સારૂ ખપી જવા સુધીની તૈયારી હોય, જ્યારે બીજી બાજુ હિંદ માતાની મુક્તિ અર્થે આવા અવર્ણનીય ભોગો આપી રહેલ જનતાને કાયદાની માયાજાલને નામે સપડાવી, પીડવાનું કાર્ય થતું રહે અને એ અધિકારીઓમાં જૈન નામધારી વ્યકિતઓ આગળ પડતો ભાગ ભજવે એ કેવું ઘૃણાજનક દ્રશ્ય છે!

તેથીજ આજે જૈન સમાજ સામે, એના યુવક ગણ સામે એકજ ફરજ આવી ઉભી રહે છે કે આવા સ્વાર્થ લોલુપીઓને તેઓ ઘડીભર પણ સાંખી ન રહે એવાઓ સામે મજબુત અસહકાર આદરે. ધાર્મિક કે સામાજિક મેળાવડાઓમાં એવા માનચાંદના પૂજારીઓનું જરા પણ અધિકારિત્વ કે આધિપત્ય ન સ્વીકારે અને જ્યાં અકસ્માતિક આવી ગયું હોય એવા દરેક સમારંભનો, સડેલા અંગના છેદ માફક ઉઘાડી છાતીએ ત્યાગ કરે, એ સામે બહિષ્કારની સખત ચળવળ આદરે તોજ યુવાની દીપી નિકળશે, ત્યારેજ કંઇ કર્યું ગણાશે.

હોડકાંનો માળો (?)

લેખક :
"ઋષભદાસ."

(એકાંકી નાટક.)

પુરૂષ.	પાત્રો.	સ્ત્રી.	
લક્ષ્મીચંદ્ર શેઠ	એક શ્રીમંત.	હરકોર શેઠાણી	લક્ષ્મીચંદ્રની પત્નિ.
કલ્યાણચંદ્ર	નગર શેઠ.	સુમન બાળા	અનંતકુમારની પત્નિ.
અનંતકુમાર	લક્ષ્મીચંદનો પુત્ર.	યશલક્ષ્મી	વસંતલાલની પત્નિ.
વસંતલાલ	અનંતકુમારનો મિત્ર અને સાળો.	કમળા	મોહનલાલની પત્નિ.
મોહનલાલ	દીક્ષાનો ઉમેદવાર.		
નથુશા, કપાશા, વખતશા, ખુબાશા	શ્રીમાન્ લક્ષ્મીચંદ્રના સાથીદારો, આગેવાનો.		

બીજા પાત્રો.

મોહનનો પિતા, સેવાસમાજના સભ્યો, નગરના યુવાનો, વૃદ્ધો અને અન્ય જનો.

પ્રવેશ ૧ લો.

પાત્રો : અનંતકુમાર, સુમનબાળા,
પાછળથી લક્ષ્મીચંદ્ર શેઠ.

સમય : .....સુદી ૧ સાંજના ૭ વાગ્યા પછી

સ્થળ : શ્રી લક્ષ્મીચંદ્ર શેઠના ઘરનો એક ઓરડો.

——:*:——

પડદો ઉપડે છે.

(વિચારમાં ગરકાવ બનેલો અનંત નજરે પડે છે. તેના હાથમાં એક કાગળ છે...થોડીવારે વિચારો શબ્દદ્વારા વ્યક્ત થાય છે.)

અનંત–(સ્વગત્) આ શું થવા બેઠું છે? ભગવાન મહાવીર! તમે પ્રરૂપેલા ત્યાગમાર્ગની પાછળ રહેલી સેવાની ભાવના ગૌણ થઈ, તેનું સ્થાન અત્યારે શિષ્યો વધારવાના મોહે લીધું છે! પ્રભો! આ મોહક ભાવના શું નહી કરાવે? (અટકીને.....થોડીવારે) આ ન અટકી શકે? આમાં ફેરફાર ન થઇ શકે? અરે, ગમે તે હોય પણ આ શું બાજબી છે? આ ન અટકવું જોઇએ?.....અવશ્ય અટકવું જોઇએ. પણ કોણ અટકાવે? આગળ કોણ પડે?! મ્હારા બાપુ જેવા દાનવીરો ને ધર્મવીરો અંધશ્રદ્ધાના ચશ્મા ઉતારીને ખરી વસ્તુસ્થિતિ જોવાની ચોકખી ના પાડે છે. વ્યવહાર કુશળો પોકાર પાડે છેઃ "સાધુઓ ચેલાઓ ના મૂંડે તો અપાસરે તાળાં દેવાય!! અમે ધર્મ ધ્યાન કયાં જઇ કરીએ?!" પણ.....પણ યુવાનો, હા! શું અમે યુવાનો હતાશ, નિર્બળ અને માયકાંગલા છીએ? (અટકીને.....થોડીવારે) ખરેખર! શું અમે કંઇજ ન કરી શકીએ?! પણ જ્ઞાતિ, સંઘ અને વડીલશાહી કે સાધુશાહીની અમર્યાદ સત્તાની વજ્ર બેડી તળે ચગદાતો યુવાન ઉંચું શી રીતે જોશે?...જોઇ શકશે?!

(વિચાર પરંપરામાં ઉન્મત બેા? અનંત ખુરશીમાં સહેજ ઉછળે છે: આ વખતે–સુમનબાળા પ્રવેશ કરે છે. સ્વામીને આ મનોદશામાં જોઇ સ્થંભે છે. બાજુએ ઉભી ચુપચુપ સાંભળે છે. વિચારોના વેગમાં અનંત બોલ્યેજ જાય છે.)

.....કેમ નહી જોઇ શકે?.....પણ કોણ કરે છે? કોને પડી છે! હા! પણ કોણ કરે એમ શા માટે? શું એ મારી ફરજ નથી? શા માટે મ્હારેજ પિતાજીનો વિરોધ ન કરવો?.....બસ. હુંજ શરૂઆત કરૂં. ભલે પિતાજી કોપે–રોષે ભરાય. જોઇ લેવાશે! બસ. એજ નિશ્ચય. (પ્રગટ) બસ એજ નિશ્ચય;

(આમ બોલતાં જોરથી અનંત ટેબલપર હાથ પછાડે છે અને ખુરશીમાં ટટ્ટાર થાય છે.....સ્હામેજ સુમનબાળાને ઉભેલી જૂએ છે. સુમનબાળા પ્રશ્ન કરે છે...)

સુમન–શાનો નિશ્ચય કર્યો?

અનંત–(નિશ્વાસપૂર્વક) પિતાજી સ્હામે બંડ કરવાનો!

સુમન–(જરા ગંભીર બની.) ઘોર અપરાધ!!

અનંત–(આવેશમાં) ઘોર અપરાધ? છતાં ઘણીએ પારકી છોકરીને જીવનભર રંડાપો વેઠવાની ફરજ પાડનારની સ્હામે સહ્ય હકીકત ખાતર બુઝવું તેમાં ઘોર અપરાધ?

(કોઇ ભયંકર હકીકતની આગાહી થતાં સુમનબાળા પોતે બોલેલા શબ્દો માટે જરા ગભરાય છે, પણ અનંતને અને તેના કોમળ હૃદયને જાણનાર સુમન હકીકત જાણવા પ્રયત્ન કરે છે:)

સુમન–(ધીમેથી) જીવનભર રંડાપો શાનો? શી વાત છે? કંઇ સ્હમજાવશો તો ખરા ને?!

અનંત–(જરા શાન્ત થતાં, પણ બેદરકારીથી હાથમાંનો કાગળ સુમનબાળા તરફ ફેંકતાં :) જો. વાંચ? અને કહે કેઃ ઘોર અપરાધ કોનો છે?

સુમન–(પત્ર વાંચે છે :)

સુશ્રાવક **લક્ષ્મીચંદ્ર શેઠ,** મુ. મનહરપુર.

ધર્મલાભ સાથે જણાવવાનું કેઃ મોહનને તમારી તરફ આ પત્ર લાવનાર.....શ્રાવક સાથે મોકલ્યો છે. બહુજ સંભાળ રાખજો. ભારેકર્મી અને મિથ્યાદ્રષ્ટિ–દુર્લભ બોધિ–જીવોએ બહુ તોફાન મચાવ્યું છે. મોટેજ આ ફરજ તમારે માથે નાખી છે. ભરતવિજય થોડા દિવસમાં –એ ત્રણ દિવસમાં–ત્યાં આવશે, અને.....શુદી ૭ ને સોમવારનો દિવસ સારો છે. તે દિવસે દીક્ષા અપાઇ જવી જોઇએ. પછી જોઇ લેવાશે. એજ

લી૰ જ્ઞાનવિજયના ધર્મલાભ.

(.....પત્ર વાંચી સુમનબાળા અનંતના ગુસ્સાનું કારણ જાણી જાય છે અને પતિની સાથે સહમત થતી બોલે છે :)

—જો આમજ હોય તો, આમ થતું અટકાવવું તેમાં કશો અપરાધ નથી!

અનંત–(આવેશમાં ટીકા કરતાં) જોજે! પછી સમય આવ્યે મને પાછો પાડવામાં તમેજ કોઇ હથીયાર ન બનાવે! વળી પિતાજી બહુ ચુસ્ત માણસ છે. તેઓ એટલા શ્રદ્ધાળુ અને જીદ્દી માણસ છે, કેઃ તેઓ શું નહી કરે, તે કહેવાય નહી. આપણે ઘર છોડવું પડે એવો પ્રસંગ પણ આવે. માટે બરોબર વિચાર કરી જોજે!

સુમન–(ખાત્રી આપતાં:) શું એક સ્ત્રીનું સર્વસ્વ લુંટાઈ જતું જોવા હું રાજી હોઇશ? શું એમાં મ્હારો સહકાર હશે? એમ માનવા તમારું હૃદય કબુલ થાય છે? બોલો? બોલો. નાથ! નકામા આળ મા ચઢાવો! સાધુ સમુદાય મ્હારે સદાય વંદનીય છે. પણ તેમની ગમે તે પ્રવૃત્તિને આંધળીઆ કરી ટેકા આપવા હું તૈયાર નથી. ત્યાગમાર્ગ શ્રેષ્ટ છે; એ મ્હારે કબુલ છે પણ આવી રીતનો ત્યાગ એ ત્યાગ નહી પણ નરી આત્મવંચના છે. અને આવા કાર્યોમાં ગમે તે વ્યક્તિ કદીપણ મારો સહકાર નહી મેળવી શકે! મ્હારો જે હક્ક લુંટાતો જોવા હું રાજી નથી,–જો લુંટાય તો લુટનાર સહામે મારા સઘળા બળથી હું ઝુઝવા તૈયાર છું–તો–હું–શું બીજાના હક્ક લુંટાય તેમાં સહકાર આપીશ? (ભારપૂર્વક) કદી નહી...કોઇપણ ભોગે નહિ. ગમે તેવા સંકટને માટે હું તૈયાર છું.

(પત્નિનો સહકાર મળતાં અનંતની આંખમાં અનેરૂં ઔજસ ચમકે છે. આખા શરીરમાં જોરથી લોહી ફરવા માંડે છે. શરીરમાં કોઇ અજબ સ્ફુર્તિ અનુભવે છે, અને એકરાર કરતો હોય તેમ બોલે છે)

અનંત–બસ પિતાજી હમણાં પેઢી ઉપરથી આવે એટલે તેમને કહી દઉં છું કે: મોહનના પિતાને આવતી કાલે બોલાવી તેનો છોકરો તેને સોંપી દયો!...(સુમન ઉત્કંઠાથી સાંભળી રહી છે. તે:)

સુમન–નહી તો?

અનંત–(જરા જુસ્સામાં) નહિં તો? બીજું શું? (જરા ટટ્ટાર થતાં) એ પિતા નહી, હું પુત્ર નહી; અને દીક્ષાનો વરઘોડો ચઢી રહ્યો! બીજું શું?

(આ શબ્દો, બારણા પાસે આવેલા શેઠ સાંભળે છે, અને પુત્રનો મનોભાવ જાણી જાય છે...શેઠ અંદર આવવા પગલાં ઉપાડે છે:–સુમનબાળા સસરાને આવતા જોઇ બ્હાર જાય છે:)

લક્ષ્મીચંદ્ર શેઠ–(ઓરડામાં દાખલ થતાં લાગણી દબાવી વાણીઆ બુધ્ધિ લડાવે છે) આતું! વસંતલાલને મળી આવ્યો? પછી નૈનીતાલ જવાનું કયારે નક્કી કર્યું?

અનંત–(બેદરકારીભરી ઠંડાશથી) હમણા મુલતવી રાખ્યું છે.

લક્ષ્મીચંદ્ર શેઠ–કેમ? મને લાગે છે કે જો જવું હોય તો જલ્દી જાવ, થોડાજ દહાડા રહો તેમાં તબીયત શું સુધરે?!

અનંત–(સહેજ આડું જોતાં) મ્હારો વિચાર જવાનું માંડી વાળવાનો છે.

લક્ષ્મીચંદ્ર શેઠ–(આતુરતાથી) શાથી? ભાઇ! આમ અસ્વસ્થ કેમ છે? અને આમ અચાનક વિચાર માંડીવાળવાનું શું કારણ છે?

અનંત–(ધીમે ધીમે આવેશમાં આવે છે, પણ જુસ્સાને દબાવતાં) મ્હારા સ્વભાવને અનુકુળ વાતાવરણ હમણા અહિંઆંજ સારૂં છે.

લક્ષ્મીચંદ્ર શેઠ–(ન સમજાતું હોય તેમ) એટલે?

અનંત–(પ્રશ્ન પુછતો હોય તેમ) એટલે?–એટલે એજ કે: હું કે વસંતલાલ ન હોઇએ તો અહિનું વાતાવરણ બહુ શાન્ત રહેશે!

લક્ષ્મીચંદ્ર શેઠ–(ન સમજાતી આતુરતાથી) ભાઇ! આજે તું કોઇ ભેદમાં બોલે છે.

મને નથી સમજાતું. તું સ્પષ્ટ બોલ.

અનંત–(જરા જુસ્સામાં) સ્પષ્ટ બોલું?.....તો એ કે, મોહનને દીક્ષા ન અપાવી જોઇએ.

લક્ષ્મીચંદ્ર શેઠ–(સમજાવી લેવાનો પ્રયત્ન કરતાં) આતું, ભાઇ! આવાં ધર્મનાં કાર્ય આપણે નહી કરીએ તો કોણ કરશે?

અનંત–(જુસ્સાબંધ) આ તમારાં ધર્મનાં કાર્યો??

લક્ષ્મીચંદ્ર શેઠ–(જરા આવેશમાં) અંગ્રેજી કેળવણી લીધી કે નાસ્તિકતા આવવાનીજ.

અનંત–(વધારે ઉશ્કેરાટથી) બીજાનાં ઘર ભાંગવામાં અને એક નાદાન છોકરીને છતે ધણીએ રંડાપો અપાવામાં ભાગ આપનાર: ઘેર ઘેર હોળીઓ સળગાવવામાં સહકાર આપનાર: તમે આસ્તિક, એમને? એ આસ્તિકના અવતાર પિતાજી! બસ કરો! ભલે અમે નાસ્તિક રહ્યા.

લક્ષ્મીચંદ્ર શેઠ–(વાત હાથથી જતી જોઇ સહામે ગુસ્સાથી) આતું, આતું! વડીલની મર્યાદા પણ ભૂલી જાય છે એમ? બોલ તું શું કહેવા માગે છે?

અનંત–(સહામે તેટલાજ રોષ અને ગુસ્સાથી) લક્ષ્મી કે સત્તાના બળથી: લાગવગ કે પ્રપંચથી: અન્યાયપૂર્વક કોઇ પણના હક્ક લુંટાતા જોવા હું તૈયાર નથી, અને જો તેવા પ્રયત્ન થતા હશે, તો તે પ્રયત્નોને ધુળમાં મેળવવા હું બંડખોર બનીશ.

લક્ષ્મીચંદ્ર શેઠ–(સહેજ ઠંડાશની પણ મક્કમપણે) એમ?... તો એ છોકરાને દીક્ષા અપાશેજ. તમારાથી થાય તે કરી લ્યે! હું પણ જોઉં તો ખરો કે કોણ મ્હારી સહામે આવે છે?

અનંત–(ડોસાના મક્કમ જવાબથી જરા પાછો પડી પણ રોષથી સહમજાવતાં:) બાપુ, આનું પરિણામ સારૂં નહી આવે હોં!

લક્ષ્મીચંદ્ર શેઠ–(મક્કમતાથી) ભલે ગમે તે થાય!

અનંત–બાપુ, સમજ્યા?

લક્ષ્મીચંદ્ર શેઠ–(રૂવાબથી) મારો એકજ જવાબ છે. (અનંતને ડરાવીને ધમકી આપતાં) અને આતું એટલું સમજી રાખજે કે, જે દિવસે તું મ્હારી સહામે આવ્યો, તેજ દિવસથી મારા વારસદાર તરીકેના તારા સર્વ હક્ક તું ગુમાવશે?

અનંત–(ગંભીરપણે) પિતાજી ડરાવો છો?

લક્ષ્મીચંદ્ર શેઠ–ના, માત્ર મારી મનોદશાનું તને ભાન કરાવું છું યાદ રાખજે! મીલ્કત મારી છે! એને લુંટાવી દઇશ, તને પાઇ પણ નહી આપું અને રસ્તાનો રખડતો ભીખારી બનાવીશ.

(અનંત એકદમ આવેશમાં આવી ગયો હતો. તેની મનોદશા ગુચવાઇ ગઇ હતી, એટલે વસંતલાલને મળવા જવાના નિશ્ચયથી ઉઠી જવા માંડયું.)

અનંત–(જતા જતાં) પિતાજી! જગતમાં મારો માર્ગ કરી લેવાની મારામાં તાકાત છે પણ તમને ચેતાવું છું કે: આટલા વર્ષે આબરૂનો ફજેતો ન કરવો હોય તો આ દીક્ષા અટકાવજો, નહી તો.....

લક્ષ્મીચંદ્ર શેઠ–(અટકાવતાં ગુસ્સામાં) બસ કર. હું એક શબ્દ પણ સાંભળવા નથી માગતો, અને જતાં જતાં તું પણ સાંભળી લ્યે કે: જો તારા વિચાર તમારે નજ ફેરવવા હોય તો મારા ઘરમાં પગ ન મૂકતો. બસ જા, ચાલ્યો જા.

અનંત–(નિડરતાથી) ભલે. પણ મારા વિચારોનું ખુન તો નહીજ કરૂં.

(એમ કહી અનંત જાય છે.....અચાનક સળગેલી આગથી મુંઝાએલા લક્ષ્મીચંદ્ર શેઠ સ્વસ્થ થાય તે પહેલાં સુમનબાળા આવે છે અને બોલે છે:)

સુમન–બાપુ, મને પણ જવાની રજા આપો.

લક્ષ્મીચંદ્ર શેઠ–(ગભરાઇને પણ સ્વસ્થ થતાં) કોણ? સુમન બાળા! કેમ? તમારે કયાં જવું છે?

સુમન–હવે આ ઘરમાં રહેવાનો મ્હારો હક્ક અગર અધિકાર નથી. જ્યાં એ ત્યાં હું.

લક્ષ્મીચંદ્ર શેઠ–બહુ ભુલો છો—

સુમન–(વાત અટકાવીને) મ્હેં એજ નિશ્ચય કર્યો છે.

લક્ષ્મીચંદ્ર શેઠ–(શેઠની આગમાં ઘી હોમાય છે અને ભડકો થાય છે) એટલે શું તમારા આવા ઢોંગથી હું ડરી જવાનો છું?! જાવ. તમે પણ જાવ!?

(સુમનબાળા બોલવા માંડે છે.....લક્ષ્મીચંદ્ર શેઠ અંતરના ઉકળાટને દબાવવા આમ તેમ આંટા મારે છે.)

પડદો પડે છે.

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નં૦ ૩ માંથી છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૭ મો.	સંવત ૧૯૮૬ ના ચૈત્ર વદી ૮. તા૦ ૨૧-૪-૩૦	છુટક નકલ: ૦॥ આનો.

યંગમેન્સ સોસાયટીનું સંમેલન.

લોકો પુછે છે કે શા માટે સુરતમાં આ ધામધૂમ કરવામાં આવી? આવા ધમપછાડા મારીને નવું શું કરવાનું હતું? શાસ્ત્રમાં બધું લખેલું છે, તેમાં જૈનોને વિચાર કરવા પણું રહેતું નથી આવી માન્યતાવાળાએ ભેગા થવાનું પ્રયોજન શું? તેમના ગુરૂદેવના ફરમાનો તે તે વિષયને અંગે ઘણા કાળથી પ્રગટ થયેલા હતા ને સોસાયટીએ તે નીચી મુંડીએ વિચાર કરવાની તસ્દી લીધા વગર સ્વીકાર્યા હતા, તો પછી આવી ધામધૂમોનો અર્થ શો? સમાજે શું નવું જાણ્યું? તેના ઠરાવો તપાસો, બંધારણ જુઓ, શબ્દે શબ્દ જૈન કોન્ફરન્સની પ્રમાણે; ફેરફાર કેટલો—જ્યાં ત્યાં સોસાયટી શબ્દ ઉમેરેલો:—ઠરાવ બીજો, ઉત્સવોની આવશ્યકતા વિષે, ઉત્સવોની ધાર્મિકતા કોઇ સ્વીકારવા ના પાડતું નથી, પણ સીદાતા ક્ષેત્રને પહેલી પુષ્ટિ આપવી તે શ્રાદ્ધવિધિનું વાક્ય આ ઠરાવ કરનારાને માન્ય નથી લાગતું. ત્રીજો ઠરાવ ધાર્મિક શીક્ષણ સંબંધી છે. કોન્ફરન્સ આ ઠરાવ તો ઘણાં વરસથી કરે છે, તેના અમલ માટે વ્યવહારૂ અમલ કરાવવા પગલાં લે છે. ચોથો ઠરાવ વરતીપત્રકના આંકડા સંબંધીનો છે. આ ઠરાવમાં કાંઇ નવું નથી. જૈન સર્વ-સંગ્રહ સંબંધીનો ઠરાવ પણ નવો નથી કોન્ફરન્સે કહેલી અધુરી હકીકત હોય તો નવી મહેનત કરનારે સુધારો કરી પુરૂં કરવું જોઇએ. તેમાં નવા ઠરાવની જરૂર નહોતી. ઠરાવ છઠ્ઠો, વિદ્યાર્થીમાં અવિવેક સંબંધી છે. આ એક નવી શોધ છે. સાતમો આઠની પેઢીમાં વિશ્વાસ સંબંધી છે. આ ઠરાવ તો કોઇએ ગેરવિશ્વાસનો ઠરાવ પેઢી માટે કર્યો હોય તો કરવો પડે. ઇતિહાસ સંબંધી ઠરાવ પણ જુનો છે. બાકીના ઠરાવોના ફરમાનો અમે સારા ને બીજા ખરાબ તે મતલબના છે. બીજા ઠરાવો તો ઘણા સમય પહેલા કહેવાયલા ફરમાનો સંબંધીના છે, જેમાં કાંઇ નવો પ્રકાશ નથી. આવા સંમેલનો હોય કે ન હોય તેની સમજી સમાજને પરવા નથી. સંમેલનોમાં ભાગ લેનારા ને પોતે જે દેશમાં વસે છે તેનું પણ સ્મરણ નથી, તેની પ્રત્યેની ફરજનું બીલકુલ ભાન નથી (રાષ્ટ્રીય હીલચાલને માટે ઠરાવ છેજ નહિ) તેવા સંમેલનો, કોમને શ્રાપ સમાન છે. ભલે કુપમંડુકો તેમાં આનંદ માનો.

કોન્ફરન્સની સતત ચળવળ.

સુરત જીલ્લા સમિતિની સ્થાપના કર્યા પછી કાર્યકર્તાઓ ખેડા તથા વડોદરા વિભાગની સમિતિ સંબંધી ચળવળ કરવા માટે ગયા અઠવાડીયામાં વડોદરા ગયા હતા. વડોદરાની જૈન ધર્મશાળામાં પ્રચંડ સભા મળી હતી. જુદા જુદા આગેવાનોનાં ભાષણ થયાં પછી ખેડા, વડોદરા વિભાગની પ્રાંતિક સમિતિ સ્થાપવામાં આવી હતી. સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવામાં આવ્યું હતું. સુરત પછી વડોદરાએ કોન્ફરન્સ પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યવહારૂ રૂપે સાબિત કરી આપી હતી.

કચ્છમાં ચળવળ.

જુનેર કોન્ફરન્સના પ્રમુખ શેઠ રવજીભાઇની હાજરીનો લાભ લઇ કચ્છ વિભાગમાં શ્રીજી ક્ષમાનંદજી તરફથી કોન્ફરન્સના ઠરાવો સંબંધી મેરાઉ તથા લાયજે, બાડે વગેરે ગામોમાં ભાષણો કરવામાં આવ્યાં હતાં. ભાષણોને પરિણામે કોન્ફરન્સ તરફ સામાન્ય સમાજે પસંદગી દર્શાવી ને કોન્ફરન્સનો વિજય ઇચ્છવાના ઠરાવ થયા હતા.

સંઘસત્તા.

લબ્ધિસૂરી સંઘબહાર.

શાસનરસિક સંઘના તખ્તલુસનીચે પડદા પાછળ રહેનાર વ્યક્તિએ થોડા વખત પહેલાં એક આમંત્રણ બહાર પાડેલું તે ઉપરથી ચૈત્ર વદ ૫ મે પાટણમાં પાટણશ્રીસંઘના ઠરાવની ઉપરવટ થઇને બે જણને લબ્ધિવિજયે દીક્ષા આપી. આથી શ્રી સંઘે વદ ૫ ના દિવસે એકઠા થઇ ઠરાવ કર્યો, કે "લબ્ધિસૂરી, નવા દીક્ષીતો અને તેના શિષ્યોને સાધુ તરીકે સ્વિકારવા નહિ.

જૈન આચાર્ય અને સ્વદેશ.

જૈનોને તેમના આચાર્યની ચીમકી.

પુના, તા૦ ૧૬ મી એપ્રીલ.

જૈન આચાર્ય શ્રી વલ્લભવીજયસુરીજી શહેરમાંથી કેન્ટોનમેંટમાં પધારતાં તેમને ભારે આવકાર આપવામાં આવ્યો હતો કોંગ્રેસના પ્રમુખની ધરપકડનાં કારણે ભપકાભરેલો શણગાર બંધ રાખવામાં આવ્યો હતો. આખરે આ આચાર્યશ્રીએ જૈનોની દેશ તરફની ફરજ ઉપર અને સાદા જીવનની જરૂરીઆત ઉપર લંબાણ ભાષણ કર્યું હતું.

તેઓએ સ્વદેશી માલ વાપરવાની હીમાયત કરી હતી અને શ્રોતાઓને તેમના વડવાઓએ પોતાના દેશને ખાતર આપેલા જાનના ભોગોની યાદ આપી હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

કયાં છે એ ખમીર?

ભારતવર્ષની પ્રાચીન સંસ્કૃતિના ઇતિહાસમાં ઉમેરાતાં નવા પ્રકરણમાં જૈન સમાજ ત્હારૂં સ્થાન કેવા પ્રકારનું છે?

શ્રી મહાવીર દેવની જયન્તિ ઉજવતાં તેમના જીવન-પરત્વેના કેટલાયે જીવંત દ્રશ્યો નજર સન્મુખ ખ્યાલેખનાર એ સમાજ હજુ પણ ત્હારે શું ભૂતકાળના ગૌરવપર નાચવું છે? વીસમી સદીના આ કર્મયુગમાં ત્હારે માત્ર ગતપર પરાના સ્મરણો તાજા કરી ઇતિકર્તવ્યતા માની લેવી છે?

એ આરાધ્ય દેવનું ગૃહસ્થ જીવન બરાબર વિચારી જો. એમાં ડગલે ને પગલે શૂરવીરતા, નિડરતા, અમાપ ભકિત અને સાચા ગૃહસ્થીપણાના સ્વસ્તિકો કુંકુમવર્ણે આલેખાયલા છે. ત્યાં વર્તમાનકાળમાં આપણામાં વર્તીરહેલ જડતા ને શુષ્કતા જોવાની નહીં મળે પણ એને બદલે કર્તવ્યપરાયણતા ને રસ-ઝતાની સૌરભ ચોતરફ પ્રસરી રહેલ દેખાશે; અને એ પછીના બાર વર્ષનો ત્યાગ જીવનની ભૂમિકા તુલ્ય છે. અમાપ પરિશ્રમ વહોરી લઇને નિશ્ચિત વસ્તુ સિદ્ધ કરવા સારૂ, સારૂયે જીવન કસોટીના અંતિમ ભાગે ચડાવી, એનો યથાર્થ નિષ્કર્ષ કહાડવાના અખતરા રૂપ છે. ભષ્મસ્વભાવી ચંડકૌસિક સામે જાણી જુઈ જનાર અથવા તો સંગમ જેવા દારૂણાત્માના મરણાંત ઉપસર્ગોનો હસ્તે વદને ઉપભોગ કરનાર, એ સંત સ્મરણોમાંથી આપણે કંઇ લઇશું કે કેવળ ગતાનુગતિકતાના વહેણમાં વહ્યા જશું?

ઓ જૈન સમાજ આજે ત્હારી અહિંસા પ્રધાન ગુર્જર ભૂમિમાં, જૈનપુરી ગણાતી રાજનગરીના ગૃહાંગણમાં એકસંતના વરદ હસ્તે, અહિંસાના પાયા ઉપર, દેશમુકિતની અભૂતપૂર્વ લડતના મંડાણ થઇ ચુકયા છે. જ્યારે આપણે પચીસો વર્ષનો ઇતિહાસ ઉકેલીએ છીએ ત્યારે એ દિવ્ય લડતના કેટલાયે પ્રકરણો સુવર્ણાક્ષરે લખાઇ ચુકયા છે. આપણે અનશનની વાતો કરીએ છીએ જ્યારે સલ્લતનતની કડક લાઠીઓ પ્રતિજ્ઞા પાલનઅર્થે કેટલાયે વીરો અનશન આદરી રહ્યાના ઉદાહરણો કર્ણોપર અથડાય છે. મૂઠી નિમકની રક્ષા માટે સીતમગરના અસીમ જુલમો સહન કરનાર સત્યાગ્રહીઓની નામાવળિ અસ્ખલિત વધતી ચાલી છે. ચણા કુમેરૂપર જીવન ટકાવી દિવસભર સતત મહેનત કરનાર ગ્રહસ્થો ઇચ્છા નિરોધ-રૂપ તપની સાચી વ્યાખ્યા સમજાવી રહ્યા છે. 'મૂર્છામાં પરિ-ગ્રહનું સમાવાપણું છે, એમ માનનારા આપણે અને આપણા સંતોએ હજુ એ સુત્રમાત્ર શબ્દોમાં રાખ્યા જેવું રહ્યું છે, ત્યારે આજે ખદ્દરના જાડા ખડબચડા ટુકડામાં સજ્જ થઇ, વૃદ્ધાવસ્થાના ઉંબરે પહોંચેલ એક મહાત્મા, સૈનિક સમુ કડક જીવન જીવી, સાચી અકીંચનતાનાં દર્શન જનતાને કરાવી રહેલ છે–' ઘડીભર વિચારતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે વીરના સંતાનનો દાવો કરી, ગર્વથી છાતી ફુલાવનારા આપણે એ પ્રભુના સાચા સંતાનો નથી રહ્યા આપણામાં એવું ખમીર કયાં છે? એ દેવના ઘણાખરા આદેશોનો અમલ કરી જીવનમાં ઉતારી દેખાડનાર બાહ્યદ્રષ્ટિથી ભલે અજૈન લાગે છતાં આંતરિક દ્રષ્ટિથી સાચા જૈનોજ છે. રાગદ્વેષને જીતે વા સમભાવદશાને ધારી રાખે તે જૈન, એમ જો વાખ્યા હોય તો ગાજી વગાડીને કહેવું પડશે કે જૈનત્વનું ઝળકતું નૂર આપણા કરતાં એ બલિદાન દઇ રહેલા વૃંદમાં વધુ છે. આત્મ તેજના પાણી દર્શાવનારા તે સાચા શૂરાઓ છે.

ઓ પ્રમાદ-વિકથાની ઉંડી ગર્તામાં ઉતરી પડેલ જૈન સમાજ, જરા વિવેકચક્ષુ ઉઘાડી જો, ઓ આંતરિક કલેશોમાં મરી પડેલ અને એમાંજ ધર્મની રક્ષા માની બેઠેલ ટુંકા દ્રષ્ટિના નેતાઓ? જરા તમારા મગજને તસ્દી આપી લાંબે નજર કરો. છાતી ઠોકી કહી શકશો કે તમો શાસન સેવા કરો છો? ધર્મની પ્રભાવના કરો છો? શ્રી વીરનો વિજય ડંકો વગડાવો છો?

જરા તમારા નારી સમુદાયના પોશાક તો જુઓ. એમાં નિર્દોષ ખાદીની વિશાદગતા છે કે દોટિ ફીડાઓના અવસાને તૈયાર થયેલ રેશમની વિવિધતા છે? અરે પરદેશી મીલોની નીતિ-નાશક મુલાયમતા ને બારીકાઇ છે! એથી તો લાખો જીવોને પરદેશ ચઢાવવા પડે છે. મહાશયો, તમારા પહેરવેશમાં પણ હજુ કયાં વિલાયતીપણાની ઓછી ગંધ છે? તમારા ધર્મ-નિમિત્તના સંમેલનોનાં વાવટા, તોરણો જોઇ હજુ તમારી અજ્ઞાનતા માટે દયા છુટે છે. રાષ્ટ્રપતિ જવાહરલાલ જેવા કરોડાધિપતિ જેલમાં જાય ત્યારે તમો શીખંડ પુરીના જમણ જમતા હો, એ જોઇ તમારૂં જીવન જમવામાં કેટલી હદે પતિત થયું છે એનું ભાન થાય છે. દેશનો છડેચોક દ્રોહ કરનાર માટે તમને ઠરાવ કરવાની ફુરસદ મળે અને સામા દેશસેવકોના જગતને મંત્રમુગ્ધ કરે તેવા કાર્યો નજર સામે નિરખવા છતાં એક હરફ સરખો ઉચ્ચારાય નહિં, એ જોતાં તમારા ધર્મપ્રેમ માટે હસવું આવે છે. એ પામર મનોદશા માટે અકથનીય ગ્લાનિ છુટે છે. તેઓ સામે ભજવાઇ રહેલ આવી નિર્પેક્ષિતા વા ડરપોકતા સામે તિરસ્કાર પોકારાઇ જાય છે. અજાયબી તો એ છે કે વીસમી સદી જેવા કાળમાં અને કર્તવ્યપ્રધાન યુગમાં આ જૈન સમાજના વેંતિયા આત્માઓ, 'મહાત્મા અને પરમાત્મા'ની વાતોના ઢોલ પીટતા શરમાતા નથી! જાણે જૈન ધર્મનો મહાન્ વિજય સાધ્યો હોય એવા લાંબા લચરક લખાણોથી છાપાનાં પાનાં ભરી રહ્યા છે. આ વામનજીઓ નહોત તો આજે જૈનશાસનરૂપી ઇમારતના પાયા હાલી ઉઠી, કદાચ એ જમીનદોસ્ત પણ થઇ ગઇ હોત! કૂપ-મંડુકોની આ કરતાં બીજી કઇ મનોદશા હોય? એ બાપડા એને કયાંથી ખબર હોય કે જૈનશાસનના પાયામાં સ્યાદ્વાદરૂપી સીમેંટ અને અહિંસારૂપી રેતીનું ચણતર છે, એટલે એ પાયાને હાલવાપણુંજ નથી. એના સંરક્ષણની શુભ મારનારા જાતેજ બીકણો અને અસહાય છે. એવાઓથી નથી તો ધર્મની સેવા થતી કે નથી તો દેશની! એમના આચરણો સમાજનું ગૌરવ વધારવાને સ્થાને ઝાંખુ પાડે છે. દેશભરમાં આજે પ્રગતિના મોજાં ચઢી રહ્યાં છે ત્યારે આવા 'ગેહેશરો' ને અંદરના કલેશો જગાડવાનો મોહ થાય છે. આવું વિચિ-ત્રતાભર્યું ચિત્ર જૈન સમાજ ત્હારૂં છે.

આમ છતાં નિરાશ થવાની જરૂર નથી. ત્હારા સ્વયં-સેવકોને યુવકોનાં આત્મબલિદાનોથી આશાનો દિપક પ્રજ્વલિત થાય છે. દેશભરમાં વ્યાપી રહેલ અદમ્ય ઉત્સાહથી, જૈન બંધુઓ પણ આત્મ સમર્પણના અણમૂલા રહસ્યો સમજવા લાગ્યા છે. પ્રભુ મહાવીરના શાસનને કીર્તિવંત બનાવી રહ્યા છે. એવું ખમીર આખી સમાજમાં સત્વર ઉભરાય એજ ઇચ્છા.

સુરતમાં રામભક્તોના પામર પ્રલાપ.

એ ચીડીઆખાનાની ચીચીયારી.

(લખનાર: શ્રી. જયંતિલાલ જગજીવનદાસ ગાંધી.)

—:*:—

જ્યારે વિનાશકાળ નજીક આવે છે ત્યારે માણસને કેટલુંએ ન કરવાનું સૂઝે છે. એની બુદ્ધિ ઉલટાય છે, એની અક્કલ એને યારી નથી આપતી, એના સલાહકારો ખુશામતખોરી આચરે છે અને એમ એની આસપાસના વાતાવરણમાંજ નરી ખુશામતખોરી, ગુલામી અને પામરતા ઉભરાય છે અને તે કોઇને ન રૂચે, ન ગમે તેવા કર્ણકઠોર પ્રલાપ આદરે છે. તે પોતાને અનેક વિશેષણો વચ્ચે જકડી દે છે અને તેમ કરી ધર્મમાં, સમાજમાં અને રાષ્ટ્રમાં એ વર્ગ ગાંડાઓનું, ઉન્મત્તોનું ટોળું ગણાય છે. ગુજરાતમાં કેટલાક ધર્મઘેલડાઓ આજે આ દશા ભોગવે છે, તે પોતેજ પોતાને શાસનપ્રેમી, ધર્મપક્ષી અને એવા અનેક વિશેષણોથી દાટી દે છે અને છતાંય એના કામોથી આજે શાસન લાજે છે, એના ભારથી ભૂમિ લચે છે, અને એના વર્તનથી ધર્મ નિંદાય છે. જૈનેતર સમાજમાં જૈન ધર્મની, એના ધર્મગુરૂઓની અને એના ચારિત્રની જે સુંદર પ્રતિભા એને ઝમક હતી તેનો આ વર્ગે સર્વનાશ કર્યો છે. થોડા વેશધારીઓના આ ગુલામોએ જૈનશાસનને પોતાના કૃત્યોથી નિંદાસ્પદ બનાવી દીધું છે. પ્રવર અને પ્રખરના ટુંકા પુછડાં વળગાડી ફરનાર મુબઇના કોઇ મુનિની અખંડ અને અસ્ખલિત ઉશ્કેરણીના પરિણામે આ વર્ગ આજે પાગલપાના પ્રદર્શનો ભરે છે. સંખ્યાબંધ જૈન યુવાનોને, સુધારકોને, વિચારકોને, તટસ્થોને અને શાન્ત મધ્યમ માર્ગીય પવિત્ર મુનિવર્યોને એણે આજે ગલીચ અને નીચ ગાળો ભાંડવાનો ધંધો લીધો છે. અહિંસા, સત્ય, સદાચાર, નીતિ, ન્યાય કે એવા કોઇ પણ નિયમને એણે કયારનાએ નેવે ચડાવ્યા છે. છેલ્લા બે વર્ષોમાં એની દોડધામો, ધમપછાડાઓ અને ચીચીઆરીઓ જેમ જેમ વધી પડી છે તેમ તેમ સભ્યસમાજ એ નિંદક ટોળીને નવ ગજના નમસ્કાર કરી દૂર નાશી ગયો છે તેથી આ ગાલીપ્રદાન મંડળ ભારે અકળાયું છે અને ન સમજાય તેવા તડફડાટ અનુભવે છે. હોળીના ઘેરૈયાને ભુલાવે તેવી ભાન ભૂલી ભાષાથી એ સમસ્ત જૈનોની પ્રતિનિધિરૂપ જૈન મહાસભાને પણ ગાલિ પ્રદાન કરે છે. છેલ્લા ચાતુર્માસથી તેણે જૈન મહાસભાને તોડવા માટે અનેક ધમપછાડાઓ કરી જોયા. જુન્નર મુકામે જૈન મહાસભા મળે છે, એ જાણી તેણે મુંબઇના અને ગુજરાતના વર્તમાનપત્રોને બંધારણની, હિસાબની, આગમોની, પંચાંગીની વ્રતધારીઓની અને એમ કેટલીએ શેતરંજ ગોઠવી દીધી. ખુદ જુન્નરમાં આવી પથરા ફેંકવા લગીની પાપી પ્રવૃત્તિ પણ કરી જોઇ. રાતના બબે વાગે આવી ઉતારા માગ્યા, અનેક સગવડો માગી અને તે બધીએ પૂરી પાડવામાં આવી છતાંએ આ ટોળકીએ પોતાના સ્વભાવ પ્રમાણે બદલામાં પથરા વરસાવ્યા અને આખા જૈન સમાજનો તિરસ્કાર અને ખફગી વ્હોરી લીધી. સમાજમાં તેનું સ્થાન 'મવાલીઓ'નું ગણાવા લાગ્યું એટલે તેણે પાસો બદલ્યો. યુવાનો અને સુધારકોની સભાઓ તોડવાનું કામ સહેલું ન લાગ્યું. કોન્ફરન્સની પ્રચાર સભાઓને અભડાવવાનું કામ પણ સલામતી ભર્યું ન લાગ્યું, એટલે વેશધારીઓના થોડા ગુલામોને ખંભાત મુકામે ભેળા કરવાની બાજી રચી પણ ખંભાતી જાગૃત યુવાનોએ તે ઉંધી વાળી દીધી, એટલે આ ટોળકી સુરતમાં આવી ભરાણી. ઓલ્ડમેનોની આ ચાર પાંચ સાગર સોસાયટીઓ અને એક બે રામટોળકીઓ પોતાને અખીલ હિંદની યુવાન સોસાયટીઓ તરીકે ઓળખાવે છે. નવપદ આરાધક સમાજનો સાથ સાધીને, દેશવિરતિઓની સહાય શોધીને આ સોસાયટીઓએ સુરતમાં ગઇ ચૈત્ર વદ એકમ, બીજ, ત્રીજના રોજે પોતાના અળખામણા, ભમરાળા સૂરો સમાજને સુણાવ્યા છે. એના પ્રમુખોનાં ભાડુતી (?) ભાષણો જુઓ. એના ઠરાવો જુઓ. એની આસપાસની બાજી જુઓ અને એની આખીએ કાર્યવાહી તપાસો, તેમાં એકધારી રામની કારમી રાડ સંભળાય છે એમાં દલીલ નથી, સચ્ચાઇ નથી, ન્યાય નથી, નીતિ નથી કાંઇજ નથી. આદિથી અંત લગીની કાર્યવાહીમાં યુવાનોને, સુધારકોને, કેળવણીકારોને, વિદ્વાનોજ્ઞકો, તટસ્થ મહામુનિરાજોને અને જૈન મહાસભાને ગાળોનો વર્ષાદ છે. ગાલિપ્રદાન યુનિવર્સીટીના ઉત્તીર્ણ થએલા આ પદવીધરોએ ગાળો સિવાય કાંઇ કામજ નથી કર્યું. ધર્મરક્ષાના બહાના તળે શાસનસેવાના ઓઠા નીચે અને શાસ્ત્રના દંભ નીચે આખીયે કાર્યવાહીમાં ગલીચ અને નીચ ગાળોનો વર્ષાદ વર્ષાવ્યો છે, તેથી આ પામર લોકોનું વિનિપાત પામેલું માનસ હલકી મનોવૃત્તિ અને વેષધારીઓના ગંદી ગુલામી કેટલી ઝળકી ઉઠી છે તેનાં માપ નીકળે છે! આ રામટોળકીએ જૈન મહાસભાને તિરસ્કારતો એક ઠરાવ કર્યો છે તેને તપાસીએ.

એ ઠરાવ બે વિભાગમાં વહેંચાયલો છે. કેટલાક ગામોની સોસાયટીઓને જૈન મહાસભાએ સ્થાન ન આપ્યું તે માટે આ સોસાયટીનો રોષ છે અને આ ટોળકીઓએ ત્યાં "શાંતિ જળવી" (?) તે માટે તે પોતેજ પોતાને અભિનંદન આપે છે કેવી રમુજી અને હાસ્યાસ્પદ વાત. આ 'લાયક' ગૃહસ્થોને કોઇ પણ શ્રી સંઘે ચુંટ્યા ન હતા છતાં આજ લગી ચુંટાયાનો જૂઠો દાવો છોડવામાં આવતો નથી. જુઠાણાનો આ અવધિ છે. શ્રી સંઘના પ્રતિનિધિ ન હોવા છતાં, ચુંટણી ન થવા છતાં માત્ર ધાંધલ અને દાદાગીરી માટે ખર્ચ અને પંદર રૂપીઆના સાલીઆણાથી આવનાર આ ભીંડીબજારીઓને મહાસભાએ પ્રતિનિધિ ન ગણ્યા, તે માટે એનો રોષ છે પણ એ રોષની શાંતિનો ઉપાય શોધ્યો જડે તેમ નથી કોઇ પણ નિષ્પક્ષપાત અભિપ્રાય આની વિરૂદ્ધમાં ગયા વગર નહિં રહે. ખુદ જુન્નરના મેજીસ્ટ્રેટ સાહેબેજ આ સાહેબોને હદ છોડી જવાનું ફરમાન કર્યું હતું, અને આ લોકોએ ત્યાં શાંતિ કેવી જળવી હતી તે વાત મુંબઇ સમાચાર અને સાંજ વર્તમાન વગેરે પત્રોના પ્રતિનિધિઓએ પ્રકટ કરી છે. વૉલંટીઅરોને લોહીલોહાણ કરવામાં, મંડપપર પથ્થરા ફેંકવામાં અને ઉન્મત્તોની માફક તોફાન મચાવવામાં અને ઉતારો આપનાર ઘરધણીને માર મારી બેશુદ્ધ કરવામાં શાંતિ આ સોસાયટીઓનો રામશાસ્ત્રમાં કદાચ હશે અને તેથી એને અભિનંદવા માટે ત્રણ મહિને પોતાનેજ બોબે મળવું પડયું છે. ત્રણ ત્રણ મહિના લગી આ કજીઆ કંપનીને સમસ્ત જૈન સમાજે તીરસ્કારી કાઢી છે, ત્યારે આજે એ આપ મુખે અભિનંદનની વાયડી વાતો કરે છે. એ ઠરાવના ટેકામાં બોલ-

નારાઓ મી૦ અમીચંદ ગોવિંદજી, વકીલ અમૃતલાલ મોદી, બાપાલાલ ચુનીલાલ જેવા સોસાયટીઓમાં પ્રખ્યાત થએલા માણસો છે. એના ભાષણોની થોડી તપાસ લઇએ.

મી૦ અમીચંદના ભાષણને સોસાયટીનાં વકીલાતનામા તરીકે આપણે ઓળખીએ. તેની દલીલો આમનસામન પોત પોતાના મુદ્દાઓનેજ તોડે છે અને લુલા કરી નાંખે છે. તે કહે છે કે ધર્મિ પક્ષે પ્રથમથીજ ઉપેક્ષા કરી હતી. પરિષદ્ મરણને શરણ થઇ છે એમ માન્યું હતું. જુન્નરના સ્થાનનિર્ણયમાં દગો રમાય છે એમ જણ્યું હતું અને ત્યાં ધર્મિઓને પાણી પણ મળ્યું નહોતું. કોઇ પણ સભ્ય માણસ આ જુઠ્ઠાણાને ઘડીભર માને તેમ નથી. એમ જાણવા છતાં કહેવાતો ધર્મિપક્ષ ત્યાં તરફડીઆમારવા કેમ ગયો હતો. ધાંધલ કેમ મચાવતો હતો, પથરા કેમ ઉડાવ્યા હતા અને મેજીસ્ટ્રેટના કબજામાં કેમ આવી પડયા હતા એનો જવાબ છે? મૃતપ્રાય થએલ બંધુસમાજ, બિદડાના સંઘની ચુંટણી અને પાટણ શ્રાવિકાશ્રમના પ્રતિનિધિઓ વધારવાની માગણી માટે બોળા કેમ પાથર્યા હતા? મહુવા અને એમ કેટલાય ગામોની ચુંટણીઓ શા માટે કરી હતી તેની સમજ આ સોસાયટીઓ પાડશે કે? આખાએ ટોળાને જમાડવાની વાત સત્કાર સમિતિએ સત્તાવાર જાહેર કરવા છતાં પાણી ન મળવાની પેટભરૂ પામરતા પ્રકટ કરનારની ભાંડવૃત્તિ માટે લખવું શું? કોઇ વચકારી બાધડીઓને ભૂલાવે તેવી વૃત્તિ આ ટોળકીમાં આ શબ્દોથી પ્રગટે છે.

હવે મી૦ અમૃતલાલ મોદી બી. એ ની ખબર લઉં. આ બી. એ. થએલા રામભક્તના એક લેખની ખબર પત્રિકામાં લેવાઇ હતી, એનો જવાબ આપવાનું એ ભાઇએ માંડી વાળ્યું અને પોતાના માનીતા મુનિને મહાત્મા૦ સાથે સરખાવવા અને તેથીએ વખાણવાની વાયડાઇ કરી, તે અમૃતભાઇ આજે ફરી ઓચરે છે કે જુન્નરની કોન્ફરન્સે પોતાનું તેરમું સાર્યું છે. આજે ત્રણ મહિને તેનું દફન થાય છે. જુન્નરના જૈનોના જૈનત્વ વિષે અમૃતભાઇને શક છે. આ સોસાયટીના પ્રતિષ્ઠિત ગૃહસ્થોનું અપમાન થયું છે. એના કાર્યકર્તાઓ સત્તાપ્રેમી છે. ધર્મ પ્રેમીઓને બાતલ રાખવામાં આવ્યા છે. આ બધું અમૃતભાઇની જીભનું ઝેર ઠલવાયું છે. જેણે જૈન મહાસભાની કબરની અને સમાધિની વાત એક વાર કરી હતી; તેણે આજે એના તેરમાની અને દફનક્રિયાની નીચ વાત કરી છે. તેરમું અને દફન કોનું થયું છે? તેની આગાહી ભાવિ આપશે, એનો જવાબ સુવાનો આપશે, એનું પરિણામ આ સોસાયટીઓનાં પાપો ભોગવશે. પણ એક બી. એ. થએલી જીભમાંથી વેશધારીઓની ગુલામી કેટલું ઝેર ઓકાવે છે તેનો આ નમુનો છે. જુન્નરના જૈનોમાં તો શું પણ થોડાજ સમયમાં આખા હિંદુસ્થાનના જૈનોના જૈનત્વમાં આ અમૃતભાઇ જેવાઓને શંકા આવશે. જુઠ્ઠાણાં અનીતિ અને અન્યાયમાં જેના જૈનત્વનાં માપ છે, તે મેથી નજરમાં બધાજ અજૈન જણાય તેમાંજ જૈનત્વની શોભા અને નિર્મળતા છે. એ સોસાયટીઓની પ્રતિષ્ઠા કેટલી અને કયાં છે તે વાત જાણીતી છે, એટલે એવાઓનું અપમાન એ કોઇ પણ સાચા માણસની ફરજ બને છે એ અપમાન પ્રતિષ્ઠાનું નહોતું, પણ જંગલીપણાનું હતું. ગુલામોને સત્તાપ્રેમ શું છે? તે સમજવા માટે અસંખ્ય અવતાર ધરવા પડશે. ત્યાર પછી સોસાયટીઓના સેક્રેટરી જાણીતા બાપાલાલનો ઠરાવનો ટેકો આવે છે. એણે તો જૈન મહાસભાના કાર્યકર્તાઓને શયતાનો કહીને શરૂઆત કરી છે. શયતાનીયતની વ્યાખ્યામાં મતભેદ ઉભો થયો જણાય છે. સચ્ચાઇ અને સભ્યતાના વિરોધી આ વર્ગને જે પોતામાં છે તેનો ભાસ બીજામાં થાય છે. કમળાવાળી આંખ અવળું ભાળે તેમાં દોષ કોનો? આ બાપાલાલ પોતાને ધર્મપ્રેમી હોવાની ગોખેલી વાત કહે છે. એના ધર્મપ્રેમથી તો સમાજ તોબાહ પોકારી ઉઠયો છે, પણ એના પ્રવચન (?) આપણે છોડી દઇએ, એમાં કાંઇ દલીલજ નથી. એણે એક અજબ શોધ કરી છે તેજ જોઇ લઇએ. બાપા સાહેબ કહે છે કે, 'જુન્નર આવનાર ધર્મપ્રેમી પાંચ હજાર હતા તે હું સાબીત કરવા તૈયાર છું.' પણ 'તૈયાર છું" એમ કહીને સાબીત કરવાની તસ્દી નથી લીધી. મોટર કંપનીના એજન્ટે અને પાર્ટનરે આ પામર પ્રલાપને પડકાર આપ્યો હતો અને માર્ગ વચ્ચેના ઠેકેદારની નોટ તપાસવા ચેલેંજ ફેંકી હતી. આ ચેલેંજ પછી ત્રણસોથી વધારે તોફાનીઓ હોવાનું આજ લગી સાબીત નથી થયું અને નહીં થાય. ત્યાં તો આ દુધપાકીઆ સોસાયટીની મુર્શિદે પાંચ હજાર હોવાનો બંબગોળો ગબડાવ્યો છે. બિચારા બાપા ખરાને! કાકાની વાત કયાંથી જાણે?

મી૦ વિઠલદાસ મોહનલાલે જૈન મહાસભાનો બહિષ્કાર કરવાની ધૂમ મારી છે. એના કારણમાં ધર્મ વિરૂદ્ધ ઠરાવ ન કરવાના તારોના થોકડાની વાત કરી છે, પણ એ તારો તો રામ કલમથી લખાએલા, રામ ફેકટરીથી ટાઇપ થએલા અને એકજ રીતે ચોક્કસ ગોઠવણ પ્રમાણે ચોક્કસ ગામો અને નામોપર ચડાવી રવાને કરવાની પોલ પરથી પડદો કયારનોએ ચીરાઇ ગયો છે તે વિઠલભાઇ જાણતા નથી લાગતા. વિમળભાઇના ખુલાસા, કુંડલાના પત્રો અને એમ જે કાવત્રાંખોરી પ્રકટ થઇ છે તે પરથી આ તારોની કાવત્રાંખોરી સમાજ સમજી ચુકયો છે, એટલે વિઠલભાઇએ વેરેલાં વેણો સુરતની ગટરોથી આગળ જઇ નહિં શકે.

આ પછી મી૦ પાનાચંદ રૂપચંદનો પડદો ઉચકાય છે. યુવક મંડળના સભ્ય હોઇને એ ભાઇ યુવક નામને શરમાવે છે. તેણે પણ મહાસભાનો બહિષ્કાર કરવાની ચીસ પાડી છે. સ્વયંસેવકોએ લાઠી ફેરવવાનું શિક્ષણ લીધું હતું. 'મારો, મારો જીવતા ન જવા દ્યો' એમ સ્વયંસેવકોએ કહ્યું એ જુઠ્ઠાણું, પાનાચંદની પામરતા પ્રકટ કરે છે. જો આવી ધુમો સાચેજ પડતી હોય તો કેનાપર કયે વખતે કયા ભાગપર કેટલી લાઠી પડી હતી તેના પંચકયાસ થયા હોય તો પ્રકટ કરવામાં ઢીલ કેમ થાય છે? અને આવા જુઠ્ઠાણાંઓથી મહાસભાનો બહિષ્કાર કરવાની ધુમ મારનારાઓનો જૈનોએ આંતરિક બહિષ્કાર કયારનોએ કરી નાંખ્યો છે. તેનો ખ્યાલ સમય આવતાં થઇ રહેશે.

ખંભાતવાળા રતનલાલની ગુલામી પણ એકાએક રડી ઉઠી છે. એને જૈન મહાસભામાં જવાબદારી નથી લાગતી. રતનલાલે માની લીધેલા ધર્મની વિરૂદ્ધ ઠરાવ થયાનો એનો ખ્યાલ છે. ખંભાતમાં રહેવા છતાં વાસદના વરઘોડાની વાત ભૂલી જવા જેટલી જેની નબળી યાદગીરી છે તેવા ગભરૂઓના બહિષ્કારની કીંમત કેટલી કોડીની છે એનો નિર્ણય સમય કરી આપશે.

નવસારીવાળા નગીનદાસ જીવણજીનું નામ પણ આ ઠરાવના ટેકામાં ચડયું છે તેને તો જૈન મહાસભામાં ધર્મ વિષેજ વહેમ પેઠો છે. ભ્રમિત માણસ જ્યાં જુએ ત્યાં વહેમાય તેમાં દોષ કોનો? વઢવાણવાળા હરગોવિંદભાઇએ તો મુંગો ટેકો આપી હર હર કરી માંડી વાળ્યું છે એટલે એને જતા કરીએ.

આમ આ સોસાયટીએ જૈન મહાસભા વિષે જે ધમપછાડા કર્યા છે, જે અપશબ્દો ઉચ્ચાર્યા છે અને જે વાતાગુપ્તિ અને ભાષા સમિતિના વ્યભિચાર ખેલ્યા છે તે જોયા પછી બધાને અજૈન કહેનાર તે પોતેજ જૈન છે કે કેમ? એ સવાલ આજે સમસમી રહ્યો છે અને જાણવા જેવી વાત તો એ છે કે આ ચીડીઆખાનાની ચીચીઆરીઓ સુરતમાં આજે ઉભરાય છે. જૈન મહાસભાનું ડેપ્યુટેશન જ્યારે સુરતમાં આવ્યું, ત્યારે શ્રી. નગીનદાસ હોલમાં પંદરસો જૈનોની વિરાટ સભા મળી અને એના સમર્થ વકતાઓએ આ સોસાયટીઓને સભામાં કે ઉતારે આવીને વિચાર વિનિમય કરવા માટે પડકાર આપ્યો છતાં ત્યાં જાણે સોસાયટીનું અસ્તિત્વજ નથી એમ લાગ્યું. કોઈ જામનગરી શેઠની ત્યાં હાજરી છતાં અને ઉશ્કેરણી છતાં એ યાદગાર સભામાં ગોપીપુરાની એ ચકલીઓ કયાં સંતાઇ ગઇ હતી કે જે આજે છાપાંઓમાંજ ચીચીઆરી કરે છે. સુરતમાં જૈન મહાસભાની શિક્ષા સમિતિ સ્થપાઇ ગઇ છે. કોડીબદ્ધ સભ્યો નોંધાયા છે અને સુરતે સુકૃત ભંડાર ફંડમાં સુંદર ફાળો આપ્યો છે એટલે તેરમું અને દફન ઠાનું થયું છે, તેનો નિર્ણય વિચારવંત પુરૂષોએ કરવાનો છે. એતો એકવીસમો ઠરાવ બદદાનતવાળાઓએ કર્યો છે, એમ કહી કોઇ વેશધારીએ આ સોસાયટીઓને ઉશ્કેરી છે, પણ જેણે પાંચ કે છ કલ્યાણિકનાં કરેમિ ભન્તે ત્રણ કે એકના આગળ કે પાછળના ચોથ કે પાંચમનાં થોઇ ત્રણ કે ચારના ઝઘડાઓજ કર્યા છે. સિદ્ધગિરિ સરખી પરમ પુનિત સિદ્ધને ભૂમિને જેણે સૃષ્ટિ × × × × કલંકિત કરી છે તેવા વેશધારીઓની વાણી આજે મહાસભાના ઠરાવ ઘડનારને બદદાનતવાળા કહે છે.

સમય ચાલ્યો આવે છે અને તે નજદીકજ છે. કે જ્યારે ધર્મપક્ષના નામે ધર્મદ્રોહીઓને નહિં નભાવે, શાસ્ત્રો અને પૂર્વાચાર્યોના ઓઠા નીચે વેશધારીઓને નહિં સત્કારે અને આ બધું નહિં નભે તે આ વર્ગ સમજી ગયો છે અને તેથીજ પોતાની આસપાસ ભોળા ધર્માન્ધ અને ગુલામોની મજબુત વાડ બંધાય છે પણ ક્રાંતિએ એવી કરોડો વાડોને પલકમાં ફના કરી છે. એ ઘડીની નોબત આ વર્ગના કાન ફાડી નાંખે તે રીતે જોર શોરથી વાગે છે. પોપશાહીના મૃત્યુઘંટ આજે વાગે છે અને તેથી ભયમાં, ગભરાટમાં, રક્ષામાં, સ્વાર્થમાં આ પામર વર્ગ આજે ઉન્મત્ત બન્યો છે અને ઉન્મત્તતા વિવેક ભુલાવે છે. **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखैः।** આજે આ વિનિપાત સેંકડો મુખ ધરે છે કાલે હજારો અને લાખો રીતે વિનિપાત પામશે અને ત્યારેજ શાસન નિષ્કલંક, નિષ્કંટક અને જવલંત બનશે. ક્રાંતિ અમર રહો!

સુરતમાં મળેલ સોસાયટીઓના સ્વાગત સરનશીન ભાડુતી રેકર્ડ રટે છે.

કોઇની લખેલી ગાળાગાળી અને ગલીચતાને અપનાવે છે, જૈનત્વ ઝાંખુ પડે છે.

(લખનાર: શ્રી રતિલાલ પ્રભુદાસ મોદી.)

જ્યારે ધર્માન્ધતા વધી પડે છે, જ્યારે સ્થીતી સુસ્તતાનું અજીર્ણ થાય છે, જ્યારે બની બેઠેલા ધર્મ પોપોના પાખંડો, બાંધેલો, ધર્મ ઢોંગો, શાસ્ત્ર છળો અને પ્રપંચો વધી પડે છે ત્યારે સમાજ, રાષ્ટ્ર અને ધર્મ એ બધીએ સંસ્થાઓ તેથી અકળાય છે અને એ વર્ગને સદંતર ઉખેડી, ઉપાડી, હદ પાર કરવાને જરૂર ધારે છે. રોમન પોપોનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. મહાન્ નેપોલીઅન બોનાપાર્ટ પણ આ વર્ગનેજ ઉઠાવી ફેંકી દીધો હતો અને વીર કમાલપાશાએ આ ધર્મધુર્તોને દફાવ કરીને રાષ્ટ્રની ઘડતર કરી આપણે ત્યાં પણ શાસનરસિક ધર્મપક્ષ જરૂર જમા નીચે ફરતો એક ધર્મધુર્ત વર્ગ જૈન સમાજમાં જન્મ્યો છે એની દોરવણી વેશધારીઓની એક નાની સરખી પોપ ટોળકી કરે છે. મહાન્ તીર્થંકરો, પૂજ્ય પૂર્વાચાર્યો અને સત્કાર્ય શાસ્ત્રોના મનફાવતા ઓઠા નીચે એ ભોળીઆઓને ભમાવે છે. કેટલાક બેકારોને દીક્ષા ફંડના પૈસે નભાવે છે. કોઇ મવાલીઓને સાલીઆણા આપે છે. કોઇ માનભૂખ્યાને અભિનંદન પત્રો અપાવે છે અને વિશેષણોથી નવાજે છે. આમાં કોઇ ભોળીઆ ધર્મભકતો ઓછી સમજનાં કારણે ફસાઈ પડે છે અને શુભ પ્રવૃત્તિઓને તોડવાના નિષ્ફળ ધમપછાડા પછી આ વર્ગ હિંદુસ્થાનની (ગુજરાતની) સાતેક સોસાયટીઓનું સંમેલન ભરે છે.

માલ પાણી અને લાડવા માટે થોડા ભોળીઆઓ ખોબે મળે છે અને એને એ કોઇ વિરાટ જૈન સભા તરીકે ઓળખાવવાનાં આંધળીઆ કરે છે અને સમાણુની આંખે ઉંધા પાટા બાંધવાની ચેષ્ટા કરે છે. તેના સ્વાગત પ્રમુખ તરીકે એ ટોળકી શ્રી નેમચંદ નાથાલાલ (સુરતવાળા)ને ગોદડી કાઢે છે, આ ટોળકીએ પાનસરની ધર્મવિરાધક સભાના પ્રમુખસ્થાનેથી પુણ્ય શ્લોક મહાત્માજીને પેટ ભરીને ગાળો અપાવી છે. આજે એમાં જરા પલટો થાય છે. શ્રી નેમચંદભાઇના નામપર જે ભાડુતી (?) ભાષણ ચડાવવામાં આવ્યું કહેવાય છે. એ ભાષણના કેટલાક કેટલાક ફકરાઓ તો જુન્નર જૈન મહાસભાના પ્રમુખના ભાષણમાંથી થોડા ફેરફાર સાથે ઉતારી લીધેલા જેવા જણાય છે. બાકી આખાય ભાષણમાં શરૂઆતથી તે છેવટ લગી યુવાનોને વિચારકોને, સુધારકોને, વિદ્વે તેજક મુનિઓને અને જૈન મહાસભાને ગાળોજ આપવામાં આવી છે. શ્રી નેમચંદભાઇ લગભગ વૃધ્ધ માણસ છે છતાં તેણે યુવાનીનો દાવો કર્યો છે. એ ભાષણમાં ભાષા, ભાવના' વિચારો અને શૈલી એ બધી રામની ધૂનને બંધબેસતી થાય તેવી છે. એટલે પછી તેમાં સભ્યતા કે શિષ્ટતાની આશા નજ કોઇ શકે. સમયધર્મ એ આ ભાષણની નજરમાં ઝેરી કીડા સમાન ખુંચ્યો છે. બધા

યુવક સંઘો એને અકળાવે છે, મુંઝાવે છે, ગભરાવે છે, રે! તરફડાવે છે અને મુંબઇ જૈન યુવક સંઘ તો એની નજરમાં ન ઉખડે તેમ ચોટી ગયો છે. આ સંસ્થા એને મલમપટા કરવા લાયક નથી લાગતી, એનું ચાલે તો તો એને જન્મતાંજ દૂધ પીતી કરી દે, પણ વો દિન કહાંસે! × × × સમય ધર્મની વ્યાખ્યા પોતાની મરજી પ્રમાણે કરે છે અને તેનો રદીયો પોતાની ઢબે આપે છે. પોતાને ફાવે તેવો પૂર્વ પક્ષ કરે છે અને પછી મરજી મુજબનો ઉત્તર પક્ષ રચી મનમાં મલકાય છે. સમય ધર્મ હિંસા કરી શકે, અસત્ય આચરી શકે, ચોરી અને વ્યભિચાર પણ કરી શકે આ અને આવી લોફર વ્યાખ્યાઓ શ્રી નેમચંદભાઇનાં 'ભાહુતી' ભાષણમાં આપ મેળે કરી લેવામાં આવી છે અને પછી તેનો રદીયો અપાય છે. આ રીત જેવી કંગાળ, નિર્માલ્ય, હીચકારી અને કાયર રીતી દુનીયામાં જાણી નથી. સમય ધર્મ તો બદીઓ સામે, જુઠાણાં સામે, ભ્રષ્ટાચાર સામે અને પાખંડ સામે બેઠો બળવો પોકારે છે, પણ આ ભાહુતી ભાષણે તેનો અનર્થજ કર્યો છે, બધા ક્ષેત્રના જનકરૂપ શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્રને પોષનાર સાદાઇ અને સચ્ચાઇનો ઉપદેશ કરનાર વિદ્યાવૃદ્ધિને ઉત્તેજનાર કેટલાક પવિત્ર મુનિરાજોને એ ભાષણમાં ભ્રષ્ટાચારી વર્ણવ્યા છે. પોતાના સંઘાડાના વેરઝેરો આવા ભાષણોથી પોષાવાની તક લેવાય છે ત્યારે તો પ્રમાણિકતા લાજે છે, સચ્ચાઇ સીદાય છે. જૈનોમાં વાણી અને વિચારનું સ્વાતંત્ર્ય હોઇ શકેજ નહિં. એ ગુલામ વિદ્યાન લખી જૈનત્વને જૈનેતર જગતમાં હલકું પાડવામાં આવ્યું છે. મહાન્ પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વગેરે આચાર્યો વિચાર અને વાણી સ્વાતંત્ર્ય જૈનશાસ્ત્ર સંમત હોવાની વાત કરે છે અને કહે છે કે પ્રભુ મહાવીર દેવમાં મને પક્ષપાત નથી, કપિલાદિમાં દ્વેષ નથી, જ્યાં યુક્તિનું, દલીલનું અને સત્યનું બળ છે તે મારે સ્વીકાર્ય છે. ત્યારે નેમચંદ શેઠના નામે ચડેલું આ 'ભાહુતી' ભાષણ જૈનોની આંખે ગુલામીના પાટા બાંધે છે અને જૈનો પરાધીન ગુલામ છે, વાણી અને વિચારના દાસ છે એમ રહે છે. દીક્ષા સાથે અયોગ્ય શબ્દથી આ ભાષણની ભૂતાવળ ભડકે બળે છે પણ અયોગ્ય દીક્ષિતો અને વેષધારીઓનાં ફાળે ઘાંગધ્રા સ્ટેટમાં ખુન નોંધાયું કહેવાય છે! પરમપવિત્ર સિદ્ધક્ષેત્ર સમી પવિત્ર સિદ્ધભૂમિમાં નાચાર, અનીતિ, રે! સૃષ્ટિ × × કર્મની બાંગ શ્રી મણી જયજી સરખા મહાત્માઓએ પુકારી છે. રતનબાઇઓની કારમી ચો પડી છે. વાસદના વરઘોડાઓ ચઘા છે અને એમ કેટઓ ડોંભાડો ખેલાયાં છે. છતાંએ વેશધારીઓના ગુલામો ામીમાં મહાલે છે તે કોણ સાંખશે? પણ એ ગુલામીને ડનાર અને એની કીલેબંદી ગોઠવનાર અને શ્રી નેમ-ંદ શેઠ જેવાને તો સોગઠાં તરીકે વાપરનાર કોઇ ધારી હોય ત્યાં પોકાર કયાં કરવો? પણ એ ગાળાગાળી અને શરમ કથા માત્ર સુધારકોને ભાંડવામાંજ અટકી નથી. પણ અખીલ ભારતના સમસ્ત જૈનોની પ્રતિનિધિરૂપ એના પ્રાણથીએ પ્રીય જૈન મહાસભા સામે શ્રી નેમચંદ શેઠ સરખા વ્યાપારી ગૃહસ્થના નામે જ્યારે ગાળાગાળી કરાવવામાં આવે છે ત્યારે તો આ ટોળકી હવે જનત્વને પોતાના ભારથી લચાવી દે છે, એમ કહેજ છુટકો.

શ્રી નેમચંદભાઇના મુખમાં એ ભાષણના લેખક જૈન મહાસભાને ગાળાગાળી કરાવતા શરૂઆતમાં એની પાછળ થએલા લાખોના વ્યય તરફ દાંતીઆં કરે છે. ફજૂલ અને ઢોંગી ખર્ચો માટે ટેવાએલ આ કજીઆ કંપની પરિષદના પ્રચાર અને પરિણામના માપ સાથે ધરાદાપૂર્વક સખાડા કરે છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના સવાલમાં પરિષદે જે વાતાવરણ જમાવ્યું હતું તે તો ન છુટકે સ્વીકારે છે પણ ઝૂનરમાં આ લોકોની દાદાગીરી ચાલવા ન દીધી એટલે એની નજરે પરિષદની પ્રતિષ્ઠા ધુળમાં મળે છે. પણ જેનાં વિચારોમાં ધુળ સિવાય કાંઇ ન હોય ત્યાં બીજું શું મળે, દિગમ્બરો અને સ્થાનિકવાસીઓ ભળ્યા છે માટે શાસ્ત્રની વફાદારી નથી લીધી માટે, એ લોકોને પ્રિય નથી એવા માણસોને આમંત્રણ્યા છે માટે પરિષદનો બહિષ્કાર થયો કહે છે. અને એ બહિષ્કાર કરનાર જૈન સમાજે અંતરથી તિરસ્કારેલો આ કહેવાતો ધર્મીવર્ગ છે. બહિષ્કારની રોજ ઉઠીને બાંગ પોકારનાર આ તોફાની ટોળકીજ કદાચ રફે દફે બહિષ્કૃત થઇ જાય તો આપણે નવાઇ નહિં પામીએ. પોલપત્રિકાના તંત્રીને આમંત્રણ મળ્યાની પ્રત અનેક જુઠાણાઓમાંનું એક છે. હોળીના ફાગ ફેંકનાર શાસનપક્ષના શુક્રવારીઆના રિપોર્ટરને જેમ પાસ મળેલ તેમ મી૦ ગઢીઆને પણ રિપોર્ટર તરીકેનોજ પાસ આપવામાં આવ્યો હતો, તે પ્રતિનિધિ ન હતો. તેણે પ્રતિનિધિની ટીકીટ માંગવા છતાં ના પાડવામાં આવી હતી. પણ આ પક્ષને સત્ય સમજવું નથી, સ્વીકારવું નથી. સચ્ચાઇ પાલવે તેમ પણ નથી. એને તો શ્રી મહાવીરસ્વામી પાનસર, ઝવેરીઆ અને સુરત વચ્ચે ધર્મધીંગાણાં મચાવવાના છે. અને ધીંગાણામાંજ એની પોપશાહીનો ભાંગી ભુક્કો થવાનો છે. મ્હારી શ્રી નેમચંદભાઇનાં આ 'ભાહુતી' ભાષણને વાંચી જવા દરેક દરેક જૈનને ભલામણ છે એમાં આ કહેવાતા શાસન રસિકો અને એને દોરવનાર એ ત્રણ વેશધારીઓની મલિન મનોવૃત્તિનું પ્રતિબિંબ પડે છે, બાકી યુવકપ્રવૃત્તિ કે મહાસભાને દફનાવવાનાં સ્વપ્નાઓજ રહી જવાનાં. આજે ચાલી રહેલા રાષ્ટ્રીય ધર્મયુદ્ધ માટે એક શબ્દ નથી, તે તરફ સહાનુભૂતિનું શુકન નથી અને દૂધપાક, અડદીઆ મોતીચુર અને શિરા માટે ગોઠવાએલી આ સોસાયટીઓના કોઇ પણ સભ્યને ચણા, મમરા ખાઇ જેલ અને મોતને ભેટવાની દંભી હાકલ થાય તો એ જવાબમાં નકારજ હોય. એટલે શ્રી નેમચંદભાઇના સુરતમાંજ ધર્મયુધ્ધનાં જે મંગળ દુંદુભી વાગે છે તેનો મંગળ નાદ ધર્મઘેલછાથી મેલા થએલા કાનોમાં નથી અડયો એ પણ સમાજને સમજી લેવાની જરૂર છે. દેશ જ્યારે આઝાદીના જંગ ખેલે છે, એના પનોતા પુત્રો જ્યારે બંદીવાન બને છે, ઝવાહર સરખા યુવાનોના ઝવાહીર જ્યારે પકડાય છે રે! ખુદ સુરતમાંજ જ્યારે ધરપકડનો ધોધ વહે છે, ત્યારે આ લાહુલકતો સોસાયટીઓ વરઘોડા ચડાવે છે, ઢોંગ અને ધાંધલ કરે છે અને ટોમ, ડીક અને હેરીઓ મળી માલપાણીથી ઉજાણીઓ કરે છે. દરેક સાચા જૈન આ ગાલી પ્રદાન કાર્યવાહીને નિરખે અને શાસન અને સમાજના ઉદ્ધાર ખાતર તેને સુધારવા કે મીટાવવાનો સંકલ્પ કરે ઇન્કીલાબ ઝીંદાબાદ.

હાડકાનો માળો (?)

લેખક :
"ઋષભદાસ."

એકાંકી નાટક: પ્રવેશ ૨ જો.

પાત્રો : વસંતલાલ, યશલક્ષ્મી,
પાછળથી અનંતકુમાર, સુમનબાળા.

સ્થળ : વસંતલાલના ઘરનો એક ઓરડો.

સમય : .....સુદી ૧, સાંજના સાત પછી

પડદો ઉપડે છે.

(વસંતલાલ સ્થાનિક 'જૈન મહીલા સમાજ'ના વાર્ષિક ઉત્સવ પ્રસંગે પ્રમુખસ્થાનેથી આપવાનું ભાષણ લખતા હોય છે, ત્યાં યશલક્ષ્મી હાથમાં એક કાગળ સાથે પ્રવેશ કરે છે, અને ભાષણ લખવામાં મશગુલ બનેલા વસંતલાલને ઉદ્દેશી બોલે છે.)

યશ૦–જુઓ, આ ગરબો કેવો છે?

વસંત૦–(લખવામાંથી ઉંચું જોતાં) કેમ શું છે? હું જરા ખાસ મુદ્દા પર લખી રહ્યો છું. હમણા અડચણ ન કરે તો સારૂં! (એમ કહી લખવા માંડે છે. યશલક્ષ્મીનો સ્વભાવ આ વર્તણુંકને તાબે થવા તૈયાર ન હતો.)

યશ૦–પણ આ મુદ્દો જરા વધારે મહત્વનો છે.

(એમ કહી ખુરશી પાસે ઉભેલી યશલક્ષ્મી કાગળ ટેબલ પર મુકે છે.)

વસંત૦–(જરા નારાજ થતાં) અહહહ!! આટલી બધી ઉતાવળ?

યશ૦–(સહજ તોફાનમાં) અહહહ!! નારી પ્રતિષ્ઠાના હીમાયતીમાં આટલી બધી અસહન શીલતા?!

વસંત૦–પરંતુ—

યશ૦–મ્હારે એ 'પરંતુ'નું કામ નથી. માત્ર આ ગરબો વાંચો, અને અભિપ્રાય આપો.

(આમ દંપતિ રકઝક કરતાં હોય છે, એટલામાં અનંત હૃદયના ભાવોને દબાવી સ્વસ્થ બની દાખલ થાય છે)

અનંત૦–(દંપતીને ઉદ્દેશીને) કેમ સાક્ષર દંપતિ? કલ્પના કયા પ્રદેશ તરફ પ્રમાણ ચઇ રહ્યું છે!

(દંપતી ચમકે છે, વસંત જરા ગંભીર બને છે. તોફાની અને હાજર જવાબી યશલક્ષ્મી આવકાર આપતાં બોલે છે)

યશ૦–આવો; કેમ અનંતકુમાર, તમે કંઇ અત્યારે?!

અનંત–(સહેજ અટકીને) વ્યોમવિહારીને પૃથ્વીવિહારી બનાવવા!

વસંત૦–(જરા હસતાં આતુરતાથી) એટલે?

અનંત૦–(જરા ગંભીર બની.) નૈનીતાલના સૌન્દર્ય દર્શનનાં સ્વપ્ન જોનારને સામાજીક જીવનના યુદ્ધનું આમંત્રણ આપવા.

યશ૦–(શંકાથી) અનુ ભાઇ, તમારા શબ્દોમાં કંઇ અમંગળની આગાહી થાય છે!

વસંત–કુમાર, શું છે? જરા સ્પષ્ટ કરોને.

(આમ વાત ચાલે છે, ત્યાં સુમનબાળા દાખલ થાય છે, એટલે વધારે શંકા જતાં)

યશ૦–(મ્હોંપર હસવું લાવી) લ્યો, ન્હાની બ્હેન પણ પાછળજ છેને? આજે છે શું કે રહમજ્જતું નથી?!

(અનંત ખુલાસો કરવા જાય છે, ત્યાં સુમનબાળા પોતાની પાસેનો પત્ર યશલક્ષ્મીના હાથમાં મુકે છે. યશલક્ષ્મી વાંચી વસંતલાલને આપે છે. વસંત પત્ર વાંચે છે, ઘડીભર નિરવ શાન્તિ પથરાય છે. થોડીવારે વસંત શાન્તિને તોડે છે :)

વસંત–અનુભાઇ, આ વસ્તુસ્થિતિનો વિચાર કરી આપણે માર્ગ શોધીશું. પણ પહેલાં શું બન્યું તે જણાવો.

(અનંત હજુ વિચારમાંજ છે, ત્યાં સુમનબાળા બનેલી હકીકત કહી સંભળાવે છે? અનંતના અચાનક આગમનનું કારણ વસંત અને યશને રહમજાય છે)

વસંત–(શાન્ત જીજ્ઞાસાથી નિશ્ચયપૂર્વક) કંઇ નહી, જે બન્યું તે ખરૂં. તમે ઘર છોડ્યું પણ ગામ છોડીને જવાથી આ વાત નહી અટકે. તેને માટે તો અહીંઆં રહીનેજ પ્રચાર કાર્ય કરવું પડશે, અને એ જોહુકમીને હવે તો દફનાવવીજ પડશે અને વડીલોને દડપશાહી ચલાવવાનું ભૂલાવવું પડશે.

અનંત–(સંમત થતાં) મને પણ એ સ્પષ્ટ રહમજાય છે, અને મેં તો છેલ્લે સુધી ઝુઝવાનો નિરણયજ કર્યો છે, પણ આપણે કયે માર્ગે કામ લેવું તે વિચારી લેવાની જરૂર છે.

(અત્યાર સુધી મૌન રહેલી યશ ટટ્ટકે છે)

યશ૦–રીતસર કોર્ટમાં પગલાં લેવાનાં, બીજું શું?

વસંત–યશ, આ વાત તું ધારે છે, તેટલી સહેલી નથી હો!

સુમન–ભાઇ, સહેલી હોય કે અઘરી હોય, પણ જો યુવાનોજ આનો નિર્ણય નહી કરે તો કરશે કોણ?

વસંત–જરૂર, આ મામલામાં યુવાનો જરા પણ પ્રમાદ સેવે તો યૌવન લાજેજ, પણ મને લાગે છે કે સીધા કોર્ટમાં જવા કરતાં આ બાબતનો નિરણય આપણે સામાજીક રીતે કરી શકીએ તોજ વધારે સારૂં છે.

અનંત–કબુલ, પણ ઉમેદવાર આપણા હાથમાં ન હોય ત્યાં આપણું જોર શું? અહીં નહીં તો બીજે લઇ જઇને કયાં કામ નથી થતું! એટલે પ્રથમ તો મોહન અહીંઆં છે, તેની તેના પિતાને ખબર આપની અને તેઓને અહીંઆ બોલાવી, મોહનના પીતા અને મોહનની પત્નિના નામેથી, મોહનને કબજે સોંપવાની સંઘને અરજી કરાવવી, અને મોહનને સોંપી દેવા માટે મારા પિતાજી ઉપર સંઘ મારફતે દબાણ લાવવું. જો તેના વાલીને સોંપવાની ના પાડે તો કોઇ તટસ્થને સોંપવાનું કહેવું. તેમ છતાં જો નજ માને તો છેલ્લે કોર્ટ મારફતે કબજો મેળવવાનો પ્રયત્ન કરવાની પહેલી જરૂર છે; અને આ દરમીઆન મોહનને બીજે સ્થળે સંતાડવામાં ન આવે તે બાબત પૂરતી તપાસ રાખવાનો બંદોબસ્ત પણ કરી લેવો.

વસંત–એ માર્ગ પણ બરોબર છે તેમજ અયોગ્ય દીક્ષા અટકાવવા અને સંઘની રજા વગર બાનગીમાં દીક્ષા ન અપાય તે બાબત ઘટતાં પગલાં લેવાં? નગરશેઠને આપણા **સેવાસમાજ** તરફથી એક વિનંતીપત્ર જૈનોની સહીઓ લઈ મોકલવો.

યશ૦–અને હું પણ 'મહીલા સમાજ તરફથી એક પત્ર લખાવીશ.

સુમન–તો પછી વિચારો કરવાના ઉંચા મૂકી કાર્યની શરૂઆત કરો.

અનંત–વસંતલાલ, વાત સાચી છે. કારણ કે ધડાકો થઇ ગયા પછી હવે બધું કાર્ય ત્વરાથીજ થવું જોઇએ.

વસંત–તો ચાલો, આજે **સેવાસમાજ**ની કાર્યવાહક સમિતિની મીટીંગ છે, ત્યાં જઇ આ વાત મૂકીએ અને યોગ્ય વ્યવસ્થા પણ કરી નાખીએ!

(વસંત ઉઠી કપડાં પહેરી લે છે, અનંત અને વસંત બન્ને બ્હાર જાય છે.

.....ભાભી અને નણંદ-યશ અને સુમન-એકલાં પડે છે. વિચારગ્રસ્ત સુમનને ઉત્સાહમાં લાવવા યશ પ્રયત્ન કરે છે.)

યશ૦-બ્હાની બ્હેન, તહમારાજેવા શાણા માણસને પણ એકદમ બળવાખોર બની જતાં વિચાર ન થયો?!

સુમન-ભાભી, આમાં બળવો કયાં છે? આ તો એક ને એક બે જેવી સ્પષ્ટ વાત છે. સામાજીક જીવનને છિન્ન ભિન્ન બનાવવાના પ્રયત્નો થાય સારે, આપણી રહામે આપણનેજ સાધન બનાવી ધર્મને નામે બીજાના હક્ક છડે-ચોક લુંટાય, તે વખતે ચોપ રહેવું એમાં તે કંઇ માનવતા છે? મોહનને પરણ્યાને હજુ છ મહીના નથી થયા ત્યાં તેને વૈરાગ્ય આવ્યો!??

યશ૦-આવેજ ને? કેમ ન આવે?! કારણ કે મોહનનું કુટુંબ ગરીબ છે. સુમન બ્હેન! કોઇ અનુભવી યોદ્ધાને પૂછશો તો તરતજ જવાબ આપશે કે: "—એ તો એનાં પુણ્યકર્મ ઉદયે આવ્યાં!" પોતાના માટે 'સલામતી શોધનારા' એ અયોગ્ય દીક્ષના પોષકોનો કેવો સુંદર અને શાસ્ત્રીય બચાવ છે! વાંધો માત્ર એટલોજ છે કે, કોઇ શ્રીમંતનાં કે તેમના સંતાનોનાં "પુણ્યકર્મનો ઉદય" થતોજ નથી?!

સુમન-પણ શાસ્ત્રીય બચાવનો શાસ્ત્રીય જવાબ પણ છેજ. જો ગરીબનાંજ પુણ્યકર્મ ઉદયે આવતાં હોય તો તેઓ પણ પોતાની સંપત્તિનાં 'વરસીદાન' દઇ ગરીબ બની શકે છે.

યશ૦-પણ તો તો પછી 'પારકાં છોકરાંને જતી બનાવવાની' કહેવત ખોટીજ પડેને?

સુમન-પણ યશ ભાભી! મોહનના 'પુણ્યકર્મનો ઉદય થતાં' બીચારી તેની પત્નિના જીવનમાં 'પાપકર્મોનો ઉદય થાય' તેનું શું?

યશ૦-ઓહો! એમાં શું? એણે તો આમ થાય તેમાં આનંદ માનવાનો અને ધર્મ ધ્યાન કરવાનું, કદાચ આર્થિક, સાંસારિક, કે નૈતિક વિપત્તિ આવે તો તેણે "પાપકર્મો ઉદયે આવ્યાં" માની સંતોષ માનવાનો અને તેના સગાં સ્નેહીજન "છોકરીનાં નસીબ"!!! એમ કહી આશ્વાસન લેશે! બ્હેન! આ બધુ આમજ ચાલે છે!

સુમન-પણ આ સ્થિતિને માટે જવાબદાર પણ આપણેજ છીએને?! જો સમાજ જાગ્રત હોય તો કોની તાકાત છે કે, આપણી સામાજીક વ્યવસ્થામાં સમાજની વિરૂદ્ધ જઇ માથું મારી શકે?

યશ૦-બ્હેન, વાત સાચ સાચી છે. પણ આજ જ્યાં "આપણે શું"? કહી વાત ભૂલવા પ્રયત્ન કરતો હોય. અને સમાજના સુત્રધારોજ જ્યાં કુહાડીમાં હાથો બનતા હોય ત્યાં શું થાય?

સુમન-થાય શું? સમાજને વસ્તુ સ્થિતિનું ભાન કરાવી, જાગ્રત અને સાવધાન બનાવી એ સુત્રધારોની રહામે પણ બળવો પોકારવાનો!

(યશ ઘડીભર વિચારમાં પડે છે.....સુમન યશના મ્હોં સામે તાકી રહે છે.....ઘડીભર શાન્તિ પથરાય છે...અને થોડીવારે.....)

યશ૦-(નિશ્વાસપૂર્વક) સાચેજ, હવે તો સામાજીક જીવનમાં પણ બળવોજ અનિવાર્ય છે!!

(આ શબ્દો વાતાવરણમાં વિલિન થાય છે...અને-)

પડદો પડે છે.

દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

સત્યાગ્રહીઓ.		
શ્રી. મણીલાલ કોઠારી	૧	જેલમાં.
,, પ્રભુદાસ કસ્તુરચંદ શાહ	૨	,,
,, રમણીકલાલ મગનલાલ મોદી	૩	
,, નટવરલાલ દલસુખભાઈ	૪	
,, પુનમચંદ મોતીચંદ	૫	
,, દલપતભાઇ ભૂખણદાસ	૬	
,, રતીલાલ લહેરચંદ	૭	
,, કેશવલાલ ભૂમરદાસ	૮	
,, જીવનલાલ કીશોરચંદ	૯	
,, મંગળદાસ નથ્થુભાઇ	૧૦	
,, ચંપકલાલ નાથાલાલ	૧૧	
,, મણીલાલ જયમલ	૧૨	
,, રતીલાલ નાગરદાસ	૧૩	
,, મનસુખલાલ જીવણલાલ	૧૪	
,, વીરચંદ પાનાચંદ	૧૫	
,, ગુલાબચંદ જવેરચંદ	૧૬	
,, સજનમલ એમ. ચોકસી	૧૭	
,, ચીમનલાલ ભાઇચંદ	૧૮	
,, મણીલાલ જેઠાલાલ	૧૯	
,, વલ્લભદાસ રામજી	૨૦	
શ્રી. રતીલાલ ભુરાભાઇ	૨૧	
,, કીર્તિલાલ હીરાલાલ	૨૨	
,, રતીલાલ લક્ષ્મીચંદ	૨૩	
,, ભીખાલાલ વાડીલાલ	૨૪	
,, મોહનલાલ ઠાકોરદાસ	૨૫	
,, કાન્તીલાલ વલમજી	૨૬	
,, ચીમનલાલ લલ્લુભાઇ	૨૭	
,, સુરજમલ ચુનીલાલ મણીયાર	૨૮	
,, શાન્તીલાલ ખુશાલચંદ	૨૯	
,, મણીલાલ વલમજી	૩૦	
,, ભગવાનદાસ ફત્તેચંદ	૩૧	
,, રમણલાલ મંગલચંદ	૩૨	
,, નેમચંદ પુનમચંદ	૩૩	
,, ભગવાનદાસ મોતીલાલ	૩૪	
,, અમૃતલાલ હકમચંદ	૩૫	
,, ધીજલાલ મણીલાલ	૩૬	
,, શાન્તીલાલ બાપુલાલ	૩૭	
,, બાપુલાલ લલ્લુભાઇ સંઘવી	૩૮	
,, પોપટલાલ જવાચંદ	૩૯	
,, કંચનલાલ રાયચંદ પટેલ	૪૦	જેલમાં

વધુ નામો આવતા અંકમાં.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાનોનો આત્મભોગ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૮ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર વદી ૦)). તા૦ ૨૮-૪-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

મૂષક વિલાસ.

આજે ઉંદરડા ઘરમાં જ્યાં ત્યાં કેમ દોડાદોડ કરી રહ્યા છે? અને તોફાન મસ્તી આદરી છે? પેલો મૂષકરાજ પાટ ઉપર બેસી શું રાડો પાડી રહેલ છે અને બીજા ઉંદરો આસપાસ શી ધમાલ આદરી રહેલ છે? આજે તેઓ આટલા નિશ્ચિન્ત અને નિર્ભય કેમ દેખાય છે? કારણ કે આજે બીલાડી બહાર ગઇ છે અને બીજા કોઇ મોટા પરાક્રમમાં રોકાઇ ગઇ છે, તેની આ ઉંદર પ્રજાને ખબર છે.

આ પ્રમાણે જ્યારે દેશમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો મહાન્ યજ્ઞ આરંભાયો છે અને સંખ્યાબંધ યુવાનો તે યજ્ઞમાં પોતાનું બલિદાન આપી રહેલ છે, ત્યારે સુરત અને મુંબઇમાં ચોથો આરો પ્રવર્તાવવાનો પ્રયત્ન ચાલે છે. જ્યારે જૈન યુવક સંઘના આગેવાનો એક યા બીજી રીતે આ મહાન્ લડતમાં પોતાથી બનતો ફાળો આપી રહ્યા છે ત્યારે યંગમેન્સ જૈન સોસાયટી અને દેશ વિરતિ ધર્મારાધક સમાજને સુરતમાં મોટાં સંમેલનો અને જમણવારો કરવાનું સુઝે છે, જ્યારે તેમને ખાત્રિ છે કે સ્વાતંત્ર્ય યુદ્ધમાં પડેલા જૈન યુવકોને વિરોધ કરવાની જરા પણ ફુરસદ નથી, ત્યારે મુંબઇમાં પંદર વર્ષના છોકરાને દીક્ષા આપવાની મુનિ રામવિજયજીમાં હીંમત આવે છે; સુરતમાં તપગર ગચ્છ ગગનાંગણી દિવાકર સુરિસ ચુડામણિ સાગરાનંદજીની પધરામણી થાય છે; ધર્મોદ્ધારકો એકત્ર મળીને યુવક સંઘોની ધરાઇ ધરાઇને નિન્દા કરે છે અને તિરસ્કારથી ખીચોખીચ ભરેલા ઠરાવો પસાર કરે છે સાગરાનંદજીના પરમ શ્રાવક વિજયસિંહજી દુધેડિયા પ્રમુખસ્થાન શોભાવે છે. અમીચંદ અને જગત્ શેઠનો વારસો શોભાવનાર ધર્મારાધકોને આજ શોભે. તેમને દેશ સ્વતંત્ર થાય કે પરતંત્ર રહે, તેની શી પડી છે? તેમને સ્વાર્થ અને સંપ્રદાયની રક્ષા સિવાય અન્ય કશાની જરાં પણ ચિન્તા છેજ નહિ. આજે જ્યારે દેશમાં મોટી જવાળા સળગી ઉઠી છે, ત્યારે તેમને પૂજા ઉત્સવ અને મિષ્ટાન્ન ભોજન ભાવે છે આજે ખુબ મિષ્ટાન્ન જમી લ્યો. સુધારકોને ધરાઇ ધરાઇને ગાળો દઇ લ્યો, તમારું વિચારબળ જમાવવા ફાવે તેવી યોજનાઓ ઘડો અને તેનો અમલ કરો. યંગમેન્સ જૈન સોસાયટીમાં ખુબ પૈસા ભરો અને ભાડુતી લેખકો પાસે લખાવાય તેટલું લખાવો. આજે તમને પુરી છુટ છે—આજે તમારો કોઇ વિરોધ કરનાર નથી. અમે આજે રાજકીય યુદ્ધમાં પડયા છીએ અને અમારા દેશને સ્વતંત્ર બનાવવાની અમને ખુબ તાલાવેલી લાગી છે. આજે તમે ખુબ મહાલી લ્યો અમારું કામ પુરું કરીને પાછા આવીશું ત્યારે અમે તમારી છ છ મહીનાની મહેનત ધડિકમાં ધુળમાં મેળવી શકીશું એની અમને પુરી ખાત્રી છે. અમે તમારી સાથે લડવા માટે વધારે યોગ્યતા પ્રાપ્ત કરીને આવીશું. સ્થિતિ સુરતતા, ધર્માન્ધતા, જડતાના કિલ્લાઓ તોડવા માટે અમે ખુબ બળ મેળવીશું અમને ખબર છે કે તમે આજે ઉન્મત્ત છો કારણકે અમે અન્યમ રોકાયલા છીએ, પણ અત્યારના દેશકાળની સામેની કોઇપણ પ્રવૃત્તિ આ પ્રગતિ પરાયણ દેશમાં લાંબો વખત હવે ચાલી શકવાની નથી, એ ચોક્કસ સમજી લેજો.

——— પરમાનંદ.

દીક્ષાની સંતાકુકડી.

હું નીચે સહી કરનાર **શા. અમૃતલાલ મનગલાલ,** રહેવાસી **વઢવાણ** શહેરનાં, હાલ **અમદાવાદ,** રતનપોળમાં, પાજરાંપોળનાં રહીસ, આથી સર્વે જૈન ભાઇઓની જાણ માટે નીચેની હકીકત રજુ કરું છું કે:—

મારો પુત્ર નામે **પ્રાણલાલ** ઉમ્મર વર્ષ **૧૬** ના તે તા૦ ૨૦-૪-૩૦ નાં રોજ અમદાવાદથી કેટલાક માણસોની ભંભેરણીથી અને તેઓની મદદથી દીક્ષા આપવા માટે નસાડવામાં આવેલો હતો. આ સંબંધી અમોને **સાગરાનંદજી** મહારાજ ઉપર વહેમ જતાં અમોએ **સુરત** તપાસ કરાવી અને ત્યાંથી અમોને ચોક્કસ ખબર મળવાથી અમો અમારા સગાંવહાલાં તથા તે છોકરાની સ્ત્રી કે જેની ઉમ્મર ફક્ત **૧૩** વર્ષની છે તેને સાથે લઇને અમો સુરત ગએલાં અને અમોએ સુરતમાં ગોપીપુરાનાં શેઠ નેમુભાઇની વાડીનાં ઉપાશ્રયે—જેની અંદર સાગરાનંદજી મહારાજનો મુકામ છે, તેમનાં વ્યાખ્યાનમાં તપાસ કરતાં તે છોકરાને અમે દીઠો અને તેનો કબજો મેળવવાને માટે અમોએ ઘણી આજીજી સાથે વિનંતી કરી પણ તેનો કબજો અમોને નહી મળવાથી શ્રી સુરત જીલ્લા જૈન યુવક સંઘના સભ્યોને ત્યાં જઇ અમારા કામમાં મદદની માગણી કરી, તેમાં તે ભાઇઓએ મને ઘણીજ મદદ આપી અને મારા છોકરાનો કબજો મેળવી આપતાં તેમની મદદથી હું સુરતથી અમદાવાદ છોકરાને લઇને નિર્વિઘ્ને આવી પહોંચ્યો છું. અમારા સુરતનાં વસવાટમાં ત્યાંના કેટલાંક ગોપીપુરાનાં સાગરજીનાં ભક્તોએ છોકરાને અમોને સોંપવામાં ઘણીજ મુશ્કેલીઓ ઉભી કરી પણ અમો શેઠ નવલચંદ ખીમચંદ તથા યુવક સંઘની પૂર્ણ મદદથી અમારા કુટુંબ સાથે સુરત છોડી અમદાવાદ સહીસલામત આવી પહોંચ્યા છીએ, વળી આથી સર્વ જૈન ભાઇઓને વિનંતી કરું છું કે સાગરાનંદજીનો મુકામ સુરત અગર જ્યા જ્યાં હોય ત્યાં ત્યાં સર્વેએ ચેતતા રહેવું કે જેથી કરીને મારા જેવાની અને આવી અબળા સ્ત્રીઓની કઢંગી સ્થિતિ થતાં અટકે. વળી મને જે જે ભાઇઓએ મદદ કરી છે તેઓનો આભાર માનું છું.

એજં તા૦ ૨૪-૪-૩૦. લી૦

શા. અમૃતલાલ મગનલાલ સહી દા. પોતે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

યુવાનોનો આત્મભોગ.

ભારતવર્ષના આ અપૂર્વ સંગ્રામમાં, જૈન યુવાનોની જે નામાવળિ પ્રગટ થઇ છે એ હરકોઇ જૈનને આનંદ ઉપજાવે તેવી છે. જૈન યુવાનોએ આવો જવલંત રાષ્ટ્રપ્રેમ દાખવી સારાયે જૈન સમાજનું મુખ ઉજવળ બનાવ્યું છે. શ્રી વીરના સંતાનને છાજે તેવું કાર્ય આચરણમાં ઉતારી જૈનો સામે, દયાધર્મના હિમાયતીઓ સામે, જૈન સાહિત્યના ઉંડાણમાં નહિ ઉતરેલાઓ તરફથી કરવામાં આવતી ટીકાઓ કેવી નિર્મૂળ અને ભ્રમમૂળક છે તેનો જનતાને ભાસ કરાવી આપ્યો છે. એ પણ પુરવાર કરી આપ્યું છે કે જૈન સમાજમાં 'અમીચ દો'ની સંખ્યા તો આંગળીના ટેરવે ગણાય તેટલીજ છે!

ભૂતકાલિન ઇતિહાસ પણ એજ વાત ડગલે ને પગલે દર્શાવી આપે છે. શ્રી. મહાવીર દેવના પરમભક્ત શ્રેણિકરાજે સંખ્યાબંધ યુધ્ધોમાં વીરતા દેખાડી છે. અભયકુમાર જેવા ચુસ્ત જૈને રાજ્યધર્મ બતાવવામાં રંચમાત્ર પાછી પાની નથી કરી, અને વૈશાલીપતિ ચેટકરાજનું ઉદાહરણ તો આશ્ચર્યમગ્ન બનાવી દે છે.

એ રાજવી એટલે બાર વ્રતનો ધરનાર પરમ શ્રાવક, દેશવિરતિ, ધર્મ પાળનારમાં અગ્રણી; છતાં રાજધર્મ પાલન અર્થે સમરાંગણમાં જતાં વાર ન લગાડે. પ્રજા રક્ષણમાં પાછો ડગ ન ભરે. શૌર્ય પણ એવું બતાવે કે એનું ફેંકેલું બાણ નિષ્ફળ ન જ જાય. અને જેવો નૃપ તેવો સારથિ. દિવસભર એક પ્રખર સરદારને છાજે એવી રીતે રણાંગણમાં વીરતા દાખવી કોણિકના લશ્કરમાં જબરૂ ભંગાણ પાડનાર એ રણકેશરી શત્રુના ઘાથી ઘવાયો. ઘા મરણાંત નિવડવાની પ્રતીતિ થતાં, યુદ્ધભૂમિનો ત્યાગ કરી એકાંત સ્થાનનો આશ્રય લઇ આવશ્યક ક્રિયા કરવામાં લીન થયો. દિવસભરના—જીવનભરના—પાપોથી પાછા વળી સાચુ પ્રતિક્રમણ કીધું. કહેવાનું તાત્પર્ય એજ છે કે જૈન, જેમ કોડી કંથવાની દયા પાળી શકે છે, તેમ જનતાના સંરક્ષણ અર્થે કેડે તરવાર કે કરમાં ધનુષ્ય પણ ધારી શકે છે. અરે સમર ભૂમિમાં ફરજ તરફ લક્ષ્ય રાખી વિના સંકોચે ઝુમી પણ શકે છે. જૈનત્વ સાથે વીરતાને ભાઇ બ્હેન જેવો નાતો છે, તેથીજ 'कम्मे शूरा धम्मे शूरा' જેવું વચન જ્ઞાતાઓના મુખપદ્મમાંથી બહાર આવ્યું છે. ઇતિહાસમાં જે નામો ઉલ્લેખાયલા છે, તેઓ શૂરવીરોજ હતા કાપુરૂષો માટે ભાગ્યેજ ઇતિહાસ લખવાનો સમય આવે છે આટલાથીજ જૈન સાહિત્યના શૌર્યનું પ્રકરણ સમાપ્ત નથી થતું. સંખ્યાબંધ રાજા અને અગણિત અમાત્યો કોષાધ્યક્ષો કે દુર્ગ પાલકોએ જૈનધર્મના ઉપાસક તરિકે રહીને સમય પ્રાપ્ત થયે પ્રશંસનીય બહાદુરી દેખાડી આપી છે. ભામાશા, મંત્રીશ્વર વિમળ, અને આબુ આદિના પરાક્રમો, તેમના ધાર્મિક કાર્યોની જેમ અમરતાને વર્યા છે. એ કાળે હિંસક યુધ્ધો થતાં એટલે એમાં દાખવેલી બહાદુરીવર્ણન ગવાતા. આજે ભારતવર્ષમાં અહિંસક યુધ્ધનો ઉદય થયો છે. સંહારના સ્થાને જાતે દુઃખો સહન કરી સાચું આત્મતેજ દેખાડી આપવાનું છે એ એની વિલક્ષણતા છે. આમાં બાહુબળ કરતાં આત્મબળ વધુ જરૂરનું છે. આમ જ્યાં એક પ્રકારનો અપૂર્વ ઇતિહાસ લખાઇ રહ્યો છે, ત્યાં એ ગૌરવયુકત જૈન સમાજ, તું કેમ પાછળ રહી શકે? જેનો ભૂતકાળ, ઉપર વર્ણવ્યા મુજબ ઝગમગતો હોય તેનો વર્તમાન ઝાંખો નજ પડે. એકાદા ખૂણામાં ધર્મના નામે ગોઠવાયલા સંમેલનોના રીપોર્ટ પરથી એના માપ ન કહાડી શકાય. અલબત, ધર્મના શંમેલનોના નામે મોટી મોટી જાહેરાતો કરી, અરે ખાદી પહેરવામાં પાપ નથી એવા મુનિ નામે ઇન્ટરવ્યુ પ્રગટ કરી, સંમેલનમાં એ સંબંધનો એક ઠરાવ સરખો પણ ન કરવામાં જૈન ધર્મના આ ઇજારદારો ભીંત ભૂલ્યા છે, એમ કહેવામાં જરાપણ અતિશ્યોકિત નથી. કયાં તો તેમને ખુલ્લું કબુલી લેવું ઘટે કે, ખાદીનો ઠરાવ લાવતાં કિંવા સત્યાગ્રહીઓને અભિનંદન આપતાં ટાંટીયા ધ્રુજે છે, અગર એમાં રાજ પ્રત્યેની વફાદારીમાં ખામી આવે છે! આવી ડરપોકતા જગતની ચક્ષુ સામે ધરી આ જૈનો અને આવા સંમેલનો શ્રી મહાવીર દેવના શાસનની કેવી શોભા વધારવાના હતા? કેવળ ડરપોકતા કે ગળા સુધી ભરેલી નિર્માલ્યતાના દર્શન કરાવી, આ મહાશયોએ ધર્મના સંમેલનના નામે સારી જૈન સમાજનો એક રીતે દ્રોહ કરી ઇતર સમાજોમાં એને હાસ્ય પાત્ર બનવા જેવું ઘૃણાસ્પદ કામ કર્યું છે! રાષ્ટ્ર નાયકો પ્રત્યે કે ખાદી જેવી પવિત્ર ચીજ પ્રત્યે લૂખી ભક્તિ બતાવવાના યુગો વહી ગયા છે, એ વાત હજુ આ વીસમી સદીના શાસનપ્રેમી ગૃહસ્થોના હૃદયમાં ઉતરી જણાતી નથી. દેખાવ રૂપે ગોઠવેલા 'ઇન્ટરવ્યુ'થી કે લાંબા લાંબા રીપોર્ટોથી દેશસેવા બજાવી શકાતી નથી જનતા એટલી ભોળી નથી કે આવાઓના બણગાથી છેતરાઇ જાય. ઉપરચોટીયા ભક્તિનો કસ તે સારી રીતે કહાડી શકે છે.

સૂરતના સંમેલનોએ માત્ર કોન્ફરન્સ અને યુવક સંઘ સામે જે કાદવ ઉરાડી અને પોતાની જાતે પોતાના મનફાવતા ગુણગાન કરી અછકલતાનું પ્રદર્શન કરી બતાવ્યું છે, તેમ દેશમાં પ્રવર્તિ રહેલ અહિંસક સંગ્રામ પરત્વે મૌન સેવી પોતાની નબળાઇનું પોત પ્રકાશ્યું છે. અંતરમાં રમી રહેલી નપુંસકતાનું દિગ્દર્શન કરાવ્યું છે.

સમાજના સાચા તુર સમા યુવાનો, અરે ઓ વીરના શાસનના પ્રકાશીત તારલાઓ એવા કાપુરૂષોના સંમેલનોની વાતોને અંધારા ખુણામાં ધકેલી દઇ, તમો તમારી લડતમાં મંડ્યાજ રહો. તમારા ભોગો નિષ્ફળ નથી જવાના. આજે તો તમો આપી રહેલા ભોગના પ્રત્યેક અણુંયે અણુંનો ઇતિહાસ લખાય છે. એના પર ભાવિ પ્રજાના કીર્તિકળશો ચઢે છે. જૈન સમાજના ઉજ્વળ ઇતિહાસનું અને એના અમાપ ગૌરવનું માન, વિના સ્વાર્થે અપાઇ રહેલા ભોગો અને એ આપનારાઓનેજ ઘટે છે. યુવાનોનો વિજય હો.

કોન્ફરન્સના દીક્ષાના ઠરાવને માન.

રા. ટેકચંદ મગનીરામજી જાહેર કરે છે કે મને ત્યાગવૃત્તિ ઉત્પન્ન થયેલી છે. સમસ્ત હિંદની મહાસભાના દીક્ષા સંબંધી ઠરાવને સંપૂર્ણ માન આપી હું શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરનાર છું, જેની નોંધ આપશ્રી લેશોજી. અમો ટેકચંદ મગનીરામને કોન્ફરન્સના ઠરાવને માન આપવા બદલ અભિનંદન આપીએ છીયે.

હાડકાનો માળો (?)

લેખક: "ઋષભદાસ."

એકાંકી નાટક: પ્રવેશ ૩ જો.

પાત્રો: લક્ષ્મીચંદ શેઠ, પાછળથી
નથુશા, કમાશા, વખતશા, ખુબાશા,
પાછળથી હરકોર શેઠાણી.

સ્થળ: શેઠનો બેસવાનો ઓરડો.

સમય: રાત્રિના આઠ વાગ્યા પછી.

પડદો ઉપડે છે.

(વિચારમાં ડુબેલા શેઠ હંમેશાં બેસવાના ખંડમાં તકી-આને અંઢેલી બેઠેલા નજરે પડે છે.)

લક્ષ્મીચંદ્ર શેઠ–(સ્વગત્) આ શું થવા બેઠું છે?! આતુ જેવો શાન્ત અને ડાહ્યો છોકરો આટલો ઉદ્ધત?! બહુજ ઓછા બોલી, નમ્ર, શાણી અને ઘરમાં ચાલતાં જેનાં પગલાંનો અવાજ પણ ન સંભળાય એવી સુમન પણ છેક શરમ છોડી મ્હારી રજા લેવા આવી! (અટકે છે.....થોડીવારે) ખરેખર આ અંગ્રેજી કેળવણીના અને વસંતલાલનાજ પ્રતાપ! મ્હને શી ખબર કે છોકરો આમ હાથથી જશે! આ તો સાત પેઢીનું નામ ડુબાડવા બેઠો! 'ઘા' વાત લઈ જશે અને આબરૂના કાંકરા થશે! ઓ શાસન દેવ! સહાય કરો!! સહાય કરો!!! (અટકે છે.....થોડીવારે) શો પવન વાયો છે? જ્યાંને ત્યાં બસ બંડ! મરણ પાછળ રડો કૂટો તોય બંડ! બારમું-કારજ-કરો તોય બંડ! નહાની વયે છોકરાનાં લગ્ન કરીએ તોય બંડ! કોઇ ઘરડો જીવ ઘોડે ચ્હડે તોય બંડ! (અટકે છે.....થોડીવારે) અરે! આ બધું તો જાણે રહમજ્યા, પણ આવા ધર્મના કામમાં પણ બંડ!! આ તો નાસ્તિકતાની અવધીજને?!.....આ કેમ ચલાવી લેવાય? અને એક વખત નરમ મુકું તો હમેશની પીડા. ના, ના, નરમ તો નજ મુકાય. આતું કયાં જવાનો છે? એ તો એની માને કહીશ એટલે રહમજાવી લાંવશે.....જોઇ લેવાશે કંઇ નહી હવે તો—

(આમ વિચારમાળા ચાલે છે ત્યાં શેઠના જાહેરજીવન—ઉપાશ્રય, જ્ઞાતિની કે સંઘની સભાઓ ઇ૦–ના સાથીદારો નથુશા, કમાશા, વખતશા, ખુબાશા ઓરડામાં દાખલ થાય છે:)

ચારે જણ–(સંગાથે) જે જે! શેઠ શા વિચારમાં?

લક્ષ્મીચંદ્ર શેઠ–(વિચારમાંથી જાગી સ્વસ્થ થતાં) આવો, આવો! નથુશા, કમાશા, આમ. આમ આવોને વખતાશા. અહીં બેશો ખુબાશા.

(એમ આવકાર આપતાં સહુને બેસવાની સૂચના કરે છે.....બેસતાં બેસતાં નથુશાની જીભ ચાલવા માંડે છે.)

નથુશા–(બહુજ ખાનગી વાત કરતા હોય તેમ આજુ બાજુ જોતાં, શેઠના કાન પાસે મ્હોં રાખી બધા સાંભળે તેમ ધીમેથી)

કેમ બધું બરોબર છેને? હવે કયારે નકકી છે!?

લક્ષ્મીચંદ્રશેઠ–(વિચારથી ઘેરાએલા છતાં સ્વસ્થતાથી) નથુશા, આ કામ સહેલાઇથી પાર ઉતરી જાય તો શાસન દેવની કૃપા!

કમાશા–(જરા જીજ્ઞાસાથી) શેઠ, એમ ઢીલી ઢીલી વાત શું કરો છો? એતો કૃપાજ છે, અને અમે છીએને?

લક્ષ્મીચંદ્રશેઠ–હારતો, તમે તો છોજ, પણ તમે બહુ ઉહોળાઉહોળ ન કરો તો સારૂં!

નથુશા–કેમ કંઇ છે? તમારા જેવાને કોનાથી ડરવાનું છે, અને આતો ધર્મનું કાર્ય છે. એમાં કોણ આડે આવવાનું છે! એતો તમે ભદ્રીક જીવ છો. તે પોતાના કામકાજ વેગળાં મુકી આવા કામમાં માથું મારો છો. બાકી આ જમાનો તો હવે એવો આવ્યો છે કે: ન પુછો વાત!

લક્ષ્મીચંદ્રશેઠ–(નિશ્વાસપૂર્વક) ભાઇ, હું એ જમાનાથી ડરૂં છું!

કમાશા (હીંમત આપતાં) અરે શેઠ! કોની તાકાત છે કે, તમારા પેંગડામાં પગ ઘાલે!! આ પેલા બેચાર નવરા નાસ્તિકો સિવાય કોઇ બોલવાનું નથી. જરા સારો–ઠાઠમાઠથી–વરઘોડો ચઢાવીશું; જરા શ્રીફળની પ્રભાવના કરીશું; બહુ થશે તો એકાદી નોકારસીનાં નોતરાં ફેરવીશું કે, આબાદ ગોળીબ્દાર!

લક્ષ્મીચંદ્રશેઠ–(જરા મુછમાં હસીને) કમાશા! તમે પણ કમાલ કરો છો હોં! કંઇ બધી તૈયારી કરીનેજ આવ્યા લાગો છો, અને–

કમાશા–(વચમાંજ–પોતાની હોંશિઆરી બતાવતા) શેઠ મારા કામમાં ખામી હોય! આ જૂઓ વખતશા શ્રીફળની પ્રભાવના કરવા તૈયાર છે! વરઘોડામાં જે કંઇ ખરચ થશે તે જાવને હું આપીશ અને...અને નોકારસીનાં નોતરાં લક્ષ્મીચંદ્ર પ્રેમચંદ્રનાં છે, કંઇ બાકી? કહો બોલો?!

લક્ષ્મીચંદ્રશેઠ–(જરા ગંભીર બની) કમાશા, તમે ધારો છો તેમ શ્રીફળની પ્રભાવના કે નોકારસીનાં નોતરાંથી કામ પતી જાય તેવો મામલો હવે નથી. હવેજ ખરી ખબર પડશે?

વખતશા–કેમ શેઠ, આજ તમે ભેદમાં બોલો છો.

ખુબાશા–કહો ના કહો, પણ શેઠ કંઇ ઉંડા વિચારમાં પડી ગયા લાગે છે. માટે કંઇ હોવું તો જોઇએ!

નથુશા–(ખુબાશાને ઉદ્દેશીને) બહુ ઉતાવળા! જે હશે તે, શું શેઠ આપણને કહ્યા વિના રહેવાના છે?

(શેઠ જરા ટટ્ટાર થાય છે, ગળુ ખોંખારે છે અને બોલે છે.)

લક્ષ્મીચંદ્ર શેઠ–ભાઇ, તમારે તો બોલવું છે, અને મારે કરવું છે. પહેલો મારો આતુજ આ દીક્ષાથી વિરૂધ્ધ છે બોલો?

કમાશા–(ચમકીને) હેં.....શું કહો છો?

લક્ષ્મીચંદ્ર શેઠ–હા, ભાઇ હા. અને છોકરો ને વહુ બન્ને મારાથી લડીને ઘર છોડી હમણાજ ચાલ્યાં ગયાં.

વખતશા–(ન માનતા હોય તેમ) શું કહો છો શેઠ?! આટલી હદે વાત?!

નથુશા–શેઠ આતો ગજબ કહેવાય. તમારા જેવા ભદ્રીક અને ચોથા આરાના જીવ જેવા શેઠનો કુળદીપક આવો નાસ્તિક નીકળ્યો?! શેઠ, શો કળીયુગ આવ્યો છે? આ છોકરો તો ઠીક પણ વહુ, પણ તમારી સ્હામે થઇ!?? હોય ભાઇ હોય, એ પણ બ્હેન તો વસંતલાલનીજ ને!

લક્ષ્મીચંદ્ર શેઠ–(નિશ્ચયપૂર્વક) જે થયું તે થયું, પણ હવે હાથમાં લીધેલું કામ પુરૂં કરવાનુંજ, અને આ બધી વાત હમણાં પેટમાં રાખજો. સ્હવારે વાત ચેં પેં તો થશેજ, પણ હમણાં આતુની 'મા' અપાસરેથી આવશે એટલે તેને મોકલી બન્નેને પાછાં બોલાવું છું.....અને પછી શું કરવું તેનો વિચાર પણ હું કરીશ, અને તમને કંઇ સુઝે તો તમે પણ વિચાર ગોઠવજો. લ્યો ત્યારે મ્હારે તો હજી સામાયિક કરવાનું બાકી છે એટલે—

નથુશા–(બીજા ત્રણ તરફ જોતાં) હા, હા, બરોબર છે. મોટા માણસને બિચારાને કંઇ ઓછી ઉપાધિ છે? લ્યો ઠીક ત્યારે ચાલો.

ચારે જણ–(શેઠની રજા લેતાં) લ્યો શેઠ ત્યારે જે જે!

લક્ષ્મીચંદ્ર શેઠ–હા. આવજો.

(ચારે જણ બ્હાર જાય છે. શેઠ કપડાં બદલી સામાયિક લેવાની તૈયારી કરવા બીજા ખંડમાં જાય છે, ત્યાં હરકોર શેઠાણી પ્રતિક્રમણ પુરૂ થયા બાદ ઉપાશ્રયને ઓટલે મળેલી 'પાર્લામેન્ટ (?)' પુરી થતાં આવે છે.....અને ઘરમાં દાખલ થતાંજ.)

હરકોર શેઠાણી–સુમન, ઓ સુમન! (જવાબ ન મળતાં) આનું, ઓ આનું! કેમ કોઇ બોલતું નથી, કયાં ગયાં હશે બધાં. (શંકા જતાં, બીજા ખંડ તરફ જઇ શેઠને જોતાં તેમને ઉદ્દેશીને) કેમ, શું કરો છો? કયાં ગયાં, આનુ, સુમન... કંઇ બ્હાર ગયાં છે?

(શેઠ મૌન રહે છે. શેઠાણીને શંકા જાય છે, એટલે પુછે છે.)

કેમ બોલતા નથી?...બન્ને જણ બ્હાર ગયાં છે?

શેઠ–(ટુંકેથી પતાવવા) હા.

શેઠાણી-કયાં ગયાં છે?

શેઠ–આવશે.

શેઠાણી–"હા." "આવશે." એમ કેમ બોલો છો? તમને ખબર નથી? કેમ ચોકખો જવાબ નથી આપતા?

(સામાયિક લેવું કે જવાબ આપવો એ શેઠને મુંઝવે છે. શેઠાણી જરા ઉતાવળાં થાય છે;)

કોઇની જોડે બોલવું પડયું લાગે છે!

લક્ષ્મીચંદ્ર શેઠ–(ધીમેથી) બીજા કોની સાથે બોલવાનું હતું. તું બન્નેને લાડ લડાવે, એટલે એ મારી આબરૂનો ફજેતો કરે.

હ૦ શેઠાણી–કોણ આનું બોલ્યો? શું હતું? શુ બોલ્યો? સુમન પણ તમારી રહામે બોલી? એવું બનેજ નહી!!

(શેઠાણીએ ઉપરાઉપરી પ્રશ્ન પુછતાં શંકા બતાવે છે, એટલે—)

લક્ષ્મીચંદ્ર શેઠ–માને છોકરાનો વાંક દેખાય ખરો?!

હ૦ શેઠાણી–વાંક હોય તો કેમ ન દેખાય! અને તેમાંય તમારી સામે બોલે તો પણ? પણ શું બન્યું તે તો કહો.

લક્ષ્મીચંદ્ર શેઠ–બીજું શું બનવાનું હતું? આ પેલો છોકરો.....થી.....મહારાજે મોકલ્યો છે ને.....

હ૦ શેઠાણી– વચમાંજ) હા, તેમને તો આપણી વાડીના બંગલામાં રાખ્યો છે ત્યાં તો આરબની ચોકી છે. તેને કોણ લઇ જવાનું છે—અને જાણે છે પણ કોણ?

લક્ષ્મીચંદ્ર શેઠ–(શેઠાણીની ઉતાવળ પર હસતાં) બહુ ઉતાવળ! પણ તને આટલું બ્હું બોલી નાખવાનું કોણે કહ્યું હતું. હું કહું છું તે તો સાંભળ.

હ૦ શેઠાણી–(ધીમેથી) હા, લ્યો બોલો

લક્ષ્મીચંદ્ર શેઠ–(વાત આગળ ચલાવતાં...એ છોકરાને મુકવા આવનાર સાથે આવેલો કાગળ આનુના હાથમાં આપ્યો, તેણે વાંચ્યો. ગામમાં છોકરો ગુમ થયાની વાત તો ઉડતી ઉડતી આવેલીજ છે, અને વસંતલાલ દીક્ષાવિરોધી છે. તેણે તમારા છોકરાને ચઢાવ્યો છે! તે કહે છે કે, બસ દીક્ષા ન અપાવી જોઇએ!

હ૦ શેઠાણી–પણ એને સમજાવવો ને!

લક્ષ્મીચંદ્રશેઠ–શું સમજાવું? એતો કહે છે કે, હું બંડખોર બનીશ અને દીક્ષા અટકાવીશ. સુમનવહુ પણ પેલા છોકરાની બૈરીના વ્હારે ચઢયાં છે!

હ૦ શેઠાણી–તે શું એ છોકરો પરણેલો છે? ઉમર નાની છે એટલે સમણાંજ પરણ્યો હશે! અરરે! બિચારી એની બૈરીની શું દશા?!

(શેઠાણીના કોમળ હૃદયમાં સ્ત્રી સહજ લાગણીથી દયા ભાવ ઉભરાયો, પણ શેઠને તો 'બકરૂં કાઢતાં ઉંટ પેઠું' એ ન્યાયે નવી મુંઝવણ ઉભી થઇ, એટલે શેઠાણીના મનપરની અસર દૂર કરવા પ્રયત્ન કરે છે)

લક્ષ્મીચંદ્રશેઠ–અરે! એને શી ચીન્તા છે. આપણે એ જીવશે ત્યાં સુધી એને પોષીશું. તેના બાપને પણ કંઇ બદલો આપીશું એમ કંઇ હું થોડો કોઇને દુઃખી કરૂં એવો છું!

હ૦ શેઠાણી–(વાત ગળે ન ઉતરતાં) એતો ઠીક, પણ ધણી વગરની બૈરીનો તે કંઇ અવતાર છે? અને તેમાંય આતો બીચારી હજી ઉગીને ઉભી થાય છે, એટલે એની તો કેટલી બૂરી દશા!!

લક્ષ્મીચંદ્રશેઠ–(વાતને જુદુ રૂપ આપતાં) તને વળી આ બધા વિચાર કરવાના કયાંથી સૂઝે છે. કોઇ માણસ પોતાનું કલ્યાણ કરતો હોય તેમાં આપણાથી આડે અવાય?!

હ૦ શેઠાણી–(મુઝવણમાં) અવાય કે ન અવાય એ કોણ જાણે! પણ મને તો એજ વિચાર આવે છે કે, આ ઘર ભર્યું પુર્યું છે: આનું છે: સુમન છે; પણ.....પણ તમે ન-હો તો મારી કીંમત કેટલી???

લક્ષ્મીચંદ્રશેઠ–અરે, ગાંડી! ધણી મરી જાય તો બૈરી શું કરે છે?

હ૦ શેઠાણી–એતો મોત કંઇ કોઇને છોડે છે? એટલે રોઇ કૂટીને આશ્વાસન લેવાનું.

લક્ષ્મીચંદ્રશેઠ–તો પછી આતો સારૂં કામ કરવા જાય છે!

હ૦ શેઠાણી–તે કોણ ના પાડે છે. પોતાની મેળે ભલે જાય બીજાનો સમજાવ્યો, ચઢાવ્યો, સમજ્યા વગર જાય, તે પણ જોવાનું નહી! અને તે પણ આમ નસાડી, ભગાડીને; છાનામાના સંતાડીને દીક્ષા આપવાની! એને જવું હતું તો કોણે એને રોકયો હતો. પરણ્યા પહેલાં જવું હતું ને? પારકી છોકરીને કુવે શું કામ ઉતારી? મને તો નથી સમજાતું કે આમ કેમ થઇ શકે?!

લક્ષ્મીચંદ્ર શેઠ–(વાતને ફેરવે છે.) એ તો સમજશે. પણ મેં મોતીને (નોકર) મોકલી તપાસ કરાવી છે. બન્ને જણ વસંતલાલને ઘેર છે. સમણાં તો સાડા નવ વાગ્યા છે, એટલે સમારે લગાર વ્હેલી તું જજે, અને બન્નેને સમજાવી ઘેર લઇ આવજે. પછી જેમ ઠીક લાગશે તેમ વિચાર કરીને પગલું ભરીશું.

હ૦ શેઠાણી–વસંતલાલને ઘેરજ છેને, વાંધો નહિં. સમારે હું તેડી લાવીશ, પણ જુઓ! હું તમને કહું, બહુ જીદ ન કરતા. મહારાજ તો ચેલાના લોભે બધુ કરે, એમને શું? પણ આપણે કોઇનું ઘર નથી ભાંગવું!

લક્ષ્મીચંદ્ર શેઠ–(બીજા ખંડ તરફ જતાં) ઠીક; ઠીક. સમારે વાત! (એમ કહી શેઠ ગુચવાએલી મનોદશામાં સામાયિક કરવા બીજા ખંડમાં જાય છે. શેઠાણી અસ્વસ્થ ચિત્તે નવકારવાળી ફેરવવાની ક્રિયા કરે છે.)

પડદો પડે છે.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

હૃદયપલટો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૯ મો. | સંવત ૧૯૮૬ ના વૈશાખ સુદી ૭. તા૦ ૫-૫-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

સાગરાનંદજીનુ પરાક્રમ.

જૈન કોમ હવે તો ચેતશે કે?

શ્રી સુરત અને બીજા દરેક સ્થળોના જૈન બન્ધુઓને હું નીચે સહી કરનાર શા ઘેલાભાઇ અમીચંદ વિનંતિ પૂર્વક જાહેર કરૂં છું કે મારી પુત્રવધુ શ્રીમતીબાઇ મંગળાને મારી રાજી ખુશીથી શ્રી ભાગવતી દીક્ષા વૈશાખ શુદ ૩ ને દીવસે અપાવવાનો હતો અને તે શુભ પ્રસંગને અનુસરીને શ્રી સુરત નાણાવટ તાલાવાળાની પોળમાં શ્રી અજીતનાથજી ભગવાનના દેરાસરજીમાં અઠાઇ મહોત્સવ શરૂ કર્યો હતો અને શ્રી ભાગવતી દીક્ષા મહોત્સવનો વરઘોડો પણ શાસનની શોભા અર્થે કાઢવાનો હતો તે પ્રસંગોમાં ભાગ લેવાને અમારી રાજી ખુશીથી યોગ્ય જાહેરાત કરીને તેમજ યુવક સંઘના પ્રમુખ સાહેબને આમંત્રણ પત્રિકા જે લખી હતી તે બાઇ મંગળાની સંમતી લઇને મોકલવામાં આવી હતી અને આખા સુરત શહેરમાં ટેલ પડાવી શ્રી સકળ સંઘને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તે દીક્ષા અત્રે બીરાજતા સાધ્વીજી શ્રી નવલશ્રીજી તથા સાધ્વીજી શ્રી ઉત્તમશ્રીજી મહારાજે શ્રી સાગરાનંદ સુરીજી તથા શ્રી રીધ્ધીવીજયજી મહારાજના હસ્તે આપવાનું નક્કી કર્યું હતું છતાં છેક છેલ્લી ઘડીએ શ્રી સાગરાનંદસુરીજીએ અમારી સામે ઘણીજ અયોગ્ય અને અઘટીત મુસીબતો ઉભી કરી અને કેટલીક તદ્દન અયોગ્ય કબુલાતો અમારી પાસે માંગવામાં આવી કે જે કબુલાતો કોઇ પણ સ્વમાન ધરાવનાર શ્રાવક કબુલ કરી શકે નહી અને જો અમે એમની કબુલાતો કબુલ કરીએ તોજ મહારાજ શ્રી પોતે દીક્ષા આપે, જો એ કબુલાતો હું કબુલ કરૂં તો શ્રી સંઘમાં મોટો વિક્ષેપ થાય અને કદાચ સુનેહનો ભંગ પણ થાય એવું મને લાગવાથી મે તે કબુલાતો કબુલ કરી નહીં અને આવા સંજોગોમાં મને મુકી દઇ મારા સગા સંબંધીઓ અને સ્નેહીજનોમાં કલેશ અને કંકાસનું વાતાવરણ ઉભું કરી દીધું, તે ઉપરથી હું એનું છેવટનું શુભ પરિણામ લાવવાને મારાથી બનતા પ્રયત્નો કરતો હતો તેટલામાં શ્રી સાગરાનંદસુરી તરફથી કેટલાક કહેવાતા શાસનપ્રેમીઓની મદદથી દીક્ષા લેનાર બાઇને બોલાવી લેવામાં આવી અને પોતે જે ઉપાશ્રયમાં બીરાજતા હતા ત્યાંજ દીક્ષા આપવાની શરૂઆત કરી દીધી અને એ બાબતની, સાધ્વીજી શ્રી નવલશ્રીજી તથા સાધ્વીજી શ્રી ઉત્તમશ્રીજી મહારાજ કે જેમની દીક્ષા લેનાર બાઇ ચેલી થવાની હતી તેમને ખબર પડતાં સાધ્વીજી શ્રી નવલશ્રીજી, ગોપીપુરા નેમુભાઇ શેઠની વાડીના ઉપાશ્રયે જઇ શ્રી સાગરાનંદસુરીને વિનંતી કરીને કહ્યું કે સાહેબ, હાલમાં આ બાબતને માટે એમના સગા સંબંધીઓમાં અને સ્નેહીજનોમાં ઘણોજ મોટો ઝઘડો ઉભો થયેલ છે માટે આપ શ્રીએ હાલ એ દીક્ષા આપની બંધ રાખવી. પણ શ્રી સાગરાનંદજી કે જેનું નામ સારા હિન્દુસ્તાનમાં ઝઘડાચાર્યથી પ્રસિદ્ધ છે, તો તે દીક્ષા આપવાનું કેમ બંધ રાખે! છેવટે શ્રી સાગરાનંદજી (ઝઘડાચાર્ય) પોતાના દુરાગ્રહ સ્વભાવને વશ રહી બીજા સાધ્વીજીને બોલાવી આવા તોફાની વાતાવરણની વચ્ચે દીક્ષા આપી, એક સાધુને ન શોભે એવું પગલું ભર્યું અને પોતાની આગલી કારકીર્દિમાં એકનો વધારો કર્યો છે, આ ઉપરથી સર્વે જૈન ભાઇઓ સમજી શકશે કે સાગરાનંદજી મહારાજ હર હંમેશને માટે શાન્તિપ્રીય નથી. આજ રોજે બાઇ મંગળાએ સાગરાનંદ સુરીજીને જે અરજ કરી છે અને તે બદલાના જે હેન્ડબીલો દીક્ષા લેનાર બાઇ મંગળાની સહીથી બહાર પડયા છે તે માટે મારે સર્વેનું ધ્યાન ખેંચવું પડે છે કે એ હેન્ડબીલના લખાણમાં કોન્ફરન્સ તથા યુવકસંઘ પર જે આક્ષેપો કરવામાં આવ્યા છે તે તદ્દન ગેરવ્યાજબી અને ખોટા છે, તેને માટે હું ઘણોજ દીલગીર છું. લી૦ સંઘના સેવક,

સુરત નાણાવટ તાલાવાળાની પોળ તા૦ ૨-૫-૩૦.

શા. ઘેલાભાઇ અમીચંદ.
દા. માણેકલાલ ઘેલાભાઇ.

મગરૂબીમાં મ્હાલશો ના!

હો!

અય 'દેવાનુપ્રિયો'!
દે...વ...તા...ના વ...હલ...ભો!
જરા મદમસ્તીથી વિરામ લેશો?
જરા અંતરના ઉંડાણમાં ઉતરશો?
પોતાનું ગૌરવ-તેજ જાળવવાને બદલે
મુંગે મોંયે
પોતાની ભ્રષ્ટતા કેમ ન ચલાવી લેવાય?
એ મગરૂબીમાં માલ નથી હો!

* * *

પતનના ડંકા વાગે છે!
જરા કાન દઇને સાંભળો!.....
ગભરૂ ગાડરો વચ્ચે ગાજો છો...નાચો છો,
પણ પવિત્રતા પર પૂળાઓ મૂકાય છે.
જરા આંખ ખોલી જુઓ!.....
હૃદય પર હાથ મૂકી બોલો!.....
અધોગમનના અખતરાંઓ કેટલાં કર્યાં છે?
દ્વેષનાં દાવાનળમાં સતત સળગી રહ્યાં છો, ને
અવિવેકની આગમાં સમાજને હોમી રહ્યાં છો.
અરેરે!.....પ્રભુ.....
હઠયોગની ખુમારીમાં માલ નથી હો!

* * *

શીખી શકાય તો શીખો!
નહિંતર થપડ મારી જમાનો શીખવશે.
'સ્વાતંત્ર્ય'નો પવન સડસડાટ ચાલ્યો આવે છે.
ફુરરરર...ફુ હવામાં ઉડાડી મૂકશે.
સમજો...જરા.....ભગવન્!.....કે.....
મગરૂબીમાં માલ નથી હો! —B.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

હૃદયપલટો.

મહાત્મા ગાંધીજીનું ધર્મયુદ્ધ ધીમેથી શરૂ થયા છતાં આજે પ્રખર બની રહ્યું છે. એમાં રહેલી વિશાળ ભાવનાએ સંખ્યાબંધ આત્માઓનાં હૃદય પલટાવી નાખ્યાં છે. એમની પ્રત્યેક ક્રિયામાં વિચાર–વાણી અને વર્તનની એકતા એ આવશ્યક વસ્તુ છે. ત્યાંગર્જરવ કે આડંબરને અંશતઃ સ્થાન નથીજ. પ્રત્યેક લડવૈયાએ પ્રથમ આત્મશુદ્ધિની પ્રબળ ભઠ્ઠી-માંથી પસાર થઇ શુદ્ધપણે દ્રઢતાપૂર્વક ટકવાનું છે. સાચી દેશ સેવા એમાં સમાઇ જાય છે. આજે એ વાતનું દિગ્દર્શન કરાવતાં સંખ્યાબંધ ઉદાહરણો આપણી ચક્ષુ સામે બની રહેલા જોઈ રહ્યા છીએ અને દિવસ જતાં એ ગણતા કયાં જઇ અટકશે એ કહેવું પણ મુસ્કેલ છે

જૈન ધર્મિ તરિકે આ પરિસ્થિતિ માપતા આપણને મુસ્કેલી ન નડવી જોઇએ છતાં અન્ય સમાજે કરતાં આપણેજ એમાં પાછળ છીએ એનું કારણ શું? સત્ય નગ્ન સ્વરૂપમાં સમજાય તો હૃદય પલટો થતાં જરા પણ વિલંબ નજ લાગવો જોઇએ. વળી આંતરિક હૃદય પલટા સિવાય આપણી સેવાની ક્ષુદ્ર અરણ્ય રૂદન જેવીજ રહેવાની, એટલે આપણા પ્રત્યેક કાર્યની, આપણા દરેક વર્તનની ઝીણવટથી તપાસ લેતા રહી નજરે પડતી એકેએક ત્રુટિ સુધારવા કટિબદ્ધ થવું ઘટે.

આપણું માનસ જોતાં આપણામાં હજુ કેટલી બધી મલિનતા ભરેલી છે તેનો સાચો ખ્યાલ આવે છે. શાસન-પ્રેમીનો દાવો કરનાર એક ભાઇ 'કડીયા' છાપામાં કુદી પડી અત્યારથીજ પોતાની સોસાયટીનાં યશોગાન ગાવા મંડી પડયા છે અને એ સાથે યુવક સંઘ સામે ધુળ ઉરાડવાની બાલિશતા દાખવી રહ્યા છે. ભારતવર્ષની મુકિત માટે પ્રવર્તી રહેલ યજ્ઞમાં ભોગ આપનાર સ્વફરજ અદા કરવા સિવાય વધુ કંઇજ કરતો નથી. વળી જૈન સમાજ છાતી કહાડી બોલી શકે તેવા ભોગો તો અપાયા પણ નથી, તો પછી મી૦ કડીઆ ઉંધુ ચણતર ચણવા કેમ મંડી પડયા હશે! સુરતના સંમેલનોના ઠરાવો જોતાંજ એક તટસ્થ જોનારની સહેજે ખાત્રી થઈ શકે તેમ છે કે સાચા જૈનનો દાવો કરનાર અરે પોતાની જાતને ધર્મનું શુદ્ધ સ્વરૂપ માનનાર આ પ્રેમીવર્ગમાં ધર્મનું કેવું બહુ માન, શાસન માટે કેટલી દાઝ અને દેશ અર્થે કેવી પ્રીતિ છે! શાણપણ આજે એ વાતોને દાબી રાખવામાં છે. ઘરના મતફેરોને વારે કવારે ચર્વિત ચર્વણ કરવાનો આ સમય નથી. દેશભરમાં જ્યારે આઝાદીના સુર ફુંકાઇ રહ્યા હોય ત્યારે માન્યતાઓની ચર્ચામાં કાળક્ષેપ કરવા બેસવું એ સમજુ-ઓનું કર્તવ્ય નથી. સ્વમુખે બહાદરો હાંકનારા અને જાણે ધર્મને ટકાવી રાખ્યો હોય તો 'અમોએજ' એવો ઘમંડ ધર-નારા ભલે પોતાના ટોળાને ઉન્માદમાં આવી જઇ ઘડીભર હર્ષદાતા બની બેસે છતાં સાચા પરિક્ષક પાસે કે નિષ્પક્ષ દ્રષ્ટા સમક્ષ તેમની કિંમત કોડીની પણ નથી. અહિંસક સમરાંગણ અત્યારે એટલી પ્રખરતાયે પહોંચ્યો છે કે જે વેળા સાચા મતફેરા માટે વિવેચન કરવું પણ પરવડે તેમ નથી તો પછી 'હું–બાવા ને મંગળદાસ' જેવાના બકવાદોમાં મન પરોવવાનું તો પાલવેજ શી રીતે? સમય આવે એની ચોખવટ કરવાનો છે એટલે હાલના તબકકે એમાં માથું ન મારતા પ્રત્યેક વ્યકિત, નેત્ર સામે ઉપસ્થિત પ્રશ્નના નિચોડમાં લયલીન બની જાય, હૃદયપલટો કરે અને તે પણ ધરમૂળથીજ. આજે કામોનો તોટો નથી–સાચા સૈનિકોની માગણી થઇ રહે છે. સભાસ્થાનોમાં શાંતિ ને વ્યવસ્થા જાળવનારાની પણ જરૂર છે. કાંતણ–પીંજણ પણ કેટલાયે હાથો માંગે છે. ખાદી ધારણ કરવામાં ને એનો પ્રચાર કરવામાં જેટલા વધુ જોડાય એટલું વધું કાર્ય થાય. પરદેશી કાપડ બહિષ્કાર અને મદ્યપાન નિષેધ આદિ કાર્યોમાં પણ ઉમંગી કામ કરતારાઓ તો જોઇએજ છે. સ્વશકિતનો તાગ કહાડી, કામ કરવા મંડી જવું એજ યુવકનો ધર્મ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

સામાન્ય સભામાં થએલા ઠરાવો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય સભા તા૦ ૩૦–૪–૩૦ બુધવાર, રાત્રિના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં મળી હતી, જે વખતે નીચેના ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા

(૧) અત્યારની રાજકીય લડતમાં ભાગ લેવા માટે સરકારી શિક્ષા પામવા બદલ શ્રી. મણિલાલ કોઠારી, શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠ, શ્રી. રમણીકલાલ મગનભાઇ મોદી, શ્રી. ઝવેરચંદ મેઘાણી, શ્રી. કાન્તીલાલ કેશવલાલ કડીયા, શ્રી. પુલચંદ કસ્તુરચંદ શાહ તથા શ્રી. ચંપકલાલ નાથાલાલ વગેરેનું આ સભા અંતઃકરણપૂર્વક અભિનન્દન કરે છે અને તેમના પગલે ચાલી આ લડતમાં બને તેટલું બળિદાન આપવા જૈન બંધુઓને આગ્રહ કરે છે.

(૨) અત્યારની રાજકીય હીલચાલને દબાવી દેવા માટે સરકાર દેશનેતાઓ તથા સ્વયંસેવકો ઉપર જે અત્યાચારો કરી રહી છે તે સામે આ સભા પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે.

(૩) આ જૈન યુવક સંઘની સામાન્ય સભા રાષ્ટ્રીય મહાસભાના રાજકીય ધ્યેયને સ્વીકારે છે અને સંઘના દરેક સભ્યને શુધ્ધ ખાદી પહેરવાનો આગ્રહ કરે છે.

(૪) આ સભા જુન્નેર કોન્ફરન્સનો સુકૃત ભંડાર ફંડનો ઠરાવ સ્વીકારે છે અને દરેક સભ્યને સુકૃત ભંડાર ફંડનું લવાજમ જૈન કોન્ફરન્સમાં ભરવા ખાસ સુચના કરે છે.

(૫) શ્રી પાટણ જૈન સંઘની ઇરાદાપૂર્વક અવજ્ઞા કરી, અને ત્યાંના સ્થાનિક સંઘના દિક્ષાના સંઘના નિયમનું જાણીબુઝીને ઉલ્લંઘન કરવા માટે શ્રી લબ્ધિસુરિની વિરૂદ્ધ પાટણ જૈન સંઘે જે ઠરાવ કર્યો છે તેને આ સંઘની આજે મળેલી સામાન્ય સભા અનુમોદન આપે છે.

લી૦,
ઓધવજી ધનજી શાહ,
જમનાદાસ અમરચંદ ગાંધી,
રતીલાલ ચીમનલાલ કોઠારી,
મંત્રીઓઃ શ્રી મું. જૈન યુવક સંઘ.

પહેલા સંઘાડાબહાર અને હવે સંઘબહાર.

આચાર્ય વિજાદાનસૂરિ અને વિજયલબ્ધિસૂરિ પોતપોતાના પરિવાર સહિત સ્વર્ગવાસી જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિ (શ્રી આત્મારામજી મહારાજ) ના સંઘાડાના વયોવૃદ્ધ તેમજ ઘણા વર્ષના દીક્ષિત સુપ્રતિષ્ઠિત મુનિ મહારાજ પ્રવર્ત્તકજી, શ્રી કાંતિવિજયજી તથા શાંતમૂર્તિ, શ્રી હંસવિજયજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજજીના પટ્ટધર શ્રી વિજયવલ્લભસૂરિજી આદિની સાથે વૈમનસ્ય કરી **શ્રી આત્મારામજી મહારાજજીના સંઘાડા બહાર તો પ્રથમથીજ થઈ ચૂકયા છે.** હવે હાલમાં પાટણના શ્રી સંઘના કાયદાનું અપમાન કરવાથી **વિજયલબ્ધિસૂરિને પાટણના શ્રીસંઘે સંઘ બહારની ઉદ્ઘોષણા કરી દીધી છે. આપણ એક સમયની અને ક્રાંતિની બલીહારીજ કહેવાય.** એક સમય એવો હતો કે છાશવારે ને છાશવારે સાધુઓ પોતાની સત્તાના શીંગડાઓથી આંધળા બની કોઈ પ્રકારની આડી અવળી મસલત ચલાવી, પોતાના માનેલા અને લકીરના ફકીર જેવા અંધભકતોને ઉશ્કેરી શ્રાવકોને ઝટ સંઘ બહારનો જુલમી કાળો કાયદો ઠોકી બેસાડતા હતા. અત્યારે એજ સંઘ બહાર ઠોકનારા દાંભિક સાધુઓનેજ શ્રી સંઘ બહાર થવાનો સમય **આવી લાગ્યો છે અર્થાત્ પાટણના શ્રીસંઘે આચાર્ય લબ્ધિસૂરિ (!) ને, તેમના પરિવારને અને નૂતન દીક્ષિતોને સંઘ બહાર ઠોકી દીધા છે,** તેવીજ રીતે જામનગરના શ્રી સંઘે સાગરસેનાને સંઘ બહાર કરી છે. સંઘ બહાર કરેલા સાધુઓને આહાર પાણી, વસ્ત્રિ, પ્રમુખ આપવું એ શાસ્ત્ર વિરૂદ્ધ હોવાથી કોઇએ અહાર–પાણી–વસ્ત્રિત આદિ આપવા નહી અને સંઘ બહાર થએલા દાંભિક વેષધારી સાધુઓથી ચેતીને ચાલવું. પાટણના શ્રી સંઘે કરેલો ઠરાવ આનીચે આપ્યો છે: વેષધારી, ભામટા, વિદ્યભૂત સાધુઓથી ચેતીને ચાલશું તો આપણે દુનિયામાં જીવતાં કહેવડાવાનો દાવો કરી શકાશું. અન્યથા યાદ રાખજો કે જેવા હાલ નાલાયક વેષધારી સાધુઓના થઇ રહ્યા છે તેવાજ તેનાથી પણ અધિકતર હાલ વેષધારીની પાછળ ગમન કરનારા અંધભકતોના સમજવા, જો તમારે સમાજની ક્રાંતિમાં સક્રિય ભાગ લેવો હોય તો આવા સંઘ બહાર થએલા બદમાસોથી હવે ચેતો, ચેતો ફરીને ભાર દઇને કહું છું કે ચેતો અને ધૈર્ય ધારણ કરો.

સાધુઓ પોતાના સ્વાર્થની ખાતર ધર્મને અગાડી કરી ધર્મના નામે તમોને ભોળવશે, ધર્મના નામે તમોને ઉશ્કેરશે અને ધર્મનાં નામે તમોને ભમાવશે પરંતુ જો તમારે હવે તમારા ધર્મની ગએલી જાહોજલાલી પાછી મેળવવી હોય તો તમો હવે ભોળવાતા નહી, ઉશ્કેરાતા નહી, ભમાતા નહી, પરંતુ મક્કમપણે રહી કેવળ વેષધારી સાધુઓનો, સાધુતાનો કોલ કરનારા સાધુકાઓનો શીઘ્ર બહીષ્કાર કરો અને પાટણના શ્રી સંઘની માફક, તથા જામનગરના શ્રી સંઘની માફક તમો પણ મક્કમ રહી કામ કરતા શીખો એમાંજ તમારો વિજય છે, તમારા ધર્મનો વિજય છે અને તમારા. સાચ્ચા ત્યાગી સાધુઓનો–ધર્મગુરૂઓનો વિજય છે. મોલો એકવાર જોરથી **'ક્રાંતિદેવીની જય હો' 'સાચ્ચા ધર્મની જય હો.** વ્યભિચારી સૃષ્ટિ વિરૂધ્ધ કાર્ય કરનાર વેષધારી કહેવાતાં ધર્મગુરૂ (?)ઓનો બહિષ્કાર કરવા જેઓ અશક્તિવાન હોય તેઓએ રૂશિયાનો ઇતિહાસ વાંચવો.

ક્રાંતિપ્રિય.

પાટણમાં ભાગવતી જૈન દીક્ષા.

આચાર્યશ્રી વિજયલબ્ધિસુરીને ખુલ્લો પત્ર.

પાટણના શ્રી સંઘના ઠરાવની વિરૂદ્ધ જઇને આપે થોડું કે અગાઉ પાટણમાં બે બાઇઓને દીક્ષા આપી પાટણના શ્રી સંઘનું ધરાદાપૂર્વક અપમાન કર્યું છે. આ રીતે પચ્ચીસમા તીર્થંકર એવા શ્રી સંઘનું અપમાન કરીને આપે ભયંકર અને અક્ષમ્ય ગુન્હો કર્યો છે. જો દીક્ષાજ આપવી હતી તો પાટણના જેવો ઠરાવ જે ઠેકાણે હસ્તી ધરાવતો ન હોય તેવા ગામમાં જઇને દીક્ષા આપવી હતી, અથવા તો પાટણમાં દીક્ષા આપવાને માટે પાટણના શ્રી સંઘની રજા માગવી હતી. જો કોઇ પણ જાતના વાંધા વગરની યોગ્ય દીક્ષા હોત તો તેઓ જરૂર રજા આપત. બાકી અમે કહીએ તે શાસ્ત્રોકત અને અમારા કહેવાથી ઉલ્ટું કહે તે ઉત્સુત્રપ્રરૂપણા, અમારી હામાં હા ભણે તે સંઘ અને બીજાઓ તે હાડકાનો માળો, સાત આઠ ગામોની સોસાયટી તે ઓલ ઇંડીઆ જૈન યંગમેન્સ સોસાયટી (ઓલ વર્લ્ડ જૈન યંગમેન્સ સોસાયટી કહે તો પણ કોણ રોકે છે) એવા એવા દંભ, જુઠાણાં અને હુંપદ ભલે રામસાગરને શોભે, આપને તે ન શોભે. આપના ઘણા ખરા વિચારોની વિરૂદ્ધ હોવા છતાં આપના મુંબઇના ચાતુર્માસ દરમ્યાન લગભગ રોજ વ્યાખ્યાનમાં હાજરી આપીને સેવક આપના ચરણોમાં શીર ઝકાવતો હતો તેનું કારણ એ નહોતું કે રામસાગરના વિચારોને આપ મળતા છો એ વાતથી હું અજાણ હતો, પરંતુ સમજતો હતો કે તેઓના વિચારોને મળતા હોવા છતાં તેઓની માફક આપ સમાજમાં કલેશ, કંકાસ, ઝઘડા, કુસંપ કરાવનાર કે ભાગલા પડાવનાર નહોતા. તે કામ તો ફકત બે મહાત્માઓનું જ હતું. આજે આપે તે મહાત્માઓનાં તોફાન અને ધીંગાણામાં ભાગ પડાવ્યો છે, એ ખાતર ભલે તેઓ ખુશી થતા હોય પણ સેવક તો નારાજ થયો છે. પાટણમાં બિરાજતા પ્રવર્તકજી મહારાજ તેમજ પન્યાસજી, ધર્મવિજયજીએ પણ ઉકત દીક્ષામાં ભાગ નથી લીધો એ જગજાહેર છે. શું તેઓ દીક્ષાના વિરોધી છે, અધર્મિ છે કે નાસ્તિક છે? હું માનું છું કે ઉપરોકત પ્રશ્નનો આપનો જવાબ નકારમાંજ આવશે એટલુંજ નહિ પણ આપ કબુલ કરશો કે રામસાગરના કરતાં તેઓ સંપૂર્ણ ચારિત્રવાન, ધર્મપ્રેમી, બીલકુલ બીનખટપટી સુસાધુઓ છે. ફેર માત્ર એટલોજ કે આપશ્રી સંઘને ઠોકરે મારો છો, જ્યારે તેઓ સાહેબો શ્રી સંઘને નમન કરે છે.

શ્રી સંઘને ઠોકરે મારીને અપાતી દીક્ષા યોગ્ય હોય તો પણ અયોગ્ય ગણાય. આવી અયોગ્ય દીક્ષાનો પાટણના શ્રી સંઘે બહિષ્કાર કરેલો હોવાથી આપને બહારગામથી રામભકતોને બોલાવવા પડયા અને આપને બહારગામથી જોઇતા માણસો મળી રહ્યા. મોટાં મોટાં મથાળાઓ સાથેના કોલમો ભરીને અતિશ્યોકતીવાળા રીપોર્ટો પેપરોમાં છપાવી શકાયા. આ રીતે ફત્તેહના દેખાવો કરી શકાયા, છતાં પચ્ચીસમા તિર્થંકર એવા શ્રીસંઘનું અપમાન કરવાના ભયંકર પાપમાંથી આપ છટકી શકયા નથી એ વાત ચોક્કસ છે. બહારગામથી સમજુ અને ડાહ્યા માણસો આવ્યા હોત તો પાટણના શ્રી સંઘની રજા લેવાની તમને આગ્રહપૂર્વક વિનંતી કરત, પરંતુ જે

આવ્યા હતા તે માત્ર ચડસ અને હુંસાતુંસીને લીધે અને પોતાના પક્ષને મજબુત દેખાડવાના કારણેજ આવેલા. એ આવનારાઓનો કેટલોક ભાગ તો રામસાગરનાં તોફાનો પહેલાં પોતાનાં ગામમાં અપાતી દીક્ષામાં ભાગ લેતો હશે કે કેમ એ શંકારપદ છે, છતાં હું તો તેવા માણસોને પણ નિર્દોષ માનું છું, કારણ તેવા ભોળા અને અજ્ઞાન માણસો કોઇ ખટપટીઓના હાથમાં રમતા રમકડાઓ હોય છે, તેથી ધર્મના ઓઠા નીચે તેઓ બિચારા આડા રસ્તે દોરવાય છે. આવા માણસો ખરેજ દયાને પાત્ર છે. હું તો ચોક્કસ માનું છું કે ધર્મને અને દીક્ષાને આ સ્થિતીમાં લાવનાર જો કોઇ પણ પક્ષ હોય તો તે ધડમ્ ધડમ્ કરી ધર્મની ગેરસેવા કરનાર કહેવાતો શાસનપ્રેમી પક્ષ છે. પરમાત્મા તેઓને સદ્‌બુદ્ધિ બક્ષે!

મહાસુખ હરગોવન દોશી.

વઢવાણનું કહેવાતું આમંત્રણ.

વઢવાણ શહેર જૈનસેવાસમાજ લખી જણાવે છે કે :—

સુરતની સમાજને વઢવાણ તરફથી મળેલું કહેવાતું આમંત્રણ એકજ વ્યક્તિ તરફથી ખાનગી રીતે અપાયેલ છે. વઢવાણ શહેરને અપાયેલ આમંત્રણ સાથે કાંઇ પણ સંબંધ નથી.

વડોદરા જૈન યુવક સંઘના ઠરાવો.

(૧) હિન્દની રાષ્ટ્રીય મહાસભાએ સંપૂર્ણ સ્વતંત્રતાના કરેલા નિર્ણયની સફળતા માટે મહાત્મા ગાંધીજીએ આદરેલા સત્યાગ્રહમાં વીરતાપૂર્વક ભાગ લઇને તેમજ મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરીને જે જે દેશભક્તોએ દેશની સ્વતંત્રતા માટે પોતાનો ભોગ આપી અહિંસક હોવા છતાં સરકારી દમનનીતિના ભોગે જેલ નિવાસ કરી રહ્યા છે, તેમની પ્રશંસનીય દેશભક્તિ માટે શ્રી જૈન યુવક સંઘ તેમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપે છે.

(૨) પુના સંઘમાં શાન્તિ ફેલાવવા માટે વિજયવલ્લભસુરીજીને ધન્યવાદ સબંધીનો ઠરાવ પસાર કર્યો હતો.

(૩) શ્રીમદ્ વિજયલબ્ધિસુરીજીએ પાટણના શ્રીસંઘના ઠરાવો વિરુદ્ધ પાટણમાં દીક્ષા આપી કલેશ ઉભો કર્યો છે તેને શ્રી જૈન યુવક સંઘ સખ્ત રીતે તિરસ્કારી કાઢે છે.

પાટણના યાત્રીકોને સગવડ.

સ્વર્ગસ્થ શેઠ ખીમચંદ નાગરદાસના સ્મરણાર્થે તેમની વિધવા સ્ત્રી મણીબાઇએ, શહેર પાટણમાં અષ્ટાપદજી પાસે મોટા ખર્ચે 'જૈન શ્વેતાંબર ધર્મશાળા' યાત્રીકોને ઉતરવા માટે બનાવરાવી છે તો દરેક જૈન ભાઇ તેનો લાભ લેશે.

દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

જૈન સત્યાગ્રહીઓના વધુ નામો.

શ્રી. માણેકલાલ ચુનીલાલ પટેલ	૪૧	જેલમાં
,, શાન્તીલાલ નાથાલાલ	૪૨	
,, અનુભાઇ અમૃતલાલ	૪૩	
,, કકલભાઇ ગોકળભાઇ	૪૪	
,, કુંવેચંદ ભાયચંદ ગાંધી	૪૫	
,, એમ. બી. ગુજર	૪૬	
,, કે. જે. શાહ	૪૭	
,, અમૃતલાલ જેસીંગલાલ શાહ	૪૮	
,, ચીમનલાલ ખોકર એડવોકેટ	૪૯	
,, કાનજી કરમશી માસ્તર	૫૦	જેલમાં.
,, રતનશી પાસવીર	૫૧	
,, ત્રીકમદાસ કાલીદાસ	૫૨	
,, અમરચંદ ચુનીલાલ	૫૩	
,, મણીલાલ મનસુખલાલ	૫૪	
,, ચંદુલાલ લાલચંદ	૫૫	
,, કસ્તુરચંદ હીરાચંદ	૫૬	
,, રાયચંદ હીરાચંદ	૫૭	
,, ચીમનલાલ દલસુખભાઇ	૫૮	
,, રતીલાલ કુંવરજી ડોકટર	૫૯	
,, અમૃતલાલ ચતુરભાઇ	૬૦	
,, કાન્તીલાલ વાડીલાલ	૬૧	
,, કાન્તીલાલ અમૃતલાલ	૬૨	
શ્રી. સારાભાઇ નગીનદાસ	૬૩	
,, મણીલાલ સામજી	૬૪	
,, લીલાચંદ ભગનલાલ	૬૫	
,, હરીલાલ લક્ષ્મીચંદ મોદી	૬૬	
,, માણેકલાલ મગનલાલ મહેતા	૬૭	
,, ઇન્દુલાલ કાલીદાસ જવેરી	૬૮	
,, ચંદુલાલ મુલચંદ જવેરી	૬૯	
,, દલપતભાઉ લક્ષ્મીચંદ કોઠારી	૭૦	
,, રમણીકલાલ શાન્તીલાલ	૭૧	
,, પ્રાણલાલ વનેચંદ પરમાર	૭૨	
,, ચીમનલાલ પ્રેમચંદ	૭૩	
,, વાડીલાલ શીવલાલ	૭૪	
,, પનાલાલ બાલાભાઇ જવેરી	૭૫	
,, વાલચંદ ગેલીંદજી દેશાઇ	૭૬	
,, રતીલાલ માણેકલાલ તેલી	૭૭	
,, બી. એન. મહીશેરી	૭૮	
,, ભીમજીભાઇ (સુશીલ)	૭૯	
,, જવેરચંદ મેઘાણી	૮૦	
,, વિનયચંદ મુલચંદ વૈરાટી	૮૧	
,, પોપટલાલ રામચંદ શાહ	૮૨	
,, રમણલાલ જેઠાલાલ	૮૩	
,, દલસુખલાલ અમથાલાલ	૮૪	
,, સોમચંદ કસ્તુરચંદ	૮૫	

[વધુ નામો આવતા અંકમાં.]

જે જૈન ભાઇઓ સત્યાગ્રહના ધર્મયુદ્ધમાં દાખલ થયા હોય તેઓએ તેમના મુબારક નામો અમને મોકલી આપવા મહેરબાની કરવી.

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) ગ્રાહકો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

અહિંસાના ઉપાસકોને! યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. P. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૦ મો. | સંવત ૧૯૮૬ ના વૈશાખ સુદી ૧૫. તા૦ ૧૨-૫-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

ગાંધીજીની ગીરફતારી સામે જૈનોનો સખ્ત વિરોધ.

તા૦ ૧૧-૫-૩૦ ના રોજ રાત્રીના આઠ વાગે મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં મુંબઇના સમસ્ત જૈનોની જાહેર સભા મળી હતી. હોલ ચીકાર ભરાઇ ગયો હતો. સ્ત્રીઓ પણ સારી સંખ્યામાં હાજર હતી, તેમજ ત્રણે ફીરકાના આગેવાનો હાજર હતા, મુંબઇ પ્રાંતિક કોંગ્રેસ કમીટીના ઉપ-પ્રમુખ ડો૦ ચોકસી વીગેરે દેશનેતાઓ હાજર હતા. (સ્વે.) શેઠ છોટાલાલ પ્રેમજીની દરખાસ્તથી અને (દિગં.) શેઠ તારાચંદ નવલચંદના ટેકાથી માંડવી જીલ્લા મહાસભા સમિતિના પ્રમુખ તથા શ્રી સ્થાનકવાસી જૈન આગેવાન શેઠ વેલજી લખમશી નપ્પુને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું. પ્રમુખ મહાશયે આ લડતની પરિસ્થીતિનો સચોટ ખ્યાલ સાદી ભાષામાં આપ્યો હતો. લડતને પરીણામે જે નિર્ભયતા જનસમુદાયમાં આવી છે તેને માટે માટુંગામાં બનેલો પોલીસનો કિસ્સો જણાવ્યો હતો. કિસ્સાને લીધે માટુંગાના સઘળા ભાઇઓએ કોઇપણ સરકારી નોકર સાથે વહેવાર રાખવો નહિ, તેવો ઠરાવ કર્યો હતો. વેપારી એસોસીએશનો મહાત્મા ગાંધીજીની ગીરફતારી સંબંધમાં સરકારને શો જવાબ વાળવો તેનો વિચાર કરી રહી છે. ૩૭ જુદા જુદા મંડળના પ્રતિનિધીઓએ આજે કેટલાક ઠરાવો તે બાબતમાં કર્યા છે, વધારે પ્રયાસો ચાલુ છે. ત્યાર બાદ ભાઇ પરમાણંદે નિચેનો ઠરાવ પસાર કરવા માટે વાંચી સંભળાવ્યો હતો.

ઠરાવ.

અહિંસા ધર્મના પરમ ઉદ્ધારક સન્ત શિરોમણિ મહાત્મા ગાંધીજીને ૧૮૨૭ ના કાળજુના કાયદા નીચે કેદ કરીને અત્યારે તેમણે પ્રવર્તાવેલ મહાન અહિંસાત્મક ધર્મ-યુધ્ધને અંગ્રેજ સરકારે હિંસાના ભોખમમાં ઉતાર્યું છે, તે સામે મુંબઇમાં વસતા સમસ્ત જૈનોની આ સભા પોતાનો સખ્ત વિરોધ રજુ કરે છે.

દેશ સ્વાતંત્રયની પ્રાપ્તિ અર્થે જે કાર્યક્રમ મહાત્મા ગાંધીજીએ દેશ સમક્ષ રજુ કર્યો છે તેને આ સભા માન્ય રાખે છે અને દેશની રાજકીય મૂક્તિ સિવાય ધાર્મિક અને સામાજિક ઉદ્ધારની આશા નકામી છે, એમ સમજીને તથા અત્યારની લડતનો આખો કાર્યક્રમ અહિંસા અને સત્ય ઉપર રચાયલો છે એ ધ્યાનમાં લઇને આ સભા જૈન સમાજને આ લડતમાં પોતાથી બની શકે તેટલો ફાળો આપવા ખાસ આગ્રહ કરે છે.

આ પ્રસંગે જે જે જૈન બંધુઓ આ લડતમાં લડતાં કેદની શિક્ષા પામ્યા છે, તેમનું આ સભા અંતઃકરણપૂર્વક અભિનંદન કરે છે.

ઠરાવના સમર્થનમાં બોલતા ભાઇ પરમાણંદે જૈનોની આ લડતમાં વિશિષ્ઠ ફરજ છે તેનું સુચન કરી જણાવ્યું કે, સત્ય અને અહિંસા આ લડતનું મૂળ છે. સત્યાગ્રહનો અર્થ સત્ય પક્ષની સાથે સહકાર અને અસત્ પક્ષનો ત્યાગ, તેમાં ભાગ લેવો તે દરેક ધર્મિનું કર્તવ્ય છે આ લડતમાં ધર્મની પ્રગતિની ખાતર સાધુઓ પણ સક્રિય ભાગ લઇ શકે છે.

ત્યારબાદ **બહેન લીલાવતી મુનશી**:-આ યુદ્ધમાં જૈનો પણ સર્વ કરી છુટવા તૈયાર છે. આ વખતે જૈનોની માન્યતાને કે શ્રધ્ધાને વાંધો આવે તેમ નથી. વસ્તુપાળ, તેજપાળ પુરા જૈનો હતા છતાં દુશ્મન સાથે શસ્ત્રોનું યુધ્ધ પણ કરતા. અંગ્રેજો રાજ્ય કરે છે તે હિન્દુસ્તાનના બજાર ખાતર, જો આપણો એક પણ પૈસો વિલાયત ન જાય તો તે લોકો મુવાજ પડયા છે.

ડો. ચોકસી:-હવે સરકારને આપણે હાથ જોડીને કહેવાની જરૂર નથી. કેમકે આપણે જઈને આપણા હાથે જેલના બારણા ખોલીને મહાત્મા ગાંધીજીને બહાર લાવવાના છે, તે સ્થિતિ કોન્ગ્રેસના પ્રોગ્રામો આદરવાથી થઇ શકશે. ગાંધીજીને પકડવાથી હીલચાલ બંધ થશે એમ સરકારે માન્યું હશે પણ જ્યાં સુધી ૩૦ કરોડમાંથી નાનું બાળક રહેશે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. આ લડત જીતવાથી આખા જગતનું ભલું થશે, કારણ કે અહિંસાથી મેળવેલ જીત બીજી પ્રજાને માર્ગપ્રદર્શન કરવા લાયક બની રહેશે.

પંડીત સુખલાલજી:-ચાલુ લડતમાં જૈનો ન જોડાય તો તેમનું સ્થાન દેશમાં રહેશે નહિ. લડતમાં પહેલાં સાધુ પછી જૈનોનું સ્થાન છે સાધુએ જો સમાજના મુકુટ શીરોમણી મનાવું હોય તો પહેલી તકે તેમણે આ પ્રવૃત્તિમાં જોડાવું જોઇએ. સાધુઓને તકલી કાંતતા છકાયની વીરાધના થતી નથી. હવે ધર્મના નામે આળસુપણું ટાળી દેવાની જરૂર છે, અહિંસનો તમામ સરવાળો ગાંધીજીએ પોતાના જીવનમાં ઉતારેલ છે. સાધુઓએ વૃત્તિસંક્ષેપ નથી કર્યો, ભોગ અને ભય સાથે જૈન ધર્મને કશો સંબંધ નથી, પણ ત્યાગ અને નિર્ભયતામાં જૈન ધર્મ છે. દેશસેવા માટે નૈવેદ્ય તરીકે જૈનો સુતર કાંતીને આપે.

પંડીત વ્રજલાલજીના પ્રવચન બાદ-પંડીત આણંદજી બોલ્યા કે સને ૧૯૨૨ માં મહાત્માજીને છોડાવવામાં ફાળો આપણો નહોતો એ બાબતમાં શરમાવું જોઇએ માટે આ વખતે જૈનોએ આ લડતમાં પુરતો ફાળો આપવો જોઇએ.

આપણા સુલેહના અમલદારો કયાં છે, હું પુછું છું કે જો તમે સાચાજ સુલેહના અમલદાર હો તો સ્વયંસેવકો વીગેરે ઉપર જે અનાચાર થાય છે તે માટે કેમ બોલતા નથી. હવે જો તેઓ પોતાના બોતાબો ન છોડે તો સમાજે તેનો બહિષ્કાર કરવો જોઇએ લાર બાદ મોતીચંદ ભાઇએ વેપારી તરીકે જૈનોએ આ લડતમાં શું કરવું જોઇએ તે ઉપર ખાસ ભાર મુકી પ્રવચન કર્યુ હતું.

બાદ કમળા બહેને બૈરાંઓને પીકેટરો તરીકે બહાર પડવા માટે અરજ ગુજારી હતી. પંડીત લાલને જણાવ્યું કે બીજા દેશો લડાઇમાં પોતાના જનોનો ભોગ આપે છે ત્યારે તમે કપડાનો મોહ પણ છોડી શકતા નથી. માટે આપ બહિષ્કાર કરશો. પાદરાકરની કવિતા ગવાઇ રહ્યા બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો પ્રમુખ મહાશયનો ઉપકાર માની વંદેમાતરમના જયનાદો વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

અહિંસાના ઉપાસકોને!

પ્રયાણના પ્રારંભકાળથી જેની આગાહી થઇ રહી હતી એ આખરે સત્ય રૂપમાં પરિણમી. સત્યના એ મહાન્ પૂજારીનું, અહિંસાના સાચા ઉપાસકનું અને જગત ભરની સર્વ શ્રેષ્ટ વિભૂતિનું તેજ ખમાઇ ન શકવાથી મહાત્મા ગાંધીજીને યરોડાની ચાર દિવાલો વચ્ચે રાખવાનો પુનઃ પ્રસંગ સરકારને નશિબે આવ્યો. આમ કરવાથી નોકરશાહીની ધારણા કેટલા અંશે ફળિભુત થાય છે, અગર સત્ય અને અહિંસાના પાયાપર ચણતર મંડાયલા સંગ્રામને કેવી રીતે ક્ષતિ પહોંચે છે એનો નિર્ણય કરવાનું ભવિષ્ય કાળના હાથમાં સોંપી આપણે વર્તમાનના અવલોકનમાં ઉંડા ઉતરીએ.

જેલ પ્રાપ્ત કરનાર સંતને જેલનું દુઃખ હોયજ કયાંથી? આ વેળા એમણે તો ગોળીના ઘા ખમવાનો નિરધાર કરેલો, આમ છતાં જનતાને માટે તેઓ શું કહી ગયા? તેઓ ધારત તો ભારતવર્ષમાં એવી હવા ફેલાવી શકત કે એમને પકડવા એ ભભકતી જ્વાળામાં ભુસકો મારવા જેવું વિકટ કાર્ય થઇ પડત, પણ પ્રેમના કાર્યક્રમ રચનાર અને આત્મિક બળથી વિજય વરવાના અભિલાષીને એ ગમેજ શાનુ?

એમને મન જનતા શાંતિ જાળવે એ મોટામાં મોટી જીત છે. તે સારૂ જતાં જતાં સંદેશો પણ એવોજ પાઠવી ગયા છે કે 'સંપૂર્ણ શાંતિ જાળવી, સુચવેલા માર્ગે દ્રઢતાથી પ્રયાણ ચાલુ રાખો. તેમની લડતનું રહસ્ય પ્રજાને ઉશ્કેરવામાં કે બળવો પેદા કરી સલતનતને ધડીભર કામ કરતી થંભાવી દેવામાં નથી પણ આત્મબળનાં દર્શન કરાવી, જાતે કષ્ટોની હારમાળા સહન કરી, અરે હસતા મુખડે મૃત્યુને ભેટવું પડે તો ભેટી, કેવળ પ્રેમ માર્ગે ભલભલા જાલિમનું હૃદય પલટાવી વિજયની વરમાળા વરવામાં છે. દુનિયા જેને 'પોલીટીકલ મેટર' કહે છે તે ગાંધીજીની દ્રષ્ટિમાં શુદ્ધ અને ઉંચા પ્રકારની અપૂર્વ ધાર્મિક લડત છે, એટલેજ એના પરથી માત્ર હિંદભરના નહિં પણ સકળ વિશ્વના મનુષ્યોને ઘણું ઘણું શીખવાનું છે. એનું સ્વરૂપ કેવળ સંસારીઓને સમજવા જેવું છે એમ નથી પણ ત્યાગના પંથે વિચરી રહેલાને પણ અતિ ઉપયોગનું તેમાંથી સુપ્રમાણમાં મળે તેમ છે.

આપણે જરા સુરત-મુંબાઇમાં વિરાજતા સાધુ મહારાજ તરફ, તેમના તરફથી ધર્મના નામે, ત્યાગના નામે નિરંતર થતા ઉપદેશ સામે, અને સદૈવ તેનું પાન કરી રહેલ અને સ્વયં 'શાસનપ્રેમી'નો બિલ્લો ધારણ કરી રહેલ સમુદાય પ્રતિ નજર કરીશું તો સહજ માલમ પડશે કે ડગલે ને પગલે શાંતિના સ્થાને માત્ર ઝનુન અને ધર્માંધતાના સંભાર ભરાઇ રહ્યા છે. દિન ઉગે સ્યાદ્વાદરૂપી પીયુષથી આકંઠ ભરેલા શાસ્ત્રોનું ચિંતન-મનન કરનાર અને પાંચ મહાવ્રત જેવી ઉત્તમ પ્રતિજ્ઞાના પાલનમાં જીવન વ્યતિત કરવા સારૂ સંસારની વિષજ્વાળાથી પરાંગ્મુખ બનનાર જરા સમભાવ સેવી સ્વકરણીનું ઉંડુ અવલોકન કરે તો આજે તેઓ કેવા વિષમ માર્ગે પડી રહ્યા છે તેનો અવશ્ય ભાસ થાય. પોતાના અનુયાયીઓને ધર્મના ખોટા ઝનુનના પાઠ પઢાવી કયાં લઇ જઇ રહ્યા છે તેનું સાચું ભાન આવે.

શું ધર્મ માત્ર બોલવામાં સમાઇ જાય છે? પોતાની 'હા' ન સ્વીકારનાર બધા અધર્મીઓ કહી નાંખવાથી અગર તેમના સામે સ્વેચ્છા મુજબ બકવાદ કર્યાથી શાસન પ્રત્યેનો અનુપમ પ્રેમ પુરવાર થઇ શકે છે? અગર તો હજુ પણ હાસભાગના માર્ગો ચાલુ રાખી સાધુ જીવનના સુંદર વ્રતોને દુષણ લગાડવામાં આજ્ઞાધારકપણું મનાવવાનો ફાંફો રખાય છે?

સાચો ધર્મ બજાવવો હોય તો વિશ્વના ચોકમાં ઉભા રહો. લાખો કીડાના ભોગે તૈયાર થતા રેશમનું એક ચીંદરડું જૈન નામધારીના અંગ પર ન રહે એ સારૂ સતત્ ઉપદેશ આરંભી દ્યો. માન્ચેસ્ટરની ચિંતા વિસારી દઇ તમારી આસપાસનું જ વાતાવરણ શુદ્ધ કરો. વિલાયતી કાપડ કે સરસતી મલમલનો મોહ ઉતારી ખાદીના વસ્ત્રો ગ્રહણ કરો. તમારી સમક્ષ ધર્મ શ્રવણ અર્થે આવતાં પ્રત્યેક નરનારીને નિર્દોષ ખાદીના વસ્ત્ર પરિધાન કરવાના સપથ આપો. જેમ અભક્ષ્ય અનંતકાયના પચ્ચખાણ આપવામાં ધર્મ છે, તેમ ચરબીવાળા વસ્ત્રોનો ત્યાગ કરાવવામાં કે રેશમી વસ્ત્રોનો બહિષ્કાર કરાવવામાં અવશ્ય ધર્મ છે. પૂજ્ય મહારાજાઓ, આજે જૈનોને પરસ્પર ક્ષુદ્ર કલેશોમાં ભટકાવી મારવાના રહેવા દઇ સારાયે હિંદમાંથી દારૂને વિદાય કરી મૂકવાના કાર્યમાં મંડી પડો. તમારા જેવા પવિત્ર વેશવાળાની અસર પીઠાના માલિક પર તેમજ પીવા આવનાર વ્યસનીઓ પર જરૂર પડશે. કદાચ અપમાન જેવું બનશે તોપણ આપ સરખા પરિષહ જેતાઓને તેથી શું ખોવાપણું છે?

ચર્ચાથી શ્રેષ્ટત્વ પૂરવાર કરવાનો યુગ કયારનોયે અસ્ત પામી ગયો છે. આતો આચરણથી સત્વ સાબિત કરવાનો કાળ આરંભાયો છે. ભલે મૂઠીભર ગાડરીયા ભકતો આપ સાહેબોને કંકોત્રીઓમાં 'વાદીમદ ભંજક કે કવિકુલ કિરિટ કિંવા પ્રખર વકતા'ના સંબોધને આલેખે સમજુ જનતા તો ઉંઘાડી આંખે જોઇ રહી છે કે આપ જેવા શ્રી વીરના અમૂલ્ય વારસાને વરેલા આજે કેવળ એને વિતંડાવાદમાં ખરચી રહ્યા છો અને એ કિંમતી શાસ્ત્રોનો શસ્ત્ર રૂપે પ્રયોગ કરી રહ્યા છો. એને વિના વિલંબે કબુલવું પડે છે કે શ્રી શત્રુંજયના કેસમાં જે પરિણામ આવ્યું છે એ ઉપરથી નથી રહ્યું ચમત્કારિત્વ કે નથી સમજાયું આત્મત્વ. આમ સાચી દિશાના અભાવે ઉદાર તત્વોની પ્રાપ્તિ છતાં એનાથી જાતનો કે જગતનો રંચ માત્ર ઉપકાર સધાયો નથી. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માદ્ધ્યસ્થ જેવી ઉમદા ભાવનાઓના પ્રણેતા શ્રી મહાવીર દેવના સિદ્ધાંતોમાંથી વાનકી રૂપ થોડુંક ગ્રહણ કરનાર મહાત્મા શ્રી ગાંધીજીના લખાણપર આજે આખુ જગત મુગ્ધ બની રહ્યું છે, એમના આચરણ પ્રતિ મીંટ માંડી રહ્યું છે અને એમનો સદેશો જીવનમાં ઉતારવા જે આતુરતાના વેગ ફરી વળ્યા છે અને એ દ્વારા જે પરિવર્તન થઇ રહ્યું છે એ સર્વનો અભ્યાસ કરતાં સહજ કહેવાઇ જાય છે કે અહિંસાના ધજારદાર એવા આપણે કયાં ઉભા છીએ!

પ્રતિષ્ઠા વખતે નારમાં થયેલો ખળભળાટ.

અમદાવાદી મી૦ ચીમનલાલ કડીયાએ નારમાં મચાવેલું તોફાન.

પાટીદારોની પવિત્ર ભૂમિ નારમાં વૈશાખ શુદ ૬ ના દિવસે પ્રતિષ્ઠા હતી. નારથી તેની કંકોત્રી અત્રેના ખંભાતના સંઘ ઉપર આવી. રીવાજ મુજબ તે કંકોત્રી દેરાસરે ચોડવી જોઇએ, પણ શેઠ કસ્તુરભાઇ અમરચંદે ચોડી નહીં અને દબાવી દીધી કારણ કે તેમને તો સોસાયટીવાળાનેજ નાર મોકલવા હતા. વળી સુખલાલ ખુબચંદ પ્રતિષ્ઠા અગાઉ ત્રણ દિવસ પહેલાં નાર ગયા અને સોસાયટી સિવાયના કોઇને તમારે બોલાવવા નહીં એમ સમજાવવા પ્રયત્ન કર્યો, પણ ત્યાં એમનો કોઇએ ભાવ પુછ્યો નહીં અને જણાવ્યું કે અહીં તોફાન કરાવ્યું તો સમજજો કે આતો પટેલો છે વાણીયા ન હોય. સુખલાલ કાકા તો બિચારા વીલે મોઢે વગર નાળીયેરે ખંભાત પાછા આવ્યા. નારવાળાએ મેઘસૂરિ અને તેમના શિષ્યોને પણ નારમાં ધમાલ થાય તેવું વ્યાખ્યાન નહીં કરવા જણાવી દીધું. હવે પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવ્યો પણ ખંભાતથી કોઇ ગયું નહીં હોવાથી નારમાં ખબર પડી કે ખંભાતમાં કંકોત્રી ચોડી નથી પણ શેઠે દબાવી દીધી છે એટલે નારથી ખંભાત જૈન યુવક સંઘ અને બીજા ત્રીસ આગેવાનો (પાંચે ન્યાતના શેઠો) ઉપર જુદી જુદી કંકોત્રીઓ છુટી; એટલે ખંભાતથી પાંચે ન્યાત મળી હજાર ઉપરની સંખ્યામાં માણસો નાર ઉતર્યા. ત્યાં પહોંચતાં તો ખબર પડી કે પેલા તોફાની બારકસોમાં અગ્ર ભાગ લેનાર અમદાવાદની સોસાયટીના મંત્રી મી૦ ચીમનલાલ કડીયા નારમાં સોસાયટી સ્થાપવા આવ્યા છે, પણ નારવાળાએ આ પ્રસંગે સોસાયટી કે યુવક સંઘ કંઇયે સ્થાપવા અમો ઇચ્છતા નથી એમ રોકડું પરખાવ્યું. મી૦ કડીયાની બાજી આમ ધૂળમાં મળવા લાગી અને પારકે પૈસે સોસાયટીના ગાંસડા પોટલા બાંધી નાર આવનાર મી૦ કડીયાને વીલે મોઢે પાછા જવાનો પ્રસંગ આવ્યો એટલે તેમણે બીજી બાજુ ગોઠવી. સુદ ૬ ને રવિવારે પ્રતિષ્ઠાના દિવસે બપોરે સાડાબાર વાગે મેઘસૂરિને કહ્યું કે આપ વ્યાખ્યાન આપો અને અમો વ્યાખ્યાનમાં ભાષણ કરી સોસાયટીની સ્થાપના કરીએ; એટલે મેઘસૂરિ પણ સમજ્યા કે અહિં ધમાલ થશે જેથી પોતે ન જતાં પોતાના શિષ્ય મનોહરવિજયને વ્યાખ્યાન આપવા સભા મંડપમાં મોકલ્યા. આમ અચાનક બપોરે એક વાગે વ્યાખ્યાન આપવાનું સાંભળી લોકોમાં નવી હોહા થઇ. એક બાજુ શાન્તિ સ્નાત્ર અને બીજી બાજુ આ નામાંકિતોનું વ્યાખ્યાન ચાલ્યું. અડધો કલાક વ્યાખ્યાન ચાલ્યું ત્યાં તો મી૦ કડીયા ઉભા થયા અને સોસાયટીની સ્થાપના કરવા માટે ભાષણ કર્યું, બંધારણ વાંચ્યું અને દરેકને ચાર આના ભરી દાખલ થવાનું જણાવ્યું; અને જે સાધુ અને જે જૈનોનો આ સોસાયટીમાં સહકાર નથી તેઓ સાચા સાધુ અને જૈનો નજ કહેવાય, તેઓ જીવવા કરતાં મરેલાજ છે, એમ સમજવું, તેમજ વિજયનેમીસુરીશ્વરજી તેમજ શ્રીમદ્ વિજયવલ્લભસુરીશ્વરજી તેમજ ઉત્તમવિજયજી ઉપર ટીકાથી આક્ષેપો કર્યા એટલે યુવકો ઉછળ્યા અને કડીયા પાસે ખુલાસા માગવાની શરૂઆત થઇ અને હોહાકાર થયો અને મારામારી ઉપર વાત આવી, નારવાળા ભાઇઓ વચ્ચે પડયા અને અહિં શું મોટું લઇને અમદાવાદથી સભાઓ ભરવા આવ્યા છો એમ બોલવાનું શરૂ કર્યું. અંતે અરધા કલાકની રસાકસી પછી નારવાળા ભાઇઓની અપૂર્વ મહેનતને લઇ ધમાલ શાંત પડી પણ પેલા ખંભાતની સોસાયટીવાળા પાધરીઘરો કર્યાયે સંતાયા તે જણાયાજ નહિ. તોફાન થયા પછી વાતાવરણ શાંત બન્યુ મી૦ કડીયાએ ભાષણમાં જણાવ્યું હતું કે હમણાં અહિંયા સોસાયટીમાં દાખલ થનારા મેમ્બરોના નામો નોંધાશે. તમે તમારૂં નામ નોંધાવશો પણ કોણ જાણે એ નામો લખાવાનું કહેનાર મી૦ કડીયા કર્યાયે ભરાયા કે જેનો પત્તોજ ન લાગ્યો પણ શું કઇ કડીયા પાંછા પડે તેમ હતા? તેમણે અમદાવાદથી લાવેલ હેન્ડબીલો વહેંચવા ઉપર ત્રીજી બાજી ગોઠવી ત્યાં તો નારવાળા ભાઇઓએ રોકડુ પરખાવ્યું કે આને અહિં કોને બોલાવ્યો છે અને જણાવ્યું કે તમારે અહિં કાંઇ પણ વહેંચવું કરવું નહિ, સોસાયટીની વાત સંભારની નહિ. સીધા સીધા અમદાવાદ ચાલ્યા જાવ. નહિ તો આતો પટેલો છે. મી૦ કડીયા તો આભાજ બન્યા. ગોઠવેલી બધી બાજી ઉંધી વળી ગઇ. અંતે સોસાયટીના ગાંસડા પોટલા બાંધી વીલે મોઢે લીલા તોરણે મી૦ કડીયા અમદાવાદ સીધાવ્યા. સાંજના અમદાવાદવાળા શેઠ સકરાભાઇ લલ્લુભાઇ તરફથી નોકારશી હતી. સર્વે મેમાનો જમી પરવારી શાંતિથી વીદાય થયા છે. મી૦ કડીયાને આટલેથીજ નારમાં સાચી શીખામણ મળી હોય તો ધાંધિક પ્રવૃત્તિ છોડી હૃદય પલટો કરશે ને?

ખંભાતી.

દેશવિરતિના આમંત્રણનો સન્જડ જવાબ.

——(૦)——

શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજના સ્વાગત સભ્યો જોગ,

મુ. સુરત.

જોગ શ્રી અમદાવાદથી લી૦ શકરાભાઇ લલ્લુભાઇના જયજીનેન્દ્ર વાંચશો. આપે મોકલેલા આમંત્રણ માટે આભારી છું. આપની આમંત્રણ પત્રિકા સાથે સંસ્થા સ્થાપન, ઉદ્દેશ નિવેદન વિગેરે મળ્યાં. વાંચી જોતા સંદરહુ સંસ્થાએ ક્રિયાને અગ્ર પદ આપેલુ અને જ્ઞાનને ગૌણ પદ આપ્યાનું લાગ્યું. શ્રી જીનેશ્વર ભગવાનના પ્રવચનો જ્ઞાનને મુખ્યપદ આપે છે, અને તેથીજ જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ એમ શાસ્ત્રકારો પોકાર કરી કરીને જણાવે છે, છતાં તમોએ મોકલેલ ઉદ્દેશનું રહસ્ય ક્રિયાનેજ શ્રેષ્ટ ગણવાનું સમજાવતું હોય તેમ લાગે છે. જે સંસ્થા ક્રિયાનેજ વળગી તેને અગ્રપદ આપવા માગતી હોય અને જ્ઞાનને ગૌણ ગણતી કે ધારતી હોય તે ધર્મની કુંકામની સેવા કરી શકે એમ હું માની શકતો નથી. ચાલુ જમાનો જુદુજ જોવા અને જાણવા માંગતો નજરે પડે છે. તે જ્ઞાન અને જ્ઞાનીનેજ નમન કરે છે અને તમારી સંસ્થાનું ધ્યેય તેથી વિરૂદ્ધ લાગે છે. તેથી દીલગીર છું કે આપની આમંત્રણ પત્રિકાને માન આપી શકતો નથી. મને જે સાચું લાગ્યું તે લખ્યું છે, તેથી માઠું લગાડશો નહી. આ સાથે આપની મોકલાવેલી આમંત્રણ પત્રિકા પાછી મોકલું છું.

લી૦ સંઘનો દાસાનુદાસ
શકરાભાઇ લલ્લુભાઇ
ના જયજીનેન્દ્ર વાંચશો.

અપૂર્વ દીક્ષા મહોત્સવ.

—:○:O:○:—

કોન્ફરન્સના ઠરાવ અન્વયે અપાએલ દીક્ષા. શ્રીમંતો અને કેળવાએલ વર્ગ અને યુવક વર્ગની આકર્ષક હાજરી.

વૈશાખ શુદિ ૧૧ ગુરૂવારના દિવસે મુંબઇમાં અગાઉથી યોગ્ય જાહેરાત થયા મુજબ દીક્ષા મહોત્સવ થયો હતો. મારવાડી વીશા ઓશવાળ જ્ઞાતિના એક બંધુ ટેકચંદ મગનીરામ જેઓ અતિશય ત્યાગવૃતિ ઘણા વખત થયા ધરાવતા હતા અને વ્રત, તપ, પચ્ચખાણ નિયમાદિથી સંસાર વિરકતતા પોષી રહ્યા હતા તેમણે સદરહુ દિવસે પં:–શ્રી હિંમતવિમલજી ગણીના શિષ્ય શ્રી હંસવિમલજી મહારાજશ્રીના હસ્તે શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. વરઘોડો ગુલાલવાડીમાંથી કાઢવામાં આવ્યો હતો અને વાવટા તોરણોથી રસ્તાઓ શણગારવામાં આવ્યા હતા. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનું બેન્ડ સુંદર સરોદે લોકોનાં દિલ રંજન કરી રહ્યું હતું. જાણીતા આગેવાનો શ્રીમાનો, કેળવાએલ વર્ગના સભ્યો, કોન્ફરન્સના રે. જનરલ સેક્રેટરીઓ, યુવક સંઘના સભ્યો અને ઓધેદારો વગેરેએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સુરત, અમદાવાદ, રાધનપુર, પાટણ–કચ્છ કાઠીયાવાડ વગેરે સ્થળોના આગેવાનોએ હાજરી આપી હતી. સાકરનાં પાણી વગેરે માટે ૨–૩ સજ્જનોએ વ્યવસ્થા કરી હતી. રસ્તે ચાલતાં જૈન શાસનની જય અને આચાર્ય શ્રી વલ્લભવિજયસુરિની જયના જયધ્વનિ કાને પડતા હતા.

ભાયખાલાના ભવ્ય દેરાસરજીના ચોગાનમાં આ ક્રિયા કરવાનું અગાઉથી જાહેર થયું હતું, તે મુજબ હજારોની મેદની વચ્ચે આ દીક્ષા આપવામાં આવી હતી અને બધા વર્ગના લોકો એટલી સંખ્યામાં હાજર થએલા તેનું મુખ્ય એકજ કારણ જણાતું હતું કે આ દીક્ષા યોગ્ય પાત્રને યોગ્ય રીતે આપવામાં આવી હતી.

ક્રીયાઓ વચ્ચે જે થોડો સમય મળ્યો હતો તે દરમ્યાન પં. લાલને વિવેચન કરતાં ત્યાગધર્મની ઉત્કૃષ્ટતા સમજાવતાં યોગ્ય દીક્ષાની હિમાયત કરી હતી. નસાડી ભગાડીને દીક્ષા આપવામાં આવે તે પીચગોલ્ડ ગણાય, શુધ્ધ સોનું સો ટચનું સોનું ન ગણાય, તેથી ધર્મની અવલેહના થાય. બાદ વીરચંદ પાનાચંદ શાહે જણાવ્યું કે સધુઓએ દેશની આઝાદીની લડતમાં યોગ્ય ફાળો આપવો ઘટે.

ક્રીયા બહુ શાંતિથી સંપૂર્ણ થઇ હતી અને નવ દીક્ષિતનું નામ મુનિ મંગળવિમલજી રાખવામાં આવ્યું હતું.

બાદ વાસ ક્ષેપ અને ચોખા નવ દીક્ષિત ઉપર વરસાવતાં શેઠ છોટાલાલ પ્રેમજીએ જણાવ્યું કે દીક્ષાઓ આ રીતે અપાવી જોઇએ. દીક્ષા આ રીતે અપાય તો કોઇને વાંધો ન હોય. નસાડવા ભગાડવાના દિવસો હવે અસ્ત થયા છે. બાદ આગળ ચાલતાં જણાવ્યું કે આપણી કોન્ફરન્સ તે સમસ્ત હિંદના જૈનોની પ્રતિનિધિત્વ ધરાવનારી એકજ મહા સંસ્થા છે તે હિંદનો સઘ ગણાય અને હું તેના સેક્રેટરી તરીકે જાણે કે આખા સંઘવતી આ ચોખા ચડાવું છું અને આશા રાખું છું કે નવ દીક્ષિત મુનિ મંગળવિમળજી પોતે અંગીકાર કરેલ ચારિત્ર દીપાવે. બાદ જયનાદો વચ્ચે સૌ વિખરાયા હતા.

કોન્ફરન્સની દીક્ષાના ઠરાવને માન આપી રાધનપુરમાં ઉજવાયેલ દીક્ષા મહોત્સવ.

વૈશાખ સુદી ૬ ના રોજ સવારના સાડા દશે ભાઇશ્રી સાકળચંદને મુનિમહારાજ હિરવિજયના શિષ્ય ઉપાધ્યાયજી શ્રી કનકવિજયજી મહારાજે રાધનપુર જૈન સંઘની તેમજ ભાઇશ્રી સાકળચંદના સગા સંબંધીની અનુમતિથી તેમની હાજરીમાં ભાગવતી દીક્ષા આપેલ છે. વરઘોડાની તમામ વ્યવસ્થા રાધનપુર જૈન સ્વયંસેવક મંડળે જાળવી હતી. નવદીક્ષિત મુનિ સુભવિજયજી તેમના ગુરૂજી સાથે જેઠાસરમાં રાત રહી, સવારે જૈનશાળાએ પધારતાં શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી અને દીક્ષાને લગતું તમામ ખર્ચ નવદીક્ષિત તરફથીજ કરવામાં આવ્યું હતું નવદીક્ષિતની ઉમર વર્ષ ચાલીશની છે. રાધનપુર જૈન સંઘ ઇચ્છે છે કે નવદીક્ષિત મુનિનું ચારીત્ર ઉજવળ બનો અને શાસન જયવંતુ વર્તો.

સુરતમાં જૈનોની જાહેર સભા.

સુરતમાં જૈનોની સભા ગયા રવીવારે તા૦ ૪-૫-૩૦ ના રોજ ડા. અમીચંદ છગનલાલ શાહના પ્રમુખપણા નીચે મળી હતી, તેમાં નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા મહાત્મા ગાંધીજીને અભિનંદન; ચાલુ લડતની ફતેહ; સરકારની બેરકાયદેસર વર્તણુ સામે વિરોધ; પંડીત જવાહરલાલની ગીરફતારી માટે અભિનંદન તથા ના૦ વિઠ્ઠલભાઇ પટેલે પ્રમુખપદનો ત્યાગ કર્યો તે માટે; વિગેરે બાબતો પહેલા ઠરાવમાં પસાર કરવામાં આવી હતી.

ઠરાવ બીજો: સુરતના રહીશ શા. ઘેલાભાઇ અમીચંદની પુત્રવધુ બાઇ મંગળા બ્હેનની દીક્ષા એમના કુટુંબીઓની ઉપરવટ થઇ; થએલ અકય સમાધાન અને શાંતી તોડી દીક્ષા લેનારને ખોટી રીતે સમજાવી એકાએક દીક્ષા આપી દીધી છે. તો શ્રી સાગરજીના ખટપટી અને સાધુના વિરૂદ્ધ તે કાર્યને આ સભા સખ્ત રીતે વખોડી કાઢે છે અને તેવી ખટપટમાં દીક્ષા લેનાર કુટુંબીઓ તથા સગાસંબંધીઓ સામે નથી થયા તે તેમના સ્વમાનશીળ વર્તણુની આ સભા કદર કરે છે.

ભાવનગરના જૈન યુવકસંઘની પ્રવૃત્તિ:–ગઇ તા૦ ૨૭ મીના રોજ સંઘના મેમ્બરો પગપાળા ઘોઘા જઇ સભા ભરી, સરઘસો કાઢયાં અને વિદેશી કાપડના બહિષ્કારનો ઉપદેશ આપ્યો હતો.

લગ્નની અનુકરણીય પ્રવૃત્તિઓ:–ભાવનગરના ઉંટી વખારના કરીયાણાના વેપારી શેઠ લક્ષ્મીચંદ પાનાચંદ શાહના ચી. ભાઇ રાયચંદના લગ્ન વૈશાક શુદી ૮ ના રોજ શુદ્ધ ખાદીમાં થયા છે, તેમજ માટુંગામાં ભાઇશ્રી વિરચંદ પાનાચંદે પોતાની પુત્રી બેન શાંતાના લગ્ન શુદ્ધ ખાદીમાં વૈશાક શુદી ત્રીજના રોજ જૈન વિધી પ્રમાણે તેમજ ઘણી સાદાઇથી કર્યાં છે, તેને માટે અમો તેમને અભિનંદન આપીએ છીએ.

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

શ્રી વીરનાં સાચા સંતાન. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૧ મો. | સંવત ૧૯૮૬ ના વૈશાખ વદી ૭. તા૦ ૧૯-૫-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

રાષ્ટ્રીય ધર્મયુદ્ધ અને જૈન ત્યાગીઓ.

હિંદી રાષ્ટ્રીય મહાસભાએ મહાત્મા ગાંધીજીની સરમુખત્યારી નીચે શરૂ કરેલ ધર્મયુધ્ધમાં જૈન ત્યાગીઓ કાંઇ ફાળો આપી શકે કે કેમ એ સવાલ આજે સમસમી રહ્યો છે. જૈનો અને જૈન ત્યાગીઓએ દેશના કરોકટીના સમયે પોતાનો ધર્મ વિચાર્યો છે. દેશ અને ધર્મ પ્રત્યેની ફરજ હમેશા અદા કરી છે અને તેમ કરીને રાષ્ટ્રમાં જૈનોનું ગૌરવ અખંડ રાખ્યું છે. શ્રી સીધ્ધસેન, દીવાકરજી, શ્રી હેમચંદ્રાચાર્ય અને શ્રી હીરસૂરી મહારાજ વગેરે અનેકાનેક જૈન ધર્માચાર્યો, જૈન મંત્રીઓ અને બીજા જૈન નરરત્નોના નામો ઇતીહાસમાં અમર થયાં છે ત્યારે આજે જ્યારે આખુંય રાષ્ટ્ર ઉત્થાનના પંથે પડયું છે, અહિંસા, સત્ય, અને શાંતિ એ એની સીદ્ધિના સાધનો છે, ત્યારે અહિંસા અને સત્યમાં સંપૂર્ણપણે માનનાર અને તેનો ત્રીકરણ અમલ કરનાર અમારા જૈન ત્યાગીઓ આજે કયાં છે? શું કરે છે અને કયાં ધોરે છે? જમીયત ઉલ ઉલેમા જેવી મુસ્લીમ ધર્મગુરૂઓની સંસ્થા, સમાજીસ્ટ બ્રહ્મચારીઓ, સન્યાસીઓ, શંકરાચાર્યો અને બૌદ્ધ ધર્મગુરૂઓએ આ લડતમાં ફાળો નોંધાવ્યો છે ત્યારે અમારો જૈન ત્યાગી સમાજ જાણે પોતાની અસ્તી રસાતાળ ગઇ હોય તેમ શાંત ચુપકીદી ધારણ કરી બેઠો છે. કેટલાક વેશધારી સાધ્વાભાસો તો ખાદી અને પુણ્યશ્લોક મહાત્માજીને નીંદે છે, ભાંડે છે. અમે તો રાગદ્વેષ છોડનારાઓ, દેશ કે વિદેશ અમારે મન સમાન છે, વિશ્વ એ અમારો દેશ છે એટલે ખાદી પહેરી પરદેશ પ્રત્યે દ્વેષ કેમ કેળવાય? આવું વાણી છળ રચે છે, અને લેંકેશાયર તેમજ મેન્ચેસ્ટરના મુલાયમ સરળતી મલમલમાં મહાલે છે અને અનેક વિદેશી વસ્તુઓનો ઉપયોગ કરે છે. એક તરફ વસુધૈવ કુટુંબકમ્ના બ્હાના તળે સુખ શીલતાને પોષે છે ત્યારે બીજી તરફ અયોગ્ય દીક્ષાના નામે કરેમીભંતે એક કે ત્રણના બ્હાને ઇરીયાવહી પ્રથમ કે પછીના ઓઠે કલ્યાણુક પાંચ કે છના છળે અને સ્તુતી, ચાર કે ત્રણના પડછાયે ઝગડાઓ ખેલે છે, કલેષ, ઝેર, વેર, અને કુસંપની હોળીઓ સળગાવે છે. કેળવણીની, સમાજ સુધારાની અને એમ બધીએ પ્રગતિવાન સંસ્થાઓને ઉખેડવા આંધળીયા કરે છે અને છેવટે જૈન કોન્ફરન્સ જેવી અખીલ ભારત વર્ષીય જૈનોમાં પ્રાણ પ્રેરક સંસ્થાને પણ મિટાવવા મથે છે અને છતાં પોતાને જીતકશાય જીતેન્દ્રીય તરીકે ઓળખાવે છે, અને રાષ્ટ્રીય ઉત્થાનને તો સમજવા જેટલીએ તૈયારી, ત્યાગ કે અર્પણતા નથી. આજના ત્યાગીઓની મનોવૃત્તિ એટલી બધી સાંકડી થઇ ગઇ છે, માનસ અને વિચારશ્રેણી એટલી બધી સંકુચીત બની ગઇ છે કે રાષ્ટ્રીય વિકાસમાં એને ધાર્મિક બીલવણી સમજાતી નથી, ઉલટું એ વિકાસ ધર્મવિરોધી લાગે છે અને તેથી આ વર્ગ સમસ્ત દેશથી અટુલો અને એકલવાયો પડી ગયો છે અને અકર્મણ્ય બની દેશને નિરૂપયોગી હોય તેમ હાંકે રાખે છે. ઘણીએ એવી વિશુદ્ધ પ્રવૃતિઓ છે કે જે આજનો ત્યાગી સમાજ શરૂ કરી શકે પોતાના દ્રષ્ટાંતથી સમાજમાં તેનો પ્રચાર પણ કરી શકે. ખાદી એ મુકાબલે ઓછામાં ઓછી હિંસાથી બનતું એ કાપડ છે, જ્યારે વિદેશી અને મીલોના કાપડમાં લાખો મણ ચરબીના વપરાશની વાત જાણીતી છે આમ છતાં ખાદી ન પહેરીને અને તે પહેરવાનો ઉપદેશ બંધ કરીને અમારો ત્યાગી સમાજ પોતાનો દયાનો દાવો જુઠો પાડે છે. ઓગા માટે દશીઓ વણી શકાય, ત્રપણીના દોરા બનાવી શકાય, પાતરાં રંગી શકાય, કપડા ધોઇ શકાય, બીલી શકાય, પાટા અને કામળીની કોરોમાં ભરત ભરી શકાય, આ બધું જો થઇ શકે અને તેમાં પણ અમુક અંશે તો હીંસા તો છેજ તો પછી પોતાને જોઇએ તેટલા વસ્ત્રો પુરતું સુતર તકલીથી કેમ કાંતી ન શકાય તે સમજવું અઘરૂં છે. જૈન શાસ્ત્રોનો ઘણો ભાગ વ્યસન ત્યાગના ઉપદેશમાં રોકાયલો છે અને તે ઉપદેશ કરવાની એકે એક ત્યાગીની વિશુદ્ધ ફરજ છે. આજે દારૂનિષેધની પ્રવૃતિ દેશવ્યાપી બની છે તેમાં પણ અમારા ધર્મધુરંધરોનું અને શ્રવણી સમાજનો જરાએ ફાળો નથી એ જાણી કયો જૈન દુઃખ નહિ અનુભવે? યજ્ઞસ્થાનો પર હીંસાના સમારંભો પર જૈન ધર્માચાર્યો જતા અને હીંસા અટકાવતા એ હકીકતો શાસ્ત્રપ્રસિધ્ધ છે. આજે કરોડપતિઓની સુકુમાર સ્ત્રીઓ ધોમ તડકે દારૂનાં પીઠાઓ પર કલાકો લગી ચોકી કરે છે અને અહીંસાનો જવલંત પુરાવો, વર્તનથી સાબીત કરે છે ત્યારે વ્યસન નિષેધના ઉપદેશ માટે ફરજથી બદ્ધ થયલા અમારા મુનિઓ અને સાધ્વીજીઓ આલેશાન ઉપાશ્રયોમાં મહાલે છે. કોઇ કમળાનહેરૂ, ઉર્મિલા, અનસૂયા, લીલા, જાનકી બ્હેન અને વાસંતીદેવી જેવી સર્વ સાધનસંપન્ન વીર રમણીઓ વ્યસનની બજારે દયાની દેવીઓની માફક અહીંસાનો સંદેશો પ્રસારે છે ત્યારે અહીંસાનો ઇજારદાર અમારો ત્યાગી સમાજ ઘરખુણે ભરાઇ રહી માત્ર દયાની પોકળ વાતો કરે છે. ઇતિહાસ આ શરમ કયા લખશે ત્યારે જબ્બેનો લાજી મરશે. પ્રભુ અમારા ત્યાગી સમાજને ત્યાગના વિશુદ્ધ અર્થ અને કર્તવ્ય સમજાવે. પંડિત આણંદજી દેવશી શાહ.

પોપટલાલ શાહની સેવાઓ.

અમુલાલ મગનલાલ જણાવે છે કે:—

પોપટલાલ શાહ પુનામાં ઘણા વર્ષોથી કામ કરી રહ્યા છે હાલમાં તેઓ ખેડુતોને પોતાની સેવાનો લાભ આપી રહ્યા છે હવેથી તાલુકાના ખેડુતોને હાલની ચળવળનું જ્ઞાન આપી તેમની પાસેથી લડતમાં તન, મન, ધનથી સહાય આપવાનું વચન મેળવી રહ્યા છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

શ્રી વીરનાં સાચા સંતાન.

શ્રી મહાવીર પોતે ક્ષત્રિય હતા એટલે તેમના પુત્રો તરિકે આપણે પણ એ ક્ષત્રિવટનો દાવો કરતાજ આવ્યા છીએ. વર્તમાન કાળ એ ક્ષાત્રતેજની આખાદ કસોટી કરી રહ્યો છે. ઇતર સમાજોની માફક જૈન સમાજે પણ રાષ્ટ્ર ચરણે પોતાની સેવાઓ આપી છે. સફેદ દુધ જેવા ખાદીના સ્વચ્છ વસ્ત્રોથી સજ્જ થયેલી સત્યાગ્રહી સેનામાં અને પીળા કેશરીઆ પોષાક પરિધાન કરનાર સ્ત્રીસૈનિકોમાં જૈનોની સંખ્યા જોઇ ભાગ્યેજ એવો કોઇ અભાગી હશે કે જેને હર્ષની ઉર્મિઓ ન ઉઠતી હોય. આજે એ સેવા અર્પી રહેલ સંખ્યાથી તો આપણું મુખ ઉજ્વળ થયું છે. જૈનત્વના સાચા ઇતિહાસને ઝળકાવનાર ને જીવંત કરી બતાવનાર તેઓજ છે. વીરનો ધર્મ ભૂતકાળમાં માંયકાંગલાઓનો હતોજ નહીં અને વર્તમાન કદિ પણ નથીજ. એનું સાચું ભાન કરાવનાર પ્રસંગ જો કોઇ પણ હોય તો આ ગાંધીજીની ચળવળ છે અને એમાં સંપૂર્ણપણે સાથ આપી જૈનોએ સ્વક્ષાત્રતેજ, સાથે સાથે સ્વજાતમાં પચાવી રાખેલ સાચી અહિંસકતા દેખાડી આપવા માંડી છે. સત્યાગ્રહના યુધ્ધને અપનાવી આજે તેઓ સિધ્ધાંતને તેમજ ઇતિહાસને યથાર્થ રૂપમાં નવેસરથી આલેખી રહેલા છે. જૈનો જેમ નાના જીવોની દયા પાળી શકે છે તેમ મોટા જીવો યાને માનવજાત પર પડી રહેલા અમાપ ત્રાસના નિવારણ અર્થે પણ કમ્મર કસી, દયાની વિશાળતાનો કોયડો ઉકેલવાની તકને નજીક લાવી શકે છે ટુંકમાં કહીએ તો સાચુ જૈનત્વ કેવળ લાંબી પહોળી વાતો કરવામાં કે આડંબરી દેખાવો કરવામાં નથી પણ જ્ઞાનપૂર્વક બાહ્ય અભ્યંતર શત્રુઓ સામે શાંતિપૂર્વક જીત મેળવવામાં છે તેથી એ સનાતન સત્યનો સાક્ષાત્કાર જનતાને કરાવવાનું શુભ કાર્ય સ્વાર્પણ દ્વારા પુરું પાડી રહેલ છે. આમ જ્યારે યુવાન લોહીનું વલણ દેશની હીલચાલમાં છે ત્યારે કેટલાક વિચાર વર્તનમાં બૂઢ્ઢા છતાં, કૃત્રિમ પીંછા ધારણ કરી હંસ બનવાની વૃત્તિવાળા કાક સમ યુવાનપણાની ચેષ્ટાને દેશ સેવાની વાતો કરી રહેલા દ્રષ્ટિગોચર થાય છે. આ બધુઓ પોતાની જાતને શાશનના પ્રેમી તરિકે ઓળખાવવામાં ગર્વ માને છે છતાં એમનામાં શાસન પ્રેમની માત્રા કેટલા પ્રમાણમાં છે એનું તોલન સારીયે જનતા તેઓ તરફથી જુનેર, જામનગર, પાટણ, ખંભાત, સુરત અને મુંબઇ આદિ સ્થળે ભજવાયલા ફારસોથી યથાર્થ રીતે કરી મુકેલ છે. નિષ્પક્ષપણે કહ્યા સિવાય રહેવાતું નથી કે તેમને આજે શ્રી મહાવીર દેવના શાસન કરતાં રામ-સાગરના શાસનની વધારે પડી છે. પોતીકા પક્ષને જીતાવવાની આંધીમાં તેઓશ્રી વીરના ઉદારતાભર્યા સિદ્ધાંતોનું ખુન કરતા પણ અચકાતા નથી! તેમને આજે પૂર્વાચાર્યોકૃત અસંખ્ય ગ્રંથો કે જે ઉદ્ધારને અભાવે કીડાનો ભોગ બનતા જાય છે તેની પડી નથી પણ એથી ઉલ્ટું પોતાની બડાશો વિસ્તારવા જોડી કાઢેલા પેંફલેટોને ફરફરીયામાં નાણા બચવામાં ધર્મ માની બેસવાની બેલછા લાગુ થઇ છે. હજારો જૈનો ઉદ્યોગના અભાવે આજીવિકાના દુઃખોથી પીડાતા હોય તે તરફ ભીની આંખ કરવાનો અવકાશ નથી અને એમ છતાં કેવળ ધામધુમના આડંબરને પોષતા હજુ શરમ નથી લાગતી! દેવદ્રવ્યને લગતા ઘોટાળાભર્યા હિસાબો પોતાના નામે છડેચોક બોલાતા હોવા છતાં એમાં ચોખવટ કરવાની જરા માત્ર વૃત્તિ નથી; એમ છતાં તેઓ શાસન ઉન્નત્તિને નામે પોકાર કરતાં શા સારૂ લાજતા નહીં હોય! સટ્ટા આદિના વેપારોમાં અનિતિના માર્ગે ઉપાર્જન કરેલ દ્રવ્ય હોવાથી તો તેનો આવો દુરૂપયોગ નહીં થતો હોય! જો ઠેર ઠેર કલેશોની આગો પ્રજ્વલિત કરનારા શાસનપ્રેમી કહેવાશે તો પછી સાચા પ્રેમીને અવશ્ય મૌન ગ્રહણ કરવુંજ પડવાનું. આતો 'નામ પાડે સુરજી જસુ, તે આંખે નહિં દેખે કસું' જેવો ઘાટ! આતો ધર્મના નામે સેવાતા આડંબરની વાત થઇ. તેઓ દેશ સેવામાં શું ફાળો આપી રહ્યા છે તે જાણો છો? જેમની છાતીમાં 'ખાદી પ્રવૃત્તિ' જેવી નિર્દોષ ચળવળને ટેકો આપવા જેટલું સામર્થ્ય નથી તે તે બીજું કયું લીલું કરવાના હતા? કયાં ગયા પેલા મુબઇવાળા યંગમેનો? બાનદાન નબિરાઓની કહેવાતી એ સેવાભાવી 'કોર'નો કોઇ સરવસ કે સભામાં કેમ ભેટો નથી થતો? શું યુનીફોર્મસજી માત્ર શ્રીરામની પાછળ કોર્ટના દાંદરા ઠેકવા જવામાં સેવાની પૂર્ણાહૂતિ સમાઇ ગઇ છે? કોઇ બાપના લાલ બોલશે કે? ઘરની શૂરવીરતા કિંવા ભાડુતી વાજીત્રોમાં ધર્મના ઓહા તળે પોતાનો ભાવ ન પૂછાવાથી ભાંડચેષ્ટા કરવા રૂપ ભવાઇ કરવામાં જરૂર શૂરવીરના નથી એટલુંજ નહિં પણ વીરોચિત સાચું શૌર્ય પણ નથી, નરી કાયરતા છે વીરના સાચા સંતાન હોવાની અભિલાષા હોય તો એ બધા ચાળા ચસકા મૂકી દઇ, ખોટા માર્ગે કરવામાં આવતો ધનવ્યય છોડી દઇ, દેશના ગુંચવાયલા કોકડાના ઉકેલમાં સાથ આપી આગળ વધો. આત્મશક્તિનું સાચું ભાન થયું હોય તો દોડી જાય ધરાસણા. આજે ત્યાં સાચા અનશનનાં દર્શન થઈ રહ્યાં છે. ઉપવાસ આદરી તમો પણ તે આદરો, આળોટીને કે ઉંધીને ઘણાયે ઉપવાસો કર્યા હશે છતાં સમજપૂર્વકનો સંયમયુકત આ તપ જરૂર કરો. આ કંઇ આત્માની લુખી વાતો નથી પણ લોખંડના ચણા ચાવવા જેવા સાચા દર્શનનો યોગ છે. વીસમી સદીના સુદર્શન કે કાળિકાચાર્ય જરૂર માનજો કે ઉપાશ્રયમાંથી નહિં પણ આવા અહિંસક સંગ્રામ સ્થળેથી પાકવાના છે. ઝાંપડાની પોળના કે ઓશવાળ મહોલ્લાના વરઘોડા-સામૈયાની વાહ વાહ કે બોલબાલા આની આગળ સાગરમાં બિંદુ સમ છે.

અફસોસની વાત એટલીજ છે કે દેશમાં જ્યારે ચોમેર જાગૃતિના પૂર ફરી વળ્યા છે અને ચેતનત્વના પગલા મંડાઇ રહ્યા છે ત્યારે જૈન સમાજનો એક કહેવાતો ધર્મિ વર્ગ લાખો જીવોના ભોગે તૈયાર થતું અપવિત્ર રેશમ તજવા પણ કમ્મર કસતો નથી. હજુ પણ મીલના ચરબીભર્યા વસ્ત્રો વાપરી ધર્મની શોભા વધારવાની વાતો કરે છે! ઢગલાબંધ સાચા ફુકારો નજરે જોવા છતાં હજુ એના વાજા-વાવટાને પરઘોડાના શોખ ઓછા થતા નથી. સંસાર અસારની વાતો કરનાર દિન ઉગે નવા કલહો ઉભા કરી કષાયની ચોકડીમાં ઉભો ખુંચે છે સત્યાગ્રહી જેવા શૌર્યની છાંટ સરખી ન હોવા છતાં પોપટની માફક કેવળ આત્મ-મુકિતની વાતો રટી જવામાં હજુ તે પોતાને સાચો શાસન સેવક માને છે! જ્ઞાનને વિસારી કેવળ ક્રિયાથી ગાડરતા ધારણ કરી હજુ પણ તો ગરદન ઉંચી રાખવા યત્ન સેવે છે. વધુ આશ્ચર્ય તો એ છે કે સંસાર સર્યે જરા પણ ન લેવાદેવાની વાતો કરનારા કેટલાક સંતો એજ સંસાર ને સરકારના કાયદાને પાળવા સારૂ ધર્મના કાનુનને પણ ઉંચો મૂકતાં વિચાર કરતા નથી. આ કરતાં વધુ શોચનીય શું હોય? જૈન સમાજ, શ્રી વીરનાં સાચા સંતાન, હવે તો તું પ્રબુદ્ધ થા.

સત્યાગ્રહી સૈનિકનો એક પત્ર.

આ પત્ર કલીકટમાં વસતા મારા મિત્ર નથ્થુભાઇ પારેખના પુત્ર ચી૦ કાન્તિલાલનો છે. ભાઇ કાન્તિલાલની ઉમ્મર લગભગ વીશ વર્ષની છે. છેલ્લા નવ વર્ષથી સત્યાગ્રહ આશ્રમમાં તે જોડાએલ છે અને ગાંધીજીની સેનાના તે એક સૈનિક છે તેના પિતા એક આદર્શપરાયણ સહૃદય સજ્જન છે અને આ ઉપરાંત બીજા બે પુત્રોને પણ આ લડાઇમાં તેમણે અર્પ્યા છે ભાઇ કાન્તિલાલનાં માતુશ્રી કે દાદા હયાત નથી અને તેનાં મોટીમા દીકરાના દીકરાઓ આ લડતમાં હોમાઇ રહ્યા છે તે વિષે કલ્પાંત કરે છે. આ સંબંધમાં ભાઇ કાન્તિલાલે પોતાની બહેન ઉપર એક પત્ર લખ્યો છે જેની નકલ મને મળતાં જૈન પ્રજા તે રસપૂર્વક વાંચશે એમ લાગવાથી પ્રકટ કરવો યોગ્ય ધાર્યો છે. ભાઇ કાન્તિલાલ શ્રી. અબ્બાસ તૈયબજી જે ટુકડી લઇને ધારસણાના અગર ઉપર ધાડ પાડવા નીકળ્યા હતા તેમાં સામેલ હતા અને સૌ સ્વયંસેવક સાથે તે પણ ત્રણ માસની સખ્ત કેદની શિક્ષા પામ્યા છે. પરમાનંદ.)

આટ, તા૦ ૨૮-૪-૩૦.

સુરજ બહેન,

તારો તથા રસીક ભાઇનો પત્ર પરમે મળ્યો પુઆના સમાચાર વાંચ્યા હરી ઇચ્છા એટલુંજ લખવું પ્રાપ્ત થાય છે; કચ્છમાં આ ચળવળમાં ગણ્યાગાંઠ્યા જે ભાગ લેતા હતા તેમનાં એક અગ્રેસરને પ્રભુએ ઉઠાવી લઇ કચ્છ ઉપર એના બદલે બીજા ઉભા કરવાનો ભાર નાંખ્યો છે એ ગયા તેથી કચ્છને તેમાંય જૈન સમાજને ખોટ પડવાનીજ.

હું નથી સમજી શકતો કે માને હજુ શું નથી ગમતું પણ કલ્પી લઉં છું કે તેઓને અમે અહિં મરવા આવ્યા છીએ એમ લાગે છે અને એમનાથી સહેવાતું નથી આ કાગળ માને લખતો હોઉ એવુંજ લખાણ આવશે. મા હું તમને પુછું છું કે તમે એમ તો નથીજ માનતા ને કે અમારામાંથી કોઇ પણ અમર રહેવાનું છે? જો મરવાનાજ છીએ એ વાત ખરી હોય તો ગમે ત્યારે મરશું; તો જે દુઃખ થવાનું હશે તે થશેજ. અમે મરવાના અને દુઃખ થવાનું એ ત્રોફસ વાત છે. પણ અહિં તમને એકજ વાત મુંઝવતી હશે તે એ કે કદાચ અમે આ લડતમાં ખપી જઇએ તો તમારાં પહેલાં મરી ગયા ગણાઇએ અને તમે એમ માની લીધેલું કે જો અહિં અમે આ લડતમાં ન જોડાઇએ તો તમારા પછી મરીએ મા એ કોણ જાણે છે કે કોણ કયારે મરવાનું છે? મરવાનું નક્કી કર્યું હશે ત્યારે કોઇ પણ રીતે માણસે મરવાનુંજ છે આપણે જો પ્રભુને માનતા હોઇએ તો એ ભય મનમાં ન લાવતાં દેશ માટે ગમે તે કરવું પડે તે કરવા તૈયાર થવું જોઇએ. એવો કોણ ભાગ્યશાળી હોય કે દેશ માટે મરી શકે એના માટે તો મહાવીરની તપશ્ચર્યા જોઇએ, દયા જોઇએ પણ મહાવીર જેટલી તપશ્ચર્યાને અભાવે દેશ માટે મરવાનું ન મળે તો ઘસાવાનું તો મળેજ અને આપણે જૈનોએ તો પરમાર્થ માટે મરી ફીટવુંજ જોઇએ ત્યારેજ આપણો દયા ધર્મ અને અહિંસા સિદ્ધ થાય પણ મા, મારા આ એક કાગળથી તમે એ ઓછું સમજી જવાના છો? જો સમજી જાઓ તો હું ધન્ય માનું મને, કારણ કે આજ કેટલાય દીવસથી ભવ્ય પુજાપાઠ, તપ, ધ્યાન કર્યા છતાં જે વસ્તુ જે ધર્મ તત્વ તમે ન સમજી શકયા તે હું સમજાવી શકયો. આજકાલ ધર્મને નામે ચાલતા ઢોંગથી જો જ્ઞાન આવતું હોત તો તેને કોઇ ઢોંગ પણ ન કહેત અને આટલું બધું અજ્ઞાન પણ દુનીયામાં ન વર્ત્તાત. તમે અમને રજા આપો કે ન આપો અમારા અહિં આવવાથી તમે દુઃખી થાઓ કે ન થાઓ એનું મને દુઃખ નથી. પણ ભાભીને યાદ કરીને બાપાને યાદ કરીને જે દુઃખ તમે ભોગવો છો એથી મને જરા દુઃખ થાય છે. ભાભી યા બાપા હોત તો શું કરત તે તો જિન જાણે; પણ જેમ તમે માની લ્યો છો કે ભાભી અને બાપા હોત તો અમને અહિં ન મોકલત. તેમજ હું માનું છું કે ભાભી યા બાપા હોત તો તમે એક વચન પણ ન કહી શકત. ભાભી યા બાપાને, તમનેજ વહાલા છીએ પણ એ વાતજ જવા દઇએ; હોત તો યા ન હોત તો ન જોઇએ જે છે તેનીજ વાત કરીએ.

મા? તમને હું આજે જણાવી દઉં છું કે ભાએ અમને નથી આશ્રમમાં મોકલ્યા કે નથી અહિં લડતમાં મોકલ્યા એતો પ્રભુએજ કંઇક મને ૯ વર્ષપર આશ્રમમાં આવવા પ્રેરેલો હા, ભાએ રોકયો નહિં; પણ ઇચ્છા તો મારીજ હતી તેમજ જયંતી અને ઇન્દુનું. અને અહિં આવવા માટે પણ એમજ થયું છે. અને હવે તો અમે મોટા થયા. ભા રોકી પણ શી રીતે શકે? ભા રોકે તોય આ લડતની આટલે પાસે રહી આશ્રમમાં આખી જીંદગી ગાળ્યા બાદ અમારાથી રહેવાય એવી સ્થિતિ; એવા શરીરના મોહી અમે નથી રહ્યા. જેમ તમારી ના છતાંય અમે અહિં આવ્યા છીએ તેમજ ભા ના પાડત તો પણ આવતે એ તમારે નક્કી સમજવું. જ્યાં આખો દેશ મરવા તૈયાર થયો છે ત્યાં અમે રહીએ કે? અમે તો પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ કે જો આ લડતમાં કોઇના ભોગ લેવાનો હોય તો અમારો પહેલો ભોગ લઇ અમને ખુશ કરજે પણ એવી અમારી તપશ્ચર્યા કયાં છે? એવાં અમારાં ભાગ્ય કયાં છે? નહિં તો જે બે ત્રણ મરણ નિપજ્યાં તેમાં અમારો વારો ન આવત? હજુ અમારો તો વાળ પણ વાંકો નથી થયો; ત્યાં તો મોટા મોટા વકીલો જેલમાં સિધાવ્યા. અનેક અમારાં જેવાં કુમળાં યુવાનોને માર પડયો, તેમજ પકડાયા, અને એ બધું કોના માટે? દેશને માટે, મા ખરી રીતે મારે લખવું જોઇએ કે અહિં વર્ષો ગાળી મેં તો મારા નવા સગપણો કર્યા છે. જો જયંતને માર પડે તો હું જોઇ રહું? જો મારાં કોઇ શીક્ષકને કેદ મળે તો હું ઘરમાં ભરાઇ રહું? ના હવે એ વાણીયાપણું મારામાં કે અમ ભાઇઓમાં નથી રહ્યું, બાયલાપણું જતું રહ્યું છે, અને તમારા પુત્રો વાણીયા મટી ક્ષત્રીઓ અહિંસક ક્ષત્રીઓ થયા છે. મારીને જીતનાર નહિં પણ મરીને જીતનાર ક્ષત્રીઓ થયા છે. જો તેમના મા તમારે રહેવું હોય તો એક વીર માતાને છાજે તેવા આશીર્વાદ મોકલો કે તેઓ મરે તોય તમારા આશીશ લઇને મરે. જો એમના માટે કંઇ લાગતું હોય તો એમની જીત થાય તેવું કંઇક કરો. ખાદી પહેરો, રંગીન ખાદી ન મળતી હોય તો ધોળાં પહેરો. ધોળાં પહેરે કંઇ તમારા વૈધવ્યમાં ખામી નથી આવવાની ધોળું તો પવિત્રતાની નિશાની છે. પણ તેટલું તો લોકનિંદાના ભયે તમે કરશો નહિં; દેશને ખાતર અરે દેશ શું પણ પુત્રોની ખાતર ખાદી પહેરતાં લોકનિંદા સાંભળવા તૈયાર નથી? અને આ આત્મશુદ્ધિની લડતમાંથી ખેંચી લઇ બાયલા બનાવી અમને બંગડી પહેરાવવી હશે, ત્યાં એ ખુણામાં બેઠાં તમે શું જાણો? અહિં તો હજારો બહેનો પણ અમારી સાથે ભીડું લેવા આવી સરકારી અમલદાર પાસે જેલની માંગણી કરે છે.

સુરજની અહિં આવી લડતમાં જોડાવાની ઇચ્છા છે. મને તો પ્રસંગ મળ્યે તેને પણ બોલાવવાની ઇચ્છા છે પ્રસંગની શોધમાં પણ છું. જો સુરજ પણ અહિં આવે ત્યારે તમને તો શું થાય. મારી તો વિનંતી છે કે તમે અને સુરજ અહિં આવો જોઇ જાઓ કે અહિં શું છે. પછી સુરજ ભલે અહિં રહે. તમારામાંયે જિનવસે અને રહેવાનું સ્પુરે તો તમેએ રહી પડો, અને નહિં તો એકલાં પાછાં જાઓ. આ કાગળ મારે અનિચ્છાએ લખવો પડયો છે. ભા'ના કાગળથી અને મેં સુરજ ઉપર લખેલા કાગળથી તમે શાન્ત થયા હશો એમ માનેલું, પણ છેલ્લા સુરજના કાગળથી જણાય છે કે તમે તો અશાન્તજ છો; એટલે પછી આ પત્ર લખ્યો એમાં જરા પણ વધારા પડતું હોય તો માફ કરશો. સુરજ! તારી પાસે વિદેશી વસ્ત્ર છે તે હું જાણતોજ હતો, પણ જો તારાથી ન બળાય તો ભલે પડયા સડે, પણ આજે ભાર દઇને લખું છું કે તું બનતી ઉતાવળે ખાદી પહેર. આખા કચ્છની નિંદા ખમીને જો સાડીજ પહેરે તો સાડી, પણ ખાદીનીજ પહેર એવી મારી ઉમેદ છે. હું હાલ ત્યાં તો તને તેડવા ન આવી શકું પણ જો તું સથવારા સાથે મુંબઇ આવ, તો જરૂર તને મુંબઈ લેવા આવી અહિં સ્વયંસેવીકાનું કામ સોંપાવું. તને સ્વયંસેવીકા જોઇ હું કેટલો રાજી થાઉં તથા સાંભળીને ભા' કેટલા રાજી થાય તે હું લખી શકતો નથી. તને ખાદી માટે જો તારા સાસુ સસરા રોકતા હોય તો હું તેમના પર પણ પત્ર લખવા તૈયાર છું. અને ખાદી તે પણ બહુ બારીક નહિં. હમણાં ખાદીનીજ તાણ છે, ત્યાં તને બારીક તો કયાંથીજ મળે? જો તારી હિમ્મત ચાલતી હોય તો આનો ઉત્તર તો મને ખાદીનાજ ધાબરા પોલકાં પહેરીને લખજે. સાડી માટે કાપડ હાલ ત્યાં નજ હોય તો મળ્યે તુરત પહેરજે, આટલું થશે? ફરી એકવાર કહું છું કે તારાં વિદેશી કપડાંની પરવા ન કરતાં પેટીમાં સડવા દેજે, અને જો હિમ્મત હોય તો એ પાપને બાળીજ નાંખજે, કે ફરી કદી પહેરવાનો વારોજ ન આવે.

લી૦ તને ખાદીધારી ઇચ્છતો તારોજ
ક્રાન્તિ.

જાહેર ચેતવણી.

શ્રી ઘાટકોપરના મૂર્તિપૂજક જૈન સંઘના સેવકોના નામે વગર સહીના નામથી જે હેન્ડબીલ બહાર પાડવામાં આવ્યું છે તેની સામે ઘાટકોપરમાં વસતા સઘળા જૈનો સંમત નથી.

સમસ્ત સંઘની કોઇ પણ મીટીંગ મેળવી સંઘની રજા મેળવ્યા સીવાય કોઇ પણ વ્યકિત કે વ્યકિતઓએ કહેવાતા જૈન સાધુ રામવિજય વીગેરેને ઘાટકોપરમાં આવવાનું આમંત્રણ આપ્યું હોય તો તે આમંત્રણ સમસ્ત સંઘ તરફનું નથીજ તેમ આ જાહેર ચેતવણીથી સમજવું.

આ કહેવાતા જૈન સાધુ રામવીજય આદી મંડળીના પરાક્રમો જગમશહુર છે—**જૈન કોન્ફરન્સને દફનાવનાર! તેના પ્રેસીડન્ટ શેઠ રવજીભાઇ સોજપાળ તરફથી મૂકાયલા ઠરાવોનું તેરમું કરનાર!** તથા જૈન કોમમાં કુસંપના બીજ વાવનાર આવા સાધુ મંડળનો સદંતર બહીષ્કાર કરવાની ઘાટકોપરના સર્વે જૈન ભાઈ-બહેનોને નમ્ર વિનંતિ કરવામાં આવે છે. લી૦,

શ્રી ઘાટકોપરમાં વસતા મૂર્તિપૂજક જૈન સંઘના સભ્યો.

સુરત સંમેલન ઉપરના તારના સંદેશાની પોકળતા.

મીંયાગામ સેવાસંઘની સભાના ઠરાવો.

(૧) સમાજના અધિવેશનની સફળતા ઇચ્છનારો જે સંદેશો મીંઆગામના શ્રી સંઘના નામે અત્રેના શેઠ નેમચંદભાઇ પીતાંબરદાસે અધિવેશનના પ્રમુખ ઉપર મોકલાવેલો તે બહિના સંઘની બેઠક મેળવી પરવાનગી લીધા સિવાય મોકલ્યો હોવાથી તે તેમનો અંગત સંદેશો છે, એમ અમે માનીએ છીએ અને એમણે સંદેશાદ્વારા બતાવેલી સહાનુભૂતિમાં અમારો હિસ્સો નથી એમ મીંઆગામ જૈન સેવાસંઘની આ સભા જાહેર કરે છે તેમજ હવે પછી સંઘના નામે સંઘની રીતસર મંજુરી લીધા સિવાય તેનાં નામે કોઇપણ પત્રવ્યવહાર યા સંદેશો નહિ ચલાવવા આ સભા શ્રીમાન શેઠ સાહેબ નેમચંદભાઇને ભલામણ કરે છે.

દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

જૈન સત્યાગ્રહીઓના બધુ નામો.

૮૬ શ્રી વીરજી લાધા શાહ
૮૭ ,, હંસરાજ લાલજી શાહ
૮૮ ,, શામળજી તારાચંદ શાહ
૮૯ ,, મેઘજી ખીમજી શાહ
૯૦ ,, દામજી હીરજી મૈશેરી
૯૧ ,, જેઠાભાઇ નાગજી શાહ
૯૨ ,, જીવરાજ મુલજી ગોસર
૯૩ ,, કેશવજી વેલજી મોમાયા
૯૪ ,, નેણુજી નાગશી તારવાળા
૯૫ ,, પ્રાણલાલ નાનચંદ
૯૬ ,, પ્રેમચંદ તારાચંદ
૯૭ ,, લીલાધર એલ. શાહ
૯૮ ,, લખમીચંદ વીરજી લાપસીઆ
૯૯ ,, ચત્રભુજ ધનજી
૧૦૦ ,, કુંવરજી હરભમ પીર
૧૦૧ ,, ગોવીંદજી નાગશી પોદ્દડીઆ
૧૦૨ ,, કલ્યાણજી ભાણજી છેડા
૧૦૩ ,, જીવરાજ મેઘજી દાદા
૧૦૪ ,, પોપટલાલ જેતશી
૧૦૫ ,, ખીમજી જીવરાજ
૧૦૬ ,, દામજી કાનજી નાગડા
૧૦૭ ,, ખીમજી ત્રોકમજી
૧૦૮ ,, નરશી કલ્યાણજી
૧૦૯ ,, ગોવીંદજી ખીમજી

[બધુ નામો આવતા અંકમાં.]

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

વ્યાપારી આલમ સત્યાગ્રહને માર્ગે યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૨ મો. | સંવત ૧૯૮૬ ના વૈશાખ વદી ૧૩. તા૦ ૨૬-૫-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

પાટણ જૈન યુવક સંઘ વાર્ષિક મહોત્સવ.

શ્રી પાટણ જૈન યુવક સંઘનો વાર્ષિક મેળાવડો (વૈશાક વદી ૮) ના રોજ બાબુસાહેબ દોલતચંદજી અમીચંદજીના પ્રમુખપણા નીચે રાતના આઠ વાગે શ્રી પંચાસરાજીના ભવ્ય મેદાનમાં ઉજવાયો હતો. ભાઇઓ અને બહેનો મળી લગભગ ૧૫૦૦ની હાજરી હતી. પ્રમુખશ્રી બાબુસાહેબ શેઠ દોલતચંદજી અમીચંદજીએ નીચે મુજબ ભાષણ કર્યું હતું.

સુજ્ઞ બંધુઓ અને બહેનો !

આજે જગતના ઇતિહાસમાં યુવાનો મોખરે ઉભેલા છે. સામાજીક સુધારણામાં બળવો તો યુવાનોનો. દેશની આઝાદ લડતમાં ભેરબંધી તો યુવાનોની. બલિદાન-યજ્ઞમાં લોહીનાં અર્પણ તો-યુવાનોના. ટુંકામાં આજે સમસ્ત વિશ્વમાં યુવાનો, રાષ્ટ્ર, સમાજ અને બીજી સંસ્થાઓના પ્રાણપ્રેરક આત્માઓ બનેલા છે.

આજનો યુવાન એકસંપી, એકદીલી અને વિશ્વકલ્યાણની ભાવના પર પહેલાં દૃષ્ટિ દોડાવશે. આજના યુવાનને સડેલા રાજ્ય વહીવટો નહીં ગમે. આજનો યુવાન જીર્ણ થઇ ગયેલા સામાજીક વહેવારો નિભાવી લેવા તૈયાર નહીં થાય. આજનો યુવાન આપખુદી અને અંધસરમૂખ્તારીને લેશ પણ નહીં નમે. ધાર્મિકતાના દંભ પાછળ ખેલાતા તમાસાઓ ખુલ્લા કરવામાં આજનો યુવાન પોતાનું કર્તવ્ય માનશે. યુવાનોની આ સક્રિય ક્રાંતિને દાબી દેવા માટે રૂઢીપૂજકો ગમે તેવા નાટકો ભજવે, ગમે તેટલી ધુમો પાડે અને ગમે તેટલો ડર બતાવે, પણ આજના યુવાનને એવી ઘેલછાઓ પર પરવા રાખવી પોષાય તેમ નથી.

આ યુવક સંઘ તે યુવાનોના સહકારથી તૈયાર થયેલું એક કાર્યક્ષેત્ર છે. એ કાર્યક્ષેત્રના કાર્યવાહકો, યુવાનોની સક્રિય ક્રાંતિનો પ્રત્યક્ષ પુરાવો જનતાને બતાવે. આંતરકલેશોથી અળગા રહી, સામાજીક ઉત્થાનનો નાદ ઝીલે. સમાજમાં ઘુસેલા વહેમો અને ખર્ચાળ રિવાજો, ડોળાઇ ગયેલાં રૂઢીબંધનો, લગ્ન-પ્રસંગની કેટલીક સિથિલતાઓ અને પુરાણપ્રેમીઓએ ઠસાવેલી અંધશ્રદ્ધાઓ વિગેરે વિનાશક તત્વોનો ધ્વંસ કરી સમાજમાં સુંદર અને બળવાન તત્વોનો પ્રચાર કરવા માટે સંસ્થાને તૈયાર કરે.

આજે ભારતવર્ષમાં મુક્તિસંગ્રામની રણહાક વાગી રહી છે. સારાયે દેશમાં સ્વાતંત્ર્ય મેળવવાની તમન્ના પ્રગટી છે. આઝાદી માટે અનેક દેશવીરો પોતાના જીવન-બલિદાન અર્પણ કરી રહ્યા છે. આવા જાગૃતિના ઉદયકાળમાં આપણો જૈન-સમાજ જો સોડ તાણીને સૂતોજ રહેશે, તો પૂર્વના ચોંટેલા કલંકો સજ્જડ થશે, અને એ કલંક ધોવાની અણમૂલ તક ફરી પ્રાપ્ત નહિ થાય. પૂર્વે દેશની આઝાદી માટે અનેક જૈનોએ પોતાના આત્મભોગ આપ્યાની કથાઓ ઇતિહાસમાં મોજુદ છે. અને આજનો ઇતિહાસ પણ તમારી પાસે આત્મ-ભોગની, દેશસેવાની અને માનવકલ્યાણની ભીખ માગે છે. ત્યારે તમે શો જવાબ આપશો ? રાષ્ટ્રના પ્રશ્નને જતો કરશો તો યુવાનો તરિકે રહેવાનો અધિકાર તમારા માટે નહીં રહે.

વિશેષ મારે શું કહેવાનું હતું ? તમે હવે જડ પ્રશ્નોમાં ન ચુંગળાતા ચેતનવંત પ્રશ્નોને હાથમાં લો. સમાજ, દેશ અને ધર્મના ઉદ્ધાર માટે સહુ કટીબદ્ધ થાઓ, શુદ્ધિ, જ્ઞાતિ-સંગઠ્ઠન, ધર્મ પ્રભાવના અને ઐક્યના પ્રચાર માટે તનતોડ પ્રયત્ન કરો.

છેવટે પરમકૃપાળુ શાસન દેવ સમસ્ત વિશ્વનું કલ્યાણ કરે અને યુવાનોના હૃદયમાં ધર્મ-સમાજ રાષ્ટ્રના ઉત્થાનની ધગશ પ્રેરે એજ શુભેચ્છા. ॐ શાન્તિ.

બાદ મેળાવડામાં ભાઇ પુલચંદ મહુવાકર, જેસીંગલાલ પુનમચંદ, ભાઇ ચીમનલાલ સંઘવી, કેસવલાલ મંગળચંદ, તારાચંદ ભીખાચંદ મણીલાલ ગભરૂ, અને અમીચંદ ખેમચંદે રાષ્ટ્ર હીલચાલ અને આપણું કર્તવ્ય તથા જૈન સમાજની સ્થિતિ તેમાં શુદ્ધિ, સંગઠ્ઠન, આર્થિક સિદ્ધાંત ઉપર વિવેચનો થયાં હતાં. બાદ લગભગ અગીઆર વાગે મેળાવડો વિસર્જન થયો હતો.

તા૦ ૨૦-૫-૩૦

દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

જૈન સત્યાગ્રહીઓના વધુ નામો.

૧૧૦ શ્રી. ગાંગજી વેલજી ખોખા
૧૧૧ ,, હીરજી કેશવજી મહેશરી
૧૧૨ ,, ચાંપશી લધા લોહાયા
૧૧૩ ,, હુંગરશી હુમરા
૧૧૪ ,, નાનજી પ્રેમજી દેવજી
૧૧૫ ,, દેવજી લખમશી ગોગરી
૧૧૬ ,, હંસરાજ દેવરાજ શાહ
૧૧૭ ,, લાલજી હરસીંહ લાલન
૧૧૮ ,, કાકુભાઇ જીવરાજ
૧૧૯ ,, જેઠુ નાગજી શાહ
૧૨૦ ,, મેઘજી હંસરાજ
૧૨૧ ,, માવજી ભવાનજી શાહ
૧૨૨ ,, ખીમજી મોનજી સંઘવી
૧૨૩ ,, કીરચંદભાઇ શીવલાલ કોઠારી
૧૨૪ ,, મણીલાલ ત્રીભોવનદાસ શાહ

[વધુ નામો આવતા અંકમાં.]

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

વ્યાપારી આલમ સત્યાગ્રહના માર્ગે.

મુંબઇમાં તા. ૨૩-૫-૩૦ ના રોજ વ્યાપારી આલમે યોગ્ય અવસર ઉપસ્થિત થયે કેમ સત્યાગ્રહ કરી શકાય છે અને તેમાં કેવી રીતે સફળતા મળે છે તેનું અપૂર્વ દૃષ્ટાન્ત પૂરૂં પાડયું છે. તે દિવસે નિકળેલા વેપારી જનતાના પ્રચડ સરઘસને ઝોરીબંદર પાસે શી રીતે રોકવામાં આવ્યું-લોકો કેવી રીતે દ્રઢ આગ્રહ પકડી ત્રણ કલાક સુધી રસ્તા વચ્ચે પુરી ધીરજ અને શાંન્તિપૂર્વક બેસી રહ્યા અને છેવટે પોલીસ કમીશનરે આવી વિષમ પરિસ્થિતિનો વિચાર કરીને પોતાનો દુરાગ્રહ છોડયો અને આખું સરઘસ ધારેલા માર્ગે જઈ શકયું એની વિગત છાપા વાંચનારા સૌ કોઈ જાણતું હશે આ આખા પ્રસંગ ઉપરથી આપણને ધ્યાનમાં લેવા જેવા કેટલાક અગત્યના મુદ્દાઓ મળે છે.

ખરી રીતે જે મંડળ તરફથી આ સરઘસની યોજના થઇ હતી તેમણે પોલીસ કમીશ્નરનો હુકમ મળ્યા બાદ વિરોધ દર્શાવવા ખાતર આ સરઘસ મુલતવી રાખવાનો ઠરાવ કર્યો હતો. પોલીસના હુકમનો વ્યાપારીઓનું સરઘસ અનાદર કરવા જેટલી હિંમત તથા તાકાત બતાવશે એ તો તેમની કલ્પનામાં પણ ન હતું. સરઘસ નહિ કાઢવાની સૂચનાનો સૌ કોઇએ ઇનકાર કર્યો અને 'આપણને કોટના જાહેર રસ્તા ઉપર કેમ જવા નહિ દે?' એવા મક્કમ વિચારપૂર્વક સૌ કોઇ સરઘસના આકારમાં આગળ ચાલ્યા અને પોલીસની દીવાલ સ્વતઃ તુટી ગઇ. આ શું સુચવે છે? જે હિંમત આગેવાનોમાં નથી તે અનુયાયીઓમાં આવી ગઇ છે. જે પ્રશ્ન નેતાઓને મુંઝવે છે તેનો જવાબ આમ પ્રજા આગળ સ્પષ્ટજ હોય છે અને તે પ્રમાણે વર્તવામાં આગેવાનના આગળ ચાલવાની તેઓ ઘડીભર રાહ જોવા તૈયાર નથી. અત્યારની આખી લડત પ્રજા કરતાં પણ નાના મોટા આગેવાનોની ભારે કસોટિ કરનાર છે. જેનામાં નિડરતા ન હોય, હિંમત ન હોય, લોકશક્તિને પારખવાની શક્તિ ન હોય તેણે આગેવાનીની જવાબદારીમાંથી ખસી જવું. આજે લોકોમાં અપૂર્વ સાહસ અને શૌર્યનો જન્મ થઇ ગયો છે, તેને ઝીલનાર અને યોગ્ય માર્ગે દોરનાર સાચા નેતાઓ કોણ અને કેટલા છે તેજ ખરી ચિન્તાનો વિષય છે.

બીજો મુદ્દો લોકચિત્તમાં અધીરાઇ-ઉચ્છૃંખલતા-મારામારીની વૃત્તિઓની જગ્યાએ ધીરજ-સંયમ-સહિષ્ણુતા અને અહિંસાની વૃત્તિએ જે સ્થાન લીધું છે, લોકોમાં જે સાચી સમજણ આવી ગઇ છે તેને લગતો છે. જે શાન્તિ અને સમતાનું પ્રસ્તુત પ્રસંગે આપણને દર્શન થયું છે તે સર્વત્ર ફેલાવી દેવી અને ગમે તેવા ઉશ્કેરણી કે ત્રાસના પ્રસંગે ટેક જાળવવી અને તે જાળવતાં માથે આવી પડે તેની સામે થયા સિવાય પુરી શાન્તિથી સહેવું-એ પાઠ આપણી પ્રજાના માનસમાં જેટલો જલ્દિથી જડાઇ જાય તેટલી આપણા રાજકીય યુધ્ધની સફળતા નિશ્ચિત અને સમીપ છે એ વિષે આટલા અનુભવ બાદ હવે બે મત હોવાનો સંભવ નથી.

ઉપરી અધિકારી પણ જ્યારે કરેલી ભૂલનું ભાન થયે સુધારી લેવાની હીંમત દાખવે છે ત્યારે મોટી આફતમાંથી રાજ્ય તેમજ પ્રજા ઉગરી જાય છે. પોલીસ કમીશ્નર પાસે આવી ગંભીર પરિસ્થિતિ ઉત્પન્ન કર્યા બાદ બેજ વિકલ્પ રહ્યા હતા. કાંતો એકઠી થયેલી જનતાના સાગર ઉપર પાશવી આક્રમણ કરી બધાને વિખેરી નાંખવા અથવા તો અન્યાયી અને અપમાનભર્યા હુકમને મુંગે મોઢે પાછો ખેંચી લેવો. જો પહેલો વિકલ્પ સ્વીકાર્યો હત તો કયા કયા ભયંકર પરિણામો નિપજત તેની કલ્પના કરવી મુશ્કેલ છે. એ હુકમ પાછો ખેંચીને ખરી રીતે સરકાર પોતેજ મોટી આફતમાંથી બચી છે. આવું ડહાપણ જો બધે દર્શાવવામાં આવ્યું હોત તો કાયદા અને વ્યવસ્થાના નામે આજે સર્વત્ર અત્યાચારનું જે સામ્રાજ્ય જામ્યું છે અને સરકાર કેવળ અપ્રિતિ અને તિરસ્કારનો વિષય બની રહેલ છે તેમ બનવા ન પામત અને સરકાર ગૌરવપૂર્વક પ્રજાને સ્વાતંત્ર્યના માર્ગે દોરી શકત.

વ્યાપારીઓનો અપૂર્વ ઉત્સાહ અત્યારની આખી લડતનો વિશેષ રંગ છે. જે વ્યાપારીઓને આ અશાન્તિ ફેલાવનારી રાજકીય લડતના પરિણામે તાત્કાલિક ખુબ ખમવાનું છે. તેઓ આજ આવો અણધાર્યો અણકલ્પ્યો સહકાર કેમ આપી રહ્યા છે? કારણ કે તેઓમાં પાકી સમજણ ઉગી છે કે સ્વરાજ્ય સાધનામાં હિંદી વ્યાપારનું ખરૂં અન્તિમ હિત રહેલું છે. અંગ્રેજ સરકારને પણ આ વ્યાપારી આલમનો સહકાર મોટામાં મોટી શુળરૂપ છે. અંગ્રેજોને હિન્દુસ્થાનમાં ખરી રીતે કેવળ વ્યાપારનોજ સ્વાર્થ છે. આ સ્વાર્થ માત્ર આપણા વ્યાપારીઓજ નિર્મૂળ કરી શકે તેમ છે. વ્યાપારીઓ આજના સ્વાતંત્ર્ય યુધ્ધમાં પોતાને ભાગે આવતું કામ કરવાને ઉદ્યુકત થયા છે. જૈનો મોટા ભાગે વ્યાપાર પરાયણજ છે, તેઓ પોતા તરફથી બની શકે તેટલો ફાળો ભરવા નહિ ચુકે એવી આજે સખ્યાબંધ જૈનોને આ લડતમાં અપૂર્વ ઉત્સાહથી ભાગ લેતાં જોઇને પાકેપાકી આશા બંધાય છે.

વડોદરામાં ભાગવતી દીક્ષા.

પરમ પુજય જૈનાચાર્ય શ્રીમદ્ આત્મારામજી મહારાજના સંઘાડામાં મર્હુમ વિજય કમળસૂરીશ્વરજીના શિષ્ય રત્ન મુનીમહારાજશ્રી ઉત્તમ વિજયજી, શ્રાવીકા સૌ. બ્હેન પ્રભાવતીને જેઠ સુદ ૪ ને શનીવારે ભાગવતી દીક્ષા આપવાના છે.

સૌ. બ્હેન પ્રભાવતી જે વીસ વર્ષની ઉમરના છે. તેઓ સરળ, શાંત, સ્વભાવના હોઇ ગુજરાતીનો અભ્યાસ તેમજ ધાર્મીક અભ્યાસ સારો કરેલો છે. તેઓ જુનીના મર્હુમ ઝવેરી હીરાચંદ ઇશ્વરદાસના કુટુંબમાં મર્હુમ ભાઇ સરૂપચંદ હીરાચંદના પુત્રી હોઇ તેમનુ લગ્ન ભાઇ સુંદરલાલ સાથે થયેલું હતું. ભાઇ સુંદરલાલે બે વર્ષ ઉપરજ કપડવંજમાં દીક્ષા લીધી છે. તેઓશ્રી વિજયકમળસૂરીશ્વરજીના શીષ્ય રત્ન પન્યાસશ્રી નેમવિજયજી મહારાજના શીષ્ય છે. તેમનાજ પગલે તેમના ધર્મપત્નિ પોતાનાં સગાં સ્નેહીઓની સમ્મતીથી ચારિત્ર ગ્રહણ કરી આત્મ કલ્યાણ સાધે છે. જે પ્રસંશનીય આદર્શમય છે.

જૈન ચર્ચાનો ઝેરી પ્રચાર.

જૈન જનતા સાવધાન!

——(૦)——

લખનાર: પંડિત આણંદજી દેવશી શાહ.

——:*:——

આ તો જાણીતી અને જગજાહેર વાત છે કે "મુંબઇ સમાચાર" નામના દૈનિક પત્રમાં જૈન ચર્ચાના કોલમોમાં એક જૈનના તખલુસથી લખનાર એ દક્ષીણ ગુર્જર જૈનને હવે સારોએ જૈન સમાજ પીછાણે છે. જુન્નેર જૈન કોન્ફ્રન્સની શરૂઆત, એની બેઠક અને ત્યાર પછીના એના લેખોથી એ ભાઇ સમાજમાં જાણીતા થઇ ગયા છે. એમને પોતાને કંઇ સિદ્ધાંત કે માન્યતા જાણે નજ હોય તેવી એના લખાણની ઢબ છે. એક પંકિતમાં લખાએલ વિચારોનો એની બીજીજ પંકિત વિરોધ કરતી હોય તેવી એની રીત છે.

કહેવાતા શાસન પક્ષની વકીલાત કરવાનો આ ભાઇનો ધંધો અને ધજારો હોય એમ લાગે છે. સાચેજ ધંધાદારી લેખકો માત્ર ધંધાની ખાતર લખે છે એટલે એને પોતાને તે સાથે ઓછોજ સંબંધ હોય છે. ગઇ તા. ૧૭-૫-૩૦ શનીવારના મુંબઇ સમાચારમાં એ ભાઇ પ્રકટ થયા છે અને એમણે શાસન પક્ષની ઉઘાડી છતાં નિર્લજ વકીલાત કરી છે. શ્રી કાંન્તિલાલ કસ્તુરચંદ વિગેરે તરફથી મંડાએલ ચકચારભર્યા જૈન કેસપર એણે સમાલોચના કરી છે. શરૂઆતમાં એ ભાઇ લખે છે કે આ કેસનું સમાધન કરવા લગભગ તમામ જૈન સમાજની ઇચ્છા હતી. પછી તે લખે છે કે સુધારકપક્ષે સમાધાન કરી પીછેહઠ કરી છે અને આજ સુધી તેણે સ્વીકારેલ વલણ, વિચારો, અને આચરણથી તે પક્ષ હઠી ગયો છે; આ દલીલની મૂર્ખ અસંગતતાપર હસવું આવે છે. જે કેસના સમાધાનમાં લગભગ બધા જૈનો આતુર હતા, તેનું સમાધાન થયું તેમાં સુધારકપક્ષને સંડોવવાની જરૂર શી છે; અને તેમ કરી સુધારકપક્ષે પીછેહઠ કરી તેની સાબીતી શી છે? કેસ ક્રીમીનલ હતો; તેમાં મુનિસમાજની કેટલીક વ્યક્તિઓપર સુધારક પક્ષના જે આચાર વિષયક આરોપો છે તે આથી નિર્મળ થાય છે એમ મનાવવા જૈન ચર્ચાકારનો યત્ન છે અને તે મિથ્યા છે. સુધારક વર્ગ અને ખાસ કરી યુવાન વર્ગ પ્રમાણીકપણે એમ માને છે કે શ્રમણ સમાજમાં કેટલીક વ્યક્તિઓ અનાતિમાન છે, ઝગડાખોર છે; કલેશ અને કુસંપનો ઉત્પાદક છે; અયોગ્ય દીક્ષા માટે તે ઉઠાવગીરી કરે છે. આ વાત આ વર્ગે છુપી નથી રાખી, તેણે તે વિષે લેખો લખ્યા છે, ભાષણો આપ્યાં છે અને તેની સાબીતીનો પડકાર પણ આપ્યો છે. પણ તેનો આ કેસ સાથે સંબંધ શો છે? મુનિઓ ફરીયાદી નથી થતા એ આ લેખકનો દંભ છે પણ ના. આગાખાન સાહેબની કચ્છ સુદર્શનના તંત્રી મિ. નાનજી લાલજી પરમારે બદનક્ષી કરી ત્યારે એમના અનુયાયી શેઠ મમ્મદભાઇએ જે રીતે પગલાં લીધા તે રીતે કહેવાતો શાસન પક્ષ કેમ નથી કરતો એનો જવાબ જૈન ચર્ચાના લેખક આપશે? આ કેસનો ઉત્પાદક સુધારક પક્ષ હોય તેવો જૈન ચર્ચાનાં લેખકે યત્ન કર્યો છે પણ તે સાચો નથી. ગઇ તા૦ ૨૩-૭-૨૯ ના રોજે લાલબાગની વ્યાખ્યાન સભામાં બનેલા બનાવ પરથી એ કેસ ઉભો થયો હતો અને કેસો આમન સામન મંડાયા હતા, અને આમન સામન ખેંચાયા છે; બન્ને પક્ષોની ખેંચવાની શરતો એક સરખી છે. કેસ ખેંચી લેવાની શરતો શોભારૂપદ છે કે કેમ? તે સાથે સુધારક પક્ષને શી નિસ્બત છે? ફરીયાદી કાન્તિલાલ સાથેનો સહકાર સુધારક પક્ષે ખેંચી લીધો એવો બાલીશ ગપ લેખકે ચલાવ્યો છે; પણ તેવો સહકાર હતો તે માટેજ સપ્રમાણ સાબીતી શી છે? પ્રથમ જે વાત ન હોય તે ઉભી કરવી અને પછી તેનો રદીયો આપવો. એ કહેવાતા શાસન પક્ષની રીતની જૈન ચર્ચાના લેખકે આબાદ નકલ કરી છે. શ્રીમદ્ વિજયવલ્લભસુરીજીને સાક્ષીમાં સંડોવાતા બચાવી લેવા ખાતર આ કેસનું સુધારક પક્ષે સમાધાન કર્યું છે એ લેખકનો બીજો ગપ છે. શ્રી વલ્લભસુરીજીની સાક્ષીથી સુધારક પક્ષને શો સંબંધ હતો અને જે કેસ સાથે સારાએ સુધારક પક્ષનો સંબંધ હોવાનું ચીતરી મારી પછી આમ હતું; તેમ હતું; વિગેરે ડોળવું એથી જનસમાજ છેતરાય એ ભ્રમણામાંથી લેખકે છુટી જવું ઘટે. ચાલતી સુનાવણીઓ વખતે શ્રી. બાલુભાઇ મોતીચંદ સમાધાન કરવામાં કેટલા પ્રમાણીક રીતે આતુર હતા તે સમાજ જાણે છે, અને તેવા અનેક શાન્તિપ્રિય સજ્જનોના શુભ પ્રયાસથી ના૦ ધનદ્રવદન મહેતા સાહેબની ભલી કોશિષથી સમાધાન થયું છે અને તે બન્ને પક્ષે કર્યું છે. એ કેસ ફરીયાદીઓ અને આરોપીઓની મિલ્કત હતી. સમાધાન થયા પછી શાસન પક્ષના વતી તેના પર આવી ગંદી અને અનિષ્ટ ચર્ચા થાય છે એ સાચેજ શોચનીય છે અને કલેશપ્રિયતાનો એક વધુ અને મજબુત પુરાવો છે

ભયંકર જુઠ્ઠાણું.

જૈન ચર્ચાના લેખકે પોતાના ચર્ચાના બીજા ભાગમાં એક ભયંકર જુઠ્ઠાણું સફાઇથી પ્રકટ કર્યું છે. પ્રથમ તો તે જૈન સમાજને જુના અને નવા પક્ષમાં વહેંચી નાંખે છે; પછી યંગ મેન્સ સોસાયટી સંમેલનનાં સ્વાગત્ સરનશીન શ્રી. નેમચંદ નાથાભાઇએ જેમ સમયધર્મિઓની મનઘડવતી વ્યાખ્યા કરી છે તેમ આ લેખક બન્ને પક્ષની મરજી મુજબ માન્યતા ચીતરે છે અને લખે છે કે જુનો પક્ષ શ્રી મહાવીર દેવને સર્વજ્ઞ માને છે અને તેના સિધ્ધંત પર વિશ્વાસ ધરાવે છે, જ્યારે નવો યાને સુધારક પક્ષ શ્રી મહાવીર દેવને સર્વજ્ઞ માનતો નથી; એમના નામ પર ચઢેલા સિધ્ધાંતોને સર્વજ્ઞ કથીત સ્વીકારતો નથી અને શ્રી મહાવીર દેવ જે ભૂલી ગયા છે અને જે નથી કહ્યું તે સુધારવામાં અને વિચાર સ્વાતંત્રમાં માને છે. આ નવા પક્ષની કઇ ઓથોરીટીએ જૈન ચર્ચાના લેખકને પોતાની માન્યતા વિષે લેખીત એકરાર કર્યો છે, તે તો તેજ જાણે. શ્રી મહાવીર દેવ સર્વજ્ઞ ન હતા એવી નવા પક્ષની માન્યતા પ્રકટ કરી જૈન ચર્ચાના લેખકે ભયંકર જુઠ્ઠાણું પ્રકટ કર્યું છે અને એમના શાસ્ત્રો વિષે પણ તેવીજ બાલીશતા આચરી છે. શ્રી મહાવીર દેવ સર્વજ્ઞ હતા, મહાન પુરૂષ હતા, વિશ્વના અગ્રગણ્ય મહાપુરૂષ હતા અને અહિંસાના પરમ પ્રચારક હતા એ સાબીત કરવા ઇતિહાસ અને એવી અનેક દ્રષ્ટિથી નવા પક્ષનો પ્રયાસ જાણીતો છે. હા, એ સાચી વાત છે કે કેટલાક આજના ધર્મગુરૂઓ જેમ પોત-પોતામાં લડે છે, સામ સામા હેન્ડબીલો કાઢે છે અને સ્ત્રીઓના ફટાણા જેવી ભાષાથી પોતપોતાના પક્ષનું સમર્થન કરે છે અને એ બધી ચેષ્ટાને શ્રી મહાવીર દેવના નામપર ચઢાવે છે. આવી હિલચાલ સદીયો પહેલાં થોડા ધર્મગુરૂઓમાં પણ હતી અને તેવા હલકી કોટીના શાસ્ત્રો શ્રી મહાવીર દેવ જેવા મહા-

પુરૂષના નામપર ચઢવા સામે સુધારક પક્ષનો સખત અને મજબુત સામનો છે અને રહેશે. આજના કેટલાક ઝગડાખોર ધર્મગુરૂઓનું નિંદ્ય સાહિત્ય સદિઓ પછી શાસ્ત્ર તરીકે મનાવવાનો યત્ન થશે તેનો સામનો શું અનિવાર્ય નથી? એક દાખલો લઇએ, ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી અને વિનયવિજયજી મહારાજનો વિરોધ જાણીતો છે. આમને સામને 'ધર્મકુહાર' અને 'વિનયભૂંજંગ મયૂરી' જેવું સાહિત્ય પ્રકટ થયું છે. આ ગ્રંથોના નામમાંજ ભારોભાર દ્વેષ ભર્યો છે. ઇર્ષાવહીને લાગતાં જે પુસ્તક સામે ખડતર ગચ્છનો મજબુત વાંધો છે અને ખડતર ગચ્છના પણ કેટલાક પુસ્તકો સામે બીજાઓની ફરીયાદ છે. અચલ. ગચ્છની સતપદી શ્રી પાર્શ્વચંદ્ર સુરીની માન્યતાઓ સામે પણ એક વર્ગનો મજબુત વિરોધ છે. જ્યારે એક વર્ગ અચલ ગચ્છના આર્યરક્ષિતસૂરી અને પાર્શ્વચંદ્રગચ્છના પાસચંદ્રસુરીને ઢુંઢીયાની માશી કહે છે અને સ્થાનકવાસીના કોઇ હલકા કલીએ તપ્પાને તરકડા અને તપ્પાના કોઇ બીનજવાબદાર માણસે સ્થાનીકવાસીઓને 'ઢુંઢીયા ઢેઢથકી ભુંડા' કહેવાનું અને ગવાતું વર્ષો પહેલાં સંભળાતું. આ બધી કટાણા બાજીને કોઇ મૂર્ખ ધર્મગુરૂ પરમ પુરૂષ મહાવીર દેવના નામે ચઢાવે કે નિભાવે તે સામે શું સુધારકે સામનો ન કરવો? સાચેજ જૈન ચર્ચાના લેખકભાઇ, શાસ્ત્ર સમજવા બહુજ નાના છે, બાળક છે, અને તેથીજ તેણે નવાપક્ષની મનઃ કલ્પીત માન્યતા પ્રકટ કરી; પોતાની જાતને વધુ જાહેર કરી છે, પણ આ એક ભયંકર જુઠાણાથી ભરપૂર એવો દંભ છે તેથી તેમાજ સાવધાન બને. આ લેખકે સફાઇથી તેમાં જૈન શ્વેતાંબર મહાસભા (કોન્ફરન્સ)ને સંડોવી છે. એ સંસ્થા ત્રણે ફીરકાની છે એમ સમજાવવાનો અસત્ય પ્રલાપ કર્યો છે અને ઐકયતાના ઠરાવનો એના સમર્થનમાં આશ્રય લીધો છે. ઘણા કહે છે તે સાચું હોય તો જુન્નેરના અધીવેશનમાં ચર્ચાના લેખક હાજર હતા. આ અધીવેશનમાં એ સાફ અને સ્પષ્ટ ચોખવટ થઇ છે કે કોન્ફરન્સ એ મૂર્તિપૂજકોનીજ સંસ્થા છે અને મૂર્તિપૂજકોજ એના પ્રતિનિધિઓ બની શકે. મારવાડ અને કચ્છ વિગેરેના કેટલાક સંઘો, મહાજનો અને પંચાયતો, સ્થાનકવાસી અને મૂર્તિપૂજકો મળી સંયુકત કાર્યવાહી ચલાવે છે તેવા સંઘો વીગેરે પણ જે પ્રતિનિધીઓ ચુંટી મોકલાવે તે મૂર્તિપૂજકજ હોવા જોઇએ. આટલી ચોખવટ શ્રી ઢઢાજી અને ભાઇ પરમાણંદ કુંવરજીના વિવાદ પછી થએલ છે છતાં જૈન ચર્ચાના લેખક ઇરાદાપૂર્વક ઉંધો કકકો ઘુંટાવે છે એ દુઃખ અને શરમનો વિષય છે. ઐકય સુચક ઠરાવનો અર્થ તો ખુલ્લો છે કે જો ત્રણે ફીરકાની એક સંયુકત કોન્ફરન્સ મળે તો અને ત્યારે આપણે આપણા પચાસ પ્રતિનિધિઓ તેમાં મોકલવા અને આ સંયુકત કોન્ફરન્સ અવિરોધી બધાને સંમત હોય જેવું કે 'જૈન તત્વજ્ઞાન' તેવા વિષયોની ચર્ચા કરશે અને તેમ બનશે ત્યારે પણ મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દીગમ્બરો, એ ફીરકાઓની પોતપોતાની કોન્ફરન્સ તો પોતાના બંધારણ પ્રમાણે પોતાનું નિરાળું કામ કર્યે જશે. આ ચોખવટ પણ જુન્નેર અધિવેશનમાંજ થએલ છે, તે ચર્ચાના લેખકથી અજ્ઞાન હોવાનું બનવા યોગ્ય નથી છતાં કોન્ફરન્સને ઉતારી પાડવા માટે થતા મલીન પ્રયત્નો પૈકીનો લેખકનો આ પણ એક તિરસ્કૃત અને પામર પ્રયાસ છે. કોન્ફરન્સ સામે કોર્ટમાં આર્થીક કારણે જવાનો વિચાર ચાલી રહ્યાની વાયડી વાતનો જવાબ તો કોન્ફરન્સના મહા મંત્રીઓ સમય આવે આપી દેશે. જુન્નેરમાં કોન્ફરન્સે પીછે હઠ કરી અને સુરતમાં દેશવીરતીઓએ અને સોસાયટીવાળાઓએ પ્રગતિ કરી; એ ચર્ચાના લેખકનો છુપો છતાં ઝેરી સુર છે. ભાંડનકળા, ગાળાગાળી, અમે સારા બાકી બધા ખરાબ. અને બહિષ્કૃત, આમાં પ્રગતિ થયાનું કોન્ફરન્સ નથી માનતી એ સમાજનું સદ્‌ભાગ્ય છે સુરતમાં પ્રગતિ થઇ છે, એમ હું એક અર્થમાં માનું છું અને તે પ્રગતિ કરવાનું કરનારાઓના અંત તરફ.

કોન્ફરન્સે પોતાના ઠરાવોનો ભંગ કર્યો છે?

જૈન ચર્ચાના લેખકની ઝેરી કલમમાંથી એ વાત ઝરી છે કે કોન્ફરન્સે પોતાના ઠરાવનો ભંગ કર્યો છે. આના સમર્થનમાં લેખકે જે અસંગત વાહીયાત અને બીનપાયાદાર વાતો લખી છે તે જોઇ લેખકની મનોદશા પર અને પક્ષકારિત્વ પર કોઇપણ સમજુને દયા આવ્યા વગર નહિ રહે; તે શુદ્ધિ અને સંગઠ્ઠનના ઠરાવની વાત વચ્ચે લાવે છે છતાં એનું સમર્થન થતું નથી એટલે પછી પાટણ વિગેરેના સંઘે કરેલ બહિષ્કારની વાતને સંડોવે છે, એ લાંબા સમયથી જાણીતી વાત છે કે સ્થાનિક પંચોની, સંઘોની અને મહાજનોની સ્થાનિક, અંગત તકરારો અને ખટપટો વચ્ચે કોન્ફરન્સ નહિં આવે તેવી ચર્ચા તેમાં નહિં થાય અને કોન્ફરન્સ નહિં કરે; આ કોન્ફરન્સનું બંધારણ અને ધ્યેય છતાં તેની જવાબદારી સાથે કોન્ફરન્સનો સંબંધ હોય તેવો લેખકનો યત્ન છે અને એજ આખાએ લેખમાં અસંગત હકીકતોને ઇરાદાપૂર્વક હસાવવામાં આવી છે. કોન્ફરન્સના પ્રચારકોએ બીજાની માન્યતાઓ સામે બળાત્કાર કરનાર વિરૂદ્ધ કંઇ કહ્યું નથી એવો લેખકનો અસત્ય આક્ષેપ છે. કોઇ પણ સ્થાનીક ઝગડામાં કોન્ફરન્સની ઓથોરીટી ન પડે એમાંજ એની શોભા અને સલામતી છે, છતાં કોન્ફરન્સના કાર્યકર્તાઓએ કોન્ફરન્સના હોદેદાર તરીકે નહિં પણ એક ગ્રહસ્થ તરીકે બનતું કર્યું છે. વડોદરામાં મંડાએલ વૈદ્ય બાપુલાલભાઇ તરફના કેસનું સમાધાન કરવા પંડીત લાલન, શેઠ રણછોડભાઇ વિગેરે સજ્જનોએ યત્ન કર્યો હતો પણ પરિણામ ન આવ્યું. મુંબઇ, સુરત, અને વડોદરાની કોન્ફરન્સની પ્રચાર સભાઓમાં મારી હાજરી હતી અને એ વખતે દરેક વકતાઓએ ઐકય, સંપ, સંગઠ્ઠન અને વિચાર વિનિમયની છૂટ ઉપર અપાય તેટલો ભાર આપ્યો છે; બાકી જામનગર અને પાટણ જેવા સ્થાનીક બનાવોમાં કોન્ફરન્સ નજ પડી શકે કોઇ મુનિઓ અને એના મુઠીભર અનુયાયીઓ સ્થાનીક સમસ્ત સંઘની અવમાનના કરે કે કરશે તેમાં સ્થાનીક સંઘની મેજોરીટીને યોગ્ય લાગે તેવું પગલું ભરાયું હોય તે સાથે કોન્ફરન્સને જરાએ સંબંધ નથી, ન હોઇ શકે. અંતમાં જૈન ચર્ચાના લેખકને નમ્ર છતાં દ્રઢ અપીલ છે કે આપ આ ઝેરી પ્રચારથી અટકી જાવ એમાં સમાજની સેવા છે. તમારૂં અંગત શ્રેય છે, પછી તો આપની ઇચ્છા અને સંયોગો. ૐ. શાન્તિ.

:: લવાજમ ::

વાર્ષિક (૮. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

બહાદુરી પૂર્વક પાછા હઠી ગયા અને અદ્રશ્ય થઈ ગયા. એ ગલીચ લેખોના કોઇ ધંધાધારી લેખકે કોઇ વેષધારીએ હમણાં હમણાં ધર્મસેવકનું શ્વાંગ સજ્યું છે જુહાણા, સુધારા, પ્રગતિ, અને વિકાસની નિંદા. એ બધી આ સડેલા શાસનપક્ષની મિસ મેયોને શરમાવે તેવી ગટર મુકાદમી જેમની તેમ કાયમ છે. આ લેખક પોતાનું ખરૂં નામ આપતાં ડરે છે કે શરમાય છે? તેથી તેનું પ્રચાર કાર્ય નામજોગ નથી કરી શકાતું; તેટલું હલકી કોટીનું અને નિંદ્ય છે એ સાબીત છે. આ માણસે ધર્મ-સેવકનું નામ ધારણ કરી, ધર્મને અને એના અનુયાયીઓને શોભાવવાને બદલે નિંદાવ્યા છે. કોઇ અપક્ષપાત જૈનેત્તર ધર્મ સેવકો કેવા હોય છે તેનું માપ આ ધર્મસેવકની મનોદશા પરથી ખેંચવા માગે તો સાચેજ ધર્મના સંબંધમાં તે હલકામાં હલકો અભિપ્રાય બાંધવાની ભૂલ કરી બેસે. વેષધારી ટોળકીના થોડા ગુલામોના આ ભાડુતી ધંધાધારી લેખકો કે કોઇ વેષધારી પોતાના લેખની સાથે ધર્મશાસન કે એવા પવિત્ર અને તારક શબ્દોનો ઉપયોગ કરતાં અટકે તો તેમાં ધર્મ અને શાસનની સેવા છે, પણ ધર્મ અને શાસનની સેવાના બુર્ખા નિચે શાસન અને ધર્મનો નર્યો દ્રોહ કરતી આ ટોળકીને એ સદ્‌બુદ્ધિ શે સુઝે? ગઇ તા ૩-૬-૩૦ ના મુંબઈ સમાચારમાં ધર્મ સેવકનો બુર્ખો ઉંચકાય છે અને પડદા નીચે રહેલું એણે પોતાનું જે અસત્ય સ્વરૂપ પ્રકટ કર્યું છે તેની જડતી લઈએ. એ કહે છે કે વાગડવાળા ઉપાધ્યાય પં. શ્રી. કનકવિજયજી ગણી સમક્ષ અમદાવાદના સાંકળચંદે દિક્ષા લીધી તેમાં મુંબઇ અને રાધનપુરના સુધારક યુવકોએ ભાગ લીધો અને એ દિક્ષા કોન્ફરન્સના ઠરાવને અનુકુળ ન હતી. કોન્ફરન્સના ઠરાવમાં યોગ્ય જાહેરાત એ શબ્દોને ઉડાવી દઇ તે મહિના પહેલાંની જાહેરાતની ગોઠવણી કરે છે. હું જાણું છું ત્યાં લગી તો ભાઇ સાકળચંદની દીક્ષાની જાહેરાત મુંબઇના દૈનિક પત્રોમાં, જૈન, આ પત્રિકા, વિગેરે અનેક પત્રોમાં થઇ હતી. કુટુંબી ઓની રજા હતી અને સ્થાનિક સંઘ સંમત હતો. આ ખુલ્લી વાત છતાં ધર્મસેવક ધર્મને નામે ઉંધો કકકો ઘુટાવે છે અને પોત પ્રકાશે છે. તેણે બીજું એ બાકયું છે કે સુધારકો અને યુવાનો જૈન મુનિઓને દારૂનાં પીપાં પર ચેકી કરવાનું કહે છે, તો પોતાના પક્ષના કેટલા મુનિઓ ચોકી કરે છે? પીપાં પર ચોકી કરવાની ભલામણ માત્ર શાસન પક્ષના સામે ધાંધલ કરતા મુનિઓ માટેજ છે, એ તો ધર્મ-સેવકના ભૂસાની ભમણ છે પ્રગતિવાન યુવાનો અને સાચા સુધારકોને મુનિઓ પરત્વે પક્ષ હોવાની વાત જુદી છે. પીપાં પર ચોકી કરવાની મુનિઓની ફરજ વિષેનું કથન પંડિત સુખલાલજી, લેખક અને બીજાઓનું છે અને તે સર્વસામાન્ય શ્રમણ સમાજ માટે છે. ધર્મસેવક શ્રમણોનું આ કર્તવ્ય નથી, એમ કહેવાની હિમ્મત તો નથી કરી; પણ તે શબ્દ-છળ રચે છે કે રાત્રીના દશ વાગ્યા સુધી પીપાં ઉપર મુનિઓ કેમ જઈ શકે? પણ કોણે કહ્યું છે કે મુનિઓએ રાતના દશ વાગ્યા સુધી જવું. ગૌચરી કરી બપોરના બારથી તે સાંજના પાંચ લગી મુનિઓ જાય તેમાં ધર્મસેવક અને એના માનેલા મુનિઓને હરકત ન હોય તો બાકીના સમયની ત્રેવડ માટે ધર્મસેવકે ચિંતા કરવાની નથી પણ સાચી વાત તો એજ છે કે રાત્રીના ન જવાય એ બહાના નીચે કર્તવ્યભ્રષ્ટતા અને અકર્મણ્યતા છુપાવી છે પણ એ વાક્‌છળથી છળવાના દુંકા દહાડા આંગળીનાં વેઢે ગણાય છે, તે ધર્મસેવક સમજી લે ધર્મસેવકનું ત્રીજું તુત એ છે કે દીક્ષા માટે નાસભાગ કરાવવામાં આવતી નથી અને ઉઠાવગીરી થતી નથી, એના ટેકામાં એડવોકેટ અમીચંદની ચેલેન્જ આગળ ધરે છે અને દાખલા માંગે છે. અમીચંદભાઇ અને મગનલાલ મોદી જેવાઓની આંધળી વકીલાત નગદ સત્ય સમક્ષ નહિ ટકે તે ધર્મસેવકે સમજવું રહ્યું.

રતનબાઇનો કેસ; વાસદનો વરઘોડો; મુનિઓને મળેલ મેથીપાક, શ્રી પ્રતાપ વિજયજી પાછળ, વાગડ, વડોદરા, મહે-સાણા વિગેરે સ્થળે નિકળેલ વોરંટો અને ટંકારા, પાટણ, અમદાવાદ, સુરત, વડોદરા અને જામનગરમાં થએલાં ધાંધલ-વાળાં દાખલાઓ ધર્મ સેવક ન જાણે કે જાણવા છતાં જતાં કરે અને એડવોકેટ સાહેબના ચશ્મે ન ચડે તેમાં દોષ કોનો? કહેવાતો ધર્મ પક્ષ રાષ્ટ્રહીત વિરોધી છે તેણે દેશ ધર્માંરાધક સભા, સંમેલન કે કહેવાતા સોસાયટી સંમેલનમાં દેશહીતને લગતો ઠરાવ એકે ન કર્યો એ એનો પુરાવો છે. જૈન જનતા આ ધમાલીયા વર્ગને દેશદ્રોહી કહે છે એ ધર્મસેવકને નિભાવનાર ટોળકીને ખૂંચે છે. ધર્મ સેવક એના એ લેખમાં કળીયુગની મિમાંસા કરે છે. એ નવી શોધ સમાજે સમજવાની હોઇ એનાજ શબ્દોમાં આ નિચે ઉતારૂં છું.

"આ યુગ કળીયુગ નહિં પરંતુ કરયુગ છે–હાથયુગ છે અર્થાત સત્ય પણ ત્યારેજ તરી શકે છે કે જ્યારે સત્યના અનુયાયીઓ હાથ અને જીભ ચલાવે છે" પ્રભુ? મહાવીરે આ યુગને કળીકાળ કહ્યો છે સ્મૃતિકારો એને 'કળીયુગ' કહે છે ત્યારે ધર્મસેવકને પોતાના પ્રચાર માટે રોકનાર ટોળ-કીનો સુર છે કે આતો કરયુગ છે–હાથયુગ છે. અને સત્યની તારવણી માટે સત્યના અનુયાયીઓએ હાથ અને જીભ ચલાવવી જોઇએ. આ માન્યતા વાણીમાં આજે પ્રગટ થાય છે પણ જુન્નેરમાં આ પક્ષે ક્રિયામાં તો ગયા ફેબ્રુવારીમાંજ મુકી દીધી હતી. સત્યની તારવણી માટે એ ગુંડાઓએ હાથ બરાબર ચલાવ્યો, પથરા ઉડાડયા અને મુંબઇ લગી સત્યની તારવણી કરતા કરતા પાછા ફર્યા; વચ્ચે પુનામાં પણ કરયુગના અનુયાયીઓએ ઉપાશ્રય આગળ હાથ બતાવ્યો અને જીભ તો સોસાયટી સમ્મેલન અને કહેવાતા દેશવિરતિઓના સભામાં કયાં ઓછી ચલાવી છે? બહિષ્કાર, તેરમું, દફન, અમે સારા બીજા બધા ખરાબ, અમે ધર્મી બાકી બધા અધર્મી એ રીતે વર્ષોથી જીભ ચલે છે અને તે ત્યાં લગી કદાચ ચાલશે કે પોતાના બાયડી છોકરાંનો પણ બહિષ્કાર કરી દ્યો; આમ આ પક્ષ, શાસન પક્ષ, શાસન રસીક, ધર્મી વર્ગના તબક્કાઓમાંથી નિષ્ફળતા પૂર્વક હટી જઇ હવે કરયુગ અને જીભયુગમાં પેઠો છે. અને હાથ અને જીભ ચલાવી ભીંડી બજારની લાયકાત મેળવતો જાય છે. આ લાયકાત જેમ વધશે તેમ સમાજ એમને નવગજના નમસ્કાર કરશે 'જય કરયુગ' શ્રી વિજય સીંધજી અજીમગંજવાળાએ શ્રી સાગરજી સમક્ષ સ્વીકારેલ સામાયીકના પરિણામે એમને પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ, એ વાત એ પક્ષનું વાજીંત્ર ખુદ અમદાવાદનું શુક્રવારીયુંજ એના સમ્મેલનોના ખાસ અંકમાં લખે છે છતાં ધર્મસેવક પ્રજ્ઞાબંધુ પત્રની શ્રી સાગરજી બદલે દાનવિજયજી લખાઇ ગયાની નિર્જીવ ભૂલ પર મદાર બાંધી પ્રજ્ઞાબંધુના લેખક મેર રાજાબહાદુરના મૂખમાં સામાયીકથી પુત્ર મળવાની વાત મૂકે છે એમ લખી રાજાબહાદુર તેમ બોલ્યા ન હોય એવો મિથ્યા યત્ન કરી જનતાને છેતરે છે. આ બધા ધર્મપક્ષના જુહાણાઓ, દંભો અને પ્રલાપો કોઇ ધર્મસેવકના નામે કેવી રીતે સફેદીથી પ્રકટ થાય છે અને જનતાને ભમાવવાનો યત્ન થાય છે તેના નમુના છે. શ્રી જીતવિજયજીએ દશ વર્ષ પહેલાં મુનિવેષનો ત્યાગ કર્યો છે. સાધુતાનું રાજીનામું વર્તમાન પત્ર જોગ જાહેર કર્યું છે છતાં જ્યારે શ્રી જીતવિજયજી જેલની દિવાલો પાછળ પુરાય છે તે તકનો લાભ લઇ છાપા-વાળાઓએ એમના નામ સાથે જોડેલું મુનિ શબ્દનું બહાનું લઇ એ આજ્ઞાદ, દેશપ્રેમી અને કર્તવ્ય પરાયણ પુરૂષને પીઠ પાછળ ઘા કરવાનું એમને નિંદવાનું અને ઉતારી પાડવાનું હિચકારૂં કૃત્ય ધર્મ સેવકની લેખીની કરે છે. સાચેજ આવા ધર્મસેવકોથી સેવા, ધર્મ, કર્ત્તવ્ય અને શાસન લાજે છે, ભૂમિ ભારે મરે છે, સમાજ આ પાપીથી ચેતે, એજ અભ્યર્થના

પંડિત આણંદજી દેવસિંહ શાહ.

પુનામાં શ્રી આત્મારામજી મહારાજની ઉજવાયલી ૩૫ મી જયંતી.

પુના જૈન કલબ તરફથી સ્વર્ગવાસી ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદ સૂરિશ્વરજી પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજની ૩૫ મી જયંતી (સ્વર્ગતિથિ) મરહુમના પટ્ટધર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીના પ્રમુખપણે ઉજવવામાં આવી હતી. જેઠ સુદિ ૮ ની મંગળ પ્રભાતે જાહેર ખબરાનુસાર વેતાલ પેઠની જૈન ધર્મશાળા શ્રાવક શ્રાવિકાઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. આ પ્રસંગનો લાભ લેવા ફર્ગ્યુશન કોલેજના અર્ધમાગધી ભાષાના પ્રોફેસર "સુરૂ" સાહેબ તથા અન્ય જૈનેતર વિદ્વાનો પધાર્યા હતા. નવ વાગતાં બાલીકાઓએ પ્રભુસ્તુતિ કરી, પછી ગુરૂપૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યશ્રીએ (પ્રમુખ સાહેબે) મંગલાચરણ કરી કાર્યની શરૂઆત કરવામાં આવતાં પૂ૦ શ્રી રાજવિજયજી મહારાજે શ્રી આત્મારામજી મહારાજનો દાખલો લઈને સમયાનુસાર વર્તવા માટે ભલામણ કરી હતી. પછી ભા.ઇ ચુનીલાલ વેરાએ બોલતાં જણાવ્યું હતું કે મૂર્તિપૂજા અત્યંત જરૂરી વસ્તુ છે. દાખલા સહિત મૂર્તિપૂજાની જરૂરત બતાવી હતી. ત્યારબાદ મુનિ ચરણવિજયજીએ ગુરૂદેવના જીવનચરિત્રના કેટલાક દાખલાઓ ઉપર સુંદર વિવેચન કર્યું હતું. પ્રોફેસર સુરૂએ બોલતાં જણાવ્યું હતું કે "શ્રી આત્મારામજી મહારાજ જૈનોમાં મહાન્ સત્પુરૂષ થઇ ગયા છે. એઓશ્રીની સ્તુતિ પાશ્ચાત્ય વિદ્વાનોએ મુકત કંઠે કરી છે. હોર્નલ સાહેબે શ્રી આત્મારામજી મહારાજને ઘણા વિકટ પ્રશ્નો પુછ્યા હતા જેનો ઉત્તર આત્મારામજી મહારાજે સવિસ્તર શીઘ્ર આપ્યો હતો તે, માટે શ્રી આત્મારામજી મહારાજનો આભાર પ્રદર્શિત કરતાં જે પત્ર હોર્નલ સાહેબે લખ્યો હતો તે વાંચી સંભળાવ્યો હતો અને ઉકત સાહેબે જે શ્રી આત્મારામજી મહારાજની સંસ્કૃતમાં સ્તુતિ કરી હતી તે શ્લોકો જન સમક્ષ સઅર્થ વાંચી સંભળાવ્યા હતા. અંતમાં પ્રોફેસરે જણાવ્યું કે જૈનોમાં જે મુનિ સંસ્થા છે તેવી બીજા કોઇ પણ ધર્મમાં નથી કારણ કે એવો ખડતર સંન્યાસ ધર્મ પાળવો બહુજ મુસ્કેલ હોય છે. જૈનોની મુનિ સંસ્થા જૈન સમાજને માટે ભૂષણારપદ છે અને તેને લઇનેજ શ્રીમહાવીરના સમયથી આજ સુધી જૈન ધર્મ બીજા ધર્મોની સામે ટકી રહ્યો છે અને મુનિ પરંપરા પણ અખંડિત ટકી રહી છે" આ પ્રમાણે પ્રોફેસર સુરૂએ પોતાનું વકતવ્ય પુરૂં કર્યા બાદ પોપટલાલ શાહે ગુરૂદેવના પવિત્ર ચરિત્ર ઉપર ટુંકમાં સુંદર વર્ણન કર્યું હતું, ત્યાર બાદ શેઠ બાલુભાઇ પાનાચંદે પોતાનો પાલીતાણા ઉપર આપેલી આચાર્ય પદ્વીનો પ્રસંગ જાતે અનુભવેલો કહી સંભળાવ્યો હતો. અનંતર પ્રમુખ સાહેબ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ નીચેનું સાર ગર્ભિત મનોહર બોધપ્રદ શૈાર્યતાભરેલું વ્યાખ્યાન આપ્યું હતું—જે જગ્યાએ જે મહાપુરૂષની જરૂરીયાત હોય છે તે જગ્યાએ તેની યોજના કેવી રીતે થાય છે તે કહી શકાતું નથી. પંજાબની તે વખતની હાલત જોતા પૂજ્ય આત્મારામજી મહારાજનીજ ત્યાં જરૂરીયાત હતી એમ કહેવું પડે છે અને તે જરૂરીયાત અકલ્પિત રીતે પૂરી પડી. મહારાજનો જન્મ નથી કોઇ પોરવાડને ત્યાં કે ઓશવાળને, અગ્રવાલને કે દશા શ્રીમાળી આદિને ત્યાં. તેઓશ્રી તો બ્રહ્મક્ષત્રિય કુળમાં જનમ્યા અને તેથીજ યુગપુરૂષ બન્યા. કોઇ વાલોમાં જનમ્યા હોત તો એટલા પ્રભાવશાળી ન નિવડ્યા હોત. પંજાબમાં તે વખતે સર્વત્ર સ્થાનકવાસીઓનોજ અડ્ડો જામ્યો હતો તેથી કરીને મહારાજશ્રી ઉપર પ્રારંભમાં તે પંથનીજ અસર થઈ. કેટલાક વર્ષો તે અવસ્થામાં ગાળ્યા બાદ તેઓશ્રીને સત્યમાર્ગનું ભાન થયું અને તેઓશ્રી મૂર્તિપૂજક શ્વેતાંબર સાધુ બન્યા. જ્યારે તેઓશ્રીએ એમ કર્યું ત્યારે સ્થાનકવાસીઓ ચીડાયા અને તેઓશ્રીનો બહિષ્કાર કર્યો. આહાર ન આપવો, પાણી ન આપવું, રહેવાનું સ્થાન ન આપવું આવી સખ્ત ઉદ્ઘોષણા સ્થાનકવાસીઓએ જાહેર કરી પરંતુ સત્યની ખાતર તેઓશ્રીએ બધો ત્રાસ સહન કરી પોતાની અટલ શ્રદ્ધા પર મક્કમ રહી પોતાનો સત્યમાર્ગ હમેશને માટે પંજાબમાં ખુલ્લો કરી દીધો. હાલમાં ગાંધીજીના સત્યાગ્રહ ઉપર જે સિતમ ગુજારવામાં આવે છે, પ્રાય તેવીજ રીતે ત્યારે શ્રી આત્મારામજી મહારાજ ઉપર ગુજારવામાં આવ્યો હતો. જે લોકોનો અડ્ડો જામ્યો હોય છે, તે એકદમ છોડી મૂકે એમ કેવી રીતે થાય? પણ અંતે તો સત્યનો જય થાય છે અને એટલા માટેજ આજે પંજાબમાં પંદર હજાર મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોની વિશાલ સંખ્યા આપણે જોઇ શકીએ છીએ. આચાર્યશ્રીએ પંજાબ ઉપર ઘણા ઉપકાર કર્યા છે માટે બીજા પ્રાંતોની બાબતમાં હોય કે ન હોય પરંતુ પંજાબની બાબતમાં તો નિઃસંદેહ આચાર્યશ્રી યુગ પુરૂષજ છે. તેઓ શ્રીએ **'બૅ. વીરચંદ ગાંધી'** ને વિલાયત અને અમેરિકા ધર્મપ્રચાર કરવા માટે મોકલ્યા. ખુદ પોતાને ધર્મપ્રચાર કરવાની અને ગ્રન્થ લેખનની ઘણીજ ધગસ હતી. તેઓશ્રીએ જે **"અજ્ઞાન તિમિર ભાસ્કર"** લખ્યો હતો તેમાંના કેટલાક ઉદ્ગારો તે વખતના શ્રાવકો પચાવી પણ નહી શકયા હતા. કોઇ તે ગ્રન્થ છપાવવા માટે પણ તૈયાર થવા ગભરાતા હતા. આચાર્યશ્રીએ કહ્યું કે લેખક તરીકે મ્હારા ઉપર આપત્તિ આવશે. તમોને ગભરાવવાનું શું કારણ છે? તો પણ કેટલોક ફેરફાર કરીને તે ગ્રન્થો છપાવવામાં આવ્યા. પરદેશી વિદ્વાનોને જૈન સંબંધી ગ્રન્થ સાહાય આપવાની ઉદારતા પહેલ પ્રથમ આજ આચાર્યશ્રીએ કરી હતી. પ્રાચીન ગ્રંથોનું સંશોધન કરવાની તેઓશ્રીને એટલી તાલાવેલી હતી કે એક વખતે શ્રી શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજે જેસલમેરથી ચોમાસા માટે પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું કે અહિંના ગ્રન્થ ભાંડારો બહુજ પ્રાચીન છે ને પડયા પડયા સડી રહ્યા છે; જો આપની મરજી હોય તો આ ચોમાસું કરવાની આજ્ઞા આપો." આના ઉત્તરમાં આચાર્યશ્રીએ જણાવ્યું કે એક ચોમાસું તો શું પરંતુ હું આવા કામને માટે બાર વર્ષ રહેવાની રજા આપું છું. સજ્જનો! કેટલી ઉદાર ભાવના? કેટલો પ્રેમ? આચાર્યશ્રી હમણા હોત તો શ્રીસંઘની જે હાલત તમો અમ્હો હાલમાં જોઇ રહ્યા છીએ તે થાત ખરી કે? કદાપી નહી. તેમજ હાલમાં જે હિલચાલ ચાલી રહી છે તેમાં પણ તેઓના ક્ષાત્ર તેજની ઝલક આપણને માલમ પડી આવત. પરંતુ કુદીલ કાળની ગતિ વિચિત્ર હોવાથી આચાર્યશ્રી પોતાની પુરા સાઠ વર્ષની જીંદગી પૂર્ણ કરી જેઠ સુદી આઠમના રોજ આ ફાની દુનીયાનો ત્યાગ કરી સ્વર્ગસ્થ થયા, આ સંસારમાંથી અદ્રશ્ય થઇ ગયા. આચાર્યશ્રીજીની ઘણી આશાઓ અધુરી રહેલી છે તે પૂરી કરવાનું કામ અમારૂં તમારૂંજ છે, આજકાલની હીલચાલમાં જે વીર પુત્રો સામેલ થયા છે, તેઓના માટે આજના શુભ દિવસે થોડુંક ફંડ એકત્ર કરવામાં આવે તો આ જયંતી ઉજવવાની સાર્થકતા ગણાય. આ પ્રમાણે આચાર્યશ્રીજીએ પોતાનું વ્યાખ્યાન પુરૂં કર્યું હતું.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૪ મો.	સંવત ૧૯૮૬ ના જેષ્ઠ સુદી ૧૩. તા૦ ૯-૬-૩૦	છુટક નકલ: ૦॥ આનો.

અનેકાન્તવાદ અને વર્તમાન કાળ.

(પંડિત સુખલાલજીના 'અનેકાન્ત વાદની મર્યાદા' ના લેખમાંથી ઉદ્ધૃત.)

જે સમયે રાજકીય ક્રાંતિનું અનિષ્ટ પરિણામ સ્થાયીરૂપે ધ્યાનમાં આવ્યું ન હતું. સામાજિક બદીઓ આજની માફક ખટકતી ન હતી, ઔદ્યોગિક અને ખેતીની સ્થિતિ આજની માફક અસ્તવ્યસ્ત ન હતી, સમજપૂર્વક યા સમજ્યા વિના પણ લોકો પોતાની સ્થિતિ પર સંતુષ્ટ હતા અને જ્યારે અસંતોષનો દાવાનળ આજની માફક ચારે બાજુ વ્યાપક બનેલો ન હતો ત્યારે આધ્યાત્મિક સાધનામાંથી ઉત્પન્ન થયેલ અનેકાંતદૃષ્ટિએ કેવળ દાર્શનિક પ્રદેશોમાં રહી માત્ર ચર્ચા તેમજ વાદવિવાદનો વિષય બની જીવનથી જુદ્દો રહેવા છતાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવ્યું, કાંઇક પ્રતિષ્ઠા પણ મેળવી; જે સર્વ તે સમય માટે બરાબર હતું, પરંતુ આજે એ સ્થિતિ પલટાઇ છે. દુનિયાના ગમે એ ધર્મનાં તત્ત્વો ભલે ગંભીર હોય, પરંતુ જો તે માત્ર ધર્મની સંસ્થાઓ, તેના પંડિતો અને ધર્મગુરૂઓનાં પ્રવચનો સુધીમાંજ પરિમિત-સંકુચિત રહેશે તો આ વૈજ્ઞાનિક પ્રભાવવાળા યુગમાં તેની કદર પુરાણી કબરથી વધારે તો નથીજ થવાની, અનેકાંતદૃષ્ટિ તથા તેની આધારભૂત અહિંસા એ બે તત્ત્વો મહાનમાં મહાન છે; તેનો પ્રભાવ અને પ્રતિષ્ઠા જમાવવામાં જૈન સંપ્રદાયનો ભારે હિસ્સો પણ છે, પરંતુ આ વીસમી સદીનાં ગડન રાષ્ટ્રીય અને સામાજિક જીવનમાં તે તત્ત્વોથી જો કાંઇ ફાયદો ન થાય તો મંદિર, મઠ કે ઉપાશ્રયમાં હજારો પંડિતોદ્વારા કોલાહલ મચાવવા છતાં પણ તેને કોઇ પૂછવાનું નથી, એ નિઃસંશય વાત છે. જૈનલિંગધારી સેંકડો ધર્મગુરૂઓ અને સેંકડો પંડિતો અનેકાંતના વાળ તો નિરંતર પીંખ્યા કરે છે અને અહિંસાની સૂક્ષ્મ ચર્ચાઓ કરી લોહી સૂકાવે છે તેમજ માથાફોડ કરે છે; તેમ છતાં પણ લોકો પોતાની સ્થિતિના સમાધાન માટે તેમની પાસે નથીજ જતા. કોઇ યુવક તેમની પાસે પહોંચી જાય અને તેને પૂછે કે 'આપની પાસે જ્યારે સમાધાનકારી અનેકાંતદૃષ્ટિ અને અનેકાંત તત્ત્વ મોજુદ છે, ત્યારે આપ બીજાઓ-જૈનેતરોની માફક માંહોમાંહે તકરાર શા માટે કરો છો? મંદિર, તીર્થ, ધાર્મિક અને સામાજિક રીતરીવાજો જેમકે-વેશ કેટલો અને કેમ રાખવો? હાથમાં શું અને કેમ પકડવું? આદિ છોકરમત વાતોને માટે આપ માંહોમાંહે કેમ ઝઘડો છો? શું આપનો અનેકાંતવાદ એ વિષયમાં કોઇ માર્ગ કાઢી આપતો નથી? શું આપના અનેકાંતવાદ અને અહિંસા તત્ત્વમાં પ્રીવીકાઉન્સીલ, હાઇકોર્ટ અથવા મામુલી અદાલત જેટલી પણ સમાધાનકારક શક્તિ નથી? શું આપની અહિંસા આપણી સૂક્ષ્મ ચર્ચાને માટે મારામારી કરવામાં અને અહિંસાની ઉપેક્ષા કરવામાં અયોગ્યતા નથી દર્શાવતી? અમારી રાજકીય અને સામાજિક અવનતિને ઉન્નતિમાં લઇ જવાની શકિત શું આ બે તત્ત્વમાં નથી? જો આ સર્વ પ્રશ્નોના સરળ અને સમાધાનકારક ઉત્તર આપ 'હા' માં ના આપી શકો તો આપની પાસે આવીને અમે શું કરવાના? અમારા જીવનમાં તો ડગલે અને પગલે અનેક મુશ્કેલીઓ આવ્યાં કરે છે તેને પહોંચી વળ્યા વિના જો અમે હાથમાં પોથી રાખી કથંચિત્ એકાનેક, કથંચિત્ ભેદાભેદ અને કથંચિત્ નિત્યાનિત્યનું ખાલી નાહું પકડી રાખીએ તો અમને શો લાભ થાય? તથા અમારા વ્યાવહારિક તેમજ આધ્યાત્મિક જીવનમાં શો ફેર પડે? આ સઘળા પ્રશ્નો સ્વાભાવિક છે; પરંતુ તેનો ઉત્તર આજે તેમની પાસેથી મળવો અસંભવિત છે.

એમાં સંદેહ નથી કે અહિંસા અને અનેકાંતની ચર્ચા વાળી પોથીઓની, એ પોથીઓના ભંડારોની, તેના રચનારના નામોની, તથા તેના રચનાસ્થાનની એટલી બધી પૂજા થાય છે કે તેમાં માત્ર પુરૂજ નહિં પણ, સોના ચાંદી અને ઝવેરાતના પણ ઢગલા થઇ જાય છે; તો પણ તે પૂજા કરનાર અને કરાવનારના જીવન બીજા સામાન્ય માણસની માફક પામરજ દેખાય છે; બીજી તરફ નજર કરતાં અમને સ્પષ્ટ દેખાય છે કે હિંસાની સાપેક્ષ સૂચના કરનાર ગાંધીજીના અહિંસા તત્ત્વ તરફ આખી દુનીઆ જોઇ રહી છે અને તેમના સમન્વયશીલ વહેવારના કારણે તેમના પ્રતિપક્ષી પણ આશ્ચર્ય પામે છે. ભ૦ મહાવીરની અહિંસા અને અનેકાંતની દાંડી પીટનારા તરફ કોઇ બુદ્ધિમાન આંખ પણ ફરકાવતા નથી; જ્યારે ગાંધીજીની તરફ આખો વિચારશીલ વર્ગ ધ્યાન આપી રહ્યો છે. આ તફાવતનું કારણ શું? આ સવાલના જવાબમાંજ બધું આવી જાય છે.

હવે કેવો ઉપયોગ થવો જોઇએ?

અનેકાંતદૃષ્ટિ જો આધ્યાત્મિક માર્ગમાં સફળ થઇ શકે અને અહિંસાનો સિદ્ધાન્ત જો આધ્યાત્મિક કલ્યાણનું સાધન થઇ શકે તો એમ માનવું જોઇએ કે એ બન્ને તત્ત્વ વ્યાવહારિક જીવનના પણ કલ્યાણકારક સાધન અવશ્ય થઇ શકે, કારણ કે જીવન વ્યાવહારિક હોય કે આધ્યાત્મિક, પરંતુ તેની શુદ્ધિના સ્વરૂપમાં ભિન્નતા નથી હોતી; અને આપણે માનીયે છીયે કે જીવનની શુદ્ધિ અનેકાંતદૃષ્ટિ અને અહિંસા સિવાય બીજે પ્રકારે થઇ શકતી નથી, એથીજ આપણે આધ્યાત્મિક કે વ્યાવહારિક ગમે તે જીવન પસંદ કરીએ તો પણ જો તેને ઉચ્ચ બનાવવું હોય તો તે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અનેકાંતદૃષ્ટિ અને અહિંસા તત્ત્વને વિચારપૂર્વક લાગુ પાડવાં જોઇએ. જેઓ વ્યાવહારિક જીવનમાં આ બે તત્ત્વોના

પ્રયોગ શકય માનતા નથી તેમને કહેવાતા આધ્યાત્મિક જીવનને અથવા પશુજીવનને ધારણ કરવું જોઇએ. આ દલીલના ફળ રૂપે છેલ્લો પ્રશ્ન એ છે કે આ સમયે આ બે તત્ત્વોનો ઉપયોગ વ્યાવહારિક જીવનમાં કેમ કરી શકાય ? તેના ઉત્તરમાં જ અનેકાંતવાદની મર્યાદા છે.

જૈન સમાજના વ્યવહારિક જીવનની કેટલીક સમસ્યાઓ આ છે:—

૧ આખા વિશ્વની સાથે જૈનધર્મનો અમલી મેળ કેટલો અને કેવા પ્રકારે થઇ શકે છે ?

૨ રાષ્ટ્રીય અવનિત કે ઉન્નતિના સમયે જૈનધર્મ કેવો વહેવાર રાખવાની છુટ આપે છે ?

૩ સામાજિક સાંપ્રદાયિક ભેદો તથા ફાટફુટોને મટાડવાની જૈનધર્મમાં કેટલી શકિત છે ?

જો આ સમસ્યાઓનો ઉકેલ કરવા માટે અનેકાંતદૃષ્ટિ તથા અહિંસાનો ઉપયોગ થઇ શકે તો તે ઉપયોગ જ એ બે તત્ત્વોની પ્રાણપૂજા છે અને જો એવો ઉપયોગ ન થઇ શકે તો એ બે તત્ત્વોની પૂજા એ માત્ર મૂર્તિપૂજા અથવા તો માત્ર શબ્દપૂજાજ હોઇ શકે, પરંતુ જ્યાં સુધી મેં ઉંડો વિચાર કર્યો છે ત્યાં સુધી મને સ્પષ્ટ માલુમ પડયું છે કે ઉપરના ત્રણજ નહિ પણ બીજા એવા અનેક પ્રશ્નોના વ્યવહારીક ખુલાસા, જો બુદ્ધિ હોય તો, અનેકાંતદૃષ્ટિ અને અહિંસાના સિદ્ધાંતદ્વારા શોધી શકાય તેમ છે. દા૦ ત૦ જૈનધર્મ પ્રવૃત્તિ-માર્ગ છે કે નિવૃત્તિમાર્ગ છે ? આ પ્રશ્નનો ઉત્તર અનેકાંત-દૃષ્ટિની યોજના દ્વારા રાષ્ટ્રીય કાર્યને અપેક્ષાએ એમ આપી શકાય કે જૈનધર્મ પ્રવૃત્તિ નિવૃત્તિ એ બન્ને માર્ગાવલંબી છે. દરેક ક્ષેત્રમાં જ્યાં સેવાનો પ્રસંગ હોય ત્યાં અર્પણની પ્રવૃત્તિનો આદેશ કરવાને કારણે જૈનધર્મ પ્રવૃત્તિગામી છે અને જ્યાં ભોગવૃત્તિનો પ્રસંગ હોય ત્યાં નિવૃત્તિનો આદેશ કરવાને કારણે તે નિવૃત્તિગામી પણ છે, પરંતુ જેમ આજ દેખાય છે તેમ ભોગમાં અર્થાત્ બીજાઓની પાસેથી સગવડ ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરવી અને યોગમાં અર્થાત્ બીજાઓને આપણી સગવડ આપવા નિવૃત્તિ ધારણ કરવી તે અનેકાંત તથા અહિંસાનું વિકૃતરૂપ અથવા તેનો સ્પષ્ટ ભંગ છે. શ્વેતાંબરીય અને દિગંબરીય ઝઘડામાંથી કોઇ કોઇ લઇ એ ઉપર અનેકાંતદૃષ્ટિ લાગુ પાડવી જોઇએ. નગ્નત્વ અને વસ્ત્રધારણના વિષયમાં તથા સ્ત્રીના મોક્ષના સંભવ અસંભવના વિષયમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નયોનો બરાબર સમન્વય થઇ શકે છે. જૈનત્વ અર્થાત્ વીતરાગત્વ એ તો દ્રવ્ય-સામાન્ય છે અને નગ્નત્વ તથા વસ્ત્રધારણ તેમજ નગ્નત્વ તથા વસ્ત્રધારણનું વિવિધ સ્વરૂપ એ સર્વ પર્યાય-વિશેષ છે, ઉકત દ્રવ્ય શાશ્વત છે, પરંતુ તેના ઉકત પર્યાય સર્વ અશાશ્વત તથા અવ્યાપક છે. પ્રત્યેક પર્યાય જો દ્રવ્યસંબંધ-દ્રવ્યબાધક ન હોય તો તે સત્ય છે; અન્યથા સર્વ અસત્ય છે. તેવીજ રીતે જીવનશુદ્ધિ એ દ્રવ્ય છે અને સ્ત્રીત્વ તેમજ પુરૂષત્વ એ બે પર્યાય છે. આજ વાત તીર્થના તેમજ મંદિરના હકકોના વિષયમાં ઘટાવવી જોઇએ. ન્યાત, જાત અને ફિરકાના વિષયમાં ભેદાભેદભંગીનો ઉપયોગ કરવાથી ઝઘડા મટવા જોઇએ. ઉત્કર્ષના સર્વ પ્રસંગોમાં એકત્ર થવું અને અપકર્ષના પ્રસંગોમાં સહકાર ન આપવો; એજ પ્રકારે વૃધ્ધલગ્ન, અનેક પત્નિગ્રહણ, પુર્નવિવાહ જેવા વિવાદવાળા વિષયોમાં પણ કથંચિત્ વિધેય અવિધેયની ભંગીનો ઉપયોગ કર્યા વિના સમાજ એક રૂપે જીવિત ન રહી શકે.

ધર્મસેવક પોત પ્રકાશે છે.

કોણ છે એ ધર્મસેવક ?

—:○:O:○:—

કહેવાતા સાશનપક્ષના કોઇ ગુપ્ત લેખકો અને એના પ્રેરકો પોતાના નિંદ્ય, અછલહીન, અને બાલીશ વિચારોને જાહેર કરવા લેખકોના પ્રતિદિન નવા નવા સ્વાંગો સજે છે, અને ભવાઇના સ્ટેજપર જેમ એકને એક માણસ અવનવી ભૂંતાવળના વેષ ધરી જાહેરમાં આવે છે, તેવી આ કહેવાતા શાસન રસકોની મલીન મનોદશા પ્રકટ થાય છે. પ્રથમ મધુકર, શાસનભકત, શાશનપ્રેમી, અને શાશનરસીક વિગેરે તખ્લુસથી એના લેખકો પ્રકટ થતા કોઇને ભામાશા, કોઇને પ્રતાપ, તો કોઇને કળિકાળના ધર્મોદ્ધારક તરીકે નિવાજતા, અને પોતાને અનુકુળ ન હોય તેવાઓને નિંદતા, પણ આની સામે શ્રી મહાસુખભાઇ, શ્રી. મોતીચંદભાઇ, શ્રી. પરમાણંદ-ભાઇ, અને શ્રી. ધામી વિગેરે લેખકોએ દલીલ, બુધ્ધિ, તર્ક, અને સત્યના તિક્ષણ તિરોથી સજ્જ અને મજબુત મારો ચલાવ્યો એટલે એ નામધારી લેખકો બધા એક પછી એક

ગમે તે પ્રકારે વિચાર કરીએ તો આજની પરિસ્થિતિમાં એ તો નક્કી છે કે જેમ સિધ્ધસેન, સમંતભદ્ર આદિ પૂર્વાચાર્યોએ પોતાના સમયના વિવાદાસ્પદ પક્ષ, પ્રતિપક્ષ ઉપર અનેકાંત તથા તેમાંથી પરિણમેલ નય આદિ વાદોનો પ્રયોગ કર્યો તેમ આજે પણ ઉપસ્થિત પ્રશ્નો ઉપર તેનોજ પ્રયોગ કરવો જોઇએ; જો આપણે તેમ કરવા તૈયાર ન થઇએ તો ઉત્કર્ષની અભિલાષા રાખવાનો આપણને કોઇ હક્ક નથી

અનેકાંતની મર્યાદા એટલી વિસ્તૃત અને વ્યાપક છે કે તે દ્વારા સર્વ વિષયો પર પ્રકાશ પાડી શકાય છે; તેથી એમ ભય રાખવાનું કારણ નથી કે પૂર્વાચાર્યોએ પ્રસ્તુત વ્યાવહારિક વિષયોપર ચર્ચા કરી નથી તો પછી તે કેમ કરી શકાય ? શું એ ઉચિત સમજાશે કે જ્યારે એક તરફ સમાજમાં ઐકયની જરૂર હોવા છતાં પણ તે નાની નાની જ્ઞાતિઓ અને તડોમાં વહેંચાઇ બરબાદ થાય છે; બીજી બાજુ વિદ્યા અને ઉદ્યોગની જીવનપ્રદ સસ્થાઓમાં બળ દેવાને બદલે ધન, બુધ્ધિ અને સમયનો સઘળો ઉપયોગ તીર્થોના ઝઘડાઓમાં સમાજ કરી રહ્યો છે, ત્રીજી બાજુ જે વિધવાઓમાં સંયમ પાળવાની શકિત નથી તેમનાપર બળા-કારથી સંયમનો બોજો સમાજ લાદી રહ્યો છે અને જેઓ-નામાં સંયમ પાળવાની અને વિદ્યાગ્રહણ કરવાની શકિત છે તે વિધવાઓને માટે કોઇ જાતનો પ્રબંધ પણ નથી ? આ પરિસ્થિતિમાં સમાજના કલ્યાણની અભિલાષા કેમ રાખી શકાય ? અને જ્યારે અમારા જેવા પંડિતો **સન્મતિતર્ક**, **આપ્તમીમાંસા**, અનેકાંત અને નયવાદના વિષયના શાસ્ત્રાર્થ કરવામાં દિવસ રાત માથાફોડ કર્યા કરે ત્યારે ? જેમ-નામાં વ્યવહારબુધ્ધિ હશે અને જેની પ્રજ્ઞા-જ્ઞાન અને વિવેક જાગૃત હશે તે તો એમજ કહેશે કે અનેકાંતની મર્યાદામાંથી એક સમયે **આપ્તમીમાંસા** અને **સન્મતિ** આદિનો જન્મ થયો હતો તેમજ તેની મર્યાદામાંથી આજે **'સમાજમીમાંસા'** અને **'સમાજ તર્ક'**નો જન્મ થવો જોઇએ અને તેના દ્વારા અનેકાંતના ઇતિહાસનું એક ઉપયોગી પાનું લખાવું જોઇએ.

લડાઇનાં અવનવા રંગો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૫ મો. | સંવત ૧૯૮૬ ના જેષ્ઠ વદી ૫. તા૦ ૧૬-૬-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

ત્રણ પત્રો

" પૂ૦ ભા. ઊંટડી છાવણી, તા. ૨-૬-૩૦,

આંટથી નીકળી અહિં આવતાં તમને એક પત્ર લખ્યો છે. તમે પત્ર મને લખ્યા હશે તે કદાચ આંટ યા નવસારી રખડતા હશે. આંટથી અહિં આવ્યો પણ મારામાં કામ કરવાની કંઇક આવડતને લીધે અહિં પણ મને હલ્લો કરવા તરત ન મોકલ્યો. અને આજે પણ સંગ્રામ સમિતિ મોકલવા ઇચ્છતી નથી. પણ મને એમ લાગે છે કે છેલ્લી જે ટુકડી સેનાપતિઓની જશે તેને સરકાર લાઠી ન મારતાં ફેદજ કરશે અને જ્યારે ૧૦૦૦ ઉપર માણસોએ અહિં આવી લાઠીના ઘા ખાધા તો હું (જેના હિમ્મતને લીધે નરહરિભાઇએ તથા હાલની સંગ્રામ સમિતિએ દિનકર મણિબહેન, રાવજીભાઇ વિગેરેએ જ્યારે છેવટે ચુંનદા સૈનિકોને મોકલવાનું લીસ્ટ કર્યું ત્યારે વગર પૂછયે મારૂં નામ લખ્યું હતું) માર ખાધા વિનાજ જેલ જાઉં તે ઠીક ન લાગવાથી જોશી પાસે આવતી કાલેજ હલ્લામાં જવાની રજા લીધી છે. જતી વખતે પ્રભુને પ્રાર્થના કરીશ કે હે પ્રભો! મને તું અને તેટલો કસજે. હાલ તો સુરત કરતાંએ વધારે માર ખાવાની હિમ્મત છે. મેદાને કેટલા રહે છે તે જોવાનું છે. જીવતો રહીશ તેમ તો ખાત્રીજ છે. પણ મર્યો તો સૌને છેલ્લા પ્રણામ. કોઇ એક પણ આંસુ ન સારશો. દેશ માટે આપણે એક દીકરો હોમી શકયા એનો આનંદ માનજો. લિ૦ તમારા કાન્તિના પ્રણામ."

પૂ૦ ભા. (૨) ઊંટડી, તા, ૪-૬-૩૦.

ગઇ કાલે હલ્લામાં જઇ આવ્યો. મારી સાથે બીજા એકસોતેર જણ હતા તે બધા ફકત સરકારી અમલદારના ગભરાવ્યાથીજ પાછા હઠવા મંડયા. એટલે બધો માર મારા અને રાવજીભાઇ નાથાભાઇ પટેલ-ત હઠનારપર-આવ્યો. મારીને થાકયા એટલે ઢસડીને દૂર મૂકયા. બીજા સૈનિકોને તો મારી મારીને દૂર લઇ જતા હતા. એટલે પેલીસે અમને જ્યાં મૂકયા ત્યાંજ અમે બેસી રહ્યા. તે સહન ન થતાં ફરી મારી ફરી ઘસડી ગયા. પછી તો માર પર માર પડયો એટલે બેસી રહેવાય તેમ હતુંજ નહિ. કારણ બેસી રહીયે તો ઢસડીને બધાની સાથેજ અમને લઇ જતા. એટલે બેસવાની હઠ છોડી માર ખાતા ખાતા પાછા આવ્યા. મને કઇ નડ્યું તો ૪૫-૫૦ લાઠી પડી હશે પણ મન અને શરીર મજબુત છે એટલે ગઇ કાલેજ ત્રણેક વાગે હરતો ફરતો થઇ ગયો આજ તો વલસાડ પણ જઇ આવ્યો.

હવે છેલ્લો હલ્લો પરમે થશે. તેમાં પણ જોડાવા મારો વિચાર છે. એ કસોટીમાંથી પ્રભુ પાર ઉતારે એટલે બસ. જો લખાશે તો બીજો પત્ર પરમે લખીશ.

એજ લિ૦ કાન્તિના પ્રણામ.

શ્રી પૂજ્ય ભા (૩) ઊંટડી તા. ૬-૬-૩૦.

હલ્લો થયો ને આજે સારીપેઠે માર ખાઇને આવ્યો છું. હાથ પગ બીલકુલ કામ કરે તેમ નથી. કુલા ઉપર સખત માર પડયો હોવાથી બેસી શકાતું નથી. પણ જે મહાવીરનું ધ્યાન ધરીને આજ હલ્લામાં ગયો હતો તેજ મહાવીર પ્રભુ ૩-૪ દીવસમાં ઘોડા જેવો કરી દેશે. તા. ૧૮-૫-૩૦ નો પત્ર રખડતો રખડતો આજ મળ્યો. બીજો મળ્યો નથી. હવે પત્ર બારડોલી લખજો. લિ૦ કાન્તિના પ્રણામ.

જાહેર ખુલાસો.

વડોદરા, તા૦ ૬-૬-૩૦

ધી એંગ્લો વર્નાકયુલર પ્રિન્ટીંગ પ્રેસ અમદાવાદ અને શ્રી વલ્લભવિજય પ્રિન્ટીંગ પ્રેસ પાટણ એમ બે પ્રેસના નામથી " અસલ પરથી નકલ " નામનું હસ્ત પત્ર બહાર પડેલ છે જેમાં એક બાજુ બાળબોધ લીપીમાં મહુંમ આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજીનો ૧૦૮ શ્રીમદ્ ઉત્તમ વિજયજી મહારાજના હસ્તે લખાયેલ, લાલન શીવજી તથા રાયચંદજી બાબતનો પત્ર છાપવામાં આવેલ છે. તેની બીજી બાજુ તા.-ક. કરીને કોઇ નનામી વ્યક્તિએ ગુજરાતીમાં તેના પરથી મનગમતું ભાષ્ય લખ્યું છે. તે બાબતે અત્રે બીરાજતા તે પત્રના મૂળ લખનાર ૧૦૮ શ્રીમદ્ ઉત્તમવિજયજી મહારાજને ફરફર મળતાં અમોને નીચે પ્રમાણે ખુલાસો કર્યો છે. તે જોતાં પોતાનો આગ્રહ (બાયસ) સાબીત કરવા કેવા પ્રયાસો સેવાય છે તે સરવેની જાણમાં આવશે.

સંવત ૧૯૬૮માં વડોદરામાં ૧૦૦૮ મહુંમ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજીના પ્રમુખપણા નીચે મુનિ સંમેલન ભરાયું હતું. તેમાં થયેલા ઠરાવોની ચોપડી ગુજરાતી ભાષાની વડોદરાના શ્રી સંઘે છપાવી બહાર પાડી હતી. તે દરેક સાધુ, સાધ્વીને આપવામાં આવી હતી. ગુજરાતી ભાષા પંજાબ, મારવાડ, બંગાળ આદિ દેશોમાં સમજી ન શકે તેથી આ ઠરાવોની હિન્દી ભાષામાં ચોપડી પંડીત હીરાલાલ શર્મા તરફથી બહાર પાડવામાં આવી તેમાં ગુજરાતી ભાષાની ચોપડીમાં છાપેલો સદ્ગત પરીખ મગનલાલ માણેકચંદ અને મગનલાલ રણછોડ મોદીનો કાગળ અને તેનો પ્રત્યુત્તર છાપવામાં આવ્યો નથી. કારણ કે જે પ્રદેશોને વાસ્તે આ ચોપડી છપાવવામાં આવી હતી, ત્યાં કોઇ પણ જનતની તેવી ચળવળ નહોતી. તેથી તે કાગળ અને તેના પ્રત્યુત્તરવાળો ભાગ સ્વભાવીક રીતેજ પડતો મૂકવામાં આવ્યો છે. તે બન્ને ગૃહસ્થો તરફથી લખવામાં આવેલા પત્રમાં તેમજ સંમેલન તરફથી વાળવામાં આવેલા જવાબમાં શ્રાવકોના ધર્મ વિરૂદ્ધ વર્તણુંક સબંધીનો ઉલ્લેખ છે. લાલન શીવજી યા રાયચંદનો તેમાં નામ નિર્દેશ પણ નથી. જ્યારે આચાર્યશ્રીની આજ્ઞાથી મુનીશ્રી ઉત્તમવિજયજીએ લખેલા કાગળમાં લાલન શીવજી અને રાયચંદ સંબંધી ખુલાસો આવેલો છે. તે કાગળ લખવાની આચાર્યશ્રીની ઇચ્છા નહી હોવા છતાં તે વખતના પન્યાસજીશ્રી દાનવિજયજી અને શ્રી પ્રેમવિજયજીના ઘણાજ દબાણથી આચાર્યશ્રીએ કબૂલ કર્યું. એટલે શ્રી દાનવિજયજીએ ગુજરાતી કાગળ દરાપુરામાં લખ્યો અને આચાર્યશ્રીને આપ્યો. તે ગુજરાતીમાં હોવાથી આચાર્યશ્રીએ શ્રી ઉત્તમવિજયજી પાસે હિન્દીમાં લખાવ્યો, એટલે વાસ્તવીક આ કાગળના લખનાર હાલના આચાર્યશ્રી વિજયદાનસૂરી છે. દરાપુરાથી મુનિશ્રી ઉત્તમવિજયજી, શ્રી લબ્ધિવિજયજી, હીંમતવિજયજી અને નેમવિજયજી વીગેરે વીહાર કરી બોરસદ ગયા. ત્યાં શ્રી દાનવિજયજીએ મોકલેલો માણસ અમદાવાદથી ત્યાં આવ્યો. તેને તે કાગળ આપ્યો. તે અમદાવાદ લઇ જઇ ત્યાં છપાવી પેટલાદથી બહાર પાડયો. આ કાગળમાં મુની સંમેલનના ઠરાવો રદ કર્યાનું લખેલું નથી. તેમજ રદ કર્યા નથી. જો રદ કર્યા હોત તો વડોદરાના

[જુઓ પાનું ૪ થું]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

લડતનાં અવનવા રંગો.

બોયકોટ કમિટિનું કામકાજ.

—:*:—

મુક્તિ સંગ્રામની લડત દીનપ્રતિદીન આગળ ધપે જાય છે. તેમાં ના. વૉઇસરોયના બે ઑર્ડીનન્સોએ તો લડતને વિશેષ વેગ આપ્યો છે. ચોમાસાને લીધે મીઠાના અગર પરની ધાડ મુલતવી રાખવી પડી. તે દરમિયાન સત્યાગ્રહ સમિતિને લડત માટે નવી યોજના ઘડવાની હતી. ત્યાં ઑર્ડીનન્સોએ સમિતિ માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો. દેશ સેવિકાસંઘ માટે અમે આગળ વિવેચન કરી ગયા છીએ. પરંતુ ઑર્ડીનન્સનો ભંગ કરવા સારૂ પીકેટીંગનું કામકાજ સત્યાગ્રહ સમિતિએ તુરતજ હાથ ધર્યું. પ્રથમ કોટ વિભાગમાં ઓફીસો આગળ પુરૂષ સ્વયંસેવકો મારફત પીકેટીંગ શરૂ કર્યું. વિશેષ સ્વયંસેવકોની માગણી બહાર પડતાં, સંખ્યાબંધ સ્વયંસેવકો જોડાયા. અને દારૂનિષેધ માટે પીકેટીંગની યોજના હાથ ધરવામાં આવી. અને ગુરૂવારથી મુંબઇના ઇ., એફ. અને જી વિભાગમાં દારૂ માટે પીકેટીંગ શરૂ કરવામાં આવ્યું છે. ઑર્ડીનન્સનો અમલ કરવા ધરપકડ શરૂ કરવામાં આવે તો સંખ્યાબંધ વોલંટીઅરો તેમની જગાએ આવવા તૈયાર છે.

વચ્ચે વચ્ચે ખરી સ્થિતિ સમજવાની અમલદારી ભૂલોથી સત્યાગ્રહના અવનવા પ્રસંગો ઉભા થયા કરે છે. તા૦. ૧૨ મી જુનનો દિવસ કોન્ગ્રેસ તરફથી "સોલાપુર-ડે" તરીકે ઉજવવા, સરઘસ કાઢવા, અને આઝાદ મેદાનમાં સભા ભરવા જાહેર થયું હતું. તે દીવસે આ સિવાય બીજો કાર્યક્રમ ન હતો. ઘણાખરા બજારો ખુલ્લાં હતાં. અને આ સરઘસ કદાચ એટલું બધું આકર્ષક નીવડત નહિ. પરંતુ પોલીસ કમીશ્નરને તે ન રૂચ્યું. તેમને સરઘસ સુલેહનો ભંગ કરનાર નીવડવા સંભવ લાગ્યો; અને છેલ્લી ઘડીએ મનાઇ હુકમ કાઢ્યો. પરિણામ શું આવ્યું? કોન્ગ્રેસના આગેવાનો તો મક્કમ રહ્યા. સરઘસને કોન્ગ્રેસ હાઉસ પાસે અટકાવવામાં આવ્યું છે તે સમાચાર વિજળીના વેગે શહેરમાં ફેલાઇ ગયા. માનવમેદની અતિશય વધી ગઇ. વેપારીઓએ બજારો બંધ કર્યા; અને કોન્ગ્રેસના ફરમાનની રાહ જોયા સિવાય, સંખ્યાબંધ લોકો સરઘસમાં જોડાવા ઉલટયાં. પોલીસે તે રોકવા પ્રયાસ કર્યો. એટલે છુટાં છુટાં અનેક સરઘસો નીકળ્યાં. કોઇ સરઘસો આઝાદ મેદાનમાં પહોંચી ગયાં અને સભા પણ ભરી. તેમને ઘણે સ્થળોએ રોકયાં, ત્યાં ત્યાં તેઓએ સત્યાગ્રહ આદર્યો છતાં અપૂર્વ શાન્તિ જળવી રાખી. અને ફજેહ મેળવી. કોન્ગ્રેસ હાઉસ પાસે વધારે કસોટી થઇ! મધ્ય રાત સુધી પોલીસે કોર્ડન ચાલુ રાખી. ત્યાં પુરૂષો અને સ્ત્રીવર્ગમાંથી સર્વ અડગ રહ્યા. કોર્ડન પાછી ખેંચાઇ ગયા પછી રાત્રીના બાર વાગ્યા પછી પણ ભારે ઉત્સાહભર્યું સરઘસ નીકળ્યું. અને જાહેરાત મુજબ સરઘસ ફર્યું અને મોડી રાતે પણ સભાનું કામકાજ કર્યું. અને "કોન્ગ્રેસ સંસ્થા એટલે મુંબઇની સમસ્ત જનતા" તે સત્યનું ફરીથી સરકારને ભાન કરાવ્યું.

લડતની બીજી બાજુ તપાસીએ. રચનાત્મક કાર્યક્રમ પણ કોન્ગ્રેસ કમિટિ તરફથી તેટલીજ ચીવટપૂર્વક અને સતત ચલાવવામાં આવે છે. બ્રિટિશ માલના અને તમામ પરદેશી કાપડના બહિષ્કાર માટે એક બોયકોટ સમિતિ નિમવામાં આવી છે પરદેશી કાપડ માટેના બહિષ્કાર માટે તો દેશ સેવિકાસંઘ તરફથી કાર્ય ચાલુ છે. પરંતુ કાપડ સિવાયના બીજા બધા બ્રિટિશ માલનો બહિષ્કાર કરવા સમિતિ ચાલુ ચળવળ ચલાવે છે. સમિતિના સભ્યો જુદા જુદા વેપારી એસોસીએશનની મુલાકાત લે છે બ્રીટીશ માલ કયાં કયાં કેટલા પ્રમાણમાં આવે છે. તેને બદલે સ્વદેશી કયો કયો માલ વાપરી શકાય છે અને તે પણ નજર બને તો બ્રીટીશ સિવાય બીજા દેશોમાંથી માલ લાવી કામ ચલાવવા અને સાધનોની વિચારણા આ સમિતિ ચલાવે છે. અને અમલમાં મુકવા પ્રયાસો કરે છે. પરંતુ આ સર્વ હકીકતમાં જૈનો કયાં છે? અમદાવાદ જૈનોની જાહેર સભાએ વિદેશી કાપડના બહિષ્કારનો ઠરાવ પસાર કર્યો છે. સ્વદેશી વસ્તુ પ્રચારક મંડળ વિદેશી માલ ન વાપરવાની પ્રતિજ્ઞાઓ ઉપર સહીઓ લે છે. મુંબઇમાં દેશસેવિકાઓ સમગ્ર જનતાને લક્ષીને તેવો પ્રયાસ કરે છે. તેમ જૈનની કોઇ કોઇ પેટા જ્ઞાતિઓમાં તેવો ઠરાવ પસાર કરવાની ચળવળ ચાલે છે. પણ સમગ્ર જૈન જનતા માટે સર્વ સામાન્ય પ્રયાસ થવાની જરૂર છે. મુંબઇના જુદાં જુદાં મંડળો આ બાબતમાં વ્યવસ્થીત રીતે પ્રયાસ કરે અને જૈનોની જાહેર સભા બોલાવે અને સ્વદેશી મંડળની સ્થાપના કરે તે જરૂરનું છે. પણ મુનિઓનું શું? જૈનો પોતેજ વિદેશી વસ્તુ વાપરે નહિ તો મુનિઓને વિદેશી વસ્તુઓ કેમ વહોરાવે? મુનિઓની જવાબદારી આ બાબતમાં જૈનો કરતાં વિશેષ છે. છતાં પણ તેમનાથી સ્થિતિચુસ્તતા છુટતી ન હોય તો જૈનોએ મક્કમતા રાખી વિદેશી ચીજો વહોરાવવી ન જોઇએ. ચોમાસું આવે છે એટલે આ બાબતનો અમલ મક્કમ રીતે થાય તેની સ્થળે સ્થળના યુવક સંઘોએ ખાસ સંભાળ રાખવી જોઇએ અને સમજાવટ છતાં જો તેઓ ન માને તો તેવા વહોરાવનારા જૈનોનાં નામની યાદી પ્રગટ કરવી જોઇએ. કારણ કે સાચો જૈન જે કાપડની બનાવટમાં ચરબી તથા ઇંડાની સફેદીનો ઉપયોગ થતો હોય તે વાપરવામાં પાપજ માને આ બાબતમાં હજુ કોઇને શંકા રહેતી હોય તો વાંચો :—નીચેની સરકારના ડીરેકટર ઓફ ઇન્ફરમેસનની યાદી.

પરદેશી કાપડ વીશેની અફવા.

ના૦ મુંબઇ સરકારનો ખુલાસો.

મુંબઇ સરકારના ડીરેકટર ઓફ ઇનફરમેશન એક યાદીમાં જણાવે છે કે પરદેશી કાપડના બોયકોટના પ્રચાર કાર્ય માટે કેટલેક ઠેકાણે બહાર પાડવામાં આવેલાં હેન્ડબીલોમાં જણાવવામાં આવે છે કે મેંચેસ્ટરમાં કાપડની બનાવટમાં બળદ ગાયો અને ભેંસોની ચરબી વાપરવામાં આવે છે. જ્યારે પરદેશી રંગીન કાપડના દરેક ૧૦૦ રતલમાં ગાયો અને કુકરનું ૩૦૦ રતલ લોહી વપરાય છે આ બંન્ને સ્ટેટમેન્ટો બરાબર નથી. સાઇઝીંગમાં ચરબી વપરાય છે પણ ગાયની કે કુકરની ચરબી વપરાતી નથી. બકરાની ચરબી તેમાં વપરાય છે. કારણ ગાયની કે કુકરની ચરબી તેના કરતાં મોંઘી હોય છે. રંગીન કાપડમાં પણ ગાય અને કુકરનું લોહી વાપરવાનું અશકય છે કારણ તેની કીમત ભારે હોય છે. તેમાં ઇંડાંની સફેદીજ વપરાય છે.

શ્રી રામવિજયજી જૈનત્વને ઉલટાવે છે.

શ્રીમદ્ આત્મારામજીના આદર્શનો અયોગ્ય અર્થ તારવે છે

જયંતિના નામે ઝેર ફેલાવે છે.

પ્રભુ વીરનું વિશ્વબંધુત્વ તે આ?

આ તો તદ્દન જાણીતી સ્પષ્ટ અને દીવા જેવી ચોકખી વાત છે અને સર્વ કોઈને સુપરિચીત છે કે જૈનત્વનો સુદ્રઢ અને અનાદિ અનંત લગી મજબુતીથી ટકી રહેનાર પાયો રાગ અને દ્વેષના વિજયમાં છે. કષય ઉપર સર્વાંશે જય મેળવનાર તે જીન; એને એજ રીતે અનુસરનાર તે જૈન; અને તેનો ભાવ તે જૈનત્વ. કોઇ પણ ભિન્નમતવાદીને, વિરોધ વિચાર ધરાવનારને અને આપણા વિચારો ન સ્વીકારનાર કે તેનું ખંડન કે સામનો કરનારને શત્રુ માની લેવામાં, વૈરી તરીકે કબુલી લેવામાં કે તેને ભાઇ તરીકે ન ગણવામાં જૈનત્વ સંમત ન હોઇ શકે. જૈનત્વનું એ મહાન અદ્વીતિય અને સર્વોચ્ચ ગૌરવ છે, કે તે વિરોધીઓને ભિન્નમતવાદીઓને પણ તેના વિચારોનો પ્રતિકાર કરતો હોવા છતાં ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલા અંતર પર તેની સામે ખડો રહેવા છતાં તેને ભાઇ માની શકે છે. વિરોધીઓ કે ભિન્ન વિચાર ધરાવનારને શત્રુ કે વૈરી ગણી લેવાની અને તેને ભાઇ ન માનવાની કલ્પનાજ જૈનત્વને કમકમાં લાવી મૂકે તેવી છે. "મિત્તિમે સવ્વભૂએસુ" "ન દ્વેષઃ કપિલાદિષુ" "સ્વયંવરેય આસંવરેય અન્નોવા અહવા બુધ્ધોવા સમભાવ. ભાવીય અપ્પા લહઇ મોક્ખ ન સંદેહે" "અયમાત્મૈવ સંસારી કષાયે દ્રિય નિરજીતઃ ત્વમેવ વિજેતારં મોક્ષ માહુર્ મનીષિણઃ" આ અને આવા અનેક પૂર્વ મહાપુરૂષોના વાકયોનો ધ્વનિ એ છે કે સર્વ ભૂત, પ્રાણી પર મારી મિત્રતા છે કપિલાદી ભિન્ન મતવાદીઓ પર પણ મારો દ્વેષ નથી, શ્વેતાંબર હો કે દિગમ્બર, અન્ય હો કે બુદ્ધ પણ જેનો આત્મા સમરસથી છલકે છે, રાગ અને દ્વેષનો અભાવ છે તે પરમ પદનો અધીકારી હોવા વિષે કશોજ શક નથી. કષાય અને ઇન્દ્રિઓથી જીતાયલો આજ આત્મા સંસારી છે અને તેના પર જય મેળવનાર તેજ આત્મા મોક્ષને લાયક છે.

આવાં તો સુન્દરો વાકયો આતી દલીલમાં ટાંકી શકીએ. શ્રીમદ્ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સમ્યકૃત્વીના પાંચ લક્ષણો પૈકીનું એક લક્ષણ સમજાવતાં કહે છે કે:- 'અપરાધી શું પણ નવી ચિંત થકી ચિંતવીએ પ્રતિકૂળ" જેણે આપણો અપરાધ કર્યો હોય, નુકશાન પહોંચાડયું હોય અને એમ આપણું અનેક રીતે બુરું કર્યું હોય તેવા અપરાધીને શરીરથી ઇજા ન કરવી, વચનથી તેનું બુરું ન બોલવું છેવટે મનથી પણ એનું અનિષ્ટ ન ઇચ્છવું એ શ્રીઉપાધ્યાયજીની સલાહ છે અને તે એમના ધરની નથી જૈનત્વનું એ રહસ્ય છે. વિતરાગ દેવની એ વાણી છે તેને શ્રીમદ્ યશોવિજયજીએ પોતાની શૈલીમાં ઉતારી છે. આટલી લાંબી ભૂમિકા કરવાનો પ્રસંગ એ છે કે શ્રી રામવિજયજીએ ગઇ તા૦ ૪-૬-૩૦ બુધવારના રોજે ભાયખલા મુકામે ન્યાયાંભોનિધિ શ્રીમદ્ આત્મારામજી મહારાજના સ્વાર્ગારોહણ મહોત્સવ પ્રસંગે એમની જયંતીપર એક વ્યાખ્યાન આપ્યું છે અને એ અહેવાલ તા૦ ૧૦-૬-૩૦ ના 'મુંબઇ સમાચાર'માં પ્રકટ થયો છે. જો અહેવાલ શ્રી રામવિજયજીના ભાષણ તરીકે પ્રકટ થયો છે તે જો સાચોજ હોય અને તેમાં બતાવેલા વિચારો શ્રી રામવિજયજીએ જાહેર કર્યા હોય તો મારે દુઃખ અને આશ્ચર્ય સાથે કહેવું જોઇએ કે એમાંના કેટલાક વિચારો જૈનત્વનો હડહડતો વિરોધ કરે છે, અરે? જૈનીઝમને ઉલટાવે છે. ભદ્ર મસ્ત ભાવ વિચારભેદ જન્માવે તેથી ભ્રાંતિઓ ઉભી કરાવે એ તો સંભવીત છે. પણ જૈન દર્શનની મૌલીક માન્યતાઓ અભિનિવેષ કે આગ્રહના બળે શ્રી રામવિજયજી સરખા માણસ ઉથલાવવા મથે અને તે પણ ધર્મપ્રચાર શાસન સેવા અને મહાપુરૂષ આત્મારામજી સરખા શાસન માન્ય પુરૂષની જયંતિના ઓઠાં નીચે ત્યારે તો સાચેજ આગ્રહ, અભિનિવેષ અને પક્ષ પ્રચારની કાયર અલ્પદર્શી અને સાંકડી મનોદશાપર દયા આવે છે. શ્રી રામવિજયજીના વિચાર પ્રચારની રીતનો એમની કાર્ય પધ્ધતિનો અને એમની ધાંધલધોર પ્રવૃત્તિઓનો હું વિરોધી છું. મારી એ અધીન માન્યતા છે કે તેથી શાસનને ભારે નુકશાન થયું છે. જૈનેત્તર સમાજમાં એથી શાસન ભારે વગોવાયું છે. ત્યાગી સમાજની છાપ એમના પ્રત્યેની ભક્તિ, સન્માન ઉતર સમાજમાં અને કેટલેક અંશે ખુદ જૈનોમાં ઘટયાં છે એ બધું એમની કારવાહી અને પદ્ધતિને આભારી છે. પોતે પકડેલી વાતને પ્રબળ વિરોધ સામે હરકોઇ રીતે વળગી રહેવાની એમની જક્કી અને આગ્રહી મનોદશાને આભારી છે. તેથી જૈન સમાજ છિન્નભિન્ન થયો છે. ઝઘડા વધ્યા છે કુસંપ, કલેષ અને ઝેરવેરનો મહાદાવાનળ સળગ્યો છે અને સારીએ સમાજ આજે આ કે તે પક્ષમાં વહેંચાઇ ગયો છે. એ બધાના મુખ્ય જવાબદાર તરીકે શ્રી રામવિજયજીને ગણી શકાય વિરોધ કે ભિન્ન વિચારને વિદ્રોહનું સ્વરૂપ આપવામાં એમનો ફાળો મોટો છે. અને આ સાહમારી કયાં જઇને અટકશે તેની કલ્પના કરવી અશકય નહિં તો દુઃશકય તો છેજ. સને ૧૯૧૯ થી એમની સાથે મારો અલ્પ પરીચય હોવાનો દાવો છે. અસહકારના જમાનામાં, ચા વિગેરેના બહિષ્કારમાં થતી જાહેર સભાઓનાં પ્લેટફોર્મ પર શ્રી રામવિજયજી એક વખત ગાજતા. કાલીના પશુવધની અટકાયતમાં એમણે અને એક મોલવીએ મહાત્માજીના નામનો ઉપયોગ કર્યો. તે સામે અને બળજબરીથી પશુવધ અટકાવવાની એમની રીત સામે મહાત્માજીએ નહીઆદની એક સભામાં મજબુત વિરોધ કર્યો. અને મુનિવેષને ન શોભે તેવું કામ વર્ણવ્યું. આ પછી એઓ મહાત્માજીના કટ્ટર વિરોધી બન્યા. આ વિરોધ સમયના જવા સાથે જૈન યુવાનોને અકારો લાગ્યો. પરિણામ એ આવ્યું કે આયદે સુધારક અને યુવાનો સાથે એમનો મેળ નજ થયો. મહાવીર વિદ્યાલયવાળું દેડકા પ્રકરણ, સમ્મતિ વિનાની દિક્ષા, વિગેરે મુદ્દાઓ આગળ આવ્યા અને છેલ્લા મુંબઇના ચાતુરમાસ પહેલાં, દરમીયાન અને પછીના બનાવો તાજાજ હોવાથી સમાજ તે જાણે છે, જૈનોમાં પણ દારૂ અને ઇંડાં ચટણી જેમ ખવાય છે એ એમના વાકયની સામે વિરોધ વધ્યો છતાં એમણે નમતું ન આપ્યું. પછી તો અનેક યુવક સંઘે, સુધારક સંસ્થાઓ અને છેવટે જૈન શ્વેતાંબર મહાસભા (કોન્ફરન્સ) એ બધામાં એમને વિરોધ કે વિદ્રોહના દર્શન થયાં અને તેને પહોંચી વળવા યંગ મેન્સ જૈન સોસાયટીઓ, યંગમેન જૈન વોલંટીઅરકોરો અને છેલ્લે સુરતમાં મળ્યા તે બે સમ્મેલનોના જલસાઓ યોજવા પડયાં.

જામનગર, પાટણ, સુરત, ખંભાત અને વાસદ વિગેરેની કરૂણારસીક ઘટનાઓ બની ગઇ. આટલું છતાં એમનાં આગ્રહી અને અભિનિવેષયુક્ત પ્રચારનો હેતુ એમની નજરે બર આવ્યો હોય એમ નથી લાગતું. વર્તમાન પત્રોમાં ધર્મસેવક વિગેરે કેટલાએ તખુલ્લસોથી એમના વિચારોનો પડઘો પાડતા. આજ લગી લેખો પ્રકટ થાય છે છતાં એમને વિરોધ કે વિદ્રોહ વધતોજ દેખાય છે. અને તેથી એમની મુંઝવણ કે અકળામણ અતી વધી ગઇ હોય એ સ્વાભાવિક છે. એમ કહેવાની લાલચ એટલા માટે થઇ આવે છે કે છેલ્લા જયંતિના વ્યખ્યાનમાં એમણે જૈનત્વ વિરોધી જે વિચારો બતાવ્યા છે તે સિધ્ધું અકળામણનુ, પરિણામ હોય એમ જણાઇ આવે છે ને ઉપર કહ્યું તેમ એમના પ્રચાર, એમની પદ્ધતિ, અને તેના પરિણામોનો હું વિરોધી છું છતાં એમના વકતૃત્વ અને વ્યાખ્યાન શૈલી તરફ મને અનાદર નથી. તેમ છતાં જયંતિમાં જે અસંગત અને જૈનિઝમની મૌલીક ભાવનાના વિરોધી વિચારો એમણે

બતાવ્યા છે તે, મને ઉપરનું અનુમાન કરવા લલચાવે છે. આ રહ્યા એમના એ વિચારો "અથવા કોઇ એમ કહે કે હું એમનો (શ્રી આત્મારામજી મહારાજનો) ભકત, પણ મૂર્તિનું ખંડન કરનારને પણ ભાઇ તરીકે ગણું તો એને એમનો ભકત કહેવાય? અરથાત નજ કહેવાય. જે આપના મરનારને ભાઇ બનાવે તે બાપનો ભકત નથી અને જે બાપનો ભકત નથી. તે ભાઇનો શી રીતે બનવાનો? આપણા તારકને ગાળ દે તેને ભાઇ કહીને ભેટી પડવાની બેવકુફી તો નજ થાય, એને ભાઇ કહેવામાં બંધુભાવનો નાશ છે." ઉપરનું અવતરણ શ્રી રામવિજયજીના વ્યાખ્યાનના ફકરાઓ છે એ ખુલ્લી વાત છે કે આ વિચારો તેમણે મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સમાજ પરત્વે બતાવ્યા છે આજે એ એક વિચાર ચાલે છે કે મૂર્તિપૂજક અને સ્થાનકવાસીને પોતપોતામાં છુટાં પાડતાં મુદ્દાઓને બાદ કરીને જે મુદ્દાઓમાં આપણે એક થઇ શકીએ છીએ તેટલા પૂરતો સહકાર કરવો અને તેટલા પૂરતી એક સંયુકત સંસ્થા ઉભી કરી સાથ અને સહકારના સંયુકત બળથી કામ લેવું અને જે મુદ્દાઓમાં આપણે છુટા પડીએ છીએ ત્યાં ત્યાં તે તે ફીરકાઓની સંસ્થાઓએ જુદું કામ કરવું. આ વિચારની સામે શ્રી રામવિજયજીનું ઉપરનું અંતવ્ય સમાજને હું પેશ કરું છું.

મૂર્તિપૂજક સમાજ મૂર્તિપૂજામાં માને છે. તેથી તે પોતાને તારણ થવાનું સ્વીકાર કરે છે. આથી વિરૂદ્ધ વિચાર ધરાવનાર વર્ગ સાથે આ બાબતમાં તે એકમત ન થાય તે સમજી શકાય. મૂર્તિપૂજનો વિરોધ એ એક ભયંકર ભૂત છે એવી દ્રઢ માન્યતા મૂર્તિપૂજક ધરાવે એ સમજી શકાય છે અને જીનમૂર્તિ અને તેની પૂજાની નિંદા જીવનને નુકશાન પહોંચાડે છે. વિનિપાત કરાવે છે. અને વિકાસ અટકાવે છે એવી અટલ શ્રદ્ધા મૂર્તિપૂજક ધરાવવાને સ્વતંત્ર હક્ક ધરાવી શકે એ પણ સમજી શકાય છે. પણ તેથી તેનો વિરોધ કરનાર આપણો આ જન્મ દુશ્મન છે કટ્ટર વૈરી છે અને ન માફ કરી શકાય તેવો જાલીમ છે એવી માન્યતાની જડ મૂર્તિપૂજકમાં હોય તો તે જીનમૂર્તિનો પૂજક નથી. જીનેશ્વર દેવની માન્યતાનો અનુયાયી પણ નથી. જૈન નથી પણ કહેવું જોઇએ કે તે મિથ્યાત્વી છે. દરેકને પોતપોતાની માન્યતાઓ, વિચારો અને અભિલાષો પ્રમાણે આચરણ કરવાનું સ્વાતંત્ર હોવું જ જોઇએ. હા? મૂર્તિપૂજકની માન્યતા અને શ્રદ્ધા સામે ટીકા કે નિંદા કરવી એ અયોગ્ય છે; પણ તેમ કરનારને આપણે ભાઇ ન માનવો. દુશ્મન માનવો એ વાત જૈનભાવ કેમ કબુલે? એમ તો મૂર્તિપૂજકના સેંકડો ફીરકાઓ સ્થાનકવાસીના તેટલા કે તેથી વધારે ફીરકાઓ, દીગંબરોની સંખ્યાબંધ પેટા માન્યતાઓ અને ઇતર દર્શનના હજારો મતપંથો એ બધાને એક પોતાની માન્યતા સિવાયનાઓને ભાઇ ન ગણવામાં આવે. દુશ્મન ગણવામાં આવે તો, તો સારાયે જગતમાં આપણને ઝેર અને ઝેરનાંજ દર્શન થાય. થોડાક સમાન વિચારો ધરાવનારાઓ સિવાયના સમસ્ત માનવ સમાજ સાથે વેર વધાવવું પડે અને "અયંનિજઃ પરોવેતિ ગણના લઘુચેતસાં" એ ગંદી ગટરમાં સડી જઇ ખપી જવું પડે, "ઉદાર ચરીતાનાંતુ વસુધૈવ કુટુમ્બક" એ વિશાળ, રમ્ય અને ગગનગામી દિવ્ય ભાવનાના કદિ દર્શન પણ ન થાય. બાપના મારનારને દુશ્મન ગણનાર અને તેનું વેર વાળવાનું નિયાણું કરનાર તો મહા ક્રોધી, મહા મિથ્યાત્વી, બહુલ સંસારીજ હોય શકે. સાચો જૈન તો, બધા ખુનીઓને માફ કરે. ભાઇ ગણે તેજ હોઇ શકે. પ્રભુ મહાવીર દેવ અને કેટલાએ મુનિવરોને અનાર્ય અને અજ્ઞાન જનતા તરફથી ઘોર ઉપસર્ગો થયા છે. નિર્ભત્સના થઇ છે અને એ વખતે સેંકડો જૈન રાજા મહારાજાઓનું શાસન હતું; છતાં મહાપુરૂષોને ઉપસર્ગ કરનાર અને એમને પજવનાર એ અજ્ઞાન કે અનાર્યોને કોઇ જૈન રાજાએ ફાંસીએ લટકાવવાની વાત જાણી નથી. આથી એમ માનવાની ભૂલ કરવાનું કારણ નથી કે એ પરમ પુરૂષોને પજવનાર એમના આદર્શોને ઉતારી પાડનાર કે આપણાં સગાં સંબંધીઓને હેરાન કરનાર પાગલ માણસનું કૃત્ય પ્રશંસાપાત્ર છે. જરૂર એ કૃત્ય અયોગ્ય, ન ઇચ્છવાયોગ્ય અને અનિષ્ઠ છે. તેમ કરનારને સુધારવા જૈન દરેક દરેક યત્ન કરે, જીવતોડ મહેનત કરે અને તેવાને હેવાનમાંથી માણસ બનાવવા મથે, પણ તેમ છતાં એના બહુલકર્મી એનો વિકાસ સાધવા ન આપે તો જૈન તેના પર કરૂણા લાવે, દયા કરે અને બિચારો કર્મવશ છે, અસાધ્ય આંતર રોગનો દર્દી છે એમ કહી તે પર મધ્યસ્થ બને. આવા સયોગો માટેજ જૈન મહાપુરૂષોએ મધ્યસ્થ ભાવના યોજી છે અને તે વ્યાજબી છે. જ્યારે ચતુર્થ ગુણસ્થાન વર્તી સમ્યગદ્રષ્ટિ આત્મા પણ અપરાધીનું અંતરથી અશુભ ન ચાંહે ત્યારે છઠે પગથીએ ઉભા રહેવાનો દાવો કરનાર શ્રી રામવિજયજી, મુનિપણાના ઝબ્બામાં, દુશ્મનાવટ કેળવે છે. પ્રભુ વીરના વિશ્વબંધુત્વનો વિરોધ કરે છે. અને ધર્મ અને જયન્તિના નામે ઝેરી પ્રચાર કરે છે એ સાચેજ દુઃખનો વિષય તો છેજ પણ જૈનો માટે તો શરમનો પણ વિષય છે. મારી જૈન વિચારકોને અને શાન્ત લેખકોને વિનંતિ છે કે તા. ૧૦-૬-૩૦ ના મુંબઇ સમાચારમાં પ્રકટ થએલ શ્રી રામવિજયજીનું એ આખુંએ વ્યાખ્યાન સંગતિપૂર્વક વાંચી જાય અને તે પર પોતાને જે યોગ્ય લાગે તે વીચારો બતાવે. શ્રી રામવિજયજીને પણ આથી નિવેદન છે કે તેઓ આ પર શાંત અને અનઅભિનિવેષી પરામર્ષ કરે. દલીલ, બુદ્ધિ અને શાસ્ત્રીય પદ્ધતિએ આ પર એમના વિચારો દર્શાવે આમાં મારી માન્યના સદોષ કે ભ્રામક હશે તો તેને સુધારવા હું હરગીજ તૈયાર રહીશ પોતાના અંગત માની લીધેલા વિચાર કે વિરોધ ખાતર જૈનિઓમને ઉશ્કેરનારી ભાવનાઓ, વિચારો અને વકતવ્યો ન થાય ન બતાવાય તેને ધર્મ, સેવા, શાસન કે પરમ પુરૂષોના નામ સાથે જોડવાનો જુલમ અટકે એમ ઇચ્છતો.

આણંદજી દેવશી શાહ.

(અનુસંધાન પાના ૧ લાનું ચાલુ)

શ્રીસંઘ તરફથી બહાર પાડવામાં આવેલી મુની સંમેલનની હિન્દી ભાષાની ચોપડી રદ કરવાનું જાહેર કર્યું તે પ્રમાણે ગુજરાતી ભાષાની ચોપડી પણ, રદ કરવાનું જાહેર કરતે. આચાર્યશ્રીએ મુની સંમેલનનાં ઠરાવો રદ કર્યા નથી તેમજ રદ કર્યાનું જણાવ્યું નથી. છતાં પણ આચાર્યશ્રીની હયાતી બાદ સ્વકલ્પીત રીતે એ ઠરાવો રદ કર્યા છે. એવું ખોટું જાહેર કરવું એ અધટીત અને ગુરૂ દ્રોહ કરનારૂં છે.

લી૦ ચાંડીલાલ મગનલાલ દવે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

કોન્ફરન્સ અને હાલની લડત. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૬ મો. | સંવત ૧૯૮૬ ના જેષ્ઠ વદી ૧૨. તા૦ ૨૩-૬-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

ઘાટકોપરમાં જૈન જમણવાર પરનું પિકેટીંગ.

મુંબઇ સમાચારમાં તા૦ ૯-૬-૩૦ ના અંકમાં એક અજાણકાર ભાઇ જે વાત લખે છે તે તદન સત્યથી વેગળી છે. મુંબઇના દેરાસરો પર તા૦ ૨૫-૬-૩૦ ના રોજ નોટીસ ચોડવામાં આવી હતી કે ઘાટકોપરમાં તે દિવસે સ્વામીવાત્સલ્ય છે પરંતુ રામભકતોની નાટક મંડળીના સંચાલકોને ઘાટકોપરની જૈન જનતાના પ્રખર વિરોધની જાણ હોવાથી ઘાટકોપરમાં આવી નોટીસ બહાર પાડવામાં આવી નહોતી. જ્યારે ઘાટકોપર વાસીઓને ખબર પડી કે અમુક જૈનો તરફથી જમણવાર કરવામાં આવે છે. કે તુરતજ પિકેટીંગની ગોઠવણ કરવામાં આવી હતી. અને તેની સાક્ષી ઘાટકોપરની જનતા તો શું પરંતુ પથ્થરો પણ પુરે છે. હજી પણ જાહેર રસ્તાઓપર લખવામાં આવેલ મુદ્રાલેખો મોજુદ છે. પિકેટીંગ કરવા માટે હું બીજી બે જૈન બહેનો સાથે દેરાસરમાં ગઇ હતી. અને લગભગ પોણો કલાક સુધી પિકેટીંગ કર્યું હતું છતાં તે (અ) જાણકાર ભાઇ કહેવાને હિમત ધરે છે કે આવું કોઇ પિકેટીંગ થયું જ નથી તો હું તેમને જાહેર ચેલેંજ કરું છું કે જો તે મરદ હોય તો જાહેરમાં બહાર આવે અને સાબીત કરે કે પિકેટીંગ કરવામાં આવ્યું નથી પરંતુ નહિ કે મીયાંની બીબીઓ માફક પડદા પાછળ રહી જુઠાણા ફેંકયા કરે, જાહેરમાં પોતાનું નામ આપવાની તો હિંમત નથી અને પિકેટીંગ કરનારી બહેનોનાં નામ માંગવા બહાર પડેલ મરદ હોય તેમ જણાતું નથી. "સાંજવર્તમાન"ના તા૦ ૩૦-૫-૩૦ ના અંકમાં (પડઘા) માં આપવામાં આવેલ ચેલેન્જ કોઇ રામભકતોએ ઉપાડી લઇ જાહેરમાં મરદાઇ બતાવી શકયા નથી. કોણ પિકેટીંગ કરવા આવ્યું અને પિકેટીંગ થવાથી કેટલાં ભાઇ બહેનો ચાલી ગયા તે (અ) જાણકાર ભાઇને ખબર નથી તો પછી એ જાણકાર હોવાનો દાવોજ કેમ કરી શકે? પિકેટીંગ કરવાથી ઘણાં ભાઇ બહેનો ચાલી ગયા હતા અને તેને લીધે વધી પડેલ શીરો અંધ શ્રદ્ધાળુ રામભકત ગુલાબચંદ ગટ્ટુલ કે જે આ રામમંડળીના તાંડવ નૃત્યનાં ઉત્પાદક હતા, તેમણે તથા તેમનાં બીજા સાથીઓએ ઘેર ઘેર જઇ આગ્રહ કરી તે સીરો મુકી આવ્યા હતા કે જે ઘણી બહેનોએ તો તે કુતરાને ખવરાવી દીધો હતો, તેજ સાબીતી પૂરે છે કે પુષ્કળ માણસો જમણ જમવા સિવાય પાછા ચાલી ગયા હતા. અંતરાય કર્મની પુજા ભણાવવા માટે કોઇ પણ વિરોધ ન હતો, વિરોધ અત્યારે આવા જમણવાર માટેજ હતો. ધર્મના નામે અધર્મક કૃત્યો કરવા અને તેનો લુલો બચાવ કરે. ખોટા સુકી ચાણી ચલાવવા બહાર પડવું તેમાં કાંઇ માનવતા નથી. ધર્મના નામે એ રામટોળીએ અનેક પાપકૃત્યો કર્યાં છે અને હજી પણ જુઠાણા ચલાવી સમાજને ઉંધે રસ્તે દોરવવા પ્રયત્ન કરી રહ્યા છે તે હવે સમજુ વર્ગ ચલાવી લઇ શકે તેમ નથી. બાકી 'પેટનો બળ્યો ગામ કોણ બાળે છે!' એ તો જનતા સારી રીતે સમજી શકે છે, તેથી તે વિષે અમ્હારે કાંઇ કહેવાનું રહેતુંજ નથી. લી૦ બ્હેન નવલ.

ઉપરનો લેખ 'મુંબઇ સમાચાર' પત્રમાં તા૦ ૧૦ મીએ બેન નવલ તરફથી મોકલવામાં આવ્યો હતો કારણ કે જાણકારનો લેખ તે પત્રમાં પ્રકટ થયો હતો. પણ 'મુંબઇ સમાચારે' આ લેખ આટલા દિવસ સુધી પ્રકટ કર્યો નથી. જુના પત્રકારો પણ કેટલી ન્યાયબુદ્ધિ દાખવે છે તેનું આ દ્રષ્ટાંત છે.

પાટણમાં જાગૃતિ.

પુજ્ય બાપુજીને પરહેજ કર્યાં; તેજ દિવસે પાટણે હડતાળ પાડી, જાહેર સભા ભરી, અને તેજ સભામાં રાષ્ટ્ર સેવા મંડળ નામની સંસ્થા સ્થાપી.

મંડળે પાટણમાં લોકમત કેળવવા નિયમીત જાહેર સભાઓ અને સરઘસો કઢાડીને જનતામાં જાગૃતિ આણી. આ જાગૃતિના પરિણામે, બહેનો અને ભાઇઓ સ્વયંસેવક તરીકે જોડાયાં; ને કાપડ ઉપર પિકેટીંગ આદર્યું; ને કોપડીયા ભાઇઓએ દિવાળી સુધી નવું કાપડ ન મંગાવવાના ઠરાવો કર્યા બીજી બાજુ દારૂ ઉપર પિકેટીંગ ન કરતાં, દારૂ પીનારાંઓને સમજાવી ઠરાવો કરાવ્યા, જેના પરિણામે દારૂના વેચાણમાં અડધો અડધ ઘટાડો થયો.

ત્રીજી બાજુ પાટણમાં ચરખા પૂરા પાડવા, ખાદી ઉત્પન્ન કરવી અને વેચવી એ ઉદ્દેશથી હાલ ચરખા વર્ગની શરૂઆત કરી છે. તેમ ગામડાઓમાં ફરીને ઉપદેશદ્વારા લોકમત કેળવવાની શરૂઆત કરી છે. આટલા ટુંકા ગાળામાં રાષ્ટ્ર સેવા મંડળે ઠીક જાગૃતિ આણી છે.

ભાવનગરમાં જાગૃતિ.

શહેર ભાવનગરમાં પણ બહિષ્કાર સમિતિની સ્થાપના કરવામાં આવી છે. તે સમિતિની પ્રેરણાથી ભાવનગરના વિલાયતી કાપડના વેપારીઓએ તથા રેશમી કાપડના વેપારીઓએ ત્રણ માસ માટે નવો માલ નહિં મંગાવવાનો ઠરાવ કર્યો છે. બહિષ્કાર સમિતિએ તે ઠરાવની નોંધ તેમના રેકર્ડમાં રાખવી જોઇએ. તે ઠરાવનું પાલન સંપૂર્ણ રીતે થાય તે માટે યોગ્ય બંદોબસ્ત કરવો જોઇએ. વિદેશી વસ્ત્રો વાપરવા નહિં તેવા પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ કરાવવાનું પણ ચાલુ થયું છે. તે કાર્ય વિશેષ પ્રકારે ચાલુ રાખવાથી બહિષ્કારના ઠરાવનો અમલ સચોટ થશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

કોન્ફરન્સ અને હાલની લડત.

સમગ્ર હિન્દુસ્તાનની જૈન પ્રજાની પ્રતિનિધિરૂપ ગણાતી, કોન્ફરન્સની વર્કીંગ કમિટિએ ગયા રવિવારે મળેલી મિટિંગમાં ચાલુ લડતને અંગે ઉચિત ઠરાવો કરી જૈન સમાજને માર્ગ દર્શાવ્યો છે. અમને ખાત્રી છે કે તે ઠરાવો જૈન સમાજ સ્વીકારશેજ એટલુંજ નહિ પણ સમાજનો બહોળો ભાગ તે ઠરાવોનો અમલ પણ કરશે ને તે રીતે કોન્ફરન્સ જૈન જનતાની પ્રતિનિધીરૂપ છે તે આપોઆપ સાબીત થશે. હિંદનો વ્યાપાર ચોક્કસ પ્રમાણમાં જૈન ભાઇઓના હાથમાં છે તેઓ વ્યાપારની દિશામાં ફેરફાર કરે ને સ્વદેશી વસ્તુઓનો વિકાસ કેમ થાય તેનો ખપ કેમ વધે તેની પેદાશ જરૂર પુરતી કેમ થાય તેવા માર્ગો લે તો તેમને નુકશાન થવાને બદલે વ્યાપાર તેમના હાથમાં રહેશે ને દેશને પણ લાભ થશે. ઠરાવો તપાસીએ. પહેલો ઠરાવ લડત પ્રત્યે સહાનુભૂતિનો તથા બીજો ઠરાવ મહાત્મા ગાંધીજીને અભિનંદનનો છે. આ ઠરાવો કરવા માટે કમિટિએ વહેલા જાગૃતિ થવાની જરૂર હતી. જૈન પ્રજા અહિંસાના સિદ્ધાંતમાં માનનારી છે. ધર્મગ્રંથો ને ચરિત્રગ્રંથો અહિંસાના સિદ્ધાંતોનાં દાખલાથી ભરપૂર છે પણ આ જમાનામાં મહાત્માજીએ વિકટ સંયોગોમાં અહિંસાના સિદ્ધાંતનું પાલન કરીને તથા સમાજ પાસે આ લડતમાં પાલન કરાવીને અહિંસાના સિદ્ધાંત તરફ સમગ્ર દુનિયાનું લક્ષ ખેંચ્યું છે. અમેરિકન તથા અન્ય વિદ્વાનો અહિંસાત્મક લડતની કૃતેહ ઉપરથી ઘણા ઉપકારક પરિણામો નીવડવાની આશા રાખે છે તેથી મહાત્માજીને અહિંસાના સિદ્ધાંતોના આત્મા તરીકે આ ઠરાવમાં ઓળખાવેલા છે તે યથાર્થ છે. ત્રીજો ઠરાવ જે જૈન બંધુઓ આ લડતમાં જોડાયલા છે તેમને અને તેમાં જેઓ સજા પામેલા છે તેને અભિનંદન આપવા સંબંધીનો છે. આ ઠરાવ પણ અધુરો છે. ખાલી હાર્દિક અભિનંદનથી સ્વયંસેવકોને રાહત મળતી નથી તેમ બીજા સ્વયંસેવકો તરીકે જોડાવા ઇચ્છનારને જે મુશ્કેલીને લીધે તેઓ જોડાઈ શકતા ન હોય તે દુર થતી નથી. કોંગ્રેસ કમિટિ સ્વયંસેવકોના કુટુંબોની જરૂરીયાત માટે બનતો પ્રયાસ કરે છે. પણ દરેક કામ પોતે પોતાના સ્વયંસેવક પુરતું તે કામ ઉપાડી લે તેને માટે ફંડ એકઠું કરી વાપરે તો કોંગ્રેસ કમિટિની એક જવાબદારી ઓછી થાય. વળી હવે પછીના સમયમાં કોંગ્રેસ કમિટિઓને ગેરકાયદેસર ઠરાવવામાં આવે તે પ્રસંગે આ કાર્ય તેનાથી બનવા અસંભવિત થાય તેવા પ્રસંગે આવી યોજના કાર્યને નીભાવી રાખે. તે ઉપરાંત બીજી પણ ભલામણ આ ઠરાવમાં જૈન વ્યાપારીઓને કરવી જરૂરની હતી. સ્વયંસેવકો નોકરીમાં હોય તેઓ આ લડતમાં જોડાય તે દરમ્યાન તેનો પગાર તથા નોકરી ચાલુ રાખવાની વેપારીઓનેભલામણ કરવાની જરૂર હતી. ચોથો ઠરાવ ધરાસણા વગેરે જુદે જુદે સ્થળે થયેલા અત્યાચારો સંબંધે વિરોધ દર્શાવનારો હતો, ઠરાવ પાંચમો ખાદી તથા સ્વદેશી વાપરવાના આગ્રહ કરવા સંબંધીનો પસાર કર્યો હતો. જાહેર સભા આ બાબતમાં વધારે વ્યવહારૂ ઠરાવો વિસ્તારથી કરે તેમ અમે ઇચ્છીએ છીએ કોંગ્રેસ તરફથી બોયકોટ કમિટિ કામકાજ કરે છે તેના કાર્યમાં મદદ થાય તેટલા માટે આપણે બહિષ્કાર સમિતિ નીમવી જોઇએ. તે બહિષ્કાર સમિતિએ વોલંટીયરોદ્વારા દરેક જૈન ભાઇઓ અને બહેનો પાસે સ્વદેશી ચીજો વાપરવાના પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ લેવાનું શરૂ કરવું જોઇએ. રેંટીયા અને તકલી કાંતવાનો જૈન કોમમાં વધુ પ્રમાણમાં પ્રચાર થાય તેવા પ્રયાસો કરવા જોઇએ. કાપડ શિવાયની બીજી બ્રીટીશ વસ્તુઓના બહિષ્કારને માટે જુદા જુદા પ્રકારની સુચનાઓ કરવી જોઇએ. જૈન વ્યાપારીઓને તેવો માલ મંગાવતા અટકે તેવો પ્રયાસ કરવો જોઇએ. ઠરાવ છઠ્ઠો રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના બહિષ્કાર સંબંધીનો છે. તે ઠરાવ યોગ્ય રીતે ઘડવામાં આવ્યો છે. જૈન સમાજે તો મહાત્માજીની હાજરી જે પરિષદમાં ન હોય અગર તેઓ જેને સંમત ન હોય તેવી પરિષદમાં પ્રતિનિધિ મોકલવો જોઇએ નહિ. જાહેર સભા આ ઠરાવો પાસ કરશે એવી અમે આશા રાખીયે છીએ. આ ઠરાવોનો જૈન કોમમાં વધુ પ્રચાર થાય તેટલા ખાતર જૈનોની જાહેર સભા બોલાવવા સંબંધીનો ઠરાવ સાતમો કરવામાં આવ્યો હતો તે મુજબ જાહેર સભા બોલાવવાનું નક્કી થયું છે. અમો દરેક જૈન ભાઇઓ તથા બહેનોને સભામાં હાજરી આપવા આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ. મિટિંગના પ્રમુખ તરીકે રા. રા. ભુલાભાઇ દેશાઇની પસંદગી બહુ અર્થસુચક છે. દેશ સેવિકા સંઘની સાથે રહીને તેમણે વિદેશીના બહિષ્કાર માટે મુંબઇ તથા અન્ય સ્થળોએ કરેલું પ્રશંસનીય કાર્ય સુવિદિત છે તેમનો અનુભવ પણ ઠરાવોની રચનાને અંગે ઉપકારક નીવડશે.

કોન્ફરન્સની વરકીંગ કમીટીનું કામકાજ ચાલુ લડતને અંગે ઠરાવો કર્યા ઉપરાંત કમિટિએ અન્ય કારોબારી કામકાજ કર્યું હતું. "જૈન યુગ" માસિકને આવતા ભાદરવા માસથી પાક્ષિક બનાવવું અને દર પખવાડીએ એકમને દિવસે પ્રકટ કરવું. તંત્રી મંડળની નિમણુંક કરવામાં આવી. સભ્યોનાં આવેલાં રાજીનામાં મંજૂર કરવામાં આવ્યાં. સુકૃત ભંડાર ફંડનો ફાળો જેઓ તરફથી આવ્યો ન હોય તેમને ૧૫ દિવસમાં મોકલી આપવા તથા તેમ નહિં થાય તો તે જગાએ બીજી નિમણુંક થશે એમ જણાવવું એમ નક્કી કરવામાં આવ્યું.

જૈનોની જાહેર સભા.

પ્રમુખ : રા. ભુલાભાઈ જે. દેશાઈ,
એડવોકેટ.

સ્થળ : શ્રી આદેશ્વરજીની ધર્મશાળા,
પાયધુની જંકશન, બીજે માળે,

ટાઇમ : સ્ટા. વા. ૮ વાગતે રાતના,
ગુરૂવાર તા૦ ૨૬-૬-૩૦ જ્યેષ્ઠ વદ ૦)),

સર્વે જૈન ભાઇઓ જરૂર પધારશો.

શાસન પક્ષનો ? સી. આઈ. ડી. કોન્ફરન્સપ્રેમીનાં મુખોં ઓઢે છે.

કહેવાતા ધર્મીપક્ષની આંધળી વકીલાત કરે છે.

વીરશાસન વેવલાં વધારે છે.

બથાવી પાડેલી સત્તા જ્યારે સરી જવાનો સમય આવે છે ત્યારે સત્તાપર બેઠેલો સમાજ ન્યાય, નીતિ, ધર્મ, વિવેક અને માણસાઇ એમ બધાંયે સદ્‌ગુણોને સલામ કરે છે અને એના પ્રતિપક્ષી દુર્ગુણોને સદ્‌ગુણ તરીકે સ્વીકારવા માટે દલીલો મારે છે; તે કાયદા, ધર્મ, શાસ્ત્ર અને એવા અનેક અળખામણાં ઓઠાં નીચે શબ્દ જાળ રચે છે, પાખંડ પોષે છે. છતાં એનું કોઇ માનતું નથી, સ્વીકારતું નથી. ત્યારે એ સમજી જાય છે કે આપણા નામથી હવે પ્રજા કે સમાજ ભડકે છે માટે કોઇ સી આઈ ડીને પ્રજા કે સમાજનો મુખોં પહેરાવી આપણો પ્રચાર કરીએ પણ જાગૃત થએલ પ્રજા કે સમાજ એવા સી. આઇ. ડી.ઓની સેતાનીઅત પળમાં પકડી પાડે છે ગઇ તા૦ ૧૮-૬-૩૦ બુધવારના રોજે મુંબઇનાં કોટના લત્તામાં એવાજ એક સી આઈ ડીને કોઇ પારસી ભાઇએ પકડી પાડી તેનો પટ્ટો સર બહેરામજી જીજીભાઇ મારફતે કમિશ્નર પાસે પહોંચાડયાની વાત જાણીતી છે. અમારા થોડા વેષધારીઓની ગુલામી કરતો એક વર્ગ શાસન રસીક, ધર્મી પક્ષ એ નામે બહાર આવ્યો અને ધર્મ સેવક વગેરે અનેક તખુલ્લસોથી એના લેખકો વર્તમાન પત્રોની કટારોમાં ઝળકયાં અને સમાઇ ગયાં. પણ આ પક્ષ સમજી ગયો લાગે છે કે અમારી રીત, કારવાહી, પદ્ધતિ, વલણ એ બધાં એટલાં મેલાં છે. બદતર છે, ગ્લીચ અને હલકાં છે કે તેની સાથે ધર્મ, શાસન અને એવાં પવિત્ર નામોને જોડીએ છીએ તો પણ કોઇ અમારૂં સાંભળવા તૈયાર નથી તો પછી માનવા તો તૈયાર હોયજ શાના ! અખીલ ભારત વર્ષના જૈન મૂર્ત્તિપૂજક સમાજપર કાયુ, અસર અને પ્રભાવ ધરાવતી કોઇ સંસ્થા હોય તો તે જૈન શ્વે. મહાસભા (કોન્ફરન્સ) છે. એટલે ગઇ તા૦ ૧૨-૬-૩૦ ના મુંબઇ સમાચારમાં કહેવાતા શાસન પક્ષનો કોઇ સી આઇ ડી કોન્ફરન્સ પ્રેમીનો મુખોં ઓઢી બહાર આવ્યો છે તે પોતે પોતાને કોન્ફરન્સ પ્રેમી કહેતો હોવા છતાં લેખની શરૂઆતજ ત્યાંથી કરે છે કે કોન્ફરન્સ દેશદ્રોહ કરે છે. એના ટેકામાં તે નીચેની વાતો કરે છે. કોન્ફરન્સના કાર્યકર્તાઓ મુંબઇ સુરત અને વડોદરા વગેરે જઇ આવ્યા ત્યાં આંતર કલેશ વધારી આવ્યા, લેખકની આ બધાં સ્થળે હાજરી હતી તેથી હું પૂરી જવાબદારીના ભાન સાથે એ સી. આઇ. ડી.ને પડકાર આપું છું કે એની કાર્યવાહીની સમાલોચના માટે કોઇ જાહેર પ્રસંગ ચોજો. એ ત્રણે સભાઓમાં ઐકય, વિદ્યા, વિકાસ અને એવાં સમાજોપયોગી કાર્યની જોરશોરથી હીમાયત થઇ છે. એની બીજી દલીલ એ છે કે કોન્ફરન્સવાળા ધર્મી પક્ષને ઉતારી પાડવા પાછળજ પડયા છે. સુરત સોસાયટી અને 'દેશ' સમ્મેલનોમાં શ્રી નેમચંદ નાથાભાઇના મુખ્ય ભાષણો અને બીજાં પેટા ભાષણોની ગ્લીચતા, અપશબ્દો અને તુચ્છતર ભાષા અને વિચારોનો થએલ ઉપયોગ જાણ્યા પછી કોન્ફરન્સ પ્રેમીના નામે પોષાતા આ પાખંડને ન સમજી લે તેટલો ગમાર હોવાની સમાજે કયારની ના સુણાવી છે. કહેવાતા, શાસન અને ધર્મપક્ષે હિંદના રાજકારણની એના, સરમુખત્યાર મહાત્માજીની પેટ ભરીને નિંદા કર્યા પછી આજે હવે એ વર્ગ પોતાની દલીલોમાં ધર્મને, શાસનને અને શાસ્ત્રોને સંડોવી થાકયો જણાય છે. તે સમજી ગયો લાગે છે કે આ અને આવા પરમ પુનિત નામો અમારાથી લાજે છે અથવા, એની સાથે અમારો મેળ થવાથી તેને કોઇ સાંભળવા માનવા તૈયાર નથી. તેથી પોતાની ઝતુની ઉશ્કેરણીમાં પણ રાજકારણને દેશની પ્રગતિને, મહાત્માજીની અહિંસા, સત્ય, તપ અને ત્યાગને દલીલ તરીકે કે પછી પોતાના પક્ષ પ્રચારના હથીયાર તરીકે વાપરે છે. જૈન જીવનની ચેલેન્જમાંથી હડી જતાં કોઇ ધર્મ સેવકે પણ એવોજ ઢોંગ કર્યો છે તે કહે છે કે ચેલેન્જ કરનાર એક અજ્ઞાન ગ્રહસ્થ કયાં ? અને ત્યાગી મુની કયાં ? ચેલેન્જ આપનાર સમાન કોટીના ન હોય તો મોટાએ નાનાની ચેલેન્જ ઉપાડવી નહિં આવી દલીલના ટેકામાં પણ તે મહાત્માજીના ચરણ સ્પર્ષ શોધે છે. શ્રી મોતીચંદભાઇ સોલીસીટર કાપડીયા જેવા કેળવાએલ સુશીક્ષીત અને પ્રૌઢ લેખક સામે ગત ચાતુર્માસમાં અજ્ઞાન, ગભરૂ, નાદાન અને પ્રક્ષાલનપણુ ન આવડે તેવા બાળકો મારફતે ચેલેન્જો ફેકાવ્યા પછી આજે એ પક્ષતી આ દલીલ સાંભળી પેટ પકડી હસવું આવે છે. આ તો સમાચારના બે લેખ ઉપર થોડી વીચારણા કરી. ગઇ તા૦ ૧૩-૬-૩૦ ના વીરશાસનમાં મુંબઇનું વાતાવરણ એ મથાળા નીચે મને ઉદ્દેશીને જે વેવલાં વધાર્યાં છે તેની જરા જડતી લઉં. છેલ્લા છ એક અઠવાડીયાથી હું પત્રીકામાં લખું છું તેથી વેષધારીઓની ગુલામી ભડકે બળે છે અને એનો ધુમાડો મુંબઇના વાતાવરણમાંથી અમદાવાદ જઇ અડે છે. મેં ગયા સોમવારના પત્રિકાના અંક શીવાય કોઇપણ લેખ શ્રી. રામવિજયજીને ઉદ્દેશીને લખ્યો નથી છતાં સોમવાર પહેલાં બહાર પડેલ વીરશાસનમાં લખાય છે કે મારો યત્ન શ્રી. રામવિજયના યશ પ્રકાશને ઉતારી પાડવાનો છે આનો અર્થ તો એ થયો કે તખુલ્લસધારી, ધર્મસેવક વગેરે જે જે લેખકોને મેં જવાબ આપ્યો છે એ જવાબ આપવાનો યત્ન શ્રી. રામવીજયજીને ઉતારી પાડવાનો છે એમ વીરશાસન કહે છે તો આડકતરી રીતે તર્ક એ વાત સીદ્ધ કરે છે કે મેં આપેલા જવાબ આપવામાં બધા તખુલ્લસોથી લખાએલાં લેખોના લેખક, જવાબદાર, પ્રેરક, પોષક અને જોખમદાર શ્રી. રામવિજયજી છે, જો તેમ ન હોય તો એમનું જ વાજીંત્ર વીરશાસન આવું વિધાન કેમ કરે ? જનતાને કલ્પના, તર્ક અને શક તો એ હતોજ કે આ બધા પ્રચારના પ્રેરક કદાચ શ્રી. રામવિજયજી હશે તેને આજે વીરશાસન સાચા ઠરાવે છે. મહાવીર જૈન વિદ્યાલયવાળા સમસ્ત જૈનોની સભા બોલાવનાર વીશ આગેવાનો, આગેવાનો નથી એની પુષ્ટિમાં વીરશાસન આ દલીલ કરે છે તે સુરત સમ્મેલનોમાં ન હતા, શત્રુંજયના સમાધાનમાં ન હતા, એને આગેવાનો કોણે બનાવ્યા, સુરત સમ્મેલનમાં હોય તેજ આગેવાન એ વીરશાસનની નવી શોધ જાણી લઇ સમાજ એના માટે રીઝર્વડ રહેવા દે. શત્રુંજયની સમાધાની વખતે મેં આખાએ કચ્છમાં પ્રવાસ કર્યો હતો. ના. વાઇસરોય પરના મોકલાવેલ પ્રોટેસ્ટપત્ર અને મેમોરીયલ પર સ્થાનકવાસી કે મૂર્ત્તિપૂજકના ભેદ વગર સમસ્ત કચ્છી જૈન સમાજે તે પર સહીઓ કરી હતી. રાવસાહેબ રવજીભાઇ

સોજપાળ, ડો. પુનશી હીરજી મહીશેરી જે. પી. શ્રી દેવજીભાઇ ટોકરશી જે. પી. શ્રી. નાનજી લધાભાઇ વિગેરે. વીશમાંથી એવા કેટલાએ ગ્રહસ્થો છે કે જેમણે શત્રુંજય સમાધાન માટે મુંબઇ મુકામે મળેલ જૈન કનવેનશનમાં ભાગ નથી લીધો? પણ ધરાદાપૂર્વક આંખ અને કાન બંધ કરવા હોય, નાકની પરવા ન હોય તેઓને દલીલ કે સત્યની પરવા શી? હું કોઇ આગેવાનોના કુદાડાનો હાથો બન્યો છું અને એ પહેલાંના એક અંકમાં આડકતરી રીતે મહેનતાણુથી લખું છું એવું વિધાન વીરશાસન કરે છે. વીશ વર્ષના જાહેર જીવનમાં કોઇ પણ લાલચ, વૈભવ કે મહેનતાણા જેવી તુચ્છતાથી ન લલચાવાનો મારો દાવો છે સંખ્યાબંધ જૈન મુનિઓ અને સાધ્વીઓને અધ્યયન કરાવ્યું છે શાળાઓ અને વિદ્યાલયોમાં સેવા કરી છે રાષ્ટ્રીય અધ્યાપન મંદીરના આચાર્ય થવાની તક સાંપડી છે. પણ કદી મહેનતાણું લીધું નથી, જીવનમાં આ અંગત નિવેદન પહેલીવાર એટલા માટે કરું છું કે સમાજ આ ગંદા પ્રચારથી બેટો ખ્યાલ ન બાંધે હું નામ જોગ લખું છું તે માટે વીર શાસન મને ધન્યવાદ આપે છે એની હંમેશની ટેવાયલી ગ્રીય ભાષા મારા માટે એણે નથી વાપરી તેટલા પૂરતું હું એનું અભિનંદન કરું છું છેલ્લાં બે વર્ષની હાજરી દરમ્યાન આ પાખંડ સામે મારો પ્રકોપ છતાં મારી જીભ અને કલમપર મેં તાળું મારેલ પણ જૈન શ્વે. મહાસભા સામેના જુલ્મકર મુકામે થએલ એના હીચકારા આક્રમણ પછી એ પક્ષના મલીન પ્રચાર સામે મારે યથાશક્તિ સત્ય સમાજ સમક્ષ ધરવું એ નિર્ણય કર્યો અને તેને નિભાવવા ઇચ્છતો.

પંડિત આણંદજી દલસંહ શાહ.

અમદાવાદ જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા.

તા૦ ૧૭-૬-૩૦ ને મંગળવારના રોજ રા. પોપટલાલ શામળદાસ શાહના પ્રમુખપણા નીચે મળી હતી, તેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) અમદાવાદના નાગરીક અને જાણીતા મીલમાલીક શેઠ રણછોડભાઇ અમૃતલાલ અને મુનિશ્રી જીનવિજયજી સૈનિકો સાથે ધરાસણાની મીઠા પરની ચઢાઇના નાયક તરીકે જે ભાગ લીધો છે અને તેને પરિણામે તેઓ સરકારના મહેમાન બન્યા છે તે માટે એ દરેકને આ સંસ્થા અભિનંદન આપે છે.

(૨) ધરાસણાની મીઠાની ચઢાઇ અંગે જે સૈનિકોએ અહિંસક રહી સરકારી અમલદારોના હાથે થયેલ અત્યાચારો સહન કરી લડતને દીપાવી છે તે માટે તે સર્વને આ સંસ્થા અભિનંદન આપે છે.

(૩) સરકાર તરફથી મુંબઇની ધારાસભામાં નિમાએલ મીસીસ ડીકીન્સને સરકારી અત્યાચારો સામેના વિરોધ તરીકે ધારાસભાનું જે રાજીનામું આપ્યું છે તે માટે આ સંસ્થા તેઓશ્રીને અભિનંદન આપે છે અને વડી ધારાસભામાં સરકાર તરફથી નિમાયેલ શેઠ કીકાભાઇ પ્રેમચંદ તથા કાઉન્સીલ ઓફ સ્ટેટમાં બિરાજતા રોઠ વિજયસિંહજી દુધેડીયા આદિને પણ આ દાખલાનું અનુકરણ કરી તેને સંસ્થામાંથી રાજીનામું આપી, દેશસેવા બજાવી, રાષ્ટ્રપ્રેમનું દર્શન કરાવે એવી તેમને વિનંતી કરે છે.

(૪) સરકારી ઇલકાબધારીઓને પોતપોતાના ઇલકાબ અને તેની સનંદ આ રાષ્ટ્રીય ચળવળ પ્રતિની દમનનીતિના વિરોધ તરીકે સરકારના પર પાછા મોકલવા આ સંસ્થા વિનંતી કરે છે.

દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

—:○:O:○:—

જૈન સત્યાગ્રહીઓના વધુ નામો.

૧૩૬ ભગવાનલાલ દાનજી
૧૩૭ પુનમચંદજી રાંકા
૧૩૮ પટેલ જતન લાલજી ઓપડા B. A. L. L. B.
૧૩૯ જોરાવમલજી ડાંગા
૧૪૦ પ્રેમચંદ મગનલાલ
૧૪૧ પોપટલાલ હરગોવનદાસ
૧૪૨ માણેકચંદ સોમસુખા
૧૪૩ આશકરણ ભવક
૧૪૪ જશકરણ ડાંગા
૧૪૫ હીરાલાલ લવજી
૧૪૬ શીવજી કરમશી બાદોધ
૧૪૭ ગાંગજી હીરજી માડ રતાડીયા
૧૪૮ પ્રેમજી હેમરાજ કારા (લોકઅપ)
૧૪૯ જાદવજી ઝવેરચંદ ગાંધી અંજાર જેલમાં)
૧૫૦ ખીમજી ઘેલાંભાઇ ખોના
૧૫૧ કાનજી ઉદ્દેશા મેશેરી
૧૫૨ કલ્યાણજી ખીમરાજ ધરમશી (જેલમાં)
૧૫૩ જેઠા કચરા
૧૫૪ કલ્યાણજી રવજી
૧૫૫ ખીમજી ભગવાનજી
૧૫૬ પ્રેમજી હેમરાજ.
૧૫૭ પુનમચંદજી ભંડારી.
૧૫૮ કુંદનમલજી ફરોદીઆ.
૧૫૯ છગનલાલ ઉત્તમચંદ (જેલમાં)
૧૬૦ ચંદુલાલ જમનાદાસ.
૧૬૧ રમણલાલ મણીલાલ પટેલ.
૧૬૨ રસીકલાલ મણીલાલ પટેલ.
૧૬૩ કાન્તિલાલ મણીલાલ પટેલ.
૧૬૪ દલીચંદ જેચંદ
૧૬૫ ચંપકલાલ હરગોવન.

[વધુ નામો આવતા અંકમાં.]

: : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

બહિષ્કાર સમિતિની સ્થાપના. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૭ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ સુદી ૪. તા૦ ૩૦-૬-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

વિજયસિંહજી દુધેડીયા અને મૌલાના શૌકતઅલી.

સાઇમન કમીશનનો રીપોર્ટ પ્રગટ થતાંવેંત સર્વત્ર તે રીપોર્ટને એક અવાજે વખોડી કાઢવામાં આવ્યો છે. તે રીપોર્ટમાં જવાબદાર રાજતંત્રના માર્ગે પ્રજાને આગળ લઇ જવાના ઓઠા નીચે અનન્ત કાળ સુધી હિંદુસ્થાનની પ્રજાને સરકારી રાજ્યતંત્રમાં જકડી રાખવાનીજ યુક્તિઓ રચવામાં આવી છે અને પાને પાને એકાન્ત દંભ અને છળ યુક્તિઓ ભરી છે. આવા દેશદ્રોહી રીપોર્ટ ઉપર જ્યારે સર્વત્ર ધીક્કાર વરસી રહ્યો છે ત્યારે આખા હિન્દુસ્તાનમાં માત્ર બે નરરત્નો એવા નીકળ્યા છે કે જે તે રીપોર્ટને આનંદથી વધાવી લે છે. એક તો મૌલાના શૌકતઅલી અને બીજા હમણાં હમણાં આ બાજુ માનપાન ભોગવી ગયેલા રાજા વિજયસિંહજી દુધેડીઆ. આ બે નરરત્નોમાં આજે બીપીનચંદ્ર પાલનો ઉમેરો થયો છે. આ (દુધેડીયા) શ્રીમાન્ મહાશય તા૦ ૨૭-૬-૩૦ ના સ્ટેટસમેનમાં લખે છે કે :—

"સાઇમન કમીશનની ભલામણોનો અમલ કરવામાં આવશે તો તેથી આ દેશ અસાધારણ રાજકીય પ્રગતિ સાધી શકશે. ઈંગ્લાંડ ૧૯૧૭ના જગજાહેર ઢંઢેરાને બરોબર વળગી રહેવા માંગે છે અને હિન્દુસ્થાનને ખરા માર્ગે દ્રઢતાપૂર્વક દોરવા માંગે છે તેનો આ ભલામણો ચોક્કસ પુરાવો છે. આ રીપોર્ટ એક મોટો ઐતિહાસિક બનાવ ગણાશે. આની સરખામણી કેનેડાના રાજ્ય બંધારણને લગતા ૧૮૪૦ ના ડર્હામ રીપોર્ટ સાથે બરોબર થઇ શકે તેમ છે.

"મને જણાવતાં ખેદ ઉપજે છે કે મારી જૈન કોમ જે આખા હિંદુસ્થાનમાં સૌથી વધારે ધનિક છે તેના પ્રત્યે દુર્લક્ષ્ય આપવામાં આવ્યું છે. તે ઉપરાંત પ્રાન્તિક બંધારણમાં ઉમરાવોની ધારાસભાનો પ્રશ્ન મુલતવી રાખવામાં આવ્યો છે. વળી એ પણ ખેદજનક છે કે ધારાસભામાં જમીનદારોનું પ્રતિનિધિત્વ વધારવાને બદલે તેમના ચાલુ પ્રતિનિધિત્વને અત્યારના બંધારણમાં જે ખાસ રક્ષણ આપવામાં આવ્યું હતું તે પણ લઈ લેવામાં આવ્યું છે."

આ આખો અભિપ્રાય દુધેડીયા મહાશયનું માનસ કેવું છે તેનો સંપૂર્ણ પરિચય આપે છે. પહેલાં તો અમારો તેમને પ્રશ્ન છે કે સાઇમન રીપોર્ટ કે જેની ઉપર તેઓ આટલા બધા વારી જાય છે તે તેમણે વાંચ્યો છે ખરો અને સમજ્યા છે ખરા ? બીજું ડર્હામ રીપોર્ટનું મોઢું તેમણે કદિ જોયું છે ? ખરી રીતે હિન્દુસ્થાનની રાજકીય પ્રગતિની તેમને લેશમાત્ર ચિન્તા પડી નથી. તેમને તો 'હું, મારી જૈન કોમ અને મારા જમીનદાર બાંધવો'—એ સિવાય બીજું કાંઇ દેખાતું જ નથી. આ એજ દુધેડીયા મહાશય છે કે જેઓએ જ્યારે હિન્દુસ્થાનની સમસ્ત જનતાએ સાઇમન સપ્તકનો બહિષ્કાર કર્યો હતો ત્યારે કલકત્તામાં આ કમીશનને મોટી ગાર્ડનપાર્ટી આપી હતી. સુરતે ભલે તેમની બાદશાહી પરોણાગત કરી હોય અને મુંબઇના ગણ્યા ગાંઠ્યા માણસોએ ભલે તેમની શ્રીમન્તાઇને માનપત્રથી નવાજી હોય, પણ આખી જૈન કોમ તો આવા સંકુચિત અને ખુશામતખોર જમીનદારથી જરૂર શરમાય છે. તેમના પૂર્વજો (?) જગતશેઠ, અમીચંદ આદિએ વ્યાપાર લાભની અપેક્ષાએ ભારતવર્ષના ભાગ્યને વેચ્યું હતું એવો આક્ષેપ છે; આજે આ દુધેડિયા મહાશય એજ વારસો સંભાળવા માંગે છે કે શું એવો પ્રશ્ન થાય છે.

પ્રસ્તુત અભિપ્રાયમાં 'મારી જૈન કોમને કંઇ મળ્યું નથી' એ ઉદ્‌ગાર ખૂબ ખેદ અને રોષ ઉપજાવે તેવા છે. જૈન કોમે એવા કોઇ પણ પ્રકારના સ્વતંત્ર હકકોની માગણી કરી નથી. જ્યાં ભારતવર્ષની પ્રજા હોય ત્યાંજ જૈનો હોઇ શકે. આગેવાન જૈનો પોતાની સ્વાભાવિક યોગ્યતાના બળે અત્યારના રાજકારણમાં સહેજે આગળ પડતો ભાગ લઇ રહ્યા છે. તેમને ખાસ રક્ષણની કદિ જરૂર છેજ નહિ. આમ હોવા છતાં જૈન કોમના એક પ્રતિનિધિ હોવાનો દાવો કરીને દુધેડિયા રાજાએ જે ઉદ્‌ગારો કાઢ્યા છે તેમાં ધૃષ્ટતા અને અહંતા સિવાય અમે બીજું કશું જોતા નથી.

અમે આશા રાખીએ છીએ કે હવે પછી બીજો કોઇ જૈન બંધુ આખા દેશમાં જે બાબત ઉપર આટલી બધી તીવ્ર લાગણી ફેલાઇ રહી છે તેનો છેદ કરવા બહાર નહિ પડે. નહિ તો તેનો જાહેર વિરોધ કરવાની અમને ફરજ પડશે.

શ્રી. ખરીદીયા જેલની દેવડીએ.

ગુર્જર ભૂમિના બહાદુર બાળકો ભારતના આંગણે મંડાયલા ધર્મયુદ્ધમાં પોતાના દેશબાંધવોના પડખે એક પછી એક હરતે વદને ખડા થતા જાય છે. શ્રી. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખ રા. રા. મંગળદાસ નથુભાઇ ખરીદયા કે જેઓ અમદાવાદ સત્યાગ્રહ છાવણી નં. ૧૦ માં આણંદ મુકામે છાવણીના કેપ્ટન તરીકે દારૂનિષેધની પ્રવૃત્તિ કરતા તા૦ ૨૭-૬-૩૦ ના રોજ અહિંસક યુદ્ધના કેદી બનવાનું માન મેળવી ચુકયા છે, જેમને ૬ માસની સખ્ત કેદની સજા કરવામાં આવી છે. આ શહીદને અમારા અંતઃકરણપૂર્વકના અભિનંદન છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

બહિષ્કાર સમિતિની સ્થાપના.

જૈનોની જાહેર સભાએ પાડેલો પડઘો ફ્રાન્ફર્ન્સની કાર્યવાહી સમિતિએ તુરતમાંજ ઉપાડી લીધો તે જોઇ અમોને આનંદ થાય છે. અમે આશા રાખીએ છીએ કે કમિટિ તરતમાંજ પોતાનું કામ શરૂ કરી દેશે. કામ કરવાના બે પ્રકાર છે પહેલું કમિટિએ સીધું કામ શરૂ કરી દેવું તે માટે સ્વયંસેવકો માગવા. બીજી રીત જુદા જુદા સાથવાળાઓને બોલાવવાની છે. અને તે રીત હાલના વાતાવરણમાં લાંબી થઇ પડશે. સાથવાળા આવે ને તેમનો સાથ ભેગો કરે તેમાં સહેજે અઠવાડીયા ચાલી જાય. અમદાવાદમાં પણ સીધી પદ્ધતિથી વધારે કામ થયું હતું ત્યાં છુટી છુટી ન્યાતો પહેલા બોલાવવામાં આવી નહોતી. પહેલાં તો સ્વયંસેવકોની માંગણી કરવી ને સારી સંખ્યામાં નોંધાવવા. બહિષ્કારના પતિજ્ઞાપત્રો છપાવવા. વોલંટીયરો જૈન વસ્તીવાળી ચાલીઓમાં જાય. કમિટિના આગેવાનોએ શરૂઆત કરાવવામાં ભાગ લેવો જોઇયે. હવે આગેવાનોએ લોકોમાં ભેળાયા વગર પુરતું કામ થઇ શકે તેમ નથી. જૈન વસ્તીવાળા ભાગોમાં ટુંકા ભાષણો કરાવવા જોઇયે. ને તે આગેવાનોએજ કરવા જોઇયે. દરરોજ કેટલું કામ થાય છે તેની યાદી ચોક્કસ કામ થયા પછી બહાર પાડવી જોઇયે. નાના નાના હસ્તપત્રો સાદી ભાષામાં પ્રગટ કરી વહેંચવા જોઇએ. દરેક જૈન સ્ત્રી પુરૂષોને મળે તેવી રીતે વહેંચાવવા માટે ગોઠવણ કરવી જોઇયે. સામાન્ય કાર્ય થયાં પછી સાથવાળાઓની સાથે મળી કામ કરવાથી દરેક સાથમાં ઠરાવો કરાવવાનું કામ સહેલું થશે. હાઇસ્કુલ તથા કોલેજના જૈન વિદ્યાર્થીઓ આ કાર્યમાં રસપૂર્વક ભાગ લેવા બહાર પડશે ને કેળવાયેલાઓ તરફ થતા આક્ષેપોને ખોટા પાડશે. મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા અન્ય જૈન બોર્ડીંગના વિદ્યાર્થીઓ આ તકે પોતાની કોમ તરફની ફરજ અવશ્ય બજાવશે તેવી અમોને આશા છે. વિદ્યાલયના સંચાલકોએ કોમમાં નકર કાર્ય કરવાનો વખત આવ્યો છે તે પ્રસંગે વિદ્યાલયના વિદ્યાર્થીઓ પાછળ રહી જવા ન જોઇયે. કમિટિ પોતાના કાર્યમાં ફત્તેહમંદી મેળવે તેટલું ઇચ્છી આ લેખ પુરો કરીએ છીએ.

જૈનોની જાહેર સભામાં પસાર થયેલો ઠરાવ.

(ક) દેશની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે હાલમાં જે અહિંસાત્મક ચળવળ હિંદી રાષ્ટ્રીય મહાસભા તરફથી ચલાવવામાં આવે છે તે તરફ પોતાની સહાનુભૂતિ છે.

(ખ) આ અહિંસાત્મક ચળવળના પ્રણેતા અને સત્ય અને અહિંસાના સિદ્ધાન્તોના આત્મા પુજ્ય મહાત્મા ગાંધીજીને અભિનંદન આપે છે. અને તેમને વગર તપાસે કેદ કર્યા તે માટે વિરોધ દર્શાવે છે.

(ગ) આ ચળવળમાં જે જૈન બંધુઓ જોડાયા છે તેમને અને જેઓ પોલીસ અત્યાચારના ભોગ થઈ પડ્યા પામ્યા છે તેમને અને જેઓ સરકારની શિક્ષાને પાત્ર થયા છે તેમને હાર્દિક અભિનંદન આપે છે.

ફ્રાન્ફર્ન્સની વર્કીંગ કમિટિની મિટિંગ.

સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિની નીમણુંક.

ફ્રાન્ફર્ન્સની વર્કીંગ કમિટિની એક મિટિંગ તા૦ ૨૯-૬-૩૦ ના રોજ ફ્રાન્ફર્ન્સ ઓફીસમાં મળી હતી, હાજરી સારા પ્રમાણમાં હતી કામકાજ નીચે પ્રમાણે થયું હતું.

(૧) તા૦ ૧૫-૬-૩૦ ના રોજ મળેલી કાર્યવાહી સભામાં અને ત્યારબાદ જૈન ફ્રાન્ફર્ન્સ અને જૈન સ્વયંસેવક મંડળના આશરા નીચે મળેલ તા૦ ૨૬-૬-૩૦ ના રોજ જૈનોની જાહેર સભામાં પસાર થયેલા ઠરાવો પૈકી વિદેશી વસ્ત્રના અને બ્રિટીશ માલ, બેંકીંગ, વીમા તથા શીપીંગના બહિષ્કાર સંબંધી આપણા જૈન સમાજમાં અમલી કાર્ય શરૂ કરવા માટે નીચેના ગૃહસ્થોની એક સમિતિ આ કાર્યમાં ઉપયોગી થાય તેવી, ઉમેરવાની સત્તા સાથે નીમવામાં આવે છે. અને તે સંબંધમાં તેઓ જે કાંઇ યોજના ઘડે, તેનો અમલ કરવાને તે સમિતિને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે. અને આ કાર્યમાં બીજી જૈન સંસ્થાઓનો અને તેટલો સહકાર સાધવાની આ સમિતિને ખાસ ભલામણ કરવામાં આવે છે. આ સમિતિને "સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિ" તરીકે ઓળખવાનું નક્કી કરવામાં આવે છે.

બહિષ્કાર સમિતિ.

શેઠ ચીનુભાઇ લાલભાઇ
,, મણીલાલ મહોકમચંદ } મંત્રીઓ.

શેઠ સારાભાઇ નેમચંદ હાજી. શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ. શેઠ રણછોડભાઇ રાયચંદ. શેઠ મગનલાલ મુળચંદ શેઠ અમીચંદ ખેમચંદ. ડો. પુનશી હીરજી મહીશેરી. શેઠ કાનજી ઉદ્દેશી. શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ. શેઠ ચીમનલાલ શીરચંદ. શેઠ વલ્લભદાસ પુલચંદ મહેતા. શેઠ નાનચંદ કસ્તુરચંદ મોદી. શેઠ જીવણચંદ ધરમચંદ. શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ.

(૨) અજીમગંજવાળા રાજા બિજયસિંહજી દુધેડીયાએ સ્ટેટસમેન પત્રમાં સાઇમન રીપોર્ટ ઉપર અભિપ્રાય દર્શાવ્યો તેમાં જૈન કોમને ભુલી જવામાં આવી તે માટે દીલગીરી દર્શાવી બીજી ભળતી વાતો કરી હતી. તે અભિપ્રાયનું ગુજરાતી ભાષાંતર શેઠ ચીનુભાઇ લાલભાઇએ કમિટિ સન્મુખ સમજાવ્યું હતું તે ઉપરથી કમિટિએ સર્વાનુમતે તેમના તે અભિપ્રાયને વખોડી કઢાઢનારો તથા જૈન કોમને નામે રાજા બહાદુરને અભિપ્રાય આપવાનો હક્ક છેજ નહિ તે મતલબનો ઠરાવ પસાર કર્યો હતો.

(૩) બોમ્બેકોટ વીકને અંગે તા૦ ૩૦-૬-૩૦ ને રોજ કો. ઓ. ના મકાને રાષ્ટ્રીય ધ્વજ ચડાવવાનું નક્કી થયું હતું ને બુધવારે રાષ્ટ્રીય ધ્વજને વંદન કરવાનું ઠેરવવામાં આવ્યું હતું. કેટલુંક પરચુરણ કામ કરી કમિટિ વિસર્જન કરવામાં આવી.

(ઘ) ધરાસણા વીગેરે સ્થળે સત્યાગ્રહી સૈનિકો ઉપર પોલીસે જે અમાનુષી અત્યાચારો ગુજર્યા છે તે માટે વિરોધ પ્રદર્શિત કરે છે.

(ઙ) સર્વે જૈન બંધુઓ તથા બહેનોને આગ્રહ કરે છે કે સર્વેએ ખાદી અને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ અવશ્ય કરવો. અને ખાસ કરીને પરદેશી વસ્તુઓને ઉતેજન ન આપવું.

(ચ) ગોળમેજી પરિષદનો વિરોધ કરવામાં આવ્યો હતો તે ઉપરાંત ઓર્ડીનન્સ સામે વિરોધ તથા શનિવારના રોજ આઝાદ મેદાનમાં થયેલા અત્યાચારો માટે વિરોધ જાહેર કરવામાં આવ્યો હતો.

તા. ક. જગ્યાની તંગીને લઇને ઠરાવ ટુંકા રૂપમાં આપ્યો છે.

મુંબઇના જૈનોની જાહેર સભા.

જૈનોએ લીધેલી સ્વદેશી કાપડની પ્રતિજ્ઞા.

પ્રમુખ શ્રી. ભુલાભાઈ દેશાઇનું સચોટ વક્તવ્ય.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તથા મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશરા નીચે જૈનોની એક જાહેર સભા શ્રી આદિશ્વરજીની ધર્મશાળામાં તા૦ ૨૬-૬-૩૦ ના રોજ દેશની આઝાદીની લડતને અંગે કોન્ફરન્સની કાર્યવાહક સમિતિએ કરેલ ઠરાવને અનુમોદન આપવા મળી હતી.

સભાનો હોલ જનતાથી ચિકાર ભરાઇ ગયો હતો. પ્રમુખ શ્રી. ભુલાભાઇ આવ્યા તે પહેલાં પંડિત આણંદજીએ સરફરોશીકી તમન્નાનું સ્વદેશ ગીત ગવરાવ્યું હતું અને ધન્નીલાલ ઝીન્દાબાદ-હિન્દુસ્તાન ઝીન્દાબાદ-કોન્ફરન્સ ઝીન્દાબાદના વારંવાર પોકારો થતા હતા.

શરૂઆતમાં શ્રીયુત્ મકનજીભાઇ બેરીસ્ટરે પ્રમુખ માટેની દરખાસ્ત રજુ કરતાં જણાવ્યું હતું કે આ વખતની જુન્નેરની કોન્ફરન્સ વખતે કાર્યક્ષેત્રમાં રાજકીય કાર્યનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. હાલ જે ચળવળ સ્વતંત્રતા પાછી મેળવવા માટે ચાલી રહી છે તેના આત્મા મહાત્મા ગાંધીજી છે. તેઓશ્રીએ અહિંસાના તત્વ પર સ્વતંત્રતા મેળવવા નિર્ધાર કર્યો છે. તેઓ જૈન સાધુની જેમ પગે ચાલી દાંડી સુધી ગયા અને ઘણીજ અસર કરી, તેમાં જૈન ભાઇઓએ પણ સારો ફાળો આપ્યો છે. ઘણા ભાઇઓ આત્મભોગ આપી જેલ ગયા છે. પૈસા અને વખતનો પણ સારો ભોગ આપે છે. આપણે બ્રિટિશ માલનો બહિષ્કાર કરી, સ્વદેશીને ઉત્તેજન આપવું જોઇએ. હું આશા રાખું છું કે જૈન કોમ પણ દેશની આઝાદીની લડતમાં પાછી પાની નહિજ કરે. અને પ્રમુખશ્રીને જૈન કોમને આઝાદીની લડતમાં ફાળો આપવા સંબંધી સલાહ આપવા વિનંતિ કરી હતી.

પ્રમુખશ્રી ભુલાભાઇ દેશાઇએ જણાવ્યું હતું કે આપણા દેશની સ્થિતિને અંગે અત્યારે એવો પ્રસંગ આવ્યો છે કે હવે સભા ભરવાની કે ભાષણો કરવાની જરૂર રહી નથી. જો ફક્ત ભાષણજ કરવાનું હોય તો તો મારે તમારો આભાર માની ચાલ્યા જવું જોઇએ. ભાષણને અંગે લાંબા વખતે વર્તનમાં મૂકાય તેવો સમય પણ રહ્યો નથી. મહાત્માજીએ કુચ દરમિયાન એક મોટી મેદની સમક્ષ કહ્યું હતું કે તમે જે ફક્ત તમાસો કે સીનેમા જોવા એકત્ર થયા હો તો બહેતર છે કે હું છાનોમાનો એકલોજ ચાલ્યો જાઉં. તેમજ માત્ર સહાનુભૂતિના શબ્દો કે ઠરાવોને કોઇ પણ ટેકો કહે તો તે, મન મનાવવા જેવું વ્યર્થ છે. એટલા માટે મારી તો ચોકખી શરત છે કે તમે જે ઠરાવ કરો તે આજથીજ વર્તનમાં મૂકવાના છો. નહિંતર તો ઘરે બેસી રહેવામાંજ આપણી શોભા છે. હજુ પણ સમજવાની જરૂર હોય તો ચળવળ મૂકી દેવી ઘટે. અને ફુલ નહિ તો ફુલની પાંખડી જેટલો ભોગ આપવાની વૃત્તિથી નિષ્ફળતા મળે. અત્યારે તો દરેક વ્યક્તિએ પોતાની ફરજ સમજી પૂરેપૂરો ફાળો આપવાની દેશની હાકલ છે. આ લડત કંઇ ફોમી લડત નથી. આ લડત જૈન ભાઇઓ તરીકેની નથી-અહિંસા રૂપે છે તે માટે ખોટા ગર્વને માન આપવા કે જૈનોની પૂરી ગણાતા અમદાવાદમાંથી લડત શરૂ થઇ તે માટે હું અત્રે આવ્યો નથી. આ લડતમાં કોમી સવાલજ નથી. કોમીવાદથી તો સત્યાનાશ ગયું છે. કોમી સવાલ ગણીને તો કેટલાએકે સરકારને ટેકો પણ આપ્યો છે. પરંતુ હિન્દી તરિકે પોતાની ફરજ બજાવતા થઇ જવાનું કહેવા આવ્યો છું. જૈન કોમે ઘણો ભોગ આપ્યો છે, લડતમાં અહિંસા મૂળ સિદ્ધાંત છે તેનું માન કે અભિનંદન આપવા અત્યારે હું નથી આવ્યો. પરંતુ જૈન કોમનો ભોગ હજુ ઘણો ઓછો છે તે માટે વિચાર કરવા અને દરેક હિન્દી તેવા અસંતોષની લાગણીને લીધે, અત્યારેજ અને વધારે તેટલો ભોગ આપવા તૈયાર થાય તે માટે પ્રયાસ કરવાનો છે.

પ્રથમ એક બીજાને અભિનંદન આપી આપણે સુઇ જતા. ફેળવાયેલાઓ બહુ તો એકાદ મિટિંગ ભરી તેમાં માણસો ઓછાં હોય તો પોતાના કલાર્કોને બોલાવી લાવી, ઠરાવ કરતા અને માનતા કે આપણે મોટામાં મોટી આઝાદી મેળવીએ છીએ, તે સમય તો કયારનો ચાલ્યો ગયો છે. ફક્ત જય બોલવાથી સિદ્ધી થવાની નથી પરંતુ તે માટે તો રહસ્ય સમજી, દરેક વ્યક્તિ શું કરી શકે તે કરવાથીજ જય મળે તેમ છે.

આપણી હાર કેમ થઇ ? અને લડત ભાંગી કેમ પડે છે ? સર્વ કોઇ પોતાના સુખનો વિચાર કરે. પોતાના કુટુંબનો વિચાર કરે. બીજા કરે, તો કરવાનો વિચાર કરે, એટલે સાત લાકડી ભેગી થાય નહિ અને સર્વ ભાંગે. આવા વિચારોથી તો મરી જઇએ તો પણ કદાપી કામ ન થાય. એક વખત કોન્ગ્રેસ હોસ્પીટલને કેટલા રૂપીઆ મદદ આપવી તે નક્કી કરવા ભેગા થયેલા ભાઇઓ બીજા શું આપે છે તે જોવા સામા સામા વાત કરી. પા કલાક થઇ, પરંતુ કંઇજ કામ ન થયું ને ઉભા થઇ ગયા.

લડતનું રહસ્ય.

તેટલા માટે બીજા ભાઇઓ શું ભોગ આપે છે તેનો વિચાર માત્ર ન કરતાં, પોતે શું કરી શકે છે તે કરી છુટવાનું છે, બીજાની ટીકા કરવાનો પણ હવે સમય રહ્યો નથી અને વિચારમાંજ ચાર માસ વીતી જાય, તો પછી વીલે મોઢે પાછા પડશો અને ગુલામી કાયમ થશે. "માટે કાલ કરે તે આજ, અને આજ કરે તે અબ." હું ફરીથી કહું છું કે તમે કોન્ગ્રેસ હોસ્પીટલ ચલાવી છે કે અમુક અનાજ આપ્યું

છે પરંતુ આગલા કાર્યથી અસંતોષ ગણીને, ફરજ પૂરતું હજી કર્યું જ નથી તેમ ગણી આગળ ધપવાનું છે. વડવાઓનાં અહિંસાનાં બળ કે તેમના કાર્ય માટે વ્યાજ લેવા માગશો તો ભૂલ છે. આજે તો મારે ભૂલોજ કહેવાની છે, માટે ગઇ કાલનો કે આવતી કાલનો વિચાર ન કરતાં આજેજ વર્તનમાં મૂકો.

કેળવાયેલાને લડતમાં જોડવા ચીમકી.

પ્રથમની ચળવળમાં સરકાર કહેતી કે આ બાબત તો ફકત કેળવાયેલાજ બોલે છે. વેપારી તેમજ અજ્ઞાન સમૂહ કહેતો નથી અને તેમના ટ્રસ્ટી તરીકે સરકાર દાવો કરતી હતી. અત્યારે તો આ અજ્ઞાન ખાસ-સમૂહ-વર્ગ આગળ આવ્યો છે. અત્રેની કોન્ગ્રેસના હોદ્દેદારો જુઓ તો ચાર છોકરા અને બે સ્ત્રી છે. જે વખતે કામ કરવાનું ન હતું ત્યારે પ્રતિનિધી થવા આપણે કેળવાયેલા નીકળતા. આ તો લાભની વાત થઇ. એટલે જમા બાજુ તો મોટી છે. પણ ઉધાર શું છે? સામાન્ય જનસમૂહ આગળ ધપે છે. ત્યારે નેતાઓ દેખાતા નથી. કદાચ બે ત્રણ લાખ માણસની સભા કે સરઘસમાં જોડાય. પરંતુ ખરી ચળવળમાં ભાગ લેનાર કેટલા છે? કેટલાએક કહે છે કે સત્યાગ્રહી વોલંટીઅર ફકત ત્રણ હજાર છે. તે સર્વ ખપી ન જાય તે માટે બને તેટલો તેમનો ઓછો ઉપયોગ કરવો. તેનો જવાબ એ છે કે ભલે ચળવળ દબાઈ જાય-કચડાઇ જાય, પરંતુ તેને સડી જવા નજ દેવાય. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં ન જવું, તે નકારના શબ્દો છે. તેમાં સરકારની કે આપણા લોકોની ટીકા છે. માટે તમે આ ચળવળમાં શું કરવા તૈયાર છો તે નક્કી કરવાનું છે.

આ ચળવળના મુખ્ય ત્રણ વિભાગ છે.

(૧) સત્યાગ્રહ, (૨) વિદેશી ત્યાગ, (૩) દારૂનિષેધ. દારૂનિષેધના સંબંધમાં તમને કહેવાપણું નથી. તમો બહિષ્કારની બાબતમાં શું કરવા માગો છો? આ કાર્ય તો નાનું બચ્ચું પણ કરી શકે. તે સર્વવ્યાપક છે. સ્વદેશી વાપરવામાં અને વિદેશી કાપડ ત્યાગ કરવામાં ગુન્હો પણ નથી. અંગ્રેજોને પણ લાગે છે કે સ્વદેશી વાપરવાનો તો સર્વનો હક છે અને સરકારને પણ સ્વદેશી બેન્ક, વીમા કું. વિગેરે સારૂં નથી તેમ જાહેર કરવા સત્ય પ્રકાશ હેન્ડબીલ કાઢયું હતું તે બંધ કરવું પડયું છે. કાયદા ન પાળવા ખાતર મારી શકાય. અહિંસાનું બળ ન હોય તો તોફાન થાય અને ગોળીબાર પણ થઇ શકે. પણ સ્વદેશી ખાતર મારી શકાય તેમ નથીજ.

વેપારીની મનોદશા.

વેપારી ભાઇઓ કહેશે કે માલ છે તેનું શું? અમારી આંટનું શું કરવું? જવાબ :-તમારા નુકશાનનો વિચાર કરવાનો નથી. હિન્દનું તો નાક કપાશે. એટલે હિન્દની આઝાદીનો-નાકનો વિચાર કરવાનો છે. વળી ગ્રાહકજ ન આવે તો? વેપારી કહે કે તો નશીબ ફુટયું. તો અમારૂં નશીબ જાગ્યું. અને હૈયાફુટી અક્કલ ઉઘડી. કારણ કે હજુ આપણી અધમતા છે કે ચોરી છુપીથી પણ બે વાર વિદેશી કપડું કેટલાએક ખરીદે છે. હજુ દેશદ્રોહ છે કે કાપડ લઇ તેના રૂપીઆ આપશે. આ બધી બાબતની કિમ્મત હોય તો આ વર્તન પર તેની હિમ્મત છે. વેપારી ભાઇઓ ન માને તો હું દેશ પાસે જઇશ, ન લેવા સમજાવીશ. કારણ રાજ્ય તંત્રીની ચાવીનો વ્યક્તિઓ પર આધાર છે. એક કરે તેમ ત્રીશ કરોડ કરે તો ત્રીશ કરોડ થાય. તેમ દરેક બે રૂા. બચાવે તો સાઠ કરોડ રૂપીઆ બચે. અત્યારે લાગણી ઘણી છે. પરંતુ તે શું કામની? શ્રીયુત્ વીઠ્ઠલભાઇની સલાહ છે કે એક વરસ સુધી કાપડ ન લેવું. સલાહ ઉત્તમ છે. પરંતુ વર્તનમાં તેવું રહેલું નથી. એટલે હું કહું કે બને ત્યાં સુધી નજ લેવું, છેવટ અડધું લેવું. પરંતુ વિદેશી તો હરગીજ નજ લેવું. વિદેશી કાપડ મોટે ભાગે સ્ત્રીવર્ગ માટેનું હોય છે, એટલે જેને ફેન્સી માલ કહેવાય છે તે બંધજ કરવો. અને શુભ પ્રસંગે પણ છાપેલી સાડીઓથી સ્ત્રીઓએ ચલાવવું જોઇએ અને અત્યારે બીજું થઇ શકે તેમ પણ નથી. વેપારી વર્ગ વેપાર બંધ ન કરે, કારણ કે વિલાયતી વેપાર આંધળો છે. નફો વધારે રાખી શકાય છે. દેશી માલમાં તેમને વધારે કસ ન રહે.

આપણે બે વાત સમજવાની છે. એક તો આપણા ભવિષ્યનો વિચાર કરવાનો છે, અને બીજું ઇશ્વરને હિસાબ આપવાનો છે. બહિષ્કારમાં નુકશાન નથી. ગુન્હો નથી. સ્વદેશીમાં કદાચ વધારે ભાવ પડે તો કરકસર કરજો. અગવડ વેઠજો. ઓછી વસ્તુથી નિભાવજો. અને ભોગ આપ્યા વિના કે સંકટ સહન કર્યા વિના સ્વરાજ્ય નથી. બીજા દેશોએ તો આઝાદીની કિમ્મત ઘણી મોટી આપી છે. યુરોપમાં તો છેલ્લી મોટી લડાઇમાં બધી પ્રજાઓની સો વરસની દોલતનો ધુમાડો થઇ ગયો છે, અને લાખો મરી ગયા ત્યારે સ્વતંત્રતા રહી. તો આત્મભોગ અને સંકટ સહન કર્યા વિના સ્વરાજ ન મળે. આજે લડતને અઢી મહિના થયા છે, રસ ચડયો છે. એટલે ચાલતું ગાડું સરળ ચલાવવું જોઇએ, માટે બહિષ્કારનો સંકલ્પ કરજો. મારે તો પ્રતિજ્ઞા લેવડાવવી છે. અત્યારે મહાત્માજીનો આત્મા જેલમાંથી પણ જોઇ રહેલ છે, તે આત્માને કકળાવશો તો ઇશ્વરને શું જવાબ આપશો તે તમે અને તમારો પરમાત્મા જાણે.

ત્યારબાદ શ્રીયુત્ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ ઠરાવ વાંચી સંભળાવ્યો હતો. તેઓએ પ્રમુખશ્રીએ કહેલ અતિ મહત્વની બાબત-વિદેશી વસ્ત્રોના ત્યાગ માટે જાહેર રીતે પ્રતિજ્ઞા લેવા સૂચના કરી હતી. હાજર રહેલા દરેકે હાથ ઉંચા કરીને પ્રતિજ્ઞા લીધી છે તેમ જાહેર કર્યું હતું. ત્યારબાદ તેઓએ સર્વ વિલાયતી માલના બહિષ્કારને અંગે આપણે ઘણું કરી શકીએ તેમ છીએ તે બાબત સચોટ રીતે સમજાવી હતી.

ઉપરોકત ઠરાવને અનુમોદન આપતાં શ્રીયુત્ વીરચંદ પાનાચંદ શાહે જણાવ્યું હતું કે હું કમકમાટી ઉપજાવે તેવા સરકારી અત્યાચારોની યાદી આપવા નથી માગતો. સરકાર અત્યારે વિવશ બની છે અને ધાક ધમકી કે હરકત ઉભી કરી કામ લેવા ધારે છે પરંતુ તેમાં તેમને જરૂર પાછું પડવું પડશે. હિન્દુ પ્રજાનો સ્વભાવ શાન્તિપ્રિય છે એટલે જુના કાળમાં રાજ્ય પલટો થઇ જતો તો પણ જે સુબો હોય તે ઘણી રહે અને લોકોને ખબર ન પડે પણ હવે એ સમય નથી રહ્યો. સરકાર એટલી તો પરવશ છે કે વીમા, શરાફી બેન્ક, શીપીંગ માટે ઉતારી પાડવા પેંફલેટદ્વારા પ્રયત્ન કર્યો, પણ તે સરકારને નીચી મુંડીએ પાછું ખેંચી લેવું પડયું. આપણે ધારીએ તો શરાફી બેન્કના સંબંધમાં ઘણું કરી શકીએ તેમ છીએ તે માટે ખુબ વિસ્તારથી સમજાવટ રજુ કરી હતી. કારણ કે જૈનોના હાથમાંજ શરાફીનો ધંધો મુખ્યત્વે કરીને હતો વળી આપણા ટ્રસ્ટ ફંડો જેના આપણે ટ્રસ્ટી હોઇએ તે ફંડો હવે દેશી બેન્કોમાં અથવા આપણી

બેન્ક સ્થાપી તેમાં રોકવા જોઇએ. આપણે બોલીએ તે આપણે કરી બતાવીશું તોજ બહિષ્કાર સફળ થશે.

ભાઇ પરમાનંદે વધુ અનુમોદન આપતાં સમજાવ્યું હતું કે આ ઠરાવ યુદ્ધની દરેક બાબતને ટેકો આપે છે. ૧૯૦૫ થી ૧૦ ની સાલમાં લાલ-બાલ અને પાલના સમયમાં સ્વદેશીની ઝાંખી થઇ હતી અને ચાલી ગઇ. શ્રીમતી બીસેન્ટની હોમરૂલની ચળવળ આવી, થોડા વખત પછી તેનો પણ ઓટ થયો. ૧૯૨૦ થી ૧૯૨૧ માં અસહકારનાં પ્રજાએ પગલાં ભર્યાં. તે પ્રવૃત્તિઓ બે વરસ ચાલી પણ વચલા વરસોમાં પ્રચારકાર્ય ચાલ્યા કરતું હતું અને અત્યારે તો યુદ્ધ જાહેર કર્યું છે અને મહાત્માજીએ રીતસર અલ્ટીમેટમ આપ્યું છે કે અમે અમારા ઘરમાં અમારું તંત્ર ચલાવવા માગીએ છીએ અને હવે આપણે પાછા પડીએ તો આપણો વિનાશ સર્જાયેલો છે. હજારો માણસો અત્યારે જેલ ભોગવે છે. હજારો માણસોને લાઠીનો માર પડે છે. અત્યારે સર્વત્ર દાવાનળ સળગી રહ્યો છે તેમાંથી કોઇ છુટો રહી નહિ શકે. દરેકને સપડાયેજ છુટકો છે. પ્રથમ સરકાર કાયદાથી કામ લેવાનો દેખાવ કરતી હતી. હવે તેમને કાયદો પાલવે તેમ નથી. એટલે ઓર્ડીનન્સો નીકળે છે અને લાઠીનો વરસાદ વરસે છે. જેને કાયદાનો જરા પણ ટેકો નથી આ લડતની બે બાજુ છે. એક **ખંડનાત્મક** :-કાયદો તોડવો, વેપારી સ્વાર્થો તોડી નાંખવા, પીકેટીંગ કરવું, અને બીજી **રચનાત્મક** :-ખાદી પહેરવી, અસ્પૃશ્ય ઉદ્ધાર, મદ્યપાન નિષેધ વિગેરે.

તેમાં દરેકે ભાગે પડતું કાર્ય કર્યા વિના છુટકોજ નથી. આ લડતમાં ભાગ ન લેવાય તેવો ઉપદેશ આપનાર એવકુફ હવે કોઇ નજ હોય. દરેક ભાઇ પોતાનું જીવન તપાસે અને દેશના હિતમાં મદદ કરે. અત્યારે ધાર્મિક ઉત્સવો ન થઇ શકે. નોકારશીનાં જમણો તેમજ વરઘોડા ન શોભે. અત્યારે તો પાઇએ પાઇ યુદ્ધમાં ખરચાવી જોઇએ, અને તે પછી તેમણે વિનંતિ કરી હતી કે આ સમયે પોતાના નોકરને તેમજ સગાં સંબંધીને પાળવા અને સાધનો કરી આપવાની યોજના કરી અસ્તિત્વ સફળ કરવા જૈન વેપારીઓને અપીલ કરી હતી.

શ્રીયુત્ ચીનુભાઇ સોલીસીટરે કહ્યું હતું કે આ કાર્ય ફોન્ફરન્સે ઉપાડી લેવું જોઇએ; અને સ્વદેશીની પ્રતિજ્ઞાઓ લેવાય તે માટે તાત્કાળીક યોજના કરવી જોઇએ અને સાથોસાથ કાંતવાનું કામ અસરકારક રીતે સમજાવ્યું હતું.

ત્યારબાદ શ્રીયુત્ મણીલાલે અમદાવાદમાં જૈનોની દસ હજારની સંખ્યાએ પહેલીજ સભામાં સ્વદેશીની પ્રતિજ્ઞા લીધી હતી અને દેરાસર કે ઉપાશ્રયમાં વિદેશી પહેરી ન જઇ શકાય તે માટેની યોજના માટે ખુબ ભારપૂર્વક સમજાવ્યું હતું અને તેમાં ત્રણે ફિરકા સાથે મળી કામ કરી શકે તેવા યોજના કરવા સૂચના કરી હતી.

શ્રીયુત્ તલકચંદ કપાસીએ સ્વદેશીમાં સ્વરાજ છે, વિદેશીમાં વિનાશ છે તે બાબત સુંદર વિવેચન કર્યું હતું.

ત્યારબાદ પ્રમુખશ્રીએ ચોખવટથી સમજાવ્યું હતું કે ખાદીથી કામ સરે તો તે ઘણુંજ ઉત્તમ છે અને કાપડની પેદાશનાં આંકડા આપ્યા હતા. અત્યારની સ્થિતિ જોતાં, વિદેશીના બહિષ્કાર માટેજ સ્વદેશી કાપડની તેમણે વધુ હિમાયત કરી હતી.

પ્રમુખશ્રીએ મત પૂછીને ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો જાહેર કર્યો હતો.

વીરશાસનની ચેલેન્જના જવાબ.

પોતાના પક્ષને પુછી પછી બીજાને પુછો.

(લેખક : રા. મહાસુખભાઈ ચુનીલાલ-વીસનગર.)

તા૦ ૨૦-૬-૩૦ ના વીરશાસનમાં પાના ૫૯૩ ઉપર "મુંબઇનું વાતાવરણ" એ મથાળા નીચે તેના લેખક મને ચેલેન્જ ફેંકતાં જણાવે છે કે "મહાસુખભાઇ જૈન સાધુઓ તથા સાધ્વીઓના કલ્પિત અને મલીન ચિત્રો રજુ કરે છે તે ખરા છે એમ જો એ નામ નીશાન સાથે વર્તમાન સાધુઓમાંથી સાબીત કરી બતાવી આપે તો તેવો સડો દૂર કરવાને મુનિશ્રી રામવિજયજી મહાસુખભાઇનો સપ્રેમ સાથ કરવા તૈયાર છે એમ લાલબાગની પાટપરથી જાહેર થયું છે. મહાસુખભાઇ આ ચેલેન્જ સત્વર ઉપાડી લે."

આવી ચેલેન્જ ફેંકાયાનું લેખક લખે છે. મુનિ રામવિજયજીની સહી સાથેનો લેખ નથી તો પણ હુકામાં હું લેખક મહાશયને એટલુંજ જણાવું છું કે આવી ચેલેન્જ મને ફેંકયા કરતાં આપના પક્ષની સુરત મુકામે ગયા ચૈત્ર વદ ૧ ના રોજ મળેલી ઓલ ઇન્ડીઆ યંગ મેન્સ જૈન સોસાયટીની પહેલી પરિષદના પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં મુક્ત કંઠે શાસનપ્રેમી ધર્મી પુરૂષો આગળ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે "પુજ્ય સાધુ સંસ્થામાં કુસંપે ઘર ઘાલ્યું છે, એકલ વિહારી સ્વચ્છંદી સાધુઓની સંખ્યા વધતી જાય છે, કેટલાક **પતિત સાધુઓ** ધર્મના નામે અધર્મ ઉપદેશી રહ્યા છે." આ પ્રમાણે આપના પક્ષના પ્રમુખ ઢોલ વગાડી જાહેર રીતે કહે છે તો આપ કૃપા કરીને તે મને પુછો કે એવા પતિત સાધુઓ કયાં છે? તેમનો ખુલાસો મળેથી બધી વાતનો ખુલાસો થઇ જશે. મારા જેવાને પુછવાની જરૂર નહીં રહે. હાલનો એક તાજો દાખલો જોઇતો હોયતો મનહરવિજય સાધુ મંત્ર જંત્ર કરી ધુમાડા કરી શાંતિવિજયનો ચેલો હોવાનું જણાવી લોકોને ઠગે છે અને પૈસા કઢાવે છે. તેમનાથી કેટલાક સારા ભોળા સાધુઓ પણ છેતરાયા છે હમણું વડનગરમાં ઘણા લોકો છેતરાયાના તાજા દાખલા બનેલ છે. માટે કૃપા કરી તમારી સોસાઇટીના કોઇ સભ્યને મોકલી તપાસ કરાવો એટલે ખાત્રી થશે કે એવા સાધુઓથી તમારી આખી સાધુ સંસ્થા નીંદાય છે. સાંભળવા પ્રમાણે મુનિસદ્વિવિજયનો ચેલો છે. એકવાર તે સંસારી બની પાછો સાધુ થયો છે, તેના હાથે કેવાં કેવાં કૃત્યો થયાં છે તે જો તપાસી જુઓ અને પછી ચેલેન્જો ફેંકો.

વીસનગર તા૦ ૨૫-૬-૩૦.

ફોન્ફરન્સના સેક્રેટરી શ્રીયુત્ છોટાલાલ પ્રેમજીએ પ્રમુખશ્રીનો ઉપકાર માનતાં, સર્વ ભાઇઓને લીધેલી પ્રતિજ્ઞા પાળવા આગ્રહ કર્યો હતો અને મંદિરોમાં પીકેટીંગ કરવા અને દેરાસરોમાં પણ ખાદીજ વાપરવા આગ્રહપૂર્વક સમજાવ્યું હતું, અને શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઇએ દરખાસ્તને અનુમોદન આપતાં, શ્રીયુત્ ભુલાભાઇના ન ભૂલાય તેવા વ્યાખ્યાન માટે ટુંક વિવેચન કર્યું હતું અને જહેમત જરૂર ફળીભૂત થશે તેની ખાત્રી આપી હતી. મહાત્મા ગાંધીજીની જયના પોકારો વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

ધરાસણાનું ધર્મયુદ્ધ અને જૈનત્વનો જય

શ્રી મહાવીર પ્રભુને સંગમ દેવે કરેલા અતિ ઉગ્ર ઉપસર્ગની એક ઝાંખી યાદી.

જગતની મહાન્ આત્મ વિભૂતિ મહાત્મા ગાંધીજીએ આદરેલા ધર્મયુદ્ધનું ક્ષેત્ર શ્રી ધરાસણા આ ભારતભૂમિની સ્વતંત્રતાની સાત્વિક લડાઇનાં ઇતિહાસમાં એ ભૂમિની યાદ સોનેરી અક્ષરથી લખાય તો તે આશ્ચર્ય જેવું ગણાશે નહિં. મહાત્માશ્રી ગાંધીજી ગીરફતાર થયા પછી તેમના ચુસ્ત અને પવિત્ર સત્યાગ્રહીઓએ જે ધૈર્ય અને સંયમથી સત્યાગ્રહને ઉજ્જ્વળ બનાવ્યો છે તે જગતના ઇતિહાસની નોંધમાં પવિત્ર ગાથા તરીકે નોંધાશે અને જે ભૂમિ ઉપર રહી તેઓએ આત્મ સંયમથી આસુરી હૃદય પર વિજય મેળવ્યો છે તે ભૂમિ અધ્યાત્મીક જીવન વીકસીત કરવા ભવિષ્યમાં તિર્થ-ભૂમિ ગણાશે, અને પૂજ્ય મહાત્મા ગાંધીજીના આત્મીક જ્ઞાનની ભાવના દીર્ઘકાળ પર્યંત તે ભૂમિ જગતને આપશે. મહાત્મા ગાંધીજીના શિષ્યો (સત્યાગ્રહીઓ) પોતાના મનોબળથી આસુરી પ્રકૃતિ પર જે સુંદર વિજય મેળવી શકયા છે તેની નોંધ એક જૈન તરીકે અત્રે લખતા આત્મદ્રષ્ટિએ મ્હારૂં હૃદય તેમનામાં રહેલા જૈનત્વને વારેવારે, નમન કરે છે.

જૈન શાસ્ત્રોમાં સાધુને અપેક્ષી વારંવાર કહેવામાં આવ્યું છે કે—

"હે સાધુ? તને કોઇ ગાળ આપી તારો અપરાધ
"કરે તો પણ તું તેનાપર ક્રોધીત થઇશ નહિ. પણ તું
"તારા આત્મા સાથે વીચાર કરજે હે જીવ આતો ભલો
"અને સજ્જન માણસ છે કે તે તારા શરીરને કંઇ નુક-
"શાન કરતો નથી. તેના અપશબ્દથી તારા આત્માને
"શું નુકશાન થવાનું છે? વળી હે સાધુ? કોઇ તારા
"શરીરને મરણાંત કષ્ટ જેટલું દુઃખ આપે, તો પણ
"તેનાપર તું દ્વેષ કરીશ નહિ. પણ તું આત્મા સાથે
"વિચાર કરજે કે આ શરિર નાશવંત છે ક્ષણભંગુર છે;
"જે વીધીથી તેનો નાશ થવાનો હશે તે પ્રમાણે તેનો
"નાશ થશે. આમ વિચારી સામા પ્રત્યે તું સમ-
"ભાવ રાખજે."

આમ કષાય મુક્ત થવા, આસુરી પ્રકૃતિપર વિજય મેળવવા, સાધુને અપેક્ષી જૈન ગ્રંથોમાં ઠેક ઠેકાણે ઉપદેશ છે. આવાજ પ્રકારનો ઉપદેશ સાંપ્રતકાળે મહાત્મા ગાંધીજીએ શત્રુનો હૃદયપલટો કરાવવા તેમના સત્યાગ્રહી શિષ્યોને વારંવાર આપેલ છે. તે સુંદર ઉપદેશ સત્યાગ્રહી-ઓએ કેટલો ઝીલ્યો છે તે ધરાસણા તથા પેશાવરના ધર્મ યુદ્ધની હકીકત વિસ્તારપૂર્વક હવે પછીના ઇતીહાસમાં લખાશે ત્યારે જગત તેનાથી વીદીત થશે.

હાલ તો ધરાસણાના યુદ્ધમાં સાત્વીક સત્યાગ્રહીઓને આસુરી પ્રકૃતિએ જે દુઃખો આપ્યા છે તે ભૂતકાળના ૨૫૦૦ વર્ષ પહેલા આ ભારત ભૂમિપર બનેલા એક મહા કરૂણ બનાવનું સ્મરણ કરાવે છે. પ્રભુ શ્રી વર્ધમાને ગૃહત્યાગ કર્યા પછી છદ્મવસ્થામાં હતા ત્યારે આત્મસાક્ષાતકાર કરવા ઘોર તપશ્ચર્યા કરતા વિચરતા હતા તે અવસરમાં એક રાત્રે પ્રભુ યોગ દશામાં ધ્યાનસ્થ થયા હતા તે વખતે ઇંદ્ર મહારાજાએ પોતાની સભામાં આ પવિત્ર આત્માના મનોબળની પ્રશંસા કરી તે એક ભદ્ર જીવાત્મા સંગમદેવની આસુરી પ્રકૃતિને સહન ન થવાથી સંગમે પ્રભુની પાસે આવી જે દુઃખ આપેલ છે તે શાસ્ત્રમાં યથાયોગ્ય લખાએલું છે. તે વાંચતા હૃદયમાં કંપારી છુટે છે. શાસ્ત્રમાં લખે છે કે સંગમદેવે કરેલો પ્રભુ પરનો ઉપસર્ગ જેટલો અતિ દારૂણ અને ભયંકર હતો તેટલી તેની સામે પ્રભુ મહાવીરની કરૂણા (દયા) અપાર હતી. આ પવિત્ર આર્યાવર્તના મહા પુરૂષ ઉપર થએલા ઉપસર્ગની જૈન શાસ્ત્રમાં એક કરૂણ કથા છે કે જે વાંચતા મેરૂ પર્વત જેવું અડોલ મન પણ ચીસ પાડયા વિના રહે નહિ.

ધરાસણા ધર્મયુદ્ધમાં શાંત સત્યાગ્રહીઓને આસુરી પ્રકૃતીએ વચનથી અને શરીરથી જે પીડા આપેલી છે તેનું વર્ણન સાંભળતા હૃદયમાં એક ભીષણ આઘાત થયા વીના રહેતો નથી. કેટલાક મનસ્વી અમલદારોએ સત્યાગ્રહીઓને આપેલી બિભીત્સ ગાળો, લાઠીઓનો પ્રહાર, ઘોડાના પગ તળે ચગદાવવા, ખાડીના ખારા જળમાં ઝબોળવા, કાંટાની વાડોમાં તેમના દેહને ફેંકી દેવા, ગુપ્ત ભાગ પર અમાનુષી મુઢ માર, આ બધા ઉપસર્ગો ગમે તેવા મનોબળ ધરાવતા મોટા સન્યાસી કે સાધુની સાત્વીકતા છોડાવી કષાય ઉપજાવે તેવા હોવા છતા સત્યાગ્રહીઓ આ બધાથી જરા પણ ડગ્યા નથી. મનથી જરા પણ સાત્વીકતાને તજી નથી. આ તેમનો આસુરી પ્રકૃતિપરનો પૂર્ણ વિજય છે, તેઓ ધન્યવાદને પાત્ર છે. મહાત્મા ગાંધીજીના ઉપદેશને તેઓએ કૃતાર્થ કરી કૃતાર્થ થયા છે અને મહાત્મા ગાંધીજીના તેઓ સાચા શિષ્યો છે એમ જગતને ખાત્રી કરી આપી છે. અને આ ભારત ભૂમિની સ્વતંત્રતાની અધ્યાત્મીક યુદ્ધના સાચા સૈનિકોની લડત કેવી પ્રશાંત હતી એમ જગતને તેઓએ બતાવી આપ્યું છે.

થોડા દિવસ પહેલા કોંગ્રેસ હોસ્પીટલમાં શ્રીયુત શેઠ અબ્બદલાભાઇ ધરાસણાના યુદ્ધમાં ઘવાઇ અત્રે આવેલા ત્યારે તેમના દર્શનનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું, તેમની સાથે વાતો કરતા તેઓશ્રીના મુખેથી ધરાસણામાં તેમના સૈનિકોની ધૈર્યતાનું જે વર્ણન કર્યું તે સાંભળી હૃદય રોમાંચક થયું અને અહો? પ્રભુ મહાવીરના ધર્મની સાત્વીકતા મહાત્મા ગાંધીજી દ્વારા જનતામાં કેટલી પ્રસરી છે? આમ જગતમાં જૈનત્વનો જય થતો જોઇ આ આપત્ કાળના વર્ણન સાંભળતા તેટલો મને હર્ષ થયો અને આ લેખ લખવાની પ્રેરણા થઇ.

શ્રીયુત્ અબ્બદલા શેઠ શરીરથી મુસલમાન છે પણ તેમનામાં મેં જે સાત્વીકતા જોઇ તે જેટલી સાચા સન્યાસીમાં હોય તેટલી તેમનામાં છે. ખરેખર જૈનત્વ જાતી પરત્વે નથી પણ આત્માના ગુણ પરણતી પર જૈનત્વ છે એ શાસ્ત્રનું સુત્ર સત્ય છે. આમ તીરોભાવે જૈનત્વનો જય જગતમાં જયવંતો છે એ જોઇ આ કરૂણ વિષયમાં પણ હર્ષ થાય છે?

ઘણું જીવો જૈનત્વ.

લી૰ **શિવલાલ લવજી શાહ.**

નોટ : આ લેખમાં પ્રભુ મહાવીર અને સત્યાગ્રહીઓના વ્યકતીત્વનું સામ્યપણું બતાવવાનો મ્હારો ઇરાદો નથી પણ મહાવીર પ્રભુ પ્રત્યે સંગમે કરેલા ઉપસર્ગમાં અને ધરાસણાના યુદ્ધમાં લાઠીરાજે સત્યાગ્રહીઓને આપેલા દુઃખો! એટલે કે દૈવી અને આસુરી પ્રકૃતિ વચ્ચેના યુદ્ધમાં આસુરીનું માનસ અને દૈવી પ્રકૃતિનું માનસ કેવું હોય છે, તે બતાવવાનો મ્હારો આ પ્રયાસ છે; તેની વાંચનારે નોંધ લેવી.

વીરશાસન ? વાણી છળ રચે છે.

મહાવીર વિદ્યાલયની નકલી માતાનું પોત પ્રકટ થાય છે.

—(૦)—

પુરૂષવર મહાત્માજી સામે પ્રલાપ કરે છે.

—:૦〇:0:〇૦:—

દલીલનું દીવાળું ફુંકાય છે.

પ્રભુશ્રી સુમતિનાથ સ્વામીના ચરિત્રમાં એ વાત જાણીતી છે કે કોઇ નફટ નારીએ એક સજ્જન સ્ત્રીનો સુંદર બાળક પોતાનો હોવાનો દાવો કરી નકલી માતાએ ઝગડો માંડયો પ્રકરણ રાજદ્વારે ગયું ન્યાય મુશ્કેલ બન્યો ગર્ભસ્થ પ્રભુ સુમતિનાથના પ્રભાવે ગણી સાહેબે ન્યાય હાથમાં લીધો અને બાળકના બે કકડા કરી બન્નેને વહેંચી આપવા હુકમ ફરમાવ્યો. નફટ નકલી માતાએ તે કબુલ્યો પણ સાચી સજ્જન માતાએ તેનો મજબુત વિરોધ કર્યો; અને પોતાના બાળકને બચાવી લેવા તે બાળક પેલી નકલી માતાને સોંપવા સમ્મતિ જાહેર કરી. પ્રભુની માતાએ વિરોધ કરનાર સજ્જન બાઇને તે બાળક સોંપ્યો; અને પેલી બની બેઠેલી બાળકની નકલી માતાને શીક્ષાએ પહોંચાડી

મુંબઇ મહાવીર વિદ્યાલયને તોડી પાડવા અને એનું ચાલે તો એનો ઉચ્છેદ કરવાની કહેવાતા શાસનપક્ષ અને એના ઝંડુની વેષધારીઓની વૃત્તિ સમાજમાં જાણીતી છે આ જડ અને ઝંડુની વર્ગે જેમ જેમ વિદ્યાલયનો વિરોધ કર્યો; એને તોડવા તરફડીયાં માર્યાં; તેમ તેમ વિદ્યાલયનો તો વિકાસજ થયો; અને આ "અક્કલ બાજીના" હાથ હેઠા પડયા. રાષ્ટ્રિય વિકાસ સામે આ વર્ગનો અણગમો, ગુસ્સો અને વિરોધ જાણીતો હોવા છતાં આજે એણે પોતાના પક્ષ પ્રચારમાં અને પોતાનો જાણીતો વિરોધ જાહેર કરવામાં રાષ્ટ્રિય પ્રવૃત્તિને હથીયારરૂપ વાપરવાની એની મેલી રીતની જાહેરાત મારા અગાઉના લેખમાં મેં કરી છે. ગઇ તા૦ ૨૦-૬-૩૦ ના અંકમાં વીરશાસન પોતાના અગ્રલેખદ્વારાએ વિદ્યાલયની નકલી માતા હોવાનો દંભ કર્યો છે એ લેખની ભુમિકામાં હિંદી રાજકારણમાં પડેલા જૈન સેવાભાવી યુવાનો, ત્યાગ પરાયણ સુધારકો અને જૈન રાષ્ટ્ર સેવકોને પેટભરી ગાળો આપ્યા પછી મહાસભાના આદેશને માન આપી વિદ્યાલય ખાલી કરવાની સલાહ આપે છે આજના સંયોગોમાં જૈન યુવાનોએ કોલેજો છોડવી જોઇએ અને એમ દરેક રીતે સરકારી સહકારને સલામ કરી મુક્તિ સંગ્રામમાં ઝુકાવવું જોઇએ એ ખુલ્લું સત્ય છે પણ શાસન પક્ષના આ વાજીંત્રને રાષ્ટ્રિય હીત સાથે કદિએ સંબંધ હોવાનું જણ્યું નથી એને જ્યારે મહાવીર વિદ્યાલય માટે હીત ઉભરાઇ આવે છે ત્યારે એ સ્પષ્ટ થાય છે કે વિદ્યાલયને ઉન્મૂલન કરવાનો એનો છુપો દ્વેષ અને આશય આજે ફરી ફરી એકવાર રાષ્ટ્રિય પ્રવૃત્તિના પડદા નિચે પ્રકટ થાય છે અને વિદ્યાલયની નકલી માતા તરિકેનું પોત પ્રકાશાય છે.

જૈન કોલેજીયનોને, વકીલોને અને બીજાઓને સલાહ આપનાર એ વાજીંત્રનો એક પણ સૂર 'દેશ' સમ્મેલનના છેલ્લા પ્રમુખ શ્રી. દુધેડીયા સાહેબને સ્ટેટ કાઉન્સીલમાંથી રાજીનામું આપવાની સલાહ આપવા માટે કેમ નથી નીકળતો ભલા ? એક તરફ રાષ્ટ્રિય બાના નિચે તે મહાવીર વિદ્યાલયને બંધ પાડવા સલાહ આપે છે ત્યારે બીજી તરફ શ્રી. મોતીચંદભાઇ સોલીસીટરે પુરૂષવર મહાત્માજીને અહિંસાના પરમ ઉદ્ધારક અને સંતશિરોમણી કહ્યા; એમણે શરૂ કરેલ યુદ્ધને ધર્મયુદ્ધ વર્ણવ્યું; તે સામે આ વાજીંત્ર વિરોધ ઉઠાવે છે; અને શાન્તિ અને અહિંસાના ફિરસ્તા પુણ્યશ્લોક મહાત્માજીને એ, હિંસક વર્ણવે છે. એમને સંતશિરોમણી કહેવા જતાં એના માનેલા વેષધારીઓથી એ પુરૂષવરનું સ્થાન ચઢી જતું જણાય છે અને તેથી એ, મહાત્મા ગાંધીજીને ધર્મ વિહીન સામાન્ય ગૃહસ્થ સંસ્કૃત્વ રહીત હોવાની કંગાળ અને તુચ્છતર ચેષ્ટા કરે છે. યુરોપ, અમેરીકા વિગેરે હિંદ બહારના અને ભારતવર્ષના તમામ તત્વજ્ઞાનીઓ અને મુત્સદ્દિઓ મહાત્માજીને દુનિયાના સંતશિરોમણી અને મહાન પુરૂષ તરીકે વર્ણવે છે ત્યારે પ્રભુવીરના શાસનનો ઇજારો ધરાવી બેઠેલ ગ્રુપનું વાજીંત્ર એનો વિરોધ કરે છે. સાચેજ આ વર્ગે આવી બાબતોમાં હસ્તક્ષેપ કરી જૈનત્વને જગતમાં હલકું પાડવાના કૃત્યથી તો વિરમવું જ જોઇએ. ઘાટકોપરના જમણ પર પિકેટીંગ નથી થયું એમ વાજાં વગાડયા પછી થયું હોય તોય તે વ્યાજબી નથી. આ અને આવાં અનેક અસત્ય પ્રકાશનો માટે આ વર્ગ હવે જાણીતો છે પણ દુનિયાના મહાન પુરૂષની નિંદા કરવાના, ચેડાં કાઢવામાંથી તો, એણે જૈન શાસનના ભલાની ખાતર પણ હઠી જવું જોઇએ. એ પુરૂષવરને ઉતારી પાડવા માટે કરોડ વાર શાસનો પણ કમતાકાત છે, તે જેટલું વહેલું સમજાય તેટલું એના પોતાના લાભની વાત છે.

દલીલનું દિવાળું.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજી મહારાજના સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે શ્રી. રામવિજયજીએ જૈનત્વ વિરોધી જે વાકયો ઉચ્ચારેલ એ એમનાં વાકયો જેમના તેમ ઉતારી મેં એની સામે મારો નમ્ર છતાં મંજબુત વિરોધ જાહેર કર્યો. દલીલ અને તર્કથી તેની સમીક્ષા કરી અને આપીલ કરી કે જો આમાં માન્યતા ભ્રમ હોય તો શ્રી રામવિજયજી અને બીજાઓએ તેપર શાન્ત પરામર્ષ કરવો છતાં જણાવતાં આશ્ચર્ય અને દુઃખ થાય છે કે વીરશાસનના એજ અગ્રલેખમાં તે પર ગાળાગાળી અને ગ્લીચતાજ પ્રકટ થઇ જણાય છે; શાસનપક્ષના કેટલાક તખુલ્લસધારી લેખકોને જવાબ આપવાની શરૂઆત કરી ત્યારથીજ આ ગ્લીચ હુમલાઓની કલ્પના કરીજ લીધી હતી, ઝંડુની, ઉશ્કેરણી કરવી હોય, ધર્મ, શાસન અને ક્રિયાના દંભી ઓઠાં નીચે અને કર્ત્તવ્યહીન શબ્દ ભ્રમ નીચે ભોળી જનતાને ભરમાવવાનો ધંધો લઇ બેસનાર વર્ગ સામે લખનાર લેખકોએ ચામડી બચાવવાની વૃત્તિ છોડવીજ જોઇએ.

કરયુગ અને જીભયુગના હિમાયતીઓ હાથ અને જીભ ન ચલાવે તો બીજું શું કરે ? જીનમૂર્ત્તિની પુજામાં વિકાસ માનનાર યુસ્ત મૂર્ત્તિપૂજક, મૂર્ત્તિપુજાના વિરોધીનાં કાર્યને અયોગ્ય અને વિનીપાતક માનતો હોવા છતાં તેવા ભાઇને સુધારવા ઝંખતો હોવા છતાં એ વર્ગને પોતાના ભાઇ માની શકે આ જન્મ દુશ્મન નજ માની શકે આ મારી દલીલનો એ અગ્રલેખમાં આ રીતે જવાબ મળે છે તે સમજી વર્ગ જાણશે તો સાચેજ ધણી

ઉઠશે. આ રહ્યો એ દિવાળીઓ જવાબ. "જેટલા પુરતો વિચાર ભેદ હોય તેટલા પુરતી જુદાઈ રાખી બાકીમાં એક થવું આનો અર્થ એ છે કે પોતાની જનની, ભગિની, કે ભાર્યા સાથે દુર્વ્યવહારમાં પડેલા જોડે તેટલા પૂરતી જુદાઈ રાખી ભાઇચારો રાખવો. આવી ઘેલછા આ શાસનમાં નથી." વિચાર અને તર્ક સમ્મત ચર્ચાના ક્ષેત્રમાં આવી વ્યંડળ અને પાછી દલીલ યોજનાર પત્રકારીત્વ કેટલી નિચી કોટીએ સરી પડયું છે તે વિચારવા સમજી અને સભ્ય સમાજને અપીલ છે સાચેજ આ જાતનું પત્રકારીત્વ સમાજ અને તેના માનસમાં જે નાશક ચેપ ફેલાવે છે એ ઝેરનું નિવારણ અશકય નહિ તો દુઃશકય તો છેજ. ધર્મ, નીતિ, સેવા, સંયમ, અને શાસનરક્ષાના ભ્રામક ખ્યાલથી જે ભોળા ભાઇઓ આ જાતના પત્રકારીત્વને પોષતા હોય જેના આંખ અને કાન કમતાકાંત ન બન્યા હોય જોવા અને સાંભળવા ખુલ્લા હોય અને જૈનત્વના યશ પ્રકાશરૂપ નાકની જેને જરૂર હોય તેને ઉપરની દલીલ વિચારવા વિનંતિ છે. આ જાતની દલીલના જવાબનો યત્ન વ્યર્થ છે પણ જો જવાબજ જોઇતો હોય તો નૈતીક દ્રોહ સેવનારાઓ સંબધી જનોને પણ, 'કયારેક પણ સુધરશે.' 'બીચારો કર્મ વંશ છે' એ આશાએ સાચો જૈન ક્ષમા આપે' અને ભાઇ ગણે. ભગવાનશ્રી પાર્શ્વનાથના પંચમ પટ્ટધર શ્રીકેશી મહારાજના શ્રાવક રાજા પરદેશીએ વિષયોન્મુખ રાણી સુરીકાન્તાના બધાંએ અપકૃત્યોની ક્ષમા આપી હતી; અને આવાં તો શાસનમાં સેંકડો ઉદાહરણો પડયાં છે પણ અભિનિવેષ, મિથ્યાત્વ, ધર્મ અને શાસનના ઓઠાં નિચે નિભાવવા, પોષવા, અને પ્રકાશવા, જેણે ઇરાદાપૂર્વક નિરધાર કર્યો છે તેને શાસ્ત્રો શસ્ત્ર રૂપે, ધર્મ અધર્મ રૂપે, અને સમ્યકૃત્વ મિથ્યાત્વ રૂપે પરીણમે છે એ શ્રી વીતરાગની વાણી છે. ઇતિશમ્.

પંડિત આણંદજી દેવસિંહ શાહ.

વીરતા અને કોમળતા.

(આપણા શૂર સૈનિક ભાઇ કાન્તિલાલ પારેખનો એક વધારે પત્ર નિચે આપવામાં આવે છે. તે ધરાસણાના છેલ્લા હલ્લામાં અસાધારણ માર ખાધા બાદ વલસાડ હોસ્પીટલમાં સુતા સુતા લખાયલો છે. આ પત્ર લેખકના ભાવનાશીલ અને ધર્મપરાયણ આત્માનો સારો પરિચય આપે છે. પરમાનંદ

સત્યાગ્રહ હોસ્પીટલ, તા૦ ૯-૬-૩૦.

પૂજ્ય ભા!

* * *

ભા! અત્યાર સુધી હું પોતાને નાસ્તિક તરીકે ઓળખાવવો પસંદ કરતો; જો કે એની પાછળ ભારે વિચાર નહોતા. પણ દિવસે દિવસે હું ઇશ્વરની એવી કોઇ શકિતમાં માનતો થયો છું. પ્રત્યક્ષ અનુભવતાં કાંઇક છેજ એમ થયા વિના રહેતું નથી. માંડવીમાં.....પ્રસંગે શ્રદ્ધાનો પાઠ શીખ્યો હતો તેમ 'નિર્બળ કે બળરામ' એ વસ્તુ મેં અનુભવી. હું જેનું આ તરફ કોઇ સગું વહાલું નથી તેની પ્રભુએજ દરકાર લેવરાવી છે તેથી એ વસ્તુ સત્યજ છે એમ મને થાય છે. સુરતમાં ઘાયલ થયો અને વલ્લભભાઇએ મારીજ કાળજી રાખી છે એ કેમ ભુલાય? હોસ્પિટલ છોડયા પછી મને પરાણે રોજ શીરો ખવડાવનાર એઓ હતા. તે વખતે તેમણે તમારી ગરજ સારી એમ ન માનું તો બીજું શું માનું? ખરૂં પુછો તો તમારા કરતાંય એમની મારા પ્રત્યેની કાળજીની વધારે કદર મને હોવી જોઇએ.

આ વખતે વલ્લભભાઇ નથી ત્યારે કોઇએ માતાની ગરજ સારી. નવસારીથી ધરાસણા નીકળ્યો ત્યારે પૂજ્ય કસ્તુરબાનાં મેં આશિષ મેળવ્યાં હતાં. એમને જ્યારે ખબર પડી કે કાન્તિને માર પડયો છે ત્યારે તરતજ તેઓ નવસારીથી વલસાડ આવ્યાં અને મારી પૂછા કરી, ત્રીજીએ મને સખ્ત વાગ્યું હતું પણ પગ સાબુત હતા એટલે હું વલસાડ હોસ્પિટલમાં નહોતો આવ્યો. મને વલસાડ ન જોયો એટલે એમણે કેટલાયને મારી ખબર પૂછી, પણ પ્રભુ ઇચ્છાએ અણચિન્તવ્યોજ હું કાંઇ કામસર વલસાડ આવ્યો. ભા, તે વખતે આને કાંઇક શાન્તિ થઇ, તેઓએ અતિ આર્દ્રભાવે મારા શરીર પર હાથ ફેરવ્યો અને દુર્યોધનની પેઠે મારૂં શરીર વજ્ર જેવું થયાનું મેં અનુભવ્યું. ત્રીજીના મારનો બધો દુખાવો સાચેજ તે પછી ન રહ્યો એમ કહીએ તો ચાલે. છઠ્ઠીએ ધવાયાના ખબર મળતાં તેઓ ઠેઠ ઊંટડી આવ્યાં; આવતાંની સાથે મારી બહુ ખરાબ સ્થિતિ જોઇને તેમનાથી રડી પડાયું. 'કાન્તિ, તું ફરીથી ગયો! પીટિયાઓએ આંધળા થઇનેજ માર્યો છે ને?' એમ કહી મારે શરીરે બાઝી પડયાં. ભા, મારો તે વખતે એકજ ઉત્તર હતો. "બા, આપણે નહિ જઇએ તો કોણ જશે? ત્રીજીએ વાગેલું સારૂં થઇ ગયું એટલે આજે જઇને આપના આશિષ સાર્થક કર્યા." મેં 'આપણે' શબ્દ વાપર્યો એજ બતાવે છે કે હું એમની સાથે કેટલું મહાત્મ્ય અનુભવી શકયો હતો. ભા, સાચેજ તે વખતે મેં માતા પાસે હોવાનું અનુભવ્યું હતું. ઊંટડી આવી જોઇ ગયાં; પછી જ્યારે મને વલસાડ ખસેડયો ત્યારે ફરી તેઓ મને મળી ગયાં, અને રોજ રોજ કેમ અવાય? એટલે ગઇ કાલે મારી સાથે જે રાવજીભાઇ ધવાયા છે તેમનાં પત્ની આવ્યા એમની સાથે ખાસ આશિષ મોકલ્યાં.

હુલ્લડમાં ઘાયલ થયો હતો ત્યારે પૂજ્ય બાપુજીએ હરતે મુખડે આશ્રમને મરી દેખાડવા લખેલું એ પ્રમાણે આ વખતે મરી તો નહિ પણ માર ખાઈ શકયો છું એટલી હિમ્મત વધી. હવે મરવાનો પ્રસંગ સાંપડતાં પ્રભુ આજ રીતે સામી છાતીએ હસતે મુખડે મરવાની શકિત આપે એજ પ્રાર્થના છે.

છઠ્ઠીના હલ્લા પહેલાંની રાતે હું દેરાસર ગયો હતો. મને તે વખતે કાંઇ યાદ નહોતું આવતું. ફકત કાઉસગ્ગ લઇ ઉભેલા મહાવીર અને બીજા ઠોકતા તથા બીર રાંધતા ભરવાડ એ ચિત્રજ ધ્યાનમાં રાખી હું ફોજે મેદાનમાં ગયો અને તેનું ચિન્તવન કરી માર ખાઇ આવ્યો. કાનમાં બીલા ઠોકાય અને પગ પર બીર રંધાય છતાં ચુંચાં ન કરવાની શકિત તો કયારે આવશે એ તો વીરજ જાણે પણ એ પ્રસંગ આવે તો પણ પાછા ન હઠવાની મહત્વાકાંક્ષા તો છેજ. વીરપ્રભુ તે પુરી કરે એટલે બસ.

ત્રીજી કરતાં આ વખતનો માર સખ્ત હતો. એક એક અંગ નકામું થયું હતું. પણ શરીર કસાયેલું અને તાકાત વધારે એટલે મને સારૂં થતાં વાર નથી લાગતી.

પચાસ પચાસ લાઠી પડયા છતાં હું બેભાન નહોતો થયો એ મારા કસાયેલા શરીરની સાબીતી છે.

* * *

તમારા કાન્તિના પ્રણામ.

આ પત્રિકા ચંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

રાષ્ટ્રિય ધર્મમાં જૈનોનો ફાળો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૮ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ સુદી ૧૨. તા૦ ૭-૭-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

મહાત્માજી "સંત શિરોમણી" કહી શકાય ખરા કે ?

વીરશાસન અંતરના ઉભરા ઠાલવી રાષ્ટ્ર–યજ્ઞમાં પોતાનો ફાળો [?] આપે છે.

પૃથ્વીની સપાટી પર એવા અનેક મનુષ્યો વસતા હશે કે જેઓને કોઇ પણ મહાન વ્યક્તિને ઉતારી પાડવાનું અને કોઇ પણ આદર્શ કાર્ય સામે ગંદુ પાણી ઉડાડવાની સ્વભાવિક રીતેજ બુરી આદત પડી હોય. પરંતુ તેમના એ ગદા પ્રચાર કાર્યથી દુનિયાના દૈવાંશી પુરૂષોને કે તેમના કાર્યને કંઇજ નુકશાન નથી પહોંચતું. ઊલટું એથી તો પોતેજ સારીએ દુનિયાની દ્રષ્ટિએ હાંસીને પાત્ર બની બેસે છે.

જૈન સમાજમાં પણ આવા મુઠીભર (?) મહાશયો પોતાની હયાતી ભોગવી રહ્યા છે. અને કોઇ પણ ઉચ્ચ ગણાતી વ્યક્તિને નીચે કેમ પાડવી એજ તેમના જીવનભરનો અજબ સિદ્ધાંત હોય છે. વાંચક અમદાવાદથી પ્રસિદ્ધ થતું "વીરશાસન" પત્રનો તા૦ ૨૧મી જુનનો અંક જો ! અને લખનારની તુચ્છ મનોદશા માપ !

પૂજ્ય ગાંધીજીબાપુ કે જેમના દુબળા શરીરને નિરખવા દેશના એક છેડાથી બીજા છેડા લગી તેમના પગલે પગલે અસંખ્ય માનવ મેદની ઉભરાય છે, જેમના દૈવાંશી પ્રભાવને લક્ષને આજે એજ મહાત્માના નામપર પરદેશમાં પણ અભિમાન લેવાય છે, તેત્રીસ કોટી દીનબંધુઓની દાઝ જેમના શરીરના નસેનસમાં વહી રહી છે, જેમણે પોતાનું આખુંએ જીવન રાષ્ટને અર્પણ કર્યું છે અને સાથે સાથે દેશભરના યુવાનોમાં જાગૃતીના પૂર આણી દેશદાઝ હૈડે વસાવી છે, સત્ય અને અહિંસા જેમણે પરમ ધર્મ તરીકે સ્વીકાર્યો છે." મારવાનો નહિ પરંતુ મરવાનો જેમણે દેશને અણમુલો પાઠ પઢાવ્યો છે. અને ભારતની આઝાદીની ખાતર જેમણે બળવાન સરકાર સામે પણ અહિંસાત્મક રીતે સામનો કરવા પ્રજાને મયદાને જંગમાં ઉતારી છે, તેવા નરમણી, ભારત રત્ન, સર્વ શ્રેષ્ટ, વંદનીય પુરૂષ મહાત્માજીને જૈન સમાજના અગ્રગણ્ય લેખક મોતીચંદ સોલીસીટર "સંત શિરોમણી" લખે તે અમારા જૈન સમાજના જાણીતા પત્ર વીરશાસનને આંખમાં કણાની માફક ખુંચી રહ્યું છે. વાંચક જોઇ લે અમારા આ વીરશાસનના લેખકની હલકી મનોદશા–અને તુચ્છ વેવલાપણું, અને આ તેમનો રાષ્ટ્રયજ્ઞમાં ફાળો દેશદ્રોહીનો આથી બીજો કયો પુરાવો હોઇ શકે ?

લેખક મહાશય, એમ તો માની લેવાની ભૂલ નજ કરે કે "સંત શિરોમણી" શબ્દ પરમાત્માના ઘેરથી કોઇ પણ વ્યકતીએ રીઝર્વ કરાવ્યો હોય. મનુષ્ય જેમ જેમ ઉચ્ચ શ્રેણીએ ચડતો જાય, હૃદય શુધ્ધ અને પવિત્ર બને, નિસ્વાર્થ પ્રેમ આવી વસે, એકની નહિ પરંતુ અનેકની દાઝ જેના દિલમાં ડંખે ત્યારે તેની એ ઉચ્ચ ભાવના અંધકારમાં નજ રહે ! જગતના મહાન પુરૂષોને દુનીયા પિછાની શકે છે–જનતા તેના ઉચ્ચ કાર્યો નિહાળી શકે છે. જગતના મહાન પુરૂષોને માન–પાન આપોઆપ મળી આવે છે. પુજ્ય ગાંધીજીને પણ પોતાની માન–પ્રતિષ્ઠા વધારવા માટે પોતાના અંધ ભકતોને ઉશ્કેરવા નથી પડતા. અને એવા અંધ ભકતોને સ્થાનં પણ નથીજ ! એ દાંભીકતાનો ડોળ કે મુર્ખતા ત્યાં ન નભે.

જ્યારે સારાએ દેશની સમક્ષ–દેશના યુવાનોની સમક્ષ ભારતની આઝાદીનો પ્રશ્ન આવી ઉભો છે. દેશભરના યુવાનોએ સળગતા પ્રશ્નોનો ઉકેલ લાવવા ગાંધીજીની સરદારી નીચે એકત્ર થાય છે, હજારો બલ્કે લાખો દેશબંધુઓ જેલમાં ભોગવવા પડતા અસહ્ય દુઃખોને સુખ માની જેલ મહેલની મઝા લુંટી રહ્યા છે, ફુલ શય્યામાં પોઢતા લક્ષ્મીપુત્રો જ્યારે બંદુકની ગોળી અને લાઠીપ્રહારને ફુલ માની વધાવી ભારતની આઝાદીના ઇતિહાસમાં પોતાના નામ સુવર્ણાક્ષરે લખાવી રહ્યા છે, ત્યારે ભારતમાતાનો એવો કયો કપુત સંતાન હશે કે જે ભારતનાં ઉજ્વળ ઇતિહાસમાં પોતાનું નામ કુલાંગાર તરીકે કાળી શાહીથી લખાવશે ?

હિંસાત્મક પ્રવૃત્તિ સામે મંડાએલ અહિંસાત્મક યુધ્ધને ધર્મયુધ્ધ કહેવામાં આવે તે પણ વીરશાસનના પક્ષપાતી વલણમાં ખેંચાયેલા લેખક મહાશયને ઠીક નથી લાગતું.

જ્યારે આખાએ દેશના યુવાનો ગુલામીરાજ્યતંત્રને નીચે છુંદાતી–રીબાતી ગરીબ હિન્દી પ્રજાના છુટાપણાની ખાતર પોતાનો યત્કીંચીત ફાળો સમર્પણ કરી રહ્યા છે ત્યારે આવાં નિર્જીવ પ્રશ્નો ચર્ચવા તે કેટલું શોભાસ્પદ કે બહાદુરીભર્યું છે તે તો લખનાર પોતેજ સમજી લે.

વર્તમાન પરિસ્થીતીમાં પોતાની ભાગીદારી નોંધાવી શકવા જેટલી ઉદારતા ન હોય તો ભલે એ (!) કૃપણતા તેમને મુબારક હો ! પરંતુ આવા બીનઉપયોગી પ્રશ્નો માટે કોલમો ભરી ઉહાપોહ કરી મુર્ખાઇનું પ્રદર્શન ગોઠવવું તેના કરતાં તો ઘર ખુણે મુંગા બેસવું તેજ વધુ શ્રેયષ્કર છે.

રાષ્ટ્ર પ્રેમી જૈન યુવક.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

રાષ્ટ્રિય ધર્મમાં જૈનોનો ફાળો.

રાષ્ટ્રિય મહાસભાએ આજના યુગાવતાર પુણ્યશ્લોક મહાત્મા ગાંધીજીની સરમુખત્યારી નિચે શરૂ કરેલ ધર્મયુદ્ધને લગભગ આજે ચાર માસ થાય છે પ્રજાએ અને સરકારે પણ નહિં કલ્પ્યું હોય તેટલી હદે દેશની કુચ આગળ વધી છે. આજે સામાજીક આર્થિક રાજકિય અને ધાર્મિક ઝઘડાઓ લગભગ શમી ગયા છે. આબાલ, વૃદ્ધ, સ્ત્રી, બાળકો સહુ જ્યાં જુઓ ત્યાં આઝાદીના માર્ગે આગળ ધપે છે. ભગવાન્ શ્રી મહાવીર દેવ અને બુદ્ધના મહાભીનિષ્ક્રમણ પછી પચ્ચીસો વર્ષ વિત્યા બાદ ફરી કર્ત્તવ્યનો, આત્મશુદ્ધિનો, ત્યાંગ, સંયમ, શાન્તિ, અહિંસા અને તપનો યુગ ફરી એકવાર બેઠો છે. સાચેજ આ યુગમાં જન્મ લેનાર મનુષ્ય બડભાગી માણસ છે. શાસ્ત્રોમાં અને ધર્મગ્રંથોમાં જે આદર્શો સાંભળ્યા હતાં, સેવ્યા હતાં, જે મનોરથો રચ્યાં હતાં. જે સ્વપ્નાઓ કલ્પ્યાં હતાં તેને સિદ્ધ કરવાનો સુરમ્ય અને સુંદર સમય આવી લાગ્યો છે. અહિંસા અને શાંન્તિના અધિદેવ. સત્ય અને નિતીના યુગશ્રષ્ટા મહાત્મા ગાંધીજીએ આજે દિશાઓ ખુલ્લી કરી છે. આંખ ઉઘાડી છે. આવા વિકાસના અનુપમ યુગમાં જૈનો પાછળ રહી જાય તો દયા, શાન્તિ, સત્ય અને જૈનત્વ લાજે. અમને આશા અને શ્રદ્ધા છે કે આઝાદીના આ ધર્મયુદ્ધમાં જૈનો હિન્દુસ્થાનની સર્વ પ્રજાઓની અડોઅડ ઉભા રહી પોતાનો ફાળો નોંધાવશે. આજે સેકડો સેવાભાવી જૈન નવ યુવાનો જેલના સળીયાઓ પાછળ પુરાયા છે. જૈન શ્વેતાંબર મહાસભા (કોન્ફરન્સ) એ પણ વિદેશી વસ્ત્ર બહિષ્કાર અને સ્વદેશી પ્રચારનું સ્તુત્ય કામ ઉપાડી લીધું છે. એણે મુબઇ મુકામે યોજેલી ગઇ તા૦ ૨૬-૬-૩૦ અને ૪-૭-૩૦ ની સભાઓમાં અને તા૦ ૪-૭-૩૦ ની સ્ત્રીઓની સભામાં જે સુંદર જવાબ મળ્યો છે; જે હજારોની હાજરી જોવાઇ છે તે જોયા પછી કોઇ પણ જૈન મગરૂર થયા વિના નહિં રહે. જૈન શ્વેતાંબર મહાસભાની અખીલ ભારતવર્ષમાં તમામ શ્વેતાંબર જૈનો પર જે લાગવગ, પ્રભાવ, કાબુ અને અસર છે તેનું પરિણામ સ્વદેશી પ્રચારમાં સુંદર આવશે એમાં શક નથી. કલકત્તાના બાબુશ્રી પદ્મરાજ જૈનીના સોળ વર્ષની કન્યા કુમારી ઇંદુમતિ જેલના સળીયા પાછળ પુરાયા પછી જૈનત્વ ઓર ઉજ્જવળ બન્યું છે. સૌ. ગુલાબબહેન મકનજી મહેતા, સૌ. મોંઘી બહેન સૌ. મીઠીબહેન જીવરાજ મોતા, કુમારી મૃદુલાબહેન અંબાલાલ વિગેરે મુંબઇ, અમદાવાદ અને બીજા સ્થળોની સન્નારીયોનો પણ રાષ્ટ્ર સેવામાં જે સુંદર ફાળો નોંધાયો છે તે જૈનત્વને દીપાવનાર છે; પણ જૈનત્વનો ભૂતકાળ તો એથીએ અનુપમ અને ઉજ્જવળ છે એમાંથી એને પ્રાણ અને પ્રેરણા મળે છે. જૈનોનો સામાજીક, રાજકીય અને ધાર્મિક પ્રભાવ અભિન્ન છે. પરસ્પર અવિનાકર છે; અને તેથીજ જૈનોનો ઝળકાટ ઇતિહાસમાં અનોખો છે. શસ્ત્રો સજતો જૈન યુદ્ધમાં હુંકારતો ગાજતો અને ગર્વથી ઉજળતો જૈન બીજી ઘડીએ સામાયિક અને પૌષધમાં પરમ સમતા અને શાન્તિનો સાધક જોવાય છે; અને એજ જૈન ત્રીજી ઘડીએ વ્યાયામ અને મલ્લોના અખાડામાં, ધરણી ધ્રુજાવતો જોવાય છે અને એમ જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં કાર્યોમાં પ્રવૃત્તિઓમાં મોખરે ઉભો જોવાય છે એ જૈનોના પૂર્વજોનો પ્રભાવક અને પ્રોત્સાહક ઇતિહાસ છે. એ અભૂતપૂર્વ ઇતિહાસનો વારસદાર આજનો જૈન જગતે ન અનુભવેલ, ન જોએલ, ન કલ્પેલ ધર્મયુદ્ધમાં પળનોએ વિલંબ કર્યા વિના ઝુકાવી દે એમાં આશ્ચર્ય શું છે? પણ આજે તો ભૂતકાળના ગૌરવ, ખ્યાતિ અને નામનાને એવડાવવાનો સમય આવી પહોંચ્યો છે. જૈનો જીવનના દરેક ક્ષેત્રમાં પહેલાંની જેમ આજે પણ આગેવાન છે, ધર્મયુદ્ધને દબાવી દેવા આઝાદીના અભીલાષને કચડી નાંખવા હિંદની નોકરશાહીએ શરૂ કરેલ દમનનિતીના વિરોધમાં આજનો જૈન પોતાનો સર્વ સરકારી સહકાર ખેંચી લેવા સ્વતંત્ર છે. આજે એ તંત્રને મદદ કરતી એકે એક પાઇ પળનો પણ વિલંબ કર્યા વિના અટકાવવાની અધિનતા ધરાવે છે. વ્યાપારી જૈન ખાદીનો ને સ્વદેશીનો વ્યાપાર કરે બેન્કો, વિમા, વહાણવટા અને એમ દરેક વ્યાપારી ક્ષેત્રમાં સરકારને મળતી સહાય અટકાવે. ખિતાબધારી જૈન ખિતાબને પાપ માની છોડે, બેહુદ જૈન, પાશેર માલ પણ ઇંગ્લંડ ન મોકલાવે, ન એનો ખરીદે. કોલેજીયન જૈન કમતાકાતના એ કારખાનાનો ત્યાગ કરે અને દરેકે દરેક જૈન પુરૂષ સ્ત્રી કે બાળક પરદેશી વસ્ત્રને પાપ માને. હરામ સમજે અને ઝેરી સાપ સમજી છોડે. બ્રિટિશ માલને સડેલો કોહવાયલો મેલ માની ત્યજે આટલું જે ન કરે તે જૈન તો નથીજ પણ આર્ય હિંદી પણ નથી. અમારી ઉમેદ અને વિશ્વાસ છે કે કુમારી ઇંદુમતિ અને સેંકડો જૈન નવયુવાનોનો સાચો ત્યાગ જોયા પછી એની કુરબાની નિરખ્યા પછી કોઇપણ જૈન આજે દેશની આઝાદીને અપનાવ્યા વિના નહિં રહે મહાત્માજીના પ્રકાશથી અંજાતા, અકળાતા, મુંઝાતા અને ભાન ભુલતા કોઇ "શાસ્ત્રેધુરંધરો ધર્મધુરંધરો" અને કહેવાતા શાસનના સડેલા થાંભલાઓના વાણીછળ ભ્રામક ખ્યાલ અને એના પ્રપંચોને નવ ગજના નમસ્કાર કરે અને એના પાપના પરીણામ ભોગવવા માટે એને છુટા છોડે ઇતિહાસના નિર્ણય પર વિશ્વાસ મુકે અને જંગે આઝાદીમાં ઝુકાવે.

શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ ઉપર આવેલ પત્ર.

—:○:○:○:—

જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના ચાલુ લડતના અંગે ઉદ્‌ગારો.

"જે જે ભાગ્યવાનો પોતાનો ધર્મ સમજીને અહિંસામય શ્રી મહાવીર દેવના ધર્મની જહોજલાલી કરવા ચાલુ લડતમાં ગયા છે. અને પ્રેમથી, શાન્તિથી, ધીરજથી કષ્ટો સહન કરી મારની પ્રસાદી ચાખી દેશની આઝાદીને વાસ્તે જેલમાં ગયા છે તેઓએ આ અસાર સંસારમાં પોતાનું નામ અમર કરી દીધું છે. જેલમાં ગએલ ભાગ્યવાનોને, વીર યુવકોને અને દેશની ઉન્નતીમાં જોડાનાર પુણ્યવાનોને ભુરીભુરી ધન્યવાદ સાથે ધર્મ લાભાશીર્વાદ છે.

જૈન સ્વયંસેવક મંડળ મુંબઇ, આ લડતમાં જે ફાળો આપી રહ્યું છે. દેશ અને ધર્મની જે સેવા બજાવી રહ્યું છે એ જોઇને કહેવું પડે છે કે મંડળે સમય ધર્મ બરાબર ઓળખ્યો છે એટલુંજ નહિ પરંતુ જીવનની નસેનસમાં ઉતાર્યો છે.

મગજનો કાબુ ન ગુમાવતાં. સંયમ ન છોડતાં નીડરપણે પરમાત્માનું પવિત્ર નામ સ્મરણ કરતાં દેશની સેવામાં પ્રત્યેક સમયે તૈયાર રહેજો. પતિત થયા તો દુનીયામાં ઉભા રહેવાનું સ્થાન નહિ મળે. પુના. વલ્લભવિજય.

બહેનોને.

બહેનો,

ભારતવર્ષની આઝાદી માટે હજારો યુવકો જેલમાં છે, હજારો નિઃશસ્ત્ર યુવકો અને યુવતીઓ ઉપર લાઠીઓથી હુમલા કરવામાં આવ્યા છે, અનેક દેવીઓના ચોટલા પકડી પછાડવામાં આવી છે, ગર્ભવતી બહેનોને લાઠીઓથી અને લાતોથી મારવામાં આવે છે, બાળકોને લાઠીથી અને જીવથી મારી નાખવામાં આવ્યા છે, એટલે નોકરશાહી કાયદાના નામે ધાતકી કેર વર્તાવી રહી છે છતાં આજે સમગ્ર દેશ આઝાદીના ધર્મયુદ્ધમાં ઉતરી ચુકયો છે. આ કટોકટીના વખતે બહેનો! તમે જોયા કરશો? કે પેલાં રંગી બેરંગી પરદેશી કપડાં પહેરશો? ભલે કદાચ નમળાઇથી સેવીકાસંઘમાં ન જોડાઇ શકો, પણ પરદેશી કપડાં પહેરવાં તો જરૂર છોડી શકો છો.

તમે જે પરદેશી કપડાં પહેરો છો તે પહેરવાથી દેશને, ધર્મને, તમારી જાતને કેટલું નુકસાન છે અને શુદ્ધ ખાદી પહેરવાથી કેટલો લાભ છે તેનો તમે શાન્તિપૂર્વક વિચાર કરશો તો તમને સહેજે સમજી શકાશે.

પરદેશી કાપડ ખરીદ કરવાથી દેશમાંથી સાઠ કરોડ રૂપીયા પરદેશ ધસડાઇ જાય છે. જે દેશની માથા દીઠ એક આનો ને સાત પાઇની આવક હોય તે દેશમાંથી ફક્ત કાપડ પાછળજ સાઠ કરોડ પરદેશ ધસડાઇ જવાથી સોનાની ટેકરી સમો આપણો દેશ કંગાળ બન્યો છે. અને એ કંગાલીયત દશાએ તો એટલી હદ વાળી છે કે કરોડો ભાઇ બહેનોને પેટનો ખાડો પૂરવા એક ટાણું પણ ખાવા મળતું નથી, શરીર ઢાંકવા લુગડા મળતાં નથી, આવી દયામણી સ્થિતિમાં કોઇ કલંકિત ધંધે વળગે છે, કોઇ આપઘાત કરે છે, કોઇ વસ્ત્રના અભાવે વર્ષમાં એક વાર નાહી પણ શકતા નથી, હવે ધાર્મિક દ્રષ્ટિએ વિચાર કરશું તો જેઓનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે તેનાથી તો પરદેશી કાપડ વાપરીજ શકાય નહિ. કારણ? જે કાપડ પરદેશથી આવે છે. તેના પર મુલાયમ એટલે સુવાળાસ લાવવા ભેંસ, પાડા, બળદ, સુવર ઇત્યાદિ લાખો પશુઓને ઇડાંની ચરબીને ઘઉના આટાની કાંજી સાથે મીલાવી કાંજી તરીકે વાપરવામાં આવે છે. અને તે કાજીથી તૈયાર થઇને આવેલ કાપડ તમે ખરીદ કરો છો, અને પહેરો છો. આથી જે કામ અહિંસાની ચુસ્ત હીમાયતી કરનારી છે. અરે! કીડી મકોડીજ નહિ પણ એકેન્દ્રીય જીવની રક્ષા કરવાનો દાવો કરનારી છે તેજ કોમની બહેનો ચરબીની કાંજીવાળાં કપડાં પહેરે એ કેટલું પાપ કરે છે તે સહેજે સમજી શકશે.

હવે શુધ્ધ કપડાં પહેરવાથી કેટલો લાભ છે તે વિચારશું.

ખાદી પહેરવાથી પરદેશ ધસડાઇ જતા કરોડો રૂપીઆ દેશમાં રહે છે ને પ્રાચીન હુનર ઉદ્યોગની ખીલવણી થાય છે, એટલે વણનાર, કાંતનાર ને પીંજનારને રોજી મળે છે. જેથી કરોડો ભાઇ બહેનોને રોટલો મળે છે. ભારતની ગરીબાઇમાં સુધારો થાય છે. લોક ઉદ્યોગી બને છે.

ધાર્મિક દ્રષ્ટિએ હિંસાખોરીમાંથી બચી શકાય છે, આત્માની શુદ્ધિ થાય છે, રહેણી કરણી સુધરે છે, સાદાઇ આવે છે અને સંયમી થવાય છે.

આટલી ટુંકી દલીલોથી સમજી શકશો કે પરદેશી વસ્ત્ર પહેરવામાં બાનદાની નથી પરંતુ આપભોગમાં અને સાદાઇમાંજ બાનદાની છે, જ્યારે સાદાઇ માટે બાદી પ્રથમ પગથીયું છે, તેથી ઓ! દયાની દેવીઓ! દેશમાં કરોડો ભાઇ બહેનો ઉદ્યોગ વિના ભૂખે મરે છે તેથી તમારા દીલમાં દયા ઉભરાતી હોય, દેશની ગુલામી જંજીરો તોડી દેશની આઝાદી માટે જ્યોત પ્રગટી હોય, દયાના સિદ્ધાન્ત પર પગ મૂકી પાપીની ગણનામાં નજ ગણાવવું હોય તો પરદેશી વસ્ત્રોને પ્લેગ સમજી ફગાવી દઇ શુદ્ધ બાદી પહેરો.

દેશની આઝાદિનો જેટલો આધાર પુરૂષ વર્ગ ઉપર છે તેટલોજ બલકે તેથી વધારે તમારા ઉપર છે. તેમ દરેક જણ કબુલ કરે છે કે બાળક ઉપર પીતા કે ગુરૂના બોધની જે અસર નથી થતી તેનાથી અનેક ગણી અસર માતાના થોડાજ શબ્દોની થાય છે. જ્યારે શબ્દોની બાટલી અસર થાય ત્યારે અમલી કામથી તે તેના બાળકો ઉપર કેટલી ઉત્તમ છાપ બેસાડી શકે? એ તમેજ વિચારી જોશો. અને બાદી ધારણ કરશો. બાદી પહેરવાથી તમારા આખા કુટુંબ ઉપર ઉંડી છાપ પડે છે. બાળકો, સાદાં, સ્વાવલંબી અને નીડર બને છે.

બાછાં મુલાયમ અને નિર્લજ કપડાં પહેરનાર બહેનો દલીલ કરે કે બાદી જાડી પડે છે, એટલે ઉપડતી નથી, પહેરતાં ફાવતી નથી. આવી બોટી દલીલ કરનારને જગતના સર્વોત્તમ પુરૂષ પૂજ્ય મહાત્માજીએ કહ્યું છે કે જે માતા બાળકનો નવ મહિના ભાર ઉપાડે છે તે માતા સ્વદેશ ને સ્વધર્મને માટે આટલું એ નહિ સહન કરી શકે? આ ઉપરથી એમ કહેવું પડશે કે, તમારી આ દલીલ પોકળ છે. જે વખતે દેશની અંદર આઝાદીના રણશીંગાં વાગી રહ્યાં હોય હજારો જુવાનીયાઓ તેનાં માથાં દેવા તૈયાર થયા હોય. દ્રૌપદી પેઠે ભારતની દેવીઓના દુઃશાસન ચીર બેંચી રહ્યો હોય, ચોટલા બેંચી ઘસડી રહ્યો હોય, ધોડા દોડાવી રહ્યો હોય, બાળકને પછાડી રહ્યો હોય તે વખતે બહેનો! જો તમે પરદેશી કાપડ છોડવામાં પણ વિચાર કર્યા કરશો તો માતા ભારતીની પુત્રીઓ કહેવડાવવાનો કે દયાની દેવીઓ કહેવડાવવાનો અધિકાર ગુમાવી બેસશો તેથી તમારા હીતની બાતર, તમારા બાલબચ્ચાંના હીતની બાતર પરદેશી કાપડ છોડી શુદ્ધ બાદી ધારણ કરો.

ક્ષાત્ર વીર.

જૈન યુવક વાણીયો નથી પણ ક્ષાત્ર વીર છે એ સિધ્ધ કરવાનો અવસર આ અહિંસક યુધ્ધમાં આપણને મળે છે.

આજ સુધી જૈન એટલે દયાળુ અને જીવદયાના હિમાયતી મનાતા અને તેથી ઇચ્છાએ કે અનિચ્છાએ પ્રતિષ્ઠાને બાતર જૈનો કીડી, મંકોડી, અને જીવ જનવર બચાવી સંકુચિત ક્ષેત્રમાં વસતા અને કેટલીયે વેળા આપણી પામરતા જગતને બતાવતા અને જૈન-દર્શનને બીજા વગોવે છે એ સાંભળી વીલું મ્હોં કરતા, પણ આજ હાલ જે અહિંસક ક્રાંતિ થઇ રહી છે અને તે કેવળ રાજ્યદ્વારી ક્ષેત્રમાંજ નહિ સામાજીક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રમાં પણ જે ક્રાંતિ ફેલાઇ રહી છે તે જૈન-જીવનની શીલસુરી અને ઓજસ્વિતા નથી તો બીજું શું છે? અને તેથી આજે અનેક જૈન યુવાનો અને યુવતિઓ ઘરબાર અને વૈભવ ત્યાગી દેહ સુધ્ધાંના બળીદાન દેવા આગળ આવે છે, અને પાવન થાય છે.

જૈન સાધુ જેઓ પોતાનો પરિવાર વધારવા ઇચ્છે છે અને જેને સમાજ સાથે લેવા દેવા નથી એવા રથાંતિયુસ્ત તેમજ આપખુદ સત્તાધારીઓને શાનું ગમે? જો કે તેઓ સમાજના અંધશ્રધ્ધા અને અજ્ઞાનના જોરેજ નભે છે, અને નભી રહેવા માગે છે. પણ હાલની લડત સર્વોદયની છે એટલે અમારા પોપાચાર્યો ગમે તેટલા ધમપછાડા મારે તો પણ સુર્યોદય થવાનો છે અને અજ્ઞાન તિમીર નાશ પામવાના છે.

આ તો અહિંસક યુદ્ધ છે, પણ ધર્મની રક્ષા કાજે આચાર્યશ્રી કાલીકાચાર્યે એક સાધ્વીની રક્ષા કાજે સમય ધર્મનું પાલન નહોતું કર્યું? જેના પાસે ૯૫ રાજાએ લડનાર હતા છતાં ધર્મની રક્ષા કાજે પાંચમને બદલે ભાદ્ર સુદી ચોથનું સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યું, સિંધુ ઉતરી સૌરાષ્ટ્ર આવ્યા અને હાથમાં ધનુષ્ય બાણ લઇ ૧૦૮ માણસોને વિંધી નાખ્યા. સાધ્વી સરસ્વતીને પુનઃ દીક્ષા આપી સર્વ રાજાઓને રાજ્ય વહેંચી દીધું અને પોતે સાચા સાધુ બન્યા.

આવા બીજા અનેક દાખલાઓ પણ છે. જૈનોના ચોવીસે તિર્થંકરો ક્ષત્રીય હતા એટલે તેઓ સાચા ક્ષાત્ર વીર હતા, તેઓમાં લડાયક વૃત્તિ હતી અને તેને અંગેજ તેઓ તિર્થંકર થયા. આજ એ વૃત્તિ પેદા કરવા અહિંસક ક્રાંતિ ચાલી રહી છે. સામાજિક, ધાર્મિક અને આર્થિક દરેક ક્ષેત્રમાં પ્રસરાવવાની લડાયક વૃત્તિ પેદા કરવી એ જૈન યુવકની ફરજ છે. પોતાની યોગ્યતા, મુજબ પોતાનું સ્થાન લઇ અહિંસક યુદ્ધ આદરવું ઘટે કે જેથી રાષ્ટને અને સાચી ક્ષાત્રવટને પૂરો ટેકો મળે. સમાજ આળસ અને અજ્ઞાનથી મુક્ત થાય અને સારીએ દેશ સ્વાશ્રયી અને આઝાદ થાય.

ક્ષમા એ વીરનું ભૂષણ છે તેમ અહિંસા એ વીરનો ધર્મ છે. વીરતા વિનાની અહિંસા પ્રાણ વિનાના દેહ જેવી છે. તેથી દરેક પ્રાણવાન જૈને તો ક્રાંતિકાર બનવું જોઇએ.

લાલચંદ જયચંદ વોરા.

સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિ તરફથી ગયા અઠવાડીયામાં થયેલા કામકાજની ટુંક નોંધ.

કમિટીના મેમ્બરો હંમેશા રાતના ૮॥ થી ૧૦॥ વાગ્યા સુધી કોન્ફરન્સ ઓફીસમાં નિયમીત મળે છે ટુંક અરસામાં તેઓએ જૈન ભાઇઓના જુદા જુદા સંઘના આગેવાનોને મળીને તથા જૈન મહિલા સમાજ અને જૈન સ્વયસેવક મંડળોને બોલાવી તેમની સાથે વાતચીત કરી નીચે મુજબ કામકાજની શુભ શરૂઆત કરી છે.

જૈન સ્વયંસેવક મંડળો તથા કચ્છી જૈન સ્વયંસેવક મંડળો મારફતે લગભગ દશ હજાર સ્વદેશી પ્રચારને લગતા હેન્ડબીલો તથા મોટા પોસ્ટરો જાહેરમાં વહેંચાયા છે તેમજ તેના બોર્ડો પોસ્ટરો દરેક દેરાસર અને અપાસરામાં મુકાયા છે તેમજ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહીઓ લેવાનું શરૂ કર્યું છે.

જૈન મહીલા સમાજ માટે ત્રણ મેમ્બરોને કમિટીમાં કોઓપટ કરી તેમના સહકારથી પાયધુની, કોટ અને માંડવી ઉપર જુદી જુદી જૈન બેનોની સભા બોલાવવાની ગોઠવણ કરી છે. તેમાં શુક્રવાર તા૦ ૪-૭-૩૦ ના રોજ ૨॥ વાગે મુંબઇ માંગરોળ જૈન સભાનો હોલ ચીકાર ભરાઇ ગયો હતો. બધી બેનો જમીન ઉપર બેસવાની ગોઠવણ કરી હતી છતાં લગભગ સો દોઢસો બેનો ગેલેરીમાં ઉભી રહી ભાષણો સાંભળવામાં અજબ ઉત્સાહ હતો. પ્રમુખસ્થાને બેન મંગળાબેન ઝીરાજ્યાં હતા. મુખ્ય વકતા શ્રી. મોતીચંદ કાપડીયા તથા પંડીત આણંદજી તથા શ્રીયુત ચીનુભાઇ સોલીસીટર, ભાઇ કેશવલાલ નગીનદાસ તથા અ. સૌ. ગુલાબબેન તથા બેડા નિવાસી ભાઇ ગીરધરલાલે ભાષણો કર્યા હતા. કામકાજ શરૂ શરૂ થતાં પહેલા સભામાં હાજર થયેલી ઉત્સાહી બેનોએ પ્રતીજ્ઞા પત્રક ઉપર સહીઓ લેવાની શરૂઆત કરી દીધી હતી. શ્રી. મોતીચંદભાઇ તથા પંડીત આણંદજીના ઉત્સાહપ્રેરક, જુસ્સાદાર ભાષણથી બાકીની ઘણી બેનોએ પાછળથી સહીઓ કરી આપી હતી. એમ સભાનું કામકાજ ઘણા ઉત્સાહથી શાન્તીપુર્વક પુરૂં થયું હતું

દેરાશરના ટ્રસ્ટીઓને કમિટિ તરફથી વિનંતી કરવામાં આવી હતી તેમાંથી કેટલાકના જવાબો સમિતિને મળ્યા છે કે અમો દેરાશર આગળ પોસ્ટરો રાખીશું, સમિતિના હેન્ડબીલો વહેંચાવવાની ગોઠવણ કરીશું, તેમજ દેરાશરમાં બ્રિટીશ કાપડ વપરાતું નથી છતાં ખાસ સંભાળ દેશી કાપડ વાપરવાને લેવા કબુલ્યું હતું. મારવાડી સાથવાળાની મીટીંગ ઘણું કરી રવી, સોમવારે બોલાવાશે. ઝાલાવાડી સાથના સભ્યોએ પોતાની સાથની સહીઓ લેવા કબુલી કામની શરૂઆત કરી દીધી છે.

જૈન શ્વેતાંબર મહાસભાની વીદેશી બહિષ્કાર અને સ્વદેશી પ્રચાર સમિતિને કોટના જૈન દેરાસરના ટ્રસ્ટીઓના આમંત્રણથી એક સભા તા૦ ૪-૭-૩૦ ના રોજ મળી હતી હાજરી સુંદર હતી પ્રમુખસ્થાનેથી શ્રી. મોતીચંદભાઇ સોલીસીટરે રાષ્ટ્રિય ધર્મયુધ્ધની મહત્તા આધ્યાત્મીક દ્રષ્ટિએ લંબાણથી સમજાવતાં અંતમાં જણાવ્યું કે છેલ્લી બે ત્રણ સદીઓથી. નિર્બળ સાધકોને લીધે યોગ માર્ગ લુપ્તપ્રાયઃ થયો છે. મહાત્માજીનો ચરખો અને તકલી, એ પણ એક સાધનાની ભૂમિકા છે વીગેરે. પંડીત આણંદજીએ જોરદાર શૈલીમાં દમનનીતિ એના કારણો અને સરકારી ધરાદાને સ્પષ્ટ કરી સાચા જૈનને જંગે આઝાદીમાં ઝુકાવવા લાગણી અને દર્દભરી અપીલ કરી. શેઠશ્રી છોટાલાલભાઇ પ્રેમજીએ ખાદી અને સ્વદેશીમાં સાદાઇ, મર્યાદા, સ્વચ્છતા અને પવિત્રતા વસે છે એ દાખલા દલીલોથી સમજાવી પ્રતિજ્ઞા પત્રોપર સહીઓ કરવા અપીલ કરતાં હાજર રહેલા ભાઇ, બહેનોએ ખુશીથી પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ કરી હતી. આ પછી મોડી રાતે જયનાદો વચ્ચે સભા વિસર્જન થઇ.

તા. ૬.—૧૦૦૦ પ્રતિજ્ઞા પત્રક ઉપર સહીઓ થઇ છે. સ્વયંસેવકો, કમિટીએ પોતે નોંધવા જોઇએ. કમિટીના સભ્યોએ સાથે રહી વોલન્ટીયરો મારફતે કામ ચાલુ કરવું જોઇએઃ ને હંમેશના કામના કલાકો નક્કી કરવા જોઇએ. વિદ્યાલયના વિદ્યાર્થીઓ શું કરે છે? તેઓ દેશસેવામાં ભાગ લેશે કે નહિ? સારી સંખ્યામાં સ્વયંસેવકો નોંધાયા વગર કમિટી સંપૂર્ણ વિસ્તારમાં કામ કરી શકશે નહિ. સાથવાળાઓની મારફતનું કામ ઢીલું થાય છે, તે અંબારી આગાહી સાચી પડી છે. પ્રતિજ્ઞાપત્રમાં સહી લીધી તેટલેથી કામ પુરૂં થવાનું નથી. હરાવનો વ્યવહાર અમલ થવો જોઇએ ને તે ઉપરાંત બહિષ્કારની બીજી ચીજો માટે પ્રયાસ કરવા સ્વયંસેવકોની જરૂર પડશે—તંત્રી.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

આગળ વધતી લડત. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૯ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ વદી ૩. તા૦ ૧૪-૭-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

બહિષ્કાર સમિતિનું કામકાજ.

કોટમાં શાંતીનાથના દેરાસરમાં સૌ. બેન રમાબેન કામદારના પ્રમુખપણા નીચે એક સભા જૈન બેનોની મળી હતી. લગભગ બસો અઢીસો બેનોની હાજરી હતી. મુખ્ય વકતા ભાઇશ્રી વીરચંદ પાનાચંદે આપણા અગાઉના હાથ હુન્નર કાપડનો હુન્નરની વીગતો સમજાવી તે કેમ નાશ પામ્યો એ સમજાવ્યું. અને નાશ કરવા માટે સરકારે કરેલી કુટીલ નીતીનું જ્ઞાન કર્યું. સૌ. રમાબેન ધાર્મીક અભ્યાસના પવીત્ર સ્થાનોનો ઉપયોગ આવા કટોકટીના પ્રસંગે દેશની આઝાદીના પવીત્ર કાર્ય કરવામાં થશે તોજ દેશનો ઉદય જલદી થશે પિકેટીંગ માટે બેનોએ બીજી બેનોનું અનુકરણ કરવા જણાવ્યું. રેંટીયા, તકલી મારફતે દેશને જરૂરનું સુતર તૈયાર કરવામાં બેનો જો ધારે તો સુંદર ફાળો આપી શકે. મોગલ રાજ્યમાં અંગ્રેજ વેપારીએ ઇંગ્લાંડથી આવતા માલ ઉપર જગાત માફ કરાવી, દેશમાં ઇંગ્લંડને પગભર કરવાની શરૂઆત કરી. અને ધીમે ધીમે પ્રપંચી દુષ્ટ નિતી ધારણ કરી પોતાનો પાયો મજબુત કરી હાલ સૌથી ઉંચી કોટીની સ્થીતિ પ્રાપ્ત કરી છે. આપણને પુર્ણ ગુલામીમાં નાંખી દીધા છે. આપણા ભાઇઓ પ્રત્યેની સહાનુભુતી કેમ દેખાડવી અને તેને પરમાત્માની શાક્ષીએ અમલમાં મુકવા પ્રયત્ન કરવા આગ્રહપુર્વક વિનંતી કરી. પંડીત લાલને જૈન દ્રષ્ટીએ આ લડાઇને કેમ પહોંચી શકીએ તેનું વર્ણન કર્યું. સત્યાગ્રહીઓ તદન સત્ય અને જાહેર રીતે કરેલા વ્રતનું પાલન કરે છે ત્યારે સરકાર પ્રપંચથી દમનનીતિથી આ સત્યાગ્રહીઓને દબાવે છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવ એટલે દ્રવ્યથી ખાદી, ક્ષેત્ર એટલે હીન્દુસ્થાન કાળ એટલે સ્વરાજ મળે ભાવ એટલે અહીંસા આ પ્રમાણે ચાર ક્ષેત્રનો વીચાર કરવો. દેશની આઝાદી વખતે જૈન બેનોએ સૌથી મોખરે અહીંસાવાદી થઇને ઉભા રહેવું એ જરૂરી છે.

પંડીત આણંદજીભાઇએ-રાજકીય વ્યવહારીક તથા ધાર્મીક દ્રષ્ટી સાંભળ્યા પછી મને સાંભળવા માગો છો તેનું કારણ આપણે સાંભળવાનેજ મુદ્દામ ટેવાએલા છીએ. આ સાંભળવાની ટેવે આપણને ભાન ભુલા કર્યા છે. મહાવીર અને બુધ્ધે પચીસો વરસ પહેલા બ્રાહ્મણ અને બીજાઓએ રચેલી ભયંકર રૂઢીઓ નાશ કરી સત્ય રસ્તો બતાવ્યો અને મહાવીર, બુદ્ધના પછી પચીસો વરસે એવાજ ભયંકર દ્રષ્યોનો નાશ કરવા મહાત્મા ગાંધીજી તૈયાર થયા અને સમાજને તૈયાર કરવા ભગીરથ પ્રયત્ન કર્યો. અપવાસ આંયબિલ કરનાર લીલોતરી નહીં ખાનાર બેનો હજારો જનવરોના નાશ કરી તેની ચરબીથી તૈયાર થતા કાપડનો ઉપયોગ કેમ કરી શકે? જો આપણે એ ક્રીયા યોગથી ન કરતા હોઇએ તો આજેજ તમારે તમામ બેનોએ પરદેશી કાપડનો ત્યાગ કરવો. વાલી બેનો-મહાવીર પ્રભુના સિદ્ધાંતમાં તમને પુરી શ્રધ્ધા હોય તો હાલના મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહને પુરો ટેકો આપશો અને પરદેશી કાપડનો બહીષ્કાર કરશો

અસત્ય પ્રલાપ.

હંમેશા ખોટાઓને સાચા ગણાવા બહુ પ્રયત્નો કરવા પડે છે. ઇન્ટરવ્યુ અને છાપાઓનો આશરો લેવો પડે છે, નૈ છાપાઓ પણ ભાડે રાખવા પડે છે? પીત્તળને સુવર્ણમાં ખપાવવા દરેક ચાલાકીની જરૂર હોય છે. આ યુગમાં આજકાલ આવો વ્યવહાર થઇ પડયો છે.

રામવિજય મહાત્મા ગાંધીજીનો કેવો પરમ મિત્ર છે? સ્વરાજય શબ્દની કેવી મીઠી મશ્કરી કરે છે? તેના વ્યાખ્યાનમાં કેટલીક વખત આવતી આવી બાબતોપર કેવો વાણી છળ કરે છે? તે મુંબઇની સમજી જૈન પ્રજા સારી રીતે જાણે છે. ધર્મના નામે કેટલા પ્રપંચો કરાય છે? શાસનપ્રેમીના સુંદર નામે કેટલાક પોતાના વ્યવહારનું સ્વાર્થી ગાડું કેવી રીતે ચલાવી રહ્યા છે? તે પણ મુંબઇની સમજી જૈન જનતાથી અજાણ્યું નથી.

આમ હોવા છતાં કેટલાક બિચારા અંધ શ્રદ્ધાળુ શાસ્ત્રના ટુંકા પરિચયથી ધર્મના નામે થતા ઉપદેશની અસરમાં પોતાનું જીવન વેચી રહ્યા છે. તેનો એક દાખલો અત્રે નોંધવામાં આવે છે.

મુંબઇ સમાચારમાં ઇન્ટરવ્યુ છપાવનાર શેઠ નેમચંદ નાથાભાઇ સને ૧૯૨૧ ની સાલમાં ગાંધીજીના ભક્ત થયા હતા. સુરતમાં સગરામપુરામાં સ્વદેશ સેવાની ભાવનામાં તેઓ એક પ્રતિષ્ઠિત આગેવાન હતા અને તેમના ઘરમાં તે વખતે મોટા ભાગે ખાદી અને દેશી કાપડ પહેરવાની પ્રતીજ્ઞાઓ લેવાઇ હતી એમ સાંભળ્યું છે. આવો દેશભક્ત માણસ થોડા વખત થયા રામવિજયનો ભક્ત બન્યો છે અને હાલ રામવિજયના ઉપદેશની અસરમાં તેમનું જીવન છે. ગાંધીભક્તો માટે રામવિજયનો ઉપદેશ મોટા ભાગે નીચે મુજબ હોય છે.

"ગાંધી એ મિથ્યાત્વી છે અને મિથ્યાત્વીનું કહેલું જે "જૈન ગ્રહણ કરે તે સમકિતિ હોઇ શકે નહિ સમકીત હોય "તે પણ ચાલ્યું જાય. તમો ગાંધીના ઉપદેશ પ્રમાણે ચાલો "તો તમારૂ સમકીત મેલું થાય. મિથ્યાત્વીનો કોઇ ઉપદેશ "કદાચ સારો હોય તો પણ તે શુધ્ધ સમકિતિ આચરે નહિ" વિગેરે.

આવા ઉપદેશની અસર કેટલાક અંધશ્રધ્ધાળુના હૃદયમાં કેવી ઘર કરી જાય છે તેનું માપ કાઢવું અશકય છે. પણ શેઠ નેમચંદભાઇ ત્યાર પછી ઘણે ભાગે વિલાયતી વાપરતા થયા છે તે તેમની સાથે રહેનારાઓ સારી રીતે જાણી શકતા હશે?

પ્રભુ! આવાઓને સદ્‌બુધ્ધિ પ્રેરે.

લિ૦ શિવલાલ લવજી શાહ.

આગળ વધતી લડત.

'બ્રીટીશ માલનો બહિષ્કાર કરો' ના પોકારોથી મુંબઇ શહેર ગાજી રહ્યું છે. કોન્ગ્રેસની બોયકોટ કમિટિનું બોયકોટ-વીક ગયા રવિવારે ખલાસ થયું. તે દરમ્યાન થયેલા પ્રચાર કાર્યને અંગે બહિષ્કાર કમિટિઓ જુદા જુદા વર્ગો તરફથી સ્થાપવામાં આવી છે. વ્યાપારી મહામંડળ તરફથી પણ એક બહિષ્કાર સમિતિ સ્થાપવામાં આવી છે. વ્યાપારની દરેક ચીજોમાંથી બ્રિટિશ વસ્તુઓ સમુળગી આવતી બંધ થાય તેના સચોટ પ્રયાસો ચાલુ છે. બધી બહિષ્કાર કમિટિનું કામ એક-બીજાને ઉપકારક તથા મદદ કરનારૂં નીવડે એટલે જુદી જુદી બહિષ્કાર કમિટિની ભેગી મીટીંગ કોન્ગ્રેસ બહિષ્કાર કમિટિ તરફથી આવતા બુધવારે બોલાવવાનું નક્કી થયું છે. આશા છે કે સંયુક્ત કાર્યક્રમ એવો ઘડી કાઢવામાં આવે કે જેથી કરીને ધારેલો હેતુ સફળ થાય. કોન્ફરન્સની બહિષ્કાર સમિતિ ધીમે ધીમે પણ સતત પ્રચાર કાર્ય કર્યા કરે છે. ગઇ કાલનો સરઘસનો બનાવ જૈન ઇતિહાસમાં અપૂર્વ ગણાશે. સરઘસનો કાર્યક્રમ સફળતાથી પાર ઉતર્યો તે માટે બહિષ્કાર સમિતિ તથા તેમના મુખ્ય મંત્રીઓ રા. રા. ચીનુભાઇ સેલીસીટર તથા ભાઇશ્રી મણીભાઇને અમે અભિનંદન આપીએ છીએ. સરઘસ નિષ્ફળ બનાવવાના મુનિ રામવિજયજીના કહેવાતા ટેલીફોનો નિષ્ફળ નીવડ્યા અને સમગ્ર જૈન સમુદાયે સરઘસમાં ભાગ લીધો હતો. શત્રુંજય સમાધાનના કહેવાતા આગેવાનો કદાચ હાજર નહિ હોય પણ મુનિ રામવિજયજીએ તથા વીરશાસને જાણી લેવાની જરૂર છે કે **આગેવાનો એટલે શ્રીસંઘ ગણાવાના દિવસો ચાલ્યા ગયા છે.** જૈન સમુદાય તેજ શ્રીસંઘ ગણાશે. અનુયાયી વગરના આગેવાનો કોડીની કિંમતના ગણાશે નહિં. સેવા-કોમની સેવા કરવાવાળા આપોઆપ કોમની આગેવાની મેળવશે. સરકાર દરબારમાં પણ જેમ લીજરસોની ગણત્રી છે તેવી ગણત્રી કહેવાતા આગેવાનોની થશે. અમોને આશા છે કે સરઘસમાં ભાગ લેનારા ભાઇઓ બ્રિટિશ વસ્તુઓની બહિષ્કારની પ્રતિજ્ઞા લેશે. વિદેશી વસ્ત્રો વાપરવાની બંધી તે હવે ઘણું બ્રૂ સહેલી વાત થઇ પડી છે. પણ કાલના સરઘસમાં ભાગ લેનારાઓ બ્રિટિશોની સાથે ઘણી રીતે જોડાયેલા હશે. ઘણાઓ બ્રિટિશ વીમા કંપનીઓના એજંટો હશે તેમણે એજન્સીઓ છોડવી જોઇએ ને દેશી કંપનીઓની એજન્સી લેવી જોઇએ. ઘણાઓ હિન્દુસ્તાનના કિનારાના બંદરોથી માલ મોકલનારા તથા મંગાવનારા હશે. તેઓએ દેશી કંપનીના વહાણોમાં માલ મંગાવવા યા મોકલવાનું નક્કી કરવું જોઇએ. ને રાઇસ મરચન્ટ એસોસીએશને જેમ ઠરાવ કર્યો છે તેવો ઠરાવ કરવો જોઇએ. વળી સરઘસમાં હાજર થયેલાઓમાંથી ઘણાઓ જુદા જુદા દેરાસરો અગર ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ હશે. ટ્રસ્ટીઓ તરીકે નાણાં બ્રિટિશ બેંકોમાં રોકતા હશે. તેઓએ બીજી બેંકોમાં–દેશી બેંકો બને તો તેમાં નહિ તો અમેરીકન કે જાપાનીઝ બેંકોમાં રોકવા જોઇએ. જ્યાં સુધી સહર જામીનગીરીમાં બીજી રીતે રોકી શકાતા હોય તો તેમ રોકવા જોઇએ. બહિષ્કાર દેખાવનો રાખવાથી ફાયદો નહિ થાય. દરેક માણસે જાતે, પોત પોતાના કાર્ય-પ્રદેશમાં બ્રિટિશ બહિષ્કારનું જાતેજ પાલન કરવું જોઇએ મુંબઇના જૈનોએ આ બાબતમાં સક્રિય જૈન પ્રજાને દ્રષ્ટાંતરૂપ થવું જોઇએ વોલંટીયરો સંબંધી સમિતિની ગોઠવણ અમોને હજી બરોબર વ્યવસ્થીત લાગતી નથી. વોલંટીયર દરરોજ શું સેવા આપે છે તે તપાસવું જોઇએ. બહિષ્કારના પ્રતિજ્ઞા પત્રો ઉપર દર રોજ સહીઓ લેવાની જોઇએ. દર રોજના કામની યાદી બીજા દિવસની પત્રીકામાં પ્રગટ થવી જોઇએ આ કામ કરવું જોઇએ તેવી સુચક પત્રીકાઓ ઘણી પ્રગટ થઇ ગઇ છે હવે તો આ સાથવાળાઓએ ઠરાવ કર્યો, આ લત્તાવાળા ભાઇ બહેનોમાંથી મોટા ભાગે ઘણાએ બ્રિટિશ બહિષ્કારની પ્રતિજ્ઞાઓ લીધી. તેની ઉત્સાહ પ્રેરક વીગતોવાળી પત્રિકાઓ પ્રગટ કરવાની જરૂર છે. ફરીથી બહિષ્કાર સમિતિના મંત્રીઓ તથા મેમ્બરોના ઉત્સાહ તથા ખંત માટે આનંદ પ્રદર્શિત કરી આ લેખ પુરો કરીએ છીએ ——

લાલબાગનું પીકેટીંગ ને જૈન યુવકસંઘ

અશાડ સુદી ૧૪થી લાલબાગમાં સ્વયંસેવકો તરફથી કરવામાં આવેલાં પીકેટીંગને કેટલાકો તરફથી મોટું રૂપ આપી દેવામાં આવ્યું છે. જુદા જુદાઓ ઉપર આક્ષેપ કર્યા પછી જૈન યુવકસંઘ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. તો તે વાત તદ્દન ખોટી છે. યુવક સંઘને પીકેટીંગ કરવું હશે ત્યારે ખુલ્લું જાહેર કરીને પછીજ શરૂ કરશે બાકી દેરાસર આવનારને સ્વદેશી વસ્ત્ર ધારણ કરીને આવવાનું વિવેકપૂર્વક કહેવામાં આવે તે સામે અમારો વિરોધ નથી ને અમો માનીએ છીએ ત્યાં સુધી સુદ ૧૪ ને રોજ સ્વયંસેવકોએ આ સિવાય વિશેષ કાંઇ કર્યું જ નથી સંસારમાં રહ્યા છતાં જૈન તરીકે સંસાર શુદ્ધ ચલાવવાનો પ્રયાસ કરવાને બદલે ત્યાગની વાતોજ સંભળાનારાઓની ટોળીએ કાગનો વાદ્ય કર્યો છે.

લેખકને સુચના.

લેખકોએ લેખ મોકલતી વખતે પોતાનું નામ પ્રગટ ન કરવું હોય તો પણ અમારી જાણ માટે મોકલવું પડશે. નનામા લેખો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.

પુસ્તકની પહોંચ.

અમૃત સરિતા તરંગ ૧ લો પ્રસિદ્ધકર્તા રા. રા. મહાસુખભાઇ ચુનીલાલ કર્તા તરફથી આ ગ્રંથ ભેટ તરીકે મળ્યો છે તે સાભાર સાથે સ્વીકારીયે છીએ અવલોકન અવકાશે

[અનુસંધાન પાના ૭ માંનું ચાલુ.]

જો દેશ સ્વતંત્ર ન હોય તો ધર્મ ક્યાં (પરતંત્ર) જો દેશ ન સ્વતંત્ર હોય તો આપણે ક્યાં? (ગુલામીમાં) માટે પ્રથમ દેશ, પછી ધર્મ અને પછી આપણે. તો જે કામ ઉપાડયું છે તેમાં શક્તિ અને સાધન હોય તે ખર્ચી નાંખી મહાવીરના નામને ઉજવળ કરજો અને આગળ ધપજો.

ત્રણે ફીરકાના ઐકયતાની મહોર.

ત્યાર બાદ પંડિત આણંદજીએ જણાવ્યું હતું કે આજે જૈન કોન્ફરન્સ અને સ્વદેશી પ્રચાર અને બ્રીટીશ બહિષ્કાર સમિતિને માન આપીને મુંબઇની જૈન સમાજે એક અનેરી રેખા પાડી છે. કોન્ગ્રેસના પ્રમુખ પંડિત મોતીલાલજી તથા સરદાર વલ્લભભાઇએ ભારતવર્ષની આબરૂમાં મુંબઇ મોખરે છે તેની મહોર આપી છે. તેમ આજના સરઘસે ઐકયતાથી હાથોહાથ મીલાવી કાર્ય થઇ શકે તેમ છે તેની મહોર મારી છે. તે મહોર અપાવનાર કોન્ફરન્સને હું ધન્યવાદ આપું છું.

આ પ્રસંગ જૈનોના ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાય તેવો છે. આ લડતમાં જૈન મુનિની સંપૂર્ણ સહાનુભૂતિ છે. સાંભળ્યું છે કે પુજ્યપાદ આચાર્ય વિજયનેમીસુરિ વિદેશી કાપડ એક વર્ષ સુધી નહિ લે વિજયવલ્લભસૂરિજી વિજયેન્દ્રસૂરિજી મુનિશ્રી વિદ્યાવિજયજી વિગેરે મુનિવર્યોની સહાનુભૂતિની આપણને ખબર છે.

ડો૦ પુનશી હીરજી મહીશેરીએ સર્વે ભાઇઓ ભેદભાવ વિના વાડીમાં પધાર્યા તેને અતિ માન ગણી આભાર માન્યો હતો અને ખાદી અને સ્વદેશી પહેરવાનો આગ્રહ કર્યો હતો.

શ્રી. ચિનુભાઇ લાલભાઇએ સર્વનો આભાર માન્યો હતો અને સમિતિના કાર્યમાં પૂરેપૂરા સહકારની આશા રાખું છું એમ જણાવ્યું હતું.

છેવટે ભારતવર્ષ–જૈન સમાજ–કોન્ફરન્સ–સ્વતંત્ર ભારત–મહાત્મા ગાંધીજી–મહાવીર–ઝીંદાબાદના પોકારો થયા હતા.

ત્યારબાદ સરઘસને વિસર્જન કરવામાં આવ્યું હતું.

કહેવાતા શાસનપક્ષનું બચાવનામું બહાર પડે છે.

ઇન્ટરવ્યુનો અંધેર પછેડો ઉંચકાય છે.

શેઠશ્રી નેમચંદભાઇની જાણીતી સોગઠી સપાટી પર સરી પડે છે.

અંતરના ઉમરા ઠલવાય છે.

લખનાર : પંડિત આણંદજી દેવસિંહ શાહ.

જ્યારે ધર્મ રાષ્ટ્ર. સમાજ કે દેશમાં પોતાનું કોઇ સાભળવા તૈયાર હોતો નથી અને છતાંએ પરાણે સંભળાવવા યત્ન થાય છે તો દેશ અને સમાજ શરમ શરમના પોકારોથી વધાવે છે. પાછલા બારણેથી કાઢી મુકે છે. પોતાનું, ધર્મ, રાષ્ટ્ર, સમાજ કે દેશમાં જરાએ સ્થાન રહેતું નથી પોતે કોઇના પણ પ્રતિનીધી હોતા નથી એટલુંજ નહિં પણ પોતાના કુટુંબ, છોકરાં કે સ્ત્રીઓના પણ પોતે પ્રતિનીધી છે કે કેમ? એની જ્યારે એને શંકા થાય છે ત્યારે એ માણસ અકળાય છે, કચવાય છે, મુઝાય છે અને પરિણામે ભાન ભૂલે છે, બુદ્ધિ, તર્ક, સમજ અને સાદી ડહાપણ પરનો એ કાબુ ગુમાવે છે પોતાને ઘણુંએ કહેવું છે, સમજાવવું છે, છતાં લોકોને શું થવા બેઠું છે કે પોતાનું કોઇ સાંભળતું નથી, સામે પણ જોતું નથી એના પગ નીચેની જમીન એને સરી પડતી લાગે છે. એના મગજમાં ક્રોધ, ગુસ્સો, ઇર્ષા અને આવેશનાં ચક્કર આવે છે પોતે કોણ? એક વખતનો નેતા માનીતો માણસ, પુજાતો પુરૂષ, પણ આજે શું થવા બેઠું છે કે પોતાને કોઇ ગણકારતું નથી જ્યાં જાય ત્યાં નથી સાંભળવું, બેસી જાવ, તમારૂં અમે જાણીએ છીએ એમ કહી અપમાન થાય છે અને મોં છુપાવી પાછલે દરવાજે છપાંચ ગણી જવા પડે છે આ દશા, એ દયા પાત્ર માણસને અસહ્ય લાગે છે રાજકારણમાં લીબરલ ફેડરેશનના આગેવાનોની મુંબઇના યુવાનોએ આ દશા કરેલી; ચોપાટી પરના ઓપેરા હાઉસમાંની એણેજ યોજેલી બે સભાઓ મુંબઇના યુવાનોએ કબજે કરી લીધી અને એ સાહેબોને પાછલે બારણે હાંકી કાઢયા. આવા સંયોગોમાં જનતાથી અળખામણાં બનેલા એ સાહેબો માટે છેલ્લામાં છેલ્લો એકજ માર્ગ રહે છે અને તે એ કે કોઇ છાપાવાળાના માણસની ખુશામત કરી ઘેર બોલાવી ઓરડામાં બેસી ઇન્ટરવ્યુ આપી દેવું. અને તેટલી શક્તિ ન હોય તો કોઇ ભાડુતી લેખક આગળ ઇન્ટરવ્યુના ઢબે લખાવી તે, છાપામાં પોતે ઇન્ટરવ્યુ આપે છે એ રીતે જાહેર કરાવવું. આજે મહાસભાના છત્ર નિચે આખું રાષ્ટ્ર જ્યારે સિંહ ગર્જના કરે છે ત્યારે બીજી બાજુ જેનું કોઇ સાંભળનાર નથી તેવાઓને માટે ઇન્ટ વ્યુનોજ માત્ર એક માર્ગ મોકળો હોવાની વાત જાણીતી છે. બાળકો, ધર્માંધ યુવાનો, અને જેની શક્તિ, અક્કલ અને લોહી ઠરી ગયું છે તેવા વૃધ્ધ ભાઇઓનું બનેલ યંગ મેન સોસાયટીના નામથી ઓળખાતા એક મંડળના પ્રમુખ સુરતવાળા શેઠશ્રી નેમચંદભાઇ નાથાલાલના નામપર ચઢેલું એક ઇન્ટરવ્યુ સુરતથી નિકળતા તા૦ ૪-૭-૩૦ ના સમી સાંજમાં જોવાય છે અને શેઠશ્રીને આ મારો ઉપોદ્‌ઘાત આબાદ રીતે લાગુ પડે છે. સુરતમાં મળેલ યંગમેન સોસાયટી સમ્મેલનના પ્રમુખસ્થાનેથી શેઠશ્રી નેમચંદ નાથાભાઇના નામપર જે ભાષણ ગોઠવી દેવાની બાજીગરી રમાઇ હતી તે જોયા પછી એમના નામપર આવું કંઇ ચઢી આવે એમાં કોઇને આશ્ચર્ય, શંકા કે દુઃખનું કારણ નથી.

એમના પ્રમુખ તરીકેના એ ભાષણમાં જે ક્રોધ, ગુસ્સો, દ્વેષ, ગ્લીચતા તેમજ અસલીલ અને અશિષ્ટ ભાષાનો જે ઉપયોગ થયો છે તે જોયા પછી એમના નામથી આ અને આવા ઇન્ટરવ્યુ પ્રગટ થાય એ સમજાય તેવી વાત છે. પણ નવાઇ તો એ છે કે એ સોસાયટીના પ્રમુખસ્થાનેથી એમણે જે વાતો કરી છે યુવાનો અને સુધારકો તરફ જે તિરસ્કાર બતાવ્યો છે અને પાખંડી વેષધારીઓ તરફ જે ગુલામી પ્રગટ કરી છે તેનેતે હકીકત આ ઇન્ટરવ્યુમાં આટલા ટુંક સમયમાં ફરી એકવાર પ્રગટ થતી જોઇ નવાઇ થાય છે એનું કારણ કદાચ એ હોઇ શકે કે પ્રમુખસ્થાનના ભાષણથી એમણે ધારેલ અસર થવાને બદલે પરિણામ ઉલટું જ આવેલું જોઇ શેઠ સાહેબના નામે ફરી એકવાર તેજ ઉચ્છીષ્ટ અને અશિષ્ટ વાત કરવામાં આવી છે એમના નામપર પ્રમુખ તરીકે ચઢેલ એ ભાષણની જડતી તો શ્રી. જયંતીલાલ ગાંધી અને રતિલાલ મોદીએ આ પત્રિકામાં લીધી હતી પણ એની સામે ગાળાગાળી શીવાય એનો રદીયો આજ લગી અંધારામાં છે છતાં શેઠશ્રીના નામથી એ વાત બહાર લાવવાની ચેષ્ટા ફરી એકવાર થઇ છે તો એની જરા તપાસ લઇએ ભાષણની માફક ઇન્ટરવ્યુમાં પણ જે અશિષ્ટ અસભ્ય અને એમના નામ સાથે ન શોભે તેવી ભાષા પ્રગટ થઇ છે તેને હું જતી કરૂં છું, માત્ર એની હકીકતોનીજ વિચારણા હાથ ધરૂં છું. શેઠશ્રીના નામે ચઢેલા ઇન્ટરવ્યુમાં પહેલી વાત એ છે કે અમારા પક્ષનો અને અમારા વર્ગના મુનિઓનો ખાદી તરફ અભાવ હોવાની વાત એક હડહડતું જુઠ્ઠાણું છે. અમે તો હાથે કંતાએલ અને વણાએલ ખાદીમાંજ માનીએ છીએ વીગેરે. બાર વર્ષથી ખાદીની પ્રવૃત્તિ દેશમાં ચાલે છે, છતાં આ વર્ગને પોષનાર, પંપાળનાર અને કબજા તોફાનમાં હથીયાર તરીકે વાપરનાર એ વર્ગના કેટલા મદારી મુનિઓએ આજ લગી શુધ્ધ ખાદી વાપરી છે? કોણ વાપરે છે? તે કહેવાની શેઠશ્રીએ તકલીફ લીધી નથી એટલે શેઠ નેમચંદભાઇનો આ બચાવ પક્ષકારના વકીલ જેવો લાગે છે. શ્રી. સાગરજી મહારાજ અને શ્રી રામવિજયજી ખાદીનો વિરોધ નથી કરતા એમ નેમચંદભાઇના નામે ચઢે છે. પણ સુરતમાંજ તે સામે શ્રી સાગરજીએ કરેલ વિરોધ વર્તમાનપત્રોમાં ચઢયો છે તેનો ઇનકાર થયો નથી અને ગઇ તા૦ ૯-૭-૩૦ બુધવાર ચોમાસી ચૌદસના દિવસે શ્રી રામવિજયજીએ તે સામે મજબુત વિરોધ કર્યાની હકીકત તેજ રોજના મુંબઇથી નીકળતા "હિન્દુસ્તાન" પત્રમાં પ્રકટ થઇ છે છતાં નેમચંદ શેઠના ઉંધે ચશ્મે સાચું ન જોવાય તો દોષ કોનો? દેશદ્રોહી અને ગાંધીજીના વિરોધી હોવાની શેઠશ્રી ના પાડે છે પણ જેના આગેવાનો અને શ્રી રામવિજયજી સુધ્ધાં તકલી અને ખાદી જેવા પુનિત માર્ગોના વિરોધ કરે તેને દેશદ્રોહી કહેવામાં હરકત શી છે; અને પુણ્યશ્લોક મહાત્મા ગાંધીજીને તો શ્રી સાગરજી મહારાજ અને શ્રી રામવિજય વિગેરે તરફથી જે ગાળો અપાઇ છે તે નેમચંદભાઇની ઇચ્છા હશે તો હું પ્રકટ કરીશ.

શેઠશ્રી પોતાની ઑલ્હમેન જૈન સોસાયટીને રાજકારણ સાથે છુટા છેડા હોવાની વાત કરે છે પણ આણંદ લગી દોડી જઇ અપાએલ જામ સાહેબને માનપત્રો અને મુંબઇમાં ધ્રાંગધ્રા નરેશના કરેલ સત્કારો જોયા પછી એના છુટા છેડા કેવા છે તે સમાજ સમજી ગયો છે પોતાનું જરા ફાવતું કરી લેવા ખાતર માનવતાના શોષક નરેશોને આ વર્ગનું ધર્મ કારણ પંપાળે છે અને રાજકારણથી છુટી જવા તરફડીયા મારે છે સાચી વાત તો એ છે આ છુટા છેડાની વાત ન કરે તો કંઇ કરવું પડે અને ધાંધલ સીવાય કંઇજ ન કરવું એ એનો નિર્ણય છે.

પોતાના પક્ષના છસોહ પ્રતિનીધીઓની સંખ્યામાં શેઠશ્રી ફુલાતા જણાય છે. સુરત સમ્મેલનમાં હજારો માણસો મળ્યાની વાત થઇ હતી છતાં પ્રતિનીધી છસોહજ છે અને એમાં દિક્ષા ફંડો ઉપર જીવનારાઓ, અડદીયા, મોતીસુર અને શીરા માટે શ્રાવક થએલાઓની સંખ્યા બાદબાકીમાં જાય તો બાકી કેટલા રહે તે વાત અંધારામાં છે શ્રી રામવિજયજીને આધુનિક પશ્ચાત્ય કેળવણી ઝેર જેવી લાગે છે તેથી એ સામે વિરોધ છે એ આ ઇન્ટરવ્યુનો શરમીંદો સુર છે પણ એને બદલે અમૃત સમાન રાષ્ટ્ર હિતકારી કેળવણીની કઇ અને કયારે યોજના થઇ છે તે વાત ધરાદાપૂર્વક છુપાવાય છે માત્ર અધિકાર કે લાયકાતના વિચાર વગર વેષધારીઓના વાડાઓ ભરી દેવા માટે ઉઠાવગીરી કરવી એજ જો રાષ્ટ્રિય કેળવણી હોય તો સમાજના એને નવ ગજના નમસ્કાર છે.

મુનિઓ માટે નિકળતા વરઘોડા સાગ અને ત્યાગીઓની પુજા ખાતર નિકળે છે એવો આ ઇન્ટરવ્યુનો તનુકીનો ધ્વનિ અવાજ છે પણ ભરૂચમાં આવનાર મુનિઓને સુરત કે ખંભાતીઓ સામૈયું કરે, ધરોલ, મોરબી, રાજકોટ કે વઢવાણમાં પધારનાર સોસાયટીના "અધિ દેવો"ને જામનગરી સ્વાગત થાય એમાં સ્થાનિક સંઘ કહેવાતા ત્યાગ અને ઠગારા ત્યાગીઓ તરફ કેટલો સદ્‌ભાવ ધરાવે છે તેની પ્રતિતિ મળી આવે છે.

સુધારકો, વિચારકો અને બુદ્ધિ પ્રધાન વર્ગ દેવદ્રવ્યને પચાવી પાડવા ધમપછાડા કરે છે એ પણ ઇન્ટરવ્યુનો એક એક અળખામણો સુર છે. જીનેવા કોન્ફરન્સ વખતે અગાસીના પ્રભુજીના મુકટની છેલ્લી બોલી સીવાય પ્રથમના ચઢાવાનું દ્રવ્ય કોન્ફરન્સને તોડી નાંખવામાં વાપરી નાંખવાના ઉપદેશની તાજજ વાત શેઠશ્રીની નબળી સ્મરણ શક્તિમાંથી સરી ગઇ જણાય છે અને આ સોસાયટીના ધુરંધરોની દેખરેખ નિચે ચાલતા મંદીરો એની માલીકીનું દ્રવ્ય આજે જે વ્યવસ્થા ધરાવે છે તે સંબંધી વઢવાણ વીગેરેથી બહાર પડેલ પોકાર જોયા પછી આ વર્ગ દેવદ્રવ્યનો કેવો સંરક્ષક છે તે વાત હવે પડદા પાછળ રહી નથી એટલે સમાજને છેતરવાનો સમય જતો રહ્યો છે શેઠશ્રીએ ઇન્ટરવ્યુમાં એક વાત પ્રકટ કરી છે કે અમારો વર્ગ ધર્મ માટે પ્રાણ પટકવા તૈયાર છે. આ સાંભળી પેટ પકડી હસવું આવ્યા વગર રહેતું નથી જીનેવામાં કરસુગ અને જીલાયુગના યુગશ્રષ્ઠાઓએ જે કર્યું હોય અને પગ સુધ્ધાં બતાવ્યાં અને પછી મહિનાઓ લગી અસત્ય પ્રચારમાં જીભ અને કલમને ચલાવી અને જાન બચાવવા જીનેવરથી મુંબઇ આવ્યા એવાં જીહાણાં ચલાવ્યાં. આ બહાદુરી પ્રાણ તો નહિંજ પટકે, બાકી ગુસ્સામાં માથાં પટકે તો "રામ જાણે." હકીકતમાં શેઠશ્રી નેમચંદભાઇ નાથાલાલને નામે ચઢેલ આ ઇન્ટરવ્યુમાં ધરાદાપૂર્વકનું અસત્ય છે, પ્રલાપ છે. માણસે પોતે જે માનવું તે કહેતાં ડરવું ન જોઇએ. યુવાનમતનો, સુધારાનો, સુધારકોનો, વિવેકી વિચારનો, સત શાસ્ત્રોનો, રાષ્ટ્રનો અને છેવટે ધર્મનો આ વર્ગ વિરોધી છે અને તે કબુલવામાંજ એમની શોભા છે. જીર્ણોદ્ધાર બચાવનામામાં ધર્મ, શાસન, સત્ શાસ્ત્રો, પૂર્વાચાર્યો, રાષ્ટ્રિય પવિત્ર પ્રવૃત્તિ કે મહાત્માજીને હથિયાર તરીકે વાપરવામાં કે તે તરફ સદ્‌ભાવ છે તેવો ઢોંગ કરવામાં કશોયે સાર નથી ધૂર્ત્તતા, પ્રપંચ અને ઢોંગને ન સમજવાના દિવસો કયારનાએ વહી ગયા છે. જો સાચેજ હૃદયપલટો કરવો હોય તો પ્રપંચ અને પાખંડ તજી અહિંસા, સત્ય, ન્યાય અને ધર્મના પવિત્ર પંથે પડવું. આમ થશે તો પ્રપંચોની, ગ્રીયહસ્તપત્રોની, પામરપત્રો ચલાવવાની અને ઇન્ટરવ્યુ આપવાની કે એવા કષાયની જરાએ જરૂર નહિં પડે. મહાવીર દેવ સહુને સદ્‌બુદ્ધિ આપો.

પ્રખરવકતા મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજી.

દેશને ગુલામીની સાંકળમાંથી છોડાવવા માટે જે ધર્મયુદ્ધ થઇ રહ્યું છે એમાં તમારી જાતનો ભોગ આપવાને તૈયાર થયા છે, એ બદલ અંતઃકરણથી તમને ધર્મ લાભ આશીર્વાદ છે.

જે માણસના પેટમાં અન્ન ભારતનું છે. શરીરમાં વહેતું લોહી ભારતનું છે હાથ, પગની શક્તિઓ ભારતની છે એ માણસ આ ધર્મયુદ્ધમાં ચુપચાપ બેસી રહે એના જેવો દેશદ્રોહી કે કર્તવ્યદ્રોહી બીજો કોઇ ન ગણાય

આજે દેશના માટે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થએલી છે કે પ્રત્યેક વ્યક્તિએ પોતાનો ફાળો આપવોજ રહ્યો. હું એ જાણીને એટલે દુર બેઠો પણ હર્ષિત થાઉં છું કે ખરેખર ગુજરાતે ભારતવર્ષમાં સૌથી અગ્ર સ્થાન આ યુદ્ધમાં પ્રાપ્ત કર્યું છે. તેમાં પણ એ જાણીને વધુ આનંદ થાય છે કે આપણા જૈન ભાઇઓ કે જેઓ હંમેશા રાષ્ટ્રીય પ્રવૃત્તિથી તેમજ રાજ પ્રકરણીય પ્રવૃત્તિથી દુર રહ્યા છે માત્ર પોતાનો સ્વાર્થ સાધવામાંજ મશગુલતા બતાવી છે તેઓ પણ આ પ્રસંગે આગળ આવ્યા છે. આ પ્રવૃત્તિમાં જૈન સ્વયંસેવક મંડળે જે કાર્ય કર્યું છે તે જાણી બહુ આનંદ થાય છે. પ્યારા દેશના માટે જે ભોગ આપો છો તે બદલ અનેક ધન્યવાદ છે હું દરેક ભાઇઓને સ્વાર્થને કોરે મુકી યાહોમ કરીને આ અહિંસાત્મક પવિત્ર લડતમાં ઉતરી પડવાનો ભાર મૂકીને અનુરોધ કરું છું.

શીવપુરી (ગ્વાલીઅર) વિદ્યાવિજય.

ઇતિહાસ તત્વ મહોદધિ જૈનાચાર્ય શ્રી વિજયેન્દ્ર સૂરીશ્વરજી,

સી. એમ. ઓ. આઇ. પી.

આજના દેશના કાર્યમાં જે સહાનુભૂતિ નહીં બતાવે તેણે સમજી લેવાનું છે કે તે દેશને કલંકરૂપ છે અને તેમનો જન્મ વ્યર્થ છે. મને જણાવતાં સંતોષ થાય છે કે મુંબઇના વેપારીઓએ ચાલુ લડતમાં રંગ રાખ્યો છે. સ્વયંસેવક મંડળ જે આત્મભોગ આપી રહ્યું છે તે ઘણી આનંદની વાત છે. બધા લોકો એક થઇ ઐકય સાચવશે તો દેશની મુકિત જલ્દી થશે. કુદરતની દ્રષ્ટિ આપણા ઉપર છે. સેવા કરો. ફલ જરૂર મળશેજ.

બેંગલોર. ઇન્દ્રવિજય.

ॐ અર્હં નમઃ

વંદે શ્રી વીરમાનંદ.

પુના શહેર વેતાળ પેઠ નાં૦ ૧૫૫ દશાશ્રીમાળી જૈન ધર્મશાળાથી પ્રાતઃસ્મરણીય જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ ૧૦૦૮ શ્રીમદ્‌વિજયાનંદસુરીશ્વરજી પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજના પટ્ટધર વર્તમાન આચાર્ય મહારાજ ૧૦૮ શ્રી શ્રીમદ્‌વિજયવલ્લભસુરી મહારાજજીની આજ્ઞાનુસાર સકળસંઘ પંજાબ યોગ્ય ધર્મલાભ સાથે સુચના દેવામાં આવે છે કેઃ—

આજકાલ પ્રાયઃ કુલ હિન્દુસ્તાનમાં સ્વદેશીની લહેર ચાલી રહી છે તે આપનાથી અજાણી નથી. વર્તમાનપત્રો વિગેરેથી માલુમ થાય છે કે પંજાબ દેશમાં પણ આ લહેર જોરપૂર્વક ચાલી રહી છે તો આશા છે કે આપ શ્રીસંઘે અમારા પંજાબમાં આવવાના વખતમાં સં. ૧૯૭૮ માં જેવો ધર્મપ્રેમ જાહેર કર્યો હતો, તેમજ શુધ્ધ પવિત્ર વસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો; જેમાં ખાસ કરીને દેવદર્શન, પુજા, સામાયિક પ્રતિક્રમણ, ધર્મકથન-વ્યાખ્યાન આદિ ધાર્મિક પ્રસંગોમાં તો શુધ્ધ પવિત્ર વસ્ત્ર વગર બીજા વસ્ત્રોનો બીલકુલ ઉપયોગ નહિં કરવાનો સ્વીકાર કર્યો હતો. આ પ્રકારે બરાબર પ્રનાલિ ચાલતી હશેજ.

અથવા કોઇપણ કારણવશાત્ કોઇપ્રકારની શીથીલતા થઇ ગઇ હોય તો આ સમયે તો સાવધાન થઇ જવાની આવશ્યકતા છે. આપ પોતે વસ્તુસ્થિતિને સમજો છો તેટલા માટે અધીક ખુલાસાની જરૂર નથી. જે વસ્તુથી આપણા ધર્મની, દેશની અથવા સમાજની પાયમાલી હોય તે વસ્તુ ઉપર મોહ કરવો તે સંપૂર્ણ રીતે આપણી ભૂલ છે.

આપ શ્રીસંઘને ખુશ થવાનો અવસર છે આપ શ્રીસંઘ પંજાબ નિવાસી અમારા પંજાબના વિહાર વખતે આપણા ધર્મની રક્ષાની ખાતર આપે સ્વર્ગવાસી ગુરૂદેવના નામનું સ્મરણ કરીને અપવિત્ર અશુદ્ધ વસ્ત્ર તેમજ કેસર આદીનો બહિષ્કાર કર્યો હતો, તે વખતે આપ શ્રીસંઘ પંજાબની તેમજ અમારી કેટલાક સાધુ સાધ્વી યા શ્રાવક શ્રાવીકા હાંસી કરતા હતા પરંતુ કુદરત આપ શ્રીસંઘ પંજાબને અનુકુળ થવાથી તે તે પ્રતિકુળ વ્યક્તિઓને આપને અનુકુળ હોવાનો સમય આવી ગયો, કેટલાએ જૈન સાધુ સાધ્વીઓએ વિલાયતી અપવિત્ર અશુદ્ધ વસ્ત્રનો ત્યાગ કરીને સ્વદેશી વસ્ત્રો ધારણ કરવાની શરૂઆત કરી દીધી છે. આશા છે કે ધીમે ધીમે બાકીનાઓ પણ કરવા માંડશે. કેમકે શ્રાવક શ્રાવિકાઓમાં આ લહેર ઘણાંજ જોરથી ચારે તરફ ચાલી રહી છે, તેમજ શહેર અમદાવાદ જ્યાં આપણા જૈન ભાઇઓની વસ્તી લગભગ ૩૦ હજારની છે ત્યાં શ્રી જૈન સ્વદેશી પ્રચારક મંડળની સ્થાપના થઇ છે. તા૦ ૧૧ જુન ૧૯૩૦ ના મુંબઇ સમાચારમાં એક લેખ પ્રકટ થઇ ચુકેલ છે જે તા૦ ૫-૬-૩૦ અમદાવાદથી લખેલ છે તેમાં જાહેર કરેલું છે કે:—

"તા૦ ૨૯-૫-૩૦ અમદાવાદના સમસ્ત જૈનોની એક જાહેર સભા શ્રી જૈન સ્વદેશી પ્રચારક મંડળની તરફથી વીશા શ્રીમાળીની વાડી (બીલ્ડીંગમાં) જૈનોમાં સ્વદેશી વસ્ત્રોના પ્રચારના નિમીત્તે બોલાવાઇ હતી જેમાં આમંત્રણ પત્રિકાને માન દઇને મોટા મોટા સાહુકારો પ્રતિષ્ઠિત આગેવાનો મશહુર વેપારીઓ વિગેરે પાંચ હજાર જૈન ભાઇઓએ હાજરી આપી હતી. સભાના પ્રમુખ અખીલ હિંદુસ્તાનના જૈનોની શેઠ આણંદજી કલ્યાણજીની સંસ્થાના પ્રમુખ જૈન સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇના સુપુત્રરત્ન શેઠ કસ્તુરભાઇ લાલભાઇ હતા.

તેમણે પોતાના ભાષણમાં કહ્યું કે હવે ભાષણ કરવાનો સમય ચાલ્યો ગયો છે. હવે તો કામ કરીને દેખાડનારની કિમ્મત છે પરદેશી રાજ્યતંત્રતા કારણથી હજી સુધી પણ વિદેશી કાપડ તથા વસ્તુઓની આપણી મોહજાળ છુટતી નથી આજના જમાનામાં પણ આપણે સભા બોલાવવી પડે એ એક શરમની વાત છે. પશ્ચિમમાં કોઇ એવો દેશ નથી કે જેને સ્વદેશી વસ્તુ વાપરવાનો બોધ કરાવવો પડે આપણા એશીયા ખંડનો એક દેશનો દાખલો લઇએ તો પણ એ દેશથી આપણને ઘણું શીક્ષણ મળે તેમ છે. જાપાન કે જે આજથી પચાસ વર્ષ પહેલાં એક સામાન્ય દેશ હતો તે આજે સામ્રાજ્યની પંક્તિનો એક મોટો દેશ થઇ ગયો છે જેનું ખાસ કારણ એ છે કે ત્યાંના રહેવાસીઓમાં સ્વદેશાભીમાન તથા સ્વદેશપ્રેમની એટલી મજબુત જડ જામી ગઇ છે કે એક નાનામાં નાની ચીજથી માંડીને હજારો ટનની આગબોટ પોતાના દેશમાં તૈયાર કરીને તેનો ઉપયોગ કરે છે ત્યાંના વેપારી પોતાનો માલ પોતાની આગબોટ મારફત મંગાવે છે તેમજ મોકલે છે પોતાના વિમા જાપાનીસ કંપનીઓનેજ આપે છે તેમજ જ્યાં સુધી જાપાનીસ ચીજ મળી શકે ત્યાં સુધી ત્યાંની પ્રજામાં કોઇ પણ એવો માણસ નથી કે વિદેશી વસ્તુ ખરીદ કરે આ સર્વ વાતો તેમને કોઇએ શીખવી નહોતી અથવા સભામાં બોલાવીને ભાષણો સંભળાવીને પ્રચાર કાર્ય કરવાની જરૂરીઆત થઇ નહોતી માત્ર સ્વદેશાભીમાન અથવા સ્વદેશપ્રેમ એ બન્ને વસ્તુએ આ સર્વ બનાવી આપ્યું છે. × × × વળી આપ કહો છો કે આપણા અહોભાગ્ય છે કે આજે આખા ભારતવર્ષમાં પુજ્ય મહાત્મા ગાંધીજીએ સ્વદેશપ્રેમ અથવા ભાવનાનું એવું તો વાતાવરણ ફેલાવ્યું છે કે સ્વદેશીનો પ્રચાર સ્વાભાવિક રીતે થઇ ગયો છે. આવા વાતાવરણમાં આપ આપની ફરજ ભુલશો નહિં અથવા એક સાચા હિંદી તરીકે બીજું કંઇ ન બને તો સ્વદેશી વસ્ત્રનો તથા જેટલી સ્વદેશી વસ્તુઓ મળે તેટલી વાપરવાનો નિશ્ચય કરશો. જૈન સમાજે ભૂતકાળમાં અનેક કાર્યો કરીને પોતાનું નામ સુવિખ્યાત કરેલું છે તો જે વખતે આખો દેશ પરદેશી તંત્રથી છુટકારો મેળવવાને માટે જબરજસ્ત જંગ મચાવી રહ્યો છે એવે વખતે જૈન કોમે ઉજ્જવળ ભાગ નથી લીધો એવું કહેવડાવવાનું ઉચિત નથી. જૈન કોમ એક વેપારી કોમ હોવાથી આ કામમાં મોટો ભાગ લઇ શકે તેમ છે, અથવા મને વિશ્વાસ છે કે ૭ બાર મહિનામાં જૈનનો એક બાળક પણ એવો ન હોય કે જેણે વિદેશી કાપડનો હંમેશને માટે બહિષ્કાર ન કર્યો હોય. પુજ્ય મુનિ મહારાજાઓને સ્વદેશી વસ્ત્રો આપવા એ આપને ઉચિત છે તેમજ આપણા જૈન મંદીરોમાં પણ સ્વદેશી વસ્ત્ર વાપરવા ઉચિત છે. × × × × હિન્દુસ્તાનમાં દર વર્ષ સીત્તેર કરોડનું વિદેશી કાપડ આવે છે તો દરેક હિન્દુસ્તાનનાં ભાઇ સ્વદેશી વસ્ત્ર ધારણ કરવાની પ્રતિજ્ઞા સ્વીકારી લે તો આ ૭૦ કરોડ રૂપીયા દેશમાં રહે તેમજ હજારો ભૂખે મરતાં ભાઇ બહેનોની રોજી ચાલુ રહે.

* * *

અમોને આશા છે કે શેઠ કસ્તુરભાઇ લાલભાઇ (M L C) ના ઉદાર વિચારોની સાથે આપ શ્રીસંઘ પંજાબ સહમત થઇને પોતાની ફરજનું અવશ્ય પાલન કરશો.

દઃ મુનિ ચરણવિજયના ધર્મલાભ પુજ્યવાદ આચાર્યશ્રીની આજ્ઞાનુસાર આ સુચના આપવામાં આવી છે.

વલ્લભવિજયજીના ધર્મલાભ ઉપરની સુચના બરાબર ધ્યાનમાં લેવા યોગ્ય છે.

સંવત્ ૧૯૮૬ ના અશાડ વદી ૫, તા૦ ૧૬-૬-૩૦.

રૂપચંદ કેશવલાલનો ખુલાસો.

—:○:0:○:—

તે ઉપર દિ. જૈન યુવક સંઘના સેક્રેટરીએ પાડેલો પ્રકાશ.

ભાઇ રૂપચંદ કીશનલાલ પોતે વિ. જૈન નૃસિંહપુરા જ્ઞાતિના છે અને પરતાપગઢના વતની છે. તેમના વડીલ બહેન શ્રીમતી ગેંદીબાઇ તરફથી હમારા મંડળપર એક પત્ર તા૦ ૨૬-૫-૩૦ અને બીજો તા૦ ૨૯-૫-૩૦ એ એમ બે પત્રો આવ્યા જેમાં લખ્યું હતું જે :-મારો ભાઇ રૂપચંદ મુંબઇમાં શ્વે. સાધુ પાસે દિક્ષા લેવાનો છે. ઈ.વા મને ચોક્કસ ખબર મળ્યા છે મને ફક્ત તેનોજ આધાર છે તેને તમો દિક્ષા લેતાં હાલતરત રોકો અને પરતાપગઢ આવે તેમ કરો.

આ પત્રો ઉપરથી હમોએ, આ બાબત શ્વેતાંબર સમાજને લગતી હોઇ જૈન શ્વે. કોન્ફરન્સ, જૈન યુવક સંઘ, અને શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી, શેઠ જીવતલાલ પ્રતાપસીંહ અંધેરીના શ્વે. જૈન સંઘ (જ્યાં ભાઇ રૂપચંદને તા૦ ૧૭-૫-૩૦ એ દિક્ષા આપનાર સંતજીને પત્રો લખ્યા જે આપ ભાઇ રૂપચંદને તેના વાલી અને દિ. જૈન સંઘની રીતસર સંમતી લીધા સિવાય કોઇ પણ શ્વે. જૈન સાધુ ભારતના કોઇ પણ ભાગમાં દિક્ષા ન આપે તેમ તુરત વ્યવસ્થા કરો અને એ રીતે દિ. જૈન સમાજને નાહક ઉશ્કેરણીથી બચાવો: હવે ભાઇ રૂપચંદ અંધેરીથી તા૦ ૩૦-૫-૩૦ એ કઇ રીતે આવ્યો તે જણાવીશ..

તા૦ ૩૦ મી મેની સાંજ સુધીમાં જૈન શ્વે. કોન્ફરન્સ સિવાય કોઇ તરફથી હમોને હમારા પત્રોનો જવાબ ન મળ્યો અને રાત્રે ૮ વાગે હમોને ખબર મળી કે કાલે (તા૦ ૩૦-૫-૩૦) સવારે બીજા દિક્ષા લેનાર ભાઇ સાથે ભાઇ રૂપચંદને પણ દિક્ષા આપવાની છે, આ સાંભળી મેં તુરતજ આ દિક્ષા અટકાવવા માટે મુંબઇના શ્વે. જૈન સંઘ જોગ એક અપીલ પ્રસિદ્ધ કરવા 'હિન્દુસ્તાન' પત્રપર મોકલી, (જે તા૦ ૩૧-૫-૩૦ ના સવારના 'હિન્દુસ્તાન અને પ્રજા-મિત્ર'માં પ્રસિદ્ધ થઇ છે) અને ભાઇ ઝવેરીલાલ ચુનીલાલજીને રૂપચંદને મળી ચોક્કસ ખબર મેળવવા અંધેરી મોકલ્યો ભાઇ ઝવેરીલાલ શેઠ નગીનદાસને બંગલે જઇ રૂપચંદને મળ્યો અને તેને દિક્ષા આપવાની છે તે સંબંધી ખુલાસો પુછ્યો તેણે બંગલામાં જઇ વાત કરવાની ના પાડી અને ઝવેરીલાલ સાથે બહાર ગયો અને વાતચીત કરતા કરતા સ્ટેશન નજદીક તેઓ આવી પહોંચ્યા જ્યાં ભાઇ જગમોહનદાસે પણ રૂપચંદને તેની દિક્ષા સંબંધી પૂછતાં તેણે જણાવ્યું જે મારી ઇચ્છા હતી પણ મારી તે માટે યોગ્યતા નહોતી એમ કહી ગઇ કાલે એ વાત મોકુફ રાખવામાં આવી હતી. પરંતુ આજે રાત્રે નગીનદાસ શેઠને બંગલે દિ. જૈન યુવક મંડળના શેઠપર આવેલા પત્રપર વિચાર કરવા અત્રેના મુખ્ય માણસો ભેગા થયા હતા અને ચર્ચા દરમ્યાન એવા ઠરાવપર આવ્યા છે જે યુવક સંઘવાળા અને આ દિ. મંડળ બધા એકજ લાગે છે તેમના ના કહેવાપર દિ. જૈન સમાજના આ ભાઇને તો કાલે જરૂર દિક્ષા આપી દેવીજ જોઇએ.

"હું ઇશ્વરના સોગંદ ખાઇ કહું છું જે મારી દિક્ષા લેવાની હવે બીલકુલ ઇચ્છા નથી અને મને શેઠ મારી ઇચ્છા વિરૂદ્ધ દિક્ષા અપાવશે એમ લાગે છે માટે તમો મને અત્યારે જો મગન મામા પાસે મુંબઇ લઇ જાઓ તો સારૂ તેમની સલાહ લઇ ઠીક લાગશે તો પાછો અંધેરી આવીશ નહિં તો કંઇ નહિ." બાદ એ ત્રણે જણા સ્ટેશનપર ગયા જ્યાં રૂપચંદે જણાવ્યું જે જતો આવતો શેઠનો કોઇ માણસ મને જોશે તો ઠીક નહિ થાય માટે મોટરમાં જઇએ તો ઠીક તે પરથી જવા આવવાની મોટર ભાડે કરી તે વખતે ૧૦ વાગ્યા હતા બરાબર ૧૦॥ વાગે મુંબઇ આવ્યા ઝવેરીલાલે મને ઉપરોક્ત હકિકતથી વાકેફ કર્યો અને હું પણ તેઓ સાથે મગન મામાને ત્યાં જવા નીકળ્યો ખારાકુવા પાસે મોટર ઉભી રખાવી તેના મામા જ્યાં રહે છે તે ઠેકાણે ગયા તે તે વખતે તેઓ ત્યાં નહોતા, ત્યારે મેં રૂપચંદને કહ્યું જે રણછોડભાઇ તને મળવા ઇચ્છે છે માટે તારી ઇચ્છા હોય તો ચાલ ત્યાં જઇને પછી અહીં આવીએ તેણે હા પાડવાથી હમો પ્રીન્સેસ સ્ટ્રીટ રણ-છોડભાઇને ત્યાં ગયા મેં તેને તેની બ્હેનના પત્રની વાત કહી અને રણછોડભાઇએ પણ તેને કહ્યું જે તારી મોટી બ્હેન ગેંદીબાઇનો મારાપર રજીસ્ટર પત્ર આવ્યો છે અને તેમાં લખ્યું છે જે ભાઇ રૂપચંદને દિક્ષા લેતા રોકજો અને પરતા-પગઢ મોકલજો માટે મારી તને સલાહ છે કે તારી દિક્ષા લેવાની ઇચ્છા નથી ત્યારે તું હવે અંધેરી ન જા અને તારી બ્હેન પરતાપગઢ બોલાવે છે માટે પરતાપગઢ જા. બાદ તે કામધંધો શું કરે છે એમ પૂછતાં તેણે કહ્યું જે પહેલાં કાપ-ડની ફેરી કરતો હતો અને હાલ લગભગ એક માસથી નગી-નદાસ શેઠને ત્યાં નોકર છું પગાર નક્કી કર્યો નથી ત્યાંજ જમું છું અને મોટે ભાગે રામવિજય મહારાજ પાસે મારે રહેવાનું થાય છે આટલી વાતચીત થયા બાદ હમો ત્યાંથી નીચે ઉતર્યા અને મોટરમાં બેસી ખારાકુવા પાસે અટકયા પછી રૂપચંદને મગન મામાને ત્યાં જવું હોય તો ત્યાં, અંધેરી જવું હોય તો અંધેરી જ્યાં ઠીક લાગે ત્યાં જવા કહ્યું તેણે કહ્યું જે હું મગન મામાને ત્યાં જઇશ અને સાંજ સુધ જઇશ એમ કહી સવારે અંધેરી જવું પડે તો જવા માટે ગાડી ભાડાના પૈસા ભાઇ ઝવેરીલાલ પાસેથી લઇ તે તેના મામાને ત્યાં ગયો હમો હમારે ઘેર ગયા આ વખતે ૧૧॥ વાગ્યા હતા.

આ ઉપરથી જોઇ શકાશે જે ભાઇ રૂપચંદની સહી કરાવી લઇ તા૦ ૧૦-૬-૩૦ ના 'મુંબઇ સમાચાર'માં જે જે હેવાલ જાહેર પાડયો છે તેમાં જણાવેલ હકીકત તેને જબરજસ્તી કરવાની, લાલચ આપવાની વગેરે વાતો તદ્દન સદ્દરહુગત ભરેલી છે.

જે શ્વે. સાધુ પોતાની બાલ્યકાળની કાર્યવાહીથી દિક્ષા માટે અયોગ્ય જેવા બાળકને દિક્ષા આપી દેવાના કાર્ય માટે અને તેમના સમાજમાં કલેશ ફેલાવનાર તરીકે થોડા જાણીતા થયેલા છે, જેમની ત્યાગ અને વૈરાગ્યની વાતો પ્રત્યે હમોને સંપૂર્ણ માન છે, છતાં તેમને હમો હમારા એક વીરતિ આવ-કથી વધુ ઉંચા પદ ધારી નથી લેખતા તેમની પાસે એક અજ્ઞાન દિ. જૈન ભાઇ કે જેને મુનિધર્મ તો શું પણ શ્રાવક ધર્મનું પુરૂ જ્ઞાન નથી તેને હાલ દિક્ષા ન લેવાનું કહેવા માટે તેમજ એ શ્વે. સાધુને તેના વાલી અને દિગંબર જૈન સંઘની સમ્મતી લીધા સિવાય દિક્ષા ન આપે એમ સુચવવા માટે મંડળના એક મંત્રી તરીકે હું તદ્દન બ્યજબી હતો એમ સૌ કોઇ કબુલ કરશે વળી ભાઇ રૂપચંદના ઉપરોક્ત નિવે-દનથી. શેઠ જીવતલાલ તેની દિક્ષાની વાતથી તદ્દન અજાણ હતા એવું તેમનું કહેવું પણ ભરમ ભરેલું લાગે છે.

છેવટે હું ભાઇ રૂપચંદને સલાહ આપું છું જે આ ખોટી ઇંદ્રજાળમાંથી બચી જઇ વાસ્તવીક આત્મોન્નતિ અર્થે પૂર્વાપર વિરોધ રહિત આગમ ગ્રંથોનું અવલોકન અને મનન કરે અને તે પ્રમાણે આચરણ કરે અને જ્યારે સાચો વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે બ્રહ્મચારી, ક્ષુલ્લક, ઐલક એ પદ અનુક્રમે ધારણ કરી જેને હાલ પોતે અસાધ્ય માને છે તેવી દિગંબરી દિક્ષા ધારણ કરી આત્મ કલ્યાણ કરે.

સમસ્ત જૈન પ્રજાનું ગંજાવર સરઘસ.

દેશની સ્વતંત્રતાની લડતમાં કોન્ફરન્સે ફીરકાઓના ઐકયતાની મારેલી મહોર.

આઝાદીની લડતનાં જૈનો કોન્ગ્રેસની સાથે છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફની સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિ તરફથી ત્રણે ફીરકાના સમસ્ત જૈન પ્રજાનું જાહેર સરઘસ રવીવાર તા૦ ૧૩-૭-૩૦ ના રોજ કોન્ફરન્સના મકાન પાસેથી જાહેર કર્યા મુજબ બરાબર ૨-૧૫ (સ્ટા. ટા.) નીકળ્યું હતું.

આઝાદીની લડતમાં જૈન પ્રજા કોંગ્રેસની સાથે છે અને તેમાં પોતાની કોમમાંથી બની શકે તેટલો વધુમાં ફાળો આપવાની ભાવનાથી ઉપરોકત સમિતિ સ્થપાઇ છે. અને દરેક જૈન ભાઇ ફિરકાના ભેદ ભૂલી ઉત્સાહથી જોડાયા હતા.

તેમાં મહાવીર વિદ્યાલય, બાબુ પનાલાલ સ્કુલ, કાનજી કરમશી માસ્તરની સ્કુલ, કચ્છી દશા તથા વિશા ઓશવાળ બેર્ડીંગો તથા જૈન પાઠશાળા દશા શ્રીમાળી સંયુકત જૈન તથા બીજાં વિદ્યાર્થીગૃહોના વિદ્યાર્થીઓ જોડાયા હતા. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ, કચ્છી દશા તથા વિશા ઓશવાળનાં સર્વ સ્વયંસેવક મંડળો પોતાના બેન્ડ સહીત હાજર થઇ ગયા હતા. જૈન યુવક સંઘ, માંગરોળ જૈન સભા, કોટનો સાથ, કચ્છી મંડળો, પાટણ તથા રાધનપુર મંડળના સભ્યો પણ હાજર હતા.

શ્રી જૈન મહીલા સમાજ તરફથી સ્ત્રી-વર્ગ પણ હાજર હતો. ત્રણે ફીરકાના સમસ્ત જૈન સમાજમાં ફકત શ્રી જૈન યંગમેન્સ સોસાયટીના વોલંટીયરો ગેરહાજર હતા. સાંભળવા પ્રમાણે રામવિજયની પાર્ટી તરફથી સરઘસમાં ન જોડાવા માટે ટેલીફોનદ્વારા પ્રયત્નો થયા હતા.

દેશની આઝાદીની લડતમાં ફાળો આપવાની સૂચના કરતાં ઘણાં ઘણાં સાઇનબોર્ડો નજરે પડતાં હતાં:— ખાદી એટલે અહિંસા. વિદેશી કાપડ સુતર વિગેરેમાંથી રૂા. એક અબજ. મોટર, સાયકલ રૂા. ૧૨ કરોડ. પરદેશી સાકર રૂા. ૧૯ કરોડ. પરદેશી દારૂ રૂા. ૫ કરોડ. સીગારેટ તથા તમાકુ રૂા ૩ કરોડ. પરદેશી મીઠું રૂા ૨॥ કરોડ. દીવાસળી રૂા ૧॥ કરોડ. સાબુ રૂા. દોઢ કરોડ. બંગડી રૂા ૧ કરોડને પરદેશ જતાં બચાવો. બ્રીટીશ શીપીંગ, બેન્કીંગ અને વીમા કું૦નો બહિષ્કાર-સ્વદેશીમાં સ્વરાજ છે. વિદેશીમાં વિનાશ છે-તેવી ભાવનાના ઘણાં બોર્ડો હતાં. તેમાં પણ જૈન ભાવના માટે નીચેનાં બોર્ડ વધારે ધ્યાન ખેંચે તેમ હતાં:—

ખાદીના ઉપદેશમાં રાજદ્વારી ચર્ચા નથી પરંતુ દેશહિતનું કાર્ય છે. દેશી યા વિદેશી મીલ કાપડ ખાસ ત્યાજય છે. કારણ કે તેમાં યંત્રકર્મનો મહા દોષ છે. શુધ્ધ ખાદીમાં યંત્રકર્મનો દોષ સર્વથી ઓછો છે. શુધ્ધ ખાદી વાપરવાનો ઉપદેશ લોકોને પાપમાંથી ઉગારે છે.ત્યાજય વસ્તુ ભાવપૂર્વક ભેટ આપવામાં આવે તો પણ ન લેવાય. અને સર્વથી આકર્ષક સરઘસની વચ્ચે મોટરમાં મહાત્મા ગાંધીજીની છબી હતી.

સ્વદેશી પ્રચાર અને બ્રીટીશ બહિષ્કાર સમિતિના સભ્યોના આશરા નીચે સરઘસ હોવાથી તેઓ આગળના ભાગમાં નજરે પડતા હતા. કોન્ફરન્સ ઓફીસના હોદ્દેદારો અને સભ્યો પણ તેમની સાથે હતા. પ્રમુખશ્રી સારાભાઇ નેમચંદ હાજી, મંત્રીઓ શ્રી. ચીનુભાઇ લાલભાઇ, શ્રી. મણીલાલ મહોકમચંદ, શ્રી, મકનજીભાઇ, શ્રી મોતીચંદભાઇ, શ્રી. રણછોડભાઇ રાયચંદ, શ્રી. છોટાલાલ પ્રેમજી, શ્રી. રતનચંદ ચુનીલાલ જરીવાલા, શેઠ વેલજી લખમશી, ડૉ. પુનશી હીરજી મહીશરી વિગેર ગૃહસ્થો મોખરે નજરે પડતા હતા.

ત્યારબાદ સ્ત્રીવર્ગ પણ બે હજાર ઉપરાંતની સંખ્યામાં હાજર હતી. અને પાછળ જૈન જનતા સાગરની જેમ ઉલટી પડી હતી. સરઘસ ઘણુંજ લાંબુ હતું અને જૈનો વ્યવસ્થા બરાબર જાણે છે તેનું ભાન કરાવતું હતું. સરઘસમાં જૈનોની સંખ્યા આશરે પચીસ હજારની હશે. અને ઝવેરી બજારમાં આવતાં પચાસ હજાર ઉપરાંતની સંખ્યા નજરે પડતી હતી.

સરઘસ ગુલાલવાડી, સી. પી. ટેંક રોડ, ભુલેશ્વર રોડ, કાલબાદેવી રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, ઝવેરી બજાર, મુમ્બાદેવી રોડ, મસ્જીદ બંદર રોડ થઇ શ્રી કચ્છી દશા ઓશવાળ મહાજનવાડી બરાબર ટાઇમે પહોંચી ગયું હતું.

મહાજનવાડીમાં આટલી મોટી મેદની એકત્ર થયેલ હોવાથી ટુંક વિવેચનો કરવાનું યોગ્ય ધારવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સમિતિના પ્રમુખ શ્રી સારાભાઇ નેમચંદ હાજીએ જે ભાષણો તથા જેહનો સરઘસમાં જોડાયાં હતાં. અને મંડળો તેમજ વિદ્યાર્થીગૃહો હાજર થયા હતાં-તેમનો સર્વનો આભાર માનતાં, આઝાદીની લડતમાં એકત્ર થયેલ જૈન જનતાને જોઇ હર્ષ પ્રદર્શીત કર્યો હતો.

શ્રી મોહનલાલ હેમચંદે સ્વતંત્રતાની લડતમાં વધારે અને વધારે ફાળો આપવા આગ્રહ કર્યો હતો.

જૈન ઇતિહાસનું પુનરાવર્તન.

મુનિ ત્રીલોકચંદજીએ મહાવીર પીતાના પુત્રપુત્રીઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે આજે માનવસમુહ જોઇને મને ખાત્રી થાય છે કે આપણે જૈન નામને લાયક છીએ. જુદા જુદા ફીરકાઓમાં વહેંચાઇ જવાથી ધર્મનો નાશ રહેલો છે. તે સમજી શકાય તેમ છે.

અત્યારે દેશભરમાં અઢી હજાર વર્ષ પછી જૈન ધર્મની નવી આવૃત્તિ નજરે પડે છે. બીન અપરાધી તો શું પરંતુ અપરાધીને પણ જતા કરવાનું તેનું પાલન અને તે માટે તન, મન, ધનનું અર્પણ આ સર્વ જોતાં જૈન ધર્મનું પુનરાવર્તન થતું હોય એમ મને લાગે છે. આવે વખતે જૈન સમાજ સેવા માટે ફકીરી લે જેટલો ભોગ આપે તેટલો ઓછો છે. તેમાં જેટલો ફાળો ઓછો તેટલું પરમાત્મા મહાવીરને ઠગવા જેવું છે.

એકત્રતાનો આ બનાવ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

ત્રણે ફિરકા, સ્થાનકવાસી, મૂર્ત્તિપૂજક કે દીગમ્બર પોતાના ફિરકા ભૂલી જાય અને સર્વ કહે કે હું જૈન છું. તે રીતે હાથોહાથ મીલાવી કાર્ય કરવામાં જીવનનું સાફલ્ય રહેલું છે. આજે એકત્ર થયેલ ત્રણે ફિરકાની જનતાનો બનાવ ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાશે.

(જુઓ પાનુ ૨ જું.)

અહિંસા અને મેંચેસ્ટરનું રંગીન કાપડ.

આજકાલ ખાદીપ્રચાર કેટલાક જૈન સાધુઓને ખૂબ ખુંચી રહ્યો છે અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે ગમે તેમ હોય પણ અહિંસા ધર્મ સાથે ખાદીને અતલગનો સંબંધ છે ત્યારે તેઓ આવી દલીલ કરનારાઓને હસી કાઢે છે અને આવા અહિંસા ધર્મના નામે ધાંધલ કરનારાઓને વખોડી કાઢે છે. તેમના મતે અહિંસા ધર્મનું પ્રતિપાલન કરનારે તો મેન્ચેસ્ટરનું રંગીન કાપડજ વાપરવું ઘટે છે. આવા વિચારો ધરાવનાર સાધુઓના શિરોમણિ એક સુપ્રસિદ્ધ જૈન આચાર્ય પોતાના શ્રદ્ધાળુ અનુયાયીઓને નીચે પ્રમાણે સમજાવે છે એમ મારા સાંભળવામાં આવ્યું છે.

વાઉકાયની રક્ષા.

"પ્રથમ તો હાથે કાંતેલ અને હાથે વણેલ ખાદી અને મીલનું કાપડ–એ બન્નેની ઉત્પત્તિનો વિચાર કરીએ તો રેંટીયા મારફત સુતર ઉત્પન્ન કરવામાં રેંટીયાનું ચક્ર ખૂબ ફેરવવું પડે છે તેમજ સાળમાં કાપડ ધીમે તૈયાર થતું હોવાથી યંત્રકર્મ વધારે વખત આચરવું પડે છે જ્યારે મીલમાં તો એન્જીનનું એક મોટું ચક્ર ચલે એની સાથે રૂમાંથી સુતર અને સુતરમાંથી કાપડ આંખના પલકારામાં ઉત્પન્ન થઇ શકે છે. માટે ખાદીમાં વાઉકાયની અપાર હિંસા સાથે સરખાવતાં મીલના કાપડની હિંસા ઉપેક્ષા કરવા યોગ્ય છે.

અપકાયની રક્ષા.

બીજું આજકાલ ધોળાં કપડાં પહેરવાનો લોકોને જે મોનીયા લાગ્યો છે તે પણ મુર્ખાઈ ભરેલો અને ધર્મ વિરૂદ્ધ છે, કારણ કે ધોળાં કપડાં જલ્દિથી મેલાં થાય છે અને વારંવાર ધોવરાવવા પડે છે અને તેથી અપકાય જીવોની પારાવાર હિંસા થાય છે. આને બદલે રંગીન કાપડ પહેરવામાં આવે તો ધોબીને લગતો આરંભસમારંભ બહુ ઘટી જાય છે. આમ જ્યારે દલીલ રજુ કરવામાં આવે ત્યારે જૈન સાધુ શ્વેતાંબરી કેમ છે એ સહેજે કોઈ શંકાશીલ પ્રશ્ન આગળ ધરે એ શંકાનું નિવારણ એ રીતે કરવામાં આવે છે કે સાધુઓને પોતાનાં કપડાં અચિત પાણીથી ધોવાનાં હોય છે તેથી તેમને ધોળાં કપડાં પહેરવામાં બાધ આવતો નથી.

ત્રસકાયનો વિચાર.

કેટલાક એવી દલીલ કરે છે કે મીલનાં કાપડમાં ચરબી બહુ વપરાય છે તેથી તે શ્રાવક માટે વર્જ્ય ગણાવું જોઇએ પણ આવી દલીલમાં કેટલીક ભ્રમણાઓજ રહેલી છે. મીલના કાપડમાં ચરબી વપરાય છે એ બરોબર છે પણ ચરબી ખાતર જનવરો મારવામાં આવતા નથી પણ માંસ ખાનાર ખાતર હણાતા જનવરોની નકામી ચરબીનો આ ઉપયોગ કરવામાં આવે છે તેથી એવી ચરબીવાળા કાપડમાં હિંસાનો દોષ રહેલો છે એમ કહેવું એ વ્યાજબી નથી બીજું વસ્તુની ઉત્પત્તિના બહુ ઉંડાણમાં આપણાથી ઉતરી નજ શકાય. નહિ તો તો રેશમી કાપડ પણ વાપરી ન શકાય અને ગંદા ખાતરમાંથી જે ધાન્ય નીપજે છે તે પણ આપણાથી ખાવું ન જાય.

મનુષ્યદયાનો વિચાર.

વળી જે જૈન સવાર સાંજ 'મિતિ મે સવ્વ ભુએસુ વૈરં મઝં ન કેણ ઇ' એવો પાઠ કરે છે તેનાથી સ્વદેશી, પરદેશીનો ભેદ ન કરાય. સાધુ તો સ્વપ્ને પણ વિચારી ન શકે. તદુપરાંત વિલાયતના જીવનનો આધાર હિન્દુસ્થાન ઉપર છે. હિન્દુસ્થાન વિલાયતનું કાપડ આયાત કરવું બંધ કરે તો લેંકેશાયરના મજુરો ભુખે મરે તેથી જ્યારે આજે ચો તરફથી વિદેશી વસ્ત્રના બહિષ્કારની ચળવળ ચાલી રહી છે ત્યારે સક્રિય અહિંસાવાદીની ફરજ છે કે તેણે મેન્ચેસ્ટરના કાપડને ટેકો આપી દયા ધર્મને શોભાવવો."

આ જાતની હાસ્યજનક દલીલોનો વિગતવાર ઉત્તર આપવાની જરૂર હોયજ નહિ. આપણા અમુક સામાન્ય સાધુઓની શું મનોદશા છે તેનો કાંઇક ખ્યાલ આપવાના હેતુથી ઉપરની વિગતો આપવી આવશ્યક ધારી છે. કેટલાકનું એમ માનવું છે કે સાધુઓને ખાદી પહેરવી કહેણ પડે એટલા માટે આવી દલીલો ઉપજાવી કાઢે છે. આ વિચારમાં અમુક અંશે સત્ય હશે પણ અમે તેને સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારી શકતા નથી. જે જૈન સાધુઓ બીજા અનેક કષ્ટો સહન કરે છે, પગે ચાલીને આખા દેશમાં વિહાર કરે છે, દિવસોના દિવસો સુધી ઉપવાસ કરે છે, ભિક્ષામાં જે મળ્યું તેથી સંતોષ પામીને ઉદરનિર્વાહ કરે છે તેમનામાં વસ્ત્રવિષયક આવી સુકોમળતાનો આરોપ કરવો એ તેમના ચારિત્રનું અપમાન કરવા બરોબર છે. સાધુઓ ધારે તો અત્યારે વાપરે છે તેથી ઓછાં વસ્ત્રોથી જરૂર ચલાવી શકે. ઉપાશ્રયમાં ગાંધીજી પહેરે છે તેવા એકલા કચ્છથી સભ્યતાનો નિર્વાહ કરી શકે; અને બહાર જતી આવતી વખત એક કે બે બીજાં વસ્ત્રો હોય તો તેમની ચર્યામાં જરા પણ બાધો ન આવે. પણ ખાદીવિરોધ ખરી રીતે તેમની રૂઢિપ્રિયતામાંથી જન્મે છે. જે પકડાયું તે હવે છુટતું નથી. કાળવશાત્ આપણામાં રેશમી વસ્ત્રો દાખલ થઈ ગયાં છે, ચા ઘર ઘર પસરી ગઇ છે, મંદિરોમાં કેસર વપરાવા લાગ્યું તે બધું જેમ આપણાથી છોડાતું નથી તેમજ સાધુઓમાં છેલ્લાં પચાસ વર્ષથી મીલનાં અને વિલાયતી વસ્ત્રો રૂઢ થઇ ગયા છે તેની જડ તુટતી નથી; તે વિષેની ભૂલ તેઓ સ્વીકારવાની હીંમત ધરાવતા નથી પણ તેને બદલે તેનું વ્યાજબીપણું સિદ્ધ કરવા તેઓ મથે છે, અને રૂઢિનો આ સામાન્ય સ્વભાવ છે. તેથી રૂઢિ શૃંખલાઓ તોડવાનો આજે ઠેર ઠેર ઉપદેશ થઇ રહ્યો છે. માણસની વિચારશક્તિને ચાલુ રૂઢિઓ હંમેશા રૂંધતીજ આવી છે. તેથી જેને પોતાનું જીવન સમ્યક્ વિચાર ઉપર ઘડવાનો મનોરથ હોય તેણે પહેલાં તો જે રૂઢિથી પોતે ઘેરાયેલો હોય તેની યોગ્યાયોગ્યતા ઉપર તટસ્થપણે વિચાર કરવાનું નિશ્ચયપૂર્વક શરૂ કરવું જોઇએ અને જે જે રૂઢિ પોતાના આત્મધર્મની બાધક દેખાતી હોય તે તે રૂઢિને તડતડ તોડવા માંડવી જોઇએ. આમ કરવામાં આવે તોજ મનુષ્યમાં રહેલું આત્મતત્વ પ્રગટે અને કાળે કાળે નવજીવનનો જન્મ થાય છે. આ દ્રષ્ટિ જો આપણા જૈન સાધુઓને પ્રાપ્ત થાય તો પોતાના રૂઢ જીવન ઉપર ચઢેલો કાટ સહેલાઇથી તેઓ ઉખેડી શકે અને આજે સામાન્ય જનતા પાછળ અસહાય પ્રાણીઓ માફક તેઓ ઘસડાઇ રહેલ છે તેને બદલે માત્ર જૈન સમાજનેજ નહિ પણ આખી આર્ય જનતાને તેઓ સાચા માર્ગે દોરી શકે.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

શુકવારીયાનો બળાપો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૦ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ વદી ૧૦. તા૦ ૨૧-૭-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

વીરશાસનનું જર્નાલીઝમ.

રા. મોતીચંદભાઇએ તા૦ ૪-૭-૩૦ ના "વીરશાસન" પત્રમાં પ્રગટ થયેલા લેખને અંગે "વીરશાસન"ના તંત્રી ઉપર એક પત્ર લખ્યો હતો પણ વીરશાસન પત્રે તે પ્રગટ કરવાની તસ્દી લીધી નથી પણ તેમની હંમેશની ટેવ મુજબ ભૂલ કબુલ કરતાં કરતાં પણ અંગત ટીકાઓ કરી છે. વાતનો જવાબ આપવો નહિ ને વાત કરનારની અંગત ટીકા કરવી તે વીરશાસનનું જર્નાલીઝમ છે. તે કાગળ નીચે મુજબ છે.

૭-૭-૩૦.

શ્રી વીરશાસન પત્રના અધિપતિ જોગ.

તમારા તા૦ ૪-૭-૧૯૩૦ ના સપ્તાહિકના અંકમાં પૃ. ૬૨૦ ઉપર એક લેખ પ્રકટ થયો છે તે પર કોઇએ મારૂં ધ્યાન ખેંચ્યું છે. તેને અંગે જણાવવાનું કે તમો લખો છો તેવો કોઇ પત્ર મેં "ઝભોઇ યુવક મંડળ" ઉપર લખ્યો નથી. હાલમાં કોન્ફરન્સના સભ્યોના નામો નોંધવામાં આવતાં નથી અને મારે એવો પત્ર સદર સંસ્થાને કે કોઇને લખવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી.

વધારે ખૂબિની વાત એ છે કે સદર ઝભોઇ યુવક મંડળ મારા ઉપર તા૦ ૨૬-૬-૩૦ ને રોજનો કહેવાતો પત્ર તમારા પત્રમાં છપાવે છે તેવો કોઇ કાગળ પણ મને મળ્યો નથી.

આવા કૃત્રિમ પત્ર વ્યવહાર, ઉભા કરીને પર મનઃ કલ્પિત ચર્ચા અને નોંધ લખવામાં કેવું માનસ વર્તતું હશે તે પર ટીકા કરવી પણ મારે માટે અસ્થાને છે. આપની આખી ટીકા અને તેની ભાષા ખરેખર તમને શોભા આપે તેવીજ છે.

પત્રકારિત્વનો કાંઇ અંશ બાકી રહ્યો હોય તો આ પત્રને આપના સપ્તાહિકમાં યોગ્ય જાહેરાત આપશો. જો કે કહેવાતો પત્ર મારાથી લખાયો નથી, છતાં સભ્યો વધારવા માટે સેક્રેટરીઓ ઉપરાંત સસ્થાના મેંબરો પ્રયત્ન કરે તો તેમાં હું કાંઇ અનુચિત જોતો નથી, પણ તમારે ત્યાં અત્યારે ન્યાય (ક્રોાજીક)જ જૂદા પ્રકારનો વર્તે છે. એ મનોદશામાં મને ખેંચવાના પ્રયત્ન તમારા નિરર્થક છે. તસ્દી માફ કરશો.

લી૦ સ્નેહી,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

(૨)

ધાર્મિક જમણવાર ઉપરના ઘાટકોપરના પીકેટીંગ માટે કાંઇ દલીલ બાકી રહી નહિ ત્યારે બ્હેનોને કોઇ વ્યક્તિએ ઉશ્કેરી હતી એમ જણાવી તે વ્યક્તિને ભારોભાર ગાળો તા૦ ૧૧ મી જુલાઇના અંકમાં આપી છે. તે વીરશાસનના જર્નાલીઝમનો બીજો નમુનો.

બહિષ્કાર સમિતિનું કામકાજ.

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી નીમાયેલ સ્વદેશી પ્રચાર અને બહિષ્કાર સમિતિનું આવાડીક થયેલું કામ.

સમિતિની કાર્યવાહક કમિટિ હમેશાં રાત્રીના ૮॥ થી ૧૦॥ સુધી કોન્ફરન્સ ઓફીસમાં મળે છે. જૈનોનું અપૂર્વ સરઘસ કાઢયા પછી સમિતિએ, કોન્ગ્રેસે બોલાવેલી બૉયકોટ કમિટિઓની સાથે વીચારોની આપ લે કરવા સારૂ ભાગ લઇ સમિતિએ કરેલા અને કરવા ધારેલા કામકાજની રૂપરેખા સમજાવી હતી. આજ સુધીમાં કુલ્લે બાર પત્રિકાઓ શાઠ હજારની સંખ્યામાં બહાર પાડી વહેંચવામાં આવી છે ભાવી કાર્યક્રમમાં સમિતિ તરફથી પખવાડીઉ ભાષણશ્રેણીનું રાખવામાં આવ્યું છે જુદા જુદા લત્તામાં ભાઇઓ અને બ્હેનોના ભાષણોની ગોઠવણ કરવામાં આવી છે. શનીવારે સાંજના કાર્યવાહક સમિતિના આઠેક સભાસદોએ કોટ મોદીખાને કાનજી ખેતસીની વાડીમાં રેંટીઆ પ્રચારક વર્ગની મુલાકાત લીધી છે. આવતા રવીવારે રેંટીઆ સંબંધી વધુ સમજ આપવા સારૂ ડો. ભાષ્કર પટેલને કોન્ફરન્સ ઓફીસમાં કાર્યવાહક સમિતિ આગળ બોલાવા વિનંતી કરવામાં આવી છે શનીવારે રાતના શ્રીયુત્ નગીનદાસ ટી. માસ્તર સોલીસીટરના પ્રમુખપણા નીચે મુમ્બાદેવી પુવારા પાસે જૈનોની જાહેર સભા બોલાવી હતી. ઘરગથુ અને તાત્કાલીક હંમેશની ઉપયોગી વસ્તુનું પ્રદર્શન કરવા સારૂ યોજના અને વીચારોની આપ લે થાય છે. પરદેશી કાપડ પહેરવાનું તદ્દન બંધ થાય એને માટે ઉપાયો કયા લેવા એ વિષે પણ ઉહાપોહ થયા કરે છે.

(૩)

તા૦ ૪-૭-૧૯૩૦ ચાલુ લડતને અંગે અગ્ર લેખ લખે છે તેમાં લડતના હેતુ સમજાવતાં જણાવે છે કે 'આપણે એટલે કે હિંદીઓ પરદેશી સત્તાઓને વ્યવસ્થિત લુટારૂ માનતા થયા છીયે અને આજ સુધી એણે ચલાવેલી લુંટનો બદલો લેવા ઇચ્છીયે છીએ. આ દ્રષ્ટિએ મુનિઓ તેમાં જોડાઇ ન શકે. ઇંગ્રેજી કહેવતમાં છે કે પહેલાં કુતરાને ખરાબ નામ આપો ને પછી તેને મારી નાંખો. તેમ લડતનો હેતુ ખોટો સમજાવી મુનિરાજ તેમાં ન જોડાઇ શકે તેવી દલીલ કરે તે વીરશાસનના જર્નાલીઝમનો ત્રીજો નમુનો છે. મહાત્માજી કે અન્ય કોઇ પણ દેશભક્તોએ આ લડત બદલો લેવાના હેતુથી ચલાવવામાં આવે છે એવું જણાવ્યુંજ નથી. ફકત ગરીબ દેશનો પૈસો બહાર ન ઘસડાઇ જાય ને દેશબંધુઓ વધારે દુઃખી ન થાય તેવી મનુષ્યદયાના હેતુથીજ આ લડત ચલાવવામાં આવી છે. પણ વીરશાસનને લડતનું સાચું સ્વરૂપ કયાંથી સમજાય?

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

શુક્રવારીયાનો બળાપો.

આજ કાલ શુક્રવારીયુ એના સ્વભાવ પ્રમાણે ગાળગલીચથી ધોળા કાગળોને કાળાં કરવામાંજ મહત્તા સમજે છે.

જ્યારે સમગ્ર દેશમાં ભારત માતાની આઝાદી માટે રણભેરીયો વાગી રહી છે, યુવકો, ને યુવતિઓમાં આઝાદી માટે અનેક પ્રકારના કષ્ટો સહન કર્ત્તા જેલોમાં જઈ બેઠાં છે, હજારોના પર લાઠીના પ્રહાર થયા છે, ત્યારે આ શુક્રવારીયુ એના દુધપાકીયા ભાઇબંધોની બ્રીફ લઇને વકીલાત કરવા મેદાનમાં ઉતર્યું છે. એને બિચારાને ફાળ પડી છે કે પર્યુષણ જેવા ધાર્મિક દિવસોમાં એના દુધપાકીયા ટોળાને માલ મિષ્ટાન ખાતા બંધ કરવા કોન્ફરન્સ હીલચાલ કરવાની છે. એવી એને ગંધ આવી છે. આ ગંધથી ગાળગલીચમાં આક્ષેપો કરવા માંડયા છે અરે! એણે તો જેલમાં ગયેલા શહીદોપર પણ આક્ષેપ કરવામાં અવધી કરી છે. જેમ ભાન ભુલ્યો ધુમાડાથી બાચકાં ભરે તેમ તેને તો આજથી સનેપાતનો ચાળો ઉપડ્યો છે. ભાઇ શુક્રવારીઆ! ધ્યાન રાખજે. જે વખતે દેશમાં ધર્મયુદ્ધ મંડાયું હોય તે વખતે તારા દુધપાકીયા ટોળાને ધર્મના નામે મીષ્ટાન ઉડાવવા મળે એ અમને તો અસંભવીત લાગે છે. ભાઇ આતો મુંબઇ છે. તારા માલીકને પુછી જો?. મુંબઇ કેવું છે, તેના જુવાનો કેવા છે. પછી તને ખાત્રી થશે.

પર્યુષણ જેવા પવિત્ર દિવસોમાં તપસ્યા વિ. કરીને ધર્મ ધ્યાન આરાધીનેજ આત્માનું કલ્યાણ સાધવાનું છે નહિ કે જે ખાંડમાં ભ્રષ્ટ ચીજો આવે છે, જે ખાંડ ખાવાથી ધર્મને ધોકો પહોંચે છે તે ખાંડનો માલ મસાલા ખાવાનો ઉપદેશ કર્તા તારી કલમ કેમ ચાલે છે? શું? તું જેની બ્રીફ લઇને અદ્ધા તદ્ધા લવરી કરી રહ્યો છે. તે તારા દુધપાકીયા અશીલો ધર્મના બાના નીચે અધર્મ કરે તેને પણ તું તો ધર્મજ ઠોકી બેસાડવા માગે છે. ભલે તારૂ દુધપાકીયું ટોળું માલ મીષ્ટાન ખાવામાંજ ધર્મ સમજતુ હોય તો ભલે એ બિચારૂ નાખું જમી લે. અહિં એની કોને પડી છે, એ અને તું દયાને પાત્ર છો: પર્યુષણ પર્વ કેમ ઉજવવા તે આવતા અંકે.

શ્રી રામવિજયજીનો દંભ પ્રગટ થાય છે.

ઇન્ટરવ્યુના બહાને વાણીછળ રચાય છે.

ગૃહસ્થો જે આપે તે લેવાની વાયડી વાતો થાય છે.

આનું નામ તે સાધુતા?

લખનાર: પંડિત આણંદજી દેવસિંહ શાહ.

કેટલાંક દેશી સ્ટેટોમાં અમલદારોના ઓથે કોઇ તોફાની અને બદમાસ ટોળકી ઉભી થાય છે. નિર્દોષ પ્રજાજનો પર ખોટા કેસો કરે છે, મારપીટ કરે છે, અને એ બધું રૂશ્વતખોર નોકરશાહીની મોડી નજરે નભે છે. તોફાની ટોળકીનો ભય, ત્રાસ, અને થરથરાટ જ્યારે વધી પડે છે ત્યારે પ્રજા અને એના મંડળો સ્ટેટના રક્ષણ ખાતાના ઉપરીને રિપોર્ટો, અરજીઓ અને તારો કરી આ ટોળકીના પરાક્રમથી વાકેફ કરે છે. પણ આ તોફાની ટોળી એવી તો પાવરધી હોય છે; કે તે પોકાર બનાવટી હોવાની બાજી ગોઠવે છે; તોફાની ટોળીના મુખ્ય માણસો કોઇ બહાનું લઇ રક્ષણ ખાતાના અમલદારની હાજરીમાં જાય છે અને બરાબર ત્યારેજ એજ ટોળકીનો કોઇ માણસ એ ટોળકીના કોઇ મુખીઓએ અમુક ગામમાં તોફાન કર્યું છે, મારે માર્યો છે, ત્રાસ વર્ત્તાવ્યો છે, વિગેરે બનાવટી સમાચારોનો લાંબો તાર કરે છે. તાર, રક્ષણખાતાના વડા સમક્ષ પહોંચે છે, ત્યારે પેલી તોફાની ટોળકીના સરદારો એ અમલદારને કહે છે કે જુઓ સાહેબ અમો તો આપ હજુર હાજર છીએ અને અમારા વિરૂદ્ધ આવા ખોટા તારો થાય છે, તેથી આપ સમજી શકશો કે આજ પહેલાં અમારા વિરૂદ્ધ થએલાં બધા પોકારો આ રીતે બનાવટીજ હતા. આ બાજીગરોની બાજીમાં ભોળો અમલદાર ભ્રમિત થાય છે અને એ લોકોને છુટા મૂકે છે. જૈન સમાજમાં પણ શાસન પક્ષ, શાસનપ્રેમી, ધર્મિવર્ગ વિગેરે નામોથી ઓળખાતી એક ટોળકીના પરાક્રમો આજ પ્રમાણે પ્રસિદ્ધ છે. તે સુધારાનો, સત્શાસ્ત્રોનો વિચારકતાનો, વિકાસનો જૈન યુવાનોના કુચ કદમનો અને એમ સમાજની પ્રગતિના એકે એક પવિત્ર માર્ગોનો ધર્મ અને શાસનસેવાના દંભી બહાના નિચે વિરોધ કરે છે, અને જેમ જેમ એ વર્ગનો વિરોધ વધે છે, તેમ તેમ તે વર્ગ તરફ જૈન અને જૈનેત્તર સમાજનો ખુલ્લો અને સ્પષ્ટ તિરસ્કાર પણ વધે છે. તેથી જૈનત્વ, ધર્મ, શાસન સેવા અને એવા બધાએ સદ્ગુણો સમાજમાં નિંદાય છે. આ વર્ગના મેલા પ્રચાર, રીત અને વલણથી ઇતર સમાજોમાં જૈન ભાવની ઉચ્ચતા, શ્રેષ્ઠતા અને સુરક્ષાધ્યતા અમૂક અંશે ઘટી છે. શાસન પક્ષ વિગેરે ઉપનામોથી પ્રસિદ્ધ થએલ મૂઠીસર શ્રદ્ધાંધ અને ધર્માંધ આ વર્ગના મુખ્ય પોષક, પ્રેરક, સંચાલક અને ઉત્પાદક શ્રી રામવિજયજીને ગણી શકાય અને તેમાં થોડા બીજા મુનિઓનો પણ સાથ અને સહકાર હોવાનું માની શકાય. શ્રી રામવિજયજીના સંબંધમાં ગઇ અશાડ શુદી ૧૪ ના રોજે જે વર્તમાન, જાહેર પત્રોમાં પ્રકટ થયા છે તે બનાવટી હોવાનું પાછળથી જાહેર થયું છે જો એ સમાચાર બનાવટીજ હોય તો તે પ્રકટ

કરનાર મહાસભા કે કૉન્ફરન્સ નથી એ પણ જાહેર થયું છે; ત્યારે એ શાસનપક્ષ વિરૂદ્ધ ખોટી ઈરાદાપૂર્વક ચળવળ થાય છે એમ બતાવવા માટે એજ પક્ષની આ રમત હોય તો આપણે આશ્ચર્ય નહિં પામીએ. આ બનાવ બની ગયા પછી તા૦ ૧૨-૭-૩૦ ના 'મુંબઇ સમાચાર'માં શ્રી રામવિજયજીનો ઇન્ટરવ્યુ અને તેના ત્રીજાજ દિવસે શ્રી રામવિજયજીનો સુધારો પ્રકટ થાય છે આજકાલ પ્રકટ થતાં ઇન્ટરવ્યુની રચના, યોજના અને પ્રથમથી થયેલ ગોઠવણોથી તો સમાજ પરિચીતજ છે, આ ઇન્ટરવ્યુમાં પણ જે જાતની શબ્દરચનાં અને ભાષા જોવાય છે તે કોઇ તટસ્થ પત્રકારની ભાષા હોવા કરતાં તે ઉપાશ્રયમાંજ લખાઇ ઇન્ટરવ્યુના નામે પ્રકટ કરવામાં આવી હોય એવી એમાં ભાષા છે શ્રી રામવિજયજીનો હું જાણું છું ત્યાં લગી નિર્ભય, સ્પષ્ટ અને ખુલ્લું કહી દેવાનો દાવો છે. પણ જાણીને નવાઇ પામું છું કે આ ઇન્ટરવ્યુમાં એ બધા તત્વોનો સદંતર અભાવ છે એમાં તો ભારોભાર પ્રપંચ, પાખંડ દંભ અને સત્યનો અપલાપ તરવરે છે એના બીજા સવાલમાં તે કહે છે કે:—

"સવાલ:—ખાદીના સંબંધમાં આપ શું ધારો છો? આપ એ વસ્ત્રને (ખાદીને) ત્યાજ્ય ગણો છો કે ગ્રાહ્ય ગણો છો."

જવાબ:—રાજકારણની કે એવી બીજી ચર્ચાઓ કરવાનું કામ મારૂં નથી" એમ કહી આખા જવાબમાં યંત્રકર્મની ભાંજગડમાં શબ્દછળ રચે છે. સવાલ કરનારે રાજકારણ કે બીજી રીતે ચર્ચામાં ઉતરવાને આમંત્રણ આપ્યું ન હતું છતાં તે રાજકારણની ચર્ચા ન કરી શકે, બીજી કોઇ ચર્ચામાં ન ઉતરી શકે એવો શબ્દછળ રચી યંત્રકર્મ સંબંધમાં જૈન શાસ્ત્રની માન્યતાનો લાંબોલચ હવાલો આપી ખાદી એ ગ્રાહ્ય છે કે કેમ? એનો જવાબજ ઉડાવી દે છે. સાચી વાત એ છે કે ખાદી પહેરવી એ પોતાને પ્રિય નથી, પસંદ નથી; મહાત્માજીની સુચવેલ છે તેથી પણ એનો એ તરફ વિરોધ છે. આ વાત છુપાવવા માટે આટલી બધી વાકૂજાળ ગોઠવવી પડી છે. એ પછીના સવાલ જવાબ શ્રી રામવિજયજીની મનોદશા પર અચ્છો પ્રકાશ પાડે છે તેથી તે જેમના તેમ ઉતારૂં છું.

સવાલ:—"આપે પહેરેલું વસ્ત્ર કેવું છે? સ્વદેશી કે વીદેશી?"

જવાબ:—અમારા સબંધમા તો એવું છે કે જે વસ્ત્રો ગૃહસ્થો પોતાને માટે લાવેલા હોય છે એ વસ્ત્રોમાંથી તેઓ અમને જે કંઇ ભક્તિપૂર્વક આપે છે તેજ અમારે તો પહેરવાનું હોય છે. અમારા વસ્ત્રોની પસંદગી અમારે બીજીજ કરવાની હોય છે" આ આખાએ જવાબમાં શ્રી રામવિજયજીએ જે દંભ, પ્રપંચ અને પાખંડ આચર્યું છે તે સામાન્ય અક્કલથી પણ છૂપું રહી શકે તેમ નથી. પ્રશ્નકારે તમારા શરીરપરનું વસ્ત્ર કેવું છે એમ પુછ્યું તેનો જવાબજ અધ્ધર ઉડાવી દેવામાં આવ્યો છે અને પોતાને ગ્રહસ્થો જેવા વસ્ત્રો ભાવપૂર્વક આપે, જેવાં એ લોકો પહેરે તેવાંજ વસ્ત્રો વાપરવાનો શ્રી રામવિજયજીનો ધર્મ છે એમાં એ સાહેબને પસંદગી કરવા જેવું કંઇ છેજ નહિં. પરિધાર્ય કે અપરિધારી, ગાહ્ય કે અગાહ્ય કલ્પ્ય કે અકલ્પ્ય. નિર્દોષ કે સદોષ એની તપાસ ગવેષણા કે અવલોકન કરવાની જવાબદારીથી શ્રી રામવિજયજી સફાળા છુટી જવાનો જોરદાર યત્ન કરે છે પણ તેમ કરીને મુનિઓ પ્રત્યે જે મહાન શાસ્ત્રીય જવાબદારી રહી છે તેનું ગુન્હાપાત્ર અને ભયંકર અપમાન કર્યું છે મુનિઓ આહાર, વસ્ત્ર, પાત્ર અને એમ એમના ઉપયોગમાં આવતી એકે એક ચીજની નિર્દોષતાની પ્રાથમીક નજરે પૂરી ખાત્રી કરે અને ત્યાર પછીજ તે લે. આહારમાં આ શ્રી રામવિજયજીનો જંગલી જવાબ ઘટાવીએ તો મહાન અનર્થજ ઉભો થાય કોઇ ગૃહસ્થ અભક્ષ ખાતો હોય. અપેય પીતો હોય અને તે આ સાહેબને ભાવપૂર્વક લઇ લેવાનું આમંત્રણ કરે તો હું પુછું છું કે તે લઇ લેવા શ્રી રામવિજયજી તૈયાર છે? શ્રી રામવિજયજીએ ગત ચાતુર

અમૃત—સરિતા.

વીરશાસન પત્રના બખાળા.

'જમાનાવાદી રોટલાના પુજારી બનાવટી આચાર્ય.'

પગ તળે રેલ્યો અને પારકી વાત કરવાની પત્રકારની લેખન પદ્ધતિ.

(લેખક:—રા. મહાસુખભાઈ ચુનીલાલ.)

મુંબઇના લાલબાગની પાટ ઉપરથી મુનિશ્રી રામવિજયજીએ મને ફેંકેલી ચેલેન્જનો જવાબ મેં સાંજ વર્તમાન અને જૈન પત્રમાં આપેલો કે "આવી ચેલેન્જ મને ફેંકયા કરતાં આપના પક્ષની સુરત મુકામે ગયા ચૈત્ર વદ ૧ ના રોજ મળેલી ઓલ ઇન્ડીઆ યંગમેન્સ જૈન સોસાયટીની પહેલી પરીષદના પ્રમુખે પોતાના ભાષણમાં મુક્ત કંઠે શાસનપ્રેમી ધર્મી પુરૂષો આગળ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે 'પુજ્ય સાધુ સંસ્થામાં કુસંપે ઘર ઘાલ્યું છે. એકલ વીહારી સ્વચ્છંદી સાધુઓની સંખ્યા વધતી જાય છે. કેટલાક પતિત સાધુઓ ધર્મના નામે અધર્મ ઉપદેશી રહ્યા છે.' આ પ્રમાણે આપના પક્ષના પ્રમુખ કહે છે તો કૃપા કરી તેમને પુછો કે તેવા પતિત સાધુઓ કયા છે. તેમનો ખુલાસો મળેથી મને પુછવાની જરૂર નહીં રહે."

માસમાં એક ભયંકર જુઠ્ઠાણું પ્રકટ કરેલ કે "જૈનોના ઘરમાં પણ દારૂ અને ઇંડા ચટણીની જેમ ખવાય છે." આ શ્રી રામવિજયજીની કૂળદ્રપ ભેજાંની કાયર અને અસત્ય કલ્પના હતી પણ ઘડીભરની દલીલની ખાતર માનીએ કે કોઈ અધર્મી ગૃહસ્થ તેમ કરે છે અને તે હોવા શ્રી રામવિજયજીને ભાવપૂર્વક એ ગૃહસ્થ આમંત્રણ કરે તો એમાં શ્રી રાજવિજયજીને પસંદગી કરવાની રહે છે કે કેમ? સાચેજ શ્રી રામવિજયજીએ ખાદી ન પહેરવાની કંગાલ કાયરતા છુપાવવા જતાં જે નિર્બળ, કાયર અને ઉડાઉ જવાબ આપ્યો એ જવાબમાં મુનિઓ પર રહેલી આહાર, વસ્ત્ર, પાત્ર નિરિક્ષાની જોખમદારી અને જવાબદારીનો ઇનકાર કર્યો છે અને તેમ કરી જૈન સિદ્ધાંતે નક્કી કરેલ સાધુ સમાજ માટે ઘોરી માર્ગનું એણે ઉલ્લંઘન કર્યું છે. આથી એક વાત સાફ, ચોખ્ખી અને સુસ્પષ્ટ થાય છે કે કહેવાતો શાસનપક્ષ સુધારક, વિચારક કે પ્રગતીકારક તો નથીજ પણ એ પક્ષ સ્થિતિચુસ્ત પણ નથી. સ્થિતિચુસ્ત પક્ષમાં ચાલતી પ્રણાલિકા, રૂઢી અને પ્રથાઓ પર અટળ શ્રદ્ધા હોય છે. આમાં તે પણ નથી. પોતાના પક્ષને હવે રામપક્ષ કે એવું જ કોઇ નામ આપી દેવું જોઇએ કે જેથી શાસનનું થતું ઘોર અપમાન બંધ પડે શ્રી રામવિજયજીએ દશ વર્ષ પર કોઇ મુસ્લીમ મૌલવીના સહકારથી મહાત્માજીના નામ અને લાગવગનો ઉપયોગ કરી અમદાવાદની કોઈ દેવી પર ચઢતા બકરાને બળાત્કારે અટકાવેલ ત્યારે મહાત્માજીએ એ કાર્યમુનિવેષને ન શોભે તેવું હોવાનું જણાવી વેષ છોડવા ભલામણ કરેલ ત્યારથી શ્રી રામવિજયજી મહાત્મા ગાંધીજીના આ જન્મ વિરોધી બન્યા છે. એના વીરશાસન પત્રમાં, એણે યોજેલ દેશ સમ્મેલનોના ધડી આપેલ શ્રી પોપટલાલભાઇ વિગેરેના ભાષણોમાં, હસ્તપત્રોમાં અને પોતાના વ્યાખ્યાનોમાં પુરૂષવર મહાત્માજીને શ્રી રામવિજયજીએ પેટ ભરી ગાળો આપી છે અને આજ લગી એના વાજીંત્રમાં એ ગટર મુકાદમી જેમની તેમ શરૂ છે એ ખુલ્લી વાત છે કે શ્રી રામવિજયજી મહાત્મા ગાંધીજીનાં રાષ્ટ્રહિતના અને એકેકે એક રાષ્ટ્રિય પુનિત પ્રવૃત્તિઓના વિરોધી છે. લોકમત તીવ્ર જાણી એ ખરૂં કહેવાનાં અખાડા કરે છે પણ તે છુપાતું નથી, સમાજ આ સમજી યોગ્ય કરે એજ અભ્યર્થના.

ઉપર પ્રમાણે આપેલા મારા જવાબને ઉડાઉ જવાબ ગણી વીરશાસનના લેખક તા૦ ૧૬-૭-૩૦ ના વીરશાસનમાં મુંબઇના વાતાવરણના મથાળાવાળા લેખમાં લખી જણાવે છે કે "આજે શ્વે. સાધુ સંસ્થામાં ચારસોની સંખ્યા સાધુઓની અને પંદરસો લગભગ સાધ્વીઓની ગણાય છે તેમાંથી પાંચ-પચીસ પતિત થયાના દાખલા લઇ આખી સાધુ સંસ્થને ખરાબ ચીતરવી તે ઘોર પાપોદયનુંજ પરિણામ મનાય. પુજ્ય સાધુ સંસ્થામાં કુસંપે ઘર ઘાલ્યું છે, કારણ કે જમાનાવાદી રોટલાના પૂજારી આજે સમય ધર્મને નામે બનાવટી આચાર્ય પદ્ધોના ઓઠા નીચે વીતરાગ ભગવાનની આજ્ઞાઓનું ખંડન કરી રહ્યા છે. આમ વર્તનારાઓને આસ્તિક સાધુઓ ખુલ્લા પાડે એટલે એમના અનુયાયીઓ સારા સાધુઓની નીંદા કરે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. સુધારકોની પુષ્ટિ મળે એટલે એકલ વિહાર અને રેલ વીહાર સેવાય અને સ્વચ્છંદી સાધુઓની સંખ્યા વધતી જાય. જડવાદમાં ઝુકેલા સુધારકો આવા પતિતોને પૂજ્ય માને છે એટલે એવાઓ ધર્મને બદલે અધર્મનો ઉપદેશ કરે તેમાં નવાઇ નથી. પણ સાચા જૈનોમાંના કેટલાક, તેમને સાધુ તરીકે માનતા નથી" આમ લખી બખાળા બહાર પાડી મોંઘમ પોતાના હાથેજ લેખક મહાશય આચર્યો અને સાધુઓની નિંદા કરી રહ્યા છે. શું આ ઘોર પાપોદયનું પરિણામ નહીં?

મારી અમૃત-સરિતા એક તદન કલ્પિત નવલકથા છે, જેમાં ભૂતકાળનો, વર્તમાનકાળનો અને જો સુધારો નહીં થાય તો ભવિષ્યમાં કેવા બનાવો બનશે તેનો ખ્યાલ કરાવવા જુદા જુદા પાત્રો દ્વારાએ જુદા જુદા સ્વરૂપમાં ત્રણે કાળનાં દશ્યો આપેલાં છે. વીરશાસનના લેખક તો સાધુ સંસ્થામાં ૫-૨૫ પતિત સાધુઓના દાખલા બતાવે છે. પણ મારી અમૃત-સરિતામાં માત્ર એકજ સાધુને પતિત તરીકે કલ્પી સ્હેજ તેના ચરિત્રનું દિગદર્શન કરાવી તેનું એક બાઇ સાથે પુનર્લગ્ન કરાવેલું છે. તે પાત્ર પોતાની આત્મકથા દુનિયા આગળ રજુ કરી આંખો ઉઘાડે છે. આ શીવાય બાકી કોઇ પણ સાધુને કે સાધ્વીને પતિત કલ્પી તેનાં દ્રશ્ય બતાવેલાં નથીજ. સાધ્વીઓ પ્રત્યે તો મેં ઘણીજ દયા ખાધી છે અને તેમના પ્રત્યે માનની લાગણી બતાવેલી છે એટલુંજ નહી પરંતુ પતિતતાનો જરા અંશ પણ કોઇ દશ્યમાં બતાવ્યો નથી. જો મારી અમૃત-સરિતા બરાબર ધ્યાનપૂર્વક વાંચતા હશે તે બરાબર સમજી શકે તેમ છે. લેખક મહાશયના કહેવા પ્રમાણે જો પાંચ પચીસ પતિત સાધુઓ છે તેમના વર્તનની નવલકથા લખવા બેસું તો મોટી ગ્રંથાવળી બહાર પડે. તે માટે મેં ફકત એકજ પાત્ર એવું કલ્પી જૈન જનતામાં પતિતતા કેવી રીતે પગપેસારો કરે છે તેનો તે ખ્યાલ આપ્યો છે. લેખકશ્રી મારી અમૃતસરિતા વાંચતા નથી અને કોઇ વાંચીને કહે છે તે ઉપરથી મોટો લેખ ચીતરી ખોટા આક્ષેપો કરે છે. લેખકે તો જાતે વાંચી બરાબર સમજી તપાસ કરી કલમ હાથમાં પકડવી જોઇએ. પણ જ્યાં દ્વેષથીજ લખવું ત્યાં પછી કલમ ઉપર અંકુશ શી રીતે રહે? વિચાર કર્યા વિના ખરું ખોટું લખી નાંખવું.

ઢોબીઘાટ યુવક મંડળ તરફથી કોઇ એક. એન. શાહનો લખેલો કાગળ પ્રકટ કરી તે ઉપરથી રા. મોતીચંદ ગીરધર લાલ સોલીસીટર અને ફોનફરન્સ ઉપર અયોગ્ય ટીકા કરવા વીરશાસનના તંત્રી ઉતરી પડયા. પણ જ્યારે તે મંડળનો અને રા. મોતીચંદનો પત્ર તંત્રી ઉપર ગયો ત્યારે પોકળ પ્રકટ થયું અને તંત્રીજીને કબુલ કરવું પડયું કે બહિષ્કારની વાત ખોટી છે, અને નોંધ પાછી ખેંચી લેવી પડી. નોંધ પાછી ખેંચી લેવામાં પણ કલમ અવળી ચલાવી તે પક્ષ ઉપર પણ પાછો આક્ષેપોનો ટોપલો નાખ્યો છે. જેને જોવું નહીં, વાંચવું નહીં અને અવળું લખેજ જવું તેને શું કહેવું?

લેખક મહાશયને મારી વીનંતી છે કે કોઇની પાસેથી સાંભળ્યા કરતાં જાતે આજ વર્તમાનની ફાઇલ હાથમાં લઇ દર મંગળવારે પ્રકટ થયેલાં અમૃત સરિતાનાં આજ દીન સુધીનાં ૫૧ પ્રકરણો વાંચો અને પછી ટીકા કરો. હજુ તો નવલકથા ચાલુજ છે. જો ફાઇલ ફ્રેંદવી ન હોય તો અમૃત સરિતાનો પહેલો ભાગ છપાઇ બહાર પડી ચુકયો છે તેમાં ૩૫ પ્રકરણોનો હેવાલ આવી ગયો છે તે શુદ્ધ હૃદયથી વાંચી જુઓ.

મેં મારી અમૃત સરિતામાં ઉચ્ચ કોટીના સાધુઓની પ્રશંસા કરી છે તેમનું સન્મેલન મેળવ્યું છે અને તેનાં પણ જૈન ધર્મને દીપાવે એવા સુંદર અને બોધદાયક દ્રશ્યો બતાવ્યાં છે. જ્યારે નવલકથા પૂરી થશે ત્યારે ખ્યાલ આવશે કે આ નવલકથા સાધુસંસ્થાની ખરી પરિસ્થિતિનું ભાન કરાવનાર, સાધુસંસ્થાને અને સંઘને સત્કારનાર, અને સડો દુર કરવા સુધારાની શી શી યોજનાઓ કરવી તેના ઉપાય સુચવનાર માર્ગદર્શક સાધન છે. લેખક મહાશય! આપ પોતેજ પતિતતાના સડાને પોષી રહી નીભાવી રહ્યા છો તે તમને નથી સમજાતું? પોતાના પગ તળેજ રેલો વહ્યા કરે છે તે જરા જુઓ અને પછી બીજાને કહો. આપનો ઉપરનો કકરો કયા સાધુઓને અને આચાર્યને સંબોધીને લખ્યો છે તે જરા સ્પષ્ટ રીતે જણાવો. જમાનાવાદી, રોટલાના પૂજારી અને બનાવટી આચાર્ય વીગેરે શબ્દોનો ઉપયોગ કોને માટે કર્યો છે? આમ મોઘમ લખી આપ સાધુ સંસ્થાને નથી વગોવી રહ્યા? પોતાનું આવું વર્તન અને અમૃત સરિતા વાંચ્યા વગર ગમે તેવી અધટીત ટીકા કરવી એ શું પત્રકારની નીતિ ગણાય? દેશકાળને માન આપી જૈન કોનફરન્સ રાષ્ટ્રીય હીલ ચાલમાં જોડાઇ તે આપને ન પાલવ્યુ. એટલે તેના નેતાઓ ઉપર ગમે તેમ ગાળોનો વરસાદ વરસાવી વીરશાસનમાં કોલમો ભરી રહ્યા છો. તે શું આપને શોભે છે? હું તો તે લખાણોમાં તદન દ્વેષ જોઇ રહ્યો છું. મહાવીર વિદ્યાલય પ્રત્યેનો રોષ શબ્દે શબ્દોમાં દ્રષ્ટિગોચર થાય છે જાણે આખો જૈન સમાજ તે જૈન નથી પણ અધર્મી અને નાસ્તિક છે અને પોતાનું મંડળ જૈન, ધર્મી અને આસ્તિક છે એવી પોતાના હાથે આત્મ શ્લાઘા કરવી એ શું ધર્મી પુરૂષનું લક્ષણ છે?

છેવટે લેખક મહાશયને નમ્ર વીનંતી છે કે અમૃત-સરિતાનો પહેલો ભાગ બહાર પડી ચુકયો છે. ચારસો પાનાનું પાકા પુંઠાનુ પુસ્તક છે, કીંમત દોઢ રૂપીઓ છે. તે જાતે વાંચી મારા પ્રત્યેના દ્વેષના ચશ્મા દુર કરી શુદ્ધભાવથી અવલોકન કરો. નવલકથા લખવાનો ઉદ્દેશ મેં પ્રસ્તાવનામાંજ જણાવેલો છે. અમૃત-સરિતામાં અયોગ્ય દીક્ષ્ના હીમાયતી સાધુઓનાં બતાવેલાં પાત્રો અને દ્રશ્યોનો ટોપલો આપ શા માટે માથે વ્હોરી લો છો? જે કોઇ એવા હશે-પછી તે આ પક્ષના કે બીજા પક્ષના હોય-તેમણે તેમાંથી બોધ લેવાનો છે. સાધુ સંસ્થાની જૈન સમાજની સુધારણા કરવી એજ મારી નવલકથાનો ઉદ્દેશ છે. વીસનગર, ૧૫-૭-૩૦.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

ચાલુ લડત.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૧ મો. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ સુદી ૩. તા૦ ૨૮-૭-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

હાલની રાજકીય લડત.

મહુવાના સમાચાર.

પુણ્યશ્લોક મહાત્માજી અને બીજા દેશનેતાઓ જેલમાં હોય ત્યાં સુધી, નાતવરા નવકારશી વીગેરે જમણવારોમાં ભાગ ન લેવો તેવી પ્રતિજ્ઞા ઉપર ૪૭ જણાની સહીઓ થતાં, જ્ઞાતિ તેમજ સંઘને હાલતુરત જમણવારો ન કરવા સંબંધમાં લેખીત અરજી શ્રીસંઘને કરવામાં આવી.

છતાં અશાડ વદી ૧ ના રોજ જમણવાર થતાં લગભગ ૧૫૦ થી ૨૦૦ સ્ત્રી પુરૂષોએ તેમાં ભાગ ન લીધો.

ત્યાર બાદ સહી કરનાર યુવાનોનો સહકાર મેળવી એક મિટિંગ તા૦ ૧૬-૭-૩૦ ના રોજ રાત્રીના આઠ વાગે વિશા શ્રીમાળી મહાજન વાડીમાં શેઠ પ્રેમચંદ ખુશાલદાસ શાહના પ્રમુખપણા નિચે મળી હતી. તે વખતે પ્રાસંગીક વિવેચનો થયા પછી નિચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૧ લો.

મુકનાર-શા. કેશવલાલ ગીરધરલાલ.

ટેકો આપનાર-શા. હરગોવિંદ જીવન.

"સં. ૧૯૮૬ ના આસો વદ ૦)) સુધી જ્ઞાતિ, સંઘના મોટા જમણવારોમાં ભાગ ન લેવાની પ્રતિજ્ઞા કરનાર બંધુઓની, સંઘ, જ્ઞાતિને, ત્યાં સુધી તેવા જમણવારો બંધ કરવાની અરજ સંબંધે વિચાર કરી નિર્ણય આપવા જ્ઞાતિ સંઘ એકત્ર થયેલ, તે વખતે પ્રતિજ્ઞાઓ લેનારને નહીં બોલાવવાની, નહીં પૂછવાની કે ખુલાસો વટીક નહી લેવાની દાખવેલ આપખુદ વલણ માટે આ સભા પોતાનો ખેદ જાહેર કરે છે. તેમની આવી પ્રથા કોઇ વખત દુઃખદ પરિણામ ન લાવે તે માટે વિશેષ ધ્યાન ખેંચે છે." ૨ વિરૂદ્ધ મતે પસાર.

ઠરાવ ૨ જો.

મુકનાર-દોશી ગીરધરલાલ દુર્લભદાસ.

ટેકો આપનાર-દોશી વનમાળી ગોપાળજી.

"આ સભા પ્રતિજ્ઞા ન લીધાં છતાં, આવા પ્રસંગોમાં ભાગ ન લેનાર દરેકને પોતાના અંતઃકરણપૂર્વકના અભિનંદન આપે છે." સર્વાનુમતે પસાર.

ઠરાવ ૩ જો.

મુકનાર-દોશી અમૃતલાલ ગુલાબચંદ.

ટેકો આપનાર-શા. હરગોવિંદ જીવન તથા સૈભાગ્યચંદ જીવનલાલ.

"આજથી ૧૯૮૭ ના અશાડ વદ ૨ સુધી નવું વિદેશી કાપડ પોતાના અંગત ઉપયોગ માટે નહીં ખરીદવાનો આ સભા ઠરાવ કરે છે." સર્વાનુમતે પસાર.

ઠરાવ ૪ થો.

મુકનાર-દુર્લભદાસ લક્ષ્મીચંદ વાસા.

ટેકો આપનાર-પન્નાલાલ લલ્લુભાઇ.

"આ સભા, આ ઠરાવો લાગતાવળગતાને અને પેપરોમાં પ્રસિદ્ધિ અર્થે મોકલી આપવા પ્રમુખને સત્તા આપે છે." ૧ વિરૂદ્ધ મતે પસાર.

લી૦

શા. ફુલચંદ ખુશાલચંદ.

ઉપરોક્ત સભાના પ્રમુખ.

ત્યાર બાદ ઠરાવોના અમલ સંબંધમાં એક કામચલાઉ કમિટિ નિમવામાં આવી છે. તેમજ દશા શ્રીમાળી ભાઇઓએ પણ એજ પ્રતિજ્ઞા પત્ર ઉપર સહીઓ કરી છે, તથા કપોળ જ્ઞાતિના આગેવાન શેઠ હરીલાલભાઇ મોનદાસ અને બીજા આગેવાનો ચોરાસી નાત પાસે જમણવારો હાલતુરત બંધ કરવા માટે મહેનત કરે છે; અને કપોળની સોળવલ્લાની જ્ઞાતિએ તો નિચે મુજબ ઠરાવ પણ પસાર કરેલ છે.

૧ જમણવારો તથા પારણા સં. ૧૯૮૭ ના જેઠ શુદી ૨ સુધી બંધ રાખવા.

૨ પચીસ ટકા ઘર જમાડવાની છુટ (બહેનો, ભાણેજ, સગા પુરતું જ.)

૩ ખાંડ, સાકર તદ્દન બંધ (ગોળ વાપરવો.)

૪ પરદેશી કાપડ સં. ૧૯૮૭ ના જેઠ શુદી ૨ સુધી કોઇએ ન ખરીદ કરવું.

ઉપરોક્ત ઠરાવો કપોળ બાર વલ્લાની જ્ઞાતિ પાસે પસાર કરાવવા પ્રયાસો ચાલુ છે.

કોન્ફરન્સ બહિષ્કાર સંબંધીના વીરશાસનના પોકારની પોકળતા.

તા. ૨૧-૭-૩૦ ના મુંબઇ સમાચારમાં મારા પરનો પોતાનો પત્ર પ્રકટ કરાવી ડભોઇના સાગર પક્ષના આગેવાન જેચંદભાઇ લલુભાઇએ કોન્ફરન્સના બહિષ્કારનો નિષ્ફળ પ્રયાસ સેવ્યો છે. ડભોઇમાં જૈનોના લગભગ ૨૫૦ અઢીસો ઉપરાંત ઘરો છે તેમાં કેટલાક વખતથી બે પક્ષ વિજય અને સાગરના પડેલા છે. વિજયમાં લગભગ સવાબસો ઘર છે. જ્યારે સાગરમાં ત્રીશથી પાંત્રીશ ઘરો છે આ જવાબ ડભોઇની જૈન વસ્તીના સાતમા આઠમા ભાગ તરફનો છે કે જેમના પક્ષમાંથી કેટલાક ભાઇઓએ આચાર્ય મહારાજશ્રી વિજયદાનસુરીજીના સંઘાડામાં દીક્ષા લીધેલી હોવાથી એકાંત રામભક્ત હોવા સંભવે છે. શ્રી. રામવિજયજીના મુખ્ય શિષ્ય શ્રી જંબુવિજયજી અજ્ઞાતપણામાં ડભોઇના રહીશ તેમજ સાગર પક્ષના છે આ પરથી સમજાશે કે આ બધું દ્રષ્ટિરાગ કરાવે છે. સમાજ કંચન કથીરની પરિક્ષા સારી રીતે કરી શકે છે. એટલે વિશેષ લખવાની જરૂર નથી.

લી૦, વાડીલાલ મગનલાલ વૈદ્ય,
પ્રાંતિક સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,
વડોદરા. તા. ૨૨-૭-૩૦

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

ચાલુ લડત.

અઠવાડીયાના બનાવો.

ગયા અઠવાડીયામાં ચાલુ રાજકીય લડતને અંગે કેટલાએક ખાસ બનાવો બનેલા છે. બહિષ્કાર સમિતિએ જે કાર્યક્રમ અઠવાડીયા માટે ગોઠવ્યો હતો તે સફળતાપૂર્વક પાર ઉતાર્યો છે. સરદાર વલ્લભભાઇના ભાષણે જૈન પ્રજાને આ લડતમાં ફાળો આપવો તે જૈન તરીકે સાચા જૈન તરીકેનું, ધર્મી જૈન તરીકેનું પ્રાથમીક કર્તવ્ય છે તે સ્પષ્ટ સમજાવેલું છે ખાદી પ્રચારને અંગે વ્યવહારૂ કાર્યની પ્રેરણા જૈન સમાજમાં થાય તેને માટે બહિષ્કાર સમિતિ તરફથી કેશવબાગમાં બોલાવામાં આવેલું રેંટીયા પ્રદર્શન સારો ફાળો આપશે અને જૈન એનો તેનો સારી રીતે લાભ લેશે એવી અમે આશા રાખીએ છીએ. લડતને અંગે દુઃખ ભોગવનારાઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. જેલમાં જનારાઓની સંખ્યા દરરોજ વધતી જાય છે. બીજા પ્રાંતોમાં દમનનીતિ જોરશોરથી ચાલુ છે તેવા પ્રસંગોમાં જમણવારોને ચાલુ રાખવા જૈન જેવી દયાળુ કોમ સહન કરી શકે નહિ આમાં વ્યકિતના ખાવાપીવાનો પ્રશ્ન આડે આવતો નથી ટ્રસ્ટીઓના હક્ક તથા ફરજનો સવાલ પણ આડે આવતો નથી. જમનારાઓ ન જમવાની સંમતિ દર્શાવે તોજ આ જમણવાર રોકાઇ શકે તેવી દલીલ આ જમાનામાં સ્વીકારી શકાય તેવી રહી નથી. અને જમણવારને ધાર્મિક વિશેષણ વળગાડી જે કોઇ બંધુઓ જમણવાર બંધ થાય તો ધર્મના કોઇ મહાન સિદ્ધાંતનું ખૂન થઇ જશે એવું મનાવી જમણવાર ચાલુ રાખવા ઇચ્છતા હોય તો તેને સમાજ ટેકો આપે તે બનવાજોગ નથી. યુવક સંઘ કે કોન્ફરન્સ આ ચળવળ ઉપાડે એટલે આપણે તેને તોડી પાડવી એવી ભાવના રાખી કોઇ જૈન ભલે તે નવા વર્ગનો હોય કે જુના વર્ગનો હોય. જમણવારને ચાલુ રાખવાની તરફેણમાં પોતાનો વિચાર શ્રી ગોડીજીના સંઘની મિટિંગમાં દર્શાવશે નહિ. બીજી બધી બાબતમાં ગમે તેટલો મતભેદ હોય છતાં રાષ્ટ્રિય લડતને અંગે બન્ને પક્ષ સરખાજ રસ લે છે. આવી જે ઉકિતઓ ઉચ્ચારાય છે તેને અમલમાં મૂકવાનો પ્રસંગ આવ્યો છે માટે પક્ષાપક્ષીના આધારે ચર્ચવામાં આવશે નહિ. આ સવાલને ગોડીજીના દેરાસરના ટ્રસ્ટીઓ તરફથી ગોડીજીના શ્રી સંઘની મિટિંગ આ સવાલની ચર્ચા કરવા બે ત્રણ દિવસમાં બોલાવવામાં આવનાર છે તેમાં દરેક સમજુ યુવાન સારી સંખ્યામાં ભાગ લેશે ને આવા સમયમાં જમણવારો નહિ કરવાનો ઠરાવ પાસ કરશે. આથી આપણા તપ વ્રત વગેરેને કોઇ અટકાવવાનું કહેતું નથી. પારણા હોય તોજ ઉપવાસ થઇ શકે એવી કોઇ દલીલ કરશો નહિં. આ ઠરાવો આપણે એકજ કરીએ છીએ તેમ નથી. સ્થાનકવાસી બન્ધુઓએ કલકત્તા વગેરે સ્થળે ઠરાવો કરીને આપણને દૃષ્ટાંત પુરૂં પાડયું છે. આપણા કેટલાક સાથવાળાઓએ પણ આ બાબતમાં ઠરાવ કરેલ છે. બીજા દેશાવરોમાં પ્રયાસો ચાલુ છે. શ્રી ગોડીજીના શ્રી સંઘે પોતે ઠરાવ કરી અન્ય દેશાવરોના સંઘને દાખલા રૂપ થવું જોઇએ. સમગ્ર હિન્દી પ્રજા પાસે આપણી કસોટી થતી આવી છે તે કસોટીમાં હાલની ચળવળમાં ભાગ લઇ આપણે પાર ઉતર્યા છીએ. હવે આ જમણવારના પ્રશ્નને અંગે અન્ય કોમોને આપણા ત્યાગધર્મનું દૃષ્ટાંત પુરૂં પાડીશું. જો ધર્મના સિદ્ધાંતનો ભંગ ન થતો હોય તો પછી કોઇ બંધુઓ જે પ્રામાણિકપણે આ બાબતમાં અન્યથા મત ધરાવતા હોય તેઓ પણ સમગ્ર દેશના હિતની ખાતર, આપણા જેલમાં ગયેલા શહીદોની ખાતર, પોતાના મતનો આગ્રહ છોડી દેશે ને સર્વાનુમતે જમણવાર બંધ કરાવવાનો ઠરાવ પસાર કરાવવામાં સહાયતા કરશે.

શ્રી સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિ.

—:o:o:o:—

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી નિમાએલી શ્રી સ્વદેશી પ્રચાર અને બ્રીટિશ બહિષ્કાર સમિતિના આશ્રય હેઠળ ગયા અઠવાડિઆમાં પણ જુદે જુદે સ્થળે જાહેર સભાઓ મળી હતી. સ્ત્રીઓની એક સભા શ્રી આદેશ્વરજીની ધર્મશાળામાં તા૦ ૨૨-૭-૩૦ ના રોજ સૈા. મંજુલા બ્હેન અંજારીઆના પ્રમુખપણા હેઠળ મળી હતી. સ્ત્રીઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રમુખે તથા પંડિત આણંદજીએ સ્વદેશી પ્રચાર માટે સમયોચિત અસરકારક ભાષણો કર્યા હતા.

બીજી એક જાહેર સભા બારેક બજારના મેદાનમાં તા૦ ૨૩-૭-૩૦ ના રોજ વિલેપારલેની સત્યાગ્રહ છાવણીના પ્રમુખ શેઠશ્રી અબદુલ્લાભાઇના પ્રમુખપણા હેઠળ મળી હતી. જૈન તેમજ જૈનેતરો મ્હોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. પ્રમુખશ્રીએ બ્રીટિશ રાજ્યની સ્થાપના કયા સંયોગો વચ્ચે અને કેવી રીતે થઇ તે સંબધે લંબાણપૂર્વક વિવેચન કર્યું હતું અને બ્રીટિશ રાજ્યની સ્થાપના પછી હિંદના હુન્નર, ઉદ્યોગ, વ્યાપાર આદિપર થએલ માઠી અસરની સમજણ આપી સ્વદેશી પ્રચાર કરવા ભલામણ કરી હતી. તે પ્રસંગે કોંગ્રેસની બહિષ્કાર સમિતિના મંત્રી શ્રી ગોરધનદાસભાઇએ પણ ખાદી અને સ્વદેશી વસ્ત્રો વાપરવા અપીલ કરી હતી. શેઠ લલ્લુભાઇ કરમચંદે પધારેલા ગૃહસ્થોનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી હતી.

સ્ત્રીઓની એક જાહેર સભા તા૦ ૨૪-૭-૩૦ ના રોજ શ્રી કચ્છી દશા ઓશવાળ વાડીમાં બોલાવવામાં આવી હતી. પ્રમુખપદ શ્રીમતી લીલાવતી બેકરને આપવામાં આવ્યું હતું. પ્રમુખે સ્વતંત્રતાનું એક માત્ર સાધન સ્વદેશી છે એના ઉપર વિવેચન કરી તકલી, સુતર અને રેંટીયો કાંતવા અપીલ કરી હતી. ઉક્ત પ્રસંગે પંડિત આણંદજી તથા શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલે પરદેશી કાપડનો બહિષ્કાર કરવાની તથા સ્વદેશી કાપડજ વાપરવાની અરજ કરી હતી.

રેંટીયા પ્રચારક પ્રદર્શન તા૦ ૨૫-૭-૩૦ ના રોજ કેશવબાગ પ્રિન્સેસ સ્ટ્રીટમાં જાણીતા શહેરી અને કોરપોરેટર શ્રી શેઠ વિઠ્ઠલદાસ દામોદર ગોવીંદજીના હસ્તે ખુલ્લું મુકવાની ક્રીયા કરવામાં આવી હતી. પ્રદર્શન વ્યવસ્થાનું કાર્ય શ્રી નવજીવન સંઘે ઉપાડી લીધું છે. પ્રદર્શનમાં જુદા જુદા દશ બ્લોક કપાસ અને રૂની સમજણથી સુતર અટેરણ ઉપર ઉતારવાની જુદી ૨ ક્રિયાઓની સમજણ આપવા, રાખવામાં આવ્યા છે. પ્રદર્શનમાં ભાગ લેનારને 'કાંતવા અને પીંજણની માહિતી' નામક પુસ્તક પણ ભેટ આપવામાં આવે છે. જનતા સારી સંખ્યામાં ભાગ લઇ રહી છે.

સમિતિ સમક્ષ ડો. ભાષ્કર એમ. ડી.એ ખાદી અને રેંટીઆ પ્રચારની યોજના સમજાવી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલે સમજાવેલ અહિંસાના મર્મ.

કૉન્ફરન્સની સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિના આશરા નીચે મળેલી જંગી સભા.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી નિમાયેલ સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિના આશરા નીચે રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઇ પટેલનું જાહેર ભાષણ સોમવાર તા૦ ૨૧-૭-૩૦ ના રોજ કાનજીભાઇની વાડીમાં ગોઠવવામાં આવ્યું હતું.

સરદાર સાહેબને સાંભળવા લાખો માણસોની મેદની મળી હતી. લાઉડ સ્પીકરો ચારે બાજુ ગોઠવવામાં આવ્યા હતા છતાં માણસોની ભીડ ઘણી સખત હતી જુદાં જુદાં સ્વયંસેવક મંડળો કામ કરતાં નજરે પડતા હતા. જ્યારે ખાસ કરીને યંગમેન્સ સોસાયટીની કૉર ગેરહાજર હતી. તેમજ જૈન આગેવાનોની હાજરી ઘણી સારી સંખ્યામાં હતી. પરંતુ રામભક્તોમાંના ગણ્યાગાંઠ્યા ગેરહાજર રહ્યા હતા. સ્ત્રી વર્ગની સંખ્યા પણ ઘણી મોટી હતી.

સરદાર સાહેબ આવ્યા પહેલાં સુંદર રાષ્ટ્રગીતો ગવરાવવામાં આવ્યાં હતાં અને લોકો તે ઉત્સાહભેર ઝીલતાં હતાં ઈન્કીલાબ-હિન્દુસ્તાન-નૌજવાન-કૉન્ફરન્સ ઝીંદાબાદના ગગન ભેદી પોકારો થયા કરતા હતા

સભા શરૂ થતાં સમિતિના માનદ્ મંત્રી શ્રીયુત્ ચીનુભાઇ લાલભાઇએ જણાવ્યું હતું કે આ સભા કૉન્ફરન્સ તરફથી નિમાયેલ સ્વદેશી પ્રચાર અને બ્રીટીશ બહિષ્કાર સમિતિ તરફથી બોલાવવામાં આવી છે. રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઇએ અમારી વિનંતિ માન્ય રાખી અમોને આભારી કર્યા છે. હવે હું તેઓશ્રીને મહાસભાનો સંદેશો સંભળાવવા વિનંતિ કરૂં છું.

સરદાર વલ્લભભાઇએ ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે આટલા બધા જૈન ભાઇઓ અને બહેનોને મળવાના આ પ્રસંગથી હું રાજી થયો છું. મને ઘણો ઓછો વખત મળી શકે તેમ હોવા છતાં, જૈનો તરફના પ્રેમની વાત સાંભળીને અહિંઆ દોડી આવ્યો છું. મારે જૈનો સથે ઘણો નીકટનો સંબંધ છે. જૈનોનું મુખ્ય શહેર અમદાવાદ છે તે મારૂં ઘર છે અને જૈનો સાથેના મારા ગાઢ સંબંધને લીધે, તેમની વચ્ચે હોઉં છું ત્યારે ઘરમાં બેઠો હોઉં તેમજ લાગે છે.

દેશની આઝાદીની લડતમાં તમે જે રસ લ્યો છો તે જાણી હું રાજી થાઉં છું. પરંતુ મુબઇ પ્રજાને હું સાફ વાત કહું છું. કદાચ તેમાંથી કડવું પણ લાગે છે. છતાં મારો સ્વભાવ તમે જાણો છો. વળી હું તો ઘરનોજ માણસ છું એટલે કડવી વસ્તુ કહેવા માટે ખોટું નહિ લગાડો. ગયા વખતે વેપારી વર્ગમાં મારા ભાષણ પરથી ગેરસમજ ફેલાવવા પ્રયત્નો થયા હતા. પરંતુ તુરત સર્વ ભાઇઓ ખરી બીના સમજી ગયા હતા.

અહિંસાના પ્રચારક વ્યક્તિ પાસે ગરદન ઝુકયા વિના નહિ રહે.

આપણે સર્વ એકજ વસ્તુ ઇચ્છીએ છીએ અને તે ધર્મનો સિદ્ધાન્ત-અહિંસા પરમો ધર્મ: તે જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાન્ત છે. તેનો હિન્દુસ્તાનના જગો જગોએજ નહિ પરંતુ દુનિયામાં પ્રચાર કરનાર મહાન્ વ્યકિત મહાત્મા ગાંધીજી છે કદાચ કોઇ ભરમાવે અથવા તો તર્કથી વાતો કરે તેથી અથવા તમારો સ્વાર્થ હોય અથવા તો કોમળતા હોય તેને લીધે આ માર્ગે ઝુકી ગયા ન હો. પરંતુ જ્યાં જૈનોના મુખ્ય સિદ્ધાન્ત અહિંસાનો આખી દુનિયામાં ફેલાવો કરનાર પાસે ઇચ્છો કે ન ઇચ્છો તો પણ ગરદન ઝુકયા વિના રહેવાની નથી. તમે હવે તો એટલા બધા જાગૃત થયા છો કે મારા જેવા સિપાઇને સાંભળવા આવ્યા છો. હું કાંઇ સાધુ નથી તેમજ સિદ્ધાન્તોનો મોટો અભ્યાસી નથી. પરંતુ જે વ્યકિત અહિંસાનો વધારેમાં વધારે પ્રચાર કરે છે તેનો સિપાઇ છું. તેથીજ મને સાંભળવા માટે તમે બધા આવ્યા છો આનંદનો વિષય તો એ છે કે જૈન ધર્મના સિદ્ધાન્તનો આટલો પ્રચાર ગુજરાતમાંથી પેદા થયો છે. જે અહિંસા ગુજરાતની હવામાં ફેલાઇ રહી છે તે જૈન ધર્મનો પ્રભાવ છે. તે વ્યકિતનો જન્મ પણ ગુજરાતમાં છે. અહિંસા પરમો ધર્મ: કબૂલ કરવો સહેલો છે. પરંતુ મનથી, વચનથી અને કાર્યથી મુશ્કેલ છે.

ફકત વાણીમાં કિમ્મત નથી, આચરણમાં કિમ્મત છે.

અહિંસા માટે વ્યાખ્યાનો ઘણાં થાય છે. તે માટે પંડીતોનો તોટો નથી. અમારા હિન્દુઓમાં કાશીના પંડીતો ઘણા છે અને જીંદગી સુધી વ્યાખ્યાનો આપે છે. એ તો પ્રોફેસરોનો ધંધો થયો. પરંતુ પાલન કરનારા કેટલા છે? ધર્મ કાંઇ થોડા સાધુ માટે કે મહાત્મા માટે નથી. ધર્મ તો તો દરેક વ્યકિત માટે છે. આખા જગતને માટે તે સિદ્ધાન્ત છે. એટલે તેવો વ્યવહાર ધર્મ હોવો જોઇએ. તેવો વ્યવહાર ન હોય તેટલો તે અપૂર્ણ છે. એક વ્યકિત તેનું પાલન કરે છે તો કરોડો માણસોપર અસર થાય છે. પરંતુ તે તેમના વ્યાખ્યાનથી થતી નથી. પરંતુ તેના પાલનથી થાય છે. કારણ કે તે સિદ્ધાન્ત તેને રગેરગમાં ઉતારેલો છે.

મહાત્માજીએ કહ્યું છે કે "હું મહાત્મા નથી. માટે કોઇ મહાત્મા ન માનશો. મારામાં ઘણી અપૂર્ણતાઓ છે." અને જો અપૂર્ણતા ન હોય તો તિર્થંકરજ કહેવાયને-તેમનામાં એટલી અપૂર્ણતા છતાં, તેમનામાં જેટલી પૂર્ણતા છે તેટલી બીજામાં નથી અને બીજા કરતાં જરૂર તેમનામાં વિશેષ પૂર્ણતા છે. પરંતુ જ્યાં અભિમાન છે ત્યાં ધર્મ નથી પણ અભિમાન છે ત્યાં પાપ છે. ગાંધીજી કહે છે કે હું અપૂર્ણ

છું અને તે સુધારવા સતત પ્રયત્ન કરું છું, તેઓ અપૂર્ણતા કબુલ કરે છે. તેની કોઇ નાની ત્રુટી તમને દેખાય તો તેને પર્વત જેવડું મોટું રૂપ આપી–કાગનો વાધ કરવાનો દ્રોહ ન કરશો. તે તો કુવાનું દેડકું સાગરના મગરમચ્છ સામે પડે છે તેમ દેખાશે. તેમણે આશ્રમમાં એક વાછડો માર્યો. તેટલી કદાચ તેમની ત્રુટી ગણો. પરંતુ તેઓ મન, વચન અને કાર્યથી જે અહિંસા પાળે છે તે જોતાં તમારામાં અને તેમનામાં આસમાન જમીનનું અંતર છે.

શુદ્ધ દીલથી તેઓ જે દુનિયામાં અહિંસાનો પ્રચાર કરી રહ્યા છે તેની નીંદા કરી તમારા માલની–અહિંસાની કિમ્મત વધે તેમ કરશો કે હલકી કરશો? તે તમે વેપારી હોવાથી સારી રીતે સમજી શકશો. તેઓ અહિંસાનો જે પ્રચાર કરી રહ્યા છે તેવો કોઇથી થઇ શકશે નહિ. તેઓ જે કાર્ય કરે છે તે શુધ્ધ વિચાર અને શુધ્ધ ભાવનાથી કરે છે અને એટલી તો ખાત્રી રાખજો કે જાણી જુઇને હિંસા થતી હોય તે વખતે પોતે પહેલા પ્રાણ આપશે. આ સંબંધી તેમના માટે દુનીયામાં બે મત નથી.

તિર્થંકર અને બીજા વચ્ચે આવી બીજી વ્યકિત નથી

આજે તેઓ અંગ્રેજ સાથે લડે છે. પરંતુ તેઓને તેમના જેવો લડનારો હજુ સુધી મળ્યો નથી અને મળવાનો નથી. અમે ઘરબાર સળગાવ્યું. માબાપ તરીકેનું–કુટુંબનું–સર્વ સુખ છોડીને બેઠા છીએ, તે કાંઇ અમે આંધળા નથી. અમે પણ દુનિયા જોઇ છે, પરંતુ કાંઇ ખાત્રી થઇ છે તેટલા માટે તેમની પાછળ પડયા છીએ; અને માથું મુકીએ છીએ. હિન્દુસ્થાનની બહાર પણ અને અંગ્રેજોમાં સુધ્ધાંત ઘણા માણસોને તેમના માટે માન છે તેટલું બીજા કોઇ પર માન નથી. તેમણે તો હિંસાની સામે, અહિંસાથી દુનિયાની આંખ ખોલી નાંખી છે. આ જગત તો આસૂરી પ્રવૃત્તિથી ભરેલું છે અને હિંસા–સંહારક શકિત પર નિર્ભર છે. આવી સંહારક શકિત અંગ્રેજ જેટલી કોઇ પાસે નથી. આકાશ, પાતાળ અને સમુદ્રને વશ કરે તેટલી સામગ્રી ફકત એકજ વ્યકિતમાં છે. તેના મુઠી હાડકાં તો ખીસ્સામાં મૂકી શકાય. તેવી વ્યકિત આજ સલ્તનતને કંપાવે છે, તેનું હથિયાર જૈનોનો મૂળ સિધ્ધાન્ત–અહિંસા છે–મને તેવી વ્યકિત બતાવો તો હું તેમને તિર્થંકર તરીકે નમવા તૈયાર છું.

આટલો ધર્મનો પ્રચાર કરનાર–આટલી તપશ્ચર્યા કરનાર તિર્થંકરની અને બીજી વ્યકિતઓની વચ્ચે બીજો કોઇ નથી. માટે આંતર દૃષ્ટિ કરો અને પછી બૂસો કાઢો. વિલાયતની અંદર કે યુરોપના તમામ દેશોમાં વિદ્વાનો છે ત્યાં જાઓ અને તપાસો કે આજે સર્વ હિન્દુસ્તાન માટે શું માને છે, તેને આ બધું કોણે ઓળખાવ્યું? તેઓ તો સંહારક શકિતની હરીફાઇના ઉપાયો શોધતા હતા, પરંતુ હવે તેમને લાગે છે કે સાચો ઉપાય તો હિન્દુસ્તાનના અત્યારના પ્રયત્નમાંજ છે.

"માણસનો પ્રાણ બચાવવો તે મુખ્ય ધર્મ છે."

અહિંસા એટલે પ્રાણી માત્રનો પ્રાણ બચાવવો. ઘણા જૈન ભાઇ બ્હેનો કીડીનાં દર પર લોટ નાખે છે, પક્ષીને અનાજ નાખે છે, વાંદરાને રોટલા નાખે છે, વિગેરે જીવજંતુની રક્ષા કરે છે તો હિન્દુસ્તાનમાં કરોડોના ભૂખમરાને લીધે પ્રાણ જતા હોય–આબરૂ સાચવવા પૂરતાં વસ્ત્ર પણ ન હોય, અને તે ખરા જૈનની આંખ સામે ભૂખે મરે છે, ત્યારે તમારો ધર્મ શો છે? હું ખાત્રી આપું છું કે આજે લાખો માણસો ભૂખે મરે છે, હાડપીંજર થઇને રીબાઇ રીબાઇને મરે છે, રાત દીવસ પીડાઇને મરે છે. ભૂખમરાનું દુઃખ તો અનુભવીજ સમજી શકે. ભૂખ શું છે તેનો મને જેલમાં કાંઇક અનુભવ થયો. શારિરીક ઇજા ન થાય તેટલા માટે હું ઓછો ખોરાક લેતો. ફકત અનાજ જોઇએ તેવું ન મળવાથી ૧૫ શેર વજન ઘટયું. મારા સાથીઓ તો ૨૫–૩૦ રતલ ઘટયા છે. તેમને સર્વને અનુભવ મળ્યો છે. સ્વ૦ દાદાભાઇ વિગેરે પણ કહી ગયા કે હિન્દુસ્તાનમાં ભૂખમરો છે, તે અસહ્ય છે. દરેક વ્યકિતમાં ઇશ્વરનો અંશ છે તેને જીવાડવા જોઇએ. અંગ્રેજના રાજ્ય પહેલાં આ સ્થિતિ ન હતી. ઘી, દુધ, અનાજ વિગેરે પુષ્કળ હતાં. પરંતુ પરદેશીઓએ મુખ્ય ઉદ્યોગનો નાશ કર્યો અને તે ઉદ્યોગ જેથી વિધવાને પણ બે આના મળે–તે સુતર કાંતવાનો હતો. તેના નાશ સાથે કરોડોનો ભૂખમરો છે. માટે તેનો પુનરોદ્ધાર કરવાનો આપણો ધર્મ છે.

ગન્તુરમાં કલેકટરનો કાયદો જુઓ. ગાંધી ટોપી લઇ લે અને સળગાવી દે. લાઠી પણ મારે. તે ઉપરાંત જેલમાં મૂકે. આ બધું શા માટે? કારણ એ છે કે તેમના પૂર્વજોએ એજ કામ કર્યું છે–ઇસ્ટ ઇન્ડીઆ કું૦ અહિંઆ આવી તે વખતે તો તેના લોકો નાગા ફરતા હતા. તે આવ્યા ત્યારે રેંટીઆને લીધે હિન્દુસ્તાનમાં આબાદી હતી. તેમણે તો વિચાર કર્યો કે ૩૩ કરોડ માણસને માણસદીઠ ૧૦ રૂપીઆનું કાપડ પહેરાવે તો હિસાબે કેટલા રૂપીઆ મળે? તે ગણત્રીએ રેંટીઆનો નાશ કર્યો. તે વખતે પણ ઢાકામાં અંગુઠા કાપ્યા હતા. આજે તેની સાતમી પેઢીએ તે ગન્તુરમાં મેજીસ્ટ્રેટ થઇને બેઠો છે, જેથી તકલી ચલાવવા માટે પણ જેલમાં જવું પડે છે.

એક ભાઇએ મને કહ્યું કે શું મૂછાળા તે રેંટીઓ કાંતે? ભાઇઓ કાંતે. મેં જવાબ આપ્યો કે ગન્તુરમાં જઇને રેંટીઓ કાંતી જુઓ એટલે તુરત ખબર પડશે. ગન્તુરમાં રેંટીઓ ચલાવવો–જેલમાં પણ રેંટીઓ ચલાવવો, તે તો શમશેર કરતાં પણ વધારે કઠીન છે તે ભાઇનું કામ નથી, સતીનું કામ છે. એ ઉદ્યોગ નાશ પામ્યો ત્યારે તો મુળજી જેઠા માર્કીટ બની, અને તમે અત્રે આવ્યા અને ફસાયા અને રેંટીઆમાં પાપ છે તો કરોડોના ભૂખમરા કરતાં બીજું વધારે કયું પાપ છે? તમારા વેપારથી તમારી નજર આગળ કરોડો ભૂખે મરે તો તમારો ધર્મ શું? રેંટીઓ હાથમાં લ્યો અને ધર્મનો વેપાર કરો અને કામધેનુનો સાથ કરો.

અહિંસા પરમો ધર્મ કહેવો રહેવો છે પણ પાલન કહેણ છે. શા માટે મહાત્માજી પર તોપ નથી ચલાવતા. તેમણે તો જગતમાં કામ કરી દીધું છે. તેઓ જાણે છે કે હવે તે મરે કે ન મરે, તે સર્વ સરખું છે. તે તો અમર થઇ ગયા. એ તો હવે ભગવાન કૃષ્ણના સુદર્શન ચક્ર જેવું થઇ ગયું છે.

કરોડોના ભૂખમરા ટાળવાનો ઉપાય તેમને મળ્યો છે. મને બતાવો કે તેનો ઉપાય કરનાર કરતાં બીજો મોટો કોણ અહિંસક છે? બીજો કોઇ નથી. આપણે તો તે યુગમાં

જન્મ્યા છીએ કે જ્યારે જીવનમાંથી અહિંસા લઇ શકીએ તેવી તપશ્ચર્યા–તેવી ધર્મપરાયણતાવાળી વ્યક્તિના દર્શન થઇ શકે છે

હવે મારે જૈન બ્હેનોને ખાસ કહેવાનું છે. હું તેમના પરિચયમાં આવ્યો છું. જૈન બ્હેનોમાં અતિશય ધાર્મિકભાવ અને શ્રધ્ધાનો તો પાર નથી. સાધુને વહોરાવવાની ભાવના અને બીજી ઘણી ઉમદા ભાવના જોવામાં આવે છે. તેમજ તેમના જેવાં બારીક કપડાં પહેરનાર પણ બીજી કોઈ કોમ નથી. બારીક કપડાં પહેરવાની હરીફાઇ દેખાય છે. તમે મૂળ વસ્તુ કેમ ભૂલો છો. આ કપડાંમાંથી કરોડોનો ભૂખમરો થાય છે, તેમાં મહાપાપ છે. બારીક કપડાંથી તો સામા મળનારની ભાવના પણ ખરાબ થાય છે. તેમાં ધર્મનો પ્રચાર નથી પરંતુ તેથી તો ધર્મનો નાશ છે. કપડાં તો એવાં શોભે કે જેથી સામાને માતા–બ્હેન કે બેટીનો ભાવ ઉત્પન્ન થાય. તો આ સડો કયાંથી પેઠો? હું તમને તમારા સગા ભાઇ તરીકે કહું છું કે તમે આ પાપ કરો છો. કપડું તો એવું પહેરો કે વસ્ત્ર પહેરતાંજ આપણને લાગે કે વસ્ત્ર પહેર્યું. આ તો એવાં બારીક વસ્ત્ર પહેરો છો કે તમને પણ ખબર નથી પડતી કે તમે વસ્ત્ર પહેર્યાં છે. તેવાં કપડાંમાં ધર્મને નામે અધર્મ નહિ તો બ્હેમનું સ્થાન તો જરૂર છે. પાપ કરીને સાધુ પાસે જઇને કે મંદીરમાં જઇને કે તીર્થ સ્થળે જઇને કે ગંગાસ્નાન કરીને પાપ ધોઇશું તે વાત તદન ખોટી છે. જે પાપ કરશું તે ભોગવવુંજ પડશે. આપણે તો ભોગવશું. પરંતુ તેનો વારસો આપણા બાળકોને પણ આપતા જઇશું. દેશસર તો હવેથી ફરીથી પાપ નહિ કરીએ તે માટે છે. નહિ કે કાલનું પાપ ધોઇ નાખ્યું. માટે હવે નવેસરથી ફરીથી પાપ કરવા બેસો. તો બધું ભોગવવુંજ પડશે તે યાદ રાખજો. ચાંદલો તો બાહ્ય ચિન્હ છે. ખરો ચાંદલો હૃદયમાં થવો જોઇએ. હૃદયની પવિત્રતા વિના ચાંદલો નહિ શોભે. તેથી કદાચ જગતને ઠગશો. પરંતુ પરમેશ્વર તેથી નહિ ઠગાય. માટે તમારા ધનનો સદુપયોગ કરો. બાહ્યાચાર છે તે તો નાના વૃક્ષને જેમ વાડ રક્ષા માટે છે તેમ રક્ષા માટે છે. પરંતુ મોટા વૃક્ષને વાડ નથી જોઇતી એટલે તે બાળક માટે છે હવે તો તમે મોટા થયા છો. તિર્થંકર થવા ધારો કે મહાત્મા થવા ધારો તો થઇ શકો. નહિતર તો મુખમે રામ, બગલમેં છુરી જેવું લાગે છે. તમે પાપનો બહિષ્કાર કરો અને પુન્યનો સહકાર કરો. સુંદર કપડાં બનાવો અને ગરીબને આપો.

જૈન કોમ જેવી સાહસીક કોમ મેં જોઇ નથી. આટલું સાહસ, કુશળતા, હિન્દની મુક્તિ માટે વાપરીને ઉદ્યોગને સજીવન કરો. તમે કલ્યાણ કરી શકશો તેમાં જૈન ધર્મનું પાલન છે અને તેની વાહવાહ થવાની છે. માટે તે પ્રમાણે વર્તવું તે તમારૂં કામ છે.

૮૪ લાખ અવતાર છે. વહેલા મરીએ કે જેથી ઘટમાળનો જલદી અંત આવે. જેની મમતા છે તે દેહ તો માટીનું પૂતળું છે. બારીક કપડાંથી શોભીતાં કરીએ છીએ તે રહેવાનો નથી. પછી તે રાજા હોય, રંક હોય, સાધુ હોય, ગમે તે હોય, દરેકને મરવાનું છેજ. તો પછી મરણનો ડર શા માટે? જે આપણને છોડનાર નથી તો તેનો ભય શા માટે? મરણથી ડરવાવાળો જૈનજ નથી. અંદરની વસ્તુને તો કોઇ મારનારજ નથી. તેપ પણ મારી શકે તેમ નથી તો લાઠીથી કે ગોળીથી બીહે તેને શું કહું? આજે લડાઇમાં તમે સાચા જૈન હો તો દાખલ થઇ જજો. નિર્માણ વખતે મરણ જરૂર આવશે. તેમાં કોઇ સરકાર પણ ફેરફાર કરી શકશે નહિ રશીઆના ઝારને પણ રખડીને મરવાનું બન્યું. તો વસ્તુતઃ ધર્મ સમજી ભય કાઢી નાખવો જોઇએ. ગાંધીજી કહે છે કે સામી લાકડી પણ ન ઉપાડવી. ફકત અદબ વાળીને ઉભા રહો. સાથ ન આપો. તો આ રાજ્યનો ૨૪ કલાકમાં ભૂકો થાય.

શાસન પક્ષનો વરઘોડો.

પાટણની કોર્ટમાં મંડાયેલી ફરીયાદ.

શ્રીમંત સરકાર ગા. વિ. પાટણ સા. હો. ન્યાયા વર્ગ ૧, ગુ. મુ. નં. ૧૩૨૪/૮૬

ફરિયાદી.

શા. ભોગીલાલ હાલાભાઈ જાતે જૈન ઉ. વ. ૫૦ ધંધો વેપાર, પાટણ.

આરોપીઓ.

૧. શા. પોપટલાલ હેમચંદ. ૨. શા. લલ્લુચંદ ડાહ્યાચંદ. ૩. શા. ડાહ્યાચંદ નગીનદાસ. ૪. શા. નાનાલાલ મગનલાલ. ૫. શા. મંગલદાસ નાગરદાસ. ૬. શા. ખુમચંદ લલુચંદ. ૭. શા. ગભરૂચંદ ડાહ્યાચંદ. ૮. શા. લલુચંદ પાનાચંદ. ૯. શા. જીવાચંદ છગનલાલ. ૧૦. શા. જેસીંગલાલ પૂનમચંદ. ૧૧. શા. ભોગીલાલ નાગરદાસ. ૧૨. શા. ચુનીલાલ મગનચંદ. ૧૩. શા. બાલુભાઇ ચુનીલાલ. ૧૪. મણીઆર વાડીલાલ લલુચંદ. ૧૫. અમૃતલાલ સુરજમલ. ૧૬. શા. રતનચંદ માણેકચંદ. ૧૭. શા. પ્રેમચંદ દેવચંદ. ૧૮. શા. ગભરૂચંદ વાડીલાલ. ૧૯. શા. કેશવલાલ મંગળચંદ. ૨૦. શા. ભીખાચંદ સાકલચંદ. ૨૧. શા. ડાહ્યાચંદ પાનાચંદ. ૨૨. શા. લેહેરૂચંદ ચુનીલાલ કોટવાળ. ૨૩ શા. મફતલાલ ડાહ્યાચંદ આલમચંદ. ૨૪. શા. શાન્તીલાલ મૂળચંદ. ૨૫. શા. ગભરૂચંદ ન્યાલચંદ ૨૬. ગોર ગોરધન ત્રીકમ.

આ રાજ્યે કપડાંના મોહમાં નાંખી, ભૂખમરો ઉભો કર્યો, સ્કુલો અને કોલેજો ગુલામોનાં કારખાના બન્યા. ભયની કોળવણી આપી નામર્દ બનાવ્યા. એટલે મારૂં ચાલે તો ઠરાવું કે કોલેજમાં ભણે તેને કન્યાજ ન આપવી. કારણ કે નામર્દને શા માટે પરણવું જોઇએ.

અમે પોલીસને સલાહ આપી કે તમે અમારા ભાઇઓ છો. અમે હિન્દુસ્તાનના કલ્યાણ માટે મહેનત કરીએ છીએ. તેમાં નૌજુવાનો કામ કરતા હોય તેને લાકડી મારવાનું કહે તો ન કરવું. છતાં તમને લાઠી મારવાનું કહે તો કહેજો કે સરકારના કાયદા પ્રમાણે પણ લાઠી મારી શકાય નહિ. બીજું લશ્કરમાં સિપાઇ છે તેને ખબર આપવી કે નિઃશસ્ત્ર પ્રજાને બંદુક મારવાનું પાપ ન કરશો. ક્ષત્રીય હથીયાર વિનાનાને કદી ગોળી ન મારે. તે કહેવા માટે પંડિત મોતીલાલ નેહરૂને જેલમાં મૂકયા આવી સીધી વાત તો મારા પડોશમાં સિપાઇને દરરોજ કહું, પેટના સાધનમાં ખરૂં સુખ નથી. લક્ષ્મીમાં પણ નથી. ખરૂં સુખ આત્માની શાન્તિમાં છે. તે જૈનો નહિ એળખે તો કોણ ઓળખશે.

પારકાની નીંદા જેટલું બીજું કોઇ મોટું પાપ નથી. જૈન જન્મથી નથી ધર્મ પાળે તે ખરો જૈન. પાળે તેના બાપનો ધર્મ છે. તેનું પાલન કરનાર જગત્‌ને સાચો સિધ્ધાન્ત ઓળખાવનાર છે. હું તો કહું છું કે તમે કોઇની નીંદા ન કરશો અને પાપનો પોટલો ન બાંધશો.

છેવટમાં સરદાર સાહેબે જણાવ્યું કે મેં તમને પ્રેમથી કહ્યું છે. પોતાનો થઇને કહ્યું છે. માટે દુઃખ ન લગાડતા મારી ભાવના વિચારજો અને આચારમાં ઉતારજો. ઇશ્વર તમારૂં કલ્યાણ કરે.

શ્રીયુત્ મકનજીભાઇએ સરદાર વલ્લભભાઇનો ઉપકાર માનતાં જણાવ્યું કે કોઇ પણ મુનિના વ્યાખ્યાન કરતાં આજનું ભાષણ શ્રેષ્ટ છે મહાત્મા ગાંધીજીને હું ખરા જૈન માનું છું અને તેમની ફિલસુફી જૈન ફિલસુફી છે નજદીકમાં આવતા તહેવારોમાં સ્વદેશી કપડાંજ પહેરીને સર્વ દેરાસર જશે અને વિદેશી કાપડ નહિજ ખરીદે. તે મુજબ વર્તનમાં મુકશે તોજ સરદાર સાહેબનો પરિશ્રમ યોગ્ય ગણાશે.

આરોપ.

કે. ની. ક. ૫ ૨૫૯-૩૬૯ મુજબ.

૨) ફરીયાદી ફરીયાદ કરૂં છું કે–

(૧) પાટણના જૈન શ્રાવકોની વીસાની ત્રણ ન્યાતો તથા દશાની ત્રણ ન્યાતો છે. સિવાય ઇતર ન્યાતોમાં જેઓ જૈન શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક ધર્મ પાળે છે તેઓ અને જૈન સાધુ સાધ્વી, આચાર્ય, ઉપાધ્યાયો મળી ચતુરવીધ સંઘના નામથી ઓળખાય છે.

(૨) ચતુરવીધ સંઘની ચલુ સ્થાપના વર્તમાન શાસનના ઉપકારી તીર્થપતિ શ્રી મહાવીર દેવે કરેલી છે. જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકાને ચતુરવીધ સંઘના અંગ જણાવેલ છે.

(૩) જૈન શાસ્ત્રોમાં પૂર્વાચાર્યોએ ચતુરવીધ સંઘનું વર્ણન ઠેકાણે ઠેકાણે કરેલું છે. તેમાં જૈન સંઘની મહત્તા સંખ્યાબળ ઉપર નક્કી નહીં કરતાં આજ્ઞા એ ધર્મ એ સૂત્ર જણાવીને જે ગૃહસ્થો તથા સાધુઓ જૈન સૂત્ર સિદ્ધાંતની આજ્ઞાનુસાર માન્યતા ધરાવતા હોય તેવાઓને ચતુરવીધ સંઘમાં ગણેલા છે. એટલે એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવીકા આજ્ઞા મુજબ વર્તવાની માન્યતાવાળા હોય તો તે જુજ સંખ્યા પણ ચતુરવીધ સંઘમાં ગણાય અને તેથી વીપરીત માન્યતાવાળો વધારે સમુદાય હોય તો પણ તેઓને ચતુરવીધ સંઘમાં ગણ્યા નથી.

(૪) ચતુરવીધ સંઘના બે ભેદ છે. તેમાં સાધુ, સાધ્વીઓનો સમુદાય, તે શ્રમણ સંઘ તરીકે ઓળખાય છે; અને શ્રાવક, શ્રાવીકાનો સમુદાય તે જૈન સંઘ તરીકે ઓળખાય છે અને તે બન્ને મળીને ચતુરવીધ સંઘ તરીકે ઓળખાય છે; ચતુરવીધ સંઘમાં સાધુઓ અગ્ર પદે છે અને તેથી જૈનોમાં ચાલતા આવેલા ધાર્મિક રીવાજોમાં અથવા જૈન શાસ્ત્રોમાં જણાવેલી કોઇ બાબતમાં છદ્મસ્તપણાના (અજ્ઞાનતાના) યોગે કાંઇ મતભેદ માલુમ પડે તો અથવા ત્રૂટી જણાતી હોય તો તેમાં સુધારો વધારો કરવાનું કામ ચતુરવીધ સંઘ અથવા સમગ્ર શ્રમણ સંઘે શાસ્ત્રથી અવીરૂદ્ધપણે કરવાનો રીવાજ. અને ફરમાનો જૈન શાસ્ત્રોમાં છે અને શ્રાવક યાને જૈન સંઘે ફકત તેનો અમલ કરવાનો છે

(૫) કેટલાક વખતથી પરમપૂજ્ય સદ્‌ગત્ આચાર્ય આત્મારામજી મહારાજના સમુદાયમાં વલ્લભવિજય સૂરિજીનું વર્તન અને ઉપદેશ શાસ્ત્રોકત જૈન સાધુપણાથી વીપરીત અને જૈન શાસ્ત્રોથી વીરૂદ્ધ છે અને પોતાની તે માન્યતાની પુષ્ટી કરવા માટે જૈન યુવક સંઘ અને કેટલાક કહેવાતા સુધારકોને પોતાના પક્ષમાં લઇ પોતાની ચળવળ ચલાવી રહ્યા છે અને તેથી અહીં અને બીજા સ્થળોએ જૈન સાધુઓમાં તથા ગૃહસ્થોમાં બે પક્ષ પડી ગયા છે.

(૬) આરોપીઓ વીગેરે વિજયવલ્લભસૂરિજીના પક્ષના છે. તેથી તે પક્ષને મજબુત બનાવવાના બહાને તેમનું ઉપરાણું લઇ આરોપીઓ વીગેરે તેમના પક્ષના માણસો તથા વિજયવલ્લભસૂરિજીના મલતીયા સાધુઓ તથા શ્રાવકો ઉપર (અમારા પક્ષ ઉપર) અનંતજ્ઞાનીના વચનોથી વિરૂદ્ધ સુધારાના બહાના હેઠળ કુધારા ગમે તે રીતે ઠોકી બેસાડવા તથા અમોને દબાવવા પ્રયત્ન કરે છે.

(૭) ગામમાં પાખી પાળવાની તથા નોકારસી જમાડવાની પરવાનગી આપવી તથા જૈન ધર્મના ઉપાશ્રયો, દેરાસરો અને પેઢીના વહીવટ ઉપર દેખરેખ રાખવી. બંધ તીર્થીઓના દિવસે કંદોઇને ચુલા સળગાવવાની જરૂર પડે તો તેથી રજા આપવી તે તથા એવા પ્રકારના બીજા કામો કરવા એ સદર પાટણના શ્રાવક યાને જૈન સંઘના બંધારણનો વહેવાર છે. પરંતુ દરેકની જ્ઞાતિના બંધારણનો વહેવાર જુદો છે એટલે નાતજાતના વહેવારોમાં સદર શ્રાવક યાને જૈન સંઘ દરમ્યાનગીરી કરી શકેજ નહીં અને સમગ્ર જૈનોમાંથી કોઇ જૈનને બહિષ્કાર કરવાનો ઠરાવ કરી શકેજ નહીં.

જૈન સાધુ થવા માટે દીક્ષા લેવાનો અમો જૈનોમાં પરાપૂર્વથી પ્રચાર ચાલે છે ને તે દીક્ષા જૈનશાસ્ત્રને અનુસરીને જૈનાચાર્યો અને જૈન મુનિઓ સંયમના અર્થે મનુષ્યોને આપે છે, તેમાં વચ્ચે પડી તેનું નવું બંધારણ બાંધવા કે ફેરફાર કરવા અને તેના ઉપર નિરબંધ રાખવા શ્રાવક યાને જૈન સંઘનો હક્ક કે અધિકાર નથી. તેમ છતાં આરોપીઓની આગેવાની હેઠળ સદર સંઘમાં કેટલાક યુવાન જૈનોએ સદર દીક્ષા પાટણમાં કોઇ લેતું હોય તો પાટણ જૈન સંઘની પરવાનગી વગર લઇ શકે નહીં એવો વ્યકિતસ્વાતંત્ર્ય ઉપર અંકુશ મૂકનારો અને ગેરકાયદેસર ઠરાવ કરવા ચળવળ ઉભી કરી તોફાન મચાવ્યાથી અને તેમાં સમગ્ર જૈનોનો એકમત ન થવાથી છેવટ સં. ૧૯૮૫ ના ભાદરવા વદી ૬૧ થી સદર સંઘના જૈનોમાં ત્રણ પક્ષો પડી ગયા છે ને ત્યારથી પાટણ જૈન સંઘ બંધ પડી એક આરોપીઓના ભાગવાળો યુવક પક્ષ. બીજો અમે ફરીયાદીના પક્ષવાળો શાસનરસીક પક્ષ. બાકીના ત્રીજા પક્ષવાળા તટસ્થ એમ બોલાય છે અને જે તે ભાગવાળા પોતપોતાના માણસો ભેગા કરી કામકાજ કરે છે. આથી પાટણ સમગ્ર જૈન સંઘના નામે કે.હ ભાગવાળાને આ ચળવળના અંગે કોઇના વિરૂધ્ધમાં ઠરાવ સમગ્ર જૈન સંઘના નામે જાહેર કરવા હક્ક કે અધિકાર નથી.

(૯) સદરહુ તારીખે આરોપીઓએ તેમજ તે પક્ષવાળાએ પાટણ સમગ્ર જૈન સંઘની પરવાનગી વગર પાટણમાં કોઇ દિક્ષા લઇ કે આપી શકે નહીં એવો ઠરાવ કર્યાનું ખોટી રીતે પ્રસિદ્ધ કર્યા કરવાથી તે સામે અમો ફરીયાદી પક્ષવાળાએ એ વાત ખોટી ઉભી કરી છે. એવા અર્થમાં ટીકા પ્રસીદ્ધ કરેલી તે ઉપરથી આરોપી પક્ષવાળાનો સમુદાય વધારે હોવાથી અમો ફરીયાદી પક્ષવાળાને દબાવી સદર ઠરાવ કરવા માટે તેમણે દ્વેષબુદ્ધિથી એમ જાહેર કરેલ છે કે અમુક મુદત સુધીમાં સદર ઠરાવ કબુલ રાખી નં. ૧ ના આરોપીને ત્યાં જઇ સહી કરી જવી ને જેઓ નહી કરવા જાય તેમને સંઘ બહાર કરવામાં આવશે. એ પ્રમાણે જાહેર કર્યા છતાં અમો ફરીયાદી પક્ષવાળા મૂળથીજ વિરૂદ્ધ હતા તેથી અમે સહીઓ કરી નહી અને તેથી આરોપી પક્ષવાળા ન ફાવવાથી અમારો પક્ષ લગભગ ૬૭૫ ગૃહસ્થોનો હોવા છતાં તે પૈકી માત્ર ૧૫૩ જણાઓને (જેમાં અમારો સમાવેશ છે) પાટણ જૈન સંઘ બહાર મૂકયા બાબતનો ખોટો બીન-અધિકારનો ઠરાવ દ્વેષબુદ્ધિથી પ્રસિદ્ધ કરી અમારા પક્ષની આરોપીઓએ વગોવણી કરેલી. તે પછી ચૈત્ર સુદ ૪ ના રોજ મહેલ્લે મહેલ્લે નં. ૨૬ ના આરોપીને ફેરવી કોઇએ સદરહુ એકસો ત્રેપનનાને કન્યા આપવી નહીં. એવો ઢંઢેરો પીટાવ્યો અને નં. ૨૬ નાએ દ્વેષબુદ્ધિથી ઢંઢેરો પીટયો અને તે પછી ચૈત્ર વદી ૧૧ ના રોજ ઉપરના એકસો ત્રેપન માણસોને કોઇએ નોતરૂ આપવું નહીં, એવો ઢંઢેરો આરોપીઓએ દ્વેષબુદ્ધિથી પીટાવ્યો છે. અને નં. ૨૬ ના આરોપીએ પીટયો છે.

(૧૦) પાટણમાં પગામના બે જણોએ સંવત ૧૯૮૬ ના ચઇતર વદી ૫ ના જ દીક્ષા લીધી ને તેમને આચાર્ય મહારાજ શ્રીમાન લબ્ધિસુરીજીએ દીક્ષા આપી. આથી સદર આચાર્ય દેવ ઉપર ગુસ્સે થઇ તેમનું તેમજ નવદીક્ષીત સાધુનું અને તેમના સમુદાયના બીજા સાધુઓનું સખ્ત અપમાન તથા નીંદા કરી અને બ્હેષ્કાર કરી તેવો લેખીત ઠરાવ પાટણ સમગ્ર જૈન સંઘે કરેલોહોવાનું ખોટી રીતે અને બીનઅધીકારે જણાવી નં૦ ૧ આરોપીની સહીથી સદર ઠરાવ આરોપીઓએ દ્વેષબુદ્ધિ પ્રસીદ્ધ કરેલો છે ને તે ઉપરાંત કાળા વાવટા સાથે ગામાં સરઘસ ફેરવી મોટેથી બોલતા જઇ સદર આચાર્ય મહારાજી તેમજ તેમની સાથેના સાધુઓની તેમજ નવદીક્ષીત સાધ્વીની અસાધારણ નિંદા તથા વગોવણી કરી તેમની બેઆબરૂરી અમારી ધર્મ સંબંધી લાગણી આરોપીઓએ અનહદ દુભાવી છે નહીં, પણ પેપરોમાં આ વાત પ્રસિદ્ધ કરી ચોફ દેશ પરદેશ અમારા સાધુઓનું તેમજ અમારા પક્ષ વગોવણું કર્યું છે અને લોકોની દ્રષ્ટિમાં ઉતારી પાડીઅમારી ધાર્મિક લાગણી દુભાવી છે અને તેથી સુલેહનો ન થવા પણ પાકો સંભવ હતો; પરંતુ વેપારીવર્ગના હોવાથીખાનગી તકરાર કરી નથી અને તેનો કાયદેસર ઇલાજ લેવ્એમ નક્કી કરી શાન્તિ રાખેલી.

(૧૧) તે પક્ષસંવત ૧૯૮૬ ના જેઠ વદ ૯ ના રોજ પરગામના એક જૈનગૃહસ્થે પાટણમાં આવી દીક્ષા લીધી અને આચાર્ય મહા શ્રીમાન લબ્ધિસુરિશ્વરજીએ તેમને દીક્ષા આપેલી તેપરથી આરોપીઓએ અમારા ઉપર ચીડાઇ દ્વેષબુદ્ધિથી મારી આબરૂને નુકસાન પહોંચાડવાના ઇરાદે અને નુકશાનહોંચશે એવો સંભવ છે, એમ જાણીને ગેરકાયદે અને કારણ કારણ વગર નાં. ૨૬ ના આરોપીને મહેલ્લે મહેલ્લે ફે અમોને જૈન કોમથી સદંતર (સર્વ પ્રકારના વહેવારથીદુર કર્યા છે. માટે અમારી સાથે કોઇ જાતનો વહેવાર નો નહીં અને જે રાખશે તે ગુન્હેગાર છે એવો મોટેથીરોપીઓએ પોતાનો ઠરાવ પ્રસિધ્ધ કર્યો છે. અને તે બાબ્ત ઢેરો પણ પીટાવ્યો છે અને નાં. ૨૬ ના આરોપીએ દ્વેષથી ઉપરોકત ઢઢેરો પીટયો છે. ઉપર મુજબ ઠરાવ કરગાઉ અમને ખબર પણ આપી નથી તેમજ અમારી પણ હકીકત સાંભળી નથી અને ખોટી રીતે દ્વેષબુદ્ધિથીની વાત ઉભી કરી ન્યાત, જાત વીગેરેના તમામ વહેવારોર અમારો બહિષ્કાર કરી અમને હલકા પાડયા છે અને તેથી આબરૂને હાનિ પહોંચાડી છે.

(૧૨) એઓનું સદર કૃત્ય કાયદા મુજબ ગુન્હા ભરેલું હોઇ તેબાબત બતાવ્યા પ્રમાણે ગુન્હા કર્યા છે. માટે તે ગુન્હાઓના ઉપર ફરિયાદ કરૂં છું.

(૧૩) ન પુરાવો.

શા. વાડીલાલાનચંદ સાંડેસરા નથુરામ ખુશાલ. નાગર. પ્રવર્તકમુનિ કાન્તીવિજયજી
શા. બાપુલાલનલાલ. મુનીશ્રી ચતુરવિજયજી.
શા. ભાઇચંદમચંદ. મુનીશ્રી હંસવિજયજી.
શા. વાડીલાલચંદ. મુનીશ્રી પન્યાસ સંપત
શા. હીરાલખેમચંદ. વિજયજી.

મેનેજીંગ કમિટિનું કામકાજ.

મહેરબાન સાહેબ,

આપ જાણો છો કે આજે આપણા દેશમાં અંગ્રેજ સરકાર સામે કેટલાક વખતથી સ્વાતંત્ર્ય યુદ્ધ શરૂ થયું છે. અને એ યુદ્ધમાં આજે અપાર બલિદાનો અપાઇ રહ્યાં છે. છે. પ્રસ્તુત યુદ્ધના મુખ્ય સૂત્રધાર મહાત્મા ગાંધીજીને તેમજ રાષ્ટ્રપતિ શ્રી. જવાહીરલાલ નહેરૂને અને પંડિત મોતીલાલ નહેરૂને કેદ કરવામાં આવ્યા છે. આજે હજારોની સંખ્યામાં આપણાં અનેક ભાઇઓ તેમજ બહેનો જેલ ભોગવી રહ્યા છે. સરકારે ચારે તરફ દમનનીતિનો સખ્ત દોર ચલાવ્યો છે, અને સ્થળે સ્થળે સંખ્યાબંધ માણસો, એ દમનનીતિના ભોગ બની ઘાયલ થયા છે. સરકાર સામે આ યુદ્ધ છેવટનું છે એમ આપણે માનીએ છીએ. અને તેથી તે યુદ્ધમાં બને તેટલો ભોગ આપવો એ દરેક દેશબંધુ તથા ભગિનીની ફરજ છે. આજે વ્યાપાર હાલબેહાલ થઇ ગયો છે. અને વ્યાપારીઓ ભારે સંકટ અને આફતમાંથી પસાર થઇ રહ્યા છે. આજે કેટલાય લોકોને નિર્વાહની ભારે ચિન્તા ઉભી થઇ છે. અને દિનપ્રતિદિન સ્થિતિ વધારે ને વધારે વિષમ બનતી જાય છે. આવી પરિસ્થિતિ વચ્ચે કોઇ પણ જાતના ઉત્સવો કે જમણવાર શોભે નહિ. એ આપ જરૂર કબુલ કરશો. આજે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામને કેમ સફળ કરવો તેજ માત્ર આપણું ધ્યેય હોઇ શકે. અને તે ખાતર સાધારણ સમયમાં ચાલતા ઉત્સવ સમારંભો તેમજ સામુદાયિક જમણવારોનો આપણે સર્વથા ત્યાગ કરવો જોઇએ. આપણા પર્યુષણ પર્વ નજીક આવે છે; તે પ્રસંગે સાધારણ રીતે કરવામાં આવતાં નોકારશી, સંઘ, ગચ્છ, આદિનાં જમણવારો બંધ રાખવાની વિનંતિ કરવા માટે આપને આ પત્ર લખવો અમે ઉચિત ધાર્યો છે. આ વખતે લોંકાગચ્છવાળાઓએ સ્થાનકવાસી ભાઇઓએ અને કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી મહાજને પર્યુષણ નિમિત્તે થતાં સર્વ જમણવારો બંધ કર્યા છે. એ તરફ આપનું અમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ. અને વર્તમાન અસાધારણ પરિસ્થિતિ બરોબર ધ્યાનમાં લઇને પર્યુષણ નિમિત્તે થતાં સામુદાયિક જમણવારો બંધ રાખવા તેમજ આપની લાગવગ પહોંચી શકે ત્યાં વાપરીને અટકાવવાનો અમે આપને ફરી ફરીને આગ્રહ કરીએ છીએ. આ સંબંધમાં આપ આપની ટ્રસ્ટીઓની સભા બોલાવી સત્વર નિર્ણય કરશો અને અમને તે મુજબ તરતજ ખબર મોકલાવશો એવી આશા છે.

લી૦,

શ્રી જૈન યુવક સંઘ.

નંબર ૭-૧૦ ના સહિદ સાધુઓ સામા પક્ષના સાધુઓ છે. તે ના૦ કોર્ટની જાણમાં રહે. સદર સહિદોને સમન્સથી બોલાવશો.

વધુ પુરાવો ચાલતાં કામે જરૂર પડે આપીશું.

સબજ માગણી કે આરોપીઓએ કરેલ ગુન્હા બદલ તેમને યોગ્ય શીક્ષા ફરમાવી મારી ફરિયાદનું પ્રતિકૂળ અપાવશો.

સદરહુ આરોપીઓ પૈકી નં૦ ૯-૧૦-૧૯-૨૦ આ ફરિયાદ થયાનું જાણી મુંબઇ જવાના છે. માટે તેમના ઉપર સ્પેશીયલ સમન્સ યા વૉરંટ કાઢવા મહેરબાની કરશો.

તા૦ ૧૬ જુલાઇ ૧૯૩૦.

શા. ભોગીલાલ હાલાભાઇની સહી દા. પોતે.

આચાર્ય આનંદસાગરજીનું અધર્મી પગલું.

લખનાર : પંડિત આણંદજી દેવસિંહ શાહ.

આચાર્ય આનંદસાગરજી એટલે એક ઝગડાખોર માણસ એના જીવનમાં પાખંડ, કલેષ, કજીઆ, કીતુર અને ધમાલ એ શિવાય બીજું કંઇજ નજરે પડતું નથી. સમ્મતિ તર્કકાર આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકરજી મહારાજે લખ્યું છે અને તેને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ભાષામાં ઉતાર્યું છે. "જીમ જીમ બહુ શ્રુત બહુ જન સમ્મત બહુલ શિષ્ય પરીવરીયેા; તીમ તીમ જીન શાસનનેા વૈરી જો નિશ્ચય નવી ધરીયેા."

આ આચાર્ય દિવાકરજીનું કથન આચાર્ય સાગરનંદજીના સંબંધમાં અક્ષરસહ સાચું પડયું છે એની કહેવાતી બહુ શ્રુતતા, મનાતી બહુજન સમ્મતતા, અને ગેાઠવેલી બહુલ શિષ્યતા, એ બધી એની અંગત મિલકત હેાવા છતાં અનુભવ જ્ઞાનના અભાવે તે જૈન સમાજપર ભયંકર ભારરૂપ નીવડી છે. એના એ કલેવરી આડંબરે સમાજનેા ગુન્હાપાત્ર દ્રોહ કર્યો છે, ઝગડા, કલેશ, ટંટા અને તોફાનેામાં આચાર્ય સાગરાનંદે જૈન સમાજનાં લાખેાનાં આંધણ મુકાવ્યા છે, અને આજે પણ કલેષની ભડભડતી હેાળી સતત સળગી રહી છે. આગમેાદય સમિતિની શરૂઆતમાં વાંચનાના ગણેશમાંજ પતીત આનંદવિજયને ઓથ આપી એણે મુનિ સમાજમાં છુપેા કલેષ પ્રકટાવ્યેા. કેટલાએ એવા બનાવેા બની ગયા, કેટલાએ ધાંધલ કલેષ, તોફાનેા અને ઝગડા આ ઝગડાચાર્ય સાગરાનંદે જગવ્યા કે લગભગ બધાએ સમજી સમાજ એની જાળથી ચેતી ગયેા અને છેવટે પાલીતાણાની વાંચના વખતે સમસ્ત શ્રી જૈન સંઘે બજાવવાની ફરજ હતી તે ગયા વરસમાં જામનગરના શ્રીસંઘે બજાવી અને કહેવાતા આચાર્ય સાગરાનંદને પદભ્રષ્ટ કરી સંઘ નામને સાર્થક કર્યું. પણ કોઇ એક જામનગરના શ્રીસંઘ એને પદભ્રષ્ટ કરે, ધરોલ, મેારબી, ભરૂચ વિગેરેના થેાડા શ્રીસંઘેા એનું અપમાન કરે તેટલા માત્રથી ઝગડામાંજ ઉછરેલા, જીવેલા અને જીવતા આ ઝગડાચાર્ય સાગરાનંદની સુદ્ધ કંઇ ઠેકાણે આવે? સમાજ સાંભળીને ચેાંકી ઉઠે તેવું પગલું તાજેતરમાં આચાર્ય સાગરાનંદે ભર્યું છે તે સંબંધમાં હું જૈન સમાજને પેાતાની ફરજ વિચારવા જોરદાર અપીલ કરૂં છું. છેલ્લા સુરત સેાસાયટી સમ્મેલનના પ્રમુખસ્થાનેથી શેઠ નેમચંદ નાથાભાઇના મુખે એક વાત મૂકાવી હતી કે નાસ્તિક સુધારકેા અને યુવાનેાનું આ જોર જોયા પછી હવે મુનિઓને વસ્ત્ર પાત્ર વિગેરે ઉપકરણ અને અન્નપાણી નજદીકના ભવિષ્યમાં મળવું મુસ્કેલ થશે. તે વખતે કોને ખબર હતી કે આ ઉદ્ગારેા પાછળ લાલબાગના કોઇ વેષધારી જાદુગરની કે આચાર્ય સાગરાનંદની કળા સક્રિય રીતે કામ કરતી હશે પણ આજે એ વાત પરથી પડદેા ઉંચકાઇ ગયેા છે અને પેાલ, ઢેાલ વગાડતી પ્રગટ થઇ છે. હકીકત એવી છે કે હમણાંજ સુરત મુકામે આચાર્ય સાગરાનંદજીએ કેટલીક ધાર્મીક, ભેાળી, ભલી અને અજ્ઞાન, ધનવાન બહેનેાને એમ સમજાવ્યું છે કે સાધુ સાધ્વીઓને નજદીકના ભવિષ્યમાં ધર્મોપકરણ મળવા મુસ્કેલ થશે અને તે ટાળવા માટે એક લાખ રૂપીયાના ફંડની શરૂઆત કરવી જોઇએ. સંપૂર્ણ લાખ રૂ. થાય ત્યાં લગી રકમ ભરનારાઓએ પેાતે ભરેલ રકમનું વ્યાજ માત્ર આપવું અને લાખની કમ પૂરી થઇ જતાં તે રકમ આપી દેવી. આ પ્રમાણે આચાર્ય સાગરાનંદે ઉપકરણ ફંડની સુરતથી શરૂઆત કરી દીધી છે. ખબર મળ્યા છે તે પ્રમાણે સુરતની એક બહેને રૂ. દશ જાર ભરી આ મુનિ-ઉપકરણ ફંડના શ્રીગણેશાય નમ: કર્યા છે અને બીજી કેટલીક બહેનેાની પરચુરણ રકમેા મળીપુરતમાંજ રૂ. ૩૦ હજાર થઇ ગયાના સમાચાર મળ્યા છે અનેકેત જોતામાં લાખ રૂ. થઇ જશે.

દિક્ષાના નામે જબરા ફંડા થાની વાત સમાજમાં જાણીતી છે. પણ મુનિઓના ઉપકરણ ઓઠાં નિચે આવા ફંડા થાય એ અધર્મ છે. શાસન, સમાજ અને ધર્મનેા નર્યો દ્રોહ છે. તેથી શાસન સમાજ અને ધર્મને ઉગારી લેવાની શ્રીસંઘની વેળાસરની અનિવાર્ય ફરજ જૈન શાસન, સમાજ અને શાસ્ત્રેામાં મુનિ શબ્દની ભારે ના હતી. પણ છેલ્લી બે ત્રણ સદીઓ પર જ્યારે યતિઓ ના અને એવા અનેક ઓઠાં નીચે સમાજનું લાખેાનું દ્રવ્ય કહું કરવા લાગ્યા, પચાવવા લાગ્યા અને પરિણામે શિથિલાચાર અને પાપાચારની ગર્તામાં ગબડી પડયા અને મેાભાદારપ્રતિષ્ઠિત પૂજનિય, વંદનીય અને શાસ્ત્ર સંમ્મત યતિ શબ્દપ્રિય અને અળખામણેા બન્યેા, તેવીજ રીતે સાધુતાના ઝબ્બે આજના સાગરાનંદેા અને રામવિજયેા જે ખેલ ખેલી રહ્યા તે જો નહિં અટકે સમાજ તેને નહિં અટકાવે તેા આ રીલાઓ અને સાગર લીલાઓને લીધે મુનિ, સાધુ, શ્રમણ, વિનામથી ઓળખાતેા, પૂજાતેા વંદાતેા, ત્યાગી સમાજ આખબડી પડશે. વિનિપાતની શરૂઆત થયા પછી તે કયાં કશે એ કલ્પનાજ કમકમા લાવે છે. સુત્ર શ્રી મહાનિશિમાં એકથી વધારે મુહપત્તિ રાખનાર મુનિને અસાધુ કુસાધુ તરીકે વર્ણવ્યા છે ત્યારે ભવિષ્યમાં આવી પડી કહેવાતી ભીડ નિચે મુનિના ધર્મોપકરણના બહાનેલાખેા રૂપીઆના ફંડ કરાવનાર સાગરાનંદેા સમાજમાં છે. અને મુનિ સમાજના ઉંડા મૂળનું ઉન્મૂલન કરે સાગરાનંદના આ અધર્મિ અને ધર્મદ્રોહી પગલાં તરફ સામે લાલબત્તિ ધરવાની વિશુધ્ધ ફરજ છે તે મેં બજા. સમાજ પેાતાની ફરજ વિચારે અને યેાગ્ય કરે.

: : લવાજમ :

વાર્ષિક (ટ. ખ. સાથે) ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યેા માટે ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા ખીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવીપેાઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

જમણવારોનો સવાલ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૨ મો. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ સુદી ૧૦. તા૦ ૪-૮-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

પર્યુષણ કેમ ઉજવશો !

પર્યુષણ પર્વ એ દરેક પર્વમાં શ્રેષ્ઠ પર્વ છે. એ મહા-પર્વમાં દરેક ભાઇ અને બહેને પોતાના આત્માના કલ્યાણ અર્થે પોતાના જીવનને ઉત્તમ બનાવવા અને ભવફેરામાંથી બચવા મહાપુરૂષોના ચરિત્ર ઉપરથી બોધ લઇ, બ્રહ્મચર્ય, તપ, દયા, દાન, સત્ય, ક્ષત્યાદિ ઉત્તમ ગુણોના પંથે વળી જીવનને ઉત્તમ પ્રકારનું બનાવવામાંજ સાર્થકતા છે.

પર્યુષણનો અર્થ એ છે કે આપણે આપણા અસલી સ્વરૂપને પ્રગટ કરવા પ્રયાસ કરવો. આત્માનો મૂળ ધર્મ આહાર કરવાનો નથી, એટલે પર્યુષણ દરમિયાન જેમ બને તેમ આહાર લેવાની વૃત્તિને સંકેલી લેવી જોઇએ. આ હેતુને ધ્યાનમાં રાખીને તપશ્ચર્યા થાય તો તે લેખે લાગે, વળી આત્મા નિંદ્રા સેવે તે એનું સ્વભાવિક સ્વરૂપ નથી, તો જેમ બને તેમ પ્રમાદનો ત્યાગ કરી દરેક ભાઇ અને બહેને આત્મ-જાગૃતિ માટે પ્રયત્ન કરવો જોઇએ. એમ ન થવું જોઇએ કે જ્યાં પંચમહાવ્રતના ખપી, દંભના દુશ્મન, ને સત્યના સાથી ચારિત્રવાન મુનિ મહારાજ ઉપાશ્રયમાં કલ્પસૂત્ર વાંચતા હોય ત્યાં જઇને બગાસા ખાઇએ, ઝોકાં ખાઇએ, અને કેટલીકવાર જોવામાં આવે છે તેમ કોઇ ઢઢોળે ત્યારે જાગીએ, અને કયારે વખાણ ઉઠે ને જઇએ! ચાલો પર્યુષણ છે માટે ઉપાશ્રયે જઇએ, નહિં તો લોક નિંદા કરશે. આવી રીતના પ્રમાદ સેવતા અને તેમની દ્રષ્ટિએ શોભતા પોષાકો પહેરીને દેખાવ કરવા ઉપાશ્રયે જનારા કરતાં ઘેર બેસી આત્માનું કલ્યાણ સાધનાર હજાર દરજ્જે સારા છે એમ કહીએ તો શું ખોટું ?

ભાદરવા સુદ ૧ જે દિવસે પ્રભુના જન્મકલ્યાણ તરીકે ઉજવવામાં આવે છે તે દિવસે સુપન ઉતારવાના અને શ્રીફળ વધેરવાના સમયે કોઇપણ સંસ્કારી જૈનેતર આવે અને તે વખતની આપણી રીતભાત તરફ ધ્યાન આપે તો હસ્યા વિના રહે ? લગાર વિચારો ? જે સુપનો ઘીઇની ઉપજ માટે અથવા ગમે તે આશયે અમુક વર્ષોથી દાખલ કરવામાં આવ્યા છે તે સુપનો ઉતારવામાં આવે છે તે વખતે આપણે શાન્તિથી બેસીને અગર જગ્યાના સંકોચે શાન્તિથી ઉભા રહીને તે પ્રસંગ ઉજવવા કરતાં જમવા પ્રત્યેની ધમાલ, ચોખા ઉછાળવાની અધિરાઇ અને શ્રીફળ વધેરવાની ધમાધમ, આ દ્રષ્ય આપણે માટે શોભા ભરેલું ગણાય ? અગર તે પ્રસંગની મહત્તા સમજ્યા નથી એમ કહીએ તો ખોટું છે ? આપણી નજર આગળ આઝાદ મેદાનમાં, જાહેર સભામાં લાખો માણસની મેદની હોય, કદાચ વર્ષાદ પડે તો છત્રી સરખી પણ ન ઉઘાડતાં શાન્તિથી બેસી રહેવામાં આવે છે. ત્યારે આપણે આ મહા પર્વના મહા દિવસે કેટલી અને કેવી ધાંધલ કરીયે છીયે તેનો ખ્યાલ લાવવા વાનગી તરીકે આટલું તમારી આગળ ધર્યું છે. હવે આવી કઢંગી સ્થિતિનું કારણ તપા-સીશું તો દીવા જેવું જણાશે કે તે આપણી અજ્ઞાનતાને આભારી છે. ત્યારે પ્રથમ તો આપણી અજ્ઞાનતા દુર થાય તેવા પ્રયાસો થવા જોઇયે. કારણ કે સમ્યક્‌જ્ઞાન વિના સમ્યક્‌ ચારિત્ર હોઇ શકે નહિ. એમ માનીયે છીયે છતાં એકડો ઘુટ્યા વિના જેમ મેટ્રીકની પરિક્ષામાં બેસાડવા જેવું કર્તા ચેલાચેલ-કીના મોહમાં લપસી પડેલા અમુક નામધારી સાધુઓ લાયકાત તપાસ્યા વિના બીન લાયકને દિક્ષા આપવાની ધમાલ મચાવી સમાજ રૂપી ધમારતના પાયા ખોદી રહ્યા છે. તેઓ સમાજની અને તેમની અજ્ઞાનતા દુર કરવાના પ્રયાસો કરે તો તેમને ને આપણને આ મહા પર્વની મહત્તા સમજાય.

પર્યુષણ એ આત્મ ઉન્નતિનું અનુપમ સાધન છે તેથી તે ઉત્તમ પર્વમાં આત્માની ઉન્નતિ માટે ઉપાશ્રયમાં વ્યાખ્યાન શ્રવણ કરવા જઇએ છીએ ત્યારે આ ચારિત્ર્ય ઘડનારી શાળામાં કેટલેક સ્થળે ગલીચ ભાષાના હેન્ડબીલોની વૃષ્ટિ કરાવનારા વ્યાખ્યાનમાં શાસ્ત્રના ઓઠા નીચે અમુક સાધુ અને શ્રાવકોને ઉતારી પાડવાના મુદ્દાથીજ મનના ઘોડા દોડાવી નવા નવા ઝઘડા ઉભા કરી દ્વેષનો દાવાનળ સળગાવવાનો ધંધો લઇ બેઠેલા આવા નામધારી સાધુઓના ઉપાશ્રયમાં આ ભવ્ય પર્વના દિવસે કોઇ ભાઇ કે બ્હેન જાય તો કર્મની નિર્જરા થવા કર્તા કર્મ બંધન થાય તેથી જે સ્થાને આત્માનું કલ્યાણ થાય તેવું લાગે ત્યાંજ જવું લાભદાયી છે.

આવા ઉત્તમ દિવસોની અંદર ખાસ કરીને દરેક જણે આઠે આઠ દિવસમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું જોઇયે. તેને નભાવવા સાદો પોષાક અને સાદા ખોરાકનું સેવન કરવામાં આવે. અથવા તેને લગતાજ દેખાવો દ્રષ્ટિગોચર થાય તોજ એ બ્રહ્મચર્ય વૃત્તને વધુ મજબુતાઇ મળે. ત્યારે હાલ તેના બદલે તો આપણા ઉપાશ્રયોમાં અને બહાર આ મહાપર્વના દિવસોમાં અમુક સ્ત્રીઓ તો તેના બાળબચ્ચાં સાથે જાણે નાટક સીનેમામાં ભાગ લેવાને જતાં હોય તેવા જાંગલશાહી અને નિર્લજ્જ પોષાકો કે જેના ઉપર સુર્યનારાયણના કીરણ પડે તો નગ્નાવસ્થા દેખાય તેવાં મુલાયમ કપડાં પહેરીને વ્યાખ્યાનમાં જવું અને પાટ અડોઅડ જઇને એમના ગુરૂજી પાસે વાસખેપ નખાવવો આ બધાં દ્રશ્ય બ્રહ્મચર્યને મજબુત કરનારાં છે કે હલાવી નાખનારા છે ?

બ્હેનો, સાદાઇમાંજ સંયમનો વાસ છે, એ તમે જાણો છો છતાં આવા અમર્યાદીત રંગબેરંગી ફેશનેબલ પોષાકો અને વધારે પડતાં અલંકારો પહેરી તમારા ચારિત્ર્ય ઉત્તમ બનાવી શકશો નહીં. તેથી મારી તમને નમ્ર વીનંતી છે કે સાદા અને જાડાં કપડાં પહેરો. એ વાત દીવા જેવી સીધ્ધ થઇ છે કે મીલોમાં જે કપડાં બને છે તેના ઉપર ચરબીની કાંઇ ચઢાવવામાં આવે છે, તે કોઇનાથી પણ ના કહી શકાય તેમ છે નહીં. ત્યારે જેના ધર્મનો મુખ્ય સિધ્ધાંત અહીંસાનો છે, જેઓ નાનામાં નાના જીવની રક્ષા કરવાના પ્રયાસો કરે છે તેઓજ આવા હીંસામય કપડાં પહેરી હિંસાને ટેકો આપે છે.

(જુઓ પાનુ ૩ જીું.)

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જમણવારોનો સવાલ.

હાલની રાજકીય ચળવળ ને તેને અંગે થતી દમન-નીતિને લઇને આપણા બંધુઓ તથા દેશભરના આગેવાનો જેલમાં ગયા હોવાને લીધે અનેક જાતના દુઃખો ભોગવતા હોય ને બીજી બાજુથી હોરપીટલોમાં ઘાયલ થયેલાની દુઃખ પરંપરા જોઇ હૃદય કંપતા હોય તેવા પ્રસંગમાં સાર્વજનિક જમણવારો હોઇ શકેજ નહિ, કરી શકાયજ નહિ ને કરવામાં આવે તો તે અટકાવવાજ જોઇયે. કોંગ્રેસ આવી બાબતમાં હુકમ પ્રગટ કરે નહિ. આતો સાધારણ અક્કલવાળો પણ સમજી શકે તેમ છે. ઘણા ભાઇઓ હાલ ઘરે બેઠા ત્યાગ ધર્મ પાળે છે તેઓએ કોંગ્રેસનાં ફરમાનની રાહ જોઇ નથી. જુદા જુદા સ્થળોએ જમણવારો બંધ થવાના સમાચારો વર્તમાનપત્રોમાં દરરોજ પ્રગટ થાય છે. જૈનેતર કોમોમાં પણ તે ચળવળ ચાલે છે. વીરમગામના સમાચાર આ અંકમાં અન્યત્ર આપેલા છે તે સિવાય મુંબઇને અંગે ગયા અઠવાડીયામાં ઝાલાવાડી શ્રીસંઘે તથા માંગરોળના શ્રીસંઘે બધા જમણવારો બંધ રાખવાનો ઠરાવ કર્યો છે. શ્રી સાગરગચ્છના સંઘોને અંગે જમણો માટે ચોક્કસ ઠરાવ થયો નથી પણ બંધ રહે તેવું વાતાવરણ જણાય છે. હવે રહ્યાં શ્રી ગોડીજીના સંઘને લગતા જમણ-વારો. તે વિષે વિચાર કરવા શ્રી ગોડીજીના સંઘની મિટિંગ શ્રાવણ સુદ ૮ ને રોજ મળી હતી જુદા જુદા ભાઇઓ તર-ફથી ચાલુ પરિસ્થિતિ માટે વિચારો રજુ થયા હતા એક ટોળીના ઘણા સભ્યોએ લાંબા વિવેચનો કર્યા હતા તેમાં વીર-શાસનમાં આવેલી દલીલો સિવાય નવું કાંઇ હતું નહિ "આ વાત લાવનારનો ઉદ્દેશ ખરાબ છે લાવનારાઓ આવા છે ને તેવા છે. કોંગ્રેસે ફરમાન કાઢયું નથી. સરદાર વલ્લભભાઇ જેવા ખાનગી જમણોમાં ભાગ લે છે. કાયમના જમણવારો તે અટકી શકે નહિ." શ્રી સંઘ ઠરાવ કરે તો દેશના હિત માટે આંબેલ તપ કરવા તૈયારી દેખાડનારાઓ જમણવારો ન જમવાનો દાખલો બેસાડવા તૈયાર નહોતા. કારણ કે પાલીતાણાની યાત્રા બંધ રહી ને તે પ્રસંગે જમણો વગેરે બંધ રહ્યા હતા તેમ કાયમના હોય તો પણ અપવાદે બંધ રહી શકે છે તેમ જ્યારે કહેવામાં આવ્યું ત્યારે તેના જવાબમાં તે ટોળીના એક વકતાએ જણાવ્યું કે તે તો યાત્રા કરનારા નહોતા એટલે કે જમણવારો બંધ રહ્યા હતા અને જમનારા નહોતા એટલે અમે ભલે વાતો આંબિલની કરીયે પણ અમે જમનારા તો છીએ માટે જમણવારો બંધ રહી શકે નહિ. આમ સવારે ભણેલા જુદા જુદા પાઠ રાત્રે બોલી જવાયા. જૈનોના તપ, પારણાના જમણ ન હોય તો થઇ શકેજ નહિ અથવા તો તપ કરનારા અટકી જાય, આવી દલીલો વાપરી તપની શોભા ઘટાડી. આંબેલ તપ કરવાની ભલામણ કરનારા શા માટે પર્યુષણમાં મિષ્ટાન્ન જમણનો ત્યાગ કરી શકતા નથી ? તેમને તો પર્યુષણમાં બે ટંક ઉતું જમવુંજ જોઇએ સવારનું ટંકું જમે તો કાંઇ ધાર્મિક બાધ આવતો હશે એટલે તેવી દલીલોથી જમણવારો ચાલુ રાખવા આગ્રહ દર્શાવ્યો હતો. શ્રી સંઘની મીટીંગ વદ ૧ ઉપર મુલતવી રહી છે. તે દરમ્યાન જમણવાર નહિ જમવાના પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ વધારે પ્રમાણમાં થવી જોઇએ. યુવક સંઘ તરફથી તેવા પ્રતિજ્ઞા ફોર્મો તૈયાર કરાવવામાં આવ્યા છે. સ્વયંસેવકો આ બાબતમાં ખાસ પ્રયાસ કરે એમ અમો ઇચ્છીએ છીએ. વળી શ્રી સંઘની મિટિંગ થાય તે પહેલાં જૈનોની જાહેર સભા બોલાવવા શ્રી યુવક સંઘની કમીટીએ ઠરાવ કર્યો છે ત્યાં આગળ ચળવળને મજબુત કરવાના ઘટતા પગલાં નકકી કરવામાં આવશે.

દેશની લડતમાં વીરમગામના જનોનો ફાળો.

—:○:O:○:—

વીરગામના જૈન ભાઇઓ અને બહેનોની એક જાહેર સભા તા૦ ૨૬-૭-૩૦ ના રોજ રાત્રે ૮-૩૦ વાગે સંઘવી હઠીસંગ સોભાગ્યચંદની ધર્મશાળામાં વકીલ શ્રીયુત્ છોટાલાલ ત્રીકમલાલ પારેખના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

ઠરાવ નાં. ૧—આજથી એક વર્ષ સુધી નાત, નોકારસી, તેમજ ગચ્છ વીગેરે જમણવારોમાં જમવા જવુ નહીં.

ઠરાવ ૨—આજથી એક વર્ષ સુધી વિદેશી કાપડ ખરીદ કરવું નહી તેમજ અન્ય વ્યક્તિને અપાવવું નહી.

ઠરાવ ૩—હંમેશની વપરાસની ચીજો બનતાં સુધી સ્વદેશી વાપરવી, અને તેવી સ્વદેશી વસ્તુઓ ન મળી શકે તોપણ બ્રિટીશ બનાવટની વસ્તુઓ ખરીદ કરવીજ નહીં. આ ઉપરાંત અભિનંદ આપનારા ઠરાવો પસાર કર્યા હતા.

શાસનપ્રેમીઓનો અહિંસા ધર્મ ! ! !

સરદાર વલ્લભભાઇના એક વાકય ઉપરથી અમદાવાદમાં ખળભળાટ મચાવવાનું કામ કહેવાતા શાસન પક્ષે કર્યું હતું તે ઉપરથી મિટિંગો મળી, સરઘસ નીકળ્યું, તે સરઘસમાં ભાગ લેનારાઓને શેખના પાડામાં શાસનપક્ષ તરફથી જે માર મારવામાં આવ્યો છે તે તરફ દરેક સાચો જૈન તિરસ્કારની નજરથી જોશે, હવે આ આવા બનાવોમાં બનતું આવે છે તેમ સામા પક્ષની કાંઇક ભૂલ ગોતી કાઢવાનો પ્રયત્ન કરવામાં આવશે પણ સમાજ હવે તેવા બચાવોથી છેતરાશે નહિ. માર માર્યો છે તે વસ્તુ સાબીત છે એટલે કહેવાતો શાસન પક્ષ હમેશ કલંકિત ગણાશે ને જીન્નેરના કાર્યો આ પરાક્રમથી ભુલાઇ જશે.

: : લવાજમ : :

વાર્ષિક (ટપાલ ખર્ચ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

[અનુસંધાન પાના પહેલાનું ચાલુ.]

તમારા અંતર ઉપર હાથ મૂકીને વિચારશો તો તમને સહેજે સમજી શકાશે કે જેઓ આવા હિંસામય કપડાં પહેરવામાં અને ખાદી પહેરવામાં કશો ભેદ જોતા નથી તેઓ દ્વેષથી બળતા હોવાથી લોકોને ઉધા રસ્તે દોરવાના પ્રયત્ન સેવી રહ્યા છે, તેવા દંભીઓના બોલવા તરફ ધ્યાન ન આપતાં દરેક જણે ધર્મ અધર્મનો વિચાર કરી આ હિંસામય કપડાં છોડી દેવાં જોઇએ. તેમાં પણ આપણાં આ મહા પર્વના દિવસે તો અવશ્ય ખાદી ધારણ કરી ધર્મક્રીયા કરશો. રખે! ધર્મને બાધ આવે એવા હિંસક કપડાં શરીરને અરાડી શરીર અપવિત્ર કરી આ પવિત્રમાં પવિત્ર પર્વને અભડાવવાનું પાપ ન વહોરતા.

આપણા મહાપર્વમાં જે જમણુવારો થાય છે તેને તપાસીશું તો દેખાય છે કે જમણુવારો પણ કહેવાતા ધર્મસ્થાન રૂપ ઉપાશ્રયની પેઠે તે પણ આપણી ઉન્નતિના વેગને રોકનારા છે. આપ એ તો કબુલ કરશો કે ધાર્મિક દિવસોમાં કર્મની નિર્જરા માટે બને તેટલી તપશ્ચર્યા ન થઇ શકે તેણે શરીર નીભાવવા ખાતરજ આહાર લેવો જોઇએ. તે પણ તદ્દન સાદો અને કંઇક ઓછો લેવામાં આવે તો બ્રહ્મચર્ય પળાય, પણ માદક ખોરાક લેવામાં આવે તો બ્રહ્મચર્ય ખંડીત થતાં વાર કેટલી લાગે? છતાં જેનું મન માલ મિષ્ટાન્તમાંજ ભમ્યા કરે છે, અરે! કંઇક તો જમવાની લાલચેજ અમુક વૃતો કરતા હશે તેવા દૂધપાકીઆ ટોળાને જમણુવાર બંધ થવાની ગંધ આવતાંજ ધ્રાસ્કો પડયો છે. આવા કહેવાતા ધાર્મિક વર્ગે વિચારવાની જરૂર છે કે સાદા અને પવિત્ર પોષાકમાં અને સાદા ખોરાકમાં જીવન ઉંચ્ચ કોટિએ લઇ જવાય છે, નહીં કે ગુંદની ગલપાપડી, રાબડી, પીંપળામૂળની ગોળી, મલાઇ, કઢેલાં દૂધ, બદામ, પીસ્તાં અને જુદી જુદી જાતનાં સ્વાદીષ્ટ પદાર્થો ખાવાથી આવો સાદો અને સરળ કોયડો કેમ નથી ઉકેલાતો?

આજ કાલ અમુક જગ્યાએથી આ જમણુવારોને ધાર્મિક પ્રવૃત્તિ તરીકે ઓળખાવી જમવામાંજ ધર્મ છે, જમણો થવાંજ જોઇએ તેવા ઉપદેશો અપાઇ રહ્યા છે તેમને પૂછીએ છીએ કે વાતો તો પ્રભુનો ધર્મ સંભળાવવાની અને ત્યાગનીજ કરવાનો દાવો કરો છો, ત્યારે જે જમણુવારોમાં આરંભ સમારંભને લીધે કર્મ બંધાય છે, તે જમણુવારોને કયા શાસ્ત્રના આધારે પોષી રહ્યા છો? કે પછી તમારી પ્રકૃત્તિ પ્રમાણે જે ગધ્ધા પૂંછ પકડયું તેને ધર્મના નામે ઠોકી બેસાડવામાંજ બહાદુરી સમજો છો?

ઉપરનું વિવેચન કરતાં પર્યુષણ જેવા મહાપર્વમાં કેમ વર્તવું જોઇએ તે વાત સામાન્ય પ્રસંગને ઉદ્દેશીને કહી છે. અત્યારે પ્રસંગ પલટાયો છે, દેશમાં જીવન મરણનો પ્રસંગ ઉભો થયો છે, દેશની આઝાદી માટે આ ધર્મયુદ્ધમાં દેશના સપુતોને જેલમાં પૂર્યા છે, હજારો નિઃશસ્ત્ર સત્યાગ્રહીઓ લાઠીઓથી ઘવાયા છે. અનેકના જીવ ગયા છે, બહેનોના ચોટલા ખેંચાયા છે, કેટલેક ઠેકાણે લાજ્યે લૂંટાઇ છે, બાળકોને કટકાવવામાં આવ્યા છે એટલે હાલ તો ભારતવર્ષની સ્થિતિ અતિશય ગંભીર છે. તેથી નાના અને મોટાં, સ્ત્રીયો અને પુરૂષો, દેશની આઝાદી માટે મરણીયા થઇ લઢી રહ્યા છે, વેપારીઓ વેપાર છોડી રહ્યા છે, ખેડુતો ખેતી છોડી રહ્યા છે, વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી રહ્યા છે. તેવા કારમા પ્રસંગે ઓ! જૈન સમાજના યુવકો અને યુવતીઓ, શું તમે આપણા ધાર્મિક દિવસોમાં મિષ્ટાન્ન ઉડાવી આખી જૈન સમાજને કલંકીત કરવા માંગો છો?

ભારતવર્ષની આઝાદી માટે અહિંસક યુદ્ધ ચાલી રહ્યું છે, તે યુદ્ધ સામે સરકાર તરફથી જે દમનનીતિ ચલાવવામાં આવે છે, તે તમારાથી અજાણી નથી, એટલે કોઇ પણ જમણુવાર જમવો એ તો દેશદ્રોહ કરવા જેવું છે. અરે! દયાહીન બનવા જેવું છે.

શું જ્યારે તમારે ત્યાં શોગ હોય છે ત્યારે તમે જમવા જાઓ છો? નથી જતા તો પછી તે શોક કરતાં આ પ્રસંગ હજારગણા શોક જેવો છે, એટલે જમણુવાર થઈ શકેજ નહીં. ખ્યાલ રાખજો, ઇતિહાસમાં આ યુદ્ધનું એક સોનેરી પાનું ઉમેરાશે તેમાં એમ ન લખાય કે જે વખતે હીંદુસ્તાન ઉપર ફેર વર્તી રહ્યો હતો તે વખતે જૈન કોમના યુવાનો અને સન્નારીઓએ માલ મિષ્ટાન્ન ઉડાવ્યા હતા. આથી દરેક સાવધ બનો, આપણા મહાપર્વના દિવસો બાકી છે તે પહેલાં બને તેટલી તૈયારીઓ કરીને આ કલંકરૂપ જમણુવારો અટકાવજો. નહિ તો કપાળ તપાસવું પડશે, એટલે કપાળે કાળી ટીલી ચોંટશે.

પ્રસંગ ઓળખીને વર્તન કરવું એમાંજ શાણપણ સમાયેલું છે, સાચું જૈનત્વ રહેલું છે, તેનો એક દાખલો ટાંકુ–જે વખતે શત્રુંજયની યાત્રા બંધ કરવાનો શ્રાવક વર્ગે ઠરાવ કર્યો અને પાછળથી સાધુ વર્ગે ઝીલ્યો અને પોષ્યો. તે શું બતાવી આપે છે? જે તીર્થની યાત્રા કરવાથી માણસની ભવ્યતા સિદ્ધ થતી હોય તે તીર્થનો ત્યાગ કરવાનું કહેવું એ શું પાપ નથી? એમ કરવામાં કયા શાસ્ત્રનો આધાર રજુ કરી શકાય તેમ છે? છતાં એ જૈનો માટે આપત્તિનો પ્રસંગ હતો, અને તેવે સમયે સકળ જૈન સંઘે દુભાતે દીલે અને લીધેલી પ્રતિજ્ઞાના નિર્વાહમાં પણ અંતરાયરૂપ હોવા છતાં પવિત્ર તીર્થરાજની યાત્રા કરવાનું માંડી વાળી શાસ્ત્રાનુસાર ગણ્યું અને પુન્ય કાર્ય તરીકે સ્વીકાર્યું તો પછી જે વખતે આખા દેશની ઉપર આફતની નોબત ગડગડતી હોય, ચોમેર અત્યાચારના વાદળાં છવાઇ રહ્યાં હોય, ધર્મને કોઇ પણ જાતનું બાધક ન હોય તેવે વખતે ભારતની નાની કોમ તરીકે ગણાતી આપણી જૈન આલમે આવા જમણુવારોને બહિષ્કાર કરવો જોઇએ. છતાં કોઇ ધર્મના સાચા સ્વરૂપથા અપરિચિત અને પાષાણ હૃદયના કોઇ મનુષ્યો જમણુવારી કરવા તેમ જમવા બહાર પડે તો હાથ જોડીને ન બેસી રહેતાં જમણની જગ્યાએ લાંબા થઇને સુઇ જજો. કદાચ કહેવાતા ધર્મોંધ ભકતો લાઠીથી તમારી સેવા કરે. થાળી રૂપ ચક્ર ચલાવે તો પણ હસ્તે મુખડે સહન કરીને એ દ્રોહીના લાહુની શરમ કથાથી જૈન સમાજને બચાવજો. અસ્તુ.

સાર્વજનીક જમણુવારોમાં અત્યારે દેશદ્રોહ–ધર્મદ્રોહ છે.

રાષ્ટ્રની આઝાદીનો જંગ મંડાયો છે તે વખતે સાર્વજનિક જમણુવારો ન શોભે. તેટલા માટે જમણુવારોનો બહિષ્કાર સંબંધી નિર્ણય કરવા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સહાનુભૂતિ બતાવનારાઓની એક જાહેર સભા તા૦ ૩૦–૭–૩૦ ના રોજ માંગરોળ જૈન સભાના હોલમાં મળી હતી.

પ્રમુખસ્થાને શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆ બીરાજ્યા હતા.

શરૂઆતમાં શ્રીયુત વલ્લભદાસ પુલચંદ મહેતાએ જણાવ્યું કે જ્યારે દેશમાં આઝાદી માટે સંગ્રામ મંડાયો છે. પૂજ્ય મહાત્માજી, નેહરૂજી વિગેરે હજારો દેશ નાયકો જેલમાં પુરાયેલા છે. જેમાં આપણા ચુનંદા જૈન બંધુઓનો પણ સમાવેશ થાય છે. જ્યારે હજારો માણસો લોહીલુહાણ થાય છે અને અનેક પરિસહો સહન કરી અદ્વીતીય લડત ચાલી રહી છે તેવા જાગ્રતિના સમયમાં સાર્વજનીક જમણુવારો બંધ રાખવાનું કહેવું પડે તે વધારે પડતું છે. પરંતુ આપણામાં પણ એવો વર્ગ છે કે આવા જમણુવારનો મોહ છોડી શકતા નથી. બ્રિટીશ સત્તાધીશોની ધુંસરી ફેંકી દેવા, ખાદી પહેરવામાં પણ, વિલાયતમાં મજુરો ભૂખે મરે તેની દયા ખાવાની દલીલ આપતા સંભળાય છે. પરંતુ માતૃભૂમિના કરોડો માણસો ભૂખે મરે કે ગુલામીમાં સબડે તેની દયા દેખાતી નથી. એ રીતે

સાર્વજનિક જમણુવારો આગળ ધાર્મિક કે એવું વિશેષણ લગાડી, જમણુવારો કરવાની દલીલો કરતા સંભળાય છે. ત્યાગ અને તપની, તેની પાછળ જમણુવાર ન હોય તો કિમ્મત જરા પણ ઘટતી નથી. અને વ્યવહારમાં પણ શોકના કારણે ધાર્મિક જમણુવારોમાં પણ આપણે ભાગ લેતા નથી. ત્યારે શું તે આપણું પગલું ધર્મવિરોધી ગણો છો? નહિજ, તો પછી આખા દેશમાં આફત આવી પડી છે તે વખતે જમણુવારો બંધ રાખવામાં ધર્મને કયાં બાધ આવે છે તે સમજાતું નથી. માટે સાર્વજનીક જમણુવારો આ લડતનો અંત ન આવે ત્યાં સુધી બંધ રાખવા દરેક યોગ્ય યોજના હાથ ધરવી જોઇએ. છતાં જમણુવારો કરવાનો આગ્રહ રખાય તો છેવટ આપણે તો નિશ્ચય કરવો જોઇએ કે તેમાં આપણે ભાગ ન લઇ શકાએ.

ત્યારબાદ શ્રીયુત્ રતીલાલ સી. કોઠારીએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જુદા જુદા સાથના ટ્રસ્ટીઓ વિગેરેને લખેલા પત્રની વિગત વાંચી સંભળાવી હતી અને ઝાલાવાડના સંઘે જમણુવારો બંધ રાખવા અને તેમાં ભાગ ન લેવાનો ઠરાવ કર્યો. તેમણે તે વાંચી સંભળાવ્યો હતો. અને બીજા સાથીઓએ પણ આ બાબત વિચાર કરવા સભાઓ બોલાવી છે તેમ જણાવ્યું હતું.

શ્રીયુત્ આણંદજી પંડીતે જણાવ્યું કે અત્યારે જમણુવાર બંધ રાખવાની વાત તો એટલી સાદી અને સીધી છે કે તેના વિરોધની વાત પણ કમકમાટી ઉપજાવે તેવી છે. જો આપણામાં માનવતા હોય તો અત્યારે જમણુવારોથી દૂરજ રહીએ. ત્યાગ અને તપ ઇંદ્રીયોની જીત માટે છે. ત્યારે ધર્મના ઓઠા નીચે અત્યારે જમીને ઇંદ્રીયની જીત મેળવાશે? શું ઇંદ્રીયને ઉત્તેજીત કરે તેવી વાનીઓ ખાવાથી તપ ખીલે છે? ખરૂં જોતાં તપ પાછળ જમણુવારને સંગતિ જણાતી નથી. અને જમણુવાર ખાતર પૌંષધમાં સંખ્યા વધે. તેમાં સર્વાંશે હેતુ નજ સચવાય. આજે તો લાઠીથી, જેલથી, ખુનથી, બળીદાનો અપાઇ રહ્યાં છે. તે વખતે ઇંદ્રીયોની જીત મેળવવાની ફીલસુફીવાળા આપણે સાર્વજનીક જમણુવારની વાત પણ કેમ કરી શકીએ?

યુવકસંઘને સમાચાર આપું છું કે કચ્છીઓ કે જેઓની લગભગ ૧૫૦૦૦ ની સંખ્યા છે તેમણે મહાત્માજી ન છુટે ત્યાંસુધી ધાર્મિક સુધ્ધાંત જમણુવારો ન કરવા ઠરાવ કર્યો છે. લોંકાગચ્છના ભાઇઓ તે ઠરાવ પર આવી ગયા છે. સ્થાનકવાસી ભાઇઓ કે જેઓની સંખ્યા લગભગ ૨૫૦૦૦ હજારની છે તેઓ તમામ જમણુવારો બંધ કરે છે.

ત્યારે આ ઠરાવ ન કરનાર કોણ છે? જે આ વાતો કરે છે તેમની તપ, ચારિત્ર્ય, ત્યાગ વિગેરેની દલીલો તો મુંબઇની પ્રજા જાણે છે, પરંતુ આ બાબતની પણ હિમાયત કરનારા ફરીથી પણ કોઇ છાપાંવાળા સાથે ઇન્ટરવ્યુ ગોઠવે તો ખબર પડે જો ત્યાગ, સંયમ, તપની ખરી ઉપાસના હોય તો, તો માલપાણી ઉડાવવાની અટકાયતની તેમણે પહેલી દાંડી પીટવી જોઇએ. શું બુધ્ધિ બહેર મારી ગઇ છે કે તપ, ત્યાગને નામે અત્યારે જમણુવારો કરીએ?

કલ્પસુત્રમાં સ્વામી વત્સલ્યની વાત આવે છે. તેના જવાબ કલ્પ સુત્રમાંથીજ પ્રભુ મહાવીર નિરૂપદ્રવી ન થાય ત્યાં સુધી દેવેન્દ્રે આનંદના તમામ સમારંભો બંધ કર્યા હતા, તે હકીકત દાખલા દલીલપૂર્વક સમજાવી હતી. દેશની ભીડના સમયે, ભામાશા વિગેરે જૈનોએ કેવી સુંદર સેવાઓ બજાવી છે તેવા પૂર્વજોના ગૌરવભર્યા ઇતિહાસનું વર્ણન કર્યું હતું, અને દુનીઆમાં જૈન ધર્મની હાંસી થતી અટકાવવા અત્યારે જમણુવારો બંધ રાખવા મજબુત અપીલ કરી હતી.

શ્રીયુત્ કાનજી ઉદ્દેશીએ જણાવ્યું હતું કે કચ્છી નાની ન્યાતે પણ અત્યારે જમણુવારો બંધ રાખવા ઠરાવ કર્યો છે. અને અત્યારે આત્મભોગ અપાઇ રહ્યા છે તે સંબંધી વિવેચન કરી, મહાત્મા ગાંધીજી ન છુટે ત્યાં સુધી જમણુવારો બંધ રાખવા સુંદર હિમાયત કરી હતી.

શ્રીયુત્ પાદરાકરે જણાવ્યું કે રાત્રી પડી હોય અને કહેલા નીકળવું પડે કે રાત્રી પડી છે તે કરતાં વધારે બેહુદું અત્યારે જમણુવારો બંધ કરવા કહેવા નીકળવું પડે તે છે. જે અહિંસાનું કાર્ય, નિર્બળ સમાજ ન ઉપાડી શકયો. તે દેશનેતાઓએ ઉપાડી લીધું છે તેઓ પોતાનું સર્વસ્વ હોમી, કાંકરી અને સીમેંટવાળો જેલનો ખોરાક ખાય છે. આપણા યુવાનોનાં માથાં ફુટે છે, ગોળીથી વીંધાય છે. તે વખતે જીભના ચસ્કા ખાતર જમણુવારો કરી મિષ્ટાનો ઉડાવનાર સૂર ન હોય, અસૂર હોય. અત્યારે પણ જમણુવાર કરવાની હિમાયત કરનારાઓની દાનત સારૂં ન થવા દેવાની છે. તેમને બીજું સુઝતું જ નથી કે આવડતું નથી. સારૂં તે મારૂં તેમ તેમના મનમાં નથી, ગઇ કાલનો ઇતિહાસ તપાસશે તો માલુમ પડશે કે નાના એવા ગામમાં પીકેટીંગ કરવાની જરૂર હતી. એ બીજાના દુઃખ જોઇ કુતરા પણ કકળે છે. માટે હજુ પણ માણસાઇ ભૂલી જમણુવાર કરે ને તેમની આંખ ન ઉઘડે તો જરૂર પીકેટીંગ કરવું જોઇએ અને સમસ્ત જૈન યુવકોની ફરજ છે કે સાથે ઉભા રહેવું જોઇએ એઓને સમજાવી દેવા કે તમે જમો છો તે મિષ્ટાન્ન નથી, પરંતુ બીજું કંઇક છે.

ત્યારબાદ શ્રીયુત્ મણીલાલ મહોકમચંદે નીચે મુજબ ઠરાવ રજુ કર્યો હતો.

ઠરાવ: જ્યારે દેશભરમાં સ્વાતંત્ર્યનો અપૂર્વ સંગ્રામ લડાઇ રહ્યો છે, મહાત્મા ગાંધીજી અને અન્ય દેશનાયકો જેલમાં પુરાયા છે, હજારોની સંખ્યામાં દેશબંધુઓ કેદ થયા છે અને સરકારની દુષ્ટ દમનનીતિ સર્વત્ર ત્રાસ વરતાવી રહી છે ત્યારે ધર્મ કે વ્યવહારના કારણે કોઇ પણ પ્રકારના સામુદાયિક જમણુવારો થાય તે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી એમ જૈનોની આ જાહેર સભા જાહેર કરે છે અને જ્યાં સુધી આ લડાઇ ચાલે ત્યાંસુધી આવા જમણુવારો નહિ કરવા તેમજ કોઇ ઠેકાણે થાય તો તેમાં બીલકુલ ભાગ ન લેવા સર્વે જૈન બંધુઓને આગ્રહ કરે છે.

(૨) આ પ્રસંગે જે જુદા જુદા સાથો કે સંઘોએ પોતા તરફથી જમણુવારો બંધ કર્યા છે તેમને આ સભા ધન્યવાદ આપે છે.

જે સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ શ્રીયુત્ પરમાનંદ ભાઇએ જણાવ્યું કે બાર કલાકની પૂરી નોટીસ ન છતાં, આટલી મોટી હાજરી છે. તેનો અર્થ એ છે કે આ વિચાર સર્વત્ર સ્વીકારાયેલ છે. ઘણા ભાઇઓને આ કાર્ય માટે આટલી જહેમત ઉઠાવવી પડે છે તે માટે આશ્ચર્ય બતાવ્યું. પરંતુ અત્યારે તો આવા આશ્ચર્ય ઘણા છે તેમાં પણ સાધુ વિરોધ બતાવે તે અછેરૂં જ ગણાય, છતાં રૂઢીની ગુલામી દશા ન છોડી શકનાર, જમણુવારનો આગ્રહ બતાવે અને કહેશે કે આ હીલચાલ ધર્મ વિરૂદ્ધ છે. તેનો જવાબ આપી શકાય. જેમકે સામાન્ય રીતે દેરાસર ન હોય ત્યાં બંધાવવાની જરૂરીઆત ગણાય. પરંતુ જો એક ગામમાં ૫૦૦ દેરાસરો હોય ત્યાં એક નવું બંધાવવું યોગ્ય નથી. શત્રુંજયની યાત્રા પવિત્ર હોવા છતાં સમય જોઇને યાત્રા કરવીજ જોઇએ તેવી બાંધવાળાને પણ બંધ રાખવું પડયું હતું. તેમાં ધર્મ હતો. ધર્મના વ્યવહારો માટે એકાંત ન કહી શકાય તેમ સામાન્ય રીતે જમણુવારો સંગઠન, ભાઇચારો વધારવા માટે ગણાય. પરંતુ અત્યારે તો લડાઇનું વાતાવરણ છે એટલે જમણુવારો અસંગત છે. તે મૂર્ખતા છે, પાપ છે. આ કાયમ માટે નથી પરંતુ ફક્ત આવા સંજોગ માટે બંધ કરવાની વાત છે. આમાં ગરીબની દાઝ નથી. તે વાત પાયા વીનાની છે. તેમણે સૂચનાઓ કરી હતી કે આ સંબંધી વિચાર કરવા જુદા જુદા સાથોની મિટિંગ મળવાની છે. તે વખતે સર્વ ભાઇઓને વિનંતિ છે કે ત્યાં હાજરી આપવી અને જમણુવારો બંધ રહે તે માટે સમૂહબળનો ઉપયોગ કરવો. છતાં સમય તરફ દુર્લક્ષ રાખી, જમણુવારનો દુરાગ્રહ ન છોડે તો પીકેટીંગ પણ જરૂર કરવું જોઇએ તે માટે ભાઇઓ તથા બહેનોએ પણ તૈયાર થવું જોઇએ.

પછી પ્રમુખનો આભાર માની મિટિંગ વિસર્જન કરવામાં આવી હતી.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

જૈન સમાજની પરિસ્થિતિ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૩ મો. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ વદી ૨. તા૦ ૧૧-૮-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

ભારતભૂષણ માલવીયાજીએ બતાવેલો સત્યાગ્રહનો મર્મ.

નામદાર વીઠ્ઠલભાઈ પટેલની બૉયકોટની મજબૂત અપીલ.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફની સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિના આશરા નિચે તારીખ ૯-૮-૩૦ ના રોજ એક જાહેર સભા મુંબઇ પ્રા. મ. સમિતિના પ્રમુખ શ્રીમતી હંસાબ્હેનના પ્રમુખપણા નીચે મળી હતી. ભારતભૂષણ માલવીયાજી અને નામદાર વીઠ્ઠલભાઇ પટેલે લગભગ અઢી કલાક સુધી સુંદર ભાષામાં લડતનું રહસ્ય સમજાવ્યું હતું.

ધર્મિપક્ષની ગેરહાજરી.

દરેક સ્વયંસેવક મંડળે તથા જૈન આગેવાનો હાજર હોવા છતાં, ખાસ કરીને ધર્મિપક્ષ અને તેની સ્વયંસેવક સેના ગેરહાજર હતી.

અમારા રીપોર્ટરે લોકોને બોલતાં સાંભળ્યું કે તે લોકોને આ ચળવળ "રાજ્યની પાનાં શાન્તિર્ભવતુ"ના પાઠથી વિરૂદ્ધ એટલે ધર્મ વિરૂધ્ધ લાગે છે.

શરૂઆતમાં ગાંધીજીએ જે મહાપરિવર્તન આખા ભારતવર્ષમાં એક છેડાથી બીજા છેડા સુધી થઈ રહ્યાં છે. અને તેમાં દેવીઓનો પણ રાજકારણમાં સાથ જોઈ સંતોષ પ્રગટ કર્યો હતો.

પ્રાચીન સમયથી ભારતવર્ષનો મહિમા-તેમાં પ્રભુએ મુકેલી અનેક સમૃદ્ધિઓ ધર્મની ભાવના પોષનાર મહર્ષિઓની ભૂમિનો સૈકાય ભાષામાં ચાર હજાર વરસનો ટુંક ઈતિહાસ રજુ કર્યો અને પૃથ્વી મંડળપર એવો બીજો કોઇ દેશ નથી તેનો ખ્યાલ તાજો કરી બતાવ્યો. પૃથ્વી મંડળપર મારી માતા સમાન કોઇ સ્ત્રી નથી. તેવી રીતે મારા દેશ સમાન, દુનિયા-ભરમાં બીજો દેશ નથી. એટલે ભગવાને દરેકને પોતાનો દેશ પોતા માટે આપ્યે.

મહાન લડાઇ વખતે જર્મનોને મહાભયંકર ગણ્યા. બીજી પ્રજાને અમારા પર રાજ્ય નહિ કરવા દઇએ તેટલા માટે તો અંગ્રેજો અને ફ્રેંચો પ્રાણ દેવા તૈયાર થયા. તેમની મદદે હિંદી ફોજો ગઇ. સંખ્યાબંધ આપણા ભાઇઓએ જાન કુરબાન કરી, જર્મન ફોજને હઠાવી દીધી. તે ઉપકારના બદલામાં આજે આપણા ભાઇ બ્હેનોપર લાઠીનો વરસાદ વરસાવે છે.

મુસલમાન રાજ્યમાં તો અકબરના સમયથી સર્વ હિન્દી તરીકે એકત્ર થઇ ગયા. શાહજહાનના સમયમાં પણ ભારત વર્ષની જાહોજલાલીની ગણના કરવી મુસ્કેલ છે. અંગ્રેજો અહિંઆ વેપાર કરવા આવ્યા અને ચોરી ન થાય, રક્ષણ થઇ શકે તે માટે કિલ્લા બનાવ્યા. પછી તો છળ, બળ, ચતુરાઇ, કપટ, બેઇમાનીથી પગપેસારો કર્યો.

લોકો ન સમજ્યા અને અંગ્રેજોનો વિશ્વાસ કર્યો અને રાજ્ય બદલવાની કોશીશ પણ ન કરી. મેં પણ નાનપણથી ૫૦ વર્ષ ઉપરાંત દેશસેવા કરી અને મને પણ અંગ્રેજોનો વિશ્વાસ હતો તે સાયમન કમીશન આવ્યું ત્યારથી ઉઠી ગયો છે અને હવે આંખો ખુલી ગઇ છે, કે આ તો વિદેશી રાજ્ય છે. ગમે તેટલી સારી વ્યવસ્થા કરવા માટે પણ આપણા ઘરનો બીજો કોઇ માલીક હોય તે સહન થશે? (કદિ નહિ ના અવાજો). એટલે જ્યારથી પેદા થયા ત્યારથીજ અમારા દેશપર અમારો હક થઇ ગયો છે. એટલા માટે દોષ ન હોય તો પણ પારકાનું રાજ્ય હોય તે હઠાવવાનો આપણો ધર્મ છે વિદેશી રાજ્ય વિષ છે, તેના જેવું ભયંકર ઝેર દુનિયામાં બીજું કોઇ નથી.

વિદેશી રાજ્યમાં એક દોષ તો એ છે કે મહાન દાદા-ભાઇ, રાનાડે કે ગાંધીજી જેવા પણ ગવર્નર ન થઇ શકે, જ્યારે લાગવગથી અંગ્રેજ બચ્ચો ખુશીથી તેવા હોદ્દા મેળવી શકે છે. બીજો દોષ હજારો માર્ગે હિન્દુસ્તાનની મલાઇનો હિસ્સો અંગ્રેજો લઇ જાય છે. સીવીલીયનો મોટે ભાગે અંગ્રેજો. ફોજમાં છ હજાર ઓફીસરોમાં ૪૮ જેટલા હિન્દી અફસરો. બાકીના અંગ્રેજો રેલ, બેન્ક, વીમા, સ્ટીમર વિગેરે સર્વ વ્યાપાર અંગ્રેજોના બાપના કે તેમના બેટાના હાથમાં આવી રીતે લગભગ ૩૫૦ કરોડ રૂપીઆનો વેપારનો કાબુ રાખે છે.

તેમની વ્યાપાર નિતિના દાખલારૂપે હિન્દી નેતાઓનાં પોકાર વિરૂદ્ધ એકચેન્જ પણ મુકરર કર્યું અને ઈમ્પીરી-યલ પ્રેફરન્સ ઠોકી બેસાડયું. અને કાપડ ઉપરાંત, દારૂ કે જેને અડતાં શસ્ત્રો ન્હાવાનું કહે છે તેનો ફેલાવો કર્યો.

હુમીનીયન સ્ટેટસ આપવાની વાઇસરોયે કબુલાત કરવાની ના પાડી અને મહાસભાએ સ્વતંત્ર થવાનો ઠરાવ કર્યો અને સ્વતંત્રતા મેળવવા માટે ધર્મના ભાવથી સાબરમતિના સાધુએ સત્યાગ્રહનો માર્ગ બતાવ્યો. આ સત્યાગ્રહ તે અત્યારની ગવર્નમેન્ટની પધ્ધતિ સામે શાન્તિમય બળવો છે. અંગ્રેજો તેને બંધારણ વિરોધી (Unconstitutional) ચળવળ કહે છે. પરંતુ દુનિયાના સજ્જન, સાધુ પુરૂષ, સન્માનિત અને પૂજ્ય એવા પુરૂષવરો, અઘટીત કાયદાનો ભંગ કરે છે. તેવા કાનુન તોડવા બદલ ન્યાય, કે અન્યાય કાંઇ પણ બોલતા નથી. ગીરફતારી માટે વિરોધ પણ કરતા નથી અને જેલ ભોગવે છે. લાઠી કે ગોળી પણ ખાય છે, છતાં સત્ય અને અહિંસાનો માર્ગ છોડતા નથી. એટલે હું તો કહું છું કે સત્યાગ્રહ તે બરાબર સંપૂર્ણ રીતે બંધારણપૂર્વકની (Constitutional) ચળવળ છે. દુઃખનો વિષય તો એ છે કે આપણાજ ભાઇઓ પણ અંગ્રેજોની તે ધુનમાં ભળે છે. આટલું બસ નથી. ઉલટા અમારૂં અપમાન કરે છે કે તમે લાયક નથી થયા. શ્રેણીથી ચડાવીશું, એ તો ઘા પર નીમક લગાડવા જેવું છે.

છેવટે વ્યાપારી ભાઇઓએ ઘણી તકલીફો ઉઠાવી બહિ-ષ્કારમાં મદદ કરી છે તેને માટે ધન્યવાદ આપ્યો હતો. હિંદને હજારો સોય ભરાવી રસકસ ચૂસાય છે તે અટકાવવા, આપત્તિનો સમય છે માટે હિમ્મત રાખવા વિદેશી રાજ્યરૂપી પ્લેગ કાઢવા દૃઢ સંકલ્પ કરી, વિજય પ્રાપ્ત કરવા મજબુત અપીલ કરી હતી. પીકે-ટરોના ડરના માર્યા નહિ, પણ પોતાને મેળે ત્યાગપૂર્વક બૉયકોટને વળગી રહેવા ભલામણ કરી હતી. કદાચ ઉર કરોડમાંથી ૫૦ હજાર મરી જાય, ૧૦ હજારના માથાં ફુટે, ગમે તે થાય. પરંતુ એ બળીદાનથી, દુશ્મનને અસર કરી, માન સાથે, ગૌરવ સાથે જે સ્વતંત્રતા મળશે તે ટકશે અને સચવાશેજ.

વીઠ્ઠલભાઇ પટેલે તે પછી ભાષણ કર્યું હતું ને તે પછી મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જૈન સમાજની પરિસ્થિતિ.

જૈન સમાજમાં હાલ ગુંડાશાહીનો જમાનો પ્રવર્તે છે. વ્યાખ્યાનની પાટ ઉપરથી ધર્મ લુંટાઇ જાય છે. ધર્મનો લોપ થાય છે માટે ગમે તે રીતે ધર્મનું રક્ષણ કરો. ધર્મનું રક્ષણ કરવાની વાતમાં તો મતભેદ હોઇ શકે નહિ. ધર્મનું રક્ષણ કરતાં અહિંસા ધર્મને વેગળો મૂકવાનું કથન શું શાસ્ત્રીય છે? કોઇ પણ ધર્મના મૂળ સિદ્ધાંત આવી ગુંડાશાહી ચલાવવામાં આવે તેને ધર્મ ગણે નહિ. કદાચ કોઇ કોઇ ધર્મના અનુયાયીઓએ ચોકકસ સમયે મૂળ વસ્તુનું લક્ષ ભૂલી જઇને તલવાર બાજીથી ધર્મ ફેલાવવાના પ્રયાસો કર્યા હોય તેમ અમારા શાસન રસિક બંધુઓ ધર્મનું રક્ષણ કરવા પ્રસંગે ધર્મનુંજ, ધર્મના મૂળ સિદ્ધાંતનું ખુન કરવા તૈયાર થશે તો ધર્મનું રક્ષણ કઇ રીતે થવાનું છે? ગયા રવીવારના ગોડીજીના શ્રીસઘની મિટિંગ આ હકીકતની તાદ્રશ નમુના રૂપ છે જેમનો તે સંઘમાં હાજર થવાનો બીલકુલ હક ન હોય તેવા માણસોની ટોળી લઇ હાજર થવું પોતાને મનગમતા ઠરાવો ન થાય પોતાના વિચારો ઉપર કોઇ પણ પ્રકારની ટીકા કરવામાં આવે તો ઉશ્કેરાઇ જવું તે શું સાચા જૈનના લક્ષણો છે? શાસન પ્રેમીએ સમજવાની જરૂર છે કે ગુંડાશાહીથી ધર્મનું રક્ષણ થવાનું નથી. મિટિંગનું કામકાજ શાંતિથી ચાલવા દેવામાં પ્રમુખની આજ્ઞાને માન્ય રાખવાથી દરેક કાર્ય પસાર થઇ શકે છે. આજે જમણવાર બંધ કરવાના વિચારની ચર્ચા થતી અટકાવવામાં તમો સફળ થયા હશો પણ તેટલેથી જમણવારનું કાર્ય પતી જવાનું નથી. પર્યુષણમાં તમારે આત્મધર્મ આદરવા છે કે જમણવારમાં ગુંડાશાહી ચલાવી સંતોષ માનવો છે? જમણવાર સામુદાયીક છે. સમુદાય જમણવાર જમવા તૈયાર નહિ હોય તો તમો એકલા જમી સમાજની નજરે ચડવાના છો? જૈન સમાજે ગુંડાશાહીના ઉપદેશ આપનારાઓથી ચેતીને ચાલવાની જરૂર છે. મત ગમે તે ધરાવો, તે મત સુખેથી જાહેર કરો પણ તે મત પરાણે બીજા ઉપર લાદવામાં તમો કોઇ રીતે ફાવી શકવાના નથી છત્રીનાહવા વિચારોનો ફેરફાર કરી શકશે નહિ ઉલટો વિચાર મતભેદ ઉગ્ર બનશે.

દેવસુર સંઘની સભા.

શાસનરસીકોની સંઘમાં ગુંડાગીરી.

પવિત્ર પર્યુષણ નિમિત્તે થતાં સાર્વજનિક જમણવારો કરવાં કે નહિ તે માટે વિચાર કરવા શ્રી દેવસુર સંઘની એક સભા તા૦ ૧૦-૮-૩૦ ને રવીવારના રોજ શ્રી ગોડીજી મહારાજની પેઢી પર મળી હતી.

પ્રમુખસ્થાને શ્રીયુત્ મોહનલાલ હેમચંદ જવેરી બીરાજ્યા હતા.

ગ્લીચ ભાષાના પત્રો.

મીનીટ વંચાયા બાદ રામપાર્ટીના ધર્મિપક્ષના ગ્લીચ ભાષાના પત્રો સંઘની મીટીંગમાં રજુ કરવામાં આવ્યા હતા. ગાળોથી ભરપૂર પત્રો ન વાંચતાં, ટુંક સાર કહેવાની ભલામણ થતાં શાસનપક્ષ મીજાજ ગુમાવી બેઠો.

ગુંડાગીરી.

પ્રથમથીજ પોતાની લઘુમતિ અને દલીલ ન હોવાથી, ગુંડાગીરીપર મુસ્તાક હોવાથી ધાંધલ શરૂ કર્યું. પ્રમુખશ્રી આ ધરાદો સમજી ગયા. સભા બરખાસ્ત કરી. એટલે આ અહિંસાના કહેવાતા દંભીઓએ મારામારી શરૂ કરી અને સંઘ ફરીથી વિચાર કરવા ન બોલાવી શકાય તે માટે કાયમ ખાતે તે પક્ષ આ ઉપાયનો ઉપયોગ કરે છે. તેમ આ વખતે પણ કર્યો.

લોહી તરસ્યા.

આ વખતે તો ખાસ કરીને દલીલપૂર્વક અને શાન્તિથી સમજાવી શકનાર શ્રીયુત્ મોતીચંદભાઇ અને શ્રીયુત્ પરમાનંદ ભાઇને સખ્ત માર મારવાના ઇરાદાથી એકી સાથે ઓચીંતો ધસારો કર્યો. જો વચ્ચે કોર્ડન કરી. બીજા ભાઇઓ આડા ઉભા ન રહ્યા હોત, તો આ રાક્ષસી પ્રવૃત્તિને શાન્ત્વન કરવા જરૂર તે લોકો ઉપરોકત ગૃહસ્થનું લોહી રેડત. કારણ કે તેમના લડવાનો આ ભાઇઓ કટ્ટર વિરોધ કરે છે તે સર્વ વિદીત છે. છેવટે આ ભાઇઓને કુનેહથી સહિસલામત બહાર લઇ જઇ શકયા તે માટે પોતાના શરીરના જોખમે જે ભાઇઓ ઉભા રહ્યા તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. હીરાચંદ છગનલાલને આંખ પાસે સખ્ત ઇજા પણ થઇ છે. શ્રીયુત મણીલાલ મહોકમચંદને પણ માર પડયો છે તથા શ્રીયુત કશળચંદ કમળસીને પણ છત્રીઓ પડી હતી નગરશેઠના કુટુંબી શ્રી. ચીનુભાઇ ઉપર કેટલાક ધાંધલીઆઓએ ગાળોનો વરસાદ વરસાવ્યો હતો.

લાઠી મારીને પણ લાડવા જોઇશેજ.

આ પક્ષને દુધપાક, લાડવા, મિષ્ટાનની એટલી તો લત લાગી છે કે "યેન કેન પ્રકારેણ" ધર્મના ઓઠા નીચે, તેમાં ખામી નજર આવવી જોઇએ. તે માટે તેઓ નિરંતર તપાસ રાખે છે. તે માટે મારામારી કરવા તૈયાર, આવી રીતે માર મારીને સંઘમાં સારા માણસો આવતાં અટકે કે ડરથી ટ્રસ્ટી સાહેબો સંઘ નજ બોલાવે તેવી સ્થિતિ ઉત્પન્ન કરવા માંગે છે. તેથી સંઘને અમે ચેતવીએ છીએ કે ગુંડાગીરીથી ચેતજો. આ લોકો તો લોહી રેડીને પણ જમવાજ માગે છે. પીકેટીંગ ગોઠવાય તે ભાઇઓ કે બહેનોને પણ સમજાવવું કે આ ધર્મિપક્ષ લોહી રેડીને લાડવા જરૂર જમશે, માટે જાન કુરબાન કરવાની તાકાદ હોય તેમણેજ તૈયાર થવું; કારણ કે ગમે તેટલી શાન્તિ રાખશો તો પણ આ લોકો તો ગુંડાગીરી કરવાના, કરવાના ને કરવાનાજ

તા. ક. મુંબઇ સમાચારનો રીપોર્ટર શાસનપક્ષમાં કોઇને વાગ્યું હોય તેના નામ જણાવશે તોજ રીપોર્ટની સત્યતા ગણાશે બાકી સમાજ, સમાચારના રીપોર્ટની કિંમત સારી રીતે સમજે છે.

લી૦, પ્રેક્ષક.

રાષ્ટ્રધર્મ અને પર્વજમણ.

જમણ ગમે તે હેતુએ થતું હોય છતાં સર્વ કોઇ એટલું તો કબુલ કરશે કે એમાં અવશ્ય આનંદનો ધ્વનિ રહેલો છે એ સ્થળ પ્રત્યે નજર ફેંકનાર કોઇ અજાણી વ્યકિત પણ સ્હેજે અનુમાની શકે છે કે ' અહીં આજે કોઇ ખુશાલી નિમિત્તે થતી ઉજવણી છે'. વળી પ્રતિદિન લેતાં ખોરાક અને જમણ વેળા તૈયાર કરવામાં આવતાં મિષ્ટ પદાર્થની સરખામણી કરવામાં આવે તો આ વાત સરળતાથી સમજી શકાય તેવી છે. આવી સ્પષ્ટ વાતને ધર્મનો ઓપ ચઢાવવાથી એનું મૂળ સ્વરૂપ પલટાવી શકાતું નથી દેશમાં ચાલી રહેલ અહિંસક યુદ્ધ જોતાં, સામાન્ય બુદ્ધિમાન પણ કબુલ કરે કે એ કાળે જમણની વાતો ન શોભે. શકિત હોય તો કેશરિયા કરી નિકળી પડે અને નહિં તો સત્વર વિજય મળે એ સારૂ માળા ફેરવે. જરૂર વિજય પ્રાપ્તિ અર્થે તપ નિયમનું પાલન કરાય. તેમાં પણ પર્યુષણ જેવા પર્વાધિરાજના આગમન કાળે ખાસ કરી અધિક ઉલ્લાસથી તેનું સેવન થાય. ધર્મપ્રેમ ઉપરાંત રાષ્ટ્રપ્રત્યેની ભકિતનો એ અચુક પુરાવો છે. ' ઇચ્છા નિરોધ વૃત્તિ' એનું નામજ તપ છે. તેથીજ એ કરણી પ્રશંસનીય હોવા છતાં આજે એની પછી કે પૂર્વે થતાં જમણ તો નજ શોભે દેશ જ્યારે શોકની ગર્તામાં ડુબ્યે. હોય, સંખ્યાબંધ મનુષ્યો, અરે આગેવાન દેશનાયકો, જેલના દુઃખો વેઠી રહ્યા હોય ત્યારે સ્વામીભાઇની ભકિતરૂપે નિર્માયેલા અને કેટલાયે કાળથી ચાલ્યા આવતાં પર્વના જમણો પણ 'આપદ્ધર્મ' તરિકે બંધ કરવાજ જોઇએ. તપ, કરણી આત્મિક ભાવપર અવલંબે છે. સઘળા જમણ જમનાર તપ કરે છે એવું કંઇજ નથી; અને જો જમણ જમાય તોજ તપ થાય એવું માનીએ તો પ્રભુ કથિત તપનું મહાત્મ્ય સાવ ઘોવાઇ જાય છે. જમણ લાલચનું સાધન બને છે, એટલે લાલચથી થતી ક્રિયાને શુદ્ધ તપ નજ કહેવાય. વળી મીષ્ટાન્ન કરતાં સાદો આહાર વધુ સાત્વિક હોવાથી પ્રમાદ લાવનાર ન બનતાં શ્રવણ આવશ્યકાદિ ક્રિયામાં સારી ઉજમાળતા આણનાર છે. આ વેળા અકસ્માતિક પ્રસંગ પ્રાપ્ત થયો છે. તો અખતરો કરવા જેવું છે. સ્વામી વાત્સલ્ય ભકિત અને કાયમ આદિ શબ્દોને નામે જે દલીલો થાય છે તે પોકળ ને હસવા જેવી છે. સ્વામિભાઇનું વાત્સલ્ય કે ભકિત અવશ્ય જરૂરના છે. પણ મોટો ભાગ એનો ઇચ્છા કરતો હોય તોજ. જે કાળે યુવાન વર્ગ દેશ સેવામાં લયલીન બન્યો હોય અને વૃદ્ધગણ પણ જમણનો નિષેધ કરતો હોય ત્યારે તો તેને ખેંચતાણ કરી ન કરવા ઘટે. વર્ષોવર્ષથી થતાં કાર્યો પણ રાજદિના શોક પ્રસંગે વા હડતાળ જેવા દુઃખદ સમયે શું બંધ નથી રાખવા પડતા ? એક બુજોથી દલીલ થાય છે કે મોટા વ્યાખ્યાન રહ્યા એટલે સ્ત્રીઓને રાંધવાનું ઘેર હોય તો વ્યાખ્યાન સંભળાય નહિં. આ હસવા લાયક વાત છે કે બીજું કંઈ? શોકવાળી સ્ત્રીઓ શું વેળાસર રાંધી વ્યાખ્યાન નહીં સાંભળતી હોય ! મોટા વ્યાખ્યાનના ચાર દિવસોમાં જમણ તો માત્ર એકજ આવે છે ને ! બીજા ત્રણ દિવસે તો માથાકુટ ખરીજ ને ! આમ છતાં એ દલીલ નારીવર્ગ તરફથી નથી; પણ કહેવાતા શાસન પ્રેમી બંધુઓની છે. શત્રુંજયના યાત્રા ત્યાગનો કિસ્સો સામે હોવા છતાં એમની જોવાની દ્રષ્ટિ ઉલ્ટા પ્રકારની હોવાથી એમાંના એક ભાઇ તો એટલે સુધી દલીલ કરે છે કે-' જો યાત્રાળુ જતાં હોત તો કાયમ અપતા ભાતામાંથી જરૂર ભાતુ તેમને મળ્યું હોત'. આ ભાઇ માને છે કે 'કાયમ'નો અર્થ કોઇ વાર બંધ રહી શકે નહિં તેવું; યાત્રા ત્યાગ વેળા સંઘની આજ્ઞાનો અનાદર કરી, બે પાંચ ભાઈઓ ગએલા છતાં એમને ભાતુ અપાયું નથી. તળેટીજ બંધ હતી ત્યાં ભાતુ કેવુ ? આ ઉપરથી સાર તો એ લેવાનો છે કે સંઘને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ યાને દેશકાળ જોઇ મૂળ આશયને જરા પણ ક્ષતિ પહોંચાડયા વગર ચાલુ પ્રથામાં ઘટતો ફેરફાર કરવાનો હક છેજ. આ સંબંધમાં ઝાઝુ લંબાણ ન કરતાં એટલુંજ કહી દેવું ઠીક પડશે કે જેઓને ધર્મના કે પર્વના નિમિત્તે જમવુંજ છે તેઓ ભલે જમે, પણ એ જમણમાં મિષ્ટાન્ન નજ શોભે. દાળભાત જેવો સાદો ખોરાક હોવો જોઇએ. નજર સામે ચાલતાં લાહીરાજ વેળા કોઇ પણ પ્રકારે સામુદાયિક જમણો તો નજ શોભે: 'જમણ' નામજ એવું છે કે કષ્ટ કે દુઃખ વેળા એની સ્મૃતિ અસ્થાને છે. જ્યારે દેશ દેશાવરના સંઘો આ વેળા જમણ બંધ રાખવા સંબંધી ઠરાવો કરી રહ્યા છે ત્યારે મુંબઇ કે જે સંગ્રામ ક્ષેત્ર છે તે જરૂર ઉચિત પગલું ભરશે. સુજ્ઞેષુ કિં બહુના !

લી૦, સુમન.

"ખંભાતના જૈન સંઘનો ઠરાવ."

એ હડહડતા જુઠાણાનો ખુલાસો.

તા. ૪-૮-૧૯૩૦ ના જાહેર પત્રોમાં "ખંભાતના જૈન સંઘનો ઠરાવ" એ મથાળા નીચે રાષ્ટ્રપતિ શ્રી. વલ્લભભાઇ પટેલના અમદાવાદના ભાષણ સામે જે પ્રકારનું લખાણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, તે તદ્દન ગેરરસ્તે દોરવનારૂં છે. અને તેથી અમોને ખાત્રીવાળા માણસો મારફતે તપાસ કરાવતાં જે હકીકત મળી છે, તે નીચે રજુ કરીએ છીએ:—

"જૈન શાળામાં સભા જેવું કંઇ મળ્યુંજ ન હતું. પણ રોજના નિયમ પ્રમાણે રહવારના વ્યાખ્યાન સમયે શાસન રસીક સોસાયટી કે જે રામવિજય અને શ્રી. સાગરજી મહારાજના ભકતોની બનેલી છે. તેમાંના એક ભાઇએ ઉભા થઇ કહ્યું કે: "વલ્લભભાઇએ જે ભાષણ કર્યું છે તે બાબત તેમને પુછાવી ખુલાસો મેળવવો" અને આ કહેવાતા ઠરાવને બીજા ભાઇએ ટેકો આપ્યો. અને શ્રી. સાગરજી મહારાજે ' સર્વ મંગળ માંગલ્ય ' કહી વ્યાખ્યાન સમાપ્ત કર્યું."

વીસમી સદીનો કયો સમજી માણસ આને સભા કે સંઘનો ઠરાવ કહેવા તૈયાર થશે ? ના મળે સભા બોલાવવાની રીતસરની જાહેરાત, ના મળે સભામાં પ્રમુખ, ન લેવાય સભ્યોના મત ! ! ! આશ્ચર્યોની પરંપરાજને ? !

અને જ્યાં ઠરાવનુંજ ઠેકાણું નથી, ત્યાં જાહેર પત્રોમાં આવેલા હેવાલમાં તો છપાવવામાં આવ્યું છે કે: "કાયદેસરનાં પગલાં લેવામાં આવશે." આવી ધમકી આપવી એ કેવળ થુંક ઉરાડવાથી વિશેષ શું છે ?

બાકી સંઘના નામે કંઇ પણ ઠરાવ ન કરવાની જાહેર સૂચના ' સંઘ સેવકો 'ના નામે હેન્ડબીલ દ્વારા અગાઉથી અપાએલીજ હતી

આ ઉપરથી જાહેર જનતા જાહેર પત્રોમાં આવેલા એ કહેવાતા ઠરાવનું કેટલું મહત્વ છે. તે સારી રીતે રહમજી શકશે. અસ્તુ.

લી૦,

ઠાકોરદાસ પી૦ શાહ
વાડીલાલ આ૦ શાહ
શકરાભાઇ ગાં૦ ચોકસી

સં. મંત્રીઓ: શ્રી ખંભાત જૈન મંડળ—મુંબઇ

પર્યુષણ કેમ પાળશો!

આપણે પર્યુષણ પર્વ ઘણાજ અનાદિ કાળથી મનાવતા આવ્યા છીએ. વખત અનુસાર આપણા પૂર્વાચાર્યોએ કેટલાય ફેરફારો કર્યા હશે. અત્યારે પણ આપણે તેમાં કેટલાય ફેરફાર કરી મુકીએ તેમ છીએ.

સાંપ્રત કાળે પર્યુષણનો અર્થ, પાખી પાળવાને નોકારસી જમાડવામાંજ થઇ ગયો છે. ખરી રીતે—

પર્યુષણ એટલે શ્રાવકોના પવિત્ર દિવસ.

પર્યુષણ એટલે પાંચ પ્રકારના પાપ છોડવાના દિવસ.

પંચ દુષણ ત્યાગ કરી, ધર્મસેવન કરવું, તેનું નામજ પર્યુષણ.

પર્યુષણ પાળવાથી વરસ ભરમાં કરેલાં પાપ નાશ થાય છે.

શ્રાવકનો પુત્ર પર્યુષણનો અર્થ ન જાણે એ બનેજ નહિ.

પર્યુષણ એટલે શ્રાવકનો મહિમા.

પર્યુષણ એટલે શ્રાવક ધર્મધ્વજ.

પર્યુષણ એટલે શાંતિ, સંયમ, ક્ષમા અને દાન.

પર્યુષણ તો વ્રત-નિયમથીજ શોભે.

પર્યુષણમાં ધર્મસેવન એજ મુખ્ય કર્તવ્ય હોય.

શીલ ભંગ તો પર્યુષણમાં મર્યાન્તે ન થાય.

પર્યુષણ એટલે પર્વનો સાગર.

હિંસા, અસત્ય, ચોરી અને અભક્ષનો ત્યાગ કર્યા વિના શ્રાવક ન હોય.

અહિંસા ધર્મ એજ જૈન ધર્મ છે.

જૈનત્વહીન પણ શ્રીમંત કે ધીમંત હોય છતાં શ્રાવક તેને કદી ન પૂજે.

અંદરો અંદરના ઝઘડા પર્યુષણમાંજ પતાવાય.

કુટુંબ કલેશ પણ પર્યુષણમાં નાશ પામે.

એકજ પિતાના પુત્રો જેવા દિગંબર અને શ્વેતાંબર ભાઇચારાથી કેમ ન વર્તે?

તીર્થોના નામે ઝઘડા કરવા તે પાપ નહિ તો બીજું શું ગણાય?

જે તીર્થ પ્રાણીમાત્રની માલેકીનાં ગણાય, તેના માટે શ્વેતાંબર કે દિગંબર હક કરી ઝઘડા કરે તો તે મૂર્ખાઇ નહિ તો બીજું શું ગણાય?

તીર્થસ્થાન તેજ રહે છે, વધે છે નાહક કલેશ. જૈન હોય તે કલેશ કરેજ નહિ, કલેશ કરે તે જૈન કહેવાયજ નહિ.

તીર્થસ્થાનોના ઝઘડા મુનિરાજો ન પતાવે તો તેનું મુનિ પદ શોભે નહિ. મુનિથી ઝઘડાવાળું વાતાવરણ ફેલાવાયજ નહિ.

મુનિરાજોના પાદ સંચાર અને ઉપદેશોથી શ્રાવકો સમ્યકત્વવાન ન બને, અન્ય ધર્મિ જૈન ન થાય, તો પછી તે મુનિરાજોના ભ્રમણનું તાત્પર્ય શુ?

પર્યુષણના નિમીત્તે પણ મુનિરાજો ઝઘડાનો અંત આણે તો તેમનો આત્મા વધુ નિર્મળ થાય.

યુવાન કે વૃધ્ધ, બાળક કે સ્ત્રી, મુનિરાજ કે પંડિત તમામ જૈનત્વને માનનારા છે. નહિ કે દુષ્ટત્વને.

જૈનત્વ ત્યારેજ કહેવાય કે ઝઘડા ન થાય.

ચાલુ કાળે જૈન સમાજ અંદર અને બહાર ઝઘડાથી ભરેલો છે. બીજા સમાજવાળા જૈનોના અંદર અંદરના ઝઘડા જોઇ કુતુહલભરી નજરે નિહાળી હસે છે કે ક્રોધ-માન-માયા-લોભ પર જીત મેળવનાર જૈનો તીર્થના બહાના હેઠળ લઢી મરે છે.

ચાલુ કાળે દુનિઆ પર કોઇ એવો ધર્મ નથી કે જેમાં એકજ પરમાત્માના ઉપાસકો તેજ પરમાત્માની પ્રતિમા ઉપરના હક માટે પાર્લામેન્ટ સુધી લઢતો હોય.

જૈનો જાગો, તમારા મહાવીર પિતાના નામને ખાતર, તમારા પાયમાલ થતા સમાજને ખાતર, તમારાં ભાવિ સંતાનોના સુખને ખાતર, તમારા મુનિરાજોની ચારિત્ર વૃત્તિ પોષવાને ખાતર એક થાઓ, એક થાઓ.

તમારાં તીર્થસ્થાનો ઝઘડા ઉત્પન્ન કરતાં હોય તો હાલ થોડો વખત તે ઝઘડાને દૂર કરો અને એક થઇ દેશના ઉદ્ધારના યજ્ઞમાં ફાળો આપો. મહાત્મા ગાંધી જેવા મહાપુરૂષોએ સ્વરાજ્ય પ્રાપ્તિ માટે જે માર્ગ ગ્રહણ કર્યો છે તેમાં સંપૂર્ણ સાથ દો.

અસહકાર જૈનત્વથી ભરેલો છે.

જૈનત્વ અસહકારથી ઓતપ્રોત છે.

જગતમાં **અહિંસા પરમો ધર્મ:**નો પ્રચાર કરવાને ખાતર-તમારા દેશને ગુલામીમાંથી મુકત કરવાને ખાતર-તમે એક થાઓ.

હિંદુ અને મુસલમાન જેવી કટ્ટર ધર્મ વિરોધી કોમો જ્યારે દેશને માટે એક સાથે વર્તે છે ત્યારે તમો જૈનો શું દિગંબર કે શ્વેતાંબરના કાલ્પનિક છત્ર નીચે દબાએલા રહેશો.

કુસંપના કુહાડામાં ભરાઇ રહી, શું તમારી વણીક બુદ્ધિ પર પાણી ફેરવશો?

જૈનો યાદ રાખજો. આજે તમે જરા પણ ચુકયા, તો પછી તમારા માટે ઉંડામાં ઉંડી ખાઇ સુધ રહેવાને તૈયાર છે.

કાં તો ઐકયતાથી જોડાઇ સ્વરાજ્યની લડતમાં સાથ આપો કે પછી તમારા બાપદાદાએ નહિ ખોદેલું એવું કુસંપનું તળાવ ખોદી તેમાં ડુબી મરો.

તમારા અંતરાત્માને ખુબ વિચાર પૂર્વક પુછી પછીજ પગલું ભરજો.

આજે પર્યુષણના પવિત્ર દિવસોમાં આપ ધંધાથી રહિત છો. ઉપાધીઓથી વેગળા છો-ધર્મસ્થાનમાં બેઠેલા છો-તમો તમારી ડાહી બુદ્ધિનો ઉપયોગ, તમારામાંના કલેશને બાળવાના કામમાં ખર્ચો. આજે એવી પ્રતિજ્ઞા લ્યો કે હવેથી હમે હમારા દેશને ખાતર-હમારા સમાજને સુવ્યવસ્થિત બનાવવાને ખાતર-હમારાં તીર્થસ્થાનો માટે અંદરો અંદર કદાપી લઢીશું નહિ.

આજના પવિત્ર દિવસે પરમાત્મા તમોને એકત્ર થવાની સન્મતિ આપે, એજ અંતરેચ્છા છે.

જ્યારે જૈન માત્ર એકજ ઝંડા નીચે એકત્ર થશે. ત્યારેજ જૈન ધર્મ વિશ્વવ્યાપી બનશે.

મોહનલાલ મથુરદાસ શાહ કાણીસાકર.

કમ્પાલા-(યુગાન્ડા)

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

સ્વામી વાત્સલ્ય એટલે જમણ? યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૪ મો. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ વદી ૯. તા૦ ૧૮-૮-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

જમણવાર કરવા હમણાં ન શોભે!

પર્યુષણપર્વ હમણાં આવી રહ્યું છે, પણ તેમાંયે "સાહમિવચ્છળ" ન કરાય!

દરેક ભાઈ-બ્હેનનું ધ્યાન ખેંચું છું કે વર્તમાન પરિસ્થિતિ જોતાં હાલનો વખત સામુદાયિક જમણવારો કરવા માટે ઉપયુક્ત નથી. હાલમાં દેશ ઉપર મ્હોટી આપત્તિ છે. જોરશોરથી ધર્મયુદ્ધ ચાલી રહ્યું છે. અહિંસા અને સત્યના પાયાપર, દેશના કરોડો ગરીબોના ઉદ્ધારનો આ સંગ્રામ ઉભો થયો છે. એટલા માટે આ ધર્મયુદ્ધ છે. આપણે બધા જોઇ રહ્યા છીએ કે, દેશના સત્યાગ્રહી સૈનિકો જેમ જેમ શાંતિ કેળવી રહ્યા છે અને ક્ષમાપૂર્વક પોતાના સત્યાગ્રહને આગળ ધપાવી રહ્યા છે, તેમ તેમ સરકારના દમનનીતિ ઘણા જોરથી ફાટી નીકળી છે અને આખા દેશમાં પ્રજા ઉપર ભયંકર મારો ચાલી રહ્યો છે. હજારો દેશનેતાઓ, હજારો ભદ્ર પુરૂષો અને હજારો સ્વયંસેવકો આજે દેશની ભલાઇ માટે કામ કરવા જતાં કારાવાસમાં નંખાયા છે. હજારો દેશભક્તો અને સ્વયંસેવકો પોલિસના લાઠીના મારથી અને શસ્ત્રપ્રહારથી ઘાયલ થઇ હોસ્પીટલમાં પડયા છે. અનેકના જીવ ગયા છે. નિઃશસ્ત્ર અને શાંત બાળકો જે "પ્રભુનાં પ્યારાં અને વ્હાલાં" ગણાય, તેમની ઉપર પણ પોલિસની સોટીઓ પડે છે. દેશભક્તિના ઉભરાથી દેશનું હિતકાર્ય કરવા બહાર પડેલી સ્ત્રીઓને પણ આ સરકારના કર્મચારીઓ ભાન ભૂલીને જેલમાં મોકલતા અચકાતા નથી; અને તેમને પણ હેરાન કરે છે. આવો કરૂણ અત્યાચાર દેશભરમાં ચાલી રહ્યો છે. આજે દેશ ઘણી ભીડમાં આવી પડયો છે. દેશની આઝાદી માટે પુરૂષો અને સ્ત્રીઓ મરણીયા થઇ ઝુકી પડયાં છે વેપારીઓ વેપાર, ખેડુતો ખેતી અને વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ છોડી રહ્યા છે. આવા દારૂણ સમયમાં દેશની કોઈ પણ કોમ, જો તેનામાં સમજણ હોય તો વ્યાવહારિક કે ધાર્મિક કોઇ પણ જાતના જમણવાર ન કરે. "શોક" હોય તો તમે જમણ કરતા નથી અને જમવા જતા નથી, તો આ દેશનો પ્રસંગ એ શોકથી હજાર ગણો શોક જેવો છે. આજે તો આખા દેશપર એક પ્રકારનું ભયંકર વાદળ ઘેરાયલું છે, તો પછી જમણવાર કેમ થાય? આપણા મહાન્ દેશબન્ધુઓ આપણા કાજે જેલની યન્ત્રણાઓ ભોગવે અને જેલનો કાંકરી તથા સીમીટવાળો ભદ્દો ખોરાક તેમને આરોગવો પડે, અને આપણે જમણવારો કરી આનન્દ ઉડાવીએ એ કેટલું શરમભર્યું છે? એમ કરવામાં ખરેખર આપણી નિષ્ઠુરતાનું, આપણી હૃદયહીનતાનું અને આપણા દેશદ્રોહનું પ્રદર્શન ખુલ્લું થાય છે. જ્યાં પાડોશી સાથે પણ જો મિષ્ટતા, સભ્યતા અને ઉચિત વ્યવહાર ન બતાવીએ તો માનવતાનું હનન થાય છે, ત્યાં પછી દેશની સાથે સહાનુભૂતિ બતાવવા બાબત તો શું કહેવાનું જ હોય

જૈનો "સહામિવચ્છલ" ગણાતા જમણવારને ધાર્મિક માને છે. પણ તે દરેક ટાઇમે કરવા જોઇએ એવો કંઇ નિયમ નથી, અને શાસ્ત્રનું પણ એવું ફરમાન નથી. એ વાતની દરેક ભાઈ-બ્હેનોને ખાત્રી આપું છું જૈનધર્મ એકાન્તવાદી માટે કોઈ ધર્મવ્યવહારનું કામ પણ સમય અને સંયોગો વિચારીને કરવું ઉચિત ગણાય. દાખલા તરીકે, દેરાસર પવિત્ર અને મંગળમય છે અને તે બંધાવવું શ્રેયસ્કર છે, પણ જ્યાં એક દેરાસર પણ બરાબર ન સચવાતું હોય, અગર જ્યાં દેરાસરો પુષ્કળ પ્રમાણમાં હોઇ તેની જરૂરત ન હોય ત્યાં જો બીજું દેરાસર બંધાવવાની કોઇ વાત કરે તો એને કોઇ પણ વ્યાજબી ન ગણે. એ સિવાય, શત્રુંજયનો દાખલો પણ આપણી સામે મોજુદ છે. શત્રુંજય એ પરમ પવિત્ર તીર્થ, તેની યાત્રાને સહુ અનુમોદે; કોઇ ન અટકાવે. પણ એક વખત એવોજ હમણાં આપણી પાસેથી પસાર થઇ ગયો કે જ્યારે તે તીર્થની યાત્રાને અટકાવવાનુંજ, તેનો ત્યાગ કરવાનુંજ શ્રીસંઘને ઉચિત જણાયું હતું, અને શ્રીસંઘે તેવું ફરમાન કાઢયું હતું, અને એમાં પુણ્ય મનાયું હતું. યાત્રાની પ્રતિજ્ઞાવાળાઓને પણ તે ટાઇમે યાત્રા નહિ કરવામાંજ ઔચિત્ય અને લાભ તથા પુણ્ય સમજાયાં હતાં. આ શું! સમયજીનજ બલિહારી કે! તે પ્રમાણે આજે પણ જ્યારે દેશ પર એક પ્રકારની ગંભીર આફત આવી પડી છે ત્યારે દેશની કોઇપણ કોમને માટે જમણવાર ઉજવવા વ્યાજબી નથી. જૈનો પણ સમજી જાય, અને દેશની તરફ પોતાની સહાનુભૂતિ બતાવવાનો ધર્મ વિચારીને હમણાં કોઇપણ પ્રકારના જમણવારો ન કરે. તેમની ધાર્મિક વિશાલતા ઉદારદૃષ્ટિ આ વખતે પરખાશે. જો તેઓ દેશની પ્રત્યે પોતાનો શિષ્ટ વ્યવહાર ભૂલી જશે અને નોકારસી-સાહમિવચ્છળ કે બીજા પ્રકારનાં કોઇ જમણો ઉડાવવા તૈયાર થશે તો તેમના ધર્મને લાંછન લાગશે અને દેશની જાહેર જનતા તેમના પર ફીટકાર વરસાવશે.

આજે જ્યારે આખા દેશ પર વિપત્તિનાં, અત્યાચારોનાં વાદળ ઘેરાયલાં હોય, આખા દેશ પર આફતની નોબતો ગડગડતી હોય અને મહાત્મા, સત્પુરૂષો અને સન્નારીઓ કારાવાસની વિડમ્બનાઓ ભોગવી રહ્યા હોય તો એવી દેશની ગંભીર પરિસ્થિતિમાં, દેશની ગમગીની અવસ્થામાં કોઇપણ જાતના જમણવારો કરવા એ દેશની પવિત્ર ચળવળ સામે નિષ્ઠુર અટ્ટહાસ કરવા જેવું નીચ અને અધમ કૃત્ય ગણાય. જુદા જુદા સ્થળે અનેક નહાની-મ્હોટી કોમોમાં અને અનેક અન્ય ધર્મ સંસ્થાઓમાં તથા બીજા શહેર-ગામોની જૈન કોમમાં જમણવાર બંધ કરી દેવાયા છે ત્યારે જરૂર આશા રાખીએ કે, સુરતના જૈન બધુઓ પણ આ ટાણે સમજી જાય, પોતાનો દેશધર્મ બજાવે અને શાસનની શોભા વધારે. વિશેષ શું!

શ્રાવણ વદિ ૩ મંગળવાર
તા૦ ૧૨-૮-૩૦
સુરત, (નવાપુરા).

લી૦
શ્રી શ્રમણસંઘનો ચરણોપાસક,
ન્યાયવિજય.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

સ્વામી વાત્સલ્ય એટલે જમણ !

પર્યુષણના જમણો જમવા સંબંધે કહેવાતા શાસનપ્રેમી વર્ગ તરફથી જે દલીલો કરવામાં આવે છે તે સાંભળી વિચારક હૃદયને અવશ્ય ક્ષોભ થાય તેવું છે જાણે સ્વામીવાત્સલ્યની વાખ્યા ગમે તે પ્રકારે કરવામાં આવતાં આવા જમણોમાંજ ન સમાઇ જતી હોય! સમાનધર્મી બંધવોનું ભોજન માત્રથીજ નહિં પણ વસ્ત્રાદિ અન્ય સર્વ પ્રકારે સન્માન બહુ માનપૂર્વક કરવું એનું નામ સ્વામીવાત્સલ્ય છે. કેવળ એક ટંકના જમણમાં હજારો ખરચી સ્વધર્મી ભાઇઓમાંના ઘણાની બીજા દિવસ માટે શું ચિંતા છે, કિંવા તેઓ કેવા પ્રકારે સ્વજીવન નિર્વાહ ચલાવે છે, એ સંબંધમાં રંચમાત્ર ફાન ન ધરાતો હોય; વળી જમનાર ને જમાડનાર ઉભય જાળવવી જોઇતી જયણા સંબંધના વિવેકથી પરાંમુખ હોય, એવા જમણને ભલે આજે વીસમી સદીમાં 'સ્વામીવાત્સલ્ય'નું બિલ્લુ પ્રાપ્ત થતું હોય, છતાં એ પ્રભુશ્રી વીરના ધરતું સ્વામીવાત્સલ્ય તો નથીજ, એમ બાપોકાર જાહેર કરવું પડે છે. આજના આપણા આ જમણો જોનાર અન્ય ધર્મીઓ પણ એની ધમાલ, ગંદવાડ અને ગોંડવાડ આદિ માટે ઠેકડી કરે છે, ત્યાં સાચા જૈનને અહિંસાનું કેટલું ખુન થાય છે એ સહજ સમજાય તેવું છે. આ હાલતના આપણા જમણોને આજે દેશની ભીષણ સંકટ પળે સ્વામીવાત્સલ્યને નામે, અરે ધર્મનો સ્વાંગ સજાવી ધપાવે રાખવા સારૂ ઉપાશ્રય જેવા પવિત્ર સ્થાનમાં દેવના છત્ર હેઠળ ને ગુરૂની મૂર્તિ સન્મુખ ગુંડાશાહી ચલાવીએ છીએ એ શું આપણને છાજે છે?

પર્વના પૈસા એક સજ્જનને મૂકયા એટલે જમવુંજ જમવું એ તે કેવી બુદ્ધિમત્તા! શું દેશ-કાળ તરફ ધ્યાન ન આપવું એનું નામ ધર્મીપણું! શું પર્વની કરણીઓ (તપ આવશ્યક) માત્ર આગળ પાછળ જમવા સારૂજ કરાય છે કે? તે વિના 'શાસનપ્રેમીઓ' દેવથુર સંઘની સભામાં મન ગમતી દલીલો કરે! તેમના હિસાબે જો જમણ બંધ રહ્યા તો તપ કરનારા સાવ અટકી જવાના ને નારી જાતથી વ્યાખ્યાન શ્રવણનો લાભ નહિં લેવાવાનો એવો ખાસ બાહુ ધરાયલો! વાસના, લાલસા અને રચના ઇંદ્રિયની વૃત્તિઓ પર કાબુ મેલવા રૂપ તપની ક્રિયા કયાં અને આ ભાઇઓની જમણ સંબંધી ઇચ્છા કયાં? ઉભય વચ્ચેનું અંતર મેરૂને શર્ષવ જેવું છે. તપાદિ કરણી કેવળ કર્મની નિર્જરા અર્થે કરવાની છે અને 'ભાવના' પર તેનો મુખ્ય આધાર છે. એવો ઉત્તમ તપ જો કેવળ સારા પદાર્થો ખાઇને કરાતો હોય અને પારણા દિને સારૂ જમવાની અભિલાષા રહેતી હોય, તો પછી એમાં વૃત્તિઓ પરનો કાબુ કયાં રહ્યો! ઇચ્છા નિરોધપણું કયાંથી સંભવે? 'તપ' રૂપ તાપથી કર્મદહન કરવાની શુભ ભાવનાવાળાને જમણ સંબંધી વિચાર પણ શ નો સંભવે! ભાણામાં જે આવ્યું એથી એ સંતોષાય. અતરવાયણા ને પારણાના વમળમાં એનું મન ગોથા નજ ખાય. એ સાચો તપસ્વી હોય. એક કાળે તપસ્વીને ભોજન કરાવી ભક્તિ દ્વારા સ્વકર્મ નિર્જરા કરવા અર્થે આવા જમણની શરૂઆત થઇ હશે. પણ આજે તો તે અમરપટા બની ગયા. જમનારનો મોટો વર્ગ જમવા અનિચ્છુક હોય છતાં એ જમણ તો થવાજ જોઇએ. ધર્મનું અસ્તિત્વ જમણ કરવામાંજ! 'અણાહારી' પદની માગણી કરનારા આપણે કેમ જાણે એ આહાર-એ મિષ્ટાન્ન-નો પદલો મૂકવાજ ન માંગતો હોઇએ! આવી મનોદશા એ ખરા જૈનત્વની નિશાની નથીજ. આમાંથી સત્વર આપણે છુટવું જોઇએ. પ્રસંગે ભલે જમીએ પણ એમાં આટલી હદે ગૃદ્ધિ ન ઘટે. સ્વામિ ભક્તિ કરવી હોય તો મંત્રીશ્વર વસ્તુપાળ જેવો વિવેક જોઇએ. બાકી ચાલ્યુ આવે છે તેમ ચલાવે રાખવામાં તો હાથમાંથી તત્વ સરી પડી કેવળ ખોખુ રહેવા જેવું થયું છે. નફા ટોટાનો હિસાબ અહર્નિશ મૂકનાર સમાજને આવો પ્રમાદ નજ શોભે. વધુ નહિં તો એટલું તો સમજવું જોઇએ કે આત્મપ્રગતિમાં-એ નિમિત્તની ધર્મક્રિયામાં નિવૃત્તિ-સમતા-શાંતિ આદિનેજ સ્થાન છે. જમણ આદિ કંઇક અંશે સાધન-રૂપ ભલે હોય!

ખંભાતમાં સકળ જૈન સંઘની સભા.

તા૦ ૬-૮-૩૦ બુધવાર રાતના આઠ વાગે શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં ખંભાતની પાંચે જ્ઞાતિના જૈન ભાઇઓની સભા મળી હતી. પ્રમુખસ્થાન શેઠ વાડીલાલ છોટાલાલ પરિખને આપવામાં આવ્યું હતું. ઘટતા વિવેચન બાદ નીચે મુજબ બે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૧ લો: તા૦ ૫-૮-૩૦ ના મુંબાઇ સમાચારમાં ખંભાત જૈન સંઘના નામે રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઇના સામે જે ઠરાવ કરવામાં આવ્યો છે તે બાબતમાં આજની પાંચે જ્ઞાતના ગૃહસ્થોની મળેલી આ જાહેર સભા ઠરાવ કરે છે કે તે ઠરાવ અમોએ કર્યો નથી તેમ અમો તેને સંમત નથી.

ઠરાવ ૨ જો: શેઠ કસ્તુરભાઇ અમરચંદની સહીથી અપાયેલા શેઠ બકુભાઇ મણીલાલના માનપત્રમાં 'શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ' અને 'શ્રી જૈન યુવક સંઘ' ઉપર જે ટીકા કરવામાં આવી છે તે સામે આ સભા પોતાનો સખત તિરસ્કાર જાહેર કરે છે અને ઉકત સંસ્થાઓમાં પોતાનો પૂર્ણ વિશ્વાસ જાહેર કરે છે.

આઝાદીના વાતાવરણમાં પસાર થતાં પર્યુષણ પર્વ.

(લેખક : રા. મહાસુખભાઇ ચુનીલાલ-વીસનગર.)

આ સાલનાં આપણાં જૈનોનાં પર્યુષણ પર્વ હિંદમાતાને આઝાદી યાને સ્વતંત્રતા પ્રાપ્ત કરાવવાના રસાકસીભરેલા વાતાવરણમાંથી પસાર થાય છે. પર્યુષણ શબ્દનો અર્થ પરિ + ઉષણ = સર્વથા દેહનું દમન કરવું એ છે. તે માટે આઠ દિવસો નક્કી કરવામાં આવ્યા છે. આ ઉપરથી સહેજે સમજી શકાય તેમ છે કે બાર માસમાં મન, વચન અને કાયામાં અશુચી અને મલીનતા ભરાઇ રહી હોય તેને આઠ દિવસોમાં બાળી ભસ્મીભૂત કરી આત્માને શુદ્ધ બનાવી દેવો જોઇએ. આ પર્યુષણ પર્વનો ઉદ્દેશ. આ ઉદ્દેશ બર લાવવામાં હાલમાં ચાલતું આઝાદીનું વાતાવરણ પણ જૈનોને ઘણુંજ ઉપયોગી છે અને તેમાંથી ઘણોજ બોધ મળી આવે છે.

આ વાતાવરણ દેહદમનનું તંત્ર ચલાવી રહ્યું છે વિપ્લવ અને ક્રાંતિના દિવસનો અરૂણોદય આ પ્રમાણેજ થાય છે. સૂર્યોદયની હજુ વાર છે. હાલ તો અરૂણોદયની જાગૃતિ જોવામાં આવે છે. આ જાગૃતિ ભાવિ સમયનું ભાન કરાવે છે. આવી જાગૃતિ પર્યુષણ પર્વને પુષ્ટિ આપી રહી છે. જૈનધર્મના અહિંસાના તત્વોને પ્રકાશમાં લાવી રહી છે, અને સર્વ પ્રકારે દેહદમન કરવાનાં સિધ્ધાંતોને સમજાવી રહી છે. એટલે જૈનોએ તો આ આઝાદીના વાતાવરણને ખુબ વધાવી લેવું જોઇએ. કોઇપણ દેશ પરતંત્રતાની બેડીમાં જકડાયેા રહેવા ઇચ્છતો નથી. આપણેા આત્મા પણ કર્મની બેડીમાંથી મુકત થવા માગે છે, પણ તે બધું પ્રાપ્ત કરવાનું કામ હિંસા રહિત હોવું જોઇએ. આ આઝાદીની લડાઇમાં તેવું છે. પાંચે મહાવ્રતો તેમાં સમાય છે. આ લડાઇમાં માર ખાવાનો—નહીં કે માર મારવાનો—ઉપદેશ દેવામાં આવે છે. આથી પ્રાણાતિપાત વીરમણું-વ્રતનું પાલન થાય છે. સંપૂર્ણ રીતે અહિંસા સચવાય છે. સત્યાગ્રહી બની સત્યની ટેક જાળવવા કોરટમાં ખોટા બચાવ નહીં કરતાં સત્ય વસ્તુ કહી શીક્ષા નો હુકમ માથે ઉઠાવી જેલને વધાવી લેવામાં આવે છે. આ મૃષાવાદ વીરમણ વ્રત અને દેહદમન શકિતની કસોટી છે. અદત્તાદાન અને સંયમ તો આમાં સમાયેલાંજ છે. પરિગ્રહનો ત્યાગ તો ડગલે ને પગલે જોઇ રહ્યા છીએ. આઝાદીની પ્રવૃત્તિમાં જોડાયેલા તરફ નજર કરો. એક વખત વિદેશી કાપડથી પૂર ભપકામાં સજ્જ થયેલી વ્યકિતઓ આજે સાદા સ્વદેશી પોશાકમાં આનંદ અને સંતોષ માની વૈભવને ઠોકરે મારી આઝાદીની લડાઇમાં જોડાઇ રહી છે. આવા પરિગ્રહના ત્યાગમાં પણ " અહીંસા પરમોધર્મ એ સિદ્ધાંત આકતરી રીતે સારી રીતે સેવાઈ રહ્યો છે આ તમામ પ્રવૃત્તિઓનું અવલોકન કરતાં જૈનોમાં પંચમહાવ્રતોનું પાલન આપણી નજર આગળ તરી આવે છે. એટલે પર્યુષણ પર્વ એવી રીતે પસાર થવાં જોઇએ કે જૈન કોમ અને હિંદી મહાસભા તદાકાર એક સ્વરૂપ થઇ જવી જોઇએ. જૈન ધર્મના સિદ્ધાંતોનો આગળ લાવવાનો અમુલ્ય વખત પ્રાપ્ત થયેા છે. મહાત્મા ગાંધીજીની આટલી ટુંક વખતની અહિંસાત્મક પ્રવૃત્તિ આખી દુનિયાની પ્રજાનું ધ્યાન ખેંચી રહી છે તો જૈન ધર્મની પ્રાચીન કાળથી ચાલતી આવેલી અહિંસાત્મક પ્રવૃત્તિએ તો દુનિયાની આંખો ઉઘાડી નાખવી જોઇએ. માટે આ વાતાવરણનો લાભ લઇ જૈનો અને ખાસ કરી મુનિ મહારાજોએ ખુબ પુષ્ટિ આપવી જોઇએ. આવો સમય હાથમાંથી જવા દેવો જોઇએ નહીં. Time and tide wait for no man સમય અને ભરતી ઓટ કોઇની રાહ જોતા નથી. આવો પ્રસંગ ફરી આવવાનો નથી.

જૈન બંધુઓ ! આપણે સૌ ભારત માતાના સંતાનો એકજ નૌકામાં બેઠેલા છીએ. આ નૌકા પરતંત્રતારૂપી બેડીના કીનારાથી છુટી આઝાદીના કીનારા તરફ ઉપડી છે એ નૌકાના સુકાનીઓ એક પછી એક ગીરફતાર થાય છે હલેસાં મારનાર સત્યાગ્રહીઓને લાઠીનો માર મારી હલેસાં અટકાવી આગળ ચાલતી અટકાવવા સરકાર તરફથી પ્રયત્ન થઇ રહ્યો છે. પણ આત્મબળથી એકને બદલે અનેક સત્યાગ્રહીઓ નીકળી હલેસાં મારવા મંડી જાય છે. સુકાનીઓ હાકલ પાડી પ્રયત્ન ચાલુ રાખવા ઉપદેશ આપી રહ્યા છે. નૌકાના રસ્તામાં જુદા જુદા પ્રકારનાં તોફાનો ઉભાં કરી વિઘ્નો નાખવામાં આવે છે પણ તે દુર કરવા સૈનીકો તનતોડ મહેનત કરી રહ્યા છે. આવા અણીના વખતે જૈનોએ પણ પોતાનો પૂરેપુરો ફાળો આપી પોતાની ફરજ બજાવવી જોઇએ. જરૂર સમજજો કે નૌકા સહીસલામત છે તો આપણે સહીસલામત છીએ. માટે આપણે કોઇ પણ પ્રકારે કોમી ભેદ નહીં રાખતાં એક સ્વરૂપ બની નૌકાને હલેસાં મારવા મંડી જવું જોઇએ. આઝાદીના કીનારે નૌકાને લઇ જવાની તમામ પ્રવૃત્તિઓ અહિંસાને અવલંબીને રહેલી છે. તે અહિંસા આપણેા ધર્મ છે. એ અહિંસામાં સહનશીલતા અને દેહદમન રહેલા છે એ સહનશીલતા અને દેહદમન માટે આપણાં પવિત્ર પર્યુષણ છે. એ પર્યુષણ પર્વમાં આપણે તેજ કામ કરવું જોઇએ. મુનિ મહારાજએ કલ્પસૂત્રદ્વારાએ તેજ ઉપદેશ આપવા જોઇએ. મહાવીર સ્વામી ભગવાનનું જીવન ચરિત્ર એજ બોધ આપે છે. તેમણે દેહદમનથી ઉપસર્ગોને દુર કર્યા. આ આઝાદીની લડાઇમાં પણ તેજ કરવાનું છે. આચાર્યો અને મુનિ મહારાજો ધારે તો આ પર્યુષણ પર્વ એવી સારી રીતે ઉજવે કે હિન્દુસ્થાન બલકે આખી દુનીયાની પ્રજાનું એક વખત ધ્યાન ખેંચાઇ રહે કે જૈન ધર્મ અહીંસાના તત્વથી બાયલાપણું શીખવતો નથી પરંતુ સહનશીલતા શીખવી સત્યાગ્રહી બની ટેકમાં અડગ રહી મરતાં સુધી પણ પાછી પાની નહીં કરતાં આઝાદી મેળવવાનું શીખવે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ એક મુઠીભર હાડકાંવાળી વ્યકિતએ—પોતાના આત્મબળથી વિચાર વાણી અને વર્તનથી અહિંસાના સિદ્ધાંતનો પ્રયોગ દુનિયાને કરી બતાવ્યો. બીજા દેશના મહાન નેતાઓ પણ મહાત્માજીની અહિંસાત્મક પ્રવૃત્તિ ઉપર પ્રીદ્ધા થઇ અંગ્રેજ સરકારને સુચવી રહ્યા છે કે હિંદની માગણી સ્વીકારો. આનું નામ દેહદમન અને આત્મબળ એનું નામ ઉપદેશ અને એનું નામ વ્યાખ્યાન.

જ્યારે આપણને આવી સોનેરી તક મળી છે તો આ પર્યુષણ પર્વ આઝાદીના ચાલતા વાતાવરણને તન, મન અને ધનથી પુષ્ટિ આપી, હિંદના નેતાઓ અને હજારો બંધુઓની ગીરફતારીના શોક નિમિત્તે આનંદ અને લ્હાવા લેવાનાં કાર્યો છોડી દઇ ઘણીજ સાદી રીતે ઉજવવાં જોઇએ, જેથી આપણી હિંદમાતાને સંતોષ થાય કે મારાં તમામ સંતાનો કરોકરીના વખતમાં એકસરખાં હલેસાં નૌકાને મારી રહ્યાં છે.

આ આઝાદીની લડાઇ તો જૈનો માટે જોઇતું હતું ને વૈદ્યે કહ્યું એ કહેવત સમાન છે. અહિંસા, સહનશીલતા અને દેહદમન એ આપણા જૈનધર્મના સિધ્ધાંતો છે, અને તેજ સિધ્ધાંતોનો ઉપયેાગ હિંદની આઝાદીની પ્રવૃત્તિમાં થઇ રહ્યો છે. માટે તે પ્રવૃત્તિને અવશ્ય આપણે આ પર્યુષણ પર્વમાં વધાવી લેવી જોઇએ. જો ખરો આનંદ ઉજવવા માગતા હો તો અંગ્રેજ કવી કોલ્ટન કહે છે તેવો આનંદ પ્રાપ્ત કરો—If there be a pleasure on the earth which angles cannot enjoy, and which they might almost every man the possession of, it is the power of relieving distress. અર્થાત્ જે આનંદ દેવદૂત પણ ભોગવી શકતા નથી અને જે માટે તેઓ મનુષ્યને થયેલી પ્રાપ્તીને લીધે મનુષ્યની ઇર્ષા કરે છે એવો જો કોઇ પણ આનંદ આ દુનિયામાં હોય તો તે દુઃખીને દુઃખમાંથી મુકત કરવાની શકિત છે.

આ આનંદનાં પરમાણુંઓ આ આઝાદીનાં વાતાવરણમાં પ્રસરેલાં છે, તે પરમાણુંઓને પર્યુષણ પર્વમાં ફેલાવી, તે આનંદ પ્રાપ્ત કરી. પર્યુષણ પર્વને આઝાદીના વાતાવરણમાં એક સ્વરૂપ બનાવી દો. આજ માત્ર જૈનોને માટે હાલના સંયોગોમાં શોભારૂપ છે. વંદેમાતરમ્ અને વંદેવીરમ્ એ શબ્દોથી ઉપાશ્રયો ગજાવી મુકો.

શું શાસનપ્રેમ જુઠાણા ફેલાવવામાં છે?

દેવસુર સંઘની સભામાં ગુંડાશાહી!

સંઘની સભામાં જે વર્તન 'યંગમેનો'એ ચલાવ્યું છે અને એદ્વારા પોતાનો કહેવાતો ધર્મપ્રેમ! દેખાડી આપ્યો છે તે ન વર્ણવવામાંજ શોભા છે. જમણુ જમવા ન જમવાનો તોડ વધુમતીથી ચાલનાર હતો અને દરેક પક્ષને સ્વમાન્યતા રજુ કરવાની હતી તેમાં પત્રોદ્વારા જે વિચિત્ર ભાષામાં જુદી જુદી વાતો રજુ કરી ખીચડો કરવામાં આવ્યો, વળી એવા મલીનતાયુક્ત પત્રો વાંચવાની હઠ પકડવામાં આવી, અને એમાં એક સુજ્ઞ ધોધારી બંધુએ વિરોધ દર્શાવતા ગુંડાશાહી વર્તન શરૂ કરી સ્વેચ્છા મુજબ છત્રીઓ ઉઘાડવાની શરૂ કરી. એ સાથે ગ્લીચ વાણી પ્રવાહ વહેવડાવવો શરૂ કર્યો એ સર્વનો હવે ગમે તેવો બચાવ પેપરના કોલમોમાં કરાય છતાં જે પોત પ્રકાશાયું તેમાં ફેર નથીજ પડવાનો. હાજર રહેલા એક બંધુએ એમાંના લગભગ ૩૦ થી ૩૫ નામો મોકલી આપ્યા છે જેઓ જુનર કોન્ફરન્સમાં તેમજ યંગમેન કોરમાં 'ભાડુતી' કરી આપવાથી સારી રીતે જાણીતા થયેલા છે. જ્યાં પવિત્ર સ્થાને આવું વર્તન આચરવામાં આવે છે ત્યાં ધર્મને નામે માત્ર જમણની લાલસા સિવાય બીજું શુ સંભવે!

પાઘડી ફેરવાય છે.

'મુંબાઇ સમાચાર' તા૦ ૧૮-૮-૩૦ માં ખંભાતના માનપત્ર સંબંધી જે અહેવાલ પ્રગટ કરાયો છે એમાં 'યંગમેન' ના સેક્રેટરીઓએ જાણીબુઝીને જનતાને ઉંધા પાટા બંધાવવા યત્ન કર્યો છે. માનપત્રની જે કોપી 'સમાચાર' માં આપી છે તે ખરી નથી. એમાંથી 'જૈન કોન્ફરન્સ અને યુવક સંઘ' સામે પેટ ભરી ઉરાડેલા કાઢવવાળો આખો પેરેગ્રાફ પડતો મૂકી દીધો છે. કસ્તુરભાઇ શેઠની સહીવાળી છાપેલી કોપીમાં એ ગ્લીચ ભાષાનો ફકરો મોજુદ છે. જરૂર પડયે આખું માનપત્ર પ્રગટ કરાશે. તેથી તા૦ ૧૬-૮-૩૦ નો ઠરાવ વ્યાજબી છે. સભામાં ઉઘાડાં ચક્ષુએ જોનાર તો પાંચસો ઉપરની હાજરી જોઇ શકતા. ઘુવડશાહી નેત્રવાળા તે નજ જોઇ શકે. પ્રમુખને ઠરાવ પાછો ખેંચી લેવા પત્ર લખનાર કાયદેસર પગલાં લેશે ત્યારે છાપેલું માનપત્ર અવશ્ય પ્રગટ થશે. હવે જોવાશે કે ખંભાતી 'યંગમેનો' માં કેટલું પાણી છે? જેવું વલ્લભભાઇ માટે થયું તેવું તો ન થાય ને? એમ થશે તો 'યંગમેનો ને રસિકો' થુંક ઉરાડવામાંજ શૂરા છે એ સારી સમાજ જોઇ શકશે. ખરાને ખોટું ચિતરી છાપાનાં કોલમો ભરવામાં શાસન પ્રેમ સમાતો હોય તો એ ભાઇઓને તે મુબારક રહો. "ડીટેકટીવ."

કચ્છી ભાઇઓમાં ચળવળ.

જમણુ બંધ રાખવાની ચળવળ કચ્છી દશા ઓશવાળમાં ચાલુ છે. શ્રા. સુ. ૯ નું ધ્વજારોપણુ અંગેનું જમણુ કચ્છી દશા ઓશવાળ નવજીવન સંઘના પ્રયત્નથી બંધ રહ્યું હતું. એવીજ ચળવળ સંવત્સરીના બીજા દિવસ માટે ચાલનાર છે એમ એ સંઘના મંત્રીના પત્ર ઉપરથી જણાય છે.

ભાવનગર સંઘનો ઠરાવ.

શ્રાવણ વદ ૫ ને ગુરૂવારે શ્રી સંઘની સભા શેઠ ગીરધરભાઇ આણંદજીના પ્રમુખપણા હેઠળ દેરાસરજી પાસેની મેડી ઉપર મળી હતી. જમણુ કરવા કે નહીં એ સંબંધી ચર્ચા થયા બાદ નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો છે.

'આજનો મળેલ શ્રી સંઘ હાલ જે ચળવળ ચાલે છે તેને અંગે શ્રી સંઘના જમણો મુલતવી રાખવાનો ઠરાવ કરે છે. જો પર્યુષણ પહેલાં અગર ભાદરવા સુદ ૩ સુધીમાં ચળવળ શાંત ન થાય તો જ્યારે શાન્ત થાય ત્યાર પછી એક અઠવાડીયામાં સંઘ જમવાનું ઠરાવે છે.

ઠરાવ સર્વાનુમતે પસાર થયા બાદ શ્રી આદિશ્વરજીની જસ બોલાવી સભા વિસર્જન થઇ હતી.

સાગર સંઘના પર્વ જમણો તેમજ મારવાડી ભાઇ તરફથી થતી નોકારશીઓ દેશની હાલની પરિસ્થિતિ અંગે હાલ બંધ રહેનાર છે.

ધોધારી બંધુઓનો ઠરાવ.

મુંબઇમાં વસતા સમગ્ર ધોધારી બંધુઓની એક જનરલ મીટીંગ તા૦ ૧૭-૮-૩૦ ના રાત્રે (મુ ટા.) ૭-૩૦ વાગે શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ઉપાશ્રયમાં શ્રી વીરચંદ પાનાચંદ શાહ બી એ. ના પ્રમુખપદે મળી હતી. ત્યારે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ (૧) લો: આજે મળેલ શ્રી ગોધારી જૈન સંઘ, શેઠ કીકાભાઇ પ્રેમચંદના વીલ સંબંધી હકીકત વીચારીને ઠરાવ કરે છે કે "પર્યુષણના બીજા દિવસના જમણવાર સંબંધી સલાહ અને મદદ આપવાનો કુલ અધિકાર શ્રી ગોધારી જ્ઞાતિ (સંઘ)તે પ્રાપ્ત થાય છે. અને તેઓ (ગોધારી સંઘ) એ સંબંધમાં જે નિર્ણય કરે તે અનુસારે અમલ કરવાની ફરજ શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીના ટ્રસ્ટીઓની છે."

ઠરાવ (૨) જો: આજે મળેલો શ્રી ગોધારી જૈન સંઘ ઠરાવ કરે છે કે "દેવસુર સંઘનું જે જમણુ ગોધારીની જ્ઞાતિના શેઠ કીકાભાઇ પ્રેમચંદ તરફથી પર્યુષણના બીજા દિવસે થાય છે, તે જમણુ ચાલુ પરિસ્થિતિને અંગે આ વર્ષે બંધ રાખવું."

ઠરાવ (૩) જો: આ ઠરાવની એક નકલ શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ટ્રસ્ટીઓને પ્રમુખની સહીથી મોકલી આપવી.

ઉપર મુજબ ઠરાવો કરીને રાતના ૧૧-૩૦ (સ્ટા. ટા.) મીટીંગ શ્રી ગોડીજી પાર્શ્વનાથની જય બોલાવીને વીસર્જન થઇ હતી.

: : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

અહંભાવનો ઉકળાટ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૫ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ સુદી ૯. તા૦ ૧-૯-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

સાચો સાધુ.

તા૦ ૨૨-૮-૩૦ ના હિન્દુસ્તાન અને પ્રજામીત્રના અંકમાં સૈ૦ બ્હેન મહાલક્ષ્મી મણીલાલ ત્રીવેદીનો "જૈન ભાઇઓને વીનંતિ" એ નમનો લેખ વાંચી ઘણો હર્ષ થયો છે. એક જૈનેત્તર બ્હેન જૈનત્વનું આવું સુંદર સ્વરૂપ સમજે છે, તે જાણી અતી આનંદ થાય છે. જ્યારે આ જૈનેત્તર બ્હેન જૈન ધર્મનું ઉંડું રહસ્ય સમજી તેનું સન્માન કરે છે, ત્યારે કહેવાતા શાસન પ્રેમીઓ અને તેમના વેશધારી છીછરા શ્રમણો ? જૈન ધર્મના સિધ્ધાંતના વિશાળ રહસ્યને સંકુચીત કરી જગતમાં જે હાંસી કરાવી રહ્યા છે તે જોઇ હૃદયમાં ઘણોજ ખેદ થાય છે.

સરદારશ્રી વલ્લભભાઇના અમદાવાદના ભાષણથી કેટલાક જૈન ભાઇઓના દીલ દુઃખાયા હોય, એવો દેખાવ અમદાવાદ અને ખંભાતમાં થયો છે ? તેનો જાહેર વીરોધ કરવા ઉપર્યુક્ત બ્હેનના સદરહુ લેખમાં સાચા જૈનોને ગર્ભીત સુચના છે કે– સરદારશ્રીના ભાષણ માટે જે ખોટી ધાંધલ મચાવી શેરબકોર કરી રહ્યા છે, તેવાઓનો જાહેર વીરોધ કરવો જોઇએ ?

શ્રીમતી મહાલક્ષ્મી બ્હેનની આ સુચના વ્યાજબી અને લાગણી ભરેલી છે. તે બ્હેનને જણાવવાની રજા લઉં છું કે જૈનોમાં હાલ કેટલાક અલ્પજ્ઞ, વિચીત્ર માનસવાલા, છીછરા હૃદયના સંકુચીત વીચારના વેશધારીઓ, પોતે પોતાનેજ મહાજ્ઞાની સમજી, દુનીયાની મહાન વીભુતી મહાત્માશ્રી ગાંધીજી જેવાને પણ તુચ્છ ગણે છે તેવા થોડાક જૈન સાધુ અને શાસ્ત્રના અનભીજ્ઞ ટુંક વીચારના કેટલાક તેમના શ્રાવકો કે જે શાસન પ્રેમીઓના સંબોધનથી જૈન જગતમાં વાયડા થઇ ચુક્યા છે, ને વર્તમાન સમયમાં સારા સંત જનોની સાથે ધર્મના નામે વિરોધ કરવો એજ જેઓનો રાત દિવસનો પ્રયાસ છે– ધર્મ છે. તેવાઓના તરફનો આ ધોંધાટ છે કે જેઓની સંખ્યા અમારા જૈનોમાં બહુ જુજ છે. આવા છીછરાઓનો જાહેર વિરોધ કરવાથી **मुहूर्वस्य किं धर्म वार्ता** : કર્યા જેવું ગણાય ?

બાકી જૈનોનો મોટો સમુદાય અને વિચારવંત વ્યકતીઓ, તથા સાચા સાધુઓ તો સરદાર શ્રા વલ્લભભાઇના તે ભાષણને હીતકર માને છે ?

મુંબઇમાં કાનજીભાઇની વાડીમાં જૈન કોન્ફરન્સની સ્વદેશી પ્રચાર સમીતી તરફથી સરદારે આપેલું ભાષણ જૈનત્વથી ભરપુર હતું અને આદરણીય હતું એમ જૈનોનો મોટો સમુદાય કબુલ કરે છે ? એટલુંજ નહિ પણ જૈનોમાં મહાન ગણાતી જૈન કોન્ફરન્સ જેવી પ્રતિષ્ઠીત સંસ્થા મહાત્મા ગાંધીજી ને તેમના અનુયાયી સરદારશ્રી વીગેરેની રાષ્ટ્ર સ્વતંત્રતાની ધર્મ પ્રવૃત્તિને સંપૂર્ણ અનુમોદે છે ? જૈન કોન્ફરન્સની સ્વદેશી પ્રચાર સમીતી દેશ સેવાના કાર્યમાં રચનાત્મક કાર્ય કરી રહી છે એ સર્વને વીદીત છે એટલે જૈનોનો મોટો જનસમૂહ સરદારશ્રીના ભાષણના "સાધુઓ આપણામાં ઝઘડો કરાવે તો સાધુ શાના હું જો જૈન ધર્મનો હોઉં તો તેમને એક કોટડીમાં પુરું. સાધુમાં તો સાગર જેટલી ઉદારતા હોય."

આ વાક્યોને અયોગ્ય ગણાતા નથી.

પણ જે જેવા હોય, તે પોતાને માથે ઓઢી લે. સાચા સાધુ સરદારના ઉપરના શબ્દોમાં પોતાનું અપમાન જોતા નથી પણ જોએ

धर्मांति ख्याति लोभेन प्रच्छादित निजाश्रव : ।
तृणाय मन्यते विश्वं हीनोऽपि धृतकैतव : ॥

આવા સાધુઓ જગતમાં વિડમ્બના રૂપ છે એમ તો શાસ્ત્રકાર પણ કહે છે.

લી૦
શિવલાલ લવજી શાહ.

શ્રી ભાવનગરના જૈનોની જાહેર મિટિંગ.

અત્રેના શ્રી જૈન યુવક સંઘ તથા શ્રી જૈન યુવક મંડળના આશ્રય નીચે જૈનોની એક જાહેર સભા તા૦ ૨૩-૮-૩૦ નાં રોજ રાત્રીના આઠ કલાકે મોટા દેરાસરજી પાસેના ઉપાશ્રયમાં મળી હતી. તે વખતે સંઘવી નાનચંદ કુંવરજી, શા. કુતચંદ ઝવેરભાઇ, ગાંધી ચત્રભુજ મોતીલાલ, શા. ભીખાભાઇ હેમચંદ શા. હરજીવન દીપચંદ, શા. દામોદર ગોવીંદજી, શા. ઉજમશી માણેકચંદ, ગાંધી વલભદાસ ત્રીભોવનદાસ, જગજીવન પુનચંદ વીગેરે આશરે ચારસો થી પાંચસો ગૃહસ્થ હાજર હતા. શરૂઆતમાં ગાંધી ચત્રભુજ મોતીલાલની દરખાસ્ત અને મહેતા પનાલાલ વેલચંદના ટેકાથી ગાંધી જમનાદાસ અમરચંદે સર્વાનુમતે પ્રમુખસ્થાન લીધું હતું. મિટિંગ મેળવવાનો સરકયુંલર વાંચી સાંભળ્યા બાદ મુનિમહારાજ મણિવિજયજીએ વ્યાખ્યાનમાં શ્રી સંઘ માટે વાપરેલા અપમાનજનક શબ્દો સંબંધી હકીકત અને ચર્ચા કરવા માટે પ્રમુખ તરફથી છુટ આપી હતી પ્રથમ શા. પ્રાગજી ગોરધને જણાવ્યું કે "મુનિમહારાજ મણિવિજયજી બોલ્યા જે હું સંઘને એક મીનીટમાં નમાવી શકું તેમ છું. કુંવરજીભાઇ તમોએ સંઘનું સત્યાનાશ વાળ્યું છે. એટલે તરતજ વ્યાખ્યાન શાળામાં ખળભળાટ થયો." ઉપર મુજબની હકીકતને ભાઇ જીવણ ગોરધને ટેકો આપ્યો હતો. ત્યારબાદ ભાઇશ્રી ભીખાભાઇ હેમચંદે જણાવ્યું કે "મહારાજશ્રીએ એમ ખુલાસો કર્યો છે કે સંઘની એ પાર્ટીમાં એકતા હું ધારૂ તો કરી શકું છું, મારો બોલવાતો હેતુ એવો હતોજ નહી. સંઘને એવું દુઃખ લાગ્યું હોય તો મીચ્છામી દુક્કડં આપું છું. અને કુંવરજીભાઇએ પણ તેજ પ્રમાણે મીચ્છામી દુક્કડં આપેલ છે" આ હકીકત અત્રે જાહેર કરવાનું મને શેઠ કુવરજીભાઇએ કહ્યું છે. તે પ્રમાણે જાહેર કરૂં છું. ત્યારબાદ સંઘવી નાનચંદ કુંવરજીએ જણાવ્યું કે ઉપર મુજબની હકીકત જાણવા મુજબ સત્ય છે માટે મારી એવી સુચના છે કે હવે આ મિટિંગને કાંઇ પણ કરવા જેવું નથી. આ સુચનાને ભાઇશ્રી ભીખાભાઇ હેમચંદ તથા શા. નાનચંદ તારાચંદે ટેકો આપ્યા પછી મિટિંગે સર્વાનુમતે તે સુચના સ્વીકારી અને શ્રી આદીશ્વર ભગવાનની જે બોલાવી મિટિંગ વિસર્જન થઇ હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

અહંભાવનો ઉકળાટ.

વ્યક્તિમાં જ્યારે અહંપણાનું મોળું ફરી વળે છે, ત્યારે તે કૃત્યાકૃત્યનું ભાન ભૂલી જાય છે અને પોતે કઇ કક્ષામાં છે, એનું કે આજે કયો સમય છે એનું પણ ભાન રહેતું નથી. કેવળ મગરૂરતાથી તે લવવા મંડી પડે છે અને સમજી વર્ગમાં હાસ્યપાત્ર બની રહે છે. આવુંજ કંઇક લાલબાગમાં વ્યાખ્યાન કરતાં મુનિ રામવિજયજીના સંબંધમાં ગત પર્યુષણમાં બની ગયું છે. પર્યુષણ પર્વનું આરાધન રાગ, દ્વેષ ઓછાં કરવામાં, કષાયોથી મુકત થવામાં સમાયેલું છે. કલ્પસૂત્ર શ્રવણ કરવામાં સંપૂર્ણ શાંતિ ને ઉંચા પ્રમાણમાં સમતાની આવશ્યકતા છે. જૈન ધર્મનું રહસ્યજ 'શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ' માં રહેલું છે. આમ છતાં આ મુનિશ્રીએ કેવું આચરણ કર્યું? અઢાઈધરના વ્યાખ્યાન કે પવિત્ર કલ્પસુત્રના વ્યાખ્યાન પણ સ્વચ્છંદી ટીકાથી બચવા પામ્યા નથી! ગણધરવાદ પ્રસંગનું મોટું વ્યાખ્યાન પણ સાધુને અણછાજતી શબ્દલીલાથી ભરપુર ભરેલું. દેશના મહાન્ નેતા મહાત્માજી પર પણ અજ્ઞાનતાનો આરોપ ઓઢાંડતાં આ ધમંડી પ્રખરજી ચુક્યા નથી. ભાષા સમિતિને વારંવાર યાદ કરનાર મુનિને પ્રશ્ન છે કે તમોએ જેટલો ઉભરો કાઢ્યો તે વેળા મુહપત્તિ જરા પણ મુખપર ધરી હતી ખરી કે? હૈયા પુટા મુરખાઓ, મરી જાઓ અને એવા તો કંઇએ શબ્દ પ્રયોગો કરનાર મુનિશ્રી જરા હૃદય ઉપર હાથ મૂકી કહી શકશે કે એવુ બોલવા છતાં શું તમારી ભાષા સમિતિ કિંવા વચન ગુપ્તિ જળવાય છે ખરી? આગળના ધજ્જરદાર બની બેઠેલા તમો છાતી ઠોકી જાહેર કરશો કે પ્રભુશ્રી મહાવીર દેવનો સિદ્ધાંત તમારી વાતને ટેકો આપે છે? પાટપર બેસી આવો બકવાદ કરનાર તમો પહેલાજ સાધુ જણમાં આવ્યા છો! કદાચ કોઇ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતાં હોત તો વાત જુદી હતી. બાકી છદ્મસ્થ અવસ્થા, સ્વમતિ અનુસાર જ્ઞાનનો ક્ષયોપશમ તેમાં આટલી હદનો ગર્વ એ સમભાવ દશાની નિશાની તો નથીજ. આવા ઉછીના આડંબરથી ભાગ્યેજ કોઇ સમજી શાસન સેવા કર્યાનું સ્વીકારે. હાથમાં પકડવાના દંડાનો ઉપયોગ મારવામાં કરવાની વાત કરનાર એ વાત કરતી વેળા સાધુપણામાં છે કે બેભાનાવસ્થામાં એ એક કોયડો છે. 'હું માનું એજ સાચુ' કહેનાર વ્યકિત ભલેને ઉંચા પ્રકારનું જીવન જીવનાર હોય છતાં સ્યાદ્વાદના સિદ્ધાંતથી કેટલે વેગળે જનાર છે એ વિચારવા જેવું છે. જાણકાર તેજ છે કે, જે પોતાના આત્મા જેવું વ્યકિતત્વ સામામાં સ્વીકારે. જો તમો શાસ્ત્રના બળે આવું કહી રહ્યા હશો તો બીજા સાધુઓને શું જાણી જોઇ નરકે જવું હશે તેથી આગળ વિરૂધ પ્રરૂપણા કરતા હશે? અલબત અર્થ કરવામાં દ્રષ્ટિભેદ હોઇ શકે. અભ્યાસમાં ન્યૂનાધિકપણું સંભવી શકે. એની વિચારણા મધ્યસ્થ સમક્ષ દલીલ પુરઃસર કરવી ઘટે. એને સ્થાને 'હું માનું તેવું ન માનનાર' બધાજ અધર્મી, પાપી કે શાસનદ્રોહી છે એમ કહેનાર કેવળ છીછરા હૃદય સિવાય બીજા શાનું પ્રદર્શન કરે છે? જ્ઞાન જેમ વધુ હોય તેમ વ્યકિતમાં ગાંભીર્ય વધવું જોઇએ એ સ્થાને બાળ ક્રીડા જેવી વાતો ઉચ્ચારાતી હોય કિંવા હલકા પ્રકારના સંબોધનો દ્વારા અજ્ઞોને રાજી કરાતા હોય એ મુનિપણાને નજ છાજી શકે. પણ જેને હરકોઇ પ્રકારે પોતાની વાત સામા વિરોધ ઉઠાવનારને ગમે તે રીતે ભાંડવાજ છે, અને પોતાનું માનનારને ઉશ્કેરી ઝનુની બનાવી, સ્વમતનો વિજય ફરકાવવાની મદભરી લાલસા ઉદ્ભવી છે, તેને શાસનનું નામ દેવા છતાં, કે મુખથી પ્રભુનું નામ પોકારતા છતાં, ખરી રીતે શાસન, ધર્મ કે દેવગુરૂ યાને સંઘ ઐકયની કંઇજ પડી નથી. દૂષણ ત્યજવાને સુઅવસરે કિંવા કર્મ નિર્જરાના પુન્યકાળે કલહના ઉંડા મૂળીઆ રોપનાર ભલેને મૃદુગીરામાં, હાસ્યભરી વાણીમાં કે વિવિધ હાવભાવ સાથે ઉપદેશના નામે જે વિષ રેડી રહેલ છે તે ભવિષ્યમાં અન્યને હાનિ પુગાડતાં પૂર્વે જરૂર સ્વજાતને દહન કરી દેશે. જેને તમારા કાર્ય સાથે નિસ્પત જેવું નથી તેને આવો ગમે તેવો ઉકળાટ કંઇજ અસર કરવાનો નથી. ભલેને બકનાર બરાડા પાડયાજ કરે ને કંઠશોષ કર્યાજ કરે.

ક્ષમાપના.

આ પત્રિકામાં આવેલ લખાણથી કોઇ પણ વ્યકિતનું દિલ દુભાય તેવા પ્રસંગ બનવા સંભવિત છે. વળી લખાણમાં વધુ પડતું લખાવાનો પણ સંભવ છે. એ બદલ આંતારક ભાવથી ક્ષમાપના યાચવામાં આવે છે.

સરખામણી.

પાંચમ, છઠ્ઠના ધાર્મિક વરઘોડા જોયા પછી ઉભય વચ્ચેનું અંતર સમજવામાં ભાગ્યેજ કોઇ ગોથું ખાય. એમાંથીજ કહેવાતા શાસનરસિક પક્ષ અને મનાતા સુધારક પક્ષના માનસ વચ્ચે કેટલો ફરક છે તે સહજ સમજાય છે. શાસનરસિકને પોતે માનેલી ધરેડમાંથી જરા પણ પાછળ હઠવું નથી પછી ભલેને દેશની પરિસ્થિતિ જુદી હોય! કે સમજી વર્ગ વાત ઉચિત ન માનતો હોય! આજે પણ તેને વાજાના ઘોંઘાટ કરવામાં ને વિદેશી પોષાક શરીરપર લાદવામાં શાસન શોભા લાગી રહી છે! આ કંઇ ઓછું અફસોસજનક નથી. ચાલુ વાતાવરણથી જ્યારે પટેલાદિ કોમોના હૃદય પલટાયાં છે ત્યારે આ લોકોની બુદ્ધિમત્તા વિષે શું કહેવું? પાંચમનો વરઘોડો ઉકત ઉભય બાબતમાં ભિન્ન પ્રકારનો હોઇ અનુકરણીય હતો. ખાદી-સ્વદેશીમાં શોભતું ને મધુર આલાપે ગાન કરતું સાજન નવિન ભાવ જન્માવતું માત્ર એક બેન્ડ હોવાથી અગર તો અકારણ તે ન બજાવાથી શોભામાં જરા પણ ક્ષતિ ન પહોંચી. વિચિત્ર વર્ણી છઠ્ઠના વરઘોડાથી પાંચમની મહત્તા જરૂર વધારે હતી. છઠ્ઠના પાટીયા ભલે મુદ્રાલેખમાં સુંદરતા ધરે પણ આચરણમાં શૂન્ય. જ્યારે પાંચમનું આચરણ પ્રશંસનીય હતું. અલબત રથ હાથે ખેંચવાની પ્રથા ઠીક હોઇ અનુકરણીય છે. બાકી ભભકા, આડંબર ને વાજિંત્રોના ઘોંઘાટ દૂર થયેજ શોભા છે.

યંગમેન્સ સોસાયટીના જુઠાણા-ને શાસનપ્રેમી બંધુઓના પ્રપંચ.

પર્યુષણના નામે દેશના આવા કટોકટીના સમયે મીષ્ટાન્ન ઉડાવવા દેવસુર સંઘની સભામાં છત્રીઓ ચલાવી અને હંસા મહેતાના નામે ભળતે ભળતો ખુલાસો બહાર પાડી જૈન સમાજના મોટા ભાગને ઉંધે રસ્તે દોરવવા યત્ન સેવ્યો. પણ પાપ છુપુ ન રહ્યું. કોન્ફરન્સ તરફથી હંસા મહેતાની મુલાકાત લેવાતાં સત્ય તરી આવ્યું. શાસનપ્રેમીનો દાવો કરનારા આ ધર્મી યંગમેનો આખુ મુદ્દાનું વાકયજ ગળી ગયા હતા!!

માંડ જમણ ઉભુ કર્યું, તેનો કેવો કરૂણ ફેજ આવ્યો! ચાર હજારની રસોઇ છતાં પુરા પાંચસો પણ જમનાર ન મળે, શીરો ચાર પૈસે વેચાયાની અને રાંધેલા રસોઇની અનુચિત દશા થયાની વાતો બહાર આવી. આનુ નામ સ્વામીવાત્સલ્ય? એ ધર્મના ઠેકેદારો જરા આંખ ઉઘાડી દેશકાળ જોશે કે ગાડરીયા પ્રવાહમાં તણાયા જશે? ધોધારી ભાઇઓના હરાવથી બીજુ જમણ અટકયું એટલે કોઇ મીષ્ટાન્ન મોહી ધોધારી ભાઇ લાલબાગમાંથી ઝબકયા. પારકે પૈસે વાહવાહ લેવા મહેનત તો ખુબ કરી પણ જમવામાં હું બાવા ને મંગળદાસ જેવુંજ. આવીજ બાજી અમાસના જમણમાં સાગર સંઘના નામે રચવામાં આવી પણ ત્રસ્ટી **બાલુભાઈ મોતીચંદના** ખુલાસાથી પોગળ પુરી ગયું. આ રીતે જીભના લાલચુઓ કેટલા હતા તે જનતા સારી રીતે સમજી ગઇ. સુપત ઉતર્યા પછાનો લાલબાગનો દેખાવ જોયો હોય તો થાળીઓની હાર માંડેલી નજરે પડે છતાં જમનાર ભાગ્યેજ ડજન પણ દેખાય! બે ત્રણ સુરતીલાલાઓ તો 'શેઠીઆ પધારો'ની ટેક નાંખતા હતા જ્યારે એક બે સુધારકોને સરસ્વતી સંભળાવતા હતા. ધન્ય છે આવા રામભકતોને, કે જેમના વડે પ્રખરજીનુ નાવ તરતુ રહ્યું છે! સમયનો પ્રભાવ તો અજબ છે. ભલેને સમયધર્મીના નામે થુંક ઉરાડાય છતાં એટલું તો સૌ કોઇને કબુલેજ છુટકો કે કોઇ પણ જાતના હેંડબીલ કે પીકેટીંગ સીવાય જૈન સમાજનો મોટો ભાગ, દેશનું સંકટ સારી રીતે સમજી ચુકયો હોવાથી જમણના મોહથી અલગ રહ્યા અને જમણ જમ્યા વગર પણ તપકરણી કરી શકાય છે એ પુરવાર કરી દેખાડયું. જમણના પીપાસુ બંધુઓને તા. ૨૪-૮-૩૦ ના 'આર્ય પ્રકાશ'નો અગ્રલેખ 'લાડુનો મોહ' વાંચવા વીનંતી છે. તેમાંના કાળા અક્ષરો આ રહ્યાં-" સત્ય ધર્મ જ્યારે હૃદય ચક્ષુને ખોલીને ખરી વસ્તુનું ભાન કરાવે છે ત્યારે વહેમ, ઢોંગ, મલીનતા અને સ્વાર્થના પાયા ઉપર રચાયલા મતપંથો જ્ઞાનચક્ષુને આંધળા બનાવી ચર્મચક્ષુપર પણ પડળ ચડાવી દે છે." એમાં દેવસુર સંઘની સભાપર ખાસ ટીકા કરાયેલી છે.

સારાય મુબઇમાં જુદા જુદા ઉપાશ્રય કે સાથના જમણો તરફ દ્રષ્ટિ દોડાવવામાં આવે તો લાલબાગના ગાડરીયા વર્ગ સીવાય કોને જમવાની આટલી બધી પડી હતી? ગમે તેમ જમી નાંખવું, અગર એક દીવસમાં વર્તમાન પરીસ્થીતી પ્રત્યે આંખમીચામણા કરી હજારો રૂપીઆ ખરચી નાંખવા અને એવી રીતે રસોઇ વધી પડે ત્યારે દોષ સંબંધી જરા પણ વીચાર ન કરવો એ તે કોના ઘરનું સ્વામી વાત્સલ્ય? પ્રભુ શ્રી વીરનો ઉપદેશ આ પ્રકારના સ્વામી વાત્સલ્યનો હોય ખરો? બાકી પેલા પ્રવરજીનો એમાં ટેકો હોય તો એ વાત જુદી છે.

આજે ભાર મુકીને ખાદીના વસ્ત્રો પહેરવાનું અને અપવીત્ર એવા રેશમી વસ્ત્રો તથા પરદેશી વસ્ત્રો ત્યાગ કરવાનું કહેવું જોઇતું હતું. હજારો મનુષ્યો પર્વના દીને એ વાત પચાવી શકયા હોત તો અહીંસા ધર્મની ઓછી પ્રગતી ન ગણાત. પણ જેને ચક્ષુ ઉઘાડવીજ નથી તેને એ ક્યાંથી રૂચે? આવીજ રમત ખંભાતના માનપત્ર સંબંધમાં રમવામાં આવી છે.

મુંબઇ સમાચાર તા૦ ૧૮-૮-૩૦ ના લેખમાં ખંભાતમાં રા. બકુભાઇ મણીલાલને જે માનપત્ર કહેવાતી શાસન રસીક સોસાયટી તરફથી શેઠ કસ્તુરભાઇ અમરચંદે આપેલું, તેમાંનો જે પેરો ધરાદારપૂર્વક ઉડાવી દીધેલો તે નીચે મુજબ છે. એની ભાષા શૈલી ઉપરથી જૈન જનતા આ કહેવાતા ધર્મીઓના હૃદયમાં શું ભર્યું છે તે સારી રીતે જાણી શકશે અને એ છુપાવવા કેવો દંભ સેવાય છે તે ઉઘાડું પડશે

"જે વખતે ત્રીકાલાબાધીત અવીછીન્ન વીતરાગ પ્રણીત જૈન શાસનના પવીત્ર ત્યાગ માર્ગ ઉપર કેટલાક વેષધારી સાધુઓ જૈન અને સંઘના નામે અધોમુખ કરનારી 'યુવક સંઘ' નામની સંસ્થાઓ અને જૈન કોમના દ્રવ્ય અને આશ્રયથી નીભાવાતી જૈન નામધારી "જૈન શ્વે. કોન્ફરન્સ" વીગેરે સંસ્થાઓને હથીઆરરૂપ બનાવી કહેવાતા જૈન કોમના કુલાંગાર સુધારકો સખ્ત અને નીર્લજ પ્રહારો કરી ત્યાગ માર્ગ અને પવીત્ર સાધુ સંસ્થાને જૈન જૈનેતરની દ્રષ્ટીયે ઉતારી પાડી પોતાના પુનર્લગ્ન દ્રવ્યભક્ષણ ધર્મ રૂપે મનાવી સમાજમાં સડો દાખલ કરી સમાજમાં કુસંપના બીજ વાવી સમાજને છીન્ન ભીન્ન કરી રહ્યા હતા તેની સામે અપુર્વ સેવા ભાવથી નીર્ભીયતાથી અડગ રીતે શાસન સેવામાં ખડે પગે તૈયાર રહેનાર "યંગમેન્સ જૈન સોસાયટીને" વખતો વખત તન મન અને ધનથી સહાય અને સુરત મુકામે પ્રથમ અધીવેશનનું પ્રમુખપદ સ્વીકારી સદર સોસાયટીના અત્યુત્તમ સુકાર્યને હજારોની વચ્ચે કુશળતા અને અડગતાથી પાર ઉતારી સંમેલનને સફળ કરી નામધારી "જૈન યુવક સંઘ" તથા ધર્મી વર્ગથી દફનાયેલી જૈન શ્વે. કોન્ફરન્સના આશ્રય નીચે નાચતા નામધારી જૈનોની પાપમયી કાર્યવાહીઓ ખુલ્લી પાડીને અને તેઓને સખ્ત ફટકો લગાવીને જે જૈન શાસનની અમુલ્ય સેવા બજાવી છે તે બદલ આપને અમે શાસન રસીક સંઘ સહર્ષ વધાવીએ છીએ."

નોટ-માત્ર આપ બડાઇ અને સામા પ્રત્યેની અમાપ ઇર્ષાગ્નિથી દગ્ધ થયેલા આ લખાણપર નોંધ કરવા કરતાં એટલુંજ કહેવું ઠીક થઇ પડશે કે જેમ સ્વમુખે પોતીકા વખાણ કરનાર હાંસીપાત્ર થાય છે તેમ આની પણ કોડીની કીમત છે.

ખંભાતમાં જામનગરની પુનરાવૃત્તિ.

જો સાગરજીના પગલાં પડે ને કંઇ કલેશ ન સળગે તો તો એક અછેરૂંજ ગણાયને. તેમની ઋતુનભરી ધર્મી-અધર્મી વિષયક વાણીથી વીશા શ્રીમાળી જ્ઞાતિમાં અચાનક ભડકો થયો. સોસાયટી પક્ષના નાયક અને રામ-સાગરના ચુસ્ત ભક્ત શેઠ કસ્તુરભાઇને જ્ઞાતની વાડી પચાવી પડવાનું મન થયું. વાસદ પ્રકરણથી વીશા શ્રીમાળી જ્ઞાતિમાં પક્ષ જેવું તો હતુંજ તેમાં સોસાયટી પક્ષના નેતાની આવી અનુચિત લાલસાથી ઘી હોમાયું. સરકારમાંથી ફેંસલો મળ્યો કે ન્યાતની વાડીનો કબજો ન્યાત પક્ષના આગેવાન શા. નાથાભાઇ અમરચંદ પાસે રહે.

જ્યાં આમ નાળીએર મળ્યું કે એ કહેવાતા ધર્મી પક્ષે મર્યાદા છોડી. ધોળે દિવસે પૈસા વેરી, સાંભળ્યા મુજબ વગર યુનીફોર્મના કેટલાક પોલીસની સહાય લઇ, જ્ઞાતિની વાડીનું તાળું તોડી અંદર પેઠા. એ પણ એક સમય હતો કે સંઘમાં આવાજ મતફેરના કારણે શેઠ પરષોતમદાસપર એક ભાઇ તરફથી હુમલો થયેલો છતાં એ મોટા દિલના પુરૂષે પુરાવા છતાં એ વાતને કોરટે ન લઇ જતાં દાબી દીધી હતી જ્યારે

આ પણ સમય આવ્યો કે એજ વંશમાં ઉત્પન્ન થયેલ કાંતિલાલે, જાણે છાપો મારી વાસણ લુંટવા ન જતી હોય એવી તાળું તોડનાર ટુકડીની આગેવાની લીધી; ખાનદાનને ન છાજે એવું તાળું તોડવારૂપ કામ કર્યું. જ્યાં ધાવણમાં દોષ ત્યાં બીજું શું કહેવાપણું હોય!

શેઠની રહેમાં તણાવાના કે પોલીસના માણસથી ગભરાવાના જમાના વહી ગયા. ખબર પડતાં ન્યાત પક્ષના ત્રીસેક આદમીઓ એકઠા થઇ ગયા; અને શાસન રસિક ટોળાના સખ્ત અટકાવ છતાં જ્ઞાતિની વાડીમાં દાખલ થઇ ગયા અને વાસણ ચોરવા જનારાને ફાવવા દીધા નહિં. ઉભય પક્ષ વચ્ચે ધમસાણ મચ્યું. કેટલાકના માથા ફુટયા ને ઇજા થઇ. મરણીઆ થઇ વાડીમાં દાખલ થયેલા ને કંઇ મારથી ગભરાઇ જઇ ભાગે તેવા નહોતાજ માર ખાતાં ને જાતનું રક્ષણ કરતા તેઓ અડગ થઇ ઉભાજ રહ્યા. આમ સોસાયટીવાળાની બાજી ઉંધી પડી ને જનતાની દ્રષ્ટિએ તાળું તોડનાર રૂપે આંખે ચડયા. કાયદાની નજરે પણ ગુન્હેગાર બન્યા. વાત વધી પડત દરમ્યાન સ્ટેટના ભલા મીજસ્ટ્રેટે સમજાવટ કરવાથી ભાદરવા સુદ ૧૫ સુધી વાડીના માલિકીપણાની વાત મોકુફ રખાઇ ને તે ઉપર સરકારી પહેરો બેસાડયો છે. આમ પર્યુષણ શરૂ થતાં પૂર્વે માથા ફોડવાના કાર્યથી એના ગણેશ મંડાયા. એવી પહેલ કરવાનું જો કંઇ પણ પુન્ય! હોય તો તે ધર્મનો દાંડો લઇ ફરનાર સોસાયટીને ચોંટે છે વીશા શ્રીમાળી જ્ઞાતિનું છાપેલું બંધારણ સ્પષ્ટ સૂચવે છે કે જ્ઞાતિની વાડી એ કંઇ શેઠ કસ્તુરભાઇના એકલાની માલિકીની નથીજ પણ સમગ્ર જ્ઞાતિની છે. વળી આજ કેટલા વર્ષો થયા એનો વહીવટ શા નાથાભાઇ અમરચંદ મંત્રી તરિકે કરે છે વાડીનું રીપેર કામ પણ એ ભાઇના પ્રયત્નથીજ થયેલું છે. ખુદ એ સબંધી હિસાબ આદિના ચોપડાઓ પણ તેમનીજ પાસે છે. પ્રમુખ તરિકે શેઠ નાનજીભાઇ કામ કરવા અશક્ત થવાથી કસ્તુરભાઇ શેઠને એ કામ ન્યાતે સોંપેલું. તેથીજ હકચોકસીમાં તેમનું નામ લખાવેલું. ધર્મનો સ્વાંગ ધરનારા આ મહાપુરૂષ! કયા આધારે આજે વાહી પોતાની કહેવા તૈયાર થયાં હશે? શું ધર્મ વારે કવારે કલેશ કરવાથી થતો હશે?

મારી નમ્ર ભાવે સાગરજી મહારાજને વિનંતી છે કે આપ હજુ પણ આપની ઝઘડા કરાવનારી વાણી સુધારો નહિં તે યાદ રાખજો કે પાલીતાણા પ્રકરણ વિગેરે કંઇક કિધાડા પડશે. શેઠ સાહેબને તો આગ્રહભરી સુચના છે કે માલિક બનતાં પૂર્વે જરા જૈન શાળાનો રીતસર હિસાબ બહાર મૂકે. એક માંડેલા કેસમાં તો હજુ જવાબ દેતાં ગલ્લાં તલ્લાં વાળવા પડે છે ત્યાં આવી જઇફ ઉમ્મરે શા સારૂ નવા લફરા ઉભા કરાય છે. નોંધી રાખજો કે અત્યારના દુનિયામાં પોલ ઝાઝો સમય નહિં ચાલે. બહુ તાણવા જશો તો તૂટી જશે. પુન્યશાળી અમરચંદ શેઠની કીર્તિ આપશ્રીના અણસમજભર્યા કાર્યોથી કલુષિત થશે. સુજ્ઞેષુ કિં બહુના?

'ડીટેકટીવ.'

સુરતમાં શાસનપ્રેમી જૈનોનું ધાંધલ!

સુરત, તા૦ ૧૯-૮-૩૦.

અત્રેની જૈન કોમમાં કેટલાક વખતથી બે પક્ષ પડયા છે. એક પક્ષ જે ઘણો નાનો અને ધાંધલીયો ગણાય છે તથા પોતાને શાસનપ્રેમી તરીકે ઓળખાવે છે તે બાળદીક્ષા માટે જાણીતા મુનિશ્રી રામવિજયજીનો પક્ષ છે, જ્યારે બીજા પક્ષમાં ઘણા મોટા ભાગના જૈનો છે અને તે પોતાને સુધારક પક્ષ તરીકે ઓળખાવે છે. આ બન્ને પક્ષો વચ્ચે કેટલાક વખતથી ખટરાગ ચાલુ હતો અને ઉપર જણાવેલા સુધારક પક્ષની અનેક સુધારાની પ્રવૃત્તિઓમાં વિક્ષેપ નાંખવા શાસનપ્રેમી પંથના કેટલાક જૈનો તરફથી પ્રયત્નો થયા હતા.

સુધારા પક્ષની પ્રવૃત્તિઓ

આ સુધારા પક્ષની વિવિધ પ્રવૃત્તિઓમાં એક જ્ઞાતિ જમણ બંધ કરવાની પ્રવૃત્તિ હતી, જે હજુ ચાલુ છે. આ પક્ષે ઠરાવ કર્યો છે કે દેશના આજના સંજોગોમાં જ્યારે આગેવાનો જેલમાં હોય ત્યારે **જમણવાર કરવા ઉચિત નથી.** તદુપરાંત આ પક્ષે કોઇ પણ જમણવારમાં જવું નહિ એવો ઠરાવ કર્યો અને તે પછી આ સુધારાના પ્રચાર માટે તેમણે જમણવારથી અળગા રહેવાની સમજુતી આપવા માટે એક ડેપ્યુટેશન નિમ્યું હતું. તદુપરાંત એવાં જમણવારોના વિરોધ તરીકે સરઘસો કહાડવાં તથા પ્રાસંગિક મુદ્રાલેખ વગેરે દ્વારા તેને લગતી પ્રવૃત્તિ ધપાવવી એવો સુધારા પક્ષના યુવકોએ વિચાર પણ કર્યો હતો.

ગઇ કાલનું સરઘસ

આ હેતુથી કેટલાક યુવકોએ ગઇ કાલે સરઘસ કહાડવાના હેન્ડબીલો કહાડયાં હતાં અને તેમાં જૈન ભાઇ બહેનોને જમણવારોનો વિરોધ કરવા માટે સરઘસમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. આ સામે વિરોધ પક્ષ તરફથી ભોજનપ્રેમીઓએ પણ હેન્ડબીલો કહાડયાં હતાં અને સરઘસ અટકાવવા પોલીસની મદદ માગવા ગયા હતા, પણ બન્ને પક્ષની હકીકત જાણ્યા પછી પોલીસખાતાંને સરઘસ અટકાવવાનું યોગ્ય લાગ્યું નહોતું.

સરઘસ નીકળ્યું

તે પછી કાલે બપોરે ૧ વાગે મોટું સરઘસ નીકળ્યું. જેમાં પ્રતિષ્ઠિત જૈન સમાજનાં સ્ત્રી પુરૂષો હતાં. સરઘસ શાંતિથી ફરીને ગોપીપરામાં પહોંચતાં પોલિસ ચોકી પાસે સરઘસ ઉપર વિરોધી પક્ષના કેટલાકોએ હલકટ હૂમલો કર્યો હતો. મકાનો પરથી પત્થર ફેંકાયા હતા અને સ્ત્રીઓ સમક્ષ પણ બિભત્સ ગાળો દેવામાં આવી હતી. આ બાબતની પોલિસને જાણ થતાં ફોજદાર મી૦ મલેક પાંત્રીસેક લાઠીધારી પોલિસ સાથે ગેટમાંથી આવ્યા હતા. આ સરઘસ શાંત જોઇને તથા વિરૂદ્ધ પક્ષનું નાહક ધાંધલ જોઇને તેમને બળજબરીથી ખસેડવાની ફરજ પડી હતી. આ ધાંધલમાં કેટલાકને ઇજા પણ થઇ હતી ને પત્થરના મારાથી સરઘસવાળા એક બે ભાઇઓને ઇજા થઇ હતી જે પછી પોલિસ કોર્ડન કરી સરઘસ પસાર થવા દીધું હતું, જે પછી સરઘસ વિખરાયું હતું. આમ અહિંસાના પરમ ધર્મના સિધ્ધાંતમાં માનનારા શાસનપ્રેમી જૈન ભાઇઓ આ પ્રકારનું ધાંધલ કરે ને પોતાનાજ ભાઇઓ ઉપર પત્થરા ફેંકે, તથા ગાળાગાળી કરી નીચ હૂમલા કરે, એ જૈનોને શોભે ખરૂં?

હલકટ કાગળ

વિરોધીઓનો **આ હલકટ પ્રયત્નોનો** એક ઓર નમૂનો નીચેના એક નનામા અને હીચકારા કાગળથી જણાશે. કહે છે કે આવા કાગળો જૈન યુવક સંઘના ઘણા સભ્યો ઉપર આવ્યા છે. ને એક પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થ ઉપર આવેલા નવા એક કાગળનો નમૂનો નીચે પ્રમાણે છે. આ કાગળ તા૦ ૧૮-૮-૩૦ નો છે અને ગોપીપુરા પોસ્ટ ઓફિસમાંથી પોસ્ટ થયો છે.

સુરત તા૦ ૧૮-૮-૩૦.

.....ને માલમ થાય કે તમારી માનું ખરેખરૂં દુધ પીધું હોય તો તમો પીકેટીંગ કરવા આવશોજ, ભુલશો નહિ. સરઘસની અંદર નીકળેલા ધર્મદ્રોહીઓ તે દેશને શું કરવાના છે. જો દેશનું તમોને લાગતું હોય તો જરૂર આવ્યા વગર તો રહો નહિ. તમો નહિ આવો તો ભાઇ ન્યાયવિજયને તો જરૂર મોકલશોજી તથા તમારી બૈરીને, અમીચંદભાઇને જરૂર મોકલશોજી. જો નહિ આવો તો તમારાં મ્હોડાં કાળાં થઇ જશે.

લી૦, **શાસનપ્રેમી.**

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયકવાડ બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

પરિવર્તન કાળ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૬ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ સુદી ૧૫. તા૦ ૮-૯-૩૦ | છુટક નકલ: ૦૫ આનો.

વર્તમાન સમાચાર.

જગદ્‌ગુરૂ હીરવિજયસૂરિની જયંતિ.

ભાદરવા સુદ ૧૧ ને દિને શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં, મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી જગદ્‌ગુરૂ શ્રી હીરવિજય સૂરિશ્વરજીની જયંતિ ઉજવવામાં આવી હતી. શ્રી. મોતીચંદ ગી. કાપડીઆએ ઉકત પ્રસંગે બોલતાં એ કાળે ગાંધારની સમૃદ્ધિનો સારો ખ્યાલ આપ્યો હતો. બારસો તો ક્રોડપતિઓ ત્યાં હતા. આજે ત્રણસો વર્ષના ગાળામાં પરિસ્થિતિ એટલી તો ફેરવાઇ ગઇ છે કે એ સ્થાને જૈનનું એક ઘર પણ નથી. આ ઓછી દુઃખદાયી બીના નથી. આમાં વાંક આપણો પોતાનોજ છે. એ સંબંધમાં ખાસ વિચાર કરવાની જરૂર છે. એ પછી વર્તમાન કાળે ચાલી રહેલા ક્ષુદ્ર કલેશો પ્રતિ ધ્યાન ખેંચ્યું હતું. આગળ બોલતાં જણાવ્યું હતું કે એવો કોણ અભાગી હોય કે દિક્ષાનો વિરોધ કરે? છતાં અયોગ્ય દિક્ષા તો નજ ચલાવી લેવાય. એ સંબંધમાં સૂરિજીના દીર્ઘદર્શીતા તરફ ખાસ ધ્યારો કર્યો હતો. શ્રી. લલ્લુભાઇ કરમચંદે એ મહાત્માની ગંભીરતા, વિદ્વતા ને ચારિત્રનો ખ્યાલ આપી અત્યારે એવા વ્યકિતના અભાવે શાસનનું નાવ કેવું ડોલાયમાન થઇ રહ્યું છે! શ્રી. પાદરાકરે કહ્યું કે આજે હીરવિજયસૂરિના જેવા વસ્ત્રો ધરનારા ને તેમના ધર્મમાં વર્તનારા સાધુઓ દ્રષ્ટિગોચર થાય છે છતાં એમાં એ પ્રભાવિકસૂરિની પ્રભા-તેજ કે બુદ્ધિવૈભવ કયાં છે? આજે જે છીછરાપણું ચાલી રહ્યું છે એ જોઇ જૈનેતરો હાંસી કરે છે. શ્રી. મોહનલાલ દી. ચોકસીએ જણાવ્યું કે સૂરિજીના જીવન પરથી અત્યારના સમયે ખાસ અગત્યની બે ત્રણ બાબતો ઉપર હું આપ સર્વનું ધ્યાન ખેંચું છું. ગંધારના જૈનોમાં કેટલાક એવા પણ હતા જે સૂરિજી મુસલમાન બાદશાહને મળવા જાય તે ઠીક નહોતા માનતા. એમને સૂરિશ્વરે 'સંઘ કોણ થાય છે' એવું કહી અવગણી નાંખ્યા નહિં પણ ધિરજથી સમજાવ્યા અને ભાર મૂકી જણાવ્યું કે જો એક બાદશાહ જૈન ધર્મના સિદ્ધાંતો પાળતો થશે તો એની છાપ આખી પ્રજા પર પડશે તેથી અહિંસા ધર્મનો વાવટો સારી આલમમાં ફરકશે. ઉપદેશ આપવો એ તો અમારૂં કાર્ય છે અને અમારા જેવા ત્યાગીને જવા ન જવાના પ્રતિબંધ શા? 'સાંભળવું હોય તો આવે અહીં' કહેનારા કેવા તુંડ મિજાજી છે તે આ વાત ઉપરથી સમજાય છે. વળી જજીયા ટેક્ષ દૂર કરાવવામાં સૂરિ મહારાજે જે વલણ લીધી છે તે ખાસ પ્રશંસનીય છે. તે વેળા સમ્યકત્વી ને મિથ્યાત્વીના ભેદ પાડવા તેઓ ન થોભ્યા. આજના શાસનપ્રેમીઓ આ મહાત્માને શું કહેશે? ગચ્છાધિપતિ તરિકેની ફરજનું પાલન કરતાં તેમને શ્રી ધર્મસાગરજીને દાબવા પડેલા. ગચ્છ મતના આંતરિક કલેશો વધે તેવા પુસ્તકની રચના કરતા ધર્મસાગરજીને સૂરિશ્વરે એકવાર તો સંઘ બહાર કરેલા. આ ઉપરથી અંદરના ઝગડા પ્રત્યે તેમનો કેવો અભાવ હતો એ સહજ સમજાય તેમ છે. એવી મધ્યસ્થ વૃત્તિ વિના 'સવિજીવ કરૂં શાસન રસી' ની ભાવના બર લાવી શકાતી નથી. આજે તો એકજ પિતાના પુત્રો હોય, એકજ ધર્મનું પાલન કરનાર શ્રાવકોને પોતાની હાજી હા ન કરે તેટલા સારૂ 'શાસનદ્રોહી-અધર્મી-નાસ્તિક' આદિ વિશેષણોથી નવાજનાર પ્રખર, શાસનની કેવી પ્રભાવના કરી રહ્યા છે એ આપણા અનુભવનો વિષય છે. પ્રભાવકના પ્રભાવમાં એ શકિત રહેલી છે કે જ્યાં એનાં પગલાં થાય ને વૈર વિરોધ સમી જઇ શાંતિ પ્રસરી જાય. આજે એવા મહાત્માના ગુણગાન કરી એમના ગુણો કંઇક અંશે આપણામાં ઉતરો એવી પ્રાર્થના છે. યતિશ્રી બાલચંદ્રજીએ-ગુરૂ એટલે બડા અને જે ગંભીરતાદિ ગુણે કરીને ભરપુર છે તેજ મોટા યાને ગુરૂ છે એવી વ્યાખ્યા કરતાં હીંદીમાં સુંદર વિવેચન કર્યું હતું. પશ્ચાત ગણિ શ્રી રત્નમુનિએ ઉપસંહાર કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

જેલમાંથી છુટેલા કેપ્ટનનો સત્કાર.

ભાદરવા સુદ ૧૩ શુક્રવારે સવારના શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી શ્રી. મણિલાલ જયમલ કેપ્ટનના માનમાં એક સરધસ કોંગ્રેસ હાઉસમાંથી કહાડવામાં આવ્યું હતું. વડાલાની મીઠાની ધાડમાં આ ભાઇએ ભાગ લીધો હતો ત્યારથી તેમને ભાયખલા આગળની જેલમાં પુરવામાં આવ્યા હતા. આજે તે છુટવાના હોવાથી જેલના દરવાજા આગળ હિંદ સેવા દળની ટુકડી તેમજ સ્વયંસેવક મંડળના ઓધ્ધેદારો માન આપવા હાજર થયાં હતાં. મણિભાઇનો ઉત્સાહ જરા પણ મંદ પડયો નહોતો. જેલ બહાર પગ મૂકતાંજ વંદેમાતરમ્ ને ગાંધીજીની જયથી તેમણે વાતાવરણ ભરી દીધું. હાજર રહેલાઓએ પુષ્પની માળાઓથી એ ભાઇનો સત્કાર કીધો. આ દ્રશ્ય સ્મૃતિપટમાં કોતરાઇ રહે તેવું હતું. મોટરમાં કોંગ્રેસ હાઉસ પહોંચ્યા જૂના મિત્રોનો મેળાપ અને વાતાવરણમાં પ્રસરી રહેલ તીવ્ર ચેતન સૌ કોઇને આનંદ અર્પતા હતા. આ વેળા ચોપાટીપર ભીડ બનાવવાની ક્રિયા ચાલી રહી હતી. અલ્પકાળમાં સ્વયંસેવકોની ટુકડી પાછી ફરતાં અહીંથી સરઘસ શરૂ થયું. શરૂઆતમાં મંડળના રાષ્ટ્રિય ધ્વજ સાથે બેન્ડની ટુકડી ચાલતી હતી. પાછળ પ્રભાત ફેરીની હાર હતી. એ પછી સ્વયંસેવક મંડળના સૈનિકો ચારની હારમાં યુનીફોર્મમાં કૂચ કરતા હતા. હિંદ સેવા દળની ટુકડી પણ સાથેજ હતી. એ પછી મોટરમાં ભાઇ મણિલાલ જયમલ તથા સાથે મંડળના સ્વયંસેવકો તાજેતરમાં વીસાપુરની જેલમાંથી છુટી આવેલા ભાઇ ગુલાબચંદ તથા પરભુલાલ બેઠેલા હતા. અંતમાં

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

પરિવર્તન કાળ.

સમય પોતાનું કાર્ય કરી રહેલ છે. એની ગતિપર નથી તો કોઇનો અંકુશ કે નથી તો ગાર્ડની બ્રેક. ભલેને કોઇ સમયવાદીને નામે તેની ઠેકડી કરે. આખરે એવી ઠેકડી કરનારની મૂર્ખાઇ ઉઘાડી પડે છે ને સૌ કોઇને તે હાસ્યનું સ્થાન બને છે. એકની એક ધરેડમાં રહેવાનો કે વસવાનો મનુષ્યનો સ્વભાવજ નથી. નવિનતાની શોધ કરતાં રહેવી એ તેની પ્રકૃતિ છે; એટલે જુદા સાધનોદ્વારા તે નૂતનતા પ્રગટાવે જાય છેજ. આવું જોઇ કોઇ રૂઢી પોષકો મુંઝાઇ જતા હોય કોઇ સાધુ જનો બેસૂરો અવાજ કહાડતા હોય તો તેથી મુંઝાવાપણું નથીજ. એ સર્વ કોઇપર કાળની અસર મોડી વહેલી અવશ્ય થાય છેજ.

રાજ કથામાં દોષ જણ્યા છતાં આજે છાપા વંચાય છે. પત્ર લખવાની મનાઇ છતાં સાધુઓની ટપાલ સકાણી નથી. પત્ર પ્રગટ કરી ધર્મ સેવા કરવાનો ઇલ્હાવો માણવાની વાત કરનાર એક મુનિ બાવાજ છે. એ સમય ધર્મમાં તણાયા છતાં સમય ધર્મીઓની મજાક કરવામાં આનંદ માને છે. પગ તળે બળતું જોવાનો સ્વભાવજ નથી. સામાને માથે બનતું જોવામાં એમની આંખો સદૈવ ઉઘાડીને કાન હંમેશા જાગૃતજ હોય છે. ચાર દિવાલની અંદર, ભક્ત સમુહની મધ્યમાં વિરાજી આ પ્રખરજી કેટલીયે આડી તેડી વાતો હાથમાં આગમના પાના રાખી કરી નાંખે છે. વાણી વિલાસમાં જેમ અંકુશ નથી તેમ ચાળા ચટકામાં પણ બાકી નથી. ઘડીમાં પ્રશ્નકાર બની જાય છે તો બીજી પળે. ગુરૂ તરિકે જાણે કોઇ મહાન્ વ્યક્તિ તરિકે જવાબ આપવા મંડી પડશે. એ વેળાના આડંબરનો ખ્યાલ નજરે જોયા વગર ભાગ્યેજ આવે. આમ છતાં આ મુનિજી માને છે કે પોતે હજુ પહેલી સદીનાજ માનવી છે. જરા પણ શાસ્ત્ર વિહિત માર્ગથી ખસીને વાત કરતા નથી. એમની વાણી વાકયે વાકયે ભાન કરાવે છે કે એઓશ્રી અગર તેમના જેવા બીજા ચાર પાંચ સુવિહિતો જો ન જનમ્યા હોત! અરે ભુલ્યો જો આજે ધરાપર ન વિચરી રહ્યા હોત તો પ્રભુ શ્રી મહાવીર દેવના સિદ્ધાન્તનું વીસમી સદીના બળવાખોરોએ, નાસ્તિકોએ, અધર્મીઓએ કયારનુંયે ખૂન કરી નાંખ્યું હોત!! પણ સામે બેઠેલા ધર્મી જીવોના સદ્‌ભાગ્યે પોતે સામનો કરવા ચોવીસે કલાક તૈયારજ છે એટલે પેલા લોકોનું કંઇ ચાલતું નથી. વાંચક બંધુ આ કેવી મઝાની વાત! શેઠ કહે સાગરનું પાણી મીઠું છે તો હાજી હા! જેવો ઘાટ છેને? આમ હાંકવાનું ચાલુ રાખી, મુખથી જુના ચીલે જવાની વાતો કરનાર આ મુનિજી ચાલુ જમાનાના પ્રત્યેક સાધનોનો લાભ લઈ રહ્યા છે. પોતાની માન્યતા પ્રસરાવી, જનતાને આકર્ષવાનો એક પણ યત્ન અણસેવ્યો રાખતા નથી. પોતાની વાહવાહ પોકારાય એવા માર્ગો ભકત મંડળદ્વારા એમના ચાલુજ હોય છે. આમ છતાં દેખાવ એવો કરશે કે આ બધું માત્ર ધર્મના માટે કરવું પડયું. એમાં પણ સમયનો વિજય લાગે છે ભૂતકાળે કેટલા મુનિઓએ સાહિત્ય સર્જ્યુને તો બીજાઓએ કાગ્યો ગુથીને તો વળી કોઇએ ધર્મોપદેશ દઇને અને બાકીનાઓએ તપકરણી કરીને શાસન સેવામાં સ્વકાળો નોંધાવ્યો છે. આ સાધુજી ધર્મી–અધર્મીને જુદા પાડીને અર્થાત્ એકજ પિતાના સંતાનો વચ્ચે ક્ષુદ્ર કલેશનો પાવક પ્રજ્વલિત કરીને સેવા નોંધાવવાની ઉમેદ રાખે છે. ભાવિ ઇતિહાસકાર એને સેવા કહેશે હૃદયની મલિનતા તરીકે ચિતરશે એ તરફ દ્રષ્ટિ ફેંકયા વગર એટલું તો જરૂર કહી શકાય કે એવા પ્રયત્નમાંજ જૈન સમાજનું પુનર્વિધાન કેમ ન સર્જાયું હોય! મૂળના ખોદાણ સિવાય નવા પાયાના ચણતર નજ સંભવી શકે. કાળનું મહાત્મ્ય અવર્ણીય છે એટલે જે થાય તે શારાને સારૂ ગણી સંતોષ માનવો રહ્યો.

મંડળના સૈનિકોની બીજી ટુકડી કૂચ કરતી હતી. આમ સરઘસ ગીરગામ બેક રોડ, ભુલેશ્વર, કાલબાદેવી, પ્રીન્સેસ સ્ટ્રીટ, ઝવેરી બજાર થઇ મંડળની ઓફિસ આગળ આવી પહોંચ્યું. મંડળના કેપ્ટનનું સ્વાગત કરવાને જૈન સમાજના આગેવાનો અહીં હાજર હતા. કોન્ફરન્સ ઓફિસમાંથી ખુરસીઓ મંગાવી રસ્તાપર બેઠક કરવામાં આવી હતી. ઓફિસને બાદીના ત્રિરંગી વાવટાથી શણગારી દીધી હતી. બેન્ડે સલામી આપ્યા બાદ અને સૈનિકો તરફથી વંદન થયા બાદ શ્રી. મોહનલાલ દી. ચોકસીએ મંડળ તરફથી ઉક્ત ત્રણ બંધુઓને અભિનંદન આપ્યું હતું. ત્યાર બાદ શેઠ જીવણચંદ ઘરમચંદ, મગનભાઇ મુલચંદ અને રા. પાદરાકરે વિવેચનો કર્યા હતા. રાષ્ટ્રયજ્ઞમાં સેવા ધરનાર માટે લોક લાગણી કેવી આકર્ષક હોય છે તેનો સુંદર ચિતાર ખડો થયેલો જણાઇ આવતો હતો. કેપ્ટન મણિભાઇએ જુસ્સાદાર ભાષણમાં આપેલ માન બદલ નમ્ર ભાવે આભાર માન્યો હતો. ફુલના હાર પહેરાવ્યા બાદ મેળાવડો વિસર્જન થયો હતો. ગાંધીજીની જયપૂર્વક સૌ વિખરાયા હતા.

શાસનપ્રેમી શું લખે છે?

ભા. સુ. ૧૩ ના વીર શાસન (વૈર શાસન) માં એક ભાઇ ભા. સુ. ૬ ના વરઘોડાનું વર્ણન કરતાં કોઇ પ્રકારના નિશામાં ઉતરી જાય છે કે શું, પણ એ વરઘોડાને અપૂર્વ ચિતરી મારતાં પણ શરમ નથી આવતી. કેટલીયેવાર રામજી બાપુ કહે છે કે– 'અમે સાધુ, અમે અમારાથી અર્થ–કામની વાત કરાય પણ નહિ, એના ઉપદેશ તો દેવાયજ કયાંથી?' તો આ તેમનું ધર્મી ગણાતું છાપું શુ કુટી મારે છે, તે વિચારણીય છે. દેશમાં આજે અહિંસક સંગ્રામ ચાલી રહ્યો છે, હજારો સત્યાગ્રહીઓ જેલના કપ્પો વેડી રહ્યા છે! હજારોએ લાઠીઓના માર સહન કર્યા છે, એમાં જૈનો પણ છે અને નારી તથા બાળસમુદ્ર પણ છે. વિદેશી વસ્ત્રો પહેરવા એ મહાન્ પાપ ને દેશદ્રોહ મનાયો છે. જ્યાં આવી પરિસ્થીતિ વર્તે છે ત્યાં ભારોભાર વિદેશી પોશાકમાં સજ્જ થઇ વરઘોડામાં નીકળવું, પાપમય રેશમી વસ્ત્રો પરીધાન કરી નીકળવું, અને કાન ફાડી નાંખે તેવા કૂદીબંધ બેન્ડોનો કોલાહલ મચાવવો એ શું વરઘોડાની અપૂર્વતા? વર્ણન કરનારે લખ્યું છે કે– 'લોક' અટારી, ઝરખે અને છાપરે બેઠું હતું, અરે ઝાડ પર ચઢયું હતું એટલે જાણે ગીરદીનો પાર નહોતો!' આના સરખું બીજું હડહડતું જુઠાણું શું હોય? હવે મુબઇની જનતાને આવા આડંબરી ને વિદેશીમય વરઘોડ જોવામાં રસ રહ્યોજ નથી. જોવા ઉભેલા કેટલાક તો તે વખતેજ બોલી ઉઠયા કે 'આ તો બધો પરદેશી ને વિલાયતી વસ્ત્રોનો અંબારજ ભર્યો છે! આ કરતાં તો ગઇ કાલનો (ભા. સુ. ૫) વરઘોડો સારો હતો કે જેમાં સાજન ઉજળી ખાદીમાં સજ્જ થયું હતું. કાન ફોડી નાંખે તેવા બેન્ડની ધમાલ પણ નહોતી.' આજે જનતા, મોટર બેસાડેલા, ને કોટમાં હીરા મોતીના હારો લાદેલા સાંભેલાથી આનંદ પામે તેવું નથી રહ્યું. આજે તો દેશ કાર્યમાં, સમાજ હીતમાં હજારો ખર્ચનારની કદર અંકાય છે. સફેદ દુધ જેવા સ્વદેસી પોશાકમાં સજ્જ થઇ નીકળનારને જેમાં હજારો નહીં પણ લાખોની સંખ્યા હોય છે એવા સરઘસો જોયા છે. તેને મન આવા આડંબરી વરઘોડામાં નવીનતા કે અપૂર્વતા જેવું ભાગ્યેજ કંઇ હતું.

સુરતીભાઇના આલપાકાના અંગરખા–કોટ ને બાઇઓની ફેન્સી–સાડીઓ નીરખી પ્રેક્ષકગણના મોટા ભાગને તો હસવાનું મળતું. દેશ પ્રત્યે આ રૂઢીપ્રેમીઓની આવી વલણ માટે કેટલાકને લાગી આવતું તેથી તરત બોલી ઉઠતા કે રામજી મહારાજને જરૂર પરદેશીઓની ચીંતા કરવા સારૂ જરૂર 'સર–નાઇટ' નો ખીતાબ મળવો જોઇએ. આશ્ચર્યની વાત એટલી કે મોક્ષની ને ત્યાગની બડી વાતો કરનાર આ મહાત્માને પોતાની સાથે સારજન્ટ ને વરઘોડામાં પોલીસની ટુકડી પ્રથમથીજ રાખવી પડેલી. સારજન્ટ તો મહારાજની લગોલગ ચાલતો હતો. શું ઉંચકાઇ જવાની બીતી તો નહોતી ને? ત્યાગના ઇજારદારને આવું તે શું બંધન? રથ હાથે ખેંચવાની ભકતી બાદ કરતાં વરઘોડાની નવીનતા દેશકાળને અનુરૂપ નહોતી. રામભકતો ભલે એમાં અપૂર્વતા નીહાળે પણ મુંબઇની પ્રજાને મન એ મશ્કરીનો વીષય હતો. છતાં આશ્ચર્ય તો એટલુંજ લાગે છે કે આ વેળા ગયા વરસ માફક દેવતા કેમ જોવા નહીં પધાર્યા હોય? પ્રવરજીના તપની કચાશ તો નહીં હોય?

વીર શાસન કહે છે કે હવેથી મોતીચંદભાઇ કે પરમાણુંદના લેખો જૈન ધર્મ પ્રકાશમાં નહીં આવે જેવું વરઘોડાનું જુઠાણું તેવું આ પણ લાગે છે! તેને ખબર નહીં હોય કે લેખકની કલમમાં જોર હશે, નવીનતા હશે, મોહકતા હશે તો આજે એને સ્થાન આપનાર સંખ્યાબંધ દૈનીક ને અઠવાડીકો તૈયારજ છે. પ્રકાશના કોઇ લાઇફ મેમ્બરોને અંધકાર ગમતો હશે તો વૈર શાસનની સલાહ માન્ય થશે. જેની લેખીનીમાં તાકાદ નથી તેને પૈસા આપી દૈનીકના કોલમો રોકવા પડે છે આજે એ વાત ગુપ્ત નથી રહી શકી એટલે એમાં રાચવાપણું શું છે?

યંગમેન સોસાયટીના વર્ષ પ્રવેશના હેવાલોએ પ્રોત પ્રકાસ્યું છે. સુરત સંમેલનમાં અખીલ હીંદના પ્રતીનીધીત્વનો દાવો કરનાર આ યંગમેનો પાસે પુરા વીસ સ્થળનું પણ પ્રતીનીધીત્વ નથી. દુધપાકથી વધેલી સંખ્યા આ વેળા ઓસરી ગઇ લાગે છે! કોન્ફરન્સને દફનાવા જતાં બીચારી આ સોસાયટી બાઇ પોતે ઘોરમાં ન જતી રહે એનો ભય રહે છે! અખીલમાં ખીલ પડયું લાગે છે!

પ્રકીર્ણ.

સુલેહના સંદેશા પડી ભાંગ્યા.

સમ્રુ જયકરની મસલત પડી ભાંગી છે એટલે રાષ્ટ્રીય હીલચાલ જરૂર જોર પકડવાની અંતર પ્રજા સાથે જૈન પ્રજાની કસોટીનો પણ સમય આવી રહ્યો છે જૈનો એમાં પછાત નહીંજ રહે. પરદેશી વસ્ત્રોને તજાવવામાં એને મંડી જવું જોઇએ. રાઉન્ટ ટેબલમાં કે કાંઉસીલમાં સમાજની બાળે કોઇ દુધેડીઆ ચોંટી ન બેસે એ પણ તેને જોતાં રહેવું. જાગ્રત સમાજ જીવી શકે છે. દેશની ચળવળથી પ્રસંગમુખ રહેનાર કોમ સર્વત્ર હડધૂત થાય છે.

શ્રી ધર્મસૂરીની જયંતિ.

શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં ભા. સુ. ૧૪ શ્રી વિજય ધર્મસૂરિની જયંતિ ઉજવવામાં આવી હતી. આ વેળા સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી ત્રિલોકચંદજી મહારાજ પણ શ્રાવક સમુદાય સાથે પધાર્યા હતા અને ઠીક વિવેચન કર્યું હતું. આમ સંપ્રદાય વચ્ચે સમભાવની ભાવના પ્રવર્તતી જોઇ સૌ કોઇને આનંદ થયો હતો. ખરતર ગચ્છના શ્રી રત્નમુનિ પણ આવ્યા હતા. પરસ્પર આવો સબંધ ચાલુ રહે તો જૈન સમાજની પ્રગતિ સત્વર થઇ શકે. મતભેદ ભલે હોય પણ મનફેર ન હોવા ઘટે. સ્વયંસેવક મંડળની આ ગોઠવણ બદલ એને ધન્યવાદ ઘટે છે. બંતર સંસ્થાઓએ વાડાના વર્તુલો છોડી દઇ આ પ્રથાને વધાવી લેવી ઘટે છે.

: : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

: : નોંધ. : :

ધર્માંધતાના આપ.

ધર્મભાવના વૃદ્ધિ પામે એના જેવો ભાગ્યેજ બીજો હર્ષ મનાય, અને એ કાર્યમાં સાધુ સંતોનો ઉપદેશ ઘણુ સારૂ કામ કરી શકે. પણ જ્યાં ધર્મભાવનાને નામે સ્વછંદી માન્યતાઓના ધુંટડા ગળાવાતા હોય અને પવિત્ર પાટ પરથી સંગ્રામ ખેલવાની ઉત્તેજના થતી હોય ત્યાં એ ઉપદેશ એક શ્રાપની ગરજ સારે છે. તેથીજ એક અમીરને 'મૌલાના અને ધર્મ-ગુરૂઓથી ચેતતા રહેવાની' સુચના આપવી પડેલી. આવીજ દુઃખજનક સ્થિતિ આજે જૈન સમાજની થઇ પડી છે. આજે કેટલાક ધર્મગુરૂઓ, સ્વજાતને સારાયે આગમનનું સ્વરૂપ જાણી ચુકેલ ન હોય તેવો સ્વાંગ ધારણ કરી પોતે જે કહી રહ્યા છે તેટલુંજ સાચુ છે અને પોતેજ સુવિહિત છે એવો ઢેલ પીટી, એ સામે આંગળી ઉંચી કરનાર પ્રત્યે અણછાજતી ભાષામાં સદૈવ થુંક ઉરાડવાનો ધંધો આદરી બેઠા છે. ધર્મના ઓઠા તળે તેઓ આજે જે દાવાનળ સળગાવી રહ્યા છે તેનું યથાર્થ ભાન અગીયારા લગી ભણેલા તેમના આજના શ્રોતાઓને નથી હોતું તેઓ તો અંધશ્રદ્ધામાં એટલા ઉંડા ઉતરી પડેલા છે કે મહારાજ કલ્પસુત્રના નામે શું લવી રહ્યા છે તેનો જરા માત્ર વિચાર તેમને નથી આવતો. ભાષા સમિતિને વચન ગુપ્તિને વિસારી મેલી કેવળ યથેચ્છ બકનારને તેઓ પ્રખર, વક્તા કે એવા મન માન્યા વિશેષણોના પૂંછડા વધારી જી મહારાજ, જી મહારાજ કરતાં થાકતાં નથી આ ધર્મપ્રેમ નથી પણ ધર્માંધતા છે જે એક શ્રાપ તુલ્ય છે.

શાસનપ્રેમ કે હલકટ વૃત્તિ?

રામ-પાગર ટોળીના જ્યાં કદમ થઇ ગયેલા છે અગર તો જ્યાં આજે અસ્તિત્વ છે ત્યાં પર્યુષણ જેવા પવિત્ર પર્વમાં પણ ધર્મને નામે માથા તુટવાના પ્રસંગ બન્યા છે. દેશમાં સરકારની લાઠીથી માથા ફુટે છે છતાં પ્રજા એને ગૈારવનો પ્રસંગ માની લઇ વધાવી રહી છે જ્યારે આ એકજ પિતાના પુત્રોને પરસ્પર લડાવનાર ટોળકીને જૈન જનતાના મોટા ભાગ તરફથી 'ઝઘડાખોર'નું ઉપ-નામ મળે છે. આમ દાવ હેઠા પડતા છતાં આ ગુરૂઓ ધમંડથી ભરપુર અવાજે એને ધર્મ-પ્રેમ તરીકે વર્ણવતા શરમાતા નથી! આજે પાટણ જામનગર ખંભાત, સુરત, મુંબાઇ અને સાદડી જેવા સ્થાનના વૃત્તાંતો વાંચી; કોરટે ચઢેલા મામલાના વર્ણનો સાંભળી ભાગ્યેજ કોઇ જૈન હશે કે જેનું હૃદય નહિ દ્રવતુ હોય! વળી આટલાથી ઇતર સમાજમાં જૈનોની ઓછી વગોવણી થઇ હોય તેમ આ મહાપુરૂષો ચાર દિવાલમાં બેસી દેશના મહાન્ નેતા સામે થુંક ઉરાડી, માંહોમાંહે લડાવી મારી, પૈસાના બળે છાપાના કોલમમાં મનગમતું ચિતરાવી જાણે શાસનની મહાન્ પ્રભાવના કરી નાંખી ન હોય તેવા બણગા ફુંકતા જરા પણ લાજતા નથી! લાંબા કાળના કુસંપને દૂર કરી એકતા સંધાવી આપનાર સાધુ સાધુતાનું નૂર દાખવે છે કે, ઠેર ઠેર કલહાગ્નિ પ્રગટાવનારા બની બેઠેલા આ મહાત્માઓ? કયા સુત્રના આધારે આ મુનિવરો પર્વ દિવસમાં માત્ર જનુનતા ભરી વાણીનું પાન કરાવી રહ્યા હતા? એમના હૃદયની કાલિતા કયાં લગી પહોંચી છે તે તો જુઓ કે એક સ્થળે શ્રી વલ્લભસૂરી કૃત સ્તવન બોલતાં મુનિજીનો પિત્તો ઉછળ્યો, સમતા કે સમભાવની આશા પછી કયાં રહી?

યુવક સંઘોને—

સમાજની ચાલૂ પરિસ્થિતિ જોતાં પ્રત્યેક યુવક સંઘોને પુનર્વિધાન આદરી, સંગઠન વધુ દ્રઢ બનાવવાની જરૂર છે. અલબત રાષ્ટ્રની હાલની બારીક પળે દરેક નવયુવકનું ધ્યાન એ તરફ હોવુંજ જોઇએ. ખાદી આદિની દરેક પ્રવૃત્તિમાં જૈન સમાજનો ફાળો છે અને રહેવો જોઇએ છતાં એટલું તો દરેક મનમાં નોંધી રાખે કે ભવિષ્યમાં આપણે એક મોટા બળની સામે કમર કસવાની છે. યંગમેનોને શાસનપ્રેમી તરીકે ઓલેખાતા વર્ગના કામો જે આજે નજરે ચઢે છે એ ઉપરથી આગળ જતા તે કેવું રૂપ ધરશે એનું અનુમાન કરવું મુશ્કેલ નથી. યુવક સંઘોએ જો જીવવું હશે તો એનો સામનો કરવોજ પડશે. એ વેળા સર્વનું એક લક્ષ્ય હશે તોજ કામ થઇ શકશે. વિધવાવિવાહ દેવદ્રવ્ય કે શ્રી ઋષભ દેવ સબંધની સ્વમાન્યતાઓ, એ કંઈ સમગ્ર યુવક સંઘનું દ્રષ્ટિબિન્દુ હતું નહીં, છે નહીં અને થઇ શકે પણ નહીં, વ્યક્તિગત વિચારો ભલે ને કોઇના વિચિત્ર હોય. બાકી લક્ષ્યબિંદુ તો ભિન્ન હોવું ઘટે હવેની લડત અજ્ઞાનતા સામે જાણપણાની થશે. એમાં અંધશ્રદ્ધાની હારને સામી શ્રદ્ધાની જીત અવશ્યભાવી છે.

આફ્રિકાથી પત્ર.

મુનિશ્રી રામવિજયની હવાઇઓ ઠેઠ, હિંદમહાર યુગન્ડા (કમ્પાલા) માં પહોંચી છે! એક ભાઇ લખે છે કે—

'રામવિજયજી જૈન મુનિપદને માટે લાયક નથી. છતાં જો શ્વેતાંબર જૈન સમાજ હજી પણ તેમને પોતાના હૃદયપટ પર ધારણ કરશે તો તેથી તેમની નહિ પણ સમગ્ર જૈન સમાજની પાયમાલી છે!! અધોગતિ છે!' મહાત્માજી પર અને તેમની રાષ્ટ્રિય હીલચલ પર મનગમતા ઉભરા કાઢવાના વ્યસનથી આ ભાઇને બહુ લાગી આવ્યું છે, જેથી કાગળ ઉપરના ટાંચણ ઉપરાંત ઘણું લખ્યું છે. અમે તો વાનકી રૂપ આપેલ છે. છતાં જેને ટેવ પડી તે જવાની ખરી? શ્વાન-પુંછડી વાંકી તે વાંકીજ.

આપબડાઈ બણગા.

'મુંબઇ સમાચાર'માં છઠ્ઠના વરઘોડાના વખાણ કરતાં કોઈ પ્રેમીબંધુએ જે મસ્કો વાપર્યો છે' તે હાસ્ય ઉપજાવે તેવો છે. મોસાળ જમણને મા પીરસનાર જેવો ઘાટ! ભાઇશ્રી લખે છે કે 'મુનીજીએ એવી તો વિલક્ષણ રીતે આ વેળા પર્યુષણના વ્યાખ્યાન વાંચેલા કે તેથી તપીઓને દિવસો કયાં વ્યતીત થયા તે જણાયું પણ નહિ' લાલબાગનાં ખૂણે ભરાઇ તપ કરનાર ભલે વ્યાખ્યાન પર વારી જાય. બાકી એ સત્યે જે અશ્લીલ ને અણછાજતો વાણીપ્રવાહ વહેવડાવવામાં આવેલ છે એ જાણી હરકોઇ સામાન્ય બુદ્ધિનો માનવી પણ સારી રીતે મુનિજીની અહંવૃત્તિ ને આપબડાઇ સમજી ગયેલ છે અને મુનિમાં સાધુતાના પોષાક તળે કેવી મલિનતા ને દ્વેષાગ્નિ ધુંધવાઇ રહી છે તેનો સારો તાગ કહાડી ચુકેલ છે. કલ્પસુત્રના પવિત્ર વ્યાખ્યાનોમાં અસુયાથી આમ હાયવરાળ અદ્યપિ સુધી કોઇ સાધુએ ઠાલવ્યાનું જાણમાં નથી. એથી કદાચ એમના વ્યાખ્યાનને પૂર્વે નહીં સાંભળેલા ગણવામાં આવતાં હોય તો ના કહેવાય નહીં તપસ્વી બંધુઓ કદાચ ન ધરાયા હો તો એકાદ ચોમાસુ વધુ રોકી પેટભરીને સાંભળી લેજો. તપથી શુધ્ધ થએલા કોઠામાં એવુંજ જ્ઞાન ભરવું ઘટે ને! સત્યાસત્યની પરીક્ષા વગરનું ક્રિયાજડત્વ તે આનુજ નામ.

લાડુ ભાન ભુલાવે છે!

કેટલાક કચ્છી રામભક્તોથી લાડુનો મોહ ન છોડાયો, એટલે આગેવાનોની ના છતાં ભા. સુ ૭ જમણ જમવાના કોડ સેવ્યા, પણ કચ્છી નવલોહીઆ મુંબઇ જેવામાં મુગે મોઢે આ કહેવાતા સ્વામીવાત્સલ્યને જમવા દે? પીકેટીંગ ગોઠવ્યું માર ખાધો પણ વાતાવરણ એવું તો ફેરવી નાંખ્યું કે માંડ સો બેઠસો જમી શકયા! લોક તો હજારો ટોળે મળ્યું. જમનારાને મ્હોં છુપાવવા પડયાં, કુજેતી થઇ તે જુદી!

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

નવો ઈતિહાસ રચાય છે. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg, No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૭ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ વદી ૭. તા૦ ૧૫-૯-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

જૈનાચાર્ય શ્રી વિજયધર્મસુરિજીનો સંવત્સરી મહોત્સવ.

સુરતના જૈનોમાં અપુર્વ ઉત્સાહ.

સુરત, તા૦ ૭-૯-૧૯૩૦.

આજ રોજ સ્વ. જગદ્‌વિખ્યાત ધર્માચાર્ય શ્રી વિજય-ધર્મસુરીજી એ એમ. એ. એસ. બી. એચ. એમ. એસ. આઈ. એચ. એમ. જી. ઓ. એસ. ની જયન્તિ ઉત્સવને લઇને જૈન ઉપાશ્રયથી એક સરઘસ સવારે આઠ વાગે નીકળ્યું હતું.

નવાપુરાનો ઉપાશ્રય અને આજુબાજુના રસ્તા સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. જેમાં પ્રેરણાત્મક મુદ્રાલેખો ખાસ ધ્યાન ખેંચતા હતા. સરઘસની મોખરે જૈનશાસન જયવંતુ વર્તો. એ લેખ હતો. બાલસેવક અને સીટી વોલંટીઅરકોરનું બેંડ સરઘસની શોભામાં અપુર્વ વૃધ્ધિ કરતું હતું. રાષ્ટ્રધ્વજ અને પુલોથી સુંદર શણગારેલી મોટરમાં શ્રી વિજયધર્મ સુરીજીનો ફોટો મુકેલ હતો અને તેની પાછળ બહેનો મધુર કંઠે પ્રસંગોચિત ગીત ગાતી ગાતી ચાલતી હતી.

સરઘસમાં જૈન મુનિમહારાજને ઉપરાંત નગરશેઠ બાબુભાઇ સંઘપતિ શેઠ ગુલાબભાઇ, શેઠ દલીચંદ વીરચંદ, શેઠ રતનચંદ રાયચંદ, શેઠ અમરચંદ ફકીરચંદ ઝવેરી, શેઠ રતનચંદ કસ્તુરચંદ ઝવેરી, શેઠ ડાહ્યાભાઇ ધનજીભાઇ, શેઠ છોટાલાલ ચીમનલાલ મુનસફ, શેઠ ફકીરચંદ ખીમચંદ જોગી વિગેરે પ્રતિષ્ઠિત જૈન ગ્રહસ્થો ઉપરાંત શ્રી. દયાશંકર શુકલ વગેરે જૈનેતર ગ્રહસ્થોની હાજરી તરી આવતી હતી. સરઘસ છાપરીઆ શેરી, હરિપુરા, વડાચૌટા, ગોપીપુરા વગેરે જૈનોના મુખ્ય મુખ્ય લત્તાઓમાં ફર્યું હતું. કેટલેક ઠેકાણે સાકરના પાણીથી કેટલાક ઉત્સાહી ભાઇઓએ સરઘસનો સત્કાર કર્યો હતો. નવાપુરા વોલંટીયરકોર, મહીધરપુરા વોલંટીઅરકોર અને વડાચૌટા વોલંટીઅરકોરે સરઘસમાં સુંદર વ્યવસ્થા સાચવી પોતાનો સેવાભાવ બતાવ્યો હતો. નવાપુરામાં સરઘસ પહોંચતાં ઉપાશ્રયમાં ભવ્ય મેલાવડો કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં મંગલાચરણ થઇ રહ્યા બાદ રા. દયાશંકર શુકલે, મુનિશ્રી જયવિજયજી તથા મુનિશ્રી માણેકમુનીજી વગેરેએ પ્રસંગોચિત વિવેચન કર્યાં હતાં ત્યારબાદ શ્રી વીર ધર્મ વ્યાયામ મંદિર સ્થાપવાનું જાહેર થતાં એક ફંડ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં સારી રકમો ભરાઇ હતી.

આ પ્રસંગને લઇને શહેરના તમામ જૈન મંદીરોમાં આંગી કરાવવામાં આવી હતી. અને ખાસ કરી નવાપુરાના દેરાસરમાં મ્હોટા ઠાઠથી આંગી અને પૂજા પ્રભાવના કરવામાં આવી હતી.

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ–પાલીતાણા

તાકીદની ખબર–એક ઓફર.

ગુરૂકુળના સં. ૧૯૮૫ ના રીપોર્ટના છેલ્લા ટાઇટલ પેજે જે નવા મોટા મકાનનો ફોટો આપેલ છે. તે મકાન અંગે કમીટીની ઇચ્છા હતી કે રૂ. ૨૧૦૦૦) એકવીશ હજાર આપનારનું નામ તે મકાનને આપવું. આ માટે શ્રીમાનોને દરેક વખતે વિનંતી પણ કરેલ છે.

આ માટે એક સદ્‌ગ્રહસ્થ તરફથી રૂ. ૧૨૫૦૦ બાર હજાર અને પાંચસોની રકમ તે જણાવે તે નામ તે મકાનને આપવાની સરતે અને શયનગૃહની યોગ્ય સગવડ કરવા લારી છે. તે થયેથી આવતા વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા હાલ ૧૩૧ ની છે તે ૧૫૧ સુધીની વધારવા અને ધીમે ધીમે સગવડ મુજબ ૨૦૦ વિદ્યાર્થી કરવાનું ધ્યેય રાખવાની ભલામણ સાથે આપવા ઇચ્છે છે. કમીટીની ઇચ્છા કરતાં રકમ કમી છે પણ વિદ્યાર્થીના પ્રમાણમાં શયનગૃહની અડચણ હોવાથી જુનું મકાન તાકીદે ઉતારી નવું કરવા જરૂર છે તેથી કમીટીને આ ઓફર સ્વીકારવા જરૂર પડે તે દરમ્યાન આ રકમથી વધુ રકમ આપી તે મકાનને પોતાનું નામ આપવા ઇચ્છતા શ્રીમાને સં. ૧૯૮૬ ના આસો સુદ ૧ સુધીમાં મુંબઇની હેડ ઓફીસે લેખિત ખબર આપવા તરદી લેવી. તેવા પત્રના અભાવે કમીટી ઉપર જણાવેલ ઓફરનો સ્વીકાર કરવા યોગ્ય નિર્ણય કરશે.

૧૨-૯-૩૦ લી૦ સેવકો.
પાયધુની–મુંબાઈ ઓ. સેક્રેટરીઓ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

નવો ઇતિહાસ રચાય છે.

ભારતવર્ષ આજે કોઈ અપૂર્વ કાળમાં નૃત્ય કરી રહ્યું છે. એનો ભૂતકાળ જરૂર પ્રશંસનીય છે. છતાં પણ એનો વર્તમાન એનો કોઇ અનેરા ઉલ્લેખોથી શોભીત થઇ રહ્યો છે. આજે હિંદ બહારના દેશોની નજર એના પ્રચલીત સત્યાગ્રહ સંગ્રામ પર મીંટ માંડી રહી છે. અમેરિકા જેવા દૂર દેશની સેનેટમાં એના પડઘા પડે છે. ધારાસણાના વિલક્ષણ છતાં વીરતાભર્યા રણસંગ્રામનું ચિત્ર ત્યાં રજુ થાય છે. ઇંગ્લીશ પત્રોના ખુણામાં પણ હિંદ પરત્વેના સમાચાર જ્યાં શોધ્યા ન જડતા ત્યાં આજે કેટલાયે પત્રોના કોલમો દિ ઉગ્યે હિંદના બનાવોથી અને હિંદ સંબંધી ચર્ચાઓથી ભરાયેલા બહાર આવે છે. આ પરિવર્તન કોને આભારી છે ? સૌ કોઇ જાણે છે એટલે કહી દેશે કે સાબરમતીના સંતનું એ કાર્ય છે. વિજયની વરમાળા એ વરવાડાના મંદિરમાં વિરાજતી, સુક લકડી દેહ છતાં અમાપ આત્મ શકિતવાળા મહાત્માને શીરે આરોપવી ઘટે. રાષ્ટ્રના આ સોનેરી સમયમાં–આ આખરી સંગ્રામમાં, અરે આ અહિંસક યુદ્ધમાં, વેપારી શું કે નોકર શું ? બેરીસ્ટર શું કે સોલીસીટર શું ? ડોકટર કે પ્લીડર, શ્રીમાન કે ધીમાન, રાય કે રંક સૌ કોઇ સ્વશકિત અનુસાર ફરજ બજાવી 'દેશસેવા' કર્યાનો દંડાવો માણે છે. અહર્નિશ બની રહેલા બનાવોથી ઇતિહાસના પાના સુવર્ણાક્ષરે લખાઇ રહ્યા છે ! ભાવિ સંતાનો માટે એ મહાન્ ગૌરવનો વિષય છે આવા સુઅવસરે ઓ જૈન સમાજ તારા કેટલાક બડા છોટા સંતાનો શો વ્યવસાય આદરી બેઠા છે ! તેમનું હાલનું વર્તન દુધમાંથી પોરા કહાડવા જેવું જણાય છે. શ્રી રામસાગર લીમીટેડના કેટલાક સાધુ કહી રહ્યા છે કે તેઓ અનગાર એટલે એમને દેશની ચળવળ સાથે કંઈ સબંધજ ન હોય. ઘડીભર આ વાતને માની લઇએ, તો પછી શા સારૂ રામજીબાપુને પર્યુંષણમાં એજ ચળવળ પરત્વે બખાળા કહાડવા પડયા ? એમાં તો કયા પ્રકારનો ધર્મ ડુબી જતો હતો ? જેને રસ હોય તે ભલે એમાં ભળે, બાકી એ આખી 'પ્રેમી' મંડળી ધર્મ કરતી રહે એમાં કોને પણ વાંધો હોય ! પણ આમ બને તો રામજી બાપુનું અહીં રહ્યાનું પ્રયોજન શું ? એમના જેવા મહાન્, મહાન્ જ્ઞાની ! (અવધિ જ્ઞાની કે મનઃ પર્યવ જ્ઞાની ?) ટીકા કર્યા વગર રહે તો શાસન શોભામાં ખામી આવે એવા અનુકંપાથી તો બાપજી સમય નહોતા છતાં પણ ગાંધીજી અને તેમના અનુયાયીઓને અજ્ઞાની તરીકે હાજ્યા શ્રોતાઓની મંડળી વચ્ચે જાહેર કર્યા. દેશની સેવા બજાવનારી બહેનોને ઉદ્દેશી વેશ્યાનું બિરૂદ આપી દીધું અને સફેદ ટોપી કે ખાદીધારીને નજર સામે બેઠેલા જોઇ ન રહેવાયું એટલે એમને જાવસોજી કરનારા ઠરાવ્યા. આમ અમારા પ્રવર મહારાજે ટંકશાળી છાપ ચાર દિવાલની અંદર લગાવી દીધી. ગણધરવાદનો દિવસ એટલે ઇંદ્રભૂતિ મહારાજ વાદ કરે ને આ સાહેબ રહી જાય તો એક અછેરૂંજ ગણાયને ! આતો વાનકી રૂપ છે. ભેળસેળનો ખીચડો ને ન કહી જાય એવી ભાષા સૈલી તો કલાક બે ચાલેલી. સમાચાર મુજબ જ્યાં જ્યાં આ લીમીટેડના ભાગીદારો હતા ત્યાં પવિત્ર દિવસોમાં આવા પારાયણના ખાસ વ્યાખ્યાનો થયા છે; અને પ્રેમમાં ગુલતાન બનેલા (શાસનપ્રેમ કે રામસાગર પ્રેમ ?) ભકતોએ નીચી મૂડીએ, ને રંચ માત્ર અક્કલ ખરચ્યા વિના સાંભળ્યા છે એથી શાસનની મોટી સેવા થયાના બણગા ફુંકવામાં પણ મણા નથી રાખી.

કહેવાનુ તો એટલુંજ છે કે દેશની વર્તમાન દશા સાથે આપણા સમાજની આ પ્રવૃત્તિ વચ્ચે કેવું વૈષમ્ય છે તે સહૃદયી આત્માઓએ વિચારી લેવાનું છે. આવી પ્રવૃત્તિ વડે જૈન સાહિત્યના પાને જવલંત ઇતિહાસ લખાશે કે ? અસ્તુ બહુ એટલું ખરૂં છે કે આ વર્ગ આપ્યા કોમના પ્રમાણમાં સાગર સામે અલ્પ ખાબોચીયા જેવો છે. સાગર સમી જૈન કોમે દેશને ચરણે અર્ઘ્ય કર્યું છે. તે વધુ પ્રમાણમાં ધરવા અમારી પ્રાર્થના છે. 'મદ્યે વૈરેરે અંધો કેમ કરે, રવી શશી રૂપ વિલેખ' એ શ્રી આનંદ ઘનજીની યુકિત અનુસાર ઉપરનું સર્વ જ્ઞાન સમજી પ્રભુશ્રી મહાવીરના વચનપર શ્રદ્ધા રાખી આગળ લક્ષ્ય ચુકયા સિવાય દેશ તરફની ફરજને પણ નજર વિસરવી.

લ્યો ભાઈ સાંભળો ત્યારે !

મુંબઇ સમાચારમાં એક ધર્મ–સેવક બબડી ઉઠયા છે કે 'શ્રી હીરસૂરિની જયંતિ મેળા, શ્રીયુત્ મોતીચંદ સોલીસીટર દિક્ષા સંબંધી જરા બોલ્યા તે ઉચિત નહોતું'. એ ભાઇ સમજ્યા હોત તો એ મેળાના મોતીચંદભાઇના શબ્દોથી ચોકખુ સમજાઇ જાત કે જેને દીક્ષાના વિરોધીઓ કહી નીંદવામાં આવે છે તે દિક્ષાના વીરોધીઓ મુદ્દલ નથી પણ અયોગ્ય દીક્ષા સામે એમનો વીરોધ છે જયંતી ઉજવવાનો એવો અર્થ તો નજ થાય કે અચરે અચરે રામ પોકારી જવું. જેની જયંતી ઉજવાય છે એ વ્યકિતના જીવનને ચાલુ કાળના જીવોના જીવનમાં કેવી રીતે ઉતારી શકાય, એનો માર્ગ દર્શાવવો એ પણ જયંતિનો હેતુજ છે બાકી એ સેવક ભાઇને યાદ આપું કે ગણધરવાદને દિને મુની રામવિજયજી જેટલું વિષયથી બહાર જઇ બોલ્યા છે તેટલું તો હજીલગી કોઇના વ્યાખ્યાનમાં સાંભળ્યું નથી જરા તમારી સલાહ તેમને પહોંચાડાય તો ઘણો લાભ થાય. સત્ય સમજાય તો છેડો લાવે?

ખાદીના શુદ્ધ વસ્ત્રો સીવાયના મીલના દરેક પ્રકારના વસ્ત્રો જૈન દ્રષ્ટીએ તો ખાસ દોષીત છે તેથી એને લજી દઇ જીવોની હીંસામાં નીમીત્તભૂત થતાં અટકવું ઘટે છે. રેશમ લાખે-ગમે કીડાના નાશ વીના નથી નિપજતુ એ ચોક્કસ વાત છે તો પછી શા સારૂ હજી પણ રેશમી વસ્ત્રોનો વપરાશ ચાલુ રાખી પાપ વધાર્યે જવું ? ખાંડ, હાથીદાંત, કચકડો અને કેડલીવર ઓઇલ આદિ દવાઓ પણ જૈન માન્યતા પ્રમાણે ઘણા દોષોથી ભરેલી છે તો જૈનોના ઘરમાંથી ઉકત વસ્તુઓનો શા સારૂ સદાને માટે બહિષ્કાર ન થાય ?

ઉપરોકત દોષો જાણ્યા છતાં, એનો મોહ ન છુટતો હોય તો ભૂતકાળના દાખલા લાવી દલીલો કરનારા પ્રભુના માર્ગથી કેટલા વેગળા જાય છે એ સહજ સમજાય તેવું છે. ખરી વાત તો સમજ્યા ત્યાંથી સવાર કરવામાં છે. ધર્મ આચરણમાં ઉતારવાથી જળવાય છે. એને જાળવવા સારૂ વાણીનું વિષ ઉતારનાર કે હાથ પગનું બળ વાપરનાર અંધારામાંજ બાચકા ભરે છે. સાધુ, સાધ્વી શ્રાવક કે શ્રાવિકા દોષ જાણ્યા પછી હરગીજ નિમીત્ત રૂપ બનીને પણ એ ચાલુ નજ રાખી શકે કે ચલાવા નજ દે. પાળે તેનો ધર્મ છે. વાતો કરવાનું કંઇજ હળ નથી.

નોંધ અને ચર્ચા.

સારાભાઇ નેમચંદ હાજી–આ આપણા આગેવાન જૈન ભાઇએ કોન્ગ્રેસના મેન્ડેન્ટનો ભંગ કરી મુંબઇ ઇલાકાના મધ્ય વિભાગ તરફથી વડી ધારાસભામાં ઉમેદવારી કરી હતી. આપણી કોમને અંગે કે દેશના સામાન્ય હિતને અંગે તે ભાઇએ કદાચ થોડી ઘણી સેવા બજાવી હશે તેની કોઇ ના કહેતું નથી કોન્ફરન્સ ઓફીસ તરફથી જ્યારે ઓફીસ ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવવાનું નક્કી થયું તે ધ્વજ તેમના હાથે ચડાવવામાં આવ્યો હતો. તેમના વિચારો જો કોન્ગ્રેસના મેન્ડેન્ટને માન આપવાની વિરૂદ્ધના હતા તો પછી તેમના વખાણનારાઓએ ભલે તે સુચના રજુ કરી હોય પણ તેમણે પ્રમાણીકપણે તે માન લેવાની ના પાડવી જોઇતી હતી. રાષ્ટ્રધ્વજ ચડાવવાની ક્રિયા કરનાર કોન્ગ્રેસના મેન્ડેન્ટનો ભંગ કરી ધારાસભાની ઉમેદવારી કરશે તેવું કોઇએ કલ્પનામાં ધાર્યું નહિ હોય. વળી કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના એ ભાઇ સભ્ય છે ને તે કમીટીએ પણ ધારાસભા બહિષ્કારનો ઠરાવ કર્યો હતો. કમીટીના ઠરાવનો વ્યવહારિક ભંગ કરનાર કમીટીનો સભ્ય રહી શકે કે કેમ? તે પ્રશ્ન પણ વિચારવાનો રહે છે. ભાઇશ્રી હાજીનું આ પગલું આપણી ઘણી પ્રગતિને નુકશાનકારક નીવડશે. યુવાનોએ આગેવાનોની પસંદગીમાં બહુ સંભાળ રાખવાની છે.

સ્વામી વાત્સલ્ય–પર્યુષણ પર્વ દરમ્યાન જમણનો સવાલ સ્થળે સ્થળે બહુ ગંભીર મતભેદવાળો થઇ પડયો હતો. શાસનપ્રેમી ભાઇઓ એક બાજુથી એમ જણાવતા હતા કે અમે પણ રાષ્ટ્રપ્રેમી છઇયે પણ સ્વામી વાત્સલ્ય તે પર્યુષણ પર્વ દરમ્યાનની ધાર્મિક ને આવશ્યક ક્રિયા છે તે બંધ કરી શકીએ નહિ. પછી ભલે તે ક્રિયા કરતાં સામા પક્ષની સાથે અથડામણમાં તથા ચર્ચામાં ઉતરતા ગમે તેટલા કર્મ બંધનો થાય તેની તેમને પરવા નહોતી. શાંતિથી આ સવાલનો ઉકેલ થવો જોઇએ તેને બદલે શારીરિક અથડામણો પણ કોઇ કોઇ સ્થળે થઇ છે. મૂળ ભૂલ એકજ થતી હતી કે સ્વામીવાત્સલ્ય એટલે જમણવાર અથવા તો સ્વામી ભાઇઓની જમણ આપીને ભક્તિ કરવી તેજ. આટલોજ અર્થ સ્વામીવાત્સલ્યનો ઘણા બંધુઓ સમજે છે. જમણવાર સ્વામીવાત્સલ્યમાં આવી જાય છે તેની કોઇ પક્ષ ના પાડતો નથી. પણ અનેક વર્ષ સુધી સ્વામીવાત્સલ્યની બીજી દિશાઓ સામાન્ય જૈન વર્ગ પાસે મુકવામાં આવતી નહોતી એટલે જમણો રોકવાથી ધર્મનો નષ્ટ થઇ જાય છે એમ માન્યતા હોવાને લીધે ચોક્કસ વર્ગ જમણો બંધ રહે તેથી પ્રમાણિકપણે વિરૂદ્ધ હતો. તે વર્ગને શાસનપ્રેમી ભાઇઓએ ચાલુ ચળવળની વિરૂધ્ધની પોતાની માન્યતા પાર પડે ને સુધારક વર્ગ સામે સમાજમાં રોષ પેદા થાય તેટલા ખાતર હથીયાર બનાવી દીધો હતો. જો કે ઘણા ગામોમાં રોગના ઉપદ્રવ પ્રસંગે સાર્વજનિક શોક નિમિત્તે સ્વામીવાત્સલ્યોના જમણો બંધ રહ્યાના દાખલા મોજુદ છે તેમ આ પ્રસંગે સમગ્ર દેશ આપત્તિમાં હોય ને આપણે જમણ ન કરીએ ને અન્ય રીતે સ્વામી ભાઇઓની ભક્તિ કરીયે તો ધર્મનો લોપ થતો નથી ને દેશનું માન જળવાય છે એમ બીજા પક્ષની દલીલ હતી. કેટલાક ભાઇઓ વ્યકિતગત જમણોના દાખલાઓ આપી સામુદાયિક જમણવારો થાય તો શું ખોટું તેમ જણાવતા હતા પણ તે બધા ભાઇઓની દલીલ નિષ્ફળ નીવડી છે. જે સમાચાર જુદા જુદા સ્થળના મળે છે તે ઉપરથી જણાય છે કે ઘણે સ્થળે જમણો બંધ રહ્યા છે. કોમના મોટા ભાગે દેશનું માન જળવ્યું છે. અમો આ હકીકતમાં કોઇ પક્ષની ફતેહ માનતા નથી પણ જૈન સમાજ ધર્મને જળવીને પણ દેશ સેવા કરી શકે છે તે આથી પુરવાર થાય છે. કારણ કે જમણો બંધ રહ્યાં તે તે સ્થળે બીજી ઉચિત પ્રકારે સ્વામીભાઇઓની ભકિત કરવામાં આવી હતી. પ્રસંગાનુસાર કુંકામાં જમણ સિવાયના સ્વામીવાત્સલ્યના પ્રકાર જણાવીએ છીએ. (૧) રોગાદિકષ્ટમાં શારિરીક સેવા અગર દવા વગેરેની મદદ. (૨) અન્ય આપત્તિમાંથી મુકિત. (૩) અન્ન વસ્ત્રની ગુપ્ત મદદ. (૪) કાયમી આજીવીકાના સાધનોની પ્રાપ્તિ. આમ બીજી અનેક રીતે તે ધર્મને બાધ ન આવે તેવી રીતે સ્વામીભાઇઓની ભક્તિ થઇ શકે છે.

ભાવનગરના જૈનોની જાહેર સભા.

જૈન પત્રમાં સાત બંધુઓનો ખુલાસો.

ભાવનગરના જૈનોની તા૦ ૨૩-૮-૩૦ ના રોજ મળેલી જાહેર સભાના અંગે 'સત્ય વસ્તુસ્થિતિ' એ નામે સાત બંધુઓ તરફથી એક ખુલાસો પ્રગટ કરવામાં આવ્યો છે. (૧) હેંડબીલમાં જાહેર કર્યા મુજબ.....અપમાનજનક શબ્દો સંબંધમાં સદરહુ બંને મંડળોએ દીલગીરીજનક ઠરાવ કરવા માટે મીટીંગ મેળવી હતી. આ હકીકત તદ્દન ખોટી છે હેંડબીલમાં ફકત શબ્દો માટે વિચાર કરવા મીટીંગ બોલાવવામાં આવી છે તેમ જણાવેલ છે. દીલગીરીજનક ઠરાવ કરવાની વાત હતી નહિ. મંડળે તેવો ઠરાવનો વિચાર કરી રાખ્યો નહોતો. હકીકત રજુ થાય તે પછી જાહેર સભા મુનસફી મુજબ ઠરાવ કરી શકે તેવી સ્પષ્ટ સ્થિતિ હતી. શા આધારે તે ભાઇઓ જણાવે છે કે દીલગીરીજનક ઠરાવ થવાનો હતો ને તે અટકાવવા અમે ગયા હતા. આશા છે કે તે ભાઇઓ ખુલાસો જરૂર કરશે.

એક મીટીંગમાં કોઇ ઠરાવ થવાનો હોય ને તે ઠરાવના રૂપમાં ફેરફાર કરાવવા માટે હાજરી આપનાર સ્વતંત્ર રીતે હાજર રહ્યા ગણી શકાય કે કેમ તે સમજી જને વિચારી લેવાની જરૂર છે સ્વતંત્ર હાજરી આપનાર મીટીંગમાં વોટ આપી શકે? ઠરાવ કે સુચના મૂકી શકે ખરો કે કેમ?

એક બીજી હકીકત–તે ભાઇઓ શા માટે આ મીટીંગમાંની પોતાની હાજરીને સ્વતંત્ર હાજરી તરીકે ગણાવવા માગે છે? શું મુનિ મહારાજશ્રી સંઘ માટે ગમે તે બોલી શકે તેમ તેઓ માને છે. તેમના બોલવાના ઉચિત અનુચિતપણા માટે જૈનો વિચાર ન કરી શકે? એમ તે બંધુઓ માને છે? ખુલાસો જણાવશે.

વળી તે બંધુઓએ પોતાની સ્વતંત્ર હાજરી માટે મીટીંગમાં ખુલાસો કર્યો ન હતો. તેમજ તે ભાઇઓને સમજાવટ કરવાની જરૂર પડીજ નહોતી. ફકત સાત બંધુઓમાંના બે ભાઇઓએ મુનિ મહારાજશ્રીએ કરેલું સ્ટેટમેન્ટ ને તેથી કુંવરજીભાઇને થયેલા સંતોષની હકીકત નિવેદન રૂપે રજુ કરી હતી ને પછી સુચના રજુ કરી હતી કે મીટીંગે આ સંબંધમાં હવે કાંઇ વિશેષ કરવા જેવું રહેતું નથી. તે સુચના પ્રમુખશ્રીએ ટેકો મળવા પછી મીટીંગ પાસે રજુ કરી હતી, મીટીંગે તે પસાર કરી હતી. તે વખતે તે ભાઇએ જણાવવાની જરૂર હતી કે અમો તો મીટીંગમાં સ્વતંત્ર હાજરીવાળા છઇયે. અમારી સુચના ન નોંધો ને બીજા પાસે સુચના રજુ કરાવો. તેમ તેઓએ કર્યું નથી. વળી ભાવનગરના સમગ્ર જૈન ભાઇઓ સહનશીલ છે. એટલે આ બનાવની નોંધ લેઇ શાંતિ જાળવી હતી બાકી તે ભાઇઓ તેમના ખુલાસામાં જણાવે છે કે સમજાવટથી ભાવનગરના શ્રીસંઘની એકયતા જળવાઇ રહે તેવું પરિણામ આવ્યું હતું. જાણે કે આટલો વિચાર કરવામાં સંઘની એકયતા તુટી જવાની હોય. તેમની આ કલ્પનાજ સુચવે છે કે ખુલાસા કરનારમાંના ભાઇઓ સંઘમાં ભંગાણ પાડવા ઇચ્છનાર કોઇકની ધમકીથી દોરવાયા હોય. મુનિમહારાજશ્રીની સરળતાથી તથા જૈનબંધુઓની સમાધાની ભરેલી વૃત્તિથીજ વાત શાંત પડી હતી. વિશેષ તેમના ખુલાસા પછી. લી૦, જાણકાર.

તા. ક. ભાઇશ્રી નાનચંદ કુંવરજી તથા ભાઇશ્રી ભીખાભાઇ હેમચંદની આ નિવેદનમાં સહી જોઇ મને દુઃખ થયું છે કારણ કે તેઓ મીટીંગના આશયથી પહેલાથી માહીતગાર હતા.

લી૦, જમનાદાસ અમરચંદ ગાંધી,
પ્રમુખ: ભાવનગરના જૈનોની જાહેર સભા.

સમાજની ભીતરમાં.

——:○:O:○:——

અયોગ્ય દિક્ષા સામે વિરોધ સકારણ છે.

યુવક સંઘની દિક્ષા સંબંધની નિયમાવળી અને કોન્ફરન્સના સંધસત્તાના ઠરાવપર શ્રી રામ–સાગરજી લીમીટેડ તરફથી માત્ર લાલ આંખ કરાય છે એટલુંજ નહિં પણ વારે કવારે તેમનો બબડાટ ચાલુજ હોય છે. એ સંબંધમાં તેમના ઉલ્લેખો સાચા સાધુને છાજે તેવા નથી હોતા. અયોગ્ય દિક્ષાનો વિરોધ કરનારાને તેઓ દિક્ષા વિરોધીઓ કહી હડહડતું જુઠાણું સેવે છે. પ્રભુની આજ્ઞા માથે ચઢાવનાર છતાં. કેવળ તેમના કેટલાક કાર્યો સામે સામનો કરનાર સંઘને તેઓ 'હાડકાનો માળો કહી સ્વહૃદયનું પ્રદર્શન કરાવે છે! 'શાસનદ્રોહી–અધર્મી નાસ્તિક' આદિ પ્રયોગો એકજ પિતાના સંતાનો માટે જો કોઇવાર વપરાતા હોય તો છેલ્લા ચોવીસો વર્ષના ઇતિહાસમાં કહેવાતા આ શાસન વિહિતોના મુખમાંથીજ! તેઓ ગમે તેમ બબડે છતાં તેમનો સામનો કરનાર વર્ગ સાચા માર્ગપર છે એ અવારનવાર બનતાં બનાવો પરથી પુરવાર થતુંજ જાય છે. ચિત્તવિજય, સુગ્રીવવિજયના બનાવો ભૂતકાળની સ્મૃતિ બન્યા છે. આજે સાગરજીનો એવોજ એક બનાવ ટાંકવામાં આવે છે. ગત ઉનાળામાં વડા ચૌટાની એક બાઇ નામે મંગળાને તેના શ્વસુર પક્ષની મરજી વિરૂધ્ધ, કેવળ શાસનપ્રેમીના જોરે કોન્ફરન્સના ઠરાવની હાંસી કરવાના મલિન ઇરાદાથી સાગરજીએ ઉતાવળથી દિક્ષા આપી હતી. ખુદ સાધ્વીજી તરફથી પણ મહારાજશ્રીને થોભવાનું કહેવામાં આવેલુ છતાં સંઘની પરવા ન રાખનાર સાગર તે? સાધ્વીના વચને થોભે ખરા? સગાંસંબંધીની ગેરહાજરીમાં મંગળા સાધ્વી બની ચુકી. એ વાતના લાંબા પહોળા વર્ણનો શુકવારીયામાં ગવાયા, સમાચારમાં છપાયા. ખબર મળે છે કે એ બાઇ દિક્ષા છોડી ભાગી ગઇ છે. પિયર કે સાસરામાં એનો પત્તો નથી! આવું બને છતાં એ દિક્ષાને અયોગ્ય કિંવા ઉતાવળી ન કહેવાય તો શું કહેવાય? સાગરજી બોલશે કે?

ધર્મદા ખાતાના વહીવટની પોલ.!

દેવદ્રવ્ય માટે રંગબેરંગી દલીલો કરનારા રામ–સાગરજીને ખાસ કહીએ છીએ કે તેઓ જેમને ચુસ્ત સમ્યકત્વી ગણે છે, અરે જેમની સરખામણી શ્રી વીરના શ્રાવકો સમી કરવા લલચાય છે તેઓ આજે પોતાની હસ્તકના વહીવટમાં કેવી પોલો ચલાવે છે તે વિચારવા જેવી વાત છે. ખંભાતની જૈન શાળામાં લગભગ એંસી હજારનો લોચો છે. એક મહાન્ આચાર્યશ્રીએ એ સંબંધમાં શેઠ કસ્તુરભાઇનું ધ્યાન ખેંચેલું છતાં શેઠને વાત ન રૂચી એટલે તેઓનાથી તે રિસાયા. આજે પણ પોલભર્યો વહીવટ ચાલુ છે. એ સંસ્થાનું ટ્રસ્ટડીડ તેમજ પાછળના ચોપડામાંના ઉતારા અમારી સામે મૂકવામાં આવ્યા છે એ ઉપરથી એટલી વાત તો સહજ પુરવાર થઇ શકે તેમ છે કે ટ્રસ્ટી તરિકે શેઠશ્રીએ ધાર્મિક વહીવટની તપાસમાં જરા પણ ધ્યાન આપ્યું નથી. સમય એવો આવી ચુકયો છે કે સરકારે વચ્ચે પડી આવા ખાતા ચોકખા રહે અને ધાર્મિક દ્રવ્ય સચવાય તેવો પ્રબંધ કરવોજ પડશે. અજાયબીભર્યું તો એ છે કે આવી સ્થિતિ છતાં શેઠજીને એક હજાર ઉપરાંતનું લ્હેણું વસુલ કરવાનું ન સુઝયું પણ બસોની રકમવાળા અને હકૃતેથી આપવાની હા પાડનાર એક ભાઇપર આજે કેસ માંડી બેઠા છે! દરમીઆન પેલા ભાઇએ તો દેવાળું નોંધાવી પણ દીધું છે! નાદાર થનાર ભાઇ ચુસ્ત શાસનપ્રેમી ગણાય છે! સાગરજી હાલ ખંભાતમાં છે તેમને ખાસ વિજ્ઞપ્તિ છે કે સાચો શાસનપ્રેમ ધરાવતા હો તો જૈન શાળાના વહીવટની ચોખવટ અવશ્ય કરશો. આવા વહીવટો માટે કોન્ફરન્સ ઠરાવ કરે અને ભવિષ્યમાં પગલા ભરે તો એમાં ખોટું શું છે? માત્ર અધર્મી કોન્ફરન્સ બોલી જવાથી કે માનપત્રમાં સ્વછંદતાથી ભાંડી દેવાથી કંઇ શુકરવાર વળનાર નથી. વાર્યું નહિં કરાય તો હાર્યું કરવુંજ પડશે. ખરી ધર્મ દાઝ ઢાંકપિછોડામાં નથીજ.

શ્રી શાંતિનાથજીના ટ્રસ્ટીઓની વલણ.

સાંભળવા મુજબ શાંતિનાથજી (બહારકોટ મુંબઇ) ના કોઇ બે ટ્રસ્ટીઓના અંગત વૈમનસ્યથી આજ કેટલા સમય થયા પુરજો ભરેલી રકમ મુદતસર ફરતી નથી. તેમ એનું વ્યાજ પણ રીતસર લેવામાં આવતું નથી. બેંક તરફથી એ સંબંધમાં એક કરતાં વધુવાર સહી કરનારા ટ્રસ્ટીઓનું ધ્યાન ખેંચવામાં આવેલું જો આ વાત સાચીજ હોય તો આપણા માટે ઓછું અફસોસ કરાવનારૂં આ કાર્ય ન કહેવાય! ધર્માદાના નાણા સંબંધમાં આવી બેકાળજી! આવા બનાવોથી જૈન બેંકની આવશ્યકતા વધુ પુરવાર થતી જાય છે છતાં આગેવાનો કેમ જાગતા નહિં હોય?

લાલબાગના નવા ટ્રસ્ટીઓ.

ખબર મળ્યા છે કે લાલબાગના વહીવટ માટે પાંચ ટ્રસ્ટીઓની નિમણુંક થઇ ગઇ છે. એમાં હાલના અમરચંદ-ભાઇ ઉપરાંત અમુભાઇ કાળીદાસ, ભોગીલાલ લહેરચંદ, માણેકલાલ પ્રેમચંદ અને એક બીજા સુરતીભાઇનું નામ સંભળાય છે. આ જોતાં જીવાભાઇ વીગેરેના નામો નકરાયા લાગે છે. જાન્યુઆરીથી નવી બોર્ડ વહીવટ સંભાળશે એમ લાગે છે. અભિનંદન આપતા એટલું ધ્યાન ખેંચવું પડે છે કે વહીવટની ચોખવટ તરફ ખાસ લક્ષ્ય અપાશે ને પુનઃ લાલબાગ કોર્ટે ન ચઢે તેવા પગલા તાકીદે લેવાશે.

'ડીટેકટીવ.'

: : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મથે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મથેથી પ્રસિદ્ધ કરી છે.

દેશની ચાલુ લડત. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૮ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ વદી ૦)). તા૦ ૨૨-૯-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

વીરતાના ઘુંટડા.

આપણે મહાવીરના સંતાન, એ પરંપરાગત ભલે હોઇએ પણ સાચેસાચ વિચારતાં આપણામાં શ્રી વીરનું ખમીર નથીજ. એ રાજવીમાં ક્ષત્રિવટ ને સાધુત્વ ઉભય હતા. જરૂર પડયે એમણે કાળા નાગને હાથ વડે દૂર ફેંકી સેાબતીઓને નિર્ભય બનાવ્યા. મુષ્ટિ પ્રહારથી સ્વભૂજ બળનેા દેવને ખ્યાલ કરાવ્યેા અને સમય પ્રાપ્ત થતાં વિના હાથ ઉગામ્યે–સમભાવે સંખ્યાબંધ કષ્ટોની હારમાળા પસાર કરી ઇષ્ટ સિદ્ધિ કરી લીધી. એ મહાન્ તીર્થંપતિના જીવન સાથે આપણું આધુનિક જીવન સરખાવતાં ઉભય વચ્ચે આભ પાતાળ સમુ અંતર દ્રષ્ટિગોચર થાય છે. આપણેા ભૂતકાળ અવશ્ય ગૌરવશાળી છે છતાં તેનું સ્થાન સાહિત્ય ભંડારમાં છે. વર્તમાન કાળના દિક્ષા જમણ અને આસ્તિક–નાસ્તિકના ઝઘડા જોઇ ભાગ્યેજ કેાઇ જૈનેતર આપણને શ્રી વીરના સાચા વંશ વારસ માને! અનેકાંત દર્શનના ઉપાસકેા આત્માને અમર માનનારા ને રાગદ્વેષને જીતવાનેા દાવેા કરનારા–જૈનેા–સાધુઓ કે શ્રાવકેા–શું આવી રીતે લડી પડતા હશે? એમને કેારટના આશ્રય લેવાના હોય ખરા? જે દર્શન અપેક્ષાનેા સધિયારેા ગ્રહી અન્ય દર્શનેા સાથે મેળ મેળવી એ સર્વને 'જીનઅંગ' ગણવાના પાઠ પઢાવે, તેના અનુયાયીઓ પરપસ્પર અમર્યાદિત થુંક ઉરાડી માથા ફેાડવા સુધીના કામેા આચરે અને તે પણ જ્યાં આગમેાદ્ધારક કે પ્રખર વકતાઓ બિરાજતાં હોય ત્યાંજ! આ કરતાં બીજુ અફસેાસજનક શું હોઇ શકે?

વીસમીસદીના વીર સંતાનેા, હજુ પણ તમારી પ્રાચીન કીર્તીની ઝાંખી કરવી હોય તેા એ કલહના સ્થાનેા તરફ દુર્લક્ષ્ય દાખવી, હ�ીંદના આંગણે–એના ગામડામાં ને શહેરમાં જે ખરી વીરતાના દીગ્દર્શન થઇ રહ્યાં છે તે પ્રતી નજર કરેા. ઘરમાં લડી નબળા બનવા કરતાં આંખ સામેનેા અહીંસક સંગ્રામ નીહાળી, એનેા અભ્યાસ કરેા એમાંથી સાચી અહીંસાના ને સત્ય લાગ કે નિર્મમત્વના સાચા પાઠ શીખવાના મળશે. આજે પવીત્ર આસનેથી કે સુધર્માસ્વામીની પાટેથી ખેાટી ઝનુનતા ને ખેાટી અહંવૃત્તિના કેટલાક સ્થળેથી જે સીંચન થાય છે એ જોતાં અમૃતને સ્થાને વીષ ઝરે છે એમ કથન કરવામાં રંચ માત્ર અતિશયેાકિત નથી. ભલે એથી અંધશ્રદ્ધાળુ વૃધ્ધેા હાજી હા કરે પણ ઉગતી પ્રજા એથી નહીંજ સંતેાષાય. ધીમે ધીમે એ પરાંગ્મુખ થઇ રહી છે, એને આજે નવસેાહીમાં શૌર્ય પ્રગટાવે તેવા અસ્મીતા-ભર્યા શબ્દેા સાંભળવાના કેાડ છે. એ શ્રવણ કરી જાતે એવા જીવન જીવવાના અભીલાષ છે. ભૂતકાળ કે વર્તમાનકાળના ઇતીહાસમાંથી–જ્યાંથી જવલંત કીરણેા જડશે ત્યાંથી તે અવશ્ય શેાધી લેશે. એની દ્રષ્ટીમાં ભેદ–અભેદ વીષમ પડળેા નથી આવી પડવાના. તેથીજ આજે કહેવું પડે છે કે, નવયુવાનેા જો તમેા શૂરવીરતાનેા સાચેા પાઠ ભણવા તલસી રહ્યા હેાય તેા તમેાને વીસમી સદીના વીમળ–ઉદાયન કે ચેટક–ચાંપ થવાની સાચી સ્પૃહા હેાય તેા તમારી આંખેા સામેનું વાતાવરણ ધ્યાન દઇ અવલેાકેા. લાઠીઓ ઉંચકાઇ રહી છે, પકડી લેનારા સામે રાંતી આંખ કરી રહ્યા છે અને જેલના વર્ણથી ન ડરાય એવા ત્રાસેા બારણા ઠેાકી રહ્યા છે છતાં ખાખી ખાદીમાં સજ્જ થયેલ સત્યાગ્રહીઓની હારની હાર ખડે પગે તૈયારજ છે કેશરીયા સાડીમાં શણગારાઇ દેશસેવીકાના વૃંદ વીના ભીતીએ વહ્યાજ જાય છે. લાગલાગટ આવ્યાજ છે આઠ કલાકની ચેાકી એ તેા તેમનેા દૈનીક કાર્યક્રમ થઇ પડયેા છે. હજારેા ગ્રામ્યવાસીઓ પરસેવા ઉતારી સંચીત કરેલ માલમીલ્કત ફના થતી ઉઘાડા નેત્રે જોઇ રહ્યા છે છતાં એક હુંકાર સરખેા ઉચ્ચારતા નથી એ બધાના મૂળમાં અહીંસા–સત્યનેા સંદેશેા આપનાર સંતનેા બેાધ રૂંવાડે રૂંવાડે તરવરી રહેલ છે. આપણી ઉગતી પ્રજાને આટલેા ઉપદેશ મળશે તેા તે તેમનું ભાવી ઘડવાને ઉત્તમેાત્તમ ભૂમીકારૂપ નીવડશે. એમની રગેરગમાં દેશનાયકેાના ભેાગને સ્વાર્પણની વાતેા ઉતારવાની ખાસ આવશ્યકતા છે. એ ખેારાક તેમનામાં વીરતાના સર્જન જરૂર કરશે. વીરતા વીહુણ જીવન એ સાચુ જીવન નથીજ. શૌર્યના આંક ઉપરથી સમાજના બળની કીંમત અંકાય છે. એ ભુલવું હવે નહી પાલવે.

ભાવનગરમાં વિજયધર્મસુરિશ્વરજીની જયંતિ.

શ્રી વિજયધર્મ પ્રકાશક સભા તરફથી ભાદરવા સુદ ૧૪ ના રેાજ વિજયધર્મસુરિશ્વરજીની જયંતી ઉજવવામાં આવી હતી. શેઠ કુંવરજી આણંદજી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. મુખ્ય વકતાઓએ પેાતાના અભ્યાસપૂર્વકના વિચારેા રજુ કર્યા હતા. તે પછી અન્ય વકતાઓના વિવેચન થયા હતા. નીચેના પ્રશ્નેા તેમાં સમાવેલા હતા. જૈન સાહિત્ય કઇ દ્રષ્ટિએ પ્રસિદ્ધ થવું જોઇએ. કેળવાયલા વર્ગના જૈન સમાજમાં શું સ્થાન છે. દેવદ્રવ્ય કરતાં સાધારણ દ્રવ્યની વિશેષ પુષ્ટિની જરૂર. આ ત્રણે મુદ્દા બહુ અગત્યના છે, અમારી પાસે જયંતિનેા સત્તાવાર રીપેાર્ટ નથી એટલે ઉપરના મુદ્દા શબ્દશઃ બરેાબર ન હેાય. પણ આ મુદ્દાઓ ઉપર ભાષણેા થાય તેટલેથીજ જયંતિ ઉજવનાર મંડળની જયંતિમાં ભાગ લેનારા અન્ય બંધુઓની તથા જયંતિના વિદ્વાન્ પ્રમુખની ફરજ પુરી થતી નથી. જયંતિ ઉજવવા માટે તેમાં ભાગ લેવા માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. પણ ઉપરના મુદ્દાઓ શહેર ભાવનગરની સંસ્થાઓમાં વ્યવહાર રૂપ આપવા માટે વ્યવસ્થિત ને સતત્ પ્રયાસ થવાની જરૂર છે. જૈન સમાજની હાલની પરિસ્થિતિ એવી છે કે એકલી વાતેા હવે ચાલે તેમ નથી. પ્રમાણિક કાર્યપ્રણાલીકા નક્કી થવાની જરૂર છે. અમે આશા રાખીયે છીયે કે મંડળના સભ્યેા અન્યનેા સહકાર મેળવી પુજ્ય ગુરૂદેવના વચનેાના વ્યવહારૂ અમલ કરવાનેા પ્રેાગ્રામ વરસ દરમ્યાન ગેાઠવશે ને આવતી જયંતિ વખતે તેનું પરિણામ જાહેર કરશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

દેશની ચાલુ લડત.

ચાલુ રાજદ્વારી લડતને પ્રેરણા આપવાનું કાર્ય પ્રજાના કરતાં સરકારને હાથે થાય છે તેવી એક નામાંકિત વ્યાપારીએ ઉચ્ચારેલી વાણીને મુંબઇ સરકારે મુંબઇ કોંગ્રેસ કમિટિની સાતમી વોર કાઉન્સીલની ધરપકડ કરીને સત્ય ઠરાવી છે. કોંગ્રેસની ચળવળ મક્કમપણેચાલ્યાજ કરે છે પણ સામાન્ય જનસમુદાયને શાંત–મક્કમ અવરોધ કરતાં પ્રેરણાત્મક વિરોધમાં ઘણો રસ પડે છે એટલે બહેન રમીબાઇ કામદાર તથા તેમના ગોઠીઆઓની ધરપકડ થવાથી મુંબઇની પ્રજામાં નવો જુસ્સો આવ્યો છે. રમીબહેને પકડાયા તે પ્રસંગે તેમણે આપેલા સંદેશને મુંબઇની પ્રજા સારી રીતે ઝીલશે ને તેમણે માગ્યા મુજબ ઘર દીઠ એક એક સૈનિક પુરા પાડશે, એટલી આશા રાખીશું. છેલ્લા છેલ્લા કોંગ્રેસે ચલાવેલી બોયકોટની અસર વધારે પ્રમાણમાં થવા લાગવાથી કલકત્તા, મદ્રાસ તથા અન્ય મુખ્ય શહેરોના યુરોપીયન વ્યાપારીઓ કોંગ્રેસને દાબી દેવા માટે સરકારને ભલામણ કરતા હતા. છેલ્લા પખવાડીયા દરમ્યાન તે લોકોની ચળવળ વધારે પ્રમાણમાં થયા કરતી હતી તેઓ કહેતા હતા કે બોયકોટની ચળવળથી હિન્દી વેપારીઓને તથા કામદારોને ઘણું નુકશાન પહોંચે છે. આ વાતના જવાબરૂપે જાણે ન હોય અને વ્યાપારી વર્ગ કોંગ્રેસની હીલચાલ માટે સંપૂર્ણપણે સહાનુભૂતિ ધરાવનારો છે, તેટલા ખાતર મુંબઇની વોર કાઉન્સીલના નવા પ્રમુખ તરીકે બહેન રમીબાઇએ પોતાની પછી મુંબઇના એક જાણીતા વ્યાપારી રા. રા. વીરચંદ પાનાચંદ શાહની નીમણુંક કરી છે.

મુંબઇની વોર કાઉન્સીલના પહેલા જૈન પ્રમુખ:



ભાઇશ્રી વીરચંદ પાનાચંદ શાહ, બી. એ.

ભાઇશ્રી વીરચંદ પાનાચંદ શાહને વોર કાઉન્સીલના પહેલા જૈન પ્રમુખ તરીકે અમો અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ. રા. વીરચંદભાઇ પોતાના ધંધાના કામકાજમાં જરૂર પુરતું ધ્યાન આપવા ઉપરાંત બાકીનો વખત ઘણા વરસો થયાં કોંગ્રેસના તથા જૈન કોમના જાહેર કાર્યોમાં ગાળતા આવ્યા છે. સામાજીક સેવાને તેમણે ધર્મ માન્યો છે. તેમણે એક સાથે જમણવારો, શ્રી સંઘો વગેરેમાં દ્રવ્યવ્યય કરીને સ્વામિભક્તિ કદાચ ઓછી કરી હશે પણ સમયે સમયે પોતાના દેશબંધુ તથા જૈનબંધુઓ તથા જ્ઞાતિબંધુઓના દરરોજના જીવનવિકાસમાં મદદ કરીને કાયમી સ્વામિવાત્સલ્યો કર્યા છે કે જેની ઘણી વિગતો ગુપ્ત છે. સમાજમાં તેમનું સ્થાન કયાં છે તે નીચેની વિગતોથી જાણી શકાશે.

તેઓ આપણી કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિના સભ્ય છે. એજ્યુકેશન બોર્ડના સેક્રેટરી છે. પાલીતાણા જૈન બાળાશ્રમના સેક્રેટરી છે ઘોઘારી વીશા શ્રીમાળી દવાખાનાના સેક્રેટરી છે. મુંબઇ જૈન યુવક સંઘના મેનેજીંગ કમિટિના તેઓ આગેવાન સભ્ય છે. આ ઉપરાંત તેઓ ભાવનગરમાં ભરાયેલી જૈન યુવક પરિષદના સેક્રેટરી હતા. ભાવનગરની જૈન બોર્ડીંગના ઘણા વખત સુધી સુપ્રીન્ટેન્ડન્ટ હતા તેઓ ત્રણ વરસ સુધી બોમ્બે મ્યુનીસીપલ કોરપોરેશનના મેમ્બર હતા. માંડવી જુલ્લા સમિતિના તેઓ ઘણા વરસથી મુખ્ય કાર્યકર્તા હતા. ને ઘણા વરસથી તેના સેક્રેટરી તરીકે કામ કરે છે. લડત શરૂ થઇ ત્યારથી તેઓ પોતાનો ધંધો તેમના તૈયાર થયેલા ભત્રિજાઓને સોંપી બધો વખત માંડવી જુલ્લા સમિતિની સેવામાંજ રોકે છે. મુંબઇ પ્રાંતિક કોંગ્રેસ કમિટિની કાઉન્સીલના તેઓ સભ્ય છે ને વોલંટીયર રીલીફ ફંડકમિટિના ખજાનચી તરીકે તેઓ કામ કરે છે. આટલું છતાં તેની સાદાઇ અનુપમ છે. હવે બહેન રમીબહેનના પકડાયા પછી તેઓ વોર કાઉન્સીલના પ્રમુખ બન્યા છે. મુંબઇ કોંગ્રેસ કમિટીમાં ઘણા જૈનબંધુઓ સભ્ય તરીકે કામ કરે છે. પણ વોર કાઉન્સીલના પ્રમુખ તરીકે જૈનબંધુ આ વખતે આવે છે તેથી જૈન કોમને અભિમાન લેવાનું છે, જૈન કોમ વ્યાપારી કોમ છે, વ્યાપારીઓએ હાલ સુધી કોંગ્રેસને સહકાર આપ્યો છે. વીરચંદભાઇ પણ વ્યાપારી છે તો વ્યાપારી તરીકે તેમને ચાલુ સહાનુભૂતિ આપવી તે આપણી જૈનો તરીકે ફરજ છે, અમે આશા રાખીશું કે રા. વીરચંદભાઇની વોર કાઉન્સીલના પ્રમુખ તરીકેની કારકીર્દી યશસ્વી નીવડો.

॥ શ્રી ॥

?

'પત્રિકા'ના તંત્રીશ્રી કાન પકડી લખવાની ફરજ પાડે છે. પણ 'શું લખું?' એ પ્રશ્નનો ઉત્તર આપવાની ચોકખી ના પાડે છે. એટલે મારે તો મારી ધૂન પ્રમાણે કલમ ચલાવવીજ રહી

* * *

મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે: લખાય છે અને વંચાય છે, બોલાય છે અને સંભળાય છે, તેમાંથી અડધુ પણ જીવનમાં પચાવવા પ્રયત્ન થતો હોત તો?

—આ પ્રશ્ન સહજ છે, પરંતુ માત્ર પોતાનોજ કક્કો ખરો કરાવવાનું દ્રષ્ટિબિંદુ હોય; પોતે માની લીધેલા અમુક વિચાર પ્રચારના મલિન આશયથીજ પ્રવચન થતાં હોય; શાસ્ત્રના નામે શબ્દ છળ ખેલવાની ધૃષ્ટતા પણ થતી હોય; તેવા ખાલી મગજના બખાળાને જીવનમાં પચાવવા પ્રયત્ન થાય તો તો જીવનમાં 'વિકાસ' થવાને બદલે 'વિકાર'નીજ વૃદ્ધિ થાય એ પણ નિઃસંશય છે.

* * *

કો ષટ દર્શન પારંગતો કે ગુરૂ ગૌતમની પવિત્ર પાટનો સીધો વારસો ધરાવવાનો દાવો કરનાર પ્રવરજીઓ અને તેમની પાછળ પાછળ ચાલનાર ગાડર પ્રવાહ બોલવામાં કે લખવામાં કયાં બાકી રાખે છે? છતાંય વર્તમાનપત્રોમાં આવતા હેવાલો અને અંગત અનુભવોથી સાચી હકીકત તો એ રહસ્યમય છે કે જૈન સમાજ–સંગઠિત થવાને બદલે વધુ ને વધુ છિન્ન-ભિન્ન થતો જાય છે. જૈન સમાજના અમુક ભાગમાં સારી રીતે 'વિકાર'નો રોગ પ્રસરી ચુકયો છે તેનો આ શું સચ્ચોટ પુરાવો નથી?

* * *

રાષ્ટ્ર એટલે શું તેની બાળાક્ષરી પણ ન જાણનાર, પોતાનેજ જગતનો કાજી માની લેનાર, એકજ માર્ગી વિચાર ધરાવનાર જ્યારે રાષ્ટ્ર ઉપર પ્રવચન આપવા બેસે ત્યારે અંતરના જ્વાળામૂખીમાંથી દ્વેષ રસ ઉભરાવા સિવાય બીજી શાની આશા રાખી શકાય?

પર્યુષણ પર્વમાં 'કલ્પસુત્ર' ના વ્યાખ્યાનોને બદલે 'નીંદ્યપુરાણ'ની કથાઓ અને 'અહંશસ્ત્ર'નાં સુત્રોનું પ્રવચન પણ જૈન પ્રવચનના નામે ચાલી શકે છે એ જૈન પ્રજાએ હવે જાણી લેવું રહે છે. પણ એ પ્રખર વક્તાના શ્રદ્ધાળુ શ્રોતાઓમાંથી કોઇનીય એટલું કહેવાની હીંમત ન ચાલી કે: 'ગુરૂદેવ! પવિત્ર પર્યુષણ પર્વના પ્રથમ દિવસે આપ 'કલ્પસુત્ર'ની જે પ્રસ્તાવના કરી રહ્યા છો તે 'કલ્પસુત્ર'માં કયારે ઉમેરવામાં આવી છે?' અંધશ્રદ્ધાની પણ અવધીજ ને? પણ એમ ન હોય તો 'સોયના નાકામાંથી હાથી શી રીતે ગયા હશે?!'

* * *

જૈન પત્રમાં છપાએલી પેલા પુરાણા સ્થંભતીર્થ–ખંભાતની ખબર ઉપરથી સર નીકળે છે કે–'ગર્જના ક્ષેત્રમાં આવતી મંદીથી ખુદ સાગરજીએ વ્યાખ્યાન પીઠ છોડી દીધી છે'–પણ એ ખબરપત્રી (જો મારો મિત્ર ભમતો ભૂત હોય તો) બહુ ઉતાવળો બન્યો લાગે છે. તેણે જાણવું રહ્યું કે: સાગર એટલેજ ભરતી ઓટ: એ કદીક પ્રલય સમયનું તાંડવ નૃત્ય પણ આદરે અને કદીક શાન્ત–ડાહ્યા–બની મંદ લહરીએ લહેરાય પણ ખરો!

પણ સાથે સાથે એ મારા ખબરપત્રી મિત્રને ભલામણ કરવાનું મન થઇ આવે છે કે શ્રી સાગરજી હમણાં શાન્ત હોય તો આનંદની વાત છે. પણ જ્યારે બહુ ગર્જના કરે–ક્રોધાવેશમાં શું બોલાય છે તેનો ખ્યાલ પણ ન રહે–ત્યારે એકદમ શ્રોતા સમુદાયમાંથી ઉભા થઇ જઇ બે હાથ જોડી બધા સાંભળે તેમ બોલવું–બસ લલકારવું–ગુરૂદેવ!

"કડવા ફળ છે, ક્રોધનાં જ્ઞાની એમ બોલે;
રીસ તણો, રસ જાણીએ ઝેર હળાહળ તોલે."

હું ખાત્રીથી માનું છું કે એ જ્ઞાની જીવ આજનાયીય વધુ શાન્ત બની જશે. અગર ના બને તો મારો દ્વેષ ન ગણતાં, એમણે આગમનાં અમૃત એટલાં ઓછાં પીધાં હશે એમ માની લેવું, બીજુ શું?

* * *

'બિલાડીની ગેરહાજરીમાં ઉંદરો દોડાદોડ કરે એ સ્વાભાવિક છે.' આવા અર્થના શબ્દો પત્રિકામાં થોડા મહિના પહેલાં લખાએલા યાદ છે. સાથે એક સ્થળે વાંચેલું તે યાદ આવે છે કે: 'ધ્યેય સિદ્ધિનો આધાર આપણા સંકલ્પબળ અને તેને માટેના સતત્ પ્રયત્ન ઉપર છે.'

* * *

પરિવર્તન એ સંસારનો મહા નિયમ હોય તો 'ક્રાન્તિ' એ શબ્દથી ગજરાનારા કે અમુક પ્રકારના વિચારો ધરાવવા અગર જાહેર કરવા તેને સામાજીક ગુન્હો ગણનારા એટલું યાદ રાખે કે, વહેતાં પાણી નિર્મળ રહે છે, બંધીયાર પાણી માત્ર સૂર્યના તાપથી શેવાઇ જશે કે ગંધાઇ ઉઠી રોગનો ફેલાવો કરશે.

* * *

'યુવાનોએ આગેવાનોની પસંદગીમાં બહુ સંભાળ રાખવાની છે' એવી સુચના ગઇ પત્રિકાના નોંધ અને ચર્ચા વિભાગમાં કરવામાં આવી છે. સેવકને જરા જુદુ કહેવાનું છે 'યુવાનો મર્યાદા મુકે તે પહેલાં અમારા ડાહ્યા નેતાઓએ જાગૃત થઇ જવાની જરૂર છે.' કારણ પુછશો તો હું કહીશ કે આ ક્રાન્તિ યુગ છે. કપડાંએ ડાઘ પડયા સિવાય આગેવાન બનવાના કે અગુઠે કમાડ ઠેલી મુત્સદ્દી ગણાવાના જમાના હવે વહી ગયા છે.

* * *

શ્વે. મૂ. જૈન સમાજની સાચી પ્રતિનિધિ રૂપ સંસ્થા તે આપણી 'કોન્ફરન્સ.' આપણી એ 'એકજ' સંસ્થાને એવીજ અન્ય કોમી સંસ્થાઓમાં 'અજોડ' બનાવવાનો પ્રયત્ન કયારે થશે? કોણ કરશે? અને એનો સાચો જવાબ કોણ આપશે?

—'સલામતી શોધવામાં પુરૂષાર્થ હણાય છે એ આપણે કયારે શીખશું' એ સુત્ર આપણને સાચો માર્ગ ન સૂચવી શકે?

* * *

'યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે' એ વાકયની સત્યતા ચાલુ અહિંસક યુધ્ધમાં યૌવને આપેલા આત્મભોગથી સિધ્ધ થઇ ચુકી છે. સામાજીક ક્ષેત્રમાં એ આશા રાખવી હજુય અસ્થાને ગણાય ખરી?

18/9/30.

— FEDIST.

પ્રભાત ફેરી.

પ્રાતઃકાળમાં સૂર્યોદય પૂર્વે જાગ્રત થઇ, રાષ્ટ્રધ્વજ સાથે ગીત ગાતાં ગાતાં મંડળીમાં નિકળવું એ પ્રથા ઘણી સુંદર છે. એમાં સ્ત્રી તથા બાળકો સુદ્ધાં હર્ષથી ભાગ લે છે. આનાથી પ્રચારકાર્ય તો સતત ચાલુજ રહે છે અને જનતાને ગાંધીજીની લડતનો જૂદા જૂદા રાષ્ટ્રગીતો પરથી ખ્યાલ આવે છે. એ ઉપરાંત સૂર્યોદય પહેલાં ઉઠવાથી શરીર તંદુરસ્ત રહે છે, સવારમાં ફરવાથી તાજી હવા ને કસરતનો લાભ મળે છે અને કેટલીકમાં હાથવાજા, ચંગડીયો (કાંસી) આદિ વાંજિત્રો હોય છે તેમજ ગાનારનો કંઠ મધુર હોય છે તો સંગીતનો મનોહર આનંદ લુંટવાની મઝા પડે છે. આમ આખી યોજના સુંદર પ્રકારે નિર્માણ થયેલી છે. વળી જ્યાં રાષ્ટ્રધ્વજ વંદન થવાનું હોય છે ત્યાં ખાસ કરી દરેક પ્રભાત ફેરીઓ આવે છે એટલે એ સ્થાન ત્રણ ચાર કલાક વિવિધ પ્રકારના સ્વાંત્ર્ય ગીતોથી કિંવા રામધુન કે પ્રભાતીયાથી ગાજી રહે છે.

ગત્ રવીવારે આવોજ પ્રસંગ ઝવેરી બજાર પ્રભાત ફેરી મંડળ તરફથી ખુલીયનના હોલ નજીક ઉજવાયલો. એક મકાનમાં મરોડા જેલનો દેખાવ ગોઠવવામાં આવેલ, પાછલા ભાગમાં ગાંધીજીની છબી મૂકેલી જ્યારે આગળના ભાગમાં ચાંદી જડિત સુદર્શન ચક્ર યાને રેંટીયો મૂકેલા. આજુબાજુ જૂદા જૂદા નેતાઓનાં ફોટા મૂકી આખી ગલી આસોપાલવના તોરણોથી શણગારી દીધેલી. આખું દૃશ્ય ઉડીને આંખે વળગતુ અને પડોસમાં વસતા નરનારીઓમાં રાષ્ટ્રિયભાવનાના આંદોલનો પ્રગટાવતુ. જેણે દેશની ચલવલ સમજવા પરિશ્રમ પણ ન સેવ્યો હોય એવાના કાન ઉઘાડી નાખતુ. એક તરફ મુબઇ જૈન સ્વયંસેવકમંડળનું બેન્ડ આવકાર આપતું વાગી રહ્યું હતું. બીજી બાજુ શેખમેમન સ્ટ્રીટના માર્ગ પર ઉક્ત મંડળના સ્વયંસેવકોની ટુકડી આવતી જતી પ્રભાત ફેરીની વ્યવસ્થા કરી રહી હતી. મંડળના નાયક જેલમાંથી તાજા છુટી આવેલા **શ્રી** મણિભાઇ જેમલના હાથે રાષ્ટ્રધ્વજ વંદનની ક્રિયા થઇ ચુકયા બાદ રાષ્ટ્રધ્વજ પરત્વે આપણી ભાવના કેવા ઉચ્ચ પ્રકારની હોવી ઘટે એ સબંધમાં જોસદાર ભાષામાં સારૂ વિવેચન એમના તરફથી કરવામાં આવ્યું હતું. જૂદાં જૂદા દેશના ધ્વજો જોઇ એક પારસીભાઇને હિંદ માટેના ધ્વજ સંબંધે લાગણી રજુરી, બાદ આંધ્રના એક બંધુ તરફથી એનું પ્રાથમીક સ્વરૂપ ઘડાયું અને ગાંધીજીની પ્રેરણાથી અત્યારનું આ ત્રિરંગી સ્વરૂપ આપણી રાષ્ટ્રિય મહાસભાએ મંજુર રાખ્યા સંબંધેનો ઇતિહાસ ટુંકમાં કહી બતાવ્યો. ધ્વજમાં હિંદની દરેક કોમોના ચિન્હ સુચવતા રંગો છે જ્યારે રેંટીયાનું ચિત્ર એ સ્વાતંત્રતાનું નિશાન છે. એ માટે નાગપુરમાં હજારો ભાઇઓએ જેલમાં જઇ અપાર કષ્ટો સહન કરેલાં છતાં ધ્વજનું લેશમાત્ર અપમાન થવા દીધેલું નહિ. શીર જવા દઇને પણ એનું રક્ષણ કરવું એ આપણી સર્વેની ફરજ છે. ભારતવર્ષ આજે આઝાદીના માર્ગે કુચ કરી રહેલ છે. એ માટે આપણા નામાંકિત નેતાઓ અને હજારો બંધુઓ લાઠીના ઘા ને જેલના સંકટો વેઠી રહ્યા છે. આપણે એ ધ્વજને ફરકાવા નિશ્ચય કરવાનો છે કે એને ઉડતો રાખવામાં આવતાં દરેક કષ્ટો આપણે હસ્તે મુખડે સહીશું.

વીરશાસનની ન્યાયશીલતાનો નમુનો.

વીરશાસન તા૦ ૫-૯-૩૦ ના અંકમાં રા. મોતીચંદભાઇ તથા ભાઇશ્રી પરમાણંદ માટે ખોટા સમાચાર પ્રગટ કર્યા પછી જૈન ધર્મ પ્રસારક સભાના મંત્રીએ તેમની ઉપર કાગળ લખ્યો હતો તે કાગળ તથા વીરશાસન તરફથી સભા ઉપર આવેલો જવાબ નીચે પ્રગટ કરીએ છીએ.

મંત્રીનો પત્ર.

જા. નં. ૧૧૩૪. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,
ભાવનગર, તા૦ ૮-૯-૩૦.

શ્રી વીરશાસન પત્રના અધિપતી સાહેબની સેવામાં અમદાવાદ.

આપના અંક ૪૯ ના પૃષ્ટ ૭૫૨ ઉપર શ્રી જૈન ધર્મ પ્રકાશના સંબંધમાં મોતીચંદ સોલીસીટર તથા પરમાણંદ વકીલને બાતલ કર્યાની બાબતમાં જે ઉલ્લેખ કર્યો છે તે સત્ય હકીકતથી વેગળો છે. તમોએ લખેલી છે તેવી અરજી સભાની મેનેજીંગ કમિટિ કે જનરલ મિટિંગ રૂબરૂ રજુ થઇ નથી અને તમો લખો છો તેવો મોતીચંદભાઇ કે પરમાણંદભાઇના સંબંધમાં ઠરાવ થયેલ નથી. ગયા અંક માટે તેમના તરફથી નોંધ કે ચર્ચા લખાઇને આવીજ નથી અને તે આપને વિદિત થાય. આ હકીકત આપના હવે પછીના અંકમાં દાખલ કરવા બરૂબર તરદી લેશોજી. લી૦ સેવક,

કુંવરજી મુળચંદ શાહ.
સેક્રેટરી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર.

વીરશાસનના વ્યવસ્થાપકનો જવાબ.

શ્રી વીરશાસન કાર્યાલય, રતન પોળ પાંજરા સામે.
અમદાવાદ, તા૦ ૧૦-૯-૩૦.

મહાશય,

જયજીનેંદ્ર તા૦ ૮-૯-૩૦ નું લખેલું કવર મળ્યું. ખુલાસો સૂચવવા માટે આભાર એ વિષે તપાસ કરાવી છે. પછી યોગ્ય થશે, એની ખાત્રી રહે. એજ. લી૦

શ્રી કાન્તના જયવીર.
વ્ય. વીરશાસન.

એ જાણીતા બંધુઓ માટે સમાચાર પ્રગટ કરતાં પહેલાં વીરશાસનના અધિપતિને તપાસ કરાવવાનું યોગ્ય લાગતું નથી પણ જ્યારે સત્તાવાર સમાચાર જવાબદાર અધિકારી તરફથી આપવામાં આવે છે ત્યારે તે છાપવાને બદલે અધિપતિ તપાસ કરવા દોડે છે. કારણ કે ઉપરોક્ત બંને બંધુઓ ઉપરનો વીરશાસનનો 'નિષ્પક્ષપાત' પ્રેમ સર્વને જાણીતો છે.

ત્યારબાદ શ્રી મુંબાઇ જૈન સ્વયંસેવક મંડળને ચાંદીનો ચંદ્રક ભેટ અપાયો હતો. સૌ સૈનિકોને 'વંદેમાતરમ્' ના ગીત પૂર્વક રાષ્ટ્રધ્વજ વંદન કરાવ્યા બાદ કાર્યની સમાપ્તિ થઇ હતી.

આવા પ્રેરણાદાયક દૃશ્યો આજે મુંબાઇની ભૂમિ પર ઠેર ઠેર થઇ રહ્યા છે; એ પરથી રાષ્ટ્ર પ્રવૃત્તિ કેટલી સજીવન છે અને કેટલા વધુ પ્રમાણમાં સજીવન થતી ચાલી છે એનું માપ નિકળી શકે છે. બાળકોમાં પણ એનો પ્રચાર પુરતા વેગથી થઇ રહ્યો છે. એમાંથી સ્વતંત્ર ભારતના નિર્માણ અવશ્ય થવાનાજ.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનોહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાનો કટિબદ્ધ થાવ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૯ મો. | સંવત ૧૯૮૬ ના આશો સુદી ૭. તા૦ ૨૯-૯-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

સેનાની શ્રી. વીરચંદભાઈ.

આપણા જૈન યુવક સંઘના અગ્રગણ્ય સભાસદ ભાઇશ્રી વીરચંદભાઇ મુંબઇની સંગ્રામ સમિતિના પ્રમુખ નીમાયા એ સમાચાર જાણી કયા જૈન યુવકનું હૃદય અભિમાન અને આનંદથી ઉછળ્યું નહિ હોય? જૈન સમાજની અનેક સસ્થાઓ સાથે વિવિધ પ્રકારનો જવાબદાર સંબંધ ધરાવનાર વીરચંદભાઇને આજે કોણ નથી ઓળખતું? એમ છતાં તેમના પ્રતિભાશાળી વ્યક્તિત્વની કેટલીક વિશેષતાઓની આ પ્રસંગે ખાસ નોંધ લેવી ઘટે છે. તેમની વર્તમાન પ્રભુતા કોઇ અકસ્માતનું પરિણામ નથી, પણ અત્યાર સુધીના પ્રયત્નપૂર્વકના ગુણવિકાસનું પરિણામ છે. તે ગરીબ કુટુંબમાં જન્મેલા, અને સાધારણ સ્થિતિમાં ઉછરેલા. ભાવનગરની જૈન બોર્ડીંગમાં રહીને કોલેજમાં ભણી ગ્રેજ્યુએટ થયેલા અને ત્યાર બાદ કોઇ પણ પ્રકારની મોટી મુડી સિવાય વ્યાપારમાં પડેલા. ઉત્તરોત્તર તેમનો વ્યાપાર વધતો ચાલ્યો અને દ્રવ્યની આવક પણ વધવા લાગી. આમ છતાં આજે કાંઇ તેમની એવી સ્થિતિ ન ગણાય કે મુંબઇના મોટા શ્રીમાનોની પંક્તિમાં તેમને મુકી શકાય. આવી સામાન્ય પરિસ્થિતિ હોવા છતાં, તેમણે ગરીબોને મદદ કરવામાં અને વિદ્યાર્થીઓને આગળ વધારવામાં, કદિ પણ પાછું વાળીને જોયું નથી. તેમણે અત્યાર સુધીમાં અનેક દુઃખી માણસોની આંતરડી ઠારી હશે; અને દ્રવ્યના અભાવે અટકી પડતા અનેક વિદ્યાર્થીઓને યુનીવર્સિટીની ઉંચી પરીક્ષાઓને પાર ઉતાર્યા હશે; તેમનામાં એવું અપૂર્વ સૌજન્ય અને હાર્દિક ઉદારતા છે કે કોઇ મદદ માંગવા આવે, કોઇ ટીપ, ફંડ કે ફાળો આવે, કોઇ સંસ્થાની જવાબદારી સોંપવા આવે, નાત, જાત, સગાં, સંબંધીઓ કે સમાજના નાના મોટાં કામ આવે, તેવા કોઇ પણ પ્રસંગે–પોતાની પાસે બચત દ્રવ્ય હોય કે ન હોય, સમયનો અવકાશ હોય કે ન હોય–તો પણ ના કહે તો એ વીરચંદભાઇ નહિ. પુલ નહિ તો પુલની પાંખડી–અને તેટલું કરીને છુટવું–અને તેટલી સેવા આપી જીવનને કૃતાર્થ કરવું–ગજા ઉપરવટ ખાતાંઓની જવાબદારી ધારણ કરીને તે તે કામોમાં દટાયા રહેવું–આ તેમના અત્યાર સુધીના જીવનનો સામાન્ય ક્રમ છે. તેની પાસે જ્યારે પણ જાઓ ત્યારે તે પ્રસન્નજ હોય, તમે શું કામ તેમની પાસેથી માંગો છો તે જાણવા આતુરજ હોય, અને તમારી વાત સાંભળીને જે થઇ શકે તે કરવા તૈયારજ હોય. તેમનું વાત્સલ્ય સર્વસ્પર્શી અને સર્વગ્રાહી છે. તેમણે પોતાની પત્નીને ઉંચે માર્ગે ચઢાવી છે; પોતાનાં બાળકોને ઉલ્લાસપૂર્વક ભણાવ્યાં છે; મિત્રોને એકસરખા પ્રેમથી હવરાવ્યા છે; જ્ઞાતિ જનોને એકધારી સેવાથી નવાજી છે; જૈન સમાજને અનેક સંસ્થાઓનો ભાર ઉપાડી ઋણપરાયણ કરી છે; દેશને મહાસભાની કેટલાંય વર્ષોની સેવાથી ગૌરવાંકિત કર્યો છે. આડંબર તેમને કરવાની કદિ જરૂરજ રહેતી નથી કારણ કે સાચી સેવા એજ તેમનું જીવનવ્રત છે; સંયમ તેમને એક સ્વાભાવિક વસ્તુ બની ગઇ છે; પક્ષાપક્ષી કે ખોટાં મમત્વથી તે દૂર નાસે છે. તેમનામાં એવી કોઇ નિખાલસ સેવાવૃત્તિ છે અને એવો કોઇ સર્વસ્પર્શી પ્રેમભાવ છે કે નાનાં મોટાં–નજીકનાં દૂરનાં–જ્ઞાતિજનો, ધર્મીજનો તેમજ દેશજનો–સૌ કોઇ વીરચંદભાઇને પોતાનાંજ માને છે અને પોતાના તરીકે તેમની સેવાનો હક્ક કરતા આવે છે અને જેવી રીતે વરસાદ સર્વત્ર સરખો વરસે છે. સૂર્ય સર્વત્ર સરખો તપે છે તેવી રીતે વીરચંદભાઇ પોતાનું સર્વસ્વ સૌ કોઇની સેવામાં અત્યાર સુધી છુટે હાથે વેરતા આવ્યા છે, અને એ રીતે સર્વ વર્ગોના, પ્રેમના તે પાત્ર બન્યા છે. આવા એક નિર્મળ સેવાપરાયણ સજ્જન અત્યારના કટોકટીના સમયે મુંબઇની સંગ્રામ સમિતિના પ્રમુખસ્થાન ઉપર આરૂઢ થાય તે બનાવથી બન્નેના ગૌરવમાં વધારો થાય છે અને તેથી બન્ને પક્ષ ખરેખર અભિનન્દનને યોગ્ય બને છે. અત્યારે રાજકારણમાં પડવું તે કાંટાના આસન ઉપર તપશ્ચર્યા કરવા બરોબર છે. તે કાર્ય તો તેજ હાથ ધરી શકે કે જેણે સર્વ વિકારોને જીતીને બુદ્ધિને નિર્મળ બનાવી છે અને જેણે સર્વ ભય અને સ્વાર્થોને વિદારીને સાચી નિડરતા તથા વીરતાને કેળવી છે આપણને ખાત્રી છે કે વીરચંદભાઇ પોતાના માથે ઉપાડેલી આ વિશિષ્ટ પ્રકારની અતિવિકટ જવાબદારી બરોબર પાર ઉતારી, દેશના સંગ્રામ વહીવટને ખૂબ જોસભેર આગળ ધપાવશે અને અત્યારના સાહસભર્યા કાર્યક્રમમાં વ્યવસ્થાની વિશેષ મેળવણી કરીને, જે ધ્યેયને ધ્યાનમાં રાખીને મહાત્મા ગાંધીજીએ આ મહાન સંગ્રામનો પ્રારંભ કીધો છે, તે ધ્યેયની વધારે વધારે સમીપ આખા દેશને લઇ જશે. આપણા વીરચંદભાઇને આપણા અંતઃકરણનાં ખૂબ અભિનન્દન છે, અને હૃદયની અનેક શુભેચ્છાઓ છે.

પરમાનંદ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

યુવાનો કટિબધ્ધ થાવ.

આપણી ચોતરફ જે જીવંત વાતાવરણ જામ્યું છે એ જોતાં ભાગ્યે કોઇ સાચા યુવાનને ખૂણેખાંચરેથી ધર્મના ઓહા તળે ઉચ્ચારાતા વાણીવિલાસ પ્રતિ લક્ષ આપવાપણું હોય એની ચક્ષુ સામે ખાદીપરિધાન, કાંતણ, પીંજણ, વિદેશી કાપડ તથા દારૂની દુકાનો પર પીકેટીંગ અને સત્યાગ્રહી તરીકે જેડાવું આદિ કેટલાયે દેશસેવાના કાર્યો ખડા છે કે જેમાં એકતાર બનવાનું ચુકી એ ધર્મના નામે ચલાવવામાં આવતા નમાલા વિવાદમાં પડવાનું પસંદ કરે કીંવા ધનની મદદથી લાંબા પીંજણોથી ભરાતા કોલમો સામે કલમ ચલાવવાનું શરૂ કરે, આખાયે યુવાન સમુદાય માટે આ પ્રસંગ અતિ ગૌરવ-ભર્યો છે, કેમકે એમાંનો એક યુવાન આજે મુંબઇની વેાર કાઉન્સીલના પ્રમુખપદે બીરાજ્યો છે. જે સમયે દેશ કટોકટીની પળમાંથી પસાર થતો હોય, જે કાળે પ્રસિદ્ધ દેશનેતાઓનો મોટો ભાગ જેલની દિવાલો પાછળ અમાપ કષ્ટો સહી રહ્યો હોય, જે વેળાએ ગુજરાતના ગામડાઓ વસ્તીથી ખાલી થઇ જતાં હોય અને સત્યને ખાતર ખેડુતો ન વર્ણવી શકાય એવી યાતનાઓ હસતે મુખે વધાવી લેતા હોય અને જે ઘડીએ દેશના પનોતા પુત્રો, કુલીન નારીઓ, મોજવિલાસોને ઠોકરે મારી, સ્નેહની સાંકળને થોડા કાળ સારૂ તોડી નાંખી, લેશમાત્ર ગભરાટ કે ભય વગર રાષ્ટ્રયજ્ઞમાં પેતીકી સેવાઓ ધરી રહી હોય, એવા મોંઘેરા પ્રસંગે કેવળ ધર્મના નામે કલમ ચલાવનારા કિંવા તો વ્રત-નિયમના નામે હૃદય દૌર્બલ્ય છુપાવી, શાસ્ત્રના નામે મનઘડંત વાતો ફેંકનારા કઇ રીતે દેશદાઝ ધરાવે છે અથવા તો કેવી રીતે ધર્મનું સ્વરૂપ સમજાવે છે! શું આ કાળ ધર્મના નામે ગમે તેમ વાતો કરી જનતામાં પ્રસરી રહેલા આવેગને હારી દેવાનો છે? શું જૈન સિધ્ધાંતમાં એકજ જાતના નિયમો બાંધવામાં આવેલા છે કે જેમાં કોઇ વાર કંઇ પણ જાતનો સુધારો સરખો નજ થઇ શકે? વળી એ સર્વ શાસ્ત્રો સમ-જવાનો એકલો ઇજારો માત્ર શ્રી રામ-સાગર લીમીટેડનજ રાખેલો છે કે શું? કુદરતી પ્રશ્ન પૃછવાની ઇચ્છા થાય છે કે આ મહાત્માઓએ ભૂતકાળમાં જેવી રીતે જીવન વિતાવ્યું છે અને હાલ વીતાવી રહ્યા છે એ સર્વ ધર્મશાસ્ત્રના-પ્રભુશ્રીના આગમના-કાનુન અનુસારજ છે ને! વારે કવારે, વિના પ્રયો-જને વ્યાખ્યાન સમયે ધર્મઉપદેશને બદલે કરાતા અસુયા ભર્યા આક્ષેપો માટે આટલું કહેવું પડે છે. માનપણે જાતે ધર્મ પાલન કરવામાં કોઇ આડખીલી કરતુંજ નથી બાકી 'હું કહું તેજ ધર્મ' ને તે પ્રમાણેજ સર્વત્ર થવું જોઇએ' એવો દાવો કરવાનો યુગ અદ્રશ્ય થઇ ગયો છે.

અંતર પૂર્ણપણે સાક્ષી પુરે છે કે કોટિગમે જીવોનું કલ્યાણ પ્રેમના માર્ગે કરનારા અને 'શાસન રસી સવિ જીવ કરૂં' એવી વિશાળ ભાવનાવાળા અને મરણાંત ઉપસર્ગો સામે અતુલ શક્તિ છતાં સમભાવથી છાતી ઉઘાડી રાખનારા તીર્થંકરોનો ધર્મ કે ઉપદેશ આજે પ્રવર્તે છે તેવી નમાલી સ્થિતિ જન્માવનારો તો નથીજ. એમના ઉપદેશો એ સાચા અહિંસકના વચનામૃતો છે. એમાં શુરાતનની રેખા સ્પષ્ટ તરી આવે છે. આધુનિક સમયની નબળાઇના દર્શનનું બિંદુ સરખુ પણ ત્યાં શોધ્યું જડતું નથી. તેથી પચીસો વર્ષનો કાળ વ્યતીત થયા છતાં એનું રહસ્ય અચલિત રહ્યું છે. શ્રેણીકથી માંડી કુમારપાળ સુધીનો કે ચેટકથી લઇ વસ્તુપાળ સુધીનો અથવા તો શ્રી સુધર્માસ્વામીથી છેલ્લા થનાર શ્રી યશોવિજયજી સુધીનો ઇતિહાસ મધ્યસ્થ દ્રષ્ટિથી વિચારતાં સ્થળે સ્થળે પ્રેરણાત્મક સંદેશાઓ અને વીરતાભર્યા કાર્યો દ્રષ્ટિગોચર થાય તેમ છે. જરૂર જૈનો માટે એ ગૌરવશાળી યુગ હતો. એ સ્થિતિના પુનઃ ચણતર કરવાનો અવસર આજે ભારતવર્ષના આંગણે આવી લાગ્યો છે.

પ્રત્યેક યુવક-યુવતી એ વધાવવા તૈયાર થઇ જાવ. તમારી નાનીશી સેવા પણ એમાં મહા ઉપયોગની છે. ધર્મના નામે શંકાના વમળોમાં ભમવાનું છોડી દઇ, દ્રઢ શ્રદ્ધાથી એને અપનાવી લ્યો.

સાચું જૈનત્વ ઘડવાનો આ સુંદર યોગ છે. આત્માની અમરતા વિષે લાંબી ટુંકી દલીલો ભલે સંતો પાસેથી મળતી હોય પણ એનું તદ્રશ સ્વરૂપ તો ગ્રામ્ય જનતામાં ભળી, એમનામાં નિર્ધારિત થયેલી ફના થઇ જવાની વૃત્તિનું નજરે દર્શન કરવાથી સમજાય છે. આજે તો સૂર્યના આગમન સાથે શૂરવીરતા પ્રેરકને સાચી અસ્મિતા પ્રગટાવે તેવા સંખ્યાબંધ ઉદાહરણો નજર સામે આવે છે. જૈનયુવાન એમાંથી તું કંઇક તો મેળવ.

શેઠ જીવતલાલ પ્રતાપસીને ચેલેંજ.

શેઠશ્રી ઉપાડી લેશે કે?

ફ્રેાન્ફર્ન્સ જોગા પોતાના પત્રમાં જુન્નેરના કાર્યવાહકો માટે જે આક્ષેપ શેઠ જીવતલાલ પ્રતાપસીએ મુંબઇ સમાચારમાં કરેલો તેનો સજ્જડ જવાબ જુ કાં ચી. સે. રા. મોતીલાલ વીરચંદ તરફથી મુંબઇ સમાચાર તા૦ ૨૭ મીમાં પ્રસીદ્ધ થયો છે તેમાંના ઉપયોગી ફકરા નીચે આપ્યા છે.

"અમો સ્પષ્ટ રીતે કહીએ છીએ કે ફ્રેાન્ફરન્સના ધારાધો-રણોને અનુસરીને જે જે પ્રતિનિધી અથવા પ્રેક્ષકો આવેલા તેમાંના એક પણ ગૃહસ્થને અમોએ ભાગ લેતા અટકાવેલ નથી તેમજ તેમની સાથે અમારા કાર્યવાહકોએ કોઇ પણ જાતની ગેરવર્તણુંક કરેલી નથી. એ બાબત જાહેર પેપરોમાં વારંવાર રીતે રેટમેન્ટો સાથે બધા ખુલાસા વિગતવાર પ્રગટ થયલા છે, છતાં હજુ સુધી શેઠ જીવાભાઇ જેવા ગૃહસ્થો પોતાના માની લીધેલા આક્ષેપો ન જાહેર પેપરોમાં દોડધામ કરવા મંડી પડ્યા છે એ અત્યંત દલગીરીભર્યું છે. કાયદાસર મંડપની અંદર આવવાનો હક નહી છતાં હુમલો કરનારા કેટલાકના નામો અમો આપી શકીશું. પરંતુ કાયદાસર હક છતાં અંદર આવવા દીધા નહી એવું પુરવાર કરવાની શેઠ જીવાભાઇને અમો ચેલેંજ કરીએ છીએ અને કૃપા કરી આવા ખોટા આક્ષેપો અને ખોટી કલ્પનાઓ જાહેરમાં નહી મુકવા શેઠ જીવાભાઇને વિનવીએ છીએ.

બીજી બાબત સાધુના રેલવીહાર સંબંધે મહારાષ્ટ્રીય પ્રાંતિક ફ્રેાન્ફરન્સમાં થયેલા ભાષણ ઉપર તેવો આક્ષેપ કરી ફ્રેાન્ફરન્સના કાર્યવાહકોએ આડકતરી રીતે રેલવીહારને અનુ-મોદન આપેલુ છે, એમ શેઠ જીવાભાઇ જણાવે છે. એ બાબત અમારે સ્પષ્ટ કહેવાની જરૂર છે કે મહારાષ્ટ્રમાં ઘણા યતિવર્યો જાહેર રીતે રેલવીહાર કરી વીચરે છે તેમજ સાધુના કેટલા એક આચાર પાળનારા પ્રસંગોપાત રેલવીહાર કરે છે. એમાંના કોઇને પણ મહારાષ્ટ્રના જૈનોએ પુરણ પંચમહાવ્રતધારી સાધુ તરીકે માન્યા નથી, તેમજ રેલવીહારની અનુમોદના કે પ્રેરણા બીલકુલ કરેલ નથી.

મહારાષ્ટ્રના જૈનો, ખુલ્લા અંતઃકરણના અને સત્યનેજ માન આપનારા છે, એ ધ્યાનમાં રાખવું. શેઠ જીવાભાઇને આવા નકામા દ્વેષ વધારનારા અને જાહેર પેપરોની અમુલ્ય જગા આવા ખોટા લેખોથી નહી ભરવા વિનંતી છે; અને એ અમારી વિનંતી જાહેરા કાન ઉપર નહી પડે એવી અમારી આશા છે તે ઉપરાંત મહારાષ્ટ્રના બંધુઓ ઉપર જો કોઇ જાતનો ખોટો આક્ષેપ કરવામાં આવશે તો તેનો યોગ્ય જવાબ જરૂર આપવામાં આવશે તેની ખાત્રી રાખવી."

અમો આશા રાખીએ છીએ કે શેઠ જીવાભાઇ આ ચેલેંજ ઉપાડી લેશે અને પોતે કરેલા આક્ષેપોના પુરાવા પોતાની પાસે હશે તો રજુ કરશે, નહીં તો પહેલી તકે પાછા ખેંચી લેશે.

શ્રી

?

"સૂર્યનો પ્રકાશ સખી! વિશ્વ પ્રાણ છે;
મીંચે ધ્રુવડ એક આંખડીજરે—
ઝીલે પ્રકાશ આત્મદેવના."

* * *

'વીરશાસન'ના એ શાસનપ્રેમી રાષ્ટ્રીય કોંગ્રેસવાદીએ શંકા કરી છે, કે "તમારી જૈન કોન્ફરન્સનો કોઇ પણ નેતા જેલ જવાને કેમ તૈયાર નથી થતો, તે જરા જણાવશો કે?" જાણે આ ટીકાખોરને એ મહાન કુદરત જવાબ આપતી હોય તેમ એ શબ્દો લખાયા કે તરતજ ભારતીએ માંડેલા મુક્તિ યજ્ઞમાં પોતાની આહુતી આપવા તત્પર બનેલી એ દેવી—બ્હેન રમીબાઇ—ના હૃદયમાં તેણે પ્રેરણા મુકી અને તેમણે શ્રી વીરચંદ ભાઇને પોતાની જગ્યા સંભાળી લેવા સૂચવ્યું. શ્રી વીરચંદ ભાઇએ તેનો સ્વીકાર કર્યો.

—ટીકાખોરોને કુદરતનો આ સણ્ણડ તમાચો નથી?

* * *

આપણામાં કહેવત છે, કે "નાચવું ન હોય ત્યારે કહેવું કે: આંગણું વાંકું છે." એ ન્યાયે 'મુંબઈનું વાતાવરણ શબ્દ ચિત્રોમાં ઉતારવાનો ફ્રેંગટ પ્રયત્ન કરનાર દલીલ કરે છે, કે "પ્રથમ ધર્મ કે દેશ?" વળી જાણે બહુ મ્હોટી શોધ કરી નાખી હોય તેમ લખી નાખે છે, કે: 'જેલ જઇ આવેલા જૈન ભાઇઓ જણાવે છે, કે—જેલમાં ફરજીઆત કાંદા, બટાટા વિગેરે કંદમૂળ જેવી અભક્ષ્ય વસ્તુઓ ખાવી પડે છે અને ચુસ્ત રીતે ધર્મના સિદ્ધાંતો પાળી શકાતા નથી." આમ લખ્યા પછી જેલમાં જનારાઓની જાણે દયા ખાતા હોય તેમ એ બાબતમાં હેતુપૂર્વક સમાજ અને કોન્ફરન્સ સમક્ષ સારી ભલામણો અને મીઠી સુચનાઓ પણ મુકે છે. પરંતુ એ ખાસા બે પાનાના લખાણરૂપી દહીનું મંથન કરતાં જે માખણ હાથ લાગવાનો સંભવ છે તે આ રહ્યું:

'શું કરીએ જેલમાં ધર્મ સચવાતો નથી. અને અમારે શાસનપ્રેમીઓને ધર્મ પહેલો.—(હવે પછીના શબ્દો અધ્યહાર સમજવા) બાકી અમો શાસનપ્રેમીઓ તો દેશની ખાતર ફના થઇ જવા તૈયાર છીએ."

—કોઇ સહમજાવશે કે આતે મુંબઇના વાતાવરણનું આલેખન કે પોતાનો બચાવ: કે બીજાની ઉપર મનગમતા આક્ષેપો કરવાની મલીન મનોદશાને તૃપ્ત કરવાનો પ્રયત્ન. આમાંથી શું સહમજવું?! મારો એક મિત્ર જે દુધપાક પુરીનો જરા વધારે શોખીન છે તેણે શોધ કરી છે, કે 'વાલકેશ્વરના દુધપાક પુરીના જમણમાં જરા જાયફળ વધારે પડેલું તેનું આ પરિણામ છે!' સાચું શું હશે તે તો જ્ઞાનીજ જાણે ને?

* * *

'પ્રથમ દેશ કે ધર્મ' એ પ્રશ્ન ઉપસ્થિત કરનારને સમર્પણ:—

—"પરંતુ રાષ્ટ્ર સ્થિતિથી ધર્માચરણના છુટા છેડા કરાવવા માંગનારા મૂઢોએ સમજી લેવું કે ગુલામોનું ધર્માચરણ એ ધર્માચરણ નથી, કે સંસ્કૃતિ રક્ષણ નથી. જે ધર્માચરણ સમાજની ઉચ્ચ સંસ્કૃતિનું રક્ષણ કરી શકતું નથી તે ધર્માચરણને કાળના ઉદરમાં સમાઇ જતાં વાર લાગતી નથી. સંસ્કૃતિનું રક્ષણ તો ત્યારેજ થાય કે જ્યારે દેશ સ્વતંત્ર હોય. સમાજ સુખી તથા નીતિશીળ હોય. વસ્તુતઃ ગુલામી એ સંસ્કૃતિને ગળી જનારી રાક્ષસી છે.—"

—અને આવી સલાહ આપવામાં જે કૈં પાપ પુણ્ય લાગતું હોય તે 'સુઘોષા' ના તંત્રીને ખાતે જમા કરાવવાની 'ચિત્રગુપ્ત' ના એજન્ટોને ભલામણ છે.

* * *

'ઘરનાં બારી બારણાં બંધ કરી સૂર્યના પ્રકાશને કે પવનને આવકાર આપવાની સાફ ના પાડવી તે પોતાનાજ શ્વાસોશ્વાસના ઝેરનો ભોગ બની મૃત્યુને આવકાર આપવાની તૈયારી સૂચવે છે.' આ સાદું સત્ય સમાજ શરીરને માટે પણ એટલુંજ સત્ય નથી?

* * *

જો કે આપણા વકતાઓ અને લેખકોને આપણા ક્ષાત્રત્વના ગુણગાન ગાવાની બહુ હ્હેજત આવે છે. પણ મને ખાત્રી છે, કે તેઓ જરૂર મનમાં તો સહમજતાજ હોય છે કે, આપણે ક્ષાત્રત્વનો વારસો કેટલો સાચવ્યો હોય છે?! અને સાચેજ આપણામાંથી ક્ષાત્રવૃત્તિનો કેમ, કયારે અને કેવી રીતે લોપ થયો એ બહુજ વિચારણીય પ્રશ્નો નથી? આપણી શાન્તિને આંતર કલહો એવા વહી રહ્યા છે, કે એ તરફ આપણી દ્રષ્ટિ કદાચ ભાગ્યેજ જતી હશે. પણ મને લાગે છે, કે ક્ષાત્રવૃત્તિના લોપનું કારણજ આપણી અવનતિના અનેક કારણોમાં મહત્વનું કારણ કેમ ન હોય!

—આપણા પુરાતત્વ સંશોધકો આ પ્રશ્નનો નિર્ણય કરવા પ્રયત્ન કરશે ખરા?

* * *

કોન્ફરન્સે જુનર મુકામે કરેલા ઠરાવો અને કાર્યક્રમના માર્ગે આપણે કેટલું પ્રયાણ કર્યું છે તેનું સિંહાવલોકન કોન્ફરન્સના આગેવાનો કરે તો કેટલું સારું!

અને કોન્ફરન્સે નીમેલી 'બહિષ્કાર અને સ્વદેશી પ્રચાર સમિતિ'એ પોતાનાં કાર્યની જે સુંદર શરૂઆત કરેલી તેની સહર્ષ નોંધ લેતાં ખેદ સાથે નોંધવું પડે છે કે: 'આપણે શરૂઆત સારા છીએ' એ કહેવત પણ સાચી તો નહીજ પાડે ને?! મંત્રીઓ પોતાની ફરજ નહી વિચારે?

તા૦ ૨૨-૯-૩૦ ના 'મુંબઇ સમાચાર'માં જીવતલાલ પ્રતાપસી અને કોન્ફરન્સ વચ્ચે ચાલેલા પત્રવ્યવહારને પ્રગટ કરવામાં આવ્યો છે. તંત્રી જોગ લખેલા પત્ર ઉપરથી જણાય છે, કે તા૦ ૯-૯-૩૦ ના અંકમાં એક ભાઇએ તેમને પ્રશ્ન પુછ્યો એટલે તેમને પત્રવ્યવહાર જાહેરમાં મુકવો પડયો. પ્રશ્ન કોણે પુછ્યો તે તો પત્રના તંત્રીજ જાણે. આપણે કે શેઠશ્રી કયાંથી જાણી શકીએ? એટલે પ્રશ્ન કરનારના હેતુ વિષે પ્રશ્ન ઉપસ્થિત કરવો પણ અસ્થાનેજને?

પણ એ પત્રવ્યવહારથી મને એમ જણાય છે કે શ્રી. જી. પ્ર. કોન્ફરન્સદ્વારા સુંદર યોજનાઓ ઘડીને અમલ મુકવાની અને સમાજને ઘડવાની સુંદર ભાવનાઓ જરૂર સેવે છે. પણ તેને અમલમાં મુકવાની જવાબદારી માથે લે તો?

—આપણે આશા રાખીએ કે: ભાવનાઓ તેઓ સેવે, અને અમલમાં બીજા મુકે એમ તો તેઓ અંતઃકરણપૂર્વક નહીજ માનતા હોય!

26/9/30. — FEDIST.

વોર કાઉન્સીલના પ્રમુખના માનમાં.

મુંબઇ સંગ્રામ સમિતિના પ્રમુખ શ્રીયુત વીરચંદભાઇને અભિનંદન આપનારા અનેક મેળાગડાઓ આ અઠવાડીયામાં મુંબઇમાં થયા છે. જે એમની લોકપ્રિયતાના પુરાવારૂપ છે. શ્રી ઘોઘારી સંઘ, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, માંડવી જીલ્લા સમિતિ, શ્રી શરાફ મહાજન વગેરે તરફથી માનપત્ર આપવામાં આવ્યા હતા તે ઉપરાંત મુલુંદ ગામ સમસ્ત તરફથી તેમને અભિનંદન આપવામાં આવ્યું હતું. તેમાંના ચોકસ સ્થળે વીરચંદભાઇએ અભિનંદનનો જવાબ વાળતાં પોતાના જીવનના પ્રસંગો ખુલ્લા દીલથી જણાવ્યા હતા. તેનો કેટલોક સાર તથા અન્ય વકતાઓના વિવેચનમાંથી ઉપયોગી ફકરાઓ નીચે પ્રગટ કરીએ છીએ.

કાંદાવાડી સ્થાનકમાં ભાષણ

તા૦ ૨૭-૯-૩૦ રવીવારે શ્રી કચ્છી વિશા ઓશવાળ સ્વદેશી પ્રચાર સભાના આશ્રય નીચે શેઠ વેલજી લખમશીના પ્રમુખપદે મુનિશ્રી ત્રિલોકચંદ્રજીની હાજરી. વચ્ચે શ્રીયુત્ વીરચંદભાઇનું માનનીય ભાષણ

રાષ્ટ્ર અને ધર્મ એ જુદી વસ્તુઓ નથી. સમાજરૂપી શરીરનાં તે અંગો છે. (રાષ્ટ્ર વિના ધર્મ નથી અને ધર્મ વિના રાષ્ટ્ર નથી. રાષ્ટ્રીય જીવન અને ધાર્મિક જીવન માત્ર એટલાં પૂરતાંજ જુદાં પાડી શકાય કે મનુષ્ય પોતાની પરિસ્થીતી અને સંયોગો અનુસાર તે તેમાં પોતાનું પ્રધાન કે ગૌણ સ્થાન શોધી લે.) ધર્મ એટલે સમાજને સુવ્યવસ્થીત રાખવા માટે દેશના સમજી ડાહ્યા અને જવાબદાર માણસોએ શોધી કાઢેલો માર્ગ. આજે આપણા રાષ્ટ્રની શી સ્થિતિ છે ? આપણા ધર્મની શી સ્થિતિ છે ? સુરાષ્ટ્રની સ્થિતિ એટલે જ્યાં માણસની સામે સુંદર આદર્શો હોય અને તે અમલમાં મુકવા માટે તેની સામે કોઇ પણ પ્રકારનાં કૃત્રીમ બંધનો ન હોય અને તે આદર્શોને પહોંચવા માટે સર્વ પ્રકારનાં સાધનો હોય આજે આપણું રાષ્ટ્ર પરતંત્ર છે તેથી આપણી રાજકરણી સ્થિતિ, આર્થિક સ્થિતિ, સામાજિક સ્થિતિ, ધાર્મિક કે આધ્યાત્મિક સ્થિતિ વિગેરેમાંથી મનુષ્યને જે પ્રકારનુ સમાધાન, સંતોષ, આનંદ કે શાંતિ જોઇએ તે મળી શકતાં નથી.

તે બધું કેમ મેળવી શકાય ?

આદર્શ ગૃહજીવન ગાળવા માટે આપણને સ્વતંત્ર રાષ્ટ્ર જોઇશે, અને જ્યારે આપણું ગૃહજીવન શુદ્ધ અને સાત્વિક હશે ત્યારેજ ત્યાગ અને આત્મભોગની વૃત્તિવાળાં મનુષ્યો વિશેષ હશે. આપણે આ દિશામાં જવા માટે યોગ્ય જ્ઞાન મેળવી, યોગ્ય પ્રયાસ સેવવા જોઇશે પ્રથમ તો જેનાથી આપણું રાષ્ટ્ર બંધનમુક્ત થાય તે માટે સ્વદેશીની ભાવના કેળવવી જોઇએ. સ્વદેશી એટલે બને ત્યાંસુધી સર્વાંગ સ્વદેશી પરંતુ જ્યાંસુધી તે ન બને ત્યાંસુધી વસ્ત્રો પૂરતાં સૌ ભાઓ અને બહેનો તેનો સ્વીકાર કરશે. સાદા અને પવિત્ર જીવનને માટે કીંમતી વસ્ત્રોની જરૂર નથી. હાલ જ્યારે દેશ સમસ્ત દુઃખી છે, પરતંત્રતાના પાસમાંથી છુટવા માટે અનેક પ્રકારનાં કષ્ટો સહન કરી રહેલ છે ત્યારે દેશીમાં પણ ભપકો ન જોઇએ; મોજશોખ કે વિલાસ તો નજ હોય મનુષ્ય રાષ્ટ્રની અનેક પ્રકારે સેવા કરી શકે છે. જુલ્મીને હિંસા કરતાં અહિંસાથી વધારે અટકાવી શકાય છે. જુલ્મી કરતાં પણ જુલ્મ સામે આપણો વધારે રોષ છે. આપણે જુલ્મને દૂર કરવો હોય અને દેશને સ્વાતંત્ર્ય અપાવવું હોય તો સ્વદેશીને અપનાવવા બહેનો અને ભાઇઓએ કટિબદ્ધ થવું પડશે.

ધર્મના આચાર્યો સમાજને વધારે દોરી શકે છે તેનું કારણ તેમનો ઉચ્ચ કોટિનો ત્યાગ છે. આદર્શ મનુષ્યો સમાજ પર પોતાની સારી છાપ પાડી શકે છે તેનું કારણ તેમના જીવનમાં મન, વાણી અને વર્તનની એકતા છે. તેનાં શીલ અને ચારિત્ર શુદ્ધ છે એટલે સમાજમાં જેનું સ્થાન ઉંચું તેની જવાબદારી પણ વિશેષ છે. માટે હવે તો આપણો એકજ ધર્મ અને પ્રાપ્ત ધર્મ એ છે કે સ્વદેશને બંધનમુક્ત કરવા માટે બધા ભાઇઓ અને બહેનોએ પોતાની બધી શક્તિ અને બુદ્ધિ તેનો વિકાસ અને પ્રચાર કરવા માટે વાપરવી અને પૂજ્ય મુનિશ્રી ત્રિલોકચંદ્રજી આ દિશામાં ઘણું સુંદર કાર્ય કરી રહ્યા છે તે મારી નમ્ર દ્રષ્ટિએ એક પવિત્ર ધાર્મિક કાર્ય છે અને આપ સૌની દ્રષ્ટિએ તે પવિત્ર ધાર્મિક કાર્ય હશે. હું ઇચ્છું છું કે આપણો દેશ સત્વર મુકત થાય અને તેમાં આપ સૌનો સંપૂર્ણ સહકાર મળે.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના આશ્રય નીચે મળેલી મિટીંગમાં પ્રમુખ તરીકે શેઠ વેલજી લખમશીએ જણાવ્યું હતું કે માનચાંદવાળાને માનપત્રો અપાતાં પણ આજે સરકારના મહેમાન થનારા ભાઇઓને અભિનંદન આપે છે. તે પલટો કરાવનાર વિચારો. મહાત્મા ગાંધીએ મૂકયો. શ્રીયુત્ વીરચંદભાઇ આપણા મટી સમગ્ર મુંબઇના આગેવાન થયા છે. લોર્ડ મેયરને પહેલા શહેરી ગણતા. એટલે કે મ્યુનિસિપલ પ્રમુખને પહેલા શહેરી ગણાતા. હવે તે પણ પાછળ ગણાય છે અને વોર કાઉન્સીલના પ્રમુખ તે મુંબઇના પહેલા શહેરી ગણાય છે.

ઘોઘારી સંઘની મિટીંગમાં રા. મોતીચંદભાઇના ભાષણો.

શ્રીયુત વીરચંદભાઇની વોર કાઉન્સીલના પ્રમુખ તરીકેની ચૂંટણી થઇ એ આપણા માટે ખાસ આનંદની વાત છે. આજે વીરચંદભાઇનું સ્થાન અને હોદ્દો મુંબઇના તાજ વગરના રાજા, જેવો છે. એ સ્થાન એવા પ્રકારનું છે કે તેની જરૂર અદેખાઇ થાય. તેઓ આપણામાંથીજ સામાન્ય અવસ્થામાંથી શરૂઆત કરી ધીમે ધીમે પોતાના બાહુબળથી સારી લક્ષ્મી સંપાદન કરી આપણી કોમનું અનેક રીતે ભલુ કરતા આવ્યા છે અને અત્યારે તેમાંથી આવી મોટી પદવી પ્રાપ્ત કરી તે માટે આપણે મગરૂર થવા જેવું છે. કાઠીયાવાડી તરીકે અને જૈન તરીકે આ હોદ્દાપર આવનાર વીરચંદભાઇ પ્રથમ વ્યક્તિ છે તેમની કારકીર્દી યશસ્વી નીવડો.

ઇટાલીના સરમુખત્યાર સીનોર મુસોલીનીએ ઇટાલીની પ્રજાને નૌકા પરિષદથી પોતે અલગ રહ્યા બાદ પૂછયું કે "સમુદ્ર કોના બાપનો છે" અને જવાબ મળ્યો કે આપણો છે. તેવી રીતે "હીંદ દેશ કોનો છે ?" તે પ્રશ્નનો જવાબ પણ આપણે આપીએ કે આપણા બાપનો છે અને તે સદા રહેવાનો છે. સરકાર ભલે આપણી ધન, દોલત બધું જપ્ત કરે પણ આપણી જમીન તે આપણીજ રહેવાની છે, આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે અત્રે હું વીલાયતની ડીસીપ્લીનના વખાણ કરતો હતો પણ છેલ્લા છ માસમાં આખા હીંદને ફ્રેંચેસે એવી ડીસીપ્લીન શીખવી દીધી છે કે ચાર ચાર લાખની મીટીંગ કે સરઘસોમાં ડીસીપ્લીનનો જરા પણ ભંગ ન થતો જોઇ હું દંગ થઇ ગયો છું. આ ઉત્સાહથી આપણી ગુલામી જરૂર જશે. વીરચંદભાઇને સુતરની માળા પહેરી આઝાદ મેદાનમાં ભાષણ આપતી વખતે જોઇ મને ધાર્મીકપુસ્તકમાં ચોરના વેશમાં ચક્રવર્તીની હકીકત યાદ આવતી હતી અને અગ્રહીત સંકેત અને પ્રજ્ઞાવિશાલાની હકીકત અને અત્યારની મનોદશા સંબંધી સરખામણી કરી હતી અને ધર્મના ઝઘડામાં ન ઉતરવા ભલામણ કરી હતી.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

અર્થ—કામની વાતો !! યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૨ મો. | સંવત ૧૯૮૬ ના આશો વદી ૬. તા૦ ૧૩-૧૦-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

ગોળમેજી પરિષદ્ સામે વિરોધ.

જૈનોની જાહેર સભાના ભાષણો.

ભાઇશ્રી પરમાનંદ કુંવરજી :—આજે જે કે આપણે ગોળમેજી પરિષદ્ સામે જાહેર વિરોધ દર્શાવવા એકત્ર થયા છીએ. છતાં આવતી કાલે વીરચંદભાઇ આપણાથી છુટા પડવાના હોઇને તેમને પ્રેમમય વિદાય આપવાનો પણ આપણા માટે સહેજે પ્રસંગ ઉપસ્થિત થયો છે. આજે જે ગોળમેજી પરિષદ્ સામે આપણે વિરોધ દર્શાવવા એકત્ર થયા છીએ તે પરિષદ્માં આપણો કોઇ જૈન ગૃહસ્થ જતો નથી એ એક રીતે આપણે સંતોષ માનવા જેવું છે છતાં આજે જૈન સમાજ દેશ સમસ્તના રાજકારણમાં પુરો રસ લઇ રહેલ છે અને રાષ્ટ્રીય મહાસભાને પુરો સાથ આપે છે એ દર્શાવવા માટે આવી સભા ભરવાની ખાસ આવશ્યકતા છે ગોળમેજી પરિષદ્માં ભાગ લેવા સંબંધમાં મહાત્મા ગાંધીજી તેમજ અન્ય દેશનેતાઓએ ત્રણ શરતો મુકી હતી (૧) ગોળમેજી પરિષદ્ ખાલી ચર્ચા કરવા માટે બોલાવવી ન જોઇએ પણ સંસ્થાનિક સ્વરાજ્યનું બંધારણ નક્કી કરવાના નિયત ઉદ્દેશપૂર્વક બોલાવવી જોઇએ (૨) સંસ્થાનિક સ્વરાજ્ય એટલે અન્ય સંસ્થાનો સાથે સંપૂર્ણ સમાનતા અને જ્યારે ઇંગ્લાંડ કે હિંદને મહારાજ્ય મંડળમાંથી છુટા પડવાની ઇચ્છા થાય ત્યારે બન્ને પક્ષને છુટા થવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ. (૩) દેશના નામે અત્યાર સુધી અને હવે પછી થનારા દેવાની યોગ્યતા અને જવાબદારી નક્કી કરવા માટે સ્વતંત્ર પંચની નીમણુક થવી જોઇએ. આ સામે સરકારનો આટલી બધી લડત અને આત્મભોગ આપ્યા છતાં શું જવાબ હતો ? સરકાર તો એકજ વાત કહેતી રહી કે સવિનય ભંગની હીલચાલ બંધ કરો અને પોતે જેવો ભરવા ધારે છે તેવી ગોળમેજી પરિષદ્માં ભાગ લ્યો. કયો સ્વમાની હિંદી આવી પરિષદ્માં ભાગ લઇ શકે ? આવી અસ્પષ્ટ સ્થિતિ ઉપર આવો ભારત વ્યાપી સંગ્રામ કેમ અટકાવી શકાય ? રાજ્યનીતિ અને છળ પ્રપંચમાં કુશળ સરકાર સાથે પુરી ચોખવટ કર્યા સિવાય એક પણ પગલું ભરવામાં કેવળ જોખમ ખેડવા જેવું છે અને મેળવેલું બળ ગુમાવવા જેવું છે. આ કારણે મહાસભાએ ગોળમેજી પરિષદ્નો સચોટ વિરોધ કર્યો. જે પરિષદ્માં આખા દેશની ખરી પ્રતિનિધિ સંસ્થા ભાગ લેવા ના પાડતી હોય તે પરિષદ્નો કશો અર્થજ નથી એ સ્પષ્ટ હોવા છતાં સરકારે નીમેલા કેટલાક ગૃહસ્થો આજે પ્રસ્તુતઃ પરિષદ્માં દેશના નામે ભાગ લેવા અને દેશનું ભાવી નક્કી કરવા પડયા છે તેઓએ આવા કટોકટીના વખતે દેશનો ભારેમાં ભારે દ્રોહ કર્યો છે. આવી પરિષદ્ અને તેમાં ભાગ લેનારાઓને વખોડી નાંખવા અને ચાલુ લડતને પુર જોસથી આગળ ધપાવવી અને યુદ્ધ લંબાવાને લીધે જે કાયરતાના ચિન્હનો આજે ક્ષિતિજ ઉપર છુટાં છવાયાં દેખાવા લાગ્યાં છે તે કાયરતાને ભેદીને અન્તિમ ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી વર્તમાન સંગ્રામને સતત બલિદાનો વડે વધારે ને વધારે ઉગ્ર બનાવવો એજ આપણો આજે ખરો રાષ્ટ્રધર્મ છે.”

શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ :—ગોળમેજી પરિષદ્ના પોલાણ વિષે લાંબુ વ્યાખ્યાન કરવાની હવે જરૂર નથી. સરકારની છળબાજીનો આ નવો દાવ છે અને આપણા કમભાગ્યે આપણા કેટલાક દેશબંધુઓ મહાસભાની અવજ્ઞા કરીને તેમાં ફસાયા છે તેઓ જેવા જાય છે તેવાજ પાછા આવવાના છે. મુંબઇએ આ સંબંધમાં સચોટ વિરોધ દર્શાવ્યો છે અને આખી સુધરેલી દુનિયા આ ધાંધલથી વાકેફ થઇ છે. આવી પરિષદ્ સામે વિરોધ દર્શાવવા માટે જૈન બંધુઓ એકત્ર થાય છે તેથી મને ખૂબ આનંદ થાય છે. જો આપણે અહિંસાને વિશાળ અર્થમાં સમજીએ અને અત્યારના રાષ્ટ્રસેવકના જીવનને વધારે બારીકાઇથી નીહાળવા પ્રયત્ન કરીએ તો આ યુધ્ધ ખરી રીતે જૈનોનુજ છે અને અત્યારનો રાષ્ટ્રસેવક એ એક રીતે જૈનજ છે એમ આપણને લાગ્યા વીના ન રહે. કારણ કે જૈનને જૈનત્વ ધારણ કરવા માટે જે જે ગુણોની અપેક્ષા હોય છે તે સર્વ ગુણો એક સાચા રાષ્ટ્રસેવકમાં એટલાજ પ્રમાણમાં અપેક્ષિત છે. આજની લડાઇ અહિંસા અને સત્ય ઉપર નિર્ભર ઉભી છે; આજના રાષ્ટ્ર સેવકને જેલ સ્વાભાવિક જીવન થઇ પડયું છે અને જેણે રસાસ્વાદને જીત્યો છે; કઠણ જીવન સ્વીકાર્યું છે; વ્યસનોથી જે દૂર છે; સંયમ જેની સર્વ પ્રવૃત્તિઓનો સુર છે. ગમે તેવાં કષ્ટો અને પ્રહારો પડતાં જે સમભાવ જાળવી શકે છે અને સત્ય પ્રતિજ્ઞાને વળગી રહે છે તેને મન જેલ મહેલ જેવી છે. તેજ ખરો રાષ્ટ્ર સેવક છે અને આનું નામ જૈનત્વ નહિ તો બીજું શું છે ? જૈનને ઉચનીચનો ભેદ ન હોય; સર્વ પ્રત્યે પ્રેમ અને આદર હોય. રાષ્ટ્ર સેવક પણ આજે અસ્પૃશ્યના ઉધ્ધારમાં હિંદુ મુસલમાનની એકતા સાધવામાં ઓતપ્રોત છે. દારૂનિષેધ પ્રવૃત્તિ જેટલી રાષ્ટ્ર સેવકને કર્તવ્ય છે તેટલીજ જૈનોને કર્તવ્ય છે અને ખાદી એ વસ્ત્ર સંબંધમાં અહિંસા ધર્મમાંથીજ નિપજતો એકાન્ત વ્યવહાર ધર્મ છે. રાષ્ટ્ર સેવક પણ રાગદ્વેષને જીતવાના છે અને જૈનના જીવનનું તો એજ મુખ્ય ધ્યેય છે. આ રીતે જૈન ધર્મ અને વર્તમાન રાષ્ટ્ર સેવા મને તો એટલા બધા ઓતપ્રોત થયેલા દેખાય છે કે આ લડાઇ જૈનો એ પોતાનીજ છે એમ સમજીને ઉપાડી લેવી જોઇએ અને અન્ય વર્ગો સાથે પોતાથી બને તેટલો ફાળો આપી સ્વતંત્રતા સર કરવી જોઇએ આજે તમને હું સાંપ્રદાયિક દૃષ્ટિથી બને તેટલા છુટા થઇને બધું જોતાં સમજતાં અને આચરતા શિખવાનો આગ્રહ કરું છું તમારા આગેવાનોને પણ એજ કહું છું કે જૈન ધર્મના મુખ્ય સિદ્ધાન્તો આજે જગત્ સાંભળવા અને ઝીલવા બહુ આતુર છે પણ તે તમે જૈનધર્મ ફેલાવવાના બહાને લોકોને સંભળાવવા જશો તો કોઇ નહિ સાંભળે પણ સામાન્યપણે દેશના અને વિશ્વના કલ્યાણ કાર્યમાં આ સિદ્ધાન્તોની શી ઉપયોગિતા છે એ દૃષ્ટિએ અહિંસા—સત્ય—બ્રહ્મચર્ય—અપરિગ્રહ આદિભાવનાઓનું સ્વરૂપ જે રીતે તમને જૈનધર્મે સમજાવ્યું છે એ રીતે સામાન્ય જનતા આગળ સાદી ભાષામાં રજુ કરશો તો તેનો જગત્ ખૂબ આદર કરશે એવી મારી ખાત્રી છે.”

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् हरिभद्रसूरि.

અર્થ-કામની વાતો !!

ગુજરાતના આંગણે આજે શું ચાલી રહ્યું છે! અભણ તરિકે ઓળખાતા છતાં ભણેલાને પણ દાંત કરડવા પડે તેવી નિઠરતા દાખવનારા ખેડુતો આજે જે આદર્શ રજુ કરી રહ્યા છે એ સદીઓ સુધી ભુલાશે નહીં. પ્રતિજ્ઞા પાલન ખાતર–સાચી ટેકની રક્ષા સારૂ–આજે તેઓ વ્હાલા વતનની કે હાટ હવેલી કિંવા જીવન સાથીસમા ખેતરને છોડવાની પાછી પાની કરતા નથી. આ ભોગો ધરી દેનાર પ્રજા સામે માલ, મિલ્કતની ખુવારી, લાઠી બંદુકના પ્રહારો આદિ કંઈ કંઈ પ્રકારની હાડમારીઓ નજર સામે ખડી છે. ન્યાયના નામે ભજવાતા આ ફારસ પ્રતિ ગ્રામ્યજનતા તરફથી આંગળી સરખી ઉંચી કરવામાં આવતી નથી. ઘડીભર એમ પણ નથી થતું કે મારી આજ્ઞવિકાના આ સાધનો નષ્ટ પામતાં હું શું કરીશ ને શું ખાઈશ? આત્મવિશ્વાસ ને પ્રભુ શ્રધ્ધા વગર આટલું વીર્ય ભાગ્યેજ ફોરવાય! આછો અભ્યાસ કે અલ્પ માત્ર જ્ઞાન આજે આચરણમાં કેવું દીપી નિકળે છે! ધર્મ પણ વાતોથી નથીજ શોભતો. એની શોભા તો વર્તનપર અવલંબે છે.

જૈન સમાજ ધિરજથી વિચારશે તો જણાશે કે આ બધા શિક્ષાસુત્રો એના ઘરના છે. અર્થ–કામને પણ જૈન ધર્મ પુરૂષાર્થજ માને છે. એના સાહિત્યમાં અર્થની ઉપાસના કરી વિપુલ દ્રવ્યાર્જન કરનારાને ધર્મ કે દેશની સેવામાં વાપરનારાના નામો સંખ્યાબંધ જડે તેમ છે. કામ તૃપ્તિમાં જીવનનો મોટો ભાગ વ્યતીત કરનારા પણ એજ સાહિત્યના પાને શોભે છે. એમની જ્ઞાનદશા સતેજ થતાંજ પુરૂષાર્થનું સુકાન બદલાઇ જતાં વિલંબ થતો નથી. એવાઓએ પોતાને નામે અનેરો ફાળો નોંધાવેલો છે તેથીજ 'कम्मे शूरा धम्मे शूरा' જેવું સુત્ર પ્રચલિત થયું છે. આ લખવાનું તાત્પર્ય એટલુંજ છે કે અર્થ–કામની વાતો કરનારા સાવ ધર્મથી વિરૂદ્ધ છે એમ કહેવામાં જરા પણ ડહાપણ નથી. ધર્મ વસ્તુજ એવી છે કે એનો બાહ્ય પદાર્થો સિવાય આંતરિક દ્રવ્યો સાથે વધુ સંબંધ છે. અમુકમાંજ ધર્મને સમાવી બેસવું એ સમજીતું લક્ષણ નથી. સાચો લાગી સંસારના કાર્યો સામે ઉપેક્ષા ધારણ કરી સ્વઆત્મ કલ્યાણના માર્ગે રકત રહે. પણ જો તેનાથી એમ નજ બની શકતું હોય તો તે એટલું અવશ્ય સમજી રાખે કે પોતે હજી પ્રમત ગુણસ્થાનકે વર્તે છે. એટલે સ્વાર્થ સાધવાની સ્પૃહા સિવાય જે માર્ગે શ્રાવકવર્ગનું–સારી જનતાનું શ્રેય સધાતું હોય, જે દ્વારા શાસન જયવંતુ વર્તે તેમ હોય, તેને લગતો ઉપદેશ અવશ્ય તે આપે માત્ર મનમોજીપણે અર્થ–કામના નામે ભાગતો ફરે તેથી તે ધર્મ પુરૂષાર્થ સાધે છે એમ નહીંજ કહી શકાય. ભૂતકાળમાં જૈન સમાજની જે ઉન્નતિ હતી તેનું કારણ તે સમયના પ્રભાવિક પુરૂષોનું દીર્ઘદ્રષ્ટિપણું હતું. તેઓએ મૂળ સિધ્ધાંતને જરા માત્ર ક્ષતિ પહોંચાડયા સિવાય અવાંતર સાધનો વડે ધર્મ પ્રચાર કરવામાં ને સંખ્યા વધારવામાં કચાશ રાખી નથી. ઘેર ઘેર બોધના કિરણો પહોંચાડવા માટે તેઓએ પરિશ્રમ સેવી પ્રભુ વચનોને દેશકાળને ઉચિત ભાષામાં વણી નાંખતા વાર લગાડી નથી. નવસર્જન કરવામાં મૂળ વસ્તુને કાયમ રાખી કલ્પના સૃષ્ટિમાં યથેચ્છ ઉડ્ડયન કર્યું છે. ભૂતકાળની ઉજ્વળતા એનેજ આભારી છે.

પણ આજે કરવાનું તો દૂર રહ્યું; પણ જે કરી રહ્યા છે તે સામે પથરા ફેંકાય છે. રચનામાં કૌશલ્ય ન દર્શાવતાં ભાંગફોડમાં એના પડઘા પડે છે. જૈન સેવવાને સ્થાને વગર વિચારે થુંક ઉરાડા કેવળ ધર્મના નામે વગોવણા કરાવવાના વૃથા યત્નો, ઘેલા ભકતો સામે ભજવાય છે. સાચી તાકાત હોય તો આજે પ્રાચીન સાહિત્યને ચાલુ યુગને અનુકુળ ભાષામાં ગુંથી શા સારૂ ઉગતી પ્રજા સામે ધરવાના યત્ન નથી આરંભાતા. ગાંધીજીની આત્મકથા કે સૌરાષ્ટ્રની રસધાર લોકો હોંસે હોંસે વાંચે તો તેવીજ શૈલીમાં કેમ? આપણા બાલાના પ્રકાશનો ન તૈયાર કરવામાં આવે? ચાલુ યજ્ઞમાં શૌર્ય પ્રેરે તેવા કિસ્સાઓનો ઉદ્ધાર કરી જૈન સમાજમાં પ્રાણ પ્રેરણા કરવા સારૂ આ સોનેરી તક છે. અફસોસ માત્ર એટલોજ છે કે આવા મોંઘેરા સમયે અમારા આગમ ઉદ્ધારકો અને પ્રવરપણાના દાવાદારો ધર્મદેશના વેળા જગતભરની એક મહાન વ્યક્તિ પ્રતિ થુંક ઉરાડવાનું કાર્ય આદરી બેઠા છે. એમના ભકતો છાપામાં પટ્ટધરની ચર્ચાના પુરાણ પ્રકાશી રહ્યા છે. આટલું પછડાયા છતાં, તેમની ચક્ષુઓનું ઘેન ઉતર્યું નથી. હજી પણ તેમનું જગત્ એટલે તેમની સોસાયટી અને શાસન પ્રેમ એટલે 'વીરશાસન' છાપાની લેખમાળા સમજ્યા છે! જે કાળે દેશ સમસ્ત નવી રોશનીમાંથી પસાર થાય છે તે કાળે આ ધર્મના ઠેકેદારો અર્થ–કામની તા પાડવાનો દંભ સેવતાં છતાં માત્ર પદવીની લાલસા ને માનની મધલાળમાં આળોટી રહ્યા છે!

શેઠ જીવાભાઈ પ્રતાપશીને બીજી ચેલેંજ.

ફ્રેન્કફર્ન્સ ઉપર શેઠ જીવાભાઇએ કરેલા આક્ષેપના સંબધમાં 'જાણકાર' મુંબઇ સમાચારમાં નીચે મુજબ જણાવે છે.

"જુન્નેર અધિવેશન સંબંધે સત્તાવાર ખુલાસાઓ પ્રકટ થઇ ગયા છે એટલે ફરી એજ વાત કરવામાં કંઈ સાર નથી અને બધી હકીકતો પણ જાણ્યા પછી સમજી વર્ગે તો કયારનોયે નિર્ણય કરી લીધો છે. પ્રતિનિધિ ન હોવા છતાં તેના ટીકીટો મેળવવા આગ્રહ કરવો અને ચુંટાઇ આવેલ હોય તેમણે ટીકીટો ન લેતાં ધાંધલ મચાવવામાં આવે તો તેવા ટીકીટ ન ધરાવનારાઓને અટકાવવામાં ન આવે તો શું બને? કાયદાસર ચુંટાઇ આવેલ અને ટીકીટ લીધેલ પ્રતિનિધિઓને અટકાવવામાં આવ્યા હતા તેનું લીસ્ટ મહેરબાનીની રાહે શેઠ પોતે ખરા હોય તો પ્રગટ કરવું જોઇએ."

ફ્રેન્કફર્ન્સ જેવી સંસ્થા ઉપર ખોટા આક્ષેપો કરવા તે સજ્જન માણસનું કર્તવ્ય હોઇ શકે નહિ. જો આક્ષેપો સાચા હોય તો જાણકારે માંગેલું લીસ્ટ શેઠ સાહેબ શા માટે પ્રગટ કરતાં નથી. શેઠ જીવાભાઇએ કયાં તો તે હકીકત પાછી ખેંચી લેવી જોઇયે અગર તો લીસ્ટ પ્રગટ કરવું જોઇયે કે આટલા આટલા માણસોને હક હોવા છતાં ટીકીટો મળી નથી. સ્ટેન્ડીંગ કમીટી શા માટે આ બાબતનો વિચાર કરતી નથી.

શ્રી ?

સખી! ઉભરે વિચાર વાણી વર્તને;
સમભાવ કેરાં મીઠાં એ વ્હેણજ્યે—
આત્મન્ રમે સમભાવમાં.

* * *

જગતે નહિ જોએલું અને ઇતિહાસમાં નહિ નોંધાએલું એવું અપૂર્વ ધર્મયુધ્ધ આજે હિન્દ લડી રહ્યું છે. આ ધર્મ-યુધ્ધ બીજાના દેશ પચાવી પાડવા માટે, કોઇપણ અન્ય પ્રજાને ગુલામ બનાવવા માટે, પોતાના વેપાર ઉદ્યોગને ખીલ-વવા માટે, વેચાણના બજારો હાથ કરવા માટે કે ધર્મ પ્રચા-રના ઝનુનથી નથી મંડાયું, પણ જગત જુની એકપ્રજા-દેશદેશની મધુરીમૈયા—ભારતી—ના પુત્રો—એ 'અમારો દેશ અમારો છે અને એ અમારા માટેજ રહેવો જોઇએ' એ જન્મસિધ્ધ હકને સાબીત કરવા માટે માંડયું છે.

અને આ યુધ્ધની પ્રેરક એ વિશ્વવંદ્ય વિભુતિએ પ્રજાના હાથમાં અહિંસા અને સત્યનાં શસ્ત્ર મુકી પ્રેમ અને શૌર્યનાં કવચ પહેરાવ્યાં છે. સામાને અભયદાન આપવાના અભિગ્રહ લેવડાવી સહન કરવાના પાઠ શીખવાડયા છે—બલિદાનનાં—ખપી જવાની ભાવનાનાં—પ્રેરણામૃત પાયાં છે. અને એ અમૃત પી પ્રાણને અમર બનેલાં ભારતનાં સંતાનો—સત્યાગ્રહી સૈનિકો—યુદ્ધમાં અણનમ રહી બલિદાન આપી રહ્યાં છે. એટલે આ યુધ્ધને યુધ્ધ કહેવા કરતાં મુક્તિયજ્ઞ કહેવો એજ વધારે ઉચિત નથી?

—પણ આ યજ્ઞમાં આહુતિ બનવાની તત્પરતા દાખવ-નારને જગતનાં ચોકમાં ઉભી સમાનતાની બાંગ પુકારનારનું ન્યાય શાસ્ત્ર ગુન્હેગાર ગણે છે—'સ્વદેશ પ્રેમને' ધર્મ માનનારા શાસકો શાસિત પ્રજાના 'સ્વદેશ પ્રેમ' ને ગુન્હો ગણે છે. એ શું સુચવે છે?

* * *

મુડી અને મજુરીનો સંગ્રામ હવે તો વિશ્વવ્યાપી બની રહ્યો છે. આર્થિક અસમાનતામાંથી ઉદ્ભવતો અસંતોષનો દાવાનળ પ્રથમ રશીઆમાં ફાટી નીકળ્યો—રાજમુકુટ ધુળમાં રોળાયો અને આર્થિક સમાનતાનાં બીજ રોપાયાં. ત્યાર પછી તો પૃથ્વી સૂર્યની આસપાસ દશ બાર આંટા ફરી ચૂકી અને એ અરસામાં તેણે પોતાની વિનાશક અને સર્જક શક્તિની પ્રત્યક્ષ પ્રતિતી જગ-તને આપવા છતાં મુડીવાદીઓની આંખ ઉઘડે છે ખરી? આર્થિક અસમાનતા વિશ્વમાંથી કયારેય અલોપ થવી શકય હોય કે ન હોય તો પણ જેનો ઉત્પાદનમાં સારામાં સારો હિસ્સો છે તે શક્તિની અવગણના કરવી એ પણ યોગ્ય છે ખરી? અને છતાંય પોતાના બાજબી હકકો માટે—એક મનુષ્ય તરીકેની જરૂરીઆતો સહજીવી શકે તે માટે—લડના-રને મુડીવાદે નિર્દોષ માન્યા છે ખરા?

* * *

ત્યાગ—સન્યાસ—માર્ગ એ સર્વદા શ્રેષ્ટ અને વંદનીય છેજ. વ્યકિતગત જીવન વિકાસ સાધી જનતા જનાર્દનના ચરણે જીવન સમર્પણ કરનારાઓના ચરણે જનતા પોતાની સર્વ સમૃધ્ધિ સમ-ર્પણ કરવા આતુર હોય એ સ્વાભાવિક છે. પરંતુ જ્યારે એ ત્યાગની પરંપરામાં સડો દાખલ થાય છે—ત્યાગી, જગતને આદર્શરૂપ અને પ્રેરણા આપનાર બની રહેવાને બદલે, સાત્વિક ભાવે સત્યનું નિરૂપણ કરવાને બદલે, અહંભાવથી પ્રેરાઇ શબ્દ માત્રને સત્ય તરીકે સ્વીકારવામાંજ કલ્યાણના દરવાજા ખુલી જવાની પ્રતિતી આપવા તૈયાર થાય છે, ત્યારે માનવ સહજ નિર્બળતા ધાર્મિક જીવનમાં સડો દાખલ કરે છે અને અનર્થોની પરંપરા ઉભી થાય છે. એ અનર્થોને નિવારવાના પ્રયત્ન—વિનતીરૂપે, દલીલરૂપે, કે સૂચનારૂપે—ને નાસ્તિકતાનું ચિન્હ ગણી તેને દબાવી દેવાના ધમપછાડ થાય છે. ગાડર પ્રવાહ વગર મહેનતે સ્વર્ગનાં દ્વાર ખુલી જવાની લાલચે 'વિકારી માનસ' ની પાછળ અંધશ્રધ્ધા રાખી, નહી દેખાનારની સહાયે ખેલાતા પ્રપંચો અને દાવપેચમાં સાધનરૂપી બની જાય છે. અને 'ધર્મ' એ વિકાસનું સાધન મટી કેવળ 'શબ્દનાં યુદ્ધ' ખેલનાર પાખંડીઓ માટે એક હથીઆર બની રહે છે. યૌવન, આ અનિચ્છનીય સ્થિતિ સહાયે બંડ પોકારે છે ત્યારે સ્વર્ગ અને નર્કના જુદા જુદા દરવાજાની કુંચીઓના ઝુડાને હાથમાં ખખડાવતા એ દ્વારરક્ષકો ઝનુની બને છે અને ધર્મપ્રચારના ઝનુનમાં જે ઘોર અત્યાચારો ખેલાયા છે, તેની પુનરાવૃત્તિઓ પોતાની સરી પડતી સત્તાને કાયમ રાખવા—પોતાના અનુયાયી-ઓને પોતાની આજ્ઞાના ગુલામ બનાવી રાખવાને માટે એ કહેવાતા 'ધાર્મિક જીવન'ના રક્ષકોને હાથે થઇ છે; અને થાય છે. એ હકીકતો શું હજુય જગતથી અજાણી છે? અને આ અત્યાચારો સહન કરીને પણ સત્યને સ્થાપિત કરવાના પ્રયત્નો કરનારના યશસ્વી અને પ્રેરક જીવન જગતના ઇતિહાસમાં—ખાસ કરીને ભારતના ઇતિહાસમાં—મલવાં અહુ સુલભ છે.

—અંધશ્રદ્ધાના જોર પર નભતી પોપશાહી કે સત્તાના બળે ચાલતી રેસ્પુટીનશાહીનો પ્રજાના પ્રચંડ પ્રકોપે વિનાશજ કર્યો છે. એ હકીકતો તો આજે સાદી વાતો બની ગઇ છે. આજના પોપજીઓ આમાંથી કંઈ પણ ધડો નહીજ લે?!

* * *

'આપણે સૌ કલ્યાણ ધામના પ્રવાસી છીએ અને પ્રત્યેક પ્રવાસીને પોતાનો પંથ પોતાનેજ કાપવાનો છે' એ લક્ષ્યમાં રાખી ત્યાગીઓ આદર્શરૂપ બની માત્ર પ્રેરકજ બની રહેતો?

* * *

"પ્રસન્ન દેવતા રહે, ત્યાં સન્માન પામે સુંદરી" એ વાકય ઉચ્ચારનાર ભગવાન મનુ બીજી બાજુ ઉચ્ચરે છે કે: "સ્ત્રી સ્વતંત્ર હોઇ શકેજ નહી." અને આ પૂજ્ય પૂર્વજે આપેલી શીખામણનો વારસો આપણે વંશપરંપરા લગભગ આજ દીન સુધી બહુ કાળજીપૂર્વક નથી સંભાળી રાખ્યો એમ કહેવાને કોઇ તૈયાર છે ખરૂં? અરે! એ મનુના નામે અને તેના સૂત્રના આધારે આપણા સમાજના સત્તાધીશોએ અને આપણી નીતિના રક્ષક હોવાનો દાવો કરનારા ભદ્રંભદ્રોએ શીખામણના સુત્રો, વટહુકમો અને મર્યાદાઓ મુકીને 'એ શકિત'ને 'અબળા' બનાવવામાં શી બાકી રાખી છે! અને એ ભય કર ભુલનાં માઠાં પરિણામ આપણે ભલે ભોગવ્યાં હોય એ પાપનું પ્રાયશ્ચિત તો સમાજે કરવું બાકીજ છે.

—અને 'શિખામણના સુત્રો' ભૂલી જઇ 'વટ હુકમો'ની સામે માથું ઉંચકી, મુકેલી 'મર્યાદા'ઓને ઓળંગવાનો પ્રયત્ન કરનારને મનુષ્યની ગણત્રીમાંથી પણ બાદ કરવાનું બની શકે તો તેમ કરવાને પણ ન ચુકનાર એ મહાન નીતિવાદીઓ (?) જ્યારે આજે ઘરને ખૂણે આંગણીના વેઢા ગણે છે, ત્યારે એજ જાગ્રત બનેલી શકિતઓ સમરાંગણમાં મોખરે ઝુઝે છે. આ શું સૂચવે છે?

—"માતાઓના પયપાનમાં જ્યારે બાળકો સ્વાતંત્ર્યનાં પાન કરશે; ભગિનીઓના સ્નેહ—ઉમળકામાં બંધુઓને સ્વાતંત્ર્યની સુવાસ મળશે; પત્નિની પ્રેમ ભરી દ્રષ્ટિમાંથી પતિ સ્વાતંત્ર્યની પ્રેરણા પામશે; અને પુત્રિઓના હાસ્યકલ્લોલમાં પિતાઓ જ્યારે સ્વાતંત્ર્યના મોજાઓ નિહાળશે ત્યારે અને ત્યારેજ 'સ્વાતંત્ર્ય ભારત' એ સ્વપ્ન સાચુ હશે!"

* * *

આપણા સામાજીક જીવનને રૂંધી નાખતા પ્રશ્નોના ઉકેલ માટે, સમાજને પોતાના ભચરડાથી ભીંસી રહેલી બદી-ઓના વિનાશ માટે, પ્રગતિને અવરોધનાર રૂઢીઓ અને રિવાજોમાં પરિવર્તન લાવવા માટે, સમાજનો એક ભાગ સામુદાયિક બળ કેળવી માથું ઉંચકે તે પહેલાં આપણા સમાજના એ થઇ બેઠેલા સત્તાધારીઓ નહીજ ચેતે?!

—'આત્મવત્ સર્વ ભૂતેષુ' એ ભાવનાને જગત્ જેટલે દરજ્જે પચાવશે તેટલેજ દરજ્જે 'વિશ્વશાન્તિ' શકય બનશે એ સાચું નથી?

11/10/30. — FEDIST.

આ તે સાધુની ભાષા કહેવાય?

જૈન દર્શન રથના ધરી રૂપ અનેકાંતવાદ પ્રાણીને સમજવો ઘણો કઠીણ છે. સમજવા છતાં તે પચાવવો એ બહુ મુશ્કેલ છે અને સંકુચિત મનોદશાવાળા પ્રાણીની બુદ્ધીમાં એનું યથાર્થ સ્વરૂપ ઉતરવું એ તો અધીકતર દુષ્કર છે.

જ્યારે અસદ્‌ગ્રહી મીથ્યાભીમાની ક્ષુદ્ર પ્રાણી? અથવા અયોગ્ય પાત્ર? સંતપુરૂષોનેજ યોગ્ય એવા પવિત્ર ધર્મસિનપર બેસી તેનો નીર્દેશ જે ભાષામાં કરે છે ત્યારે તે શ્રોત થયા પછી હાલની પરીસ્થીતીના અંગે વીવેકી ધર્મીજનોના હૃદયમાં આઘાત થયા વીના રહે નહી.

થોડા દીવસ પહેલાં મ્હારા મીત્રના આગ્રહથી લાલબાગમાં વ્યાખ્યાન સાંભળવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું. ત્યાં શાસ્ત્રના નામે ધર્મવ્યાખ્યાનમાં કેવા કેવા શબ્દોનો પ્રયોગ થાય છે તે સાંભલ્યા પછી જૈન શ્રમણોના શ્રીમુખે? આવા મધુરા શબ્દનો વચન પ્રવાહ? શ્રોત થવાનો જીંદગીમાં પ્રથમ અનુભવ થયો.

હા? પ્રખર વકતાનું જે શિરદ તેઓશ્રીને તેમના અનુયાયીઓ તરફથી આપેલ છે તે બીજા સુ અર્થમાં યથાર્થ હોય તેમ જણાય છે

લાલબાગના પ્રખરજીના પ્રવચનના શબ્દ લાલીત્યની મધુરતાના જે શબ્દો મને શ્રુત થયા છે તેમાના થોડાક નમુના અત્રે ટાંકુ છું.

પ્રખરજી ઉવાચ:

"કેટલાક મુર્ખાઓ, બેવકુફો, ઉલ્લુઓ ક્રીયામાં શુન્ય "હોય છે અને પરણતી (ભાવ) ને પ્રાધાન્ય ગણી તેઓ "ક્રીયા કરતા નથી. આવા મુર્ખાઓ, બેવકુફો અને ઉલ્લુના "સરદારો કેટલાકો આપડામાં છે વીગેરે વીગેરે કહી આવી મધુર શબ્દ ધ્વનીમાં જેને ઉદ્દેશીને શ્રીજીને હમેશા તસ્દી લેવી પડે છે તેઓને માટે ઠીક ઠીક એક કલાક સુધી પુરૂષાર્થ કરી સ્વહૃદય શાંતિ કરી.

આ પ્રખરજીને બાળબ્રહ્મચારી! કે જેઓના બ્રહ્મચર્યના ઓજશની પ્રતીભા! જગતને આશ્ચર્ય પમાડે? તે પ્રખરજીનો આત્મા કષાયોથી કેટલો લીપ્ત છે તેનું ભાન વીવેકી શ્રોતાઓને તો જરૂર થયા વીના રહે નહી. પણ સમાજમાં જી લક્ષ્મે કરનાર આજીવીકા પોષી આટુઓ, તથા અસત્ય કીર્તી ક્ષુધાનું તત્વ આવાઓનું પોષણ કરનાર તેમજ અનુમોદન કરનાર થોડો સમુહ સમાજમાં છે એ હાલની પરીસ્થીતીમાં સમોજનું દુર્ભાગ્ય છે. પરમાત્માની કૃપાથી તે જલ્દી સુધરે.

જૈન શાસ્ત્રોમાં તો ભાષા સમીતી માટે બહુ બહુ લખવામાં આવેલ છે. વચન ગુપ્તી માટે ઘણું કહેવાયું છે. તેમાં સાધુની ભાષા તો સૌમ્ય, સુમધુર અને પરીમીત હોય કે જે ભાષાથી આતતાયી પણ શાત થાય.

શાસ્ત્રમાં ભાષા સમીતી અને વચન ગુપ્તી માટે બહુ કહેવાયું છે તે પ્રખરજી ધ્યાનમાં લઇ જીભડી કાબુમાં રાખશે તો તેટલે અંશે તેમના આત્માનું કલ્યાણ છે.

શુદ્ધ ભાવે આટલું લખેલું તેમના માટે કલ્યાણરૂપ થાઓ એમ ઇચ્છતો શીવમસ્તુ.

શિવલાલ લવજી શાહ.

નેમુભાઇની વાડીનો કિસ્સો.

સુરતથી રા. રા. શેઠ લખી જણાવે છે કે:—

નેમુભાઇની વાડીના ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલ એક સાધુને માળીકૂળીઆ ઉપાશ્રયની એક સાધ્વી વચ્ચે કેટલોક વખત થયાં રાત્રે હલ્લે જવા નિમીત્તે અયોગ્ય વર્તાવ ચાલતો હતો. મજકુર સાધુને સાધ્વી વચ્ચેનો અયોગ્ય સંબંધ સુધારકો ને તટસ્થોએ નજરોનજર જોયો. તેમણે સોસાયટીવાળાઓને એ વિષે ઘટતી વાત કરી, છતાં તેમને પ્રતીતી ન થઇ એટલે બધુયે દ્રશ્ય બરોબર દેખાડાવાયું. આ રોમાંચક ફોટાના ફોટા પણ લેવાયા. આ ફોટાથી સોસાયટીવાળાઓના દુર્ગમાં મોટું ગાબડું પડયું છે. તેમનું પ્રચારકાર્ય અટકી પડયું છે. વ્યાખ્યાન સીવાય સ્ત્રીઓએ ન આવવાનાં પાટીઆં ખાસ મારવાની જરૂર પડી છે.

પાટણનો જૈન ઝવેડો.

જ્યારે વીરોધીઓ ઇચ્છા વીરૂધ્ધ મામલો જાય ત્યારે તેઓ સ્વભાવીકજ ઉચા નીચા થાય પરીણામે તેઓ જુઠાણા ફેલાવે તેમાં કસી નવાઇ નથી પણ અમારે દીલગીર થવા જેવું કશું નથી "પાટણનો સાચો જૈન"ના નામધારીએ છુપા રહી યુવક સંઘને જાહેરમાં ઉતારી પાડવા કેવળ ઇરાદાપુર્વક હળાહળ જુઠો, દ્વેષથી ભરેલો ઉપરના મથાળાવાળો એક ફકરો મુંબઇ સમાચાર તા૦ ૪-૧૦-૩૦ ના પાના ૬ ઉપર છપાવ્યો છે જાહેરની જાણ ખાતર અમારે ખુલાસો કરવો પડે છે:—પાટણમાં યુવક સંઘની મિટિંગ શ્રાવણ વદી ૯ ને દીવસે ભેગી થયેલી છેજ નહી તેમજ આ નામધારીના લખાણ પ્રમાણે કશું યુવક સંઘને લાગતું વળગતું નથી. પાટણની બીજી સંસ્થાઓ પ્રમાણે આ પણ એક સંસ્થા છે. નગર શેઠ પોપટલાલ હેમચંદ આ સંસ્થાના મેમ્બર પણ નથી, પાટણમાં રહેતો અને પોતાને સાચા જૈન તરીકે ઓળખાવતો આ લેખક શા માટે જૈન જનતાને ઉંધા પાટા બંધાવી યુવક સંઘ સંબંધી સમાજમાં ગેરસમજ ઉભી કરતો હશે અને પોતાનું નામ જાહેરમાં આપતાં બ્હીતો હશે તે સમજાતું નથી. આથી જૈન સમાજને અમો જાહેર કરીએ છીએ કે આવા પુરી નીકળેલા નામધારીઓના લખાણો ઉપર કોઇ જાતનો વિશ્વાસ મુકતાં પહેલાં સંપૂર્ણ તપાસ કરવા ચુકવું નહી. લેખક જો સાચો જૈન હોય તો તેનું લખાણ સાબીત કરવા અમો તેને જણાવીએ છીએ, એજ. લી૦

અમૃતલાલ સુરજમલ ઝવેરી,
મંત્રી: શ્રી જૈન યુવક સંઘ, પાટણ.

સમાચારો: ખંભાતમાંથી રતિલાલ નામનો વતરાવાળા જેસંગશાનો એક છોકરો છુમંતર થઇ ગયો છે. વાયકા સંભળાય છે કે એમાં સાગરજીનો હાથ છે. શાસનપ્રેમી બંધુઓએ શ્રીજીને ચોમાસુ ઉતર્યે ઘરવા, ધારેલા નૈવેદ્યમાં આતો મંગળાચરણ થાય છે. જૈનશાળે પોલીસની દોડ ચાલુ થઇ છે.

—જુદા જુદા સ્થળોના ઉત્સાહી યુવકોને પત્રિકા માટે સમાચારો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

પહોંચ-સ્વીકાર:—કુડચીના અત્યાચારની તપાસ માટે મળેલી કમિટિનો રીપોર્ટ મળ્યો છે. પાલીતાણા ગુરૂકુળ તરફથી નવા વર્ષનું પંચાંગ મળેલું છે જેમાં શેઠ સારાભાઇ મગનલાલ મોદીનો ફોટો આપવામાં આવેલ છે.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા ખીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

નવું વર્ષ ને યુવાનો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૨ મો. | સંવત ૧૯૮૬ ના આશો વદી ૧૩. તા૦ ૨૦-૧૦-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

સમગ્ર જૈનોની જાહેર સભા.

શ્રીયુત વીરચંદ પાનાચંદને અભિનંદન.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની શ્રી. સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિ, શ્રી ઘોઘારી સંઘ, અને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશરા નીચે મુંબઇની સંગ્રામ સમિતિના પ્રમુખ શ્રીયુત વીરચંદ પાનાચંદ અને સંગ્રામ સમિતિના સભાસદો તથા અન્ય જૈન બંધુઓ જેઓ હાલની રાષ્ટ્રીય આઝાદીની લડતને અંગે જેલ ગયેલા છે તેમને અભિનંદન આપવા સમગ્ર જૈનોની જાહેર સભા મંગળવાર તા૦ ૧૪-૧૦-૩૦ ના રોજ સાક્ષર શ્રીયુત કનૈયાલાલ મુનશીના પ્રમુખપણા નીચે મળી હતી.

શ્રીયુત કનૈયાલાલ મુનશીએ પ્રમુખસ્થાન આપવા માટે સર્વનો આભાર માન્યો હતો. આ સભા મુખ્યત્વે કરીને જૈનોની છે અને પોતાનો પણ જૈન તરીકે અધોં હક છે તેમ જણાવ્યું હતું. ભાઇ વીરચંદે ખરેખર ઘણીજ હિમ્મત બતાવી છે અને જે સુંદર કામ કર્યું છે તે ફકત જૈનોનેજ નહિ પરંતુ દરેક મુંબઇવાસીને ગર્વ ધરાવવાનું કારણ છે. જેલ તો ઘર કરતાં પણ સુંદર ગણાવી જોઇએ. એટલે હું જેલને મોસાળ ગણાવું છું. અને આશા રાખુ છું કે ભાઇ વીરચંદની માફક બીજા ગૃહસ્થો પણ મુંબઇનું નાક સાચવશે

મારી દ્રષ્ટીએ તો હજુ આ લડત પાસેરમાં પહેલી પૂણી છે અને જ્યારે નવો ઓર્ડીનન્સ મુંબઇને લાગુ પાડવામાં આવશે તે વખતે ખરૂં કામ શરૂ થશે. મુંબઇએ જે શૂરાતન, વીરતા બતાવી છે તેવી બતાવશે.

હજારો વરસો સુધી પૈસા, બૈરી, છોકરાં વ્હાલાં ગણ્યાં-કિમ્મતી ગણ્યાં, તેના પાપ વરસ બે વરસમાં ધોવાં છે; માટે સંપૂર્ણ વૈરાગ્ય વિના મુકિત નથી. જીનશાસનનું મૂળ વૈરાગ્ય છે, તેની સિદ્ધી અત્યારે કરી રહ્યા છીએ. અત્યાર સુધી તો વૈરાગ્યની ફકત વાતો કરી. વીતરાગની પૂજા પારકે હાથે નજ થઇ શકે. વીતરાગત્વ તો જાતેજ સિદ્ધ કરવું પડશે. પૈસાથી કે એવી બીજી વસ્તુથી બાહુતી રીતે વૈરાગ્ય સિદ્ધ ન થાય. ભગવાન મહાવીર તો આ જન્મેજ વીતરાગત્વ સિદ્ધ કરવાનું કહી ગયા. આપણી પાસે તો કપડાં, માલ, મિલ્કત વિગેરે છે. સ્વયંભૂ વીતરાગત્વ અત્યારે બારડોલીમાં છે અને ઘરેઘરથી તેવા બહાદૂર સૈનિકો નીકળે ત્યારેજ મુકિત મળશે.

અત્યારે મને વાત યાદ આવે છે. એક ગોરને ૮૪ વરસ થયાં હતાં અને ગોરાણીને ૮૧ વરસ થયાં હતાં. ગોરાણીને મરણ નજદીક લાગતા, ગોરે એકજ શબ્દમાં કહી દીધું કે સર્વ વાસનાનો ત્યાગ કર તો તુરત મોક્ષ મળે. આપણે ૨૦૦૦ વરસ સુધી ન છોડી વાસના અને ન મળી મુકિત. વીતરાગત્વનું સૂત્ર અને આર્યત્વનો સંદેશ એ છે કે જીવતાં મૃત્યુ પામીએ પણ મુકિત વીના વિરામ નથી

શ્રીમતી લીલાવતી બ્હેને વીરચંદભાઇની કાર્ય શકિત અને સુંદર સ્વભાવનાં ખૂબ વખાણ કર્યાં હતાં. મુંબઇની મહાસભાને એક વેપારી પ્રમુખ મળે અને સુંદર સુકાન ચલાવે તે સદ્‌ભાગ્યજ ગણાય. વેપારી વર્ગની આટલી મોટી સહાનુભૂતિ મેળવી એ તેમની સુંદર કાર્યશકિતનો પૂરાવો છે. તેમણે એવું સુંદર કામ કર્યું છે કે તે માટે આપણે ગર્વ ધરી શકીએ છીએ.

મુંબઇના માથે નવા દરજ્જાની લડત આવી છે, એટલે દરેક ભાઇ અને બ્હેન પોતાને ઘરે પણ કોન્ગ્રેસ સમિતિનાં પાટીયાં લગાડી દેશે અને ખાત્રીપૂર્વક માનું છું કે મુંબઇ પૈસા કે માણસના અભાવે પાછું નહિ પડે અને લડત અત્યારની જેમ ચાલુ રાખશે અને વિજય આપણો છે.

શ્રીયુત મુન્શી અને શ્રીમતી લીલાવતીને બીજી સભામાં જવાનું હોવાથી તેમને હાર તોરા પહેરાવ્યા બાદ શ્રીયુત રણછોડભાઇ રાયચંદને પ્રમુખ નીમ્યા. પછી શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીયા, શ્રીયુત મોહનલાલ હલીચંદ દેશાઇ, પંડીત લાલને, વીરચંદભાઇના જેલનિવાસ માટે અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ શ્રીયુત મણીલાલ જેમલે જણાવ્યું કે બારડોલી અને ખેડા જીલ્લાએ અત્યારે જે સત્યાગ્રહ આદર્યો છે તે જોયા પછી આપણને રાણા પ્રતાપે મેવાડના યુદ્ધ વખતે કરેલો અરણ્યવાસ યાદ આવે છે. હવે પરદેશી કાપડનો આપણી જૈન જનતા બહિષ્કાર કરશેજ એમ હું ખાત્રીથી માનું છું. ત્યારબાદ લલ્લુભાઇ કરમચંદે થોડું નિવેચન કર્યું હતું અને વેપારીઓને અપીલ કરી હતી કે પ્રવૃત્તિને આગળ ધપાવવા આપનો યોગ્ય ફાળો આપશો. બાદ પ્રમુખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઇ હતી.

શ્રીયુત વીરચંદભાઇને અભિનંદન.

ભાવનગરની શ્રી વિજય ધર્મ પ્રકાશક સભાની તા૦ ૧૩-૧૦-૩૦ ને રોજ મળેલી સભાએ નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો.

મુંબઇની નવમી વોર કાઉન્સીલના પહેલા જૈન પ્રેસીડન્ટ શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ જેમને સરકારે ચાર માસની સખ્ત કેદની સજા કરી છે તેમને શ્રી વિજય ધર્મ પ્રકાશક સભાની તા૦ ૧૩-૧૦-૩૦ ની જનરલ મિટિંગ અંતઃકરણપૂર્વક અભિનંદન આપે છે.

વડોદરા શ્રી વીર ધર્મોપાસક જૈન યુવક મંડળની તા૦ ૮-૧૦-૩૦ ના રોજ મળેલી મિટિંગે નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો.

ઠરાવ.

મુંબઇ નવમી વોર કાઉન્સીલના પ્રમુખ શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ અને તેની સમીતિને તેમનાં દેશની આઝાદીની લડતના અદમ્ય કાર્યને અંગે સરકારે બહુમાન બનાવ્યા છે તે બદલ એક જૈન તરીકે તેમને શ્રી જૈન યુવક મંડળના સભ્યો હાર્દિક અભિનંદન અર્પે છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् हरिभद्रसूरि.

નવું વર્ષ ને યુવાનો.

વિક્રમ સંવત ૧૯૮૭ નું વર્ષ આવતા બુધવારથી શરૂ થાય છે. રાષ્ટ્ર હીલચાલમાં અને કોમી પ્રશ્નોને અંગે યુવાનોની જવાબદારી દીનપ્રતિદીન વધતી જાય છે. યુવાનો તરફની દરેક ચળવળને વખોડી કાઢવાનો એક પક્ષનો ધંધો થઇ પડયો છે. યુવાનો જૈન આગમને માનતા હોય, જૈન મંદિરના વહીવટોને ચોખ્ખા રાખવા પ્રયાસો કરતા હોય, જૈન મૂર્તિનું પુજન અર્ચન કરતા હોય છતાં પણ કોઇ ચોકસ બાબતની વધતી ઓછી જરૂરીઆતને અંગે વિચારો બતાવતા હોય તો તેમને 'મુક્તિના સાધનો' નો નાશ કરનારા કહેવામાં આવે છે. જે સ્થળે દેવદ્રવ્યને અંગે લાખોની મિલકતો હોય તે સ્થળના યુવાનો પોતાના ભાષણમાં, લેખમાં જૈન બંધુઓએ દેવભક્તિને અંગે વિશેષ પ્રમાણમાં દ્રવ્યવ્યયને બદલે અન્ય ક્ષેત્રની પુષ્ટિમાં હાલ દ્રવ્ય વ્યય કરવાની જરૂર છે તેવું સુચન કરે છે તો તેવા યુવાનને દેવદ્રવ્યનો ખાનારો, દેવદ્રવ્યનેજ ઉખેડી નાંખનારા તરીકે ઓળખાવવામાં આવે છે. ભલે તે યુવાનો તીર્થ યાત્રા કરતા હોય જ્યાં દેવદ્રવ્યની તંગી હોય ત્યાં શક્તિ મુજબ દ્રવ્ય વ્યય કરતા હોય. આવી પરિસ્થિતિમાં યુવાનોએ પોતાનું સંગઠ્ઠન કરવાની ખાસ જરૂર છે તે સંગઠ્ઠન કરવા માટે જુદા જુદા સ્થળોના યુવકોએ મધ્યસ્થ સ્થળે મળતા રહેવાની જરૂર છે. ચોકસ વિષયને અંગે ઉદ્દામ મત ધરાવનારા યુવાનો પોતાનો સ્વતંત્ર વિચાર ભલે ધરાવે પણ કોમની ઉન્નતિના અનેક પ્રશ્નો માટે વ્યવહારૂ કાર્યક્રમ આપણે ઘડવાની જરૂર છે. દરેક સ્થળોએ તે અમલમાં મુકવાના પ્રયાસોની જરૂર છે. હવે સર્વ સામાન્ય એક પ્રોગ્રામ ઘડી તે પ્રોગ્રામ મુજબ દરેક સ્થળે વ્યવહારૂ અમલ થાય તેવા પ્રયાસો તે તે સ્થળના યુવાનો મારફત થવા જોઇએ. ગમે તેટલી ગાળો ખાવા છતાં જે ધર્મ પ્રત્યે આપણને પ્રેમ છે તેની ઉન્નતિના પ્રયાસોમાં હિંમત હારવાની જરૂર નથી. આપણે તો ધર્મના દરેક ક્ષેત્રો પુષ્ટ હોવાની જરૂર છે. અમુક વર્ગ અમુક ક્ષેત્રોને પુષ્ટ રાખવા માંગતા હોય તો તે હકીકત પુરતો આપણે તેમનો વિરોધ કરવાનો નથી. કારણ કે તે ક્ષેત્રો અપંગ રહે તેવું કોઇ પણ ધર્મી યુવાન ઇચ્છેજ નહિ. બાકીના ક્ષેત્રોને અંગે યુવાનોને ઘણો પ્રયાસ કરવાની જરૂર છે તે પ્રયાસ કયા ધોરણ ઉપર કરવો તે માટે યુવાનોના સંગઠ્ઠનની જરૂર છે. વ્યક્તિઓના વિચાર છોડી સમગ્ર કોમના હિતના વિચારો માટેજ લક્ષ આપવાની જરૂર છે. ગયા વરસના મુંબઇમાં મળેલા યુવક સંમેલને કેટલોક લાભ કર્યો છે. ફરી મળવાથી વિશેષ પ્રકારે વિચારોની આપ લે થશે. ગયા વરસની અંદર સ્થળે સ્થળના યુવક સંઘોના સભ્યોએ યોગ્ય રીતે દેશ પ્રત્યેની પોતાની ફરજ બજાવી છે. કેટલાકો જેલમાં ગયા છે. કેટલાકો એકવાર જેલની સજા ભોગવીને છુટા થઇ ફરીથી લડતમાં જોડાયા છે. હજુ બીજાઓ ઘણા જુદે જુદે સ્થળે રાષ્ટ્રીય લડતમાં યોગ્ય ફાળો આપી રહ્યા છે, જેલની તૈયારી કરી રહ્યા છે. નવા વરસમાં ધર્મ ઉપર દ્રષ્ટિ રાખી યુવાનો દેશને માટે ઉચિત ફરજ બજાવી હિંદુસ્તાનની આઝાદીમાં ફાળો આપશે એવી આશા રાખી આ લેખ પુરો કરીયે છીયે.

ધન્ય બારડોલી.

બારડોલી એક વાર હિંદનું થર્મોપોલી મનાયેલુ. આજના તેના ખેડુતોએ એ સત્ય પુરવાર કરી દેખાડયું છે. થર્મોપોલીની સરખામણી અવશ્ય બારડોલીને શોભારૂપદ છે છતાં એમાં એક અપૂર્વ વિલક્ષણતા છે જેનો જોડો જગતભરના ઇતિહાસમાં શોધ્યો મળે તેમ નથી. જ્યારે થર્મોપોલીનો ઇતિહાસ લોહીના અક્ષરે લખાયલો છે ત્યારે આ પવિત્ર ભૂમિનો ઇતિહાસ, અમાપ ત્યાગ જવલંત ઉદાહરણોથી ભારોભાર ભરેલો હોવાથી સુવર્ણાક્ષરે લખાશે હિંદના ભાવિ સંતાનો સારૂ એ મહાન ગૌરવનો વિષય લેખાશે.

ખેડુત ભાઇઓએ મહાત્મા ગાંધીજી કે સરદાર વલ્લભભાઇને જે વચન આપ્યા હતા તે આજે ખરા કરી બતાવવામાં જરા પણ પાછી પાની કરી નથી. આજે તેમણે સાચી ક્ષત્રીવટ દાખવી છે. પ્રાણ કરતાં 'પણ' (પ્રતિજ્ઞા) ની દરકાર તેઓએ વધુ કરી છે તેથી તો ધાન્યભર્યા ક્ષેત્રોને છોડી જતાં જરા પણ નાશીપાસી બતાવી નથી. હવેલી જેવા મકાનોને દેવને ભરોસે સોંપી જતાં ક્ષણ માત્ર દુઃખ ધર્યું નથી. અધીકારીઓના કડવા વેણો ને વીચીત્ર ત્રાસો મુંગે મોઢે સહન કરી પોતાની એ પુણ્યશીલા ભૂમિથી છેલ્લી વિદાય લીધી છે. આ બધું શા સારૂં? શું પાંચ પંદરનો કર ભરવાનો તેમને મળતો નથી? ના તેમ નથીજ. આજે એ પાંચ પંદર સારૂ સેંકડોના નુકશાનો તેઓ વેઠી રહ્યા છે. એમ કરવાનું એક માત્ર કારણ લીધેલી પ્રતિજ્ઞાજ છે.

'વટ રક્ષા એ તેમનો જીવનમંત્ર છે.' વચન પાલન કરતાં મૃત્યુ થાય તો તે તેમને કબુલ મંજુર છે પણ બોલ્યું તો પાછુ નજ ફરે એ તેમનો સાદો ને સચોટ મુદ્રાલેખ છે. ગાંધીજી અગર સરદારના વચને તે અવશ્ય સરકારની તિજોરી

ભરી નાંખે તેમ છે. એમના હૃદયમાં અધીકાર હાલની સરકારનો નહિં પણ પેલા સત્યના ફિરસ્તાનો છે. સરકારને મન આજે ભલે ગાંધીજી કે સરદાર એ બરોડા જેલના કેદીઓ હોય! પણ આ ગ્રામ્ય જનતાને મન એ અધીષ્ઠાયક દેવ છે. બારડોલીના ખેડુતો એ મહાવિભૂતિના સાચા સેવકો છે. પોતે જેમના ચરણમાં શિર ઝુકાવે છે તેમના માટે શિર ધરવાની તીવ્ર વૃત્તિ ધરાવે છે. તેથી આજના ભોગો એ તો રમત જેવા છે. ખેડુત બંધુઓના આ ત્યાગના જેટલા યશોગાન ગાઇએ તેટલા ઓછા છે. સાચી ભક્તિની કિંમત ત્યારેજ અંકાય છે. બળિદાન વિના શ્રદ્ધાની વાતો કરવી વ્યર્થ છે: અને ટેકની સાચવટ કરવામાં અમાપ ને દ્રઢ શ્રદ્ધાનીજ આવશ્યકતા છે. પ્રતિજ્ઞાનું રક્ષણ એ જીવનનો સુવર્ણકાળ છે જૈન સમાજને એ વાત જાણવારૂપે નવી નથી. ભૂતકાળના એ સંબંધમાં પાર વગરના દ્રષ્ટાંતો છે છતાં વર્તમાન કાળે એનું સ્વરૂપ સમજવાની તો ખાસ આવશ્યકતા છે. સ્વાર્પણનું રહસ્ય જો ખરેખર જૈનો સમજ્યા હતે તો શત્રુંજય પ્રકરણનો નીકાલ જુદેજ રસ્તે થતે. માત્ર એના ત્યાગી વર્ગે આગેવાની લીધી હોત તો પણ આખો ઇતિહાસ બદલાઇ જાત! પણ વેહ દિન કયાં? સાચુ ક્ષાત્ર તેજ જોઇએને? પ્રેમલા ભકતોના ટોળામાં ગર્જના કરનારા સિંહ ચર્મધારી શિયાળવા તો આજે પણ છે પણ તેથી એની અસર દિવાલોની બહાર કેટલી! ઉહા સુધી ભણેલા કપુરચંદો કે પાનાચંદો ભલેને પછી મનગમતા પૂંછડા લગાડે. અરે જેતજોતામાં ગણિ-સૂરિ અને તેથી પણ આગળ ચઢાવી દે છતાં એની કિંમત તો વરની માના વખાણ જેટલીજને!

અરે શત્રુંજયનું તો થવાનું થઇ ગયું, પણ છાસવારે જન્મતા કોરટના લફરા વેળા પણ એટલું શૌર્ય દાખવે તો ગનીમત. એક પૂજ્ય વ્યકિત તરીકે કોરટના કાનુનનો રમકડાની માફક અમલ કરવા કરતાં સત્યાગ્રહનો સધિયારો લઇ આત્મશકિતના દર્શન કરાવવા અને એ દ્વારા પવિત્રતાની પુનઃ પ્રતિષ્ઠા કરવી શું ગૌરવયુકત નથી? નરી વાચાળતાથી તો કંઇ વળે નહિં. એ તો કેવળ મૂઢોનું પ્રલોભન. વિદ્વાનો સત્ત્વથી રંજીત થાય. એમના સારૂ વાણીવિલાસ વ્યર્થજ છે. જૈન સમાજ આજે કે કાલે પણ ત્હારે એ માર્ગે ગયેજ આરો. આજે બારડોલીએ પરિગ્રહ વર્જનની સાચી દિશા ઉઘાડી છે-પ્રતિજ્ઞા શું ચીજ છે એનું ભાન કરાવ્યું છે. ધન્ય હો બારડોલીનો.

ખંભાત સમાચાર-શાસનપ્રેમી જેશંગભાઇએ રતીલાલની પ્રાપ્તિ સારૂ ઘણીવાર કસ્તુરભાઇને ખોળા પાથર્યા પછી આજે સાગરજીના વ્યાખ્યાનસ્થળ (જૈનશાળા) માં સહકુટુંબ ધામા નાંખી રોકકળ શરૂ કરી છે, પણ તેથી કંઇ આ વીસમી સદીના ધર્મીઓ દયાર્દ્ર થવાના! પારકા છોકરા જતિ કરવાનો તો એમનો ધંધો રહ્યો! કદાચ કાળા ડગલાવાળાના દમામથી તેમના પેટનું પાણી હાલે તો જુદી વાત છે. બાકી તો સંતાડી ભગાડી મોક્ષે જવાના પરવાના મેળવવામાં એમને ન્હાવા નીચોવાનું છે પણ શું? દીક્ષાફંડ અને યંગમેન સોસાયટી જેવા સાધનો સામે જેસંગભાએ ન્હાશ નાંખવાનું છે.

કહેવાતા શાસનપ્રેમીથી બચો.

એચ. ડી. શાહ વીરશાસન તારીખ ૧૭-૧૦-૩૦ ના અંકમાં 'જૈન ધર્મ પ્રસારક સભાનું જુઠાણું' તે નામે ચર્ચાપત્ર પ્રગટ કરે છે. પ્રસારક સભાના સેક્રેટરીના ખુલાસા તથા તેના લેખને મેળવશું તો જણાશે કે મૂળ હકીકતને તે ખોટી પાડી શકતો નથી ને જોણુકાર પ્રગટ કરેલી હકીકતને સાબીત કરી શકતો નથી. કારણ કે તેના લાંબા લેખમાં પ્રસારક સભાએ જૈન ધર્મ પ્રકાશમાં આવેલા લેખ સંબંધી કોઇ ઠરાવ પસાર કર્યાની હકીકત છેજ નહિ. એટલે સેક્રેટરીના ખુલાસાની હકીકત ઉભીજ રહે છે. બાકી તો બુરખા પાછળ બેસીને ગમે તે માણસો ગમે તે વાતો કરે તેને પ્રસારક સભાનો ઠરાવ ગણી શકાયજ નહિ. વાતો વાતોજ રહે છે. ને ઠરાવ થયો નથી. માટે સમાજે તે વાંચી ભોળવાવાની જરૂર નથી.

કેટલીક બીજી હકીકત તેના લાંબા લેખથી સુચિત થાય છે. શાસનપ્રેમીઓને કોઇ ખાનગી હકીકત જેવું છેજ નહી. ગમે તે વાતો ગમે તે સ્થળે થઇ હશે તે લોકો પ્રગટ કર્યા વગર રહેવાના નથી. તે ભાઇશ્રીએ ખાનગીમાં હાજર રહેલા સભ્યોના નામ મુકયા છે તે ભાઇઓ પણ તેમના આ લેખથી સંતોષ પામ્યા છે કે નહી તે તો સમય આવ્યે જણાશે. 'જૈન ધર્મ પ્રસારક સભાનું જુઠાણું' એ હેડીંગ તો તે હાજર રહેલા ભાઇઓ ઉપરાંત અન્ય તે સભાના સાચા રાગીને દુઃખકર નીવડશે. ભલતા માણસો બુરખા નીચે વાતો કરે ને સભાનું નામ વગોવાય તે આજની ગણાય નહી. એચ. ડી. શાહે જે પરાક્રમ કર્યું છે ને ખાનગી વાતચીતો મેળવી છે તે વાતચીત તો તેને કહેનાર પ્રસારક સભાના લાઇફ મેમ્બરમાંનો કોઇ હોવો જોઇએ. કારણ કે તે ભાઇના લખવા મુજબ ત્રણ હોદ્દેદારો તથા છ લાઇફ મેમ્બર સિવાય બીજા કોઇ તે વખતે હાજર નહોતા. જનતા ઉન્માર્ગે જાય તેમ છેજ નહિ. મેનેજીંગ કમિટિનો કે જનરલ કમિટિનો ઠરાવ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી બધી વાતચિતો તે વાતચિતોજ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓફીસ.

સંઘના સભ્યોને સવિનય નિવેદન કરવાનું કે તારીખ ૨૧-૧૦-૩૦ મંગળવાર સવારના (સ્ટા. ટા.) ૧૧-૧૫ મિનિટે યુવક સંઘની ઓફીસ ખુલ્લી મુકવાની છે, તો તે પ્રસંગ ઉપર આપ અવશ્ય પધારવા તસ્દી લેશોજી.

(**સ્થળ**:—મસ્જીદ બંદર રોડ, નં૦ ૧૮૮, ચટાઇવાલા બીલ્ડીંગ, પહેલે માળે.)

પત્રવ્યવહાર:—શ્રી જૈન યુવક સંઘ તથા શ્રી જૈન યુવક સંઘ પત્રિકાને અંગેનો સર્વ પત્રવ્યવહાર હવેથી ઉપરના શીરનામે કરવાનો છે. લી૦ મંત્રીઓ,

શ્રી જૈન યુવક સંઘ.

શ્રી જૈન યુવક મંડળ.

જૈન યુવક સંઘ પત્રિકાના અધિપતિ જોગ,

વીરશાસનના તા૦ ૨૬ મી સપ્ટેમ્બરના અંકમાં આવેલી પડદા પાછળની વાતોને અંગે અમારા મંડળે નીચેનો ખુલાસો વીરશાસન ઉપર મોકલી આપ્યો હતો તે પત્રકારે પ્રગટ કર્યો નથી. તમો તે ખુલાસો પ્રગટ કરી મંડળને આભારી બનાવશો.

લી૦ સેક્રેટરી, જૈન યુવક મંડળ.

ભાવનગર તા૦ ૬-૧૦-૩૦.

સાહેબ, નીચેનો ખુલાસો આપના પત્રમાં જરૂર પ્રગટ કરશો.

તમારા તા૦ ૨૬ મી સપ્ટેમ્બરના અંકમાં જાણકારનો લેખ આવેલો છે તેને માટે સત્ય હકીકત નીચે મુજબ છે.

૧. જાણકાર લખે છે કે યુવક મંડળે પીકેટીંગની ધમકી આપી હતી આ હકીકત ખોટી છે, યુવક મંડળે પીકેટીંગની ધમકી આપીજ નથી.

૨. કોલેજીયનોને યુવક મંડળ સ્કોલરશીપ આપતું નથી જાણકાર લખે છે કે યુવક મંડળે કોલેજીયનોને ઉશ્કેર્યા હતા પણ કોલેજીયનોને યુવક મંડળે ઉશ્કેર્યા નહતા. પોકારો કયાં થયા હતા તે જગ્યા પણ જાણકારે તદન ખોટી લખી છે. ભાવનગરના શ્રી સંઘના આગેવાનો સાચી હકીકતથી માહીતગાર છે.

૩. યુવક મંડળે શા માટે મિટિંગ ભરી હતી તે સમજ સારી રીતે જાણે છે. સ્વામીવાત્સલ્યના સંબંધની હિમાયત માટેના વિરોધ સામે મંડળે મિટિંગ મેળવીજ નથી.

૪. યુવક મંડળે જમણને લોહીના લાડુ તરીકે ઓળખાવ્યા નથી. યુવક મંડળ, ઉજાણી મંડળની વરસગાંઠ ઉપરજ કરે છે, તે દીવસ ભાદરવા વદી ૧૩ નો છે એટલે તે દીવસે મંડળે ઉજાણી કરી નહોતી બીજા જે પ્રસંગ બાબે. જણાવવામાં આવે છે તે પ્રસંગ યુવક મંડળનો હતો નહીં. મંડળના ૪૫ સભ્યો છે એટલી હકીકત સમાજે ધ્યાનમાં રાખવાની છે. બાકી જાણકારની બીજી ગાળોનો મંડળ જવાબ આપવા માંગતું નથી.

લી૦ સેક્રેટરી, શ્રી જૈન યુવક મંડળ, ભાવનગર.

છોટાલાલ પરીખનો છુટકારો.

ભાઇશ્રી છોટાલાલ પરીખ સરકારની મેમાનગીરીથી મુક્ત થઇ પોતાને ઘેર આવ્યા છે. વીરમગામની રાષ્ટ્રીય પ્રવૃત્તિના તે નાયક હતા અને વીરમગામના પોલીસ અત્યાચારો હસતે મુખડે તેમણે સહન કર્યા હતા એટલે સરકારે તેમને ગીરફતાર કરી પોતાના મેમાન બનાવ્યા હતા, તેઓ અમદાવાદ જૈન યુથ લીગના કાર્યવાહક અને જૈન યુવક સેવા સમાજના કેપ્ટન હતા. જુન્નેર કોન્ફરન્સના મુખ્ય દ્વાર ઉપર પણ તે ખુલ્લે માથે રામ પક્ષના પથ્થરો ઝીલતા હતા. જેલમાં તેઓનું વજન ૬૪ રતલ ઘટયું છે અને છેલ્લે કેટલાક દીવસથી તે માંદગીને બીછાને હતા ત્યાંથી તા૦ ૧-૧૦-૩૦ ના તે અમદાવાદ પોતાના વતન પધાર્યા છે. સ્ટેશન ઉપર તેમનું સ્વાગત જૈન યુથ લીગ, જૈન યુવક સેવા સમાજ અને અમદાવાદ યુથ લીગે કર્યું હતું અને સરઘસ રૂપે તેમને મોટરમાં ફેરવી ઘેર પહોંચાડયા હતા. ભાઇ **વીનયચંદ મુલચંદ ઝવેરી** પણ સરકારની મેમાનગીરીથી છુટીને તા૦ ૩૦-૯-૩૦ ના રોજ ઘેર આવ્યા છે. (સુધોષા ઉપરથી)

રા. છોટાલાલ પરીખને અમો પણ અભિનંદન આપીએ છીયે-**તંત્રી.**

નવીન વર્ષે
આઝાદી દેવીનાં પૂજન માટે પ્રભુપ્રાર્થના.

(લેખક: **રા. મહાસુખલાઇ મુનીલાલ**, વીસનગર.)

(માલિની વૃત્ત.)

૭ ૮ ૯ ૧
મુનિ વસુ નિધિ આત્મા વર્ષ હો હર્ષ દાતા,
પ્રભુ દિન શુભવારે વીનવે હિંદ માતા.
જય જય જય પામો દેશ આઝાદી જંગે,
તન મન સહુ રંગો ખૂબ આઝાદી રંગે.

(રાગ-પ્રભાતીયું જળકમળ છોડી-એ રાહ)

આ નવીન વર્ષે હે પ્રભુ સુખશાંતિ તું વરસાવજે (૨)
પ્રભુ હિંદના સંતાનના વિઘ્નો સહુ સંહારજે...(એ ટેક)
આઝાદી મંદીર બારણે, સંતાન આવ્યાં દર્શને,
આતુર પૂજન કારણે, ઝટ દ્વાર તું ઉઘાડજે.
આઝાદીના સેવક સહુ એ દેવીના પૂજક સહુ,
દર્શન વગર તલપે બહુ દેદાર તું દર્શાવજે.
છે દ્વારપાલક બારણે, નહીં તે ઉઘાડે દ્વારને,
તે દુઃખ દે સંતાનને, પ્રભુ માર્ગને બતલાવજે.
આઝાદ દેવી પૂજવા, સંતાન તત્પર ભેટવા,
તૈયાર સૌ જીવ આપવા ઝટ દ્વાર તું ઉઘડાવજે.
આઝાદી મંદીર આંગણે મચ્યું યુદ્ધ પૂજન કારણે,
સંતાન ચાલ્યા સૌ રણે, પ્રભુ તેમને સંભાળજે.
રખવાળ બહુ બળવાન છે, નિઃશસ્ત્ર સૌ સંતાન છે,
આઝાદીનું બસ ધ્યાન છે, પ્રભુ સહાયતા તું આપજે.
પ્રભુ દ્વાર તું ઉઘડાવી દે દેદાર તું દર્શાવી દે,
આઝાદીને ભેટાડી દે, આ પ્રાર્થના સ્વીકારજે.
જ્યાંસુધી પૂજન નહીં કરે, ત્યાંસુધી જપી નહીં ઠરે,
સંતાન રણમાં ઝૂઝી મરે પ્રભુ દુઃખમાંથી તારજે.
લાઠી પડે છે શીર પરે રૂધીર ધારઓ સરે,
ડગલું નહીં પાછુ ભરે, પ્રભુ બાળને સંભાળજે.
નિઃશસ્ત્રનું હથીઆર તું, છે કુળતાનુ નાવ તું,
દુઃખીનો ખરો આધાર તું, પ્રભુ પાર તું ઉતારજે.
આ દ્વારપાલકની મતી નીત ન્યાયથી નથી ચાલતી,
સુધાર દેવી શક્તિથી દેવી કૃતિ અજમાવજે
આ હિંદમાતા સ્તુતિ કરે, આ નૂતન શુભ સંવત્સરે,
વિજય પતાકા ફરફરે એવું મહા સુખ આપજે.

(ગઝલ.)

વરસ નૂતન સુખારક હો, અચળ આઝાદી દાયક હો,
સકળ સુખશાંતિકારક હો, સુખારક હો, સુખારક હો.

અમદાવાદ, તા૦ ૨૬-૯-૩૦.

અમદાવાદ જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા તા૦ ૨૬-૯-૩૦ ને શુક્રવારના રોજે ઝવેરી ચુનીચંદ આશારામ વૈરાટીના પ્રમુખપણા નીચે મળી હતી તેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) અહિંસક સ્વાતંત્ર્ય યુદ્ધમાં શહીદ થયેલા રાષ્ટ્રવીર શ્રી. રતીલાલ સાકરચંદ વૈદ્ય તથા શ્રી. ત્રીવિક્રમે આપેલ આત્મભોગની આ સંસ્થા પ્રશંસા કરે છે અને તેમના અમર આત્માને શાન્તી ઇચ્છે છે.

(૨) ભાઇશ્રી વીરચંદ પાનાચંદ શાહને મુંબઇની વોર કાઉન્સીલના પહેલા જૈન પ્રમુખ તરીકેનો માનવંતો હોદ્દો પ્રાપ્ત થયા બદલ આ સંસ્થા તેમને હાર્દીક અભિનંદન આપે છે

આ પત્રિકા અંબાલાલ અમિ. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

હાલની ચાલુ લડત. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૩ મો. | સંવત ૧૯૮૭ ના કારતક સુદી ૬. તા૦ ૨૭-૧૦-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

જ્ઞાન પૂજન.

જૈન દર્શનમાં 'જ્ઞાન'ને સર્વોત્કૃષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે એટલે એ સંબંધમાં વિવેચન લગભગ પ્રત્યેક સુત્રમાં મળી આવે છે. **'पढमं नाणं तओ दया'** રૂપ વચનમાં એનો સમસ્ત મહિમા સમાઇ જાય છે. એની આરાધના-પૂજ્ય ભક્તિ-સારૂ ખાસ દિવસ તે જ્ઞાનપંચમી.

પૂર્વ કાળમાં એ શુભ દિને લાખો ગ્રંથો ભંડારોની દિવાલો ખોળંગી સૂર્યના કિરણોમાં સ્વપ્રતિષ્ઠા સ્થાપન કરતાં. વર્ષાકાળમાં કારણવશાત્ ભેજ લાગવાનું બનતું તો તેનો પણ એ રીતે ગરમીથી ધ્વંસ થતો. સંખ્યાબંધ કૃતિઓના દર્શનનો યોગ સાંપડતો. આમ જ્ઞાનપૂજાના મહત્વ એ કાળે અતિ ઘણ હતા. પણ આજે એનું સ્થાન ઉપરછલ્લા દેખાવે લીધું છે. ભાગ્યેજ કોઇ ભંડારનું મુખ સરખું ખુલે છે. માત્ર ૪રીના ચંદરવા હેઠળ ગણત્રીના પુસ્તકો ગોઠવી દીધા ને ચાજુઆજુ થોડા દર્શન જ્ઞાન ચારિત્રના ઉપકરણો રાખી દીધાકે ચાલ્યું. શ્રાદ્ધગણ પણ કાગળના ભુંગળા ને બરની એક્કી લાકડી મૂકી જાય કે થઇ ગઇ જ્ઞાન પૂજા! અવશ્ય તપકરણી કે પૂજા ભણાવવા રૂપ થોડી ક્રિયા રહી છે છતાં સા ગયા ને લીસોટા રહ્યા જેવુંજ. એમાં જીવન જ્યોત કે આત્મ પ્રમાના સાચા દર્શન નથી થતાં. ચાલુ કાળને અનુરૂપ એ જ્ઞાનપૂજા ન ગણાય. જે યુગમાં દિન ઉગ્યે સંખ્યાબંધ ગ્રંથો જુદા જુદા ભિન્ન ભિન્ન શૈલીમાં અને આવશ્યક ટીપ્પણો સાથ ને વિશિષ્ટ પ્રકારની સમાલોચના સહિત જન્મતા હોય તે કાળમાં રપણો આ પ્રાચીન ને અણમૂલો સંગ્રહ જરી પુરાણો બની,કીડાનો ભક્ષ થઇ, નષ્ટ થતો જાય એ પૂજાના રહસ્ય સમજ્યા વગરનીજ દશા સુચવે છે! સાચા પૂજકો કેવળ આડંબરી દેખાવને કે કાંસીજોડાના રણકારને પૂજા માની સંતોષ પકડતા નથી. ભૂતકાલિન એ વારસાને વર્તમાન કાળની પ્રત્યેક ભાષામાં-સુંદર શૈલીમાં-યુગને બંધબેસતી ગિરામાં-નવિનઅવતાર આપનાર કે અપાવનારજ ખરેખર સાચા પૂજકો . આ સંબંધમાં શ્રીમદ્ આત્મારામજી મહારાજના નિમ્ન વચનો મનન કરવા લાયક છે-'મુસલમાનોં કે રાજમેં જૈન કિતાબો પુસ્તકો જલા દિયા ગયે હૈ, ઔર જો કુછ શાસ્ત્ર બચ રહે હૈ, વે ભંડારોમે બંદ કર છોડે હૈ વે પડે પડે ગલ ગ હૈ, બાકી દોસો તીનસો વર્ષમેં તમામ ગલ જાયગે. જૈ જૈન લોક અન્યે કામોમેં લાખો રૂપૈયે ખરચતે હૈ તૈસે ગ્રંથ પુસ્તકો કા ઉદ્ધાર કરાનેમેં કિંચિત્ નહિ ખરચતા હૈ ઔર ન કોઇ જૈનશાલા બનાકે અપને લડકાં કાં સંસ્કૃતધર્મશાસ્ત્ર પઢાતા હૈ. ઔર જૈની સાધુભી પ્રાયે વિદ્યા નહિંપઢતે હૈ, ક્યોં કિ ઉનકા ખાને કા તો તાજા માલ મીલતે હૈ, વે પઢકે કયા કરે! ઔર કિતનેક યતિલોક ઇન્દ્રિયોકા ભોગમેં પડ રહે હૈ સો વિદ્યા કયોંકર પઢે! વિદ્યા કે ન પઢનેંસે તો લોક ઇનકોં નાસ્તિક કહને લગ ગયે હૈ; ફેરભી જૈન લોગોં કોં લજ્જા નહિં આતી હૈ. જૈન લોક ચૂરમેકે લાડુ ઔર દુધપાકાદિકકે ખાને વાસ્તે તો હજારો એકઠે હોજાતે હૈ, પરંતુ પુસ્તકોંકે ઉદ્ધાર વાસ્તે સૂતે પડે હૈ. હમારે લિખનેકા પ્રયોજન તો ઇતનાહી હૈ કિ જૈન લોગોં કો ઉચિત હૈ કિ સર્વ દેશવાલે મિલકે પાટણ, જેસલમીર, ખંભાત પ્રમુખકે ભંડાર પુસ્તકોંકા જીર્ણોદ્ધાર કરાવે...'

ઉપરોક્ત વચનમાં સૌભાગ્ય પંચમીનું સાચું રહસ્ય સ્ફોટ થાય છે, છતાં અફસોસની વાત એ છે કે આ મહાપુરૂષની પાટનો હક્ક કરનાર એમનાજ કેટલાક વારસો ગણિ પ્રવરનો ડોળ કરતા છતાં કોઇ જૂદાજ માર્ગે જૈન સમાજના હજારોને ઉરાડાવે છે, અરે કોરટના કજીયા ઉભા કરવામાં પણ ધર્મ સમજાવે છે અને ભ્રેમલા ભક્તો એમની હાજી હા પણ કરે છે ને ઘેલા બને છે. જરા આંખ ઉઘાડી સ્વગુરૂદેવના ઉપરના વચનો વિચારે તો તેમના પડળ ખુલ્લી જાય પણ એ આશા રાખવી વ્યર્થ છે. એમને જ્ઞાનભક્તિ કરતાં પણ ચેલા મૂડવાની વધુ પડી છે. આજે એમનો ધર્મ સંતાકુકડીમાં સમાયો છે. ગુરૂદેવના સાચા સંતાનો જે એ પ્રમાણે વર્તવા પ્રયત્ન સેવે છે તેમને યેનકેન પ્રકારેણ ઉતારી પાડવામાં આજે પેલા 'અહંમન્યો' આનંદ માને છે. છતાં જ્ઞાનપૂજાનું સાચું સ્વરૂપ જૈન સમાજ સમજવા લાગેલ છે એટલે અલ્પકાળમાં સાચી જ્ઞાનપૂજાના યશોગાન ગવાવાનાજ, એ અવસર સત્વર પ્રાપ્ત થાઓ એજ પ્રાર્થના.

વીસમી સદીના શાસનરસિકો!!

કોથળામાંથી બિલાડી નિકળી-સમાચાર મળે છે કે શ્રી રામ-સાગર લીમીટેડના ચુસ્ત ભક્ત શેઠ કસ્તુરભાઇએ ખંભાતની કોરટમાં જૈનશાળાની સંઘની મિલ્કતને પોતાની બાપીકી કહી પોતાને તેના એકલા વહીવટદાર જણાવ્યા. વાહરે શાસનરસિક સાગરની વાડી બથાવવાના તો હજુ કેસ ઉભા પડયા છે ત્યાં વળી શેઠજી તમો આ શું બકો છો? શ્રી. અમરચંદ શેઠે હજારો ધર્મ માર્ગે ખરચ્યા છે તેની ના નથી, વળી જૈનશાળા નિર્માણ કરવામાં પણ જરૂર તેમનો ફાળો મોટો છે છતાં એમાં બીજાની પણ નાની મોટી રકમો તો છેજ. વળી એ સર્વ કાર્ય પુણ્ય હેતુથી થયેલ છે તેમજ તેની સુપરત જૈન સંઘને હોવાથી એ કોઇપણ પ્રકારે બાપીકી મિલ્કતમાં ગણી શકાય નહીં. ધર્માદાની આ મિલ્કતને વારસાની ગણતાં પૂર્વે શેઠ પોપટભાઇએ કરેલા 'ટ્રસ્ટડીડ'ને જોઇ જવાની જરૂર છે. જૈનશાળા સાથે જોડાયેલ ઇતિહાસને પુનઃ અવલોકી જવા વિનંતી છે. થતી ભુલને સત્વર સુધારી લેવા વિનંતી છે. આ યુગમાં આવી પોલને સ્થાન નથીજ. ભાંયખલા કેસ પરથી ધડો લેવાશે કે?

"ડીટેકટીવ."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

હાલની ચાલુ લડત.

સુરતના શ્રીમંત ઝવેરી કુટુંબના યુવાનની ધરપકડ.

ના૦ વાઇસરોયના નવમા ઓરડીનન્સ પછી ચાલુ લડત ઉગ્ર સ્વરૂપ લેતી જાય છે. દેશની કસોટી તીવ્ર પ્રકારે થાય છે. અનુભવીઓને ચોકસ ખાત્રી છે કે મુંબઇ તથા ગુજરાતનો જનસમુદાય તે કસોટીમાં પાર ઉતરશે. હાલ સુધી કોંગ્રેસના કાર્યકર્તાઓ બધા પકડાતા નહોતા. જેને ભાગ્યે લોટરી આવે તેજ ભાઇ પકડાતા હતા. ઉમેદવારો અનેક હતા. પકડાવવું સુભાગ્ય મેળવવા માટેની પદવી ચોઢાને મળતી હતી. જૈન યુવાનો સ્થળે સ્થળે કોંગ્રેસ સમિતિઓમાં કાર્ય કરતા હતા છતાં બધા પકડાવાને ભાગ્યશાળી નહોતા થતા તે સ્વાભાવિક હતું. છતાં અમારૂં શુક્રવારીયું ભાઇબંધ જેલમાં જનારા સિવાય બીજાઓ સિદ્ધાંત પાલન કરવાવાળા હોય તેમ જોઇ શકતું નહોતું. હવે તેવી સ્થિતિ નથી. હવે તો કાર્યકર્તાઓ તરીકે બહાર પડે એટલે પકડાવાના, તે વાત નિર્વિવાદ થઇ પડી છે. રાષ્ટ્ર ઉન્નતિમાં ભોગ આપવો તે પણ ભારતવાસી તરીકે આપણો ધર્મ છે અને તે ધર્મ બજાવવામાં આપણે સાંપ્રદાયિક ધર્મને અનેક રીતે દીપાવીયે છીયે તેવી માન્યતા-વાળા યુવાનો સંગ્રામ સમિતિમાં જોડાય છે. વારો આવે જોડાતા જશે. તેવા એક યુવાનનો પરિચય અમો આ સ્થળે આપીએ છીએ. રા. પ્રભુચંદ ગુલાબચંદ ઝવેરી સુરતની સંગ્રામ સમિતિના મંત્રી હતા જેઓની શુક્રવાર તારીખ ૨૪-૧૦-૩૦ ને રોજ સુરતમાં ધરપકડ થઇ છે. ભાઇ પ્રભુ-ચંદ શ્રી સુરત જૈન યુવક સંઘના સભાસદ છે. શાંત હોઇ બોલવા કરતાં કામ કરવા તરફ વધારે લક્ષ આપતા. તેઓની ઉમ્મર એકવીસ વરસની છે ને તેઓ સુરતના જાણીતા અને ધર્મિષ્ટ ઝવેરી શેઠ ધરમચંદ ઉમેદચંદના પૌત્ર છે. ભાઇ પ્રભુચંદ લડતની શરૂઆતથી સુંદર કામ કરી રહ્યા હતા. મીઠુબ્હેન પીટીટની સાથે રચનાત્મક કાર્યમાં ઘણો સારો ફાળો આપ્યો હતો. વિરોધની ઘણી ચળવળમાં તેઓ મોખરે રહેતા હતા. સુરતના ડફકા ઓવારે બહિષ્કાર થયેલું સાહિત્ય તેમણે જાહેર મિટિંગમાં વાંચ્યું હતું. જમણવારોના બહિષ્કાર સંબંધી સરધસમાં તેમણે આગેવાની ભરેલો ભાગ લીધો હતો. સત્યાગ્રહી વોલન્ટીયર તરીકે જોડાઇ દારૂના પીઠા ઉપર ચોકીનું કામ એક માસ સુધી કર્યું હતું બેસતા વરસે સુરતમાં થયેલા ઓરડીનન્સના ભંગમાં ભાગ લીધો હતો. પત્રિકાઓનું વેચાણ પણ કરતા હતા. આમ અનેક પ્રકારની સેવાઓ પછી તેઓ સંગ્રામ સમિતિની સેક્રેટરીની જગ્યાએ નીમાયા હતા. ધારાસભાના પ્લેકશનના દિવસે ઘણું સખત પીકેટીંગ કર્યું હતું. તેમની સેવાની સરકારે કદર કરી છે ને સુરતની બધી સમિતિઓ ગેરકાયદેસર ઠરાવીને સમિતિની ધરપકડ કરી તે સાથે તેમની પણ ધરપકડ થઇ છે. આટલી સુંદર કાર્યશક્તિ અને દેશને માટે દિવ્ય ધગસ આ ભાઇમાં એકાદ વર્ષ પહેલાં હોય તેવું કોઇ માનતું નહોતું. કારણ, વિલાસમાં ઉછરેલ અને સુંવાળા સૈયામાં સુતેલ યુવકના જીવનમાં એકદમ અસાધારણ પલટો થાય તે આશ્ચર્યજનક તો ખરૂંજ; પણ મહાત્માજીના તપનો પ્રભાવ એવો છે કે ન ધારેલા માણસો આગળ આવી ઉજ્વળ આત્મભોગ આપવા મંડી જાય છે. મહાત્માજીના લીધેજ આજે આપણા પ્રજાજીવનમાં અને ભાવનાઓમાં અજબ પરિવર્તન થઇ રહ્યું છે. સારા ખેડુતોથી તે તાલેવંત શહેરી સુધી સૈાને આ ધર્મયુદ્ધની અદ્ભુત અસર થએલી છે. સાબર-મતીના સંતે પઢાવેલા સત્ય અને અહિંસાના અણમુલા પાઠો આજે ફળી રહ્યા છે, મારવા કરતાં મરવું ભલું એ સત્ય કથન સૈા કોઇ આચરી રહ્યું છે. ભાઇ પ્રભુચંદના બલિદાનથી જૈન કોમને ગૈારવ પ્રાપ્ત થયું છે. અમારા પણ ભાઇ પ્રભુચંદને હાર્દિક અભિનંદન છે.

સ્વદેશી પ્રચાર અને બહિષ્કાર સમિતિ.

વીરશાસનનો મુંબઇનું વાતાવરણ લખનાર મુંબઇમાં રહેતો હોય તેવું લાગતું નથી અગર તો બીચારો પાશ્ચયની દીવાલમાં ગોંધાઇ રહેતો હશે. તા૦ ૨૭ મીના અંકમાં કોન્ફ-રન્સની સ્વદેશી પ્રચાર સમિતિ માટે ગમે તેમ લખી નાંખે છે સ્વદેશી પ્રચાર કે બહિષ્કારના કાર્યમાં જૂદી જુદી સમિતિ નીમી કામ કરવાથી કોંગ્રેસના કામને દખલ પહોંચી ગણાય એમ તે મનાવવાનો પ્રયાસ કરે છે, સ્વદેશી પ્રચાના, ખાદી પ્રચારના અને બ્રીટીશ માલના બહિષ્કારના કામ માટે જુદા જુદા દ્રષ્ટિબિંદુથી કેટલાક જુદા જુદા મંડળો મુંબઇમાં કામ કરે છે તેનું એ બીચારાને ભાન નથી. બહિષ્કારના કાર્યક્રમમાં કાયદાનો સવિનય ભંગ કરવાનો હોતો નથી એટલે કોંગ્રેસના તે પ્રોગ્રામમાં દરેક ભાઇ ભાગ લઇ શકે છે. તેવી પ્રેરણા ખુદ કોંગ્રેસની સમિતિઓ તરફથીજ કરવામાં આવતી હતી. કોન્ફ-રન્સની બહિષ્કાર સમિતિએ કરેલા કાર્યની જેમ કોંગ્રેસની બહિષ્કાર સમિતિના સેક્રેટરી તરફથી તે સમિતિઉપર લખેલા કાગળમાં લેવાયલી છે. જે કાગળ વર્તમાનત્રોમાં પ્રગટ થયેલો છે. બાકી પૈસા સંબંધી હકીકત લખે છે ને દાનત તેવી બરકત તે બધી વાત આ ચર્ચામાં અસને છે. પૈસા સાચી ધગશથી કામ કરનારને મળી રહે ં શાસનરસિકે તેની ચિંતા કરવાની જરૂર નથી. કમિટિને પમારી વિનંતિ છે કે એક ચોક્કસ પ્રોગ્રામ ઘડી તે મુજબ મિટિની સતત ચળવળ ચાલુ રાખવી.

પત્રવ્યવહાર : મુંબઇ જૈન યુવક સ અને પત્રિકાને લગતો સઘળો પત્રવ્યવહાર નીચેને સીરને કરવાનો છે. ગાંધી જમનાદાસ અમરચંદ, મંત્રી: મુંબઇન યુવક સંઘ. નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, જકરીયા મસ્જદ, મુંબઇ નાં. ૩.

શ્રી યુવક સંઘના સભ્યોને નિવેદન :

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો સવિનય વિદિત કરવાનું કે યુવક સંઘનું નવું વરસ સંવત૧૯૮૭ ના કારતક સુદ ૧ થી શરૂ થયું છે, તો સંવત ૧૯૮૭ ના વરસની ફી રૂા. ૨) શ્રી યુવક સંઘની ઓફીસે ભરી દેશો.

ૐ

?

જગપટ પર અજવાળાં ભરતી,
આવે પ્રભાત મુખે એમ વદતી,
જન અંતરમાં ચેતન ભરતી—
ઉષા સ્મિત કરી.
उत्तिष्ठित् जाग्रत ભારત બાળક !
પ્રેમ દયા અહિંસા, વ્રતધારક
પન્થ પડો બની સત્ય ઉપાસક—
સંદેશ ઉષા દેતી.

—સંવત ૧૯૮૭ ના પ્રુટતા પ્રભાતે ઉષાએ આપેલો 'સંદેશ' આપણા સૌનો મનોરથ હો એજ અભિલાષા !

* * *

મૈયા ભારતીના સંતાનોએ ઉત્સવો તો બહુ ઉજવ્યા હશે. પણ આ વર્ષે દીપોત્સ્વીનું પર્વ જે રીતે ઉજવ્યું તે જોતાં આપણને 'સ્વાતંત્ર્ય'ની ભૂખ કકડીને લાગી છે તે જણાઇ આવે છે. જો અહિંસક યુદ્ધ એ અજોડ છે તો તે યુધ્ધમાં ઉતરેલી પ્રજાની ઉત્સવ ઉજવવાની રીત પણ યુદ્ધને શોભે તેવા–પરંપરાથી ભિન્ન હોય એમાં પણ શું આશ્ચર્ય !

* * *

આજે નવા સંવત્સરનો પ્રથમ દિવસ છે. વર્તમાન ભૂતકાળ બન્યો. ભવિષ્ય વર્તમાન બને છે. ત્યારે આપણે શું વિચારીશું ?

'કુમાર' માસિકના એક અંકની મિજલસમાં નીચેની વાની પીરસેલી છે :

એ શબ્દોથી કદી ન બ્હીતા : 'મુસીબતો' અને 'ઠોંસા ઠોકર.' જીંદગીમાં ડગલે ને પગલે એ તમને સામા આવશે. પણ તેનાથી હારી ખાધા વિના તેની સામે થઈ આગળ વધશો એટલે તમને અનુભવનું અમૃત મળશે."

—અને સાચેજ 'મુસીબતો' અને ઠોંસા ઠોકર'થી આપણે ઓછા બ્હીએ છીએ ? ડગલે ને પગલે આપણને બીજા શું કહી ગયા છે તેના 'આધારો' જોઇએ છે. વાત વાતમાં ભૂતકાળમાંથી 'દાખલા' શોધવા દોડવું પડે છે. અને આપણે જાણે બુદ્ધિ, સાહસ અને શૌર્ય ઇ૦ નું દેવાળું ફુકયું હોય તેમ શબ્દે શબ્દે 'દેશકાળ' ને ભૂલી જઇ 'શાખામણ'ના સુત્રોની હારમાળાનો બોજો ફેરવ્યા કરીએ છીએ. આ શું સુચવે છે ? કદાચ આને આપણે ભૂતકાળ તરફનો ભકિતભાવ માનવા, મનાવવા લલચાઇએ, પણ જો ઉંડે ઉંડે તપાસીશું તો આપણને આપણી એજ પામર મનોદશાનાં દર્શન થશે કે, જે મનોદશા 'મુસીબતો' અને 'ઠોંસા ઠોકર'થી બ્હીએ છે.

* * *

સાથે સાથે એ પણ સમજી લઇએ કે કદાચ ભૂતકાળ તરફનો ભકિતભાવ હોય તોપણ શુ ? ભૂતકાળમાંથી 'પ્રેરણા, લઇ વર્તમાન ઘડવો એ એક વાત છે, અને ભૂતકાળે ઘડી આપેલા 'લોખંડી ચોકઠા'માં બરોબર બેસી રહે તેમજ વર્તમાનને ઘડવા પ્રયત્ન કરવો એ બીજી વાત છે. 'પ્રેરણા' સ્વાતંત્ર્ય બક્ષે છે. 'લોખંડી ચોકઠું' ગુલામી સર્જે છે. અસ્તુ !

* * *

'પત્રિકા'ના તંત્રી લેખમાં ગયા વર્ષની માફક આ વર્ષે પણ યુવક સંમેલન ભરવાની સૂચના કરવામાં આવી છે. યુવક સંમેલન શા માટે ? એ પ્રશ્નજ હવે તો અસ્થાને છે. હવે તો યુવાનોએ વધુ અને વધુ સંગઠિત થવાની આવશ્યકતા છે અને એ સમય આવી પહોંચ્યો છે, કે જ્યારે હવે આપણે 'ધર્મ' શબ્દના પડદા પાછળ સ્વચ્છંદે વિહરતા કેટલાક 'અહંમન્યો'ની સ્હામે; પોતાને સમાજનાં બન્ધનો અને નિતી અનિતીના સવાલો જરાય સ્પર્શ ન કરી શકે એમ માનનાર અને બીજાઓનો બીસાના કાયદાઓથી ન્યાય કરવાનો ફાંકો રાખનાર સમાજના થઇ બેઠેલા સત્તાધીશોની સ્હામે અને 'ઐરણની ચોરી અને સોયનું દાન'ની કહેવતને જીવનમાં સો ટકા સાચી પાડી હોવા છતાં પોતાને 'દાનેશ્વરીઓ' અને 'સંઘપતિઓ'ના શુભ નામે ઓળખાવતા, વડીલોપાર્જીત મીલ્કત અને કીર્તીના માત્ર વારસદાર હોવાના કારણેજ શ્રેષ્ટ પુરૂષો ગણાતા, દંભ અને પાખંડને પોષી રહી સમાજને છિન્ન ભિન્ન બનાવવામાં અન્યના હથીઆર બની રહેતા, કેટલાક મુડીવાદીઓની સ્હામે; લાચારીએ પણ નિડરપણે માથું ઉચકવુંજ પડશે. સંભવ છે, કે કોઇને આ વિચારો આકરા લાગે, અસ્થાને લાગે, કે ભૂતકાળે નક્કી કરેલા જીવન સંબંધિના સિદ્ધાંતોના આધાર વિનાના લાગે–ગમે તે હોય. મારે તેની સાથે લેવા દેવા નથી. હું માત્ર એટલુંજ ઉમેરૂ કે પરિસ્થિતિનું અવલોકન અને અભ્યાસ એમ માનવા પ્રેરે છે કે ભાંવીના ઘણકારાને વર્તમાન બનાવવાના સાધનભૂત યુવાનોએ બનેજ છુટકો છે.

* * *

જૈન પત્રમાં એક પત્ર લખી ભાઇ મણીલાલ પરીખ ચતુર્વિધ સંઘનું એક સંમેલન બોલાવવાની સૂચના કરે છે. અને તેનો ભાર શ્રી વિજયનેમીસૂરિજી મારફતે અમદાવાદની ઉપર મૂકે છે. આ સૂચના સંબંધમાં આ તબકકે આપણે મૌન સેવીએ. પણ તે ભાઇ પત્રની શરૂઆતમાં જણાવે છે કે:

"હાલમાં કેટલાક વખતથી દેવદ્રવ્ય, દિક્ષા,' ઉત્સૂત્ર પ્રરૂપણા–સમયધર્મ–બેકારી, કેળવણી વિગેરે ઘણા વિકટ પ્રશ્નો ઉભા થયા છે. તેનો નિકાલ સર્વગ્રાહ્ય તાકીદે થવાની જરૂર બધાને લાગે છે, તેને માટે ખાસ કરીને સાધુ સંમેલન થવાની જરૂર જણાતાં તે માટે પ્રયત્નો થયા પણ બન્યું નહી—"

—આ લખાણ વાંચી મારા એક સહૃદય ભકત મિત્રે કહ્યું ".....ભાઇ, સંસારની માયામાં લપટાએલા, આરંભ સમારંભના પાપોથી ઘેરાએલા, આપણે શ્રાવકોનું તો જાણે ઠીક પણ આપણા 'સાધુ સમુદાય'માં પણ આટલી બધી છિન્નભિન્નતા શાથી હશે ?!"

પ્રશ્નના જવાબમાં મારી હંમેશની ટેવ મુજબ સેવકે કરેલું ભાષણ આ રહ્યું :

"ભાઇ ! આપણે સૌ 'વિતરાગ'ના પન્થે ચાલનારા છીએ અને તેમાંય આપણા પૂજ્ય મુનિરાજો તો જીવનમાં 'વિતરાગતા' કેળવવા માટેજ પોતાનો જીવન પલટો કરે છે. પણ કાંતો આપણાએ પૂજ્ય વર્ગે જીવનમાં 'વિતરાગતા' એટલી બધી કેળવી હોય કે એકત્ર થઇ 'શાસન'ના માટે કૈં કરવાની આપણી ફરજ છે એટલું મમત્વ પણ તેમનામાં રહ્યું ન હોય. અગર તો 'વિતરાગના'ના ઉપાસકો 'વિતરાગ' શબ્દનું મહત્વજ ન સમજ્યા હોય !!? શું હશે તે તો જ્ઞાનીજ કહી શકે. આપણા જેવા 'અજ્ઞ બાળકો' માટે તો એ 'અણઉકેલ્યો કોયડો' રહે એજ વધારે ઉચિત છે."

* * *

—અને આપણા કેટલાય આવા સામાજીક, ધાર્મિક અને આર્થિક પ્રશ્નો કે જે હજુ સમાજના માટે 'અણઉકેલ્યા કોયડા'એ માત્ર છે. તેનો ઉકેલ કરવાની જવાબદારી યુવાનોની અને આપણી એ માનનીય સંસ્થા કોન્ફરન્સની છે. આપણે ઇચ્છીએ કે 'યુવાનો' અને આપણી એ સંસ્થા આગેવાનોના કાનપર આ અવાજ પહોંચે અને આપણે સૌ નવા વર્ષમાં એ પ્રશ્નોના ઉકેલને માટે મથીએ. શાસન દેવ આપણને પ્રેરણા અને બળ અર્પો એજ આ નવલા વર્ષના મંગળ પ્રભાતે પ્રાર્થના!

સં. ૧૯૮૭ નું પ્રફુલ્લ પ્રભાત — FEDIST.

વીસમી સદીના શાસનરસિકો!!

ના. હું તો દિક્ષા દશશ–ખંભાતનું પેલુ કાન્તિલાલ પ્રકરણ ભાગ્યેજ ભુલાયું હશે ત્યાં બીજી રતિભાઇ પ્રકરણ ઉપસ્થિત થયું છે. ફેર એટલો કે પેલામાં રામજી બાપુને અમદાવાદી પાત્ર જ્યારે આમાં સાગરજીભા ને ખંભાતી પાત્ર એની એ જૈનશાળા ને એના એ પ્રેમલાઓ!! રામ–સાગરનો ધોધમાર બોધ છતાં ન પળલ્યા કરતુરભાઇ કે ન ઉદય આવ્યો સુખલાલ કાકાને! જ્યાં આવા જરઠો લુખા ત્યાં પેલી કાન્તિ–શતુ–રતનલાલ લીમીટેડને શું કહેવાય. છતાં ખંભાતની ભૂમિ સાવ ઉખરતો નહિં! રામજીને ન મળ્યો તો સાગરજીએ તો મેળવ્યોંજ શહેરનો નહિં તો ગામડાનો તો ખરોજ. મધુકાન્ત કે દલાલ જેવો અભ્યાસી ન ગણાય છતાં ગુજરાતી ચોથી તો જણેજ. આમ છતાં વિધિ વાંકો એટલે બાપ શાસનપ્રેમી છતાં સામો પડયો. આતો પથારીમાં આગ જેવું! એકવાર ફરીથી શેઠના ઘર આગળ નારી વૃંદે રોકકળ કરી રાજીયા ગાયા. જૈન શાળાને પુનઃ એકવાર જેસંગશાના કુટુંબીઓએ ભરી મેલી. એમાંથી છુટવા તૂાળા દેવાણા. હજુ શુંયે થશે એતો ભાવિને હાથ! સંભળાય છે કે શેઠ મુંઝાણા, ગયા સાગરજી પાસ ને છોકરો પાછો આપી દેવા કરી વિનંતી; પણ આમ પાત્ર જવા દે તેવા ભોળા સાગરજી! હરિ! હરિ! શેઠની આબરૂની એ લાગીને શી પડી હોય! રોકકુ પરખાવી દીધું કે જ્યારે ચોમાસું કરવા તારપર તાર કરેલા ત્યારે શું ખંભાત બેચાર ચેલાનો પણ ઉમેરો ન કરે? એમાં હાનિ કંઇ નથી. એથી તો શાસન શોભા થવાની! વાહ કેવી મીઠી આશા! આવા છુમંતરો કે જેઓ પોતાના બાપાને સમજાવવામાં પંગુ જેવા અને અઉઠા સુધીનું જ્ઞાનવાળા તે હેમચંદ્ર કે યશોવિજયજી નિવડવાના! મહારાજ સ્વપ્નો સેવો. ગમે તેમ પણ સાગરજી ત્રંબોવટીને પુનઃ છાપે ચઢાવે એવો સંભવ છે. સાંભળ્યા મુજબ એમનો દાવ સચોટ છે. એમાં તાજેવત વાગેરે સાચા થાંભલાઓના ઘર આવી જાય છે. રતિલાલ જેવા ચાર પાંચ છે. એતો રંગ જામે ત્યારે વાત છેલ્લા સમાચાર મુજબ છોકરાના બાપ તરફથી વકીલ કરવામાં આવેલ છે. થાય તે ખરૂં.

અજાયેબી તો એ છે કે આ શાસનરસિકો શા માટે આવું કરે છે! એમણે તો ગુરૂદેવના વચન નિકળતા પૂર્વે છોકરા ધરી દેવા ઘટે. એટલા પુરતા આ રસિકો અધુરા તો ખરાજ. "ડીટેકટીવ."

રાષ્ટ્રીય હિતપ્રાપ્તિમાં ધર્મપ્રચાર શું સુલભ નથી થતો?

ખેડુતો શું વ્યાપારી નથી અને વ્યાપારી શું હળ ખેડુ નથી?

દુનિયાના કયા જાલીમ રાજ્યોમાં ધર્મપ્રચાર થઇ શકયો છે તેનું એક પણ ઐતિહાસિક ઉદાહરણ કોઇ આપી સકશે? અને તેના કયા ન્યાયી કે ધર્મનિષ્ટ રાજ્યોમાં ધર્મ પ્રચારની સુલભતા નથી થઇ?

આપણા હિંદમાંજ મહમદગીઝનવી, શાહણુદ્દીન ગોરી, ઔરંઝેબ અને અલાઉદ્દીન ખીલજી જેવા રાજ્યોમાં કેવો દયા ધર્મનો પ્રચાર થયો છે તે કોઇ જણાવશે? અને શાન્તિમય રાજ્યોમાં ધર્મ પ્રચાર કેવા કેવા થયા છે, તે શું હવે કોઇ ધર્મિષ્ઠથી કે શાસનરસીકથી અજાણ્યું છે?

ખેડુતોને હલકા ગણવા અને વ્યાપારીને ઉંચા ગણવા એવી વૃત્તિમાંથીજ ઉંચ નીચ ગણતાં ગણતાં કયા ધર્મે પોતાનું ધર્મ વર્ચસ્વ નથી ગુમાવ્યું? અને બૌદ્ધ તેમ જૈન જેવા શાન્તિ પ્રચારક ધર્મોએ જ્યારે માનવપ્રેમ અને સર્વ જીવપ્રેમ પ્રગટાવ્યા હતા ત્યારે રાજ્યહિત લોકોમાં હતું કે નહેતું તેનો વિચાર કરવો.

ખેડુત હવે કઇ દૃષ્ટિયે વ્યાપારી છે, અને વ્યાપારી કઇ દૃષ્ટિયે ખેડુત છે તે ધાર્મિક દૃષ્ટિયે કે સમભાવનાની દૃષ્ટિયે જોઇએ.

ખેડુતની જમીન એ કાંગળ છે, હળ એની કલમો છે, જમીન પરના ચાસ એ એની લીટીઓ છે, અને ચાસ ઉપર જુદે જુદે અંતરે જે દાણા વાવે છે એ એના શબ્દો છે. અને જેમ શબ્દમાં અર્થ હોય છે, તેમ તેને ઉપજાવેલા દાણા યા રસ હોય છે.

આજ નર્યો વ્યાપારી પણ ખેડુત છે.

મનુષ્યની જરૂરીયાતની જે જે ચીજો હોય અને તે અમુક જાતિ ન બનાવે તો આપણે પોતાને એ ચીજ બનાવવી પડે, માટે ધર્મની કે નીતિની દૃષ્ટિયે કોણ ઉંચ કે નીચ ગણી શકાય.

મનુષ્ય જ્યાંસુધી અન્ન ખાય છે ત્યાંસુધી વ્યાપારી હોય કે કોઇ બીજો હોય તો પણ તેને જીવન નભાવવાને અન્ન ઉત્પન્ન કરવું જોઇએ.

જ્યાંસુધી મનુષ્યે કે શાસનરસીકે અન્ન વિના પણ જીવન નિભાવવાનું શોધી કઢયું નથી ત્યાંસુધી ખેડુતને નીચો ગણવો એ ધર્મ નથી, પરંતુ અધર્મમાંથી ઉત્પન્ન થયેલો અહંકાર છે સુકેશી–(સુબોધમાંથી.)

પહોંચ–સ્વીકાર: જ્ઞાન પંચમી શ્રી વીર ધર્મોપાસક જૈન યુવક મંડળ, વડોદરા તરફથી મળ્યું છે.

ભારતનું ભાવી અને વિશ્વનો વર્તારો: પ્રકાશક પરીખ નગીનદાસ મનસુખભાઇ અમદાવાદ તરફથી મળેલ છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ. અવલોકન અનુકુળતાએ.

સમાચાર: દરેક દરેક સ્થળના યુવાનોને પોતપોતાના ગામના સમાચારો મોકલી આપવા વિનંતી છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ માંથી છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ માંથી પ્રસિદ્ધ કરી છે.

કોન્ફરન્સની આવતી બેઠક. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૪ મો. | સંવત ૧૯૮૭ ના કારતક સુદી ૧૨. તા૦ ૩-૧૧-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

જુવાનો ચેતજો.

ગત પર્વાધિરાજ પર્યુષણમાં જમણુવારના હિમાયતીઓએ ધર્મના નામે જમણુવાર કરવા અનેક કાવાદાવા બેલી જૈન જનતાને ઉંધા પાટા બંધાવી જમણુવારો કરવા ધાંધલ કરેલી, તેનો જવાબ મુંબઇની જૈન જનતાએ એવો તો સરસ વાળેલો કે નળબજારમાં શીરા વેચવા પડેલા, રાતના સેંકડો ભિક્ષુકને જમાડવા પડેલા છતાં રસોઇ વધી પડવાથી મંમાદેવીના દરવાજે બેસતાં ભિક્ષુકોને સવારમાં પીરસેલી. જોઇ લો કહેવાતા ધર્મિઓની ધર્મધેલછા.

શ્રીમાન્ રામપ્રેમને આજ કારતક માસની અંધારી ત્રીજે તેમના ભક્તો તરફથી પદ્વીદાનની અને બીજાઓને દિક્ષા દેવાની વિધિ થવાની છે, તે પ્રસંગે નોકારશીનું જમણ થવાનું છે. એ નોકારશી જમાડનાર ભાઇઓ પર્યુષણનાં જમણુવારોમાં થયેલ સ્થિતિ ભુલી ગયા લાગે છે. નહિ તો જે વખતે બારડોલી અને બીજા તાલુકાના ખેડુતો કરોડોની મીલકતને લાત મારી દેશ માટે ફનાહ થઈ રહ્યા હોય, સેંકડો બહેનો જેલ ભોગવી રહી હોય, સાથે અનેક પ્રકારનાં અપમાનો અને દુઃખો સહન કરી રહી હોય, વેપારીઓ કમાણીને લાત મારી દુકાનો બંધ કરીને બેઠા હોય, અરે! આખા ગુજરાત ઉપર કારમો કેર વર્તી રહ્યો હોય તેવા ટાણે જમણુવાર કરવામાંએ ધુળ પડી અને જમવામાંએ ધુળ પડી.

જે દેશના હવાપાણી અને અનાજથી શરીર બંધાયાં છે તે દેશના ઉપર દુઃખનાં વાદળાં તુટી પડતાં હોય ત્યારે તેમાં સાથ આપવાને બદલે વરઘોડા ને જમણુવારો સુઝે તેને શું સમજવું? કોઇને દિક્ષા આપવી હોય, અગર કોઇને પદ્વીદાન આપવા હોય તે વરઘોડા ને જમણો સિવાય નથી અપાતાં? કે પછી ધર્મના બહાને જમણુવારો કરી હજારોના ધુમાડા કરી દેશલાગણી દુભાવવાનું સુઝે છે? લગાર તો વિચારો! તમે પણ ભારતમાતાના પુત્રો છો.

જુવાનો! તમે તો જાગતાજ છો. છતાં ચેતતા રહેજો. ધર્મના બ્હાના નીચે રામજીએ પર્યુષણમાં જમણુવારો કરવાનો ઉપદેશ કરેલો. છતાં તમારા નિર્ધાર આગળ તેની મુરાદ ધુળ ચાટતી થયેલી. તેવીજ રીતે આ જમણુવારમાં તેવોજ નિર્ધાર કરજો. એટલે તમે તો જમવા નહિજ જવાના પણ કોઇ ભોળાઓને આહુઅવળુ સમજાવી લઇ જવાની કોશિષ થાય તો વિનવીને, સમજાવીને, આ પાપના ભાગીદાર થતા બચાવજો. બાકી ભલે એ રામ-સાગરની મંડળી જમે, કુદે, નાચે. એ બિચારા કુપમંડુકો ધડમ ધડમ કરીને ધડમના નામે જેટલું જમવું હોય તેટલું જમે. બાકી આપણે એવા જમણુવારોમાં કે પદવીઓમાં ભાગ નજ લઇ શકીએ. દેશસ્થિતિ જોઇને લાયકને માન અપાતું હોય તો જરૂર ભાગ લઇએ.

લાગતાવળગતાને કામનું.

મને ઘની ખુસી થાય સે કે મારા થાનકમાં સીરી સંઘ અને મોટા મોટા સાધુ મહાતમાઓ પધારનાર સે. પન હું કોઇ કોઇ વખતે જોસી બુઆઓને મલતો રહું સું. તેથી જરા બરા જોતીસનું પુંછડું પકરીને પોતીકું કામ ચલાયવો જાઉં સું હું મારૂં પોતીકું કરતવ સમજુ સું કે કોઇની ભુલ થતી આપના જાનવામાં આયવે તો તે પેલાંથી હંભરાંવી દેવા! પન પેલા હીયપ્રુતેલા વીરસાસનમાં ટાયલાં અને બરાડા મારારા વારા પછમ બુધી બામન જેવો હું નથી! કે કામ થઇ જાય પછી આપને જોસી બુઆનાં નામથી તુલ વીછીને ધન પન નથી તન નથી મન ઢાપન દોલવા મંદી જાઉં. પેલી બીચારી દુર દેસની પંજાબની પદવીને કેતલાંય વરસ થઇ ગયાં પન આજ બુધી જે જે મરીને પરવારી ગયા તેઓનાં નામો આપી આપીને પાપી જોતીસની દુરદસા કરી રહા સે! પન હું તો ચોખું ને ચત પછી ભલેને થાય ખતપત કથી દઉંસ જતપત-હાં ભા જરા ધાન દયને વાંચજો હો!

(૧) આ પેલી કારતક વદિ તીજને રવિસારની પદવીઓ ગવાય સે તેમાં મીન, મેખ ને વરખનો ચંદરમાં સે. તે પેમવિજયને **નવમો** અને રામવિજયને **આથમો** આવે સે.

(૨) સીરી સંઘને અને પેલી સીસોતી બાઇને **ચોથો** આવે સે.

(૩) કારતક મહિનો અને તુલાર્ક એતલે તુલાની સંક્રાંત સે. જે નિસીધ સે.

(૪) રવિવાર રામવિજયને કાલવાર આવે સે.

(૫) રવિવાર દિખાનો વાર નથી.

(૬) હત્તરમો રવિ જોગ સે તે ધન નાસ કરનારો સે.

(૭) વરી મારી વારી **ભદરાં** પન એજ વખતે સે એતલે **માથું મુંદાવીને ભદરાં પુંછવા જવા જેવું સે.**

ભા! આતો ઉપરનું જે થોરા ભનેલા અને અભન લોકો પન જની લે એવું તારવન કરેલું સે. બાકી લગન સગન તો જને મારા રામુનો બાપુ!

"ભાયખલાનો ભમતો ભુત."

સુરત જીલ્લા જૈન યુવક સંઘનો ઠરાવ.

"અહિંસા અને સત્યના પાયા પર રચાએલ રાષ્ટ્રિય આઝાદીની લડતમાં શ્રીયુત્ કુલચંદ ગુલાબચંદ ઝવેરીએ સુરતની રાષ્ટ્રિય સંગ્રામ સમિતિના મંત્રી તરીકે જે સુંદર ફાળો આપ્યો છે, તે માટે આ સભા તેમને ધન્યવાદ આપે છે, અને તેમનો અદમ્ય ઉત્સાહ જોઇ સરકારે પણ તેમની સેવની કદર કરી ગીરફતાર કર્યા તે માટે તેમને હાર્દિક અભિનંદન અર્પે છે."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

કોન્ફરન્સની આવતી બેઠક.

જુન્નેર કોન્ફરન્સમાં પસાર કરેલા બંધારણ મુજબ કોન્ફરન્સની બેઠક બાર મહિના લગભગમાં કોઈપણ સ્થળે અવશ્ય મળવી જોઇએ. અમો જાણીને ખુશ થયા છીએ કે કોન્ફરન્સના કાર્યકર્તાઓ તે વિષે પુરેપુરા જાગૃત છે ને તે નિયમનો અમલ કરવાના નિર્ણય ઉપર આવવા માટે સ્ટેન્ડીંગ કમિટિની મિટિંગ બોલાવવામાં આવનાર છે. કોન્ફરન્સ સામે વિરોધદર્શક ઠરાવ પસાર કર્યા પછી શાસનપ્રેમીઓનો પક્ષ તેની સામે બરાડા પાડવાના અનેક રસ્તાઓ અજમાવ્યા કરે છે, તેજ તેમના વિરોધના ઠરાવની કેટલી કિંમત છે તે સુચવે છે. વિરોધદર્શક ઠરાવ પસાર કર્યા પછી છ મહિના પસાર થયા તે દરમ્યાનમાં તે પક્ષ તેમના ઠરાવનો સ્વીકાર કોઇપણ સારી સંખ્યાની જૈન વસ્તીવાળા ગામ પાસે કરાવી શકયા નથી. બે ત્રણ નાના ગામડાઓના શ્રદ્ધાળુ અને ભોળા જૈન બંધુઓ પાસેની તેમની સહીઓની કાંઈ કિંમત છેજ નહિ. કોન્ફરન્સના કાર્યકર્તાઓને તેની ગણત્રી કરવાની જરૂર નથી. આપણે વહીવટ ચોખ્ખો હશે, કાર્યકર્તાઓમાં નિયમિત ભોગ આપવાની તાકાત હશે, ધર્મ તરફ પ્રેમ હોઇ ને ધર્મબંધુઓની સાચી સેવાની ધગશ હશે તો શાસનપક્ષના હસ્તે પ્રયાસો નિષ્ફળતા મેળવશે. તે પક્ષ તરફથી કોન્ફરન્સ ઓફીસના વહીવટને અંગે સર્વ તેની હસ્તકના કેટલાક ફંડોના વહીવટને અંગે, અતિશયોક્તિભરેલા આક્ષેપોવાળા લેખ લખવામાં આવે છે. તેમાંના ઘણાં તો વર્ષો પહેલાની હકીકતોનું પીષ્ટ પેષણ હોય છે તે વિષે હાલની કમિટિ કે હોદ્દેદારો જવાબદાર ગણી શકાય નહિ. પણ ચલુ સમયના કાર્ય પદ્ધતિને અંગે જે વાતો લખવામાં આવતી હોય તેને માટે યોગ્ય ખુલાસા કરવા જોઇયે. હકીકતો ટીકા વગર સ્પષ્ટતાથી રજુ કરવી જોઇયે ને સ્ખલનાઓ થતી હોય તો દુર કરવી જોઇએ. કોન્ફરન્સ ભરવામાં આવે તે પહેલાં સ્ટેન્ડીંગ કમિટિએ કેટલીક ભૂમિકા તૈયાર કરવાની જરૂર છે. બેઠક ભરવાનો હેતુ નક્કી થવો જોઇએ. બેઠક ભરી નાંખવી એટલે કાંઇ કાર્યક્રમ ન પસારે થવા દેવો પણ બેઠકમાં સમાધાની જળવાય, બેઠક નિર્વિઘ્ને પણ મૃતપ્રાય સ્થિતિમાં પુરી થાય તેટલા ખાતર બધી ચર્ચાસ્પદ વાતોને ચર્ચાવા દેવાનો સમય ન આપવો આવી વૃત્તિ જે અગાઉની બેઠકમાં જોવામાં આવતી હતી. જુન્નેરની બેઠકમાં પણ તે વૃત્તિ તદ્દન નિર્મુળ થઇ નહોતી. તેવી વૃત્તિ રાખવાથી કોમને કોન્ફરન્સની બેઠકથી સ્થાયી લાભ થઇ શકે નહિ. આ હકીકત જરા વધારે સ્પષ્ટ કરીએ. બંધારણમાં તે વાત નિયમો રૂપે નિર્ધારેલી છે. ગઇ સાલ બેઠક ભરી, આ સાલ ભરવી છે. ભરવી જોઇયે તે ખરૂં છે પણ ભરવાના ખાસ હેતુઓ સધવાય તે માટે બેઠક ભરવા પહેલા બંધારણના તે સંબંધીના દરેક કાનુનોનો અમલ થવો જોઇયે. સ્ટેન્ડીંગ કમિટિની મિટિંગ ભરવાના સ્થળ સંબંધી નિર્ણય કરવા માટે ચર્ચા ચલાવે તે દરમ્યાન જે જે વિષયો કોન્ફરન્સમાં લાવવા જરૂરના હોય તેને માટે ચોક્કસ નિર્ણયો કરી ડ્રાફ્ટ તૈયાર કરવો જોઇયે ગેરસમજુતી ન થાય તેટલા ખાતર જણાવવાનું કે તે નિર્ણયો ફેવટના નથી. સવાલો તો બધા ઘણા જરૂરના હોય છે તેટલા ખાતર જુદા જુદા સભ્યો, મંડળો, સંઘો તેવા ઘણા સવાલો ઠરાવના ખરડામાં દાખલ કરાવવા માટે આગ્રહ રાખે તે સ્વાભાવિક છે. પણ સવાલોની અગત્યતા વધતી ઓછી પણ હોય છે. તેમજ ચોક્કસ સવાલો અમુક સમયે ન લેવાય તો સમય વીત્યા પછી નકામા થઇ પડે છે એટલે તેવા જરૂરના સવાલો માટે એકમત થઇ બીજા સવાલોને ભવિષ્યને માટે છોડવાની મતસહિષ્ણુતા સભ્યોએ દેખાડવાની જરૂર છે તોજ વ્યવહારૂ કાર્યક્રમ યોજાશે ને ઠરાવોનો વરસ દરમ્યાન યોગ્ય રીતે અમલ થઇ શકશે. આ હકીકત રીતસર ચર્ચાઇ જવાથી સ્થળની પસંદગીમાં પણ અનુકુળતા આવશે. જુન્નેર કોન્ફરન્સમાં જુદા જુદા સ્થળો વિષે વાત ચર્ચાતી હતી. પણ અમો સ્થળ માટે સુરતને વધારે પસંદ કરીયે છીએ. સુરતમાં કોન્ફરન્સની હજી સુધી એકે બેઠક ભરાઈ નથી. સુરતમાં જૈનોની વસ્તી પ્રમાણમાં સારી છે વળી જુન્નેરે થોડી વસ્તી હોવા છતાં કોન્ફરન્સની બેઠકને સફળ બનાવી અન્ય શહેરોને દ્રષ્ટાંત પુરૂં પાડયું છે. સુરતનો યુવક સંઘ સભ્યોની સારી સંખ્યા ધરાવે છે. કોન્ફરન્સના રેસીડન્ટ જનરલ સેક્રેટરીમાંના એક સુરતના છે તેઓ સુરતમાં સારી લાગવગ ધરાવે છે. સુરતની બેઠક માટે કામ કરનારને એક ભય ઓછો છે કહેવાતા શાસનપ્રેમીઓ પોતાના ઠરાવનો ભંગ કરી કોન્ફરન્સના કાર્યમાં વચ્ચે આવી શકે તેમ નથી. સંખ્યાબળ હોય તો કોન્ફરન્સના હાલના બંધારણ મુજબ બેઠક ભરનાર ગામને વિશેષ ખર્ચ કરવો પડે તેમ નથી. ભારતની સ્વાતંત્ર્યની હાલ ચાલતી લડતના પ્રસંગે કોન્ફરન્સની બેઠક ભરવી કે કેમ તે પ્રશ્ન ઉઠાવવામાં આવશે પણ તેવા પ્રસંગે તો બેઠક ખાસ ભરવી જોઇએ. કારણ કે જૈન કોમ વ્યાપારી કોમ છે. વ્યાપારીનો સહકાર લડતમાં હાલ સુધી બહુ સુંદર રીતે રહ્યો છે તે સહકાર હવે પછી પણ ચાલુ રહે તે બાબતમાં જૈન કોમ ઘણું કરી શકે. જૈન યુવાનોએ લડતમાં સક્રિય ભાગ લઇ આત્મત્યાગ કર્યો છે અને રાષ્ટ્રભક્તિ પણ ધર્મનો—ધાર્મિકતાનો એક પ્રકાર છે, એ હકીકત વર્તનથી સાબીત કરી આપી છે. ત્રીસ કરોડ માણસને દિવસમાં એક વખત અન્ન મળતું નથી. તે અન્ન મળી શકે તે માટેની લડતને કોણ અધાર્મિક કહી શકે? માટે લડતમાં જૈન કોમ વધારે રસ્તાય ફાળો આપી શકે? જુદા જુદા વિષયમાં વ્યાપારી દ્રષ્ટિથી લડતને વધારે મક્કમ તથા અસરકારક બનાવી શકવાના જૈન કોમ પાસે સાધનો છે તો તે સવાલ કોન્ફરન્સની બેઠકમાં મુખ્યપણે ચર્ચવો અને બીજા કોમ હિતના અનેક પ્રશ્નો માટે વિચાર થઇ શકે તેટલા માટે કોન્ફરન્સની બેઠક અવશ્ય ભરવી જોઇયે. વિશેષ હવે પછી.

વીરશાસનના એચ. ડી. શાહ.

ભાવનગરના સંઘના આગેવાનોની, સંસ્થાઓની ખામીઓ સુધારવા નીકળ્યા છે તેમણે લેખ લખવાની નવી પદ્ધતિ સુચવી છે. દરેક લેખ લખનારે 'ધર્મ સાક્ષીએ' એ શબ્દનો ઉપયોગ લેખ લખવામાં કરવો. તે ભાઇ ધર્મ સાક્ષીએ શબ્દની સાથે સાંભળવા પ્રમાણે લખવાનો રીવાજ રાખે છે એટલે તેમને કાંઇ બાધ આવતો નથી. પણ એચ. ડી શાહ કોણ છે? ભાવનગરના છે? હરજીવન દીપચંદ શાહ તો નહિજ હોય! સાંભળવા પ્રમાણે એચ. ડી. શાહ ભાવનગરના હોય તેમ લાગતું નથી સમય આવ્યે સુરજ છાબડે ઢાંકયો નહિ રહે.

નિર્ભયતા.

આજે છેલ્લા આઠ માસથી જે મહાન્ સ્વાતંત્ર્ય-સંગ્રામ ચાલી રહ્યો છે તેથી અનેક અવાન્તર લાભો થયા ઉપરાંત સૌથી મહત્વનો લાભ એ થયો છે કે આપણી પ્રજામાં અપૂર્વ નિર્ભયતાનો સંચાર થયો છે. નિર્ભયતાની પ્રાપ્તિ સિવાય કોઇ પણ પુરૂષાર્થની સિદ્ધિ શક્ય નથી. આપણી પ્રજા સેંકડો વર્ષ થયાં પરપ્રજાના તંત્ર નીચે રીબાય છે તેનું મૂળ આપણી ભીરૂતામાં રહેલું છે. આ ભીરૂતા આપણામાં અનેક રીતે જડ ઘાલીને બેઠી છે અને તે જડ તોડ્યા સિવાય આપણો કદિ પણ ઉદ્ધાર સંભવતો નથી. એ આપણે બરોબર સમજી લેવાની જરૂર છે.

વહેમો એ ભીરૂતાનું બીજું જ સ્વરૂપ છે. જ્યોતિષની ગણતરીઓ અને શુકન અને મુહૂર્તો જોવા શોધવાની પાછળ પણ આજ વૃત્તિ મોટા ભાગે રહેલી હોય છે. જ્યારે આત્મ-વિશ્વાસનો અભાવ હોય છે, સ્વાશ્રય અને સ્વાયલંબન નાશ પામ્યાં હોય છે, ગમે તેવા સંયોગોને પહોંચી વળવાની અને તે તે સંયોગોમાં ધર્મ અને સત્યના આદેશ અનુસાર વર્તવાની તાકાત ટેક તેમજ દ્રઢતા ખલાસ થયા હોય છે ત્યારેજ જ્યાં ત્યાં ભયનાં, શંકાના, અશ્રદ્ધાનાં નિમિત્તો ઉભા થાય છે અને માણસમાં વહેમ વધે છે અને તે ટાળવાની પ્રવૃત્તિઓથી તે વધારે ને વધારે વહેમી અને ભીરૂ બનતો જાય છે. પરિણામે માણસ સંયોગોનો સ્વામી અથવા તો વિધાતા બનવાને બદલે સંયોગોનો ગુલામ બની જાય છે અને આત્મ તત્વને ગુમાવે છે.

આપણા ધર્માચાર્યો નિરંતર આપણને કામ, ક્રોધ, માન, માયા, લોભ ઇત્યાદિ દુષ્ટ વિકારોથી છુટા થવાનો ઉપદેશ આપે છે આ ઉપદેશના ઔચિત્ય વિષે બે મત છેજ નહિ, પણ આ બધાથી વધારે બળવાન અને વિશેષ ઘાતક રિપુ ભય છે તે તરફ તેઓનું કદિ ધ્યાન ખેંચાયું જ નથી; કારણ કે ભયપરાયણતાનો રોગ આખી પ્રજાને લાગુ પડેલો છે અને તેથી જેટલી સામાન્ય પ્રજા ભયગ્રસ્ત દેખાય છે તેટલાજ ધર્માચાર્યો ભયગ્રસ્ત હોય છે. આ ભય-વૃત્તિ જ્યાંસુધી છેદાય નહિ ત્યાંસુધી અહિંસા કે સત્યના પાલનની વાતો કરવી એ મિથ્યા છે; કારણ કે અહિંસા કે સત્યના પાલન માટે સૌથી વધારે આવશ્યકતા નિડરતાની છે.

કોઇપણ પ્રજાને માટે સ્વતંત્રતા કે સ્વરાજ્ય એ જન્મ-સિદ્ધ હક્ક ગણાય છે એમ છતાં એમ કેમ બને છે કે સ્વાભાવિક ગણાતા હક્કની અવગણના કરીને એક પ્રજા અન્ય પ્રજા ઉપર પોતાનું તંત્ર સ્થાપી શકે છે અને એ તંત્રને પરાધીન પ્રજા વર્ષો સુધી નિભાવી લે છે? કોઇ પણ આક્રમણ કરતી પર પ્રજા ગમે તેટલા શુભ આશયનો દાવો કરે તે છતાં આક્રમણ કાર્યજ શુભ આશયને અમાન્ય ઠરાવવાને બસ છે. આવી પરપ્રજાના શાસન ઉપર ગમે તેટલો સદ્વૃત્તિ અને શુભાશયનો ઢોળ ચઢાવવામાં આવે એમ છતાં તેના અન્તર્ભાગમાં કેવળ પશુતા તથા પાખંડજ હોય છે. આમ છતાં આવાં પરરાજ્યો અથવા તો પારકી સત્તાઓ આ પૃથ્વીતળ ઉપર શી રીતે નભે છે? તેનું મૂળ પરાધીન પ્રજાની સ્વભાવ-ગત ત્રુટિઓમાંજ સંભવે છે. આ ત્રુટિઓમાં મુખ્ય ભયાન્વિતતા અને સ્વાર્થપરાયણતાજ હોય છે. નવી રાજ્યસત્તા પરાધીન પ્રજા ઉપર કોઇ એવી ભયની છાપ પાડે છે કે તેની સામે જરા પણ માથું ઉંચકવું તેને અશક્ય લાગે છે. વળી પ્રજા તો આખરે વ્યક્તિઓના સમુહોની બનેલી હોય છે. તે વ્યક્તિઓ પોતાની જાત, જ્ઞાતિ, સંપ્રદાય અને તડોનાં સ્વાર્થ સંભાળવામાં એટલી બધી મશગુલ હોય છે કે સમસ્ત પ્રજારૂપ સમષ્ટિના હિતની સર્વ ચિન્તા તે ગુમાવી દે છે. આમ જ્યાં સુધી ચાલ્યા કરે છે ત્યાં સુધી પરપ્રજા કોઇ પણ દેશ ઉપર રાજ્ય ચલાવી શકે છે. એ ભયની ભ્રમણા તુટે અને પ્રજા સર્વ પ્રશ્નોનો દેશની દ્રષ્ટિએ ગંભીર પણે વિચાર કરવા માંડે ત્યારથી પરપ્રજાના શાસનનો અંત શરૂ થાય છે.

સદ્ભાગ્યે આજે આપણી વચ્ચે જે મહાન્ વ્યક્તિ આખા ભારત વર્ષનું ભાગ્ય વિધાન કરી રહેલ છે તે મહાત્મા ગાંધીજી નિર્ભયતા અને નિઃસ્વાર્થતાની પરમ મૂર્તિ છે. તેમના પરમ ઐશ્વર્યવાન્ ચરિત્રમાં જ્યાં ત્યાં નિડરતા અને નિઃસ્વાર્થ જનસેવાના ઉજ્જ્વળ દ્રષ્ટાન્તો વેરાયલાં પડ્યાં છે. તેમણે સત્યાગ્રહ આશ્રમ વિષે જે વ્રત માળાની યોજના ઘડેલી છે તેમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ સાથે અભયવ્રતને ઉપર જણાવેલ દૃષ્ટિ ધ્યાનમાં લઇને જોડેલું છે. આપણે એમના નિર્મળ ચરિત્ર અને વિચારોમાંથી ઝરતી પ્રેરણાઓ ઝીલીને આપણામાં સાચી નિર્ભયતા કેળવીએ અને એ રીતે દેશ તેમજ ધર્મ-ઉભયની સચ્ચી સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત કરીએ! **પરમાનંદ.**

અભિનંદન.

શ્રીમતી જૈન સરલાદેવી : અમદાવાદના જાણીતા જૈન મીલમાલેક શેઠ અંબાલાલ સારાભાઇની ધર્મપત્ની જેઓ ચાલુ લડતમાં ઘણા સમયથી સારો ફાળો આપી રહ્યા છે, તેઓ ગુજરાત પ્રાંતિક સમિતિના સરમુખ્યતાર નીમાયા તે માટે અમારા હાર્દિક અભિનંદન.

શ્રીમતી લીલાવતી મણીલાલ દફ્તરી.

હીંદ સેવા દળના આશ્રય નીચે રાષ્ટ્રધ્વજ વંદનની ક્રિયા વખતે પકડાયા હતા તેઓને સાત માસની સજા થઇ છે તે કાઠિયાવાડની જેલમાં જનાર પહેલા જૈન બહેન છે. તેમને પણ અભિનંદન આપીએ છીએ.

યંગમેન્સ જૈન સોસાયટી ને પુનર્જીવન.

યંગમેન્સ સોસાયટીના સભ્ય જેઓ બારડોલીના રહીશ છે તેમણે એક વિધવા બાઇ સાથે પુનર્લગ્ન કર્યું છે. સોસાયટી ધન્યવાદ આપશે કે શું કરશે?

દીક્ષાના ઉમેદવારો.

કારતક વદમાં અત્રે અપાનારી દીક્ષાના સંભળાતા ઉમેદવારોના જીવન વૃતો પ્રસિધ્ધ થવાની જરૂર છે. એક પાલનપુરી બંધુનું જીવન જૈન તા૦ ૨-૧૧-૩૦ ના અંકમાંથી વાંચી લેવું. બીજાઓના મોકલી આપવામાં આવશે તો પ્રગટ કરશું.

સુસવાતા વાયરા.

મુંબઇમાં, રામજી બાપુને પદવી આપવાના ને અડધા ડઝનેકને અનગાર બનાવવાના ભણકારા વાગી રહ્યા છે. બાપુજી ભલેને ખુદ વીસમી સદીના 'લોર્ડ' બને તેમાં મુંબઇના સંઘને કંઇ લેવા દેવા નથી. લાલબાગના કેટલાક હાજીઆ ભક્તો સિવાય આજે બીજા કોઇને પદવીદાન કરવાના કોડ નથીજ. બાકી ચેલા વધારવામાં રાજીખુશી છે કે ધાલમેલ જેવું છે તે તો વાત પ્રગટ થયે જણાય. જો કે આજે એમાં ઉંડા ઉતરવાનો યુવકોને સમય નથી છતાં એટલી નુકતેચેની કરી દઇએ કે પ્રવરજી જે કંઇ કરો તે આવેશમાં આવી ન કરતાં તાજા બનાવોને નજરમાં રાખી કરજો આજે સુઝીવો કે ચિત્તવિજયોને સ્થાન નથીજ. બાકી 'યશ' જેવાને વંદન છે.

* * *

સાંભળવા મુજબ સાગરજીના દાવ ઉધા પડયા છે. બકરી કાઢતાં ઉંટ પેઠા જેવું થયું છે. રતિલાલને મૂંડી નાખવાનું પાર પડે તે પૂર્વે તો રતલામ કે જ્યાં એ ભાઇને છુપાવવામાં આવેલ–ત્યાંથી પોલીસે કબજો લઇ, છુપાવનારા આડતીઆઓને પણ 'કસ્ટડી' માં રાખ્યા છે. છોકરાનો કાકો ત્યાં દિવાળી પહેલાંથીજ હતો અને પાછળથી ખબર મળતાં બીજા સગા પહોંચી ગયા છે. સાગરજીને આ સમાચાર મળતાં અમદાવાદથી ખંભાત વકીલોની દોડાદોડ થઇ ગઇ ને રતલામ પણ વકીલ દોડાવ્યાનું સંભળાય છે. શાસનપ્રેમ 'કોરટ–દર બારમાં' ગયા સિવાય નહિં દેખાડાતો હોય? અધર્મીઓને કદાચ બોધ ન લાગતો હોય પણ આ શાસનપ્રેમીઓના કલેજા કેમ ખવાઇ જાય છે! આથી એમ માનવું શું બોટું છે કે પારકાને જતિ કરવાજ પ્રેમલાઓનું જુથ જન્મ્યું છે!

* * *

કંઇ નહિં રામજી કરતાં સાગરજી પાકા તો ખરાજ. એ કંઇ એકાદા રતિઆથી રતિ પામે તેમ નથીજ. સંભળાય છે કે શાસનરસિકોમાં ચુસ્ત ગણાતા ઘરોમાંથી એમણે ચોકઠા તૈયાર કરી છે. ખારવાડાનો દત્તક, તાલેવતનો વંશ વારસ, અને તેવા બીજા બે માટે વાતો થાય છે. વાત તો ખુશી થવા જેવી છે છતાં એટલી ચેતવણી આપીએ કે એ કામ રસિકોએ રસિકતા.થી જરા પણ વાતને ડોહળ્યા સિવાય વધાવી લેવી જોઇએ બાકી રડારોળ કરીને કે કોટવાળીમાં દોડધામ કરવાથી તો શાસન સેવાને સ્થાને કેવળ અપભ્રાજના થઇ રહી છે! એક વાર તો શ્રાવકડા તરીકે પેટ ભરી નિંદાયા છે માટે પુનઃ તેવું ન થાય એ જોવું ઘટે. દરેક શાસનપ્રેમી કુટુંબ દીઠ અકેક સંતાન આ મુક્તિના સીધા ઇજારદારોને અર્પણ કરી દે તો જરૂર રામ–સાગરજી પૂર્ણ રીતે સંતોષાય. દેશ માટે આવો ભોગ ધરનારા આજે સંખ્યાબંધ દ્રષ્ટિગોચર થાય છે તો શું રામજી બાપુના ધર્મીઓમાંથી પાંચ પંદર પણ આવું નહિં કરી બતાવે!

* * *

૧૯૮૬ ની સાલની મુંબઇની દિવાળી યાદગાર રહી જવાની. ડોસાઓ કહે છે કે પચાસ વર્ષમાં અમારી આંખે આ પહેલો પ્રસંગ છે. બટન દાબતા હજારો દીવા થઇ જાય એવી વિજળી બાઇ આ વેળા સાવ ખુણે ભરાઇ ગયા. મારકાટો શું કે તાંબાકાટો શું. દુકાનો શું કે દેવાલયો શું. સર્વ જગાએ શૂમશામ! ભાગ્યેજ અલ્પ સંખ્યા મિષ્ટાન્નો જમી હશે! આમ કોંગ્રેસનો આદેશ સર્વત્ર પળાયો. એ સાથે એનો બીજો હુકમ ત્રિરંગી વાવટા ચઢાવવાનો સર્વત્ર જળવાયો. આ વેળાયે વાવટાની શોભાએ કંઇ નવીન દ્રશ્ય રજુ કર્યું. આમ પ્રજાએ મહાત્માજી વીગેરે નેતાઓ પ્રત્યે પૂર્ણ ભક્તિભાવ દાખવ્યો. દેવદર્શને જતાં નારીવૃંદના શરીરો પર સાદા સ્વદેશી વસ્ત્રો સિવાય ભાગ્યેજ કંઇ જણાતું અફસોસજનક એટલુંજ કે સુરતી સ્ત્રીઓએ–ખાસ કરી ઓશવાળ જવેરીઓની નારીઓએ સાડીના સણગાર સજી પરદેશી વસ્ત્રોનું પ્રદર્શન કરવામાં મણા નહોતી રાખી. શું એમના ભેજામાં દેશભક્તિનો છાંટો સરખો નહિં હોય? કયાં તો અજ્ઞાનતા અગર તો ફેશનનો મોહ ઢાંસીને ભર્યો હોવો જોઇએ. રામજી બાપુનો સતત બોધ સાંભળનાર આ બહેનો જેમનાથી વસ્ત્ર આડંબરનો ભોગ સરખો આપી શકાતો નથી તેઓ ત્યાગ–વૈરાગ્યની વાતો કેવી રીતે પચાવી શકતી હશે! દેશની હીલચાલમાં આવી પરાંગમુખતા કોઇકવાર સમાજ ને ધર્મ પર ગંભીર જોખમ આણે છે. ખુશી થવા જેવું તો એજ છે કે ઉગત 'કાળામેઢા' ને બાજુએ રાખતાં આખી સમાજ દેશની હીલચાલમાં હાર્દિકતાથી રસ લઇ રહી છે.

વીરશાસનમાં સમાચારના પાના ઘણીવાર ધર્મસેવક કે એમ. એમ. ચોકસી જેવાથી કાળા કરાયલા હોય છે એમાં એકજ જુનો કકડો ઘુંટવામાં આવ્યો હોય છે અને તે માત્ર એટલોજ જુન્નર કોન્ફરન્સમાં આમ કરવામાં આવ્યું અને જીવાભાઇ પ્રતાપસીએ તેથી આમ કર્યું. અજાયબી તો એજ છે કે આ અડીયલ ટટ્ટુઓ આટલા દિને આજે કયાંથી પુઠી નિકળ્યા છે! એ પિંજરણમાં ઉંડા ઉતરવાની આજે નથી તો કોન્ફરન્સને પુરસદ કે નથી તો કોઇ યુવકને. એવેળા એ સંબંધમાં પુષ્કળ ઉહાપોહ થઇ ગયો છે. એમાં હાથ હેઠા પડયા એટલે તો સુરતમાં જૂદો ચોકો કરવો પડયો. એમાં ભેળા થયેલા હું બાવા ને મંગળદાસો ભલેને આજે ઓલ ઇન્ડીયાના નામે ઘેટા ચરાવે ને 'યંગમેનો' તરીકે 'ગેહેશૂર'ની હરાઇ ઉડાવે સમાજના સમજુ વર્ગે તો કયારનુયે માપી લીધું છે કે એ સાચા 'યંગમેનો' નથી પણ કોઇ બારમી સદીના 'એનઘેનો' છે. એમના થુંક ઉરાડવાથી કોન્ફરન્સનો વાળ સરખો વાંકો થવાનો નથી. પ્રેમલા ભકતોનાપર દબાણ ચલાવી એકાદ બે નાના ગામડામાંથી એના સામે બેશુરો અવાજ કઢાવવાથી જનતા ભોળવાઇ જવાની નથીજ. ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ, પંજાબ ને દક્ષિણમાં આજે વર્ચસ્વ કોન્ફરન્સનું જ છે. મુબઇ, અમદાવાદ, પાટણ, ભાવનગર, વડોદરા, પાલણપુર કે ખંભાત વીગેરે સ્થાનોમાં મોટો વર્ગ કોન્ફરન્સમાં શ્રદ્ધા ધરાવનારો જીવતો જાગતો છે. એને મન બાહુતી લખાણોની કિંમત પુઠી બદામની પણ નથી. દીક્ષા અને જ્ઞાનના નામે ફડો કરી એનો દુરૂપયોગ કરવાનું એ પ્રેમલા ભકતોનેજ મુબારક રહો.

"દ્રષ્ટા."

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

જૈ.સ.ની સ્થિતિ અને મહા વદ ૭ યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૫ મો. | સંવત ૧૯૮૭ ના કારતક વદી ૪. તા૦ ૧૦-૧૧-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

પ્રાસંગિક પ્રશ્નોત્તરો.

[શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆને એક ગૃહસ્થ તરફથી કેટલાક પ્રશ્નો પૂછવામાં આવેલા તે તે પ્રશ્નો ને તેમણે જે ઉત્તરો આપેલા તેની નકલ અમે નીચે પ્રગટ કરીએ છીએ અને આ પ્રશ્નો સંબંધમાં અન્ય વિચારકોને પોતપોતાનાં અંગત મન્તવ્યો મોકલવા નિમંત્રણ આપીએ છીએ—તંત્રી.]

સવાલ–"અત્યારની રાષ્ટ્રિય ચળવળમાં જે લોકો ભોગો આપે છે, માર ખાય છે, અથવા માથા ફોડાવે છે, તેઓને નિર્જરા થાય કે નહિં અને થાય તો સકામ કે અકામ?

જવાબ–નિર્જરા કે કર્મબંધ થાય તે આંતર અધ્યવસાય ઉપર આધાર રાખે છે. મનમાં અહિંસા પ્રચારની ભાવના હોય, દેશની મુકિતની સાપેક્ષ દ્રષ્ટિ હોય તો નિર્જરા પણ થાય અને પુણ્યબંધ પણ થાય. જો નિર્જરા થાય તો તે સકામજ હોય છે.

બાહ્ય દ્રષ્ટિએ સમાન ક્રિયા કરનારને ફળપ્રાપ્તિમાં ઘણો તફાવત પડે છે એટલે અંતરની સાપેક્ષ દ્રષ્ટિપર સર્વ બાબતોનો આધાર રહે છે.

સવાલ–"અસ્પૃશ્યતા નિવારણના સંબંધમાં જૈનો ભાગ લઇ શકે કે નહિં? અસ્પૃશ્યને આપણા દેરાસરમાં દર્શનાર્થે આવવા દેવાય કે નહિં?"

જવાબ–જૈન ધર્મમાં "અસ્પૃશ્ય" આત્મા છેજ નહિં. અહિં તો સર્વ આત્મા સમાન છે. ઉંચ નીચનો ભેદ જૈને કદિ સ્વીકાર્યો નથી. હરિકેશી મુનિ ચંડાળને ત્યાં જન્મ્યા તેથી મોક્ષનો તેનો અધિકાર ગયો નથી. એ જૈનને ત્યાં વહોરવા આવે તો તેમને ઘર બહાર ઉભા રાખી રોટલી ફેંકવામાં આવતી નહોતી. પ્રત્યેક જૈનનો દેરાસરમાં આવવાનો અધિકાર છે. લોકો જેને અસ્પૃશ્ય કહે તેવો હોય કે ગમે તેવો હોય–જૈન હોય તો દર્શન માટે જરૂર આવી શકે છે.

સવાલ–"અત્યારની રાષ્ટ્રિય ચળવળમાં ભાગ લેવો એ ધર્મ ગણાય કે નહિં?"

જવાબ–લેનારના સાધ્ય ઉપર આધાર રાખે છે. એની સેવા ભાવની ભાવના હોય તો એને લાભ થાય, કીર્તિની ભાવના હોય તો ઐહિક લાભ થાય, સેવા ભાવના હોય તો નિર્જરા થાય, ધાંધલવૃત્તિ હોય તો મોહનીય કર્મબંધ થાય વિગેરે વિગેરે. સમાન ક્રિયા વ્યક્તિ પરત્વે જૂદા જૂદા પરિણામો નીપજાવે છે

સવાલ–"રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં સાધુઓ ભાગ લઇ શકે કે નહિ? અને જો ભાગ લે તો કેવી રીતે અને કયાં સુધી?"

જવાબ–રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં સાધુઓ ભાગ લઇ શકે. એ દેશને આઝાદ કરવામાં પરિણામે ધર્મ સામ્રાજ્યમાં પ્રગતિ દેખતા હોય તો બહુ પ્રેમપૂર્વક ભાગ લઇ શકે. એ સર્વેને અહિંસક રહેવાનો ઉપદેશ આપે અને સત્યનો મહિમા દેખાડે. એ ઉપદેશદ્વારા સત્ય માર્ગ બતાવી શકે. એથી વધીને એ કાર્યથી લેખો લખે, સમાજ શાસ્ત્રના પ્રશ્નો ચિંતવે અને વ્યકત કરે એ ધર્મ અને વ્યવહારનો સમન્વય કરે. આવડત હોય તો સાધુ ધર્મને ખૂબ પ્રગત કરતાએ રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં અનેક પ્રકારે ભાગ લઇ શકે અને તેમ કરીને પોતાનો વિકાસ વધારી શકે.

એ કયાં સુધી જઇ શકે એ કાર્યમાં પડયા પછી એને સમજવું મુશ્કેલ નથી. એને અંતરાત્મા જવાબ પણ આપે. એને જવાબ સાચાજ મળે. એનામાં દંભ, દેખાવ અને ગોટાળા ન હોવા જોઇએ. નિખાલસ વૃત્તિવાળા માટે માર્ગ સરળ અને સીધો છે અને આ કામમાં ગોટાળીઆઓનું ચાલે તેમ નથી.

સવાલ–" સમકીતના દુષણમાં કુલિંગીની પ્રશંસા કરવાની ના છે. તો અત્યારે અન્ય દર્શનમાં વર્તતા કોઇ મહાત્મા અથવા વિશેષ ત્યાગ કરનાર ગુણીજનની ગુણોને લીધે તે વ્યકિતની પ્રશંસા સહેજે થાય તો આપણને દુષણ લાગે કે કેમ?"

જવાબ–જૈન શાસ્ત્રકાર ગુણરાગને બહુ ઉચ્ચ સ્થાન આપે છે. આપગુણી હોય અને ગુણનો રાગ હોય–તેની પ્રશંસા કરે તેમાં વાંધો નથી. મહાત્મા જેવા પુરૂષોના તપ–ત્યાગ વખાણવા એ કુલિંગીની પ્રશંસામાં આવતું નથી. એવા વિશેષ ત્યાગ કરનારને ઓળખવા એ જૈન શાસ્ત્રને બરાબર અનુકુળ છે. મારી નજરે એમાં દુષણ જેવું કાંઇ લાગતું નથી. કુલિંગીની એના ધર્મ સંબંધી પ્રશંસા કરવાની મનાઇ જૂઠીજ છે, પણ એના ગુણની પ્રશંસા કરવામાં જરા પણ વાંધો ઘટતો નથી–સંભવતો નથી.

આ પ્રમાણે મારો અભિપ્રાય છે અને તે શાસ્ત્ર પ્રમાણે હોવાનો મને પૂર્ણ વિશ્વાસ છે.

મુંબઇ, તા૦ ૩૦–૧૦–૧૯૩૦.

તાજા સમાચાર.

સ્ટેન્ડીંગ કમિટિની મિટિંગ–કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિની એક મિટિંગ તા૦ ૯–૧૧–૩૦ ને રોજ મળી હતી. તે વખતે પ્રમુખ તથા ઉપપ્રમુખ ગેરહાજર હોવાથી પ્રમુખ-સ્થાન શેઠ ગોવીંદજી ખુશાલને આપવામાં આવ્યું હતું. કોન્ફરન્સના રેસીડંટ જનરલ સેક્રેટરી શેઠ છોટાલાલ પ્રેમજીએ પોતે લાંબા વખતને માટે પોતાની જન્મભૂમિમાં રહેવાના હોવાથી રેસીડન્ટ જનરલ સેક્રેટરીના હોદ્દાનું રાજીનામું આપ્યું હતું. તેમની અતિ કિંમતી સેવાઓની નોંધ લઇ કમિટિએ તે રાજીનામું દીલગીરી સાથે સ્વીકાર્યું હતું. ઓડીટર તરીકે શેઠ નરોતમદાસ ભગવાનદાસની નીમણુંક કરવામાં આવી હતી. નવા રેસીડંટ જનરલ સેક્રેટરીની નીમણુંકનો સવાલ આવતી બેઠક ઉપર મુલતવી રાખવામાં આવ્યો હતો. કોન્ફરન્સના સત્તાવાળાઓ આ વખતે યુવક વર્ગમાંથી કોઇ એકની નિમણુંક કરશે એવી અમો આશા રાખીએ છીયે. કોઇ ધારાશાસ્ત્રી તો કોઇ ડોકટરની તો કોઇ બી કોમને નીમવાની વાત કરતું હતું. યુવાનોએ પણ જવાબદારી લેવા તૈયાર રહેવું જોઇએ. કટોકટીના મામલામાં કોમની સેવા કરવાની તક ગુમાવવી ન જોઇયે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

જૈનસમાજની સ્થિતિ અને મહા વદ ૭.

વેપારની છિન્નભિન્ન દશાથી દુનિયાભરની આર્થિક સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે. તેમાં હરિયાળો, અને ફળદ્રુપ આપણો ભારત દેશ પણ સપડાયો છે. તેની જમીન પેદાશ અને ભારતવાસીઓની સાદાઇ ભરેલી રહેણી કરણી છતાં પરતંત્રતાના લીધે ગરીબાઇનો પાર નથી. આ ગરીબાઇના દુઃખમાંથી જૈન સમાજ પણ બચી શકવા પામ્યો નથી. તેમાં પણ જૈન કોમનો મોટો ભાગ વેપારી છે. સામાન્ય વર્ગનો મોટો ભાગ વેપારીની નોકરી કરવાવાળો પણ વેપારની સ્થિતિ હાલમાં બગડતી જતી હોવાથી જૈન કોમના સાધારણ વર્ગના દુઃખની અવધીજ નથી. છતાં ઘણા તો આબરૂને ગાલને તમાચો મારી મોઢુ ગુલાબી બનાવી રહ્યા છે.

જૈન સમાજની આર્થિક સ્થિતિ દિવસે દિવસે બગડતી જતી હોવાથી, સાધારણ વર્ગ પૈસાના અને સગવડોના અભાવે પોતાના બાલબચ્ચાંને કેળવણી આપવા તેમ પેટનો ખાડો પૂરવા કમાણી કરવાના ફાંફાં મારે છે. ત્યારે ગરીબ વર્ગ માટે તો લખવુંજ શું ! સમગ્ર કોમમાં વગર પૈસે કેળવણી મેળવવાનું સાધન હોય તો મુંબઇમાં બાબુ સાહેબ પન્નાલાલજી હાઇસ્કુલ અને કોલેજ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તે પણ ત્રીસ હજારની જૈન વસ્તીવાળા શહેરમાં એજ સંસ્થા. જ્યારે પારસી જેવી કોમમાં કેળવણી માટે, આરોગ્યતા માટે, રહેવા માટે, વેપાર માટે, શહેરે શહેર ને ગામે ગામમાં પુષ્કળ સાધનો સાથે જૈન કોમના હીતાર્થે ઉભાં થયેલાં સાધનોનો મુકાબલો કરીયે તો આપણે એમ કહીયે તો ખોટું નથી કે કંઇ કર્યું નથી. શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાને કેટલા ભોગે અને મહેનતે ઉભી કરી છે તેને તોડી પાડવા કેટલાકો હવામાં બાચકાં ભરી રહ્યા છે. તેઓ સામાજીક હિતકારી નવી સંસ્થાઓ સ્થાપી શકે તેમ તો છેજ નહિ ભૂતકાળમાં જે જૈન કોમ ધનાઢયતામાં અગ્રસ્થાન ભોગવતી અને તેના અનેક લક્ષ્મીનંદનો કરોડો રૂપીયા, સમાજ, દેશ અને ધર્મ અર્થે ખર્ચી લક્ષ્મીનો સદૂપયોગ કરતા; જ્યારે જૈન કોમની જાહોજલાલી ઝળહળી રહી હતી. ત્યારે આજની જૈન કોમની દુર્દશાનો વિચાર કરીયે તો અશ્રુ વહ્યા વિના નહિ રહે. શું ! જૈન કોમના તારણહાર તરીકેનો દાવો કરનાર ધર્મગુરૂઓ નિંદ્રામાં છે ? શું જૈન કોમમાં ધનાઢયો નથી ? છે. પણ જુદે રસ્તે ચડેલાને જરૂરી માર્ગે લાવવાની જરૂર છે. અને પ્રમાદ સેવતા ભાઇઓનો પ્રમાદ ઉડાવવાની જરૂર છે.

જૈન કોમના તારણહાર તરીકે ગણાતા સાધુઓમાં પદવીઓની પંચાતોને લીધે સાધુઓનો અમુક વર્ગ સાધુ સંસ્થામાં કલેશની હોળી સળગાવી ન ધરાયો હોય, તેમ જૈન સમાજમાં હોળી સળગાવી રહ્યો છે. તેને જૈન કોમ મરે કે જીવે તેની પરવા નથી, તેઓ તો ઉપાશ્રયની ચાર ભીંતોની વચમાં લાગના ઓઢા નીચે પોતાના ગણ્યા ગાંઠયા ભકતો આગળ ધર્મી, અધર્મી, ખરસંતાનો, વિ. જેમ ફાવે તેમ ઉપદેશ આપીને ભાઇએ ભાઇના માથાં ફોડાવી રહ્યા છે, સમાજના પૈસાનો કોર્ટમાં દુર ઉપયોગ કરાવી રહ્યા છે અને ઘેર ઘેર કલેશના હોળીઓ સળગાવી બે બીલાડી ને વાંદરાના પન્સાફની પેઠે ભોળા લોકોને ભંભેરી, કૈંકને નસાડી ભગાડી, ચેલા ચેલકીઓનું ટોળું વધારવામાં અનેક કાવાદાવા ખેલી રહ્યા છે. જેમ ભારતવર્ષની ગુલામી દશા ટકાવી રાખવામાં ભારતમાતાનાજ પુત્રો કુહાડીના હાથા બની રહ્યા છે તેમ આપણા સમાજની દુર્દશા કરવા કટીબદ્ધ થયેલ આ કહેવાતા તારણહારોને પણ સમાજમાંથી કુહાડીના હાથા જેવા અકકલના ઓથમીરો મળી રહ્યા છે, એટલે આ બિચારા પંતુજીઓ સમાજની માઠી દશા કરવામાં હાલ તો ફાવી રહ્યા છે; પરંતુ જ્યારે કુહાડીના હાથા રૂપ બનેલા ભાઇઓની અંધશ્રદ્ધાનાં ચડેલાં પડળો ઉતરી જશે ત્યારે આ કહેવાતા તારણહારોને સુધરવાની ફરજ પડશે અને નહિ સુધરે તો રેતીના રણમાં વિચરવું પડશે.

જૈન સમાજના સાધુઓનો મોટો ભાગ મૌન સેવીને બેઠો છે. તેના મૌનપણાથી સમાજને એમ કહેવાની તક મળે છે કે તેને પણ જૈન સમાજની પરવા નથી. નહિ તો તે મૌન કેમ સેવે ? તેમાં પણ લાગવગ ધરાવનારા, સમર્થ આચાર્યો છે. તેમાંના એક આચાર્ય મહારાજ જેઓ વિદ્વાન છે, વૃદ્ધ છે, અનુભવી છે, સમયને ઓળખનારા છે, સમાજમાં પણ જેમનો મોભો છે, તેવા શ્રી વિજયનેમીસૂરીશ્વરજીને અમે વિનવીએ છીએ કે જૈન સમાજની સ્થિતી દિવસે દિવસે બગડતી જાય છે, તેને અસાધ્ય રોગ લાગુ પડયો છે, તેમાંથી જૈન સમાજનું રક્ષણ કરવા આપ જેવાએ બહાર આવવું જોઇએ. તેના બદલે ગુરૂદેવ ! ત્રણજ વર્ષ ઉપર આપના ઉપદેશથી એક ગ્રહસ્થે સંઘ કહાડેલો તેમાં સંઘ કહાડનાર ગ્રહસ્થને અને સમાજને લગભગ દશ લાખનો ખર્ચ થયો હશે, તે વખતે ગામડીયાઓ, અભણો, અને જેણે વિચાર કરવાની બુદ્ધિ ખોઇ નાખી છે, તેવા માણસો સંઘવીની, જૈન કોમની વાહ વાહ લલકારતા. અને ભોળાઓ એમ સમજતા કે જૈન કોમની જગતમાં જયપતાકા ફરકી રહીછે, જૈન ધર્મનો ડંકો વાગી રહ્યો છે, જ્યારે સમજુ વર્ગ એમ કહેતો કે જૈન જેવો વહેવાર કુશળ વેપારી કોમ લાખો રૂપીઆનો આ પ્રમાણે ખર્ચ કરે છે. તેઓ કોમના ઉધ્ધારાર્થે કેળવણી પાછળ, સાધારણ વર્ગને ધંધે લગાડવા પાછળ કે એના વડવાઓ લાખો બલકે કરોડો ખરચીને બેનમુન બનાવેલ જૈન મંદિરોના ઉધ્ધાર અર્થે ખરચે તો કેટલો લાભ થાય. શું ! જૈન કોમમાં બુદ્ધિનું દેવાળું નીકળ્યું છે ? કે આ પ્રમાણે આપણી કથા બહારના લોકો કરતા હતા. છતાં વિચારક જૈનોએ તો મૌનજ સેવવામાં ડહાપણ માનેલું. આટલા બધા ખર્ચના પરિણામે જનોની સ્થિતિ સુધરી નથી. ખર્ચ કરનારની તથા ખર્ચ કરાવનારની ભાવના વિષે અમારે કંઇ કહેવાનું નથી.

કોમને મંદ સ્થિતિમાં મુકનારા કારણોની તપાસ કરી તે કારણો દુર કરવાના ઉપાયો યોજવામાં આવે તે યોજના મુજબ ખર્ચ થાય તેને માટે જરૂર પુરતાં ફંડો એકત્ર કરવાની જરૂર છે. વળી આ બધી પરિસ્થિતિ ને તેના રસ્તાઓ આચાર્ય મહારાજ નથી જાણતા તેમ પણ નથી.

છતાં તેની કોઈ યોજના થવાને બદલે અમો સત્તાવાર રીતે જાણવા પામ્યા છીએ તે મુજબ આપશ્રીના ઉપદેશથી આપ બીરાજો છો ત્યાંથી આવતા મહા વદ ૭ નો એક સંઘ નીકળવાનો છે. તે સંઘ કહાડનાર ગૃહસ્થને અને જૈન સમાજને મળીને લગભગ પાંચ લાખથી વધારે ખર્ચ થવા સંભવ રહે છે. આપ જેવા વિદ્વાન અને વિચારશીલ મુનીશ્રીએ વિચારવાની જરૂર છે કે હાલ જૈન સમાજમાં કેળવણીના સાધનોની ઘણી ઉણપ છે. જીવન ટકાવવા ઉપયોગ પૂરતાં સાધનોની જરૂર છે, બેકારીના પ્રશ્ને હદ વાળી છે. ઉજળાં લુગડાં પહેરી બહાર નીકળનાર ઘણા ભાઇઓ સાધન વિના અકળાઇ મુંઝાઇ રહ્યા છે. તેવા કટોકટીના પ્રસંગે આવી રીતે લાખો રૂપીયા ખરચાવી નાખવા કરતાં જૈનસમાજના હિતાર્થે તે રકમ ખરચાવવાની ખાસ જરૂર નથી લાગતી? શાસ્ત્રકારો પણ કહે છે કે 'સ્વામી સમુ અવર ન સગપણ કોય' બીજી બાજુ સાત ક્ષેત્રમાં સ્વામીભાઇનું ક્ષેત્ર સીઝતુ હોય તો તેને મદદ કરવા પ્રથમ સ્થાન અપાયું છે. છતાં તે તરફ દુર્લક્ષ કરવું વ્યાજબી લાગે છે?

જે જમાનામાં રેલ ગાડીઓનાં સાધનો નહોતાં, તેમ બીજી પણ અગવડો હશે, તે જમાનામાં ધનીક વર્ગ સંઘ કહાડી લાખો ખર્ચે તે ઉપયોગી હતું. પરંતુ જ્યારે જૈન સમાજની સ્થિતિ ખરાબ હોય, યાત્રા કરવા માટે અનેક સગવડો હોય, તે વખતે આવી રીતે લાખો રૂપીયાનો ખર્ચ કરી નાખવો એ જૈનેતર સમાજમાં હાંસીપાત્ર થવા જેવું છે. આ વીસમી સદીમાં ચૌદમી કે પંદરમી સદીના વાતો સમાજના ગળે નહિ ઉતરે. આ સદીમાં દરેક સમાજ અને દેશ તેના ઉદ્ધારના માટે પ્રયત્ન કરી રહ્યો છે. તે ટાણે જૈન સમાજ સાચી ઉન્નતિના માર્ગે નહિ પડે તો સમાજની હસ્તી જોખમમાં આવી પડશે. વળી એક બીજા મુદ્દા ઉપર આચાર્યશ્રીનું ધ્યાન ખેંચીયે છીયે. હાલની દેશની ચાલતી ચળવળમાં જૈન કોમે પોતાનો ફાળો સારી રીતે આપ્યો છે. જૈન વેપારીઓએ વ્યાપાર છોડયો છે. યુવાનોએ જેલનિવાસ ભોગવ્યો છે કેટલાકના માથા ભાંગ્યા છે. વેપારની સ્થિતિ તદ્દન કફોડી છે. જૈન નોકરો તદ્દન નોકરી વગર રખડે છે. જ્ઞાનદાન કુટુંબના બાળકોને જ્યાં ખાવાના વાંધા હોય ત્યાં તેની કેળવણીનો ખર્ચ કયાંથી નીકળે? તેવા પ્રસંગમાં દ્રવ્યની મોટી રકમ જૈન બંધુઓના તાત્કાળિક જરૂરીયાતોમાં વપરાવવાની ખાસ જરૂર છે. સંઘ કહાડનાર શેઠના પુજ્ય પિતાશ્રીએ દુષ્કાળો પ્રસંગે મનુષ્યદયાને અંગે અને પાંજરાપોળમાં ઘણા પૈસા ખર્ચેલા છે ને કોમના સામાન્ય વર્ગની ને મુંગા પ્રાણીની આશીષ મેળવી છે. સ્વામીભાઇઓને છોડી આગળ ચાલીશું ને મનુષ્યદયાને અંગે ખર્ચ કરવા માટે આજની લડતને અંગે ઘણુ વિશાળ ક્ષેત્ર પડેલું છે. રાજદ્વારી બાબતોને કોરે મુકીયે તો પણ અમદાવાદ જીલ્લાની બાજુમાં ખેડા જીલ્લો આવેલો છે તે જીલ્લાના ખેડુતોના ભોગો જાણ્યા પછી તે ખેડુતોને મદદ માટે અનંગળ દ્રવ્યની જરૂર છે. આગળ બારડોલી જીલ્લાની પણ તેજ સ્થિતિ છે. ખેડુતો ઘરબાર છોડી જંગલનિવાસ સેવે છે. ટાઢ તડકો કાંઇ જોતાં નથી. તેમની મદદ માટે આજે દ્રવ્યની જરૂર છે. મુંબાઇ શહેર અનેક પ્રકારે દ્રવ્યની મદદ કરે છે શા માટે અમદાવાદના તે ગૃહસ્થ તે જીલ્લાને સંભાળી ન લ્યે. અમે આશા રાખીયે છીયે કે પુજ્ય આચાર્યશ્રી આ બાબતમાં પુરતો વિચાર કરી કાર્યક્રમ ફેરવશે. આવી પરિસ્થિતિમાં સમાજના સમજુ અને ધનિક વર્ગે ચેતવાની જરૂર છે ને પોતાના નાણાંનો, બુદ્ધિનો ઉપયોગ સમાજના હિતાર્થે કરવાની જરૂર છે. સમાજ જીવતી હશે તોજ ધર્મ ટકશે. અસ્તુ.

શ્રી ?

સખી! મોહનાં તિમિરને ટાળવા રે,
કૈં સર્જ્યો પ્રભુજીએ ત્યાગ કેરા માર્ગને;
—આતમન્ રમે સમભાવમાં.
સખી! જગનાં એ ઝેર કેમ વામશો?
કૈં હોયે જો ત્યાગમાંય રાગ કેરાં ઘેન જો;
—આતમન્ રમે સમભાવમાં.

* * *

જૈન પત્રના ગયા અંકના તંત્રીલેખમાં લખાયું છે કે, "વર્ષ પુરૂં થતાં વેપારી વેપારનું સરવૈયું કાઢે છે, તેમ (મુનિવરોએ) ચાતુર્માસનું સરવૈયું કાઢવાનો સમય હવે નજીક આવી પહોંચ્યો છે."

—આપણે રહ્યા વણિક. અને વણિકવૃત્તિજ એવી છે, કે નફા તોટાનો હિસાબ પહેલો ગણે. આપણા વણિક સમાજમાંથી દિક્ષિત થયેલા અને વાતાવરણની અસરને લીધે ઘણું-ખરૂં વણિકવૃત્તિથીજ ચાલનારા, આપણા સાધુ સમુદાયને એક વણિક પત્રકાર સરવૈયું કહાડવા સિવાય બીજી શી વિનંતી કરી શકે?!

* * *

વ્યક્તિગત કે સમિષ્ટિગત જીવનમાં 'વિકાસ' થયો કે 'વિકાર' પેઠો એનું સરવૈયું નીકળે એમાં કોઇને વાંધો પણ શો હોય? અને તેમાંય જ્યારે સમાજ કે શાસનની ચઢતી થઇ કે પડતી થઇ તેનાં સરવૈયાં કાઢનાર ત્યાગમૂર્તિઓ હોય ત્યારે તો આપણે આપણાં સદ્‌ભાગ્ય માટે રાચવાનુંજ હોયને! પરંતુ ત્યાગ રાગથી ઘેરાઇ જ્યારે તાંડવનૃત્ય આદરે છે, ત્યારે શું દશા થાય છે, તેના દાખલા આપી જનતાને સમજાવવાનું શું હજુય બાકી છે?

* * *

મુંબાઇમાં બે, બે ચોમાસાથી દ્રઢાસન લગાવી તપ આદરી રહેલા તપસ્વીઓને 'ઉપાધિ' અને 'શિષ્યો' ની સિદ્ધિ લાધવાની છે એમ 'ધર્મીપક્ષ-શાસન સંઘ' (?) ના આગેવાનોની સહી સાથે બહાર પડેલી આમંત્રણ પત્રિકાઓ સૂચવે છે. કોને કેટલું અને શું મળે છે તેની વિગતમાં ઉતરવા કરતાં એટલુંજ નોંધવું બસ થશે કે, સૌની ઇચ્છા પૂર્ણ થતી હોય એમ દેખાય છે.

—અને આ બાબતમાં તો મૌન સેવવું તેજ ઠીક લાગે છે. પરંતુ વાવટા અને લાઇટોની ધામધુમ કે. વરઘોડા અને જમણવારના આડંબર વગર 'ઉપાધિઓ' ગ્રહણ કરવામાં કયો ગ્રહ આડે આવતો હશે તે નથી રહમજાતું! તેમ પોતાને આંગણે મુક્તિ યજ્ઞ આદરી ચુકેલી પ્રજાના એક અંગના 'અમુક વર્ગ'ની આ મનોદશાને 'રાષ્ટ્ર-દ્રોહી' એ વિશેષણ સિવાય બીજું શું વિશેષ લગાડવું તે પણ નથી રહમજાતું!

* * *

'પત્રિકા'નો વધારો '—દંભનો ઉઘકાએલો પડદો' દૂર ફેંકી 'સાચુ ચિત્ર' હીન્દી જનતા સમક્ષ રજુ કરે છે. એટલે એ પડદાને પડેલોજ રાખવા એક ભાઇ કુદી પડે છે. અને એક હેન્ડબીલ ખ્હાર પાડી જૈનેતરોને આંજી નાખવા 'વરને કોણ વખાણે: વરની મા' એ કહેવત અનુસાર 'ગુરૂદેવ'નાં વખાણ કરે છે અને 'યુવક સંઘ,' 'પત્રિકા'ના સંચાલકો, શ્રી મો. ગી. કાપડીઆ, અને શ્રી. પરમાનંદને મનગમતા ઉલકાબો આપી અંતમાં જાહેરને આમંત્રણ આપે છે કે:

"અહિંસા સંયમ તપનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવનાર મુનિ પ્રવરશ્રીનાં વ્યાખ્યાનો સાંભળવાને જૈનતર જનતાને અમારી આગ્રહભરી વિનંતી છે. આજે જૈનોના ત્યાગની મહત્તા જોવી હોય તો સર્વને લાલબાગનાં દર્શન કરવા પધારવા સર્વ કોઇને વિનંતી છે."

—જૈન સમાજના આ કુળદીપક (?) ને કોણ સમજાવે કે, ઉપાશ્રયની ચાર દિવાલો વચ્ચે 'હાજી હા' કરનારાઓની સમક્ષ એ કહેવાતાં અહિંસા, સંયમ અને તપનાં વ્યાખ્યાનો આપતા પ્રવરજીમાં તાકાત નથી કે હવે હીન્દી જનતાને સાચી અહિંસા, સંયમ અને તપ એ શું છે તે સમજાવી શકે. ધરાસણા, વડાલા, અને આઝાદ મેદાનમાં લાઠીઓની ઝડી ઝીલનારાઓને, જેલનાં અસહ્ય દુઃખો અને અગવડો સહન કરનારાઓને, અને લીધેલાં વ્રત પાળવા માટે ફના થઇ જનારાઓને અહિંસા, સંયમ અને ત્યાગના પાઠ શીખવાડવાનો ફાંકો રાખનારની પામર મનોદશા ઉપર જાહેર જનતા આજે હાસ્ય કરે છે અને પુછે છે કે, "લાલબાગમાં કરવામાં આવેલા શણગાર, અન્ય ધામધુમો, આડંબર અને દિપોત્સવી પર્વમાં પણ મુંબઇએ આ વખતે નહી જોએલી એવી ઇલેકટ્રીક રોશનીએજ 'જૈનોના ત્યાગની મહત્તા છેને?' અને ઉમેરે છે કે, સમાજમાં કલેશની હોળી સળગાવનાર અને 'રાષ્ટ્રપ્રેમ'ની લાગણી સાથે વેહાં કહાડનારાઓને અમારા નવ ગજના નમસ્કાર હો!"

* * *

વીરશાસનના ગયા અંકમાં મુખપૃષ્ઠ પર છાપેલું છે, કે: "પાપ પીંપળે ચઢીને પોકારે છે."

—અને આમજ અમારા પડોશમાં રહેતાં એક ડોસીમા દરરોજ છોકરાઓની નાની સરખી નિર્દોષ ભૂલ પકડાઇ જતાં કાન પકડી શીખામણ આપે છે કે: "પાપ છાપરે ચઢીને પોકારે છે." પરંતુ 'પાપ' અને તેના 'તત્વજ્ઞાન'માં એકેકો ગણાતાં એ ડોસીમા બીજાની કમ્મીમાંથી છાનામાનાં તપકીરની ચપટી ભરી સુંઘી લેવામાં જરાય 'પાપ' થતું હોય તેમ માનતાં નથી. કારણ કે એ તેમનો નિત્યનો વ્યવસાય છે. પણ એ નથી સમજતું કે પાપમાં રચીપચી રહેલા બીજાનેજ 'પાપ' ન કરવાની શીખામણ આપવાની મૂર્ખાઇ કેમ કરતા હશે?!

* * *

વીરશાસનના તંત્રીની ટેબલ પર પડેલા પત્ર નં. ૫ ના લેખક મહાશય એચ. ડી. શાહ પોતાના લખાણનો જવાબ આપનારાઓને ચેતવણી આપે છે કે "મને જવાબ આપવાની શરૂઆતમાં 'ધર્મશાક્ષીએ' શબ્દોમાં લખાણ કરવું (એટલે એમ લખવું કે—આ લખાણ હું ધર્મસાક્ષીએ લખું છું."

—આ શ્રીમાનનો આખો પત્ર શબ્દે શબ્દ જુદો પાડીને વાંચવા છતાં તેમણે કર્યાંય આવી પ્રતિજ્ઞા કરેલી નહી હોવાથી મારો 'બટુક' 'વીરશાસન'ના તંત્રીને એક સૂચના કરવાની ભલામણ કરે છે જે અત્રે રજુ કરું છું:—

"વીરશાસન"ના તંત્રીએ એક ફતવો બ્હાર પાડવો કે જેમાં લેખકો, ખબરપત્રીઓ ઇ૦ ને નીચેની સૂચના હોય,—

—અમારા પત્રમાં લખી મોકલનારાઓ લખાણની શરૂઆત આમ કરે: ધર્મસાક્ષીએ મારા સાંભળવામાં આવ્યું છે કે—
,, ,, જાણવામાં આવ્યું છે કે—
,, ,, હું માનું છું કે—
,, ,, મારો એ અભીપ્રાય છે કે—
,, મને કહેવાની ફરજ પડે છે કે—ઇ૦

—આ સુચના અન્વયે જણાવવાનું કે આથી અન્યથા વર્તનારના લેખ કચરાની ટોપલીને સ્વાધીન કરવામાં આવશે"

—આપણે ઇચ્છીએ કે તંત્રી મહાશય અનુકુળતાએ આ સુચનાનો અમલ કરે!

* * *

"પ્રકૃતિ પોતાની સહસ્ત્ર જીભ્હાવડે માત્ર એકજ વાકય નિરંતર ઉચ્ચારી રહી છે કે—'કાં તો આગળ વધો—ગતિ કરો અને નહિ તો તમારો વિનાશ અનિવાર્ય છે.' પડયા રહેવું—જોયા કરવું—ચાલવા દેવું એવો કોઇ તોડ પ્રકૃતિના પ્રદેશમાં નથી. હિન્દુ સમાજને માટે તેમજ જૈન સમાજને માટે આજે એકજ પ્રશ્ન છે—તે જીવંત રહેવા માંગે છે?' જો જીવંત રહેવું હોય તો કેવળ 'ચાલવા દો' એ મુદ્રાલેખને અનુસરવાથી નહિ ચાલે શાસન, સમાજ કે સંસ્કૃતિને જીવંત રાખવી હોય તો તેની આસપાસ વિંટળાઇ ગયેલાં આવરણ—અંતરાય અને મેલનાં થર ઝાડી ઝપાટીને ખંખેરી નાખવા પડશે—એક તરફ કઠોર હાથે વાઢ કાપ કરવાનું અને બીજી તરફ સુંવાળા હાથે મલમપટ્ટા કરવાનું કામ આરંભવું પડશે. 'ચાલવા દો' ના મુદ્રાલેખવાળી પ્રજાઓને હજમ કરી જવામાં કાળે કોઇ દિવસ લેશ માત્ર કરૂણા દાખવી નથી"

('જૈન' પત્રના એક લેખમાંથી અવતરણ શ. ૧૯૮૨)

* * *

—આજથી પાંચ વર્ષ પર અપાએલી આ ચેતવણી આજે પણ સમયસરની નથી એમ કહેવાને કોણ તત્પર થશે?.....શું આપણે હજુય નહિજ ચેતીએ!

7/11/30 — FEDIST.

અવનવું.

વરઘોડાનો સત્કાર.

દીક્ષાના પ્રસંગને લઇને શાસનપ્રેમી બંધુઓએ વરઘોડાનું પ્રોગ્રામ ગોઠવેલ હતું. વરઘોડાનો કેવો સત્કાર મુંબઇની જનતાએ કર્યો છે તે વાત જાણીતી છે. આખે રસ્તે શેઇમ શેઇમ ના પોકારો થતા હતા આવીસ પડઘમોની ધામધુમને ધર્મની સાથે સંબંધ હોય તેવું મુંબઇની જનતા સ્વીકારી શકે તેમ નથી. મી૦ ધડીયાળી વરઘોડામાં હતા તેઓ શું ખુલાસો કરે છે તે જોવાનું છે.

છગનલાલ પી. શાહ તથા એમ. એમ. ચોકશીએ અમારા પ્રગટ થયેલા વધારાનો જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે વસ્તુતઃ જુઠ્ઠાણું પ્રગટ થયા વગર રહેતું નથી. એક લખે છે કે 'તે જોઇ લાલબાગમાં આવનારાએ જાતે વાવટા ઉતારી નાંખી કબજ્યાનું મેં કાળું કર્યું' મી૦ ચોકશી લખે છે કે 'જ્યાં યુનીયન જેક હતોજ નહિ ત્યાં શું ઉતારી નાંખવાનું હોય. જેથી 'યુનીયન જેક' છે એવું જણાવનારને પલાયન કરી જવું પડયું હતું' જનતા સારી રીતે જાણે છે કોણે વાવટા ઉતાર્યા? મી ચોકશી તો લખે છે કે વાવટા ઉતાર્યાજ નહોતા. બપોરે લાલબાગની મુલાકાત લેનાર જાણે છે કે સવારે વાવટા હતા ને બપોરે બહારના ભાગમાં વાવટા હતા નહિ. માટે ઉઘટીસુલટી હકિકતો લખનારા ઉપરના લેખકોનો કેટલો વિશ્વાસ રાખવો તે સમાજે વિચારવાનું છે. બાકીના લેખકોએ જણાવેલી વીગતો સાથે વાવટાની હકીકતને સંબંધ નથી. મુનિશ્રી રામવિજયજી ઉપરાંત મી૦ છગનલાલ શાહ આ કાર્ય માટે કમીટીને જવાબદાર ઠરાવે છે કારણ કે કમીટી મુનિશ્રીને પુછયા વગર કે તેમની મરજી વિરૂદ્ધ કોઇ પણ પગલું ભરી શકેજ નહિ. વદ ૩ નો જમણવાર મોટો હતો કે નાનો તે હકીકત તો હવે તેમના હોવાકો પ્રગટ થશે એટલે આપોઆપ જણાઇ જશે. રા. જમનાદાસ મહેતાએ મુનિશ્રીના રાષ્ટ્રિય ચળવળ સંબંધી વિચારો સાંભળ્યા નથી એટલે અન્ય વસ્તુનો અભિપ્રાય આ પ્રસંગે બંધબેસતો નથી જૈનોનો ત્યાગનો મહિમા જનતા ધામધૂમોમાંજ સારી રીતે અનુભવી રહી છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માંથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

યુવક સંઘ પત્રિકાનો વધારો. | સંવત ૧૯૮૭ ના કારતક સુદી ૧૫. તા૦ ૬-૧૧-૩૦ | છુટક નકલ: ૦૧ આનો.

રામવિજયજીના દંભનો ઉઘાડો પડદો.

ગઇ કાલે એટલે તા૦ ૫ મીએ ગાંધી ડે હતો તે અંગે પ્રભાતે ચોપાટી ઉપર ધ્વજ રોપણ, સરઘસો અને સભાઓની દીવસના ગોઠવણ હતી. તેમ મુંબઇએ પોતાનો ધંધો, રોજગાર બંધ કરી હડતાળ પાડી હતી. ત્યારે ભુલેશ્વર (લાલબાગમાં) બિરાજતા રામવિજયજીએ જાણે? ન સહન થતું હોય તેમ વિરોધ તરિકે, કે માબાપ સરકારની વફાદારી દેખાડવા કે બીજા કોઇ કારણે લાલબાગના મેદાનમાં યુનિયન જેકના વાવટાઓની લાઇનો બંધાવીને લોકલાગણી ઉશ્કેરવાની પેરવી કરી.

ચોપાટી ઉપર ધ્વજ વંદન કરીને પાછી ફરતી જનતાની નજર લાલબાગ તરફ ગઇ; અને દીલ દુઃખાયું. આથી શાન્તિથી (લાલબાગમાં) રામભકતોને જનતાએ વિનવણી કરી. પણ તે માને? તેને તો ઉદ્ધતાઇ અને ધમકી ભરેલો જવાબ આપ્યો આથી લોકલાગણી વધુ ઉશ્કેરાઇ અને યુનિયન જેકના તોરણો ઉતારી નાંખી; તેજ મેદાનમાં થાંભલે જનતાએ રાષ્ટ્રિય ધ્વજ ફરકાવ્યો. આ દેશદ્રોહીવિરોધીઓથી સહન ન થયું, અને સાંભલ પ્રમાણે રાષ્ટ્રિય ધ્વજ બાળી નાંખવાના તેમ માથા ફોડવાના જાસા નાંખવામાં આવ્યા. પ્રસંગે હાજર રહેલી જનતામાંથી સમજુ ભાઇઓએ સમયને ઓળખીને લોકોને વ વિખેરવા માંડયા. આથી લોકો વિખેરાતાં વિખેરાતાં જેમ આવે તેમ જૈન સમાજ નિંદા કરતા હતા.

ગઇ કાલે લાલબાગમાં જે પ્રસંગ ઉપસ્થિત થયો હતો તે પ્રસંગથી મુંબઇની જનત જાહેર કરવાની જરૂર જણાય છે કે લાલબાગમાં બિરાજતા રામવિજયને અને જૈન તાને કશું લેવા દેવા નથી; પરંતુ અમારી સમાજની છિન્નભિન્ન દશા કરનાર સમા અને દેશદ્રોહ કરનાર રામવિજય કે તેના ગણ્યાં ગાંઠયા દેશદ્રોહી ભકતોનું એ કામ છે. જે શકિત અનુસાર ધર્મયુધ્ધમાં ભોગ આપી રહ્યા છે, તેમાં સેંકડો યુવાનો અને યુવ દેશ માટે જેલમાં છે.

જનતા સમજી લે કે રામવિજય દેશભકત નથી પણ દેશદ્રોહી છે. તેને મહાત્માજી, ખાદી અને સ્વરાજને અંગે એના વ્યાખ્યાનોમાં અનેકવાર બખાળા અને અમે અમારી પત્રિકા દ્વારા તે અંગે ન છુટકે ટીકા પણ કરેલી છતાં તેના તેમના ગુરૂનો બચાવ કરવા વકીલ તરીકે બહાર પડેલા તે ઉપરથી અમોએ મન કે એમાં સુધારો થયો હશે પરંતુ ખેદ સાથે જણાવવું પડે છે કે ગઇ કાલે બનેલા પ તેના દંભનો પડદો ઉઘાડો રામવિજય અને તેના દેશદ્રોહી ભકતોની મનોદશા જનતાએ

જૈન બાંધવો, ગત પત્રિકામાં આપને ચેતવણી દેવામાં આવી છે છતાં તા૦ ૯-૧૧-૩૦ ના રોજ રવીવારે રામભકતો મોટા જમણવાર કરવાના છે. તે જ જવા પહેલાં તારા અંતર આત્માથી વિચારજે કે ભારતના હજારો યુવાનો અને જેલમાં છે. બારડોલી અને ગુજરાતના ખેડુતો કાનસા દુઃખો વેઠી દેશ મ છે. તેની કરૂણ કથાઓ વાંચી, અંતર વલોવાઇ જાય છે તે ટાણે જમણવ ભાળુએ રહ્યું પણ સાથ દેવા તે ભારતમાતાના પુત્ર તરીકે તને શ્રેષ્ટ લા

આ પત્રિકા અંબાલાલ આર. પરેખ "સ્વદેશ" પ્રેસ-ગાંધી રોડ નં૨૩૮ "સ્વદેશ" બીલ્ડીંગ માંથી જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮ ગોકળદાસ તેજપાલ રોડ નં૨૩૮ બીજે માળે મુંબઇ

યુવાન નવસૃષ્ટિનો સંરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૬ મો. | સંવત ૧૯૮૭ ના કારતક વદી ૧૨. તા૦ ૧૭-૧૧-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

ભાઈ મનુભાઇ ઝવેરી.

કોંગ્રેસના બુલેટીનના તંત્રી.

લાંબી જેલ શિક્ષા.

ભાઇ મનુભાઇ એમ ઝવેરી કોંગ્રેસ બુલેટીનના તંત્રી તરીકે તેની સાથેના કાર્યકર્તા સાથે સાહા તેર મહીનાની સખ્ત કેદની શિક્ષા પામ્યા છે. તે આપણા જાણીતા જૈન આગેવાન મોહનલાલ હેમચંદ ઝવેરીના ભાણેજ થાય. તે ભાઇએ વડાલાના મીઠાના અગરની ધાડમાં ભાગ લીધો હતો અને તે કારણે પકડાયા હતા પણ મેજીસ્ટ્રેટે તેમને નાની ઉમ્મરના ગણીને છોડી મુકયા હતા. ત્યારથી અત્યાર સુધી કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં તેમજ કોંગ્રેસ હોસ્પીટલના કામમાં તેઓ ખૂબ ભાગ લેતા હતા તેમની ઉમ્મર અઢાર વર્ષની છે. તેમની સેવા તથા બલિદાન માટે તેમને ધન્યવાદ ઘટે છે અને દેશસેવા કરતાં કરતાં આપણા આવા ઉગતા જૈન યુવકને આટલી લાંબી જેલની સજા મળી છે તે માટે અમે તેમનું અત્રે અન્તઃકરણપૂર્વક અભિનંદન કરીએ છીએ અને અન્ય જૈન યુવકોને તેમને પગલે ચાલવા પ્રાર્થના કરીએ છીએ.

સમાચાર.

અભિનંદનનો મેળાવડો.

માંગરોળ જૈન સભાના હોલમાં કારતક વદ ૬ ની રાત્રે શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક તરફથી જૈનોનો એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાને રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટર બિરાજ્યા હતા. પ્રારંભમાં રાષ્ટ્રિય પ્રાર્થના ગવાયા બાદ જેલમાંથી તાજેતરમાં છુટી આવેલા સ્વયંસેવક બંધુઓ રા. કીર્તિલાલ હીરાલાલ તથા વલ્લભદાસ રામજીને અભિનંદન આપતાં પ્રમુખશ્રીએ દેશની ચળવળ સંબંધી સુંદર વિવેચન કર્યું હતું. મહાત્મા ગાંધીજીની લડત જૈન સિદ્ધાંત સાથે કેવી રીતે બંધબેસતી છે તે દલીલોથી સમજાવ્યું હતું. લાઠીમારની વાત સાંભળી મહાત્માજીએ લીલા ફળ લેવાનું બંધ કરવામાં સમાયેલ રહસ્યનો આગમમાંથી ઉદાહરણ ટાંકી સ્પષ્ટ કર્યો હતો. આ પછી શેઠ જીવણચંદ ધરમચંદ, મણિલાલ જેમલ, પાનાચંદ શાહ તેમજ મોહનલાલ દી. ચોકસીએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં. જેલવાસી બંધુઓને હારતોરા અર્પણ થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

શાસનસેવાને નામે લાડવાનું લીલામ.

જૈન સમાજને અળખામણા થઇ પડેલ કલેશોત્પાદક અંચલાચાર્ય શ્રીમાન સાગરજીના નામધારી શાસનપ્રેમીઓ શાસન સેવાના નામે કેવા પ્રકારના ખેલ ખેલે છે તે હવે જૈન સમાજની જાણ બહાર નથી આવોજ એક કીસ્સો પાટણ લીંબડીના પાડામાં બનવા પામ્યો હતો તે જૈન સમાજની જાણ માટે બહાર મુકું છું. લીંબડીના પાડામાં આજ સુધી શાન્તિ જળવાઇ રહી હતી તે કેટલાક શાનપ્રેમીઓથી સહન થઇ શકયું નહિં. પહેલાં તો વર્ષોના રિવાજ મુજબ દિવાળી પછી ચૈત્ય-પરિપાટી કરવા મહોલ્લાવાર ટોળીઓ જતી તેમાં આ વર્ષે શ્રીમાન લબ્ધીસુરી સાથે જઇને શાસનપ્રેમીઓએ મહોલ્લા અને ટોળીઓની એકતાનો ભંગ કર્યો. આટલાથી અટકયા હોત તો જુદી વાત હતી પણ લીંબડી પાડાની કાર્તક શુદી ૧૩ ના વર્ષગાંઠના પ્રસંગે પુરેપુરો ખેલ ભજવાયો. પહેલા તો વિઘ્નસંતોષીના કાવાદાવાથી કોઇની પાંતી આપવાની ઇચ્છાજ ન હતી પણ તેમનામાંનાજ વિશ્વાસુ માણસ તરફથી વચન મળ્યું કે બહીષ્કૃત કોઇ પણ માણસને લાવવામાં નહિ આવે ત્યારે પ્રાંતીઓ અપાઇ જમવા સમયે પહેલેથી નક્કી કરી રાખ્યા પ્રમાણે આઠ દિવસ પહેલાંજ નજદીકનું સગું મરી જવાનો સોગ હોવા છતાં મહેલ્લાની ભાણેજ બહીષ્કૃત ભોગીલાલ હાલાભાઇની વહુ બાઇ જીવીને લાવવામાં આવી અને સંઘના બધા ભાઇ બ્હેનો ભરે ભાણે ઉઠી ગયા ને વિઘ્નસંતોષીઓને ઉત્સવ થયો. બીજે દિવસે એ લાડુઓનું બબ્બે પૈસે લીલામ થયું. જોયું કે આ નાટક? બીજે દિવસે તો માથા રંગાવા રહી ગયા એમ કહીએ તો ચાલે. એક ભાઇ પાસે મહોલ્લાના બ્યાજની માગણી થાતાં તેણે સ્પષ્ટ જણાવ્યું કે એક વ્યક્તિના કહેવાથી પૈસા આપી શકાય નહિં મહોલ્લો એકત્ર થઇ માગે તો આપવામાં મને કશો વાંધો હોયજ નહિં અને પછી તો પુછવુંજ શું ચાલ્યું વાકયુદ્ધ અને તે શાસનપ્રેમીઓને જે વિષ હાડોહાડ પાવામાં આવે છે તે ઉગાડવા બીભત્સ ગાળો આપવા અને લાઠીના પ્રયોગો અજમાવી જોવા સુધીની નોબત આવી લાગી. આ સમાજના સત્યાનાશમાં રાચનારાઓના કારસ્થાનો હવે છુપાં નથી રહ્યાં જૈન સમાજ કયાં સુધી આ અંધાધુંધી ચલાવી લેશે? કહો સમાધાનીના કેવા સુંદર પ્રસંગો દિનપ્રતિદિન બનતા જાય છે.

શાસનને નામે થતા આ અત્યાચારોથી શાસનના પ્રેમીઓ પણ ડગમગતા જાય છે આંખો ઉઘડતી જશે તેમ સમયધર્મનો પ્રકાશ ઘેરઘેર પહોંચશે. તેને માટે લાંબોના પાણી કરવાની જરૂર નથી.

આનંદ.


મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

યુવક સંઘોનું સંગઠ્ઠન.

છેલ્લા બે વરસમાં જુદા જુદા સ્થળોમાં યુવક સંઘોની સ્થાપના થઇ છે. તે ઉપરાંત અન્ય નામથી જૈન યુવાનોના અનેક મંડળો સ્થપાયા છે. તે બધાંનો ઉદ્દેશ જૈન ધર્મની તથા કોમની સેવા કરવાનો હોય છે. શાસનપ્રેમીઓએ તે મંડળોની નિંદા કરવામાં ધર્મ માન્યો છે. તે ઉપરાંત તેમનો ધર્મ-ધામધુમો જમણવારોમાં સમાઇ જાય છે. યુવકોની ધાર્મિક પ્રવૃત્તિ કુમળા ક્ષેત્રોની પુષ્ટિમાં સમાઇ જાય છે. તે ક્ષેત્રની પુષ્ટિ કરવાના વિચારો આપતા કોઇ વ્યક્તિ અન્ય ક્ષેત્ર માટે અપેક્ષા ન રાખે તો શાસનપ્રેમીઓ પોકાર કરે છે કે આ યુવાનો-યુવક સંઘો તે તે ક્ષેત્રોને ઉખેડી નાંખવાવાળા છે. આવી ગંદી પ્રવૃત્તિ તે લોકો તરફથી સ્થળે સ્થળે ચલાવવામાં આવે છે. દીક્ષા મહોત્સવના વર્ણન આપશે તો તે પ્રસંગે પણ તેમની ગંદી પ્રવૃત્તિની રીત ભૂલી શકતા નથી આલુજ વીરશાસનમાં દીક્ષા મહોત્સવનો હેવાલ આપતા ખબરપત્રીના વર્ણનમાં સ્થળે સ્થળે તે હકીકત દૃષ્ટિગોચર થાય છે. યુવાનોએ તેનું અનુકરણ કરવાની બીલકુલ જરૂર નથી પણ જે જે રચનાત્મક કાર્યો યુવકોએ કરવાના છે તે કાર્યો કરવા માટે યુવકોના સંગઠ્ઠનની ખાસ જરૂર છે. દરેક સ્થળના સંજોગો જુદા જુદા હોય છે તેમજ કોઇ ચોકસ બાબતોને અંગે કોઇ કોઇ યુવક સંઘના વિચારો જુદા હોય પણ ખરા; પણ જે બાબતને અંગે વિચારની એકવાકયતા હોય તે બધી બાબતોને અંગે સહકાર સાધવા યુવક સંમેલનની ખાસ આવશ્યકતા છે. તે માટે મધ્યસ્થ સ્થળ નકી કરવાની જરૂર છે. મોટું સંમેલન હાલના વખતમાં ભરવાની અગવડતા લાગતી હોય તો દરેક યુવક સંઘના ચોકસ સંખ્યાના પ્રતિનિધિઓ એકત્ર થાય તો પણ ઘણો લાભ થવા સંભવ છે. ઠરાવો કરવા ઉપરાંત જે કાર્યપ્રણાલિકા નક્કી થાય તેનો અમલ કરવાના ઉપાયો યોજવામાં આવે, અગવડો આવતી હોય તે દુર કરવામાં બધા મંડળો સહકાર આપે તો ઓછે ખર્ચે ઘણું સારૂં કાર્ય થવા સંભવ છે. એકજ વિષય લેવામાં આવે ને તે વિષયને અંગે વિચારણા કરવામાં આવે તો પણ ઘણો લાભ થાય તેમ છે. આશા છે કે આ હકીકતને અંગે જુદા જુદા સંઘો પત્રવ્યવહાર કરી નિર્ણય ઉપર આવશે.

ભાઇશ્રી પરમાણંદ કુંવરજી કાપડીયા

યુવકસંઘના મુખ્ય કાર્યકર્તા-યુવાનોના નાયક



જેમની ઘરપકડ રવિવારે બીલેપારલે ખાતે થઈ છે. તેમનો કેસ મંગળવાર તા૦ ૧૮-૧૧-૩૦ ને રોજ બાંદરામાં ચાલવાનો છે. અમારા સહકારા બંધુને હાર્દિક અભિનંદન.

મુંબઈ જૈન યુવક સંઘની સામાન્ય સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની એક સામાન્ય સભા બુધવાર તા૦ ૧૯-૧૧-૧૯૩૦ ના રોજ રાત્રીના (૨૮ા. ૮ા.) આઠ કલાકે શ્રી સંઘની ઓફીસમાં મળશે. તે પ્રસંગે સર્વ સભ્યે એ અવશ્ય હાજર થવા વિનંતિ છે.

(૧) ભાઇશ્રી પરમાનંદ કુંવરજીની ધરપકડ માટે અભિનંદન.

(૨) નવા વરસના કાર્યક્રમ સંબંધી વિચાર કરવા.

(૩) બંધારણની કલમોમાં ફેરફાર

(૧) મેનેજીંગ કમિટિના સભ્યોની સંખ્યા હાલ ૨૦) છે તેને બદલે ૧૭ ની રાખવા. તેમાં ત્રણ સેક્રેટરીઓનો પણ સમાવેશ થશે.

(૨) વધુમાં વધુ ત્રણ સેક્રેટરીઓ ચુંટવામાં આવશે.

ઉપરના સુધારા પાસ થશે તો કોઓપરેશનના મેમ્બરના વધારા સાથે મેનેજીંગ કમિટિના સભ્યોની સંખ્યા ૨૨) ની થશે

ઠેકાણું: નં૦ ૧૯૮ ચટાઇવાલા બીલ્ડીંગ, પહેલે માળે, આર્યનિવાસલેાજની સામે, ભરજીદખંદર રેડ

લી૦ મંત્રીઓ,
ગાંધી જમનાદાસ અમરચંદ,
રતીલાલ ચીમનલાલ કોઠારી,
શ્રી જૈન યુવક સંઘ.

તા. ક. સં. ૧૯૮૭ ની સાલનું લવાજમ સાથે લાવવા નમ્ર સુચના છે.

આ તે ધર્મપ્રભાવના ?

શ્રી મહાવીર દેવના ધર્મનો જયજયકાર થાય એ કોને ન ગમે? અરે જૈનેતરો પણ એની અનુમોદના કરે, એ સારૂ રથયાત્રા કે મહોત્સવો આદિ ખાસ યોજવાના આદેશો દેવાયલા, પણ એ બધું શોભે ત્યારેજ કે જ્યારે દેશમાં શાંતિ પ્રવર્તતી હોય.

પ્રભાવનાનો હેતુ બર લાવવા સારૂ જનતાની ઇચ્છા પરત્વે ખાસ નજર દેવાની છે. જે કાળે દેશ બારિક પળોમાંથી પસાર થતો હોય, અરે કટોકટીનો મામલો ચાલી રહ્યો હોય તેવા સમયમાં જુના ચશ્મે 'શાસનરસી સવિજીવ કરૂ' ની ઉપરછલ્લી ભાવનાથી બહાર આવનાર ઇતર સમાજને શાસનરસિક કરવાને બદલે તિરસ્કાર કરવાના સંયોગમાં મૂકી દે છે.

મુંબાઈએ એ વતનો અનુભવ તાજેતરમાં કરી લીધો છે. ધાર્મિક મહોત્સવના શુભ ટાણે ઇતર જનતાના મ્હોંમાંથી 'શરમ–શરમ' ના પોકારો સાંભળવાનો પ્રસંગ જે જૈનો માટે નોંધાયો હોય તો એ પ્રથમજ છે અવશ્ય જૈન સમાજનો વિશાળ સમુદાય એથી અલિપ્ત રહ્યો છે છતાં ધર્મઠી ગુરૂના અનુચિત આડંબરે અને પ્રેમલા ભક્તોની શાહરીયા વૃત્તિએ 'જૈનો' ના નામે એ ટીકા લાવવાનો અણઘાજતો માર્ગ લીધો તેથીજ એમ બનવા પામ્યું છે.

દિક્ષાના વરઘોડામાં વાજા વાગવાજ જોઇએ, અરે જમણ ઉડવાજ જોઇએ એવું કહેનાર પ્રેમલાભક્તો ને કહેવાતા સુવિહિતો સિવાય ભાગ્યેજ કોઇ હોઇ શકે. જૈનધર્મ બાહ્યાડંબર પર ઝાઝુ વજન મૂકતોજ નથી. શ્રીમદ્ યશોવિજયજી જેવા મહાત્માએ એવા આડંબરની નિમ્ન શબ્દોમાં ટીકા કરી છે. 'ધુમધામા ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યા દૂર' અલબત બીજા પ્રસંગે એ સાધનોથી બાળ પ્રજા આનંદ પામે પણ તે વગર ધર્મના કાર્યો થઇજ ન શકે એમ કહેનારા તો ભીંત ભૂલી ગોથાજ ખાય છે એમ કહેવામાં જરા માત્ર અતિશયોક્તિ નથી. ધર્મ કંઇ પુદ્ગલ સાથે નહિં પણ આત્મા સાથે સબંધ રાખનારી વસ્તુ છે. એની વૃદ્ધિનો પારો ભાવ પરિણામ દ્વારા માપી શકાય છે. તેથીજ કહેવું પડે છે કે દેશકાળ જોયા વગર, પાડોસી વર્ગની લાગણી પર લક્ષ દીધા વગર ધુનમાં આવી સમયને માટે અશોભનીક માર્ગો ગ્રહણ કરી ધર્મને નામે બચાવ કરવા બહાર પડવું એ નરી ઘેલછાજ છે. એમાં ધર્મની શોભા નથી થતી પણ નિંદા તો થાય છેજ: એક તરફ માથા ફુટતા હોય કિંવા ગોળીઓ ચાલતી હોય એવા દુઃખદ પ્રસંગે બેન્ડ ન વાગ્યા હોત તો, અને બરફી ચુરમા ન ઉડયા હોત તો શું ખોટું દેખાવાનું હતું? આપણે 'ગ્રહણ' જેવા સમયે વ્યવહારનું અનુકરણ કરી ધર્મના કાર્યો સુદ્ધાં શું બંધ નથી રાખતા? સામાન્ય રાજ્ય કરતી વ્યક્તિનો શોક પ્રસંગ હોય છે તો તે પણ ધ્યાનમાં લઇ તેટલો સમય શુભ કાર્ય અટકાવી દઇએ છીએ અને ન અટકી શકે તેવા હોય તો વિના ધામધુમે ચલાવી લઇએ છીએ એ સર્વ કોઇના અનુભવનો વિષય છે છતાં જ્યાં ધરાદાપુર્વક દેશની હીલચાલ સામે ધુળ ફેંકવાની વૃત્તિ હોય ત્યાં આ કયાંથી સમજાય? નહિં તો અવશ્ય સમજવું જોઇએ કે દેશપરની આપત્તિ એ સર્વ કરતા વધુ સંભાળવા જેવો પ્રસંગ છે.

પણ અફસોસ છે કે મુખમેં લાંબી લાંબી શાસન સેવાની વાતો કરનાર વર્ગ આજે આચરણમાં તદ્દન છેલ્લે પાટલે ઉતરી ગયેલ છે. આજે તેને વિદેશી સાડીઓના પહેરવેશમાં ઇલેકટ્રીક લાઇટના સંખ્યાબંધ દીવામાં, ફોડીબંધ બેન્ડના ઘોંઘાટમાં અને બરફી ચુરમાના મિષ્ટાન્નમાં મહાન્ ધર્મ ઉદ્યોત્ જણાય છે. મોટી શાસન સેવા દેખાય છે! એને મન બારડોલી કે ખેડાની પ્રજાના સંકટોની આજાદી માટે યાતના સહન કરતા દેશ સેવકોની કંઇજ કિંમત નથી. તે વિના મહાન્ ધર્મ ઉદ્યોતમાં ખાદીના દર્શન થયા વગર રહે ખરા? અરે કેશરીયા સાડીના તો બહુ માન હોય? પણ શુષ્ક હૈયામાં શૂન્યતા! બીજુ ન કરી શકો તો ઉજ્જડ પડેલા ગામડામાં રહેલા પશુઓની દયા ચિંતવી માલમલીદા મોકલી રાખી બચત રકમ તો ત્યાં મોકલાવો. રખે કહી દેતા કે કર્મનો દોષ!

એક શાસનપ્રેમીની આપવીતી.

યુવકસંઘ પત્રિકાના તંત્રી જોગ,

નીચેની બીના આપના પ્રસિદ્ધ પેપરમાં પ્રગટ કરવા કૃપા કરશોજી.

મારા વહાલા સાધર્મી બંધુઓને મારી નમ્રપણે અરજ એ છે કે હાલમાં જ્યારથી આ મોહમઇ નગરીમાં મુનીપ્રવર શ્રી રામવિજયજી લાલબાગના ઉપાશ્રયમાં પધાર્યા ત્યારથી હું તેમના વ્યાખ્યાનો સાંભળવા જતો હતો, અને તેઓશ્રીની વિદ્વત્તા અને વકૃત્વશકિતથી આકર્ષાઇ હું તેમના શાસનપક્ષમાં ભળેલો છું. કોઇપણ વિદ્વાન મુનીરાજનું વ્યાખ્યાન સાંભળવું એ સંસ્કાર મારા જીવનમાં જ્યારથી હું જૈન ધર્મ વિશે થોડું ઘણું જાણતો થયો ત્યારનો છે. અને મારા મુંબઇના વસવાટ દરમ્યાન દરેક વખતે આવો લાભ લેવા હું કદી ચૂકતો નથી, એમ મને પીછાણનારા સૌ કોઇ જાણે છે. મુનિપ્રવર શ્રોતા વર્ગને ઉદ્દેશીને ઘણીવાર ચેલેન્જ કરીને કહે છે કે કોઇને કાંઇ ન સમજાય અને શંકા પડે તે બેશકપણે પૂછી શકે છે. કોઇ મુનિરાજ એટલા વિદ્વાન ન હોય તો આવી ચેલેન્જ કરતા નથી અને ત્યારે શ્રોતા વર્ગ જે કાંઇ સમજાય તે ગ્રહણ કરી સંતોષ પકડે છે અને વધારે ઝીણવટમાં ઉતરતા નથી. મુનીપ્રવરને મેં ઘણીવાર પ્રશ્નો કરેલા અને તેના સમાધાન તેમના ક્ષયોપશમ પ્રમાણે કરેલા. અમારો આવો સંબંધ પહેલા ચોમાસા સુધી નિર્વિઘ્નપણે ટકી રહ્યો. પણ જ્યારે મુનિશ્રી ખડક પર પધાર્યા ત્યારે વાડીમાં વ્યાખ્યાન પછીના ટાઇમે એકાંતમાં જ્યાં તેઓ બેસતા હતા ત્યાં મે એક વખત ખટી અને કેસરની ચર્ચા કરી તે વખતના તેમના સમાધાન મને રૂચ્યા નથી એમ જ્યારથી તેમના જોવામાં આવ્યું ત્યારથી તેમણે મારી સાથેનું વર્તન બદલવા માંડયું. મારા પ્રશ્નો પરત્વે શંકાની દ્રષ્ટિએ જોવા લાગ્યા. આ પરિસ્થિતિ જોઇ મેં પણ પૂછવાનું ઓછું કરી નાખ્યું. છેલ્લા બે માસ થયાં દિક્ષાનો અગત્યનો વિષય ચર્ચાતો હતો ત્યારે સ્વભાવીક રીતે કોઇવાર પૂછવાનું મન થઇ આવતું અને ત્યારે વિનયપૂર્વક પૂછવામાં આવતું છતાં કોણ જાણે કોઇના ભરમાવ્યાથી કે અન્ય કોઇ કારણે મારા તરફ એક વિરોધીના જેવો વર્તાવ કરવા લાગ્યા અને તેથી કરીને તેમનો ભકતવર્ગ મારા પર ઘણો ચીડાવા લાગ્યો. કોઇ કોઇ તો ગાળીપ્રદાન પણ કરતા

શાસ્ત્રશ્રવણની ઇચ્છાકાળો વ્યસની જેવો હું આવી પરિસ્થિતી ઉભી થતાં પણ મન પર કાબુ રાખી સાંભળવાના પ્રલોભનને છોડી શકયો નહિ. અને કંઇ દિવસો સુધી મેં આવો સંયમ જાળવ્યો. છેલ્લે ગઇ કારતક વદી ૨ ના દિવસે મેં પ્રશ્ન કર્યો તેના જવાબમાં મને એવો તો ખરાબ ચીતર્યો કે સભાજનો મારા પર ફીટકાર વર્ષાવવા લાગ્યા. તે દિવસનું સભાતું આવું રૂપક જોઇ હું અડધા વ્યાખ્યાને ચાલી ગયો કારણ કે વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ બધા ઉઠશે ત્યારે જરૂર મારા પર આક્રમણ થશે એમ મને લાગ્યું તેજ દિવસે દીક્ષાનો ધરખોડો હતો. તેમાં ભાયખલા જતાં મુનિશ્રીના બે ત્રણ ભકતો નિષ્કારણ મારી છેડતી કરી ટોણા મારવા લાગ્યા. આ સ્થિતી જોઇ કારતક વદી ૪ ના વ્યાખ્યાનમાં જવાનો વિચાર મેં માંડી વાળ્યો. પણ હું મારા ઘરકામે પાંજરાપોળ ગલીમાં થઇને જતો હતો ત્યારે મુનિશ્રીના બે ત્રણ ભકતો વ્યાખ્યાન સાંભળીને આવતા હતા તેમણે મને બોલાવ્યો, ઉભો રાખ્યો. અને કહ્યું તમારે મહારાજ સાહેબને સભામાં પ્રશ્ન કરવો નહીં, મેં કહ્યું ઠીક ભાઇ બીજને દિવસે મહારાજશ્રીએ મને સભામાં નહીં પૂછતાં ઉપર આવીને પૂછવા જણાવેલું છે અને હવે પછી તેમ કરવાનો મેં વિચાર રાખ્યો છે. આટલી વાત સ્વીકારવા છતાં મને દબાવવા માંડયો અને કહ્યું કે જો હવે પછી પૂછશે તો તારી બરાબર ખબર લેવાશે. મેં કહ્યું શું કરશો વ્યાખ્યાનમાં આવું શીક્ષણ લઇ આવ્યા છો. તેવામાં તેઓ મારાપર તુટી પડયા. બે ત્રણ ધોલો મારી મારી ખાદીની ટોપી ઉડીને કચરામાં પડી. એક ભાઇ જેને હું પહેલાં તે ટોળામાંનો માનતો હતો અને તે ગમે તે પક્ષનો હોય. પણ તેનાથી મારાપર થતો અન્યાય ખમાયો નહીં, તે ભાઇએ મારનારને અટકાવી એકાદ ધોલ ઝીલી લીધી અને એટલો પણ મારો બચાવ કર્યો આ વખતે આ ભાઇ સિવાય નજરે જોનાર બીજું કોઇ ન હતું. તેથી આ લેખથી હું આ ભાઇને વિનંતી કરું છું કે મને એક વખત ગુલાલવાડીમાં બોજાની ચાલીમાં ચોથે દાદરે આવીને મળી જશો તો આપનો હું વધુ ઉપકાર માનીશ. આ બનાવ બન્યા બાદ ટોપી બદલી તરત હું પહેલાં મુની પ્રવર પાસે ગયો અને બધી હકીકત સંભળાવી. ટોપી બતાવી તેના જવાબમાં મુનિશ્રીએ પહેલાં તો કહ્યું કે તમે જાણતા કાંઇ નથી અને શેખાઇ બહુ કરો છો. આમ તમે બોલ્યા અને તમને માર પડયો તે હું માની શકતો નથી. અત્યારે અમારે ઘણાં અગત્યનાં કામો કરવાનાં છે એમ કહી ભકત શેઠીઆઓ જોડે મસલતમાં પડયા અને એક ભકતે ઉઠીને માફ બાવડું પકડી મને બહાર લઇ આવ્યો. એક ભકત તો મુનિશ્રીની સમક્ષ વાત કરતો હતો ત્યારેજ ઉછળી પડયો હતો કે તમારેથી કોઇ નહીં પૂછાય, નહી પૂછાય. ત્યારે મેં કહ્યું કે મહારાજશ્રી સૌ કોઇને પૂછવાની છુટ આપે છે તોજ પૂછીએ છીએ. દરવાજા બહાર નીકળતાં મુનિશ્રીનો એક ભકત જે અમારા માળામાં રહે છે તેણે મને કહ્યું તમારા જેવા ભામટા કંઇ ચાલ્યા આવે છે. આ ભાઇ માળામાં આવ્યા અને આખા માળાએ જ્યારે તેનાપર પસ્તાળ પાડવા માંડયો ત્યારે કહે છે કે મેં તેમને કહ્યું નથી પણ મોતીચંદ કાપડીયાને કહ્યું છે. આવો હડહડતો ખોટો બચાવ કરે છે. ઉપરની દરેક બાબતના સાક્ષી પુરાવા મારી પાસે છે. આ લખાણ કરવામાં મારો મુદ્દો એટલોજ છે કે મહારાજ સાહેબ આ સારૂં કરતા નથી. સભામાં પૂછનારા કંઇ કંઇનું અપમાન કરી નાંખે છે, અને કોઇક વાર તો કંઇ કંઇને એવા તો ખરાબ ચીતરે છે કે સાંભળનારને તેમના પ્રત્યે ધીક્કારની લાગણી ઉદ્‌ભવે સાધુ મહાત્માની મનોદશા આવી હોવી ન ઘટે. જે માણસ સભામાં હાજર ન હોય, જેની સાથે તેમને કાંઇ નીસ્બત ન હોય તેની દીન ઉગે નિંદા અને ઉતારી પાડવાની પ્રકૃત્તિ કેમજ થાય. આગળના મહાત્માઓ શું ભકતવર્ગની સાથે વાતવાતમાં લડી પડતા હતા, અને સાંભળનારોને ખરી સ્થિતીમાં મુકી દેતા હતા. આ એક દુઃખદ બનના છે. હું તો માનું છું કે જો આવી તો આવી નિતિરીતી ચાલુ રહી તો જૈનશાસનનો ઉદય નહિ પણ અધઃપાત છે, પોતાની માન્યતાવાળાજ સાચા અને બીજા બધા ખોટા એ ન્યાય કયાંનો આવો હોવો તો કોઇ પૂર્વાચાર્યે પણ કર્યો નહિ હોય તો મારી મહારાજ સાહેબને નમ્ર વિનંતી છે કે આપ આ પ્રકારનું વર્તન બદલી સીધા અને સરલ માર્ગે ભકતગણને લઇ જાવ કે જેથી શાસનની શોભા વધે. નહિ તો આજ સુધીનો આપનો ભકત હું આજે આટલું લખવાની દુઃખદ પરિસ્થિતીમાં મુકાઉં છું એવા પ્રસંગો ભવિષ્યમાં અનેક આવશે. આપ એમ નહિ માનતા કે આપની પાસે આવનારાજ ધર્મી છે બાકીના બધા અધર્મી છે. જૈનશાસન જે જયવંતુ વર્તે છે તે કોઇ એક વ્યકિતના ઉપર નથી ચાલતું. વખત એવો આવે છે કે દરેક સારાં કાર્યો હળીમળીને કરવામાંજ શાસનની શોભા છે અને તેમાંજ સાચો વિજય છે. બાકી નાના નાના વાડા બાંધી સમાજની છિન્ન ભિન્ન દશા કરી મૂકશો તો ભવિષ્યની પ્રજા જરૂર આપ દેશે આપ એમ નજ માનતા કે આપના ભકતવર્ગ સિવાય કોઇ આગમને માનતું નથી. આગમ અને આજ્ઞા તો દરેક સાચા જૈનને આપના જેટલાંજ પ્રિય છે. આગમ એ કોઇની ખરીદેલી વસ્તુ નથી. જે ધર્મને વિશ્વધર્મ તરીકે ઓળખાવવો હોય તેને માટે આવી સંકુચીત મનોવૃત્તિ કેમ? આપ આપણી સમાજમાં ધાર્મીક વિષય પરત્વે હારે અજ્ઞાનતા જોઇ નથી શકતા. આપ તે દુર કરવા કયા પ્રયાસો કરી રહ્યા છો. મારી માન્યતા એવી છે કે માણસ જેમ જેમ જ્ઞાનમાં ઉંડો ઉતરે તેમ તેમ તેનો સંસાર ઉપરનો મોહ ઘટવા માંડશે અને એક દિવસ એવો આવશે કે તે સર્વત્યાગને આપોઆપ સ્વીકારવા તૈયાર થશે. આપ કહી શકો છો કે સમાજનું અજ્ઞાન ટાળવા તો હું રોજ વ્યાખ્યાનો કરૂં છું આપ જરા સૂક્ષ્મ દૃષ્ટિએ વીચાર કરી જોશો કે આવડી મોટી સભામાં તેને ઝીલવાવાળા કેટલા છે. ઉપદેશ તો એવો આપવો જોઇએ કે સૌ કોઇ કંઇને કંઇ પામીને જાય શાસ્ત્ર ભણવાના નીયમો કરશે ને પુસ્તકો વાંચશે તો દ્રષ્ટી ખુલતી જશે, ગુંચો આપતા જશે અને એક દહાડો ત્યાગની ઉંચી ભાવનારૂઢ થશે. આપ વિદ્યાપીઠો ન સ્થપાવી શકો તો આટલું તો જરૂર કરશો એવી નમ્ર પ્રાર્થના છે. આપ જેવા વિદ્વાનને મારે આટલું લખી વિનંતિપણાને નહી છાજતી દુઃખદ ફરજ ખિન્ન હૃદયે બજાવવી પડે છે તે માટે અંતમાં માફી ચહી આજનું લખાણ પુરૂં કરૂં છું.

હું છું શ્રી સંઘનો આજ્ઞાધીન સેવક,
લક્ષ્મીચંદ જીવરાજ શાહ.

આ પત્રિકા અંબાલાલ ભાર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૯૮, ચંદાવાળા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

કૉન્ફરન્સ અને યુવકો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૭ મો. | સંવત ૧૯૮૭ ના માગશર સુદી ૪. તા૦ ૨૪-૧૧-૩૦ | છુટક નકલ: ૦।। આનો.

પત્રિકા માટે.

સંસ્થાની ઓફીસમાં તા૦ ૨૩-૧૧-૩૦ ના રોજ મળેલી સામાન્ય સભાએ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો કર્યા છે.

અભિનંદન.

આપણા સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને વિલાપારલા મહાસભા સમિતિના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી એ. એલ. એલ. બી જેઓની ધરપકડ થઇ છે. તેઓને આ સભા હાર્દિક અભિનંદન આપે છે.

બંધારણમાં ફેરફાર.

બંધારણની કલમ નવ રદ કરવામાં આવી અને કલમ ૧૦ માં નીચે મુજબ ફેરફાર સાથે રાખવામાં આવી.

૧ વાર્ષિક સભા ચાર મંત્રીઓ સાથે કુલ વીસ સભ્યોની કાર્યવાહક સમિતિ ચુંટશે અને આ પ્રમાણે બનેલી કાર્યવાહક સમિતિ સામાન્ય સમિતિના સભ્યોમાંથી વધુમાં વધુ પાંચ સભ્યો ચુંટીને સમિતિમાં ઉમેરી શકશે.

૨ સામાન્ય સભાનું કોરમ અગીઆર સભ્યોનું ગણવામાં આવશે. બાદ નવા વર્ષના કાર્ય પરત્વે ખુબ વિચાર ચલાવ્યો હતો અને તે અંગે વધુ વિચાર બીજી સામાન્ય સભાપર મુલતવી રાખ્યો હતો.

સામાન્ય સભા.

આ સંઘની એક સામાન્ય સભા શનીવાર તા. ૨૯-૧૧-૩૦ ના રાત્રીના ૮ વાગે (સ્થા. ટા.) સંસ્થાનની ઓફીસમાં નીચેના કાર્ય પરત્વે વિચાર ચલાવવા મળશે, તો દરેક સભ્યોને વખતસર આવવા વિનંતી છે.

કાર્ય.

૧ બહારગામના યુવક સંઘો તેમજ યુવકબંધુઓ જેઓ સભ્ય તરિકે દાખલ થવા ઇચ્છે છે તેઓને સંસ્થાના મેમ્બર તરિકે ગણવા કે નહિ તેનો નિર્ણય કરવા.

૨ નવા વર્ષનો કાર્યક્રમ નકકી કરવામાં આવશે.

૩ મંત્રી તરફથી રજુ થતા કાર્ય પર વિચાર ચલાવવામાં આવશે.

લી૦
રતીલાલ સી. કોઠારી.
મંત્રી : શ્રી મું. જૈ. યુ. સંઘ.

તા. ક.-ચાલુ વર્ષનું લવાજમ જે સભ્યોએ ન આપ્યું હોય તે ભાઇઓએ તુરત પહોંચાડવા કૃપા કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

વર્કિંગ કમિટિની બેઠક.

આ સંસ્થાની વર્કિંગ કમિટિની એક બેઠક તા૦ ૨૨-૧૧-૩૦ શનિવારના રોજ કૉન્ફરન્સની ઓફીસમાં શેઠ રવજી સોજપાળના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે નીચેના ઠરાવો સર્વાનુમતે પાસ થયા હતા.

ભાઇ પરમાનંદને અભિનંદન.

આપણી સ્ટેન્ડીંગ કમિટિના માનદ્ સભ્ય અને વીલેપારલે મહાસભા સમિતિના મંત્રી ભાઇ પરમાનંદ કુંવરજી કાપડીઆ જેઓ સામાજીક તેમજ ધાર્મિક સુધારાના પ્રબળ હિમાયતી તરીકે આખી જૈન સમાજમાં પંકાયેલા છે તેમની ધરપકડ માટે આજની આ મિટિંગ તેમને અભિનંદન આપે છે.

કૉન્ફરન્સ અથવા તો સ્થાયી સમિતિની તથા સંભાવિત પ્રાંતિક આગેવાનોની બેઠક બોલાવવા સંબંધી વિચાર કરી નિર્ણય કરવાનો પ્રશ્ન બે માસ મુલતવી રાખવાનો નિર્ણય થયો હતો.

શ્રીયુત્ મોહનલાલ ભગવાનદાસ સોલીસીટરની રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે નીમણુંક કરવામાં આવી હતી.

શ્રી શૌર્યપુર તિર્થના ચાલતા કેસને લગતા કાગળો વાંચી રીપોર્ટ કરવા ભાઇ મકનજી જે. મહેતા ભાઇ ચીનુભાઇ લાલભાઇ સોલીસીટર અને ભાઇ મોહનલાલ બી. ઝવેરી સોલીસીટરની સબકમિટી નીમવામાં આવી હતી.

પ્રચાર કાર્ય.

પાલણપુર જીલ્લામાં રા. મણીલાલ મુશાલચંદ પારી દાતા, વડગામ જતાં જાહેર સભા ભરી રાષ્ટ્રિય હિલચાલ, ખાદી પ્રચાર, દારૂનિષેધ વિગેરે માટે વિવેચનો કર્યાં હતા. કૉન્ફરન્સના હેતુઓ સમજાવી પાઠશાળા તથા પુસ્તકાલય ચલુ કરવા નિશ્ચય કરાવ્યો હતો. રાષ્ટ્રિય હિલચાલ માટે ભાષણો આપ્યાં ત્યાં મુનિશ્રી હંસવિજયજી મહારાજે ઉપદેશ આપતાં દેરાસર બંધાવવા રૂ. ૧૫૦૦) માં આદેશ અપાવ્યો અને તે કાર્ય માટે કમીટી નિમાવી.

સંસ્થાનું મુખપત્ર જૈન યુગ હવે પછી પાક્ષિક પ્રગટ થશે અને તે માટે ડેકલેરેશન લેવામાં આવ્યું છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

કોન્ફરન્સ અને યુવકો.

જુન્નર અધિવેશન પછી કોન્ફરન્સના કાર્યોમાં નવો વેગ આવ્યો છે એમાં તો શંકાજ નથી. હિન્દના પ્રત્યેક ખૂણામાં એના કાર્યો સંબંધી ઉહાપોહ થયો છે. એના બંધારણ પરત્વે વિચારણા ચલાવાઇ છે અને એમાં મુખ્ય સંસ્થાના સંચાલકોએ પણ ઘટતો ભાગ લીધો છે. જેના અંતરમાં નરી મલિનતા ભરેલી છે અને જેને બારમા કે તેરમા સિવાય ભાગ્યેજ બીજે સ્વપ્ના સેવવાના હોય છે તેને મન ભલેને કોન્ફરન્સનું દફન થયું હોય! પણ જેની ચક્ષુઓ ખુલ્લી છે તેઓ સ્પષ્ટ જોઇ શકે છે કે પૂર્વ કરતાં કોન્ફરન્સ વધુ કાર્યકર બની રહી છે. રાષ્ટ્રયજ્ઞમાં પણ એ શ્રીમતીએ ઉચિત ફાળો નોંધાવ્યો છે. આ બધામાં યુવકોનો સહકાર તો હોયજ. આજે પ્રૌઢો સામે યુવકોએ સંગ્રામ માંડવાનો નથી. ઉભયે હસ્તમાં હસ્ત મિલાવી એ જૂની છતાં પ્રતિભાસંપન્ન સંસ્થાને વર્તમાનકાળને અનુરૂપ સ્વાંગ સજાવી ગામે ગામ અને શહેરે શહેર એના પુનિત પગલા કરાવવાના છે. બંધારણ જ્યારે નિશ્ચિત થઇ ચુકયું છે અને શિવાજી મહારાજની પવિત્ર જન્મભૂમિમાં એને પુનઃ સજીવનના ધારી પ્રગતિના પંથે કૂચ કરવાના પચ્ચખાણ લીધા છે ત્યારે એના અધિવેશનો અને એના ઠરાવો નિયમિત અને અમલી હોય એમાં શંકાને સ્થાન નજ હોય. જરૂર આ કાર્યને અપનાવી લેવા બીજો યુવકોના મસ્તકે સ્થાપન કરાય. યુવકોએ સહર્ષ એ ઉપાડી લેવો ઘટે આજે ભાગ્યેજ કોઇ મોટું શહેર એકાદ્દા યુવક સંઘ કે યુવક મંડળ વિહુણુ હશે! બીજાં ઉદ્દેશોને ઘડીભર બાજુપર રાખીએ તો પણ દરેકનો એ ઉદ્દેશ તો અવશ્ય હોવાનોજ કે કોન્ફરન્સ જેવી સંસ્થાના ઉદ્દેશો પાર પાડવામાં યથાશકિત સહાય કરવી. ધાર્મિક, સામાજીક કે રાજકીય વિષયમાં યુવકો જે ભાવના ધરાવે છે તેનો મધ્યમસર પડઘો પાડતી જો કોઇ સંસ્થા હોય તો તે આપણી કોન્ફરન્સ છે.

યુવકો! દેશની હીલચાલમાં તમારો ફાળો અવશ્ય પ્રશંસનીય છે અને એ રહે એમાં સારી સમાજનું ગૌરવ છે. ઉપરાંત તમો સર્વને સંગઠિત બની કોન્ફરન્સ જીન્દાબાદ કરવાના આમંત્રણ છે. પ્રેમલા ભાઇઓ આપણને આપણામાંના એકાદ્દા યુવકના શબ્દો પકડી લઇ ગમે તેટલા નિંદાપાત્ર બનાવવાના કે અધર્મી ગણાવવાના મહાભારત પ્રયત્નો આદરે. આપણને તેની ભાગ્યેજ દરકાર હોય. આજે આપણા બીજા મંતવ્યોને ગૌણ બનાવી મુખ્ય લક્ષ્ય સંગઠન પર ચોંટાડી એકત્ર વાવટા હેઠળ આપણે ઉભવું જોઇએ. આપણા સંઘો ને મંડળો જરૂર આજે એકાદની લાકડીએ રમતા ખાતાઓ નથી એ આપણા માટે શોભારૂપ છે; પણ એ કાર્યને એકાદ મધ્યવર્તી સ્થળે એકત્રીત થઇ નિયંત્રીત કરવું જોઇએ કે જેથી ભવિષ્યમાં આપણાદ્વારા થતા પ્રત્યેક કાર્યનો પડઘો એક સાથે સર્વત્ર પડે. સુઘોષાના એક નાદે જેમ બાર દેવલોક આખામાં ઘોષારવ થઇ રહે છે તેમ આપણો એકાદ્દો હરાવ સારાયે ભારતવર્ષના કાન ખોલી નાખવાને સમર્થ નિવડે એવું બળ ઉત્પન્ન કર્યા વિના યુવાન નવસૃષ્ટિનો સર્જનહાર છે એ મુદ્રાલેખ અસિદ્ધજ રહેવાનો.

જો દેશની મુકિતનો આધાર યુવકોપર નિર્ભર હોય તો જૈન સમાજ જેવી નાની કોમનો આધાર તેના ઉગતા–નવલોહીઆ ઉપર અવલંબી રહે એમાં શું આશ્ચર્ય! આપણા સંગઠનથી આપણે આપણા પ્રત્યેક ખાતાઓને નવપલ્લવીત કરવા છે ભલે ધ્રુવડના નેત્રો એમાં ધર્મનાશ કે સર્વનાશ વિલોકે. એટલું અવધારી રાખવું જોઇએ કે ઉલ્લુક તો અવશ્ય અંધકારજ ઇચ્છે છે. એટલી એવી ઇચ્છા પર નિર્ભર રહી કામ કરવાનું યુવાનને તો નજ પાલવે. યુવાનો પણ કટિબદ્ધ થઇ એજ પરમાત્મા મહાવીર દેવના સિદ્ધાંતોને વિશ્વ યોગ્ય બનાવવા માંગે છે. એમણે દેવસ્થાનો તો પ્રિય છેજ. અરે આબુકે રાણકપુર જેવી કોરણી–કે–કળાપર તે વારી જાય છે છતાં તેમને એ સ્થાનોમાં વધી પડેલ અજ્ઞાનતા ને આડંબર નથી ગમતા. સાચી સાધુતાના પગમાં આળોટનારા યુવકો ઉપરછલ્લા ઠમાકને નથીજ ચાહતા. જ્ઞાનપૂર્વકના ધર્મને છાતી સરસો ચાંપનાર નવયુવાનો ક્રીયા જડત્વમાં નથીજ રાચતા. આમ મૂળ માન્યતામાં ફરક જેવું જેજ કયાં? 'જૈન જયતુ શાસનમ્' એમને પણ ગમે છે. બાકી યુવાનોની ભાવનાનો વેગ નિરાળો છે અને નિરાળો રહેવાનો.

શ્રી કરજણ જૈન સંઘે દીક્ષા સંબંધી કરેલ યોગ્ય ઠરાવ.

"આધુનીક સમયનું દીગદર્શન કરતાં કરજણમાં જેઓ સ્વામીભાઇઓને દીક્ષા લેવા ઉત્કૃષ્ટ ઇચ્છા થઇ હોય તેમણે એક મહિના અગાઉ સુપ્રસિદ્ધ વર્તમાનપત્રોમાં તેવા સમાચાર ફેલાવ્યા બાદ લાયકાત જણાએ સંઘની સંપૂર્ણ ઇચ્છાથી દીક્ષા આપી શકાશે. તે નિયમ તોડનાર અગર તેમ કરવા સંમતિ આપનાર બન્ને સંઘના ગુન્હેગાર ગણાશે."

સમાચાર.

રતિલાલ પાછો સોંપાયો.

ખંભાતના શાસનપ્રેમીઓના તેમજ સાગરજીના અતિ દાવપેચો નિષ્ફળ નિવડ્યા અને રતલામની પોલીસના પ્રયત્નથી રતિલાલ પુનઃ તેના કાકાને સોંપાયો છે. ખંભાતમાં છોકરાના બાપ તરફથી સાગરજી તેમજ બીજા ઇશ ભકતો પર કેસ મંડાયો છે એમ સંભળાય છે અને 'રતનને સંભાળજો ડામરની ગોળીઓ વેરજો' ઇત્યાદિ માર્મિક તારો પણ પકડાયા છે. હાલ તો ખંભાત સ્ટેટે વારંટથી સાગરજીને રોકયા જણાય છે.

સાધુ કોને કહેવાય?

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫ મા અધ્યાયમાંથી ઉદ્ધત.

હું મુનિ ધર્મને અંગીકાર કરું એમ વિચાર કરીને ચારિત્રરૂપી ધર્મને અંગીકાર કરીને બીજા સ્થવિર સાધુઓ સાથે રહે; વળી જે સરળ સ્વભાવ યુકત, નિદાનરૂપ શલ્યથી રહિત, સગાં વ્હાલાંઓ સાથે પરિચય ન કરનાર, કામાભિલાષથી રહિત, અજાણ્યા કુળને વિષે ગોચરી આદિક લેનાર અને અપ્રતિબદ્ધપણે વિચરનાર હોય તેને સાધુ કહેવાય.

રાગાદિકથી રહિત થઇ ક્રિયા કરનાર, સંસારથી વિરકત સિદ્ધાંતના જાણકાર, આત્માનું રક્ષણ કરનાર, સારાસાર વિવેક શકિતએ કરીને યુકત, પરિષહોને જીતનાર, સઘળા જીવોને પોતાના સમાન જોનાર, સર્વ વસ્તુને જાણનાર અને સચિત્ત કે અચિત્ત વસ્તુ ઉપર મુર્છા ન કરનાર તેને સાધુ કહેવાય.

કોઇ તેની નિર્ભત્સના કરે કે માર મારે તો તે કર્મબંધનો હેતુ છે એમ માની ધીર મુનિ તેનાપર ક્રોધ ન કરે; સાધુના અનુષ્ઠાનોમાં તત્પર રહે, અસંયમના સ્થાનકોથી અલગ રહે, સંસારની ચિંતાથી રહિત, અહંકારથી રહિત હોય અને જે નિર્ભત્સના કે માર સમવૃત્તિથી સહન કરે તે સાધુ કહેવાય.

અસાર એવાં શયન આસનાદિકને સેવે, ઠંડી કે ગરમી કે વિવિધ ડાંસ, મચ્છર, માકડાદિકને અનાકુલ ચિત્તથી સહન કરે; ડાંસ, મચ્છરાદિકથી રહિત સ્થાન પ્રાપ્ત થયે હર્ષ ન પામે અને સઘળું સુખદુઃખ સમભાવે સહન કરે તે સાધુ કહેવાય.

વિહારમાં લોકો પોતાના સામે સત્કાર કરવા આવે કે વસ્ત્ર પાત્ર આહારાદિકથી પૂજા કરે કે દ્વાદશાવર્તપુર્વક વાંદે તેમ સાધુ નવા છે; કોઇ પાસેથી પ્રશંસાની ઇચ્છા ન કરે; સાધુના અનુષ્ઠાનોમાં તત્પર વ્રતધારક, તપસ્વી, જ્ઞાનદર્શનથી યુકત અને આત્માના ગવેષક તે સાધુ કહેવાય.

જેને કરીને સંયમી જીવન છોડવું પડે અથવા તો મોહનીય કર્મનો બંધ થાય તેવા નરનારીનો પ્રસગ સર્વથા છાંડે, સ્ત્રી-નારકી ઇન્દ્રજાલાદિક વિષયો સંબંધી કૌતુહલને ન સેવે તે તપસ્વી સાધુ કહેવાય.

જે મુનિ વસ્ત્રાદિક છેવટનાં લક્ષણો, સંગીત શાસ્ત્રી, કયારે ધરતીકંપ થાય, તારા ખરે, ઉલ્કાપાત થાય, આકાશને લગતી બાબતો, સ્વપ્ન વિદ્યા, સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં સ્ત્રી પુરૂષાદિકનાં લક્ષણો, દંડવિદ્યા, વાસ્તુવિદ્યા, શરીરના અંગો ફરકે તેનો વિચાર, જાનવરોના સ્વરથી થતા શુભાશુભ પરિણામનો વિચાર;-આટલી વિદ્યાઓથી પોતાની આજીવિકા ન ચલાવે તે સાધુ કહેવાય.

જે ઓં હ્રીં આદિક મંત્રો કે જડીબુટ્ટી આદિથી અથવા તો વમન, વિરેચન, ધૂમાદિકનો ત્રાસ ગુટી ચૂર્ણાદિકથી રોગમુકિત માટે સ્નાન કરાવવું-ઇત્યાદિ વૈદ્ય કાર્ય છોડે, પોતાને રોગ આવે ત્યારે માબાપને ન સંભારે; અને રોગપ્રતિકારની ચિંતા પણ ન કરે; આ સર્વ યથાપ્રકારે જાણીને સાધુ માર્ગને વિષે ચાલે તેને સાધુ કહેવાય.

જે રાજાઓ, મલ્લોના સમુહ, કોટવાળો, રાજપુત્રો, બ્રાહ્મણો, નાના પ્રકારના વિષય સુખ ભોગવનારાઓ, નાના પ્રકારના શિલ્પીઓ-એટલાઓની પ્રશંસા ન કરે; પૂજ્ય છે તેમ ન કહે; તેમને યથાપ્રકારે જાણીને સંયમ માર્ગને વિષે ચાલે તે સાધુ કહેવાય.

જેનો ગૃહસ્થાશ્રમમાં પરિચય થયેલો હોય અને પછી સાધુ અવસ્થામાં જોયા હોય તેવા ગૃહસ્થો સાથે લૌકિક ફળની પ્રાપ્તિ માટે પરિચય કરતા નથી તેને સાધુ કહેવાય.

શયન, અશન, પાન. ભોજન, વિવિધ ખાદિમ સ્વાદિમ આદિકથી પૂર્ણ એવા ઘરને વિષે ગોચરી માટે જાય અને ગૃહસ્થ તરફથી કહેવામાં આવે કે 'તને કંઇ નહીં દઉં' ત્યારે પણ જે તેના પ્રત્યે જરા પણ દ્વેષ ન કરે તે સાધુ કહેવાય.

જે ગૃહસ્થના ઘરમાંથી સારા કે ખરાબ આહારાદિક મળ્યા હોય તેની મન, વચન, કાયાથી નિંદા ન કરે તે સાધુ કહેવાય.

નિરસ ધાન્યનું ઓસામણ, જવનું ધાન, ઠંડું ધાન, કાંજી, જવનું ધોણ-આવું નિરસ ધાન્ય મળે છતાં નિંદે નહીં અને ગરીબ ઘરોને વિષે ગોચરી કરે તે સાધુ કહેવાય.

દેવ, મનુષ્ય કે તિર્યંચોએ કરેલા અત્યંત ભયકારક રૌદ્ર શબ્દો સાંભળીને પણ જે ધર્મ ધ્યાનથી ચળે નહીં તે સાધુ કહેવાય.

જગતમાં પરસ્પર લડતા તર્કવાદો જાણીને કોઇનો પક્ષપાત ન કરનાર, જ્ઞાનદર્શન ચારિત્રથી યુકત, ૧૭ પ્રકારના સંયમથી યુકત, શાસ્ત્રોના પરમાર્થ જાણનાર, સારાસાર વિવેકયુકત, પરીષહોને જીતીને સર્વ જીવોને પોતાના સમાન જોનાર, ક્રોધાદિક કષાયોથી મુકત હોય તે સાધુ કહેવાય.

જે ચિત્રકામાદિ શિલ્પથી આજીવિકા ન ચલાવે; વળી જે અણગાર, અસહાય, જીતેંદ્રિય, બાહ્યાભ્યંતર ગ્રંથિથી મુકત, સ્વલ્પ કષાયયુકત, સ્વલ્પ ભોજન લેનાર અને દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે ગૃહાદિકને છોડીને રાગદ્વેષ રહિત વિચરે તે સાધુ કહેવાય.

[નોટ-ઉપરોકત સાધુના લક્ષણો વાંચી, વિચારી કોણ શ્રવણ ભગવંત મહાવીરના સાચા સાધુઓ છે અને કોણ તેમના નામે ચરી ખાય છે તેનો મુમુક્ષ વિવેક કરે; આગમોમાં અટલ શ્રદ્ધા ધરાવવાનો દાવો કરનારા કહેવાતા શાસનપ્રેમી બંધુઓ પણ આ વાંચીને વિચાર કરે અને યેનકેન પ્રકારેણ ઝપાટી કહેવાતી 'ભાગવતી' દિક્ષાનો મોહ છોડે.—તંત્રી]

પાટણનો પત્ર.

અત્રે શ્રીમાન લબ્ધિસૂરીના ચાતુરમાસનું સરવૈયું કહાડતાં નફામાં મીંડું, અને નુકસાનમાં કલેસ કંકાસમાં વૃદ્ધિ, જ્યારથી તેમનાં અત્રે પગલાં થયાં ત્યારથી તેમના વ્યાખ્યાનોમાં તેમના ભગતોને ઉશ્કેરી કલેષ કંકાસને પોષવા પાણી સીંચે રહ્યા છે. તેનાથી ન ધરાતાં અત્રેના સંઘે અયોગ્ય દીક્ષા અંગે કરેલા ઠરાવને તોડીને દીક્ષા આપતાં વહેવારથી દૂર થયા. એટલે જૈન સમાજના પૈસાની બરબાદી કરવા ભાઇએ ભાઇને કોર્ટે ચડાવ્યા છે. આ સ્થિતિ ઉભી થતાં પાટણમાં એવા તો અળખામણા થઇ પડયા છે કે ચોમાસું પુરૂ થતાં કોઇ ઠેકાણેથી ચોમાસું બદલવા આમંત્રણ સરખુ પણ ન મળ્યું. આથી ભકતો મુંઝાયા. અને એક શેઠીયાને વિનવિને ચોવીસ કલાકની ખોળાધરી આપી ધર્મશાળામાં ચોમાસું બદલ્યું. અને ચોવીસ કલાકમાં મૂળ સ્થાને પાછા ગયા.

પટણીઓથી સૂરીજી(!) માં એટલો તો ખોટો ગભરાટ પેઠો છે કે બિચારા દેવદર્શને છાનામાના, છુપાતા, મોડા વહેલા આજુબાજુમાં દર્શન કરીને પાછા ઉપાશ્રયમાં ભરાઇ

ભાઈ પરમાનંદને સાત માસની સજા થઈ.

જાય. ગામબહાર ઠલ્લે જતાં પણ ગભરાય. ટુંકમાં ઉપાશ્રયની બહાર નીકળતાં બિચારા મુંઝાય છે રખે છોકરા હુરીયો કરે.

કાર્તિક વદ ૭ ના દિવસે વીશાશ્રીમાળીની ન્યાતના કાન્તીલાલ નામના એક છોકરાને દીક્ષા અપાઇ તેના લાંબાલચ્ચ સહરાગત ભરેલા રીપોર્ટ છાપામાં વાંચી કંઈ લખવાની ઇચ્છા થઇ. ભાઇ કાન્તીલાલના પીતા ગુજર ગયા છે, માતા પણ છે નહિ, આ એકલવાયા પંખેરાને જાળમાં લેવા સરીજીએ જાળ બીછાવી, અને તે તેમાં સપડાયું કે તેના ઘર ઘરથાર તેમના કોઇ ભકતને રૂ. ૬૫૦૦) માં વેચાણ કરાવી આપી ઉપાધીથી મુકત કરી જેમ બને તેમ તાકીદે મુંડી નાખવાના તાગડા રચ્યા, પણ કોઇ નામણદીવો કે છાબ ઉંચકનાર ન મળે, એટલે મુંઝાયા અને મુંબાઇ તાર છુટયા, કે મુંબાઇથી તેમના ભકતોમાંથી ૭ જણ વદ પાંચમે પાટણ આવ્યા. કે ઝબડધકકે વદ ૬ ની દીક્ષા નક્કી કરી, અને તેમનાજ ભકતોમાંથી, નહિ નાત, નહિ સગુ, નહિ વહાલુ. તેવા પાસે નામણદીવો ને છાબ ઉપડાવી. ભાઇ રહે ઘીવટામાં ત્યારે વરઘોડો ચડયો ગોળચકલામાંથી, અને હું તું ને બાવા મંગળદાસ વરઘોડામાં છતાં શાથી સહરાગત ભરેલા રીપોર્ટ આપતા હશે!

પાટણમાં બિરાજતા મુનિશ્રીના એક શીષ્ય સુરેન્દ્રવિજયજીએ કાર્તિક વદ ૧૧ ના રોજ સરીયદના એક ચૌદ વર્ષના સગીર બાળકને પાટણની બહાર જંગલમાં સાધુ વેશ પહેરાવી છ પાંચ ગણી ગયા છે. આ વાતની છોકરાના પીતાને ખબર પડતાં પાંચ જણ સાથે પાટણ આવી પહોંચ્યો. ઘણીયે વિનવણી કરી, છતાં અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ સાંભળેજ શાના! છેવટે બાળકના પીતાએ કોર્ટનો આસરો લીધો છે. બાળસાધુને સંતાડી દેવામાં આવ્યો છે. પોલીસ તપાસ ચલાવે છે. પ્રેમલાઓ શાસન હેલનના નામે માંડવાલની ભાંજગડ કરી રહ્યા છે, ત્યારે બાળકનો પીતા કોઇ પણ ભોગે પુત્ર મેળવવા ધનતેજર જણાય છે ઠેકાણે ઠેકાણે જપ્તીઓ શરૂ થઇ છે. અને આખરે ભોંયણી પાસે દેત્રોજ ગામથી છોકરાનો કબજો પોલીસે લીધો છે. છોકરાને કપડાં પહેરાવી રેલગાડીમાં બેસાડી પાટણ લાવ્યા છે, તેમ સુરેન્દ્રવિજયને જામીન ઉપર છુટા કર્યા છે.

અયોગ્ય દીક્ષા અંગે અત્રેના શ્રીસંઘે કરેલ ઠરાવથી અત્રે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓનો જુજ ભાગ સામો પડવાથી કુસંપ થયો છે તે જાણીતી વાત છે, તે કુસંપના બદલે સંપ કરવા થોડા વખતથી મુંબઈથી આવેલ એક ભાઇ મહેનત કરી રહ્યા છે. સુલેહ થાય તો સોના જેવું છે. સૌ સુલેહ ને શાન્તિજ ઇચ્છે, કોઇ પણ કલેશ તો નજ ઇચ્છે. છતાં સુલેહના હિમાયતીઓએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સુલેહ એવી કરાવે કે કાયમની શાન્તિ થાય. કારણ કે કહેવાતા શાસનપક્ષે કોન્ફરન્સદ્વેષીનું તેરમું કર્યું છે. વરઘોડા, ઉજમણાં, ઉપધાન, દીક્ષા ને સંઘ કહાડવામાંજ સમાજ ઉન્નતિ ને ધર્મ માને છે, સમાજની કે દેશની કશી તેને પરવા નથી, તેમની દોરીયો સાધુઓના હાથમાં છે. આ બધી વસ્તુસ્થિતિનો વિચાર કરી કાયમની સુલેહ થાય તેમાં પગલાં લેવાય તોજ ખરી શાન્તિ થશે. અસ્તુ.

પટણી.

વીલેપારલેના રાષ્ટ્ર સંચાલક

શ્રી. પરમાનંદ કુંવરજી ઝવેરી,

બી. એ. એલએલ. બી.

(લખનાર : કકલભાઇ બી. વકીલ.)

દેશની આઝાદીની લડતમાં મુંબઇની જૈન પ્રજાએ જે ફાળો આપ્યો છે તેમાં બે વ્યકિતઓ ખાસ તરી આવે છે. પ્રથમ વ્યકિત શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ છે જેઓ નવમી વોર કાઉન્સીલના પ્રમુખ તરીકે ચાલુ લડતને ખુબ જોર આપી દેશની મહાન સુવા બજાવી આજે યરોડા મંદીરમાં સરકારના મહેમાન બનેલા છે. શ્રીયુત વીરચંદભાઇના સંબંધમાં ઘણું બોલાયું અને લખાયું છે, એટલે અત્રે કાંઇ કહેવાની જરૂર નથી.

બીજી તેજસ્વી વ્યકિત ભાઇ પરમાનંદ કુંવરજી ઝવેરી છે જેઓ "જવાહર ડે" ને દીવસે વીલેપારલેના સરમુખત્યાર તરીકે ગીરફતાર થયા છે અને ટુંક વખતમાં સરકારના મહેમાન થઇ જશે, ભાઇ પરમાનંદ જૈન સમાજની એક એવી વ્યકિત છે કે જેને હજી ઘણાઓ ઓળખી શકયા નથી. તેઓની સાથેનો મારો અંગત પરીચય ઘણા લાંબા વખતનો છે અને તેથી હું વગર અતિશયોકિતએ કહી શકું છું કે જૈન કોમમાં તેમના જેવાં રત્નો બહુજ અલ્પ અને ગણ્યાગાંઠયા નજરે પડે છે. ભાઇ પરમાનંદ આગેવાન જૈન કુટુંબના નબીરા છે અને જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ શ્રી. કુંવરજી આણંદજીના પુત્ર તેમજ અત્રેના જાણીતા વિદ્વાન જૈન સોલીસીટર શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીયાના ભાઇ થાય છે. તેઓ અત્રેના ઝવેરી બજારમાં હીરાના વેપારી તરીકે કામકાજ કરે છે અને ઘણા વખત થયા ડાયમંડ મરચંટસ એસોસીએશનના સેક્રેટરીનો ઓધ્ધો ધરાવે છે. ભાઇ પરમાનંદ એક સ્વતંત્ર વિચારના અને નીડર સુધારક છે. તેઓના વીચારો માટે કદાચ તેમને ખરેખરા સ્વરૂપમાં નહી ઓળખનારા વચ્ચે મતભેદ હશે, છતાં તેમની લેખનશકિત અને વકતૃત્વ માટે બે મત નથી. સમાજે તેઓની પાસેથી ઘણું મેળવ્યું છે અને હજી પણ ઘણું મેળવવાની આશા રાખે છે. ભાઇ પરમાનંદનો સહવાસ એટલો એટલો રમણીય અને પ્રીતીજનક હોય છે કે એકવાર તેમના સમાગમમાં આવ્યા પછી તેઓને સતત મળવાની ઉત્કંઠા રહ્યા કરે છે. ગમે તેવા આવેશના વખતમાં મગજ પરનો કાબુ રાખવાની તેઓ અજબ શકિત ધરાવે છે. ચાહે તો વૃદ્ધ હોય યા બાળક હોય અથવા ચાહે તો યુવાન હોય તેઓ બધાને ભાઇ પરમાનંદ એક સરખો સંતોષ આપી શકે છે અને સામાના મિત્ર થઇ તેમની શું અગવડો અને મુંઝવણો છે તે જાણી તેનો કેમ નીકાલ કરવો તે સારી રીતે સમજાવી શકે છે. તેઓ મહાત્માજીના ચુસ્ત અનુયાયી છે અને જે મહાન લડત આખી દુનિયાના સર્વોતમ પુરૂષે બ્રિટીશ શહેનશાહતની સામે ઉપાડી છે તેમાં ભાઇ પરમાનંદે પોતાને ઓતપ્રોત કરી દીધા છે અને તે માટે ભાઇ પરમાનંદને આખી જૈન કોમના અભિનંદન છે. પ્રભુ તેઓને દુઃખો સહન કરવાની શકિત આપે.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

ભાઈ પરમાનંદ.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૮ મો. | સંવત ૧૯૮૭ ના માગશર સુદી ૧૧. તા૦ ૧-૧૨-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

શ્રી. મણીલાલ કોઠારી



બ્રિટીશ હિન્દુસ્થાનની હદપાર થવાનું પહેલું માન મેળવનાર વીર.

શ્રી. કુલચંદ ઝવેરી



ઝવેરી ધરમચંદ ઉદયચંદના પૌત્ર સુરત સંગ્રામ સમિતિના મંત્રી, "જવાહર ડે" ના દિવસે જેલ મેળવનાર ઝવેરી.

શ્રી. નવલમલ, ફીરોદીયા



તેઓ મુંબઇમાં સાયન્સનો અભ્યાસ કરતા હતા. એકાએક રાષ્ટ્ર આઝાદીની તમન્ના એમના દીલમાં જાગી અને અભ્યાસને તીલાંજલી આપી અહમદનગર જીલ્લાના ગામડાઓમાં પ્રચાર કરવા થોડા વખત ઉપર મુંબઇથી તેમની આગેવાની નીચે ખાસ ટુકડી લઇ ગયા અને અહમદનગરે જવાહર ડેના દિવસે પહોંચ્યા. ત્યાં ભાષણ ન કરવા પોલીસ તરફથી મનાઇ હુકમ મળ્યો, તેની સામે એક સત્યાગ્રહીને છાજે તેવી રીતે મનાઇ હુકમનો ભંગ કરી ભાષણ કર્યું. તરત તેમને ગીરફતાર કરવામાં આવ્યા ને સજા થઇ. શ્રી જુન્નેર કોન્ફરન્સમાં ત્રણ ફીરકાની એકયતા ઉપર ભાષણ કરનાર શ્રી. કુન્દલમલજી ફીરોદીયાના તેઓ સુપુત્ર છે.

શ્રી. પરમાનંદ કાપડીયા



"જવાહર ડે" ના દિવસે ગીરફતાર થઇ સાત માસની સખ્ત સજા મેળવનાર યુવકનેતા.

શ્રી. કીર્તિલાલ ભણસાળી



ધરાસણાની ધાડમાં ૭ માસની જેલ ભોગવી છુટા થયેલ વીર.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

ભાઈ પરમાનંદ.

તેમને ઓળખાવવાની શી જરૂર? ભાવનગરના સુપ્રસિદ્ધ કુટુંબના એક નબીરા, જૈન સમાજમાં મહેતાજી તરીકે મશહુર થયેલા શેઠ કુંવરજી આણંદજીના આપુત્ર રત્નને સર્વ કોઇ જાણે છે. ધર્મસુસ્ત કુટુંબના આ ધર્મોપાસક વંશજને—આ કેળવાયેલા હીરાના વ્યાપારીને, તાજેતરમાં ઇન્ડીઅન મરચન્ટસ ચેમ્બરને હચમચાવનારને અને યુવકોને હાકલ કરનારને સમગ્ર સમાજ પીછાણે છે.

ભાઇ પરમાનંદ એટલે એક હસમુખો અને સાદો, સમભાવી અને શાંત, સેવારસિક સમાજસેવક. લખતાં, બોલતાં અને કામ કરતાં શ્રમને નહીં જાણનાર, નિખાલસતા અને નીડરતાથી ભરપુર, સ્પષ્ટ વિચારક, અને વૃધ્ધોને પણ ઠપકો આપનાર, સાધુઓને પણ સાચી સાધુતાના પાઠ આપનાર.

જૈન કોન્ફરન્સની કન્વેન્શનની અને છેલ્લી બેઠકો વખતે, અનેક યુવક પ્રવૃત્તિઓમાં તેમજ સાર્વજનિક અને રાષ્ટ્રિય હીલચાલોમાં વિશાળ ધર્મભાવનાવડે સમાજને દોરવનાર, કેળવણીના પ્રશ્નોમાં રસ લેનાર દેવભક્તિ, દેવદ્રવ્ય વિ. અનેક વિષયોને છણનાર, અહિંસાને સૂક્ષ્મ રીતે પાળનાર, દ્વેષભાવને તિલાંજલી આપનાર, શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સાચી ઉન્નતિમાં અગ્ર ભાગ લેનાર, સ્ત્રીઓનાં સ્વમાન સાચવનાર અને સર્વેને સરખી રીતે પરમ આનંદ આપનાર ભાઇ પરમાનંદ, તમને અમારાં અનેકશઃ ધન્યવાદ છે. તમારા આત્મ ભોગથી—ત્યાગ ધર્મથી તમે સ્વકુળ, જૈન સમાજ અને સમસ્ત હિંદને દીપાવેલ છે. તમારી રાષ્ટ્ર સેવાને અમારાં હૃદયનાં અભિનંદન છે.

ભાઇશ્રી પરમાનંદને—

આખરે ભાઇ પરમાનંદ શાહી મહેલના અતિથિ થયા. એ રાષ્ટ્રના મુંગા સેવક હતા. મહાત્મા ગાંધીજીની પહેલી ચળવળ સમયે એમણે વકીલની ડીગ્રી મેળવેલી. કાકા કાલેલકર સાથે એમની મિત્રતા રહી એટલે ગાંધીજીના સિદ્ધાંતનું પાન મૂળથી કરનાર તે કઇ રીતે વકીલાત કરી શકે? આમ પ્રાપ્ત કરેલ પદવીનો મોહ ત્યજી એમણે ઝવેરાતના વેપારમાં ઝુકાવ્યું. ટુંક સમયમાંજ હીરાના વેપારી તરિકે એમની કારકિર્દી ઝળકી રહી. ભાઇ પરમાનંદ 'યથા નામા તથા ગુણા' એ વચન અનુસાર સર્વ કોઇને 'પરમ આનંદ' આપનારજ છે. ભલભલો વિરોધી પણ તેમની સાથેની વાતચિતમાં ગરમ બની આવેલ છતાં શાંત બની જવાનો. એ ગુણ—પરમાનંદની વાણીમાં છે,—મૃદુ સ્વરે, ધિરજથી વાત કરવાની પ્રકૃતિમાં સમાયેલો છે. વકતૃત્વશક્તિ અને લેખનકળા એ ભાઇને શ્રધ્ધી વરેલા છે. એથી તો જૈન—જૈનેતર સમાજમાં પરમાનંદે આટલી ખ્યાતિ મેળવેલી છે. હીરાના વેપાર અર્થે મદ્રાસની મુસાફરી કરનાર પરમાનંદે એ સંબંધી, ત્યાંના વતનીઓની રીતભાત સંબંધી જે મનન કરવા લાયક લેખ 'કુમાર' માસિકમાં લખ્યા છે એ વાંચી ભાઇશ્રીના અભ્યાસ ને સાહિત્ય પ્રેમ માટે માન ઉપજ્યા વિના ભાગ્યેજ રહે!

જૈન સમાજમાં એમણે શ્રી. કુંવરજીભાઇના નબિરા કરતાં, જૈનધર્મ પ્રકાશમાં 'આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિ જીવન' એ નામના લેખના લેખક તરિકે વધુ પિછાને છે. ભલે એમના વિચાર સાથે મતફેર સંભવે છતાં એ લેખ લખી એમણે વર્તમાનકાળના જૈનોની મનોદશાનો સાચો ચિતાર રજી કરેલ છે. અભ્યાસવિહૂણા ધર્મઝનુની બંધુઓને બાજુપર રાખી જેઓને બુદ્ધિપુરઃસર વિચાર કરવાની શક્તિ છે. એવાઓને આજે પણ એ લેખ સંપૂર્ણપણે વાંચતાં એમાં રહેલા રહસ્યની અને એના લેખકમાં વાસ કરી રહેલ અજબ અવલોકન શકિતની ઝાંખી અવશ્યમેવ થવાની

ભાઇ પરમાનંદને ભારત વર્ષની જૈન જનતામાં ઘરોઘર ને આબાળ વૃદ્ધ પ્રસિદ્ધ કરનાર વ્યકિતમાં શ્રી રામવિજયજીનું નામ ભૂલી શકાય તેમ નથી. એમના લખાણ અને વિચાર સામે આંખો મીંચીને કુટેડ (ધર્મ યુદ્ધ) કરનાર એ અગ્રણી સાધુ (?) છે. એમનો આશય ધર્મના નામે ભાઇ પરમાનંદપર હુમલો કરી, એ રીતે ધર્મી વર્ગને ઉશ્કેરી મેલી, ભાઇ પરમાનંદને નાસ્તિક—અધર્મી ઠરાવી સંઘ બહાર ઠરાવવા સુધીનો હશે પણ સાચને આંચ આવતી નથી એ ન્યાયે શ્રીમાનની વાતને કેટલાક ગાડરીયા ભકતો સિવાય કોઇએ દાદ ન આપવાથી, એમની ભાવના વંધ્યા નિવડી છે અને પરિણામ એ આવ્યું કે ભાઇ પરમાનંદને ઓળખનાર ને જાણનારનું વર્તુળ અતિ વિસ્તૃત બન્યુ છે. એમના લેખો પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં અને સર્વ ભોગ્ય બન્યા. પરમાનંદના જેલ જતાં સુધી એ ગેહેશૂરો વાતવાતમાં એમનાપર મનમાનતા વાક્ પ્રહારો કરતાં અને છડેચોક કહેતાં કે 'ગાંધીજીના નામે મોટી મોટી વાતો કરનાર કેમ પરમાનંદ જેલમાં જતાં નથી?' એ આડંબર પ્રિય બંધુઓ આ મૂક સેવકને કયાંથી ઓળખી શકે? વિલેપારલેમાં પરમાનંદ મૂળથીજ આગેવાન કાર્યવાહક હતા. પણ સમય આવ્યા વિના જેલ ભરવાથી શું લાભ! એ ભાઇ ગાજનાર નહિં પણ કામ કરનાર છે ગમે તેવા તીખા શબ્દોની ઝડી વચ્ચે અને ઉકળાટના મોજા સામે એ ભાઇ હૃદયનું સમતોલપણું જાળવી શકે છે અને સમતાનું સુખ અનુભવી શકે છે. આ વાતને નહીં સમજનારા પ્રેમનાભાઇઓ મરજી માફક લવે તેમાં શું નવાઇ? હવે તેમને નજર સામેનું કાર્ય નિરખી માથું ખંજવાળેજ છુટકો. પરમાનંદ તો સાચો રાષ્ટ્ર સેવક હતો અને છે પણ પોતે દંભી હતા એ કડવો ઘુંટડો ગળે ઉતારવાનો રહ્યો.

જૈન યુવક સંઘના એ સુત્રધારને સમાજ—રાષ્ટ્રના એ સેવકને અમારા સાચા અભિનંદન! યુવક સંઘની પ્રવૃત્તિઓ ભાઇ પરમાનંદ વિના સુની લાગવાની અને યુવક સંઘના સુકાનીઓને તેમના વ્યકિતત્વની ઉણપ સાલવાની પરંતુ યુવક સંઘનું સુકાન જેઓના હાથમાં છે, તેઓની ફરજ હવે બેવડાય છે, એ પણ આપણે વિચારવાનું છે.

અંતમાં એટલીજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ કે રાષ્ટ્રની સેવા કરતાં જેલ મહેલના અતિથિ થનાર ભાઇ પરમાનંદ આપણી વચ્ચે સત્વર પાછા આવી પુનઃ સંઘના સુકાની બની આપણું કાર્ય આગળ ધપાવે અને રાષ્ટ્રની સેવા કરી જૈન સમાજને દિપાવે.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જાહેર સભા.

પરમાનંદ કાપડીઆને અભિનંદન.

શ્રી જમનાદાસ એમ. મહેતા અને શ્રીમતી કાન્તાંબ્હેન વિગેરેનાં સુંદર વિવેચનો

જૈન યુવકોએ સ્વદેશીનું કાર્ય ખૂબ જોરથી ઉપાડી લેવું જોઇએ, ત્યારેજ ખરૂ અભિનંદન આપ્યું ગણાય

મુંબઇના જૈનયુવક સંઘ તરફથી શ્રી. જમનાદાસ માધવજી મહેતાના પ્રમુખપણા નીચે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને અભિનંદન આપવા એક જાહેર સભા મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં શુક્રવાર તા. ૨૮-૧૧-૩૦ ના રોજ (સ્ટાં ટા) આઠ વાગે મળી હતી જે વખતે હોલ જનતાથી ચિકાર ભરાઇ ગયો હતો. શરૂઆતમાં પ્રમુખસ્થાને શ્રીયુત્ જમનાદાસ મહેતા બિરાજ્યા બાદ ભાઇ મણિલાલ જયમલે વંદેમાતરમ્નું ગીત ગવરાવ્યું હતું અને સભાએ ઉભા થઇને રસપૂર્વક ઝીલ્યુ હતું. બાદ પ્રમુખશ્રીએ કહ્યું કે સદ્ગૃહસ્થો, પ્રમુખ તરિકે મને આજે આપ સર્વેએ જે માન આપ્યુ છે તે માટે આપ સર્વનો આભાર માનું છું. ભાઇ પરમાનંદને જેલ મળી તે બદલ અભિનંદન આપવા આપણે એકઠા મળ્યા છે. આજે જનતા જાણતી થઇ ગઇ છે કે જેની સાથે પોલીસ ચાલ્યો એ જરૂર દેશભક્ત હોવો જોઇએ. આજે પોલીસનો ડર કે જેલની ભીતિ રહી નથી. હવે શ્રીયુત્ કાપડીઆના સંબંધમાં જે ઠરાવ રજુ કરવાનો છે તે માટે હું મી૦ ખરોડીઆને વિવેચન કરવા ભલામણ કરીશ.

આપણું આજનું કાર્ય શ્રી પરમાનંદને અભિનંદન આપવાનું છે. એ ભાઇને માટે ભાગ્યેજ કોઇ પણ યુવાનને માન ઉપજ્યા વગર રહેવાનું. તેમનું જીવન સાદું અને ચહેરો સદા આનંદિત, એવણ સ્પષ્ટ વકતા, સ્વતંત્ર વિચારક ને નિડર વકતા ને ઉત્તમ પ્રકારના લેખક છે. ફ્રાન્ફર્ન્સ સમયના તેમના વિવેચનો એ વાતની સાક્ષી પુરે છે. દેવદ્રવ્ય જેવા વિષયમાં તેમને સ્વ વિચારો બહાર પાડવામાં જે હિંમત દાખવી છે તે માટે સૌ કોઇને માન ઉપજે તેમ છે. જુન્નેર ફ્રાન્ફર્ન્સ વેળાએ તેમણે બંધારણ સબંધી કલમ ફેરવવા સારૂ તેમણે સબજેકટ કમિટિ અને ખુલ્લી બેઠકમાં જે લડત ચલાવી તે જોતાં તેમણે જે નિડરતા દેખાડી આપી છે તે સૌ કોઇને વિદિત છે.

કેળવણી તેમજ ધાર્મિક વિષયમાં તેમનો ફાળો પ્રસંશનીય છે. યુવક સંઘ માટેની તેમની સેવા સારી રીતે જાણીતી છે. રાષ્ટ્ર સેવામાં તેમણે વીલેપારલેમાં શરૂથી ભાગ લીધો છે અને એનું જે પરિણામ આવ્યું છે તે આજે આપણે બધા જાણીએ છીએ. એ રીતે વિવેચન કરી મી૦ ખરોડીઆએ નીચેનો ઠરાવ મુકયો હતો.

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય, જૈન સુધારક અને શ્રી વિલાપારલા મહાસભા ગ્રામ્ય સમિતિના સરમુખત્યાર શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ. એલ. એલ. બી. જેઓને દેશસેવા કરતાં જેલ મળી, તે બદલ આ જાહેર સભા તેમને હાર્દિક અભિનંદન આપે છે.

મોહનલાલ દી. ચોકસી

પરમાનંદભાઇ જો કે શેઠ કુંવરજી આણંદજીના પ્રખ્યાત કુટુંબના નબિરા છે છતાં જૈન સમાજ તેમને સ્વતંત્ર લેખક તરિકે વધુ ઓળખે છે. તેમની અવલોકનશકિત અને અભ્યાસ-કથન એ એમના જૈન ધર્મપ્રકાશમાં આવેલા આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવનવાળા લેખ વાંચવાથી સહજ ભાન થાય તેમ છે. તેમના વિચારો સાથે ભલે મતફેર હોય એથી તો વ્યકિતત્વ સાબિત થાય છે. એમની સ્પષ્ટ લેખનકળા સામે સાધુવર્ગનો એક રૂઢવર્ગ ઉશ્કેરાયલો છે એથી ભાઇશ્રીની ખ્યાતિમાં વધારો થયો છે. રાષ્ટ્ર સેવા અર્થે તો ભાઇ પરમાનંદે તાજી પાસ કરેલી બી. એ. એલ. એલ. બી. ની ડીગ્રીને છોડી દીધી અને તદ્દન નવી લાઇન ઝવેરાતની સ્વીકારી. એ રાષ્ટ્ર સેવામાં શરૂથીજ રંગાયલા મુંગા સેવક હતા. એમનું અભિનંદન આપણે એમના જેવા ભોગો આપીનેજ કરી શકીએ.

અમીચંદભાઇ

સામાજીક કુરૂઢિઓ સામે બળવો જગાડનાર બળવાખોર ભાઇ પરમાનંદ યુદ્ધનું રણશિંગુ વાગતાંજ લડવૈયા તરીકે બહાર આવ્યા. શાંતિથી સામાજીક હૃદયને જીતી લેવાનું કાર્ય એ ભાઇને માટે સહજ હતું. ભારત માતાની મુકિત માટે સમરાંગણ ચાલતો હોય તે વેળા સામાજીક પ્રશ્નોને સંભાળવાના ન હોય પણ ભારત માતાના ચરણે આપણાથી ધરાતું હોય તે અર્ધ્ય ધરી દેવું ઘટે' એ ભાઇ પરમાનંદના શબ્દો છે એ રાષ્ટ્રના મુંગા સેવક હતા. ચળવળની શરૂઆતથી કામ કરનાર એ બંધુ આજે જેલ મહેલમાં જવાથી વિશ્રામની હકની રજાઓ પ્રાપ્ત થઇ. પરદેશી વસ્તુને અડવું તે પ્લેગના ઉંદરને સ્પર્શ કરવા બરાબર છે. આજે શું પરદેશી વસ્તુ ખરીદવાનો સમય છે? જે સારૂ હજારો દેશનેતાઓ અને કુલીન સન્નારીઓ સંકટો સહન કરી રહી છે તે વેળા આપણે પરદેશીનો મોહ છોડવા જેટલી પણ પ્રતિજ્ઞા ન કરી શકીએ? મોહનલાલ પાનાચંદે ભાઇશ્રી પરમાનંદને અભિનંદન આપતાં એમની નિડરતા અને સ્વતંત્ર વિચારક શકિત માટે વિવેચન પછી મણીલાલ મ. શાહ અને મનસુખલાલે વિવેચન કર્યું હતું.

કાન્તાબ્હેન ખાંડવાળા

જે ભાઇને અભિનંદન આપવાનું છે તેમનું જીવન સાંભળીને મને પણ ઘણો આનંદ થાય છે કેટલાક એવા પણ છે કે જેમને આ લડત વેળાજ જીવન જીવવાની શરૂઆત કરી છે. પણ આ વકીલાતનું જીવન દોષિત ને કાવાદાવાભર્યું લાગ્યું એટલે શરૂથીજ મુકી દીધું એટલે એ વધારે અભિનંદનને પાત્ર છે. રૂઢિના બંધનો એ જેલની બેડીઓ કરતાં પણ વધારે તીવ્ર છે. યુવકોમાં જે ચેતના એ ભાઇએ પ્રેરી છે તે જોઇ આજે આપણને વધુ આનંદ થાય છે. આજે જ્યારે કોમની સભા છે ત્યારે એટલો તમો નિશ્ચય કરો કે તમારી સમાજમાં દેશી વસ્તુ વાપરવાનું કહેણ ઘરોઘર પહોંચાડો. રાષ્ટ્રની ચળવળનો આધાર દેશીના પ્રચાર ઉપરજ છે. પરમાનંદભાઇના ખરા અભિનંદન કરનારે ખાદી પરિધાનમાં ક્ષણમાત્રનો વિલંબ ન કરવો ઘટે.

બધા ભાઇઓ અને બ્હેનો વીર બની આજેજ લડાઇમાં જોડાવ અને દેશને સહાયક બનો નહિંતર તમારું જીવતર એળે ગયું સમજજો.

પ્રમુખશ્રી

મારે અન્ય સ્થળે જવાનું છે. પરમાનંદભાઇ માટેના ગુણગાન સબંધીની આશા ફળીભુત થઇ એમનું જીવન સર્વાંગી હતું. આજથી તેમના કાર્યથી, પુત્ર વડે કુળની ઓળખાણ થવાની. અભિનંદન આપનારાની સંખ્યા કરતાં લેનારાની એટલી બધી વધી જશે કે આપણે કયા શબ્દો વાપરવા તે વિચારવાનું રહેશે. કેમકે એવો સમય આવવાનો છે. એ માટે આપણી સરકારનો આભાર માનવો રહ્યો મહાત્મા ગાંધીજીની ચળવળ સમસ્ત જગતનું ધ્યાન ખેંચી રહી છે તેનું મુખ્ય કારણ એ છે કે સત્ય સમજવા પછી એને માટે પ્રાણ કુરબાન કરવાની તૈયારી હોય તેમાંજ એનુ રહસ્ય સમાયેલુ છે. ચોમાસુ શરૂ થાય એટલે સૌ કોઇનું ધ્યાન મુંબઇ તરફ પડે વેપારીઓ વેપાર કરવા આવે અને મોટા સાધુ સતો મોક્ષ વેચવા આવે. શું ગામડામાં અભણ જીવોને બોધ આપવાનો નહોતો? એવી રીતે વેચવા આવનારો કેવળ ધન મેળવવા આવે છે. મહાત્મા ગાંધીજી એ સત્ય ને અહિંસા માટે જાતે વેચાયા છે. માટે આજે જગત તેમના પ્રત્યે આફરીન છે. એ સંતનું જીવન પ્રેરણામય છે.

આટલું તો કરવુંજ ઘટે.

વર્તમાન કાળે સમાજને અગર ન્યાતો મુખ્ય રીતે કેવળ કલેશ કંકાશના કામોમાં સામર્થ અને ધનનો દુરૂપયોગ કરતી દ્રષ્ટિગોચર થાય છે. એમાંથી હવે તો એણે હાથ ધોઇ નાખવાજ જોઇએ. સમાજના અગ્રેસરો જરા વિવેક વાપરી દેશકાળ તરફ દ્રષ્ટિ દોડાવે, રાજ્ય કરતી પ્રજાના સંગઠન તરફ ધ્યાન આપે, અને હાલના તબકકે વિખરાયેલી શકિતને એકત્રિત કરી શું કરવાની જરૂર છે એનો નિર્ણય કરે તો સમજી ગણાતા વર્ગમાં એ જ્ઞાતિ સંસ્થા તરફ જે તિરસ્કારના બીજારોપણ થઇ રહ્યા છે તેનું ઉન્મુલન થશે અને દેશની મુકિત સાધવામાં ઉકત સંસ્થા એક પ્રબળ સાધનરૂપ થઇ પડશે.

એક ખાદી પ્રચારનો પ્રશ્નજ લઇએ. પ્રત્યેક સમાજે એને અપનાવી લેવાનું ઉચિત ધારે તો શું આજે એ ચીજ

શ્રી. મનુભાઇ ઝવેરી



કોંગ્રેસ બુલેટીનના તંત્રી,
જેમને સાડા તેર મહીનાની સજા થઈ છે.

ઘરોઘર વપરાતી ન બની શકે? જૈનો માટે ખાદી એ કેવળ દેશ લાગણીનો પ્રશ્ન નહિં પણ અહિંસાની દ્રષ્ટિથી જોતાં ધાર્મિક સવાલ પણ છે. પરદેશી કપડા વાપરવાથી યાંત્રિક હિંસાના ભાગીદાર થવાપણું દરેક જૈન માટે છેજ. ત્રસ જીવોની હિંસાનો જેવો સંભવ યંત્રપરના કાપડમાં છે તેવો ચરખે તૈયાર થતાં ખદરમાં નથીજ. જૈનો ઓછે દ્વેષે તૈયાર થતી વસ્તુ વાપરવામાં પુન્ય યાને ધર્મ નથી માનતા શું? જો જ્ઞાતિ નાયકો અન્ય પ્રકારના કાયદાઓનું પાલન જ્ઞાતિબંધુઓ પાસે પલાવી શકતા હોય તો દેશ અને ધર્મ માટે આટલું કરવું એ તેઓ માટે સહજ છે. દેશની ચળવળમાં રંગાયેલા સંખ્યાબંધ નરનારીઓ આજે જ્યારે સ્વેચ્છાપૂર્વક ખાદી ધારણ કરી દેશના કરોડો નિરાધારને આજીવિકાનું સાધન પુરૂ પાડવાના નિમિત્તભૂત બની રહેલ છે એ કાળે સમાજને સામાન્ય પ્રકારના નિયમ કરવા માત્રથી આ ચળવળને પૂર્ણ જોર મળવાનો ચોકખો સંભવ છે.

દેશના ઉદયમાં પ્રત્યેક સમાજનો ઉદય સમાયો છે એ સુત્ર જો યથાર્થ રીતે સમજાયું હોય તો આ કાર્યમાં જૈનોના પ્રત્યેક ફિરકાએ અને એમાં સમાયેલી દરેક જ્ઞાતિઓએ ખાદીને અપનાવી લેવાનો સવાલ ઉપાડી લેવો જોઇએજ.

ખાદીમાં આજે સંખ્યાબંધ તરેહ ને જાતો તૈયાર થાય છે. આજે તે પહેલાના જેવી અતિ જાડી ને ખરબચડી નથી રહી. એમાં તો ઘણો ઘણો સુધારો થઇ ચુકયો છે અને ચાલુ થયાજ કરે છે. આજે એની કિંમત સામાન્ય માણસને પણ પોષાય તેમ છે. અલબત, સુખશિલિયાપણાવાળાને તે ન રૂચે તો જૂદી વાત છે. જો આજે એટલા કષ્ટને પણ સહન કરવામાં કાયા ગળી જતી હોય કિંવા પોઝીશનને બાધ નડતો હોય તો ઉઘાડા શરીરે પ્રભુશ્રી વીર માફક સંખ્યાતીત ઉપસર્ગોનો સામનો શી રીતે કરાશે એનો કંઇ વિચાર કર્યો છે? વીરના સંતાનો તત્વ સમજતા થાવ. તમારા ઘરની વસ્તુને પિછાનો, અને સારી સમાજમાં એનો પ્રચાર કરી અન્યને ઉદાહરણરૂપ બનો.

શ્રી

?

અણદીઠાંને દેખવા, અણનગ લેવા તાગ;
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ.

* * *

ભાઇ પરમાનંદ એટલે ?—

આ પ્રશ્નનો જવાબ થોડાજ શબ્દોમાં આમ આપી શકાયઃ

'यद्यपिशुद्धं लोकविरुद्धं न करणीयं न आचरणीयं' એ નિરંતર શિખામણ રૂપે ધરવામાં આવતા સૂત્રના પ્રયોગની પાછળ રહેલી મનોદશા સ્હામે યુદ્ધના મોરચા માંડનાર જૈન જગતનો એક 'બંડખોર યુવાન!'

—ભાઇ પરમાનંદને પ્રથમ દ્રષ્ટિએ ઓળખી લેવાનો દાવો કરનાર આ અભિપ્રાય સાથે સંમત નથે થાય. પણ એટલું નોંધી લેવાય કે :

"શાન્ત જણાતા સાગર નીચે વડવાનળ નજ હોય એમ માનવું એ માત્ર કુદરતની અવગણનાજ છે."

* * *

ભાઇ પરમાનંદ એટલે કળાપ્રિય આત્મા : કળાવિહીનતા એમને ખૂંચે છે એમ નહી—એમને દંશ દે છે. એટલેજ એમનો આત્મા માત્ર પોકાર નથી કરતો પણ એમને બંડ કરવા પ્રેરે છે.

—'આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન' એ લેખ એનો સચ્ચોટ અને પ્રત્યક્ષ પુરાવો છે.

* * *

ભાઇ પરમાનંદ એટલે સ્વતંત્ર વિચારક અને નિડર સુધારક : શબ્દ બ્રહ્મના ઉપાસક—સાક્ષર અને વકતા :

—એમનો કોઇ પણ લેખ કે કોઇ પણ પ્રસંગે એમણે આપેલું ભાષણ તપાસી જાવ. એમાં તમને એમની સ્વતંત્ર વિચાર શ્રેણીનાં સ્પષ્ટ દર્શન થશેજ. કોઇ પણ વિષય કે પ્રસંગ પરત્વે એમને ભૂતકાળના આધારો શોધવાના કે ટાંકવાના નથી હોતા. તેઓ તો ભૂતકાળમાંથી પ્રેરણાનાં અમૃત પી, પચાવીને આપણી સમક્ષ એમની સુંદર અને વિશિષ્ટ એવી સમીક્ષક શૈલીમાં, સૌમ્ય અને મધુર શબ્દોદ્વારા સ્વતંત્ર વિચારોનો પ્રવાહ રેલાવે છે. આપણી આસપાસ ચેતનમય વાતાવરણ ઉભું કરે છે અને અંતરમાં કોઇ અનેરી ભાવના ભરી, મીઠાશથી આપણને તેમના દ્રષ્ટિબિંદુથી વિચાર કરવાની ફરજ પાડે છે. સમાજના કોઇ પણ સળગતા પ્રશ્ન પરત્વે ઉગ્રમાં ઉગ્ર વિચારો આપતાં મગજ પરનો સહેજ પણ કાબુ ગુમાવ્યા સિવાય તેમને જે કહેવાનું છે તે. તે કહેજ જાય છે. અને એ રસ પ્રવાહમાં તણાતા વાંચક કે શ્રોતાના હૃદયમાં પોતાને જે કહેવાનું છે તેની આબાદ છાપ પાડી દે છે. કારણ કે એમની દલીલ કેવળ દલીલ નથી હોતી. પણ તેમાં વિચાર મંથનને અંતે મેળવેલુ સત્વ ભારોભાર ભરેલું હોય છે.

* * *

ભાઇ પરમાનંદ ભલે કદાચ મમતાળુ મિત્ર બહુ થોડાના હશે. પણ એમના સહવાસમાં આવનાર કોઇ પણ વ્યકિત સાક્ષી પુરશે કે એ સહૃદય સ્નેહી તો સૌ કોઇના થઇ શકે છે.

પ્રથમ દ્રષ્ટિએ ભાઇ પરમાનંદ જરા અતડા લાગે. પણ અનુભવે એ ભાઇમાં જ્ઞાનનું ઘમંડ કે લક્ષ્મીનો મદ નથી, એની ખાત્રી આપવી પડે એટલા તેઓ નિખાલસ, મળતાવડા અને આનંદી છે.

—અને માર્મિક વિનોદ એ તો કદાચ એમને સ્વભાવ સિદ્ધ હશે એમ કહી શકાય.

* * *

ભાઇ પરમાનંદને પીછાણનારા જુના જોગીઓ કહે છે કે : 'તેઓ જબ્બર ભાવનાવાદી છે.' જૈન સમાજ—કદાચ આખો નહીં તો મોટો ભાગ—એ માનવાની ગઇ કાલ સુધી ના પાડતો હતો. જુના જોગીઓ કહે છે :

"ધારાશાસ્ત્રીની પરિક્ષા પાસ કરી પણ શરૂઆતમાંજ એ ધંધામાં એમને નૈતિક દ્રષ્ટિએ કળાવિહીનતા દેખાઇ. તેઓ પાછા ફર્યા અને હીરાનો વેપાર સ્વીકાર્યો."

"જુના વિચારો સેવનારાઓનો રોષ વ્હોરી લઈ રૂઢીની બેડીઓ પોતે તોડી નાખી અને બીજાને તોડી નાખવાની સક્રીય પ્રેરણા લેખન અને વાણીદ્વારા આપી."

"દેશી રાજ્યોના જુલ્મની ઝઝુમતી તલવારના ભયની પરવા કર્યા સિવાય કા. રા. પરિષદને સફળ બનાવવામાં પોતાની ફરજ બજાવી."

"ધાર્મિક ક્ષેત્રનો ધજ્જરો લઇ બેઠેલાઓને પણ ઘડીભરને સ્થંભાવી દે તેવું ક્રાન્તિનું એક જબ્બર મોજુ જૈન સમાજમાં લાવવાનો પ્રયત્ન આદર્યો—અંશત : સફળતા પણ મેળવી."

—અને આપણે ઉમેરીએ કે—"એમણે આપેલો આત્મભોગ જોયા પછી એમને સાચા ભાવનાવાદી નહી માનનારાઓને ગઇ કાલનો અભિપ્રાય આજે ફેરવવોજ પડશે—જો તેઓ અંતરના સાચા હોય તો.

* * *

અને આમ ગંભીરપણે અડગ ડગલાં ભરતા ભાઇ પરમાનંદે શાન્તિ ગુમાવ્યા સિવાય પોતાને શું કહેવાનું છે તે દલીલથી સહમન્વવાનો પ્રયત્ન કરી, મૌન રહેવાથી સામા પક્ષની ઉદ્ધતાઇને, અવળચંડાઇને કે વૈર વૃત્તિને દાબી દેવામાં સફળતા ભલે ન મેળવી હોય પણ योगः कर्मसु कौशलम् એ દિશામાં તેઓ પોતે તો એક પગલું આગળ વધ્યાજ હશે એમ જરૂર કહી શકાય.

* * *

મૈયા ભારતીએ આદરેલા મુકિતયજ્ઞના એ અધ્વર્યુની પ્રેરણાનાં અમૃત એમણે પીધાં અને પચાવ્યાં છે એની શંકાખોરો કે ટીકાખોરોને પ્રતિતિ આપવા માટે નહી પણ 'આઝ દીની આ લડતમાં પોતાનાથી બનતો બધો ફાળો આપવાની દરેકની ફરજ—ધર્મ છે.' એ ભાવના પ્રેર્યા તેઓ આ લડતમાં જોડાયા. અને આઠ માસ પર્યન્ત મૌનપણે સતત કર્તવ્ય પરાયણ રહી કરેલી સેવાના બદલામાં મુકિત મંદીરમાં સાત માસ પર્યન્ત વાસ કરવાનો પરવાનો મેળવ્યો—કહો કે 'આ વિશાળ કેદખાનામાંથી' મુકત બન્યા.

* * *

ભાઇ પરમાનંદના જીવન પન્થે પ્રકાશ પાથરી તેમને દોરનાર 'એ પ્રેમલ જ્યોતિ' આપણને પણ પ્રકાશનાં દાન દઇ એ માર્ગે દોરો એજ પ્રાર્થના!

28/11/30 — FEDIST.

ચાલુ વર્ષના લગ્નોત્સવો ને આપણી ફરજ.

(લેખક: આર. સી. કોઠારી.)

ભાવિ નવદંપતીઓને!

આપ સૌના લગ્ન નજીક આવે છે. આપ સૌ કોઇ સમજી શકો છો, કે સારાએ દેશ આજે રાષ્ટ્રની આઝાદી માટે ઝંખી રહ્યો છે, અનેક જૈન ભાઇ બહેનો કારાગૃહમાં દેશ ખાતર ગયા છે, અને જાય છે. રાષ્ટ્રપતિ જવાહિર જેવા અનેક મોંઘાં બલિદાનો અપાયાં છે. ભારતનો સાચો સંત યરોડાની દીવાલોમાં પુરાયો છે. એવા કટોકટીના વખતે લગ્નોમાં આપણે ધામધુમ ન ઉજવી શકીયે. ખુબ સાદાઇ ને શુધ્ધ ખાદીમાંજ આપણા જીવનનો મહામુલો પ્રસંગ, લગ્ન ઉજવીએ.

દેશભરમાં લાઠી ચાલી રહી છે, અનેકનાં માથાં ફુટયાં છે, બહેનો રણચંડીકાની માફક પોતાનું સર્વસ્વ દેશહિત ખાતર આપી રહી છે, બારડોલી, ખેડા, બોરસદ, વિગેરે ગુજરાતના વીર ખેડુતો પોતાના વ્હાલા વતનને દેશ ખાતર છોડી અરણ્યમાં ઝુંપડાં બાંધી દ્રઢ તડકા સાથે અનેક દુઃખો સેવી રહ્યા છે. તેવા વખતે મિષ્ટાનો કે લગ્નમાં મહેફીલો ન ઉડાવી શકીએ. ચાલુ સાલના લગ્નો ખુબ સાદાઇમાં કરીએ. રૂઢી અને વાહ વાહની ભુંડી ટેવને પોષવા ખાતર વેડફાતા પૈસા બચાવીએ, અને તેનો ઉપયોગ સમાજહિતમાં કે દેશહિતમાં કરીએ. આટલી સાદી ને સરળ વાત ભાવી યુગલો તમે વર્તનમાં જરૂર મુકશોને?

ખાદીને અપનાવી ન હોય તો તમારા જીવનના આ અમુલા પ્રસંગથી કાયમ માટે અપનાવી લેવાનાં વ્રત લેજો. આવી **વહીલોને!** સોનેરી તક નહિં સાંપડે.

તમારા કુમારો, ને કુમારીકાઓના લગ્ન જેવા મંગળ પ્રસંગે તમને લખવાનું હોયજ નહિ! કારણ તમે સમજી છો, મુત્સદી છો, વણીક વેપારી છો, હાલના પ્રસંગને જાણો છો! એટલે બધો વિચાર કરીને ખાદીમયજ લગ્ન કરવાના નિરધાર કર્યા હશે! તમારા જેવા વહેવાર કુશળોના રાજ્યમાં વિલાયતી માલના નામનિશાન હોયજ શાના! છતાં નબળાઇથી દીલ ઢીલુ થઇ જાય તો સમજણીને મજબુત બનાવજો અને તમારી ખરી કમાઇના પૈસા પરદેશી ચીજ ખરીદ કરવામાં ખર્ચી દેશની કંગાલીયત દશામાં વધારો કરવાનું પાપ કરતા નહિ.

યુવક મિત્રો!

વડિલો ભૂલે તો પ્રેમથી સમજાવજો, તમે નવસૃષ્ટિના સૃજનહાર છો, ધારો તે કરી શકો છો, આવે પ્રસંગે લગ્નવરા આદીમાં થતા ફજુલ ખર્ચા પ્રસંગ મળે વિનવિને શાન્તિથી જરૂર અટકાવજો. સ્વદેશીના પ્રચાર માટે તમને તો હવે કહેવનું હોયજ નહિ! કુટુંબીઓ, વહેમો, ખોટા બ્યાલોની દીવાલો તોડવા કટીબદ્ધ થતા હશો, કદાચ અત્યાર સુધી નિંદ્રામાં કાઢયું હોય તો જાગૃત થજો. અને કામે લાગી જજો, આ ગાંધીયુગમાં આળશ અને વાતોડીયાપણું નહિ પાલવે.

તમારા સગાં સ્નેહિઓમાં ખાદી ને સ્વદેશીનો ખુબ જોરથી પ્રચાર કરો, અને મિત્રોના લગ્નોમાં ખાદી ને સ્વદેશી ખુબ વપરાય તેવા પ્રયત્નો કરવામાં રખે ચૂકતા! જમણો કે મેહફીલોમાં તમે તો નજ જઇ શકો બીજાને પણ સમજાવો. જ્યારે આખા દેશમાં ગમગીની અને શોકનાં વાદળાં ઘેરાયાં છે. તે વખતે જમણો અને મેહફીલો કેવાં, આનંદ કેવો, મજા કેવી.

સમાચાર.

વડોદરા–શ્રી વીર ધર્મ ઉપાસક જૈન યુવક મંડળની એક સભા તા૦ ૨૦-૧૧-૩૦ ના રોજ મળી હતી. તેને નીચે મુજબ ઠરાવ કર્યો છે. ગુજરાત પ્રાંતિક સમિતિના સરમુખત્યાર શ્રીમતી સૈ. સરલાદેવી અંબાલાલ શેઠ તથા તેમની પુત્રી મૃદુલાકુમારી અંબાલાલ, તેમજ મુંબઇ કોંગ્રેસ ઇલેકશનના તંત્રી મનુભાઇ એમ. ઝવેરી તેમજ વીલેપારલે સમિતિના કાર્યકર્તા પરમાનંદ કુંવરજી વિગેરે જૈન બંધુઓના દેશ સેવાના કાર્યની કદર સરકારે પીછાની તેમણે પોતાના મહેમાન બનાવ્યા છે તે બદલ તેઓને શ્રી જૈન યુવક મંડળના સભ્યો હાર્દિક અભિનંદન આપે છે.

ભાવનગર–અત્રેના વતિ અને વીલેપારલેના સરમુખત્યાર ભાઇ પરમાનંદ કુંવરજી જેઓને જવાહીર ડેના દિવસે પારલામાં ગીરફતાર કરેલા તેઓને ન્યાયાધિસે અંગત વિશ્વાસ ઉપર છોડેલા અને કેસ નીકળવાનો ત્રણ દિવસનો ગાળો મળતાં તેમના વૃદ્ધ પીતાને વંદન કરવા શનીવારે અત્રે પધારતાં સ્ટેશનપર લગભગ ત્રણ હજાર ભાઇ બહેનોએ તેમનું સ્વાગત કરેલું. સ્ટેશન ઉપરથી તેમને સરઘસ આકારમાં ગાંધી ચોકમાં લઇ ગયેલા અને સભા મળેલી ત્યાં ઘણુંજ માન આપેલું બાદ સગાં વહાલાંને મળી વૃદ્ધ પીતાના આશીર્વાદ લઇ રવીવારે અત્રેથી નીકળ્યા ત્યારે પણ હજારો માણસ વિદાય દેવા સ્ટેશને ગયેલાં.

સિહોર–ગત ચોમાસામાં મુની અવદાતવિજયજી ભાવનગર ચોમાસુ રહેલા તે ચોમાસુ પુરૂ થતાં કારતક વદ ૧૦ ભાવનગરથી વિહાર કરી નીકળેલા. ભાવનગરથી એક ભાઇને સાથે થઇ ગયેલા તેની લાયકાતનો કોઇ જાતનો તપાસ કર્યા સિવાય ચેલાના લોભી ગુરૂએ રસ્તામાંજ વરતેજ ગામની પાદરે નદીના નાળામાં દીક્ષા આપી હોગો પકડાવી દીધો. ડાંડાના અભાવે ડાંડો આપવો મુલતવી રાખેલો તે સિહોર આવીને અત્રે ભાદરવા સુદ ૬૧ કાળધર્મ પામેલા પં. મોતીવિજયજીનો ડાંડો પરોક્ષો તે નવદીક્ષીતને આપી ડાંડાસણની ખામી પૂરી કરી છતાં નવદીક્ષીત મહારાજ માગશર સુદ ૩ સવારના ઉઠી હલ્લે ગયા છે તે હજુ પાછા વળ્યા નથી એટલે છુમંતર થઇ ગયા છે. સદ્ભાગ્યે કંઇ હાથ મારીને ગયા નથી. અયોગ્ય દીક્ષાના હિમાયતીયો એની આંખેથી પીળા ચશ્મા ઉતારીને લાયકાત તપાસી દીક્ષા આપે તો સારૂં, નહિં તો જૈનેતરોમાં શાસનની કજેતી થવામાં બાકી રહેતી નથી.

અમદાવાદ–જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા તા૦ ૨૪-૧૧-૩૦ ના રોજ મળેલી તેમાં નીચે મુજબ ઠરાવ થયો છે.

"મુંબઇના જૈન આગેવાન શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીયા (વીલેપારલે મહાસભા સમિતિના મંત્રી) તેમજ અત્રેના શ્રીમતી સરલાદેવી અંબાલાલા, શ્રી. રતીલાલ તેલી, શ્રી. જયન્તીલાલ દલાલ, શ્રી. નરોતમદાસ નવાબ, વગેરેને હાલની લડતના અંગે સરકારના મેહમાન થયા બદલ આ સંસ્થા તેઓને હાર્દીક અભિનંદ આપે છે."

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૬૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મથેથી પ્રસિદ્ધ કરી છે.

યુવક મંડળોને. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૯ મો. | સંવત ૧૯૮૭ ના માગશર વદી ૩. તા૦ ૮-૧૨-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

અયોગ્ય દિક્ષાના હિમાયતીઓને.

દીક્ષાવેલા મુનીરાજોની ખેડામાં પધરામણી.

સંતાડેલા છોકરા માટે દોડધામ.

જૈન યુવકોનું પ્રસંસાપાત્ર કાર્ય.

ગઇ કાલરોજ અત્રેની જૈનશાળામાં માતરથી વીહાર કરી શ્રી. સાગરાનંદસૂરી મહારાજ આઠ થાણા સાથે પધાર્યા હતા તેઓનો અત્રે પધારવામાં શો ઉદ્દેશ હતો તે અમોએ અમારા પત્રના ગયા અંકમાં દર્શાવ્યો ખેડાના જૈનોને ચેતવણી આપી હતી અને આખરે બન્યું પણ તેમજ. અત્રેની જૈનશાળામાં વઢવાણ શહેરના પ્રાણલાલ નામના પંદર વર્ષની ઉમરના કુમળા બાળકને દીક્ષા આપવા માટે રાખવામાં આવેલો સંભળાતું હતું તેની ખાત્રી થવાથી તેમજ તે છોકરાને બીજે કંઇ નસાડી મુકવામાં ન આવે તેની સાવચેતી રાખવા માટે સ્વયંસેવકોએ સવારથી તે બપોરના ચાર વાગ્યા સુધી ભુખ તરસ વેઠી જૈન શાળાના મકાનમાં તેમજ તેની આજુબાજુ છુપો પહેરો રાખ્યો હતો. વળી તારથી તેના સગા વહાલાને ખબર આપવામાં આવતાં તેઓ આણંદથી મોટર મારફતે અત્રે આવી પહોંચ્યાં હતાં તેમાં પ્રાણલાલની તાજેતર પરણેતર સ્ત્રી પણ હતી. તેઓએ આવીને જૈનશાળામાં પ્રવેશ કરતાં મહારાજ પાસે બેઠેલા પ્રાણલાલનો હાથ ઝાલી ઉઠાડતાં કેટલાક મહારાજાઓએ પોતાના ઠાંઠા ઉંચા કર્યા હતા પરંતુ માણસની મેદની ભરાઇ જવાથી મહારાજનું કશું બળ ચાલી શકયું નહોતું. પ્રાણલાલને મોટરમાં બેસાડી સાણંદ લઇ જવામાં આવ્યા છે. સદરહુ પ્રાણલાલ સાણંદના સંઘવી લખમીચંદ વેલસીના ભાઇને ત્યાં પરણેલા છે. આ છોકરાને તેના સગાવહાલાને સોંપાવા ખેડાના જૈન યુવકોએ જે શ્રમ લીધો છે તે ધન્યવાદને પાત્ર છે. આવી રીતે છોકરાને છુપી રીતે સંતાડવાથી ખેડા જૈન કોમમાં ભારે ખળભળાટ થયો છે તેમજ જૈનેતર કોમોમાં જૈન ધર્મની અને ખાસ કરીને તેઓના મુની મહારાજોની નીંદા થાય છે. દીક્ષા લેવા મુનીરાજો જો તેમના માબાપની પરવાનગી લઇ દીક્ષા આપે તો કોઇને કંઇ બોલવાપણું રહે નહીં.

સામાન્ય સભા.

આ સંઘની એક સામાન્ય સભા ગુરૂવાર તા૦ ૧૧-૧૨-૩૦ ના રાત્રીના ૮ વાગે (સ્થા. ટા.) **સંસ્થાની ઓફીસમાં** નીચેના કાર્ય પરત્વે વિચાર ચલાવવા મળશે, તો દરેક સભ્યોને વખતસર આવવા વિનંતી છે.

કાર્ય.

૧ બહારગામના યુવક સંઘો તેમજ યુવકબંધુઓ જેઓ સભ્ય તરિકે દાખલ થવા ઇચ્છે છે તેઓને સંસ્થાના મેમ્બર તરિકે ગણવા કે નહિ તેનો નિર્ણય કરવા.

૨ નવા વર્ષનો કાર્યક્રમ નક્કી કરવામાં આવશે.

૩ મંત્રી તરફથી રજુ થતાં કાર્ય પર વિચાર ચલાવવામાં આવશે.

લી૦

રતીલાલ સી. કોઠારી.

મંત્રી : શ્રી મું. જૈ. યુ. સંઘ.

તા. ક. ચલુ વર્ષનું લવાજમ જે સભ્યોએ ન આપ્યું હોય તે ભાઇઓએ તુરત પહોંચાડવા કૃપા કરવી.

કારતક વદ ૩ ની દીક્ષા.

—:*:—

અત્રે લાલબાગના ઉપાશ્રયમાં પ્રખ્યાત થયેલ શ્રી રામ વિજયજીના ગુરૂએ કારતક વદ ૩ ના દિવસે પાંચ ભાઇઓને ભાયખલે દીક્ષા આપેલી તેમાં રાધનપુરના ભાઇ મહાસુખ મણીલાલે પણ લીધી હતી તે ભાઇ દેવાદાર હોવાથી દીક્ષા લીધા પછી એક લહેણીયાતે કાયદેસર પગલાં ભરવા તજવીજ કરેલી આથી શાસનપ્રેમીઓએ પતાવટ કરવા લાગવગ લગાડી મહેનત શરૂ કરેલી, જેના પરિણામે રૂ. ૧૦૦૦) માં પતાવટ થયેલી અને તેના રૂપીયા પાટણના એક ગૃહસ્થની પેઢીમાંથી આપવામાં આવ્યા.

દેવાદારને દીક્ષા આપવાની શાસ્ત્રો મનાઇ કરે છે. છતાં શાસ્ત્રોની ઉપરવટ થઇ દેવાદાર પ્રસંગોને દીક્ષા આપવાથી માઠી સ્થિતિ ઉભી થાય છે. છતાં અયોગ્યને દીક્ષા આપવાનો ધંધો લઇ બેઠેલાના કયાં ચક્ષુ ઉઘડે છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् हरिभद्रसूरि.

યુવક મંડળોને.

યુવક મંડળોના સંચાલકો! જાગો છો ને?

જે સમયમાં મહાત્મા ગાંધીજી જેવાએ સારા હિંદની નસેનસમાં પ્રાણ પૂર્યા હોય, જવાહરલાલ જેવા નરરત્નો સ્વતંત્રતા ખાતર જેલની પુનરાવૃત્તિ કરતા હોય, અને હિંદ માતાના સંખ્યાબંધ સાચા પુત્રો કષ્ટપરંપરાની જરા માત્ર પરવા કર્યા વગર રાષ્ટ્રિય મહાસભાના આદેશ ઝીલવામાં એકતાર બન્યા હોય, એવા અમુલ્ય સમયે શ્રીવીરના સાચા તનુજો, રાજવી ચેટક, કુમારપાળના કુલીન વંશજો, અરે વિમળ-મુંજાલ કે વસ્તુપાળ-તેજપાળને અમારા કહો ગજ ગજ છાતી ફુલાવનારા જૈનધર્મી સંતાનો ઉંઘમાં નજ પડયા હોય

રણહાક થતાં કેડ ન કસે એ યુવક શાનો? યાદરાખજો યુવક મંડળો કે આપણી લડત જેમ કેવલ રાજકીય નથી તેમ કેવલ ધાર્મિક નથી. આજના રાષ્ટ્રીય જંગમાં અપાય તેટલો ફાળો આપીને પણ ફાજલ વખતનો ઉપયોગ સામાજીક બદીઓને નષ્ટ કરવામાં વ્યતીત કરવાનો છે. કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવામાં આપણે સારો ભાગ ભજવી શકીએ. એનો ભંગ થતો શોધી કહાડવામાં આપણા કરતાં ભાગ્યેજ સારા ડીટેકટીવો મળી આવે.

આપણે ઠરાવોના કાળમાંથી પસાર થઇ ગયા છીએ એ કોઇને પણ વિસ્મૃતિનો વિષય ન હોવો જોઇએ. આજે તો કાર્યારંભ ઇષ્ટ છે

લગ્નગાળો આવે છે અને ધારો કે એકાદ્દે ગૃહસ્થ નાની બાળકીનો ભવ બાળવા તૈયાર થયો છે તો તરતજ આપણે કાયદાની અદાલતનો લાભ લઇ એ લગ્ન અટકાવી દેવા જોઇએ. અમદાવાદનો કિસ્સો એ બાબતમાં આપણી સામેજ છે. એવીજ બીજી બાબત તે બાળલગ્ન. સમાચાર મળતાંજ 'શારદા એકટ'નો સદુપયોગ લઇ તે સામે પણ અંકુશ મેલી શકીએ. બાળ સૈન્યો કિંવા વાનર અને માંજરની સેનાઓ ઉભી કરી અત્યારની દેશની કટોકટીની ઘડીએ જેઓ લગ્ન યા બીજા નિમિત્તે વિદેશી વસ્ત્રોમાં, મનગમતા મિષ્ટાન્નોમાં કે વાજા વગડાવવા આદિ આડંબર કરવામાં પૈસાનો ધુમાડો કરવામાં વ્યવહાર પાલન માની રહ્યા હોય તેવાઓને પ્રથમ સમજાવીને અને ન માને તો એ સામે પ્રચંડ હીલચાલ ચલાવીને બોધપાઠ આપવાનું કાર્ય યુવકોના શીરેજ છે. આજે 'રહવું કુટવું નહિં કે મુખ પાછળ જમણ કરવા નહિં' એ શબ્દોચ્ચારની કંઇજ અસર નથી. એવું માનનારા આપણે આપણી ઓફિસોની બહાર નિકળી, આસપાસ પડોશમાં કે આપણાજ સ્થાનમાં એવું બનવા ન પામે તે સારૂ પ્રચાર કાર્ય ચાલુજ રાખવાનું છે અને કદાચ કોઇ ન માને તો એનો સામનો કરવાની તૈયારી પણ કરીજ રાખવાની છે.

શ્રી

"શુકવારીઆ"નો નવો ફતવો!

એ કહેવાતો—

"કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિનો જાણવાજોગ અહેવાલ."

રજુ કરનાર

એ પડદા બીબી કોણ છે?

વીર શાસન તા૦ ૨૮-૧૧-૩૦ ના અંકમાં પાના ૧૨૫ ઉપર મોટા અક્ષરોમાં 'આબરૂનો ધજ્જો રાખતી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ' એ હેડીંગ નીચે કહેવાતો 'કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીનો જાણવાજોગ અહેવાલ' રા. હીરાલાલ જી. શાહે રજુ કર્યો છે.

આ આખો અહેવાલ વાંચતાં સફ સફ જણાઇ આવે છે, કે એ અહેવાલ આપનારનો આશય કોન્ફરન્સ અને તેના કાર્યકર્તાની વિરૂદ્ધ ઝેરી પ્રચાર કાર્ય કરવાનો છે. છતાં તંત્રી પોતાની નોંધમાં 'જાહેર હીતના ખાતરજ' આ હકીકત જાહેર કરતા હોવાનો દંભ કરે છે. પરંતુ જાગૃત જનતા હવે છેતરાય એમ નથી એની 'શુકવારીયું' ખાત્રી રાખે

લેખની શરૂઆતમાં જૈન કોન્ફરન્સના કારોબારને મનગમતા વિશેષણો લગાડી લેખકના શબ્દોમાં લેખીએ તો 'સ્વતંત્ર મીજાજના જુના જર્નાલીસ્ટ મી૦ ઘડીઘાલી'ની લેખક પોતાના શબ્દોમાં પીઠ થાબડે છે અને મનમાં કલ્પી રાખેલી વ્યકિતઓને ઉદ્દેશી મન ફાવતા શબ્દોનો ઉપયોગ કર્યા બાદ બનારસ યુનિવર્સીટી ચેર માટેના રૂ.ની ટીપની હકીકત નોંધે છે. રૂ. ૮૬૦૦૦) ના પોણાએ લાખ થવા જોઇએ તેના પચ્ચસ હજાર થઇ ગયા" એમ ગોટાળો વાળી લલ્લુભાઈ કરમચંદ અને મોહનલાલ હેમચંદને "ચોરીપર શીરજોરી" કરનારા ચોરી આખી સ્ટેન્ડીંગ કમિટિ ઉપર ઉતરી પડે છે.

વિલાયતી વસ્ત્રોનો ત્યાગ કરાવી, જ્યાં લગી ખાદી નહિં તો સ્વદેશી દાખલ કરાવવામાં પણ ઉકત નિયમ લાગુ પડે છે. પ્રથમ તો જાતેજ અમલકર્ત્તા થવું જોઇશે. વચન કરતાં વર્તનની અસર અજબ અને વધારે છે. જ્યાં આપણા કાર્યમાં આપણા માટે કોઇ આંગળી ચીંધી શકે તેવું ન રહ્યું એટલે નિકળી પડવાનું સમાજમાં એ વેળા 'પ્રયોજનને અમેન્ડમેન્ટ' પર જેવી ચર્ચાઓ સભા સ્થાનમાં ચાલે છે એ કરતાં પણ વધુ તીવ્ર ને કર્કશ કરવાનો અવસર આવવાનો આમ છતાં દંડુ મગજ અને સરલ ઉદાહરણોને વશ સારૂ જગત થઇ શકે છે એવી ખાતરી રાખીનેજ આગળ વધતા જવાનું. સેવેલ પરિશ્રમ નિષ્ફળ નથીજ જતો એવી શ્રદ્ધાનું વજ્ર બંધન બાંધીજ દેવનું સુધારણા જેજે દેશોમાં અને જેજે સમાજોમાં થઇ છે તેનો ઇતિહાસ અવલોકશો તો દિવાજેવું જણાશે કે એના ઉડાણમાં કેટલાક આત્માઓની મરીફીટવાની વૃત્તિ અને એ અર્થે સ્વેચ્છાએ સ્વીકારેલી ફકીરી રમતા જણાશે. બીજી બાબતો સંબંધમાં પછી વિચારીશું.

પણ આટલું ઉપાડી લેવાને સારૂ આપની તૈયારી છે કે કેમ? ગામેગામના પ્રત્યેક મંડળો તરફથી જવાબ મળે ત્યારેજ એ જણાય. આપણું પહેલું યાને અતિ અગત્યનું કાર્ય સંકલિત થવાનું છે. આપણી ચેતન અવસ્થા ત્યારેજ પુરવાર થઇ શકે જ્યારે પત્રિકાના પ્રત્યેક અંકે કાર્યવાહીના ઉત્સાહજનક હેવાલો મળતા રહે.

સ્ટેન્ડીંગ કમિટિમાં તે દિવસે હાજર રહેલા સભ્યોમાંથી લગભગ પંદરેક વ્યકિતઓનાં રેખા ચિત્રો દોરવાનો-ઓળખાણ આપવાનો-'ગટર મુકાદમ'ની ભાષામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે અને ત્યાર બાદ 'આ કામ એજન્ડાપર નહોતું' એમ એકરાર કરી ફંડને અંગે સામાન્ય વાત નીકળતાં જે કંઈ બોલાએલું તે બોલનાર વ્યકિતઓનાં નામ આપી નોંધવામાં આવ્યું છે. બોલનાર વ્યકિતઓના નામ નીચે મુકેલા શબ્દોમાં કેટલા ઘરના શબ્દો અહેવાલ આપનારે ઉમેર્યા છે, તેને વ્યકિતઓ સિવાય બીજુ કોણ કહી શકે?!

ખેર, આપણે મુદ્દા પર આવીએ.

પ્રથમ તો રા. હીરાલાલ જી. શાહ કોણ છે? તેઓ સ્ટે. કમીટીના સભ્ય છે ખરા? જો હોય તો તેઓ કમિટિના એજન્ડાપર નહિં એવી ચર્ચાને કોન્ફરન્સ અને સ્ટેન્ડીંગ કમિટિના પોતાના ગોઠીઆઓની મનગમતી ટીકા કરવાનો અને સ્ટે. કમિટિએ તેમનામાં મુકેલા વિશ્વાસનો આમ ભંગ કરવાનો એવો કયો વિશિષ્ટ હકક ભોગવે છે કે આપ સ્વચ્છંદે કલમ ચલાવવાની ધૃષ્ટતા તેઓ કરી શકે? આખો લેખ વાંચો તો-રા. હીરાલાલ જી. શાહ નામની કોઈ પણ વ્યકિત હોય, અને તે સ્ટે. કમિટિમાં સભ્ય હોય અને છતાં આટલી ધૃષ્ટતા કરે એ બનવુ શકય નથી. આ બધી પડદા પાછળની રમત હોવાનો વધારે સંભવ છે. કારણ કે પ્રથમ તો પાના ૧૨૪ ઉપર છાપેલી ચર્ચામાં જેટલી વ્યકિતઓએ ભાગ લીધો છે તેઓની ખાસ કરી ઓળખાણ આપવાનો પ્રયત્ન થયો છે અને તેમાં પણ જેઓ જરા ઉગ્ર બન્યા છે તેમની ઉપર આડકતરી રીતે હુમલો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બીજું સ્ટેન્ડીંગ કમિટિમાં થતી વાતો છાપાઓમાં પ્રસિદ્ધ થાય છે માટે આપણે કોઇની ખાનગી બાબતોમાં ઉતરવું તે ઠીક નહી એવી સૂચના ત્યાં થઇ હોય એમ જણાય છે. તે વખતે શેઠ અમૃતલાલ કાળીદાસ આ બાબત પરત્વે 'પ્રેસ રેપ્રિઝેન્ટેટીવો જો અમુક કરતાં હોય તો તે બહુ ખોટુ ગણાય! એવો અભીપ્રાય આપે છે. તેજ વખતે પેલા 'જાણીતા જર્નાલીસ્ટ' મી૦ ઘડીઆલી સાફ સાફ જણાવે છે કે: "પીછોડીમાં પથ્થર ના મારો. મર્દાઇથી ખરી વાત કરી દો કે સમજ પડે." અને તેજ વખતે કેટલાક સભ્યો તરફથી અને પ્રમુખ સાહેબ તરફથી જણાવવામાં આવેલું તે નોંધેલું છે કે: "મી૦ ઘડીઆલી! આતો સામાન્ય વાત થાય છે" અને વાતનો અંત આવે છે.

આ ઉપરથી આપણે એ અનુમાન સહેલાઇથી કરી શકાએ કે આખી ચર્ચા દરમીઆન જો કોઇને ખોટું લાગવાનો પ્રસંગ બન્યો હોય તો તે મી૦ ઘડીઆલીના નામ નીચે મુકેલા શબ્દોમાંથી ધ્વનિત થતા જણાય છે પણ લેખક લખે છે તે પ્રમાણે એમના જેવા જાણીતા જર્નાલીસ્ટ ઉપરાંત 'સ્વતંત્રવાદી બધાથી જુદાજ' અને "અગમ્ય માણસ" કે જેઓ "કોઇ પણ પક્ષના" નહી એવા મી૦ ઘડીઆલી આવા નજીવા પ્રસંગથી-અને તે પણ સ્ટે. ક. ના સભ્યો અને પ્રમુખ સાહેબના રીતસર ખુલાસા પછી-ડરી કે ઠગી જાય અને પડદા પાછળ રહી આવું નામદાંઇભર્યું કામ કરે એ માનવું તો શું પણ કલ્પવું પણ અશકય છે. જ્યારે બીજા સભ્યો કે જેઓનાં શબ્દ ચિત્રો આલેખવામાં ખાસાં ચારેક કોલમ રોકવામાં આવ્યાં છે, તેમાંથી કોણ એવો હોય છે જે પોતે પોતાની જાતેજ પોતાની કથા લખવા બેસે. આ બધુ વિચારતાં એ નકકી થાય છે. કે રા. હીરાલાલ જી. શાહ એ ચોકસ સ્ટે. ક. ના સભ્ય હોવા જોઇએ. જો તેઓ સભ્ય ના હોય તો એમને આ કહેવાતી ચર્ચાનું લખાણ પુરૂં પાડનાર વ્યકિત સ્ટે. ક. ની સભ્ય હોવીજ જોઇએ. અગર તો આવા અણઘટતા આક્ષેપો કરવાનું નામદાંઇભર્યું કાર્ય કરનાર વ્યકિત એક સ્ટે. કમિટિમાં સભ્ય હોવાના કારણે આ નામ ધારણ કરેલું હોવું જોઇએ. ગમે તે હોય પણ એટલું ચોકસ છે કે આ પડદા પાછળની રમત છે એમ લેખ લખવાની ઢબ, અને પોતાના શબ્દોમાંજ પોતે વાળેલા છબરડા ઉપરથી જણાઇ આવે છે, હવે છેલ્લે એકજ પ્રશ્ન બાકી રહે છે કે, એ પડદા બીબી કોણ છે?

અને આ પડદા બીબીને શોધી કહાડી શ્વે. જૈન કોન્ફરન્સમાં સંપુર્ણ વિશ્વાસ ધરાવનાર જૈન આલમને એ કાળા મેઢાનો પરિચય કરાવવાની સ્ટે. ક. ની પ્રથમ ફરજ છે એમ કહેવાનો જૈન તરીકે દરેકને હક્ક છે. સ્ટેન્ડીંગ કમિટિ આ કાર્ય બજાવશે? —"કોઇ પણ"

આભાર સ્વીકાર.

જૈનપ્રકાશનો રાષ્ટ્ર અંક અમને સમાલોચના અર્થે મળ્યો છે અત્યાર સુધીમાં જૈન પત્રોએ કહાડેલા અંકોમાં આ અંક રાષ્ટ્રિય અંક તરિકે અજોડ ગણાય. અંક સુંદર અને નમુનેદાર છે અંદરના બધા લેખો જૈન દ્રષ્ટિયે રાષ્ટ્રિય લડતપર સુંદર રીતે લખાયેલા છે અને આ અંકમાં કશા પણ સાંપ્રદાયિક કે ગચ્છ ફીરકાના ભેદ વગર લખાયા લાગે છે. આવી વિશાળ દ્રષ્ટીથી અંક કાઢવા બદલ પ્રકાશના તંત્રીને અમારા અભિનંદન ઘટે છે. આ અંક દરેક જૈનને સંઘરવા યોગ્ય છે.

કોન્ફરન્સનું પ્રાન્તીક અધિવેશન.

અમને તારથી સમાચાર મળે છે કે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું મારવાડ પ્રાન્તીક અધિવેશન પોશ વદી ૧૦ ને સોમવાર તા૦ ૧૫ ડીસેમ્બર મારવાડ વરકાણા તીર્થ યાત્રાના મેળા સમયે શ્રી વરકાણાસ્થાને મળશે. તે સમયે હાજરી આપવા મારવાડ પ્રાન્તીક સમિતિનું ખાસ આમંત્રણ છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

હસ્તકનું

શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ-

પ્રાઇઝો દરેકના રૂા. ૪૦) ના.

છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલ ફંડમાંથી કોન્ફરંસ ઓફીસ તરફથી એક સ્કોલરશિપ મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને, તેમજ બીજી સ્કોલરશિપ સુરતના રહેવાસી અને કુલે સૌથી વધારે માર્કસ (Marks) મેળવનાર જૈનને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે, એ બન્ને સ્કોલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક વિદ્યાર્થીઓએ નીચેના ઠેકાણે તા૦ ૨૧-૧૨-૩૦* સુધીમાં અરજી કરવી.

શ્રી ગોડીજીની ચાલ, ૨૦, પાયધુની, મુંબઇ, ૩.

શા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી
જૈન શ્વે. કોન્ફરન્સ.

* પુરતા પ્રમાણમાં અરજીઓ નહીં આવવાથી આ મુદ્દત વધારવામાં આવી છે.

દિક્ષાનું શાસ્ત્ર.

આજકાલ હાલમાં અપાતી દીક્ષાની રીતના સંબધમાં નીચેનાં વચનો ઉચ્ચારવામાં આવે છે :

"દીક્ષા માટે છોકરાને કે મનુષ્યને ભગાડવો પડે, સંતાડવો પડે કે એવું જ કાંઇ બીજું સાધુ મર્યાદા બહારનું કામ કરવું પડે તો પણ તે કરવાના; જો અમે તેમ ન કરીયે તો કોઇ કાંઇ એની મેળેજ થોડાજ સાધુ થવાના છે! કોઇ માબાપ પોતાના સગા દિકરા દિકરીને સાધુ થવા થોડીજ રજા આપવાના છે? એતો માએ રડતી રહે, બાપ ત્રાડતો રહે, સ્ત્રી મોં વાળતી રહે અને છોકરાંઓ કકળતાં રહે તો પણ અમે છોકરાને કે ધણીને સંતાડીને, ભગાડીને પણ દીક્ષા આપવાના.

ડોકટર જો દરદીની દયા ખાય તો તેનું અહિતજ થાય, તેમ જો અમે માબાપ કે સ્ત્રી છોકરાંની દયા ખાઇયે તો લોકકલ્યાણ કયાંથી કરી શકીયે? આ ભેખ અમે તો લોકના હિત માટે લીધેલો છે, અને જો તેમ ન કરીયે તો ભગવાન શ્રી મહાવીરનો ધર્મ વહેલો કુબી જાય: તેથી કહીયે છીયે કે ગમે તે ઉપાયથી લોકને સંસારથી મુકત કરી દીક્ષા આપવાના. આ પ્રવૃત્તિ અધાર્મિક પણ નથી, એતો સંસારીઓના સ્વાર્થને આડે આવતી હોવાથી બહુ કર્મી જીવોને તે અનિષ્ટ લાગે છે; પણ પરિણામે તે પ્રશસ્ત હોવાથી અમારી મર્યાદા બહારની નથી. એ પ્રવૃત્તિને લઇ કોઇ અમારા ઉપર શિષ્યમોહિપણાનો, ક્રોધિપણાનો કે છોકરાં ચોરનો આરોપ મૂકે તો પણ તે શ્રી મહાવીરના શાસનની રક્ષા માટે સહન કરવા અમે તૈયાર છીયે.

શાસ્ત્રમાં જેને પ્રશસ્ત મોહ, પ્રશસ્ત ક્રોધ, પ્રશસ્ત ચોરી કહેવામાં આવી છે તે આજ પ્રવૃત્તિ કે આવી બીજી ધાર્મિક પ્રવૃત્તિઓ છે. શ્રી અધમત્તે અણગાર, શ્રી આર્ય રક્ષિત સ્વામી, શ્રી વજ્રસ્વામી, શ્રી દેવસૂરિવાદી, શ્રી હેમચદ્રાચાર્ય, શ્રી હીરવિજયસૂરિ અને શ્રી જશવિજય ઉપાધ્યાય વગેરે જે અનેક મહાન પુરૂષો યુગપ્રધાન કે તેમના જેવા બની ગયા તે નાની ઉમરેજ દીક્ષા લેવાના કારણથી; કારણ કે નાની ઉમરમાં જે સંસ્કારો પડે છે તે પછીથી પડતા નથી, માટેજ નાનાં છોકરાંને ભગાડીને, સંતાડીને કે બીજે કોઇ પ્રકારે દીક્ષા તો જરૂર આપવાના."

આ વચન સત્ય છે કે સત્યાસત્ય? શાસ્ત્રસંમત છે કે સ્વશાસ્ત્રસંમત? આ વિચારણીય છે.

શ્રી હેમચંદ્રાચાર્ય આદિ નાની ઉમરે દીક્ષિત થયા હતા તે ખરૂં, પણ તેઓને કોઇએ ભગાડયા ન હતા; પણ સંઘની સમજાવટથી તેમના માતપિતાએ રાજીખુશીથી આપ્યા બાદ તેમને દીક્ષિત કરવામાં આવ્યા હતા. હવે શાસ્ત્રનો સંબધ તે સાથે વિચારીયે.

આ વાત પ્રથમ તો આપણી સ્થૂલ બુદ્ધિથી બાધિત છે તો પછી તે શાસ્ત્રમાં તો કયાંથી હોય? એટલું તો ખાસ યાદ રાખવાની જરૂર છે કે ભગવત શ્રી મહાવીર દેવે 'અહિંસા પરમો ધર્મ'નો પ્રચાર કર્યો તે પણ કેટલાંય વર્ષોની તેમની સાધના અને અનુભવ પછી. વળી કલ્પસૂત્રમાં તેમના જીવન વ્યવહાર પરથી આપણે શું જોઇ શકીયે છીયે? તેઓ તેમના માતા પિતાના આદર્શ ભકત, કુટુંબવાત્સલ્યની પ્રતિમા અને મનુષ્ય સ્વભાવના પૂરા અભ્યાસી રૂપે આપણને નજરે પડે છે. જે પુરૂષ માતાપિતાનો ભકત હોય, કુટુંબ વત્સલ હોય, માનવ સ્વભાવનો જાણકાર હોય અને વધારામાં ચુસ્ત અહિંસક હોય તેવા ધીર, ગંભીર અને મહાન વિભૂતિના વિચારથી નિપજેલ શાસ્ત્રમાં કે તેમના અનુયાયિની વાણીમાં છોકરાં ભગાડવાની, સંતાડવાની કે ગમે તેમ કરી દીક્ષા આપવાની વાત હોય ખરી? અરે! આવી વાતતો કોઇ પણ શાસ્ત્રમાં ન હોય!

જુઓ, શ્રી મહાવીરની માતાપિતાની ભકિતને માટે અને માતાપિતાને તરછોડી અવિવેકી થનાર માટે આચાર્ય શ્રી હરિભદ્ર શું કહે છે?

जीवतो गृहवासेऽस्मिन् यावन्मे पितराविमौ।
तावदेवाधिवत्स्यामि गृहानयमभीष्टतः ॥ ४ ॥

"મારા માતાપિતા જીવતા સુધી ગૃહવાસમાં રહેવું મને અભીષ્ટ છે માટે હું રહીશ.

इमौ शुश्रूषमाणस्ह गृहानावसतो गुरू।
प्रव्रज्याप्यानुपूर्व्येण न्याय्यान्ते मे भविष्यति ॥ ५ ॥

ગુરૂ રૂપ માતાપિતાની ઘરમાં રહી સેવા કરતાં અન્તે પ્રમાણિકપણે પ્રવ્રજ્યાને પણ લઇ શકીશ.

सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता।
गुरूद्वगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते ॥ ६ ॥

સર્વ પાપની નિવૃત્તિ રૂપ એ પ્રવ્રજ્યા સંતોને સદા સંમત છે. પણ વડીલોને દુઃખી કરીને લીધેલ પ્રવ્રજ્યા ન્યાયયુકત નથી.

प्रारम्भमङ्गलं ह्यस्या गुरूशुश्रूणं परम्।
एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत् ॥ ७ ॥

પ્રવ્રજ્યાની સાધનાનું પહેલું મંગલ તો માતપિતાની સેવા છે; જે ધાર્મિક છે તેને તો માતાપિતા પૂજનીય છે

स कृतज्ञः पुमाँल्लोके स धर्मगुरुपूजकः।
स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते ॥ ८ ॥

જગતમાં તેજ કૃતજ્ઞ છે, તેજ આ લોકમાં ધર્મ અને ગુરૂનો પૂજક છે અને તેજ શુદ્ધ ધર્મનો ધારક છે, જે માતાપિતાની સેવા કરે છે.

'અષ્ટકના આ શ્લોકમાં આચાર્ય હરિભદ્રે શ્રી મહાવીરનાં ચિત્તનું પવિત્ર પ્રતિબિંબ પાડયું છે'

અહિંસાના શાસ્ત્રમાં ક્રૂરતાની વાત હોય, સત્યના શાસ્ત્રમાં ચાલાકીથી અસત્ય બોલવાની વાત હોય, અચૌર્યના શાસ્ત્રમાં છેતરવાની અને ચોરીની યુકતિઓની વાત હોય, બ્રહ્મચર્યના શાસ્ત્રમાં વ્યભિચારની વાત હોય, અપરિગ્રહના શાસ્ત્રમાં વિલાસિતાની વાત હોય તોજ શ્રી મહાવીરના શાસ્ત્રમાં છોકરાં ભગાડવાની વાત હોય.

"શ્રી મહાવીરના અનુયાયિઓ (પુર્વાચાર્યો) ઘણા દીર્ઘદર્શી હતા, માનવ સ્વભાવના પણ અનુભવી હતા. એથીજ એઓ એમ સમજતા હતા કે, હવે જ્યારે શ્રી મહાવીરના અનુયાયિઓનો એક મોટો સંપ્રદાયજ ચાલ્યો, શ્રમણો પણ ટોળે થવા લાગ્યાં ત્યારે શ્રમણ સંઘમાંયે અનેક પ્રકારની વાસનાવાળા માણસો ભળવાના, અને તેમાં વિશેષતાએ વેષનીજ પ્રધાનતા રહેવાની; આમ સમજીનેજ એમણે આપણી સામે એક એવો ગજ મુકયો છે કે જે વડે સમાજ એ દરેક શ્રમણને માપે અને પછીજ શ્રમણને ગુરૂ તરીકે સમજે એ ગજ આ રહ્યો ('સુબોધા'માંથી) (અપૂર્ણ.)

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મથેથી પ્રસિદ્ધ કરી છે.

પદરા બીબીના પડછંદા. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે. Reg No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૫૦ મો. | સંવત ૧૯૮૭ ના માગશર વદી ૧૦. તા૦ ૧૫-૧૨-૩૦ | છુટક નકલ: ૦।। આનો.

બત્રીસ લક્ષણાનું બળીદાન.

જગતના એ સર્વોત્તમ પુરૂષે બારમી માર્ચે શરૂ કરેલ કુચથી દેશે આદરેલ અહિંસક યુધ્ધમાં સમગ્ર બ્હેનો અને ભાઇઓએ ભોગ આપીને ભારતના લખાતા ઇતિહાસમાં સોનેરી અક્ષરોના પાનાં ઉમેરેલાં તેમાં પણ ગયા શુક્રવારે મધ્યાન વખતે મુંબઇ જેવા શહેરમાં અને કાલબાદેવી જેવા જાહેર રસ્તા ઉપર પરદેશી કાપડની ગાંસડીઓથી ભરેલી લોરી નીચે એક બત્રીસ લક્ષણા વીરનું અદ્‌ભુત બળીદાન દેવાયુ. એ બળીદાન અનેડ છે. સાચા સીપાઇને શોભતું, વીરને છાજતું એ કીર્તિવંત બળીદાન છે.

અહિંસક યુધ્ધમાં પરદેશી કાપડ ઉપર પીકેટીંગ કર્તાં કારાવાસની ત્રણ માસની મેમાનગીરી મેળવી પંદર દિવસથી મુકત થયેલ એ વીરનું શરીર કારાવાસમાં નબળું પડેલ હોવા છતાં, એને તો આઝાદીનીજ જંખના હતી. અરે! માતાની મુક્તિ માટે જાનફેસાની રમત રમવાના કોડ હતા. એ કોડ એના પૂરા થયા. એ વીરે જેવું જીવી બતાવ્યું તેવુંજ ભારત માતાના બહાદૂર બેટા તરીકે મરી બતાવી અમર કીર્તિ મેળવી.

શુક્રવારના મધ્યાન પહેલાં વીર બાબુ ગનુને એના સગાં સહોદરોજ ઓળખતાં. મધ્યાન પછી તે વીરને જગતે ઓળખ્યો, એટલુંજ નહિ પણ આત્મભોગ આપનાર વીરોની ટીકાઓ કરનાર ડોઢડાહ્યાઓને પણ ઓળખાણ પડી હશે! પરદેશી કાપડથી ભારતની કેટલી ને કેવી દુર્દશા થઇ છે તે દરેક જાણે છે છતાં કોઈ કાળા મોઢાના માણસો વાપરતાએ હશે! અને વેપારો પણ કર્તા હશે! તેવાઓને વિનવવામાં આવા અનેક વીરોના બળીદાનો દેવાશે તેમાં પ્રથમ કીર્તિવંતુ માન ભાઇ બાબુ ગનુએ ખાટી જઇ અમર થઈ ભારત વર્ષની કીર્તિમાં વૃધ્ધિ કરી છે.

ઓ! અમર સ્થાને સીધાવનાર વીર તારા અદ્‌ભુત આત્મભોગથી અમારા તને અનેકવાર વંદન છે.

જૈન યુવાનો અને યુવતિઓ!

આ વીરના બળીદાનથી તારી ફરજનો ખ્યાલ આવતો હોય તો પોતાનાજ દેશમાં બનેલું કાપડ વાપરવું. જો તમે ધર્મ સમજતા હો, તો તમારા શરીર ઉપર કે ઘરમાં પરદેશી કાપડ હોય તેને પ્લેગ સમજી ફગાવી દેજો. અને દેશમાં બનેલું વાપરવાની પ્રતિજ્ઞા કરજો.

હવે ખાદીને માટે કહેવાનું હોયજ નહિ! પીતા મહાવીરના એક પણ ભકતથી વસ્ત્રમાં ખાદી સિવાય બીજું પહેરી શકાય નહિ. કારણ! બાકીના તૈયાર થતાં વસ્ત્રો માટે લાખો પ્રાણીયો હણાય છે એ જાણીતી વાત છે. એટલે જેના ધર્મનો સિધ્ધાન્ત અહિંસા છે તેનાથી કેમ પહેરાય. ખાદી ન પહેરતા હો તો પહેરવાની પ્રતિજ્ઞા કરજો. પરદેશી કાપડનો બુરો ધંધો કર્તા હો તો તેને બંધ કરી દેજો. આટલું પણ જે ન કરી શકે તેને ભારત માતાના પુત્ર કે પુત્રી તરીકે તેમ પીતા મહાવીરના અનુયાઇ તરીકે કહેવરાવવાનો અધિકાર નથી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

પદડા બીબીના પડછંદા.

સુરતના લાંબે રાગે કરેલા શોરબકોર છતાં ફોન્ફરન્સની પ્રભાતો પ્રતિદિન વૃદ્ધિગંત થતી જોઇ એ 'અહંધર્મી'ના ઉફાળાટનો પાર ન રહેવાથી 'હાર્યો જુગારી બમણું રમે' એ યુકિત અનુસાર પદડા પાછળ રહી કેવળ કાદવ ઉરાડવાના બાલીશતાભર્યા યત્નો સેવવાનો એ વર્ગે લજ્જાવનારો માર્ગ ગ્રહણ કર્યો છે. આ તાત. વીર શાસન પત્રમાં આવેલ હીરાલાલ જી. શાહ નામની વ્યકિતના લેખથી પુરવાર થાય છે. એક વાર કહેવું કે ફોન્ફરન્સ સાથે અમને કંઇ લાગતું વળગતું નથી અગર ધર્મી વર્ગનો એને ટેકો નથી અને બીજી બાજુ એના સંબંધના લેખમાં વગર વિચાર્યે કોલમોના કોલમો કાળા કરી મારવા એ બેઢંગુ વલણ પદડા બીબી સિવાય બીજા કોને શોભે? શું આમ ચિતરવાથી ફોન્ફરન્સ કે તેના સંચાલકોની પ્રતિષ્ઠા હલકી પડવાની? અગરતો એના કાર્યક્રમપર તાળા દેવાવાના? લેખક કે તંત્રી અથવા તો યંગમેનો કે એન ધેનો જો એમ માનતા હોય તો તેઓ ખાંડ ખાય છે. જૈન સમાજ આજે સારી રીતે શ્રીમતી ફોન્ફરન્સના કાર્યોની કિંમત આંકી શકે છે અને વીર શાસનનો ઝુંડો પકડયા છતાં કેવળ વૈર પ્રસારનાર એ શુકવારીયાના–અને ગુપ્ત પણે એમાં સદૈવ દાવ ખેલનારા વેશધારીઓના–મૂલ્ય ઠેરવી શકે છે. પગ તળે બળતુ જોવાનું મૂકી સામાના શીર તરફ નજર ફેંકવા જનારા એ સફેદ નામધારી સાધુઓ, તે શું પોતે પ્રકાશમાના હતા? "જેમાં જ્ઞાનખાતાના નામે રકમ લઇને ધર્મા પોષક છાપા છપાવવામાં, સાધુને ન છાજે એવા ધંધા કરવામાં અને તેવા બીજા કામોનો લાંબો ઇતિહાસ આપી જાય છે–એ ભૂતકાળની નોંધપોથી પુનઃ તાજી કરવાની જરૂર છે?" ભુતકાળના એ બનાવોને દાબી દઇ પોતાના માર્ગે પ્રવૃત્તિ કરનારને આજે કોણ રોકે છે? ટીકા પણ યોગ્ય રૂપમાં શોભે આજે તો કેવલ પોતાનો કક્કો ન ખરો થવાથી કલ્પિત નામે ગમે તેમ ચિતરી મારવું એનો અર્થ શું હોઇ શકે?

હીરાલાલ જી. શાહ નામનો જ્યારે કોઇ સ્ટેન્ડીંગ કમિટિમાં સભ્યજ નથી ત્યારે પછી એ જે લખે તેમાં શું વજુદ હોઇ શકે? આમ છતાં એ જે ચિત્ર આલેખવા કલમ ચલાવે છે તે ઉપરથી જોઇ શકાય છે કે એની પરિક્ષામાં માત્ર ઘડીયાળીજ ઉંચે નંબરે તરી આવે છે બાકીના દરેક ચિત્રમાં એની આંખો કેવળ દોષદર્શન કરે છે. સૂર્યના સાચા દર્શન ન થવામાં જેમ ઘુવડની આંખોનોજ દોષ છે તેમ અહીં પણ એમજ લાગે છે, અને સંશય પણ પડે છે કે કદાચ ઘડીયાલી નુરૂપક કેમ ઉકત લેખક ન હોઇ શકે? આવું અન્યાના કેટલાયે દાખલા વાંચ્યા છે. તેથી તો કહેવત પસરી છે કે 'વરને કોણ વખાણે તો કે વરની મા' ગમે તેમ હોય ચાહે તો હીરાલાલ જી. શાહ હોય કે ચાહે તો હીરાલાલ એવું કોઇ બહુરૂપીનું નામ હોય! એની સાથે આપણને ઝાઝો સંબંધ નથી. એના દોરેલા રેખા ચિત્રો કેવળ દોરનારની તર્કશકિત કે કળાનો ખ્યાલ નહીં આપતાં માત્ર દૂષણ શોધક વૃત્તિનો ભાસ કરાવે છે. શાસ્ત્રકારો એવી વૃત્તિ વાળાને 'કાક' (કાગડા)ની ઉપમાં આપે છે. એનો સ્વભાવ સુંદર પદાર્થ ત્યજી વિષ્ટામાં ચાંચ બોળવનો હોય છે. મહાત્માંજી જેવા એવા રીતે હેખિનીને ચેન લગાડનાર માટે 'ગટરમુકાદમ'નો શબ્દ પ્રયોગ કરે છે. સામાન્ય સમજ શકિતવાળા પણ વાંચતાંજ જાણી શકે છે કે લેખમાં લગાડેલા વિશેષણોએ સાચા નહીં પણ અસુયાના આવેગમાં ઘસડી મારેલા મનકલ્પિત વલોપાત છે.

જરા જેટલી વાતને મોટું રૂપક આપી 'કાગનો વાઘ' બનાવનારા સમાજની કશી પણ સેવા કરતા નથી; પણ સમાજમાં મોટો ખળભળાટ ફેલાવી કલહ પેદા કરાવવાના હાથા રૂપ નિવડે છે. 'બનારસ ચેર' સંબંધી થયેલ ફંડ અને તેમાંથી કેટલું વસુલ થયું અને કેટલું રહી ગયું ઇત્યાદિ વિષયમાં જૈન સમાજ સર્વાંશે નહિં તો અધિકાંશે તો જરૂર જાણકાર છે. કેટલીક રકમ વસુલ ન આવવામાં માત્ર સંચાલકોનો પ્રમાદ એકલોજ જોખમદાર નથી પણ સંખ્યાબંધ કારણો સમાયેલા છે. એ બધાને ઉઘાડા કરવામાં પોતાની જાંગ ઉઘાડવા જેવું છે. એટલું તો નિશ્ચિત છે કે ફોન્ફરન્સે વસુલ આવેલ રકમનો દુરૂપયોગ નથી કર્યો તેમ જે હેતુએ એ એકઠી કરાઇ તે હેતુ સિવાય અન્ય રીતે તેનો વ્યય પણ નથી કર્યો. જો આ વસ્તુસ્થિતિ હોય તો પછી શા સારૂ ફોગટ પાણી વલોવવામાં આવે છે? અલબત કાર્યવાહકોએ રવા દારગી કરી હોય તો જરૂર તેઓ કડવી ટીકાને પાત્ર છે, પણ તેવું તો જેજ નહિં એ લેખ ઉપરથી પણ દિવા જેવું જણાઇ આવે છે તો પછી ગમે તે નિમિત્તે સ્વછંદતાથી ઘસડી મારવું એથી શું લાભ? સંસ્થા સામે જો અણગમો હોય તો એમાંથી ફારગ થઇ જવું એ સીધો માર્ગ છે; અને જો એમાં રહેવુંજ છે તો એની કીર્તિને આંખપ ન લાગે એ જોવાની પ્રત્યેક સભ્યની ફરજ છે. પછી પરસપર ટોપલા ઓઢાડવા નિકળનારા કિંવા 'રજનું ગજ' કરનારા કિંવા સ્ટેન્ડીંગ કમિટિના અંતરંગી વાતને ભલતી રીતે આલેખી પ્રગટ કરનારાને કેવું વિશેષણ લગાડવું?

ભૂતકાળનો ઇતિહાસ સાક્ષ પૂરે છે કે પદડા બીબીઓથી કોઇ પણ જાતની સેવા થઇ નથી. ભલેને એઓ લવારા કર્યા જાય કુવારાના ભસવાથી ગજની મહાત્તામાં ભાગ્યેજ ફેર પડે છે.

રામવિજયને.

મુંબઇમાં જ્યારથી આપનાં પનોતાં પગલાં થયાં ત્યારથી જૈન જનતા એવી તો ધરાઇ ગઇ છે કે આપ કયાં છો અને શું બોલો છો તેનીએ પરવા નથી. એ આપના ખ્યાલ બહાર તો નહોતુંજ. છતાં મહિનાના મહિનાઓ સુધી ગળું બેસાડી દીધું પણ સમાજ તો નજ ભોળવાઇ, ત્યારે આખરે મુંઝવણ થઇ અને ભોળા લોકોને છેતરવા કંઇ નવો કીસ્સો શરૂ કર્યો હોય તેમ લાગે છે.

થોડાજ વખત ઉપર આપના એક ભકત સાથે રા. રા. કૃષ્ણલાલ ઝવેરી આપના વ્યાખ્યાનમાં આવેલા ને લગભગ

દસેક મીનીટ બેઠેલા તે વખતે આપે આપની જીભાનને કાબુમાં રાખી ડાહ્યા ડમરા બની જઇ દસેક મીનીટ ઉપદેશ આપ્યો તે ગાળામાં શા. લક્ષ્મીચંદ જીવરાજે પ્રશ્ન પુછેલા તે વખતે સમયને ઓળખી, શાન્તી રાખીને તે ભાઇને જવાબ આપવામાં આવ્યા. પરંતુ દસ મીનીટ પછી જેવા રાજેશ્રી ઝવેરીએ વિદાય લીધી કે પેલા પ્રશ્ન પૂછનાર ભાઇ ઉપર વ્યાખ્યાનમાંજ આપના અસલ સ્વભાવ ઉપર જઇ ન કહેવાનાં વેણની ઝડી વરશાવી અને દસ મીનીટ પહેલાં દંભનું ભજવેલું નાટક ખુલ્લું કરી પોત પ્રકાશ્યું. આ પણ સાધુતાને ?

રાજેશ્રી ઝવેરી સજ્જન માણસ હોવાથી તેઓએ દસ મીનીટમાં આપ પાસે જે કંઇ સાંભળ્યું તેનો લાભ લેવા આપે આપના ભક્તો મારફત એક પ્રમાણપત્ર મેળવ્યું અને તે જાહેર છાપામાં મૂકાવ્યું. શું ! આપ આવી રીતે સજ્જન માણસો આગળ થોડા વખત માટે ડાહી ડમરી વાતો કરી પ્રમાણપત્રો એકઠાં કરી જૈન સમાજમાંથી આપે ગુમાવેલું સ્થાન મેળવવા તો નથી માગતને ? કે પછી કોઇ ઠેકાણે આવાં પ્રમાણપત્રો રજુ કરી મહા ઉપાધ્યાયની પદવી મેળવવાની ચાલબાજી રમો છો ? ભલેને આપ ગમે તેવી પદવીઓ મેળવો કે પ્રમાણ પત્રો ભેગાં કરો, પણ સમાજ તો આપના ઉપર ત્યારેજ વિશ્વાસ મુકશે કે જ્યારે આપ આપની વાણીમાંથી વેર ઝેર ને ઇર્ષ્યાને તીલાંજલી આપી સુધરો ત્યારેજ સમાજમાં આપનું સ્થાન છે. બાકી ભલે આપના ગણ્યા ગાંઠયા ભક્તો ગમે તેટલાં બહુમાન કરે, તેની સમાજને કશીએ પરવા નથી કે લેવાદેવી નથી.

તમે વારંવાર એમ બણગાં ફુકયાજ કરો છો કે હું શાસ્ત્રની આજ્ઞા સિવાય એક ડગલું પણ આગળ ચાલતો નથી. તો પછી તમારા માટે વિદ્વાન જૈનેતરોનાં પ્રમાણપત્રો મેળવી પેપરોમાં ફેલાવો કરાવવો એ પણ શાસ્ત્રના આધારેજ કર્તા હશો ?

થોડાજ દિવસોથી આપે અંધેરીમાં ઉપધાનની ક્રિયા કરાવવાનું શરૂ કર્યું છે. તેમાં પેસનારા ભાઇઓમાં એક ભાઇ શ્રી વિજય વલ્લભસૂરીના ભક્ત છે એમ આપને માલમ પડવાથી આપના હુકમનુસાર તે ભાઇને મેથીપાક જમાડી કઢાડી મૂકયા એ સાચું છે ? અને સત્ય હોય તો કયા શાસ્ત્રના આધારે તેમને વિદાય આપી તેમ લપડાક અને ઢોંસાશાહી ચલાવેલી ?

શ્રી જૈન યુવક મંડળ.

અમારા મંડળની મીટીંગ તા૦ ૨-૧૨-૩૦ ના રોજ મળી હતી જેમાં નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે. પરમાનંદ કુંવરજી કાપડીયા જેઓ સામાજીક તેમજ ધાર્મીક સુધારાના પ્રખર હિમાયતી તરીકે આખી જૈન સમાજમાં પંકાયેલા છે તેઓ અત્યારની ચાલુ ચળવળને અંગે રાષ્ટ્રીય સેવા કરતાં સરકારના મહેમાન બન્યા તે માટે અમારૂં મંડળ તેમને અભિનંદન આપે છે. લી૦

ભાવનગર, તા૦ ૧૨-૧૨-૧૯૩૦. } શા. હરગોવન ગીરધર. સેક્રેટરી શ્રી જૈન યુવક મંડળ.

નોંધ અને ચર્ચા.

જુઠાણું-શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનું કે વીરશાસનનું ?

ભાવનગરની જુની અને જાણીતી જૈન સંસ્થા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સંબંધમાં વીરશાસને તદ્દન કપોલ કલ્પીત સમાચાર ફેલાવ્યા તે પ્રસંગે અમોને ખાત્રી હતીજ કે આ સમાચાર તદ્દન ખોટા હોવાજ જોઇએ તે હકીકત સભાના મંત્રીનો સંતાવાર કાગળ જે અમોએ પત્રિકાના તા૦ ૨૨-૯-૩૦ ના અંકમાં છાપ્યો છે તે ઉપરથી પુરવાર થઇ ગઇ છે. વીરશાસનથી તે વાત કઇ રીતે જીરવાઇ શકે ? તેણે તા૦ ૧૭-૧૦-૩૦ ના અંકમાં શેઠ કુંવરજી આણંદજી તથા સભાના બીજા સભાસદોની વચ્ચે થયેલી વાતચીતનો હેવાલ પ્રસિદ્ધ કર્યો ને તે ઉપરથી સમાજને એમ ઠસાવવા પ્રયત્ન કર્યો કે પોતે પ્રગટ કરેલી હકીકત સત્ય હતી. એક સંસ્થા પોતાની મીટીંગ મેળવીને ઠરાવ કરે અને સભાના અમુક સભ્યો સાથે મળીને આપસ આપસમાં વાત કરે અગર કબુલાત કરે તે બંને બાબતમાં વીરશાસનને ફેર લાગતોજ નથી. હવે સમાજ તેમની આવી વાતોથી છેતરાય તેમ નથી.

અમોને આશ્ચર્ય તો એ થાય છે કે સભાના રેકાર્ડ ઉપર જ્યાં અરજીની વાત આવી નથી તેમજ જે હકીકત અરજ કરનારના ખ્યાલમાં પણ નથી તે વીરશાસનના તંત્રીના ટેબલ ઉપર કયાંથી આવી ? વીરશાસનના એચ. ડી. શાહના જણાવવા મુજબ અરજ કરનારાઓ એમ માને છે કે સભાને અમો અમારીજ ગણીએ છીએ છતાં કુંવરજીભાઇને સભાની વતી બધી વાત નકકી કરવાના હકદાર કેમ સ્વીકારે છે ? જૈન ધર્મ પ્રકાશમાં લેખો કોના લેવા કે ન લેવા તે નકકી કરવાનો હક પ્રકાશના તંત્રીનો છે. પ્રકાશ સભાનું વાજીંત્ર હોય તો સભાના મીટીંગ મળી તંત્રીને ઉપર્યુકત બાબતનો ઠરાવ કરી જણાવે નહિ ત્યાં સુધી ઠરાવ થયો એમ કેમ કહી શકાય ? આવી સર્વ માન્ય પ્રણાલિકા દરેક સ્થળે છે. જૈન ધર્મ પ્રસારક સભાની મીટીંગ મળી નથી તે હકીકત તો વીર શાસનનો લેખક પણ કબુલ કરે છે તેમજ તંત્રીએ લેખકોને એમ પણ કહેલ નથી કે તમો લેખો મોકલશો તો લેવામાં આવશે નહિ. એટલે વીર શાસનની મૂળ હકીકત તદ્દન અસલ નીવડે છે.

વળી વીર શાસન જણાવે છે કે પ્રતિષ્ઠિત સ્થળેથી ખબર મળ્યા હતા. તેના ટેકામાં તા૦ ૨૧-૧૧-૩૦ ના અંકમાં જણાવે છે કે પ્રથમના ખબર આપનારે વીગતવાર હેવાલ મોકલ્યો. પ્રતિષ્ઠિત સ્થળ શું ? એચ. ડી. શાહ એ નામનું પ્રતિષ્ઠિ સ્થળ હોય ખરૂં ? ભાવનગરમાં એચ. ડી. શાહ નામના પ્રતિષ્ઠિત માણસ તો છેજ નહિ. માટે સ્થળ હોય તો વીર શાસનના તંત્રી જાણે. ખબર આપનારનું આખું નામ પ્રગટ થશે ત્યારે બધી સચાઇની ખબર પડી જશે. આગળ ચાલતાં તંત્રી લખે છે કે 'આ વાતચીત પણ એક વાત તો અવશ્ય પુરવાર કરે છે કે તે લેખોમાં ધર્મહીનતાનાં તત્વો હતા. આ પણ તંત્રીની નવી ગપ છે તેમના ખબરપત્રીના જણાવવા મુજબ ચોકકસ માણસો ભેગા થયા હતા, તેમાંનો મોટો ભાગ અરજી કરનારમાંનો હતો. બાકી રહ્યા કુંવરજીભાઇ-વાતચીતનો આખો હેવાલ વાંચતાં કુંવરજીભાઇએ આ લેખોમાં ધર્મહીનતાના તત્વો હતા એમ સ્વીકાર્યું હોય તેમ જણાતું નથી. આતો તેના ખબરપત્રીના હેવાલ ઉપરથીજ પુરવાર થાય છે. બાકી કુંવરજીભાઇની ઇજ્જતની વીરશાસનને ચીંતા રાખવાની જરૂર નથી. મુરબ્બી કુંવરજીભાઇની ઇજ્જત જૈન સમાજમાં તેમની ધર્મ ભાવના અને ધાર્મિક જીવનને લીધે સંપૂર્ણ રીતે જળવાયેલી છે. ખાનગી વાતચીતના સહરાગાટ ભરેલા હેવાલો તેમાં ફેરફાર કરી શકે નહિ.

દિક્ષાનું શાસ્ત્ર.

[ગતાંકથી ચાલુ.]

पंचिंदियसंवरणो तह नवविहबंभचेरगुत्तिधरो
चउव्विहकसायमुक्को इअ अट्ठारस गुणेहिं संजुत्तो ॥
पंचमहव्वयजुत्तो पंचविहायारपालणसमत्थो ।
पंचसमिओ तिगुत्तो छत्तीसगुणो गुरू मज्झ ॥

ગુરૂના સ્વરૂપને બતાવનારા ઉપરોકત સૂત્રથી અને તેના ભાવથી આપણે સૌ તો પરિચિત છીયે છતાંય કહું છું કે જેને આપણે ગુરૂ રૂપે ગણી માનીયે છીયે, પૂજીયે છીયે, અને એમનાં અડધા વેણે આપણે એમની આજ્ઞા ઉઠાવવાને તૈયાર રહીયે છીયે તેઓનો બરાબર ઓળખાણ તો હોવીજ જોઇયે ! સમુદ્રનો પ્રવાસી, નિર્જામા (ખલાસી) જાતિમાં જન્મેલ પણ અણુવ્રત નિજમાની હોડીમાં બેસે તો તેનું શું થાય ! આપણને તો એ પણ ખબર છે કે દરકોઇ દેશની સરકાર સ્ટીમરના રક્ષક (કેપ્ટન) નું પદ ગમે તે મનુષ્યને નથી આપતી; જો કે એ રક્ષકનો પોષાક આપણાં કરતાં જુદો હોય છે તો પણ પોષાક માત્રથીજ તે પદ નથી મળતું; માટે આપણે સમજવું જોઇએ કે ધોળાં પીળાં કે ભગવાં વસ્ત્રને પહેરનાર કોઇ ભાઇ કે બેન ગુરૂપદને યોગ્ય ત્યારેજ હોઇ શકે કે જ્યારે તેમનામાં પાંચે ઇન્દ્રિયોને કબુમાં રાખવાનું બળ હોય; મરણાંત કષ્ટના પ્રસંગે પણ બ્રહ્મચર્યનો પોષક નવે વાડને તેઓ સાચવી શકતા હોય; ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયો જેમનામાં ઓછામાં ઓછા હોય; વળી જેઓ બોલવા માત્રથી નહિ, પણ પોતાના આચારો દ્વારા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને ત્યાગનાં મહાવ્રતોના પારપાલક હોય; જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર આ પાંચ આચારોના પાલનમાં જેઓ દૃઢહોય, જેઓ પાંચ સમિતિને સેવતા હોય; વળી જેઓની ભાષા સત્ય અને મધુર હોય અને જેમના મન વચન અને શરીર કોઇ પણ પ્રકારની અસત્ પ્રવૃત્તિથી અપવિત્ર ન થયાં હોય એવો કોઇ પણ મનુષ્ય અથવા તો આ ગુણો માટે પ્રમાણિક પ્રયત્ન કરતો મનુષ્ય ગુરૂપદને યોગ્ય હોઇ શકે છે.

શાસ્ત્રકારો કેવા ડાહ્યા છે તે જુઓ તો ખરા ! આપણે વેષ વેષ કરીએ છીયે પણ ઉપરના ગુરૂ લક્ષણ સૂત્રમાં છે કયાંયે છે વેષનું નામ ! આથી વેષનું અપમાન કરવા હું હું ઇચ્છતો નથી, પણ એટલું તો જરૂર કહું છું કે, કોઇ પણ દુકાનદાર પોતાની દુકાનને ભપકાબંધ રંગથી શણગારે અને સારામાં સારૂં પાટીયું મારે, છતાં તે દુકાનમાં સારો માલજ ન હોય અને દુકાનદાર પોતે અપ્રામાણિક અને ઠગ હોયે તો શું એ પેઢી ચાલશે ખરી ? આમ છતાંય આપણે અવિવેકી બની આંખો મીંચીને કોઇના દોરાયા, દોરાયા કરીએ અને અંતઃકરણથી સત્ય વિચારવા કે જાણવા કાંઇ પ્રયત્ન ન કરીયે તેમાં શાસ્ત્રનો શો દોષ ?

ભગવાન શ્રી મહાવીરે જાણ્યું કે આ શ્રમણો ચાર વ્રતોનો નિયમ તો લેશે, પણ એમાં આવતા પરિગ્રહવિરમણમાં અબ્રહ્મત્યાગના સમાવેશને નહિ સમજે માટેજ એમણે ચારને બદલે પાંચ વ્રતનો ઉપદેશ કર્યો; અને અબ્રહ્મવિરમણને પણ એક મહાવ્રત તરીકે સમજાવ્યું. એજ પ્રમાણે આપણા પૂર્વાચાર્યોએ જાણ્યું કે, અદત્તાદાન વિરમણ વ્રતમાં છોકરાં ભેગાડવાની પ્રવૃત્તિનો પણ ત્યાગ આવી જાય છે છતાં આવા કોક સાધુઓ ધર્મને બાને, સંયમને બાને કે શ્રી મહાવીરના શાસનની રક્ષાને બાને, છોકરાંને ભગાડવાની પ્રવૃત્તિને કે એવીજ બીજી કોઇ અનુચિત પ્રવૃત્તિ કરશે અને ભગવાનના ભેખની નીચે રહી એ પ્રવૃત્તિનું પણ વિધાન કરશે. માટેજ એમણે એવી જાતની વૃત્તિ કરનારાઓ માટે પ્રાયશ્ચિતનાં વિધાન કર્યાં છે અને કેવા પ્રકારના મનુષ્યો દીક્ષાને અયોગ્ય હોય છે તે પણ સવિસ્તર દર્શાવ્યું છે. આ રહ્યાં એ પ્રાયશ્ચિત્તનાં વિધાનઃ

इयाणि सेहनिप्फेडिया करेमाणो तइयं क्यं अयरइ । तेणो लब्भइ अइयंरतो ।

("सुघोषा"માંથી.) (અપૂર્ણ.)

જમાનાને ઓળખો.

સગીર ઉમરના બાળકોને ઉંધું ચીતરી સમજાવી નસાડી ભગાડી દીક્ષા આપી દેવાના બનતા કીસ્સાઓથી જૈન સમાજની છડેચોક બહાર સમાજમાં નિંદા થઇ રહી છે. છતાં સગીર બાળકોને મુંડી નાંખવાનો ધંધો લઇ બેઠેલા રામ–સાગરની ટોળીએ હવે જમાનાને ઓળખવાની જરૂર છે, આ યુગમાં પોપશાહીનો જમાનો ચાલી ગયો છે. હવે તમારી ગમે તેવી લીલાઓ પછી મુલતાન મારવાડ કે પાલીતાણા ગમે તે નામે ઓળખાતી હોય કે બાળકોને નસાડવાની હોય કે ચારિત્રને દુષણ લગાડનારી ગમે તે હોય તેને આ જમાનામાં નહી ચલાવી લેવાય છતાં તમે ગોઠવણો કરવામાં હુશીયાર હોવાથી કદાચ ઉઘાડા પડતાં બચી જાઓ. પણ તમારી માફક બીજાઓને બાળકો સંતાડી મુંડી નાંખવાની ટેવ પડે તો, તમને તો સહન કરવું ન પડે. કારણ કે તમારી પેઠે તેમને ડામરની ગોળીઓ વેરનારા મળે નહિ એટલે બિચારા રખડી પડે. આથી સગીરોને નસાડી ભગાડી મુંડી નાંખવાનો ધંધો લઇ બેઠેલાઓને વિનવિએ છીએ કે આવી રીતભાતમાંથી હાથ ઉચકી લઇ જૈન સમાજને, થતી નિંદામાંથી બચાવો.

નહાના નહાના બેવકુફોની બહુજ મોહની લાગી હોય તો પારકા છોકરાને જતી કરવાનો ઇજારો રાખનાર પેલા તમારા ભગતોને મોક્ષે નથી જોઇતું ? તેને શું તેના બાળ બચ્ચાંને મોક્ષે નથી મોકલવા ? શાથી તેઓ હજુ પણ ગાડી, લાડી ને વાડીના મોહ નથી છોડી શકતા ? શું ! તેમના ઉપર આપના ઉપરદેશની અસર નથી થતી ? કે પછી આપનું ટોળું મોટું કરવા ગરીબ માબાપોની કીકીયો સમા નાદાન દીકરા, દીકરીઓને મુંડી નખાવવામાં મદદ કરવી તેનેજ મહત્તા સમજે છે.

લગાર જમાનાને, કાયદાને અને શાસ્ત્રને સમજો અને વિચારો અને સગીરોને, તેમ શાસ્ત્રે મનાઇ કરી છે તેવાઓને મુંડતા બંધ થશો તો સાધુઓને કોર્ટ દરબાર જવું પડે નહિ અને સમાજની નિંદા થાય નહિ.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મથેંથી પ્રસિદ્ધ કરી છે.

કોન્ફરન્સની કાર્યપ્રગતિ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.


તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૫૨ મો. | સંવત ૧૯૮૭ ના પોષ સુદી ૯. તા૦ ૨૯-૧૨-૩૦ | છુટક નકલ: ૦૫ આનો.

શ્રી. સૂરીશ્વરજીનો સાચો કરાર.

શ્રી. વિજ્યાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) એ અડતાળીસ વર્ષ ઉપર શેઠ દલપતભાઇ ભગુભાઇને લખેલ પત્ર.

અયોગ્ય દિક્ષાના હિમાયતીઓ જરા મનનપૂર્વક વાંચજો ને વિચારજો.



તરજુમો.

સ્વસ્તીશ્રી અમદાવાદે શ્રાવક પુણ્ય પ્રભાવક દેવગુરૂ ભક્તિકારક શેઠ દલપતભાઇ ભગુભાઇ સપરિવાર યોગ્ય લી૦ શહેર અંબાલાથી સાધુ આત્મારામની તરફથી ધર્મ લાભ વાંચજો. જત અત્રે દેવગુરૂ પસાયે સુખસાતા છે. આપ હમેશાં આનંદમાં રહો. મેં આપને આટલા દિવસ કાગળ નથી લખ્યો તેનું કારણ એ છે કે એ માણસ ધ્રાંગધ્રાના મારી પાસે લોદીદ્વાને (લુધીઆના) રાત્રીના બે વાગે આવ્યા હતા. ને એ અવસરે કહેવા લાગ્યા કે અમારે દીક્ષા લેવી છે. જો તમે આપશો તો ઠીક છે નહિ તો અમે પોતે વેશ પહેરી લઇશું. કારણ કે અમારૂં આજનું મહુરત છે. તે વખતે મને તાવ આવતો હતો. ત્યારે તેમને સાધુઓએ વેશ આપી દીધો. પછી ત્યાંથી મેજરે ગામમાં ગયા. ત્યાં આપનો કાગળ અંબાલા થઇને આવ્યો કે ધ્રાંગધ્રાવાલા તમારી પાસે આવ્યા હોય તો તેમને દીક્ષા આપતા નહી ત્યારે તો **મને બહુજ લજ્જા આવી.** મારા મનમાં એવી લજ્જા આવી કે શેઠજી લખે છે કે એમને દીક્ષા ન આપવી અને એમને તો દીક્ષા આપી દીધી. હવે હુ શેઠજીને શું જવાબ લખું. એ લજ્જાથી આપને કાગળ નથી લખ્યો. મહારા સદ્‌ગુરૂજી મહારાજ સ્વર્ગવાસ થયા તો પણ લજ્જાના લીધે કોઇપણ કાગળ ન લખ્યો, અને આપે તો મને **નાલાયક જાણી** કાગળ ન લખ્યો એ માટે આપ સાચા છો. પણ મારી નાલાયકી તરફ આપે ખ્યાલ ન કરવો જોઇએ. કેમકે હું.....બુદ્ધિનો છું. શ્રી સદ્‌ગુરૂના સમાચાર મેંહ જાવાવાળા પંજાબી ભાઇઓથી સાંભળ્યા છે. તેમ આપે કરેલ એ.ચ્છવ સઘળુ સાંભળ્યુ છે. આપ મને શ્રી શેત્રુંજયજીના સર્વ સમાચાર લખજો. સરકારની તરફથી શું હરાવ નક્કી થયો છે.

સં. ૧૯૩૯ બીજ શ્રાવણ સુદી ૯. લી૦ **આત્મારામ.**

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

કોન્ફરન્સની કાર્યપ્રગતિ.

આપણી જૈન કોન્ફરન્સનું કામકાજ જુન્નેરની બેઠક પછી આગલા વરસોની સાથે સરખાવતાં સારા ઉત્સાહપૂર્વક ચલાવવામાં આવે છે તેને માટે રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓને અમે ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી. હવે શેઠ છોટાલાલ પ્રેમજી સકારણ છુટા થયા છે ને કમિટિએ તેમની કિમતી સેવાની નોંધ લીધી છે ને રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીની તેમની જગ્યાએ ચુંટણી કરવામાં આવી છે. તે બંધુ એક વખત કોન્ફરન્સના જનરલ સેક્રેટરી હતા. તેઓ શેઠ રણછોડભાઇની સાથે રહી કોન્ફરન્સનું કાર્ય વધારે સતેજ બનાવશે એવી અમો આશા રાખીયે છીએ. આમ થશે ને તેમ થશે તેવા ખ્યાલો કાર્ય શરૂ કરતાં વખતે રાખવાનો જમાનો નથી કોમની સેવામાં યોગ્ય ભોગ આપવા તત્પરતા દાખવી કાર્યપ્રણાલિકા આદરવી તેજ વધારે ઉચિત છે. ફળ આવવાનું હશે તે મોડુ વહેલું પણ આવી રહેશે અને કરેલા પ્રયાસો નકામા જશે નહિ. સ્ટેન્ડીંગ કમિટિની ઘણી મિટિંગો આ સાલમાં મળી છે ને સભ્યોએ પણ રસપૂર્વક તેમાં ભાગ લીધો છે. કોઇ અપવાદની ખાતર બધાને દોષિત માનવાની જરૂર નથી. ગત કાળની સ્મરણના જોને માટે હાલના સેક્રેટરીઓ જવાબદાર નથી. તે અંગે ઘણી ટીકાઓ થઇ છે. હવે તે સવાલને વર્તમાનપત્રોમાં ચર્ચનારને અંગત દ્વેષ સિવાય બીજું કોઇ પ્રયોજન હોય તેવો સંભવ નથી અસ્તુ હાલ સુધી કેટલીક ખાસ સુચના કરવાની છે. આવતી બેઠક ભરવા સંબંધી સ્થળ નક્કી થાય તેને માટે પ્રયાસો કરવા. તે બાબતને અંગે બનેલી હકીકતમાંથી જનતાને જણાવવા લાયક માહીતી પ્રસિદ્ધ કરવી જોઇએ. (૨) જૈન યુગ હવે જલદી પાક્ષિક તરીકે પ્રગટ થાય તેમ સુચવીયે છીએ. (૩) પ્રાન્તિક સેક્રેટરીઓ જેની નીમણુંક જુન્નેરમાં કરવામાં આવી હતી. તે બધાઓએ હોદ્દા સ્વીકાર્યા કે નહી. જેમણે હોદ્દા સ્વીકાર્યા હોય તેમને સ્થાનિક કમિટિઓ નીમવા તથા પ્રાંતિક કમિટિ ગોઠવવા તેઓ પ્રયાસ કરે તેવા કાગળો લખવા જોઇએ ને તે પત્રવ્યવહારનું પરીણામ કાર્યવાહી સમિતિ પાસે યોગ્ય સમયે જાહેર થવું જોઇએ. કારણ કે જ્યાં સુધી સ્થાનિક કમિટિઓ નીમાશે નહિ ત્યાં સુધી કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવાનું બની શકશે નહિ. આ તકે અમોને જણાવતા આનંદ થાય છે કે ગોહેલવાડના પ્રાંતિક સેક્રેટરી રા. રા. જીવરાજભાઇએ આપણા સુપ્રસિદ્ધ આગેવાન શેઠ કુંવરજીભાઇનો સહકાર મેળવી ભાવનગરમાં સ્થાનિક કમિટિની રચના કરી છે તેમાં ભાવનગરના યુવાનોએ સારો સાથ આપ્યો છે યુવાન ઉત્સાહી વકીલ રા. ચત્રભુજ જેચંદ તે કમિટિના સેક્રેટરી નીમાયા છે. અમોને આશા છે કે ગોહેલવાડના બીજા શહેરોમાં સ્થાનિક કમિટિ નીમવાનો પ્રયાસ ચાલુ રહેશે ને પછી ગોહીલવાડ પ્રાંતિક કમિટિ ગોઠવાઇ જશે. હાલમાં કોન્ફરન્સના ઉપદેશક રા. અમૃતલાલ વાડીલાલ કાઠીયાવાડમાં કોન્ફરસનું પ્રચાર કાર્ય કરે છે તેમની મહેનતથી અને સ્થાનિક આગેવાનોના સહકારથી કાઠીયાવાડના દરેક પ્રાંતમાં કોન્ફરન્સની પ્રાંતિક કમિટિ ગોઠવાઇ જશે એવી અમો આશા રાખીએ છીએ.

આપણી પ્રગતિનો અવરોધ.

લેખક : **સર્વદમન.**

વિશ્વના ઇતિહાસને ચોપડે જ્યારે જ્યારે અગણિત ધર્મયુધ્ધો, અંદર અંદરના ભેદો, નાની મોટી તકરારો વિ. અસંખ્ય બનાવોની દુઃખદ કથની ધર્મ કારણેજ ઉદ્ભવી એવું આપણે વાંચીએ છીએ ત્યારે ઘડીભર નિરાશ મન એમ કહેવા પ્રેરે છે કે એ પ્રકારના ધર્મો આ આલમમાં નહોત તો જનતાને કશો ગેરફાયદો ન થાત. થોડા વખત અગાઉ સમાજવાદના ચૂસ્ત હીમાયતી બર્ટ્રાન્ડ રસેલે એક નિબંધ લખી આજનાં ધર્મ ધતીંગોની ઠીક ઝાટકણી કાઢી છે. તેઓ માને છે કે 'આજનો ધર્મ અને તે ધર્મના કહેવાતા સત્તાધારીઓ સમાજને કશા હિતરૂપ નથીજ; ધર્મને નામે એ પાખંડીઓ આપખૂદી, અન્યાય, દમન, અંધશ્રદ્ધા અને એવા અનેક પાખંડો સમાજ ઉપર ચલાવે છે' ઉપરનું કથન સર્વાંશે સત્ય છે. સંસ્કૃતિનાં જુદાં જુદાં પગથીયાં બદલતી માનવ જનતાના અનુભવ અને સત્વશોધનરૂપે જે નીતિનું બંધારણ સમાજને મળ્યું તેજ ધર્મ; અને એ સતત્ પ્રવાહમાં નવાં નવાં ઝરણાંઓ ભળતાંજ રહ્યાં છે. જો આમ ન બન્યું હોત તો સમાજ આટલો રસ્તો નજ કાપી શકયો હોત.

આજ આપણા જૈન સમાજમાં નવા અને જુના વિચારના ધર્ષણ રૂપે જે તણખાઓ ખર્યા છે અને ખરે છે તે પ્રગતિનું શુભ ચિન્હ છે જો એક દુઃખદાયક બાબત તેમાં જણાતી હોય તો તે વિરોધી પક્ષોમાં રહેલી અસહિષ્ણુતાજ છે. પરંતુ આવાં અનેક ધર્ષણો અવનીની સપાટી ઉપર થઇ ગયાં છે એટલે જૈન સમાજ દુનીયાને ચોપડે કંઇ નવી નોંધ નથી નોંધાવતો. અરે, એવાં અકલ્પ્ય બનાવો બની ગયા છે કે જેની સમક્ષ આપણો મતભેદ તે 'પાશેરામાં પેલી પૂણી' તુલ્ય છે.

આપણા સુધારક પક્ષે અંધશ્રદ્ધા અને તેના મશાલધારીઓ સામે જે મોરચા માંડયા છે તે અત્યંત પ્રશંસનીય છે. આપણી (આપણા લોકોની) સામાન્ય, માનસિક વૃત્તિઓમાં જે ધાર્મિક બાબતો પ્રત્યેની સંકુચિતવૃત્તિ, ધર્મના વિશાળ અર્થ પ્રત્યેનો અણગમો અને દેહ અને જીવનને નિરસ વસ્તુઓ માની તેમને વેડફી દેવાના પ્રયત્નો વિ. વિ. અરૂચિકર તત્વોનું અસ્તિત્વ છે અને તેમાં ફેરફાર કરવા આજના યુવાન બંધુઓએ નવીન યુગની પ્રેરણા ઝીલી કંઇક પ્રયત્નો કરવા હામ ભીડી છે એ એક આશાનું કિરણ છે.

અત્યંત હાસ્યરૂપ અને તિરસ્કારણીય બાબત તો એ છે કે કહેવાતો 'શાસન પક્ષ' શાસનનાં મૂળીયાં ઉખેડવા બેઠો છે. રાષ્ટ્રભક્તિ અને ધર્મ તે ઉભય વસ્તુઓમાં રહેલી પૂણ્યભાવનાનો તે ઉચ્છેદજ કરે છે. આત્માની કલ્પિત ઉચ્ચતાનાં બણગાં ફુંકી અને સંસારની અસારતા વિષે એકજ ચીલે ચાલી આવેલ ઉપદેશ કરી તે પક્ષ સમાજને સત્ય માર્ગે દોરવાનો ઢોંગ કરે છે. દેશકાળ, સમાજની આર્થિક પરિસ્થીતિ, સકળ વિશ્વની ભાવનાઓનું પરિવર્તન આ સર્વ નવીન સંજોગો સમાજના ઘડતરમાં કંઇક ભાગ ભજવે છે; અને સમાજની ઉદ્ધારક કહેવરાવનાર સંસ્થાએ ઉપરોકત વસ્તુસ્થીતિનો તોલ

વખતો વખત કરવાની પૂર્ણ જરૂરીયાત છે. પરંતુ કુખતા માણસની પેઠે આજે એ પક્ષને ફાંફાં કેમ મારવાં પડે છે? બાહ્ય આડંબરો, છેતરપીંડી અને દેશકાળને અનુચિત રીતે ધનનો અઘટિત પ્રવાહ એ જો ધર્મધારી કહેવરાવવાનાં ભૂષણો હોય તો તે તેમને મુબારક છે. તે સાધનોથી તેઓ સમાજની લાંબી નિદ્રામાંથી ચેતન અને પુનર્જીવનનો પ્રાણ ફુંકવા માગતા હોય તો તે ફોક છે. તેમણે આ નવો અનુભવ કરતાં પહેલાં એમની કશીજ બુદ્ધિ અન્ય ધર્મોનો ઇતિહાસ વાંચી ઠીક રીતે વાપરવી ઘટે છે.

અને તેવી અહિતકારી સંસ્થાનો સામનો તેમને ઘટિતજ થવો જોઇએ, નહિં તો તેઓ એવી ઝનુન, અને તરંગી સ્થીતિને ઉદ્ભવ આપે છે કે જે નુકશાન સમાજને ભારે થઇ પડે છે. આપણા જૈન સમાજમાં કેટલાક એવા બંધુઓનો મને પરિચય છે કે જેઓ અમુક પક્ષના હોઇ સામાપક્ષનું પ્રત્યક્ષ સત્ય આચરણ અવગણે છે. એ પક્ષવાદી હોવાની ભાવના આપણી પ્રગતિમાં અવરોધરૂપ છે. આપણે સમજી પ્રાણી તરીકે ગુણગ્રાહી બનવું ઘટે છે. આ દ્વેષયુકત માનસિક સ્થીતિની પ્રેરણા ઘણીજ ભયંકર હોવી જોઇએ અને તેથીજ મારી ચોક્કસ માન્યતા છે કે જૈન સમાજે વિશ્વપ્રગતિમાં પોતાનો નમ્ર હિસ્સો આપવો હોય, જૈન સાહિત્યની અને જૈન સંસ્કૃતિની અમૃતધારા સમગ્ર પૃથ્વીપર ફેલાવવી હોય, અને અવનતિના માર્ગેથી આડા વળી કંઇક સર્વહીત સાધન બનવું હોય તો વિશ્વસંસ્કૃતિના પુણ્ય પ્રવાહમાં ભળી પોતાનો અવાજ પુરવો ઘટે છે. જૈન સમાજનો યુવાન વર્ગ તેનાં ઉચ્ચ આદર્શોને ફળીત કરવા મથતો હોય તો તેણે પ્રગતિનાં અવરોધી ગુણોને પ્રથમ ન્યાય આપી તે પછીજ તેમનાં પૂણ્યપંથે રચનાત્મક કાર્ય કરવા વીચરવાની જરૂર છે.

પહોંચ યાને સ્વીકાર.

અમૃત સરિતા ભાગ બીજો:

કર્તા મહાસુખભાઇ ચુનીલાલ વીસનગર-દીક્ષાની હાલની કેટલીક અયોગ્ય પધ્ધતિને ઉધડી પાડનાર આ પુસ્તકનો બીજો ભાગ અમોને મળ્યો હતો તેના સ્વીકારમાં થયેલી ઢીલને અંગે શેઠ મહાસુખભાઇની અમો ક્ષમા યાચીએ છીએ. આ ગ્રંથનો બહોળો પ્રચાર થવાની જરૂર છે. કોઇ પણ જૈન બચ્ચો ભાગવતી દીક્ષાથી વિરૂદ્ધ હોઇ શકે નહિ ચાલુ કાળના ઘણા અનુચિત સાધનોથી તથા યુકિતઓથી અપાતી દીક્ષા સામેનો પોકાર હજી બરોબર અસરકારક નીવડ્યો નથી. માટે આ પુસ્તક લહાણીરૂપે વહેંચનારા નીકળે તે જરૂરનું છે વિશેષ અવલોકન અનુકુળ સમયે

આ ગ્રંથ શ્રી જૈન યુવક સંઘની ઓફીસમાંથી મળી શકશે. કિંમત રૂ. ૧-૮-૦. યુવક સંઘના સભ્યો માટે રૂ. ૧-૪-૦.

ભાવનગરના સમાચાર: કોન્ફરન્સના ઉપદેશક અમૃતલાલ વાડીલાલ ભાવનગર આવેલા હતા તેમનું ભાષણ જૈન સમાજની ચાલુ પરિસ્થિતિ ઉપર શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાખવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં માણસો હાજર હતા વકતાએ લગભગ એક કલાક સુધી ચાલુ પરિસ્થિતિનો સચોટ ખ્યાલ આપ્યો હતો ને છેવટે તે પરિસ્થિતિમાં સુધારો કરવા માટે કોન્ફરન્સની જેવી સંસ્થાની આવશ્યકતા ઉપર ભાર મૂકયો હતો. ભાષણને અંતે કોન્ફરન્સના કાર્ય માટે કાયમી ગોઠવણ થાય તેની વિચારણા કરવા એક કામચલાઉ કમિટિ નીમવામાં આવી હતી તે કમિટિની એક મિટિંગ મળી હતી ને ભાવનગર માટે એક સ્થાનિક કમિટિ સ્થાપવાનું નક્કી થયું હતું. તે પછી સ્થાનિક કમિટિની એક મિટિંગ મળી હતી તે કમિટિના સેક્રેટરી તરીકે રા. ચત્રભુજ જેચંદ શાહ નીમાયા હતા. સુકૃત ભંડાર ફંડ ઉધરાવવાનું શરૂ થયું છે. ત્યાંના પ્રાન્તિક સેક્રેટરી રા. રા. જીવરાજભાઇ વગેરેના પ્રયાસથી ફંડમાં સારો ફાળો થશે એવી આશા છે.

સામાજીક અભ્યાસ.

અભ્યાસક: હેમચંદ્ર લધુભાઈ દોશી, જામનગરવાળા.

સ્વતંત્ર સ્ત્રીશક્તિ.

"સ્ત્રી એટલે પ્રેરણા; પુરૂષ એટલે કાર્ય-વિજય;
પ્રેમ એટલે પૂર્ણતા."

કોઇ પણ દેશની સંસ્કૃતિના વિકાસનો આધાર તે દેશની સ્ત્રી શકિતના વિકાસ ઉપર અવલંબે છે. સ્ત્રીની પ્રેરણા વગરનાં પુરૂષોનાં બુદ્ધિજલ નિરંતર છીછરાજ રહેશે. બુદ્ધિ વિકાસ ગૃહ સંસારની સબળતા અને સફળતા ઉપર આધાર રાખે છે. ઉપરનો લેખ વાંચતાં સહેજે થશે કે પુરૂષોને સ્ત્રી શકિત માટે આ બધું લખવાનો શું હક્ક છે? તે છુટ બદલ મ્હને દરગુજર કરવા વિનંતિ કરૂં છું.

મહાશય પોલ રીશાર કહે છે કે:

"Men have but for too long arrogated, the right not only to advise women, but also to decide for them and make them develope in the lines most favourable to their own selfish masculine interests."

(પુરૂષોએ અતિ લાંબો વખત સુધી સ્ત્રીઓને માત્ર સલાહ આપવાનોજ નહિં, પરંતુ તેમને માટે નિર્ણય કરવાનો અને પુરૂષોના સ્વાર્થ અને સગવડને પોષતી પધ્ધતિ એજ તેમનો વિકાસ કર્યો છે.) સ્ત્રીઓએ પણ કમભાગ્યે પુરૂષોનો એ હક્ક ગુલામની માફક સ્થાપિત થવા દીધો છે. સ્ત્રીઓ કેદી કે ગુલામ જેવી મહાભારતના વખતથી થઇ ગઇ છે. પરતુ હવે સ્ત્રીઓને સહેજે ગુલામી ફેંકી દેવાનો વખત આવ્યો હોય તેમ જણાય છે.

વિશ્વ આજ પ્રયત્નપૂર્વક પોતાના નવા આદર્શો સ્થાપિત કરવા આકાશ-પાતાળ એક કરી રહ્યું છે. જગતમાં નવિનજ પ્રવાહ વહેતો થયો છે. અને જુઓ! જ્યાં જ્યાં આ નવો પ્રવાહ શરૂ થયો છે ત્યાં ત્યાં સ્ત્રીઓ ફડકે અને ભૂસકે આગળ વધી રહી છે. તેઓ રસ્તો ખુલ્લો કરી રહી છે. તેઓ પુરૂષોમાં શ્રદ્ધા અને હિંમત પુરતા જોશથી રેડી રહી છે. તેઓ ડગમગતી મહેલાતોને ટેકા-સબળ ટેકા-આપી રહી છે. જ્યાં જ્યાં પ્રજાઓ ઉન્નત થઇ છે ત્યાં ત્યાં ત્યાંની સ્ત્રીશકિત જાગૃત અને વિકસીત થઇ હોય છેજ. નવાં સર્જનની સર્વ કોઇ ભાવનાઓને સ્ત્રીઓનો ટેકો હશે તોજ નવું સર્જન શકય અને સ્થાયી થશે. ખરૂં સ્ત્રીત્વ એ કંઇ પશ્ચિમની માફક સ્ત્રીઓને પુરૂષો જેવી બનાવવાના મિથ્યા પ્રયત્નો નથી. (True feminism is not the masculinism of wamen) સ્વતંત્ર સ્ત્રીશકિત સિવાય સ્વાર્થત્યાગી, સેવા પરાયણ સ્ત્રીશકિત અસંભવિત છે.

સ્ત્રીઓ પુરૂષને પૂજે કે પુરૂષો સ્ત્રીઓને પૂજે એ બન્ને પૂજા અનર્થકારક છે. કોઇએ કોઇને પૂજવાની જરૂર નથી. સ્ત્રી પુરૂષને આત્માના એક સ્વરૂપ તરિકે વ્યાજબી લાગે તો પૂજે પુરૂષ સ્ત્રીને આત્માને એક સ્વરૂપ તરિકે વ્યાજબી લાગે તો પૂજે. **સમાજના માનવા ખાતર કે પ્રણાલીકા કે રૂઢીને ખાતર કોઇ કોઇને ન પૂજે.** ખરા દમ્પતિઓ ત્યારેજ પૃથ્વી ઉપર આવવા વિચાર કરશે. બાકી પશુઓ ઘણાએ છે.

સરળતા, સ્વચ્છતા અને સૌંદર્ય એ ત્રણ આદર્શ સ્ત્રીઓને કેળવવા યોગ્ય છે. માત્ર અહંપોષક અને દંભી આભૂષણોથી અધૂરાં છે. આવાં આભૂષણોથીજ સૌંદર્ય ખીલતું હોય તો એ માન્યતાજ મૂર્ખાઈ છે. મન અને શરિરને ખરે-ખરું! આલ્હાદક જરૂરીયાતોજ પોષવી જોઇએ. નર્યો વિલાસ-ભોગોપભોગ-ટાપટીપ અનિષ્ટ છે.

સ્વચ્છતાહિન આપણા જીવનમાંથી કેટલી સામાજીક બદીઓ ઉદ્‌ભવી છે તેનો વિચાર કરીએ તો હિંમત આવે. આપણા ગંદવાડે અનહદ અનર્થો કર્યા છે. પરમકૃપાળુ હવે તું હિંદને અસ્વચ્છતાથી બચાવ. ગરિબીને અંગે રહેતી અસ્વચ્છતા ક્ષંતવ્ય છે. પરંતુ છતાં સુખ સમૃદ્ધિ પણ માત્ર ચાળસને અંગે ઘણા ગૃહોમાં, શેરીઓમાં, શહેરોમાં ડુબાડુબ અસ્વચ્છતા પોષાય છે.

જગતની ઘણી બદીઓ સ્ત્રીઓનો હાથ પડતાં આપોઆપ અલ્પ સમયમાં દૂર થશે. રાજકીય લડતમાં સ્ત્રીઓનો હાથ પડતાંજ લડત અર્ધ સફળ તો થઇ ગઇ. સ્ત્રીઓ જે કોઇ કાર્ય હાથમાં ધરે છે તેમાં સહેજે દ્રઢના દૈવી તત્વ ઉમેરાતાં જણાય છે. સ્ત્રીઓના જાહેર જીવનમાં આવવાથી અર્ધો સમાજસુધારો થઇ ગયો છે. હવે તો અર્ધોજ બાકી રહ્યો છે.

મોટા ભાગના લેખકો અપવાદ સિવાય એમના સમયના સંસ્કારોથી આગળ નથી જઇ શકતા, કોઇક જવલ્લેજ બેચાર ડગલાં આગળ જતો દેખાય છે. પોતાનાં કાળની અસરથી સર્વથા મુકત લેખક હજી જોયો કે જાણ્યો નથી. ગુજરાતની સ્ત્રીશકિત આજે પ્રેરણા આપે એવી દેખાય છે. માટેજ સ્ત્રીશકિત અને સ્ત્રીસ્વાતંત્ર્યના પ્રયત્નો સહેજે ઘણી જગ્યાએથી થાય છે. સ્ત્રીઓ આજે સૌ કરતાં વધારે સ્વાતંત્ર્યને લાયક મનાય છે.

આપણી આસપાસ કચરાઇ જતું સ્ત્રીજીવન અને તેના બોજાને અંગે કચરાઇ જતું પુરૂષજીવન આપણે જોયું છે. એની ભયંકરતાથી આપણને કંટાળો પણ આવ્યો હશે. પરંતુ એ ભયંકરતા કાઢી નાખવાના સજ્જડ-સબળ-અડગ પ્રયત્નો હજુ થયા નથી. એ પ્રયત્નો કરવાનો હાલનો સર્વથા વધારે અનુકુળ પ્રસંગ છે.

સ્ત્રીઓના હકકનો સવાલ એક વખતે પશ્ચિમમાં અને હાલ પૂર્વમાં પુરૂષોને અપમાનકારક લાગે છે, અપવાદ નથીજ એમ કહી શકાય. પુરૂષો સ્ત્રીઓના હકકનો સવાલ ઉપસ્થિતજ થવા દેતા નથી. નીરાધાર સ્ત્રીત્વથી ભરપૂર જીવન જીવવા કેળવાયેલાઓ પણ વિચાર ધરાવે છે. કેટલી દયાપાત્ર સ્થિતિ!

કેટલીક સ્ત્રીઓ જુના બંધનો તોડવા મથે છે. પરંતુ નવી પરિસ્થિતિ સ્વીકારવા તત્પર નથી. આવી સ્ત્રીઓ સુંદર છે. પરંતુ દ્રઢ કે મજબુત નજ કહેવાય. આવી સ્ત્રીઓમાં જોમ નથી એમ આપણને સહેજે લાગે છે. પરિસ્થિતિની સંજોગોની એ અધિષ્ઠાત્રી નથી થઇ શકતી. પરંતુ સંજોગો સાથે એ ઘસડાય છે. આવી નિર્બળતા ઉપર જવલંત પુરૂષો ચિઢવાય પણ ખરા.

મધુર છતાં પ્રતાપી સ્ત્રીત્વ કવચિતજ નજરે પડે છે આવી જાતની કલ્પનામૂર્તિઓએ કેટલાએ યુવાનો, કેળવાયેલાઓ, કોલેજીઅનોને ચકડોળે ચડાવ્યા છે, પોતાની જાતને સંપૂર્ણ માનનાર કેટલાયે કોલેજીયનો: "સુંદરી જેવી મહારી પત્નિ નથી" એ વિચારે જીવન બાદ કરી નાખે છે-વેડફી નાખે છે.

સ્ત્રીઓ માત્ર ભાવનામાં વસતી હતી તેમણે હવે બુદ્ધિ ક્ષેત્રમાં ને રાજકીય ક્ષેત્રમાં ઝુકાવ્યું છે. નિશ્ચયાત્મક બળવાળી સ્ત્રીઓ તો હાલ પણ ગણ્યાગાંઠ્યા પ્રમાણમાં મળી આવે છે. ભાવનાના પતિને પસંદ કરવાનું બળ એમનામાં છે. પરંતુ **"આપણા આર્યજીવનની મહત્તા આદર્શને પાળવાનું બળ કેળવવા કરતાં આદર્શ રચી ન પળાય ત્યારે આત્મભોગ આપવામાં વધારે મનાઇ ગયું છે."** કેટલીક સ્ત્રીઓ સહચરી થઇ શકે એવો વિચાર કરવામાં પણ ધૃષ્ટતા લાગે છે. એવી સ્ત્રીઓને તો દેવી તરિકેજ પૂજી શકાય. કલ્પનાના મધુર ઉડ્યનો પાસે તેવા સ્ત્રીઓને જીંદગીની અનિવાર્ય જરૂરીયાતોનું લેખું પણ ન હોય. એવું એ સૌંદર્ય બુદ્ધિની પૃથક્કરણ શકિતને માટે નથી. સુંદર સ્વપ્ન સમા પડછાયાજ હાલ તો આપણને ઘેરે છે. આવી સ્ત્રીઓ હૃદયને આકર્ષતી નથી. પરંતુ વિચારને સ્ફુરાવે છે.

ચમકારા કરતી ચતુરાં કે કોડીલી ગૌરવભરી મુગ્ધા કે મદભરી દીવદ્વારનાં અંતર સમજવાના પ્રયત્નો પણ અનેક પ્રસંગે નિષ્ફળ નિવડે છે. આવી નાયિકાઓ જગત્ સાથે પ્રત્યક્ષ સંબંધ બાંધવા કરતાં મન માનતા પ્રીયતમની અધિષ્ઠાત્રીઓ થવાનું પસંદ કરે છે. એમને હોઠ દાબીને તીરસ્કારનાં બાણ ફેંકવા ગમે છે. મોહક છતાં પ્રતાપી, નિશ્ચલ અને ગૌરવભરી ઇર્મિવંત છતાં સ્વસ્થ એ આવી નાયિકાઓનાં ખાસ લક્ષણ હોય છે. એમનો મોહ અનિવાર્ય અને છતાં દુર્જેય હોય છે.

સર્વે કાર્યો એ પ્રેરણાદ્વારાજ કરાવી શકે છે. જે જુએ તેને છેતરે પણ એ છેતરી શકાય એવી ભોળી હોતી નથી. એનો તન્મનાટ એના ઉછળતાં હૈયામાંથીજ પેદા થાય છે. એની તાત્કાલિક બુદ્ધિના પાસમાં એ બાંધી શકે એવી છે. પુરૂષોમાં પણ કોઇક જગ્યાએ આ જાતના ગુણો મલી આવે છે. પુરૂષો છેતરાય અને ન પણ છેતરાય, ગર્વિષ્ઠ હોવા છતાં આઘાત ન પહોંચાડે એવી અને તિક્ષ્ણ હોવા છતાં એનાં પ્રતિ માનની ભાવના સહેજે થાય એવી સ્ત્રીઓ સહેજે છેતરે છે. પરંતુ આવી સ્ત્રીઓ અનેકાનેકમાં એક હોય છે.

કેટલીક સ્ત્રીઓની બંડખોરવૃત્તિ-આત્માનો અવાજ આવિર્ભાવ-એને જોતાં સંયોગોની સત્રાણી બનાવે છે પુરૂષત્વના અહંને નમાવવાના અભિમાનભર્યા પ્રયત્નો કર્યા વગર આવી સ્ત્રીઓને ચેન નથી પડતું. આવી સુંદરીઓનાં તિરસ્કારભર્યા હાસ્ય, બેદરકારીઓનાં માન મૂકાવે છે શબ્દોના રણકાર કરતાં એમનાં કટાક્ષયુકત હાસ્યના ચમકાર વાતાવરણમાં વધારે મધુરતા પ્રસારે છે કદરૂપ છતાંએ કોમળ અને મીઠી છતાંએ પ્રતાપી સ્ત્રી દુર્લભ છે. એમની આંખ ફરે તો જગદંબા થઇ પ્રલય કરતાં એમને ક્ષણ પણ વાર નથી લાગતી. આવી સ્ત્રીઓ માયા કરતાં શક્તિઓ કહેવાવાને વધારે યોગ્ય છે.

પરંતુ ગૌરવની સાથે સંયમ, વિલાસની સાથે વિકાસ, મંદતા સાથે ઉત્સાહિન મધુરતા-મુગ્ધત્વ એજ સ્ત્રીત્વ છે. સ્ત્રી-પુરૂષમાં સહચારની સનાતન ભૂખ છે. સૌંદર્ય ઉપર આત્મા ઢોળવાની ભક્તિભાવના છે કેટલીયે મદભરનયનાઓની મદત્તાથી મોહાઇ, પુરૂષો ગમે તેવા પોતાની જાતને ઉચ્ચ અને શક્તિસંપન્ન માનતાં છતાં-ભક્તિપૂર્વક પૂજા કરે છે સ્ત્રી સુલભ-કૃતજ્ઞતાની પણ શાક્ષી છે. "न स्त्री स्वातंत्र्य अर्हति" કહેવાનો કાળ ગયો છે. એમ કહેનાર ને સાંભળનાર પણ રહ્યા નથી. સ્ત્રીશક્તિ સહેજે આશાવંત થઇ છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી. મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.